(87)

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/- તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૦૭ વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

વિક્રમ સંવત : ૨૦૬૩ વીર સંવત : ૨૫૩૩ પોષ વદી – તિથિ : ૧૨

## જિન-વચન

### અસત્ય અને હિંસા

अप्पणट्ठा परट्ठा वा कोहा वा जइ वा भया ।
हिंसगं न मुसं बूया नो वि अन्नं वयावए ।।

–दसवैकालिक– ६-११

પોતાના કે બીજાના સ્વાર્થને માટે, ક્રોધથી કે ભયથી એવું અસત્ય વચન બોલવું નહિ અથવા બીજા પાસે બોલાવવું નહિ કે જેથી હિંસા થાય.

अपने या औरों के लाभ के लिए, क्रोध से या भय से ऐसा असत्य न बोला जाए या औरों से न बुलवाया जाए जिस से हिंसा हो ।

One should not, either through anger or through fear, lie or encourage others to lie, which may lead to violence, even if it is for the benefit of one's own self or that of someone else..

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી).

# આચમન

## પીડામાં આનંદ

મહાન ફ્રેન્ચ કલાકાર રેન્વારની વૃદ્ધાવસ્થામાં એમના હાથ વાના દુ:ખાવાથી બહુ પીડાતા હતા. આંગળીના માત્ર ટેરવાથી પીંછી પકડીને ચિત્રો દોરવાનું ચાલુ રાખતા, પણ પ્રત્યેક હલનચલન છરીના ઘા જેવી વેદના જન્માવતી. આ બધું ગમગીનીભેર જોઈ રહેનાર મિત્ર–કલાકારે એક દિવસ પૂછ્યું કે, 'આટલી બધી પીડા વેઠીને પણ ચીતરવાનો આગ્રહ શીદને રાખો છો?'

'વેદના વહી જશે' રેન્વારે જવાબ વાળ્યો, 'પણ સૌંદર્ય શાશ્વત રહેશે.'

## સર્જનનો આનંદ

એક ફકીર. અલમસ્ત, ઓલિયો કલાકાર, ઘણી સુંદર મૂર્તિઓ બનાવેલી. બાદશાહ એક વખત ત્યાંથી નીકળ્યા. એમને એ કલાકૃતિઓ ખૂબ ગમી અને એક કલાકૃતિ લીધી. ૧૦૦ દીનાર મૂકી. ફકીરે એક દીનાર રાખી. બાકીની પરત. બાદશાહે કારણ પૂછ્યું. ફકીરનો જવાબ લાજવાબ: 'મને કૃતિના સર્જન સમયે આનંદ મળી ગયો. સર્જનનો આનંદ કશાથી મપાતો નથી. દીનારમાં આનંદ આપવાની ક્ષમતા–તાકાત–દેન નથી. એક દીનાર તો આપના સન્માન ખાતર સ્વીકારી છે.' આનંદ, સર્જનમાં છે.

## સર્જન–સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | આચારાંગ વિશે અભિનવ પ્રકાશન | ડૉ. રમણલાલ ચી. શાહ | ૩ |
| (૨) | ગાંધીજીનું વસિયતનામુ | શ્રી મો. ક. ગાંધી | ૬ |
| (૩) | વિવાહલો : કાવ્ય સ્વરૂપ | ડૉ. કવિન શાહ | ૭ |
| (૪) | પંડિત સુખલાલજી | શ્રી પ્ર. ઉ. શાસ્ત્રી<br>શ્રી નીતિન ર. દેસાઈ | ૯ |
| (૫) | જૈન ક્રિયાઓમાં વિજ્ઞાન | ડૉ. પ્રીતિ શાહ | ૧૦ |
| (૬) | અઢારમો જૈન સાહિત્ય સમારોહ | ડૉ. કલાબેન શાહ | ૧૫ |
| (૫) | જૈન પારિભાષિક શબ્દો | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| (૬) | શ્રીમંતાઈ અને સજ્જનતા | ડૉ. ધનવંત શાહ | ૨૦ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/– | U.S. $ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/– | U.S. $ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/– | U.S. $ 40-00 |
| આજીવન લવાજમ | રૂા. ૨૫૦૦/– | U.S. $ 112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/– | U.S. $ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંબરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

* ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

* આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

☐ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૧ ● ● તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૦૭ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

*(પૂ. સાહેબે અવિરત અક્ષરની આરાધના કરી છે. એઓશ્રીની ફાઈલોમાં સંશોધન કરતા ધીરે ધીરે ઘણું અપ્રગટ સાહિત્ય પ્રાપ્ત થઈ રહ્યું છે. પૂ. તારા બહેન ખૂબ જ પરિશ્રમ કરી એ લેખો અમને શોધી આપે છે. 'પ્રબુદ્ધ જીવન'ના જિજ્ઞાસુ વાચકોના હૃદય પાસે પૂ. સાહેબના આવા અમૂલ્ય લેખો મૂકતા આનંદ-ગૌરવનો ભાવ અનુભવું છું.-તંત્રી)*

## 'આચારાંગ' વિશે અભિનવ પ્રકાશન

❑ ડૉ. રમણલાલ ચી. શાહ

પરમ પૂજ્ય જ્યોતિષાચાર્ય શ્રી જયપ્રભવિજયજી ('શ્રમણ') મહારાજ સાહેબે શ્રી આચારાંગ સૂત્ર (આયારંગસુત્તં) ઉપર શ્રી શીલાકાચાર્યે સંસ્કૃત ભાષામાં ૧૨૦૦૦ શ્લોક પ્રમાણે રચેલી વૃત્તિનો હિંદી ભાષામાં અનુવાદ કરીને પ્રકાશિત કર્યો છે તેને આવકારતાં હું અત્યંત આનંદ અનુભવું છું. મહારાજશ્રીએ પોતાના દાદા ગુરુ, અભિધાન રાજેન્દ્ર કોષના નિર્માતા, પ્રકાંડ પંડિત, સમર્થ ક્રિયોદ્ધારક શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજીનું નામ આ હિંદી ટીકા સાથે જોડીને એને 'રાજેન્દ્ર સુબોધની આહોરી હિંદી ટીકા' એવું નામ આપ્યું છે તે પોતાના દાદા ગુરુ પ્રત્યેના એમના ભક્તિભાવનું દ્યોતક છે. આ રીતે આપણને હિંદી ભાષામાં 'આચારાંગસૂત્ર' વિશે એક અભિનવ પ્રકાશન પ્રાપ્ત થાય છે. આચારાંગ સૂત્ર વિશે હિંદી ભાષામાં અનુવાદ અને વિવેચનરૂપે કેટલુંક સાહિત્ય પ્રકાશિત થયેલું છે, પરંતુ શ્રી શીલાંકાચાર્યની ટીકાનો હિંદીમાં અનુવાદ આ પહેલી વાર પ્રકાશિત થાય છે. એથી આ વિષયના રસિક જિજ્ઞાસુઓને, વિદ્વાનોને અને આત્માર્થી જીવોને સવિશેષ લાભ થશે. શ્રુતસેવાનું આ એક અનોખું કાર્ય છે.

'આચારાંગસૂત્ર' વિશે સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિંદી, ઇંગ્લિશ, જર્મન વગેરે ઘણી ભાષાઓમાં ઘણું સાહિત્ય પ્રકાશિત થયેલું છે. પ્રાચીન કાળમાં 'આચારાંગ સૂત્ર' (આયારંગ સુત્તં) વિશે તથા અન્ય આગમો વિશે નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા-વૃત્તિ ઇત્યાદિ પ્રકારનું ઘણું સાહિત્ય રચાયેલું છે અને તે પ્રકાશિત થયેલું છે. એમાં શ્રી ભદ્રબાહુસ્વામીએ રચેલી આચારાંગનિર્યુક્તિ પ્રથમ સ્થાન પામે છે. પ્રાકૃત ભાષામાં પદ્યમાં લખાયેલી આ સઘન કૃતિ ઉપરથી સંસ્કૃત કે પ્રાકૃતમાં સવિસ્તર કૃતિઓની રચના અર્થપ્રકાશ માટે થયેલી છે. આચારાંગ ઉપર આવશ્યક નિર્યુક્તિ પછી સમર્થ કૃતિ તે શ્રી શીલાંકાચાર્યકૃત ટીકા છે.

શ્રી શીલાંકાચાર્ય વિક્રમના દસમા સૈકામાં થઈ ગયેલા એક મહાન આચાર્ય છે. એમના જીવન વિશે બહુ વિગત નથી સાંપડતી, પરંતુ એમ મનાય છે કે ગુજરાતમાં થઈ ગયેલા મહાને રાજા વનરાજ ચાવડાના ગુરુ જે શ્રી શીલગુણસૂરિ હતા તે જ આ શ્રી શીલાંકાચાર્ય અથવા શ્રી શીલાચાર્ય. એ કાળે શ્રી શીલાંકાચાર્ય ગુજરાતમાં વિહરતા હતા અને પાટણ પાસે ગાંભૂ (ગંભૂતા) નગરમાં રહીને એમણે આચારાંગસૂત્રની આ ટીકા લખી હતી એવો નિર્દેશ આ ટીકાની એક તાડપત્રીય પ્રતિ ખંભાતના ભંડારમાં છે એમાં થયેલો છે.

'शीलाचार्येण कृता गंभूत्तायां स्थितेन टीकैषा ।'

શ્રી શીલાંકાચાર્યનું બીજું નામ 'તત્ત્વાદિત્ય' હતું એવો ઉલ્લેખ પણ મળે છે. તેઓ નિવૃત્તિ ગચ્છના શ્રી માનવદેવસૂરિના શિષ્ય હતા. શ્રી શીલાંકાચાર્યે પ્રાકૃતમાં લખેલી 'ચઉપણ્ણ મહાપુરિસચરિયં' એક મહાન કૃતિ છે. એની રચના દસ હજાર શ્લોક પ્રમાણની છે. એમાં ચોપન મહાપુરુષોના-શલાકા પુરુષોના ચરિત્ર આપવામાં આવ્યાં છે. આ ગ્રંથ પ્રકાશિત થયેલો છે અને એનો ગુજરાતી અનુવાદ પણ પ્રકાશિત થયેલો છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે 'ત્રિષષ્ટીશલાકા પુરુષચરિત્ર' નામના મહાન ગ્રંથની સંસ્કૃત ભાષામાં જે રચના કરી છે એમાં એમણે શ્રી શીલાંકાચાર્યના આ પ્રાકૃત ગ્રંથનો આધાર લીધો છે.

શ્રી શીલાંકાચાર્યે આચારાંગસૂત્રની ટીકા વિ. સં. ૯૩૩ (શક

સંવત ૭૯૯)માં લખી હતી. આ ટીકા લખવાનું એક પ્રયોજન તે શ્રી ભદ્રબાહુસ્વામીની 'આચારાંગ નિર્યુક્તિ' પછી આર્ય ગંધહસ્તિએ આચારાંગ ઉપર જે ટીકા લખી હતી તે બહુ ગહન હતી, માટે સરળ ભાષામાં અર્થની વિશદતા સાથે એમણે આ વિસ્તૃત ટીકાની રચના કરી હતી. આ વાતનો એમણે પોતે જ પોતાની ટીકામાં ઉલ્લેખ નીચે પ્રમાણે કર્યો છે:

शस्त्रपरिज्ञाविवरणमतिबहुगहनं च गंधहस्तिकृतम् ।
तस्मात् सुखबोधार्थं गृह्णाम्यहमञ्जसो सारम् ।।

આર્ય ગંધહસ્તિ તે જ શ્રી સિદ્ધસેન દિવાકર એમ પણ મનાય છે. આર્ય ગંધહસ્તિએ આચારાંગસૂત્ર પર લખેલું વિવરણ અત્યંત ગહન, વિદ્વદ્‌ભોગ્ય હોવું જોઈએ. એ ક્યાંય મળતું નથી એનો અર્થ એ થયો કે એ લુપ્ત થઈ ગયેલું હોવું જોઈએ. એટલે શ્રી શીલાંકાચાર્યે સમજાય એવું (सुखबोधार्थ) વિવરણ લખ્યું છે. આ ટીકાના અભ્યાસીઓ કહે છે કે શ્રી શીલાંકાચાર્યની 'આચારાંગસૂત્ર'ની ટીકા વાંચતાં બહુ પ્રસન્નતા અનુભવાય છે અને અર્થબોધ ત્વરિત થાય છે. શ્રી શીલાંકાચાર્યે પોતાના શ્લોકમાં આર્ય ગંધહસ્તિની ટીકાના ફક્ત 'शस्त्रपरिज्ञा' અધ્યયનનો ઉલ્લેખ કર્યો છે. એટલે કદાચ એવું પણ બન્યું હોય કે શ્રી શીલાંકાચાર્યના સમય સુધીમાં આર્ય ગંધહસ્તિએ રચેલાં બીજાં અધ્યયનોનું વિવરણ છિન્નભિન્ન થઈ ગયું હોય. એ કાળે શ્રુતપરંપરા ચાલતી હતી અને કઠિન ગ્રંથ યાદ રાખનારા ઓછા ને ઓછા થતા ગયા હશે.

એક મત એવો છે કે શ્રી શીલાંકાચાર્યે અગિયારે અંગ ઉપર ટીકા લખી હતી, પરંતુ એમાંથી માત્ર 'આચારાંગસૂત્ર' અને 'સૂત્રકૃતાંગસૂત્ર' ઉપરની ટીકા જ ઉપલબ્ધ છે. બાકીની ટીકાઓ સમય જતાં લુપ્ત થઈ ગઈ ગશે. જે ટીકાઓ ઉપલબ્ધ છે એ પણ હજારો શ્લોક પ્રમાણ છે. આટલી મોટી રચના કરવાની હોય ત્યારે આચાર્ય મહારાજને સંદર્ભો, લેખન વગેરેની દૃષ્ટિએ બીજાની સહાય લેવી પડે. શ્રી શીલાંકાચાર્યે એ માટે શ્રી વાહરિ ગણિની સહાય લીધી હતી એવો પોતે જ 'સૂત્રકૃતાંગ'ની ટીકામાં ઉલ્લેખ કર્યો છે. આ વાહરિ ગણિ તે એમના જ કોઈ સમર્થ શિષ્ય હશે એમ અનુમાન થાય છે.

શ્રી શીલાંકાચાર્યની આ ટીકા એક હજાર વર્ષથી સચવાઈ રહી છે અને 'આચારાંગસૂત્ર'ના અધ્યયનમાં, એની વાચનામાં સતત એનો ઉપયોગ થતો રહ્યો છે. એ જ એની મૂલ્યવત્તા દર્શાવે છે. આ ટીકાથી પ્રભાવિત થઈને શ્રી જિનદત્તસૂરિએ 'ગણધર સાર્દ્ધશતક'માં શ્રી શીલાંકાચાર્ય વિશે લખ્યું છે:

आयारवियारण वयण चंदियादलीय सयल संतावो ।
सीलंको हरिणं कुव्व सोहइ कुमुयं वियासंतो ।।

અર્થાત્ આચાર (આચારાંગસૂત્ર)ની વિચારણા માટે વચનચંદ્રિકા વડે જેમણે સકલ સંતાપ દલિત કર્યા છે—દૂર કર્યા છે એવા શ્રી શીલાંકાચાર્ય હરિણાંક (ચંદ્ર)ની જેમ કુમુદને વિકસાવે છે.

આપણા શ્રુત સાહિત્યમાં 'આચારાંગ સૂત્ર'નું સ્થાન અનોખું છે. આપણાં પિસ્તાલીસ આગમોમાં અગિયાર અંગો મુખ્ય છે. બાકીનાં આગમોને અંગબાહ્ય તરીકે ઓળખાવવામાં આવે છે. ગણધરોએ રચેલી દ્વાદશાંગીમાંથી હાલ અગિયાર અંગ ઉપલબ્ધ છે અને તેમાં પણ કેટલોક ભાગ છિન્નભિન્ન થયેલો છે. અગિયાર અંગમાં 'આચારાંગ' (આયારંગ) મુખ્ય છે. એમાં આચારધર્મનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને આચારધર્મ એ સાધુજીવનનો પ્રાણ છે.

આપણાં જૈન શાસનમાં શ્રુતજ્ઞાનની પરંપરા અદ્‌ભુત અને સાનંદાશ્ચર્ય ઉપજાવે એવી છે. આપણને શ્રુતસાહિત્યનો જે ખજાનો મળ્યો છે તે ભગવાન શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પછી હજારેક વર્ષ સુધી તો કંઠસ્થ સ્વરૂપમાં—ગુરુ શિષ્યને કંઠસ્થ કરાવે એ રીતે સચવાયેલો છે. વળી દરેક તીર્થંકર ભગવાન દેશના અર્થથી આપે અને એમના ગણધરો એને સૂત્રમાં ગૂંથી લે એવી પરંપરા છે. આવશ્યક નિર્યુક્તિમાં શ્રી ભદ્રબાહુ સ્વામીએ કહ્યું છે:

अत्थं भासइ अरहा सुत्तं गन्थन्ति गणहरा निउणं ।
सासणस्स हियट्ठाए तओ सुत्तं पवत्तइ ।।

તીર્થંકર ભગવાન શાસન પ્રવર્તાવે એ કાળ વિવિધ પ્રકારની એટલી બધી લબ્ધિ—સિદ્ધિઓથી સભર હોય છે કે ભગવાન સમવસરણમાં ગણધરોને ત્રિપદી—उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा—આપે અને ગણધરો મુહૂર્તમાત્રમાં દ્વાદશાંગીની રચના કરે છે. 'શ્રી ગૌતમસ્વામી અષ્ટક'માં કહ્યું છે:

श्री वर्धमानात् त्रिपदीमवाप्य मुहूर्तमात्रेण कृतानि येन ।
अंगानि पूर्वाणि चतुर्दशापि स गौतमो यच्छतु वांछितं मे ।।

અર્થાત્ 'શ્રી વર્ધમાન સ્વામી પાસેથી ત્રિપદી મેળવીને મુહૂર્ત માત્રમાં જેમણે દ્વાદશાંગીની અને ચૌદ પૂર્વની રચના કરી છે એવા શ્રી ગૌતમસ્વામી મારાં વાંછિત આપો.'

આ દ્વાદશાંગીમાં—બાર અંગમાં મુખ્ય તે આચારાંગ છે. ભૂતકાળમાં અનંત તીર્થંકરો થઈ ગયા અને ભવિષ્યમાં અનંત તીર્થંકરો થશે. ભૂતકાળમાં સર્વ તીર્થંકરોએ પ્રથમ આચારનો ઉપદેશ આપ્યો છે, વર્તમાન કાળમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન સર્વ તીર્થંકરો આચારનો જ સર્વ પ્રથમ ઉપદેશ આપે છે અને ભવિષ્યના સર્વ તીર્થંકરો એ પ્રમાણે જ ઉપદેશ આપશે. મોક્ષમાર્ગમાં આચારનું કેટલું બધું મહત્ત્વ છે તે એ દર્શાવે છે. જૈન દર્શન પ્રમાણે અધ્યાત્મમાર્ગમાં દર્શન મોહનીય કર્મના ક્ષય પછી જ્યાંસુધી ચારિત્ર મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય નહિ ત્યાં સુધી કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્તિ થાય નહિ. માટે જ આચારની મહત્તા છે.

બાર અંગોમાં આચારાંગનું સ્થાન પહેલું છે. તીર્થંકર પરમાત્મા સર્વ પ્રથમ આચારાંગની પ્રરૂપણા કરે છે અને ત્યાર પછી બાકીનાં અંગોની પ્રરૂપણા કરે છે. શ્રી ભદ્રબાહુસ્વામીએ 'આચારાંગ નિર્યુક્તિ'માં લખ્યું છે:

सव्वेसिमायारो तित्थस्स पवत्तणे पढमयाए ।
सेसाइं अंगाइं एक्कारस आणुपुव्वीए ।।

વળી 'આચારાંગ'ને બધાં અંગોના સાર તરીકે ગણવામાં આવ્યું છે. શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું છેઃ अंगाणं किं सारो ? आयारो । (બધાં અંગોનો સાર શું ? આચારાંગ) તેઓએ વળી કહ્યું છે કે આચારાંગમાં મોક્ષના હેતુનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એ પ્રવચનનો સાર છે. આચારાંગનું જ્ઞાન મેળવ્યા પછી જ સાચો શ્રમણધર્મ સમજાય છે. ગણિ થનારે પ્રથમ આચારધર થવું જોઈએ.

आयारम्मि अहीए जं णाओ होई समणधम्मो उ ।।

तम्हा आयारधरो भण्णइ पढमं गणिट्ठाणं ।।

એટલે જ પ્રાચીન કાળથી એવી પરંપરા ચાલી આવી છે કે ગુરુ ભગવંત પોતાના શિષ્યોને પ્રથમ આચારાંગસૂત્રનું અધ્યયન કરાવ્યા પછી જ બીજાં અંગોનું અધ્યયન કરાવે. પ્રાચીન કાળમાં તો એવો નિયમ હતો કે નવદીક્ષિત સાધુ જ્યાં સુધી આચારાંગના પ્રથમ અધ્યયન 'શસ્ત્રપરિજ્ઞા'નો અભ્યાસ પૂરો ન કરે ત્યાં સુધી એને વડી દીક્ષા આપવામાં આવતી નહિ અને ત્યાં સુધી એ ગોચરી વહોરવા જઈ શકે નહિ.

અઢાર હજાર પદ પ્રમાણ 'આચારાંગસૂત્ર'માં બે શ્રુતસ્કંધ છે. એમાં પહેલામાં નવ અધ્યયન છે અને બીજામાં સોળ અધ્યયન છે. આ રીતે એમાં કુલ પચીસ અધ્યયન છે. એમાંથી પ્રથમ શ્રુતસ્કંધનું 'મહાપરિજ્ઞા' નામનું અધ્યયન વિલુપ્ત થઈ ગયું છે. આ અધ્યયન માટે એવી જનશ્રુતિ છે કે એમાં વિશિષ્ટ પ્રકારના ચમત્કારિક મંત્રો, વિદ્યાઓ ઇત્યાદિ આપવામાં આવ્યા હતા. પરંતુ કાળ બદલાતાં એનો દુરુપયોગ થવાનો સંભવ હોવાથી આચાર્યોએ એનું અધ્યયન કરાવવાનું બંધ કરી દીધું અને એમ કરતાં એ અધ્યયન લુપ્ત થઈ ગયું છે. છેલ્લા દસ પૂર્વધર શ્રી વજ્રસ્વામીએ આ 'મહાપરિજ્ઞા' અધ્યયનમાંથી આકાશગામિની વિદ્યા પ્રાપ્ત કરી હતી એવો ઉલ્લેખ શાસ્ત્રગ્રંથોમાં થયેલો છે. આચારાંગસૂત્રની भावणा (ભાવના) અને विमुत्ती (વિમુક્તિ) નામની છેલ્લી બે ચૂલિકાઓ વિશે આચારાંગની ચૂર્ણિમાં એવી સરસ વાત આવે છે કે શ્રી સ્થૂલિભદ્રનાં બહેન યક્ષા સાધ્વી મહાવિદેહ ક્ષેત્રમાં ગયાં હતાં અને ત્યાં શ્રી સીમંધરસ્વામીનાં દર્શન કર્યાં હતાં. તે સમયે શ્રી સીમંધરસ્વામીએ એમને भावणा અને विमुत्ती નામનાં બે અધ્યયન આપ્યાં હતાં, જે સંઘે આચારાંગ સૂત્રમાં અંતે ચૂલિકા તરીકે સ્થાપિત કર્યાં હતાં. (શ્રી હેમચંદ્રાચાર્યના ત્રિશષ્ટીશલાકાપુરુષચરિત્રના પરિશિષ્ટ પર્વ પ્રમાણે શ્રી સીમંધર-સ્વામીએ યક્ષા સાધ્વીને ચાર અધ્યયન આપ્યાં હતાં, જેમાંથી સંઘે બે 'આચારાંગ'માં અને બે 'દશવૈકાલિક'માં ચૂલિકા તરીકે સ્થાપિત કર્યાં હતાં.)

'આચારાંગસૂત્ર'માં અઢી હજાર વર્ષ પ્રાચીન એવી ભગવાન મહાવીર સ્વામીની વાણી યથાસ્વરૂપે સચવાઈ રહી છે. 'આચારાંગસૂત્ર'ના આરંભમાં જ ગણધર શ્રી સુધર્માસ્વામી શ્રી જંબૂસ્વામીને કહે છેઃ सुयं मे आउसं । तेणं भगवया एवमक्खायं–(હે આયુષ્યમાન! મેં સાંભળ્યું છે તે ભગવાન વર્ધમાન સ્વામીએ આ પ્રમાણે કહ્યું છે–આથી જ 'આચારાંગસૂત્ર'ની અધિકૃત વાચનાનું સંપાદન કરનાર પ. પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજે એ ગ્રંથની પ્રસ્તાવનામાં કહ્યું છે, 'આચારાંગસૂત્ર'માં અતિસંક્ષિપ્ત છતાં અત્યંત વેધક અનેકાનેક સુવાક્યો અનેક સ્થળે પથરાએલાં છે. ગંભીર રીતે તેનું મનન કરવામાં આવે તો અનાદિકાલીન અજ્ઞાન અને મોહને ક્ષણવારમાં હચમચાવી મૂકે એવી તેનામાં અત્યંત તેજોમય દિવ્ય શક્તિ ભરેલી છે. આચારાંગસૂત્રનું અધ્યયન કરતી વખતે પ્રભુ મહાવીર પરમાત્માની અતિશયોથી ભરેલી પાંત્રીસ ગુણયુક્ત દિવ્ય, ગંભીર વાણી જાણે સાક્ષાત્ સાંભળતા હોઈએ તેવો અપૂર્વ આનંદાનુભવ થાય છે.'

એટલે જ આવા દિવ્ય ગ્રંથ ઉપર શ્રી શીલાંકાચાર્યે સંસ્કૃતમાં લખેલી ટીકાનો હિંદીમાં અનુવાદ પ્રકાશિત થાય છે એથી આનંદોલ્લાસ અનુભવાય છે. આ ગ્રંથમાં મૂળ સૂત્ર, સંસ્કૃત છાયા, શબ્દાર્થ, સૂત્રાર્થ, ટીકા–અનુવાદ અને સૂત્રસાર એ ક્રમમાં લેખન થયું છે. લેખન વ્યવસ્થિત અને પદ્ધતિસર થયું છે. સૂત્રસારમાં તે તે વિષયની સવિગત અધિકૃત છણાવટ કરવામાં આવી છે. પ. પૂ. શ્રી જયપ્રભવિજયજીએ જે પરિશ્રમ ઉઠાવ્યો છે તે અનુમોદનીય છે. એમાં એમની શાસ્ત્રપ્રીતિનાં અને શાસ્ત્રભક્તિનાં સુપેરે દર્શન થાય છે. એમણે પોતાના દાદાગુરુ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજીની અને પોતાના ગુરુવર્ય શ્રી યતીન્દ્રસૂરીશ્વરજીની જ્ઞાનોપાસનાની પરંપરાને સાચવી છે એ નોંધપાત્ર છે.

પ. પૂ. શ્રી જયપ્રભવિજયજી મહારાજ સાથેનો મારો પરિચય કેટલાંક વર્ષ પહેલાં પાલીતાણામાં જ્યારે જૈન સાહિત્ય સમારોહ યોજાયો હતો ત્યારથી છે. આ સમારોહ વસ્તુતઃ એમની પ્રેરણાથી જ ગોઠવાયો હતો. એ વખતે એમની જ્ઞાનોપાસનાની, સાહિત્યપ્રીતિની પ્રતીતિ થઈ હતી. જ્યોતિષ અંગેનો એમનો 'મુહૂર્તરાજ' નામનો ગ્રંથ સુપ્રસિદ્ધ છે. એમણે 'શ્રી યતીન્દ્રસૂરિ દીક્ષાશતાબ્દી ગ્રંથ'નું સંપાદન કર્યું છે. હવે એમના હાથે શ્રી શીલાંકાચાર્યની આચારાંગવૃત્તિનો હિંદી અનુવાદ થયો છે અને તે પ્રકાશિત થાય છે એ અત્યંત આનંદનો અવસર છે. આ ગ્રંથ અનેકને આગમોના અભ્યાસમાં સહાયભૂત થશે. જ્ઞાનોપાસનાના ક્ષેત્રે આ એક મોટું યોગદાન ગણાશે.

પૂજ્ય મહારાજશ્રીનો આ ગ્રંથ તૈયાર કરવામાં પંડિત શ્રી રમેશભાઈ હરિયાનો સારો સહયોગ સાંપડ્યો છે. એ બદલ તેઓ પણ ધન્યવાદને પાત્ર છે.

પ. પૂ. શ્રી જયપ્રભવિજયજી મહારાજે આ ગ્રંથના લેખન–પ્રકાશન દ્વારા શ્રુતોપાસનાનું જે અનુમોદનીય કાર્ય કર્યું છે તે અનેકના આત્મકલ્યાણનું નિમિત્ત બની રહો એવી શુભકામના.

આ આમુખ લખવામાં મારા અધિકાર કરતાં પૂજ્ય મહારાજશ્રીનો મારા પ્રત્યેનો સદ્ભાવ જ વિશેષ રહ્યો છે.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં!

✱✱✱

# ગાંધીજીનું વસિયતનામું

*[૩૦ મી જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિન. ગાંધીજીને અંજલિ આપવા શબ્દો ઓછા પડે જ. આજથી છાસઠ વર્ષ પહેલાં તા. ૩૧-૭-૧૯૪૦ના 'પ્રબુદ્ધ જીવન'માં આ પ્રસ્તુત લેખ છપાયો હતો. આજથી ૯૩ વર્ષ પહેલાં ગાંધીજીએ પોતાનું વસિયત નામું લખ્યું હતું. એ વિચારો આજે પણ કેટલા પ્રસ્તુત છે! ખાસ, તો દૂધ વિશેના વિચારો. ગાંધીજી આચાર અને વ્યવહારમાં સંપૂર્ણ જૈન હતા. આ લેખ પૂ. ગાંધીજીને આજે અંજલિ સ્વરૂપે.*

*જો ગાંધીજીએ પોતાનું વસિયતનામું ૧૯૪૮ના જાન્યુઆરીમાં લખ્યું હોત, તો કેવું લખ્યું હોત ?! કોઈ કલ્પનાશીલ લેખકે લખવું જરૂરી છે.-ધ.]*

*(આજથી પચ્ચીસ વર્ષ પહેલાં દક્ષિણ આફ્રિકાની લડતને અંતે ગાંધીજીને ખબર મળેલા કે એમનું ખૂન થવાનું છે. એ સમયે એમણે પોતાના ભાઈને કુટુંબની વ્યવસ્થા કરવા માટે જે પત્ર લખેલો તે અહીં 'ગાંધીજીની સાધના'માંથી લઈને મુક્યો છે. આ પુસ્તકમાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના જીવનના કેટલાયે અદ્‌ભુત પ્રસંગો સંઘરવામાં આવ્યા છે. ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લેવા ઇચ્છનારે આ પુસ્તક વાંચી જવા જેવું છે. ૩૧-૭-૧૯૪૦-તંત્રી)*

કેપટાઉન

**ચિ. છગનલાલ** ફાગણ શુદ ૧૪, ૧૯૭૦

આ ઘડીએ મને ફુરસદ છે. જોહાનિસબર્ગમાં મારા પ્રાણ લેવાના પ્રયત્ન પાછા થાય છે એમ મેઢ લખે છે. એમ બને તો ઈચ્છવા યોગ્ય છે ને મારું કાર્ય સંપૂર્ણ થયું ગણાશે. તે કારણથી ડરીને મારે જોહાનિસબર્ગથી દૂર નથી રહેવું. એવા સંજોગોથી કે બીજે પ્રકારે પણ મારું અચાનક મૃત્યુ થાય તો મેં ખીલવેલા કેટલાક વિચારો તમારી પાસે મેં નથી મૂક્યા એ અહીં લખી નાંખવા ધારૂં છું.

કુટુંબસેવા પ્રથમ કરવી એ વાક્ય પરમાર્થદૃષ્ટિએ બહુ વાસ્તવિક છે. તે જેનાથી થઈ શકે તે જ કોમસેવા કે દેશસેવા કરી શકે છે. કુટુંબસેવા કોને કહેવી એજ વિચારવાનું રહ્યું છે. શુદ્ધ વર્તન એ વિચાર સહેલાઈથી બતાવી દે છે એમ લાગે છે.

મને એમ જણાય છે કે આપણે જે ચાકરીની કે રાજદ્વારી જીંદગી ભોગવતા આવ્યા છીએ એ અનિષ્ઠ છે. આપણું કુટુંબ પંકાયેલું છે, એટલે લૂંટારાની ટોળીમાં આપણે ઓળખાઈએ છીએ. વડીલોના દોષ કાઢ્યા વિના કહી શકાય કે, તેઓએ પ્રજાની ચાકરી તો કરી હશે પણ આપ-સ્વાર્થને અંગે એ થઈ છે. સાધારણ દૃષ્ટિએ જોતાં તેઓએ ઠીક ન્યાય કર્યો જણાય છે. એટલે કે, રૈયત પર જુલ્મ થોડો કર્યો. અત્યારે કુટુંબ પાયમાલ સ્થિતિમાં છે. જો નોકરી ન મળે તો બધા રખડે. ભારે નજર પહોંચતા નારણદાસ મુંબઈમાં ગુલામી કરે છે. બીજા કુટુંબીઓ રખડે છે અથવા રાજખટપટમાં પડ્યા રહી પેટિયું મેળવે છે. બધા પ્રજાની ઉત્પત્તિ કરવામાં અને પરણાવવા વગેરેમાં રોકાયા છે. મા વહુનો મહાન લોભ પોતાના છોકરાને પરણાવવાનો છે.

આમાંથી કેમ ઉગરીએ ? રસ્તો બની શકે તો ફેરવવો. પ્રથમ તો ખેડૂત જ બનવું. તેમાં અસહ્ય કષ્ટ આપણા કઠણ ભાગ્યને લીધે પડે તો વણકર વગેરેની મજૂરી કરવી. જે દશાએ ફિનિક્સમાં રહીએ છીએ તે દશાએ રહેવું. ઓછામાં ઓછી હાજતો રાખવી. ખોરાકની પદ્ધતિ બને તેટલી જે વિચારી છે તે સાચવવી. દૂધને પવિત્ર વસ્તુ માની છે તે લેવી તો પણ અપવિત્ર ગણીને લેવી. આ મહાન ફેરફાર છે. તેના મૂળ ઊંડાં છે ને તેનાં પરિણામ સજ્જડ છે. તે બધાને માન્ય હો કે ન હો એ જુદી વાત છે. પણ કરોડોને તે વસ્તુ અલભ્ય છે એ જાણીને પણ તજવા યોગ્ય છે. એ શુદ્ધ માંસ છે ને અહિંસા-ધર્મનું વિરોધી છે એ વિચાર કોઈ કાળે મારા મનમાંથી જનાર નથી. આ દેહે દૂધ, ઘી આદિ તો લેવાય એમ સૂઝતું નથી. બને તેમ અગ્નિનો ઓછો ઉપયોગ કરી રહેણી ચલાવવી. કુટુંબના જે છોકરાઓ આવવા માગે તેને આપણે રાખવા ને લેવા. તેઓ ઉપરના વિચારને ન અનુસરે તો ન રહી શકે. વિધવાઓ જે આવી રહેણીમાં ન દાખલ થવા માગે તેને માનપૂર્વક જણાવવું કે એ રહેણીને ધોરણે ચાલતાં જણ દીઠ જે ખર્ચ થાય તેથી દોઢું તેમને આપીને ઋણ પતાવીશું. એ સિવાય બીજું નહિ આપી શકીએ. કોઈને પણ વરાવવા પરણાવવાની ઉપાધિમાં પડવું જ નહિ. મોટો થયે જે પરણવા માગશે તે પોતે જોઈ લેશે. છોકરીઓ હોય તેને સારો વર શોધવો જ પડશે. તો જે તુલસીને પત્રે વરશે તેને દઈશું. એક પાઈનું ખર્ચ નહિ કરીએ. તેવો વર નહિ મળે ત્યાં લગી રાહ જોઈશું અને છોકરીને ધીરજ રાખતાં શીખવીશું. આમ કરતાં વાતો સાંભળવી પડશે, તિરસ્કાર થશે, તે બધું પ્રેમપૂર્વક સહન કરીશું. જો આપણું વર્તન અખંડિત રહેશે તો કશી અડચણ નથી આવવાની. પ્રજાની ઉત્પત્તિ કરવી એ આપણા ધર્મનું અંગ નથી. સંસારને ફેલાવવો એ આપણું કર્તવ્ય નથી. જે સંસાર છે તેમાં ખરડાયા વિના એ પ્રમાણે રહેવું કે જેથી આપણને અને બીજાને મોક્ષ સુલભ થઈ પડે, એ જ જિંદગીનું રહસ્ય જણાય છે. ને તેમાં આપસેવા, કુટુંબસેવા, કોમસેવા ને રાજસેવા આવી જાય છે. એ દશા આવે ત્યાં આપણે થોભવાનું નથી.

ઉપરના વર્તનમાં જે ભળશે તે પણ કુટુંબી જ થશે. તેમાં રાવજીભાઈ, મગનભાઈ, પ્રાગજી ને જે કોઈ બીજા આવશે તેને લઈશું.

મારું અકાળ મૃત્યુ થાય તો ઉપર પ્રમાણે તમારે વર્તન કરવું એવી મારી ભલામણ છે. તમારે ફિનિક્સ એકાએક ન છોડવું. પણ ઉદ્દેશો ધ્યાનમાં રાખી રહેવું. મગનલાલની મને પૂરી આશા છે. જમનાદાસ ઘડાઈ જાય તો તેનામાં તે સત્ત્વ છે. તેનામાં આગ્રહ પણ છે.

મારા મૃત્યુથી વિધવાઓ, જેનો બોજો મારે ખાસ ઉપાડવાનો રહ્યો છે, તેમને સારૂ તમારે પૈસા દાક્તર મહેતા પાસે માગવા. તે ન મળે તો તમે જે ઉપરના ઉદ્દેશોને મળતા છો તેમણે અનેક સંકટો સહી, વેઠ કરીને પણ એટલું પુરૂં પાડવું. હરિલાલે પોતાનું જોઈ લેવું પડશે. છોકરાઓને તમને કે જે દેશમાં હોય તેને સોંપે. કુલીની પાસે પૈસો છે એટલે તેને કાંઈ આપવાપણું નથી. હવે રહ્યાં ગોકીબેન, નંદકોરભાભી ને ગંગાભાભી તથા ગોકુળદાસની વહુ. તે સાથે રહે તો તેમની મહેરબાની, તેમનું ભૂષણ. જો ન રહે તો દરેકને નોખું પોષણ આપવું. છોકરાઓનો કબજો સોંપી દઈએ. પણ જો જ્યાં બીજાં રહેતાં હોય ત્યાં આવે તો વધારે ઠીક ગણાશે. આમ કરતાં તેઓના પોષણનો બોજો બધો મળીને રૂા. ૪૦ નથી આવવાનો. બાનો પણ તે જ વરાડ સમજવો. બાએ તો સમજવું જોઈએ કે તેઓની સાથે જ રહે. તેણે પણ છોકરાઓને સોંપી દેવા જોઈએ. જે છોકરા પોતાની માનો બોજો ઉપાડે તેને તો છૂટ જ હોય. ઉપરનો જવાબ જે છોકરાઓ આપણી મદદ માગે તેને સારૂ છે. હરિલાલ બાનો બોજો ઉપાડી તેને રાખે તો ભલે. નંદકોરભાભીને રાખે તે વિશેષ. ગોકીબહેનનું ને ગોકાની વહુનું જ પછી તો રહે, તથા ગંગાભાભીનું. કાકુ પોતાની બાનો બોજો ઉઠાવે તો પણ ઠીક જ છે. ને શામળદાસ પોતાની માનો. તમે જે રહેણીએ રહો તેથી વિશેષની આશા કોઈ નહિ રાખી શકે. એ જ રહેણીને હું શ્રેષ્ઠ ગણું છું. ત્યાં ઉપરના વિચાર ક્રૂર નથી લાગતા. આ ન્યાય ગરીબી પાયા ઉપર છે ને તે જબરો પાયો ગણાય છે.

મારા મરણ પછી આ કાગળનો ઉપયોગ ગમે તેને બતાવવામાં કરજો. હાલ તો મગનલાલ, રાવજીભાઈ, મગનભાઈ, પ્રાગજી અને જમનાદાસ વાંચજો. આટલા જણા બીજે ક્યાંય તેની ચર્ચા ન કરે એવું હું માંગી લઈશ. એટલાએ પણ ન વાંચવો જોઈએ એમ તમને લાગે તો તમે જેને યોગ્ય લાગે તેને જ વંચાવજો.

* * *

# વિવાહલો : કાવ્ય સ્વરૂપ

❑ ડૉ. કવિન શાહ

મધ્યકાલીન જૈન સાહિત્ય રાસ, ફાગુ, પદ, સ્તવન, સજ્ઝાય, હરિયાળી આદિ કાવ્ય પ્રકારોથી અતિ સમૃદ્ધ છે. આ સમયમાં એક વિશિષ્ટ પ્રકારની કાવ્ય રચના 'વિવાહલો' પ્રાપ્ત થાય છે તેના સ્વરૂપ વિશે કેટલીક કૃતિઓને આધારે નીચે પ્રમાણે માહિતી ઉપલબ્ધ થાય છે.

આ સમયમાં કવિઓએ રચેલી કૃતિઓમાં વિવાહલઉ, વિવાહલુ, વિવાહલો, શબ્દપ્રયોગો થયા છે. આ શબ્દો ભાષાની દૃષ્ટિએ વિકાસ દર્શાવે છે. 'ઉ' ગુણવૃદ્ધિથી 'ઓ' થતાં 'વિવાહલો' શબ્દ અને 'ઉ' હ્રસ્વકરતાં 'વિવાહલુ' શબ્દ નિષ્પન્ન થાય છે. પણ અર્થ તો વિવાહનો છે તેમાં કોઈ ફેરફાર થતો નથી. સમગ્ર મધ્યકાલીન સાહિત્ય એ ગુજરાતી ભાષાનો ક્રમિક વિકાસ દર્શાવવા માટે ઐતિહાસિક માહિતી પ્રદાન કરે છે.

'વિવાહલો'નો લોક પ્રચલિત અર્થ વિવાહ લગ્ન સાથે સંબંધ ધરાવે છે. સંસારી જીવનમાં અભૂતપૂર્વ આનંદ અને મંગલનું પર્વ શાનદાર રીતે ઉજવાય છે તે વિવાહ ઉત્સવ છે. લગ્ન વિધિ અનુસાર નર–નારીનું મિલન–ગૃહસ્થાશ્રમમાં પ્રવેશનો ઉત્સવ એ વિવાહ છે.

'વિવાહલો' કાવ્યમાંથી સમકાલીન સમાજની લગ્ન પદ્ધતિ અને રીતરિવાજનો પરિચય થાય છે. એટલે સામાજિક સંદર્ભવાળી આ કાવ્યકૃતિ કહેવાય છે. આર્ય સંસ્કૃતિમાં માનવ જીવનના ૧૬ સંસ્કારનો સંદર્ભ છે તેમાં ૧૪મો વિવાહ સંસ્કાર (અગ્નિ સાક્ષીએ નર–નારીનો સંબંધ કરવો) છે. વિવાહ સંબંધ એ જન્મ જન્માન્તરના સંબંધનું સૂચન કરે છે.

વિવાહ એ લગ્ન જીવનનો આધાર સ્તંભ છે. અને સ્વયં નક્કી થાય છે. વિવાહ એ માત્ર ઉત્સવ નથી પણ પવિત્ર સંસ્કાર ગણાય છે. હિન્દુ ધર્મમાં ચાર વર્ણ અને ચાર આશ્રમની વ્યવસ્થા છે તેમાં ગૃહસ્થાશ્રમનો પ્રારંભ વિવાહના સંસ્કાર પછી પ્રારંભ થાય છે. ચાર આશ્રમોની સાથે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થની સાધના પણ સંબંધ ધરાવે છે. આસક્તિ રાખ્યા વગર નિષ્કામ કર્મ પ્રવૃત્તિ આદરવી જોઈએ. મનુ સ્મૃતિમાં ગૃહસ્થાશ્રમનું મહત્ત્વ દર્શાવ્યું છે. નાની મોટી નદીઓ સાગરને મળે છે તેમ બાકીના ત્રણ આશ્રમનો આધાર સ્તંભ ગૃહસ્થાશ્રમ છે. લગ્ન એક પવિત્ર કરાર છે. અને સામાજિક સુવ્યવસ્થા તથા શાંતિ સ્થાપવામાં મહત્ત્વની ભૂમિકા પૂરી પાડે છે. આ માટે વિવાહ સંસ્કારનું મૂલ્ય ઉચ્ચ કોટિનું મનાય છે. વિવાહના આ સાંસ્કૃતિક સંદર્ભ પછી જૈન કવિઓએ 'વિવાહલો' કૃતિઓની રચના કરી છે તે વિશે વિચારવું જરૂરી છે.

અલ્પ પરિચિત સૈદ્ધાંતિક કોશમાં વિવાહનો અર્થ ભગવતી સૂત્ર દર્શાવ્યો છે. 'વિવાહ' એટલે વિવિધ રીતે વ્યાખ્યા કરવી. વિવાહલો દેશી શબ્દ છે. કાવ્ય રચનામાં વિવાહલોની દેશી શબ્દ પ્રયોગ પ્રાપ્ત થાય છે. વિવાહલો એટલે વિવાહ પ્રસંગનું નિરૂપણ કરતું ચરિત્રાત્મક કાવ્ય. વિવાહલોના પર્યાયવાચી શબ્દોમાં ધવલ–મંગલ–વેલિનો પણ સમાવેશ થાય છે. જૈન સાહિત્યમાં વિવાહલોનો આધ્યાત્મિક અર્થ રહેલો છે. સંસારનો ત્યાગ કરીને સંયમ–દીક્ષા સ્વીકારી પાંચ વ્રતના પાલન દ્વારા મુક્તિવધૂને વરવાના પ્રસંગનું નિરૂપણ એ 'વિવાહલો' કહેવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો તે આધ્યાત્મિક વિવાહ છે. ભૌતિક વિવાહમાંથી મુક્ત થઈને આધ્યાત્મિક વિવાહમાં જોડાવાની

આત્મ વિકાસની પરમોચ્ચ સ્થિતિનું નિરૂપણ એ વિવાહલો કાવ્ય છે. શ્રી હેમચંદ્રાચાર્યએ ત્રિષષ્ઠિશલાકાપુરુષ ગ્રંથની રચના કરી છે. તેમાં પ્રથમ પર્વ સર્ગ-૨, શ્લોક ૭૬૮ થી ૮૭૯માં શ્રી ૠષભદેવ ભગવાનના સુનંદા અને સુમંગલા સાથેના લગ્ન પ્રસંગનું વર્ણન પ્રાપ્ત થાય છે. તેમાંથી સમાજ જીવન, વ્યવહાર, ભોજન, તથા રીતરિવાજનો ઉલ્લેખ મળે છે. આવા પ્રસંગે પરણવાના કોડ, વહુઘેલી, જેવા લોક પ્રચલિત શબ્દો પણ વિવાહના ઉત્સવનો અપૂર્વ આનંદનો સંઘર્ષ પૂરો પાડે છે.

જૈન કવિઓએ વિવાહના પ્રસંગનું જીવનના ક્રમ પ્રમાણે શ્રૃંગાર રસયુક્ત નિરૂપણ કર્યું છે પણ અંતે તો સંયમ અને મોક્ષની પ્રાપ્તિનું નિરૂપણ એ જ કેન્દ્રવર્તી વિચાર વિવાહલો કાવ્યનું હાર્દ છે. એટલે સાધુ કવિઓએ વિવાહ અને દીક્ષામાંથી વિવાહના ત્યાગની સાથે દીક્ષાના સ્વીકાર દ્વારા મુક્તિવધૂને વરવાનું અભૂતપૂર્વ મિલન વર્ણવ્યું છે. સંયમરૂપી કન્યાને વરવાનું, 'વર્યા સંયમ વધૂ લટકાળી' જેવા શબ્દ પ્રયોગો થયા છે. સાધુજીવનનો આચાર શું છે તેની માહિતી વિવાહલોમાંથી વાસ્તવિક રીતે મળે છે. જૈન ધર્મની દૃષ્ટિએ લગ્ન આવશ્યક નથી. ત્યાગ, વૈરાગ્ય અને બ્રહ્મચર્યનું આચરણ કરીને જીવન જીવવાનો આદર્શ માનવ જન્મ સફળ થયો એમ માનવામાં આવે છે. 'વિવાહલો' એ દીક્ષાના રૂપક તરીકે પણ જાણીતું છે. જૈન કવિઓની વિવાહલોની રચના એક અનોખી કલ્પના અને અધ્યાત્મ જીવનની વાસ્તવિકતાને પ્રગટ કરે છે. જૈન કવિઓએ બે પ્રકારના વિવાહલોની રચના કરી છે તેમાં પ્રથમ પ્રકારમાં દીક્ષા પ્રસંગનું ભવ્યાતિભવ્ય અને આકર્ષક નિરૂપણનો સમાવેશ થાય છે. બીજા પ્રકારમાં તીર્થંકર ભગવાનની દીક્ષા અને મુક્તિવધૂને વરવાના પરમોચ્ચ કોટિના પ્રસંગનું નિરૂપણ છે. એટલે એટલું સ્પષ્ટ થાય છે કે આત્માની સિદ્ધિ માટે સંયમ એ જ રાજમાર્ગ છે. વિવાહલો તીર્થંકર અને મહાપુરુષોના જીવન વિષયક રચના છે.

મહાપુરુષોના વિવાહલોમાં આર્દ્રકુમાર વિવાહલઉ ૪૬ ગાથામાં, કવિ સેવક, જંબૂસ્વામી વિવાહલો કવિ હીરાનંદસૂરિનો ગા. ૩૫માં, શાલિભદ્ર વિવાહલુ ગા. ૪૪ કવિ લખમણ કૃતિનો સમાવેશ થાય છે. તેમાં આ મહાપુરુષના દીક્ષાના ઉત્સવનું આકર્ષક વર્ણન છે. તીર્થંકર વિષયક વિવાહલોમાં આદિનાથ વિવાહલો કવિ ૠષભદાસ, શાંતિનાથ વિવાહલો પ્રબંધ-કવિ આણંદ પ્રમોદ, સુપાર્શ્વનાથ વિવાહલો કવિ બ્રહ્મમુનિ, પાર્શ્વનાથ વિવાહલો કવિ રંગવિજય, નેમનાથ વિવાહલો-કવિ પંડિત વીર વિજયજીની કૃતિઓનો સમાવેશ થયો છે. તદુપરાંત તાત્ત્વિક વિવાહલો કૃતિઓમાં અઢારહ નાતા વિવાહલો, હીરાનંદસૂરિ, અંતરંગ વિવાહ-જિનપ્રભસૂરિની કૃતિઓ ઉપલબ્ધ થાય છે. સાધુચરિત વિવાહલોમાં કયવન્ના વિવાહલો કવિ દેપાલ, કીર્તિરત્નસૂરિ વિવાહલો કવિ કલ્યાણચંદ્ર, જિનચંદ્રસૂરિ વિવાહલો કવિ સહજજ્ઞાન, હેમવિમલસૂરિ વિવાહલો કવિ હેમ વિમલસૂરિના શિષ્ય-જેવી કૃતિઓ પ્રાપ્ત થાય છે. મધ્યકાલીન કાવ્ય પ્રણાલિકાને અનુસરીને ચરિત્રાત્મક વર્ણન પ્રધાન વિવાહલો કૃતિઓની રચના કરી છે. ઈષ્ટદેવ અને સરસ્વતીને વંદના, દુહા-ઢાળમાં વસ્તુ વિભાજન, પ્રસંગવર્ણનમાં કલાત્મકતા, ગુરુપરંપરા કવિ નામ રચના સમય વગેરે દ્વારા વિવાહલોની રચના થઈ છે. જૈન સાહિત્યના આ કાવ્ય પ્રકારમાં સંશોધનને પૂર્ણ અવકાશ છે અને આવા સંશોધનથી જૈન સાહિત્યના આધ્યાત્મિક વિવાહની એક અનોખી કલ્પનાની કૃતિઓનો અધ્યાત્મરસિક ભક્તોને અનેરું આકર્ષણ જમાવે તેવી છે. આ પ્રકારની કૃતિઓનો ૧૫મી સદીથી પ્રારંભ થયો છે અને ૨૦મી સદી સુધીમાં રચાયેલી પ્રાપ્ત થાય છે. મોટા ભાગની કૃતિઓ અપ્રગટ છે. ચાર-પાંચ કૃતિઓ પ્રગટ થયેલ છે. ✱✱✱

૧૦૩, જીવનજ્યોત એપાર્ટમેન્ટ, સી બિલ્ડીંગ,
વખારીયા બંદર રોડ, બિલિમોરા-૩૯૬૩૨૧.

ડૉ. રમણલાલ ચી. શાહ

## સાહિત્ય સૌરભ ગ્રંથ ૧ થી ૭ તથા પ્રવચનોની સી. ડી.

| ગ્રંથ | શીર્ષક | કિંમત રૂા. |
|---|---|---|
| ગ્રંથ-૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦/- |
| ગ્રંથ-૨ | જૈન આચાર દર્શન | ૨૪૦/- |
| ગ્રંથ-૩ | ચરિત્ર દર્શન | ૨૨૦/- |
| ગ્રંથ-૪ | સાહિત્ય દર્શન | ૩૨૦/- |
| ગ્રંથ-૫ | પ્રવાસ દર્શન | ૨૬૦/- |
| ગ્રંથ-૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦/- |
| ગ્રંથ-૭ | શ્રુત ઉપાસક- ડૉ. રમણલાલ ચી. શાહ | ૩૨૦/- |
| | ૧ સેટ (૭ પુસ્તકો)ની કિંમત | ૧૮૫૦/- |

## ગ્રંથનું રાહત દરે વેચાણ

- ૧ પુસ્તક લેનારને ૨૦% ઓછા ભાવે મળશે.
- ૧ સેટ (૭ પુસ્તકો) લેનારને ૩૦% ઓછા ભાવે મળશે.
- ૧૦ સેટથી વધુ પુસ્તકો લેનારને ૪૦% ઓછા ભાવે મળશે.
- ૫૦ સેટથી વધુ પુસ્તકો લેનારને ૫૦% ઓછા ભાવે મળશે

□ મેનેજર

# પંડિત સુખલાલજી

(જન્મ : ૪ ડિસેમ્બર ૧૮૮૦; અરિહંતશરણ : ૨ માર્ચ ૧૯૭૮):

ભારતના પ્રથમ પંક્તિના દાર્શનિક વિદ્વાન, પંડિત સુખલાલજી સંઘજી સંઘવી જૈન ધર્મ પાળતા સ્થાનકવાસી જૈન કુટુંબમાં જન્મેલા. તેમનું વતન સૌરાષ્ટ્રના ઝાલાવાડમાં આવેલું લીમલી નામનું ગામ હતું. લીમલીમાં સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. એ પછી આગળ અભ્યાસ કરવા જતાં સોળ વર્ષની વયે ૧૮૯૬માં શીતળાને કારણે આંખો ગુમાવી. તેમણે અંધાપાને કારણે વાગ્દત્તાને છોડી, પરંતુ અભ્યાસ ન છોડ્યો. ૧૯૦૪માં તેવીસ વર્ષની વયે કાશી પહોંચી, ૧૯૦૪ થી ૧૯૨૧ સુધી કાશી અને મિથિલામાં ભારતીય દર્શનોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. સંસ્કૃત, પ્રાકૃત અને અંગ્રેજી ભાષા; જૈન આગમો, પ્રમાણશાસ્ત્ર અને પાશ્ચાત્ય મનોવિજ્ઞાન વગેરે અનેક વિષયોનું જ્ઞાન તેમણે મેળવ્યું. ઐતિહાસિક, સમન્વયાત્મક અને તુલનાત્મક દૃષ્ટિએ તેમણે કરેલા અધ્યયન વડે તેમની પ્રતિભા સોળે કળાએ ખીલી. પરિણામે પદવીપરીક્ષાઓ તેમણે ન આપી, છતાં ઉત્તીર્ણ થઈને પદવી મેળવનારાઓ કરતાં તે વધુ જ્ઞાની બન્યા. તે આજીવન ગાંધીમાર્ગી રહ્યા. રૂઢિને વળગી ન રહેવાથી રૂઢિચુસ્તોએ તેમની કદર ન કરી.

૧૯૨૧માં અમદાવાદ આવીને ગુજરાત વિદ્યાપીઠમાં ૧૯૩૦ સુધી અધ્યયન, અધ્યાપન તથા સંશોધન કરતા રહ્યા. એ પછી ફરી કાશીમાં જઈ ૧૯૩૩ થી ૧૯૪૪ સુધી બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જૈન દર્શનના અધ્યાપક તરીકે કાર્ય કર્યું. ત્યાંથી ૧૯૪૪માં નિવૃત્ત થયા પછી મુંબઈમાં ભારતીય વિદ્યા ભવનમાં સંશોધક-અધ્યાપક તરીકે ૧૯૪૭ સુધી સેવાઓ આપી. ૧૯૪૭માં ફરી અમદાવાદ આવ્યા અને ભો. જે. વિદ્યાભવનમાં માનાર્હ અધ્યાપક તરીકે દાયકાઓ સુધી સેવા આપી. ૧૯૫૧માં ભરાયેલી અખિલ ભારત પ્રાચ્યવિદ્યા પરિષદમાં પ્રાકૃત, જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનના તે વિભાગીય પ્રમુખ તરીકે વરાયેલા. આ પ્રજ્ઞાચક્ષુ વિદ્વાનને ૧૯૫૭માં ગુજરાત યુનિવર્સિટીએ, ૧૯૬૭માં સરદાર પટેલ યુનિવર્સિટીએ અને ૧૯૭૩માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ડી. લિટ્.ની માનાર્હ પદવી આપીને સન્માન્યા. ૧૯૫૮માં દિલ્હીની સાહિત્ય અકાદમી તરફથી પુરસ્કૃત થયા. ૧૯૭૪માં ભારત સરકારે તેમને પદ્મભૂષણનો ખિતાબ આપ્યો.

ભારતીય દર્શનના આ પ્રકાંડ પંડિત તાર્કિક અને સમન્વયવાદી દૃષ્ટિના, ક્રિયાકાંડથી મુક્ત અને માનવકલ્યાણસાધક ધર્મ, દર્શન અને ચિંતનના હિમાયતી રહ્યા છે. તેમણે ચરિત્રકાર, નિબંધકાર અને સંપાદક તરીકે કીર્તિ પ્રાપ્ત કરી છે.

૧૯૨૦થી ૧૯૩૨માં સિદ્ધસેન દિવાકરના 'સન્મતિતર્ક'નું ભાગ ૧૬માં તેમણે પંડિત બેચરદાસ દોશીના સાથમાં કરેલું સંપાદન તેમનું મૂલ્યવાન પ્રદાન છે. એવો જ બીજો મૂલ્યવાન ગ્રંથ 'દર્શન અને ચિંતન' બે ભાગમાં ૧૯૫૭માં પ્રકાશિત કર્યો છે. તેમાં ધર્મ, સમાજ, રાજનીતિ, કેળવણી વગેરે વિવિધ વિષયોને સમાવી લેતા લેખો છે. 'તત્ત્વાર્થસૂત્ર'નું સંપાદન ૧૯૩૦માં કરેલું. ૧૯૫૬માં 'અધ્યાત્મવિચારણા', ૧૯૫૯માં 'ભારતીય તત્ત્વવિદ્યા', ૧૦૬૨માં 'જૈન ધર્મનો પ્રાણ' પણ તેમની જાણીતી રચનાઓ છે. તેમણે લખેલા ચરિત્રગ્રંથોમાં ૧૯૫૯માં 'ચાર તીર્થંકર', ૧૯૬૧માં 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' અને મૃત્યુ પછી ૧૯૮૦માં 'મારું જીવનવૃત્ત'-એ ત્રણનો સમાવેશ થાય છે. જૈન વેપારી કુટુંબમાં જન્મેલા અને પ્રજ્ઞાચક્ષુ બનેલા સુખલાલજીએ ભારત અને ભારતની બહાર શ્રદ્ધેય વિદ્વાન તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી.

– પ્ર. ઉ. શાસ્ત્રી

– નીતિન ૨. દેસાઈ

('ગુજરાતી વિશ્વકોશ'માંથી આભાર સહ)

✱✱✱

## આમંત્રણ

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

**અને**

**ગુજરાતી સાહિત્ય પરિષદની**

**શ્રી હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાય પીઠના ઉપક્રમે**

**આયોજિત**

**દાર્શનિક તત્ત્વચિંતક**

**પંડિત સુખલાલજી સવા શતાબ્દી પરિસંવાદ**

**વિદ્વાન વક્તાઓ**

પંડિતજીનું તત્ત્વચિંતન : ડૉ. રઘુવીર ચૌધરી

સંસ્મરણો : પ્રા. તારાબહેન ૨. શાહ

પંડિતજીનું જીવન : ડૉ. ધનવંત શાહ

**સંચાલન : ઉદયન ઠક્કર**

**આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને બિરાજશે**

**ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ**

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

**તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૦૭. સમય : બપોરે ૩-૩૦ કલાકે.**

**સ્થળ :** ઈન્ડિયન મર્ચન્ટ ચેંબર.
બાબુભાઈ ચિનાય સભાગૃહ,
ચર્ચગેટ સ્ટેશન સામે, મુંબઈ.

**સર્વ જિજ્ઞાસુ સહૃદયીઓને સ્નેહભર્યું આમંત્રણ**

**પ્રમુખ :** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

# જૈન ક્રિયાઓમાં વિજ્ઞાન

□ ડૉ. પ્રીતિ શાહ

પર્યુષણ એટલે આત્માની સમીપ વસવાનું પર્વ.

પર્યુષણ એટલે પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ અને નિવૃત્તિમાં પ્રવૃત્તિનો વિરલ સંદેશ આપતું પર્વ.

જીવનમાં વેદના, વૃત્તિનો તરફડાટ, વ્યર્થ પ્રવૃત્તિઓની ભરમાર, ભયના ઓથાર હેઠળ લેવાતો શ્વાસ અને હતાશાનો વારંવાર મૂકાતો ઉચ્છ્વાસ-આવાં સઘળા પ્રદૂષણો સામે આંતર પર્યાવરણ સર્જતું આ એક વિરલ પર્વ છે.

જૈન ધર્મ આચારનો ધર્મ છે. આચાર એ ધર્મનું પહેલું પગથિયું છે અને જૈન ધર્મે વિચારમાંથી આચાર કરવાને બદલે આચારમાંથી વિચારમાં ગતિ કરી છે. માનવીને આગવી જીવનશૈલી આપી છે. એની ક્રિયાઓમાં અને ધાર્મિક આચારોમાં જીવન છે, ભાવના છે, માનવતા છે અને વિજ્ઞાન છે. એની પ્રત્યેક ક્રિયા એ માનવ જીવનને ઊર્ધ્વમાર્ગે દોરી જનારી છે. આ ધર્મક્રિયાઓમાં સર્વત્ર વિજ્ઞાન નિહિત છે. જૈન જીવનશૈલીમાં તેમજ જૈન કલા અને સ્થાપત્યમાં પણ વિજ્ઞાન છે.

બ્રહ્માંડના રહસ્યોને ઉકેલવા અને સત્યને પામવા માનવી અનાદિકાળથી પ્રયત્ન કરે છે અને એમાંથી વિજ્ઞાન જન્મે છે. પરંતુ એ પ્રયોગશાળાનું વિજ્ઞાન છે. જ્યારે જૈનદર્શનનું વિજ્ઞાન પ્રજ્ઞામાંથી ઉદ્ભવેલું છે. વિજ્ઞાન જે પ્રયોગશાળામાં સિદ્ધ કરે તે અધ્યાત્મ આર્ષદર્શનથી પ્રગટ કરે છે.

જૈન તીર્થંકરોના લાંછન અર્થાત્ પ્રતીકરૂપે કોઈ ને કોઈ પ્રકૃતિ, વનસ્પતિ કે પશુ-પક્ષી મળે છે અને એમને કોઈ ને કોઈ વૃક્ષ હેઠળ-ચૈત્યવૃક્ષ-કેવળજ્ઞાન થયું છે. પ્રાણી અને પ્રકૃતિ સાથે કેવો ગાઢ અનુબંધ છે!

મનોવિજ્ઞાન અને માનવવિજ્ઞાનની દૃષ્ટિએ આ પર્વનો વિચાર કરીએ તો ખ્યાલ આવશે કે બાહ્યપ્રવૃત્તિમાં તનાવ, સ્ટ્રેસ અને વ્યસ્તતા અનુભવતા મનને પર્યુષણની આરાધના દ્વારા શાંત પાડીને ચિત્તની આનંદમય સ્થિતિનો અનુભવ થાય છે. જૈન ધર્મની ક્રિયાઓમાં વિજ્ઞાનની વાત કરું ત્યારે મને અનુભવ થાય છે કે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, મનોચિકિત્સા, સ્વાસ્થ્યચિકિત્સાથી માંડીને છેક ક્લોનિંગ સાથે કર્મસિદ્ધાંતનો તંતુ જોડી શકાય છે. એક અર્થમાં કહું તો જૈન ધર્મમાં વિજ્ઞાનની ખોજ કરતાં કવિ કલાપીની એ પંક્તિનું સ્મરણ થાય છેઃ

જ્યાં જ્યાં નજર મારી ઠરે
યાદી ભરી છે આપની.

થોડા સમય પૂર્વે પર્યાવરણ વિજ્ઞાનીઓની આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સમાં જૈન ધર્મના વિદ્વાન શ્રી સતીષકુમારે એમ કહ્યું કે તમે જે પર્યાવરણની વાત કરો છો, પ્રાણીઓની હિફાજતની વાત કરો છો, જંતુઓની જાળવણીની વાત કરો છો એ વાત તો અમે ઘરમાં અમારા માતા-પિતા પાસેથી શીખ્યા છીએ. નાનામાં નાના જંતુની રક્ષાની ચિંતા કરનાર જૈન ધર્મ જગતનો સર્વોત્કૃષ્ટ પર્યાવરણ ધર્મ છે.

પર્યાવરણવાદીઓ આજે વૃક્ષો ઉગાડવાની વાત કરે છે, જૈન ધર્મનું પ્રથમ મંદિર એ વૃક્ષમંદિર છે. છેક પ્રાગૈતિહાસિક કાળમાં જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવે શત્રુંજય તીર્થના રાયણ વૃક્ષોની નીચે બેસીને વિશ્વને અહિંસાનો પ્રથમ ઉપદેશ આપ્યો હતો. એ પ્રાણીરક્ષાની ભાવના નેમકુમારના જીવનમાં કેટલી ઉત્કૃષ્ટપણે જોવા મળે છે! પોતાના લગ્નમાં યોજાનારા ભોજનને કાજે બાંધવામાં આવેલાં પશુઓનો ચિત્કાર સાંભળીને નેમિનાથ જાન સાથે પાછા ફરે છે. અને ભગવાન મહાવીરે તો પરિસ્થિતિમાં એવું પરિવર્તન આણ્યું કે સમગ્ર સૃષ્ટિ સાથે માનવી એકાત્મભાવ અનુભવવા લાગ્યો.

એની કીડિયારું ભરવાની ભાવના જુઓ. એની નાનામાં નાના જંતુના જીવન અને રક્ષણ માટેની ચિંતા જુઓ કે પછી એની પાંજરાપોળ, પરબડી, ચબૂતરા કે જીવાતખાના જુઓ-આ બધી બાબતોમાં પર્યાવરણ-વિજ્ઞાન છવાયેલું છે. જે સમજ આપણી પાસે વર્ષો પૂર્વે હતી તે સમજ આજનું પર્યાવરણ-વિજ્ઞાન ઉગાડી રહ્યું છે.

થોડાં વર્ષો પહેલાં બ્રિટનમાં 'જૈન ડેકલેરેશન ઑન નેચર' પ્રિન્સ ફિલિપને સમર્પિત કરવામાં આવ્યું ત્યારે એમણે જૈન ધર્મની પર્યાવરણની ભાવના જોઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું. એમણે સવાલ કર્યો કે વર્ષો પહેલાં તમને આ પર્યાવરણનો ખ્યાલ કઈ રીતે આવ્યો? ત્યારે ભારતના પ્રસિદ્ધ બંધારણવિદ, કવિ અને જૈન ધર્મના જ્ઞાતા એવા ડૉ. એલ. એમ. સિંઘવીએ જવાબ આપ્યોઃ For us ecology is religion and religion is ecology.

તત્ત્વાર્થસૂત્રની પ્રથમ ગાથા છે परस्परोपग्रहो जीवानाम्। આજની સ્થિતિ એવી આવી છે કે માનવીએ પ્રાણીઓનું એટલું નિકંદન કાઢ્યું કે હવે save the tiger, save the lion ની વાત કર્યા બાદ અત્યારે save the planetનું આંદોલન ચાલે છે. જૈન ધર્મે કહ્યું કે કીડીનો જીવ હાથી પર અને હાથીનો જીવ કીડી પર આધારિત છે. દુર્ભાગ્યે આ માનવહાથીએ કેટલાંય નિર્દોષ પશુ-પક્ષીઓનો નાશ કર્યો.

જૈન ધર્મે પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને વનસ્પતિમાં ચૈતન્ય છે એમ કહ્યું છે. પ્રથમ જૈન આગમ 'શ્રી આચારાંગસૂત્ર'માં કહ્યું છે કે વનસ્પતિજગતમાં પણ પ્રાણીજગત જેવી સંવેદનશીલતા છે. એ કાળે વિજ્ઞાન આ માન્યતાને સ્વીકારતું નહોતું. પણ જૈન ધર્મ આ તત્ત્વોની ચેતનાને આદર આપતો હતો. જગદીશચંદ્ર બોઝ અને અન્ય

વૈજ્ઞાનિકોએ એ તથ્યની પુષ્ટિ કરી કે વનસ્પતિમાં પણ પ્રાણીજગત જેવી જ સંવેદનશીલતા છે ત્યારે આચારાંગસૂત્રના એ કથનને વિજ્ઞાને પણ સ્વીકાર્યું.

વનસ્પતિ વિજ્ઞાનીઓએ વનસ્પતિની સંવેદનશીલતા અંગે ઘણા પ્રયોગ કર્યા. પોલીગ્રાફ મશીનના તાર ઝાડ અને છોડ સાથે જોડી દીધા પછી એવા તારણ પર આવ્યા છે કે ઝાડપાન વિદ્યુતપ્રવાહ, વધુ કે ઓછું તાપમાન, તીવ્ર આઘાતો વગેરે પ્રત્યે પ્રતિક્રિયા વ્યક્ત કરે છે. સંગીતનો પણ તેના પર પ્રભાવ પડે છે. તે ઈન્ફ્રારેડ કે અલ્ટ્રાવાયલેટ કિરણો જોઈ શકે છે, ટીવીની ઉચ્ચ ફ્રીકવન્સી અનુભવે છે, તેમ જ માણસ અને જીવજંતુની ગતિવિધિ પણ તે અનુભવે છે. વનસ્પતિ જીવોમાં પણ આહાર (અમરવેલ જે બીજા છોડમાં જઈને પોતાને જરૂરી આહાર મેળવી લે છે.). ભય (લજામણીનો છોડ, નાગફણી કાંટાથી પોતાની રક્ષા કરે છે.). મૈથુન-પરિગ્રહ જેવી સંજ્ઞાઓ છે. ક્રોધ, (જંગલોમાં ડંખ મારવાવાળા ઝાડ હોય છે) માન (અહંના વિસ્તારની) વડમાં જોવા મળે છે. યુકેલિપ્ટસ આસપાસની વનસ્પતિને માટે જોખમ-પાણી શોષી લે છે. માયા (કીટભક્ષી વનસ્પતિ) લોભ (પોતાનું ભોજન જમીનમાંથી સંચિત કરે છે. ગાજર, મૂળા, બટેટા) જેવા કષાયો પણ જોવા મળે છે. એમ કહેવાય છે કે અશોક વૃક્ષ નીચે બેસવાથી ટેન્શન દૂર થાય છે. જ્યારે બહેડાના ઝાડ નીચે બેસનારનું ટેન્શન વધી જાય છે.

હવે તો વિજ્ઞાન માત્ર વનસ્પતિમાં જ નહિ પણ જમીન, પાણી, વાયુમાં પણ જીવ હોવાનું ધીમે ધીમે સ્વીકારી રહ્યું છે. જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરોનો ઉપયોગ શરૂઆતમાં ખેતપેદાશોમાં વિપુલ ઉત્પાદન માટે લાભદાયી લાગ્યો પણ પછી જ્યારે એનાથી જ જમીનના જીવંતકોષો નષ્ટ થવા લાગ્યા, જમીન ઉજ્જડ બનવા લાગી ત્યારે હવે સજીવ ખેતી અને સેન્દ્રિય ખાતરના ઉપયોગ પર ભાર મૂકાવા લાગ્યો છે. શ્રીસૂયગડાંગ સૂત્ર મુજબ પાણી દ્રવ્ય નથી પણ વાયુમાંથી બને છે તે વાત પણ હેન્રી ક્વોડિન્સે જ્યારે હાઈડ્રોજન અને ઓક્સિજન છૂટા પાડી બતાવ્યા ત્યારે સિદ્ધ થઈ.

આથી જ જૈન ધર્મમાં વનસ્પતિ, જળ વગેરેનો બિનજરૂરી ઉપયોગ નહિ કરવાનું કહ્યું છે. એની ધાર્મિક ક્રિયાઓ પણ એ રીતે જ રચાઈ છે. કોઈ મંદિર માટે ભૂમિ ખોદવામાં આવે ત્યારે ધરતીની ક્ષમા યાચવામાં આવે છે અને કહે છે કે મંગલકાર્ય માટે ભૂમિખનન કરું છું તો હે ધરતી, મને ક્ષમા આપજે.

આજે પર્યાવરણનું નિકંદન કાઢનારી માનવજાતિ પ્રદૂષણને કારણે પોતાના અસ્તિત્વ અંગે ભયભીત છે. જ્વાળામુખીની ટોચ પર તોપના ગોળામાં સુગરીએ માળો બાંધ્યો હોય એવી માનવજાતિની સ્થિતિ છે ત્યારે વર્ષો પહેલાં કહેવાયેલું એ આગમસૂત્ર મનુષ્યજાતિએ આત્મસાત્ કર્યું હોત તો આવી દુર્દશા થઈ ન હોત. એ સૂત્ર છે-

તુમસિ નામ સચ્ચેવં જંમ ઈંતવ્ય તિ મનસિ

'જેને તું મારે છે, પીડે છે અને જેને તું ત્રાસ આપે છે એને તું મારતો નથી, પીડા આપતો નથી, ત્રાસ આપતો નથી પરંતુ તું તારી જાતને મારે છે, તારી જાતને પીડે છે અને તારી જાતને હણે છે.'

જૈન સાધુની પ્રત્યેક ક્રિયા પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિના આદર સાથે જોડાયેલી છે. એમાંય દિગંબર જૈન સાધુ તો માત્ર કમંડળ અને મોરપીંછ રાખે છે. કમંડળનું જળ ઓછા વપરાશનું અને પીંછીથી સૂક્ષ્મજીવોની રક્ષા કરે છે.

જૈન શાસ્ત્રોના છ આવશ્યકમાંના પ્રથમ આવશ્યક સામાયિકની વાત કરીએ. સામાયિકનો સહુ કોઈ આધાર લે છે. તીર્થંકરો, ગણધરો, અને મુનિવરોએ એનો આશ્રય લીધો છે. કર્મનિર્જરાનું આ એક અમોઘ સાધન ગણાય છે. તીવ્ર તપ કરવા છતાં જીવ જે કર્મ ખપાવી શકતો નથી તે સામાયિકનો સાધક ક્ષણમાં ખપાવે છે. પુણિયા શ્રાવકની સામાયિકની મહત્તાનો આપણને સહુને ખ્યાલ છે. જૈન ધ્યાન-પ્રણાલીનું ઝળહળતું શિખર એ સામાયિક છે. આ રીતે સામાયિક પણ માનસિક કેળવણીની મહામૂલી પાઠશાળા છે. એનું મુખ્ય લક્ષ્ય વ્યક્તિઓની આંતરશક્તિની સમીપ પહોંચી આંતરપરિવર્તન સાધીને આત્મઓળખ, આત્મશુદ્ધિ અને આત્મદર્શન દ્વારા અધ્યાત્મના પરમ શિખર સુધી પહોંચવાનું છે.

એના વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક પાસાંનો ખ્યાલ મેળવીએ. એમાં શ્રાવક બે ઘડીના સાધુપણાનો અનુભવ પામે છે. શા માટે ૪૮ મિનિટનું સામાયિક ? માનવમનના સંશોધકોએ સિદ્ધ કર્યું છે કે કોઈ પણ વ્યક્તિના મનની એકાગ્રતા ૪૮ મિનિટથી વધુ રહી શકતી નથી. આ સામાયિક દ્વારા આધિ, વ્યાધિ અને ઉપાધિગ્રસ્ત માનવચિત્તના પરિવર્તનની વાત છે. જેનાથી રાગ અને દ્વેષ દૂર થાય અને સમભાવ કેળવાય તે સામાયિક. પરંતુ એની સાથે આરોગ્યની દૃષ્ટિએ જોઈએ તો સામાયિકથી બ્લડપ્રેશર પ્રમાણસર રહે છે. કોલેસ્ટેરોલનું પ્રમાણ જળવાઈ રહે છે. એકાગ્રતાની કેળવણીને પરિણામે યાદશક્તિ વધે છે. માનસિક હતાશા (deprassion)ના દર્દીને પણ એનાથી લાભ થાય છે.

'શ્રી લોગસ્સ સૂત્ર'ની ક્રિયા દ્વારા વ્યક્તિ એના ચિત્તના વિચારો શુદ્ધ કરે છે અને સાચો માર્ગ મેળવે છે. વિશેષ તો તીર્થંકરોને પ્રણામ કરી એમના ગુણોનું ગાન કરીને તે પોતાના આવેગોનું શમન કરે છે.

વંદણાથી સાધુ-સાધ્વીઓને આદર આપીને વ્યક્તિ નમ્ર બને છે, એનો અહંકાર ઓગળે છે અને વિનયના ગુણો ખીલે છે.

પ્રતિક્રમણ આપણને આપણા આંતરદોષોની ઓળખ આપે છે અને જૈનદર્શનની ક્ષમાની તો શી વાત કરીએ ? જૈન આચાર કહે છે કે ભૂલ થયાની વ્યક્તિને પોતાને જાણ થાય પછી ક્ષમા ન માગે ત્યાં સુધી એણે થૂંક પણ ગળાની નીચે ઉતારવું નહીં. મિચ્છા મિ દુક્કડં એ વિશ્વમૈત્રીનો અવસર છે અને અહીં તમે સામે ચાલીને ક્ષમા માગવા જાઓ છો. કોની ક્ષમા ? જેને તમારા આચરણથી દુઃખ પહોંચ્યું છે એની ક્ષમા. પોતાની ભૂલના પશ્ચાતાપની આ અજોડ પદ્ધતિ છે. કેટલાક ધર્મોમાં ધર્મગુરુ પાસે ક્ષમા યાચવામાં આવે છે તો ક્યાંક ઈશ્વર સમક્ષ પોતાનાં દુષ્કૃત્યોની માફી માગવામાં આવે છે.

પરંતુ જૈન દર્શને વિચાર્યું કે આમાં જેનું દિલ દુભાયું છે તેનું શું? એથી જ ઊંચ કે નીચ, અમીર કે ગરીબ, પિતા કે પુત્ર, સાસુ કે વહુ–એવા કોઈ પણ ભેદને જોયા વિના જેનું દિલ દુભાયું છે તેની ક્ષમા યાચવામાં આવે છે. તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના પટ્ટશિષ્ય મહાજ્ઞાની અને પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી આનંદ શ્રાવકની ક્ષમા માગે છે. બે હાથ જોડીને 'મિચ્છા મિ દુક્કડં' કહીએ ત્યારે સામી વ્યક્તિના ચિત્તમાંથી વેરની કેટલી બધી ગાંઠો ખૂલી જાય છે! ભગવાન મહાવીરનું એક ઉપનામ નિર્ગ્રંથ છે. ગ્રંથિ ભેદી નાખે તે. ગ્રંથ ઉકેલવા સહેલા છે પણ ગ્રંથિ ઉકેલવી સહેલી નથી. એ ગ્રંથિ ઉકેલવાનો માર્ગ ક્ષમાપના દર્શાવે છે.

લુઈ હે પોતાના-'you can heal your life' પુસ્તકમાં જણાવે છે કે 'લાંબા સમય સુધી નારાજગીનો ભાવ શરીરમાં રહે તો તે કૅન્સર પેદા કરે છે. સતત નિંદા કરવાની ટેવ આર્થ્રાઈટિસને નિમંત્રણ આપે છે. માનવીની અંદર રહેતા અપરાધભાવથી શરીરમાં દર્દ રહ્યા કરે છે. ડરને કારણે તનાવ–ટાલ પડી જવી, અલ્સર થવું, પગ ફાટી જવા જેવી બિમારીઓ થાય છે. મેં એવું જોયું કે ક્ષમાભાવ રાખવાથી, નારાજગીને ત્યજી દેવાથી કૅન્સર મટી પણ શકે છે. મેં એની સફળતા જોઈ છે અને અનુભવ પણ કર્યો છે.' આજે લુઈ હે અમેરિકામાં ઘણા પ્રકારની બિમારીઓનો ઉપચાર કરી રહી છે.

વેન ડાયર (Wayne W. Dyre) 'Real Magic' પુસ્તકમાં શુભ વિચારોથી કૅન્સરમુક્તિ મળેલા ગ્રેગ એડરસનની વાત લખે છે.

આપણી રોજિંદી ક્રિયાઓમાં પૂજાનો વિચાર કરીએ તો પૂજાની પ્રત્યેક વિધિમાં ક્રિયા અને વિજ્ઞાન સાથે સમાયેલાં છે. પ્રદક્ષિણાની ક્રિયા કરીએ ત્યારે ત્રણ વાર પ્રદક્ષિણા કરવામાં આવે છે અને એ ત્રણ પ્રદક્ષિણા સૂચવે છે કે રાગ અને દ્વેષને દૂર કરીને મોક્ષપ્રાપ્તિ કરવા માટે સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર છે. જૈન ધર્મમાં જે ખમાસણાં લઈએ છીએ ત્યારે તે આખી પ્રક્રિયા શરીરનાં જુદાં જુદાં કેન્દ્રો પર અસર કરે છે. ચૈત્ય વંદનમાં જે જુદી જુદી મુદ્રાઓ છે તે દરેક મુદ્રા યોગવિજ્ઞાન સાથે સંકળાયેલી છે.

નાના જીવોની જયણા, ગૅસને પૂંજવો, પાણી ગાળવું, પાણી ઉકાળીને પીવું તથા શાક સમારતી વખતે સૂક્ષ્મ જંતુઓની જૈન સમાજની ચીવટ જુદી તરી આવે છે.

તમે ચરવળાને યાદ કરો. એક નાના ચરવળામાં પણ કેવું ઊંડું વિજ્ઞાન છે. જમીન પર કટાસણું પાથરતાં પહેલાં જમીનને ચરવળાથી પૂંજી લેવામાં આવે છે એટલે કે નાનામાં નાના જંતુને હળવેથી એ જગ્યાએથી દૂર કરવામાં આવે છે. સામાયિક કે પ્રતિક્રમણ વખતે આજુબાજુ જવા માટે ચરવળાનો ઉપયોગ થાય છે અને જમીન પર પગ મૂકતાં પહેલાં ચરવળો ફેરવવામાં આવે છે. આ રીતે ચરવળા દ્વારા નાનામાં નાના જીવની રક્ષા કરવામાં આવે છે અને સાથે એનો આધ્યાત્મિક મર્મ એ છે કે આપણા આત્મા પર ચોંટેલી કર્મરજને આપણે દૂર કરીએ.

ઉપાશ્રયમાં પ્રતિક્રમણ વખતે કટાસણું પાથરીને બેસીએ છીએ. સફેદ ઊનનું–એનો હેતુ શો? સામાયિક દરમિયાન જાગેલી શક્તિને એ શરીરમાંથી બહાર નીકળતી અટકાવે છે. બીજી બાજુ અતિ સૂક્ષ્મ જીવતંજતુઓને રક્ષણ આપે છે અને હા, એનો શ્વેત રંગ શાંતિ અને આધ્યાત્મિક પરિવેશ પ્રગટાવે છે.

મુહપત્તી પાછળ કેવું જીવવિજ્ઞાન અને જીવનવિજ્ઞાન સમાયેલું છે! હવામાં રહેલા સૂક્ષ્મ જંતુઓને મુખમાંથી નીકળતી ઉષ્ણ હવાથી બચાવે છે, તો બીજી બાજુ આ મુહપત્તી વ્યક્તિને એ બાબતથી સાવધ રાખે છે કે એણે વાણીની બાબતમાં જાગ્રત રહેવું જોઈએ અને વાણીના ઉપયોગની બાબતમાં જાગૃતિ રાખો. અસત્ય કે ઉશ્કેરાટભરી વાણી ન બોલો. વ્યર્થ વાણી ન વાપરો. આપણે જાણીએ છીએ કે માનવીએ એની વાણી ઘીને બદલે પાણીની માફક વાપરી છે. મહાભારતનો મહાસંહાર પણ દ્રૌપદીની કટુ વાણીને કારણે સર્જાયો હતો. જોકે એ પછી પણ કટુ વાણીએ સંસારમાં કેટલાંય મહાભારત સર્જ્યાં છે.

સામાયિક વખતે રખાતા સ્થાપનાચાર્યની સમક્ષ સાધકો બેસે છે. એના પર ધાર્મિક ગ્રંથ હોય છે. ગુરુની અનુપસ્થિતિમાં આ સ્થાપના-જીથી એક શિસ્ત અને લઘુતાનો ભાવ અનુભવાય છે. 'ગુરુ બિન જ્ઞાન કહાં...' પણ અહીં ગુરુની અનુપસ્થિતિમાં સ્થાપનાજી રખાય છે.

સ્વાસ્થ્યવિજ્ઞાન હવે જોરશોરથી કહે છે કે સૂતાં પહેલાં બે–ત્રણ કલાક અગાઉ જમવું આવશ્યક છે. એક સમયે રાત્રિભોજન સાથે હિંસાની વાત જોડાયેલી હતી, પરંતુ હવે રાત્રિભોજન માત્ર હિંસાની સીમા સુધી જ સીમિત નથી પણ જીવવિજ્ઞાન અને આહારશાસ્ત્રને વટાવીને છેક મેડિકલ સાયન્સ સુધી પહોંચ્યું છે. આજે અમેરિકામાં ઘણાં ડૉક્ટરો એના પ્રિસ્ક્રિપ્શનમાં દર્દીને સલાહ આપે છે કે સૂતાં પહેલાં ત્રણેક કલાક અગાઉ ભોજન કરી લેવું. સૂર્યપ્રકાશમાં ભોજનમાં રહેલા વિષાણુઓને નષ્ટ કરવાની શક્તિ છે. જે શક્તિ રાત્રિના અંધકાર પાસે નથી અને એ જ રીતે આ સૂર્યપ્રકાશ સમયનું ભોજન શરીરની પાચનક્રિયાને પ્રોત્સાહક બનાવે છે. ચોવિહારમાં ભોજન પછી સૂર્યાસ્ત બાદ પાણી લેવાતું નથી એને પરિણામે વ્યક્તિને વારંવાર કુદરતી હાજતો માટે ઊઠવું પડતું નથી અને એથી એનો નિદ્રાભંગ થતો નથી.

વૈજ્ઞાનિક સંશોધને એ સિદ્ધ કર્યું છે કે જે ધાન્ય કે વૃક્ષમાં જીવનના વિકાસની સંભાવના હોય તેનો નાશ કરીએ અથવા તો તેનું ભક્ષણ કરીએ તો અનંત જીવોની હિંસા થાય છે કારણ કે એમાં રહેલો જીવનવિકાસ કેટલાય જીવોને જન્મ આપતો હશે. એનો નાશ કરવાથી અનંતજીવની હત્યા થાય છે. જૈનોમાં સામાન્ય રીતે ફણગાવેલાં અનાજ અથવા અંકુરિત થતો વૃક્ષનો કોઈ હિસ્સો ખાવો તેને પાપપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે તેમાં અનંતકાય જીવો હોય છે અને આવા અનંતકાય જીવોનું ભક્ષણ અનેક પાપોને નિમંત્રણ આપે છે.

જ્યારે સૂક્ષ્મદર્શકયંત્ર નહોતું તે સમયે આપણા પ્રજ્ઞાપુરુષોને આનો ખ્યાલ આવ્યો તે આજે તો આશ્ચર્ય જ લાગે!

જૈન ધર્મના આહારવિજ્ઞાન તરફ વળીએ. અહીં ભક્ષ્ય અને અભક્ષ્યની ઘણી ઊંડી ચર્ચા છે. જૈન ધર્મની અહિંસાની વિચારણા સાથે ખાદ્ય-અખાદ્યની વિચારણા જોડાયેલી છે, પરંતુ એ સાથે એમાં એટલું જ ગહન વિજ્ઞાન છે. જેમકે અમુક દિવસો સુધી લોટ રાખવાની વાત છે. ચોમાસામાં ભેજ હોવાના કારણે એસ્પર જિલસ, મ્યૂકર, રાઈજોયસ, સેકોરોમાઈસિસ જેવા કિટાણુઓ લોટને દૂષિત કરી નાખે છે. જ્યારે અન્ય ઋતુઓમાં એનો પ્રભાવ ઓછો હોવાથી એ વધુ દિવસ સુધી રાખી શકાય છે.

દહીંમાં જીવાણુઓની સક્રિયતા ખૂબ ઝડપથી વધે છે અને તેથી જ જૈન ધર્મે સાકર, કિસમિસવાળા દહીંની મર્યાદા ૪૮ મિનિટ આપી છે. ખીચડી, દાળ અને શાકભાજીની મર્યાદા છ કલાકની, રોટલી અને ભાતની મર્યાદા ૧૨ કલાકની છે. લાડુ અને ખાજા ખાનારને એટલી ખબર છે કે એની સમયમર્યાદા ૨૪ કલાકની છે. આ વિષયમાં આજનું વિજ્ઞાન કહે છે કે રાંધેલા ભોજનમાં જળઅંશ ઓછો હોવાથી અને ચીકાસ હોવાથી એક પ્રકારનું સુરક્ષાકવચ બને છે અને તેથી જીવાણુઓ એને તરત દૂષિત કરી શકતા નથી. જ્યારે કાચી રસોઈમાં જળઅંશ વધુ હોવાથી જીવાણુ શીઘ્ર ઉત્પન્ન થાય છે તેથી એની સમયમર્યાદા ઓછી આપવામાં આવી છે.

આ જ રીતે ઉકાળેલા પાણીની પણ સમયમર્યાદા નિશ્ચિત કરવામાં આવી છે. સામાન્ય રીતે ઉકાળેલું પાણી ૧૨ કલાક સુધી જીવાણુરહિત માનવામાં આવે છે. વિજ્ઞાન કહે છે કે ૧૨ કલાક બાદ પાણીમાં ક્લોસ્ટ્રિડિયમ નામના જીવાણુ પુનઃ સક્રિય થઈ જાય છે. આજે આધુનિક ઉપકરણોએ જે તથ્ય તારવ્યાં છે એ જ વાત જૈન ધર્મની આહારસંહિતામાં વર્ષોથી રહેલી છે.

આ આહારસંહિતાની પાછળ એક વિચારધારા રહેલી છે અને એમાંથી શાકાહારની વાત આવે છે. આજે વિશ્વમાં ખૂબ ઝડપથી શાકાહાર પ્રસરી રહ્યો છે. જૈન ધર્મે વર્ષો પહેલાં આહાર સાથે માનવચિત્તને જોડ્યું છે. 'જેવું અન્ન તેવું મન'. જગતમાં ભૂખમરાનું કારણ આ માંસાહાર છે. કારણ કે વિશાળ ખેતરોમાં પ્રાણીને ઉછેરવાં પડે. ઘાસ ઉગાડવું પડે. જમીનની ફળદ્રુપતા ઓછી થાય. પાણીનો વ્યય થાય. કતલ કરાયેલાં પ્રાણીઓનાં હાડકાં નદીમાં નાખતાં પ્રદૂષણ થાય. જેટલી જમીનમાં પ્રાણીઓ પાળીને ૧૦ માંસાહારીઓને ભોજન પૂરું પાડી શકાય એટલી જમીનમાં ૫૦ શાકાહારીઓને ભોજન પૂરું પાડી શકાય. હવે શાકાહાર માટે દલીલને કોઈ અવકાશ નથી. જૉન રોબિન્સનનું થોડાં વર્ષો પૂર્વે પ્રગટ થયેલું 'A New Diet for America'. પુસ્તકે શારીરિક, આર્થિક, સામાજિક અને માનસિક એમ તમામ દૃષ્ટિએ ચર્ચા કરીને સિદ્ધ કર્યું છે કે માંસાહાર કરતાં શાકાહાર હજાર ગણો ચડિયાતો છે.

માંસાહાર માણસનેમાટે નથી તે એના શરીરના અવયવોની રચના પરથી પણ સિદ્ધ થઈ રહ્યું છે. માંસાહારી પ્રાણીનું આંતરડું લાંબું હોતું નથી જ્યારે માણસનું આંતરડું લાંબું હોય છે. દાંત તીક્ષ્ણ હોય છે જ્યારે માણસના દાંત ચપટા છે. માંસાહારી પ્રાણીને ભોજનસામગ્રી પકડવા માટે હાથ નથી. શરીરનો થાક ઉતારવા માટે શાકાહારી કરતાં માંસાહારીને પાંચગણો સમય લાગે છે. સમસ્યાનો સામનો કરવાની શાકાહારીમાં ત્રણ ગણી શક્તિ છે. ૧ કિલો ઘઉં પેદા કરવા માટે જેટલું પાણી જોઈએ તેનાથી ૫૦ ગણું પાણી ૧ કિલો માંસ પેદા કરવા માટે જોઈએ છીએ.

છ લેશ્યાની વાતમાં કેવું ઊંડું વિજ્ઞાન છે! વૃક્ષ પરથી ફળ લેવું છે તો થડ કાપવાની જરૂર નથી. મોટી ડાળી કાપવાની જરૂર નથી. નાની ડાળી કાપવાની જરૂર નથી. પાંદડાં કાપવાની જરૂર નથી. જરૂર હોય તેટલા ફળ તોડવાની જરૂર નથી. નીચે પડેલાં ફળથી પણ કામ ચાલી જાય. છ લેશ્યાનું આ દૃષ્ટાંત પર્યાવરણની દૃષ્ટિએ પણ વિચારી શકાય. એનો આધ્યાત્મિક અર્થ પણ અનુભવી શકાય. કૃષ્ણ, નીલ અને કપોત લેશ્યા આત્માનો નાશ કરે છે; જ્યારે તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા આત્માને સમૃદ્ધિ તરફ લઈ જાય છે. આ લેશ્યા મનોવિજ્ઞાન સાથે સંબંધિત છે. વ્યક્તિના મનની જુદી જુદી લેશ્યાઓ માનવચિત્તની જુદી જુદી અવસ્થાઓ દર્શાવે છે. વ્યક્તિની પ્રવૃત્તિ એના ચિત્તવ્યાપારોનું પ્રતિબિંબ છે. અને એથી જ જુદી જુદી લેશ્યા ધરાવનારાઓ ભિન્ન ભિન્ન રીતે વર્તે છે. આજે Behavioral Science વિકાસ પામ્યું છે. વર્તમાન પરિસ્થિતિમાં તો વિમાનમાં પ્રવાસીની વર્તણૂક પર પણ ચાંપતી દેખરેખ રાખવામાં આવે છે.

જૈન ધર્મની ક્રિયાઓનું આકાશ એટલું બધું વિરાટ છે કે મારે થોડાં છૂટાંછવાયાં વાદળોની વાત કરીને સંતોષ માનવો પડે છે. એણે જીવનતારક ક્રિયાઓનું આલેખન કર્યું છે તો એની સાથે મૃત્યુને મહોત્સવ બનાવતી ક્રિયા-વિધિ દર્શાવી છે. મૃત્યુને પામવા માટે કઈ રીતે સજ્જ થવું. બાલમરણ, પંડિતમરણ અને સમાધિમરણ જેવા પ્રકારોની ચર્ચા કરીને એણે સંલેખના દ્વારા મૃત્યુને કઈ રીતે ઉજમાળ કરવું એની વાત કરી છે. આ બધી ક્રિયાઓનાં દૃષ્ટાંતોથી જૈન ઇતિહાસ ગૌરવભર્યો છે. એ ક્રિયાઓની પાછળ થતી વિજ્ઞાનની ખોજ એક પ્રતિપાદન આપે છે. પરંતુ એ ક્રિયા પાછળની ભાવનાઓ કલિકાલ-સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, આચાર્ય હીરવિજયસૂરિજી, શ્રીમદ્ રાજચંદ્ર કે મહાત્મા ગાંધીમાં કાર્યાન્વિત થઈ. આવતી કાલે એ જ અપેક્ષા કે આ ધર્મક્રિયામાં રહેલી ભાવના જગતના ચોકમાં લાવીને નવા યુગનું એના દ્વારા સર્જન કરીએ.

***

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૧-૮-૨૦૦૬ આપેલું વક્તવ્ય.

સી-૭૨, ગોયલ ટૉવર, ગુલબાઈ ટેકરા, પોલીસ ચોકી સામે, પોલીટેકનીક, અમદાવાદ-૩૮૦૦૧૫.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ભેટ

**• પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ**

૫,૦૦,૦૦૦/- એક સુશ્રાવક તરફથી
૧,૦૦,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ એ. શાહ-મુંબઈ
૧,૦૦,૦૦૦/- શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન-મુંબઈ
૫૧,૦૦૦/- શ્રી કાકુલાલ છગનલાલ મહેતા-મુંબઈ
૫૦,૦૦૦/- શ્રી મનસુખલાલ એલ. વાસા
૨૫,૦૦૦/- શ્રીમતી ચંચળબેન આણંદલાલ ત્રીભોવન સંઘવી-મુંબઈ
૧૧,૦૦૦/- શ્રી એસ. એલ. ભેદા-મુંબઈ
૧૧,૦૦૦/- શ્રી જે.. એસ. શાહ-મુંબઈ
૧૦,૦૦૦/- શ્રીમતી કલાવતી હસમુખલાલ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦,૦૦૦/- સ્વ. એરવડ હોરમસજી પેસ્તનજી આંટીયા અને મિસીસ દીનામાઈ હોરમસજી આંટીયા ટ્રસ્ટ હસ્તે શ્રી બી. એચ. આંટીયા
૫,૦૦૧/- શ્રી પ્રસનભાઈ એન. ટોલીયા-મુંબઈ
૫,૦૦૧/- શ્રી ભૂપેન્દ્ર હિંમતલાલ શાહ-મુંબઈ
૫,૦૦૧/- શ્રી જ્યોતિ ટ્રસ્ટ-મુંબઈ
૫,૦૦૦/- શ્રી વીસનજી ન. વોરા-મુંબઈ
૫,૦૦૦/- શ્રી સુરેન્દ્રકુમાર ચીમનલાલ શાહ-મુંબઈ
૫,૦૦૦/- શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ
૫,૦૦૦/- શ્રી રસિકલાલ ગોપાલજી શાહ-મુંબઈ
૫,૦૦૦/- શ્રી બાબુભાઈ સી. તોલાટ-મુંબઈ
૫,૦૦૦/- શ્રી રસિકલાલ ટી. મહેતા-મુંબઈ
૩,૦૦૦/- શ્રી વર્ષાબહેન કે. દેસાઈ (શાહ)-મુંબઈ
૨,૫૦૦/- શ્રી રમેશ પી. દફતરી ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ
૨,૫૦૦/- શ્રી જયાબેન ઈન્દુભાઈ વોરા-મુંબઈ
૨,૫૦૦/- શ્રી રસિકલાલ ચીમનલાલ ચૌધરી-મુંબઈ
૨,૫૦૦/- શ્રી વલ્લભભાઈ ભણશાલી-મુંબઈ
૨,૫૦૦/- શ્રી ડી. વી. એસ. સી. ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ
૨,૫૦૦/- શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ-મુંબઈ
૨,૦૦૦/- શ્રી કે. સી. શાહ-મુંબઈ
૨,૦૦૦/- શ્રી એમ. બી. વોરા-મુંબઈ
૨,૦૦૦/- શ્રી દામાણી દલીચંદ ભગવાનજી-મુંબઈ
૧,૮૦૦/- શ્રી પ્રબોધભાઈ એસ. શાહ-મુંબઈ
૧,૧૦૦/- શ્રી જશવંત છોટાલાલ શાહ-મુંબઈ
૧,૧૦૦/- શ્રી વનલીલા નટવરલાલ મહેતા-મુંબઈ
૧,૦૦૧/- શ્રી ગણપતી સી. મહેતા-મુંબઈ
૧,૦૦૦/- શ્રી નેણશી રવજી વીરા-મુંબઈ
૧,૦૦૦/- શ્રી ઈલાબેન ચંપકલાલ મોદી-મુંબઈ
૧,૦૦૦/- શ્રી લાલજી દેવરાજ દેપાર ગોસરાણી ચેરિટેબલ ટ્રસ્ટ-જામનગર
૧,૦૦૦/- શ્રીમતી વીણાબહેન જવાહરભાઈ કોરડિયા
૧,૦૦૦/- શ્રી પ્રકાશ એસ. દોશી-મુંબઈ
૫૦૧/- શ્રી આર. જે. કાપડિયા-મુંબઈ
૫૦૧/- શ્રી એક સદ્ગૃહસ્થ
૫૦૦/- શ્રી શીવજી મુળજી શાહ-મુંબઈ
૫૦૦/- શ્રી એસ. કે. દેઢિયા-કલકત્તા
૫૦૦/- શ્રીમતી મીતા પી. ગાંધી-મુંબઈ
૫૦૦/- શ્રીમતી પ્રવીણા સી. ઘડિયાળી-મુંબઈ
૫૦૦/- શ્રી શાંતિલાલ સંઘવી, અમદાવાદ
૨૫૧/- શ્રી હરિસિંહ સી. કાપડિયા
૨૫૧/- શ્રી રસિકલાલ ધીરજલાલ તુરખીયા-મુંબઈ

<u>૯,૪૮,૫૦૮/-</u>

**• પ્રબુદ્ધ જીવન આજીવન સભ્ય**

૨,૫૦૦/-શ્રી હિમાંસુ જે. સંઘવી-મુંબઈ
૨,૫૦૦/-શ્રી વિપુલ કલ્યાણજી દેઢિયા-મુંબઈ
૨,૫૦૦/-શ્રી અમિત જે. મહેતા-મુંબઈ
૨,૫૦૦/-શ્રી પ્રકાશભાઈ જે. ઝવેરી-મુંબઈ
૨,૫૦૦/-શ્રી હર્ષા હેમેન્દ્ર શાહ-અમરાવતી-મહારાષ્ટ્ર
૨,૫૦૦/-શ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ-મુંબઈ
૨,૫૦૦/-શ્રી કે. આર. મોદી-મુંબઈ
૨,૫૦૦/- શ્રી જયંતીલાલ એફ. શાહ-મુંબઈ
૨,૫૦૦/-શ્રીમતી સોનલ નગરશેઠ-મુંબઈ
૨,૫૦૦/-શ્રી બાબુભાઈ કે. શાહ-વલસાડ (શ્રીમતી સંગીતા કે. શાહ-પુત્રી માટે)
૨,૫૦૦/-પ્રો. જશવંત શેખડીવાલા-શેખડી
૨,૫૦૦/-શ્રી મુલચંદ લાલજી શાહ-મુંબઈ
૨,૫૦૦/-શ્રી અરુણ પી. શેઠ-મુંબઈ

આજીવન ગ્રાહક લવાજમ ભરનારને તેમજ અન્ય દાતાઓને આવકવેરાની 80-G કલમ અન્વયે કરમુક્ત છે તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે. મહાનુભાવ દાતાઓને અમારા અંતરના અભિનંદન અને ધન્યવાદ. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વ સભ્યો આ દાતાશ્રીઓના આભારી છે.

**'પ્રબુદ્ધ જીવન'** માટે કાયમી ફંડ માટેની સંઘે 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના નામે સ્થાપના કરી છે. રૂા. ૨૫ લાખ એકત્રિત કરવાનો નિર્ધાર છે. આ જ્ઞાન યજ્ઞમાં આપ સૌ ગુણીજનોને સહભાગી થવા વિનંતિ.

આપનો એક એક રૂપિયો ઉત્તમ વિચારયાત્રાને આગળ વધારશે અને કોઈના ચિત્તમાં એ સત્ત્વશીલ વિચારોનું આરોપણ કરશે.

**પ્રમુખ તેમ જ સંઘની કાર્યવાહક સમિતિના સર્વ સભ્યો**

# અઢારમો જૈન સાહિત્ય સમારોહ

□ ડૉ. કલા શાહ

(૩) (ગતાંકથી આગળ)

**જૈન યોગ :**

પ્રવીણભાઈ શાહે કહ્યું: જૈન યોગમાર્ગ પાતંજલ યોગમાર્ગને મળતો આવે છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર' ગ્રંથમાં યોગનું વર્ણન કર્યું છે. 'સજ્જન સન્મિત્ર' નામના ગ્રંથમાં યોગનું થોડુંક વર્ણન ચિત્રો દ્વારા કરવામાં આવ્યું છે. અત્યંત સરળ યોગમાર્ગ એટલે ધ્યાનયોગ– સ્વરમણતા. 'સ્વ' એટલે આત્માને જોવાની વિધિ. 'રમણતા' એટલે આત્મામાં સ્થિરતા.

આત્મા સંપૂર્ણ જાગૃત–અપ્રમત્ત થાય ત્યારે કર્મોની નિર્જરા વેગપૂર્વક થાય. ધીરે ધીરે બાર ભાવનાઓ સ્વયં સ્થિર થતી જાય. આ ક્રિયાથી શરીરમાં થતા પરિવર્તનોથી બધું અનિત્ય છે એવો પ્રત્યક્ષ અનુભવ થાય. તેથી અભ્યંતર મન પર તેની અસર થાય છે. જીવ સ્વયંમેવ બધું અનિત્ય સમજે છે, અનિત્ય ભાવના દૃઢ થાય છે અને સંસાર પ્રત્યેનો મોહ ઓછો થાય છે.

ધ્યાન દ્વારા મન, વચન અને કાયાના યોગનો નાશ થાય છે અને ક્લિષ્ટ કર્મોનો પણ નાશ થાય છે.

જૈન દર્શનમાં યોગના આઠ અંગો બતાવ્યા છે. યમ, નિયમ, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ અને યોગની આઠ દૃષ્ટિ–મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા અને પરા–વિશે વિસ્તારપૂર્વક સમજણ લેખકે આ લેખમાં આપી છે.

સમાધિ ઊંચા પ્રકારનું ધ્યાન છે અને સવિકલ્પ સમાધિ એ પણ ધ્યાન છે. પાતંજલિ સૂત્રોમાં ધારણા, ધ્યાન અને સમાધિનું સ્વરૂપ વર્ણવ્યું છે.

આ લેખમાં લેખકે ચાર પ્રકારના યોગી વિશે વાત કરી છે. ગોત્ર યોગી, કુલ યોગી, પ્રવૃત્તચક્ર યોગી અને નિષ્પન્ન યોગી. તે ઉપરાંત યોગના ત્રણ ભેદ–ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ સમજાવ્યા છે અને તેના ત્રણ પ્રભેદો પણ વર્ણવ્યા છે.

ઉપસંહારમાં લેખક કહે છે કે અષ્ટાંગ યોગની સાધના નિષ્ઠાપૂર્વક દૃઢ સંકલ્પથી કરવી જોઈએ. યોગની સાધનામાં સાધકે પોતાની શક્તિઓને વિકસાવી, શુદ્ધ કરી તેનું ઊર્ધ્વીકરણ કરવાનું હોય છે. જૈન પરંપરામાં યોગનો મહિમા છેક તીર્થંકરોના સમયથી ચાલ્યો આવે છે. તીર્થંકરો સ્વયં મહાયોગીઓ હતા. ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયું ત્યારે તેઓ ઉત્કટિક–ગોદોહિકા આસનમાં હતા.

પરદેશમાં યોગનો પ્રચાર વધ્યો છે પણ તેની સમજ અધૂરી આપવામાં આવે છે. યોગશાસ્ત્ર શરીરનું નહિ પણ ચિત્તનું શાસ્ત્ર છે. અષ્ટાંગ યોગની સાધના શરીરથી લઈ આત્મા સુધીનો–બાહ્ય વ્યક્તિત્વથી આંતરિક સુધીના જીવનનો માનસિક અને આધ્યાત્મિક વિકાસનો ત્રિવેણી સંગમ રચી આપે છે.

**શ્રીમતી પાર્વતીબેન નેણસી ખીરાણી :**

**જૈન યોગ :**

આ લેખમાં પ્રારંભમાં લેખિકાએ ભારતીય દર્શનમાં જૈન દર્શનની વિશિષ્ટતા સમજાવી 'યોગ' શબ્દને સંયમ, નિર્જરા, સંવર, ભાવના, મન, વચન અને કાયયોગ, યોગ સંગ્રહ, ધ્યાનયોગ, સમાધિયોગ અને તમોયોગના સંદર્ભમાં વાપરવામાં આવ્યો છે. એમ કહી યોગના ૫૮ અર્થો બતાવ્યાનો ઉલ્લેખ કર્યો છે તે ઉપરાંત શ્રીમદ્ રાજચંદ્ર અનુસાર યોગના ૩૨ ભેદો વર્ણવ્યા છે. મન, વચન, કાયા એ ત્રણે યોગના ૧૫ પ્રભેદો જૈનાગમ અનુસાર સમજાવ્યા છે.

ભારતીય દર્શનનું અંતિમ ધ્યેય મુક્તિ છે તે માટે યોગદર્શન–બૌદ્ધદર્શન તથા જૈનદર્શનમાં કૈવલ્ય, નિર્વાણ તથા મોક્ષ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

જૈન ધર્મની સાધના પદ્ધતિનું નામ મુક્તિમાર્ગ છે, જેના ત્રણ અંગો–સમ્યગ્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચરિત્ર એ રત્નત્રયીને 'જૈનયોગ' કહી શકાય. જૈનદર્શનમાં તપોયોગમાં બાર પ્રકારના તપમાં સર્વશ્રેષ્ઠ ધ્યાન છે અને તેમાંય શુક્લ ધ્યાન તપ કરવાથી મુક્તિ મળે છે.

આગમોમાં ધ્યાનયોગનું વિસ્તૃત વર્ણન મળે છે. તેમાં આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમપાયાંગ, વગેરેના દૃષ્ટાંતો પણ લેખિકાએ આપ્યા છે.

વિક્રમની પહેલી સદીથી આજ પર્યંત વિવિધ 'યોગસાહિત્ય' રચાતું રહ્યું છે. તેમાં કુંદકુંદાચાર્ય, ઉમાસ્વાતિ, ભદ્રબાહુસ્વામી, પૂજ્યપાદ, અને જિનભદ્રગણિના ગ્રંથોનો ઉલ્લેખ લેખિકાએ કર્યો છે. ત્યારબાદ આચાર્ય હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, પંડિત આશાધરજી, આચાર્ય સુંદરસૂરિ, ઉપા. વિનય વિજયજી, ઉપા. યશોવિજયજી, જયાચાર્ય આ. તુલસીજી અને આ. મહાપ્રજ્ઞાજીએ યોગસંબંધી કરેલ રચનાઓનો ઉલ્લેખ કર્યો છે. આમ જૈનયોગ પરંપરા પ્રાચીનકાળથી આજ દિન સુધી સમૃદ્ધ રહી છે તે સમજાવ્યું છે.

વર્તમાનકાળમાં આધિ, વ્યાધિ અને ઉપાધિથી ત્રસ્ત માનવને તાણમાંથી મુક્ત થવા માટે યોગની આવશ્યકતા સમજાઈ છે.

જૈનદર્શનના આદ્ય પ્રણેતા ઋષભદેવ છે, અને યોગના પ્રણેતા પણ ઋષભદેવ છે એવો ઉલ્લેખ કર્યો છે.

આ લેખમાં યોગના આસનો તથા તેની શ્રેણીઓની સમજ અને યોગાસન દ્વારા શારીરિક સ્વસ્થતા પ્રાપ્ત થાય છે અને માનસિક તનાવમાંથી મુક્તિ મળે છે અને પ્રાણશક્તિ સતેજ થાય છે એ વાત સમજાવી છે.

ચિત્તની એકાગ્રતા વધારવા માટે પ્રેક્ષાધ્યાનની મહત્તા આ લેખમાં સમજાવવામાં આવી છે. અંતમાં લેખિકાએ કહ્યું છે કે માનવદેહની

પ્રાપ્તિ દુર્લભ છે અને પરમ સુખની પ્રાપ્તિ માટે છે એ સુખ 'સ્વયં'માં સ્થિર થવાથી મળે છે અને એના માટે યોગસાધના આવશ્યક છે.

**ડૉ. છાયાબેન શાહ :**

**જૈન યોગ :**

ડૉ. છાયાબેન શાહે પોતાના નિબંધમાં કહ્યું છે કે જૈન શાસ્ત્રકારોએ 'યોગ'ને સહજ સ્વભાવ પરિણતિની ક્રિયાના રૂપમાં સ્વીકાર્યો છે.

જૈનદર્શનનું મુખ્ય ધ્યેય મુક્તિ છે અને મુક્તિ માટે ધર્મધ્યાન તથા શુક્લધ્યાન આવશ્યક છે. ધ્યાનને યોગની અંતર્ગત માનવામાં આવે છે અને આધ્યાત્મિક વિકાસ માટે યોગને સ્વીકારવામાં આવ્યો છે.

યોગની વ્યાખ્યાઓ આપવા માટે લેખિકાએ પતંજલિ, ભગવતી આરાધના, નિયમસાર, ઉપા. યશોવિજયજી વગેરેના ગ્રંથોનો આધાર લીધો છે. તે ઉપરાંત આચાર્ય હરિભદ્રસૂરિએ બતાવેલ યોગના ત્રણ પ્રકાર–ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ બતાવી તેના પ્રભેદોનું વર્ણન કર્યું છે.

જૈન યોગની આઠ દૃષ્ટિઓ સંક્ષેપમાં વર્ણવી છે તે ઉપરાંત યોગની સાધનાની આવશ્યકતા માટેનું મહત્ત્વ સમજાવ્યું છે. આવશ્યક નિયમો, મનની અચંચલતા, યોગના સદ્નુષ્ઠાન, ગુરુનું સાન્નિધ્ય તથા આચાર્ય હરિભદ્રસૂરિએ બતાવેલ યોગીના પ્રકારો વર્ણવીને જૈન યોગનું મહત્ત્વ સમજાવ્યું છે.

નિર્વાણ પ્રાપ્તિના સાધનોમાં સૌથી પ્રબળ અને સરળ સાધન યોગ છે. યોગનું બીજું નામ અધ્યાત્મમાર્ગ અથવા અધ્યાત્મવિદ્યા છે. યોગનું મહત્ત્વ બધાં દર્શનોએ સ્વીકાર્યું છે.

**ડૉ. શોભના ર. શાહ :**

**શારિરીક અને માનસિક સ્વસ્થતાનો ઉપાય 'યોગ'**

વર્તમાન યુગના માનવીએ પોતાની આંતરિક સમસ્યાઓ સમજવાની જરૂર છે. શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખવા માટે યોગનું મહત્ત્વ સમજવું જરૂરી છે.

યોગ એટલે જોડાવું. આત્માને પરમાત્મા સાથે જોડવાની કલાને યોગ કહેવામાં આવે છે. આ રીતે યોગ મુક્તિનું સાધન છે. આ વાત સમજાવી લેખિકાએ કહ્યું છે કે જીવનને જીવવા માટે સહજ માર્ગ યોગ છે. યોગની વિભિન્ન શાખાઓ છે. યોગ માનવીના મન અને શરીર પર ઊંડો પ્રભાવ પાડે છે.

અજ્ઞાન, અપવિત્ર સંસ્કાર, પૂર્વના અશુભ કર્મો વગેરે માનવીને દુઃખમય બનાવે છે. યોગથી તનાવો દૂર કરી શકાય છે. મનને શાંતિ મળે છે અને મસ્તિષ્કને શક્તિશાળી બનાવે છે. અધ્યાત્મશાસ્ત્રીઓ માનસિક અસ્વસ્થતાનું કારણ રાગ–દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કષાય, આવેગ, ભય, કામ આદિને ગણાવે છે. મન માત્ર મસ્તિષ્કમાં જ રહેલું છે એમ નથી, પરંતુ પ્રાણીના સંપૂર્ણ શરીરમાં એ વ્યાપ્ત છે. આધુનિક શરીર વિજ્ઞાન અનુસાર જેટલા જીવકોષ છે તે બધાનું અલગ મન છે. મન સંપૂર્ણ શરીરમાં વ્યાપ્ત છે. પરંતુ, મનનું સર્વાધિક શક્તિશાળી કેન્દ્ર મસ્તિષ્કમાં છે. શરીર સ્થિત સંપૂર્ણ જીવકોષ આ મસ્તિષ્ક સ્થિત મનની આજ્ઞાનું પાલન કરે છે. મનુષ્ય માનસિક રીતે સ્વસ્થ રહે છે પણ મનની વ્યવસ્થામાં ગરબડ થાય ત્યારે અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે અને ઘણીવાર ચિંતાથી ઘેરાયેલા માનવીને સમય પહેલાં વૃદ્ધાવસ્થા ઘેરી વળે છે. નિરાશાને કારણે હોરમોન્સ ઓછા થતા જાય છે. પરિણામે અશક્તિ આવે છે. આવા માનવીઓ પ્રાણાયામ દ્વારા પ્રફુલ્લિત બની શકે છે. તનાવનું કારણ ભય અને અસુરક્ષાની ભાવના છે. તનાવ માત્ર વ્યાધિ નહિ પણ અનેક વ્યાધિઓની જનની છે. વર્તમાન યુગના માનવીએ આ બધામાંથી બચવાનો એક માત્ર ઉપાય 'યોગ' છે.

દીર્ઘ શ્વાસ લેવાથી માનવીની ઓડ્રીનલ ગ્રંથિ સક્રિય થઈ જાય છે અને અધિક હાર્મોન નીકળવાથી ભયની ભાવના દૂર થઈ જાય છે. તનાવમાંથી મુક્ત થવાનું બીજું સર્વશ્રેષ્ઠ સાધન **'સમતાયોગ'** છે. અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં સમ રહેવુંએ સમતાયોગ છે. શવાસન અને શિથિલાસન મુદ્રાથી તનાવ દૂર થાય છે. યોગીઓ આ ઉપચારો દ્વારા પોતાને તનાવમાંથી મુક્ત રાખે છે.

માનવી મન, વચન અને કાયાની શક્તિઓથી પરિચિત છે પણ સૌથી બળવાન શક્તિ પ્રાણની છે. સામાન્ય માનવો તથા યોગીઓ પ્રાણાયામની સાધનાથી ઓરેક્યૂલેટર ફોર્મેશનને સક્રિય કરી શકે છે. તેને લીધે તેનામાં અદ્ભુત શક્તિનો વિકાસ થાય છે. આ શક્તિઓ તેને શાંતિ, નિરોગીતા અને સ્વાસ્થ્ય પ્રદાન કરે છે.

યોગાભ્યાસ અને પ્રાણાયમ માટે આસનનું વિશેષ મહત્ત્વ છે. સ્વસ્તિકાય, વીરાસન, સિદ્ધાસન, પદ્માસન વગેરે આસનોનો ઉપયોગ કરી શકાય છે. પ્રાણાયામ, શ્વાસ સંબંધી વિજ્ઞાન છે. પ્રાણાયમથી ચિત્ત સ્થિર થઈ જાય છે અને મન પર વિજય પ્રાપ્ત થાય છે. તેથી અનેક રોગો દૂર કરી શકાય. યોગનિદ્રાનો અભ્યાસ કરવાથી પ્રત્યાહારની સ્થિતિ આવે છે. આ સ્થિતિમાં મસ્તિષ્કનો ઇન્દ્રિય સાથેનો સંબંધ વિચ્છિન્ન થઈ જાય છે અને તે ભાવાત્મક તનાવથી દૂર થઈ જાય છે.

વર્તમાન સમયમાં સેંકડો હજારો લોકો યોગની સાધના કરી રહ્યા છે અને બિમારીઓથી છૂટકારો પામી રહ્યા છે. યોગે માનવને એક નવું વિજ્ઞાન આપ્યું છે. જેનાથી તે પોતાના મનના રૂપાન્તરણનો અનુભવ કરી શકે છે. આમ માનવજીવનમાં યોગનું બહુ મોટું મહત્ત્વ છે.

(વધુ આવતા અંકે)


## દાતાઓને વિનંતિ

(૧) શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કોઈ પણ વિભાગ માટે ચેક 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ને નામે જ મોકલવા અને પત્રમાં ઇચ્છિત ખાતા-વિભાગનો ઉલ્લેખ કરવો. જેથી એ પ્રમાણે રસિદ મોકલી શકાય.

(૨) બહારગામના દાતાઓએ ડ્રાફ્ટ મોકલવા વિનંતિ. ચેક મોકલવા હોય તો રૂા. ૫૦/- ઉમેરવા. **–મેનેજર**

# જૈન પારિભાષિક શબ્દકોશ

**ડૉ. જિતેન્દ્ર બી. શાહ**

**(ગતાંકથી આગળ)**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૩૫ | અતિથિસંવિભાગ (વ્રત) | ન્યાયથી પ્રાપ્ત કરેલ અને નિર્દોષ ખાનપાનાદિ વસ્તુઓનું ઉભય પક્ષને લાભ થાય એવી રીતે શુદ્ધ ભક્તિભાવપૂર્વક સુપાત્રને દાન આપવું તે અતિથિસંવિભાગ વ્રત. | न्याय से प्राप्त कि हुई एवं निर्दोष खान-पान आदि वस्तुओं का उभयपक्ष को लाभ हो उस प्रकार के शुद्ध भक्तिपूर्वक सुपात्र को दान देना अतिथिसंविभाग व्रत है । | To donate with a feeling of pure devotion to a worthy recipient things of daily need like food-and drink etc. such as have been earned legitimately and are in a usable condition, a donation so made as to prove advantageous to both the parties concerned that is, atithisamvibhaga-vratha. |
| ૩૩૬ | અદત્તાદાન | જે વસ્તુ ઉપર કોઈ બીજાની માલિકી હોય, તે વસ્તુ ભલે તણખલા જેવી તદ્દન સામાન્ય હોય છતાં તેના માલિકની રજા સિવાય ચોરવાની બુદ્ધિથી લેવું તે ચોરી. | जिस वस्तु पर किसी अन्य की मालिकी हो, वह वस्तु भले ही तृण समान हो फिर भी उसके मालिक की स्वीकृति के बिना चौर्य बुद्धि से लेना। | To take what has not been given. |
| ૩૩૭ | અધિકરણ | આધાર, શસ્ત્ર, કર્મબંધનું સાધન, ઉપકરણ, તે અધિકરણ જીવ અને અજીવ રૂપ બે પ્રકારે છે. જીવરૂપ અધિકરણ ત્રણ પ્રકારનું છે (૧) સંરંભ, (૨) સમારંભ, (૩) આરંભ. | आधार, शस्त्र, कर्मबंधन का साधन उपकरण । वह अधिकरण जीव और अजीव दो प्रकार के हैं । जीवरूप अधिकरण के तीन प्रकार हैं-(1) संरंभ, (2) समारंभ (3) | Locus, means of karmic bondage |

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ,

આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, <u>આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી</u> જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

☐મેનેજર

| | | | |
|---|---|---|---|
| | યોગભેદથી ત્રણ પ્રકારનું છે (૧) કૃત, (૨) કારિત, (૩) અનુમત, કષાયભેદથી ચાર પ્રકારનું છે. અજીવ અધિકરણ નિવર્તના, નિક્ષેપ, સંયોગ અને નિસર્ગ રૂપે ચાર ભેદે છે. | आरंभ । योगभेद के तीन प्रकार हैं–(1) कृत, (2) कारित, (3) अनुमत । कषाय भेद के चार प्रकार हैं । अजीव अधिकरण, निवर्तना, निक्षेप, संयोग और निसर्ग रुप के चार प्रकार का है। | |
| ૩૩૮ અધોભાગ (લોક) | લોકનો નીચેનો ભાગ, મેરૂ પર્વતની સમતલ ભૂમિની નીચે નવસો યોજનના ઊંડાણ પછીનો ભાગ. જેનો આકાર ઊંધા કરેલા શરાવ-શકોરા જેવો છે, અર્થાત્ નીચે નીચે વિસ્તીર્ણ છે. | लोक का अधो भाग, मेरु पर्वत की समतल भूमि के नीचे नवसो योजन की गहराइ के बाद का भाग । जिसका आकार अधोमुख शराव जैसा है । अर्थात् अधो अधो विस्तीर्ण है । | The lower loka-portion. |
| ૩૩૯ અધ્રુવ | કદાચિત્‌ભાવી, ઈન્દ્રિય અને વિષયનો સંબંધ તથા મનોયોગ રૂપ સામગ્રી સમાન હોવા છતાં પણ એક મનુષ્ય એ વિષયને અવશ્ય જાણી લે છે જ્યારે બીજો કદાચિદ્ જાણે છે અને કદાચિત્ નહીં. | कादाचित्‌भावी, इन्द्रिय एवं विषयों का संबंध एवं मनोयोग स्वरुप सामग्री समान होने पर भी एक मनुष्य उस विषय को अवश्य जान लेता है जब कि अन्य मनुष्य कदाचित् जानता है और कदाचित् नहीं । | Happening Possibly. |

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(ક્રમશઃ)


પ્રતિશ્રી, તા.......................

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી,

એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪.

ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના **'પ્રબુદ્ધ જીવન'**ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

**'પ્રબુદ્ધ જીવન નીધિ'** કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. ...................................... નંબર ................................................... તારીખ ...........................

બેંક .......................................................શાખા .......................................ગામ ...................................નો સ્વીકારી

નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ. ચેક/ડ્રાફ્ટ **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામનો જ મોકલીએ છીએ.

નામ અને સરનામું : ..........................................................................................

..........................................................................................

..........................................................................................

લિ....................................

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

**(આગળના અંકથી આગળ)**

(૯)

સેવે સદ્‌ગુરુચરણને, ત્યાગી દઈ, નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯

संस्कृत य: श्रयेत् पादान् स्वाग्रहत्यागपूर्वकम् ।
प्राप्नुयात् परमं तत्त्वं जानीयाद् निजतां ध्रुवम् ।। 9 ।।

हिन्दी सेवा सद्‌गुरु चरन को, तजे स्व–आग्रह–पक्ष ।
पावे सो परमार्थ को, भजे स्व–पद को लक्ष ।। 9 ।।

अंग्रेजी Who serves true master's feet, obeys;
Leaving aside his whims and views;
He knows the truth, what Master says,
Ascertains his own self abstruse. 9

(૧૦)

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વવાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. ૧૦

संस्कृत आत्मज्ञानी समानेक्षी उदयाद् गतियोगवान् ।
अपूर्ववक्ता सद्‌ज्ञानी सद्‌गुरू एष उच्यते ।। 10 ।।

हिन्दी आत्मज्ञान समदर्शिता, विचरे उदय प्रयोग ।
अपूर्ववाणी परमश्रुत, सद्‌गुरु–लक्षण योग्य ।। 10 ।।

अंग्रेजी Self-knowledge, equal eye to lot,
Behaves as destined speech unique;
Authentic in all schools of thought,
True teacher's qualities mystic. 10

**(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત 'સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી)** **(વધુ આવતા અંકે)**

## પંથે પંથે પાથેય... શ્રીમંતાઈ અને સજ્જનતા... (અનુસંધાન પૃષ્ટ ૨૦ થી ચાલુ)

નાનો પૌત્ર એક તાર લઈને આવ્યો. દાદાશ્રીએ તાર વાંચ્યો, પુત્ર અને પૌત્રો સામે જોયું, બોલ્યા...'ભાગ્ય પાસે કોઈનું શું ચાલે ? હવે બધાં માણસોને અહીં મુંબઈ બોલાવી લ્યો અને એ બધાંને કાંદિવલીના આપણા મકાનોમાં રહેવાની સગવડ કરી આપો, અને મુંબઈની પેઢીમાં કામ આપી દયો...'

પુત્ર–પૌત્રે 'જી' કહ્યું અને અમારી ગીતા અભ્યાસની ચર્ચા આગળ વધારવા કહ્યું, પણ મારું મન બેચેની અનુભવે. મેં અચકાતા અચકાતા તારની વિગત પૂછી. ગીતાના સ્થિતપ્રજ્ઞ ભાવ જેવી સ્વસ્થતાથી એ ઋષિ શ્રીમંત બોલ્યા.

'ખાસ કાંઈ નથી. પોર્ટુગીઝની સરકારે આપણા કાજુના એસ્ટેટ માલ મિલકત સાથે લઈ લીધાં. ચાલ્યાં કરે, ઋણાનુબંધ પૂરા. અત્યાર સુધી કમાયા એ યાદ કરવાનું, ખોયું એને મનમાંથી ખોઈ દેવાનું !!'

એ કુટુંબની સ્વસ્થતા જોઈને ગીતાની ચર્ચામાં હું તો મન પરોવી ન શક્યો.

એક સવારે હૉસ્ટેલમાં આવીને મને કહે, 'અહીં કેટલાં વિદ્યાર્થીઓ હશે ? બધાં તો પામતા પોંચતા નહિ હોય...' મેં કહ્યું, 'હા, ઘણાં વિદ્યાર્થીઓ તો નોકરી અથવા ટ્યૂશન કરે છે, કૉલેજ, હૉસ્ટેલ અને જમવાનો ખર્ચ કાઢવા માટે.' તરત જ મને કહે, 'એ બધાંના નામો ભેગા કરી રાખજો. આજે સાંજે ફોર્મ લઈને ઉદેશી આવશે.' અને એ સાંજે જ ફોર્મ લઈને ઉદેશી આવ્યા. મેં થોડાં દિવસમાં નામો ભેગાં કરી લીધાં અને ફોર્મ ભરાવી લીધાં. ફોર્મમાં બીજી કોઈ વધુ વિગતની માંગણી નહિ. માત્ર નામ, વર્તમાન અભ્યાસ, અને વર્ષ દરમિયાન જરૂરિયાતની રકમ, કોઈની ભલામણનો અપમાનજનક આગ્રહ પણ નહિ. ડોનેશન અને સ્કોલરશીપ માટેના મેં એવાં કેટલાય ફોર્મ જોયાં છે જે ભરતાં ભરનાર અંતરથી વલોવાય જાય એવા પ્રશ્નો એમાં પૂછ્યા હોય. વળી એ સમાજની બે પ્રતિષ્ઠિત વ્યક્તિની ભલામણ લાવવાની એટલે જરૂરિયાતમંદે એવી વ્યક્તિનો ઉપકાર પણ લેવાનો. મને યાદ છે, સી.પી.ટેન્ક ઉપરની એક હૉસ્ટેલમાં હું હતો ત્યારે ત્યાંના એક વખતના ટ્રસ્ટીએ એક જરૂરિયાતમંદને 'આવું' ફોર્મ આપેલું, જે ઉપર આવીને એ વિદ્યાર્થીએ ફાડી નાખ્યું હતું, અને પછી ટ્યૂશનો કરી પોતાની જરૂરિયાતો પૂરી કરી હતી. આજે અમેરિકામાં એ મોટો ટેક્સ કન્સલ્ટન્ટ છે અને મહેલ જેવા મકાનમાં રહે છે. એ બે વર્ષે એક વખત ભારત આવી એના મિત્રને મોટી રકમ આપીને કહે છે, 'જેને જરૂર હોય એને લપસપ કર્યા વગર આપી દેજે.'

આઠેક દિવસ પછી ઉદેશી આવ્યા અને ભરાયેલાં એ બધાં ફોર્મ લઈ ગયા. લગભગ ત્રીસેક વિદ્યાર્થીઓના ફોર્મ હતા. અને રકમ પણ ખાસ્સી મોટી થતી હતી. બે દિવસ પછી મારા આશ્ચર્ય વચ્ચે ઉદેશી ચેકો લઈને આવ્યા.

હું તો વિચારમાં પડી ગયો, મને હતું કે બીજા દાતાઓની જેમ દાદા બધાંને પોતાને ત્યાં બોલાવશે. ઈન્ટરવ્યૂ લેશે, ઘણાં સવાલો પૂછશે, ઢગલાબંધ શિખામણો આપશે. વગેરે, વગેરે.

મેં તરત જ દાદાને ફોન જોડ્યો. હું આભાર માનું એ પહેલાં જ આવા કામની આંગળી ચિંધવા માટે મારો આભાર માની લીધો, મેં કહ્યું, 'પણ આપ આ બધાંને મળો તો ખરા એ બધાંની પાત્રતા આપ જુઓ' એ સૌજન્યશીલ શ્રીમંત વડિલે મને વળતો ઉત્તર આપ્યો.

'આ પૈસા આપણા ક્યાં છે? આપણે તો ટ્રસ્ટી છીએ. પાત્રતા નક્કી કરનાર આપણે કોણ? આપણે તો ઈશ્વરનું કામ કરનાર કાવડિયા છીએ. અને જેને આપીએ એ લેનારની સામે નજર ન કરવી, એ માનભંગ થાય, આપીને 'કાંઈ' લેવાનું ન હોય, અને 'આપણે' આપીએ છીએ એ ભ્રમ છે!'

❑ **ધનવંત શાહ**
એફ.૭૬ વિનસ, વરલી સી ફેસ, મુંબઈ–૧૮.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2006-08



# પંથે પંથે પાથેય...

## શ્રીમંતાઈ અને સજ્જનતા

ત્રીસ જાન્યુઆરી એટલે પૂ. ગાંધી નિર્વાણ દિન. ગાંધીજી જેવી ઉચ્ચ વ્યક્તિ માટે 'નિર્વાણ' શબ્દ જ પ્રયોજાય.

સોનગઢ આશ્રમમાં આ દિવસે કચ્છી સાહિત્યના મૂર્ધન્ય વિદ્વાન દુલેરાય કારાણી ઉપવાસ કરે. પૂ. કલ્યાણચંદ્રજી બાપા અને અમે બધાં જ આઝાદી પહેલાં પૂ. ગાંધીજી આશ્રમમાં પધાર્યા હતા એ સ્થાને સ્થાપિત થયેલી ભારત માતાની મૂર્તિ પાસે રેંટિયો કાંતિયે અને રાત્રે પ્રાર્થનામાં પૂ. કારાણી સાહેબ અમને સ્વરચિત 'ગાંધી બાવની' સંભળાવી ગાંધીજીના જીવનની અદ્‌ભૂત વાતો કરે. ત્યારથી મારા બાળ માનસમાં ગાંધીજી એક પ્રબુદ્ધ પુરુષ તરીકે બિરાજી ગયાં હતાં. આજે પણ ગાંધીજી માટે એ ભાવ અકબંધ રહ્યો છે.

તે દિવસથી ૩૦ જાન્યુ.ના ઉપવાસ કરવાનો અને ગાંધી સાહિત્ય વાંચવાનો નિયમ મેં પણ કર્યો. સોનગઢમાં તો ચાર-પાંચ વર્ષ એ નિયમ પાળી શકાયો પણ ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈ આવ્યો ત્યારે માત્ર બી.એ. સુધી એ નિયમ જાળવી શક્યો. પણ પછી એ પણ શક્ય ન બન્યું. પરંતુ ૩૦ જાન્યુઆરીના સાંજે મણિભવનની પ્રાર્થનામાં જવાનો નિયમ તો દાયકા સુધી જાળવી શક્યો.

ત્યારે ગાંધી સર્વત્ર દેખાતા. પણ હવે તો રૂપિયા પાંચસોની નોટ સિવાય ગાંધી ક્યાં છે? જેણે સંપત્તિ છોડી હતી એને જ સંપત્તિ ઉપર બેસાડી દીધાં!!! એક ચલચિત્રમાં દૃશ્ય જોયું હતું: એક વ્યસની દારૂની દુકાને જાય છે. દારૂની બોટલનો ભાવ પૂછે છે. દુકાનદાર ઘરાકને નજીક બોલાવી કાનમાં કહે છે: 'એક બોટલની કિંમત એક ગાંધી. બીલ નહિ મળે...!!'

એ સમયે હું પીએચ.ડી.નો અભ્યાસ કરતો હતો અને રહેવાનું ચર્ચગેટની યુનિવર્સિટી હૉસ્ટલમાં બી.રોડ ઉપર. ડૉ. ડી. ટી. લાકડાવાળા અમારા રેક્ટર હતા.

એક દિવસ ત્રીસમી જાન્યુઆરીની સાંજે મણિભવન પહોંચ્યો. પ્રાર્થના ખંડમાં હું બેઠો. પ્રાર્થના શરૂ થવાની થોડી જ મિનિટો બાકી હતી ત્યાં જ પૂરાં ખાદીના વસ્ત્રોમાં સજ્જ ત્રણ વ્યક્તિ મારી બાજુમાં બેસવા આવી. ઉંમર હશે ૭૫, ૪૫ અને ૨૦ની આસપાસ. ચહેરા અને આકૃતિ ઉપરથી દાદા, પુત્ર અને પૌત્ર એવું મારું અનુમાન થયું, જે સાચું હતું એ પછી એમની સાથેના પરિચયથી જાણ્યું. જે હારમાં હું બેઠો હતો ત્યાં ત્રીજી વ્યક્તિ માટે જગ્યા ન હતી. મેં થોડા પગ સંકોર્યા, મારી આગળની વ્યક્તિઓને પણ મેં વિનંતિ કરી અને અમે બધાં ગોઠવાઈ ગયાં. મારા આ વિનયનું વૃદ્ધ દાદાએ ધ્યાનથી નિરીક્ષણ કર્યું હશે.

લગભગ એકાદ કલાક પ્રાર્થના ચાલી. ત્રણે વ્યક્તિ પૂરી ધ્યાનસ્થ! મારું હૃદય એ કુટુંબ પ્રત્યે ઝૂકી ગયું.

પ્રાર્થના પૂરી થતાં મૌન સ્મિતથી અમે વિનયની આપ-લે કરી અને અમે છૂટાં પડ્યા. ત્યારે ગામદેવીથી ચર્ચગેટ જવા બેસ્ટની 'સી' રૂટની બસ હતી. હું બસની લાઈનમાં ઊભો રહ્યો અને થોડી વારે મારી પાસે એક ગાડી આવીને ઊભી રહી. ગાડીના ખુલ્લા કાચમાંથી એ વૃદ્ધ વડિલે મને પૂછ્યું, 'કઈ તરફ જવું છે?' મેં પૂછ્યું 'આપ કઈ તરફ જાવ છો?' કારણ કે અમારો રસ્તો એક ન હોય તો મારે એમને મૂંઝવણની પરિસ્થિતિમાં મૂકવા ન હતા. મારા મોંઢાના ભાવ એ અનુભવી કળી ગયા. તરત જ કહે, 'જે બસની લાઈનમાં તમે ઊભા છો એ તરફ જ અમે જઈએ છીએ. ફોર્ટ તરફ' અને તરત જ પાછળની સીટમાંથી એમનો પૌત્ર ઉતર્યો, મારા માટે દરવાજો ખોલ્યો અને એ બેઠક ઉપર મને બેસવા વિનંતિ કરી. અને પોતે ડ્રાઈવરની બાજુમાં ગોઠવાઈ ગયો. એ કુટુંબની આવી સંસ્કારિતા જોઈને હું તો દંગ જ થઈ ગયો! પંદરેક મિનિટના પ્રવાસ દરમિયાન એ કુટુંબે મારા વિશે મને ઘણું પૂછી લીધું. કચ્છ-માંડવીમાં એમના દાનના પ્રવાહથી એક હાઈસ્કૂલ ચાલતી હતી એટલે શિક્ષણ-સહ શિક્ષણ વિશે પણ ઘણી વાતો કરી. મારો મુકામ આવતા મને હૉસ્ટેલ પાસે ઉતારતા અમારી વચ્ચે ટૂંકો વાર્તાલાપ થયો. એમના પુત્રે વિનયથી પૂછ્યું. 'તમે સવારે ક્યારે ઊઠો છો?' મેં કહ્યું, 'લગભગ છ વાગે' 'પછી?' 'પછી નીચે પેપર વાંચવા, નાસ્તો કરવો, વગેરે' 'અમે લગભગ સવારે અહીં ફરવા આવીએ છીએ ત્યારે તમને મળવા આવીએ તો ચાલે? થોડો વિચાર વિનિમય થાય.' મને આશ્ચર્ય થયું. મેં કહ્યું, 'તમારી સાથે ચર્ચા કરવાનો તો મને આનંદ થાય. પણ આપ તકલીફ લ્યો એ મને શોભે નહિ. આપ જ્યારે કહો ત્યારે હું જ મળી જઈશ.' લક્ષ્મી અને સંસ્કારના તેજથી વિભૂષિત દાદા તરત જ બોલ્યા, 'ના-ના, તમારા અભ્યાસમાં અવરોધ થાય. અમારે તો આ તરફ આવવાનું થાય જ. હા અમારા ઘરે ક્યારેક નિરાંતે જમવા આવવાનું આમંત્રણ છે જ. લ્યો, આ સરનામું.' હું એમના ભાવ વિશે કોઈ ગેરસમજ ન કરું એટલે મને સરનામું અને આમંત્રણ આપી દીધું.

અમારો પરિચય વધતો ગયો. એ ભાટિયા કુટુંબ ગાંધીજીના વિચારોથી પૂરેપૂરું રંગાયેલું હતું. સ્વદેશી ચળવળ વખતે વિદેશી વસ્તુઓનો ત્યાગ એ સમગ્ર કુટુંબે કરેલો. શ્રીમંતાઈ, સંપ, સ્વસ્થતા, સંસ્કારિતા અને સજ્જનતાનો અદ્‌ભૂત સરવાળો એ કુટુંબમાં જોવા મળ્યો!

એક સાંજે મારે એમને ત્યાં જમવા જવાનું થયું. આવું આમંત્રણ હોય ત્યારે મને બે કલાક વહેલાં આવવા કહે. મારો અભ્યાસ અને સમય ન બગડે એટલે આવવા જવા ગાડી મોકલે. મને ખૂબ સંકોચ થાય તો એવો સંકોચ ન કરવા પ્રેમથી સમજાવે. એમના કુટુંબના લગભગ દશ-બાર સભ્યો સાથે અમે બેસીએ. જાત જાતની ગોષ્ટિ કરીએ. મને તો લાભ જ લાભ. મારા અંતરમાં એ કુટુંબના સંસ્કારનો ગુલદસ્તો ગોઠવાતો જાય. જેની સુગંધ આજે પણ હું અનુભવું છું. એક સાંજે અમે બધાં ગોષ્ટિમાં મગ્ન હતા ત્યાં એમનો

(વધુ માટે જુઓ પાનું ૧૯)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

✱✱✱ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✱✱✱

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂ. ૧૦/- તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૭ વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-

વિક્રમ સંવત : ૨૦૬૩ વીર સંવત : ૨૫૩૩ મહા વદી – તિથિ : ૧૪

## જિન-વચન

### અસત્ય પાપ છે

वितहं पि तहामुत्तिं जं गिरं भासए नरो ।
तम्हा सो पुट्ठो पावेणं किं पुण जो मुसं वए ।।

–दसवैकालिक–७-५

કોઈ માણસ અસત્ય ભાસે એવું વચન બોલે તો પણ તે પાપ ગણાય છે; તો પછી જે ખરેખર અસત્ય બોલે તેની તો વાત જ શી ?

जो पुरुष असत्यभासी वचन बोलता है वह भी पाप है; तो फिर जो साक्षात् असत्य वचन बोलता है उसका तो कहना ही क्या ?

It is sin to speak something which may appear like untruth. Then what to say about speaking obvious untruth ?

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી).

# આચમન

## ઉત્તમતાના આગ્રહી કવિવર ટાગોર

વ્યાસ-વાલ્મીકિ પછી ભારતના શ્રેષ્ઠ કવિઓમાં રાષ્ટ્રીય કવિ કાલિદાસની ગણના કરવી પડે. કાલિદાસ પછી એવા મોટા ગજાના (Major Poet) કવિ તે શ્રી રવીન્દ્રનાથ ટાગોર. ભાવનગરની દક્ષિણામૂર્તિ, ગાંધીજીની વિદ્યાપીઠ અને કવિવર ટાગોરની શાંતિ નિકેતનના એક તેજસ્વી વિદ્યાર્થી ને સુંદરમ્-ઉમાશંકરના સમકાલીન ગુજરાતી કવિ શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી ('કોડિયાં'ને 'પુનરપિ'ના કવિ) એ 'My India, My America' નામે સુંદર પુસ્તક લખ્યું છે, જેમાં એક એવો પ્રસંગ આવે છે, જેમાં ટાગોરનો ઉત્તમતા ને સંપૂર્ણતાનો (The Best & Perfect) આગ્રહ જોવામાં આવે છે.

'વસંતોત્સવ' (Spirit Festival) નિમિત્તે કવિનું કલકત્તામાં એક નાટક ભજવવાનું હતું. એમાં નૃત્ય આવતું હતું. નૃત્યના રીહર્સલને કવિ ખુરશીમાં બેસીને જોઈ રહ્યા હતા ને જરૂર જણાય ત્યાં માર્ગદર્શન આપતા હતા. નૃત્ય ને અભિનયે એમના માર્ગદર્શન અને ધોરણને અનુરૂપ ન જણાતાં તેઓ થોડાક અસ્વસ્થ થયા. સંગીતમાં પણ ક્યાંક ક્ષતિ જણાઈ એટલે એમની આરામ-ખુરશીમાંથી એકદમ ઊભા થઈ ગયા ને સ્ટેજ પર પહોંચી ગયા. તે વખતે તેમને સિત્તેર વર્ષ થયેલાં. સ્ટેજ ઉપર એમણે નાટકને અનુરૂપ ને એમને અભિપ્રેત નૃત્ય કરી પ્રત્યક્ષ પદાર્થપાઠ આપ્યો. એમની દીકરી મીરાંને લાગ્યું કે પિતાજી આ વયે આવો શ્રમ કરતાં થાકી જશે ને કદાચ પડી પણ જાય. એટલે કવિવર પિતાને અટકાવ્યા. નૃત્યના આત્માને કેમ જીવન્ત રાખી શકાય એ માટેની કવિની ચીવટ ને નિષ્ઠા દાદ માગી લે તેવાં છે.

☐ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | જ્યાં જ્યાં વસે ગુજરાતી ગૌરવવંત, 'વિશ્વકોશ' હોય ત્યાં ત્યાં સાદ્યંત | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | શબ્દ-રમત | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૭ |
| (૩) | નામ વગરની દુકાન | ડૉ. ગુલાબ દેઢિયા | ૧૦ |
| (૪) | **ગ્રામ સ્વરાજ સંઘ-નીલપર-કચ્છ : ચેક અર્પણ વિધિનો કાર્યક્રમ** | શ્રી મથુરાદાસ એમ. ટાંક | ૧૧ |
| (૫) | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : કાર્યવાહક સમિતી ૨૦૦૬-૨૦૦૭ | — | ૧૨ |
| (૬) | અઢારમો જૈન સાહિત્ય સમારોહ | ડૉ. કલાબેન શાહ | ૧૩ |
| (૭) | જૈન પારિભાષિક શબ્દો | ડૉ. જિતેન્દ્ર બી..શાહ | ૧૭ |
| (૮) | સર્જન સ્વાગત | ડૉ. કલાબેન શાહ | ૧૮ |
| (૯ | 'કલિયન સંગ કરતા રંગરેલિયાં !' | ડૉ. એમ. એમ. ભમગરા | ૨૦ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ** | **રૂા. ૧૨૫/-** | U.S. $ 9-00 |
| **૩ વર્ષનું લવાજમ** | **રૂા. ૩૫૦/-** | U.S. $ 26-00 |
| **૫ વર્ષનું લવાજમ** | **રૂા. ૫૫૦/-** | U.S. $ 40-00 |
| **આજીવન લવાજમ** | **રૂા. ૨૫૦૦/-** | U.S. $ 112-00 |
| **કન્યા કરિયાવર આજીવન લવાજમ** | **રૂા. ૨૦૦૦/-** | U.S. $ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના... ?

* ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
* આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

☐ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૨ ● તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૭ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## જ્યાં જ્યાં વસે ગુજરાતી ગૌરવવંત 'વિશ્વકોશ' હોય ત્યાં ત્યાં સાદ્યંત

કેટલીક પ્રવૃત્તિ અને યજ્ઞો એવા હોય છે કે જેના ઉપર વારે વારે વારી જવાનું મન થાય. અમદાવાદ સ્થિત જ્ઞાનોપાસક યજ્ઞ 'ગુજરાતી વિશ્વકોશ'ની પ્રવૃત્તિ એવો જ્ઞાન યોગ છે, એવી જ્ઞાન યાત્રા છે.

ગયા વર્ષે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને ૨૧મા ગ્રંથનું વિમોચન મુંબઈમાં કરવાનું આમંત્રણ આપ્યું. એ આમંત્રણ ટ્રસ્ટના મહાનુભાવ ટ્રસ્ટીઓએ સ્વીકાર્યું અને પરિણામે ૨૦૦૬ના ૨૯મી એપ્રિલે મુંબઈના પાટકર હૉલમાં ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે 'ગુજરાત વિશ્વકોશ' ટ્રસ્ટ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે ૨૧મા ગ્રંથનું વિમોચન થયું અને આ 'જગન્નાથના રથ'ને ગુજરાતની બહાર લઈ જવાનો શુભારંભ થયો. જિજ્ઞાસુ ગુજરાતીના ચિત્તને ચેતન યાત્રા કરાવતા આ ઋષિ કર્મના જ્ઞાન હિમાલયને જ્યાં જ્યાં ગુજરાતી વસે છે ત્યાં ત્યાં એની પાલખીને લઈ જવી એ સર્વ ગુજરાતીનો ગુજરાત ધર્મ છે.

અને આ અવાજનો પડઘો તરત જ ત્યારે ત્યાં એ દિવસે પડ્યો અને ૨૨મા ગ્રંથનું લોકાર્પણ કોલકત્તામાં થાય એવા નિમંત્રણ સાથે આ બાવીશમા ગ્રંથના પ્રકાશન માટે ધનરાશિ સ્વીકારવા ઉદ્યોગપતિ શ્રી સી. કે. મહેતાએ ટ્રસ્ટને વિનંતિ કરી અને આ ૨૨ મો ગ્રંથ પોતાના ગુરુવર્ય નમસ્કાર મહામંત્રના આરાધક પ. પૂ. પન્યાસ પ્રવર ભદ્રંકર વિજયજી ગણિવર્યને અર્પણ કરાય એવો ભાવ પ્રગટ કર્યો. અત્યાર સુધી પ. પૂ. મોટા, પ. પૂ. પ્રમુખ સ્વામી અને પ. પૂ. યોગેશ્વરજી જેવા સંતોને ગુજરાતી વિશ્વકોશના ગ્રંથો અર્પણ થયા છે. આ દૃષ્ટિએ એક જૈન મુનિ ભગવંતને આ બાવીસમો ગ્રંથ અર્પણ થાય છે એ જૈન સમાજ માટે એક અદ્વિતીય ઘટના છે. પરિણામે ૨૧ જાન્યુઆરી ૨૦૦૭ના શુભ દિવસે આ બાવીશમા ગ્રંથના વિમોચન સમારંભનું આયોજન કોલકત્તાની જૈન એકેડેમી અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે થયું.

૧૯ મીની રાત્રે અમદાવાદથી આ ગુજરાતી વિશ્વકોશના પ્રણેતા ઋષિતુલ્ય ડૉ. ધીરુભાઈ ઠાકર, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, કવિ ચંદ્રકાંત શેઠ, ડૉ. શિલીન શુકલ, ગુર્જર ગ્રંથ રત્નના શ્રી મનુભાઈ શાહ, ડૉ. પ્રીતિ શાહ. પ્રા. વી. પી. ત્રિવેદી, ડૉ. રક્ષાબહેન વ્યાસ, ડૉ. નલિનીબહેન દેસાઈ અને મર્મી હાસ્ય સમ્રાટ શ્રી શાહબુદ્દીન રાઠોડ તેમજ અન્ય ઉત્સાહી સહાયકો, લંડનથી શ્રી દિલીપભાઈ ઠાકર, દિલ્હીથી શ્રી નિતીનભાઈ શુકલ અને મુંબઈથી સમારંભના અધ્યક્ષ જ્ઞાનપૂજક ઉદ્યોગપતિ શ્રી સી. કે. મહેતા, એઓશ્રીના કલામર્મી પુત્રવધૂ ઇલાબહેન મહેતા, હીરાલક્ષ્મી ફાઉન્ડેશન દ્વારા સંચાલિત વિશ્વકોશ ટ્રસ્ટની 'ધન્ય ગુર્જરી' કેન્દ્રના મુખ્ય દાતા અને આ પ્રસંગે પ્રકાશિત થનારા 'ગુજરાત' ગ્રંથનાં વિમોચક ગુર્જર સાહિત્યપ્રેમી ઉદ્યોગપતિ શ્રી નવનીતભાઈ શાહ અને આ લખનાર એમ આ બધાનો કાફલો ગુર્જર ભાષાના આ ઐતિહાસિક ભવ્ય પ્રસંગ માટે કોલકત્તા પહોંચ્યો.

કોલકત્તાના ગુજરાતીજનોએ આ સર્વેનું જે ઉષ્મા અને જે ભાવ–ભવ્યતાથી સ્વાગત કર્યું, ગુજરાતના ઉમદા આતિથ્ય ભાવનો જે પરિચય કરાવ્યો એ માટે તો શબ્દો ઓછા પડે. એ વિગતમાં આગળ વધતા પહેલા, મુખ્ય સમારંભની વાત કરીએ.

૨૧ જાન્યુઆરીના સવારે દશ વાગે કોલકત્તાના કલામંદિરનું ભવ્ય સભાગૃહ ગુજરાતીઓથી છલકાયું. મુંબઈમાં પાટકર હૉલમાં સંખ્યા હતી એનાથી વધુ ગુજરાતી ભાષી અહીં ઊમળકાથી પધાર્યાં હતા. વક્તા, શ્રોતા અને આયોજકોનો ઉત્સાહ એક ઉત્સવ જેવો હતો.

કોલકાતાના આ કલામંદિરમાં ૨૧મી જાન્યુઆરીએ ગુજરાતી વિશ્વકોશનો ૨૨ મો ગ્રંથ તથા 'ગુજરાત' અને 'હસ્તપ્રતવિજ્ઞાન' પુસ્તકોના યોજાયેલા વિમોચન-સમારોહ પ્રસંગે પ્રસિદ્ધ બંગાળી વિવેચક પ્રો. સ્વપન મજુમદારે કહ્યું કે, 'રાષ્ટ્ર માટે ચાહના અને ભાષા માટે પ્રેમ ધરાવતો કોઈ પણ દેશ, પ્રજા કે જાતિ અચૂકપણે વિશ્વકોશ રચવા પ્રયાસ કરે છે. આથી વિશ્વકોશ એ માત્ર જ્ઞાનસંચય જ નથી પરંતુ માનવીય સર્જનાત્મકતાનો આવિષ્કાર છે. આના પાયામાં માનવી-ચેતના માટેનો પ્રેમ રહેલો છે. ધરતીથી રાષ્ટ્ર બનતું નથી, પરંતુ પ્રજાના પુરુષાર્થ અને પ્રેમથી રાષ્ટ્ર સર્જાય છે.

પ્રજાનો સાત્ત્વિક મિજાજ અને ભાષાપ્રેમ રાષ્ટ્રને સર્જે છે. વિશ્વકોશ એ આવા રાષ્ટ્રસર્જનનું જ એક અંગ છે. વિશ્વકોશને હું ઇન્ફર્મેશન ટેકનોલૉજિસ્ટની દૃષ્ટિએ જોતો નથી. પરંતુ ભાષા અને સંસ્કૃતિની અસ્મિતાના આવિષ્કારરૂપ જોઉં છું. મારે મન વિશ્વકોશ કેવળ જ્ઞાનપ્રસારનું અભિયાન નથી, પરંતુ એક 'ઈમોશનલ મૂવમેન્ટ' છે. સામૂહિક સંગઠન અને સહકાર સાધવાની પ્રવૃત્તિ છે જે પોતે જ એક પ્રકારનું પ્રશસ્ય શિક્ષણકાર્ય છે.

ભારતની અન્ય ભાષાઓમાં થયેલા વિશ્વકોશ રચનાના મોટા ભાગના પ્રયત્નો એકલવીર પુરુષાર્થનું ફળ છે જેનું જ્વલંત ઉદાહરણ વિનોદ કાનૂનગો અને બંગાળના નગેન્દ્રનાથ બસુ તથા તેમના પુરોગામીઓ છે. ગમે તેટલી વ્યક્તિગત વિદ્વત્તા વિશ્વ-કોશની જરૂરિયાતને ભાગ્યે જ ન્યાય કરી શકે. ગુજરાતી વિશ્વકોશના મુખ્ય સંપાદકની વિદ્વત્તા કેટલી છે તે હું જાણતો નથી. પણ હું જોઈ શકું છું કે એમણે સમાજના વિવિધ ક્ષેત્રમાં કાર્ય કરતા નિષ્ણાતો ડૉક્ટર, ઉદ્યોગપતિ, વેપારી, તત્ત્વજ્ઞ-એમ અનેક નિષ્ણાતોનો સહયોગ મેળવ્યો છે. હું માનું છું કે આ વિદ્યાકીય સહકારનું અદ્વિતીય દૃષ્ટાંત છે કેમ કે વિશ્વકોશ એ સર્વ વિદ્યાશાખાના જ્ઞાનની અપેક્ષા રાખે છે. મને કહેવામાં આવ્યું કે આ વિદ્યાકાર્યનું વહન મોટે ભાગે નિવૃત્ત વિદ્વાનોએ કરેલું છે- આનાથી સારું વાનપ્રસ્થ્ય બીજું ક્યું હોઈ શકે ? વૃદ્ધજનોના જ્ઞાન અને પ્રેમનો સમન્વય આ વિશ્વકોશમાં થયેલો છે એમ હું કહું છું. આ પ્રકારનો જ્ઞાનસંચય, તેને માટેની લગન વગર થઈ શકે નહિ.

આ વિદ્યાકીય સાહસની બીજી વિશિષ્ટતા એ છે કે સાહિત્ય, વિજ્ઞાન, ટેકનોલોજી અને બીજા અનેક વિષયોની ગુજરાતી પરિભાષા તેના લેખકો અને સંપાદકોએ ઊભી કરી છે. અનેક અજાણી સંકલ્પનાઓ અને વિચારોને તળપદી પરિભાષા રૂપે મૂકવામાં આવ્યાં છે. ભાષાને સમૃદ્ધ કરવાનો આ એક બહુ જ અગત્યનો તરીકો છે. પ્રત્યેક વિષયની પરિભાષા અલગ ઉપલબ્ધ થાય તે જરૂરનું છે. વર્તમાન સમયમાં ભારતમાં કોઈ ભાષામાં અદ્યતન ઓપ ધરાવતો જીવંત વિશ્વકોશ ઉપલબ્ધ હોય તો તે આ ગુજરાતી વિશ્વકોશ છે. જીવંત એટલે વિશ્વકોશમાં સંગ્રહાયેલી માહિતીમાં સતત સુધારાવધારા કરતા રહીને તેને અદ્યતન સ્વરૂપે ઉપલબ્ધ કરવાનો પ્રયત્ન આ વિશ્વકોશના સંયોજકો કરી રહ્યા છે તે મુજબ પ્રસ્તુત શ્રેણીના પહેલા ચાર ગ્રંથોની માહિતીનું સંશોધન-સંવર્ધન કરીને દરેકનું નવું સંસ્કરણ પ્રગટ કરેલ છે. બંગાળી વિશ્વકોશ માંડ માંડ પાંચ ગ્રંથો સુધી જ સિમિત રહ્યો છે, અને ભારતભરમાં જીવંત વિશ્વકોશ એક માત્ર ગુજરાતી વિશ્વકોશ જ છે.'

માનદ્ સંપાદક શ્રી ધીરુભાઈ ઠાકરે કહ્યું કે, 'વિશ્વકોશની રચના આધુનિક યુગમાં સામૂહિક પુરુષાર્થનું ફળ ગણાય છે. વ્યક્તિનો પ્રયત્ન મટીને તે હવે વિવિધ પ્રકારની ક્ષમતા ધરાવતી અનેક વ્યક્તિઓનું સંયુક્ત સાહસ બન્યું છે. વિશાળ ફલક પર તમામ વિષયોનો સમાવેશ કરતા જ્ઞાનરાશિનું સ્પષ્ટ ને વ્યવસ્થિત નિરૂપણ થઈ શકે તે રીતે તેની સંરચનાનું આયોજન થાય છે. સમગ્ર જ્ઞાનરાશિને વિનયન, વિજ્ઞાન (શુદ્ધ અને પ્રયુક્ત), વાણિજ્ય અને ઉદ્યોગ, સમાજવિદ્યાઓ એમ અનેક વિદ્યાશાખાઓમાં વિભાજિત કરી પ્રત્યેક વિભાગના વિષયોની યાદી વિષયનિષ્ણાંતો તૈયાર કરે છે અને વિષયના ઘટકોના અધિકરણો અને તેના લેખકોની પસંદગી પણ નિષ્ણાતો કરે છે. લખાણમાં પ્રમાણ અને એકવાક્યતા (uniformity) જળવાય તે રીતે બનાવેલ ફોર્મેટ એટલે કે માળખું દરેક લેખકને અપાય છે. લખાઈને આવ્યા પછી લખાણને વિષય અને ભાષાના નિષ્ણાત દ્વારા તપાસાઈ-સુધરાઈને સંપાદિત થયા બાદ છાપવા માટે મોકલાય છે. તેમાં જરૂર પ્રમાણે ચિત્રો, ચિત્રાંકનો, આકૃતિઓ ઉમેરાય છે.

આ ઉપરથી વિશ્વકોષરચનાનું કામ કેટલું ગંજાવર, અટપટું, ચોકસાઈ અને ચીવટ માગી લે તેવું છે તેનો ખ્યાલ આવશે. ગુજરાતી વિશ્વકોશની વાત કરીએ તો તેના કાર્યાલયમાં રોજિંદી કામગીરી માટે પચાસ કાર્યકરો કામ કરે છે. તેમાં અર્ધી સંખ્યા વિદ્વાનોની છે અને અર્ધી સહાયકોની. તે ઉપરાંત ૨૦૦થી વધુ બહારના નિષ્ણાતોનો સહકાર સાંપડ્યો છે. તેમાં નિવૃત્ત પ્રાધ્યાપકો, આચાર્યો અને વિદ્વાનો ઉપરાંત દાક્તરી અને ઇજનેરી વિદ્યાના નિષ્ણાતો તેમજ કુલપતિઓ અને ન્યાયમૂર્તિઓનો સમાવેશ થાય છે. બધી નદીઓનો પ્રવાહ જેમ છેવટે સાગરમાં ભળી જાય છે તેમ આ વિદ્વાનોના જ્ઞાનનો પ્રવાહ વિશ્વકોશમાં ભળી જાય છે. ગુજરાતી વિશ્વકોશ તેને કારણે ઉચ્ચ ગુણવત્તા પામી શકેલ છે. ગુજરાતમાં સર્વસંગ્રાહક સ્વરૂપનો આ પહેલો જ વિશ્વકોશ છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ એક જ પ્રકલ્પ (project)ને કેન્દ્રમાં રાખીને તેના સર્વાંગીણ વિકાસને વરેલી ગુજરાતમાં એક અને અનન્ય સંસ્થા છે. છેલ્લાં ૨૧ વર્ષથી આ જ્ઞાનયજ્ઞ ચાલે છે. તેની પૂર્ણાહુતિ નજીક આવેલ છે તેમ અમને એક પ્રકારનો આત્મસંતોષ અનુભવાય છે.

જીવનનું ધ્યેય નક્કી કરવું અને એ લક્ષ્યને માટે સમર્પણભાવ

કેળવવો એ બહુ મોટી વાત છે. જીવનની.સાર્થકતા એમાં રહેલી છે. આજના માહિતી યુગમાં વિશ્વકોશની ઉપયોગિતા સ્વયંસ્પષ્ટ છે. દુનિયા ખિસ્સામાં રહે તેટલી નાની થઈ ગઈ છે. વિવિધ દેશો અને સંસ્કૃતિઓની પ્રજાના વાળની લટો એકબીજીમાં ગૂંથાતી જાય છે. માહિતી પર જીવતા આજના માનવી માટે વિશ્વકોશ અનિવાર્ય સાધન છે. રોજિંદા જીવનના માર્ગદર્શન ઉપરાંત પ્રજાના માનસનું ઘડતર આ પ્રકારનાં જ્ઞાનસાધનોથી થાય છે તેનું જ્વલંત ઉદાહરણ ૧૮મી સદીમાં ફ્રેન્ચ એન્સાઇક્લોપીડિયાએ પૂરું પાડ્યું છે.

એ રીતે વિશ્વકોશ ક્રાન્તિનું વાહન બનવાની ક્ષમતા ધરાવે છે. ક્રાન્તિનું મૂળ વિચાર છે. વિચારનું મૂળ જ્ઞાન છે. જ્ઞાનનું મૂળ માહિતી છે અને વિશ્વકોશ તો શુદ્ધ અને સંગીન માહિતીનો ભંડાર છે. સમાજને વિચારનું બળ પૂરું પાડનાર વિશ્વકોશ છે. જેને પિતા ન હોય તો વિશ્વકોશ તેનો પિતા છે.'

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ડૉ. કુમારપાળ દેસાઈએ ગુજરાતી વિશ્વકોશને ગુજરાતી ભાષાની વિદ્વત્તાનો ચમત્કાર ગણાવતાં જણાવ્યું કે 'આ એક એવો જ્ઞાનયજ્ઞ છે કે જેમાં સહુ કોઈ પોતાનો અર્ધ્ય અને આહુતિ હોમે છે. ગુજરાતના વિપુલ જ્ઞાનધનનો વિશ્વકોશની રચના દ્વારા સહુને પરિચય પ્રાપ્ત થયો છે.

પ્રજાની પ્રગતિ અને સમૃદ્ધિનું માપ એની જ્ઞાનસહજતાથી અને જ્ઞાનસાધનોની વિપુલતાથી મળે છે અને જ્ઞાનવિજ્ઞાનની શાખાઓની તમામ સંપત્તિઓ એક જગાએ ઉપલબ્ધ થતી હોય તો તે વિશ્વકોશમાં. વિશ્વકોશ એટલે સર્વવિદ્યાનો કોશ. ગુજરાતી વિશ્વકોશ અમદાવાદ, મુંબઈ થઈને કોલકાતા પહોંચ્યો છે અને હવે પૂણે અને અન્ય શહેરોમાં તેમજ વિદેશમાં પણ તેનું આયોજન થશે. જેથી વિશ્વના ગુજરાતીઓ સુધી ગૂર્જરસમૃદ્ધિ ધરાવતો વિશ્વકોશ પહોંચી શકે.'

વરિષ્ઠ કવિશ્રી ચંદ્રકાન્ત શેઠે કહ્યું કે '૨૨મા ગ્રંથમાં ૬૭૦ જેટલાં લખાણો મળે છે અને ગુજરાતી વિશ્વકોશ એ ગુજરાતની મહત્ત્વની સાંસ્કૃતિક ઘટના છે. વ્યક્તિના જીવનમાં આત્મદર્શન અને વિશ્વદર્શન બે મહત્ત્વની ઘટના છે. આત્મદર્શન માટે ઘણું કરવું પડે તે જ રીતે વિશ્વદર્શન માટે પણ. આત્મદર્શન માટે પૂજાની ઓરડી હોવી જોઈએ તેમ વિશ્વકોશ પણ ઘરમાં હોવો જોઈએ. બાવીસમા ગ્રંથમાં ૧૭૯ લેખકો દ્વારા લખાયેલા ૬૭૦ અધિકરણો એમાં ૨૨૫ માનવવિજ્ઞાનનાં, ૨૪૩ વિજ્ઞાનનાં, ૨૫૨ સમાજવિદ્યાનાં મળે છે. સાગ, સફરજન કે સરદાર સરોવર યોજના વિશે પણ સિલસિલાબંધ માહિતી મળે. ગુજરાતી વિશ્વકોશ આપણા બધાનો છે. ગુજરાતી વિશ્વકોશ એ ગુજરાતની બહુ મોટી ઘટના છે અને એમાં કોલકાતા જોડાયું તે વિશિષ્ટ ઘટના છે. હવે વિશ્વકોશનો વિદ્યાના વિતરણમાં વધુ ને વધુ ઉપયોગ થાય તે જોવાની જરૂર છે.'

વિશ્વકોશની ઉપયોગિતા વિશે ડૉ. શિલીન શુકલે કહ્યું કે, 'તમામ સ્તર, વ્યવસાય અને કાર્યો કરતી વ્યક્તિઓને વિશ્વકોશ ઉપયોગી બને છે. આંતરવિદ્યાકીય અભિગમ માટે પણ વિશ્વકોશ જરૂરી છે અને એના દ્વારા માહિતી, ભાષાની સમૃદ્ધિ અને પરિભાષા વિકાસ સાધે છે.

આંતરવિદ્યાકીય અભિગમ માટે પણ વિશ્વકોશ એક મહત્ત્વની બાબત છે. વિશ્વકોશ વ્યક્તિની જાણકારી, ભાષાની સમૃદ્ધિ અને પરિભાષાને વિકસાવે છે. પરિભાષાને લીધે સંસ્કૃતમાં અનેક શબ્દોની સાથે તે સંબંધ જોડી આપે છે. સંસ્કૃતને ફરીથી લોક-સમાજમાં સજીવન કરવાની પ્રક્રિયા વિશ્વકોશ દ્વારા આડકતરી રીતે થઈ રહી છે. વિશ્વકોશ ભાષાનું ગૌરવ વધારે છે.

વિશ્વકોશ આમ જોવા જઈએ તો અનેક ઈશ્વરના નામોનો, એના ભાવોનો, એના જ ગુણોનો, એની ક્રિયાઓનો જ સમૂહ છે. વિશ્વકોશ એ મારે મન તો ઈશ્વરનું એક અલગ પ્રકારનું પૂજન છે.'

ધન્ય ગુર્જરી કેન્દ્રના અન્વયે ૫૦૦ પાનાંના ગુજરાત વિશેની પ્રમાણભૂત માહિતી આપતા અનેક લેખકો દ્વારા લખાયેલા સ્રોતગ્રંથ 'ગુજરાત'નું આશાપુરા માઈનકેમના ચેરમેન શ્રી નવનીતભાઈ શાહે વિમોચન કરતાં જણાવ્યું કે, 'જે વાંચે છે, લખે છે, જુએ છે, પૂછ્યા કરે છે અને પંડિતો પાસે રહે છે તેની બુદ્ધિ સૂર્યનાં કિરણોથી વિકસિત થતાં કમળની જેમ વધે છે. પંડિતોની ઉપાસના કરીને આ ગ્રંથપ્રકાશન થયું છે. આ ગ્રંથ ગુજરાતની અસ્મિતાના સંવર્ધન અને સંરક્ષણનો છે. આજે ૨૧મી સદીમાં ભારતમાં જ્યારે અર્થવ્યવસ્થા ઝડપથી વિકસી રહી છે ત્યારે શિક્ષણને સર્વોપરી નહિ બનાવીએ અને આંતરિક અને બાહ્ય બંને શિક્ષણ પર ભાર નહિ આપીએ તો તે અપૂરતું ગણાશે. એ રીતે 'ગુજરાત' ગ્રંથની ઉપયોગિતા અનેકગણી વધી જશે.'

'હસ્તપ્રતવિજ્ઞાન' પુસ્તકનું શ્રી ચંપકભાઈ દોશીએ વિમોચન કર્યું અને આ લખનારે એનો પરિચય આપતાં કહ્યું કે, 'આ એક બહુ જ ઓછું ખેડાયેલું શાસ્ત્ર છે ત્યારે વિશ્વકોશે આ એક ઉત્તમ કામ કર્યું છે. પૂર્વસૂરિઓએ લખેલી વીસ લાખ હસ્તપ્રતો વણખેડાયેલી ભંડારોમાં પડેલી છે. ત્યારે તેને ઉકેલવામાં આ પુસ્તક મહત્ત્વનું કામ કરશે. બ્રાહ્મી લિપિ અને શૂન્ય એ ભારતે વિશ્વને આપેલી બૌદ્ધિક દેણ છે. '

સમારંભના અધ્યક્ષશ્રી સી. કે. મહેતાએ વિશ્વકોશના આ ગ્રંથોમાંથી જરૂરી ભાગોનું અંગ્રેજી અને ભવિષ્યમાં બંગાળીમાં પણ અનુવાદ થાય તેવી ભાવના વ્યક્ત કરી. એઓશ્રીએ વધુમાં ભાવવાહી સ્વરે કહ્યું કે, 'બે સાહિત્યકારો વચ્ચે આપે મારા જેવા અભણને બેસાડ્યો છે. મારા ગુરુએ કહ્યું હતું કે તું જ્ઞાનીની સેવા કરીશ તો આવતે જન્મે તને ચોક્કસ જ્ઞાન મળશે.'

સમારંભના પ્રારંભે જૈન એકેડેમી કલકત્તાના શ્રી હર્ષદ દોશીએ સ્વાગત પ્રવચનમાં વિશ્વકોશ-પ્રોજેક્ટને ગુજરાતી ભાષાને ખરા

અર્થમાં વિશ્વની અન્ય ભાષા જેવી સબળ અને સમૃદ્ધ બનાવવા માટેના મહાયજ્ઞ જેવો ગણાવ્યો હતો. શ્રી મંગળભાઈ સંઘવી, શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી તથા ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના શ્રી મનુભાઈ શાહને ગ્રંથ અર્પણ કરવામાં આવ્યા. સમાપન શ્રી નીતિનભાઈ શુક્લે તથા સંચાલન ડૉ. પ્રીતિ શાહે કર્યું હતું.

આ પ્રસંગને અંતે શ્રી શાહબુદ્દીન રાઠોડે વાતાવરણને હાસ્યસભર બનાવી દીધું હતું. કોલકાતાની સંસ્કારપ્રેમી પ્રજા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. એટલું જ નહિ, પણ કોલકાતાની જૈન ઍકેડેમી, એસ.વી. સોશ્યલ વેલફેર ફાઉન્ડેશન અને શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી સમાજ, કામાણી જૈન ભવન, ગુજરાત કલબ, ગુજરાતી સાહિત્ય મંડળ, ગુજરાતી સમાજ, શ્રી ભવાનીપુર ગુજરાતી સ્ત્રી મંડળ, ફ્રેન્ડ્સ સ્પોર્ટિંગ કલબ જેવી અનેક સંસ્થાઓએ પધારેલા સર્વ વિદ્વાનોનાં વક્તવ્યનું અને સન્માનનું આયોજન કર્યું હતું અને આ રીતે કોલકાતામાં વિશ્વકોશના ૨૨મા ગ્રંથના વિમોચન પ્રસંગે ગુજરાતી ભાષા, સાહિત્ય અને અસ્મિતાનું ઉત્સાહપ્રેરક વાતાવરણ સર્જાયું હતું.

જૈન ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય સંશોધન, શિબિરો અને પ્રવચનોનું ઉમદા કાર્ય કરતી ૧૯૯૯માં સ્થપાયેલી કોલકાતાની જૈન એકેડેમીના સૂત્રધારોનું શિસ્તબદ્ધ આયોજન માત્ર પ્રસંશનીય જ નહિ અન્ય માટે દાખલારૂપ પણ હતું. શ્રી ચંપકભાઈ દોશી, શ્રી હર્ષદભાઈ દોશી, શ્રી બુલબુલભાઈ શાહ, શ્રી હરખ શાહ, શ્રી એન. ડી. મહેતા, શ્રી હરેશભાઈ વખારિયા, શ્રી ત્રિપૂલભાઈ શાહ, શ્રી કમલેશભાઈ મહેતા, શ્રી અશ્વિન દેસાઈ, શ્રી પ્રફુલ્લ કોઠારી, શ્રી શરદ ખારા, શ્રી મનોજભાઈ ટોળિયા, શ્રી દિલીપભાઈ ગણાત્રા, શ્રી શ્યામભાઈ આશર, શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી અને બહેનશ્રી ઇન્દુબહેન દોશી, કેટકેટલાંને યાદ કરું? માત્ર બે દિવસમાં આ સર્વે એટલા બધાં આત્મિય થઈ ગયા કે જાણે ચિરપરિચિત હોઇએ. આ સર્વેને એમની ગુજરાત અને ગુજરાતી ભાષા પ્રીતિને અમે સર્વે વંદન કરીએ છીએ.

ગુજરાતી વિશ્વકોશના જગન્નાથના રથને જોડનારા મહામાનવો પૂ. મોટા અને શ્રી સકળચંદભાઈ પટેલનો આત્મા સંતુષ્ટ થઈ ઋષિતુલ્ય ડૉ. ધીરુભાઈ ઠાકર અને વિશ્વકોશના પૃષ્ટોની ભક્તિ અર્ચના કરનાર સર્વ વિદ્વાન મહાનુભાવો અને કાર્યકર્તાઓ ઉપર તેમજ જેમણે જેમણે આ યજ્ઞકાર્યને સ્પર્શ કર્યો છે એ સર્વે ઉપર એ મહાનુભાવોના આશીર્વાદ વરસતા હશે.

૧૯૮૯માં ગુજરાતી વિશ્વકોશનો પહેલો ગ્રંથ પ્રગટ થયો.

ગુજરાતી પ્રજાએ આ વિશ્વકોશને મસ્તકે, હૈયે અને આત્મા ઉપર બિરાજાવ્યો છે એટલે તો અમદાવાદમાં તીર્થ જેવું ભવ્ય વિશ્વકોશના સંકુલનું નિર્માણ થયું અને જગન્નાથનો રથ જોડાયો અને ચાલ્યો દોડ્યો અને બાવીસ ગ્રંથોનું પ્રકાશન થયું. હવે એ ઉડશે..

હવે પચીસમાં ગ્રંથનું વિમોચન સન ૨૦૧૦માં ન્યૂયોર્ક કે લંડનમાં થાય. એક હજાર વર્ષ પહેલાં આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યના ગ્રંથ 'સિદ્ધહેમ'ને જેમ ઐરાવત પર બિરાજાવ્યો હતો, એમ આ બેમાંથી કોઈ પણ શહેરના માર્ગ પર ઐરાવત ઉપર એ પચ્ચીસમો ગ્રંથ બિરાજમાન થાય. ઐરાવત ઉપલબ્ધ ન હોય તો પાલખીમાં સોનાના આસન ઉપર એ ગ્રંથ બિરાજમાન હોય, ભિન્ન ભિન્ન ક્ષેત્રના ચાર મહાનુભાવો એ પાલખીને પોતાના ખભે ગતિ કરાવતા હોય, ચામર ઢળાતી હોય, ગુર્જર ગીતો ગવાતા હોય અને જગત જૂએ અને પોકારે કે હેમચંદ્રાચાર્ય, પ્રેમાનંદ, નરસિંહની ગુજરાતી ભાષા અમૃત જેવી છે, અ-મૃત છે. સાકાર થાય એવું આ સ્વપ્ન છે. કારણ કે ગુજરાત બહાર વસતો પ્રત્યેક ગુજરાતી મહાસમર્થ છે. શ્રદ્ધા છે કે પરદેશના કેટલાંય ગુજરાતીની પાંપણો ઉપર આ સ્વપ્ન બિરાજી ગયું હશે. એ સર્વે શ્રમથી શ્રીના સર્જકો છે અને અંતરથી શારદાના ભક્તો છે. ધનતેરશે એ ધનપૂજા કરે છે તો જ્ઞાનપંચમીને દિવસે ભાવપૂર્વક પુસ્તકને મસ્તકે સ્પર્શાવી મા શારદાની પૂજા પણ કરે છે.

આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીએ યથાર્થ કહ્યું છે :

જે જન્મતાં જ આશિષ હેમચંદ્રના
પામી, વિતરાગી જિન સાધુઓએ
જેનાં હિંચોળ્યાં મમતાથી પારણાં
રસપ્રભા ભાષણથી લહી જે
નાચી અભંગ નરસિંહ-મીરાં
અખા તણા નાદ ચઢી ઉમંગે
આયુષ્મતિ લાડલી પ્રેમ ભટ્ટની
દ્રઢાયુ ગોવર્ધનથી બની જે
અર્ચેલ કાંતે દલપત્તપુત્રે
એ ગુર્જરી ધન્ય બની ઋતુંભરા
ગાંધી મુખે વિશ્વમાંગલ્ય યાત્રી.

☐ ધનવંત તિ. શાહ

## સંઘનાં પ્રકાશનો

**સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :**

| | | | |
|---|---|---|---|
| (૧) | પાસપોર્ટની પાંખે-૩ | રમણલાલ ચી. શાહ | રૂા. ૨૦૦-૦૦ |
| (૨) | ગૂર્જર ફાગુસાહિત્ય | ,, | રૂા. ૧૦૦-૦૦ |
| (૩) | વીરપ્રભુનાં વચનો | ,, | રૂા. ૧૦૦-૦૦ |
| (૪) | સાંપ્રત સહચિંતન ભાગ-૧૫ | ,, | રૂા. ૮૦-૦૦ |
| (૫) | જિન તત્વ ભાગ-૮ | ,, | રૂા. ૫૦-૦૦ |
| (૬) | આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ | રૂા. ૧૦૦-૦૦ |
| (૭) | જૈન ધર્મનાં પુષ્પગુચ્છ | ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયા અને ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૧૦૦-૦૦ |
| (૮) | સંસ્કૃત નાટકોની કથા ભાગ ૧ | પ્રો. તારાબહેન ર. શાહ | રૂા. ૧૦૦-૦૦ |
| (૯) | ડૉ. રમણલાલ ચી. શાહ સાહિત્ય સૌરભ-ગ્રંથ ૧ થી ૭ | | રૂા. ૧૮૫૦-૦૦ |

# શબ્દ–રમત

☐ ડૉ. રણજિત એમ. પટેલ 'અનામી'

કબીરના ભજનમાં એક પંક્તિ આ પ્રમાણે છેઃ-

'કુછ લેના ન દેના, મગન રહેના.' ભાવાર્થ એવો છે કે જીવન–વ્યવહાર એવો રાખવો કે આગળ ઉલાળ નહીં ને પાછળ ધરાર નહીં, પણ આ પંક્તિમાં 'ન' એ દેહલી–દીપક જેવો છે. 'કુછ લેના' સાથે 'ન' રાખીએ તો અર્થ થાય કૈંક લેવું ખરું પણ પાછું આપવું નહીં ને બસ ખુશ રહેવું.

આવી જ શબ્દ–રમત, અલ્પ વિરામ ક્યાં મૂકાય છે તત્સંબંધે છે. પંજાબી જોષીઓ, ગામડાગામની અભણ સગર્ભા સ્ત્રીઓ, 'મહારાજ! મારે પૂતર' આવશે કે 'ધી' એવી પૃચ્છા કરે ત્યારે કહેઃ–

'પૂત ન ધી'...પૂત એટલે પુત્ર અને ધી એટલે પુત્રી. અહીં પણ કબીરના ભજનના 'ન' ની જ કમાલ છે. છોકરો આવે તો અલ્પ વિરામ 'પૂત' પછી મૂકવાનું ને પુત્રી આવે તો 'ન' પછી અલ્પ વિરામ મૂકવાનું. નાનકડો 'ન' ખાસ્સું લિંગ પરિવર્તન કરી દેવા સમર્થ છે.

આપણા આદિ–કવિ નરસિંહ મહેતાનું એક વર્ષા ગીત છેઃ

'વા વાયા ને વાદળ ઊમટ્યાં :
ગોકુળમાં ટહૂક્યા મોર મળવા
આવો સુંદરવર શામળિયા !'

ચરોતરનો એક યુવક, જેના મનમાં નહીં પણ જીભે 'ર' 'ળ'નો ભેદ વરતાતો નહોતો તે આગળ ગાતાં કહે છેઃ 'તમે મરવા ન આવો શા માટે ?

એક ટીખળી શ્રોતાએ કહ્યુંઃ–

'ભાઈ ! અમારે હજી જીવવું છે એ માટે.'

નામ આપતો નથી પણ ચરોતરના બે પ્રતિષ્ઠિત સજ્જનો મને કહેઃ 'અનામી ! આપણે હવે ક્યારે મરીશું ? મનમાં મેં કહ્યુંઃ 'ભગવાનની ઇચ્છા હશે ત્યારે.'

બીજા એક સજ્જન કહેઃ 'અનામી ! આપણે ત્યાં વીજરીના ધાંધિયા છે.' 'મળીશું', અને 'વીજળી' શબ્દો એમને અભિપ્રેત હતા પણ 'ળ' શબ્દ બોલી શકતા નહોતા.

બીજા એક સાહિત્યકાર મિત્ર ગાતા હતા;–

મહા નર એક જ દે ચિનગારી, ચાંદો સરગ્યો, સૂરજ સરગ્યો... સરગી આભ–અટારી, એક ન સરગી સગડી મારી.

ત્યારે હું અંગ્રેજી ધોરણ પાંચમામાં ભણતો હતો. કવિવર ન્હાનાલાલનું 'જયાજયંત' નાટક વાંચતો હતો એમાં 'એકપક્ષી' શબ્દ આવે. સંદર્ભ એવો કે નાયિકા જીવન એટલે શું ? તત્સંબંધે મનોમંથન કરે અને એ મનોમંથનને અંતે, જીવન સંબંધે અમુક વિચારણામાં ઝલાઈ જાય, બંધાઈ જાય...પછી એ પોતાના તારણ સંબંધે પુનઃ વિચારણા કરે ને એને સમજાય કે અત્યાર સુધીનું જીવન સંબંધેનું મારું 'મંથન ને તારણ' એકપક્ષી (One Bird) હતું: પણ મને ત્યારે 'એકપક્ષી' શબ્દનો અર્થ સ્પષ્ટ સમજાય નહીં એટલે મનમાં વિચાર્યા કરું કે એ 'એકપક્ષી' કયું હશે ? કેવું હશે ? એવો જ બફાટ 'કાન્ત'ના અનવદ્ય ખંડ કાવ્ય 'વસંત વિજય'માં આવતી પાંડુની માદ્રી પ્રત્યેની ઉક્તિ સંબંધે કરેલો. પાંડુની ઉક્તિ છેઃ–

'નથી શું કુંતાજી ! નહિ અરર ! આંહી રહી શકે,
પ્રિયે ! તું એકાકી ! સ્વજન વિણ વૃત્તિ ક્યમ ટકે ?
'એકાકી'નો 'એ' ગાતાં ગાતાં છૂટો પાડું ને
'પ્રિયે' ને 'કાકી' બનાવી દઉં !

હું તો સ્કૂલનો વિદ્યાર્થી હતો પણ ગુજરાતીના એક પ્રતિષ્ઠિત અધ્યાપકે, 'શાખામૃગનો અર્થ' 'વાનર'ને બદલે મૃગ કરતા હતા !

'અમારા દર્દોનું જગત મહીં આશ્વાસન જ કે
અમારા જેવા કૈં અગણ દરદી નિત્ય ભટકે.'

હું સને ૧૯૩૨માં અંગ્રેજી ધોરણ પાંચમામાં ભણતો હતો ત્યારે અમારા વર્ગ શિક્ષક શ્રી ડાહ્યાભાઈ હ. જાની સાહેબ આવી શબ્દ રમતો ખૂબ કરતા. કૃષ્ણફલક ઉપર લખે god is nowhere મતલબ કે પ્રભુ ક્યાંય નથી...પછી Where નો w no સાથે લગાડી દે એટલે વંચાય god is now here નાસ્તિકમાંથી એક જ અક્ષર આસ્તિક બનાવી દે. એજ રીતે તેઓ Friend એટલે મિત્ત શબ્દ લખે...પછી એમાંથી 'આર' કાઢી નાખે એટલે રાક્ષસ જેવો અર્થ થઈ જાય. તમે તે વાનર ? વા ન ર ? નર જોડે 'વા' જોડતાં વાનર ! એક રાજ્યનો દીવાન નાલાયક હતો પણ એને નાલાયક કહે કોણ ? એક કવિએ કવિત કર્યું. 'આ રાજ્યમાં દીવા નથી છે અંધારું ઘોર' પછી એણે દીવા અને નથી શબ્દ જોડી દીધા એટલે અર્થ થયો... 'આ રાજ્યમાં દીવાનથી અંધારું ઘોર છે'. એક સભામાં એક નૃત્યાંગનાએ કવિ સિવાય દરેકને મુખવાસમાં પાન આપ્યાં. કવિને અપમાન જેવું લાગ્યું. એટલે પાન ખાનારા સૌ અધિકારીઓને કવિએ કહ્યું,

'આ પાન ખાવાના પાન નથી પણ એરંડાનાં પાન છે. કવિએ મના કરતાં કહ્યું.

કોઈ ન ખાશો એરંડાનાં પાન.'

એરંડાનો 'એ' છૂટો પાડ્યો...એટલે અર્થ થયોઃ

કોઈ એ રંડા (રાંડ)નાં પાન ખાશો નહીં !

કોઈ પ્રભુદાસ નામનો વિદ્યાર્થી પ્રભાતના પહોરમાં સ્વભાષા શિખવાને બદલે પરભાષા શીખતો હતો એટલે કવિએ એને ટોક્યોઃ–

પરભા ! **પરભાત** પહોરમાં
**પરભાષા પર ભાવ** લાવ મા.'

નીચે લીટી દોરેલા શબ્દો તોડીને વાંચશો તો ચાર વાર પરભા શબ્દનો પ્રયોગ થયો છે. શબ્દોની તોડફોડ કરીને અર્થ પલટાની આવી તો કેટલીય શબ્દરમતો હશે !

આજથી સાત દાયકા પૂર્વે મારા લગ્ન વખતે, મારા ગામનો જંગો મીર, આવી જ શબ્દ–રમત કરી એક કવિતમાં મને રણ–છોડમાંથી

રણધીર, રણવીર, રણસ્થિર ને રણજીત બનાવી દઈ સવા રૂપિયો લઈ ગયેલો તે યાદ આવે છે.

આવી શબ્દ–રમત, વિરોધાભાસ સર્જીને શામળે નામ–મહિમામાં કરી છેઃ દા. ત. :–

કુબેર નામ કહેવાય, ખજાને દીઠા ખાલી,
કરે ધર્મો બહુ પાપ, ન્યાલ આવે ઘર ઘાલી;
વ્હાલો રાખે વેર, ઝેર જેવો તે મીઠો,
જોગી કરે વેપાર, ભોગી ભીખંતો દીઠો.

નામ હોય સુકેશિની ને હોય બોડી, નામ હોય સુભાષિની ને હોય કર્કશા, નામ હોય સુહાસિની ને ડાચાં હોય દીવેલિયાં, નામ હોય પ્રિયબાલા ને હોય બલા રૂપ!

વિરોધાભાસની જેમ કેટલીક બાબતોમાં ગુણ–સામ્યને ઉપસાવી–વિકસાવી તુલના કરવામાં આવે ત્યારે અતિશયોક્તિ પણ થઈ જાય! દા. ત. કવિ માવદાનજી ભીમજીભાઈ રતનું પ્રશસ્તિકાવ્ય નામે 'જામધણી કાં રામધણી'. જેમના નામની રણજી ટ્રોફી રમાય છે એવા જામનગરના રાજવી રણજિતસિંહજીની તુલના કવિ રતે અયોધ્યાના રાજા રામ સાથે કરી છેઃ–

'અવધપુરી નવીના પુરી, દશરથ વીભો જામ
તખત મેળવે તપ કરી કાં રણજીત કાં રામ.
બેટ ધનુષ બરાબરી વસુધા વિજય તમામ,
કિરતી રૂપ સીતા વરે કાં રણજીત કાં રામ.
એકપત્નીવ્રતમાં અડગ, સૂર ધીર સંગ્રામ.
કળીમાં જીતે કામને. કાં રણજીત કાં રામ.
પીતુ વચનને પાળવા હરદમ રાખે હામ,
પિતૃભક્ત આ પૃથ્વી પર, કાં રણજીત કાં રામ.
ભુરા ગોરા વાંદરા, ભજતા સીતા રામ,
ભુરા ગોરા વશ કરે, કાં રણજીત કાં રામ.
અંતર પ્રેમ ધરી અતિ જપતિ રૈયત જામ,
રામરાજ્ય વરતાવતા. કાં રણ જીત કાં રામ.

કવિ રતના કાવ્યનો કેટલોક અંશ વાસ્તવિક ને કેટલોક પ્રશસ્તિ પ્રધાન ને અતિશયોક્તિભર્યો છે, પણ શ્લેષાત્મક શબ્દ–રમતમાં એ સહ્ય બને છે.

કેટલીક વાર કવિઓ, પાદપૂર્તિમાં પણ આવી શબ્દ–રમત કરતા હોય છે. રાવળજામના દરબારમાં એકવાર પાદપૂર્તિનો કાર્યક્રમ હતો. દોહાની પ્રથમ પંક્તિ આપેલી તે આ પ્રમાણેની હતી :–

'અધર ગયણ વળંભરહિ,
કવ ચઢીયા તોખાર'

અધર એટલે ઊંચી, ગયણ એટલે પૃથ્વીની રજ, વળંભ રહી એટલે ઉડી રહી અને તોખાર એટલે ઘોડા. એક ચારણે બીજું ચરણ રચી આ પ્રમાણે પાદપૂર્તિ કરીઃ–

તેં ઉતાર્યો લખધીર રા,
ભોરંગ શરથી ભાર.

લખધીર રા એટલે લાખાજીના પુત્ર, ભોરંગ એટલે શેષનાગ અને ભાર એટલે બોજો.

ચારણે એનો અર્થ કહ્યોઃ–'હે જામ લખધીરજીના કુંવર રાવળજી! તેં એટલાં બધા કવિઓને (દાનમાં ઘોડા આપી) ઘોડે ચઢતા કર્યા કે તે ઘોડાઓના ચાલવાથી આકાશમાં, એટલી બધી ધૂળ ઉપર ચડી કે જાણે પૃથ્વીનું બીજું પડ કેમ બંધાઈ ન રહ્યું હોય! હે રાવળજી! એ ધૂળ ઊંચે ચઢવાથી, તેં શેષનાગના માથા ઉપરથી પૃથ્વીનો ભાર (ઉતાર્યો છે) ઘણો જ ઓછો કર્યો છે.'

રાજ્યાશ્રયી કવિઓ એમના 'પેટ્રોન'ની આવી પ્રશસ્તિ કરે નહીં તો ઘોડે ચઢવા ક્યાંથી મળે.' કેટલીક વાર કેવળ શબ્દ–રમત જ નહીં પણ એક જ શબ્દના પ્રતીકાત્મક, અર્થસ્ફોટથી કલ્પનાને અવકાશ મળે. દા. ત.– 'અંધ કોણ?' એ પ્રશ્નના પ્રતિભાવરૂપે શામળ એની ચોપાઇમાં આઠ આંધળાઓનો ઉલ્લેખ કરે છેઃ–

જોબનમદ પહેલો આંધળો, બીજો અંધ કામે આકળો
ત્રીજો અંધ ધનમદ જેહને, ચોથો અંધ મદ જેની દેહને.'
પંચમ અંધ જીવે આદર્યો, છઠ્ઠો અંધ જે કોપે ભર્યો,
સાતમો રાજપદ કહિય જેહ આઠમો અંધ વ્યસની હોય તેહ
એટલા અંધ વિચાર ન કરે,' એને છેડે તે નિશ્ચે મરે.

પહેલાંના રાજા–મહારાજા કે ઠાકોરો પોતાની પ્રશસ્તિ કરનારા ભાટ–ચારણો રાખતા હતા. એક રીયાસતનો ઠાકોર એની માણકી ઘોડી પર સવારી કરી, એના ચારણ સાથે નીકળેલો...વનમાં એને તરસ લાગી...એક કૂવે પનિહારીઓ પાણી ભરતી હતી ને નજીકના ખેતરમાં એક ભરવાડ ગાયો ચરાવતો હતો. પનિહારીઓને જોઈ ઠાકોર મૂછો મરડતો હતો એટલે ભરવાડની ગાયો, ઠાકોરની ઘોડી, ઠાકોર અને પનિહારીઓને વણી લેતું એક કવિત પેલા ચારણે કહ્યુંઃ–

'ગાયાં તો શીંગ બાંકી, રંગ બાંકી ઘોડિયાં,
મરદ તો મૂછ બાંકા, નૈન બાંકી ગોરિયાં.'

ગાયો શીંગે, ઘોડી રંગે, મરદ મૂછે ને ગોરી નયને-બાંકી હોય તો શોભે. ચારણના આ કવિતને નકારતાં પેલા ભરવાડે એના જવાબમાં આ કવિત કહ્યુંઃ–

ગાયાં તો દૂધ બાંકી, ચાલ બાંકી ઘોડિયાં,
મરદ તો રણ–બાંકા, શીલ બાંકી ગોરિયાં.

દૂધથી ગાય, ચાલથી ઘોડી, રણમેદાને મરદ અને શીલથી સ્ત્રીઓ. બાંકી એટલે શોભા આપનારી ને પ્રભાવક હોય. નિરીક્ષણ–પરીક્ષણ પર નિર્ભર સમસ્યા–પ્રધાન શબ્દ રમતનો આ પણ એક પ્રકાર છે.

પ્રશ્નોત્તરી સમસ્યા પ્રધાન શબ્દ રમતમાં કવિ શામળ હિંદી કવિઓથી જાય તેવો નથી. એના બે છપ્પામાં સમસ્યાઓના સવાલ–જવાબ આવી જાય છે. દા. ત. :–

કોણ પૃથ્વીથી પ્રૌઢ? કોણ અણુથી નાનો?
કોણ પવનથી પહેલ? કોણ દેવીથી દાનો?
કોણ ઇન્દુથી વિમળ? કોણ અગ્નિથી તાતો?
કોણ દૂધથી ઉજ્જવળ? કોણ મદિરાથી માતો?

કોણ તેજ રવિ થકી! કોણ સાકરથી ગળી?
શામળ કહે ઉત્તર લખે, તો તે પહોંચે રળી.
આ બધા કોણ? નો જવાબ છે :–
અવનિથી મોટું નીર, અણુથી લોભી નાનો,
પવનથી પહેલું મન, વિવેક દેવીથી દાનો.
ચંદ્રથી નિર્મળ નીર, ક્રોધ અગ્નિથી તાતો,
દૂધથી ઉજળો જશ, અમલ મદિરાથી માતો.
તેજ રવિથી નેત્રનું, ગરજ સાકરથી ગળી,
કિરત લહેર દરિયા થકી, શામળ કહે ટાળી નવ ટળે.

અંતમાં અંગ્રેજીના એક અક્ષરના શબ્દથી લઇને તે દશ અક્ષર સુધીના શબ્દો બનાવી એ શબ્દોના ભાવાર્થને નકારાત્મક કે હકારાત્મક સંદર્ભમાં અસ્વીકાર–ત્યાગ કરવાની શબ્દ–રમત પણ જાણવા જેવી છે. દા. ત. :–

(૧) ધી મોસ્ટ ડેમેજિંગ વન લેટર વર્ડ–'I' Avoid it (એવોઇડ ઇટ)
(૨) ધી મોસ્ટ સેટીસ્ફાયિંગ 'ટૂ' લેટર વર્ડ–We યુઝ ઇટ
(૩) ધી મોસ્ટ પોઇઝનસ થ્રી લેટર વર્ડ–Ego (ઇગો) કીલ ઇટ.
(૪) ધી મોસ્ટ યૂઝ્ડ ફોર લેટર વર્ડ–'લવ' –વેલ્યૂ ઈટ
(૫) ધી મોસ્ટ હાર્મફુલ ફાઈવ લેટર વર્ડ–'એન્ગર' કોન્કર ઈટ
(૬) ધી મોસ્ટ ફાસ્ટેસ્ટ સ્પ્રેડીંગ સીક્સ લેટર વર્ડ–'રયુમર'– ઇગ્નોર ઇટ
(૭) ધી મોસ્ટ એન્વીએબલ સેવન લેટર વર્ડ–'સક્સેસ' એચીવ ઇટ
(૮) ધી મોસ્ટ નિફેરિયસ 'એઇટ' લેટર વર્ડ–'જેલસી' ડીસ્ટસ ઇટ
(૯) ધી મોસ્ટ પાવરફુલ નાઇન લેટર વર્ડ–'નોલેજ'–એકવાર ઇટ
(૧૦) ધી મોસ્ટ ઇસેન્સિયલ ટેન લેટર વર્ડ–'કોન્ફીડન્સ' ટ્રસ્ટ ઇટ
(૧) I (૨) We (૩) Ego (૪) Love (૫) Anger (૬) Rumour (૭) Success (૮) Jealousy (૯) Knowledge (૧૦) Confidence

પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર પણ પ્રશ્નમાં જ હોય એવી શબ્દ–રમત પણ જોવા જેવી છે. દા. ત. પ્રશ્ન છે: 'કમ્બલવન્તમ્ ન બાધતે શીતમ્ ?...એટલે કે કોણ એવું બળવાન છે, જેને ઠંડી નથી લાગતી? આ પ્રશ્નનો ઉત્તર પણ એ વાક્યમાં જ છે... કે કમ્બલવન્તમ્ ન બાધતે શીતમ્ એટલે કે જેની પાસે કમ્બલ (ધાબળો) હોય તેને ઠંડી નથી લાગતી. અહીં શ્લેષ અલંકાર પણ છે. કં+બલવન્તમ્. અંગ્રેજીમાં એને પન (pun) કહે છે.

કેટલીક વાર આવો શ્લેષ અલંકાર પ્રશ્નોત્તરી રૂપે નાટકીય અસર જન્માવે છે. દા. ત. :–ભોળાનાથ શંકર અને જગન્તમાતા પાર્વતીનો આ સંવાદ સાંભળો:–

'કસ્ત્વં, શૂલી, મૃગય ભિષજં, નીલકણ્ઠ પ્રિયેઽહમ્'

ભગવાન શંકર એક દિવસ ઘરે રાત્રે મોડા આવી બારણું ખટખટાવે છે એટલે પાર્વતી પૂછે છે:- 'તું કોણ છે ? –કસ્ત્વં ? ભગવાન શંકર જવાબ આપે છે...'શૂલી' હું ત્રિશૂળધારી શંકર છું. પાર્વતી 'શૂલી'નો બીજો અર્થ સમજે છે:– શૂળના રોગથી પીડાતો...તો વૈદ્ય ને ઘરે જા. ભગવાન કહે છે: –'હું નીલકંઠ છું. નીલકંઠનો અર્થ મોર. એટલે પાર્વતી કહે છે: જો તું મોર હોય તો કેકારવ કર.

કેકામેકાં કુરુ, પશુપતિનૈવ દૃષ્ટે વિષાણે.

ભગવાન કહે છે હું પશુપતિ છું...પશુપતિના બે અર્થ...પ્રાણીઓનું પાલન કરનાર શિવ ને બીજો અર્થ આખલો. પાર્વતી કહે છે: 'આખલાને તો શીંગડાં હોય, તારે નથી.

સ્થાણુર્મુગ્ધે, ન વદતિ તરુર્જીવિતેશઃ શિવાયાઃ

ભગવાન કહે છે હું સ્થાણુ છું...સ્થાણુ એટલે થાંભલો.

પાર્વતી કહે છે થાંભલો. લાકડું કદાપિ બોલતું નથી.

ભગવાન કહે છે હું પાર્વતીનો પતિ 'શિવા' છું. શિવાનો બીજો અર્થ શિયાળ થાય છે. પાર્વતી કહે છે જો તું શિયાળ (નર) હોય તો જંગલમાં જા.

ગચ્છારણ્યં, પ્રતિવચજડઃ પાતુ વશ્ચન્દ્રચૂડ

આવી રીતે પ્રત્યુત્તર આપવામાં જે જડ સાબિત થયા છે એવા ભગવાન શંકર, જેમના મસ્તક પર ચન્દ્ર છે, તે તમારું રક્ષણ કરો.

સંસ્કૃત કાવ્ય સાહિત્યમાં પ્રશ્નોત્તરી–પ્રધાન આવી સમસ્યાઓ અનેક જોવા મળે છે. નમૂના રૂપે આ એકઃ–

સૂતેલો હોવા છતાં કોણ આંખ બંધ કરતો નથી ? જન્મ લેવા છતાં કોણ હલનચલન કરતો નથી ? કોને હૃદય નથી ? વેગ થકી કોણ વૃદ્ધિ પામે છે? અનુક્રમે આ ચારેય પ્રશ્નપ્રધાન સમસ્યાઓનો ઉત્તર છે:– માછલી સૂતેલી હોવા છતાં આંખ બંધ કરતી નથી. ઇંડુ જન્મ લેવા છતાં હલનચલન કરતું નથી, પથ્થર ને હૃદય હોતું નથી, નદી વેગ થકી વૃદ્ધિ પામે છે.'

અંતમાં, શબ્દ–ચમત્કૃતિ દ્વારા અર્થ–ચમત્કૃતિ સાધતી કવિ Dianal-Loomen ની આ અંગ્રેજી કવિતા માણો.

If I had my Child to raise all over again
I would fingerprint more, And paint fingerprint less.
I would do less correcting and more connecting
I would take my eyes of my watch, And watch with my eyes.
I would care to know less and know to care more.
I would take more hikes, and fly more kites.
I would stop playing serious And Seriously play.
I would run through more fields, and gaze at more stars.
I would do more hugging And less Tugging
I would be firm less often And atfirm much more
I would build self esteem first And house later
I would teach less about love of power
And more about power of Love.

શબ્દભંડોળ, શબ્દશક્તિ, તર્ક ને ચમત્કૃતિ સાધવાની શક્તિ હોય તો પ્રયત્નપૂર્વક આવી કવિતાઓ રચી શકાય. ✱✱✱

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા–૩૯૦૦૦૭.

# નામ વગરની દુકાન

□ ગુલાબ દેઢિયા

ખટારો હમણાં જ ગયો લાગે છે. હું બસ સ્ટોપના થાંભલા પાસે આવી ઊભો છું. ખટારામાંથી લીલા વાંસ ઊતર્યા છે. ઓળખ ખાતર દુકાન ભલે કહીએ પણ અહીં દુકાન જેવું કંઈ નથી. સામાન રાખવાની નાનકડી ખોલી છે. સાંકડો દરવાજો છે. દુકાનદાર બહાર ઓટલે બેઠો છે. દુકાનને નામનું પાટિયું જ નથી. જરૂર નથી. કોઈ ફર્નિચર નથી. અહીં મરણોત્તર વિધિનો સામાન વેચાય છે. દુકાનદાર રવિવારનું છાપું વાંચે છે. પહેલે પાને અકસ્માત, આતંકવાદ અને જાનહાનિના સમાચાર છે. એ ઉપર ઉપરથી મથાળાં વાંચી પાનાં ફેરવે છે. કાશ્મીરમાં બરફ પડ્યો છે. માગસર મહિનો છે. મુંબઈની ખુશનુમા સવાર છે. રવિવારની સવારે અવરજવર પાંખી છે.

લીલા બાંબુને બે માણસો નાનકડી કરવતથી કાપીને માપસરના બનાવી રહ્યા છે. માપ મેળવવા એક વાંસ પાસે રાખ્યો છે. વાંસનો ગાઢો લીલો રંગ ધ્યાન ખેંચે છે. મને સૈનિકોનો ઈસ્ત્રી કરેલો ગણવેશ યાદ આવે છે. ક્યાંક પાણી પર જામેલી લીલ સાંભરે છે. વાંસ કપાય છે ત્યાં દૂધિયા રંગનો વહેર ખરે છે. વહેરને સ્પર્શવાનું મને મન થાય છે. જ્યાં વાંસ કપાય છે ત્યાં દૂધિયા રંગનો ગોળાકાર દેખાય છે. એ કરકરી સપાટીને અડું તો ! વચ્ચે કાણું છે. થોડુંક અંધારું ત્યાં પલાંઠી વાળીને બેઠું છે. કાળાશ પડતા ચોકલેટી મોટા બટન જેવું દેખાય છે. પવનની લહેરખી આવે છે. આ વાંસને તો જંગલનો પવન યાદ હશે.

માણસો માપ પ્રમાણે વાંસ કાપ્યે જાય છે. એમનો પરિચિત કૂતરો પૂંછડી પટપટાવતો રમે છે. દૂર પડેલા વાંસ પર કૂદકો પણ મારે છે.

નનામી માટે સાત કે સાડા સાત ફૂટના વાંસ કાપ્યા હશે એમ માણસની છ ફૂટની સામાન્ય ઊંચાઈ માનીને વિચારું છું. દરજીને ચોક્કસ માપ જોઈએ અહીં તો એવું કંઈ નહિ.

દુકાનદારને ખબર નથી કે આજે કેટલા ઘરાક આવશે. પણ એને એ ખબર છે કે આવનાર રકઝક નહિ કરે, 'બીજું બતાવો' એવું પણ નહિ કહે. કોઈ પેકિંગ નહિ, કોઈ સેલ નહિ, ડિસ્કાઉન્ટ નહિ. દુકાનદાર કોઈને આવકારતો નથી. ખબરઅંતર પૂછતો નથી. માગ્યું આપે છે. આમ તો એક પેકેજ છે. આવનારાઓના ચહેરા પર ગ્લાનિ હશે. ખરીદીમાં કોઈ રસ નહિ હોય. દુકાનદાર માટે રોજનું છે. ઘરાકો માટે તો ક્વચિત જ આવવું પડે. બધા દેહાંતને દુકાનદાર કઈ નજરે જોતો હશે...એ કંઈ પૂછતો હશે શું ? કેમ થયું ? ક્યારે થયું ? ઘરે કે હૉસ્પિટલમાં ? આ પ્રશ્નો, આ ઉત્સુકતા, આ પૃચ્છા, દુકાનદારને મન વ્યર્થ છે. આત્મીયતા વગર આ બધું પૂછવું જાણવું શા કામનું ? એના કોઈ બાંધેલા ગ્રાહકો નથી. પોતાના સ્વજનો કે પરિચિતો વખતે આ દુકાનવાળો કેટલો અલિપ્ત રહી શકતો હશે !

જે ખટારો દૂર જંગલમાંથી વાંસ ભરીને આવ્યો હતો તેમાં બીજા વાંસ મંડપવાળા પાસે ઊતર્યા હશે. જે લગ્ન મંડપ, સભા મંડપ, કથા મંડપ, પંડાલ બાંધવા વપરાશે. વપરાતા રહેશે. લાંબા વાંસના પાતળા છોગામાંથી છડી બનશે કે દાંડિયા પણ બને...

નગરથી આગે ગયેલાં જંગલો કોઈ કોઈ ચીજવસ્તુઓ નગરમાં મોકલે છે. હજી પોતે છે એની પ્રતીતિ કરાવે છે. ઝૂંડમાં ઊભેલાં વાંસ, વાંસવનમાંથી નીકળી નિયતિ પ્રમાણે નનામી માટે, મંડપ માટે, ટોપલા માટે, છાપરા માટે, આંગણાંની વાડ માટે વિખેરાઈ ગયાં છે. બીજાં વાંસ બે-પાંચ વરસ ખપ પ્રમાણે વપરાશે. નનામીના વાંસ લીલો રંગ ખોયા વગર, છેડેથી ઘસાયા કે ફાટ્યા વગર એક જ વખતમાં વપરાઈને આગમાં સૂઈ જશે. ભૂંગળામાં રહેલું ટચુકડું અંધારું ભડભડતા અગ્નિમાં ક્યાં જશે ?

પાસેના મોર્ગરૂમમાં કામ કરનાર કર્મચારીઓ આ ફૂટપાથ પરથી નીકળ્યા છે. એક વાંસ ઉપાડી મજાકમાં બીજાને મારવાનો ડોળ કરે છે. તડકા જેવી સહજતા અને નિર્લેપતા અહીં પથરાઈ છે.

લાંબા વાંસને ખૂણામાં ગોઠવી દીધા છે. આડા બાંબુના ટુકડા દુકાનમાં એક ખૂણામાં ગોઠવીને મૂક્યા છે. ત્યાં દૂધિયા રંગનો એક પટ દેખાય છે અને વચ્ચેના કાણા કાળા રંગનો ભાસ રચે છે. કોઈ બાળકે ચિત્રમાં કાળા ચકરડા દોરી રંગ ભર્યા હોય એવું લાગે છે.

દુકાન પાસેની ફૂટપાથ પર એક વૃક્ષ ઊભું છે. એનું થડ આડું અવળું કઢંગું છે. પણ એ થડના ખાંચામાંથી કોઈ બીજી વેલ પાંગરી છે. એનાં તાજાં લીલાં પાન તડકામાં ચમકી રહ્યાં છે.

બસ સ્ટોપ પર કોઈ કોઈ બસ આવે છે. ઉતારુઓ ઊતરે છે. આ દુકાન તરફ કે વાંસના ઢગલા તરફ જોતા નથી. આમ તો જોવા જેવું પણ શું છે !

મારી બસ આવે છે. હું બસમાં ચઢું છું. વાંસનો લીલો રંગ જોવા એક વાર ફરી ત્યાં નજર કરું છું. ✶✶✶

૫૯, આરામનગર નં. ૧, સાત બંગલા ગાર્ડન,
અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૧.

### સંઘની ઑફિસનું સરનામું

સંઘની હાલની ઑફિસ ૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ ઉપર છે તે બિલ્ડીંગ રીપેરીંગ/નવું બનાવવાનું હોઈ સંઘની ઑફિસ કામચલાઉ ધોરણે બીજે ઠેકાણે લઈ ગયાં છીએ.

**નવું સરનામું :** મહંમદી મીનાર, દુકાન નં. ૩૩, ભોંયતળીયે,
૧૪ મી ખેતવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટેલિફોન નંબર ૨૩૮૨ ૦૨૯૬માં કોઈ ફેરફાર નથી.
સંઘ સાથે બધો પત્રવ્યવહાર ઉપરના સરનામે કરવો.

□ મેનેજર

# ગ્રામ સ્વરાજ સંઘ–નીલપર–કચ્છ : ચેક અર્પણ વિધિનો કાર્યક્રમ

☐ મથુરાદાસ એમ. ટાંક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી છેલ્લા ૨૨ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રોતાઓને દાન માટે અપીલ કરી ગુજરાત રાજ્યના અંતરિયાળ–આદિવાસી કે પછાત વિસ્તારમાં આવેલી માનવસેવા–લોકસેવા–વિકલાંગ કે શિક્ષણ ક્ષેત્રે કામ કરતી સંસ્થાને આર્થિક સહાય કરવામાં આવે છે. આવી રીતે આર્થિક સહાય કરવાનો શુભ/ઉમદા વિચાર સંઘના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહને સ્ફૂર્યો જેના ફળ સ્વરૂપે આપણે ૨૨ વર્ષથી સતત આર્થિક સહાય કરતાં આવ્યાં છીએ. ડૉ. રમણલાલ ચી. શાહની ઈચ્છા હતી કે આપણે એક વર્ષ કચ્છનો પ્રોજેક્ટ લઈએ જે એમની હયાતી પછી ફળીભૂત થયો તેનો સંઘને ખૂબ જ આનંદ છે. આ વર્ષે ગ્રામ સ્વરાજ સંઘ, નીલપર–કચ્છને આર્થિક સહાય કરવી એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અમને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે આ વર્ષે કચ્છ માટે આપણે રૂા. ૨૦,૧૫,૪૨૧/– જેવી માતબર રકમ એકઠી કરી શક્યાં જેને અર્પણ કરવાનો કાર્યક્રમ શુક્રવાર તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૭ના રોજ સોનટેકરી, નીલપર–કચ્છ મુકામે યોજવામાં આવ્યો હતો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના હોદ્દેદારો, સભ્યો, દાતાઓ અને શુભેચ્છકો સહિત કુલ ૨૧ ભાઈ–બહેનો ગુરુવાર તા. ૧૧મી જાન્યુઆરી ૨૦૦૭ના રોજ કચ્છ એક્ષપ્રેસમાં સાંજના ૫–૧૦ કલાકે રવાના થઈ શુક્રવાર તા. ૧૨મી જાન્યુઆરી ૨૦૦૭ના સવારે ૭–૦૦ કલાકે ભચાઉ સ્ટેશને ઉતર્યા.

ભચાઉ સ્ટેશને પહોંચતાં ગ્રામ સ્વરાજ સંઘના સર્વશ્રી રમેશભાઈ સંઘવી, મંત્રી શ્રી દિનેશભાઈ સંઘવી તેમજ સામાજીક કાર્યકર શ્રી લીલાધરભાઈ ગડા અમને બધાને આવકારવા હાજર હતા. ભચાઉ સ્ટેશનની સામે જ 'વિસામો' કરીને આધુનિક સગવડવાળા ગેસ્ટ હાઉસમાં ઉતારો આપ્યો. સ્નાનાદિ ક્રિયાઓ પતાવી, ચા-નાસ્તાને ન્યાય આપી અમે સૌ સોનટેકરી, નીલપર પરિસર માટે બે મોટરોમાં રવાના થયા.

સોનટેકરી પરિસરમાં પહોંચતાં સર્વશ્રી મણિભાઈ સંઘવી, રમેશભાઈ સંઘવી, દિનેશભાઈ સંઘવી અને ઈતર કાર્યકર્તાઓ તેમજ સ્કૂલના બાળકો–બાલિકાઓએ બેંડવાજા અને દાંડિયા રાસની રમઝટ સાથે તિલક કરી અમારું બધાનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું હતું. ચા-નાસ્તાના કાર્યક્રમ પછી તરત જ સંચાલકો અમને પરિસરનું નિરીક્ષણ કરવા માટે આગ્રહપૂર્વક લઈ ગયા.

સંકુલના પ્રિન્સીપાલ શ્રી નકુલભાઈ ભાવસાર જેઓ ખેતી તેમજ પશુપાલન બાબત ખૂબ સારી જાણકારી ધરાવે છે, તેમણે સંકુલમાં ચાલતી ગૌશાળા, ઉદ્યોગશાળા, કસ્તુરબા બાલવાડી, આદિવાસી કન્યા આશ્રમશાળા, વગેરે વિશે વિશેષ માહિતી સરળ ભાષામાં આપી હતી. ૨૦૦૧ના ધરતીકંપમાં સંકુલના બધા મકાનો ધરાશાયી થયાં હતાં પણ ગૌશાળાના મકાનને ઊની આંચ પણ આવી ન હતી. એ ચમત્કાર સમાન છે. સંસ્થા પાસે ૧૨ એકર જમીન છે જેમાં ઘાસચારો–ઘઉં, બાજરો વગેરે ઉગાડવામાં આવે છે.

સંસ્થા તરફથી આજસુધી નાના મોટા જેટલા પ્રોજેક્ટ લીધા તેની વિસ્તૃત માહિતી આપતું પ્રદર્શન 'પરમ સમીપે' બતાવવામાં આવ્યું. જેનું આબેહુબ વર્ણન પ્રિન્સિપાલ શ્રી નકુલભાઈ ભાવસારે આપ્યું.

સંસ્થા દર્શન પછી સંસ્થા દ્વારા બનાવવામાં આવેલી એક ટૂંકી CD ફિલ્મ રજૂ કરવામાં આવી. સંસ્થાની શરૂઆતથી, ભૂકંપ પહેલા અને ભૂકંપ પછી જે સ્વરૂપ હાલમાં છે તેનું આબેહુબ વાસ્તવિક ચિત્ર સંગીત સાથે આ ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું હતું. ફિલ્મ ખરેખર અદ્ભુત છે.

બપોરના ભોજનની સુંદર વ્યવસ્થા પ્રાંગણમાં ગોઠવવામાં આવી હતી. સર્વશ્રી રમેશભાઈ સંઘવી, દિનેશભાઈ સંઘવી, નકુલભાઈ ભાવસાર, મુક્તાબેન અને અન્ય કાર્યકરોએ ખૂબ જ પ્રેમપૂર્વક બધાને પીરસીને જમાડ્યા હતા.

ભોજનાદી ક્રિયાઓ પતાવી, સૌ મહેમાનો થોડો આરામ કરી, બપોરના ૨–૩૦ કલાકે ચા–કોફીની મજા માણી સૌ સહયોગ રાશી અર્પણ વિધિ 'પાથેય સમારોહ'માં ઉપસ્થિત થયા હતા.

કાર્યક્રમની શરૂઆત પવનપુત્ર શ્રી હનુમાનજીના ફોટા પાસે દીપ પ્રાગટ્ય કરી બાળકો તરફથી સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

ગ્રામ સ્વરાજ સંઘના કાર્યકર તેમજ સુનીલ ટ્રસ્ટના આદ્ય સ્થાપક શ્રી રમેશભાઈ સંઘવીએ મુંબઈથી પધારેલા બધા મહેમાનોનું અભિવાદન કર્યું હતું. તેમજ ડૉ. રઘુવીર ચૌધરી, લંડનથી પધારેલા ઓપીનીઅન મેગેઝીનના પત્રકાર શ્રી વિપુલભાઈ કલ્યાણી, સાહિત્ય પરિષદ–અમદાવાદના નિયામક શ્રી રમેશભાઈનું તેમણે ભાવભીનું સ્વાગત કર્યું હતું. મુંબઈથી કચ્છના ગામડે સામે ચાલીને રૂપિયા આપવાવાળી કદાચ આ એક માત્ર સંસ્થા હશે. રૂપિયા આપે છતાં પણ કોઈપણ જાતની પૂર્વ શરત નહીં. શ્રી રમેશભાઈ સંઘવીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે સ્વ. રમણલાલ ચી. શાહ અહીં સદેહે ઉપસ્થિત નથી છતાં પણ તેઓ અહીં સૂક્ષ્મ સ્વરૂપે હાજર જ છે એવો ભાસ થાય છે. ડૉ. ધનવંતરાય શાહનો ટેલીફોનથી આવેલો સંદેશો, 'હું સમારંભમાં હાજર નથી તેનો મને રંજ છે પણ હમણાંની રાશીથી બમણી રાશી લઈને ફરી આવીએ એવી ભાવના છે,' કહી સંભળાવ્યો હતો.

સંઘના પ્રમુખ શ્રી રસિકલાલ શાહે પોતાની લાક્ષણિક શૈલીમાં બધાને હસાવ્યાં હતાં. અહીં બાળકો સુંદર વાતાવરણમાં, સારો આહાર લઈ, ખંતથી ભણીને સારા નાગરિક બને એવી આશા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે જો ભારતનું અર્થતંત્ર બરોબર કામ કરે તો ગાંધીજીની ધોતીના બદલે દરેકને ચર્ચીલના શ્રી પીસ સુટ મળે.

શ્રી લીલાધરભાઈ ગડાએ તેમના ટૂંકા વક્તવ્યમાં જણાવ્યું કે હું મુંબઈમાં હતો ત્યારે પર્યુષણ વ્યાખ્યાનમાળાના પીયૂષ પાણી પીધા

છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પાયામાં ઘણાં ઉચ્ચ આત્માઓ છે. શ્રી ઉમેદભાઈ દોશીએ કહ્યું કે સર્વશ્રી ચુનીદાદા, મણિદાદાને અહીં ઉપસ્થિત જોઈને ગાંધીજી હજી જીવે છે એવી પ્રતિતી થાય છે. સંઘના ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંત ડી. શાહે ઓછા શબ્દોમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘની રૂપરેખા આપી. પર્યુષણ વ્યાખ્યાનમાળાની શરૂઆત પંડિત સુખલાલજી, પ્રા. ગૌરીશંકર ઝાલાએ સંભાળી હતી. ડૉ. રમણલાલ ચી. શાહે તેનું સિંચન કરી આજની કક્ષાએ પહોંચાડી. પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન એકઠી કરેલી રકમ કોઈ એક સંસ્થાને કોઈપણ જાતની પૂર્વશરત વગર તેમના આંગણે જઈ આપીએ છીએ જેનો અમને ગર્વ છે. આજસુધી આશરે ૨.૮૫ કરોડ જેવી માતબર રકમ ૨૨ સંસ્થાઓને આપી છે.

ત્યારપછી સંઘના હોદ્દેદારો સર્વશ્રી રસિકલાલભાઈ, ચંદ્રકાંતભાઈ, ભૂપેન્દ્રભાઈની ઉપસ્થિતિમાં ચેક રૂા. ૨૦,૧૫,૪૨૧/– નો સંસ્થાના પ્રમુખ ટ્રસ્ટી શ્રી ચુનીભાઈ વૈદ્ય–રમેશભાઈ સંઘવીને અર્પણ કરવામાં આવ્યો.

સંસ્થાના મંત્રી શ્રી દિનેશભાઈ સંઘવીએ 'પાથેય સમારોહ' પછી બધાનો ખૂબ આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની દૃષ્ટિ વિશાળ છે કારણ કે તેઓ જૈન સિવાય ઈતર ધર્મની વ્યક્તિઓને પોતાની કમિટીમાં શામેલ કરી એક ક્રાંતિકારી પગલું ભર્યું એમ કહેવાય. ડૉ. રઘુવીર ચૌધરીએ એમના વક્તવ્યમાં કહ્યું કે સંઘ પાસે સ્વ. ચીમનભાઈ ચકુભાઈ જેવા પ્રખર વિદ્વાન હોય કે જેઓ શ્રી કનૈયાલાલ મુનશીને પણ નાથી શકે એવી તાકાતવાળા હતા. આપ સૌ અહીં સામે ચાલીને રાશી અર્પણ કરવા આવ્યા છો તેની પ્રસન્નતા હું દરેકના મોઢા ઉપર જોઈ શકું છું. શ્રી ચુનીભાઈ વૈદ્યે પોતે શરૂ કરેલી સવિનય ચળવળ બાબત માહિતી આપી હતી.

'પાથેય' કાર્યક્રમ પછી સ્કૂલના વિદ્યાર્થીઓએ સરસ મેદાની કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેની સલામી ડૉ. રઘુવીર ચૌધરીએ ઝીલી હતી. સમસ્ત કાર્યક્રમનું સંચાલન શ્રી નિલેશ વ્યાસે ખૂબ જ સુંદર રીતે કર્યું હતું. તે માટે તેમને અભિનંદન.

સાંજનું ભોજન પણ સંકુલમાં જ રાખવામાં આવ્યું હતું. જમવાનું પતાવી બધા મોટરમાં ભચાઉ રવાના થયા હતા. 'વિસામો'માં રાત રોકાણ કરી બીજા દિવસથી કચ્છની મહેમાનગતી માણવા માટે શ્રી લીલાધરભાઈ ગડાના માર્ગદર્શન નીચે ૪ દિવસ કચ્છમાં ફર્યા હતાં. સોમવાર તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૦૭ના ભૂજથી રવાના થઈ મંગળવાર તા. ૧૬મી જાન્યુઆરી, ૨૦૦૭ના મુંબઈ પાછા ફર્યા હતા.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : કાર્યવાહક સમિતિ ૨૦૦૬–૨૦૦૭

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા સોમવાર તા. ૮–૧–૨૦૦૭ના રોજ તથા કાર્યવાહક સમિતિની સભા તા.૧૨-૨-૨૦૦૭ના મારવાડી વિદ્યાલય, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ મધ્યે **મળી હતી.** જેમાં સને ૨૦૦૬–૨૦૦૭ના વર્ષ માટે હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો, કોપ્ટ તથા નિમંત્રિત સભ્યોની વરણી સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવી હતી.

## હોદ્દેદારો

**પ્રમુખ:**
શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
**ઉપપ્રમુખ:**
શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ
**મંત્રીઓ:**
શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ
**સહમંત્રી :**
શ્રીમતી વર્ષાબહેન રજ્જુભાઈ શાહ
**કોષાધ્યક્ષ:**
શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી

## સમિતી સભ્યો

પ્રો. શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી
કુ. વસુબહેન ભણશાલી
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
કુ. મીનાબહેન શાહ
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ
શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા
શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા
શ્રી ભંવરભાઈ વાલચંદ મહેતા
ીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા
શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
શ્રી લલિતભાઈ પોપટલાલ શાહ
શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ
શ્રી ચંદ્રકાંતભાઈ ધુડાભાઈ શાહ

## કો–ઓપ્ટ સભ્યો

શ્રી પીયૂષભાઈ કોઠારી
શ્રી શૈલેષભાઈ હિંમતલાલ કોઠારી
શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
શ્રી નીતિનભાઈ કાંતિલાલ સોનાવાલા
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ

## નિમંત્રિત સભ્યો

શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ
શ્રીમતી રેણુકાબહેન રાજેન્દ્રભાઈ જવેરી
શ્રી રશ્મિભાઈ ભગવાનદાસ શાહ
કુ. યશોમતીબહેન શાહ
શ્રીમતી સુશીલાબહેન રમણીકલાલ શાહ
શ્રી બસંતલાલ નરસિંગપુરા
શ્રી ચંદ્રકાંત કેશવલાલ પરીખ
શ્રીમતી કલાવતી શાંતિલાલ મહેતા
શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ
શ્રી રમણીકલાલ આર. સલોત
ડૉ. શ્રી રજ્જુભાઈ એન. શાહ
શ્રીમતી ચંદ્રાબહેન પીયૂષભાઈ કોઠારી
શ્રી નીતિનભાઈ ચીમનલાલ શાહ
શ્રી કિરણભાઈ હીરાલાલ શાહ
શ્રીમતી અલકાબહેન કિરણભાઈ શાહ
શ્રી મહેન્દ્રભાઈ શામજીભાઈ ગોસર
શ્રી શાન્તિભાઈ કરમશીભાઈ ગોસર
શ્રી ભરતભાઈ મેઘજીભાઈ મામણિયા
શ્રી ઉમેશભાઈ ગાલા
શ્રીમતી નીનાબહેન ગાલા
શ્રીમતી રેણુકા જિનેન્દ્ર પોરવાલ

# અઢારમો જૈન સાહિત્ય સમારોહ

☐ ડૉ. કલા શાહ

(૪) (ગતાંકથી આગળ)

**ડૉ. કોકિલા શાહ**

**આચાર્ય હરિભદ્રસૂરિ કૃત 'યોગશતક'માં યોગ અને મોક્ષમાર્ગ :**

આ નિબંધમાં આચાર્ય હરિભદ્રસૂરિ કૃત 'યોગશતક'નો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો છે.

'યોગશતક' પ્રાકૃત ભાષામાં ૧૦૦ ગાથાઓમાં રચાયો છે. આ ગ્રંથમાં આત્મઉત્થાનનો અદ્‌ભુત માર્ગ બતાવવામાં આવ્યો છે. રાગદ્વેષથી મુક્ત થઈ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો ઉપદેશ પણ અહીં ગર્ભિત છે તે માટે બાર ભાવનાઓની ચર્ચા કરેલી છે અને અનેકાંતવાદનું સ્થાપન કર્યું છે.

યોગ અને દર્શનશાસ્ત્રની પરંપરામાં આચાર્ય હરિભદ્ર સૂરિનું સ્થાન અતિ મહત્ત્વનું છે અને જૈન દૃષ્ટિએ યોગનું સ્વરૂપ દર્શાવતાં તેમણે કહ્યું છે,

'યોગ દ્વારા જીવ આધ્યાત્મિક વિકાસ સાધી પરમાત્મ દશાને પામી શકે છે. મોક્ષ પ્રાપ્તિ માટે યોગ સાધન છે.'

આચાર્ય હરિભદ્રના મત પ્રમાણે સમ્યક્ જ્ઞાનનું મહત્ત્વ છે અને સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર પણ મહત્ત્વના છે.

'યોગશતક' ગ્રંથ સમ્યક્ જ્ઞાનનું કારણ છે. ગ્રંથની શરૂઆતમાં જીવ–અજીવ આદિ વિષયોનું સૂક્ષ્મ ચિંતન કરવામાં આવ્યું છે અને એ જ અધ્યાત્મ તથા એ જ યોગ છે એમ સમજાવ્યું છે.

'યોગશતક'ની પ્રથમ બે ગાથામાં નિશ્ચયનયથી યોગનું સ્વરૂપ સમજાવ્યું છે. તે ઉપરાંત આ ગ્રંથમાં કર્મબંધ, કર્મમુક્તિ, કર્મોનું સ્વરૂપ, સંક્રમણ, અપ્રવર્તના આદિ કર્મોને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છે. રાગદ્વેષ અને અજ્ઞાન દૂર કરવાથી મોક્ષપ્રાપ્તિ થાય છે તે વાત સમજાવી મૈત્રી આદિ ચાર ભાવનાઓ ભાવવા પર ભાર મૂક્યો છે.

યોગ દશાનું ફળ વર્ણવતા આ ગ્રંથમાં કહ્યું છેઃ– 'આવી શુભ પ્રવૃત્તિઓથી જે પુણ્યકર્મ બંધાય છે તેને પુણ્યાનુબંધી પુણ્ય કહે છે જે પુણ્યકર્મ કેવળ આત્મહિતમાં સહાયરૂપ થાય છે. આત્મા નિર્મોહિ દશા રૂપે યોગના ફળ સ્વરૂપે મોક્ષ પામે છે.

યોગવિષયક જૈન ધર્મનો આ એક અમૂલ્ય ગ્રંથ છે.

**નિરંજના વોરા :**

**યોગ પરંપરામાં આચાર્ય હરિભદ્રસૂરિનું પ્રદાન**

ભારતીય સાધના ક્ષેત્રમાં યોગનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. મૂળભૂત રીતે આ જીવનશોધનનો સાંપ્રદાયિકતાથી પર અને સાર્વજનિત માર્ગ છે. તેથી વૈદિક પરંપરાની સાથે સાથે જૈન અને બૌદ્ધ પરંપરામાં પણ તેની વિશિષ્ટ સાધના પ્રણાલિ અનુસાર વિકાસ થયો છે.

હિંદુ ધર્મના ગ્રંથો તથા બૌદ્ધ ધર્મના 'ત્રિપિટક'માં પણ યોગનું નિરૂપણ થયેલું છે. સર્વમાં યોગનો મૂળ ઉદ્દેશ ચિત્તવૃત્તિઓની વિશુદ્ધિ અને નિર્વાણપ્રાપ્તિનો છે.

જૈન યોગનું કેન્દ્રબિંદુ સ્વ–સ્વરૂપોપલબ્ધિ છે. જૈન દર્શનમાં દરેક વસ્તુ સિદ્ધાંતની ચર્ચા દ્રવ્ય અને ભાવ બન્નેની દૃષ્ટિએ કરવામાં આવે છે.

આગમોથી શરૂ થયેલી યોગની પરંપરાના આચાર્ય હરિભદ્રસૂરિએ નવા જ દ્વાર ખોલ્યા.

આચાર્ય હરિભદ્રસૂરિએ 'યોગદૃષ્ટિ સમુચ્ચય', 'યોગબિંદુ', 'યોગશતક' અને 'યોગવિંશિકા'ની રચના કરી છે. 'યોગદૃષ્ટિ–સમુચ્ચય'માં આઠ દૃષ્ટિઓમાં યોગના વિષયને વિભક્ત કરીને આઠ અંગોનું સાર ગર્ભિત વિવેચન કર્યું છે. આ વર્ગીકરણ તેમનું પોતાનું છે. યોગના પાંચ પ્રકારો બતાવી યોગના આઠ અંગો વિસ્તારપૂર્વક સમજાવ્યા છે. (૧) અધ્યાત્મ (૨) ભાવના (૩) ધ્યાન (૪) સમતા અને (૫) વૃત્તિસંક્ષય.

મન, વચન અને કર્મનું આત્મામાં વિલીનકરણ થાય તે જ યોગ. મનુષ્યની ભૌતિક ઊર્જા જ્યારે આધ્યાત્મિક ઉર્જા સાથે એકરૂપ બને છે ત્યારે આત્મા પરમાત્માનું સાયુજ્ય સધાય છે. વાસ્તવમાં આ યોગવિદ્યા જેને જૈન આગમ 'અધ્યાત્મયોગ' કહે છે. આ પોતાને જાણવાની–સ્વપરિચય મેળવવાની વિદ્યા છે. આત્મસાક્ષાત્કારની સર્વોત્તમ વિદ્યા છે. આધ્યાત્મિક સાધનાનો મેરુદંડ છે. તેના વિના ભૌતિક વિજ્ઞાનની પ્રગતિ અધૂરી છે. ભૌતિક વિજ્ઞાન જે પ્રશ્નોના જવાબમાં મૌન ધારણ કરે છે તે બધાં જટીલ પ્રશ્નોનું સમાધાન યોગ સાધનામાં મળે છે. ભોગના સ્થાને ત્યાગની ભાવના ઉદ્‌ભવ કરે છે. આત્માનું પરમાત્મા સાથે સાયુજ્ય સાધી આપે છે.

યોગ સ્વસ્થ જીવન જીવવાની પદ્ધતિ છે. તે તન અને મનને અનુશાસિત કરે છે અને શારીરિક અને માનસિક તનાવ દૂર કરી જીવનમાં સમતા, સંવાદિતા અને શાંતિની સ્થાપના કરે છે.

**ફાલ્ગુની ઝવેરી :**

**જૈન યોગમાં ભક્તિયોગ :**

લેખિકાએ જૈન યોગની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે. 'જે જિનેશ્વર પરમાત્મા સાથે જોડી આપે તે જૈન યોગ' ગણિતમાં સરવાળાને, આયુર્વેદમાં પ્રયોગને વ્યાકરણમાં પ્રત્યય લગાડવાની ક્રિયાને યોગ કહે છે. યોગ વિષે લેખિકાએ ઉમાસ્વાતિ, પતંજલિ, ભગવદ્ ગીતા વગેરેએ આપેલ યોગની વ્યાખ્યાનો ઉલ્લેખ કર્યો છે.

વર્તમાનમાં યોગ વિશે ઘણાં ભ્રામક વિચારો પ્રચલિત છે. આચાર્ય હરિભદ્રસૂરિએ દેશવિરતિ અને સર્વવિરતિ એવા ભેદ પાડ્યા છે. અને અધિકાર ભેદે મંત્ર, લય, જપ, ધ્યાન, શાસ્ત્ર, ઈચ્છા, સામર્થ્ય અને ભક્તિયોગ જેવા અનેક પ્રકારની યોગની માહિતી બતાવી છે.

ભક્તિયોગ માટે હૃદયની સમર્પિતતાની જરૂરત છે. ભક્તિયોગ સહજ સાધ્ય છે. ભક્તિયોગમાં હૃદય આધાર સ્વરૂપ છે. ભક્તિ એટલે ભક્તની ભગવાન પ્રત્યેની ભાવના. જ્યારે એ ભાવના પોતાનામાં રહેલા ભગવાનને જગાડવાનો પ્રયત્ન ભક્તિના માધ્યમ દ્વારા કરે છે ત્યારે એ કેવળ ભક્તિ ન રહેતા 'ભક્તિયોગ' બની જાય છે.

ભક્તિયોગના ત્રણ સ્તર છે.

(૧) પરમાત્મ મિલન (૨) ગુણકલન (૩) એકાકારતા.

ભક્તિમાર્ગમાં માનવીના મનમાં રૂઢ થઈ ગયેલા અશુભ ભાવમાંથી શુભ ભાવ તરફ જવાય છે. તામસિકમાંથી રાજસિક અને રાજસિકમાંથી સાત્વિક તરફ દોરી જાય છે.

જીવ અહમ્‌માંથી અર્હમ્‌ની સાધના તરફ વળે ત્યારે ભક્તિ મુક્તિગામી બને છે. ભક્તિયોગ સમજવા માટે દ્રવ્યભક્તિ અને ભાવભક્તિ સમજવા જરૂરી છે.

જૈન સાહિત્યમાં ભક્તિયોગનો ઉલ્લેખ 'ઉત્તરાધ્યયન સૂત્ર', સર્વાર્થસિદ્ધિ, સમયસાર વગેરેમાં મળે છે. આમ ભક્તિ આદિકાળથી આગમની જ ઉપજ છે.

જૈન દર્શનની વિશેષતા એ છે કે તે વ્યક્તિપૂજા નહિ પણ ગુણપૂજામાં માને છે.

હેમચંદ્રાચાર્ય, આચાર્ય હરિભદ્રસૂરિ, ઉપા. યશોવિજયજી, ભદ્રબાહુ સ્વામી, સિદ્ધસેન દિવાકર, માનતુંગસૂરિ વગેરેએ ભક્તિભાવભરી રચનાઓ કરી છે.

**શ્રીમતી રતનબેન છાડવા :**

**જૈન યોગ :**

જૈન ધર્મની સાધના પદ્ધતિનું નામ મુક્તિમાર્ગ છે. તેના ત્રણ અંગ–સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર છે. આ રત્નત્રયી 'યોગ' કહેવાય છે.

જૈન ધર્મની સાધના પદ્ધતિ સ્વતંત્ર છે. તેનો ઉલ્લેખ 'ઉત્તરાધ્યાયન સૂત્ર'માં મળે છે. આચારાંગ સૂત્ર, સૂત્રકૃતાંગ, ભગવતી, સ્થાનાંગ વગેરેમાં પણ નિર્દેશો મળે છે. અને ઔપપાતિકમાં તપોયોગનું પ્રતિપાદન છે.

યોગની વિવિધ વ્યાખ્યાઓ અને યોગના પ્રકારો–જ્ઞાનયોગ, ભક્તિ, કર્મ, લય, કુંડલિની, રાજયોગ, તંત્રયોગ અને યંત્રયોગ બતાવ્યા છે. જૈનાગમોમાં યોગના અર્થમાં ધ્યાન શબ્દનો ઉપયોગ થયો છે.

લેખિકાએ જૈન યોગનું ઐતિહાસિક વિહંગાવલોકન કર્યું છે.

(૧) ભગવાન મહાવીરથી આચાર્ય કુન્દકુન્દાચાર્ય (વિક્રમની પ્રથમ સદી)

(૨) આચાર્ય કુન્દકુન્દાચાર્યથી આચાર્ય હરિભદ્ર સુધી (વિક્રમની આઠમી સદી સુધી)

(૩) આચાર્ય હરિભદ્રસૂરિથી ઉપાધ્યાય યશોવિજયજી સુધી. (વિક્રમની અઢારમી સદી સુધી)

(૪) ઉપાધ્યાય યશોવિજયજીથી આજ સુધી (વિક્રમની અઢારમી સદીથી આજ સુધી)

(૫) યોગના પ્રથમ યુગમાં ધ્યાનની મૌલિક પદ્ધતિ હતી. કાયોત્સર્ગ, ભાવના, વિપશ્યના અને વિચય. આ ચાર તત્ત્વોના આધાર પર ધ્યાનની પ્રક્રિયા ચાલી હતી. ભગવાનના નિર્વાણની બીજી સદી સુધી આ ક્રમ ચાલ્યો. પછી પરિવર્તનનો ક્રમ શરૂ થયો.

**જૈન યોગનો બીજો યુગ :**

જૈન સંઘ પહેલાં જે ધ્યાન પ્રધાન હતો તે આ યુગમાં સ્વાધ્યાય પ્રધાન બન્યો. અધ્યાત્મવાદી હતો તે વિદ્યા પ્રધાન બન્યો.

**જૈન યોગનો ત્રીજો યુગ :**

આ યુગમાં મંત્ર, તંત્ર અને હઠયોગનું મહત્ત્વ વધ્યું. આચાર્ય હરિભદ્ર પછી જપની પ્રતિષ્ઠા વધી.

**જૈન યોગનો ચોથો યુગ :**

જૈન યોગનો ચોથો યુગ એટલે ભક્તિયોગનો યુગ. ૧૬મી થી ૧૯ મી સદી સુધી ભક્તિમાર્ગનો પ્રભાવ વધ્યો. આ ભક્તિ વૈષ્ણવી ધારાથી પ્રભાવિત હતી.

વર્તમાન યુગ વૈજ્ઞાનિક યુગ કહેવાય છે. આચાર્ય તુલસીએ જૈન યોગ પરંપરાને પુનર્જિવિત કરવાનો પ્રયત્ન કર્યો. તેમણે સૂત્રાત્મક શૈલીમાં 'મનોનુશાસનમ્' નામક ગ્રંથ લખીને મહાપ્રજ્ઞજીને પ્રેરિત કર્યા. મહાપ્રજ્ઞજીએ પ્રેક્ષાધ્યાન પદ્ધતિનો વિકાસ કર્યો. આ પદ્ધતિમાં નવા માનવ અને નવા વિશ્વની સંરચનાનું સામર્થ્ય સમાયેલું છે.

આમ આ ચારે ય યુગની યોગસાધના પ્રેક્ષાધ્યાનની પદ્ધતિમાં વણી લેવામાં આવી છે. આમ આમાં પ્રાચીનથી અર્વાચીન યોગ પદ્ધતિનું સુંદર સંકલન કરવામાં આવ્યું છે.

**રેણુકા પોરવાલ :**

**યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી કૃત 'યોગદીપક' ગ્રંથ–એક વિહંગાવલોકન**

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસારજીએ યોગ–સાધનાની ક્રિયા–પ્રક્રિયા સામાન્યજનમાં પ્રચલિત કરી એને લોકભોગ્ય બનાવી. તે સમયે યોગ અને પાતંજલ યોગ વિષયક પુસ્તકો સંસ્કૃત અને હિન્દી ભાષામાં ઉપલબ્ધ હતા. બુદ્ધિસાગરજીએ ગુજરાતી ભાષામાં યોગાભ્યાસ શીખતા–જીજ્ઞાસુઓ માટે 'યોગદીપક' ગ્રંથની રચના કરી. તેમણે ૧૧૦ શ્લોકમાં સાધારણ માનવી યોગને રોજીંદા જીવનમાં સ્થાન આપી શકે તે માટે આ રચના કરી છે.

આ ગ્રંથમાં પૂર્વાચાર્યો દ્વારા પ્રણિત યોગની માહિતી છે. ધારણા, ધ્યાન, સમતા અને મુક્તિની ચર્ચાઓ પણ કરી છે. યોગનો મહિમા અને યોગીઓના સામર્થ્યનો ચિતાર આપ્યો છે. તેમણે યોગના અભાવમાં ભારતીયોની કરુણ સ્થિતિ જોઈ છે. તેથી યોગને મહત્ત્વ આપતા સાહિત્યની રચના કરી છે.

પ્રારંભમાં દેવગુરુને વંદન કરી આત્માની ઓળખ અને તેમના સંભારણાનું વર્ણન કર્યું છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ આત્માનો સ્વાભાવિક ધર્મ છે. આચાર્યશ્રીએ ભવ્ય જીવોને આત્મ–જ્ઞાન સહજયોગ ધારણ કરવાનો ઉપદેશ આપ્યો છે. તે ઉપરાંત સમયના પ્રચલિત અન્ય યોગ વિશેની માહિતી વિગતવાર આપીને તેનું વિવેચન ૬૩ શ્લોકમાં કર્યું છે. તેઓ કહે છે કે કોઈ એક યોગ વડે જ મુક્તિ મળે છે.

તે ઉપરાંત આ ગ્રંથમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ યોગના સર્વ અંગોની વિશદ છણાવટ કરી છે અને ૐકાર, સ્વરોદય, પ્રાણાયમ વગેરેનો સમાવેશ કર્યો છે.

ધ્યાન સાધનાની સૂક્ષ્મમાં સૂક્ષ્મ શારીરિક ક્રિયાઓનું તથા પ્રાણાયમ, ધારણા વગેરેનું આલેખન કર્યું છે.

સાચો ભક્તિયોગી ક્રિયા અને જ્ઞાન પ્રાપ્ત કરી સમતાભાવ ધારણ કરે છે. જ્ઞાનયોગી, ક્રિયાયોગી, ભક્તિયોગી અને સમતાયોગી મોક્ષે જાય છે એ વાતનું પ્રતિપાદન શ્રીમદે કર્યું છે.

આમ મુક્તિમાર્ગની છણાવટ કરતો આ સરળ સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં સામાન્ય જનને માટે રચાયેલ યોગ વિષયક ગ્રંથ છે.

**રશ્મિબેન ભેદા :**

**આચાર્ય હરિભદ્રસૂરિએ 'યોગબિંદુ'માં વર્ણવેલો યોગમાર્ગ :**

ભારતીય દર્શનોમાં યોગની ભૂમિકા આપીને યોગ શબ્દની વ્યુત્પત્તિ આપીને, યોગમાર્ગ જૈન દર્શનમાં ઋષભદેવ સ્વામીના સમયથી પ્રવર્તીત હતો તે વાત અહીં સમજાવી છે. વિક્રમની પહેલી સદીમાં કુંદકુંદાચાર્યથી શરૂ કરીને ઉમાસ્વાતિ, પૂજ્યપાદ, દેવર્ષિગણિ, જીનભદ્રગણિ, ક્ષમાશ્રમણ, આચાર્ય હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, ઉપાધ્યાય યશોવિજયજી વગેરેએ જૈન યોગમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. અને આચાર્ય હરિભદ્ર રચિત 'યોગબિંદુ' ગ્રંથનો અહીં પરિચય કરાવ્યો છે.

'યોગબિંદુ' ગ્રંથમાં આત્માને સમ્યક્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપ યોગમાર્ગ બતાવીને મોક્ષ માર્ગ આપણી સમક્ષ રજૂ કર્યો છે.

આ લેખમાં આચાર્ય હરિભદ્રસૂરિએ બતાવેલા યોગના અનુષ્ઠાનોના અનેક ભેદોનું વર્ણન કર્યું છે. આચાર્ય હરિભદ્રસૂરિએ જગતના

સર્વયોગશાસ્ત્રોનું અવગાહન કરી તેમાંથી સારા સારા પારમાર્થિક વચનો રૂપી બિંદુઓને એકઠા કરી આ 'યોગબિંદુ' ગ્રંથની રચના કરી છે. જુદા જુદા શાસ્ત્રોના દર્શનકારોના ભિન્નભિન્ન વિચારો અને મતોની સૂક્ષ્મદૃષ્ટિપૂર્વક મીમાંસા કરી તેમાં આવતા વિસંવાદોને જુદા પાડીને આ યોગબિંદુ ગ્રંથમાં તેનો સંગ્રહ કર્યો છે.

અહીં આચાર્ય હરિભદ્રસૂરિએ આત્મસ્વરૂપને પ્રગટાવનારા, અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિ સંશય–એમ યોગના પાંચ ભેદો વિસ્તારપૂર્વક સમજાવ્યા છે.

જીવાત્માઓ સંસારના પરિભ્રમણ રૂપ મિથ્યાત્વને ત્યાગી સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર રૂપ અંતરાત્મભાવોને પ્રાપ્ત કરી ઉત્તમ પુરુષાર્થ સહિત અપ્રમાદિભાવે ચારિત્ર યોગ વડે પરમાત્મભાવને પ્રાપ્ત કરે એવો યોગમાર્ગ આ 'યોગબિંદુ' ગ્રંથમાં વર્ણવાયો છે.

**શ્રીમતી નલીની શાહ :**

**અધ્યાત્મયોગી કવિ ચિદાનંદજીના પદોમાં યોગ વિષયક વિચારણા**

વીસમી સદીમાં વિદ્યમાન અને ઓછા જાણીતા જૈન યોગી કવિ ચિદાનંદજીની 'બહોંતેરી'ના પદોમાં જ્ઞાન, ધ્યાન અને યોગનું નિરૂપણ કેવી રીતે થયું છે તે અહીં આલેખ્યું છે.

ચિદાનંદજી અધ્યાત્મયોગી કવિ હતા. તેઓ અધ્યાત્મ અને યોગશાસ્ત્રમાં પારંગત અને એક ઉત્તમ સાધક હતા. આત્માનું સ્વરૂપ પામી આત્માનુભવ, આનંદાનુભવ તેમણે કર્યો હતો. ચિદાનંદજી રચિત બહોંતેરીના કેટલાંક પદોમાં યોગના વિષયનું નિરુપણ કરીને કવિશ્રીએ આત્મ સ્વરૂપની અનુભૂતિનું કાવ્યમય આલેખન કર્યું છે. અધ્યાત્મયોગી કવિ ચિદાનંદજી 'બહોંતેરી'ના કેટલાંક પદોમાં યોગના વિષયનું નિરુપણ કરીને કવિશ્રીએ આત્મ સ્વરૂપની અનુભૂતિનું કાવ્યમય આલેખન કર્યું છે. અધ્યાત્મયોગી કવિ ચિદાનંદજી 'બહોંતેરી'ના એક પદમાં કહે છે,

'ક્રિયા વિનાનું જ્ઞાન લુખ્ખું છે અને જ્ઞાન વિનાની ક્રિયા શુષ્ક છે.'

બહોંતેરીના ૨૩મા પદમાં કવિ યોગના વિષયનું નિરુપણ કરીને આત્મસ્વરૂપની અનુભૂતિ વર્ણવે છે. અધ્યાત્મના માર્ગે વિહરેલા માનવના મગજમાં સોહં સોહંની રટણા ચાલી રહે છે. આ રટણા શબ્દાતીત હોય છે. અંતરમાં સતત ચાલતા આ નાદને એનો આત્મા જ સાંભળી શકે છે.

ધ્યાનના પદની રચનામાં કવિ મોક્ષ માર્ગના સાધન તરીકે આત્મધ્યાન સિવાય અન્ય કોઈ માર્ગ નથી એ વાત સમજાવે છે.

તે ઉપરાંત પિંડસ્થ અને પદ્સ્થ ધ્યાન કેવી રીતે કરવું તે વાત પણ પદમાં કાવ્યમય બાનીમાં સમજાવે છે. ધ્યાનનો અભ્યાસ ગુરુના સાન્નિધ્યમાં કરવાથી લાભ થાય છે અને શુભધ્યાનના યોગે જીવ નિર્વાણપદને પ્રાપ્ત કરે છે. આ વાત આત્મધ્યાનમાં લીન થનાર ભરતચક્રીની કથાના દૃષ્ટાંત દ્વારા સમજાવે છે.

જૈન પદ સાહિત્યમાં કવિ ચિદાનંદજીના અધ્યાત્મરસથી ભરપૂર એવા યોગ અને ધ્યાન વિષયક પદો–વિશિષ્ટ સ્થાને બિરાજે તેવા છે.

**ડૉ. માલતી શાહ :**

**આનંદઘનજી તથા યશોવિજયજી–'જ્ઞાનસાર'ના સંદર્ભે**

અવધૂ કવિ આનંદઘનજી અને ઉપાધ્યાય યશોવિજયજી બંને પોતપોતાના ક્ષેત્રની સમર્થ પ્રતિભાઓ હતી. બન્ને યુગપુરુષોના કાર્યક્ષેત્રમાં ઘણી ભિન્નતા હતી. આનંદઘનજી યોગી હતા તો ઉપાધ્યાય યશોવિજયજી કર્મયોગી હતી. એકની વાણી ગૂઢ અને મર્મજ્ઞ તો બીજાની તાર્કિક અને વિદ્વતાસભર હતી. એક મહાત્મા–ઉન્નતિનો વિચાર કરનાર, બીજો પરોપકાર દ્વારા આત્માની પ્રગતિ સાધનાર. એકને દુનિયાની દરકાર ન હતી. બીજાને કોમ, શાસન, ગચ્છની સ્થિતિ લક્ષમાં હતી. બન્નેની દિશા જુદી હતી પણ બંને પોતપોતાના ક્ષેત્રમાં ખૂબ આગળ હતા. આનંદઘનજીનો યોગ અને અધ્યાત્મ પ્રશંસનીય હતા જ્યારે યશોવિજયજીની શાસનસેવા અપ્રતિમ હતી.

ઉપાધ્યાય યશોવિજયજીની એક પ્રગલ્ભ કૃતિ 'જ્ઞાનસાર' છે. ધર્મ, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મના વિશાળ સાગરમાંથી સારતત્ત્વ ઝીલીને આ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથમાં જૈન પરિભાષાના ભાર વગરની આધ્યાત્મિક વાતો અને આનંદઘનજીની રચનાઓ સાથે વત્તાઓછા પ્રમાણમાં સામ્ય છે.

આનંદઘનજીના સાહિત્યમાં એકસો આઠ પદો અને બાવીસ સ્તવનોનો સમાવેશ થાય છે. આ પદો અને સ્તવનોમાં અપૂર્વ યોગજ્ઞાન અને અધ્યાત્મ રજૂ થયા છે.

જ્ઞાનસાર અને આનંદઘનજીની કૃતિઓ બંનેની શૈલીમાં ઘણો તફાવત હોવા છતાં બંનેની વિચારધારામાં સામ્ય છે. લેખિકાએ બંનેની કૃતિઓમાંથી દૃષ્ટાંતો આપી નીચેના વિષયોની સમાનતાઓ દર્શાવવામાં આવી છે.

હીરા અને ચિંતામણીનો ત્યાગ, આશારૂપી જંજીર, મમત્વપાશ, મોહમાયા અને મમતાનું આકર્ષણ, સાચા કુટુંબીજનો, મોક્ષ અને પૂજા, આગમ અને પરંપરાનો સ્વીકાર, યોગ, અનુભવદશા તથા નિર્ભય નગર.

**કીર્તિબેન દોશી :**

**જૈન યોગ :**

'જે સાધનોમાં આત્માની સિદ્ધિ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે તે જૈન યોગ છે.'

લેખિકા ઉપરની વાત સમજાવીને કહે છે કે યોગની ક્રિયાઓ આપણી સૂતેલી ચેતના શક્તિ જાગ્રત કરી તેનો વિકાસ કેવી રીતે કરે છે અને રોગમાંથી કેવી રીતે મુક્તિ અપાવે છે તે વાત સૂક્ષ્મ રીતે સમજાવે છે.

આસન, પ્રાણાયમ દ્વારા શરીરમાં કેવી રીતે સ્ફૂર્તિ આવે છે, યોગ દ્વારા હૃદય રોગ જેવી ભયંકર બિમારીમાંથી મુક્ત થવાય છે અને યોગ દ્વારા શરીરને કેવી રીતે તંદુરસ્ત રાખી શકાય છે તેનું આલેખન કર્યું છે.

તે ઉપરાંત આ લેખમાં તેમણે સમજાવ્યું છે કે યોગના કયા આસનો કોણે કરવા જોઈએ અને કોણે ન કરવા જોઈએ. યોગની સિદ્ધિ ગુરુકૃપા દ્વારા જ થઈ શકે છે અને યોગના પંદર આસનનો સંક્ષિપ્ત પરિચય અહીં આપવામાં આવ્યો છે.

**આશાબેન ગાંધી :**

**જૈન યોગ :**

આ નિબંધમાં યુજ્ ધાતુ પરથી બનેલા યોગ શબ્દનો અર્થ સમજાવી તેની વ્યાખ્યા આપતાં કહ્યું છે, **'આત્માની સ્વરૂપ પૂજા કરાવી આપે તે યોગ.'**

હેમચંદ્રાચાર્યે પોતાના 'યોગશાસ્ત્ર' ગ્રંથમાં રત્નત્રયીને યોગના શાસ્ત્ર સાથે જોડ્યા છે. યોગના પ્રકારો બતાવ્યા છે. રત્નત્રયી યોગ, પંચાસાર, વિશિષ્ઠ સમ્યક્ દર્શન, ચારિત્રયોગ, અહિંસાયોગ, આશ્રવ, સંવર, નિર્જરા યોગ, શુદ્ધિ, પુરુષાર્થ, ક્રિયાયોગ, ભાવના, ધ્યાનયોગ. આ સર્વયોગના ભેદો–પ્રભેદો વિસ્તારપૂર્વક સમજાવ્યા છે.

અંતમાં કહ્યું છે કે જીવને સાધ્ય પ્રાપ્તિ કરવા માટે યોગ એ એકલું જ સાધન નથી પણ ઘણાં સાધનો પૈકી એક અગત્યનું સાધન છે. મોક્ષનો મુખ્ય હેતુ ધ્યાનમાં રહી જે કોઈ પણ પ્રવૃત્તિ કરવામાં આવે અને તે મોક્ષ સાથે જોડનાર હોય તો તેને 'યોગ' કહેવામાં આવે છે.

**બીજી બેઠક : તા. ૮-૯-૦૬, શુક્રવાર : બપોરે ૩-૩૦ વાગે**

આ દિવસની બપોરની બેઠકનો વિષય હતો 'જૈન પત્રકારિત્વ.' આ બેઠકના અધ્યક્ષપદે પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ 'જૈન પત્રકારત્વની દશા

# સર્જન સ્વાગત

*('જીવન'ને 'પ્રબુદ્ધ' તત્ત્વ તરફ ગતિ કરાવનારા મુખ્ય બે સાધનો, એક સંત સમાગમ અને બીજું ઉત્તમ વાંચન. વિદ્વાન લેખકો શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પોતાના સર્જનો ભાવપૂર્વક મોકલતા રહે છે. એ સર્વનો ઋણ સ્વીકાર કરી એ પુસ્તકોની વિગતો 'પ્રબુદ્ધ જીવન'ના જિજ્ઞાસુ વાચકો સમક્ષ પ્રસ્તુત કરવાનો અભિગમ સ્વીકારી આ અંકથી આ 'સર્જન સ્વાગત' વિભાગનો પ્રારંભ કરતા અમે આનંદ અનુભવીએ છીએ.*

*જૈન ધર્મના ઊંડા અભ્યાસી તેમજ અનેક વિદ્યાર્થીઓના પીએચ.ડી.ના માર્ગદર્શક એવા ગુજરાતીના નિવૃત્ત પ્રાધ્યાપિકા ડૉ. કલાબહેન શાહે આ જવાબદારી વહન કરવાની સંમતિ આપી છે એ અમારા માટે વિશેષ આનંદ ગૌરવની વાત છે.*

*હવે પછીના અંકોમાં ડૉ. કલાબેન શાહ લિખિતં વિવિધ પુસ્તકોની માહિતી અને અવલોકનો પ્રસ્તુત થશે. જેથી જિજ્ઞાસુ યોગ્ય લાગે તો એ પુસ્તકો પાસે જઈ શકે. આશા છે કે 'પ્રબુદ્ધ જીવન'ના જિજ્ઞાસુ વાચકો આ વિભાગને આવકારશે-તંત્રી.)*

(આવું જ્ઞાનવર્ધક કાર્ય આત્મિય મિત્ર ડૉ. ધનવંત શાહે મારામાં શ્રદ્ધા રાખી મને સોંપ્યું એ માટે એમનો આભાર માનું તો એમને ન જ ગમે. મારું પરમ સદ્ભાગ્ય કે આ નિમિત્તે મને સ્વાધ્યાય કરવાનો લાભ થશે.

આ વિભાગનો પ્રારંભ અમારા ગુરુવર્ય ડૉ. રમણલાલ શાહના લેખથી થાય એવો ભાવ અમારા મનમાં હતો અને યોગાનુયોગ પૂ. સાહેબની ફાઈલમાંથી પૂ. મુનિરાજ હિત વિજયજીના પુસ્તક 'ગુજરાતી લિપિ' વિશેનો લેખ પ્રાપ્ત થતાં એઓશ્રીના એ લેખથી આ વિભાગનો પ્રારંભ કરતા કૃતાર્થતા અને આનંદ અનુભવું છું.-**કલા શાહ**)

**ગુજરાતી લિપિ-લેખક મુનિશ્રી હિતવિજયજી**

**પ્રકાશક** : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨. દશ્ય ચિત્રો સાથે ડબલ ક્રાઉન સાઈઝમાં પૃષ્ટ સંખ્યા ૯૨, મૂલ્ય રૂા. ૮૦/- સુધારા વધારા સાથેની બીજી આવૃત્તિ-૨૦૦૬.

આ આવૃત્તિમાં પ્રકાંડ પંડિત કે. કા. શાસ્ત્રી, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ. પ્રવિણચંદ્ર પરીખ, ડૉ. અ. ન. જાની, આચાર્ય વિજય જયસુંદર સૂરિ, ડૉ. ભારતી સેલત, આચાર્ય વિજય પૂર્ણચંદ્રસૂરિ, ડૉ. ભારતી મોદી, ડૉ. ગૌતમ પટેલ, પ્રા. નરોત્તમ પલાણ, ડૉ. રતિલાલ બોરીસાગર, ડૉ. રમણલાલ ચી. શાહ, ડૉ. ઉર્મિ દેસાઈ વગેરે મહાનુભાવોના આ પુસ્તક વિશેના આવકાર લેખો પ્રગટ થયા છે.

આ પુસ્તકની પહેલી આવૃત્તિ જે ૨૦૦૪માં પ્રગટ થઈ હતી ત્યારે ડૉ. રમણભાઈએ જે લેખ લખ્યો હતો એ અહીં પ્રસ્તુત છે.

### ગુજરાતી લિપિ વિશે અધિકૃત વિમર્શ

પરમ પૂજ્ય મુનિ શ્રી હિતવિજયજી મહારાજ કૃત 'ગુજરાતી લિપિ' નામની આ પ્રમાણભૂત અને ઉપયોગી પુસ્તિકાને આવકારતાં હું હર્ષ અનુભવું છું.

આજે એકવીસમી સદીમાં પણ દુનિયામાં જંગલોમાં અને પહાડીઓમાં એવા આદિવાસી લોકો જીવે છે કે જેઓ પોતાનો પરસ્પર વાતચીત-વ્યવહાર ચલાવે છે, પરંતુ તેઓ લખતા-વાંચતા નથી. તેમની પાસે એવું કોઈ માધ્યમ નથી અને એની ઊણપ તેઓને ક્યારેય સાલતી નથી.

પોતાની અનુપસ્થિતિમાં પોતાના વિચારો કે ભાવો બીજા સુધી પહોંચાડવાનું માધ્યમ તે લિપિ છે. લિપિ એટલે પ્રાચીન કાળની સાંકેતિક ચિત્રકલા. પ્રદેશે પ્રદેશે અને બાલ્યાવસ્થાથી વૃદ્ધાવસ્થા સુધી અવસ્થા ભેદે મનુષ્યના ઉચ્ચારણ-અવયવોનું અને એથી ઉચ્ચારોનું અપાર વૈવિધ્ય રહેવાનું. એટલે જ કોઈ પણ લિપિ ક્યારેય સંપૂર્ણ હોવાનો દાવો કરી શકે નહિ. એકસરખા ઉચ્ચારસમૂહોના પ્રતિનિધિ રૂપ લાઘવયુક્ત પ્રતીકોની બનેલી લિપિથી માનવજાતનો વ્યવહાર નભે છે.

ભગવાન ઋષભદેવે પોતાની પુત્રી બ્રાહ્મીને અક્ષરજ્ઞાન આપ્યું હતું. એટલે લિપિ માટે 'બ્રાહ્મી' શબ્દ પ્રાચીન કાળથી પ્રચલિત થઈ ગયો છે. ઠેઠ પ્રાગૈતિહાસિક કાળથી વર્તમાન સમય સુધીમાં દુનિયાની વિવિધ ભાષાઓમાં અને લિપિઓમાં ફેરફારો થતા રહ્યા છે. કોઈ પણ ભાષા કે લિપિ એ જ સ્વરૂપે શાશ્વત રહી ન શકે. એમાં, ભલે મંદ ગતિએ પણ, પરિવર્તન આવ્યા વિના રહે નહિ, કારણ કે જીવન સતત વિકાસશીલ છે અને પેઢીઓની આવનજાવન ચાલતી રહે છે. એટલે વિકાસશીલ જીવન શૈલીનો પ્રભાવ, જીવનનાં અંગભૂત એવાં ભાષા-લિપિ પર પડ્યા વિના રહે નહિ.

ભાષા અને લિપિનું ક્ષેત્ર એટલું વિરાટ છે કે લોકવ્યવહારમાં અજ્ઞાનથી કે ઇરાદાપૂર્વક અશુદ્ધ લેખન-ઉચ્ચારણને કરનારને સરકાર કે સમાજ શિક્ષા કરી શકે નહિ. વળી શુદ્ધિ-અશુદ્ધિની વિભાવના પણ સાપેક્ષ છે. પરંતુ પ્રત્યેક સમાજ પોતાનાં ભાષા-લિપિનું શિષ્ટ-માન્ય સ્વરૂપ પ્રવર્તાવી શકે છે. એટલે શિષ્ટ ભાષા અને લોકબોલીના ભેદ જગતમાં સર્વત્ર કાયમ રહેવાના.

ભારતમાં ભાષા-લિપિના વિષયમાં હજારો વર્ષથી ચાલી આવેલી સંસ્કૃત-પ્રાકૃત ભાષા અને દેવનાગરી લિપિનું પ્રદાન સર્વશ્રેષ્ઠ રહ્યું છે. આ અમૂલ્ય વારસાને જાળવી રાખવો એ આપણું કર્તવ્ય છે અને આપણા પોતાના જ હિતની એ વાત છે. એમાં પરિવર્તન ન થઈ શકે એવું નથી. થયું પણ છે. પરંતુ પરિવર્તન કરવાના સભાન એકલદોકલ કે છૂટા છવાયા પ્રયાસો પરપોટારૂપ જ સાબિત થવાના. લોકશાહીના વર્તમાન કાળમાં તો અખબારાદિ પ્રચાર માધ્યમો ગ્રંથ પ્રકાશકો, સરકાર અને સરકારી તથા અન્ય કચેરીઓ, યુનિવર્સિટીઓ અને અન્ય વિદ્યા સંસ્થાઓ વગેરે પરસ્પર વિમર્શ, સંમતિ અને સહકારથી લિપિમાં જો પરિવર્તન કરાવે તો તે દીર્ઘજીવી બની શકે.

સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષા-વ્યાકરણના જાણકાર પ. પૂ. શ્રી હિત વિજયજી મહારાજ ગુજરાતી લિપિ, જોડાક્ષરો, ઉચ્ચારશુદ્ધિ, લેખનશુદ્ધિ ઇત્યાદિ માટે એક મિશન લઈને કાર્ય કરી રહ્યા છે. એમની પાસે એ વિષયનું શાસ્ત્રીય જ્ઞાન છે અને હૈયાસૂઝ પણ છે. આ નાની પુસ્તિકામાં એમણે જે ઝીણવટભર્યું વિશ્લેષણ કર્યું છે તે જોતાં આ વાતની સદ્ય પ્રતીતિ થશે.

ગુજરાતી લિપિમાં લેખનશુદ્ધિ અને એકવાક્યતા જાળવવા માટે એમનાં આ વિષયનાં પુસ્તકો શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તક જેવાં બની રહેવાં જોઇએ.

☐ **રમણલાલ ચી. શાહ**

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

**(આગળના અંકથી આગળ)**

(૧૧)

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧

संस्कृत प्रत्यक्षसद्गुरूतुल्या परोक्षोपकृतिर्न हि ।
अकृत्वैतादृशं लक्ष्यं नोद्गच्छेदात्मचा रणम् ।। ११ ।।

हिन्दी प्रत्यक्ष सद्गुरु सम नहीं, परोक्ष प्रभु उपकार ।
ऐसो लक्ष भये बिना, सुझे न आत्म–विचार ।। ११ ।।

अंग्रेजी Indirect Jin (Lord) cannot oblige,
As does the direct Teacher true;
Without this key, would not arise,
The thought of self, or searching through. 11

(૧૨)

સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ. ૧૨

संस्कृत विना सद्गुरूवाचं हि ज्ञायते न जिनात्मता ।
ज्ञाने तु सुलभा सैवाऽज्ञाने उपकृतिः कथम् ? ।। १२ ।।

हिन्दी सद्गुरु के उपदेश बिनु, गम न परत प्रभु–रूप ।
तब उपकार हि क्या बने ? गमसों हो जिन–भूप ।। १२ ।।

अंग्रेजी Without true Teacher's exposition,
None can know the Lords as Lord;
In ignorance no obligation,
Such understanding makes him God. 12

(૧૩)

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહીં, ત્યાં આધાર સુપાત્ર. ૧૩

संस्कृत यत्र प्रत्यक्षता नास्ति सद्गुरुस्तातपादिव ।
सत्पात्रे शरणं शास्त्रं तत्रात्मादिनिरूपकम् ।। १३ ।।

हिन्दी आत्मादिक अस्तित्व के, जो दर्शक सत्शास्त्र ।
प्रत्यक्ष संत–वियोग में, हैं आधार सुपात्र ।। १३ ।।

अंग्रेजी True scriptures soul and all expound,
To seekers fit, unerring guide;
Where direct teacher is not found,
`Tis next best for one's safer side. 13

(૧૪)

અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪

संस्कृत सद्गुरूणाऽथवा प्रोक्तं यद् यदात्महिताय तत् ।
नित्यं विचार्यतामन्तस्त्यक्त्वां पक्षमतान्तरम् ।। १४ ।।

हिन्दी अथवा गुरु-आज्ञा मिली, जो स्वाध्याय विशेष ।
निमता होय विचारिये, नित्य नियम सुप्रवेश ।। १४ ।।

अंग्रेजी Or whatever true Teacher said,
For thinking deep, daily practise;
Forgetting sects, popular head,
Opposition of families. 14

(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત 'સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી) (વધુ આવતા અંકે)

## પંથે પંથે પાથેય...

અનુસંધાન પૃષ્ટ છેલ્લાથી ચાલુ

તે તો સમજાય એવું છે. પરંતુ તે વસ્તુ, પ્રાણી કે વ્યક્તિને યેનકેન પ્રકારે પામવા માટે માનવી ઉધામા કરે–ક્યારેક કોઈના પ્રાણ પણ હરે! તો તેમાં માનવતા ક્યાં રહે? ઇકોલોજીસ્ટ વૈજ્ઞાનિકો કહે છે તે યોગ્ય જ છે કે જે વસ્તુ, પ્રાણી વગેરે, જ્યાં છે ત્યાં જ, એનાં કુદરતી વાતાવરણમાં બરાબર છે, સિવાય કે સામે ચાલીને એ તમને મળે! આ ફિલસુફી પ્રમાણે જીવવાથી માલિકી–હક્કનો સંતોષ માનવીને મળતો નથી. ફૂલ તોડવાની પાછળ, મનોવૈજ્ઞાનિક દષ્ટિએ જોતાં, આ માલિક-ભાવ, કબજો મેળવવાનો ભાવ, અને એ રીતે પોતાનો અહમ્ પોષવાનો ભાવ જ હોય છે.

તોડેલું ફૂલ કદી આપણું તો હતું જ નહિ! એ તો એના જન્મદાતા છોડ, વૃક્ષનું જ હતું. જો એ છોડ, વૃક્ષ પરથી કુદરતી રીતે જ પડી ગયું હોય, અને આપણને કોઈ બાગ કે ઉપવનની પગદંડીએ ચાલતાં જમીન પર પડેલું મળી જાય તો એને ભલે આપણે ઘરે લઈ જઈએ યા મંદિરે! ભલે એને ફૂલદાનીમાં મૂકીએ, અંબોડે ખોસીએ, કે 'ભગવાન પર ભગવાન' માની ચઢાવીએ. ભોંય ભેગાં થયેલાં ફૂલના રંગ, ગંધ, સ્પર્શને માણીએ એમાં જરાય ખોટું નથી! પરંતુ અન્યથા તો ફૂલને એનું આયુ એના જનક છોડ, વૃક્ષ પર જ પૂરૂં કરવા દેવું જોઈએ.

ભલે કોઈ કોકિલ–કંઠી જ્યુતિકા રોય જેવી ભજનિક, કલિને મુખે પોતાના હૃદયની ઉર્મિઓને વાચા આપવા 'કુસુમ કલિ હું પૂજન કી...' જેવાં ભજન ગાય! આપણે તો શાસ્ત્રિય ગાયક વિષ્ણુ પલુસકરે ગાયેલાં રાગદારી ગીતના ભ્રમરની જેમ અહિંસક જીવન જીવવાનું છે. ગીતનું મુખડું છે: 'કલિયન સંગ કરતા રંગ રલિયાં!' ભ્રમર કલિને ચૂંટતો નથી; ફક્ત ચૂમે છે! એને પોતાનું સંગીત સંભળાવે છે! એનું મનોરંજન કરે છે! થોડા પુષ્પ–પરાગ લઈને ઊડી જાય છે! આપણને, માનવીને, અહિંસક જીવન જીવવાનો એક બોધપાઠ આપી જાય છે!

☐ ડૉ. એમ. એમ. ભમગરા
'કોઝી કોના', ૧૯, રવિ સોસાયટી, રાયવુડ, લોનાવલા–૪૧૦૪૦૧.

✱✱✱

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2006-08



# પંથે પંથે પાથેય...

## 'કલિયન સંગ કરતા રંગરેલિયાં!'

ઘણાં વર્ષો પહેલાં વૈદ્ય-કવિ લાભશંકર ઠાકરે એક લેખ લખેલો, જેનું શિર્ષક હતું '**ફૂલને ઈજા કરનારામાં પ્રેમ હોઈ શકે ?**' કેટલાય વાંચકોને આ લેખ ચોખલિયાવૃત્તિવાળો લાગ્યો હતો! એવું લાગે તેમાં નવાઈ નહિ! આજે તો અહિંસામાં માનનાર જૈન પણ ફૂલ તોડવામાં, કે તોડેલાં ફૂલની વેણી પહેરવામાં, ફૂલનો ગુચ્છ ભેટ આપવામાં કે લેવામાં, સંકોચ અનુભવતો નથી. ભગવાનની મૂર્તિને ચરણે ફૂલ અર્પણ કરવામાં કે મૂર્તિને પુષ્પમાળા પહેરાવવામાં પણ કોઈને સંકોચ લાગતો નથી. નાનામોટા સમારંભોના આયોજકોને પુષ્પોથી સભામંચ સુશોભિત ન બનાવવા માટે આ લેખકે ક્યારેક આજીજી કરી છે, પરંતુ તે જવલ્લેજ ગણકારાઈ છે. પુષ્પગુચ્છ કે ફૂલ-માળા ભેટ ન આપવા માટેની વિનંતી પણ ભાગ્યેજ સ્વીકારાઈ છે.

કુસુમને વેણીમાં ગૂંથવાની કે અંબોડે મૂકવાની વાત કરાઈ હોય એવાં કાવ્યો-ભલે ઊમાશંકર કે રા. વિ. પાઠક જેવા કવિઓની કૃતિ હોય, તેને પણ 'લાઠા' એ વખોડ્યાં છે. આપણને લાગે કે લાભશંકર ઠાકર શુષ્ક કે શૃંગાર રસ વિહીન માણસ છે, જે અંબોડામાં ફૂલ જોઈને કંપી ઉઠે છે; પરંતુ વાસ્તવમાં 'લાઠા' તો કવિ કાલીદાસની શકુંતલા જેવા છે જે કદી ફૂલ તોડતી નહિ!

'લાઠા' જેવા સંવેદનશીલ માણસ આપણી અવની પર બહુ થોડા છે-અને દિન-પ્રતિ-દિન એમની સંખ્યા ઘટતી જાય છે, તે ખેદની વાત છે. પર્યાવરણ-શાસ્ત્રીઓ (ઇકોલોજીસ્ટસ)માં આવી સંવેદના જોવા મળે છે ખરી; એ વૈજ્ઞાનિકો તો કહે છે કે કોઈ પણ વસ્તુ, વનસ્પતિ કે પ્રાણી, જ્યાં એ જન્મ્યું છે, યા જ્યાં એ છે, ત્યાં જ એને રહેવા દો, સિવાય કે કોઈ ખાસ કારણે એને ખસેડવાનો કે 'ટ્રાન્સપ્લાન્ટ' કરવાનો સંજોગ ઉભો થાય! અમેરિકાના અસલ વતની એવા રેડ ઈન્ડિયનો આજે પણ માને છે કે પૃથ્વીના પાતાળમાંથી ખનિજ તેલ ('ફોસીલ ફ્યુઅલ') કાઢવાથી ધરતીમાતાને ભારે યાતના ભોગવવી પડે છે. જૈન ધર્મની માન્યતા પ્રમાણે પણ આપણી અવની એકેન્દ્રિય જીવ ગણાયો જ છે. તો એને દુ:ખ પહોંચે એમ કહેવામાં વાંધો ન ગણાવો જોઈએ. નોબેલ ઈનામ જીતનાર મીશનરી ડૉક્ટર આલ્બર્ટ સ્વાઈત્ઝર, જેમણે આપણને 'રેવરન્સ ફોર લાઇફ'નો પયગામ આપ્યો, તેમણે પણ માનવીમાં ભરપૂર સંવેદનશીલતા હોવી જોઈએ એમ કહ્યું હતું; વૃક્ષ પરથી એક પર્ણ પણ ખાસ કારણ વિના ન તોડવાની વાત કરેલી. મહાન વૈજ્ઞાનિક સર જગદીશચંદ્ર બોઝે પોલાદમાં પણ પ્રાણ હોય છે એવું ૭૦ વર્ષ પહેલાં પ્રતિપાદિત કરેલું; એમની વાતોની શરૂઆતમાં તો ઠેકડી કરાતી હતી. પરંતુ ત્યાર પછી અનેક વૈજ્ઞાનિકો વિમાન અકસ્માતોનાં કારણોમાં ધાતુઓના થાક ('મેટલ ફટીગ')ની વાત કરતા રહ્યા છે! નિર્જીવ વસ્તુને તો થાક હોય જ નહિ, તો પછી 'મેટલ ફટીગ'ની વાત કરવી એટલે એલ્યુમિનિયમ એલોયનાં બનેલ વિમાનમાં જીવ છે, એવા નિષ્કર્ષ પર આવવાની વાત ગણાય!

કિશોર અવસ્થામાં એક ભજન સાંભળવા મળતું તે ફૂલોના સંદર્ભમાં યાદ આવે છે.

*'અજબ હયરાન હું ભગવન!*
*તુમ્હે ક્યું કર રીઝાવું મૈં?*
*કોઈ વસ્તુ નહિં ઐસી,*
*જીસે સેવામેં લાવું મૈં!*
*લગાના ભોગ કુછ તુમકો,*
*યહ એક અપમાન કરના હૈ!*
*ખીલાતા હૈ જો સબ સંસાર કો,*
*ઉસકો ખીલાવું મૈં?!*
*તુમ્હારી જ્યોતિ સે રોશન,*
*હૈ સુરજ, ચાંદ ઔર તારે!*
*મહા અંધેર હૈ, તુમકો*
*અગર દિપક દીખાવું મૈં!*
*ન ભૂજા હૈ ન સીના હૈ,*
*ન ગરદન હૈ, ન પેશાની!*
*કે હૈ નિર્લેપ નારાયણ, કહાં*
*ચંદન લગાવું મૈં?'*

આ બધી પંક્તિઓ ખૂબ જ વિચાર મનન માંગી લે એવી છે. પરંતુ ફૂલો સંબંધી આપણા ખ્યાલોને પુષ્ટિ આપતાં કવિ કહે છે તે આ છે:

*'તુમ્હી હો મૂર્તિ મેં ભી;*
*તુમ્હી હો વ્યાપક ફૂલોં મેં!*
*ભલા! ભગવાન પર ભગવાન*
*કો કયસે ચઢાવું મૈં?'*

આપણી મુશ્કેલી એ છે કે પત્થરની મૂર્તિમાં પણ આપણને ભગવાન દેખાતા નથી, તો ફળ, ફૂલ કે પેંડાના પ્રસાદમાં તો ક્યાંથી એનાં દર્શન થવાનાં?

કોઈ ઈશ્વર, કોઈ ધર્મગ્રંથ, કે કોઈ ગુરુનાં અવલંબન વિના જ જેમણે અડધી સદી ઉપરાંત, માનવ સમાજને ઉત્કૃષ્ટ જીવન જીવવાનો મનોવૈજ્ઞાનિક દિવ્ય માર્ગ બતાવ્યો, એવા જે. કૃષ્ણમૂર્તિની વાત 'લાઠા' કરે છે તે પણ વિચારવા જેવી છે. એક સન્યાસી રોજ સવારે એક વૃક્ષ પરથી ફૂલો ચૂંટી ચૂંટીને કોઈ પથ્થરની મૂર્તિ પર ચઢાવવા લઈ જતો, તે જોઈને કૃષ્ણજીને અફસોસ થતો કે એક નિષ્પ્રાણ પાષાણની મૂર્તિ માટે આટલી બધી જીવંત કલિઓનો ભોગ એક સન્યાસી વ્યક્તિ કઈ રીતે લઈ શકે?

પરંતુ માણસનો સ્વભાવ જ એવો છે કે કાંઈ પણ સુંદર જુએ તો તેને હસ્તગત કરવા એને મન થાય! આપણો જ એક બાગ હોય, અને એ બાગમાં સુંદર ફૂલો થતાં હોય, તો એ ફૂલોને એના જન્મદાતા છોડ પર રહેવા દઈ, એનું સૌંદર્ય માણવાને બદલે એને તોડી લાવી શયનખંડમાં કે દીવાનખંડમાં, એક ફૂલદાનીમાં મૂકીએ તો જ આપણને ચેન પડે! માનવીના હિંસક સ્વભાવના એક સ્વરૂપ તરીકે જ આ 'ફૂલ-તોડ' પ્રવૃત્તિ ન ગણી શકાય? 'વૃક્ષ બચાવ' કે 'ચીપકો આંદોલન'ની જેમ 'ફૂલ-બચાવ' આંદોલન પણ જરૂરી છે! એ માટે એક બીજો સૌંદર્યનો લાલ; સુંદર-લાલ, બહુ-ગુણવાળો પેદા થવો જરૂરી છે! માનવીમાં સૌંદર્યબોધ સાથે નિર્દયતા, નિષ્ઠુરતા પણ જન્મજાત ચાલતી આવી છે. વાઘ કે હરણના ચામડાંનું એને એટલું આકર્ષણ હોય છે કે એ પ્રાણીઓને નિષ્પ્રાણ કરીને એ ચામડું એ મેળવીને જ જંપે છે! સુંદર વસ્તુ, સુંદર પ્રાણી, સુંદર સ્ત્રી, કે સુંદર પુરુષ તરફ આકર્ષણ થાય

**(વધુ માટે જુઓ પાનું ૧૯)**

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

✱✱✱ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✱✱✱

# પ્રબુદ્ધ જીવન


| છૂટક નકલ રૂા. ૧૦/- | તા. ૧૬ માર્ચ, ૨૦૦૭ | વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- |
|---|---|---|
| વિક્રમ સંવત : ૨૦૬૩ | વીર સંવત : ૨૫૩૩ | ફાગણ વદી – તિથિ : ૧૨ |


## દાર્શનિક તત્ત્વચિંતક પંડિત સુખલાલજી
## સવા શતાબ્દી વિશેષાંક

### જિન-વચન

### સત્ય અને મૌન

तहेव फरुसा भासा गुरुभूओवधाइणी ।
सच्चा वि सा न वत्तव्वा जओ पावस्स आगमो ।।

–दसवैकालिक–७-११

સત્ય ભાષા પણ જો કઠોર હોય અને પ્રાણીઓનો મોટો ઘાત કરનારી હોય તો તે બોલવી નહિ, કારણ કે એથી પાપકર્મ બંધાય છે.

सत्य भाषा भी यदि कठोर और प्राणियों का बड़ा घात करने वाली हो तो न बोली जाए, क्यों कि इस से पाप-कर्म का बंध होता है ।

One should not utter harsh language which may lead to killing, even if it is true, since it is sinful.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી).

## આચમન

સત્યની જિજ્ઞાસા અને શોધ કોઇપણ એક સદીને વરેલી નથી, દરેક સદી અને યુગમાં, ઇચ્છે તેને માટે એનો સંભવ છે અને બીજાને માટે ગમે તે સદીમાં અને ગમે તે યુગમાં પણ એનાં દ્વાર બંધ જ છે.

x x x

દેહ ધારણ કરવો, શ્વાસોચ્છ્વાસ લેવો, જ્ઞાનેન્દ્રિયોથી જાણવું, કર્મેન્દ્રિથી કામ કરવું, એટલું જ માત્ર જીવન નથી, પણ મનની અને ચેતનની જુદી જુદી ભૂમિકાઓમાં જે સૂક્ષ્મ અને સૂક્ષ્મતર અનેક પ્રકારનાં સંવેદનો અનુભવવાં તે પણ જીવન છે. આવા વ્યાપક જીવનનાં પાસાં પણ અનેક છે. એ બધાં પાસાંને દોરવણી આપનાર અને જીવનને ચલાવનાર દૃષ્ટિ છે. જો દૃષ્ટિ સાચી તો તેનાથી દોરવાતું જીવન ખોડખાંપણ વિનાનું; અને જો દૃષ્ટિ ખોટી કે ભૂલભરેલી તો તેનાથી દોરવાતું જીવન ખોડખાંપણવાળું જ હોવાનું.

x x x

જે જીવવાની કળા હસ્તગત કરે છે તેને સાધનો તથા સગવડની ઊણપ વિષે ફરિયાદ કરવાપણું હોતું નથી. તે તો પોતાની સામે જેવાં અને જેટલાં સાધનો હોય, જેટલી અને જેવી સગવડ હોય તેનો એવી સજીવ કળાથી ઉપયોગ કરે છે કે તેમાંથી જ તેની સામે આપોઆપ નવાં સાધનોની સૃષ્ટિ ઊભી થાય છે. તે વણમાગી આવીને ઊભી રહે છે. જે આવી જીવનકળા જાણતો નથી તે હંમેશાં આ નથી, તે નથી, આવું નથી, તેવું નથી એવી ફરિયાદ કર્યા જ કરે છે, અને તેની સન્મુખ ગમે તેટલાં અને ગમે તેવાં સાધનો ઉપસ્થિત હોય તો પણ તેનું મૂલ્ય સમજાતું નથી, કારણ કે તે જંગલમાંથી મંગલ કરવાની કળા જ ધરાવતો નથી.

☐ પંડિત સુખલાલજી

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | તેજોમય વિદ્યાપુરુષ પંડિત સુખલાલજી | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | પુણ્યશ્લોક પંડિત સુખલાલજી–કેટલાંક સંસ્મરણો | પ્રા. શ્રીમતી તારાબહેન ર. શાહ | ૬ |
| (૩) | સત્ય, સમાજ, સમષ્ટિ સમન્વય અને સંસ્કૃતિના ઉદ્‌ઘોષક | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૦ |
| (૪) | પંડિત સુખલાલજીનો વિદ્યાપુરુષાર્થ | ડૉ. જવાહર પી. શાહ | ૧૨ |
| (૫) | 'પાવન પુરુષની નિશ્રામાં' | શ્રી પ્રતાપકુમાર ટોલિયા | ૧૫ |
| (૬) | પંડિત સુખલાલજીની સવાશતાબ્દી નિમિત્તે યોજાયો પરિસંવાદ | શ્રી કેતન જાની | ૧૮ |
| (૭) | પંડિત સુખલાલજીના ગ્રંથો | — | ૧૯ |
| (૮) | જૈન પારિભાષિક શબ્દો | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૨૦ |
| (૯) | સર્જન સ્વાગત | ડૉ. કલાબેન શાહ | ૨૧ |
| (૧૦) | ગાંધીજી અને પંડિત સુખલાલજી | — | ૨૪ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/- | U.S. $ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/- | U.S. $ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/- | U.S. $ 40-00 |
| આજીવન લવાજમ | રૂા. ૨૫૦૦/- | U.S. $ 112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/- | U.S. $ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

* ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો. કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

* આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

☐ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/
● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૩ ● તા. ૧૬ માર્ચ, ૨૦૦૭ ● ● ૩ ●
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●
તંત્રી : ધનવંત તિ. શાહ

## તેજોમય વિદ્યાપુરુષ પંડિત સુખલાલજી

ગુજરાતી સાહિત્ય પરિષદની શ્રી હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ અને આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭-૨-૨૦૦૭ના મુંબઈના બાબુભાઈ ચિનાય સભાગૃહ-ઇંડિયન મર્ચન્ટ ચેમ્બરમાં દાર્શનિક તત્ત્વચિંતક પંડિત સુખલાલજી સવા શતાબ્દી પરિસંવાદનું આયોજન થયું.

બન્ને સંસ્થા માટે એ કૃતજ્ઞતા અને કૃતાર્થતાનો ધન્ય દિવસ હતો. આ સંસ્થાના પ્રાણ સમા શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયા અને પંડિત સુખલાલજીનો પરિચય કાશીમાં જ્ઞાનઉપાર્જન સમયે થયો હતો અને પછી એ મૈત્રી જીવન ભર અખંડ રહી હતી. એટલું જ નહિ લગભગ ૭૧ વર્ષથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાન માળાની પરિકલ્પના પંડિતજીએ કરી હતી અને આ વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને સતત ૩૦ વર્ષ સુધી એઓશ્રીએ બિરાજી સમાજ તરફ નવા નવા ચિંતનની ગંગા વહાવી હતી.

એજ રીતે ગુજરાતી સાહિત્ય પરિષદ સાથે એમનો ગાઢ અને મમતભર્યો સંબંધ હતો અને આ પરિષદના નવા બંધારણની રચના કરવામાં એઓશ્રીનો સિંહફાળો હતો.

તા. ૧૭ ફેબ્રુઆરી શનિવારનો એ કામનો દિવસ. સમય બપોરનો સાડા ત્રણ વાગે.

મુંબઈ જેવા અતિપ્રવૃત્ત શહેરમાં આવા દિવસે બપોરે સાડા ત્રણ વાગે મનોરંજન કે ભોજનની કોઈ મધલાળ વગર સભાગૃહ નાનો પડે એટલી મોટી સંખ્યામાં આવા તાત્ત્વિક પરિસંવાદમાં બધી જ વયના જિજ્ઞાસુ શ્રોતાજનો પધારે અને સતત ત્રણ કલાક સુધી જ્ઞાન શ્રવણ કરે એ ખરેખર વિસ્મયજનક ઘટના હતી. આ યશનું અધિકારી એ મહાપુરુષનું સાત્ત્વિક, તાત્ત્વિક અને પ્રેરણાત્મક જીવનને છે.

આ પરિસંવાદની વિગતો આ અંકમાં અન્યત્ર આપેલ છે.

પરિસંવાદના આ સફળ અનુભવ પછી 'પ્રબુદ્ધ જીવન'નો આ અંક 'પંડિત સુખલાલજી સવા શતાબ્દી વિશેષાંક' તરીકે પ્રગટ થાય એવા ભાવ અમને થયાં, જેથી જે જિજ્ઞાસુજનો એ પરિસંવાદમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા એ સર્વેને પૂ. પંડિતજીના જીવન અને કાર્ય વિશે વિશેષ જાણકારી પ્રાપ્ત થાય. જો કે પંડિતજીનું જીવન અને કાર્ય એટલું વિશદ્ અને મહાન હતું કે એઓશ્રીને તો એક દળદાર ગ્રંથ અર્પણ કરાય. નિમિત્ત થશે ત્યારે એવો ગ્રંથ પણ સર્જાશે એવી શ્રદ્ધા છે.

પંડિતજીનું જીવન એટલે અંધકારમાંથી અજવાળું નહિ પણ અંધકારમાં અજવાળું. આંખ અને પાંખ વગર વિદ્યોપાસના માટે એઓએ જીવનભર રઝળપાટ કર્યો!

૪ ડિસેમ્બર ૧૮૮૦ થી ૨ માર્ચ ૧૯૭૮. પંડિજીતનો અઠ્ઠાણુ વર્ષને આ દીર્ઘ જીવન પટ.

સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર પાસેના નાનકડા ગામ લીમલીમાં ધાકડવંશી વીસા શ્રીમાળી જૈન શ્વેતાંબર સ્થાનકવાસી કુટુંબમાં એઓશ્રીનો જન્મ. માતા સૌરાષ્ટ્ર ઝાલાવાડના ધ્રાંગધ્રા પાસે કોંઢ ગામના, એ મોસાળમાં પંડિતજીનો જન્મ. પિતાનું નામ સંઘજી, અટક સંઘવી. ભૂતકાળમાં એમના પૂર્વજોએ સંઘ જોડ્યો હશે એટલે સંઘવી અટક પડી હશે અને એ પૂર્વજો મૂર્તિપૂજક હશે. ત્યાર પછી એ કુટુંબે સ્થાનકવાસી સંપ્રદાય અપનાવ્યો હશે. પંડિતજીએ ચાર વર્ષની ઉંમરે માતા ગુમાવ્યા, પિતાએ બીજા લગ્ન કર્યા. સગા અને સાવકા મળી કુલ છ ભાઈ બહેનોનો વસ્તાર.

ભર્યું ભાદર્યું સન્માનિય સંયુક્ત કુટુંબ. એ વખતે આવા સમૃદ્ધ કુટુંબમાં પુરુષ કારભારી રાખવાનો રિવાજ હતો. એ મોભો ગણાતો. એ કારભારીનું માન સન્માન પ્રત્યેક કુટુંબીજનો કરે, એ કારભારી એ કુટુંબમાં જ રહે. પંડિતજી 'મારું જીવન વૃત્તાંત'માં લખે છેઃ-

'આવા કારભારી 'પુરુષ માતા' જેવા હતા. એમનું નામ મુળજી

કાકા. અમે એમને 'ભાઈજી' કહેતા.'

પંડિતજી જ્યારે કાશીમાં ભણતા ત્યારે એમને એ વખતે રૂા. ૫૧/– નું ઇનામ મળ્યું હતું, ત્યારે એ રકમમાંથી રૂા. ૧૦/– એ નિવૃત્ત જીવન ગાળતા ભાઈજીને એમણે મોકલેલા, પણ પાછળથી પંડિતજીને પશ્ચાતાપ થયો કે એમણે ભાઈજીને બધી જ રૂા. ૫૧/– ની રકમ કેમ ન મોકલી?

પંડિતજીના હૃદયની આ વિશાળતા અને ઋણ ચૂકવવાની ઊચ્ચ ભાવના!

એ વખતની ગામઠી શાળામાં પંડિતજીને વાજતે ગાજતે ભણવા બેસાડ્યા, એ 'ગુંજ' આજે સવાસો વર્ષ પછી આપણે અનુભવીએ છીએ. એ કોઈ અતિ શુભ ઘડી હશે કે એ 'પળ'માંથી ભારતને એક ભવ્ય વિદ્યાપુરુષ પ્રાપ્ત થયા!

આ ગામઠી શાળામાં અક્ષરજ્ઞાન પ્રાપ્ત થયું, એ અક્ષરોએ એમના વિદ્યાતપને ચિરંજીવ બનાવ્યું.પંડિતજીના અક્ષરો સુંદર અને મરોડદાર, ઉપરાંત હિસાબ, ગણિત અને પલાખામાં પંડિતજી ખૂબ જ હોંશિયાર એટલે પિતાજીએ એમને દુકાનનો હિસાબ લખવાનું કામ સોંપ્યું અને પિતાશ્રી એમની પાસે પત્રવ્યવહાર પણ લખાવે....

'શ્રી રા. રા......શ્રી રાજમાન રાજેશ્રી.......'

કિશોર અવસ્થામાં પંડિતજીએ કુતુહલથી તમાકુ ખાવાનો અખતરો ચૂપચાપ કરેલો. એ ખાવાથી કિશોર સુખલાલને ચક્કર આવ્યા, કુટુંબીજનો પાસે પોતાની ભૂલ કબૂલ કરી. અને ફરીથી તમાકુ ન ખાવાનો સંકલ્પ કર્યો અને પાળ્યો.

પણ વરસો પછી આ તમાકુ એમને બીજા સ્વરૂપે વળગી. કાશીમાં શાસ્ત્ર અભ્યાસ સમયે આ શારીરિક દૃષ્ટિવિહિન સુખલાલજી પાસે રાત્રે વાંચવા એક પગારદાર માણસ આવે. એ સમયે પંડિતજીએ સાંજનું ભોજન બરાબર કર્યું હોય–પંડિતજીએ બાળપણથી ચોવિહારનો નિયમ લીધેલો જે જીવન પર્યંત પાળ્યો હતો. છેલ્લા વર્ષોમાં તબિયતને કારણે રાત્રે પાણીની છૂટ લીધી હતી–તો એ વખતે ઝોકાં આવે, આંખમાં ઊંઘ ભરાય એટલે પેલા વાંચનારે ઊંઘ દૂર કરવા છીંકણીનો પ્રયોગ કરવા કહ્યું. પંડિતજીએ એ પ્રયોગ કર્યો, અને એ મહેમાન છીંકણી જીવનભર યજમાન બની ગઈ. વ્યસન થઈ ગયું, એ એટલે સુધી કે પંડિતજી સાધુ-સાધ્વીને ભણાવવા જાય ત્યારે ત્યારે શ્રાવકો તેમના માટે છીંકણીની વ્યવસ્થા કરી આપે. પંડિતજીને આ વ્યસનનું દુઃખ હતું, પણ એ વ્યસન છૂટતું નહિ. પરંતુ ૧૯૨૧માં કાકા કાલેલકરને 'અષ્ટપાદના ન્યાય સૂત્રો' ભણાવવા જવાનું થયું ત્યારે આ વ્યસન માટે એમને સંકોચ થયો, અને દૃઢ મન કરી છીંકણીની ડબ્બી ફેંકી દીધી. જીવનભર પછી આ છીંકણીને એમણે યાદ પણ નથી કરી.

શાળા જીવન દરમિયાન લીમલીમાં કિશોર સુખલાલજી ઘરનાં બધાં કામ કરે. ઘરનાં નળિયા સાફ કરે, બધી જ દેશી રમતો રમે, નદીમાં તરવા જાય, પિતાને ધંધામાં મદદ કરે એટલે ઉઘરાણી માટે ઘોડે સવારી અને ઊંટ સવારી પણ કરે. કૌટુંબિક નિયમ પ્રમાણે ધંધામાં જોડાવવું પડ્યું એટલે શાળા છોડવી પડી.

બન્ને સંપ્રદાયના જૈન સમાજના સ્થાનકોમાં સાધુ-સાધ્વી, આચાર્યો પધારે તો એમની પાસે પણ બેઠક જમાવે. આ રીતે બાળપણથી જ સર્વ ધર્મ સમભાવની ભાવના દૃઢ થઈ.

સુખલાલજી હવે પંદર વર્ષના થયા. કુટુંબના મોભા પ્રમાણે એમની સગાઈ પણ થઈ અને એક વર્ષ પછી લગ્નનું નક્કી થયું.

કિશોર વયનો ઊંબરો છોડ્યો અને યૌવન વયના ઊંબરાને સ્પર્શવા ગયા ત્યાં જ શિતળાના રોગમાં સુખલાલજી લપેટાયા. આંખના ડોળા બહાર. સંપૂર્ણ અંધકાર. કોઈ દવા-દોરા-ધાગા-દુઆ કામ ન લાગી.

ઉંમર વર્ષ ૧૭. સગાઈ તૂટી. દામ્પત્ય જીવન ન મળ્યું પણ મા શારદાએ દિવ્ય જીવન તરફ પ્રયાણ કરાવ્યું.

સત્સંગનો નાદ તો હતો જ, હવે એમાં વધારો થયો; અને સાધુ-સાધ્વી એમને પ્રેમથી અધ્યયન પણ કરાવે. સુખલાલજીની સ્મરણશક્તિ ખૂબ જ તીવ્ર. એક વખત રઘુવંશની નકલ આઠ દિવસ માટે મળી તો આઠ દિવસમાં દસ સર્ગ એમણે કંઠસ્થ કરી લીધા. મિત્રો પોપટલાલ અને ગુલાબચંદ વાંચી સંભળાવે. પરિણામે દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ઉત્તરાધ્યયન સૂત્ર, દસવૈકાલિક સૂત્ર, સ્તવનો, સઝ્ઝાયો બધું કંઠસ્થ કર્યું અને એ સર્વનું ગાન પણ સંભળાવે. આ રીતે ૧૭ થી ૨૩ એમ છ વર્ષસુધી ગામમાં જ અધ્યયન–શ્રવણની પ્રવૃત્તિ થતી રહી. કુટુંબનો પૂરો સહકાર. ભાભી તો સુખલાલની વાત્સલ્યભાવે દરકાર કરે અને સુખલાલજી લાડ પણ કરે અને ગુસ્સો પણ કરે.

અંતરમાં અભ્યાસ–અધ્યયનની ઉત્કંઠા જાગતી રહી અને એ તીવ્ર સંવેદના કાળને સ્પર્શી ગઈ. એ સમયે ભાવનગરથી પ્રકાશિત 'જૈન ધર્મ પ્રકાશ'માં સમાચાર આવ્યા કે ધર્મવિજયજી મહારાજ સાહેબ પોતાના શિષ્યોને લઈને કાશી જાય છે અને ત્યાં પંડિતો રાખી શિષ્યોને સંસ્કૃત, પ્રાકૃત ગ્રંથોનો અભ્યાસ કરાવડાવશે. ઉપરાંત આ યોજનામાં કોઈ પણ શ્રાવક આવી શકે છે એવી માહિતી પણ આપી. એટલે પંડિતજીને પણ ત્યાં જવાની ઇચ્છા થઈ. કુટુંબીજનોને સુખલાલ કાશી જાય એ માન્ય ન હતું, શારીરિક અને સામાજિક કારણો હતા. પણ વિદ્યાનું અજવાળું મેળવવા શારીરિક દૃષ્ટિવિહીન સુખલાલજી મક્કમ હતા. પત્રવ્યવહારો થયા, અને અંતે બધા તરફથી સંમતિ મળી અને એક નોકર સાથે ઘણી તકલીફો વેઠી સુખલાલજી કાશી પહોંચ્યા. મહારાજશ્રીએ સુખલાલજીનું સ્વાગત કર્યું અને પાંચમને દિવસે વિદ્યા આરંભ થયો.

સૌ પ્રથમ હેમચંદ્રાચાર્ય કૃત 'સિદ્ધહેમ'નો અભ્યાસ કર્યો. પછી 'અભિધાન ચિંતામણિ', 'શબ્દાનુશાસન', 'ન્યાય શાસ્ત્ર' વગેરે અનેક ગ્રંથોનો અભ્યાસ કર્યો. યાત્રા પણ વણથંભી આગળ વધી.

કાશી વિદ્યા અભ્યાસ દરમિયાન સુખલાલજીએ સમેત શિખરની યાત્રા કરી. સુખલાલજીનો જન્મ તો સ્થાનકવાસી સંપ્રદાયમાં થયો હતો, છતાં મૂર્તિપૂજામાં એમને બાધ નહિ. શત્રુંજય તીર્થની પણ એઓએ યાત્રા કરી હતી. યશોવિજયજી કૃત 'પ્રતિમા શતક'નો તો એમના ઉપર ખૂબ મોટો પ્રભાવ. એ કારણે એઓ મૂર્તિપૂજાના સમર્થક થયા હશે. એઓ માનતા કે મૂર્તિપૂજા માત્ર અવલંબન નથી, અચેતનમાં ચેતનને અનુભવવાની દૃષ્ટિ એ ચિત્ત વિકાસ છે.

કાશીમાં અધ્યયન દરમિયાન અનેક વિદ્વાન મિત્રોના પરિચયમાં એઓ આવ્યા. એ સર્વે સાથે જીવનભર મૈત્રી રહી. પછી એ જૈન ધર્મી હોય કે વેદાંતી પંડિત હોય. આપણા ભાષાશાસ્ત્રી પંડિત બેચરદાસજી એમના સહપાઠી. એ જ રીતે મઢડાવાસી શિવજી દેવસી પણ એમના મિત્ર. ઉપરાંત મુનિ જીનવિજયજી અને મુનિ પુણ્યવિજયજીની સાથે પણ મૈત્રી ગંઠાઈ. એમાંયે મુનિ જીનવિજયજીનો સાથ-સહવાસ તો મુનિશ્રીના અંતિમ શ્વાસ સુધી.

મને સ્મરણમાં છે. ૧૯૫૩-૫૫ની આસપાસ સુખલાલજી સોનગઢ અને પાલિતાણાની વચ્ચે મઢડા કે પાલિતાણા જવાના હતા ત્યારે બે ત્રણ દિવસ સોનગઢ આશ્રમમાં પૂ. કલ્યાણચંદ્રજી અને દુલેરાય કારાણીને મળવા પધાર્યા હતા, ત્યારે પંડિતજીની સેવા અને તેમને સાથ આપવાની ફરજ પૂ. કલ્યાણચંદ્રજી બાપાએ મને સોંપેલી; ત્યારે હું લગભગ એસ.એસ.સી.ની આસપાસ હોઈશ. મારા સ્મૃતિ પટ માટે એ અવિસ્મરણિય દિવસો હતા. પંડિતજી મિતભાષી, મિત આહારી અને મિત પરિગ્રહી હતા. સવારે એકાદ કલાક વર્તમાનપત્રો વંચાવે, સાંજે સાથે ફરવા લઈ જવાના. એ સમયે સ્તવનો અને સઝ્ઝાયો સંભળાવે. ત્યારે સ્વપ્નેય ખ્યાલ નહોતો કે વર્ષો પછી એઓશ્રીની જન્મ શતાબ્દી યોજવા માટે આ લખનાર યત્કિંચિત નિમિત્ત બનશે! બનવાકાળની એંધાણી કાળ આપતો જ હોય છે; એને પારખવાની ચેતના આપણી પાસે ક્યાં?

અધ્યયન અને અધ્યાપન અર્થે કાશી, પાલનપુર, મિથિલા, મહેસાણા, પાટણ, કેસરિયાજી, વડોદરા, પૂના, આગ્રા, ગુજરાત વિદ્યાપીઠ, ગાંધી આશ્રમ, બનારસ યુનિવર્સિટીના કુલપતિ આનંદશંકર ધ્રુવની ઇચ્છાથી એ યુનિવર્સિટીમાં 'જૈન દર્શન'ના અગિયાર વર્ષ સુધી અધ્યાપક, એકાદ વર્ષ મુંબઈમાં ક. મા. મુનશી પાસે ભારતીય વિદ્યાભવનમાં અને અંતે ૧૯૪૫ થી ૧૯૭૮ સુધી અમદાવાદમાં નિવાસ.

એક વખત વાર્તાલાપ દરમિયાન કર્પૂરવિજયજીએ એવું વિધાન કર્યું કે સુખલાલજી સાધુ-સાધ્વી અને પંડિતોને ભણાવી શકે, પણ એઓ દૃષ્ટિવિહીન હોવાથી લેખન તો ન જ કરી શકે. પંડિતજીના મનમાં આ 'વાત' બેસી ગઈ અને લેખનનો સંકલ્પ કર્યો. અનેક અવરોધો વચ્ચે નિયમિત લેખન કરાવે અને આપણું મસ્તક નમી જાય એવા એવા આપણને લગભગ ચાલીસ અમૂલ્ય-અદ્વિતીય ગ્રંથો પ્રાપ્ત થયા. મિલ્ટન, સૂરદાસ અને હેલન કેલર જેવા દૃષ્ટિવિહીન મહાસર્જક મહામાનવોની પંક્તિમાં આ મહામાનવ બિરાજ્યા છે. આવા પંડિતજીને ભારત સરકારે પદ્મભૂષણના ખિતાબથી નવાજ્યા. ચંદ્રકો, ડી. લિટ્.ની ડિગ્રી અને અનેક પદવિઓથી આ નેત્રજ્યોત વિહીન વ્યક્તિ સમગ્ર ભારતની જ્ઞાન જ્યોત બની રહી.

રૂઢિ ચાહકો સાથે એમને ન ફાવ્યું એટલે 'બળવાખોર'નું બિરૂદ પણ સ્વીકારી લીધું. દૃષ્ટિવિહીન આજીવન બ્રહ્મચારી આ ઋજુ, મૃદુ, વિદ્યા તપસ્વી વ્યક્તિનું જીવન એટલે વીસમી સદીનું અનેરૂં આશ્ચર્ય!

સૌરાષ્ટ્રના નાના કોંઢ ગામમાં એક શ્વાસ ઊગ્યો અને અમદાવાદના 'સરિત કુંજ'માં થંભ્યો. જગતને નરી આંખે ન જોઈ શકનાર આ વ્યક્તિએ એવો જીવન સંઘર્ષ અને એવી વિદ્યા ઉપાસના કરી કે જગત એઓશ્રીના જીવન અને જ્ઞાન યજ્ઞને જોતું રહી ગયું!

આ મહાન જીવ અને જીવનને નત્ મસ્તકે નમન કરી કવિ ન્હાનાલાલની પંક્તિ પાસે જઈએ :

શું શું સંભારું ? ને શી શી પૂંજુ પુણ્યવિભૂતિએ?
પુણ્યાત્માના ઊંડાણો તો આભ જેવા અગાધ છે !

□ **ધનવંત તિ. શાહ**

(પંડિતજીની આત્મકથા 'મારું જીવન વૃત્તાંત' અને ડૉ. રમણલાલ ચી. શાહ કૃત 'પંડિત સુખલાલજી'; માહિતી માટે આ બે પુસ્તકોનો આધાર લીધો છે. ઋણ સ્વીકાર કરું છું. -ધ)

**પંડિતજીના જીવનની સાલવારી**

| | |
|---|---|
| ઇ. સ. ૧૮૮૦ | : જન્મ |
| ૧૮૮૭-૯૧ | : પ્રાથમિક અભ્યાસ, લીમલીમાં |
| ૧૮૯૭ | : અંધત્વ |
| ૧૮૯૮ | : સગપણ તૂટ્યું |
| ૧૯૦૪ | : કાશીમાં વિદ્યાભ્યાસ માટે પ્રયાણ |
| ૧૯૦૭ | : સમેતશિખરની યાત્રા |
| ૧૯૦૮ | : કાશીની પાઠશાળા છોડી |
| ૧૯૦૯ | : પાલનપુરમાં |
| ૧૯૧૦-૧૨ | : ફરી કાશી તથા મિથિલામાં |
| ૧૯૧૪ | : મહેસાણા પાઠશાળામાં |
| ૧૯૧૫ | : પાટણમાં, કેસરિયાજીની યાત્રા |
| ૧૯૧૬ | : વડોદરામાં |
| ૧૯૧૭ | : પૂના જૈન બોર્ડિંગમાં |
| ૧૯૧૯-૨૦ | : આગ્રામાં |
| ૧૯૨૨ થી ૩૦ | : ગુજરાત વિદ્યાપીઠમાં |
| ૧૯૩૩ થી ૧૯૪૪ | : બનારસ યુનિવર્સિટીમાં |
| ૧૯૪૪-૪૫ | : મુંબઈમાં ભારતીય વિદ્યાભવનમાં |
| ૧૯૪૫ થી ૧૯૭૮ | : અમદાવાદમાં જીવનના અંતપર્યંત |
| ૧૯૭૮ | : અમદાવાદમાં બીજી માર્ચે ૯૭ વર્ષની વયે દેહવિલય. |

# પુણ્યશ્લોક પંડિત સુખલાલજી-કેટલાંક સંસ્મરણો

☐ પ્રો. તારાબહેન ર. શાહ

આ વર્ષે-૨૦૦૭ના વર્ષે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અનુપમ આદર અને ખ્યાતિ પામનાર પંડિત સુખલાલજીને સવાસો વર્ષ થયાં તેની ઊજવણી રૂપે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને ગુજરાતી સાહિત્ય પરિષદની હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાય પીઠના સંયુક્ત ઉપક્રમે આયોજિત તા. ૧૭-૨-૦૭ના પરિસંવાદમાં પંડિતજી વિશેનાં સંસ્મરણો પર બોલવાનું આમંત્રણ મને મળ્યું. ખૂબ આનંદ થયો. આ રીતે પુણ્યશ્લોક પંડિતજીનું પવિત્ર સ્મરણ કરવાની તક મળી તેને હું મહદ્ સદ્‌ભાગ્ય સમજું છું.

આ સંસ્મરણો અમારાં બન્નેનાં-મારાં અને મારા પતિ ડૉ. રમણભાઈનાં છે.

મારા પિતાશ્રી દીપચંદભાઈ ત્રિ. શાહ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી હતા તે કારણે યુવક સંઘના કાર્યક્રમોમાં વારંવાર જવાનું થતું. યુવક સંઘ સાથે મારો સંબંધ લગભગ સાઇઠ વર્ષનો એટલે કેટલીક હકિકતોથી હું પરિચિત છું.

પંડિત સુખલાલજી યુવક સંઘની પ્રેરણામૂર્તિ હતા. સંસ્થાના શરૂઆતના વર્ષોમાં અગત્યનાં કાર્યોમાં સલાહકાર હતા. પર્યુષણ વ્યાખ્યાનમાળા શરુ કરવાની સલાહ તેમણે આપી હતી. યુવક સંઘે તેમને પહેલા પ્રમુખ તરકે નિયુક્ત કર્યા હતા. દર વર્ષે તેઓ પણ જૈનધર્મનો એકાદ વિષય લઈ વ્યાખ્યાન આપતા. તેમના પ્રતિષ્ઠિત નામનો યુવક સંઘને લાભ ઘણો મળ્યો. કાકાસાહેબ કાલેલકર, રવિશંકર મહારાજ, ક. મા. મુનશી. બ. ક. ઠાકોર, ઢેબરભાઈ વગેરે જેવા ઉત્તમ વક્તાઓ યુવક સંઘને મળ્યા. પંડિતજીથી થયેલી શુભ શરૂઆતને કારણે હજુ પણ વ્યાખ્યાનમાળા સારી અને સંતોષકારક ચાલે છે. પંડિતજી વ્યાખ્યાનમાળાના ત્રીસ વર્ષ સુધી પ્રમુખ રહ્યાં. ડૉ. ઝાલાસાહેબ ૧૦ વર્ષ સુધી રહ્યાં. ડૉ. રમણભાઈ ચોંત્રીસ વર્ષ સુધી રહ્યા અને ૨૦૦૬ થી ડૉ. ધનવંતભાઈ પ્રમુખપદ શોભાવે છે. સુખદ યોગાનુયોગ એવો છે કે આ ચારે પ્રમુખો સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતી અને ગુજરાતી ભાષાના વિદ્વાન પ્રાધ્યાપકો છે. ધર્મતત્ત્વ જાણવામાં ઉદ્યમી છે. એવું પદ વિદ્વાન પ્રાધ્યાપક શોભાવે તે ઇચ્છવા જેવું છે.

મહત્ત્વનો પ્રસંગ તે ૧૯૫૭માં અખિલ ભારતીય ધોરણે પંડિતજીની વિદ્વતાને અને સિદ્ધિઓને બિરદાવવાનો કાર્યક્રમ મુંબઈ યુનિવર્સિટીના કોન્વોકેશન હૉલમાં તે વખતના રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાધાકૃષ્ણાનના પ્રમુખપદે થયો તે છે. જૈન યુવક સંઘે તે પ્રસંગ ગોઠવવામાં અદમ્ય ઉત્સાહથી મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. પંડિતજીની દાર્શનિક પ્રતિભાને અને અનોખા વ્યક્તિત્વને ઉચિત ગૌરવપૂર્ણ અને ભવ્ય એ કાર્યક્રમ હતો. સરકારની ઉચ્ચ સ્તરીય વ્યક્તિઓ ઉપરાંત ભારતની ખ્યાતનામ અને સન્માનીય વ્યક્તિઓ કાકાસાહેબ કાલેલકર, મોરારજીભાઈ દેસાઈ, ઢેબરભાઈ, બાબુભાઈ જશભાઈ, દલસુખભાઈ માલવણીયા, ચીમનલાલ ચકુભાઈ, પરમાનંદભાઈ વગેરે તથા યુવક સંઘની આખીયે કમિટી અને ઘણાં સભ્યો પણ હાજર હતા. અમે પતિ-પત્ની યુવક સંઘની કારોબારીના સભ્યો હોઈ અમે ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. જૈન યુવક સંઘ માટે આ એક યાદગાર પ્રસંગ હતો.

અમારા બન્નેનું એ સદ્‌ભાગ્ય છે કે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અમે બન્નેએ આપેલાં અમારા પહેલાં વ્યાખ્યાનના પ્રમુખપદે પૂ. પંડિતજી હતા. વ્યાખ્યાનની શરૂઆતમાં પરમાનંદભાઇએ ડૉ. રમણભાઈની ઓળખ સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક અને સંઘના મંત્રી દીપચંદભાઈના જમાઈ તરીકે આપી. રમણભાઇએ વ્યાખ્યાનની શરૂઆતમાં રમૂજ કરતાં સંસ્કૃત શ્લોક ટાંકીને કહ્યું કે જે સ્વપુરુષાર્થથી ઓળખાય તે ઉત્તમ, પિતાના નામે ઓળખાય તે મધ્યમ પણ જે સસરાના નામે ઓળખાય તે અધમ. પણ મારે તો આજે જુદી રીતે ઓળખાણ રજૂ કરવી છે. હું તો પંડિતજીનો સ્વજન છું. આ શબ્દો એવા શુભ મુહૂર્તે અને શુભ ભાવથી બોલાયા હશે કે પછીના વખતમાં પંડિતજી અને રમણભાઈ વચ્ચે પિતાપુત્ર જેવો પવિત્ર સંબંધ સ્થાપિત થયો. એ વખતે રમણભાઇએ કલિકાલ- સર્વજ્ઞ 'હેમચંદ્રાચાર્ય' પર વ્યાખ્યાન આપ્યું. પંડિતજીને એ વિષય ગમ્યો. પર્યુષણ પર્વના પવિત્ર દિવસોમાં આવા મહાન આચાર્યને યાદ કરવા અને લોકોને તેમના જીવન અને કાર્ય વિશે પરિચિત કરવા એ ઘણું ઉચિત છે એમ તેમણે કહ્યું. હેમચંદ્રાચાર્ય લિખિત 'ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર' વાંચી જવાની ભલામણ પણ કરી.

૧૯૫૯માં પરમાણંદભાઇએ એક પ્રયોગ કર્યો. પર્યુષણ વ્યાખ્યાનમાળાના આઠ દિવસોમાં સોળે સોળ વ્યાખ્યાનો બહેનોનાં ગોઠવ્યા. પ્રમુખસ્થાને પંડિતજી હતા. એ વખતની ખ્યાતનામ બહેનો ઇન્દુમતી શેઠ, હીરાબેન પાઠક, મૃણાલિની દેસાઈ વગેરેને આમંત્ર્યા હતા. મને પણ 'શ્રીમદ્ રાજચંદ્ર' પર બોલવાનું આમંત્રણ મળ્યું. આ

'પંડિતજીમાં તટસ્થ બુદ્ધિ અથવા નિષ્પક્ષ બુદ્ધિની પરિપૂર્ણતા જોઈ શકાય છે.'
☐ વિનોબાજી

મારું પહેલું વ્યાખ્યાન અને તે પણ જૈન ધર્મના બહુશ્રુત વિદ્વાન પંડિતજીના અધ્યક્ષપદે હતું. મને મૂંઝવણ થતી હતી. પરંતુ પંડિતજીને સંતોષ થયો. તેથી મને હિંમત આવી. ત્યારથી દર વર્ષે રમણભાઈનાં અને મારાં વ્યાખ્યાનો જૈન ધર્મના જુદા જુદા વિષય પર થતા રહ્યાં. જૈન ધર્મના વિષય માટે હું પંડિતજીનાં પુસ્તકો 'જૈન ધર્મનો પ્રાણ', 'દર્શન અને ચિંતન'ના બન્ને ભાગ, 'ચાર તીર્થંકરો' અને અન્ય પુસ્તકો હું વાંચી જાઉં. વિષયની તૈયારી માટે તે બહુ ઉપયોગી થતા. 'જૈનધર્મનો પ્રાણ' એ મારું અત્યંત પ્રિય પુસ્તક છે. 'અનેકાંતવાદ' પર તૈયારી કરતા પંડિતજીના વિચારોથી મને ઘણી સહાય મળી. ભગવાન મહાવીરની 'અનેકાંતવાદ' વિષયક ચાર શરતો પંડિતજીએ એટલી સરળ ભાષામાં સમજાવી છે કે તે માત્ર વ્યાખ્યાન પૂરતી જ નહિ જાગ્રત રહીએ તો જીવનમાં પણ બહુ ઉપયોગી થાય.

ડૉ. રમણભાઈના જીવન વિકાસમાં પૂ. પંડિતજીનો ફાળો ઘણો મોટો છે. રમણભાઈ 'મહાવીર જૈન વિદ્યાલય'માં રહેતા હતા ત્યારે પંડિતજી અનુવાદિત વાચક ઉમાસ્વાતિ કૃત 'તત્ત્વાર્થસૂત્ર' ભણવાનું આવ્યું. તેના પરથી પંડિતજીની લેખનશક્તિનો અને ધર્મદૃષ્ટિનો પરિચય તેમને થયો.

૧૯૫૫-૫૬ના વર્ષોમાં મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજે અમદાવાદમાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજ શરૂ કરવા એક વર્ષ માટે રમણભાઇને મોકલ્યા. ત્યાં રમણભાઇએ સમયનો સદુપયોગ કર્યો. કૉલેજનું કામ પૂરું થાય પછી રોજ પંડિતજી પાસે જાય. સાંજે તેમને ફરવા લઈ જાય. અને બાકીના સમયમાં પંડિતજીની પસંદગીનાં પુસ્તકો અને વર્તમાનપત્રો વાંચી સંભળાવે. રજાના દિવસોમાં વધારે સમય આપે. રમણભાઈ કહેતા કે પંડિતજીનો હાથ પકડી ચાલું ત્યારે એમના હાથના સ્પર્શમાં પવિત્રતા અને હૂંફનો અનુભવ થાય. હું એમને દોરું એના કરતાં એ મને દોરતા હોય તેવું લાગે. અને વિશાળ દૃષ્ટિએ વિચારતા એ સાચું જ છે કે પંડિતજીએ પોતાનાં આધ્યાત્મિક લખાણો, વક્તવ્યો અને પોતાના પુરુષાર્થી જીવન દ્વારા આપણને સહુને સાચી દિશામાં દોર્યા છે.

રમણભાઈ અમદાવાદમાં એક વર્ષ માટે એકલા રહ્યા તેથી લોજમાં જમે. પંડિતજી તેમના સ્વાસ્થ્ય માટે ચિંતા કરે. એક દિવસ ફરવા ગયા ત્યારે પંડિતજીએ ઓળખીતાની દુકાનેથી કાજુ, બદામ, પિસ્તા, દ્રાક્ષ વગેરે સુકો મેવો રમણભાઇને અપાવ્યાં. અખૂટ વાત્સલ્ય વિના આવું સૂઝે નહિ. સુકો મેવા જોઈ રમણભાઇ ભાવથી ગદ્ ગદ્ થઈ ગયા. આ સુકો મેવા તેમને માટે અમૂલ્ય આશીર્વાદનું પ્રતીક હતો. તે જીવનભર આ પ્રસંગ ભૂલ્યા નહિ.

આવું વિરલ વાત્સલ્ય અને પંડિતજીનો પવિત્ર સ્પર્શ અમારાં બન્ને બાળકો પણ પામ્યાં. આઠ મહિનાની શૈલજાને માથે હાથ ફેરવી અત્યંત ભાવથી તેમણે આશીર્વાદ આપ્યા. એ આશીર્વાદ ફળ્યા છે. અમદાવાદમાં સરિતકુંજમાં પંડિતજી પાસે અગિયાર મહિનાના પુત્ર અમિતાભને લઈ ગયા. પંડિતજીના આશીર્વાદ તે પામ્યો અને તેમને વળગીને રમ્યો પણ ખરો. પંડિતજી પાસે મોટાં આવે, બાળકો બહુ ઓછાં આવે. ચિ. અમિતાભ સાથે રમતા પંડિતજીના ચહેરા પર અનેરો આનંદ પ્રગટ્યો. આજે અમિતાભે પણ પોતાના ક્ષેત્રમાં ઘણી પ્રગતિ સાધી છે.

પંડિતજી પાસે રમણભાઈ મહા મહોપાધ્યાય કાણેનું અંગ્રેજીમાં લખેલું ધર્મશાસ્ત્રના ઇતિહાસ વિશેનું પુસ્તક વાંચતા. પંડિતજી અંગ્રેજી ભાષા વ્યવસ્થિત રીતે ભણ્યા નહોતા પણ મહાવરાથી બરાબર સમજતા. એક પણ અંગ્રેજ શબ્દનો અર્થ ન સમજાય તે ચલાવે નહિ. તેથી રમણભાઈ શબ્દકોષ લઈને વાંચવા બેસતા. પંડિતજીની અધ્યયન, અધ્યાપનની આવી ચોક્કસાઈ અને ચીવટ રમણભાઈમાં પણ આવી.

પંડિતજી પાસે ઘણાં ક્ષેત્રની ઘણી મોટી વ્યક્તિઓ મળવા, સલાહ લેવા આવે. તેથી રમણભાઇને તેમને મળવાનો લાભ મળ્યો. ઉમાશંકરભાઈ, સ્નેહરશ્મિ અને જયંતી દલાલ વગેરે સાહિત્ય પરિષદના નવા બંધારણની ચર્ચા કરવા આવે. જયંતી દલાલ ઘણી વાર ઉગ્ર થઈ જતા. પણ પંડિતજી તેમને શાંત પાડે. રમણભાઇએ પોતે પણ બંધારણની ચર્ચામાં ભાગ લઈ કેટલાક ઉપયોગી સૂચનો કર્યા હતાં.

એક વાર પંડિતજી મુંબઈ આવવા નીકળતા હતા. નીકળતા પહેલા એક બાજુ ઊભા રહી નવકાર મંત્ર બોલ્યા. તે માટે રમણભાઇએ પોતાની ખુશી વ્યક્ત કરી. રમણભાઈ પણ આ રીતે કોઇપણ સારું કાર્ય શરૂ કરતાં બોલે. પંડિતજીએ કહ્યું, ધર્મમાં શ્રદ્ધા રાખવાથી બળ મળે છે. ધર્મમાં શ્રદ્ધા હોય, કામ ઉત્તમ હોય અને એ સફળ થશે જ તેવું Positive thinking-હકારાત્મક વલણ હોય તો સફળતા મળે છે. પંડિતજી તેમના નવા યુગ તરફી વિચાર વલણથી બળવાખોર પંડિત તરીકે ઓળખાતા. કેટલાક કહેતા કે તેઓ ભણ્યા ઘણું તેમણે લખ્યું ઘણું પણ સામાયિક-પ્રતિક્રમણ કરતા જોવા મળે છે? પંડિતજીનો સાચો પરિચય ન હોય તે બોલે પણ પંડિતજીનો અપ્રતિમ સમતાભાવ જોતાં તેમ લાગે કે તેમને તો સાધુની માફક આખુંય જીવન સામાયિક વ્રત હતું. તેમનો બળવો તો અનીષ્ટ તત્ત્વો સામે હતો.

એક વખત તેમણે રમણભાઇને કહ્યું કે આ વર્ષે હું યુવક સંઘની

*'એમની આજની સિદ્ધિઓ એમના પૂર્વજન્મનું ફળ કેમ ન હોય? ભારે પુરુષાર્થ કરીને તેઓ પ્રજ્ઞાચક્ષુ બન્યા છે...તેઓ ભારતનું એક અમૂલું રત્ન છે.'*

**□ પૂ. શ્રી રવિશંકર મહારાજ**

પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રમુખપદ છોડી દઉં છું. રમણભાઇએ કહ્યું કે તમારી તબિયત તો સારી છે પછી શું કામ છોડો છો. પંડિતજીએ એક જ શબ્દમાં જવાબ આપ્યો. 'વયોધર્મ' –વય પ્રમાણે રસ અને પ્રવૃત્તિના ક્ષેત્ર બદલવાં જોઈએ. કેટલુંક તજીએ તો બીજું કામ થઈ શકે અને અન્યને એ પદ મળે. રમણભાઇને આ વિચાર બહુ ગમી ગયો. તેના સંસ્કારો દીર્ઘકાળ સુધી તેમનામાં જીવંત રહ્યા. તેમણે પણ સંકલ્પપૂર્વક સિત્તેરની ઉંમરે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું, ફાર્બસ ગુજરાતી સભાનું, અધ્યાત્મક પ્રસારક મંડળનું પ્રમુખપદ છોડ્યું. મહાવીર જૈન વિદ્યાલયનું મંત્રી પદ છોડ્યું.

પંડિતજી નિસ્પૃહ હતા. તેમને તેમના વિદ્યા, તેમના અધ્યાપન અને લેખનકાર્ય માટે સુવર્ણચંદ્રકો, એવોર્ડ, પારિતોષિકો મળ્યા. સૌરાષ્ટ્ર, ગુજરાત અને સયાજીરાવ ત્રણે યુનિવર્સિટી તરફથી D. Lit.ની પદવી મળી. ભારત સરકારે તેમને પદ્મભૂષણનું પદ આપ્યું. આ ઉપરાંત પણ ઘણી સંસ્થાઓ તરફથી તેમના પુરુષાર્થની યોગ્ય કદર થઈ. આ બધું સહજભાવે તેમણે સ્વીકાર્યું. તેમનાં વાણી, વિચાર, વર્તનમાં તેની કોઈ અસર નહિ. રમણભાઇને ઘણી પ્રેરણા મળી. તેમણે કોઈ અપેક્ષા વિના લેખન–સંશોધનનું કામ કર્યું અને પોતાના પુસ્તકોના કોપીરાઇટ પણ છોડ્યા.

રમણભાઈ પંડિતજીને 'તાનસેન' પિક્ચર જોવા લઈ ગયા. જોયા પછી પંડિતજીએ તાનસેન વિશે જાત જાતના ઘણા બધા સવાલો કર્યા. તેથી રમણભાઇને આશ્ચર્ય થયું કે મેં આંખેથી જોયું, કાનેથી સાંભળ્યું. પંડિતજીએ તો માત્ર કાનથી સંવાદો અને સંગીત સાંભળ્યા છતાં આટલા બધા પ્રશ્નો કેવી રીતે થાય ? તેમની ચિત્તની જાગૃતિ કેવી હશે ?

૧૯૫૫–૫૬ વર્ષ દરમિયાન રમણભાઇએ કેટલીક મુશ્કેલી વેઠી પણ બદલામાં અકલ્પ્ય–અમૂલ્ય લાભ તેમને થયો. તેમને પંડિતજી અને પૂણ્યવિજયજી મહારાજના સંપર્કમાં સતત રહેવાનું મળ્યું. પૂ. પંડિતજી પુણ્યવિજયજી મહારાજના વિદ્યાગુરુ હતા. પુણ્યવિજયજી મહારાજ કહેતા કે પંડિતજીએ મને સાચી દિશામાં વિચારતો અને કામ કરતો કર્યો. આગમદિવાકર પુણ્યવિજયજી મહારાજે આગમ અને સંશોધનનું અને અન્ય હસ્તપ્રતોનું ઘણું મોટું કામ કર્યું. પંડિતજીએ પણ આંખની ઉણપ છતાં એક યુનિવર્સિટીનો મોટો ડિપાર્ટમેન્ટ કરી શકે તેવા મોટા પ્રોજેક્ટ જેવાં અનેક કામ કર્યા. આ બન્નેની કાર્ય સિદ્ધિ અને કામ માટે સમર્પણ જોઇને રમણભાઇને પણ સંશોધનનો શોખ જાગ્યો અને તેમણે એ કેળવ્યો. તે સંસ્કૃત, અર્ધમાગધી, જૂની ગુજરાતી ભાષાઓ વાંચતા શીખ્યા. હસ્તપ્રતો વાંચતા શીખ્યા. પોતાનો Ph.D. નો વિષય પણ તેમની પાસેથી જ લાવ્યા. એ બન્નેમાં અશક્યમાંથી શક્ય બનાવવાના પુરુષાર્થમાંથી પ્રેરણા મેળવી. Ph.D. ની થીસીસ જલ્દી પૂરી કરવા ઝેવિયર્સ કૉલેજના સ્ટાફરૂમમાં રાત્રે આઠથી બે વાગ્યા સુધી એકલા બેસીને લખીને પૂરું કરવાની સૂઝ અને હિંમત તેમણે કેળવી.

એ બન્નેની પ્રેરણાથી સાચા ધર્મની દિશા તેમને મળી.

પંડિતજીએ હેમચંદ્રાચાર્ય લિખિત વ્યાકરણ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ મોઢે કર્યું. કયો શ્લોક કયા સર્ગમાં કયે પાને છે તે પણ બરાબર યાદ રાખે. પૂર્વાચાર્યો– સિદ્ધસેન દિવાકર, હરીભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, યશોવિજયજી વગેરેની કૃતિઓના અભ્યાસ કરી સંશોધન કર્યું. રમણભાઈને પણ રસ જાગ્યો. એમ.એ.ના વિદ્યાર્થીઓને સિદ્ધહેમ વ્યાકરણ રસપૂર્વક–ચિવટપૂર્વક તેમણે ભણાવ્યું. Ph.D. ના વિદ્યાર્થીઓને ભિન્ન ભિન્ન ધર્મના વિષયો પર માર્ગદર્શન આપ્યું.

એક વાર કાશીમાં કર્પૂર વિજયજી મહારાજે સહજપણે કહ્યું કે પંડિતજી આંખની તકલીફને લીધે લખી ન શકે. પણ વિદ્યાર્થીઓને ભણાવે તે જ તેમને માટે યોગ્ય છે. આ સાંભળી પંડિતજીએ નિર્ણય કર્યો કે હું લખીશ જ. તેમણે પ્રયત્ન આદર્યો. ઉપાધ્યાય યશોવિજયજી કૃત 'જ્ઞાનસાર'નું ભાષાંતર શરૂ કર્યું. પંડિતજી તે લખાવે, લખેલું વંચાવે અને તે ન ગમે તો તે લખાણ ગંગા નદીમાં પધરાવી દે. મહેનત કરતાં કરતાં હજાર પાના નદીમાં પધરાવ્યા હશે. પૂરો સંતોષ થયા પછી જ લખાણ સાચવ્યું. રમણભાઈને પણ વર્ષોથી 'જ્ઞાનસાર'નું આકર્ષણ હતું જ. તેમણે તક મળતાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સાયલાના પ્રણેતા લાડકચંદ બાપાની આજ્ઞાને માન આપી 'અધ્યાત્મસાર' અને 'જ્ઞાનસાર' બન્નેના ભાષાંતર અને ભાવાર્થ લખ્યા. અનેક મુમુક્ષુ ભાઈ–બહેનો ભાવથી તે વાંચે છે.

પરિચય ટ્રસ્ટ તરફથી વાડીલાલ ડગલી અને યશવંત દોશીએ ડૉ. રમણભાઇને પંડિતજી પર પુસ્તક લખવા આમંત્રણ આપ્યું. તેની તૈયારી માટે અમે પતિ–પત્ની પંડિતજી વિષયક કેટલુંક સાહિત્ય વાંચી ગયાં. અંધ અવસ્થામાં તેમણે કરેલો પુરુષાર્થ જાણી અકથ્ય આશ્ચર્ય અનુભવ્યું અને તેમણે વેઠેલી વિટંબણાઓનું વર્ણન વાંચી હૈયું વેદનાથી ખૂબ વ્યથિત થયું. તેમણે કરેલા ભગીરથ પ્રયત્નો જાણીએ ત્યારે થાય કે તેમણે સંકટને સમતાથી કેવી સિદ્ધિમાં ફેરવ્યું ! અમે બન્ને વિચારતા કે પ્રમાણમાં આપણને તો કેટલી સગવડો છે; પણ

*'શ્રીમાન પંડિત સુખલાલજી મારા વિદ્યાગુરુ છે. મારી દૃષ્ટિને તેમણે વિશદ બનાવી છે.. મારી સાથે તેમણે અનુકૂળપણે પોતાના અતિગંભીર અધ્યયન–ચિંતનમાંથી ઉદ્‌ભવેલી અનુભવપૂર્ણ વાતો કરી છે. જેથી જીવનમાં નવું જ્ઞાન અને સ્ફુરણાઓ જાગે છે.. પોતાની પદ્ધતિને સ્વસ્થ રાખવા પંડિતજી ઘણી ઘણી લાંઘણો અને અર્ધ લાંઘણો ખેંચી કાઢે છે, પરંતુ જ્ઞાનોપાસનાની લાંઘણ તેઓ ભાગ્યે જ કરે છે.'*

□ મુનિ પુણ્ય વિજયજી

આપણો વિકાસ કેટલો !

કેવાં સંકટ ! સોળની ઉંમરે શીતળામાં આંખો ગુમાવી. ભણવા માટે કાશી જવા માટે અને કાશી ગયા પછી ત્યાં કેવાં વિઘ્નો નડ્યાં ? અસહ્ય ગરમી અને અસહ્ય ઠંડી વેઠી. ઠંડીમાં જીવાતવાળા ઘાસ પર સૂવે અને માત્ર શેતરંજી ઓઢે. ઉદાર તો એવા કે પોતાનું એક માત્ર સ્વેટર બીજાને આપી દે. શિયાળામાં ઠંડા પાણીથી નહાય ત્યારે જાણે વીંછીઓ ચટકા ભરતા હોય તેવું લાગે. પોતાના ગુરુને મળવા જતાં નદીમાં પૂર આવ્યું. પાણીમાં જોડા ખેંચાઈ ગયા. આખા શરીર પર અનેક કાંટા વાગ્યા તેની સારવાર ત્રણ મહિના ચાલી. બધું સમભાવે સહ્યું. રહેવાની અને જમવાની મુશ્કેલી વારંવાર પડી. કાશીમાં વાંચનાર અને ભણાવનાર પંડિતોની ખૂબ ખેંચ હતી. પંડિત ભર તડકે વાંચવા બોલાવે અને પછી શીખવાડ્યા વિના પાછા મોકલે. આંખો વિના અને કેટલીક વાર પૈસા વિના ડગલે ને પગલે અવર્ણનીય મુસીબતોનો તેમને સામનો કરવો પડ્યો. આ મુસીબતોને અવગણીને દૃઢ મનોબળથી મહેનત કરી ચાલીસ જેટલા ગ્રંથોનું સર્જન કર્યું. અનેકને અધ્યયનમાં સફળ માર્ગદર્શન આપ્યું. ભારતના મહાન દાર્શનિક અને પ્રકાંડ પંડિત બન્યા.

રમણભાઈને પંડિતજીનાં આત્મબળ, અડગતા અને હિંમત બહુ ગમતાં. પંડિતજી તકલીફોની સામે હારે નહિ પણ તકલીફોને હરાવે. न दैन्यम्, न पलायनम् । ચક્ષુવિહીન હોવાને કારણે પરીક્ષામાં પેપર લખવા માટે એમને લહિયો–(Writer) આપવામાં આવે. એક વાર એક લહિયો જ્યારે પંડિતજી व લખાવે ત્યારે ब લખે, स લખાવે ત્યારે श લખે. કારણ કે તે બંગાળી હતો. પરંતુ સંસ્કૃતમાં તો એકાદ અક્ષરનો ફરક આખા અર્થને ફેરવી નાંખે. સુપરવાઇઝરના ધ્યાનમાં લહિયાની આ મર્યાદા દેખાઈ આવી. તેણે પંડિતજીને ચેતવ્યા. પંડિતજીએ અંગ્રેજ પ્રિન્સિપાલ વેનિસ સાલેનને ફરિયાદ સંસ્કૃતમાં લખી પોતાની મુશ્કેલી રજૂ કરી. પ્રિન્સિપાલે તેમને મૌખિક પરીક્ષાની છૂટ આપી. પરીક્ષા લેવાતાં પંડિતજી પ્રથમ વર્ગમાં પાસ થયા. છેલ્લી પરીક્ષાની ઘટના એવી બની કે મૌખિક પરીક્ષા લેવા બે પંડિતો આવ્યા. અગાઉથી તૈયાર કરેલું પ્રશ્ન પત્ર તેમને આપવામાં આવ્યું. પરંતુ પંડિતજીને વહેમ પડ્યો અને છેલ્લે ખાત્રી થઈ કે તેઓ બંન્ને નહિ પૂછેલા એવા પ્રશ્નો વચ્ચે વચ્ચે ઇરાદાપૂર્વક પૂછતા હતા. પરીક્ષકોનો કુટિલ વ્યવહાર પંડિતજીને ગમ્યો નહિ. ઑફિસમાંથી બહાર નીકળતાં પંડિતજીએ જોરથી પગ પછાડી મક્કમ નિર્ણય કર્યો કે મારે હવે કોઈ પણ પરીક્ષા આપવી નથી. શું જરૂર છે પરીક્ષાની ? એ પછી પંડિતજીએ પરીક્ષા ન આપી પરંતુ તે વિષયના નિષ્ણાત થવાની પૂરેપૂરી સજ્જતા કેળવી લીધી.

પંડિતજીએ કોઈપણ મુશ્કેલી માટે કદિ ફરિયાદ કે રંજ કર્યો નથી.

અમને બન્નેને સૌથી વધારે ગમ્યો હોય તો તે પંડિતજીનો પ્રેરણાદાયી મંગલ દૃષ્ટિકોણ–અભિગમ–attitude–અશુભને ખંખેરીને શુભ તરફ ગતિ કરાવે તેવો મંગળ અભિગમ. પંડિતજી છલકાતી પ્રસન્નતા પૂર્વક લખે છે: '૧૯૧૪થી આજ લગીની મારી પ્રવૃત્તિ અધ્યયન, લેખન, સંશોધન, સંપાદન, સામાજિક તથા ધાર્મિક પ્રશ્નોની છણાવટ આદિ અનેક દિશાઓમાં વહેંચાયેલી રહી છે. અલબત્ત, એ દીર્ઘકાલીન શાસ્ત્રીય અને વ્યવહાર કાર્યના યજ્ઞમાં કેન્દ્રસ્થાને તો ઉત્કટ જિજ્ઞાસા અને સત્યશોધનની વૃત્તિ રહેલી છે. એણે જ મને અનેક સત્પુરુષોની ભેટ કરાવી, એણે જ મને પંથ કે ફિરકાના સાંકડા વર્તુળમાંથી બહાર કાઢ્યો. એણે જ મને અનેકવિધ પુસ્તકોના ગંજમાં ગરક કર્યો. એણે જ મને અનેકવિધ ભાષાઓના પરિચય ભણી પ્રેર્યો. એણે જ મને અગવડનું ભાન કદી થવા ન દીધું. એણે જ મને સહૃદય, ઉદાર અને વિદ્વાન મિત્રો મેળવી આપ્યા. એણે જ મને વિદ્યા કેન્દ્રોની યાત્રા કરાવી. વિશેષ તો શું, એણે જ મને વૃદ્ધત્વમાં યૌવન આપ્યું.'

ડૉ.રમણભાઇ લખે છે: 'પંડિત સુખલાલજી એટલે વીસમી સદીની એક આશ્ચર્યકારક ઘટના. એક પ્રજ્ઞાચક્ષુ અસહાય યુવાન ભારતીય દર્શનનો વિશ્વવિખ્યાત વિદ્વાન કેવી રીતે બન્યો તેની ગાથા માનવજાત માટે સાચવી રાખવા જેવો વારસો છે.'

પૂ. પંડિતજી અને પૂ. પૂણ્યવિજયજી મહારાજને કારણે અમદાવાદ અમારા માટે તીર્થધામ બન્યું હતું. એક દિવસ માટે પણ અમદાવાદ જઈએ તો પણ તે બંન્નેનાં દર્શન ચૂકીએ નહિ. સમય બચે તો પૂ. બચુભાઈ રાવત અને ઉમાશંકરભાઈ પાસે જઈએ.

રમણભાઇએ પંડિતજી પર 'પંડિત સુખલાલજી' પુસ્તક લખ્યું. પંડિતજીના સ્વર્ગવાસ પછી અંજલિ લેખ લખ્યો તેને તેમના 'વંદનીય હૃદયસ્પર્શ' નામના ગ્રંથમાં પ્રથમ સ્થાન આપ્યું છે. પંડિતજીના જીવન અને લેખનની અમારા જીવન પર થયેલી અસર માટે એ યથાર્થ નામ છે. અમારું પરમ–પરમ સદ્ભાગ્ય છે કે આવી વંદનીય વ્યક્તિના સંપર્કમાં સીધા આવવાનું થયું. અધ્યાપન કાર્યની શરૂઆતમાં જ સંપર્ક થયો તે શુભ ચિહ્ન. એ સંપર્કે અમને શુભ તરફ ગતિ કરાવી. પંડિતજીનું વિરલ વાત્સલ્ય અને આશીર્વાદ અમારી અતિ મોંઘી મીરાત છે.

✱ ✱ ✱

ત્રિદેવ નં. ૧, ત્રીજે માળે, ફ્લેટ નં. ૩૦૧,
ભક્તિ માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

*'પંડિતજી મહાપ્રાજ્ઞ હતા, તેઓ વ્યક્તિ નહિ, પણ સંસ્થા છે. તેમના શરીરનું ગોત્ર અને નામ ગમે તે હોય, પણ તેમણે તો પોતાનું ગોત્ર 'સારસ્વત' બનાવી દીધું છે.'*

□ વાસુદેવ અગ્રવાલ

# સત્ય, સમાજ, સમષ્ટિ સમન્વય અને સંસ્કૃતિના ઉદ્‌ઘોષક

□ પદ્મશ્રી કુમારપાળ દેસાઈ

પંડિત સુખલાલજીની સત્યનિષ્ઠાનું સ્મરણ થાય એટલે ચિત્તમાં સત્યને કાજે ખાંડાની ધારે ચાલતા ગ્રીક તત્ત્વવેત્તા સૉક્રેટિસનું સ્મરણ થાય. સૉક્રેટિસની સત્યની ખેવના સાથે પંડિત સુખલાલજીની સત્યનિષ્ઠા યાદ આવે. સમયે સમયે ધર્મના સત્ય પર કાટ લાગી જતો હોય છે. એ અંધશ્રદ્ધા, જડ આચાર કે અજ્ઞાનનો કાટ દૂર થાય, તોજ સત્ય પ્રગટ થાય. સત્યને કદી કાટ લાગતો નથી, પરંતુ કાટમાળથી સત્યને દબાવી દેવાનો પ્રયાસ થાય છે. પંડિત સુખલાલજીએ માન્યતાઓ અને ગતાનુગતિકતાને સત્ય માનીને ચાલતા સમાજને સત્યનો પ્રકાશ દર્શાવ્યો. રૂઢિચુસ્તોની આંખો અંજાઈ જતી હોવાથી તેઓ સત્યનો પ્રકાશ સહન કરી શકતા નથી તેથી તેઓ આંખોમીંચીને એ સત્યનો વિરોધ કરે છે. પંડિત સુખલાલજી આવા વિરોધ સહન કરીને પણ ધીંગી, સ્પષ્ટ, માનવસંવેદનાયુક્ત અને તડજોડ વિનાની તાર્કિકતાથી સ્વતંત્ર ચિંતન આપતા રહ્યા. સાંપ્રદાયિકતાની સંકીર્ણ દીવાલો ધર્મોમાં ભેદ ઊભા કરે છે. પંડિત સુખલાલજીએ આને માટે પ્રતિકાર કર્યો અને એ કાજે જે કંઈ સહેવું પડે તે લેશમાત્ર ફરિયાદ વિના સહન કર્યું. પણ સત્ય સાથે એમણે ક્યારેય બાંધછોડ કે તડજોડ કરી નહીં.

ગ્રીસના સૉક્રેટિસ પ્લેટો જેવા કેટલાય તરુણોમાં પ્રિય હતા. એમણે સેંકડો તરુણોને જીવનશિક્ષણ આપ્યું. તો સુખલાલજીએ પણ આ રીતે કેટલાય તરુણોના જીવનમાં વિદ્યાવ્યાસંગ જગાવ્યો. જેને પરિણામે પદ્મભૂષણ દલસુખભાઈ માલવણિયા, ડૉ. પદ્મનાભ જૈની, ડૉ. ઈન્દુકલાબહેન ઝવેરી, ડૉ. નગીનભાઈ શાહ જેવા કેયલાય વિદ્વાનો સમાજને પ્રાપ્ત થયા. પં. સુખલાલજીની આ સત્યોપાસના મર્મસ્પર્શી, સર્વસ્પર્શી અને સારગ્રાહી હતી. તેઓ માનતા કે સાચું જ્ઞાન તેને કહેવાય કે જેના ઉદય પછી રાગદ્વેષ વગેરેની પરિણતિ મંદ પડવા લાગે.

જીવનમાં એમણે વાસ્તવિક પરિસ્થિતિનો સામનો કર્યો, એમાં ક્યાંય પલાયનવૃત્તિનો આશરો લીધો નહીં, એવું જ 'ન દૈન્યમ્, ન પલાયનમ્' એમના વિચાર, આચાર, વક્તવ્ય અને લેખનમાં જોવા મળે છે. તેઓ ધર્મના બે પ્રકાર બતાવે છે, એક છે તેનો દેહ અને બીજો છે તેનો આત્મા. બાહ્ય ક્રિયાકાંડ અને વિધિવિધાનો એ ધર્મનો દેહ છે જ્યારે સત્ય, પ્રેમ, ઉદારતા, વિવેક, વિનય આદિ સદ્‌ગુણો એ ધરમનો આત્મા છે. ગમે તેવો મહાન ધર્મ હોય, પણ જ્યારે તે બાહ્ય ક્રિયામાં અટવાઈ જાય છે ત્યારે તેનો આત્મા વિલીન થવા લાગે છે અને ધીરે ધીરે એનું અસ્તિત્વ ગુમાવે છે. પં. સુખલાલજી એમ માનતા કે સત્યની જિજ્ઞાસા અને શોધ કોઈ એક સદીને વરેલી નથી. દરેક સદી અને યુગમાં ઇચ્છે તેને માટે તેનો સંભવ છે અને બીજાને માટે ગમે તે સદીમાં અને ગમે તે યુગમાં પણ એનાં દ્વાર બંધ જ છે. એમણે એક મહત્ત્વની વાત એ કરી કે દાર્શનિકતા એ રાષ્ટ્ર કે સમાજના વાસ્તવિક પ્રશ્નોથી વિમુખ રહી શકે નહીં. અન્ય દર્શનોનાં અભ્યાસ વિના જૈન દર્શનનું રહસ્ય સમજવું પણ મુશ્કેલ છે. વળી એની સાથોસાથ પં. સુખલાલજીએ એ સમયે શ્રી પરમાનંદ કાપડિયાની સામાજિક પ્રવૃત્તિઓને પણ ટેકો આપ્યો હતો અને એથી જ તત્ત્વજ્ઞાન એ સત્યની શોધમાંથી ફલિત થયેલા સિદ્ધાંતો છે અને ધર્મ એવા સિદ્ધાંતોને અનુસરીને નિર્માણ થયેલો વ્યક્તિગત તેમજ સામૂહિક જીવનવ્યવહાર છે. તેઓની જૈન માટેની વ્યાખ્યા વિશિષ્ટ છે. તેઓ કહે છે,

*'જે પારકાના શ્રમનો ઉપયોગ કરવાની વૃત્તિથી મુક્ત હોય, જે શ્રમનું મૂલ્ય પિછાણતો હોય અને જે લોભ-લાલચની વૃત્તિ ઉપર વિજય મેળવી શકે તે જૈન.'*

*('જૈન ધર્મ અને દર્શન' ભાગર, પંડિત સુખલાલજી પૃ. ૩૧૯)*

પં. સુખલાલજી દાર્શનિક હોવા છતાં વિશ્વચેતના સાથે સતત અનુબંધ ધરાવે છે. એમણે નવ વર્ષ સુધી કાશીમાં અભ્યાસ કર્યો. વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોશ, સાહિત્ય અને ધર્મશાસ્ત્રના તેઓ સમર્થ વિદ્વાન હતા. દર્શન અને તત્ત્વજ્ઞાનના પારગામી પંડિત હતા, પરંતુ એ સમયે પણ બંગભંગની ચળવળથી તેઓ વાકેફ હતા અને એ પછી ભારતના આઝાદી-આંદોલનના પ્રત્યેક તબક્કાઓને તેઓ જાણતા હતા. એટલું જ નહીં પણ ૧૯૩૮ના પર્યુષણ પર્વના વ્યાખ્યાનમાં આ બધા સંપ્રદાયો પોતપોતાના ચોકામાં રહીને અથવા ચોકામાંથી બહાર નીકળીને વાસ્તવિક ઉદારતા સાથે આઝાદીના આંદોલનની આગેવાની સંભાળતી રાષ્ટ્રીય મહાસભા સાથે સહયોગ સાધવો જોઈએ એમ તેઓ માનતા હતા. વળી આ મહાસભા એ રાષ્ટ્રીય સંસ્થા હોઈ ધાર્મિક નથી એવી ભ્રમણાથી મુક્ત થવા ભલમણ કરતા હતા. બધા પોતાની સ્વતંત્ર દૃષ્ટિએ વિચાર કરતા થાય એવી એમની ઇચ્છા હતી અને તેથી તેઓ અર્થશાસ્ત્ર, ઇતિહાસ કે રાજકારણના ઊંડા જ્ઞાતા નહોતા, તેમ છતાં દેશની સ્થિતિના સતત પરિચયમાં રહીને એ વિશે સ્વતંત્ર ચિંતન કરતા હતા. એમણે સ્વતંત્રતાનો અર્થ સમજાવતાં કહ્યું કે, સ્વતંત્રતામાં શાસકોએ જનતાના હિતને પોતાનું હિત સમજવું જોઈએ એમ ગરીબ અને અમીર વચ્ચેનું અંતર મિટાવવા પ્રયત્ન કરવો જોઈએ. જો સંપત્તિ અને ગરીબીનો ભેદ ભૂંસાય નહીં, તો લોકતંત્ર નામનું જ રહે છે–એમ તેઓ માનતા હતા. તેઓ કહે છે કે – સ્વરાજ અને સુરાજ્ય એક નથી. આ ઉપરાંત બાળશિક્ષણની મૉન્ટેસોરી પદ્ધતિ અને પુરુષ–સ્ત્રીની સમાનતા જેવા વિષયો અંગે પણ એમણે પ્રતિભાવ આપ્યા છે. ૧૯૫૬ના મે મહિનામાં 'ગૃહમાધુરી' સામયિકમાં એમણે લખ્યું :

*'સ્ત્રી અને પુરુષનાં જીવનક્ષેત્રો અમુક અંશે જુદા હોવા છતાં તે બંનેની સમાન શક્તિઓને દબાવ્યા-વિના કામ કરવાની બધી તકો પૂરી પાડવી. પુરુષની પેઠે સ્ત્રી પણ કમાઈ શકે અને સ્ત્રીની પેઠે પુરુષ પણ કેટલીક ઘરની જવાબદારીઓ સંભાળી શકે. સ્ત્રી*

*કમાય તો એનો આત્મવિશ્વાસ વધે અને પુરુષની અવિવેકી સત્તાનો ભોગ બનવું ન પડે. વળી, સ્ત્રી કમાઈ શકતી હોય તો એને પુરુષોપાર્જિત ધન ઉપર કબ્જો મેળવવાની દૃષ્ટિએ અનેક કૃત્રિમ આકર્ષણો ઊભાં કરવાં ન પડે. સાથે જ પુરુષનો બોજ પણ હલકો થાય.'*

આ રીતે માત્ર શાસ્ત્ર, સાહિત્ય ને સંસ્કૃતિને સ્પર્શે તેવા નહીં, પરંતુ સામાજિક વિષયો તથા વ્યક્તિગત જીવનને લગતા પ્રશ્નોથી પણ તેઓ વ્યવહારુ ચર્ચા કરતા હતા. તેઓ માનતા હતા કે પ્રત્યેક વ્યક્તિ પોતાના વ્યક્તિગત અને સામાજિક કર્તવ્ય પ્રત્યે સભાન હોય. કર્તવ્યને રસપૂર્વક મૂર્ત કરી દેખાડવાના પુરુષાર્થ માટેની જાગૃતિ હોય તો પ્રજાજીવનમાં સમગ્રપણે પલટો આવે અને એવી સ્થિતિનું નિર્માણ કરવું એ જ ધર્મનું એક ધ્યેય ગણી શકાય.

પં. સુખલાલજીએ જીવનની પળે પળ જાગૃતિમાં વિતાવી હતી એટલું જ નહીં, પણ સમાજનું કોઈ પણ કામ કરવામાં એમને સદૈવ આનંદ આવતો હતો. એમની જીવનસાધના ઉત્કૃષ્ટ હતી. બે જોડી કપડાં અને પુસ્તકો સિવાય કોઈ દુન્યવી મિલકત નહોતી. લોભ-લાલચ કે પ્રશંસાના મોહમાં ફસાઈ ન જવાય એની અહર્નિશ તકેદારી રાખતા. પ્રમાદને ક્યારેય પોતાની પાસે ઢૂંકવા દેતા નહીં. અમદાવાદમાં એમનું પોતાનું ઘર પણ નહોતું અને એમના પરિચિતો એમની સમક્ષ ઘર બાંધવાનો પ્રસ્તાવ મૂકે, ત્યારે હસતા હસતા કહેતા, 'હું જ્યાં બેસું ત્યાં મારું ઘર.'

વડોદરામાં મહાવીર જયંતીના પ્રસંગે પ્રો. નરસિંહરાવ દોશી પં. સુખલાલજીનો પરિચય આપવા ઊભા થયા. આ સમયે પં. સુખલાલજીએ પોતે ઊભા થઈને એમને પરિચય આપતાં અટકાવ્યા અને પોતાના ભાષણમાં કહ્યું, 'મારે પ્રો. દોશીને રોકવા પડ્યા તે માટે મને માફ કરે, પણ આજે તો મહાવીર જયંતી છે. એમાં મારી પ્રશંસા શા માટે હોય ? મારી સામે જ મારી પ્રશસ્તિ ગવાય તે ઉચિત નથી.'

પં. સુખલાલજીનું સમાજદર્શન અને સંસારદર્શન એક સત્યશોધકનું દર્શન હતાં અને તેથી જ ધાર્મિક ક્રિયાકાંડો પાછળ થતા લખલૂટ ખર્ચને જોઈને તેઓને વેદના થતી હતી અને કહેતા હતા કે આવી બાબતો વ્યક્તિના વિકાસ અને સમાજની તંદુરસ્તી માટે બાધક છે.

પં. સુખલાલજી પાસે સમષ્ટિને બાથમાં લેતું દર્શન હતું, આથી જ એ સમષ્ટિદ્રષ્ટાને માણસ વચ્ચે ઊંચ-નીચના અવાસ્તવિક ભેદનું પોષણ કરનારી કોઈ પણ પ્રવૃત્તિ કોઈ કાળે મંજૂર નહોતી. કોઈ પણ શાસ્ત્રગ્રંથ હોય કે પછી કોઈ મહાન વ્યક્તિ હોય, પરંતુ એ માનવ-માનવ વચ્ચે ભેદનું સર્જન કરતી હોય તો એવી પ્રવૃત્તિનું પં. સુખલાલજીને મન લેશમાત્ર મૂલ્ય નહોતું. બીજી બાજુ મનુષ્યજાતિને પ્રેમ, મૈત્રી અને બંધુત્વથી જોડવા માટે પ્રયાસ કરનાર નાનામાં નાની વ્યક્તિ કે પ્રવૃત્તિનું એમને મન ઘણું મોટું મૂલ્ય હતું. આવા સમષ્ટિદ્રષ્ટા હોવાના કારણે જ મહાત્મા ગાંધી અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરને પણ પં. સુખલાલજી માટે અગાધ સ્નેહ હતો.

એક વાર પં. સુખલાલજી યુવાન વાડીલાલ ડગલીને લઈને મહાત્મા ગાંધીજીને મળવા ગયા હતા. ગાંધીજીની તેઓએ વિદાય લીધી ત્યારે ગાંધીજીએ યુવક વાડીલાલ ડગલીને કહ્યું: 'છોકરા, એમને છોડતો મા. એ તો આપણી ચાલતી ફરતી વિદ્યાપીઠ છે.'

આ જ સમષ્ટિદ્રષ્ટા પં. સુખલાલજીને ભારતીય તત્ત્વજ્ઞાનમાં એમણે આપેલા પ્રદાન માટે સુવર્ણચંદ્રક અપાયો, ત્યારે એમણે એક કૉલેજીયનને એ સુવર્ણચંદ્રક આપીને કહ્યું, 'જા, સોનીને જઈને આ વેચી આવ. એના જે પૈસા આવે તે આદિવાસીનું કલ્યાણ કરતી સંસ્થાને આપણે મોકલીશું.'

પં. સુખલાલજીનું અનેકાંત ચિંતન એમનામાં સમન્વયનો ભાવ જગાવે છે. એ દર્શનશાસ્ત્રોના ભેદમાં રહેલા અભેદને શોધી કાઢીને સમન્વયને પ્રબોધે છે. ખંડન-મંડનને બદલે તેઓ તુલનાત્મક દૃષ્ટિએ અધ્યયન કરીને એમાંથી સમન્વયની ભૂમિકા શોધી આપે છે. આથી જ સાચા અને નકલી ધર્મગ્રંથો વચ્ચેના ભેદને તેઓ સહજ રીતે પારખી લેતા હતા. સમન્વય કે બંધુભાવ જગાવવાને બદલે પરસ્પર વચ્ચે વિરોધ કે વૈમનસ્યનો ભાવ જગાડનારાં તત્ત્વોને એમણે બુલંદ પડકાર ફેંક્યો છે. આથી જ પાંડિત્ય જોવા મળે, બહુશ્રુતતા પણ ક્યાંક જોવા મળે, પરંતુ પં. સુખલાલજી જેવી સૂક્ષ્મ, મર્મગામી, તુલનાત્મક અને ઊંડું મનન ધરાવતી સમન્વયશોધક દૃષ્ટિ મળવી વિરલ છે.

અમદાવાદમાં એમના નિવાસસ્થાનનું નામ હતું 'અનેકાંતવિહાર' જે અનેક વ્યક્તિઓ માટે તીર્થસ્થાન હતું. પં. સુખલાલજીએ પોતાના ગહન શાસ્ત્રજ્ઞાનને સમન્વય દૃષ્ટિથી વિશેષ ઊજળું બનાવ્યું.

મુંબઈ યુનિવર્સિટીમાં એમણે ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાન-માળામાં આચાર્ય હરિભદ્રસૂરિજી વિશે પાંચ વ્યાખ્યાનો આપ્યાં હતાં. તેનું પુસ્તક મુંબઈ યુનિવર્સિટીએ ઇ. સ. ૧૯૬૧માં પ્રગટ કર્યું. આ પુસ્તક 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' એ નામે પ્રગટ થયું. પં. સુખલાલજી પણ એવા જ સમદર્શી હતા. વળી પં. સુખલાલજીની વિચારધારામાં એક વિશેષ તત્ત્વ ઉમેરાયું અને તે ગાંધી વિચારધારાનું. પં. સુખલાલજીએ જૈન ધર્મ અને દર્શનના હાર્દની સમજૂતી આપવાની સાથોસાથ અહિંસા અને અનેકાંતદૃષ્ટિની વિશેષતા પ્રગટ કરી આપી. વળી જૈન દર્શનના મર્મને પ્રગટ કરવાની સાથોસાથ એમણે સમગ્ર રાષ્ટ્રની ચિંતનધારાઓમાં રહેલા સામંજસ્યનું પોતીકી દૃષ્ટિથી આકલન કર્યું. સત્યશોધનને વરેલી એમની તુલનાત્મક દૃષ્ટિને પોતાનું પરાયું એવા કોઈ ભેદ નહોતા. જૈનદર્શન અને ભારતીય દર્શન તો ખરાં જ, પણ એથી ય વિશેષ ખ્રિસ્તી અને ઇસ્લામનાં દર્શનનો પણ તેમણે અભ્યાસ કર્યો હતો.

'દર્શન અને ચિંતન', 'તત્ત્વાર્થસૂત્ર', 'સન્મતિ તર્ક', 'ભારતીય વિદ્યા' જેવા ગ્રંથોમાં સમર્થ તત્ત્વજ્ઞ તરીકેનું પં. સુખલાલજીનું દર્શન અને ચિંતન જોવા મળે છે અને એ રીતે ભારતીય સંસ્કૃતિની એમણે બહુમૂલ્ય સેવા કરી.

***

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

# પંડિત સુખલાલજીનો વિદ્યાપુરુષાર્થ

□ ડૉ. જવાહર પી. શાહ

પંડિત સુખલાલજી વીસમી સદીના ભારતના એક તત્ત્વપુરુષ હતા. પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં તેમણે વિદ્યાર્જન માટે જે પુરુષાર્થ કર્યો તેણે એક મિસાલ કાયમ કરી છે.

પ્રજ્ઞાચક્ષુ થયા એ પહેલાના બાળપણનો વિચાર કરીએ તો લાગે કે ગણિત અને હિસાબ કિતાબમાં પ્રવીણ હોવાથી બીજા બાળકો તેમની પાટીમાં જોઈને જવાબ લખી લેતા. ચોપડીઓ સાચવવાની અને શણગારવાની પણ તેમણે નાનપણથી જ ટેવ પાડેલી. તેઓ સાતમું ધોરણ પાસ કર્યા પછી વઢવાણ વધુ અભ્યાસ કરવા ઇચ્છતા હતા પરંતુ સગાઓના આગ્રહને માન આપી પિતાના ધંધામાં જોડાયા. સં. ૧૯૫૩માં સુખલાલે શીતળામાં આંખો ગુમાવી. લીમલીના નવા ઉપાશ્રયમાં જવું અને ધાર્મિક પાઠ કરવો એ તેમનો નિત્ય આચાર બની ગયો. તમો અદ્વૈતમાં પ્રકાશગમ્ય બધા ભેદો વિલય પામ્યા હતા. તે સમયે તેમની ધર્મની સમજણ મુખ્યત્વે ક્રિયાકાંડ, દેહદમન તપશ્ચર્યા અને પરંપરાગત શાસ્ત્રશ્રવણમાં જ સમાઈ જતી. બીજાના કંઠેથી સંભળાતાં નવા નવા છંદો, સ્તવનો અને સજ્ઝાયો સહેજે યાદ રહેવા લાગ્યા. પંડિતજી 'મારું જીવન વૃત્ત'માં નોંધે છે–'દુઃખાદ્વૈતમાં સુખ અને આશ્વાસને દ્વૈત ઊભું કર્યું અને એ દ્વૈતે ઉત્તરોત્તર વધારે ને વધારે સામાયિકો કરવા પ્રેર્યો. સાધ્વીઓ પાસેથી નવું શીખવાનો પ્રયત્ન કર્યો. કેટલાક છંદો અને સજ્ઝાયો અને થોકડાઓ કંઠસ્થ કર્યા. આ થોકડાઓમાં મુખ્યત્વે દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગના શાસ્ત્રીય વિષયોનું નિરૂપણ છે.' તેમને ખ્યાલ આવ્યો કે આ વિષયોનું સળંગ આલેખન આગમોમાં છે. પ્રાકૃત ભાષા અને વ્યાકરણની જાણકારી વિના પણ કેટલાંક આગમો કંઠસ્થ કર્યા, જેમાં દશ વૈકાલિક, ઉત્તરાધ્યયન અને સૂત્રકૃતાંગ મુખ્ય હતા. દીપચંદજીની પ્રેરણાથી તેમણે શોભનસ્તુતિ ભક્તામર, કલ્યાણમંદિર ને સિંદુર પ્રકરણ પણ કંઠસ્થ કર્યા. આમ ગુજરાતી ઉપરાંત પ્રાકૃત ગદ્યપદ્ય અને તેના ટબાનું અર્થગ્રહણ કરવાનું શરૂ થયું.

પંડિતજીએ કેટલાંક સંસ્કૃત સૂક્તો અને સ્તોત્રો અર્થ વિના ગોખેલા પણ સંસ્કૃતની મધુરતાથી તેઓ પ્રભાવિત થયા. વ્યાકરણ વિના સંસ્કૃત ન આવડે આથી તે શીખવાની તમન્ના જાગી. રઘુવંશના નવસર્ગો, રોજના એક સર્ગને હિસાબે કંઠસ્થ કર્યા. સંસ્કૃત ગ્રંથોના અને શિક્ષકોના અભાવના કારણે મુખ્યત્વે જે કાંઈ યાદ રહ્યું હોય તેનું આવર્તન કરવામાં સમય જતો. આ ગાળા દરમ્યાન પ્રકરણ રત્નાકર, ક્ષેત્રસમાસ, ઇન્દ્રિયપરાજય શતક અને વૈરાગ્યશતક પણ કંઠસ્થ કર્યા. તેમને વાંચી સંભળાવનાર તેમનો નાનો ભાઈ છોટાલાલ અને બે મિત્રો હતા. છોટાલાલ પ્રાકૃત અને સંસ્કૃત અક્ષરશઃ વાંચી આપે. સુખલાલ કંઠસ્થ કર્યા પછી તે ભાગને આવર્તન વખતે સુધારી વ્યવસ્થિત કરી લેતા. એક મિત્ર પોપટલાલ સંસ્કૃત વાંચતી વખતે અટકળે અર્થ પણ કરતા જાય.

એ સમયમાં પ્રજ્ઞાચક્ષુ લાધાજીસ્વામી પાસે સુખલાલે સારસ્વત વ્યાકરણની સાથે પંચસંધી મુખેથી યાદ કરી. તેથી લાધાજીએ સંપૂર્ણ સારસ્વત વ્યાકરણ કે ચન્દ્રિકા શીખવા ઉત્તેજન આપ્યું. વઢવાણ કેમ્પ ખાતે મુનિ ઉત્તમચંદજી પાસે ચાતુર્માસમાં સુખલાલે વ્યાકરણ શીખી લીધું. મુનિ છોટાલાલજીની મદદથી સાર્થ પાઠ મુખે કર્યા. તે વખતે તરુણ સાધુ રત્નચંદ્રજીનો પરિચય થવાથી સંસ્કૃત અભ્યાસની જિજ્ઞાસા સતેજ થઈ. આમ સં. ૧૯૫૩ના અંતથી સં. ૧૯૫૯ સુધીમાં જૈન પરંપરાના ચાર અનુયોગોના અનેક વિષયોનું છૂટું છવાયું અને અવ્યવસ્થિત જ્ઞાન મેળવવાનો સુખલાલે ઉદ્યમ કર્યો.

સં. ૧૯૬૦ના જૈનધર્મપ્રકાશ માસિકમાં એક સંવેગી સાધુ કાશીમાં સંસ્કૃત અધ્યયન કરવા–કરાવવા કેટલાક સાધુઓ અને ગૃહસ્થ વિદ્યાર્થીઓ સાથે જઈ રહ્યાની જાહેરાત આવેલી. સુખલાલે મિત્ર દ્વારા પત્રવ્યવહાર કર્યો. ધર્મવિજયજી મહારાજે તેમને કાશી આવવા નિમંત્રણ આપ્યું. સ્વજનોને મહામહેનતે સમજાવી અનેક કષ્ટો સહન કરી તેઓ કાશી પહોંચ્યા. જે દિવસે તેઓ પહોંચ્યા તે પાંચમનો દિવસ હોવાથી તે જ દિવસે વિદ્યાનો પ્રારંભ થયો. હેમચન્દ્રાચાર્ય કૃત અભિધાન ચિંતામણિથી મંગળાચરણ થયું. સિદ્ધહૈમ વ્યાકરણ-બૃહદ્ વૃત્તિ શીખનાર તેઓ એક જ હતા. હરનારાયણ તિવારી નામના અતિવ્યુત્પન્ન મહાવૈયાવકરણનો સુયોગ તેમને મળ્યો. સુયોગ્ય વાચકની અપેક્ષિત ગોઠવણનો અભાવ, ઝીલી શકે તેટલું શીખવવા માટે અધ્યાપક પાસે સમયનો અભાવ જેવી અગવડો ભોગવીને પણ સુખલાલે ત્રણ વર્ષમાં બૃહદ્ વૃત્તિ (અઢાર હજારી) આત્મસાત્ કરી. આઠમા અધ્યાયનું પ્રાકૃત વ્યાકરણ જાતે જ શીખી લીધું. સંસ્કૃત અને પ્રાકૃતમાં ધારા પ્રવાહ બોલી શકવાની ક્ષમતા તેમણે મેળવી. વ્યાકરણનું સમ્યગ્ અને પૂર્ણજ્ઞાને તેમને બાકીના બધા શાસ્ત્રોમાં યથાર્થ પ્રવેશ

*'આ શતાબ્દીના તેઓ બહુમુખી પ્રતિભાના ધણી લેખે આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે. જીવનમાં આંખ ગુમાવવી એ મોટી અડચણ ઉપસ્થિત છતાં 'न दैन्यं न पलायनम्' એ જીવનમંત્ર તેમનો બની ગયો અને દેખતાના પણ માર્ગદર્શક તેઓ બની શક્યા. તેમાં તેમનો અપૂર્વ પુરુષાર્થ દેખાઈ આવે છે.'*

□ પંડિત દલસુખભાઈ માલવણિયા

કરવાની ગુરુચાવી મેળવી આપી. અંબાદત્ત શાસ્ત્રી પાસેથી સુખલાલે તર્કસંગ્રહ, મુક્તાવલી અને પંચવાદનું સટીક શિક્ષણ સ-રસ ગ્રહણ કર્યું. સમજણ ઉપરાંત સતત મનન એ સુખલાલના સાથી બન્યા હતા. વ્યાકરણ અને ન્યાયના ભણતરનો થાક હળવો કરવા તેઓ કાવ્ય તરફ વળ્યા. રઘુવંશ, કિરાતાર્જુનીય, માઘ અને નૈષધીય ચરિત જેવા મહાલયોનો આસ્વાદ લેતા રહ્યા. પ્રાકૃત કાવ્યો તે જાતે જ વાંચી લેતા.

સં. ૧૯૬૪ના પ્રારંભથી અલંકારશાસ્ત્રની ભૂમિકા સમજવા તેમણે 'સાહિત્ય દર્પણ'નો અભ્યાસ કર્યો. શરૂઆતના બે વર્ષ શીખવા સિવાયનો સમય પુનરાવર્તન અને મનનમાં જતો. પાછલા બે વર્ષ શીખવા સિવાયનો સમય મનન અને અધ્યાપનમાં જતો. આમ ચારેય ભૂમિકામાં સુખલાલ પસાર થયા. એમણે નક્કી કરેલું કે કાશી નિવાસ દરમ્યાન બધી શક્તિ જૈનેતર શાસ્ત્રો શીખવામાં જ ખર્ચવી. આમ ચાર વર્ષોમાં વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, ન્યાય અને કોષના અભ્યાસથી આગળના અધ્યયનની પૂર્વભૂમિકા તેમણે બાંધી.

કાશીની યશોવિજયજી પાઠશાળા છોડ્યા પછી સુખલાલે મિત્ર વ્રજલાલ સાથે ભદૈની ઘાટ પરની ધર્મશાળામાં રહેવાનું રાખ્યું. સનાતની બ્રાહ્મણ પંડિતોની જૈનને ભણાવવાની અરૂચિ એ સમયનું નોંધપાત્ર પાસું હતું. જૈન ગ્રંથો વિષેનો તેમનો અનાદર પણ સ્પષ્ટ હતો. તેથી અધ્યયન માટે સુખલાલ-વ્રજલાલની જોડીએ અનોખી યોજના તૈયાર કરી. વ્રજલાલ ચાર માઇલ દૂર સુપ્રસિદ્ધ વેદાંતજ્ઞ લક્ષ્મણશાસ્ત્રી દ્રવિડ પાસે વેદાંત શીખે અને સુખલાલ ઘરે રહી ન્યાયની તૈયારી કરે. બન્ને સાંજે પરસ્પર આપ-લે કરી લે. થોડા સમય પછી તેમને બાલબોધ મિશ્રનો ભેટો થયો. આ યુવાન પંડિત વ્યાકરણ, ન્યાય, સાંખ્ય, યોગ અને વેદાંતના પ્રખર વિદ્વાન. સુખલાલ તેમની પાસે નવ્યન્યાય ભણ્યા. સં. ૧૯૬૫માં સુખલાલે ક્વીન્સ કૉલેજની સંપૂર્ણ ન્યાય મધ્યમાની પરીક્ષા આપી. તેમની મૌખિક પરીક્ષા લેવામાં આવી. તેઓ પ્રથમ વર્ગમાં પાસ થયા. તેમનો પંડિતો સાથેનો પરિચય વધતો ગયો. વામાચરણ ભટ્ટાચાર્ય નામના પંડિત પાસે તત્ત્વચિંતામણિ ગ્રંથ માથુરી ટીકા સાથે ભણવાનું સરૂ થયું. અધ્યયન વિશદ બનતું ગયું અને એક મૈથિલ નૈયાયિકને ત્યાં પણ સાંજે જવું શરૂ કર્યું. આમ બપોર-રાત મળી આઠેક માઇલની મુસાફરી સહેજે થતી.

હવે પરીક્ષા કરતા શાસ્ત્ર-સામર્થ્ય પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ રાખી સુખલાલે પંડિત ચંદ્રશેખરનું મિથિલા આવવાનું આમંત્રણ સ્વીકાર્યું. મધુવની પાસે પિલખવાડ ગામે તેઓ પહોંચ્યા. તેઓ આત્મકથામાં નોંધે છે-'ગામડું સાવ નાનું, ઠંડીનો પાર નહિ. સૂવા માટે માત્ર જાજમ અને પહેરવા ઓઢવાના ત્રણ-ચાર કપડાં એટલે શીતની તપસ્યા તો હતી જ પણ ખાવાની એ એક રીતે મારા માટે તપસ્યા જ હતી. ભાત સિવાય બીજું ખાવા ન મળે. દૂધ મારાથી કેમ મંગાય ? એકલા ભાત ઉપર કદી નહિ રહેલો. ઘી તો ન જ હોય. હા, ક્યારેક થોડું દહીં મળે ખરૂં, મન તો ઘણું થાય કે વધારે દહીં માંગું. પણ સંકોચ આડે આવે. ડાંગરનું પરાળ ગરમ એટલે તેની જ ગાદી બનતી અને જાજમ ઓઢવાના કામમાં આવતી. ઘર પાસેના પોખરાઓમાં જઈ નહાતો. ન નહાઇએ તો લોકો જૈન ગણી અવગણે. નહાતો ત્યારે કેટલીક વાર વીંછીના ચટાકાનો અનુભવ થતો. પરંતુ જિજ્ઞાસા આ બધું સહેવા પ્રેરતી. ખાવાના અને બીજા પૈસા પાસે હતા તે પંડિતજીના મામાના ઘરની ગરીબાઈ જોઈ તેમને ઘણા ખરા આપી દીધા. અતિ ટાઢમાં પહેરવા લાવેલ સ્વેટર પણ આપી દીધું. લાલચ તો એ હતી કે એથી પ્રસન્ન થઈ પંડિતજી ખૂબ મમતાથી ભણાવે અને શાસ્ત્રના ઊંડા મર્મો દિલ ચોર્યા સિવાય બતાવી દે.'

ત્યાર પછી સીંહવાડા ખાતે ફૂસથી છવાયેલ ઝુંપડામાં નિવાસ કર્યો. વરસાદમાં ઝુંપડું વહી ગયું. એક જૂના ઘરમાં રહેવું પડ્યું, સાથે જીવાતનું જોર ઘણું. છેવટે દરભંગા રહેવા ગયા. અહીં તેમને બાલકૃષ્ણ મિશ્રનો પરિચય થયો. તેઓ નૈયાયિક, અસાધારણ દાર્શનિક, આલંકારિક અને સત્કવિ હતા. તેમની અને સુખલાલજી વચ્ચે સ્થપાયેલો ગુરુ શિષ્યભાવનો સંબંધ જીવનભર ટક્યો.

પંડિત સુખલાલજીના વિદ્યાર્જન યજ્ઞના ઘણાં ગુરુઓ હતા. તેમાં શ્રી બાલકૃષ્ણ મિશ્ર અને કાશી પાઠશાળાના વ્યાકરણ શિક્ષક તિવારીજી મુખ્ય હતા. પંડિતજી તેમની આત્મકથા-મારું જીવનવૃત્તમાં કબુલ કરે છે કે-'આજની મારી અસાંપ્રદાયિક વૃત્તિમાં જેટલો ભાગ જૈનેતર દર્શનોના અધ્યયને ભજવ્યો છે તેટલો જ ભાગ જૈનેતર લોકો સાથેના સહવાસે પણ ભજવ્યો છે.'

કાશી ભદૈની ઘાટ રહેવા આવ્યા પછી પંડિતજી દિગંબર પાઠશાળાના વિદ્યાર્થીઓને ભણાવતા. આ નિમિત્તે તેઓ દિગંબર ગ્રંથો જે મુખ્યત્વે વ્યાકરણ, કાવ્ય, ચંપૂ, અલંકાર કે તર્ક વિષયના હતા તેનો અભ્યાસ કરવાની તક મળી. ખંડનખંડ ખાદ્ય અને અદ્વૈતસિદ્ધ જેવા ગ્રંથોથી વેદાન્ત વિકાસની છેલ્લી ભારતીય ભૂમિકા તેમણે આત્મસાત્ કરી. આને કારણે ભાવિમાં ઉપાધ્યાય યશોવિજયજીના વાંઙ્મયનું સંપાદન સરળ બન્યું.

હવે પંડિતજીના અધ્યાપક જીવનનો અધ્યાય શરૂ થયો. પાલણપુર,

*'હું જેટલી વિભૂતિઓના નિકટના પરિચયમાં આવ્યો છું તેમ મને પંડિતજી સકલપુરુષ લાગ્યા હતા. પંડિતજી માટે સંસ્કૃત વ્યાકરણ, અર્વાચીન કવિતા, રાજ્યનીતિશાસ્ત્રના સિદ્ધાન્તો, ભાષાશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર અલગ અલગ જણસો ન હતી, પણ જીવનના અવિભક્ત અંગરૂપ બાબતો હતી.'*

□ વાડીલાલ ડગલી

મહેસાણા અને વિરમગામ અધ્યાપન અર્થે રહ્યા. પાટણમાં પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી, ચતુરવિજયજી અને પુણ્યવિજયજીના સંપર્કમાં આવ્યા. અમદાવાદમાં ગાંધીજીના પરિચયમાં આવવાથી તેઓ ગાંધીરંગે રંગાયા.

જૈન શાસ્ત્રીય ગ્રંથોના હિંદી ભાષાંતર પ્રકાશિત કરવાની યોજના તેઓએ કરી. ગ્રંથ સંપાદનમાં તેમણે શાસ્ત્રીય દૃષ્ટિબિંદુઓ સાથે જ વિશાળ ઉપોદ્ઘાત લખી તેમાં ઐતિહાસિક અને તુલનાત્મક અભ્યાસનું નવું પરિમાણ ઉમેરી નવી પ્રણાલિકા ઊભી કરી. સં. ૧૯૭૨માં તેઓ આગ્રા ગયા અને હિંદી ભાષામાં શુદ્ધ સ્વરૂપે આલેખન સિદ્ધ કરવા તેનું ભાષાકીય દૃષ્ટિએ અધ્યયન કર્યું ને કામતાપ્રસાદ ગુરૂ, રામજીલાલ વગેરેના વ્યાકરણો અવલોક્યા. આચાર્ય મહાવીર પ્રસાદ દ્વિવેદીના રઘુવંશ, માઘ આદિના અનુવાદો, તત્કાલીન સરસ્વતી, મર્યાદા, અભ્યુદય જેવા સામયિકોનો પણ મુખ્યત્વે ભાષાની દૃષ્ટિએ અભ્યાસ કર્યો.

'જ્ઞાનસાર'ના અષ્ટકોનો ભાવાનુવાદ અને વિવેચન મિત્ર વૃજલાલને બતાવતા. સંતોષ થયા પછી તેમણે જૈન કર્મગ્રંથોના અનુવાદ અને હિંદી વિવેચનો શરૂ કર્યા. પંચ પ્રતિક્રમણ વિવેચન સાથે પ્રસિદ્ધ કર્યું. ત્યાર પછીના ચાર વર્ષોમાં નાના મોટા સાત સંસ્કૃત ગ્રંથો હિંદી અનુવાદ–વિવેચન સહિત પ્રસ્તાવના સાથે પ્રસિદ્ધ કર્યા.

ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા પછી પંડિતજીએ 'તત્ત્વાર્થસૂત્ર' સ્વયં અને 'સન્મતિ તર્ક–વાદ મહાર્ણવ (પં. બેચરદાસજી સહ) પ્રકાશિત કર્યા. વિદ્યાપીઠ પ્રતિબંધ સમયે તેઓ બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલયમાં જોડાયા. અહીં લેખનનો નવો યુગ શરૂ થયો. 'પ્રમાણમીમાંસા', 'જ્ઞાનબિંદુ', 'જૈનતર્કભાષા', 'તત્ત્વોયપ્લવસિંહ', 'હેતુબિંદુ' જેવા સંસ્કૃત ગ્રંથોનું સંપાદન તેમણે પૂરું કર્યું.

ગુજરાત વિદ્યાપીઠમાં તેમનો પંડિત ધર્માનંદ કૌસંબીજી સાથે પરિચય થયો હતો તે બનારસમાં પાલિ વાઙ્મયમાં અભ્યાસરસમાં પરિવર્તિત થયો. જૈનદર્શનના અધ્યાપક તરીકે તેઓએ બનારસમાં દસ વર્ષ કાર્ય કર્યું. આ વર્ષોમાં તેમણે અનેક વિદ્વાનો–જેને તેઓ 'ચેતનગ્રંથો' કહે છે–તૈયાર કર્યા. તત્કાલીન વાઈસ–ચાન્સેલર ડૉ. રાધાકૃષ્ણને યુનિવર્સિટીમાં જ ગ્રંથ સંપાદનનું મહત્ત્વનું કાર્ય સોંપવા તજવીજ કરી પરંતુ પંડિતજીએ તેનો સાદર અસ્વીકાર કર્યો.

ફરી મુંબઈ–ભારતીય વિદ્યાભવન અને પછી અમદાવાદ ભો. જે. ઇન્સ્ટિટ્યૂટમાં માનદ્ પ્રાધ્યાપક તરીકે જોડાયા. તેઓ સમન્વયસાધક તત્ત્વવેત્તા હતા. તેથી સર્વત્ર તેઓ આદર પામ્યા હતા.

સમન્વય સાધક દૃષ્ટિકોણના પુરસ્કર્તા હોવાથી દર્શનશાસ્ત્ર સાથે તેમણે મનોવિજ્ઞાન, નૃવંશશાસ્ત્ર, સમાજશાસ્ત્ર સંબંધી પણ ગહનચિંતન કર્યું હતું. પરિચય પુસ્તિકા શ્રેણિ દ્વારા નવો જ યુગ પ્રવર્તાવનાર તેઓશ્રી ક્રાંતિકારી અને પ્રગતિશીલ દૃષ્ટિકોણ પુરોધા હતા. તેમનું ૯૭ વર્ષની વયે અમદાવાદ ખાતે અવસાન થયું ત્યારે પંડિતયુગનો એક સિતારો આથમી ગયો હોવાનો અહેસાસ સહુને થયો.

***

૬૫, શિવલીક બંગલોઝ, આનંદ નગર ક્રોસ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

## ભૂલ સુધાર

ફેબ્રુઆરી–૧૬ના અંકમાં પાના ૧૨ ઉપર શ્રી મુંબઈ જૈન યુવક સંઘઃ કાર્યવાહક સમિતિ–૨૦૦૬–૦૭માં સમિતિ સભ્યોની નામાવલિમાં શ્રી ચંદ્રકાંતભાઈ ધુડાભાઈ શાહ લખ્યું છે. તે **શ્રી ચંદ્રકાંતભાઈ ધુડાભાઈ ગાંધી** વાંચવા વિનંતિ. ક્ષતિ માટે ક્ષમા કરશો.

☐ મેનેજર



### પ્રબુદ્ધ જીવન

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝપેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન'ની માલિકી અને તે અંગેની માહિતી.

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશન સ્થાન | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. કામચલાઉ સરનામુ : ૩૩, મહમ્મદી મીનાર, ૧૪મીખેતવાડી, મુંબઈ–૪૦૦ ૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : | માસિક. દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| ૪. પ્રકાશકનું નામ | : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામુ: | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |
| ૫. તંત્રી | : | શ્રી ધનવંત તિલકરાય શાહ |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |
| ૬. માલિકનું નામ | : | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ |
| અને સરનામુ | : | ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |

હું ધનવંત તિલકરાય શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૦૭ ☐ ધનવંત તિલકરાય શાહ
તંત્રી

# પાવન પુરુષની નિશ્રામાં

□ પ્રો. પ્રતાપકુમાર જ. ટોલિયા

પાવન પુરુષોની નિશ્રાની શોધ અને તત્ત્વજિજ્ઞાસુના મારા વિનમ્ર ઉપક્રમમાં અનેક જૈન સંતો, આંધ્રના ચિન્નામ્મા માતા તેમજ અરવિંદાશ્રમ–રમણાશ્રમ આદિ અનેક વ્યક્તિઓ અને સ્થાનોની મારી સાધના–યાત્રા ચાલી રહી હતી. આ અનુસંધાનમાં પ્રથમ ઉરુળી કાંચનમાં બાળકોબા ભાવે અને પછી ઉત્કલ–આંધ્ર–તમિલનાડુમાં આચાર્ય વિનોબા ભાવે સાથે નિસર્ગોપચારયાત્રા, ચિંતનયાત્રા અને સર્વોદયયાત્રા કરતો અંતે કાંજીવરમ્ પાસેના એક નાનકડા ગામના મુકામે વિનોબાજી સાથે છેવટની વિસ્તૃત વિચારણા કરી રહ્યો હતો. એ સમયે સર્વોદય–કાર્યની નહીં, ઠરીને ઠામ થવાય એવા કોઈ પરમ પુરુષને ચરણે રહી ગહન અધ્યયન, અંતરશુદ્ધિ અને આત્મદર્શન માટેની સાધના કરવાની ઝંખના પ્રબળ હતી. મન ક્યાંય ઠરતું ન હતું. મોકળે મને વિનોબાજી પાસે વાત મૂકી. આ લક્ષ્ય સાધવા સત્સામીપ્યમાં રહી મારા રુચિનાં વિષયો દર્શન, સાહિત્ય અને સંગીતનું સ્થિર અને તલસ્પર્શી અધ્યયન કરવાની આવશ્યકતા અને મહત્તા વિનોબાજીએ પણ મુક્તપણે સ્વીકારી. તેમની ચિરસ્મરણીય એવી પ્રેમભરી વિદાય, અનુમતિ અને આશીર્વાદ લઇને દક્ષિણ ભારતમાંથી ગુજરાત આવવા નીકળ્યો. ૭મી જુન, ૧૯૫૬નો એ મહત્ત્વનો દિવસ હતો. ચાલીસ વર્ષ પહેલાંના આ જ દિવસે વિનોબાજી સર્વ પ્રથમ ગાંધીજીને મળ્યા હતા, ને હું આ જ દિવસે વિનોબાજીની વિદાય લઈ રહ્યો હતો– અલબત્ત, તેમની આજ્ઞા સાથે. પણ હતો આ કોઈ યોગાનુયોગ!

વિદ્યાધ્યયન અને સાધન માટેની મારી ઉપર્યુક્ત ભાવના તો હવે ઉત્કટ હતી, પરંતુ ક્યાં જઇને એ સાધ્ય થઈ શકશે તેનું કોઈ સ્પષ્ટ ચિત્ર સામે હતું નહીં. પ્રવાસમાં વચ્ચે મુંબઈ આવતાં મારા સ્વ. પિતાજીએ ક્યારેક શ્રી મોહનલાલ મહેતા 'સોપાન'ને મળવાની વાત કહી હતી તે યાદ આવી અને શ્રી 'સોપાન'ને હું મળ્યો.

નિખાલસપણે અને વિગતે બધી વાત ચાલી. તો મારી અંતરંગ વૃત્તિ અને પ્રવૃત્તિ જોઇને તેમણે યથાર્થ દિશાસૂચન કરતાં કહ્યું:

'તમે અમદાવાદ જઈ પૂજ્ય પંડિત શ્રી સુખલાલજીને મળો....'

જેમનું ચિંતન જગાવનારું થોડું સાહિત્ય ખૂબ રસ અને સમાદરપૂર્વક વાંચેલું અને જેમને મળવા ઘણાં સમયથી ઝંખી રહેલો તેમનું (કોણ જાણે કેમ વચ્ચે વિસ્મૃત થઈ ગયેલું) નામ સાંભળતાં જ પ્રફુલ્લિત થઈ ઊઠ્યો. લાગ્યું કે જોઇતું 'તું ને વૈદે ચીંધ્યું!... પણ સાથે જ ચિત્તમાં એક ક્ષોભ–સંદેહ પણ ઊઠ્યો. શ્રી 'સોપાન'ને એ વ્યક્ત કર્યો:

'પૂજ્ય પંડિતજીને મળવાનું અને તેમના પ્રેમપાત્ર બની તેમનું સામીપ્ય પામવાનું બને તો તો તેના જેવી ભારે અહોભાગ્યની અને આનંદની વાત બીજી શી હોઈ શકે? પણ દર્શન–તત્ત્વનો એકડો પણ નહીં જાણનાર એવા સાવ અણઘડ પથ્થર–શા વિદ્યા–અર્થી માટે તેમના જેવા મહા વિદ્વાન સત્પુરુષનો સમય લેવો એ કેટલું ઉચિત છે?'

'એ ખરું–' કહેતાં શ્રીસોપાને તુરત તોડ કાઢ્યો–'તમારે પૂજ્ય પંડિતજી પાસે જઈ તમારી અધ્યયનની જિજ્ઞાસા વ્યક્ત કરી માત્ર તેમની સેવાનો અવસર માગવો. તેમને પત્રો કે લેખો વગેરે જે લખાવવાના હોય તે લખી આપવા, તેઓને જે જે વાંચવું હોય તે તે વાંચી સંભળાવવું. આમ કરતાં કરતાં આપોઆપ તમારી જિજ્ઞાસાની તૃપ્તિ થતી જશે.'

આ સમાધાન મને તુરત ગળે ઉતરી ગયું. આવા મહાન વિદ્યાપુરુષની સેવા કરવાનું પણ ક્યાંથી? સેવા કરતાં કરતાં સહજ જિજ્ઞાસા–પૂર્તિ કરવી અને શેષ સમયમાં શક્ય તે અધ્યયન સ્વયં કરતાં જવું આવું નક્કી કર્યું. આંગળી ચીંધ્યાનું આ મોટું પુણ્ય કરવાનો ઉપકાર કર્યા બદલ શ્રી સોપાનનો અંતરથી અત્યંત આભાર માનતો અમદાવાદ આવ્યો. રહેવાનું તો પ્રથમ અમદાવાદમાં એ કાળે વર્ષાવાસ રહેલા પૂર્વ પરિચિત કવિવર્ય પં. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ પાસે અને પછીથી સુહૃદય શ્રી સૂર્યકાંતભાઈ અને ગીતાબેન પરીખ સાથે રાખ્યું, પરંતુ અમદાવાદ પહોંચીને વહેલી તકે પૂજ્ય પંડિતજીને મળવા ચાલ્યો...

**પ્રથમ દર્શન : ધબકતા જીવનગ્રંથોના પણ અધ્યેતા!**

૧૯૫૬ના જૂન માસનો એક નમતો પહોર અને ઍલિસબ્રિજ–શા વ્યસ્ત શહેરી વિસ્તારની વચ્ચે પણ કો' નીરવ તપોવનની યાદ આપતું, સાબરતટે પ્રશાંત ઊભેલું, 'સરિત કુંજ'...!

એના પ્રવેશદ્વારમાં પેસતાં જ, અંતરમાં દર્શનનો થનગનાટ છતાં, થયું: જેનું નિર્માણ કરવા માત્ર ભારતને જ નહીં, સમગ્ર વિશ્વને પણ સદીઓ સુધી રાહ જોવી પડે એવા આ મહાન મુક્ત, દાર્શનિક અનેક ગ્રંથો, વિદ્વાનો, વિચારકો અને વાંચકોથી વીંટળાયેલા પોતાના ગહન તત્ત્વચિંતનમાં લીન હશે! તેમાં અણજાણ્યો એવો હું અણધાર્યો અને

*'પંડિત સુખલાલજી આપણા તપસ્વી વિદ્યાચરણ સંપન્ન પ્રાચીન પંડિતોના પ્રતીક છે. સંસ્કૃત દર્શનના અદ્ભુત વિદ્વાન છતાં તેમની તીવ્ર જિજ્ઞાસા જોઇને આશ્ચર્ય થાય છે...સાંપ્રદાયિક સંકીર્ણતા એમનામાં નથી. એમની વિદ્વતા એમને પૂર્ણ ભારતીય બનાવે છે. પ્રાચીન પંડિતોમાં આટલી અધિક વિચારસહિષ્ણુતા મારા જોવામાં આવી નથી.'* □ રાહુલ સાંકૃત્યાયન

અચાનક પહોંચીને વિક્ષેપરૂપ તો નહીં બનું ? સંકોચાતાં પગલે પ્રવેશ કરતાં કરતાં નક્કી કર્યું કે ક્યાંક બહાર ઓટલે બેસી રહેવું ને જો કોઈ ત્યાં હોય તે ઊઠીને બહાર આવે ત્યારે અંદર જઈ પંડિતજીને મળવું.

પણ આવા વિકલ્પો કરતો કરતો સરિતકુંજના પાછળના ભાગના તેમના ઓરડા ભણી જવા જતાં જ જોઉં છું કે પૂજ્ય પંડિતજી તો બહારની ઓસરીમાં જ થોડા માણસોથી વીંટળાયેલા બેઠા છે–ધાર્યા મુજબના વિદ્વાનો, વાચકો, વિચારકો યા વિદ્યાર્થીઓથી નહીં, દેખાવે મેલાંઘેલાં અને સ્વભાવે ભલા–ભોળા એવા શ્રમજીવીઓથી ! મારા વિસ્મયનો પર રહ્યો નહીં. વિક્ષેપ નહીં પાડવાની દૃષ્ટિ ઉપરાંત વધતા જતા વિસ્મયને કારણે પણ હું સહેજ દૂર પગથિયાં પાસે ઊભો રહ્યો: ચૂપચાપ, છૂપા રહેવાનો દોષ કરીને પણ !

ભૈયા જેવા જણાતા, કદાચ આ બાગમાં જ કામ કરતા, મજૂરો સાથે પંડિતજીની વાતચીત ચાલી રહી હતી. સહાનુભૂતિ અને ઝીણવટભરી દૃષ્ટિથી તેઓ એ બધાને સાંભળતા સાંભળતા પૂછ્યે જતા હતા.

'અપને ગાંવ મેં તુમ્હારી કોઈ જમીન–જાયદાદ હૈ ?'

'જમીન–બમીન હોતી તો ઇધર ઇત્તી દૂર ક્યોંઆતે, પંડતજી !' એક ભૈયાએ ઉત્તર વાળ્યો.

'ફિર અબતક ગુજારા કૈસે કરતે રહે ?'

'ક્યા બતાવેં, બડી મુશ્કિલ સે દિન કાટે હૈં...કભી કિસી ઝમીંદાર કે યહાં છોટા–મોટા મઝદૂરી કા કામ કર લિયા, કભી કિસી ખેતીહર (કિસાન) કે યહાં, તો કભી બેકાર ભી પડે રહે...'

પહેલા મજૂરની આ વેદનાભરી રામકહાણીમાં બીજાએ સૂર પુરાવતા કહ્યું.

'જિયાદા તો ઝમીંદારોંને મુફ્ત મેં હી કામ કરવાયા હૈ, પંડતજી !'

દ્રવિત થઈ રહેલા પંડિતજીએ આગળ પૂછ્યું–

'તો યહાં અહમદાબાદ આકર ઇસ બાગમેં મઝદૂરી કરને સે તુમ્હારા ઔર ઘરવાલોં કા ખર્ચ નિકલ જાતા હૈ ક્યા ?'

'ખર્ચા–બર્ચા તો ક્યા નિકલતા, 'અસ્સી રૂપયોં કા ઘરમા મિલતા હૈ, ઉસમેં સે સાઠ રૂપયે ઘર ભેજ દેતે હૈં ઔર બચે સો બીસ રૂપયોં મેં સે દિનમેં એક બાર રોટી પકાકર ખાઈ લેત હૈં...'

'બસ એક હી બાર ?...' બોલતાં પંડિતજીએ એક ઊંડો સંવેદનાભર્યો નિઃસાસો નાખ્યો અને આગળ કંઈ બોલવા જાય ત્યાં તો ત્રીજા મજૂરે ઉત્તર વાળ્યો–

'દિનભર ખટને કે બાદ ભૂખ તો બડી લાગત હૈ, પર કા કરેં ? હમ જિયાદા ખરચ કરેં તો ઉધર ઘર કે બચ્ચોં કો ભૂખોં મરના પડે... !'

સાંભળીને પંડિતજીનું દ્રવી રહેલું કરુણાભર્યું કોમળ હૈયું જાણે સંપૂર્ણ પિગળી ઊઠ્યું...સહેજ મક્કમ થઇને સહાનુભૂતિપૂર્વક શક્ય તે ઉકેલ કાઢતાં પોતાની લાક્ષણિક શૈલીમાં તેઓ કહેવા લાગ્યા:

'દેખો ! એક તો મુલક મેં કિસી કો લિખકર ઘરવાલોં કો એક ચરખા દિલા દો ઔર વહાં છોટા-છોટા દૂસરા જો ભી કામ મિલે ઉસે કર લેને કે બાદ ઉસ પર રોજ કપડા કાતને કો કહો. દૂસરે–ઇસ બડે શહર મેં તુમ લોગ ભી શામ કે ફાજલ સમય મેં કોઈ ઔર કામ ભી ખોજ નિકાલો. જબ તક ઐસા કામ ન મિલે તબ તક તુમ તીનોં મેરે પાસ સે મહીના દસ દસ રૂપિય લેતે જાના.'

આ ઉકેલમાં ઘણું ઘણું કહી દેતા પંડિતજી, જીવતા જાગતા જીવનગ્રંથો જેવા આ દીન હીન મજૂરોના કરૂણ જીવન–ઊંડાણોનું અવગાહન કરતાં, તેમના દુઃખે દુઃખી થતા, ભારે વ્યથાપૂર્વક બોલી રહ્યા હતા. સ્પષ્ટ સંભળાતા તેમના અવાજ પરથી, દેખાતા તેમના ચહેરાના ભાવો પરથી આ ચોકખુંલાગતું હતું. એટલામાં ઓરડીમાંથી આધેડ ઉંમરનો અને બેઠા કદનો એક ઘાટી જેવો જણાતો માણસ પંડિતજીની સામે આવીને કંઇક અશુદ્ધ એવી ચીપીને બોલાતી ગુજરાતીમાં કહી રહ્યો:

'પંડિતજી ! આપનું દૂધ ગરમ થઈ ગયું છે...' ઊંડાણે ઉતરી ગયેલા પંડિતજી મૌન હતા. થોડી પળો એમ જ વીતી. થોડી વારે બોલ્યા–

'માધુ ! આજ મારા માટે દૂધ રાખીશ નહીં...' ફરી થોડી વાર શાંત રહી બોલ્યા: 'એ બધું આ ભૈયાઓને આપી દેજે...'

એ ત્રણેભૈયાઓ આ સઘળું સાંભળી ભાવ–ગદ્‌ગદ્ થતા, પંડિતજીના ચરણ છૂતા રવાના થયા ને એટલામાં જ જાડા કાચના ચશ્મા અને ખાદીનો ઝભ્ભો–ધોતી પહેરેલી એક વિચારક–શી વ્યક્તિએ ઓસરીને બીજે દરવાજેથી પ્રવેશ કર્યો ને 'પંડિતજી, પ્રણામ !' કહેતાં, પંડિતજીની આંગળીના સંકેતથી તેમની બાજુમાં બાંકડા પર બેઠી. ઊંડા ચિંતનમાં ડૂબેલા પંડિતજીની થોડી મૌન પળો વીત્યા બાદ બોલ્યા–

'શાંતિભાઈ ! પેલું કાલવાળું પુસ્તક જ લઇએ...'

એ આગંતુક બંધુ ઓરડામાં પુસ્તક લેવા ગયા.

અહીં બહાર હું ક્ષોભવશ ચુપચાપ ઊભો રહી આ બધું સાંભળવાનોએક દૃષ્ટિએ અપરાધ કરતો અને બીજી દૃષ્ટિએ મેં ધારેલા તેવા માત્ર દર્શનગ્રંથોની જ નહીં, પણ જીવતા જાગતા ધબકતા માનવગ્રંથોની સૂક્ષ્મ સમસ્યાઓ ઉકેલવામાં તન, મન, ધનથી ઊંડે ઉતરી રહેલી આ વિશ્વતોમુખી પ્રતિભાના અહોભાવપૂર્વક દર્શન કરતો તેમને અંતરથી પ્રણમી રહ્યો હતો ને મારી પૂર્વ ધારણાઓની અલ્પતા ને અપૂર્ણતા નિહાળતો કંઈ કંઈ ભાવો અનુભવી રહ્યો હતો...

અંદરથી પુસ્તક આવ્યું. વાચકના વાંચન સાથે પંડિતજીએ દર્શન ગ્રંથના એકાગ્ર શ્રવણ–ચિંતનમાં ડૂબી ગયા. મારા ચિત્તમાં હીરાના વેપાર પતાવી તુરંત તાત્ત્વિક અધ્યયનમાં લીન થઈ જતા શ્રીમદ્ રાજચંદ્રજી અંગેનું ગાંધીજીએ અહોભાવથી દોરેલું ચિત્ર ઉપસી આવ્યું. શ્રીમદ્‌ને તો કર્મસંયોગે કુટુંબકર્તવ્ય નિમિત્તે અર્થવ્યાપારનો યોગ હતો, જ્યારે અહીં પંડિતજીને કરુણાસભર લોકસંગ્રહી જનવ્યાપારનો ! અને આ લોકસંગ્રહલક્ષી, દરિદ્રનારાયણો માટેની, નક્કર સાત્ત્વિક કરુણા જોતાં જૈનદર્શન–બોધિત કરુણામૂર્તિ સમા પંડિતજીમાં જાણે

ગાંધીજી–વિનોબાજીની પ્રતિમૂર્તિનું દર્શન થયું. મારા ત્યારના અનુભવ–સંદર્ભોમાં પ્રથમ હતું. આ હતા દર્શનવેત્તાના પ્રથમ દર્શન. થોડીવારે પેલો માધુ પણ બહાર આવ્યો અને મને પૂછી રહ્યો: 'કોના, પંડિતજીના કામ છે?'

'હા, તેમને મળવું છે.'

'હજુ હમણાં સુધી વાતો કરતા બેઠા હતા, હવે વાંચવા બેસી ગયા.'

'મને જાણ છે. હું તેમનું વાંચવાનું પૂરું થાય પછી મળીશ. ત્યાં સુધી અહીં બહાર થોભીશ–' મેં ધીરજ ધરી કહ્યું. પણ ત્યાં તો કોણ જાણે કેમ, મારી ધીમી વાતચીત પણ અધ્યયનલીન પંડિતજીના સરવા કાને પડી હશે તેથી તેમણે સાદ દીધો–

'કોણ છે, માધુ?'

'પંડિતજી, કોઈ ભાઈ મળવા આવ્યા છે.'

'આવવા દે...ભલે આવે.'

ક્ષોભ અને હર્ષ બંને એકી સાથે અનુભવતો, મારા જીવનનું 'સર્વસ્વ' બનવા જઈ રહેલા આ પ્રજ્ઞાપુરુષના પાવન ચરણમાં 'પ્રણામ' કહી પ્રણમવા ગયો ને પ્રણામ સ્વીકારવાનો અણગમો દર્શાવતા તેમના હાથે મારા હાથ રોકી દીધા. મેં મારો અલ્પ પરિચય આપતાં, આશય જણાવી તેમના પાસે મારી વિનંતિ મૂકતાં કહ્યું–'પંડિતજી! આપના પ્રત્યક્ષ પરિચયમાં પ્રથમ વાર જ આવવાનું બને છે. મારી જિજ્ઞાસા સંતોષવા થોડું વાચન, સત્સંગ ને ભ્રમણ કર્યું છે. છેલ્લે વિનોબાજી સાથે યાત્રાઓમાં ઠીક ઠીક સમય ગાળી દક્ષિણથી આવીને હાલ મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ પાસે રહ્યો છું...'

વિનોબાજીનું નામ આવતાં જ જાણે સવિશેષ રસ ને ધ્યાનથી મારી વાત સાંભળતાં વચ્ચે જ તેઓ વિનોબાજી પ્રત્યેનો પોતાનો આદરભાવ સૂચવતો ઉદ્‌ગાર કાઢી રહ્યા: 'ઓહો!' ને મેં ટૂંકમાં આગળ ચલાવ્યું:

'છેલ્લે હમણાં વિનોબાજીની જ અનુમતિપૂર્વક સત્સંગમાં રહી અધ્યયન કરવાના હેતુથી આ બાજુ આવી રહ્યો હતો ત્યાં મુંબઈમાં શ્રી સોપાને આપને મળવા ભલામણ કરી. તે મુજબ હું આપને લેખન–વાચનના કામમાં જો કંઇક ઉપયોગી થઈ શકું તો હું ખૂબ ધન્ય થઈશ...'

વાચન અને વાચકની વચ્ચે બેઠેલા પંડિતજીએ પોતાની સૂક્ષ્મગ્રાહી દૃષ્ટિથી મારો બધો મુખ્ય પરિચય થોડી જ વારમાં મેળવી લઈ મને ખૂબ આત્મીયતા ને પ્રેમપૂર્વક બીજા જ દિવસથી વાંચવા આવવા અનુમતિ આપી. પેલી સાર્થક શ્રીમદ્–પંક્તિ અંતરમાં ઘૂંટાઈ રહી હતી:

પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,
ત્રણે યોગ એકત્વથી વર્તે આજ્ઞાધાર...!'

(શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર) (ક્રમશ:)

'જૈન ભારતી', વી.બી.આઈ.એફ., પ્રભાત કૉમ્પ્લેક્ષ,
કે. જી. રોડ, બેંગલોર-૫૬૦ ૦૦૯.

## પંડિતજીની સિદ્ધિઓની કદર

*પંડિતજીએ જીવનભર કરેલાં અધ્યયન, સંશોધન, લેખન, માર્ગદર્શન, ઇત્યાદિની કદર કરવારૂપે વિવિધ સંસ્થાઓ, સમિતિઓ, યુનિવર્સિટીઓ તરફથી એમનું વખતોવખત માન-સન્માન થયું હતું જે નીચે મુજબ છે.*

૧૯૪૭ – ભાવનગરની શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા તરફથી એમને 'શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચન્દ્રક' આપવામાં આવ્યો હતો.

૧૯૫૧ – ઓરિએન્ટલ કૉન્ફરન્સમાં જૈન અને પ્રાકૃત વિભાગના પ્રમુખ તરીકે તેમવી વરણી થઈ હતી.

૧૯૫૬– રાષ્ટ્રભાષા પ્રચાર સભા, વર્ધા તરફથી હિંદી ભાષાની સેવા માટે એમને પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

૧૯૫૭ – મુંબઈ યુનિવર્સિટીના કોન્વોકેશન હૉલમાં ડૉ. રાધાકૃષ્ણનના પ્રમુખપદે અખિલ ભારતીય ધોરણે અમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

૧૯૫૭ – ગુજરાત યુનિવર્સિટીએ એમને ડી. લિટ્.ની માનદ પદવી આપી હતી.

૧૯૫૯ – 'દર્શન અને ચિંતન' ગ્રંથ માટે દિલ્હીની સાહિત્ય અકાદમીએ પારિતોષિક આપ્યું હતું.

૧૯૫૯ – મુંબઈ સરકાર (ગુજરાત અને મહારાષ્ટ્ર જુદાં થયાં તે પૂર્વેની સરકાર) તરફથી 'દર્શન અને ચિંતન' ગ્રંથ માટે પારિતોષિક આપવામાં આવ્યું હતું.

૧૯૬૧ – ઓરિએન્ટલ કૉન્ફરન્સ તરફથી ધર્મ અનેતત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ તરીકે તેમવી વરણી થઈ હતી.

૧૯૬૧ – ભારત સરકારે એમને સંસ્કૃત ભાષા માટેનું 'સર્ટિફિકેટ ઑફ ઓનર' આપ્યું હતું અને પેન્શન બાંધી આપ્યું હતું.

૧૯૬૭ – સરદાર પટેલ યુનિવર્સિટી (વલ્લભ વિદ્યાનગર)એ એમને ડી. લિટ્.ની માનદ પદવી આપી હતી.

૧૯૭૩ – સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ એમને ડી. લિટ્.ની માનદ પદવી આપી હતી.

૧૯૭૪ – ભારત સરકારે એમને 'પદ્મભૂષણ'નો ઇલ્કાબ આપ્યો હતો.

### પ્રખર દાર્શનિક અને તત્ત્વચિંતક

# પંડિત સુખલાલજીની સવાશતાબ્દી નિમિત્તે યોજાયો પરિસંવાદ

□ કેતન જાની

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને ગુજરાતી સાહિત્ય પરિષદની શ્રી હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠના સંયુક્ત ઉપક્રમે પ્રખર દાર્શનિક અને તત્ત્વચિંતક પંડિત સુખલાલજીની સવા શતાબ્દી નિમિત્તે ઇન્ડિયન મર્ચન્ટસ ચેમ્બરના બાબુભાઈ ચિનાઈ સભાગૃહમાં ગત ૧૭મી ફેબ્રુઆરીએ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પદ્મશ્રી કુમારપાળ દેસાઈના પ્રમુખ સ્થાને એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારે અડધી રજાનો દિવસ હોવા છતાં પંડિત સુખલાલજીના ચાહકો અને સાહિત્યપ્રેમીઓથી આખુંય સભાગૃહ ખીચોખીચ ભરાઈ ગયું હતું.

મુખ્ય વક્તવ્ય આપતા જાણીતા સાહિત્યકાર રઘુવીર ચૌધરીએ જણાવ્યું હતું કે ૩૯ પુસ્તકો લખનારા પંડિત સુખલાલજીને મળવું એક લ્હાવો હતો. પોતે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં 'ચેતો વિસ્તારની યાત્રા' પુસ્તકમાં પૂર્ણિમાની ચાંદનીનું જે વર્ણન કર્યું છે તે અદ્‌ભુત છે. પરમતત્ત્વે તેમને ઘણું આપ્યું અને તેનું તેમણે સવાયુ જ્ઞાન કરીને આપણને આપ્યું છે. ભારતમાં જ્ઞાન અને ધર્મ જુદા નથી વિકસ્યા. જે આપણને અંતરથી સમૃદ્ધ ન કરે તે તત્ત્વજ્ઞાન અર્થહીન છે. શ્રદ્ધા અને મેધા બંને એકબીજા વિના અધૂરા છે. વિધવા યુવતીને સમાજના વિરોધ છતાં તેઓ ભણાવવા જતાં. જેઓ સાંકડા સંપ્રદાયમાં માને છે તેઓ માટે પંડિતજી વિચારધારાના નથી. તેઓ કહેતા ધર્મ તો જીવનની અંદર છે. ઇન્દ્રિયોનો કોલાહલ શાંત થાય ત્યારે આત્માનું સંગીત સાંભળવા મળે છે. જેઓ મૂર્તિપૂજામાં માનતા નથી તેઓ નામ સ્મરણમાં તો માને જ છે. નામ સ્મરણ પણ ભૌતિક ઘટના છે. આમ મૂર્તિપૂજા કે નામ સ્મરણમાં તાત્ત્વિક ભેદ નથી એમ રઘુવીર ચૌધરીએ ઉમેર્યું હતું.

આ પરિસંવાદમાં ડૉ. ધનવંત શાહે 'પંડિતજીના જીવન' વિશે, પ્રા. તારાબહેને પંડિતજી સાથેના પોતાના કૌટુંબિક સ્મરણો વિશે અને પરિસંવાદના પ્રમુખ ડૉ. કુમારપાળ દેસાઈએ પંડિતજીના ધર્મચિંતન વિશે પ્રવચન આપ્યું હતું જે આ અંકમાં પ્રગટ થયું છે.

આ કાર્યક્રમમાં ડૉ. અભય દોશી લિખિત શોધનિબંધ પુસ્તક 'ચોવીસી સ્વરૂપ અને સાહિત્ય'નું વિમોચન ડૉ. કુમારપાળ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. તે પુસ્તકની પ્રથમ નકલ પીએચ.ડી.ના ડૉ. દોશીના માર્ગદર્શક (ગાઇડ) દેવબાળાબહેન સંઘવીને અર્પણ કરવામાં આવી હતી.

જાણીતા નવલકથાકાર અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ વર્ષા અડાલજાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે પંડિત સુખલાલજીની સવાશતાબ્દી નિમિત્તે બે સંસ્થાઓની યુતિ થઈ છે. સમય જતાં માણસ વૃદ્ધ થાય છે પણ સંસ્થાઓની વૃદ્ધિ થાય છે.

મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ રસિકભાઈ શાહે જણાવ્યું હતું કે સાહિત્યના કાર્યક્રમમાં પૂરતા શ્રોતા આવશે કે કેમ એવો વિચાર આવે પણ આજે શનિવારે અડધી રજાનો દિવસ હોવા છતાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા અને હૉલ ભરાઈ ગયો એ વાતનો આનંદ છે.

'પરિષદ'ના કોષાધ્યક્ષ રાજેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે 'પરિષદ'ના અનુવાદ કેન્દ્રમાં હવે ગુજરાતી કવિતા અને ચૂંટેલી વાર્તાઓના ભાષાંતરનું કામ શરૂ કરવામાં આવશે. ગુજરાતમાં સાહિત્યરસિકોમાં છૂપાયેલી સર્જનશક્તિને બહાર લાવવા માટે પ્રત્યેક જિલ્લામાં એક કેન્દ્ર ઉભું કરવાની યોજના છે તે કેન્દ્ર ચલાવવા માટે વૈજ્ઞાનિક ઢબે પ્રમાણિત કાર્યપદ્ધતિ (સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર) તૈયાર કરવામાં આવી છે. અમદાવાદ આવનારને ગુજરાતી સાહિત્ય પરિષદની મુલાકાતે આવવાનું મન થાય એવી સ્થિતિ સર્જાશે.

કાર્યક્રમી શરૂઆતમાં શૈલજાબહેન શાહે પ્રાર્થના રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં બેંગલોરના પ્રા. પ્રતાપકુમાર ટોલીયા દ્વારા લાવેલી પંડિત સુખલાલજીના અવાજની ટેપ વગાડવામાં આવી હતી. કાર્યક્રમનું કુશળ સંચાલન કવિ ઉદયન ઠક્કરે કર્યું હતું. આભારવિધિ 'સંઘ'ના મંત્રી નીરુબહેન શાહે કરી હતી.

## દુઃખદ દેહવિલય

**પ્રા. ડૉ. બિપિનચંદ્ર હિ.. કાપડિયા અને અનીશ શૈલેશ કોઠારી**

**(૧) પ્રા. ડૉ. બિપિનચંદ્ર હિ. કાપડિયા**

જૈન ધર્મના પ્રકાંડ પંડિત હિરાલાલ કાપડિયાના સુપુત્ર ડૉ. બિપિનચંદ્ર હિરાલાલ કાપડિયા પંડિત પિતા જેવા જ પ્રકાંડ પંડિત હતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે ઓએશ્રીનો દીર્ઘ સંબંધ હતો.સંઘને એમનાં કુટુંબ તરફથી આર્થિક અનુદાન પણ પ્રાપ્ત થયું હતું. ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન'ના ચિંતનાત્મક સંશોધનાત્મક લેખોના લેખક હતા. જર્મન, સંસ્કૃત, અર્ધમાગધી, પ્રાકૃત તેમજ વિવિધ ભાષાના એઓ જ્ઞાતા હતા. 'ઋગવેદમાં સોમરસ' એ વિષય ઉપર શોધ પ્રબંધ લખી એઓશ્રીએ પીએચ. ડી. ની પદવી પ્રાપ્ત કરી હતી. આવા બહુશ્રુત વિદ્વાને જૈફ વયે તા. ૧૧-૧-૨૦૦૭ના આપણી વચ્ચેથી વિદાય લીધી. પ્રભુ આ આત્માને શાંતિ અર્પો !

**(૨) અનીશ શૈલેષ કોઠારી**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પૂર્વ મંત્રી, સંનિષ્ઠ કાર્યકર, હિરાના ઉદ્યોગપતિ, દાનવીર અને ઉત્તમ ગઝલકાર શ્રી શૈલેષ કોઠારીના યુવાન તેજસ્વી પુત્ર અનીશ કોઠારીનો અકસ્માતે તા. ૬-૩-૨૦૦૭ના દેહ વિલય થયો ! શૈલેષભાઈના પરિવાર ઉપર આવેલી આ દર્દભરી કરૂણ પરિસ્થિતિને સહન કરવાની પરમાત્મા શક્તિ અર્પો.

પરમ કૃપાળુ પરમાત્મા આ આત્માને શાંતિ અર્પો.

બન્ને પરિવારોને શ્રી મુંબઈ જૈન યુવક સંઘની અંતરની સહાનુભૂતિ.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવાર**

# પંડિત સુખલાલજીના ગ્રંથો

૧. આત્માનુશાસ્ત્રિકુલક (પુર્વાચાર્યકૃત)–મૂળ પ્રાકૃતનો ગુજરાતી અનુવાદ. પ્રકાશન વર્ષ ઈ. સ. ૧૯૧૪–૧૫.
૨. કર્મગ્રંથ–ભાગ ૧ થી ૫–શ્રી દેવેન્દ્રસૂરિકૃત મૂળ પ્રાકૃતનો હિંદીમાં અનુવાદ, સમજૂતી તથા પ્રસ્તાવના અને પરિશિષ્ટ સાથે. પ્રકાશક : આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ, આગ્રા, ૧૯૧૭–૨૦.
૩. દંડક (પૂર્વાચાર્યકૃત)–મૂળ પ્રાકૃત પ્રકરણ ગ્રંથનો હિંદીમાં સાર. પ્રકાશક–આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ, આગ્રા–૧૯૨૧.
૪. પંચપ્રતિક્રમણ સૂત્ર–મૂળ પ્રાકૃતનો હિંદી અનુવાદ–પ્રકાશક આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ, આગ્રા–૧૯૨૧.
૫. યોગદર્શન–(યોગ વિશેની બે કૃતિઓ)
(૧) 'પાતંજલ યોગસૂત્ર' ઉપર સ્વાધ્યાય શ્રી યશોવિજયજી કૃત વૃત્તિ તથા (૨) શ્રી યશોવિજયજીની વૃત્તિ (સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથોનો હિંદીમાં સાર અને વિવેચન)–પ્રકાશક–આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ, આગ્રા–૧૯૨૨.
૬. સન્મતિતર્ક પ્રકરણ–શ્રી સિદ્ધસેન દિવાકરકૃત મૂળ પ્રાકૃત ગ્રંથ, તેના ઉપરની શ્રી અભયદેવસૂરિકૃત 'વાદમહાર્ણવ' નામની ટીકા સાથે, ભાગ ૧ થી ૫ પ્રકાશક–ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૯૨૫.
૭. સન્મતિતર્ક પ્રકરણ (ભાગ છઠ્ઠો)–મૂળ ગાથાઓનો ગુજરાતીમાં અનુવાદ, પ્રસ્તાવના અને વિવેચન સાથે, પંડિત બેચરદાસના સહકારમાં. પ્રકાશક–ગુજરાત વિદ્યાપીઠ ૧૯૩૨.
૮. Sanmati Tark Prakaran–ગુજરાતી ગ્રંથનો અંગ્રેજી અનુવાદ–પ્રકાશક–જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ મુંબઈ–૧૯૪૦.
૯. જૈન દૃષ્ટિએ બ્રહ્મચર્યવિચાર–(પંડિત બેચરદાસના સહકારમાં) પ્રકાશક–ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૯૩૨.
૧૦. ન્યાયાવતાર–સિદ્ધસેન દિવાકરકૃત મૂળ સંસ્કૃત ગ્રંથનો ગુજરાતી અનુવાદ અને વિવેચન. 'જૈન સાહિત્ય સંશોધક'માં પ્રકાશિત-૧૯૨૭.
૧૧. આધ્યાત્મિક વિકાસક્રમ–ગુણસ્થાનક વિશેના ત્રણ ગુજરાતી લેખોનો સંગ્રહ–પ્રકાશક–શંભુલાલ જ. શાહ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય. અમદાવાદ–૧૯૨૭.
૧૨. તત્ત્વાર્થસૂત્ર–વાચક શ્રી ઉમાસ્વાતિકૃત સંસ્કૃત ગ્રંથનો ગુજરાતી અનુવાદ, વિવેચન અને પ્રસ્તાવના સાથે. પ્રકાશક–ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૯૩૦.
૧૩. તત્ત્વાર્થસૂત્ર–હિંદી અનુવાદ (આત્માનંદ જન્મશતાબ્દી સ્મારક ગ્રંથમાળામાં પ્રકાશિત) પ્રકાશક–આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ, આગ્રા–૧૯૩૯.
૧૪. તત્ત્વાર્થસૂત્ર–અંગ્રેજી અનુવાદ, પ્રકાશક–લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ–૧૯૭૪.
૧૫. જૈન તર્કભાષા–ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત સંસ્કૃત ગ્રંથનું સંપાદન (હિંદીમાં પ્રસ્તાવના અને ટિપ્પણ સાથે) પ્રકાશક–સિંધી જૈન ગ્રંથમાળા, ભારતીય વિદ્યાભવન, મુંબઈ–૧૯૩૯.
૧૬. પ્રમાણમીમાંસા–શ્રી હેમચંદ્રાચાર્યકૃત સંસ્કૃત ગ્રંથનું સંપાદન (હિંદીમાં પ્રસ્તાવના અને ટિપ્પણ સાથે) પ્રકાશક–સિંધી જૈન ગ્રંથમાળા, ભારતીય વિદ્યાભવન, મુંબઈ–૧૯૪૦.
૧૭. જ્ઞાનબિંદુ–ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત સંસ્કૃત ગ્રંથનું સંપાદન (હિંદીમાં પ્રસ્તાવના અને ટિપ્પણ સાથે) પ્રકાશક–સિંધી જૈન ગ્રંથમાળા, ભારતીય વિદ્યાભવન, મુંબઈ–૧૯૪૦.
૧૮. તત્ત્વોપ્લવસિંહ–શ્રી જયરાશિકૃત ચાર્વાક પરંપરા વિશેના સંસ્કૃત ગ્રંથનું સંપાદન–પ્રકાશક ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ વડોદરા–૧૯૪૦.
૧૯. વેદવાદદ્વાત્રિંશિકા–શ્રી સિદ્ધસેન દિવાકરકૃત સંસ્કૃત ગ્રંથનું સંપાદન અને ગુજરાતીમાં વિવેચન. પ્રકાશક ભારતીય વિદ્યાભવન, મુંબઈ–૧૯૪૬. (આ ગ્રંથનો હિંદીમાં અનુવાદ ભારતીય વિદ્યા, નામના ત્રૈમાસિકના સિંઘી સ્મારક અંકમાં પ્રકાશિત થયો છે.)
૨૦. નિર્ગ્રંથ સંપ્રદાય–(હિંદી)–પ્રકાશક જૈન સંસ્કૃત સંશોધન મંડળ.
૨૧. હેતબિન્દુ ટીકા–શ્રી ધર્મકીર્તિકૃત બૌદ્ધ ન્યાયના સંસ્કૃત ગ્રંથનું સંપાદન (અર્ચટકૃત ટીકા અને દુર્વેક મિશ્રકૃત અનુટીકા સાથે) પ્રકાશક–ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ, વડોદરા, ૧૯૪૯.
૨૨. धर्म और समाज –(હિંદીમાં લેખોનો સંગ્રહ) પ્રકાશક–હિંદી ગ્રંથ રત્નાકર, મુંબઈ–૧૯૫૧.
૨૩. चार तीर्थंकर–(હિંદી) ભગવાન ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી વિશેના લેખોનો સંગ્રહ, પ્રકાશક–હિંદી ગ્રંથ રત્નાકર, મુંબઈ–૧૯૫૪.
૨૪. ચાર તીર્થંકર–(ગુજરાતી)–પ્રકાશક–સ્વ. જગમોહનદાસ ડાહ્યાભાઈ કોરા સ્મારક ગ્રંથમાળા, મુંબઈ–૧૯૫૪.
૨૫. અધ્યાત્મ વિચારણા–(આત્મા, પરમાત્મા અને સાધના વિશે ત્રણ વ્યાખ્યાનો)–પ્રકાશક–ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૫૬ (હિંદીમાં એનો અનુવાદ પણ આ જ સંસ્થાએ પ્રકાશિત કરેલો છે.)
૨૬. ભારતીય તત્ત્વવિદ્યા–(જગત, જીવ અને ઈશ્વર વિશે પાંચ વ્યાખ્યાનો) પ્રકાશક–મ. સ. યુનિવર્સિટી, વડોદરા–૧૯૫૭, (આ જ ગ્રંથનો હિંદી અનુવાદ જ્ઞાનોદય ટ્રસ્ટ તરફથી ૧૯૭૧માં અને અંગ્રેજીમાં અનુવાદ Indian Philosophyના નામથી લા. દ. ભા. સ. વિદ્યામંદિર તરફથી ૧૯૭૭માં પ્રકાશિત થયો છે.)
૨૭. દર્શન અને ચિંતન ભાગ–૧ અને ૨ (લેખસંગ્રહ)–પ્રકાશક પંડિત સુખલાલજી સન્માન સમિતિ, અમદાવાદ–૧૯૫૭.
૨૮. दर्शन और चिंतन–(હિંદીમાં લેખસંગ્રહ)–પ્રકાશક પંડિત સુખલાલજી સનમન સમિતિ, અમદાવાદ–૧૯૫૭.
૨૯. સમદર્શી આચાર્ય હરિભદ્ર (મુંબઈ યુનિવર્સિટીના, ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો)–પ્રકાશક–મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ–૧૯૬૧ (આનો હિંદી અનુવાદ ૧૯૬૬માં રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુર તરફથી પ્રકાશિત થયો છે.)
૩૦. જૈન ધર્મનો પ્રાણ (સંકલિત લેખોનો સંગ્રહ–પ્રકાશક સ્વ. જગમોહનદાસ કોરા ગ્રંથમાળા, મુંબઈ–૧૯૬૨ (આનો હિંદી અનુવાદ–૧૯૬૫માં સસ્તા સાહિત્ય મંડળ, દિલ્હી તરફથી પ્રકાશિત થયો છે.)
૩૧. Advance studies in Indian logic and Metaphysics-(શ્રી હેમચંદ્રાચાર્યકૃત 'પ્રમાણમીમાંસા' ગ્રંથની પ્રસ્તાવના અને ટિપ્પણોનો અંગ્રેજીમાં અનુવાદ).૧ પ્રકાશક–Indian studies, Past and Present, Calcutta-૧૯૬૧.
૩૨. મારું જીવનવૃત્ત (આત્માકથા–૧૯૨૪ સુધીનો વૃત્તાન્ત) પ્રકાશક, પરિચય ટ્રસ્ટ, મુંબઈ–૧૯૮૦.

# જૈન પારિભાષિક શબ્દકોશ

## ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ગતાંકથી આગળ)

૩૪૫ અનર્થદંડવિરતિ
પોતાના ભોગરુપ પ્રયોજન માટે થતા અધર્મવ્યાપાર સિવાય બાકીના બધા અધર્મવ્યાપારથી નિવૃત્તિ લેવી, અર્થાત્ નિરર્થક કોઈ પ્રવૃત્તિ ન કરવી.
अपने भोगरुप प्रयोजन के लिए होने वाले अधर्म व्यापार के अतिरिक्त सभी प्रकार के अधर्म व्यापार से निवृत्त होना अर्थात् कोई निरर्थक प्रवृत्ति न करना।
To refrain from all un-virtuous act whatsoever and to remain engaged in a virtuous act.

૩૪૬ અનર્પણા
અનર્પિત અર્થાત્ બીજી અપેક્ષાએ વિરુદ્ધ સ્વરૂપ સિદ્ધ થાય છે.
अनर्पित अर्थात् अपेक्षान्तर से विरोधी स्वरुप सिद्ध होता है ।
viewed from a stand point different from the adopted one.

૩૪૭ અનવકાંક્ષક્રિયા
ધૂર્તતા અને આળસથી શાસ્ત્રોક્ત વિધિ કરવાનો અનાદર
धूर्तता और आळस्य से शास्त्रोक्त विधि करने का अनादर ।
Out of roguishness or lethargy to evince disregard for an injunction laid down in scriptures.

૩૪૮ અનસ્થિત (અવધિ)
જળતરંગની જેમ જે અવધિજ્ઞાન કદી ઘટે છે, કદી વધે છે, કદી પ્રગટ થાય છે અને કદી તિરોહિત થાય છે.
जलतरंग की तरह जो अवधिज्ञान कभी घटता है, कभी बढता है, कभी आविर्भूत होता है और कभी तिरोहित हो जाता है ।
Like the waves of water avadhijnana which now increases, now decreases, now appears, now disppear

૩૪૯ અનશન
મર્યાદિત વખત માટે કે જીવનના અંત સુધી સર્વે પ્રકારના આહારનો ત્યાગ કરવો.
मर्यादित समय तक या जीवन के अन्त तक सभी प्रकार के आहार का त्याग करना ।
complete giving up of food

૩૫૦ અનાચાર
જે અતિચારો ઇરાદાપૂર્વક અને વક્રતાથી સેવવામાં આવે, તો તે વ્રતના ખંડનરૂપ છે.
जिन अतिचारों का ज्ञान बूझकर अथवा वक्रता से सेवन किया जाय, तब वे व्रत के खण्डन रुप है ।
misconduct

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(ક્રમશઃ)

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ. આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, <u>આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી</u> જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર. ☐ મેનેજર

# સર્જન સ્વાગત

□ ડૉ. કલા શાહ

**ગ્રંથનું નામ :**
**શ્રી ચતુર્વિધ સંઘ તવારીખની તેજછાયા**
**લેખક-સંપાદક :** નંદલાલ દેવલુક
**પ્રકાશક :** શ્રી અરિહંત પ્રકાશન, 'પદ્માલય' ૨૨૩૭/બી/૧, હીલ ડ્રાઈવ, પોટ કોલોની પાછળ, વાઘાવાડી રોડ, ભાવનગર.
**મૂલ્ય :** રૂા. ૪૦૦/-

સવાયા જૈન એવા શ્રી નંદલાલ દેવલુકે એક હજાર પાનાના આ ગ્રંથનું સંપાદન કરી જૈન ધર્મ અને સાહિત્યમાં એક અદ્વિતીય પ્રદાન કર્યું છે.

સંપાદકશ્રીએ આ દળદાર ગ્રંથને ચાર વિભાગમાં વિભાજિત કર્યો છે. તેમાં પ્રભુ મહાવીરે સ્થાપેલ ચતુર્વિધ સંઘના ચારે ય ઘટકો સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ વિષયક વિગતવાર માહિતી આપી છે.

**વિભાગ-૧ : 'જિનશાસનના આધાર સ્તંભો'**

આ વિભાગમાં ચોવીસ તીર્થંકરો, ગણધરો, જિન શાસનના ગુરુવર્યોમાં સુધર્માસ્વામીથી શરૂ કરીને હીરવિજયજી સુધી, આગમકાલીન સાહિત્યથી પ્રારંભ કરીને જૂની ગુજરાતી સં. ૧૪૦૦ સુધીનો સાહિત્યકારોનો પરિચય, મંત્રવિદ્યાના પારગામીઓ, પ્રભાવશાલી પૂર્વધરો, આગમના પ્રખર વ્યાખ્યાતાઓ, યોગ અને ન્યાય ગ્રંથોના રચયિતાઓ, જૈન ધર્મના દિવાકરો, તપસ્વીઓ, પ્રાચીન મધ્યકાલીન કવિઓ, ભટ્ટારકો, યતિવરો, સારસ્વતો તથા સંઘનાયકોનો પરિચય વિવિધ લેખકોની કલમ દ્વારા કરાવ્યો છે.

એ જ રીતે વર્તમાન-કાળમાં ઓગણી-સમી અને વીસમી સદીના જ્યોતિર્ધરો, તપસ્વીઓ, શાસ્ત્રજ્ઞો, સાહિત્ય સર્જકો-સંપાદકો, સાધકો, ગુરુવર્યો તથા સૂરિવરોનો પરિચય કરાવ્યો છે.

**વિભાગ-૨ : 'જિનશાસનની આધારશીલા'**

આ વિભાગમાં જૈન સંઘના બીજા ઘટક સાધ્વીગણમાં-ઋષભદેવથી શરૂ કરીને પાર્શ્વનાથ કાલીન શ્રમણીઓ, મહાવીર સ્વામીના સમયની, મહાવીરોત્તર સાધ્વીઓ તથા વર્તમાન સમયના સાધ્વી સમુદાયોનો પરિચય કરાવ્યો છે.

**વિભાગ-૩ : 'ભક્તિપરાયણ શ્રાવકો'**

આ વિભાગમાં ભગવાન મહાવીરના શાસનમાં થયેલ દશશ્રાવકો, શ્રમણો-પાસકો, જૈન સંસ્કૃતિના રક્ષકો, ઉત્તમ શ્રાવકો, વર્તમાનકાલીન વિવિધ ક્ષેત્રના જૈન અગ્રેસરો, દક્ષિણ ભારતના શ્રાવકો તથા અન્ય ગુણસંપન્ન શ્રાવકોનો પરિચય કરાવવામાં આવ્યો છે.

**વિભાગ-૪ : 'ધર્મનિષ્ઠ શ્રાવિકાઓ'**

આ વિભાગમાં તીર્થંકરોની માતાઓ, તથા જ્ઞાન, ધ્યાન અને તપ દ્વારા શાસનની સેવા કરનારી શ્રાવિકાઓના જીવન તથા કાર્યોનો પરિચય કરાવવામાં આવ્યો છે.

સામાન્ય વાચકો, સંશોધકો તથા વિદ્વાનો સર્વને ઉપયોગી થાય તેવો માહિતીસભર આ દળદાર ગ્રંથ શ્રી નંદલાલ દેવલૂકે સંપાદિત કરેલ મૂલ્યવાન સંદર્ભગ્રંથ છે. દળદાર ગ્રંથનું કવર પેજ તથા આકર્ષક રંગીન ફોટાઓ ઊડીને આંખે વળગે છે.

X X X

**ગ્રંથનું નામ :**
**'યોગનિષ્ઠ આચાર્યની આતમવાણી'**
**લેખક-સંપાદક : મુનિ વાત્સલ્યદીપ**
**પ્રકાશક :** અમરભાઈ ઠાકોરલાલ શાહ ગુર્જર ગ્રંથ રત્નાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.
પૃષ્ઠ-૨૬+૧૦૨, કિંમત : રૂા. ૫૦/-

'યોગનિષ્ઠ આચાર્યશ્રીની આતમવાણી'- એટલે અધ્યાત્મદિવાકર, યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી રચિત પત્રો તથા રોજનીશી (ડાયરી)માંથી ચૂંટેલા વિચારરત્નોનો સમુચ્ચય. મુનિ વાત્સલ્ય-દીપ સંપાદિત આ વિચારરત્નો દ્વારા, શ્રીમદ્ બુદ્ધિ સાગરજીના આત્મચિંતનની પ્રતીતિ થાય છે. આત્મા, આત્માનંદ, આત્મ-જાગૃતિ, સંસારની અસારતા, યોગ, જ્ઞાન-અજ્ઞાન, જૈન ધર્મ, સેવા, ગુરુ વગેરે વિષયો પરની ચિંતન કણિકાઓ વાચકને શ્રીમદ્‌ની આંતર સમૃદ્ધિની ઓળખ કરાવે છે. શ્રીમદ્‌નું ચિંતન વૈવિધ્યસભર, સુંદર, સરળ, સ્પષ્ટ અને સચોટ પણ છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજીની સાધનાનો અર્ક આ ગ્રંથ દ્વારા વાચકને પ્રાપ્ત થાય છે.

X X X

**ગ્રંથનું નામ :**
**'ભગવાન મહાવીરની આગમવાણી'**
**લેખક-સંપાદક : પૂજ્ય મુનિશ્રી વાત્સલ્યદીપ**
**પ્રકાશક :** અમરભાઈ ઠાકોરલાલ શાહ
ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
રતનપોળ નાકા સામે,
ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.
મૂલ્ય : રૂા. ૪૦/-

પ્રભુ મહાવીરે કહેલ ધર્મવાણી પવિત્ર આગમગ્રંથોમાં મળે છે. આગમ ગ્રંથોના ઉપદેશ દ્વારા જીવને જાગૃત રહીને જીવન જીવવાનું પ્રભુએ કહ્યું છે. ભગવાન મહાવીરના જીવનના આયુષ્યના બોંતેર વર્ષ જેટલા બોંતેર શ્લોક ચૂંટીને સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા બધાંને સ્વાધ્યાયમાં ઉપયોગી થાય તેવી સામગ્રી લેખકે આ ગ્રંથમાં મૂકી છે. આ શ્લોકો અમૃત બિંદુ સમાન છે જેના સ્વાધ્યાયથી મુક્તિપદનો માર્ગ મોકળો બની રહેશે.

X X X

**ગ્રંથનું નામ : 'અક્ષર અને અસ્તિત્વ'**
**લેખક-સંપાદક : મુનિશ્રી વાત્સલ્યદીપ**
**પ્રકાશક :** ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૧.
મૂલ્ય : રૂા. ૧૦૦/-

મુનિ વાત્સલ્યદીપ રચિત 'અક્ષર અને અસ્તિત્વ' ગ્રંથમાં લેખકે જુદા જુદા સમયે વિવિધ માસિકોમાં પ્રકટ થયેલ લેખો એક સાથે ગ્રંથસ્થ કર્યા છે. આગમ પરિચય, પ્રભુ મહાવીર, ગણધર સુધર્માસ્વામી, આ. બુદ્ધિસાગરજી વિષયક પરિચયાત્મક લેખોમાં લેખકની મધુર

## ગાંધી કથા

શ્રી અસિત તથા શ્રીમતી દીના મહેતા અને શ્રીમતી મંજુલા શાહના સૌજન્યથી સ્વામી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટે તા. ૧૮, ૧૯, ૨૦ માર્ચના પ્રેમપુરી ભવન મુંબઈમાં જાણીતા ગાંધીવાદી શ્રી નારાયણભાઈ દેસાઈ દ્વારા પ્રસ્તુત 'ગાંધી કથા'નું આયોજન કરેલ છે.

પ્રખ્યાત સંતુર વાદક શ્રી સ્નેહલ મઝુમદાર આ મનનીય કથા પ્રવાહમાં સંગીતના સૂરો વહાવશે.

જિજ્ઞાસુઓને આ અમૂલ્ય જીવન કથાના શ્રવણનો લાભ લેવા વિનંતિ છે.

-તંત્રી

લેખનશૈલીનો પરિચય થાય છે. તો જૈન સાહિત્ય વિષયક અન્ય લેખોમાં લેખકના તલસ્પર્શી અને વિસ્તૃત જ્ઞાનનો પરિચય થાય છે. જીવન તથા આત્માના શ્રેયાર્થે સ્વાધ્યાય યોગ્ય ગ્રંથ છે.

XXX

**ગ્રંથનું નામ : 'વિશ્વવંદ્ય વિભૂતિ'**
**લેખક : મુનિશ્રી વાત્સલ્યદીપ**
**પ્રકાશક :** ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૧.

જૈન સંઘને જે કેટલાંક પ્રભાવક આચાર્ય ભગવંતો સાંપડ્યા છે તેમાં હર પળે યાદ રહે તેવું એક નામ શાસનપ્રભાવક યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજનું છે.

મુનિ વાત્સલ્યદીપે ૪૮ પાનાના આ પુસ્તકમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજના જીવનનો સંક્ષિપ્ત પરિચય તેમની રસાળ શૈલીમાં આપ્યો છે. આ પ્રેરક જીવનકથામાં બુદ્ધિસાગરજીના વિશાળ સાહિત્યનો પણ સુંદર પરિચય પ્રાપ્ત થાય છે.

XXX

**ગ્રંથનું નામ : 'કર્મ'**
**લેખક-પ્રકાશક : નવીનચંદ્ર કેશવલાલ શાહ**
**સરનામું :** ૩૨, વિઠ્ઠલદાસ રોડ,
૮, દેવકરણ મેન્શન, બીજે માળે,
મુંબઈ-૪૦૦ ૦૦૨,
ફોન નં. : ૨૨૦૧૨૮૨૪.
કિંમત : સદ્ઉપયોગ

પચાસ પાનાની આ પુસ્તિકામાં લેખકશ્રીએ પ્રભુ મહાવીરે સ્થાપેલ કર્મ સિદ્ધાંતની છણાવટ સરળ ભાષામાં કરી છે. કર્મ પુદ્ગલ પદાર્થ છે, કર્મબંધના હેતુ, કારણો, બાર તપ, આત્માનું સ્વરૂપ, જ્ઞાનના પ્રકાર, જૈન ધર્મ તથા માનવધર્મ વગેરે વિષયોનું આલેખન સામાન્ય વાચકોના હૃદય મનમાં ઊતરી જાય તેવી રીતે લેખકશ્રીએ કર્યું છે.

XXX

**પુસ્તકનું નામ : અંતરની યાત્રા**
**લેખક-પ્રકાશક : નવીનચંદ્ર કેશવલાલ શાહ**
**સરનામું :** ૩૨, વિઠ્ઠલદાસ રોડ,
૮, દેવકરણ મેન્શન, બીજે માળે,
મુંબઈ-૪૦૦૦૦૨, ફોન નં.: ૨૨૦૧૨૮૨૪.
કિંમત : સદ્ઉપયોગ

નેવું પાનાના આ પુસ્તક દ્વારા લેખકે ધર્મની સાચી સમજ આપી છે. માત્ર બાહ્ય ક્રિયાઓ દ્વારા નહિ પણ સાચી રીતે ધર્મનું આચરણ કરવું, મન પર સંયમ મેળવવો, અંતરયાત્રામાં પ્રવેશ કરી આત્માને જાણવો-સમજવો અને ધર્માચરણ કરી ભવ સાર્થક કરવાની વાત લેખકે સુંદર રીતે સરળ વાણીમાં કરી છે.

મન વિષયક લેખોમાં મન જ બધી સમસ્યાઓનું મૂળ છે. મનને જાણવું જરૂરી છે. મનમાં નહિ પણ આત્મામાં સ્થિર થવું જોઈએ. આત્માની યાત્રામાં આત્માની જાગૃતતા માટે અહમ્‌ના સાત પડને હટાવવાની વાત લેખકે સરળ રીતે સમજાવી છે.

XXX

**પુસ્તકનું નામ : 'શ્રી મહાવીર દેશના'**
**લેખક-પ્રકાશક : નવીનચંદ્ર કેશવલાલ કાપડીયા**
**સરનામું :** ૩૨, વિઠ્ઠલદાસ રોડ,
૮, દેવકરણ મેન્શન, બીજે માળે,
મુંબઈ-૪૦૦ ૦૦૨, ફોન નં. : ૨૨૦૧૨૮૨૪.
મૂલ્ય : સદ્ઉપયોગ

૧૫૦ પાનાના આ પુસ્તકમાં પ્રભુ મહાવીરે આપેલ દેશનાનો અર્ક લેખકશ્રીએ સંક્ષિપ્તમાં સરળ વાણીમાં રજૂ કર્યો છે. સત્યને સમજીને સ્વીકારવાની અગત્યતા સમજાવી છે. ક્રોધ, માન, માયા, લોભ અને આત્માને જે જીતે છે તે મોક્ષને માર્ગે જાય છે. બાહ્ય ક્રિયા કરવાથી અંતરાત્માનું રૂપાંતર થતું નથી. આ વાત સુંદર, સરસ અને સરળ રીતે લેખકે સમજાવી છે.

XXX

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ફંડ રેઈઝિંગ કમિટિ

ઈ. સ. ૧૯૨૯માં સ્થપાયેલ આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિવિધ ચિંતનાત્મક અને સામાજિક પ્રવૃત્તિઓથી સમાજ અજાણ નથી.

૧૯૩૧માં પર્યુષણ વ્યાખ્યાનમાળાની શરૂઆત સંઘે કરી.

૧૯૮૫ થી તે સમયના સંઘ તેમજ વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહની પ્રેરણાથી સંઘ તરફથી ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં આવેલી જરૂરિયાતમંદ એવી સંસ્થાઓ માટે દાન એકત્રિત કરવાનો નિયમ સ્વીકાર્યો. અને પરિણામે આજ સુધી બાવીસ સંસ્થાઓને આશરે રૂપિયા બે કરોડ સાઠ લાખ જેવી માતબર રકમ દાતાઓના સહકારી સ્વેચ્છાએ એકત્રિત કરી તે સંસ્થાને આંગણે જઈ અર્પણ કરી.

આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પોતા માટે દાનની વિનંતિ કોઈ વખત કરી નથી. તેમજ અન્ય સંસ્થાઓ માટે દાનની વિનંતિ કરવાના નિયમનો વિક્ષેપ પણ કરવો નથી.

વર્તમાનમાં ખર્ચનું પ્રમાણ દરેક તબક્કે વધતું જાય છે અને દરેક ક્ષેત્રે મોંઘવારી પણ વધતી જાય છે. સરવાળે સંઘનું કાયમી ફંડ ઓછું થતું જાય છે.

આ પરિસ્થતિના નિવારણ માટે સંઘને માતબર કાયમી ભંડોળની જરૂર છે. એટલે આ સમસ્યાના ઉકેલ માટે સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૮-૧-૨૦૦૭ના રોજ તેમજ કાર્યવાહક સમિતિની સભા તા. ૧૨-૧-૨૦૦૭ રોજ મળેલ તેમાં અહીં જણાવેલ મહાનુભાવોની બનેલી ફંડ રેઈઝીંગ કમિટિની સ્થાપના કરેલ છે.

સંઘના આ સંઘર્ષમાં દાતાઓને નમ્ર વિનંતિ છે કે તેઓ સંઘને સહકાર આપે અને સંઘની પ્રવૃત્તિઓની પ્રગતિમાં સાથ અને આશીર્વાદ આપે.

રસિકલાલ એલ. શાહ
પ્રમુખ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

### ફંડ રેઈઝિંગ કમિટિ

(૧) શ્રી ચંદ્રકાંત ડી. ગાંધી-ચેરમેન
(૨) શ્રી લલિતભાઈ પી. શાહ-સેક્રેટરી
(૩) શ્રી દિલીપભાઈ એમ. શાહ-સેક્રેટરી
(૪) શ્રી રસિકભાઈ એલ. શાહ
(૫) શ્રી ચંદ્રકાંત ડી. શાહ
(૬) શ્રી ડૉ. ધનવંતભાઈ ટી. શાહ
(૭) શ્રી ભૂપેન્દ્રભાઈ ડી. જવેરી
(૮) પ્રા. શ્રીમતી તારાબહેન ર. શાહ
(૯) શ્રીમતી ઉષાબહેન પી. શાહ
(૧૦) શ્રી રમણિકલાલ ભો. શાહ
(૧૧) શ્રી ચંદ્રકાંતભાઈ પરીખ

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

(આગળના અંકથી આગળ)

(૧૫)

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫

संस्कृत रून्धीत जीव: स्वातन्त्र्यं प्राप्नुयान्मुक्तिमेव तु ।
एवमनन्ता: संप्राप्ता उक्तमेतज्जिनेश्वरै: ।। १५ ।।

हिन्दी रोके जीव स्वच्छन्द तब, पावे अवश्य मोक्ष ।
या विधि पाया मोक्ष सब, कहें जिनेन्द्र अदोष ।। १५ ।।

अंग्रेजी If one controls his self-conceit,
Gets surely as infinite souls-
The final state that as most fit,
So says innocent Jin in scrolls. 15

(૧૬)

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬

संस्कृत प्रत्यक्ष सद्‌गुरुयोगात् स्वातन्त्र्यं रुध्यते तकत् ।
अन्यैस्तु साधनोपायै: प्रायो द्विगुणमेव स्यात् ।। १६ ।।

हिन्दी प्रत्यक्ष सद्‌गुरु योगसों, स्वच्छंद पिंड छुडाय ।
अन्य उपाय करत यही, होवत दुगुणो प्राय ।। १६ ।।

अंग्रेजी One's self-conciet is chcked at once,
In direct Teacher's nearness;
To root it out use other means,
It grows two-fold, in general sense. 16

(૧૭)

સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

संस्कृत वर्तनं सद्‌गुरूलक्ष्ये त्यक्त्वां स्वातन्त्र्यमात्मन: ।
मताग्रहं च, सम्यक्त्वमुक्तं प्रत्यक्षकारणात् ।। १७ ।।

हिन्दी स्वच्छंद मत–आग्रह नशे, विलसे सद्‌गुरु लक्ष ।
कह्यो याहिं सम्यक्त्व है, कारण लखी प्रत्यक्ष ।। १७ ।।

अंग्रेजी If one has true Teacher's guidence,
Putting aside one's whims and views;
Sectarian ways, obstinateness,
'Tis termed true Faith, for direct cause. 17

(૧૮)

માનાદિક શત્રુ મહા, નિજછંદે ન'મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮

संस्कृत स्वातन्त्र्यान्न हि हन्यन्ते महामानादि शत्रव: ।
सद्‌गुरो: शरणे प्राप्ते नाशस्तेषां सुसाधन: ।। १८ ।।

हिन्दी निजछंदनसों ना मरे, रिपु मानादि महान ।
सद्‌गुरु चरण सुशरणसों, अल्प प्रयास प्रयाण ।। १८ ।।

अंग्रेजी One cannot kill by self-conciet,
Foes pride and all, but seek refuge,
True Teacher's easily defeat,
All mighty foes' extinction huge. 18

(૧૯)

જે સદ્‌ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરૂ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯

संस्कृत यत्सद्‌गुरुपदेशे य: प्रापद् ज्ञानमपश्चिमम् ।
छाद्[illegible]गुरोस्तस्य वैयात्यं करोति स: ।। १९ ।।

हिन्दी जा सद्‌गुरु उपदेशतें, पायो केवलज्ञान ।
गुरु यद्यपि छद्मस्थ हों, विनय करें भगवान ।। १९ ।।

अंग्रेजी Who knew full soul, attained Godhood,
By means of sermons such sublime;
Reveres his Teacher of true mood,
Not yet perfect for former crime. 19

(૨૦)

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦

संस्कृत विनयस्येदशो मार्गो भाषित: श्री जिनेश्वरै: ।
एतन्मार्गस्य मूलं तु कश्चिज्जानाति भाग्यवान् ।। २० ।।

हिन्दी ऐसो मारग विनय को, कह्यो जिनेन्द्र अराग ।
मूलमार्ग के मर्म को, समझे कोइ सुभाग्य ।। २० ।।

अंग्रेजी Such system of Reverence so deep,
The Lord proclaimed in holy Books;
Profit thereof they only reap,
Few fortunates who know the nooks. 20

(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત 'સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી)

(વધુ આવતા અંકે)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 . Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2006-08



## પંથે પંથે પાથેય...

# ગાંધીજી અને પંડિત સુખલાલજી

(૧)

સ્થળ : કોચરબ આશ્રમ–પાલડી, અમદાવાદ

સમય : આશરે ૧૯૧૬

ગાંધીજી : તમે આશ્રમમાં રહી શકો છો, પણ આશ્રમના અંતેવાસીઓએ આશ્રમના નિયમ પ્રમાણે કોઈ કામ તો કરવું પડશે.

સુખલાલજી : નિયમનું પાલન જરૂર કરીશ.

ગાંધીજી : પણ તમને શું કામ સોંપું ?

સુખલાલજી : આપ જે આજ્ઞા કરો તે.

ગાંધીજી : અનાજ દળવાનું કામ ફાવે ?

સુખલાલજી : આપ શિખવાડશો તો જરૂર કરીશ.

(અને ગાંધીજીએ પ્રજ્ઞાચક્ષુ સુખલાલજીને પોતાની પાસે બેસાડી હાથે દળવાની ઘંટીથી અનાજ દળવાનું શિખવાડ્યું.)

ગાંધીજી : તમને તો હાથે છાલા પડી ગયા છે.

સુખલાલજી : કાંઈ વાંધો નહિ...ધીરે ધીરે આવડી જશે અને ફાવી જશે.

(૨)

સ્થળ : પૂના જૈન બોર્ડિંગ

સમય : ૧૯૧૭

પંડિત સુખલાલજીએ પૂનાની જૈન બોર્ડિંગમાં ધાર્મિક શિક્ષક તરીકેની નોકરી સ્વીકારી અને બોર્ડિંગના જુદા જુદા વિષયોનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જૈન ધર્મનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું. જૈન વિદ્વાનો અને સાધુ– સાધ્વીશ્રીઓને ભણાવનાર પંડિતજી માટે આ કામ કપરું હતું પણ કર્યું અને વિદ્યાર્થીઓનો પ્રેમ પણ સંપાદન કર્યો.

એ સમયે ગાંધીજી પૂનામાં પધાર્યા હતા. વિદ્યાર્થીઓને ખબર હતી કે પંડિતજીને ગાંધીજી સાથે સારો પરિચય છે, એટલે વિદ્યાર્થીઓએ પંડિતજીને ગાંધીજીનું દર્શન કરાવવા વિનંતિ કરી.

અને પંડિતજી વિદ્યાર્થીઓને લઈને ગાંધી દર્શને ગયા.

ગાંધીજી : પંડિતજી તમે અહીં પૂનામાં ?

સુખલાલજી : અહીં જૈન બોર્ડિંગમાં વિદ્યાર્થીઓને જૈન ધર્મનું શિક્ષણ આપું છું.

ગાંધીજી : મારે જૈન ધર્મ પ્રમાણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વિશે જાણવું છે. હાલમાં હું આ 'જૈન ધર્મ પ્રવેશિકા' નામની પુસ્તિકા વાંચી રહ્યો છું.

(અને પંડિતજીએ એ વિષય ઉપર ગાંધીજીને વિગતે સમજાવ્યું...)

ગાંધીજીએ બીજો પ્રશ્ન કરી બીજા પ્રશ્નનું સમાધાન માંગ્યું.

ગાંધીજી : હમણાં કેટલોક સમય મોટરનો ત્યાગ કરવાનો નિયમ લીધો છે, પરંતુ અત્યારે પરિસ્થિતિ એવી આવી પડી છે કે મારે મોટરનો ઉપયોગ કરવો પડે. તો આ નિયમ વિશે જૈન ધર્મ શું કહે છે ?

સુખલાલજી : સિદ્ધાંત અને વ્યવહારનો જીવનમાં જ્યારે તિવ્ર સંઘર્ષ થાય ત્યારે સર્વ પ્રથમ વ્યવહારના હેતુનો વિચાર કરવો અને કોઈ મોટું કારણ હોય, અંગત ભાવ ન હોય અને એ જનહિતાર્થે વધુ ઉપયોગી હોય તો એવા એક પ્રસંગે લીધેલા નિયમમાં અપવાદ કરી શકાય.

ગાંધીજીને એ સમયે મિસિસ પાલકને રેલ્વે સ્ટેશને મળવા જવાનું હતું. જે ચર્ચા દેશ હિતાર્થે ખૂબ જ ઉપયોગી હતી, પરંતુ સમય ખૂબ જ ઓછો હતો. અને ચાલીને જવાથી પહોંચાય એમ ન હતું. એ પ્રસંગે ગાંધીજીએ અપવાદ રૂપ મિસિસ પાલકને સ્ટેશન પર મળવા જવા પૂરતો જ મોટરનો ઉપયોગ કર્યો. ✱✱✱

–પ્રસંગ પંડિત સુખલાલજી કૃત આત્મકથા 'મારું જીવન વૃત્ત' માંથી (સંવાદો : કાલ્પનિક...ધ.)

## પંડિત સુખલાલજી અને સૂફી સંત આચાર્ય ગુરુદયાલ મલ્લિકજી

પંડિત સુખલાલજી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના અંતેવાસી સૂફી સંત આચાર્ય ગુરુદયાલ મલ્લિક. આ બન્ને મહાનુભાવો ગાંધી-રવિન્દ્ર યુગના સ્વાનુભૂતિ સંપન્ન સ્વયમ્ સંબુદ્ધ આંતરદૃષ્ટાઓ. આ બેઉ મહાનુભાવને એકબીજા પ્રત્યે અનન્ય આદર અને પ્રેમભાવ.

૧૪ એપ્રિલ ૧૯૭૦ના દિવસે મલ્લિકજીનું મુંબઈમાં દેહાવસાન થયું.

અમદાવાદમાં સાબરમતી નદીને તીરે 'સરિત કુંજ'માં પંડિતજીના નિવાસસ્થાને એક શાંત પ્રશાંત શ્રદ્ધાંજલિ સભા યોજાઈ, એદિવસ હતો ૭ મે૧૦૭૦નો, યોગાનુયોગ રવીન્દ્રનાથ ટાગોર અને મલ્લિકજીનો એ દેહ જન્મ દિવસ હતો.

સભામા સર્વ પ્રથમ મલ્લિકજી રચિત તથા અન્ય ભજનોની શાત ગંગા વહી :

પ્રભુજી ! મૈંતો તેરા દાસ
ઇસ રૂપ નહીં, ઉસ રૂપ સહી,
હમ જાતે હૈં, ફિર આયેંગે...'

xxx

એ મોત ! બેશક ઉડા દે ઇસ જિસ્મ કો...
ચાંદ-તારોં કે રૂપ મેં ચમકતા રહું ગા,
નદી-નાલોં કે કે વેશ મેં ગીત ગાતા ફિરુંગા.

અને પંડિતજીની પ્રજ્ઞાવાણી વહી :

'આ નહિ તો તે, આપણે આવવાનું તો છે જ!

મૃત્યુ નથી. અ-મૃત છે!'

એ (મલ્લિકજી) મળે, ત્યારે પહેલી વાત, કિશોરલાલભાઇની પેઠે પાધરા પગમાં પડે... હું દેખું નહીં, પગમાં પડે એટલે શું થાય કે હું (એમના) પગમાં પડવા જાઉં અને એ એના પહેલાં પગમાં પડે, એટલે પછી અમારા બેના માથાં અથડાય. એ (મલ્લિકજી) આવા નમ્ર માણસ!...

(સૌજન્ય : પ્રતાપકુમાર ટોલિયા)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/ A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

✻✻✻ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✻✻✻

# પ્રબુદ્ધ જીવન


| છૂટક નકલ રૂા. ૧૦/- | તા. ૧૬ એપ્રિલ, ૨૦૦૭ | વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- |
| --- | --- | --- |
| વિક્રમ સંવત : ૨૦૬૩ | વીર સંવત : ૨૫૩૩ | ચૈત્ર વદી – તિથિ : ૧૪ |


## જિન-વચન

## સંપૂર્ણ સત્ય ભાષા

असच्चमोसं सच्चं च अणवज्जमकक्कसं ।
समुप्पेहमसंदिद्धं गिरं भासेज्ज पण्णवं ।।

–दसवैकालिक–७-३

પ્રજ્ઞાવાન પુરુષે અસત્યામૃષા (સત્ય અને અસત્યના મિશ્રણવાળી ભાષા) ન બોલવી જોઈએ. વળી સત્ય ભાષા પણ પાપ વિનાની, અકર્કશ, સંદેહ રહિત અને બરાબર વિચારેલી એવી બોલવી જોઈએ.

प्रज्ञावान पुरुष असत्यामृषा (सत्य और असत्य के मिश्रण वाली) भाषा न बोले, और सत्य भाषा भी ऐसी बोले जो अनवद्य, मृदु, संदेह रहित और विचारपूर्ण हो ।

A wise man should not speak such a language which is a mixture of truth and untruth. While uttering truth, he should use such a language which is sinless, delicate, unambiguous and well thought out.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन' માંથી).

# આચમન

## ગાંધીજી અને ફૂલ

### વાત નાની વિચાર મોટો

પૂ. ગાંધી બાપુના 'સેવાગ્રામ' આશ્રમમાં આભા ગાંધીના વિવાહનો પ્રસંગ નક્કી થયો. સરોજિની નાયડુએ બાપુને પૂછ્યું:

'બાપુ! આભા ખૂબ સુંદર છે, પણ તમે વિવાહમાં આભાને સુવર્ણના આભૂષણો તો પહેરવા નહિ દ્યો. જો આપ અનુમતિ આપો તો આભાને અમે ફૂલોથી શણગારીએ.'

બાપુએ કહ્યું: 'આભાને તમે ફૂલોથી જરૂર શણગારી શકો છો, પરંતુ જમીન ઉપર પડેલા ફૂલોથી જ, ચૂંટેલાં ફૂલોથી નહીં. ફૂલો તોડવાથી તમને આનંદ આવવાનો, પણ એ વનસ્પતિને છૂટાં પડવાનું કેટલું દુ:ખ થશે? આ સત્યનું ધ્યાન રાખવું પણ એટલું જ જરૂરી છે.'

સરોજિની નાયડુ પાસે કોઈ ઉત્તર ન હતો.

☐ **ઉષાબેન વોરા**

*પૂ. ઉષાબેન વોરા પવનાર-બ્રહ્મવિદ્યા મંદિરના સેવિકા-સાધિકા છે. બાલબ્રહ્મચારી વિનોબાજીના પરમ શિષ્યાછે. ગીતા ઉપર એઓશ્રીએ મનનીય લેખો લખ્યા છે.*

(પ્રસંગ સૌજન્ય શ્રી ચીમનભાઈ પટેલ)

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | પ્રાણી મિત્ર શ્રીમતી મેનકા ગાંધી | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | વૈચારીક સામયિકોને સમર્થન અને એનું સ્વાતંત્ર્ય | શ્રી પન્નાલાલ આર. શાહ | ૫ |
| (૩) | તમે ઇશ્વરમાં માનો છો? | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૭ |
| (૪) | શીખધર્મના મૂળમંત્રનો મર્મ | શ્રી સુમનભાઈ એમ. શાહ | ૯ |
| (૫) | વિશ્વવ્યાપી સ્વયંસંચાલિત અદ્ભુત ન્યાયતંત્ર | શ્રી ગુણવંત બરવાળિયા | ૧૧ |
| (૬) | 'જા સા સા સા' | ડૉ. કાન્તિભાઈ બી. શાહ | ૧૩ |
| (૭) | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ભેટ મળેલ રકમની યાદી | — | ૧૫ |
| (૮) | સર્જન સ્વાગત | ડૉ. કલાબેન શાહ | ૧૬ |
| (૯) | જૈન પારિભાષિક શબ્દો | ડૉ. જિતેન્દ્ર બી..શાહ | ૧૭ |
| (૧૦) | પંથે પંથે પાથેય | શ્રીમતી ગીતા જૈન અને શ્રી જિતેન્દ્ર એ. શાહ | ૨૦ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/- | U.S.$ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/- | U.S.$ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/- | U.S.$ 40-00 |
| આજીવન લવાજમ | રૂા. ૨૫૦૦/- | U.S.$ 112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/- | U.S.$ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

☛ ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

☐ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૪ ● તા. ૧૬ એપ્રિલ, ૨૦૦૭ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## પ્રાણી મિત્ર
## શ્રીમતી મેનકા ગાંધી

એક વર્તમાન પત્રમાં વાંચ્યું કે ચારેય ફિરકાની સમસ્ત જૈન સમાજની સંસ્થાઓ પૂ. નમ્રમુનિની પાવન નિશ્રામાં મુંબઈ ઘાટકોપર પંતનગરના ત્રિશલા પટાંગણમાં ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ યોજશે અને એ પ્રસંગે અહિંસા અને જીવદયાના આગ્રહી ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન શ્રીમતિ મેનકા ગાંધીનું સન્માન જૈન દાનવીર દીપચંદ ગાર્ડીના વરદ્ હસ્તે થશે. આ ઉત્તમ વિચાર ધન્યવાદને પાત્ર છે.

જો કે શ્રીમતિ મેનકા ગાંધી ચૂંટણી પ્રવાસમાં વ્યસ્ત હોવાથી આવી ન શક્યા, પણ આ નિમિત્તે ભગવાન મહાવીરના અહિંસા અને પ્રાણી કરુણાના સિદ્ધાંતને આત્મસાત્ કરનાર આ વિશેષ જૈન મેનકા ગાંધીના કાર્યનું આપણે શબ્દોથી સન્માન તો કરીએ જ. મારા આ ભાવને અમારા મિત્ર શ્રી ચંદ્રકાંત ગાંધીએ વિગતો આપીને પ્રોત્સાહન આપ્યું.

મેનકાજીના આ કરુણાના કાર્યેથી પરિચિત તો હતો જ. લગભગ બે વખત એઓશ્રીને મળવાનો લાભ મળ્યો હતો. છેલ્લે ૨૦૦૫માં મુંબઈમાં શ્રીમતિ ફીઝા નવનીતલાલ શાહ દ્વારા પ્રાણીઓ માટેની એમ્બ્યુલન્સ સમાજને અર્પણ કરાઈ ત્યારે એમની સાથે વધુ નિકટથી ચર્ચા કરવાની તક મળી હતી. પોતાના 'મિશન'ના ઊંડાણ અને એ વિષેની તાત્ત્વિક ચર્ચા અને એથીય વિશેષ તો કોઈ પણ માંધાતાની શેહમાં તણાયા વગર પોતાનું સત્ય અને સ્પષ્ટ મંતવ્ય પ્રસ્તુત કરનાર આ મેનકાજીથી કોઈ પણ પ્રભાવિત થયા વગર ન રહે.

જન્મ જૈન કુળમાં નહિ, માંસાહારી શીખ કુળમાં જન્મ, પરંતુ જૈનોથી પણ વિશેષ શાકાહારી, તેમજ VEGAN એટલે દૂધનો પણ ત્યાગ.

એક સમયના મોડલ અને પ્રસિદ્ધ 'સૂર્યા ઈન્ડિયા' અંગ્રેજી સામયિકના તંત્રી હતા ત્યારે એ સમયના સંરક્ષણ પ્રધાન જગજીવનરામના પુત્રના શારીરિક કૌભાંડો ફોટા સાથે છાપી ત્યારના પ્રધાન મંડળ અને સરકારને એમણે હચમચાવી દીધી હતી, આવા એ નિડર પત્રકાર.

ઈન્દિરા ગાંધીના પુત્ર સંજય ગાંધી સાથે લગ્ન અને લગભગ ૨૫-૨૬ વર્ષની ભર યુવાન વયે પતિ સંજય ગાંધીને અકસ્માતમાં એમણે ગુમાવ્યા. સંજય ગાંધી જીવ્યા હોત તો ભારતનો આજનો રાજકીય માહોલ જુદો હોત, અને પતિના મૃત્યુ પછી સાસુ ઈન્દિરા ગાંધીના પડખામાં આ મેનકાજી રહ્યા હોત તો પણ ભારતનું આજનું રાજકારણ કોઈ અનેરુ અને જુદું હોત જ, પણ આપણને કદાચ પ્રાણી મિત્ર મેનકા ગાંધી મળ્યા ન હોત.

બધીજ વેદના અને કૌટુંબિક કંકાસો અને વિવાદોને ખંખેરી ૧૯૮૨માં માત્ર છવ્વીસ વર્ષની ઉંમરે મેનકાજીએ રાજકારણમાં ઝંપાવ્યું.

સર્વ પ્રથમ ૧૯૮૩માં સંજય વિચાર મંચની સ્થાપના કરી, અને ૧૯૮૮માં જનતા દળમાં જોડાઈ રાજકારણમાં સક્રિય બન્યા. વી. પી. સીંગની સરકારમાં ૧૯૮૯માં પર્યાવરણ પ્રધાન બન્યા. ચાર વખત લોકસભાના સભ્ય થયા. ચારે સમયે પ્રધાનપદ પ્રાપ્ત થયું. આજ સુધીની એમની રાજકીય કારકિર્દી યશસ્વી રહી છે. રાજકારણમાં રહીને ઈતિહાસ નોંધ લે એવા એમણે સામાજિક ક્ષેત્રે ઘણાં પ્રદાનો કર્યા.

પરંતુ સૌથી મહત્વનું પ્રદાન એમનું પ્રાણી માટેનું છે. સરકારમાં પ્રાણી રક્ષા માટે એક વિભાગનું સર્જન કર્યું અને એ વિભાગના પ્રધાન બની સર્વ અહિંસા પ્રેમીઓને આશ્ચર્ય થાય એવું કામ એમણે કરી બતાવ્યું.

જીવદયા એટલે માત્ર પાંજરાપોળ અને પક્ષીઓને ચણ અને ચબુતરા કે કતલખાનેથી પ્રાણીઓ છોડાવવા એટલું જ નહિ, એથી ઘણું વિશેષ કરવાનું છે એ મેનકાજીએ સમાજને દેખાડ્યું અને કરી બતાવ્યું. માણસને તો વાચા છે, પ્રાણીઓને વાચા નથી, તો એમની એ 'વાચા' બન્યા મેનકાજી.

આજે ભારતની મોટામાં મોટી પ્રાણી સંરક્ષણ સંસ્થા 'પીપલ ફોર એનીમલ'ના સંસ્થાપક પ્રમુખ મેનકાજી છે. સમગ્ર ભારતના પ્રાણી પક્ષીઓ માટેની એમની હૉસ્પીટલનું કામ પ્રત્યેક જીવદયા પ્રેમીને આશ્ચર્ય પમાડે એવું છે.

આ પશુ પક્ષીઓ માટે મેનકાજી ક્યાં ક્યાં નથી લડ્યા? પ્રાણીઓ ઉપર થતા પ્રયોગો માટે લડ્યા, મનોરંજન માટે પ્રાણીઓ ઉપર થતી ક્રુરતા માટે લડ્યા, સૌંદર્ય પ્રસાધન અને ફેશન માટે થતી પ્રાણી હત્યા માટે સમાજને જાગૃત કર્યો. માત્ર પશુ-પક્ષી જ નહીં, વનસ્પતીની જાળવણી માટે અને વૃક્ષ રક્ષા માટે જૈન વિદ્વાનોને આશ્ચર્ય પમાડે એવું સંશોધન કરી એ સર્વનું કાયદાથી રક્ષણ થાય એવી વ્યવસ્થા કરી. 'જૈન ધર્મ અને પર્યાવરણ' એ માત્ર ઉપદેશ કે વ્યાખ્યાન ન રહેતા આખ્યાન બની જાય એવું કામ પર્યાવરણ ક્ષેત્રે એમણે કર્યું.

પોતાના વિષયમાં ઊંડા ઉતરી એમણે વીસથી વધુ પુસ્તકોનું સર્જન કર્યું છે.

'Animal Law of India,' 'Heads And Tails', 'First Aid for Animal', 'Natural Health for Your Dog' વગેરે પુસ્તકોના શીર્ષક થી જ એમની, એમના 'મિશન' વિશેની પ્રતિભાનો આપણને ખ્યાલ આવે છે અને એમાંથી એમની વિવિધ શક્તિઓની પણ આપણને જાણ થાય છે. ઉપરાંત વિવિધ વર્તમાન પત્રોમાં વર્ષોથી પોતાના વિષયની નિયમિત લખાતી કોલમે અને એમની પ્રસિદ્ધ અને યશસ્વી પ્રાણીઓના હક માટેની ટી.વી. સીરીયલ 'Head & Tails' અને 'Menka's Ark' આ બધું જોઈએ ત્યારે પોતાના કાર્યમાં સતત રમમાણ રહેનારા આ એકલ યુવાન નારીને કયા શબ્દોથી નવાજીએ?

માત્ર ભારતમાં જ નહિ, અન્ય દેશમાં પણ એમના આ 'મિશન'નો વાયુ વેગે પ્રચાર થયો છે અને જગતે એમના ખોળાને અનેક સન્માનોથી ભરી દીધો છે. બધાંની યાદી આપું તે પાનું ભરાઈ જાય પણ ૧૯૯૯માં ભગવાન મહાવીર ફાઉન્ડેશન દ્વારા અપાયેલા 'મહાવીર એવોર્ડ' અને 'અહિંસા એન્ડ સદ્‌ભાવના એવોર્ડ'નો ઉલ્લેખ કરી કદરદાની માટે જૈન સમાજને અભિનંદન આપવાની ભાવના થાય જ.

પ્રાણી રક્ષા ક્ષેત્રે અજૈન એવા ઘણાં કાર્યકરોને મળવાનું થયું. વેજીટેરિયન સોસાયટીમાં મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી અને અન્ય માંસાહારીનો દિન પ્રતિદિન વધારો થતો જોવા મળે છે ત્યારે એવા સમાચાર પણ મળ્યા છે કે કેટલાંક જૈનો માંસાહારી થવા લાગ્યા છે. આ આશ્ચર્યકારક જ નહિ આઘાત-જનક દુ:ખદ સમાચાર છે. આજે જ્યારે હોટલોમાં 'જૈન ફૂડ'નો વિશેષ વિભાગ હોય છે તેવા સમયે કોઈ જૈન શાકાહારી વર્તુળમાંથી બહાર નીકળે તો દોષ કોને દેવો? સંસ્કારના પ્રચારની ઉણપ ક્યાં રહી ગઈ?

પ્રાણીઓની સંસ્થાને પૂરા સમર્પિત એવા જન્મે ઈસ્લામી એટલે માંસાહારી અને દામ્પત્યે જૈન એવા ફીઝાં બહેનને મેં જ્યારે પૂછ્યું કે તમને પ્રાણી રક્ષા ચળવળમાં રસ કેમ લાગ્યો? તમે શાકાહારી કેમ બન્યા? એમણે ઉત્તર આપ્યો કે 'પ્રાણીઓની વેદના હું જોઈ ન શકી, પ્રાણીઓ પ્રત્યે પ્રેમ જાગ્યો, અને જેના પ્રત્યે પ્રેમ જાગ્યો એને કેમ ખવાય?'

મેનકાજીના જીવન વિશે તો એક પુસ્તક લખી શકાય, પરંતુ એ પોતે જ ઉત્તમ લેખક છે, સંવેદનશીલ છે એટલે પોતે જ પોતાના જીવન વિશે હજી વધુ લખે તો આંતર સંવેદનાનુંએક અનેરું વિશ્વ આપણને મળે.

વ્યક્તિને જ્યારે એક મીશન મળી જાય છે અને એ 'મીશન' જ્યારે 'પેશન' બની જાય ત્યારે એ 'મીશન-પેશન'નો એક ઈતિહાસ સર્જાઈ જાય છે. પર્યાવરણ અને પ્રાણી રક્ષા ક્ષેત્રે મેનકાજીએ ભારતમાં આવો ઈતિહાસ સર્જી દીધો છે એવું લખતા અતિશયોક્તિ નથી લાગતી; કારણ કે આપણી પાસે એમના કાર્યોના પૂરાવા છે. જૈન ધર્મના પ્રાણી અહિંસાના અને પર્યાવરણના સિદ્ધાંતોના વિચારને આકાર આપવામાં એમણે ચિંતનશીલ સફળ પ્રયત્નો કર્યા છે.

ભગવાન મહાવીરના ઉપદેશને આત્મસાત કરનાર આ સંઘર્ષશીલ નારીના જીવનને આપણે અભિનંદીએ અને સર્વ પ્રાણી જગત તરફથી આ પ્રાણી મિત્રને એમના કાર્યની પ્રગતિ માટે શુભેચ્છા આપી કાર્ય વંદના પણ કરીએ.

□ ધનવંત શાહ

**પ્રાણી રક્ષા માટે શ્રીમતી મેનકા ગાંધી આ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે**

- Founder and Chairperson of People For Animals.Largest animal welfare organization with 250,000 members, it runs free veterinery hospitals and animal ambulances throughout India.
- Chairperson of the Committee on the Control and Supervision of Experiments on Animals constitututed by the Central Government
- Patron-for-life of the society for the Prevention of Cruelty to Animals (SPCA) and Chairperson of the Delhi SPCA which is the only SPCA with an inspectorate.
- Member of Beauty-Without-Cruelty, a nationwide movement against the use of animals for consumer products.
- Patron-for-life of Compassion Unlimited Plus Action (CUPA), an animal welfare Society of Bangalore.

# વૈચારીક સામયિકોને સમર્થન અને એનું સ્વાતંત્ર્ય

☐ પન્નાલાલ આર. શાહ

કોઈકે સરસ કહ્યું છે : 'વર્તમાન-પત્રો સ્નાતક સુધીના અભ્યાસક્રમ જેવાં છે, જ્યારે સામયિકો અનુસ્નાતક ડિગ્રી માટેના સંશોધન જેવાં છે.' સામયિકોના વાચકો, સ્વાભાવિક ઓછા હોય એટલે એનો ફેલાવો ઓછો હોય તે સમજી શકાય એવી બાબત છે. ફેલાવો ઓછો હોય એટલે આવક પણ ઓછી જ હોય અને પરિણામે એને ટકાવવા માટેનાં સાધનો ટાંચાં જ હોય એ પણ એટલું જ સહજ છે.

સામયિકો દીર્ઘજીવી અને તેજસ્વી રહે તે માટે પ્રજાકીય સહાયના માર્ગો શોધી કાઢવા જોઈએ. એ અંગેનો વિચાર કરીએ ત્યારે જાહેરખબર દ્વારા આવક વધારવાનું સહેજે સ્મરણ થાય. ગાંધીજીનું 'હરિજનબંધુ' સરસ સામયિક હતું, તેનું મુખ્ય કારણ એ હતું કે તેમાં નરવા વિચારો પ્રગટ થતા હતા. જાહેરખબર વિના આ સામયિકનું પ્રકાશન થતું હતું. એ રીતે સામયિક કે ચલચિત્રમાં કૌવત હોય તો એને બહોળો ફેલાવો થાય અને દર્શકોને બહોળો વર્ગ મળી રહે. આ બાબતમાં એટનબરોની 'ગાંધી' ફિલ્મનું સહેજે સ્મરણ થાય.

ગાંધીજીના 'નવજીવન' અને 'હરિજનબંધુ'નું જાહેરખબર વિના પ્રકાશન થતું હતું. કદાચ એ યુગની આબોહવામાં એ શક્ય હતું. આઝાદી બાદ આપણા ઉત્તમ વૈચારિક સામયિકોનું એક પછી એક પ્રકાશન બંધ થતું ગયું છે એટલે એવાં સામયિકોને ટકાવવા કંઈક કરવું જોઈએ. આ બાબતમાં એક વિચાર આવે છે : દેશમાં ખાસ કરીને ગુજરાતમાં વૈચારિક પત્રો ટકી રહે એ માટે ટ્રસ્ટોએ સચિંત રહેવું જોઈએ. આપણે પાંજરાપોળ અને દવાખાનાંઓને મદદ કરીએ છીએ. એ ખરેખર સારી બાબત છે. આ માટે ટ્રસ્ટો રચાય અને મધ્યમ વર્ગ કે આર્થિક દૃષ્ટિએ નબળા વર્ગને સહાયરૂપ બનીએ છીએ એ આવકારલાયક પાસું છે. આવાં પરોપકારી કાર્યો કરવાની આબોહવા સર્જે એવા વિચારનાં સામયિકો વિશે આપણા જાહેર

## સંઘના પેટ્રન અને આજીવન સભ્યોને વિનંતિ

આપ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન /આજીવન સભ્ય છો એટલે વચન મુજબ આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળતું હશે અને મળતું રહેશે.

આપનો તેમ જ આપના પરિવારનો સહકાર સંઘને સર્વદા મળતો રહે છે; એ માટે સંઘ આપનો હૃદયપૂર્વક આભાર માને છે. આપના સલાહ-સૂચનો સદાય અમને આવકાર્ય રહેશે.

૧૯૪૧માં પેટ્રન માટે દાનની રકમ રૂા. ૩૦૦/-ની હતી. અને આજીવન સભ્યોની તો એથી પણ ઓછી હતી.

નવા પેટ્રન અને આજીવન સભ્ય બનનારને માટે દર બે-ત્રણ વર્ષે વધારો કરવામાં આવતો હતો. છેલ્લે ૨૦૦૩ની સાલની વાર્ષિક સામાન્ય સભાએ પેટ્રન માટે રૂા. ૨૫,૦૦૦/- અને આજીવન સભ્ય માટે રૂા. ૫૦૦૦/- ની દાનની રકમનો ઠરાવ પસાર કર્યો.

પરંતુ એ પહેલાં આ રકમ જ્યારે ઓછી હતી ત્યારે ત્યારના અને આજના સર્વે પેટ્રન આજીવન સભ્યોને વચન પ્રમાણે 'પ્રબુદ્ધ જીવન' તો સમર્પિત થતું રહ્યું જ છે.

છેલ્લા ઘણા સમયથી કાગળ, પ્રિન્ટિંગ, પોસ્ટેજ તેમજ વહીવટી ખર્ચમાં અસાધારણ વધારો અને વ્યાજના દરમાં ઘટાડો થવાથી તેમ જ જાxખ ન લેવાના સિદ્ધાંતનું પાલન કરવાની પ્રતિજ્ઞાને કારણે 'પ્રબુદ્ધ જીવન'ને આર્થિક નુકસાની સહન કરવી પડે છે.

આ સમસ્યાને પહોંચી વળવા અમે 'પ્રબુદ્ધ જીવન નીધિ'ની સ્થાપના કરી અને સમાજ તરફથી અમને ખૂબ જ સારો પ્રતિભાવ મળ્યો. તેમ જ આજીવન ગ્રાહક યોજના અને અન્ય ગ્રાહક યોજના પણ પ્રસ્તુત કરી જેની વિગતોઆ અંકમાં અન્યત્ર પ્રગટ કરેલ છે.

સંઘના પેટ્રન અને આજીવન સભ્યોએ સંઘના પાયાને મજબૂત કર્યો છે. એ સર્વે મહાનુભાવોને અમારી નમ્ર વિનંતિ છે કે આપ અથવા આપના વડીલ જ્યારે સભ્ય થયા હોય ત્યારે આપે એ સમયે આપેલી રકમ અને વર્તમાનમાં નક્કી થયેલી રકમ તરફ નજર કરી આપને યોગ્ય લાગે તેટલી સ્વૈચ્છિક રકમ આપ 'પ્રબુદ્ધ જીવન નીધિ'માં મોકલી આપનો સહયોગ આપશો તો 'પ્રબુદ્ધ જીવન' આપની પાસે નિયમિત આવવા વધુ સમર્થ બનશે.

આપ 'પ્રબુદ્ધ જીવન'ના આજીવન ગ્રાહક યોજના જેટલી પણ રકમ પૂરક દાન તરીકે મોકલશો તો આપનો એ સહકાર પણ અમૂલ્ય ગણાશે.

કૃપા કરી અમારી વિનંતિને અન્યથા ન લેશો. વચન પ્રમાણે 'પ્રબુદ્ધ જીવન' પ્રતિ માસે આપને આંગણે પહોંચશે જ.

'પ્રબુદ્ધ જીવન' એ એક જ્ઞાન યજ્ઞ છે, વિચાર યજ્ઞ છે. વિચારથી ધન પ્રાપ્ત થાય છે અને ધન એ વિચારોને પ્રસરાવે છે. ધનની આ જ સાર્થકતા છે. વિચારથી જીવનમાં સાચી 'સમજ' પ્રવેશે છે. આપણે 'વસ્તુ'ની કિંમત કરીએ છીએ, પણ અમૂલ્ય 'વિચારો'ના મૂલ્યને સમજીશું ત્યારે જીવન મૂલ્યવાન બની જશે.

અમારી આ વિનંતિ 'પ્રબુદ્ધ જીવન'ના સર્વ જ્ઞાન જિજ્ઞાસુ વાચક મિત્રોને છે.

આપનો આર્થિક સમિધ આ જ્ઞાન યજ્ઞની જ્યોતને વધુ પ્રકાશમાન કરશે.

આપની વાચન મુદ્રાને અમારા શત શત નમન.

☐ તંત્રી

ટ્રસ્ટોએ વિચારવું જોઈએ. કોઈ સારા વિચારનાં સામયિકોના હજાર ગ્રાહકોનાં લવાજમો જાહેર ટ્રસ્ટ ભરે અને પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના શિક્ષકો અને ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તે સામયિક મળે. આમ થાય તો વિચારના સામયિકને હજાર લવાજમનાં નાણાં મળે એટલે એની આર્થિક મુશ્કેલી હળવી બનશે અને જે લોકોને આવાં સામયિકો વાંચવાની ખાસ જરૂર છે, પણ આર્થિક મુશ્કેલીઓના કારણે વાંચી શકતા નથી એવા લોકોને વૈચારિક સામયિક વિના મૂલ્યે મળી શકે. આપણે ત્યાં સરસ વિચાર-પત્રો, સામયિકો હતાં, જેમ કે 'મિલાપ', 'સંસ્કૃતિ', 'ગ્રંથ', 'સાહિત્ય' વગેરે બંધ થયાં. એ જોતાં આવો વિચાર આવે છે. 'કુમાર', 'નિરીક્ષક' અને 'અખંડ આનંદ' જેવાં સામયિકોનાં પ્રકાશનો બંધ થયાં બાદ પ્રજાકીય સહકારથી પુન: પ્રકાશન હાથ ધરવામાં આવ્યાં છે એ લક્ષમાં રાખી આવો વિચાર રજૂ કર્યો છે.

આપણે ત્યા હિમાલય જેવા મહાપુરુષો થઈ ગયા, પણ સામાન્ય જનતા ખીણમાં ખદબદતા જંતુઓ જેવી રહી છે. આ પ્રજાને ઊંચી લાવવી હોય તો સામયિકો ઊભાં કરવાની વિચારકોને હોંશ થાય એવી આબોહવા સર્જવી જોઈએ. કારણ ચર્ચા એ લોકશાહીનો પ્રાણ છે અને સાચી ચર્ચા વિચારપત્રો વિના મુશ્કેલ છે.

સમૂહ-માધ્યમોના આ યુગમાં દૂરદર્શન પર કેટલાક ઉત્તમ કાર્યક્રમો ઔદ્યોગિક ગૃહો સ્પોન્સર કરે એવી ચાલ આપણને હવે તો કોઠે પડી ગઈ છે. પ્રિન્ટ મીડિયા એટલે કે અખબારો અને સામયિકોમાં ઉત્તમ લખાણોના સ્પોન્સરર તરીકે હવે ઔદ્યોગિક ગૃહો આગળ આવે તો નવાઈ નહીં. આપણને એ પ્રથમ દૃષ્ટિએ આવકાર્ય લાગે, પરંતુ અભિવ્યક્તિના સ્વાત્યંત્રની દૃષ્ટિએ એ લાંબે ગાળે જોખમી કે તીવ્રપણે કહેવું હોય તો ઘાતક પુરવાર થાય. 'જન્મભૂમિ પ્રવાસી'ના તા.૧૫-૩-૧૯૯૨ની સાપ્તાહિક પૂર્તિમાં 'વાણી સ્વાતંત્ર્યની ધ્રુજતી દીવાલો' એ શીર્ષક હેઠળના લેખમાં શ્રી હરીન્દ્ર દવેએ એક સરસ ઉદાહરણ આપ્યું છે : કોઈ કંપનીના વ્યવહાર-વેપારને જેની સાથે લેવાદેવા ન હોય એવા લેખને કેવળ ઉત્તમ સાહિત્યને ઉત્તેજન આપવા સ્પૉન્સર કરવામાં શ્રી ઈ. બી. વ્હાઈટે અસંમતિનો અવાજ ઉઠાવ્યો હતો. એણે કહ્યું હતું, 'કોઈ મોટી કંપની કે શ્રીમંત વ્યક્તિ કોઈ સામયિકમાંના લેખને પોતાની રજૂઆત તરીકે ગણે છે ત્યારે ચિત્ર બદલાઈ જાય છે. એ સામયિકની માલિકી એટલા પૂરતી નાશ પામે છે.' આ રીતે સ્પોન્સર કરાતા લેખની બાબતમાં એ સામયિક સ્પૉન્સર કરનાર ઉદ્યોગ-ગૃહની દયા પર જીવતું સામયિક બની રાહતનું પહેલું દાન મેળવતું હોય તેવું લાગે છે. તંત્રી એ લેખની સંપૂર્ણ જવાબદારી સ્વીકારતા હોવા છતાં તંત્રી એ લેખના પૈસા ચૂકવતા નથી. જ્યારે પૈસા હાથ બદલે છે એ સાથે જ કશુંક બદલાતું હોય છે. સામયિક સ્પૉન્સર અને લેખક સામયિક તથા તેમના સ્પૉન્સરર કંપનીના ઓશિંગણ બને જ છે. અખબારોમાં સ્પોન્સરશિપ ભ્રષ્ટાચાર તથા દુરુપયોગને નિમંત્રણ આપવા સમાન છે. આવાં પ્રલોભનો ઘણાં છે અને પ્રત્યેક વાડની પાછળ એક તકવાદી છુપાયેલો હોય છે. બહારથી ચૂકવાઈને મળતો લેખ બે છેડા એકઠા કરવા મથતા સામયિક માટે મીઠો કોળિયાં બનીને આવે છે અને એ લેખક માટે નિયમ કરતાં વધારે પુરસ્કાર લાવતું મિષ્ટાન્ન બની જાય છે. સમાચારની કટારોમાં જગા ખરીદવા -વેચવાનો રોગ એટલી કદે વકર્યો છે કે એ પ્રિન્ટ મીડિયાનો નાશ કરીને જ જંપશે. ઢગલાબંધ નાણાં આપી કોઈ ઉદ્યોગગૃહ લેખ લાવી આપે એ કરતાં તંત્રી અને પ્રકાશક પોતાની મેળે જ મેળવી શકે અને જેનો પુરસ્કાર ચૂકવી શકે એ અભિવ્યક્તિના સ્વાતંત્ર્યની દૃષ્ટિએ જરૂરી અને મહત્ત્વનું છે. હવે તો પ્રચ્છન રીતે અખબારમાં લેખો સ્પૉન્સર થાય છે એટલે અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો આટલો સુક્ષ્મ રીતે વિચાર કરતાં એક પણ જાહેરખબર વિના ચલાવાયેલાં 'નવજીવન', 'હરિજન બંધુ' કે 'પ્રબુદ્ધ જીવન' પાછળની આર્ષ દૃષ્ટિ અને આગ્રહ એથી સંતર્પક બની રહે છે.

***

૩૯૪-C/૫, ગુપ્તા બિલ્ડીંગ બીજે માળે, ભાઉદાજી રોડ, માટુંગા (સી..આર.), મુંબઈ-૪૦૦ ૦૧૯.


ડૉ. રમણલાલ ચી. શાહ

## સાહિત્ય સૌરભ ગ્રંથ ૧ થી ૭ તથા પ્રવચનોની સી. ડી.

| ગ્રંથ | શીર્ષક | કિંમત રૂ. |
|---|---|---|
| ગ્રંથ-૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦/- |
| ગ્રંથ-૨ | જૈન આચાર દર્શન | ૨૪૦/- |
| ગ્રંથ-૩ | ચરિત્ર દર્શન | ૨૨૦/- |
| ગ્રંથ-૪ | સાહિત્ય દર્શન | ૩૨૦/- |
| ગ્રંથ-૫ | પ્રવાસ દર્શન | ૨૬૦/- |
| ગ્રંથ-૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦/- |
| ગ્રંથ-૭ | શ્રુત ઉપાસક- ડૉ. રમણલાલ ચી. શાહ | ૩૨૦/- |
| | ૧ સેટ (૭ પુસ્તકો)ની કિંમત | ૧૮૫૦/- |

## ગ્રંથનું રાહત દરે વેચાણ

- ૧ પુસ્તક લેનારને ૨૦% ઓછા ભાવે મળશે.
- ૧ સેટ (૭ પુસ્તકો) લેનારને ૩૦% ઓછા ભાવે મળશે.
- ૧૦ સેટથી વધુ પુસ્તકો લેનારને ૪૦% ઓછા ભાવે મળશે.
- ૫૦ સેટથી વધુ પુસ્તકો લેનારને ૫૦% ઓછા ભાવે મળશે

☐ મેનેજર

# ત્હમે ઈશ્વરમાં માનો છો ?

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

થોડાક માસ પૂર્વે મેં 'ધરતી'માં એક લેખ લખેલો. જેનું શીર્ષક હતું: 'ભગવાન! અમને ભગવાનોથી બચાવ'. મારા એ લેખના પ્રતિભાવ રૂપે કેટલાક પત્રો ને ફોન આવેલા. મોટા ભાગના વાંચકોએ મારા મંતવ્યનું પ્રતિપાદન કરેલું પણ બે જણે એવી પૃચ્છા કરેલી કે 'તમે ભગવાનમાં માનો છો ?' મને આ પ્રશ્ને અંતર્મુખ બનાવી દીધો. 'હા' ને 'ના' નો મેં જવાબ આપ્યો નથી પણ આ નાનકડા લેખમાં હું મારી માન્યતા કે શ્રદ્ધા વ્યક્ત કરવા પ્રયત્ન કરીશ.

મારા દાદા ને મારા પિતાજી તરફથી મને વારસામાં અધ્યાત્મના સંસ્કાર મળ્યા છે. દાદા, ભક્ત કવિ દયારામભાઈના અનુયાયી હતા, પિતાજી શંકરાચાર્યના સંસ્કારવાળા હતા. દાદાને ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા, ઉત્તર વયમાં પિતાજીની વૃત્તિ 'ગોરખ ! જાગતા નર સેવીએ' વાળી હતી. દાદા કરતાં મારી અધ્યાત્મવૃત્તિ પિતાજીના વલણવાળી ખરી. આસ્તિકતાના ઉદ્રેકમાં ક્વચિત નાસ્તિકતાની નહીં પણ અજ્ઞેયતાની ઝલક પણ આવી જતી ! પણ એ સ્થાયીભાવ રૂપે હરગીઝ નહીં . ઈશ્વર ભક્તિનાં મેં સેંકડો કાવ્યો લખ્યાં છે, પણ એમાં અંગત અનુભૂતિ કરતાં આપણા આધ્યાત્મિક વારસાની પરંપરાનું અનુસરણ, અનુકરણ કે અનુરણન પણ હોય ! આવડા મોટા વિરાટ બ્રહ્માંડનો કોઈ કર્તા તો હશે પણ પ્રથમ મરઘી કે પ્રથમ ઈંડુ ? એ શંકા પ્રશ્ન તો રહે જ...જૈન ધર્મ, આ જગતને અનાદિ માને છે ને આ બધું કર્મના મહાનિયમથી વ્યવસ્થિતપણે ચાલે છે એમ કહે છે. જૈનો અને બૌદ્ધો કર્મને ભગવાન સમજે છે. કરે તેવું પામે, વાવે તેવું લણે. કર્મથી જ માણસ બ્રાહ્મણ કે ચાંડાલ. 'કર્મ' એટલે અગાઉથી નક્કી થઈ ગયેલું ભાવિ એવું આપણો હિંદુ વેદ ધર્મ પણ માનતો નથી; એમાં કર્મ કહેતાં પુરુષાર્થની પ્રશસ્તિ કરેલી છે. જૈનો માને છે : 'મસ્તક મુંડાવે કોઈ પણ માણસ શ્રમણ થતો નથી, ઓંકાર ઉચ્ચારે બ્રાહ્મણ થતો નથી; અરણ્યમાં વસવાથી મુનિ થતો નથી અને કુશચીર (વલ્કલ) થકી તાપસ થતો નથી.' મતલબ કે કર્મથી જ માણસ–નરનો નારાયણ થઈ શકે. અંગત રીતે હું રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર વગરેને આંશિક કે પૂર્ણરૂપે ભગવાનના અવતાર સમજતો નથી...એ બધી જ મહાન વિભૂતિઓ એમના કર્મે–પુરુષાર્થ કરીને એ પદને પામી છે. બ્રાહ્મણ ધર્મમાં વિષ્ણુના ચોવીસ અવતાર, જૈન ધર્મમાં ચોવીસ તીર્થંકરો, બૌદ્ધ ધર્મના ચોવીસ બુદ્ધો–એ પદને પોતાના કર્મે કરીને પામ્યા છે. અરે ! આપણી વર્ણવ્યવસ્થાનો પાયો પણ કર્મ જ છે. 'કર્મે' કરી માણસ બ્રાહ્મણ થાય છે, કર્મે કરી ક્ષત્રિય થાય છે, કર્મે કરી વૈશ્ય થાય છે અને કર્મે કરી શુદ્ર થાય છે, સત્યકામ જાંબાલીનો પુત્ર ખરો પણ એ સત્યવચને કરીને સાચો બ્રાહ્મણ થયો. અરે ! આપણા સમયમાં થયેલા પૂ. ગાંધીજીનું જીવન્ત દૃષ્ટાંત...નરના નારાયણનું જ છે. રામકૃષ્ણને થયે પાંચેક હજાર વર્ષ ને બુદ્ધ–મહાવીરને થયે અઢી હજાર વર્ષ થયાં...પણ કર્મે જ કરીને એ ભગવાનપદને પામ્યા. બે હજાર વર્ષ બાદ ગાંધીજી પણ એ વિભૂતિઓની કોટિમાં નહીં આવે એમ માનવાની જરૂર હું જોતો નથી. મતલબ કે અમુક પ્રકારના સગુણ, નિર્ગુણ લક્ષણવાળા જ ભગવાન એમ હું સમજતો નથી અને ખરેખર આવા કોઈ સ્વરૂપનું કોઈકે સદેહે દર્શન કર્યું જ હશે એ પરત્વે પણ હું શંકાશીલ છું. હજ્જારો વર્ષથી લોકો ભૂતપ્રેતની વાતો કર્યા કરે છે પણ એક પણ માણસ એનું પ્રત્યક્ષ પ્રમાણ આપી શક્યો નથી...લાખ્ખો રૂપિયાનાં ઈનામોની જાહેરાત થવા છતાં પણ; એટલે ભગવાન પરત્વે આ અનાસ્થા કે અનાત્મવાદની વાત નથી પણ આ વૈજ્ઞાનિક યુગમાં, કારણ કાર્યભાવથી સમજી શકાય તેમાં શ્રદ્ધા રાખવાનો પ્રશ્ન છે. માનવી અને માનવજાતિની ઉત્ક્રાંતિમાં હું માનું છું. બાકી ઈશ્વર અને ધર્મ સંબંધે શ્રી કૃષ્ણમૂર્તિના વિચારો પણ જાણવા જેવા છે. તેઓ લખે છે : 'Go to any place of worship--is God there? In the stone, in the word, in the ritual in the stimulated feeling of seeing something beautifully done? Religions have divided God as yours and mine, the Gods of the east and the Gods of the west, and each God has killed the other God. Where is God to be found !' મારા ભગવાન, તમારા ભગવાન, પૂર્વના ભગવાન, પશ્ચિમના ભગવાન–ધર્મે કે ધર્મોએ ઈશ્વરની વહેંચણી કરી લીધી છે. અને એક ભગવાને બીજા ભગવાનને મારી નાંખ્યો છે. પથ્થર, શબ્દ, કર્મકાંડ–શેમાં છે ભગવાન ? સુંદરમે શ્રદ્ધાના આસન સમાન પત્થરમાં પ્રભુદર્શન કર્યાં, અનાદિ શબ્દ બ્રહ્મે કેટલાકની શ્રદ્ધા દૃઢાવી, કર્મકાંડનાં સોપાન કેટલાકને ટોચ પર દોરી ગયાં હશે પણ મોટે ભાગે તો સંકીર્ણ ધર્માંધતાએ જોડવા કરતાં તોડવાનું કામ ઝાઝું કર્યું છે એમ વિશ્વધર્મનો ઇતિહાસ ભણે છે. ધર્મને નામે કેટલી બધી ખૂનામરકી થઈ છે ? આક્રોશ ને પુણ્ય પ્રકોપથી કૃષ્ણમૂર્તિ પૂછે છે :–

'Where is God to be found ?' ભગવાનને શોધવો ક્યાં ? મારો જવાબ છે...એના સર્જનમાં, જેને આપણે દૂષિત કર્યું છે. પ્રભાતના સૂર્યોદયમાં, ફુલ્લચંદ્રની જ્યોત્સ્નામાં, હિમાલયની ભવ્યતામાં, ગંગાની પવિત્રતામાં, સાગરની અતલતામાં, આકાશની અફાટતામાં, નિહારિકાઓ ને આકાશગંગામાં, શિશુની નિર્દોષ આંખોમાં, સંતની પવિત્રતામાં, માતાના વાત્સલ્યમાં, વિશ્વના આ ઋતના લયમાં, વિકસતી કળીમાં અને અતંદ્ર જાગ્રતિ દર્શાવનાર આત્મામાં જો ભગવાનનું દર્શન ન થાય તો માનવું કે ભગવાન છે જ નહીં. નરસિંહે અમસ્તું નથી ગાયું :–

'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ'. મતલબ કે આ બ્રહ્માંડ એ જ બ્રહ્મનું આદિ નિવાસસ્થાન છે. એનું કોચલું છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ ને જેવી સમજણ તેવા ભગવાન. અવતારવાદ અને વ્યક્તિ–વિભૂતિ-

પૂજાએ આપણા પુરુષાર્થને કુંઠિત કર્યો છે. આપણી અપૂર્ણતાઓ અતિક્રમવા કાજે છે. રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ગાંધીજીને ગૌરીશંકરના ઉચ્ચ પદે સ્થાપીને આપણે અપૂર્ણતાની ખીણમાં અટવાઈએ છીએ. એ વિભૂતિઓ આપણી પાંખો બનવાને બદલે શૃંખલા બની જાય છે ! ગાંધીજીએ એમના સત્યના પ્રયોગોમાં આ અંગે યથાર્થ કહ્યું છે કે–'વ્યક્તિ અને સમષ્ટિની વચ્ચે એવો નિકટ સંબંધ છે કે એકની શુદ્ધિ અનેકની શુદ્ધિ બરાબર થઈ પડે છે. **અને વ્યક્તિગત પ્રયત્ન કરવાની શક્તિ સત્યનારાયણે સહુને જન્મથી જ આપી છે.'** આપણે પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતમાં માનીએ છીએ. અનેક જન્મોના પરિપાકરૂપે બુદ્ધ-મહાવીર જન્મ લેતા હોય છે. માનવજાતિની અધ્યાત્મ–ઉત્ક્રાંતિનો ઇતિહાસ અદ્‌ભુત છે. આપણે શબ્દના કેવળ સ્થૂળ અર્થને ન વળગી રહીએ, એના 'સ્પીરીટ'ને સમજીએ.

ઈશ્વરના સગુણ નિર્ગુણ સ્વરૂપની કલ્પના અને બ્રહ્મ તથા આત્માની ખોજ અને અનુભૂતિ ક્યારે અસ્તિત્વમાં આવ્યાં એ હું જાણતો નથી પણ ભક્તિયુગની પરાકાષ્ઠાએ, એના ઉદ્રેક કાળે અનેક ચમત્કારોને જન્મ આપ્યો. એ બધા ચમત્કારો જે તે ભક્તોની કલ્પના અનુસાર સાચા હશે કેમ જે ભૌતિકશાસ્ત્ર ને રસાયણશાસ્ત્રની જેમ પ્રયોગશાળામાં એનું પૃથક્કરણ થઈ શકતું નથી, પણ એ ચમત્કારોમાં ઈશ્વરને સંમિલિત કરીને એક કોયડો સર્જ્યો છે. કેટલાક ચમત્કારોના મૂળમાં, કાકતાલીય ન્યાય અને Essential goodness of man પણ, ગુપ્ત રૂપે કાર્યરત હોય છે. જે તે વ્યક્તિ એનું અર્થઘટન કઈ રીતે કરે છે તેના પર ઈશ્વરના અસ્તિત્વનો કે ઈન્કારનો આધાર છે. બે શિષ્યો એમના ગુરુના ચમત્કારની ચર્ચા કરી રહ્યા હતા. એક કહે : 'મારા ગુરુ તો પાણી પર ચાલે છે.' બીજો કહે : 'મારા ગુરુ તો ભૂખ લાગે ત્યારે જ ભોજન કરે છે.' બંનેને મન આ ચમત્કાર છે ! પાણી પર ચાલવાની શક્તિના સંદર્ભમાં એક સિદ્ધ કહે છે : 'હા, હું પાણી પર ચાલી શકું છું પણ એક આનો આપીને જો ગંગા પાર કરી શકાતી હોય તો યોગશક્તિ નિરર્થક શાને વેડફવી? બ્લેડથી દાઢી થતી હોય તો તલવારનો ઉપયોગ શા માટે કરવો ?

ઈશ્વર સંબંધેની મારી વિભાવનાને સ્પર્શતો એક મુદ્દો મને 'Talks on the Path of Occultism' માંથી મળ્યો. (Vol. III Light on the Path) લખે છે :– Most people are in one way much too materialistic and in another not nearly materialistic enough, in their feeling about these higher facts. We have so much materalism clinging about us that unless we can definitely see or atleast feel a thing ourself we can hardly credit its existence.

આપણે એટલા બધા ભૌતિકવાદી બની ગયા છીએ કે દૃશ્ય, શ્રાવ્ય ને સ્પર્શની કસોટીમાંથી એ પાર ન ઉતરે ત્યાં સુધી એના અસ્તિત્વનો આપણે સ્વીકાર કરવાની પણ તત્પરતા દાખવતા નથી. અંતમાં લખે છે : It is through matter that spiritual force manifests itself to us; so when we receive a blessing it is an actual, definite, power, which can bring us nearer to the deity' આવા પરમ તત્ત્વની સમીપે દોરી જનાર કોઈ અદૃષ્ટના આશીર્વાદની હું અહરનિશ આશા ને અપેક્ષા રાખું છું.

સાચી ને ઊંડી લગનીથી ઈશ્વરની શોધમાં અહરનિશ ભટકતા પૂર્વાવસ્થાના નરેન્દ્ર (વિવેકાનંદ)નો પ્રશ્ન પણ આ જ હતો: 'તમે ઈશ્વરને પ્રત્યક્ષ જોયા છે ? બધેથી જ એને નિરાશા પ્રાપ્ત થઈ પણ સ્વામી રામકૃષ્ણ પરમહંસે એના આત્માનું સમાધાન કર્યું. અલબત્ત, ઊંડી આત્મપ્રતીતિપૂર્વક હકાર ભણીને પણ એમણે વિવેકાનંદને ઈશ્વરનું પ્રત્યક્ષ દર્શન કરાવ્યાનું પ્રમાણ મળતું નથી. અમુક ભાવના, આદર્શ, ઉચ્ચ વિચાર કે દિવ્ય શબ્દથી ઝલાઈ ગયેલા (પઝેઝડ) દિવ્યાત્માઓની સ્થિતિ ગાંડપણ કક્ષાની હોય છે. રામકૃષ્ણ પરમહંસને એમના સમકાલીનો ગાંડા જ ગણતા હતા. પણ એમના જેવા ડાહ્યાઓ આ દુનિયામાં વિરલ હતા.

મહાત્મા ગાંધી અને વિનોબાને હું આ સદીના સંત ગણું છું. ઈશ્વરના પ્રત્યક્ષ સંબંધેના એમના સંવાદમાંથી આપણને કંઈક માર્ગદર્શન મળશે. વિનોબા ગાંધીજીને પૂછે છે : 'તમે સત્ય એ જ પરમેશ્વર છે એમ કહો છો તે તો ઠીક, પરંતુ ઉપવાસ વખતે તમે કહ્યું હતું કે તમને અંદરથી અવાજ સંભળાયો તે, એ શું વાત છે ? એમાં કંઈ રહસ્ય–ગૂઢતા છે ? ગાંધીજીનો જવાબ :–'હા, એમાં કંઈક એવું છે ખરું. એ તદ્દન સાધારણ બાબત નથી. મને અવાજ સાફ સાફ સંભળાયો હતો. માણસ સાફ બોલે ને સંભળાય તેમ સંભળાયો હતો. મેં પૂછ્યું કે 'મારે શું કરવું જોઇએ?' એણે કહ્યું: ઉપવાસ કરવા જોઈએ. મેં વળતું પૂછ્યું કે કેટલા દિવસ ઉપવાસ કરવા જોઈએ? એણે કહ્યું: 'એકવીસ'. એટલે આમાં એક જણ પૂછનાર હતો અને બીજો જવાબ દેનાર હતો. એટલે કે બિલકુલ કૃષ્ણ–અર્જુન સંવાદ જ હતો. બાપુ તો સત્યવાદી હતા, એટલે આ કોઈ ભ્રમ તો ન જ હોઈ શકે. એમણે કહ્યું કે સાક્ષાત્ ઈશ્વરે મને વાત કહી, એટલે પછી મેં પૂછ્યું: 'ઈશ્વરનું કોઈ રૂપ હોઈ શકે? સાંભળી શકાય, તો દર્શન પણ થઈ જ શકે.' એમણે કહ્યું: 'રૂપ તો ન હોઈ શકે, પણ અવાજ સંભળાયો હતો.' એટલે મેં કહ્યું: 'રૂપ અનિત્ય છે, તો અવાજ પણ અનિત્ય છે. તેમ છતાં અવાજ સંભળાય, તો પછી રૂપ કેમ ન દેખાય? તમારા મનમાં, સવાલ–જવાબ થયા તેનો સંબંધ ઈશ્વર સાથે તો છે જ ને ?'

ગાંધીજી :'હા, એની સાથે સંબંધ છે, પરંતુ મેં અવાજ સાંભળ્યો, પણ દર્શન ન થયાં. મેં રૂપ ન જોયું, પણ એનો અવાજ સાંભળ્યો. એને રૂપ હોય એવો અનુભવ મને નથી થયો, અને એનાં સાક્ષાત્ દર્શન નથી થયાં, **પરંતુ થઈ શકે ખરાં.'**

આમ છેવટે બાપુએ સ્વીકારેલું કે જો ઈશ્વરને સાંભળી શકાતો હોય, તો તેનું દર્શન પણ થઈ જ શકે. કોઈને શ્રવણની અનુભૂતિ થાય, તો કોઈને દર્શનની. મારે એ કહેવું જ પડશે કે ઈશ્વરનું દર્શન થાય છે, તે વિના બીજી કોઈ રીતે વિકારોનો નાશ નથી થતો. એવી

કોઈ અનુભૂતિને આપણે ભ્રમ કે મિથ્યા ન કહી શકીએ. પરમેશ્વર જે ભૂમિકામાં અ–શબ્દ છે, તે ભૂમિકામાં અ–રૂપ પણ છે; અને જે ભૂમિકામાં તે સ–શબ્દ છે તે ભૂમિકામાં સ–સ્વરૂપ પણ છે.

જેમના વ્યક્તિત્વનું મૂળભૂત પાસું આધ્યાત્મિક હોય છે. તેમને આવી અનુભૂતિ થતી હોય છે. આટલી ચર્ચા પછી મારા મનનું સમાધાન પરમ કૃપાળુ પરમાત્માના અનુગ્રહથી થતું હોય છે. ઋગ્વેદના સાતમા મંડળમાં કવિ વસિષ્ઠ વારંવાર વરુણદેવને પોતાના બધા અપરાધ ક્ષમા કરી, પાપમાંથી મુક્ત કરી, તેમના ભક્ત તરીકે સ્વીકારવા વિનંતિ કરે છે. અનુગ્રહનું આ બીજ કહી શકાય. ત્યારબાદ ભક્તિ અંગેના નારદ, શાંડિલ્ય, શંકર, રામાનુજ, નિમ્બાર્ક, ગીતા અને ભાગવતના પ્રપત્તિ અને ભક્તિ અંગેના વિચારોમાં અનુગ્રહનો વિચાર સ્વીકારાયો છે. પરમાત્મા સાથે ઐક્ય દરેક ભક્તની ઝંખના હોય છે પરન્તુ આ ઝંખનાની પરિપૂર્તિ મનુષ્ય પ્રયત્ન દ્વારા નહીં પરન્તુ પરમ કૃપાળુના અનુગ્રહ દ્વારા જ થઈ શકે. પરમ તત્ત્વની ઇચ્છા એટલે અનુગ્રહ. કઠોપનિષદ પણ આવા અનુગ્રહની વાત કરે છે. ભાગવત પણ પરમાત્માનું ભક્તને દર્શન અનુગ્રહનું પરિણામ હોવાનું જણાવે છે. ભગવતગીતાના ૧૦મા અધ્યાયના શ્લોક ૧૦–૧૧માં આ વાત જણાવી છે: વલ્લભાચાર્યે અનુગ્રહ ઉપર વિશેષ ભાર મૂક્યો છે. સંપૂર્ણ શરણાગતિથી ભક્તોને અનુગ્રહનો અધિકાર પ્રાપ્ત થાય છે. તેમને કર્મબંધન પ્રાપ્ત થતાં નથી. અનુગ્રહ વિના સારાં કર્મો પણ ફળ આપતાં નથી, માટે નવધા ભક્તિ વડે પરમાત્મામાં સંપૂર્ણ સમર્પણ કરવું તેથી પરમાત્મા ભક્તના હૃદયકમળમાં નિવાસ કરશે અને તેને પરમાત્માનો અનુગ્રહ પ્રાપ્ત થશે. પોષણં તદનુગ્રહ :–પરમાત્માની કૃપા તે પોષણ વા પુષ્ટિ. શ્રી વલ્લભાચાર્ય પ્રતિપાદિત વેદાન્ત જે શુદ્ધાદ્વૈત વા બ્રહ્મવાદ–પુષ્ટિમાર્ગ પણ કહેવાય છે. આપણને એ અનુગ્રહ પ્રાપ્ત થતાં ઈશ્વરદર્શન થાય પણ ખરું.

***

૨૨/૨, અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા–૭.

# શીખધર્મના મૂળમંત્રનો મર્મ

**☐ સુમનભાઈ એમ. શાહ**

**પૂર્વ ભૂમિકા :**

બુદ્ધિ–જીવીઓએ ઈશ્વર કે પરમાત્માને પોતપોતાની સમજ અને ક્ષમતાથી જાણવાની કોશિશ કરેલી છે. પંડિતાઇથી ભરેલા કેટલાય ગ્રંથોનું પ્રકાશન આવી કોશિશોના પુરાવા રૂપે ઉપલબ્ધ છે. પરંતુ ઈશ્વર કે પરમાત્માનું દરઅસલ શુદ્ધ–સ્વરૂપ તેઓને હસ્તગત થયું જણાતું નથી, સિવાય કે બ્રહ્મજ્ઞાની, જેઓએ સ્વયં તેવું સ્વરૂપ અનુભવ્યું છે.

जेते बदन सिृसटि सभ धारै,
आपु आपनी बुझ उचारै;
तुम सभी ही ते रहत निरालम,
जानत बेद भेद अर आलम.
–आदि ग्रंथ, रहरासि साहिब

બુદ્ધિ–જીવીઓએ જ્યારે ૐકાર શબ્દનું વિવિધ પ્રકારે અર્થઘટન કરવાનું શરૂ કર્યું અને પોતપોતાની સમજ મુજબ ઈશ્વરને પારિભાષિત કરવા લખાણો કર્યાં ત્યારે સદ્‌ગુરુ નાનકદેવજીએ ૐ શબ્દની આગળ એકડો (૧–ૐકાર) લગાડ્યો. સદ્‌ગુરુએ મર્મ ખુલ્લો કરતાં કહ્યું કે ૐ એક છે, એક છે. આ સાથે પરમાત્માનું શુદ્ધ–સ્વરૂપ એ મૂળ–ગુણોને પારિભાષિત કર્યા જે ગુરુવાણીમાં મૂળમંત્રના નામથી ઓળખાય છે.

પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ દાદા–ભગવાનના સાન્નિધ્ય અને આજ્ઞાધીન-પણામાં રહી શીખ–ધર્મના મૂળમંત્રનો મર્મ શોધવાનો અલ્પ–પ્રયાસ આ સેવકથી કરવામાં આવ્યો છે. પ્રસ્તુત લખાણમાં કાંઈપણ ભૂલચૂક, ખામી કે કસર રહી ગઈ હોય તો આ સેવક ક્ષમાને પાત્ર છે. હવે મૂળમંત્ર તથા તેનો ભાવાર્થ જોઇએ.

**'મૂળ મંત્ર' :**

एक ओं अंकार सति नामु करता पुरखु,
निरभउ निरवैरु अकाल मूरति अजूनी
सैभ गुरु प्रसादि :- आदि ग्रंथ

**ગુજરાતીમાં શબ્દાર્થ**

૧ (એક) ૐકાર સત્‌નામ કર્તા–પુરુષ,
નિર્ભય, નિર્વૈર અકાલ મૂર્ત, અયોની,
સ્વયંભૂ, ગુરુ–પ્રસાદ :– આદિ ગ્રંથ.

સદ્‌ગુરુ શ્રી નાનકદેવજીએ ભક્તજનોના આત્મ–કલ્યાણ અર્થે ગુરુપ્રસાદરૂપે શીખ આપતાં ઉપરનો મંત્ર સંસ્થાપિત કર્યો છે. આ મૂળમંત્રમાં આત્મતત્ત્વ અને શરીરનો તાત્ત્વિક ભેદ અલૌકિક વાણી–વ્યવહારથી પ્રકાશિત થયો છે. પ્રત્યેક ચૈતન્યમય જીવમાં રહેલું શાશ્વતુ તત્ત્વ સમસ્ત શરીરમાં આત્મ–પ્રદેશોથી વ્યાપ્ત થયેલું છે, પરંતુ આત્મ–તત્ત્વ અને શરીરમાં સદૈવ ભિન્નતા કે ભેદ રહેલો છે. આમ છતાંય બન્નેમાં અનાદિ કાળથી ચાલ્યો આવતો અન્યોન્ય સંબંધ ચૈતન્યમય જીવમાં રહેલો છે. આવો સંબંધ જીવના કર્તાપણાથી છે, જેનાથી જીવ અનેક જન્મોમાં કર્મો સુખ–દુ:ખરૂપે ભોગવે છે. બીજી રીતે જોઇએ તો 'હું અને મારાપણા'ની વિભાવિક વૃત્તિ અને પ્રવૃત્તિથી જીવ કર્મબંધનું સર્જન કરે છે અને યથાસમયે તેનું વિસર્જન યોગ્ય માત્રામાં થાય છે ત્યારે તે સુખ કે દુ:ખ ભોગવે છે. મૂળમંત્રમાં આત્મા અને શરીરની ભિન્નતા ઉપરાંત બન્નેના ગુણોનું વર્ણન કરી પરમાત્માનું ગુણકરણ કરેલું જણાય છે. હવે મૂળમંત્રના શબ્દોનો ભાવાર્થ જોઈએ.

**એક (૧)**

પ્રત્યેક ચૈતન્યમય જીવના શરીરમાં જે શાશ્વતુ અને અરૂપી કે

નિરાકાર આત્મતત્ત્વ રહેલું છે, તે તેના સઘળા ગુણો સહિત એક જ પ્રકારનું છે. એટલે કોઈ એક જીવ અને તેનાથી જુદા બીજા જીવમાં રહેલ આત્મતત્ત્વ એક સરખું છે. પરંતુ દરેક જીવની કર્માનુસાર યોનિ અને સુખ-દુ:ખાદિરૂપ વેદનમાં ભિન્નતા છે. આમ નિશ્ચયદૃષ્ટિએ અને ગુણોની અપેક્ષાએ આત્મતત્ત્વ એક જ સ્વભાવનું છે. પરંતુ વ્યવહારદૃષ્ટિએ અને કર્મરૂપ ગુણો ઉપરના આવરણોની અપેક્ષાએ જીવોમાં અનેકતા રહેલી છે. અથવા જીવો અનેક હોવાથી તેમાં રહેલ આત્મતત્ત્વો પણ અનેક અને સ્વતંત્ર છે. (अनेक हैं फिरि एक है).

**ૐકાર સત્નામ :**

દરઅસલપણે શરીરમાં રહેલ આત્મતત્ત્વ અનામી, અરૂપી, અવિનાશી, અવ્યય, અજન્મ, અમર, વચનાતીત ઇત્યાદિ સ્વરૂપે અતીન્દ્રિય છે. આમ છતાંય વ્યવહારમાં તેને સહેલાઈથી સમજી અને ઓળખી શકાય તે હેતુથી કોઈપણ નામથી આત્મતત્ત્વને સંબોધવામાં આવે છે. સદ્ગુરુ નાનકદેવજીએ આત્મતત્ત્વને 'ૐકાર સત્નામ'થી ઓળખ આપી છે. 'ૐકાર' શબ્દમાં આત્મતત્ત્વનો ધ્વનિ કે રણકાર છે, જે સાંભળતાં જ ભક્તજનને પોતાના મૂળ સ્વરૂપનું સ્મરણ થાય છે. અથવા 'ૐ કાર' શબ્દનો ગુંજારવ થતાં જ ભક્તજનને પોતાનું શાશ્વત સ્વરૂપ તથા તેના ગુણોનું 'ભગવત્-સ્મરણ' થાય છે.

**કર્તા પુરુષ :**

અહીં 'પુરુષ' એટલે શાશ્વત આત્મતત્ત્વ સમજવાનું છે. આત્મામાં જ કર્તા અને ભોક્તાપણાનો ગુણ કે શક્તિ છે, જે શરીરાદિ અજીવ કે જડમાં નથી. નિશ્ચયદૃષ્ટિએ અત્યંત શુદ્ધદશામાં જીવ નિજગુણોનો કર્તા છે અને તેના પરિણમનમાં સહજાનંદ કે અવ્યાબાધ-સુખનો ભોકતા છે. લોકભાષામાં આવા સત્પુરુષને સચ્ચિદાનંદમય પણ કહેવામાં આવે છે. પરંતુ રાગદ્વેષ અને અજ્ઞાનવશ જીવને દેહમાં જ આત્મબુદ્ધિ હોવાથી તે કર્મબંધ અને કર્મફળની પરંપરા વિવિધ યોનિઓમાં ભોગવે છે. આ હેતુથી નાનકદેવજીની ભક્તજનોને શીખ છે કે જન્મ-મરણની પરંપરા ટાળવા માટે નિજગુણોની ભજના હિતાવહ છે.

**નિર્ભય :**

સંસારમાં ભય અનેક પ્રકારના છે, જેમાં મરણનો ભય જીવને સતત સતાવ્યા કરે છે. જે ભવ્યજીવને ગુરુકૃપાથી પોતાના અવિનાશી સ્વરૂપનું ભાન થાય છે ત્યારે તે નિર્ભય કે ભયમુક્ત થાય છે. એટલે આવા ભક્તજનને મરણ કે અન્ય પ્રકારનો ભય રહેતો નથી. આવા જીવને નિરંતર પ્રતીતિ વર્તે છે કે તે દરઅસલ પણે અવિનાશી છે, જ્યારે શરીરાદિ નાશવંત છે. ભેદજ્ઞાન પામેલા આવા સાધકને ભવિષ્યની ચિંતા રહેતી નથી, ભૂતકાળનું સ્મરણ રહેતું નથી પરંતુ તે વર્તમાનમાં વર્તે છે.

**નિર્વૈર :**

અજ્ઞાનદશામાં જીવને ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયોથી રાગદ્વેષ થયા કરતા હોય છે. પરંતુ ગુરુકૃપાથી જે ભક્તજનને પોતાના દરઅસલ શુદ્ધ-સ્વરૂપની પ્રતીતિ રહે છે, તે સર્વ જીવને પોતાની સમાન લેખે છે, કારણ કે નિજસ્વરૂપ વીતદ્વેષ અને વીતરાગમય હોય છે. આવા જીવને કોઈપણ અન્ય જીવ પ્રત્યે વૈરભાવ ઉત્પન્ન થતો નથી. સદ્ગુરુથી ભેદજ્ઞાન પ્રાપ્ત સાધકને દરેક જીવમાં રહેલ આત્મતત્ત્વ પ્રત્યે આદર અને વિનય વર્તે છે. અથવા સાધકને અન્ય જીવ પ્રત્યે મૈત્રીભાવ વર્તે છે. દરેક સાંસારિક જીવ કર્માધીન હોવાથી તેનો બાહ્ય આકાર અને વર્તન પૂર્વ-સંસ્કારરૂપ હોય છે, પરંતુ તેને ગૌણ ગણી સાધક માત્ર તેના શાશ્વત આત્મતત્ત્વ ઉપર જ નજર કરે છે.

**અકાલ-મૂર્ત :**

પ્રત્યેક સાંસારિક જીવને જન્મ-મરણની કાળ મર્યાદાનું ચોક્કસ પ્રમાણ કર્માનુસાર હોય છે. એટલે જીવને તેના 'આયુષ્ય'-કર્મના હિસાબે શ્વાસોશ્વાસ નિર્ધારીત થયેલા હોય છે અને તેના ગલનથી તે કાળમાં ક્ષણેક્ષણે વિલીન થતો જાય છે. પરંતુ ગુરુકૃપાથી જે ભક્તજનને ભેદજ્ઞાનરૂપ સુબોધ પ્રાપ્ત થાય છે ત્યારે તેને 'સ્વ'-સ્વરૂપનું ભાન વર્તે છે. આવા સુબોધમાં આત્મતત્ત્વ આદિ અને અંતથી રહિત છે એવી નિરંતર પ્રતીતિ સાધકને રહે છે. આમ હોવાથી અમુક અપેક્ષાએ જ્ઞાનસભર ભક્તજનને 'અકાલ-મૂર્ત' કહી શકાય. તેમાંય ઉચ્ચ કોટિના જ્ઞાનીપુરુષો દેહ હોવા છતાંય દેહાતીત આંતરિક-દશામાં સ્થિર હોવાથી તેઓને 'અકાલ-મૂર્ત' કહેવામાં આવે છે. અથવા સ્થૂળ કે મૂર્ત શરીર નાશવંત છે, જ્યારે તેમાં રહેલ ચેતન-તત્ત્વ અવિનાશી છે.

**અયોનિ :**

દરેક સાંસારિક જીવ કર્માનુસાર વિવિધ યોનિઓમાં પરિભ્રમણ કરે છે. આવા પરિભ્રમણ વખતે પણ જીવના શરીરમાં અંતર્ગત રહેલ આત્મતત્ત્વ તેનું તે રહે છે. જે ભક્તજનને ગુરુકૃપાથી ભેદજ્ઞાન કે સુબોધ પ્રાપ્ત થાય છે તેને પ્રતીતિ રહેતી હોય છે કે તે દરઅસલપણે જન્મ-જરા-મરણથી રહિત એવો શુદ્ધાત્મા છે. અથવા શરીરને જન્મ-મરણ કે આદિ-અંત છે જ્યારે દેહમાં રહેલ આત્મતત્ત્વ 'અજન્મ'-અમર છે.

**સ્વયંભૂ :**

દેહધારી જીવના શરીરમાં રહેલ અરૂપી આત્મતત્ત્વ અનાદિ અને અનંત છે. એટલે શરીરને આદિ અને અંત છે પરંતુ આત્મતત્ત્વને કોઈ શરૂઆત કે અંત નથી. આ દૃષ્ટિએ વ્યવહારમાં આત્માને સ્વયંભૂ કહેવામાં આવે છે. સમસ્ત બ્રહ્માંડમાં જેટલા ચૈતન્યમય જીવો છે તે અખંડપણે સદૈવ તેટલા જ રહેવાના છે. એટલે જીવોની સંખ્યામાં વધઘટ થતી નથી, પરંતુ શરીરરૂપ અવસ્થાઓ કર્માનુસાર બદલાયા કરે છે. માટે જ આત્માને સ્વયંભૂ તરીકે સંબોધાય છે.

**ઉપસંહાર :**

શ્રી નાનકદેવજીએ મૂળમંત્રમાં આત્મા અને શરીરના ગુણો તથા તેમાં રહેલી ભિન્નતા પ્રકાશિત કરી છે. ગુરુપ્રસાદરૂપે જે ભક્તને વિધિવત્ શીખ પ્રાપ્ત થાય છે તે ધન્યતા અનુભવે છે. ✲✲✲

-સ્વાધ્યાય સંચયન-સુમનભાઈ શાહ અને ગુરુદયાળસિંહ
'સૌરભ' ૫૬૭, આનંદવન સોસાયટી, નવયુગ હાઈસ્કૂલ,
ન્યુ સામા રોડ, વડોદરા-૩૯૦૦૦૮.

# વિશ્વવ્યાપી સ્વયંસંચાલિત અદ્ભુત ન્યાયતંત્ર

□ ગુણવંત બરવાળિયા

સતયુગ કર્મયુગના શૈશવકાળની વાત છે. યુગલિક યુગના અસ્તાચળના સમયે યુગલમનુષ્યો સુખરૂપ જીવન પસાર કરતા હતા. માનવજીવનમાં અપરાધભાવનો ઉદય થયો ન હતો. ઈર્ષા, નિંદા, ચોરી, હિંસા, લડાઈ, ઝઘડા ન હતા.

કાળચક્ર વીતતા કલ્પવૃક્ષની શક્તિ ક્ષીણ થવા લાગી. પરિવર્તન, કુદરતનો નિયમ છે. સંક્રાતિકાળ પછી કુલકર વ્યવસ્થાનો વિકાસ થયો. કુળના રૂપમાં સંગઠિત સમૂહના નેતાને કુલકર કહેતા. આ વ્યવસ્થામાં ત્રણ પ્રકારની દંડનીતિ પ્રચલિત હતી.

કુલકર વિમલવાહનના સમયમાં 'હકાર' નીતિનો પ્રયોગ થતો હતો. એ સમયે માનવ ઊંચ નીતિમત્તાવાળો અને લજ્જાળું હતો. તેં આમ કર્યું ? બસ આટલું કહેવું તે જ ઉચ્ચ પ્રકારનો દંડ હતો. આટલું સાંભળવું પડે તે પરિસ્થિતિ જ માનવ માટે અસહ્ય હતી. માનવી આવા ઋજુ હૃદયનો હતો.

યશસ્વી અને અભિચંદ્રકુલકરના સમયમાં નાના અપરાધ માટે હાકાર અને મોટા અપરાધ માટે માકાર એટલે આવું ન કરો એટલું કહેવું તે જ દંડ હતો.

પ્રસેનજિત, મરુદેવ અને નાભિ કુલકરના સમયમાં ધિક્કાર નીતિ ચાલી. નાના અપરાધ માટે હાકાર, મધ્યમ અપરાધ માટે માકાર, અને મોટા અપરાધ માટે ધિક્કાર નીતિનો પ્રયોગ થતો હતો. એ સમયનો માનવી, સમાજ અને રાજ્યના નિયમોમાં રહેનારો, મર્યાદાપ્રિય અને ઋજુ હતો. બે શબ્દો દ્વારા તેમણે કરેલા અયોગ્યકાર્યનું દુઃખ પ્રદર્શન કે ધિક્કાર તેને માટે મૃત્યુદંડ સમાન હતું.

જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ જ્યારે રાજ્ય સંભાળતા હતા ત્યારે સમાજ જીવન રાજ્યવ્યવસ્થા અને સુરક્ષાવ્યવસ્થામાં ક્રાંતિકારી પરિવર્તનો કર્યા. એ સમયમાં અપરાધીને ઠપકો આપવો, નજરકેદ કરવો એટલે નક્કી કરેલા ક્ષેત્રની બહાર જવા પર પ્રતિબંધ અને બંધન તથા દંડો ઉગામવા સુધીની દંડનીતિનો વિસ્તાર થયો હતો.

સમાજજીવન સુચારુ રીતે ચાલે અને રાજ્યકારભાર વ્યવસ્થિત ચાલે, ગુનાઓનું સામ્રાજ્ય ન છવાઈ જાય માટે માનવીઓએ કાયદા ઘડ્યા. દરેક વ્યક્તિને ન્યાય મળે અને ગુનેગારોને સજા મળે તેથી ન્યાયાધીશ અને ન્યાયાલય દ્વારા ન્યાયતંત્રની રચના કરી.

કાયદાની કલમ દ્વારા અપરાધીને ગુનેગાર ઠરાવી સજા કરાવી શકાય. આ સજા થવાના અને સમાજમાંથી પ્રતિષ્ઠા જવાના ડરે કેટલીક વ્યક્તિઓ ગુના આચરતી અટકી જાય છે. એવા ઉમદા હેતુથી ન્યાયતંત્રની પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

પ્રાચીન ભારતમાં ન્યાયતંત્ર પર લોકોને પૂર્ણ વિશ્વાસ હતો. કાઝી, રાજાઓ કે રાજાઓએ નીમેલા ન્યાયાધીશો ઝડપી અને યોગ્ય ન્યાય પ્રજાને આપતા. કેટલાક ન્યાયપ્રિય રાજાઓએ ગુનેગાર જણાતા પોતાના પુત્ર કે પરિવારજનોને પણ આકરી સજાઓ કરી અને પ્રજાને ન્યાય આપ્યો છે. તેવા અસંખ્ય પ્રસંગો ભારતના ઇતિહાસમાંથી આપણને મળશે.

સાંપ્રત સમાજજીવન સંકુલ અને વિષમ બની ગયું છે. અપરાધ અને આતંકની દુનિયાનો બેહુદો વિસ્તાર થયો છે. ગુનાખોરીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

કાયદા એટલા બધા વધી ગયા છે કે દરેક પ્રવૃત્તિ અને સમગ્ર જીવનનું જાણે કાયદા દ્વારા નિયમન કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

નીચલી અદાલતથી માંડીને સર્વોચ્ચ અદાલત અને આંતરરાષ્ટ્રીય ન્યાયાલયો સુધી વિશ્વમાં ન્યાયતંત્રનો વિસ્તાર થયો છે. કોર્ટ, વકીલ અને કાયદાની કલમોના જંગલમાં અથડાતા કુટાતા માનવી માટે ન્યાય મેળવવો ખર્ચાળ અને વિલંબિત બની ગયો છે.

જૈનદર્શનના કર્મવિજ્ઞાનના સંદર્ભે દંડનીતિ સમજવી માનવજીવન માટે કલ્યાણકારક છે. દાર્શનિક કર્મવિજ્ઞાનના મતે, જેમ સમાજ અને રાજ્યના સ્તરે કાઝી, મુખી, ન્યાયનું પંચ, લોકઅદાલત કે સરકારનું ન્યાયતંત્ર લોકોને ન્યાય અપાવવા કાર્યરત છે. તેમ એક વિશ્વવ્યાપી અદ્ભુત સ્વયંસંચાલિત કર્મની કોર્ટ છે. આપણી તમામ કોર્ટમાં હજી કૉમ્પ્યુટર આવ્યા નથી. પરંતુ કર્મની કોર્ટ ક્ષતિરહિત સુપર કૉમ્પ્યુટરથી સ્વયં સંચાલિત, વાયરસ કે સદી પરિવર્તનના ભય વિના અનાદિથી ચાલી રહી છે અને અનંત ચાલશે.

સંસારની કોર્ટમાં તો જે ગુનેગાર પ્રત્યક્ષ દેખાતો હોય, ગુનો દેખનાર સાક્ષી મળે, પ્રત્યક્ષ કે સાંયોગિક પુરાવા ઉપલબ્ધ હોય તો જ ગુનેગારોને સજા થઈ શકે છે.

સાંયોગિક પુરાવાને કારણે નિર્દોષને દંડાઈ જવાનો પણ ભય રહે છે. ખોટા સાક્ષી, કપટ કે ષડયંત્રના ભોગે નિર્દોષને પણ દોષી ઠેરવી શકાય છે.

એક શ્રીમંત યુવાન ખૂનના કેસમાં સપડાઈ ગયો. એણે ઊંચી ફી આપીને બાહોશ વકીલ રાખ્યો. કેસ ચાલ્યો. સામાપક્ષના ધારાશાસ્ત્રીએ બધી દલીલો કરી. ન્યાયાધીશે પેલા વકીલને કહ્યું કે હવે તમે દલીલ કરો. પણ આશ્ચર્ય ! એણે કોઈ દલીલ જ ન કરી. છેવટે ન્યાયાધીશે ચૂકાદો આપ્યો કે 'હેન્ગ હીમ'. પેલા વકીલે મલકાઈને પોતાના અસીલના કાનમાં કહી દીધું કે ચિંતા ન કરીશ. તને બચાવી લઈશ. ફાંસીનો માંચડો તૈયાર થયો. યુવાનના ગળામાં દોરડું ભરાવાયું અને સહેજ જ પાટિયું ખસ્યું કે તરત જ દોરડું ખેંચનારને અટકાવી દઈને વકીલ બોલ્યો : સજામાં માત્ર હેન્ગ હીમ. આજ આદેશ

છે. મારો અસીલ એ સજા અત્યારે પૂરી કરી ચૂક્યો ગણાય માટે એને છોડી મૂકો. કાયદા મુજબ એક જ સજાનો અમલ બીજી વાર કરી ન શકાય! ત્યાર પછી ન્યાયતંત્રના કાયદાઓમાં સુધારો કરવો પડ્યો કે 'હેન્ગહીમ ટીલ ડેથ' મૃત્યુ થાય ત્યાં સુધી લટકાવી રાખો. આમ બુદ્ધિના આટાપાટાથી દોષી પણ છૂટી ગયાના દાખલા છે.

કાયદાની આંટી-ઘૂંટી, લાંચરુશ્વત કે બુદ્ધિના વ્યભિચારથી ગુનેગારો પણ આબાદ બચી જતા હોય છે.

એકાંતમાં, ગુપ્ત રીતે ગુનો કરનારને કર્મની કોર્ટ તો સજા આપી દે છે. જાણે કર્મની કોર્ટને કરોડો આંખો ન હોય?

અહીં બાહોશ વકીલ, પૈસાનું જોર કે લાગવગ કામ કરતા નથી, અહીં શંકાના લાભે છૂટી જવાતું નથી. કર્મના કાનૂનથી ચાલતા ન્યાયતંત્રનો વહીવટ સ્વચ્છ, સ્પષ્ટ, પારદર્શક અને સમયાનુચિત છે.

કર્મની કોર્ટમાં સજા માટે એક ક્ષણનો પણ વિલંબ નથી. જેવો ગુનો આચર્યો તેવી તે જ ક્ષણે સજા એ કર્મનો કાનૂન છે. કર્મ કરનારનો સાક્ષી તો તેનો પોતાનો આત્મા સદાકાળ તેની સાથે જ છે. અહીં ગુનો પુરવાર કરવા માટે કોઈ સાક્ષી કે પુરાવાની જરૂર નથી. બીજા શબ્દોમાં કહીએ તો કર્મબંધ એ જ સજા છે. માનવી મન, વચન કે કાયા વડે કોઈ પણ ગુનો કરે તો તેને તે પ્રમાણે કર્મબંધ થાય છે. કર્મના કર્તાએ કર્મ ભોગવવું જ પડે છે.

સંસારના ન્યાયાલયોમાં ગુના થયા બાદ ચોક્કસ કાનૂની પ્રક્રિયા બાદ ગુનો સાબિત થયા બાદ સજા થાય છે. આરોપી ઉચ્ચ ન્યાયાલયમાં અરજી કરે તો સજા મોકૂફ રહે અને ઉચ્ચ ન્યાયાલય એ સજાને માન્ય રાખે ત્યારે સજાનો અમલ થાય છે.

પરંતુ કર્મની કોર્ટમાં ગુનો સાબિત કરવાનો પ્રશ્ન જ નથી. મનથી હત્યાનો ક્રૂર વિચાર કર્યો હું તને મારી નાંખીશ છોડીશ નહિ એવા ક્રૂર રીતે ક્રોધ પૂર્ણ વચનો કહ્યાં હોય. આત્માની પરિણામ ધારા અને ભાવ પ્રમાણે કર્મના કાનૂનમાં એને ગુનો ગણી લેવામાં આવે છે અને તે પ્રમાણે કર્મબંધ થાય છે આ કર્મબંધ તે જ સજા છે. હા, સત્તામાં પડેલા કર્મો ઉદયમાં ન આવે તે કાળને દાર્શનિક પરિભાષામાં અબાધાકાલ કહેવાય છે.

સજા ભોગવવાનો કર્મોદય તત્કાળ પણ હોઈ શકે. આ જન્મમાં હોય કે જન્માન્તરે પણ હોઈ શકે છે. સંસારના ન્યાયતંત્રમાં વીશ વર્ષની સજા પામેલી વ્યક્તિ એક બે વર્ષમાં જ મૃત્યુ પામે તો બાકીની સજા તેને ભોગવવાની રહેતી નથી. કર્મના કાનૂનમાં આ સજા, પછીના ભવે પણ ભોગવવી પડે છે.

સેંકડો માણસની હત્યા કરનાર વ્યક્તિને સંસારની કોર્ટ એક જ મૃત્યુદંડ દઈ શકે તે તેની મર્યાદા છે. જ્યારે કર્મનો કાયદો તે જીવને નારકીની દુ:ખકારક યોનિમાં હજારો વાર મૃત્યુની વેદના આપી શકે અને હજારો વર્ષ સુધીનું ત્યાંનું આયુષ્ય આપી શકે છે. સારી વર્તણૂંકને કારણે રાજ્યના ન્યાયતંત્ર દ્વારા સજા ઘટી શકે છે કે સજા હળવી બની શકે છે.

કર્મસત્તાના ન્યાયતંત્રની કરામતને એક પ્રસંગ દ્વારા સમજીએ જિલ્લા કોર્ટના એક ન્યાયાધીશ તે જિલ્લાથી ૨૫-૩૦ કિલોમીટરને અંતરે આવેલા પોતાના મૂળ ગામમાં વેકેશન ગાળવા આવ્યા. પોતાના વતનના આ નાનકડા ગામમાં રોજ સવારે તે નદી કિનારે ફરવા જાય. નદી તટનાં વૃક્ષોનાં ઝૂંડ પાછળ શૌચક્રિયાનું કામ પણ પતાવી લે.

એક દિવસ એણે શૌચક્રિયા દરમિયાન જોયું કે એક માણસે ખંજરથી બીજા માણસની હત્યા કરી. હત્યારો ભાગી છૂટ્યો. જજસાહેબે ખૂનીને આંખો આંખ બરાબર જોયો હતો.

આ અંગેનો કેસ એમની જ અદાલતમાં આવતા આરોપી હાથમાં ન આવતા, પોલીસે ભળતા માણસને આરોપી તરીકે ઊભો કરી દીધો! ન્યાયાધીશે તેનો ચહેરો જોઈને જ નક્કી કરી લીધું કે હત્યારો તો આ નથી પરંતુ પોલીસે પોતાની ઇજ્જત બચાવવા માટે ભળતા માણસને મારી પીટીને ખૂની તરીકેની કબૂલાત કરાવીને પાંજરામાં ઊભો કરી દીધો છે.

વળી, વકીલ પણ એવો બાહોશ નીકળ્યો કે તેણે પોતાનું બધું જ બુદ્ધિકૌશલ વાપરીને તે માણસને ખૂની તરીકે સાબિત કરી દીધો.

જજ તો સ્તબ્ધ થઈ ગયા. આંખો ના પાડે છે કે આ વ્યક્તિ હત્યારો નથી, કાયદો કહે છે તે હત્યારો જ છે. નિર્દોષ ઉપર સજાનું જજમેન્ટ લખતા જજ ત્રાસી ગયા. પરંતુ ન્યાયાધીશને ધર્મમાં શ્રદ્ધા હતી, તે જાણતા હતા કે મનુષ્ય ભૂલ કરે પરંતુ કર્મસત્તાનું સુપર કૉમ્પ્યુટર કદી ભૂલ ન કરે.

તેઓ પેલા આરોપીને ચેંબરમાં લઈ ગયા. સાચી હકીકત જણાવવાનું કહેતા તે રડી પડ્યો. પોતાની નિર્દોષતા અને પોલીસના દમનનું વર્ણન કર્યું. જજે પૂછ્યું, આ પૂર્વે તે કોઈનું ખૂન કરેલ. આરોપીએ કહ્યું હા, મેં બે ખૂન કરેલા. પરંતુ હોંશિયાર વકીલને કારણે હું નિર્દોષ છૂટી ગયો. આ સાંભળી જજના મનને શાંતિ થઈ સાથે વિશ્વના અદૃશ્ય અદ્ભુતકર્મના સ્વયંસંચાલિત ન્યાયતંત્ર પરત્વે શ્રદ્ધા દૃઢ બની.

રાજ્ય અને સમાજ દ્વારા ચાલતા ન્યાયાલયો જરૂરી છે જ પણ જ્યારે તેમાં ન્યાય ન મળે ત્યારે એ ચિંતન કરવાનું કે સર્વોપરી અદાલતો કર્મના કાનૂનની છે. આ વિચારધારા નિમિત્તને દોષ ન દેતા કર્મોદયને દોષી ગણશે. તેથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી બચી શકશે. સંયોગોથી સ્વભાવ પર દૃષ્ટિ જશે તેથી મનને શાંતિ મળશે.

ભાલનળકાંઠા વિસ્તારમાં એક રાજકીય આગેવાન સમાજસેવીની હત્યા થઈ તે વખતે સાંપ્રત દંડનીતિ પરત્વે મુનિશ્રી સંતબાલજીએ વ્યથા કરી હતી કે ખૂનીઓને કોર્ટ પૂરેપૂરી તહોમતદાર ઠરાવે તો શારીરિક સજા સિવાય કોર્ટ બીજું શું કરવાની છે? એ થાય તોય અમારા જેવાને તો રોવાનું છે, કારણ કે શારીરિક સજાથી ગુનેગાર

સુધરતો નથી અને હિંસા થાય છે. જો શંકાનો લાભ આપી છોડી મૂકે તો સમાજમાં એ પ્રત્યાઘાત પડવાનો છે કે આવા મોટા માણસનું ધોળે દહાડે ખૂન કરનાર પણ છૂટી જઈ શકે છે. આમાં પ્રથમ કરતાં બીજામાં વધુ ભયંકર હિંસા છે, કારણ કે તેમાં ખૂની સ્થૂળ રીતે સજા નથી ભોગવતો, પણ અભિમાની અને સમાજઘાતક દિશામાં આગળ ધપવાનું વધવાનું એને કારણ મળે છે તેથી મહાન હિંસા બને છે. સમાજમાં ઘણાં અનિષ્ઠો એમાંથી પાંગરે છે.

આચાર્ય મહાપ્રજ્ઞજી આ સંદર્ભે હૃદયપરિવર્તન પર ભાર મૂકે છે. અનુશાસન કેવળ દંડશક્તિ દ્વારા વ્યવસ્થાપરિવર્તનની વાત કરે છે. આ દંડશક્તિ એક સીમા સુધી આવશ્યક હોઈ શકે છે. પરંતુ જો હૃદયપરિવર્તન ન થાય તો દંડશક્તિ દ્વારા કરવામાં આવી રહેલું આ વ્યવસ્થાનું પરિવર્તન અંતે સફળતામાં પરિણમશે નહિ કે સ્થાયી પણ બની શકે નહિ. એક સીમા સુધી દંડશક્તિ અને તેની સાથે સાથે હૃદય પરિવર્તનનું લક્ષણ બન્ને સાથે સાથે ચાલે ત્યારે વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન થઈ શકશે. વ્યવસ્થા બદલવાની સાથે વ્યક્તિનું હૃદય બદલવાની ક્રિયા સંયુક્ત રીતે ચાલે ત્યારે પરિવર્તનની ભાવના સાકાર થઈ શકે.

અધ્યાત્મયોગિની, પૂ. લલિતાબાઈ મહાસતીજીએ પ્રાયશ્ચિત્તના ભાવો સમજાવતા કહ્યું છે કે, ગુરુ કે પરમાત્માની સાક્ષીએ દોષદર્શન, પાપનું પ્રક્ષાલન, ગુના અને કર્મોની કબુલાત અને તે પાપોનું પુનરાવર્તન ન થાય તેના નિર્મળ હૃદયથી પ્રત્યાખ્યાન પ્રતિજ્ઞા માનવીને પ્રાયશ્ચિત્તની પુનિતગંગામાં સ્નાન કરાવી પાવન કરે તે જ, સાચું ભાવ પ્રતિક્રમણ છે. જે રાજ્ય, દંડ, ભય અને લાલચથી ન થઈ શકતું હોય તે અંતઃકરણના અનુશાસનને અનુસરવાથી સહજ બને છે.

સ્વવિકાસ માટે અનુશાસન જરૂરી છે. ગિરી પ્રવચનમાં ઇશુએ દસ આજ્ઞાઓ કરી...જો કોઈ એક તમાચો તારા ગાલ ઉપર મારે તો બીજો ગાલ તું ધરજે...! એનો અર્થ એ કે જનસમાજમાં મોટે ભાગે એવા માનવીઓ હતા કે એક તમાચો મારવા જેટલી જ ભૂલ કરી શકે, પેલી વ્યક્તિ સજા માટે ગાલ ધરે પરંતુ સામેવાળો બીજો તમાચો મારવા જેટલી હિંમત ન કરે. આ હતી એ સમયના માનવીના હૃદયની ઋજુતા.

કોઈપણ ગુનાહિત કૃત્ય આચરતાં પહેલાં જાગૃતિ રહે કે કર્મબંધ એ જ સજા છે. એક વિશ્વવ્યાપી, સ્વયંસંચાલિત અદ્ભુત કાયદાનું ન્યાયતંત્ર અસ્તિત્વમાં છે તેનું સ્મરણ રહે તો જીવનમાં નિર્મળતા વધે અને કર્મના અટલ કાયદામાં શ્રદ્ધા જાગે તો આપણાં હૃદયમાં કરુણાના ભાવ પ્રગટાવશે અને સહજ બનશે.

✱✱✱

૬૦૧, સ્મીત એપાર્ટમેન્ટ,ખોખાણી લેન,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૭૭.

---

# 'જા સા સા સા'

☐ ડૉ. કાન્તિભાઈ બી. શાહ

લેખનું આ શીર્ષક વાંચીને કુતૂહલ થયું હશે, ખરું ને! આ 'જા સા સા સા' વળી શું છે? શું આ કોઈ લેખનદોષ છે? કોઈ શબ્દના વીખરાઈ ગયેલા અક્ષરો છે?

પણ ના, એવું કાંઈ જ નથી. 'જા સા સા સા' એ કેવળ ચાર અક્ષરો જ નહીં, ચાર શબ્દો પણ છે. એ ચારેય સર્વનામ છે અને એકસાથે બે પ્રકારનાં વાક્યો એમાં સમાવિષ્ટ છે. પહેલું પ્રશ્નાર્થ વાક્ય છે - 'જા સા સા સા?' એમાં એક પ્રશ્ન પૂછવામાં આવ્યો છે, ને પછી એ પુછાયેલા પ્રશ્નનો 'જા સા સા સા.' એ નિશ્ચયાર્થ વાક્ય દ્વારા ઉત્તર અપાયો છે. આમ 'જા સા સા સા' એક સાંકેતિક પ્રશ્નોત્તરીને પણ આવરી લે છે.

આપણાં ધર્મશાસ્ત્રો-અંતર્ગત ઉપલબ્ધ કથાસાહિત્યથી જેઓ સુપરિચિત છે તેઓ એ સારી રીતે જાણે છે કે આ 'જા સા સા સા'ની કથા એ આપણી જૈન પરંપરાની, વિશિષ્ટ પ્રયોજનથી કહેવાયેલી, અત્યંત મર્મભેદી એવી એક જાણીતી દૃષ્ટાંતકથા છે.

શ્રી ધર્મદાસ ગણીકૃત 'ઉપદેશમાલા'ની ૩૩મી ગાથામાં આ કથાનો નિર્દેશ મળે છે. ગાથા આ પ્રમાણે છે :

*'વોત્તૂણ વિ જીવાણં, સુદુક્કરાઈં તિ પાવચરિયાઈં,*
*ભયવં જા સા સા સા, પચ્ચાએસો હુ ઈણમો તે.'*

[જીવો દ્વારા આચરાયેલા કેટલાંક પાપકર્મો એવાં હોય છે કે જે મુખેથી બોલવાં પણ દુષ્કર બને છે. દૃષ્ટાંત તરીકે મહાવીર ભગવાને 'જા સા સા સા?' એ પ્રશ્નનો 'જા સા સા સા' એવો ઉત્તર આપીને પ્રશ્ન કરનારનું સમાધાન કર્યું.]

'ઉપદેશમાલા'ની આ ગાથામાં માત્ર કથાનિર્દેશ છે. પણ સં. ૯૭૪માં આચાર્યશ્રી સિદ્ધાર્ષિગણીએ આ 'ઉપદેશમાલા' ગ્રંથ ઉપર સંસ્કૃતમાં જે હેયોપાદેય ટીકાગ્રંથ રચ્યો છે તેમાં પ્રસ્તુત ગાથાની ટીકા સાથે આ જા સા સા સાની કથા પણ અપાઈ છે. પછીના ટીકાકારો ઘણુંખરું સિદ્ધાર્ષિગણીની હેયોપાદેય ટીકાને અનુસર્યા છે.

વિક્રમની ૧૨મી સદીમાં થયેલા શ્રી હેમચંદ્રાચાર્યે રચેલ 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'ના છેલ્લા ૧૦મા પર્વના આઠમા સર્ગ (શ્લોક ૧૯૦ થી ૨૨૭)માં પણ આ કથા મળે છે.

ત્યારબાદ આચાર્યશ્રી સોમસુંદરસૂરિએ સં. ૧૪૮૫માં પ્રાચીન ગુજરાતી ભાષામાં રચેલા 'ઉપદેશમાલા બાલાવબોધ'માં પણ આ

કથા સંક્ષેપમાં અપાઈ છે.

કથા આ પ્રમાણે છે :

વસંતપુર નામે નગરમાં અનંગસેન નામે એક સુવર્ણકાર રહેતો હતો. એ અત્યંત સ્ત્રીલંપટ હતો. તેને પાંચસો પત્નીઓ હતી. અનંગસેન એવો વહેમી કે એકેય સ્ત્રીને કદી ઘરની બહાર નીકળવા ન દે. એક વખત અનંગસેનના એક મિત્રે કોઈક અવસર નિમિત્તે આ બધી સ્ત્રીઓને પોતાને ત્યાં આવવાનું નિમંત્રણ આપ્યું. અનંગસેનની બધી સ્ત્રીઓ સ્નાન-વિલેપન કરી, મૂલ્યવાન વસ્ત્રાલંકારોથી સજ્જ થવા લાગી. હાથમાં દર્પણ ધરી રાખીને સૌ પોતપોતાનો શણગાર નીરખતી હતી. એવામાં જ આ સ્ત્રીઓનો પતિ ઘેર આવ્યો. સ્ત્રીઓને આ રીતે સજ્જ થતી જોઈને ગુસ્સે ભરાયેલા એણે એક સ્ત્રી ઉપર જોરથી ઘાતક પ્રહાર કરીને એની હત્યા કરી નાખી. એટલે બીજી પત્નીઓ પતિના આવા દુષ્કૃત્યથી એટલી ભયભીત બની ગઈ કે એમણે સ્વબચાવમાં હાથમાં ધરી રાખેલાં દર્પણો પતિની સામે ફેંક્યાં. આ દર્પણોના પ્રહારોથી અનંગસેન તત્કાલ મૃત્યુ પામ્યો. પતિની હત્યા અને લોકાપવાદના ડરની મારી આ સઘળીયે સ્ત્રીઓ પતિની પાછળ અગ્નિપ્રવેશ કરીને બળી મરી.

હવે જે સ્ત્રી પહેલી મરી હતી તે બીજા ભવમાં એક ગામમાં કોઈના પુત્ર તરીકે જન્મી. જ્યારે પતિ અનંગસેને મૃત્યુ પામીને, જે કુટુંબમાં એની પત્ની પુત્ર તરીકે જન્મી હતી એની જ બહેન તરીકે જન્મ લીધો. આમ પાછલા જન્મનાં પતિ-પત્ની નવા ભવમાં અનુક્રમે બહેન અને ભાઈ તરીકે જન્મ્યા. જ્યારે બળી મરેલી બાકીની સ્ત્રીઓ એકસાથે એક નાના ગામમાં ચોરોના સમુદાયરૂપે જન્મ પામી.

પૂર્વભવમાં પેલા અનંગસેનને સ્ત્રી પ્રત્યેની એટલી તીવ્ર આસક્તિ હતી કે એ આસક્તિના કુસંસ્કારથી આ ભવમાં પુત્રી તરીકે જન્મેલી તે સતત રુદન કરવા લાગી. કેમેય કરતાં છાની રહે નહીં. પણ એક વાર સગા ભાઈ (પૂર્વભવની અનંગસેનની પત્ની)ના હાથનો બહેનના ગુહ્ય સ્થાને સ્પર્શ થતાં જ બહેન (પૂર્વભવનો અનંગસેન) તરત જ રડતી છાની રહી ગઈ. ભાઈએ બહેનને રડતી છાની રાખવાનો આ ઉપાય જાણી લીધો. એટલે જ્યારે જ્યારે બહેન રડે ત્યારે તે બહેનના ગુહ્ય ભાગે હાથનો સ્પર્શ કરી બહેનને છાની રાખે. માતાપિતા પોતાના પુત્રની વારંવારની આવી કુચેષ્ટા જોઈને લજ્જા પામ્યાં અને પુત્રને ઘરમાંથી કાઢી મૂક્યો. બહેન પણ થોડી મોટી થતાં ઘર છોડીને ક્યાંક ચાલી ગઈ.

માતાપિતાએ ઘરમાંથી કાઢી મૂકેલો પુત્ર રખડતો પેલા પાંચસો ચોરો (અનંગસેનની પૂર્વભવની પત્નીઓ)ના ગામમાં પહોંચ્યો અને ચોરોના સમુદાયમાં ભળી ગયો. પછી તે એ સમુદાયનો અગ્રેસર-પલ્લીપતિ બની ગયો.

એક દિવસ આ ચોરો ધાડ પાડવા માટે ગયા. એ ચોરોએ જે સ્થળે ધાડ પાડી તે સ્થળે તેમણે એક યૌવનપ્રાપ્ત કન્યાને જોઈ. તેઓ એ કન્યાને પોતાની પલ્લીમાં લઈને આવ્યા. થોડા સમયમાં તે કન્યા પલ્લીપતિ સમેત પાંચસો ચોરોની પત્ની બનીને એમની સાથે રહેવા લાગી.

થોડા સમય પછી આ ચોરો એક બીજી સ્ત્રીને દયાભાવથી આ સ્થાને લઈને આવ્યા. પણ અગાઉ ધાડ પાડીને આણેલી સ્ત્રી પોતાની અતિ તીવ્ર રાગવૃત્તિને લઈને આ બીજી સ્ત્રીના આગમનને સહન કરી શકી નહીં. એને થયું કે આ બીજી આગંતુક સ્ત્રી મારા રતિસુખમાં વિઘ્નરૂપ થશે. પરિણામે પહેલી સ્ત્રીએ એક દિવસ આ બીજી સ્ત્રીને ભોળવીને કૂવામાં ફેંકી દીધી.

પેલી પ્રથમ આણેલી યૌવનાનો આવો ઉત્કટ રાગાવેગ જોઈને પલ્લીપતિ બનેલા ભાઈના ચિત્તમાં વિચાર સ્ફુર્યો કે 'શું આ કન્યા એ મારી નાનપણની બહેન તો નથી?' કેમકે નાની હતી ત્યારે એના ગુહ્ય સ્થાને થતા પોતાના કરસ્પર્શથી એ રડતી છાની રહી જતી હતી.

આ પલ્લીપતિના ચિત્તમાં આવું મંથન ચાલતું હતું તેવામાં જ ભગવાન મહાવીર નજીકમાં પધાર્યા છે તે જાણીને એ પલ્લીપતિ પ્રભુ મહાવીરના સમવસરણમાં જઈ પહોંચ્યો. પેલી કન્યાની ઓળખ અંગેની જિજ્ઞાસા તીવ્ર હતી, અને પ્રભુ સર્વજ્ઞ છે એમ જાણીને ભગવાનને સાંકેતિક વાણીમાં જ પ્રશ્ન કર્યો 'યા(જા) સા સા સા?' અર્થાત્ 'જે એ છે તે તે જ છે?' એટલેકે 'ઉત્કટ રાગાવેગ ધરાવતી જે સ્ત્રી તે શું મારી બહેન છે?' ત્યારે પ્રભુએ પણ એ પ્રશ્નનો એવો જ સાંકેતિક પ્રત્યુત્તર આપતાં કહ્યું, 'યા સા સા સા.' અર્થાત્ 'હા, જે એ છે તે તે જ છે.' એટલે કે 'એ સ્ત્રી જે છે તે તારી બહેન જ છે.' પછી પ્રતિબોધિત થયેલો તે પલ્લીપતિ ત્યાંથી વિદાય થયો.

ત્યાં બેઠેલા ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે પેલા આગંતુકે સંકેતથી તમને શું પૂછ્યું? ત્યારે પ્રભુજીએ એના ઉત્તરરૂપે પલ્લીપતિની એના પૂર્વભવ સહિતની કથની કહી.

x x x

આ આખી કથા આપણા મર્મ સ્થાનને સ્પર્શી જાય એવી છે.

પલ્લીમાં આણેલી કન્યા જે પોતાની બહેન જ હતી તેની સાથે પોતે કરેલું સહશયન એ પલ્લીપતિના જીવનમાં આચરાયેલું એવું અધમ પાપકર્મ હતું કે એ પોતાના દોષ પ્રભુજી આગળ પ્રકાશી પણ ન શક્યો અને કેવળ સાંકેતિક પ્રશ્ન કરીને જ અટકી ગયો.

જીવનમાં એવાં અધમ પાપકૃત્યો માનવી કરી બેસે છે જે પ્રગટ વાચાસ્વરૂપે કહી શકાય એવાં પણ નથી હોતાં, એ આ દૃષ્ટાંતકથાનો મર્મબોધ છે.

* * *

'નિશિગન્ધા', ૭, કૃષ્ણ પાર્ક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ભેટ

**● પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ**

| | |
|---|---|
| ૫,૦૦,૦૦૦/- | એક સુશ્રાવક તરફથી |
| ૧,૦૦,૦૦૦/- | શ્રી રાજેન્દ્રભાઈ એ. શાહ–મુંબઈ |
| ૧,૦૦,૦૦૦/- | શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન–મુંબઈ |
| ૫૧,૦૦૦/- | શ્રી કાકુલાલ છગનલાલ મહેતા–મુંબઈ |
| ૫૦,૦૦૦/- | શ્રી મનસુખલાલ એલ. વાસા |
| ૨૫,૦૦૦/- | શ્રીમતી ચંચળબેન આણંદલાલ ત્રીભોવન સંઘવી–મુંબઈ |
| ૧૧,૦૦૦/- | શ્રી એસ. એલ. ભેદા-મુંબઈ |
| ૧૧,૦૦૦/- | શ્રી જે.. એસ. શાહ-મુંબઈ |
| ૧૦,૦૦૦/- | શ્રીમતી કલાવતી હસમુખલાલ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦,૦૦૦/- | સ્વ. એરવડ હોરમસજી પેસ્તનજી આંટીયા અને મિસીસ દીનામાઈ હોરમસજી આંટીયા ટ્રસ્ટ હસ્તે શ્રી બી. એચ. આંટીયા |
| ૧૦,૦૦૦/- | શ્રી લીના વીરેન્દ્ર શાહ–મુંબઈ |
| ૫,૦૦૧/- | શ્રી પ્રસનભાઈ એન. ટોલીયા–મુંબઈ |
| ૫,૦૦૧/- | શ્રી ભૂપેન્દ્ર હિંમતલાલ શાહ–મુંબઈ |
| ૫,૦૦૧/- | શ્રી જ્યોતિ ટ્રસ્ટ–મુંબઈ |
| ૫,૦૦૦/- | શ્રી વીસનજી ન. વોરા–મુંબઈ |
| ૫,૦૦૦/- | શ્રી સુરેન્દ્રકુમાર ચીમનલાલ શાહ–મુંબઈ |
| ૫,૦૦૦/- | શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ |
| ૫,૦૦૦/- | શ્રી રસિકલાલ ગોપાલજી શાહ-મુંબઈ |
| ૫,૦૦૦/- | શ્રી બાબુભાઈ સી. તોલાટ–મુંબઈ |
| ૫,૦૦૦/- | શ્રી રસિકલાલ ટી. મહેતા–મુંબઈ |
| ૫,૦૦૦/- | શ્રી રસિકલાલ એન. દોશી–મુંબઈ |
| ૩,૦૦૦/- | શ્રી વર્ષાબહેન કે. દેસાઈ (શાહ)–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી રમેશ પી. દફતરી ચેરિટેબલ ટ્રસ્ટ–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી જયાબેન ઈન્દુભાઈ વોરા–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી રસિકલાલ ચીમનલાલ ચોધરી–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી વલ્લભભાઈ ભણશાલી–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી ડી. વી. એસ. સી. ચેરિટેબલ ટ્રસ્ટ–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ–મુંબઈ |
| ૨,૦૦૦/- | શ્રી કે. સી. શાહ–મુંબઈ |
| ૨,૦૦૦/- | શ્રી એમ. બી. વોરા–મુંબઈ |
| ૨,૦૦૦/- | શ્રી દામાણી દલીચંદ ભગવાનજી–મુંબઈ |
| ૧,૮૦૦/- | શ્રી પ્રબોધભાઈ એસ. શાહ–મુંબઈ |
| ૧,૧૦૧/- | શ્રી શશિકાત મણિલાલ મહેતા–મુંબઈ |
| ૧,૧૦૦/- | શ્રી જશવંત છોટાલાલ શાહ–મુંબઈ |
| ૧,૧૦૦/- | શ્રી વનલીલા નટવરલાલ મહેતા–મુંબઈ |
| ૧,૦૦૧/- | શ્રી ગણપતી સી. મહેતા–મુંબઈ |
| ૧,૦૦૦/- | શ્રી નેણશી રવજી વીરા–મુંબઈ |
| ૧,૦૦૦/- | શ્રી ઈલાબેન ચંપકલાલ મોદી–મુંબઈ |
| ૧,૦૦૦/- | શ્રી લાલજી દેવરાજ દેપાર ગોસરાણી ચેરિટેબલ ટ્રસ્ટ–જામનગર |
| ૧,૦૦૦/- | શ્રીમતી વીણાબહેન જવાહરભાઈ કોરડિયા |
| ૧,૦૦૦/- | શ્રી પ્રકાશ એસ. દોશી–મુંબઈ |
| ૫૦૧/- | શ્રી આર. જે. કાપડિયા–મુંબઈ |
| ૫૦૧/- | શ્રી એક સદ્‌ગૃહસ્થ |
| ૫૦૦/- | શ્રી શીવજી મુળજી શાહ–મુંબઈ |
| ૫૦૦/- | શ્રી એસ. કે. દેઢિયા–કલકત્તા |
| ૫૦૦/- | શ્રીમતી મીતા પી. ગાંધી–મુંબઈ |
| ૫૦૦/- | શ્રીમતી પ્રવીણા સી. ઘડિયાળી–મુંબઈ |
| ૫૦૦/- | શ્રી શાંતિલાલ સંઘવી, અમદાવાદ |
| ૨૫૧/- | શ્રી હરિસિંહ સી. કાપડિયા |
| ૨૫૧/- | શ્રી રસિકલાલ ધીરજલાલ તુરખીયા-મુંબઈ |
| ૯,૬૪,૬૦૯/- | |

**● પ્રબુદ્ધ જીવન આજીવન સભ્ય**

| | |
|---|---|
| ૨,૫૦૦/- | શ્રી હિમાંસુ જે. સંઘવી–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી વિપુલ કલ્યાણજી દેઢિયા–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી અમિત જે. મહેતા–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી પ્રકાશભાઈ જે. ઝવેરી–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી હર્ષા હેમેન્દ્ર શાહ–અમરાવતી-મહારાષ્ટ્ર |
| ૨,૫૦૦/- | શ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી કે. આર. મોદી–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી જયંતીલાલ એફ. શાહ–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રીમતી સોનલ નગરશેઠ–મુંબઈ |
| ૨,૫૦૦/- | પ્રો. જશવંત શેખડીવાલા-શેખડી |
| ૨,૫૦૦/- | શ્રી મુલચંદ લાલજી શાહ–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી અરુણ પી. શેઠ–મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રીમતી પ્રીતિ એન. શાહ–અમદાવાદ |
| ૨,૫૦૦/- | શ્રીમતી કલ્પના મનોજભાઈ શાહ–અમદાવાદ |
| ૨,૫૦૦/- | શ્રીમતી તારાબેન મણિલાલ ગાલા–મુંબઈ |
| ૨,૦૦૦/- | શ્રી બાબુભાઈ કે. શાહ–વલસાડ (શ્રીમતી સંગીતા કે. શાહ–પુત્રી માટે) |
| ૩૯,૫૦૦/- | |

આજીવન ગ્રાહક લવાજમ ભરનારને તેમજ અન્ય દાતાઓને આવકવેરાની 80-G કલમ અન્વયે કરમુક્ત છે તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે. મહાનુભાવ દાતાઓને અમારા અંતરના અભિનંદન અને ધન્યવાદ. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વ સભ્યો આ દાતાશ્રીઓના આભારી છે.

**'પ્રબુદ્ધ જીવન'** માટે કાયમી ફંડ માટેની સંઘે 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના નામે સ્થાપના કરી છે. રૂા. ૨૫ લાખ એકત્રિત કરવાનો નિર્ધાર છે. આ જ્ઞાન યજ્ઞમાં આપ સૌ ગુણીજનોને સહભાગી થવા વિનંતિ.

આપનો એક એક રૂપિયો ઉત્તમ વિચારયાત્રાને આગળ વધારશે અને કોઈના ચિત્તમાં એ સત્ત્વશીલ વિચારોનું આરોપણ કરશે.

**પ્રમુખ તેમ જ સંઘની કાર્યવાહક સમિતિના સર્વ સભ્યો**

# સર્જન સ્વાગત

□ ડૉ. કલા શાહ

**પુસ્તકનું નામ : 'વરખ–નરકનો સરળ માર્ગ'**
**લેખક–પ્રકાશક : નવીનચંદ્ર કેશવલાલ કાપડીયા**
**સરનામું :** ૩૨, વિઠ્ઠલદાસ રોડ,
૮, દેવકરણ મેન્શન, બીજે માળે,
મુંબઈ–૪૦૦ ૦૦૨. ફોન નં. : ૨૨૦૧૨૮૨૪
મૂલ્ય : સદ્ઉપયોગ

સોળ પાનાની નાનકડી પુસ્તિકામાં 'વરખ'ના ઉપયોગ વિશેની સાચી જાણકારી આપી લોકોને જાગૃત કરવાનો લેખકનો હેતુ છે. વરખ બનાવવાની પ્રક્રિયા ઘણી ક્રૂર છે. તેમાં અસંખ્ય જાનવરોની હત્યા કરી તેને બનાવવામાં આવે છે. આ વાત સમજાવવા લેખકશ્રીએ જનજાગૃતિ ચલાવતા શ્રી વિનેશ મામણીયાએ બનાવેલ પેમ્પલેટમાંથી ફોટાઓ અને વિગતોનો ઉપયોગ કર્યો છે. તેમણે વરખનો ઉપયોગ ન કરવો એ વાત હૃદયસ્પર્શી રીતે સમજાવી છે અને તેનો અમલ કરી પશુઓના પ્રાણને બચાવવાની વિનંતી સકળ જૈન સંઘને કરી છે.

X X X

**પુસ્તકનું નામ : 'ફૂલ'**
**લેખક, પ્રકાશક, સરનામુ, મૂલ્ય ઉપર મુજબ**

૮ પાનાની નાનકડી પુસ્તિકામાં લેખકશ્રીએ તીર્થંકર પ્રભુની મૂર્તિને પૂજા કરતી વખતે ચડાવવામાં આવતા ફૂલોથી હિંસા થાય છે. ફૂલ ચૂંટવાથી પણ હિંસા થાય છે અને ફૂલની સુગંધથી અસંખ્ય ત્રસ જીવો તેના પર ખેંચાઇને આવે છે અને સવાર સુધીમાં મૃત્યુ પામે છે. માટે ફૂલો પ્રભુને ચઢાવાય નહિ. રેશમી વસ્ત્રો પણ કેટલા હિંસક છે તેની માહિતી લેખકે આપી છે અને ભાવપૂજાનું મહત્ત્વ સમજાવ્યું છે. જૈન સંઘોને હિંસામાંથી બચવાની ભાવભરી વિનંતિ કરી છે.

X X X

પુસ્તકનું નામ : **'સમેતશિખર વંદુ જિન વીશ'**
લેખક-સંપાદક : **ડૉ. કવિન શાહ-બીલીમોરા**
પ્રકાશક : રીટાબેન કે. શાહ, ૧૦૩, જીવન-જ્યોત એપાર્ટમેન્ટ, નરીમાન પૉઈન્ટ, બીલીમોરા-૩૯૬૩૨૧.
મૂલ્ય : રૂ. ૧૮૦. પ્રથમ આવૃત્તિ, પૃષ્ટ-૪૬૦.

મધ્યકાલીન જૈન ગુજરાતી સાહિત્યના પ્રખર વિદ્વાન જેમની કલમ દ્વારા જૈન સાહિત્યની ઓળખ અને સમજ આપતા અનેક ગ્રંથો પ્રાપ્ત થયા છે એવા જાણીતા અને માનીતા લેખક શ્રી ડૉ. કવિન શાહના સાહિત્ય સર્જનમાં એક નવી યશકલગી ઉમેરાય છે. અને તે છે **'સમેતશિખર વંદુ જિન વીશ.'**

આ ગ્રંથમાં લેખકે સમેતશિખર મહાતીર્થ વિશે એક સાથે અનેકવિધ સામગ્રી આપી છે. આ ગ્રંથના વિષયવસ્તુ માટે લેખકે અનેક જ્ઞાનભંડારોમાંથી સામગ્રી એકઠી કરી છે જે તેમની જ્ઞાનપિપાસાની પ્રતીતિ કરાવે છે.

વિષયને લેખકે બાર પેટાવિભાગોમાં વહેંચ્યા છે જેમાં જૈન કલા, તીર્થના પ્રકાર, વિવિધ તીર્થકલ્પ, જૈન તીર્થોનો ઇતિહાસ વગેરે આપ્યા છે. સાથે સાથે સમેતશિખર તીર્થદર્શન અને તેની ચિત્રાવલી દ્વારા ગ્રંથ આકર્ષક બન્યો છે. તે ઉપરાંત સમેતશિખર તીર્થનો મિતાક્ષરી પરિચય આપી તેનો તીર્થોદ્ધાર કોણે કોણે કરાવ્યો એ માહિતી પણ આપી છે.

ડૉ. કવિન શાહની સાહિત્ય રસિકતાની પ્રતીતિ તેમણે આ ગ્રંથમાં આપેલ સમેતશિખર વિષયક રચનાઓના પરિચય દ્વારા થાય છે જેમાં સમેતશિખર વિષયક રાસ, ચૈતપરિપાટી, ગિરિપ્રબંધ, તીર્થમાલા તથા ઢાળિયા, સ્તવનો, સ્તોત્રો તથા દુહાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

લેખકશ્રીએ આ ગ્રંથને જે અન્ય સામગ્રી દ્વારા શોભાવ્યો છે તે છે સમેતશિખરજીનો છ'રી પાલિત સંઘના પુણ્યનો લાભ લેનાર સાધુ-ભગવંતોની રૂપરેખા અને ભાવકોને લેખકશ્રીએ કરાવેલ સમેતશિખરની ભાવયાત્રા, તથા તાજેતરમાં અન્ય નવાં તીર્થો બન્યાં છે જેમાં મરોલી, આલીતીર્થ, ટીંટોઈ, મનોર, સાંયગાવ (મહારાષ્ટ્ર) વગેરેનો પરિચય આપેલછે.

**'સમેતશિખર વંદુ જિન વીશ'** વિદ્વાન ડૉ. કવિન શાહની સંશોધનવૃત્તિ, સાહિત્યરસિકતા, અથાક પરિશ્રમ, સરળ અને રસપ્રદ શૈલીની પ્રતીતિ કરાવતો જૈન સાહિત્યનો અમૂલ્ય ગ્રંથ તરીકે નોંધપાત્ર છે.

વાચકોને સમેતશિખરજી તીર્થ વિષયક ભરપૂર માહિતી તથા શિખરજી તીર્થની ભાવયાત્રા કરવાનો લહાવો આ ગ્રંથ દ્વારા નિશ્ચિતરૂપે પ્રાપ્ત થાય છે. વાંચવા, વસાવવા અને માણવા જેવો ગ્રંથ જૈન સાહિત્યનો અમૂલ્ય ગ્રંથ છે.

X X X

**ગ્રંથનું નામ : 'સાધર્મિક ભક્તિ'**
**લેખક-સંપાદક : પૂ.મુનિશ્રી હિતવિજયજી**
**પ્રકાશક : સંઘવી અંબાલાલ રતનચંદ**, C/o બી. એ. શાહ એન્ડ બ્રધર્સ, ૭૬, ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨. મૂલ્ય : રૂા. ૫૦/- પૃષ્ટ ૭૨.

પૂ.મુનિશ્રી હિતવિજયજી લિખિત આ પુસ્તકમાં 'સાધર્મિક ભક્તિ' કોને કહેવાય તેનો સાચો પરિચય મળે છે. જિનેશ્વરદેવોએ શ્રાવકોના આત્મકલ્યાણ માટે ઉપદેશેલ પ્રતિ વર્ષ કરવા યોગ્ય પાંચ અને અગિયાર કર્તવ્યોમાંનું એક કર્તવ્ય 'સાધર્મિક ભક્તિ' છે.

વર્તમાન સમયમાં 'સાધર્મિક ભક્તિ' વિશે અનેક પ્રકારની ગૂંચવણો ફેલાયેલી જોવા મળે છે. પૂ.મુનિશ્રીએ આ પુસ્તકમાં સાધર્મિક ભક્તિ વિશેની ગેરસમજો અને અજ્ઞાન દૂર કરી નાખી સાધર્મિક ભક્તિનું સ્વરૂપ સમજાવ્યું છે. પૂ.મુનિશ્રીએ કરાવેલ આ માર્ગદર્શન સકળ સંઘોને ઉપકારક થાય તેવું છે. પૂ.મુનિશ્રીની સરળ અને સચોટ શૈલી તથા સુંદર ચિત્રો ઉડીને આંખે વળગે છે.

X X X

**ગ્રંથનું નામ : દર્શન–પૂજન**
**વંદનાદિ –વિધિ–વિચાર**
**લેખક-સંપાદક : પૂ.મુનિશ્રી હિતવિજયજી**
**મૂલ્ય રૂા. ૨૫; પૃષ્ટ ૭૨; આવૃત્તિ એકવીસમી.**
**પ્રકાશક તથા સરનામુ : ઉપર મુજબ.**

જૈન શાસનની પ્રત્યેક ધર્મક્રિયાના બે મહત્ત્વના અંગ છે. (૧) વિનય (૨) વિવેક. વિનય–વિવેક સહિત કરાતી ધાર્મિક ક્રિયાઓ શાસ્ત્રોક્ત ફળને આપનારી બને છે.

વર્તમાન કાળમાં જૈન સંઘમાં ધાર્મિક ક્રિયાઓ કરવાની બાબતમાં વિનય–વિવેક પ્રત્યે ઉપેક્ષા સેવાઈ રહી છે. ધાર્મિક ક્રિયાઓ પ્રત્યે બેદરકારી નજરે પડે છે. આવી અજ્ઞાનભરી પરિસ્થિતિમાં પૂ. મુનિશ્રી હિતવિજયજી વિધિની ઉપેક્ષા કરનારા મુમુક્ષુઓને આ પુસ્તક દ્વારા અવિધિ દ્વારા થતી અશાતાનાની સમજ આપે છે અને ધર્મનું શુદ્ધ વિધિ-વિધાન વિનય–વિવેક સાથે કરી સિદ્ધિના શિખરે પહોંચવાનું માર્ગદર્શન આપે છે.

જિનપૂજા, દેરાસર સંબંધી બાબતો, ગુરુ, ઉપાશ્રય, જ્ઞાનપૂજા, બાળકોને સંસ્કાર આપવા વિશે, જ્ઞાનની આશાતના, સુપાત્રે દાન વગેરે મુદ્દાઓ સ્પષ્ટ અને સરળ રીતે સમજાવવામાં આવ્યા છે. પુસ્તકના વાચન સમયે વાચકને પોતાનાથી થતી આશાતનાની પ્રતીતિ થાય છે.

ધાર્મિક ક્રિયાઓ કરનાર શ્રાવક-શ્રાવિકાઓ માટે આ પુસ્તક માર્ગદર્શક બની રહેશે. પુસ્તકનું રંગીન કવરપેજ તથા રંગીન ચિત્રો ધ્યાનાકર્ષક છે.

* * *

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈ), મુંબઈ-૪૦૦ ૦૬૩

# જૈન પારિભાષિક શબ્દકોશ

☐ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ગતાંકથી આગળ)

૩૫૧ અનાદર
ઉત્સાહ વિના ગમે તેમ પ્રવૃત્તિ કરવી.
उत्साहरहित ज्यों त्यों करके प्रवृत्ति करना ।
Feeling of disregard.

૩૫૨ અનાદિ
જેના કાળની પૂર્વ કોટિ જાણી ન શકાય તે.
जिसके काल की पूर्व कोटि जानी न जा सके ।
That without begining.

૩૫૩ અનાદિભાવ
જે ભાવોની કોઈ આદિ નથી, અને જે ક્યારેય નષ્ટ નથી થવાના.
जिन भावों की कोई आदि नहीं है अर्थात् जो कभी नष्ट नहीं होनेवाले ।
That which is beginingless.

૩૫૪ અનાદેય (નામકર્મ)
જે કર્મના ઉદયથી બોલ્યું બહુમાન ન થાય.
जिसके उदय से वचन बहुमान्य न हो ।
The Karma whose manifastation causes one's speech not to be highly respected.

૩૫૫ અનાનુંગામીક (અવધિ)
જે અવધિજ્ઞાન પોતાનું ઉત્પત્તિસ્થાન છૂટી જતાં કાયમ રહેતું નથી.
जो अवधिज्ञान उसके उत्पत्ति स्थान को छोड देने पर कायम नहीं रहता ।
When a person leaves the place where avdhi-jnana was generatsd.

૩૫૬ અનાભોગ
ઉપયોગ સિવાય જ કોઈ વસ્તુને ક્યાંય મૂકી દેવી.
उपयोग के बिना ही किसी वस्तु को कहीं रख देना ।
A niksepa-type, to inattentively place a thing at some spot.

૩૫૭ અનાભોગક્રિયા
જોયા વિનાની અથવા સાફ કર્યા વિનાની જગ્યા ઉપર શરીર આદિ રાખવું.
अवलोकन और अप्रमार्जन नहीं की हुई जगह पर शरीर आदि रखना ।
To seat one's own body etc. at a place not properly inspected and not properly cleansed of dust

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ. આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર. ☐ મેનેજર

૩૫૮ અનાહારક (જીવ) આહારશૂન્ય અવસ્થા.
आहारशून्य अवस्था ।
Absence of nourishment.

૩૫૯ અનિત્થંત્વરૂપ (સંસ્થાન) જે આકારની કોઈની સાથે તુલના ન કરી શકાય તે.
जिस आकारकी किसी के साथ तुलना न की जा सके ।
A configaration type.

૩૬૦ અનિત્ય જે કાયમી નથી, સ્થિર નથી.
जो दीर्घकालीन नहि है, स्थिर नहि है ।
Transient.

૩૬૧ અનિત્ય અવક્તવ્ય જે કાયમી નથી અને જેની વિવક્ષા થઈ શકતી નથી.
जो दीर्घकालीन नहि है, एवं जिसकी विवक्षा नहीं हो सकती ।
Transient-cum-indescribable.

૩૬૨ અનિત્યાનુપ્રેક્ષા શરીર અને ઘરબાર આદિ વસ્તુઓ તેમજ તેમના સંબંધી તે બધું નિત્ય-સ્થિર નથી એવું ચિંતન કરવું.
शरीर और घर आदि वस्तुएं एवं उसके संबंध में नित्यत्व और स्थिरत्व नहीं है वैसा चिंतन करना ।
Anupreksa as the transient .

૩૬૩ અનિન્દ્રિય (મન) આંતરિક સાધન
आंतरिक साधन ।
Not Sense-organ

૩૬૪ અનિવૃત્તિબાદરસંપરાય (ગુણસ્થાન) નવમું ગુણસ્થાન છે.જ્યાં મોહનીયની જઘન્ય સ્થિતિ સંભવે છે.
नौववां गुणस्थान का नाम है, जहां मोहनीय की जघन्य स्थिति संभवित है ।
The name of nineth gunasthana.

૩૬૫ અનિશ્રિત (અવગ્રહ) લિંગ દ્વારા અપ્રમિત અર્થાત્ હેતુ દ્વારા અનિર્ણીત વસ્તુ.
नलिंग द्वारा अप्रमित अर्थात् हेतु द्वारा असिद्ध वस्तु है ।
Grasping that not demonstrated through a probans.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(ક્રમશઃ)


પ્રતિશ્રી, તા.......................

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં,

મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના '**પ્રબુદ્ધ જીવન**'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

'**પ્રબુદ્ધ જીવન નીધિ**' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. ................................ નંબર ................................ તારીખ ................................

બેંક ................................ શાખા ................................ ગામ ................................ નો

સ્વીકારી નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ. ચેક/ડ્રાફ્ટ '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામનો જ મોકલીએ છીએ.

નામ અને સરનામું : ................................................................

................................................................

................................................................

લિ....................................

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

(આગળના અંકથી આગળ)

(૨૧)

અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ ;
મહા મોહનીય કર્મથી, બૂડે ભવજળમાંહી.. ૨૧

संस्कृत यद्यसद्गुरुरेतस्य किं चि ल्लाभं लभेत तु ।
महामोहवशान्मज्जेद् भवाम्भो धौ भयंकरे।। २१ ।।

हिन्दी असद्गुरु इस विनय को, लाभ लहे जो बिंदु ।
महामोहनीय-कर्मसों, चल्यो जाय भव-सिन्धु ।। २१ ।।

अंग्रेजी If any untrue teacher takes,
Advantage of such reverence;
Goes down into deep birth-lakes
Delusion great is dangerous. 21

(૨૨)

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨

संस्कृत मुमुक्षुर्यदि जीवः स्याज्जानातीमां विचारणाम्।
मतार्थी यदि जीवः स्याज्जानीयाद् विपरिततताम् ।। २२।।

हिन्दी होय मुमुक्षु जीव सो, याहि समझ अपनात् ।
होय मतार्थी जीव सो, उलट वाट बहि जात ।। २२ ।।

अंग्रेजी This fact the seekers understand,
The bigots draw the sense perverse;
Impartial description, attend,
Of bigots' badges, soul-aimless. 22

(૨૩)

હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ. ૨૩

संस्कृत मतार्थी पुरूषो यः स्यान्नात्मान्वेषी स संभवेत् ।
तस्यात्र लक्षणं प्रोक्तं पक्षदोषविवर्जितम् ।। २३ ।।

हिन्दी होय मतार्थी तो उसे, होत न आतम-लक्ष ।
लक्षण उसी मतार्थी के, कहूँ अत्र निर्पक्ष ।। २३ ।।

अंग्रेजी One who is not interested
in self to know,
Such bigot's characteristics
described impartially herebelow. 23

(૨૪)

મતાર્થી લક્ષણ:
બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય;
અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ. ૨૪

मतार्थीलक्षणम्:
संस्कृत ज्ञानहीनं गुरूं सत्यं बाह्यत्यागपरायणम् ।
मन्येत, वा ममत्वं वै कुल धर्मगुरौ धरेत् ।। २४ ।।

मतार्थी लक्षण:
हिन्दी बाह्य-त्याग बहिरातमा, तामें सद्गुरू भाव ।
अथवा निजकुलधर्म के, गुरू में ममत प्रभाव ।। २४ ।।

characteristics of a bigot
अंग्रेजी Some bigots follow false teachers.
Who outworldly renounceed the world;
Or their hereditary preachers,
But soul-aimless, believe their word. 24

**(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત 'સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી)** **(વધુ આવતા અંકે)**

## ચીંથરે બાંધ્યાં રત્નો (પૃષ્ઠ છેલ્લાથી ચાલુ)

બાળકો પણ અહીં જીવનના અમૂલ્ય પાઠ ભણી રહ્યા છે. મોટે ભાગે નિમ્ન મધ્યમ વર્ગની મહિલા શિક્ષકો અહીં ભણાવે છે. શરૂઆતમાં વિરોધ કરનારા ટ્રાફિક પોલિસો પણ હવે આ શાળાના ઉદ્દેશને સલામ કરે છે.

છેલ્લા ત્રણ વર્ષથી સ્વયંસેવિકા તરીકે અહીં અંગ્રેજી ભણાવતા નેહાબેન બાળકોને રસ પડે અને ઉપયોગી થાય એવી ભેટો લાવે છે. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પ્રોત્સાહિત કરે છે અને માતૃતુલ્ય વાત્સલ્ય-ભાવથી બાળકોની કાળજી લે છે.

અત્યારે આઠ જગ્યાએ ચાલતી આ શાળાને એકવાર જોનાર એને ક્યારેય ભૂલી નહી શકે.

શિખર વગરના આ શારદા મંદિરની મુલાકાત મારા માટે ભવ્ય શિખરવાળા મંદિરના ભગવાનના દર્શનથી થતી પ્રસન્નતાથી વિશેષ હતી! આ ફૂટપાથ સ્કૂલનો બાળક ક્યારેક કોઈ શિખરે પહોંચશે ત્યારે...આ ભૂમિની ધૂળને કેટલા નમન કરશે.. ✱✱✱

૧૨, હીરા ભવન, વી. પી. રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

## 'દીપ સે દીપ જલાતે ચલો...' (પૃષ્ઠ છેલ્લાથી ચાલુ)

'જીપ સે દીપ જલાતે ચલો...' આપણે ગીતોમાં સાંભળ્યું છે. અહીં ક્રિષ્ણાની બાબતમાં તો તે સત્ય સાબિત થયું. અરવિંદભાઈની દીકરી શું કહે છે ? 'ક્રિષ્ણાની કિડની અને આંખોના દાનને કારણે જાણે અમને નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ. હવે પછીનું અમારું અભિયાન લોકોને દેહદાન અને અંગદાન પ્રત્યે દોરી જવાનું છે અને તેનો પ્રારંભ પણ અમારા માંથી જ કરવાનો અમારો પ્રયત્ન રહેશે.'

✱✱✱

૨૦૧, 'વસુંધરા' એપાર્ટમેન્ટ,
૨૯-A, નૂતન ભારત સોસાયટી, અલકાપુરી, વડોદરા-૩૯૦ ૦૦૭

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2006-08



# પંથે પંથે પાથેય...

## ચીંથરે બાંધ્યાં રત્નો

☐ ગીતા જૈન

ગુજરાતમાં યોગ શિબિરના પ્રવાસ દરમ્યાન નેહાબેનનો પરિચય થયો. પ્રથમ મુલાકાત હૃદયને સ્પર્શી ગઈ. ભાવભરી આંખો અને હસતો ચહેરો વગર બોલ્યે જ ઘણું ઘણું કહી જાય ને બોલે ત્યારે તો એ રણકાર તન-મનને શાતા આપી દે. એમના શરીરની ભાષા એમના મનની સાલસતા સ્પષ્ટ રજૂ કરી દે.

અઢી દિવસ સાથે રહ્યા, ટૂકડે ટૂકડે પરિચયાત્મક વાતોની સાથોસાથ આત્મીય તાણાવાણા બંધાયા, મન પર એક અમીટ છાપ લઈને છૂટા પડ્યા મુંબઈમાં ફરી મળવાના સંકલ્પ સાથે.

સ્કૂલમાં એઓ જે સ્કૂલમાં સ્વયં સેવા બજાવે તે જોવાનું મને કૂતુહલ હતું; કારણ કે એ શાળા વિશે એમણે મને ઘણી વાતો કરી હતી–એ ઝૂંપડપટ્ટીના બાળકોને ભણાવતી શાળા અંગે.

એક સુંદર સોહામણો દિવસ મળ્યો–એમની સાથે સ્કૂલે ગઈ. અરે આ શું?!

નાના નાના બાળકો અલગ અલગ સમૂહમાં લાઈનસર બ્લ્યુ સ્કર્ટ/પેન્ટમાં ફૂટપાથ પર બિછાવેલી ચટાઈ પર શિસ્તતાથી અભ્યાસમાં મગ્ન દેખાયા!

હા! નેહાબેન મને લાવ્યા હતા સફળતાનો માર્ગ મોકળો કરતા ફૂટપાથ કૉચિંગ ક્લાસમાં!

સામાન્ય રીતે સ્લમ્સના બાળકો શાળાએથી આવીને, કામ પર જતા માતા–પિતાની ગેરહાજરીમાં સમય વેડફતા હોય છે. આવા બાળકોને શોધી શોધીને, એમના મા–બાપને વિશ્વાસમાં લઈને આ કૉચિંગ ક્લાસ શરૂ કરવામાં આવ્યા હતા. અંધેરી પશ્ચિમના સાત બંગલો પાસે બે બાળકોથી શરૂ થયેલા આ ક્લાસમાં આજે ૯૫૦ વિદ્યાર્થીઓ, આઠ અલગ અલગ જગ્યાએ, ૪૩ સવેતન શિક્ષકો ૨૦ સ્વયંસેવકો સુધી વિસ્તર્યા છે. મુંબઈના રસ્તાઓની અશાંતિ આ શાળાના દૃઢ મનોબળ ધરાવતા શિક્ષકો અને બાળકોને નડતી નથી. એક નાનકડા ફોલ્ડિંગ બ્લેકબૉર્ડ અને ચટાઈઓના સામાન્ય સાધનો માત્રથી ચાલતી આ શાળાના બાળકોને સર્વાંગીણ વિવિધલક્ષી શિક્ષણ આપવાના પ્રયાસો કરવામાં આવે છે.

ફૂટપાથ શાળાનું બીજ સેવનાર પ્રા. કે. ડી. શર્મા માને છે કે જો બાળકો આપણા સુધી ભણવા ન આવી શકતા હોય તો આપણે તેમની પાસે જવું જોઈએ. ૧૯૯૫માં આ બીજને રોપવા માટે એમણે એમના મિત્રોનો સહયોગ લીધો અને આશાકિરણ ટ્રસ્ટનો જન્મ થયો.

શાકભાજી વેચનારા કે રસ્તા પરથી કાગળ વિણતા માતા–પિતાના

(વધુ માટે જુઓ પાનું ૧૯)

## દીપસે દીપ જલાતે ચલો...

☐ જિતેન્દ્ર એ. શાહ

ક્રિષ્ણા ગોર હતી એકવીસ વર્ષની અમદાવાદની કન્યા. બી. એ.ના છેલ્લા વર્ષમાં તેનો અભ્યાસ ચાલી રહ્યો હતો.

મધ્યરાત્રિએ અમદાવાદે ફરી એકવાર ધરતીકંપનો આંચકો અનુભવ્યો હતો. રિચટર સ્કેલ પર આંચકાનું પ્રમાણ હતું ૫.૨નું.

ક્રિષ્ણા અને તેના પરિવારજનો વેજલપુરના પોતાનાં ઘરમાં ખૂબ શાંતિથી નિદ્રા લઈ રહ્યા હતા. ધરતીકંપના આંચકાએ તેમને ગાઢ નિદ્રામાંથી જગાડી દીધા. ચાર-પાંચ વર્ષ પહેલાં ધરતીકંપે જે ખાનાખરાબી સર્જી હતી તેનો ચિતાર તેમના સ્મરણપટ પર ચઢી આવ્યો. જીવનની ક્ષણભંગુરતાનો ખ્યાલ અન્ય કોઈને આવ્યો કે નહીં તેની તો બહુ ખબર ન પડી પરંતુ યુવાનીના ઉંબરા પર પગ રાખતી ક્રિષ્ણાને બરાબર આવી ગયો. જાણે તેને પૂર્વસંકેત થઈ આવ્યો હોય તેમ તેના મુખમાંથી શબ્દો ઉચ્ચારાયા: 'પપ્પા, ભગવાન ન કરે પણ ખરેખર કશું અજુગતું થઈ જાય તો મારી આંખો અને મારી કિડનીનું દાન કરી દેજો.' તેના પપ્પાએ માની લીધું કે ધરતીકંપના આંચકાને કારણે ભયભીત થઈને ક્રિષ્ણા આવું બોલી હતી. હકીકતમાં ક્રિષ્ણા દ્વારા નિયતિ પોતે જ પોતાનો ચૂકાદો ફરમાવી રહી હતી.

ત્યાર પછી ૧૫ માર્ચે ધૂળેટીનો અવસર. ધૂળેટીની તે સવારે મિત્રોની સંગાથે અને રંગોના સથવારે તેણે અસ્તિત્વનો ઓચ્છવ ખૂબ માણ્યો.

સ્નાનકર્મથી પરવાર્યા પછી તેને રણછોડજીના મંદિરે દર્શન કરવાની ભાવના થઈ. રિંગ રોડ પરથી તે પોતાના પપ્પા સાથે પસાર થઈ રહી હતી અને પછવાડેથી આવતા બાઈકસવારે તેને અધ્ધર ઉછાળી. અકસ્માત ઘણો ગંભીર સાબિત થયો. કવિતાની પેલી પંક્તિઓ તેણે સાચી સાબિત કરી બતાવી.

નિર્દોષ અને નિર્મળ આંખ તારી, હતી હજી યૌવનથી અજાણ;
પ્હેરી રહે જીવનચૂંદડી જરી, સરી પડી ત્યાં તુજ અંગથી એ.

અકસ્માત પછી તેને જીવરાજ મહેતા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી. ૪૮ કલાક પછી ડૉક્ટરે તેને Brain-dead જાહેર કરી. હૃદય હજી ધબકતું હતું; મગજનું યંત્ર કામ કરતું બંધ થઈ ગયું હતું. પરિવારજનોને જે આઘાત અથવા આંચકો લાગ્યો તે કોઈ પણ રિચટર સ્કેલ પર માપી શકાય તેવો બિલકુલ નહોતો.

તેણે વ્યક્ત કરેલ તેની અંતિમ ઇચ્છા તેના પપ્પા અને અન્ય કુટુંબીજનોને યાદ આવી ગઈ. તેમણે ક્રિષ્ણાની આંખો અને કિડનીનું દાન કરી દીધું. તેની કિડનીનો લાભ મળ્યો ૬૨ વર્ષના અરવિંદભાઈને અને આંખોનો લાભ મળ્યો અન્ય બે વ્યક્તિઓને.

(વધુ માટે જુઓ પાનું ૧૯)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add.: 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwanti T. Shah.

✻✻✻ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✻✻✻

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂ. ૧૦/- | તા. ૧૬ મે, ૨૦૦૭ | વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-

વિક્રમ સંવત : ૨૦૬૩ | વીર સંવત : ૨૫૩૩ | વૈશાખ વદી – અમાસ

## જિન-વચન

## વાણી વિવેક

तहेव काणं काणे त्ति पंडगं पंडगे त्ति वा ।
वाहियं वा वि रोगी त्ति तेणं चोरे त्ति नो वए ।।

–दसवैकालिक–७-१२

કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી અને ચોરને ચોર કહેવા ન જોઈએ.

काने को काना, नपुंसक को नपुंसक, रोगी को रोगी और चोर को चोर न कहना चाहीअे ।

One should not call a one-eyed person one-eyed, an impotent person impotent, a diseased person diseased, or a thief a thief.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી).

**માનવ પ્રેમ**

એકવાર એક પાદરીએ ગાંધીજીને પૂછ્યું કે : 'તમારી સેવા પાછળ કોઈ સિદ્ધાંત પ્રત્યેનો પ્રેમ છે કે માનવ પ્રત્યેનો પ્રેમ હોય છે ?' ગાંધીજીએ જવાબ આપ્યો: 'માનવ પ્રત્યેનો પ્રેમ. જો હું માનવીની સેવા ન કરી શકું, તો કેવળ સિદ્ધાંત પ્રત્યેનો પ્રેમ નિષ્પ્રાણ છે.'

xxx

**ગાંધીજી અને નવી મોટર**

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી હતા ત્યારે એકવાર જેલમાંથી છૂટ્યા ત્યારે તેમને લેવા માટે

## આચમન

### ગાંધીગંગા

કેલન બૅંક સ્ટેશન પર આવેલા. તેમને એટલો બધો હર્ષ થયેલો કે બાપુ માટે નવી મોટરકાર ખરીદીને લાવેલા. ગાંધીજી સ્ટેશન પર ઉતર્યા અને બહાર નીકળ્યા ત્યારે નવી મોટર જોઈને કેલન બૅંકને પૂછ્યું: 'આ મોટર કોની છે ?' કેલન બૅંકે કહ્યું: 'અત્યારે જ ખરીદીને લાવ્યો છું.' 'કેમ ?' 'તમારા માટે !' 'મારા માટે ! અત્યારે ને અત્યારે તમે ગાડી પાછી આપી આવો. પછી જ હું અહીંથી આગળ એક ડગલું ભરીશ.' કેલન બૅંક ગાડી પાછી આપીને આવ્યા ત્યાર બાદ જ ગાંધીજી સ્ટેશનમાંથી બહાર નીકળ્યા.

☐ **મહેન્દ્ર મેઘાણી**

સંપાદિત **'ગાંધી ગંગા'** માંથી.

*પ્રત્યેક ગુજરાતીના ઘરમાંઆ પુસ્તક અવશ્ય હોવું જોઈએ જ. ઉપયોગ થયા પછી પસ્તીમાં પધરાવાતી મોંઘી કંકોત્રી સાથે એકાદ પુસ્તિકા પણ ભેટ મોકલાય તો લગ્નપ્રસંગ શુભેચ્છકોના જીવનમાં હૃદયંગમ બની જાય.*

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | એક જૈન સંસ્થાની દંતકથા જેવી સત્યકથા | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | 'સત્-ચિત્-આનંદ' | શ્રી ગણપતિ મહેતા | ૫ |
| (૩) | અખિલાઈ | ડૉ. વસન્ત પરીખ | ૭ |
| (૪) | વધારીઆ | ડૉ. રણજિત એમ. પટેલ (અનામી) | ૯ |
| (૫) | શ્રીમદ્‌ના મુમુક્ષુઓમાં (જૈનેતર દૃષ્ટિએ) આજે પણ 'સર્વસંગ પરિત્યાગી' છે જ ! | શ્રી મલુકચંદ રતિલાલ શાહ | ૧૧ |
| (૬) | 'કાયા નગરીની કર્મ કહાની' | ડૉ. કવિન શાહ | ૧૨ |
| (૭) | દુર્જન-સજ્જનની મનોવૃત્તિને સચોટ સમજાવતી સોય | પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મ. | ૧૪ |
| (૮) | સર્જન સ્વાગત | ડૉ. કલાબેન શાહ | ૧૫ |
| (૯) | જૈન પારિભાષિક શબ્દો' | ડૉ. જિતેન્દ્ર બી..શાહ | ૧૭ |
| (૧૦) | પંથે પંથે પાથેય | શ્રી મુકુન્દ પી. ગાંધી | ૨૦ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ** | **રૂા. ૧૨૫/-** | U.S. $ 9-00 |
| **૩ વર્ષનું લવાજમ** | **રૂા. ૩૫૦/-** | U.S. $ 26-00 |
| **૫ વર્ષનું લવાજમ** | **રૂા. ૫૫૦/-** | U.S. $ 40-00 |
| **આજીવન લવાજમ** | **રૂા. ૨૫૦૦/-** | U.S. $ 112-00 |
| **કન્યા કરિયાવર આજીવન લવાજમ** | **રૂા. ૨૦૦૦/-** | U.S. $ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે ; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના... ?

☛ ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

☐ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57
● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૫ ● તા. ૧૬ મે, ૨૦૦૭ ● ● ૩ ●
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●
તંત્રી : ધનવંત તિ. શાહ

## એક જૈન સંસ્થાની દંતકથા જેવી સત્યકથા

કેટલીક સંસ્થાઓના પાયામાં એટલું બધું તપ સ્થપાયેલું હોય છે કે સમયના વંટોળ સામે એ ઢળી જાય, શાંત થઈ જાય, નિષ્ક્રિય થઈ જાય પણ ઉખડી ન જાય. એ PHOENIX–ફિનિક્સ પક્ષીની જેમ પોતાની જ ભસ્મમાંથી ફરી ફરી સજીવન થાય. બોરસલ્લીના સૂકાં ફૂલ ઉપર જ્યારે જ્યારે પાણી છાંટો ત્યારે ત્યારે સુગંધ આપે તેમ આવી સંસ્થા ફરી ફરી મઘમઘી ઊઠે.

જૈન સંસ્થાઓ અને ટ્રસ્ટોને કાયદાકિય રીતે સંપૂર્ણ માર્ગદર્શન આપે એવી સંસ્થા આપણી પાસે છે ? હતી, હતી, હતી અને હવે છે.

ત્રણ વખત પુનરોદ્ધાર પામેલી, ૧૮૮૨માં એટલે કે ૧૨૫ વર્ષ પહેલાં સ્થપાયેલી 'ધી જૈન એસોસીએશન ઑફ ઇન્ડિયા'–જૈન સમાજની ધાર્મિક અને ધર્માદા ટ્રસ્ટોને માર્ગદર્શન અર્પતી એકમેવ સંસ્થા છે.

જૈનોની કદાચ આ સર્વપ્રથમ સંસ્થા હશે. અનેક હેતુઓ સાથે જૈન ટ્રસ્ટોને કાનૂની સલાહ અને રક્ષણ આપવું એ મુખ્ય ઉદ્દેશ આ સંસ્થાનો હતો. આ સંસ્થાની સ્થાપના થઈ ત્યારે પાયામાં જ સંસ્થાને શ્રી વીરચંદ રાઘવજી ગાંધી જેવા વિદ્વાન, યુવાન બેરિસ્ટર મંત્રી મળ્યા. આ સંસ્થાનું સુકાન સંભાળી સર્વપ્રથમ શાશ્વત શેત્રુંજય તીર્થ અંગેના બે મહત્વના કેસ યાત્રાવેરો અને સૂરજકુંડ નજીક ભગવાન ઋષભદેવની પાદુકા વિશે એ વખતના રાજ્ય સામે કાનૂની લડત કરી અને વિજય પ્રાપ્ત કર્યો. ઉપરાંત કલકત્તામાં છ મહિના રહી બંગાળી ભાષાનો અભ્યાસ કરી સમેતશિખરજી પર્વતનો કેસ પણ સફળતાપૂર્વક લડ્યા. ૧૮૯૩ માં પૂ. આત્મારામજી મહારાજ સાહેબે શ્રી વીરચંદભાઈને વિશ્વ ધર્મ પરિષદમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે ચીકાગો અમેરિકા મોકલ્યા અને વિશ્વમાં જૈન ધર્મનો ડંકો વગાડી આ સંસ્થાનું નામ અમેરિકામાં પણ ગાજતું કર્યું. સતત આઠ વર્ષ સુધી આ સંસ્થાનું મંત્રીપદ સંભાળી આ સંસ્થાના પાયા શ્રી વીરચંદભાઈ અને એ સમયના એમના સાથીઓએ મજબૂત કર્યા.

કોઈ પણ એક વ્યક્તિ સંસ્થાનો પ્રાણ બને તો જ એ સંસ્થા ધબકતી અને ચેતનવંતી બની રહે, પરંતુ સંસ્થા વ્યક્તિનિષ્ઠ જ બની રહે તો એના મૃત્યુની ઝાલર દૂર દૂર વાગવા લાગે. આગમ દૃષ્ટિ રાખી સફળતાના સમયે જ નવા સંનિષ્ઠ કાર્યકરો તૈયાર કરાય તો નવી 'હવા' સાથે એવી સંસ્થા પ્રગતિ કરતી રહે જ. એક વૃક્ષની જેમ મૂળ અને થડથી માંડી પ્રત્યેક ડાળી અને પાંદડાની માવજત થાય તો જ સંસ્થાવૃક્ષ વિશાળ વડલો બની શકે. સામાજિક સંસ્થાની પ્રત્યેક વ્યક્તિએ પોતાની શક્તિ અને પોતાની મર્યાદા સમયે સમયે ઓળખી લેવી જરૂરી છે.

આ સંસ્થાની બાબતમાં પણ કદાચ આવું બન્યું હશે. એટલે ત્રણ ત્રણ વખત એનો પુનરોદ્ધાર કરવો પડ્યો.

શ્રી વીરચંદ રાઘવજીએ આ સંસ્થાનું સુકાન ક્યારે છોડ્યું, શું થયું ? એ કોઈ વિગત ૧૮૯૩ થી ૧૯૧૩ દરમિયાન એટલે ૨૦ વર્ષની કોઈ વિગત જ નથી! કોઈ દસ્તાવેજ ઉપલબ્ધ નથી! સંસ્થાને પોતાનું જ કાર્યાલય હોય તો આવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય.

પરંતુ સંસ્થાના પાયામાં કોઈ એવું 'તપ' હશે કે ૧૯૧૩ માં ફરી આ સંસ્થા જાગૃત થઈ અને દેવકરણ મુળજી, ગુલાબચંદજી ઢઢ્ઢા, મોતીચંદ ગીરધરલાલ કાપડિયા, મોહનલાલ દલીચંદ દેસાઈ જેવા નિષ્ઠાવાન મહાનુભાવોએ સંસ્થાનું સુકાન સંભાળ્યું અને ૧૯૧૩ થી ૧૯૫૬, ૪૩ વર્ષ સંસ્થા ચાલી, દોડી અને મહત્વના કાનૂની કાર્યો કરી જૈન ટ્રસ્ટો અને જૈન સમાજને મહત્વનું માર્ગદર્શન અને કાનૂની રક્ષણ પૂરું પાડ્યું.

૧૯૫૬ પછી સંસ્થાની ગતિ મંદ પડી, પરંતુ આગળ કહ્યું તેમ આ સંસ્થાના પાયામાં એવું 'તપ' સ્થિર થયું હશે કે સમયે સમયે એનું સુકાન સંભાળનાર મહાનુભાવો મળતા જ રહ્યા અને ૧૯૭૦માં જે. આર. શાહ, શેઠશ્રી ભોગીલાલ લહેરચંદ અને શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ અને અન્ય જૈન આગેવાનોનો સાથ-સહકાર લઈ સંસ્થાને

પુનઃ કાર્યરત કરી અને જૈન સંસ્થાઓને કાનૂની સલાહ આપવાનું, એ પ્રશ્નોના નિરાકરણ કરવાનું ઉપરાંત સરકાર સમક્ષ એ પ્રશ્નોને લઈ જઈ યોગ્ય ન્યાય મેળવવાનું અને કાનૂની રીતે ટ્રસ્ટોના હિતોની રક્ષા કરવાનું, વગેરે મહત્વના કાર્યો કર્યા, એટલું જ નહિ ૧૯૮૭ માં દાનવીર શેઠશ્રી દીપચંદ ગાર્ડી સાહેબના પ્રમુખસ્થાને સંસ્થાની શતાબ્દીની ત્રણ દિવસની ઉજવણી પ્રસંગે ત્રણે દિવસ ચર્ચા પરિસંવાદનું આયોજન પણ કર્યું જેમાં 'જૈન સમાજ અને પરિવર્તન', 'ટ્રસ્ટોને સ્પર્શતો ભાડા વધારો', 'વર્તમાન સમયમાં ટ્રસ્ટોના સંચાલનનું કર્તવ્ય', 'ટ્રસ્ટીઓની જવાબદારી' વગેરે વિષયો ઉપર વિષય નિષ્ણાતોએ પ્રવચન આપ્યા.

૧૯૭૦ થી ૨૦૦૪ સુધી શ્રી કાંતિલાલ કોરા અને શ્રી નટુભાઈ શાહે સંસ્થાને કાર્યરત રાખી અને સંસ્થાના પ્રાણ બની રહ્યાં. પરંતુ એ સર્વે કર્મનિષ્ઠ મહાનુભાવોની વિદાય પછી ફરી આ સંસ્થાનો ધબકારો અટકી પડ્યો. પ્રત્યેક પુનરોદ્ધાર પછી જૈન સમાજ ગૌરવ લે એવા નોંધનીય કાર્યો આ સંસ્થાએ કર્યા છે જેની વિગતો લખવાનો અત્યારે અવકાશ નથી.

તા. ૨૦-૧૨-૨૦૦૬ ના આ સંસ્થાનો ફરી પુનરોદ્ધાર થયો. શ્રી સેવંતીલાલ કે. શાહ અને શ્રી હિંમતલાલ એસ. ગાંધીએ સંસ્થાનો કાર્યભાર સંભાળી લીધો અને યોગાનુયોગ શ્રી દીપચંદ ગાર્ડીના પ્રમુખસ્થાને પુનરોદ્ધાર સમારંભ મુંબઈમાં યોજાયો.

સંસ્થાની માર્ગદર્શક પત્રિકા નં. ૧૦૯ નું વિમોચન પણ એ જ સમારંભમાં થયું જેના સંપાદનની જવાબદારી ઉપરોક્ત બે મહાનુભાવોએ સ્વીકારી. ૧૦૯ પછી ૧૧૦ અને ૧૧૧ મી પત્રિકા માર્ચ-એપ્રિલ ૨૦૦૭ ના અંકો પણ પ્રગટ થયા. આ ત્રણે અંકોનો અભ્યાસ કરવાથી સંસ્થાનો ગૌરવભર્યો ઉપલબ્ધ ઇતિહાસ આપણને પ્રાપ્ત થાય છે, ઉપરાંત આ જ અંકમાં 'જૈનો અને લઘુમતી' વિશેનો લેખ અને વાર્તાલાપ આપણને એક ભય અને ભ્રમમાંથી મુક્ત કરાવી આપણને મળતી કાનૂની રક્ષાની વિગતે ચર્ચા કરી છે. ૧૧૦ ના અંકમાં પણ જૈન ટ્રસ્ટો માટેની કાનૂની સમજ આપી છે. ૧૧૧ મો અંક 'તીર્થ રક્ષા વિશેષાંક'નો 'તીર્થંકરો' અને 'તીર્થ' વિશેનો એક નાના શોધ-પ્રબંધ જેવો છે. આ ત્રણે અંકો પ્રત્યેક જિજ્ઞાસુ જૈન અને જૈન ધર્માદા ટ્રસ્ટે વાંચવા જરૂરી છે.

આવા અભ્યાસુ અંકના સંપાદન માટે માનદ્ સંપાદકો અભિનંદનના અધિકારી બને છે, એટલું જ નહિ આથી વધુ ઉત્તમ વિચારવંત અને સંશોધનાત્મક અંકોની આ વિદ્વાનો પાસેથી અપેક્ષા રહે છે.

આ અંકો સભ્યો માટે અને પ્રાઇવેટ સરક્યુલેશન માટે છે, એવું અંકના મુખપૃષ્ટ ઉપર જણાવેલ છે. આવા મુખપત્રને આગવું નામ આપવું જરૂરી છે. ઉપરાંત સભ્યપદના ફોર્મમાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન જ આ સંસ્થાનો સભ્ય બની શકે એવો આ સંસ્થાના બંધારણમાં નિયમ છે એમાંથી પણ હવે મુક્ત થવું જોઈએ.

૧૯૧૩ માં આ સંસ્થાનો પુનરોદ્ધાર થયો ત્યારે તા. ૨૪-૯-૧૯૧૩ના 'મુંબઈ સમાચારે' પોતાના અગ્રલેખમાં જે લખ્યું હતું, એમાંના કેટલાક વાક્યો આપણે વાંચીએ:

'જૈન એસોસીએશન ઑફ ઇન્ડિયા'નો પુનરોદ્ધાર કરવાની મંબઈના ઉત્સાહી જૈનોએ બતાવેલી કાળજી માટે તેઓને ઘટતો ધન્યવાદ–તેના વિશાળ ઉદ્દેશો અને હેતુઓને પાર પાડવા માટે બહોળું ક્ષેત્ર.... સંસ્થા ૧૮૮૨ ના વરસમાં સ્થાપન કરવામાં આવી હતી અને જેણે તે સમયે જૈન કોમની અગત્યની સેવાઓ બજાવી હતી.... આ સંસ્થા સ્થાપનારા આગેવાન અને દુરંદેશ જૈનો જોઈ શક્યા હતા કે 'પ્રાચીન વખતના જૈનોની જે સ્થિતિ વધુ સારી અને બીજાઓમાં પોતાને માટે (પ્રમાણિક) ઇર્ષ્યા ઉત્પન્ન કરનારી હતી, તે સ્થિતિ અદૃષ્ય થઈ છે, અને ઉલટી શોચનીય દશા પ્રાપ્ત થઈ છે.... ત્રણ દાહિકા અગાઉના આગેવાનો જૈનોની સ્થિતિમાં થયેલા ફેરફારો જોઈ શક્યા હતા અને પ્રાચીન વખતની સારી સ્થિતિ પુનઃ સંપાદિત કરવાના ઉદેશથી જ આ એસોસીએશન સ્થાપિત થઈ હતી–એટલું ઇચ્છીશું કે આગેવાનો પાછા જાગૃત થયા છે તે પાછા સુસ્ત બને નહિ.... જેમ ખ્રીસ્તી મીશનરીઓ અને મુક્તિ ફોજના અમલદારો પોતાની આખી જીંદગીની આહુતી મનુષ્ય જાતીનું જીવન સુધારવાના કામમાં આપે છે તેવી આહુતી આપનારા જૈન મીશનરીઓને તૈયાર કરવા જોઈએ.... એક બાબત તો ધનની કાંઈ પણ મદદ વગર કરી શકાય તેવી છે. અને તે 'હિંદુસ્તાનમાં સર્વત્ર જૈન કોમના ધાર્મિક, ધર્માદા અને બીજા ખાતાઓ તેમજ ટ્રસ્ટ ફંડો ઉપર દેખરેખ રાખવા માટે ઉપાયો યોજવાને લગતી છે.' આ કાર્ય ઘણું વિકટ અને અણગમતી અથડામણ ઊભી કરનારૂં છે. પણ હાથ ધર્યા વગર ચાલે તેમ નથી. એકેક ધર્માદા ખાતામાં લાખો રૂપિયા નિરુપયોગી પડી રહ્યા છે.... અંતમાં આ સંસ્થાનો પુનરૂધ્ધાર કરવા બહાર પડેલી વ્યક્તિઓને તેમના શુભ પ્રયાસમાં ફતેહ ઇચ્છતાં આપણે એટલું સુચવીશું કે 'જૈન એસોસીએશન ઑફ ઇન્ડિયા' નામની સંસ્થાને મુંબઈવાસી જૈનોની જ બનેલી નહીં રહેવા દેતા આખા હિંદના પ્રતિષ્ઠિત જૈન ગૃહસ્થોને તેના મુરબ્બી કે સભાસદ તરીકે મેળવવાનો પ્રયત્ન કરવો, અને તેમ કરી સંસ્થાને આખા હિંદની જૈન કોમના પ્રતિનિધિઓની બનેલી એક અગત્યની સંસ્થા તરીકે ઓળખાવવાની કીર્તિ મેળવવી.'

૧૯૧૩ માં લખાયેલા એટલે ૯૪ વર્ષ પહેલાં લખાયેલા આ શબ્દો, અને આ ભાવમાં આપણે આપણો સૂર પૂરાવીએ અને શુભેચ્છા પાઠવીએ કે હવે આ સંસ્થા ગતિ કરતી જ રહે, ગતિ કરતી જ રહે, નવા કાર્યકરો તૈયાર થતા જ રહે, અને સંસ્થા પાસે પોતાનું કાર્યાલય હોય.

પુનરુદ્ધાર માટે જે જે કાર્યકરોએ સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે એ સર્વે ઉપર શાસનદેવની કૃપા વરસો!

**❑ધનવંત શાહ**

સંપર્ક:'જૈન એસોસીએશન ઑફ ઇન્ડિયા'–C/o શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઑગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૩૬.
માનદ્ સંપાદક : શ્રી હિંમતલાલ ગાંધી. ફોન નં. ૨૨૦૮૧૨૯૪

# 'સત્ – ચિત્ – આનંદ'

❑ ગણપતિ મહેતા

એક મહત્ત્વનો નિર્દેશ છે કે સત્-સંપ્રદાયની રીતથી ક્રમબદ્ધ વિચાર કરવામાં આવે તો વેદાન્ત આપણને જ્યાં પહોંચાડવા ઇચ્છે છે ત્યાં પહોંચી શકાશે, નહિ તો ભટકી જવાશે; કોઈ વાદના પક્ષપાતી થઈ જવાશે, તે ચાર્વાક પક્ષ હોય, જીવ-વાદ હોય, ઇશ્વર-વાદ હોય કે શૂન્યવાદ હોય. અહીં વાત બ્રહ્મવાદી હોવાની પણ નથી. આપણે બ્રહ્મ છીએ એ તથ્યને આત્મસાત્ કરવાનું લક્ષ્ય છે. સૌ વાદો પોતપોતાના સ્થળે યોગ્ય છે; વિરામ-સ્થળો છે, મંઝિલ નથી, લક્ષ્ય-સ્થળ નથી.

**આનંદ**

ક્રમબદ્ધ વિચાર માટે પ્રથમ આનન્દના સંબંધમાં વિચાર કરવાની સૂચના છે, ત્યાર પછી ચિત્ સંબંધી અને પછી સત્‌ના સંબંધમાં. ઊલટા તથા સીધા બન્ને ક્રમથી વિચાર કરવાની આવશ્કતા હોય છે. સત્-ચિત્-આનન્દનો વિચાર કરવાનો હોય તો ઊલટા ક્રમથી પણ વિચાર કરવો જોઈએ. આપણો આનન્દ ક્યાં છે? સાચી રીતે આનન્દ જ્યાં થાય છે ત્યાં જ તે રહે છે, એ તેનું નિવાસસ્થાન છે. આપણને આનન્દનો અનુભવ જે થાય છે તે હૃદયમાં થાય છે કે બીજે ક્યાંક? સુવર્ણમાં, ધનમાં, સગાં-સ્નેહીઓમાં આનન્દ હોતો નથી. પ્રથમ પ્રક્રિયા આપણે એ જ સ્વીકારવી રહી કે આપણો આનન્દ ક્યાં છે? પરાયામાં કે આપણા પોતાનામાં? આપણે નહિ હોઈએ તો આનન્દ ક્યાં રહેશે? આપણા પોતાના વિના નથી મકાન, નથી ધન, નથી પુત્ર-પુત્રી, કાંઈ પણ. તાત્પર્ય એ છે કે આનન્દ આત્મામાં છે, 'વિષય'માં નથી. આપણી બહારના પદાર્થમાં નથી. 'વિષય' એક પથ્થરના ટુકડા સમાન છે કે જેને પાણીમાં ફેંકીએ છીએ તો પાણી ડહોળાય છે, ઊછળે છે. એવા જ પ્રકારથી 'વિષય' તો આનન્દના સાગરને ઉછાળે છે, છલકાવે છે; માત્ર એટલું જ છે. 'વિષય'માં આનન્દ નથી. યદિ આપણે આપણા આનન્દને અન્ય કોઈ પદાર્થ, વ્યક્તિ કે પ્રતીકમાં સ્થાપીશું તો આપણે આનન્દથી ચોક્કસ વંચિત થઈશું. આપણા આનન્દને આપણા હૃદયમાંથી કાઢીને અન્યની પાસે રાખીશું તો આપણે પરાધીન થવું પડશે, એના વિયોગમાં દુ:ખી થવું પડશે, તથા એના મૃત્યુથી દુ:ખી થવું પડશે.

એટલે આપણો આનન્દ આપણા હૃદયમાં, આપણો પરમેશ્વર આપણા હૃદયમાં આપણો આત્મા જ છે. અહીંથી વિચારની પ્રક્રિયાનો આરંભ થવો જોઈએ. 'વિષય'માંથી આનન્દને બહાર કાઢવો એ સૌથી મોટો પુરુષાર્થ છે. અધ્યાત્મના વિજ્ઞાનની ભાષામાં આનું જ નામ વૈરાગ્ય છે. અન્ય પદાર્થમાં આનન્દ છે એમ માનીશું તો તેના ઉપર રાગ થશે, એની પ્રાપ્તિમાં બાધક થનાર ઉપર દ્વેષ થશે, ઇત્યાદિ. સત્-સંપ્રદાય, ઔપનિષદ્-સંપ્રદાયની રીતિ આ છે કે આપણા આનન્દને વિષયમાંથી કાઢી નાખીને આપણા આત્મામાં આનન્દ છે એ વાતને સમજવાની છે; એનો બુદ્ધિમાં નિશ્ચયં થવો જોઈએ. આપણા આત્મામાં (આપણા હૃદયમાં જે કોઈ ઇશ્વર હોય તેનામાં) આપણને આનન્દ આવવા માંડશે ત્યારે બહારની પરાધીનતા છૂટી જશે. આ પ્રથમ વાત છે.

**'ચિત્' (ચેતના/ચૈતન્ય)**

બીજી પ્રક્રિયા એ છે કે 'વિષય'માંથી ચેતનાને બહાર કાઢવી. વિષય નથી કાંઈ લેતો, નથી કાંઈ આપતો; નથી ક્યાંય જતો, નથી આવતો; આપણી વૃત્તિ એની નિકટ જઈને એના ઉપર પ્રેમ કરીને એને આનંદ બનાવી દે છે, દ્વેષ કરીને દુ:ખ બનાવે છે, અથવા એની ઉપેક્ષા કરીને તટસ્થ રહે છે. વિષય પોતે આનન્દરૂપ નથી તેમજ આનન્દ ઉત્પન્ન કરવાને માટે સમર્થ પણ નથી; એવી ચેતના એનામાં નથી. ચિત્-અચિત્-વિવેક કરવાનો છે. વિષય પોતે જડ છે, ચેતનતા આપણી અંદર છે. માટે અંદર ઊતરવાનું છે. સમજવાનું એ છે કે આત્મ-વસ્તુ વિના અનાત્મ વસ્તુનું ભાન થતું નથી, જ્ઞાન થતું નથી. સવિશેષ વિવેક એ કરવાનો છે કે 'અહમ' વિના 'ઇદમ્' હોતું નથી તથા 'ઇદમ્' વિના 'અહમ્' હોય છે. 'ઇદમ્' બહાર છે, 'અહમ્' અંતરંગ છે. જે આવે છે, જાય છે તે 'ઇદમ્' છે તથા જે જાણે છે તે 'અહમ્' છે. 'ઇદમ્'ના રૂપમાં જે કાંઈ માલૂમ પડે છે તે જડ છે તથા જે 'અહમ્'ના રૂપમાં અનુભવવામાં આવે છે તે ચેતન છે. જે પોતાને પણ જાણે તેમજ અન્યને પણ જાણે તે ચેતન કહેવાય છે તથા જાણ્યા વિનાનું કશા કામનું નથી તેનું નામ જડ છે. જ્ઞાનને જ ચેતન કહેવામાં આવે છે; એનું સ્થાન ચિત્‌માં છે.

**'સત્'**

હવે ત્રીજી પ્રક્રિયા જોઈએ. જે સ્થિતિઓ કે અવસ્થાઓ આવે છે ને જાય છે તે પરિવર્તનશીલ, વિકારી તથા નાશવંત હોવાથી તેને 'માયા'ની સંજ્ઞા અપાય છે, કારણ કે તે સત્ય નથી. તાત્ત્વિક દૃષ્ટિથી જોઈએ તો આપણો સાચો મિત્ર કોણ છે? મનની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અવસ્થાઓ સૌ આત્માની અપેક્ષાએ જડતાની સ્થિતિઓ છે. વિવેક કરીશું તો સમજાશે કે આત્મા જ નિરંતર છે, કૈવલ્ય છે અને આ કૈવલ્યરૂપ આત્મા જ સત્ છે. આપણો સાચો મિત્ર કેવળ સત્ છે તથા એ સત્ આપણો આત્મા છે.

ઉપર્યુક્ત પ્રક્રિયાઓનું પરિણામ એ આવે છે કે 'આત્મા' સત્-ચિત્-આનન્દ છે તથા 'વિષય' અસત્-જડ-દુ:ખ રૂપ છે આથી વિષય અસત્ છે તેની સાથે વિષયાનન્દ પણ અસત્ છે.

સ્વાભાવિક પ્રશ્ન થાય એમ છે કે વિષયરૂપ સંસાર તો વિસ્તૃત ફેલાયેલો છે, તથા આત્મા તો નાનો સરખો છે. ત્યારે સંસાર અસત્ કેવી રીતે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે વિસ્તરિત/ફેલાયેલું કે નાનું સમજવું તે અન્ત:કરણની વૃત્તિમાં થાય છે, આત્મામાં નથી થતું. આપણે આત્માને નાનો સમજીએ

છીએ તેટલા માટે સદ્-શાસ્ત્રમાં એને નિરતિશય વિસ્તરિત અર્થાત્ 'બ્રહ્મ' દર્શાવ્યો છે. નાનાપણાની ભ્રાંતિ મટી જાય એટલે આત્માનું નાનાપણું કે મોટાપણું બંન્ને કપાઈ જાય છે. 'આત્મા'માં 'દેશ' નથી.

બીજો પ્રશ્ન પણ થઈ શકે છે કે આત્મા નિત્ય છે કે અનિત્ય ? આનો ઉત્તર પણ એ છે કે નિત્ય-અનિત્ય તો 'કાળ'માં સમજાય છે. આત્મામાં 'કાળ' નથી; એ નિરંતર છે.

અંતમાં : આત્મામાં 'વસ્તુ' (પદાર્થ) પણ નથી, કારણ કે આત્મા તો આનન્દ છે. 'જે વિષયાનન્દ છે તે દુ:ખ છે, જે વિષય છે તે અચિત્ એટલે જડ છે, જે અન્ય છે તે અસત્ છે, જે આત્મા છે તે આનન્દ છે, જે આત્મા છે તે ચિત્ છે, જે આત્મા છે તે સત્ છે'–આ વિવેક છે.

આપણા આત્મામાં આનન્દનું વિરોધીરૂપી કોઈ દુ:ખ નથી; આનન્દ પોતે આનન્દ છે, એનામાં અન્યરૂપ કોઈ આનન્દ નથી. આનન્દ જાડો-પાતળો પણ થતો નથી. આત્મામાં ચિત્ના વિરોધીરૂપી જડ નામની વસ્તુ નથી; એ ચિત્ પણ એક જ છે, એમાં અન્ય ચિત્ નથી, ચિત્માં કોઈ અંશ કે અન્ય અંશનું દૃશ્ય થતું નથી. આત્મામાં સત્ની વિરોધીરૂપી 'કોઈ' નબળી ચીજ નથી. તથા આત્મામાં એક જ સત્ છે, અન્ય સત્ નથી, તેમ જ એ સત્માં પણ અંશ/ટુકડો નથી, વિભાગ નથી. તાત્પર્યમાં સત્ચિદાનન્દ આત્મા સર્વ પ્રકારના ભેદોથી વિનિર્મુક્ત છે.

તાત્પર્ય એ પણ છે કે જડ તથા દુ:ખ અસત્ છે એટલે તેમનું અસ્તિત્વ નથી. માત્ર ચિદાનન્દરૂપ આત્મા જ સત્ છે. આપણે સત્માં સ્થિત થઈએ તો સંપૂર્ણ દૃશ્ય તથા વિષયાનન્દ મિથ્યા થઈ જાય.

આ આત્મા અદ્વિતીય છે. સદ્-વિદ્યામાં એને જ સત્ કહ્યું છે. આમાં પહેલી ભૂમિકા વૈરાગ્યની છે, અને બીજી ભૂમિકા ચિદ્-અચિદ્-વિવેકની છે, આત્મા-અનાત્મા-વિવેકની છે. તથા એ ભૂમિકા વૈરાગ્ય વિના થઈ શકતી નથી. આથી જ આરંભમાં 'વિષય' પ્રતિના રાગ-દ્વેષની અસારતાને સમજાવી છે.

ઉપર સીડીનું દર્શન કરાવ્યું છે તેમાં તેમાં આ જ તાત્પર્ય છે. પ્રથમ, વિષયમાં આનન્દ નથી; પછી વિષય ચેતન નથી/ આત્મા નથી; તથા અંતમાં વિષય તેમજ વિષયાનન્દ સત્ નથી. સત્ આત્મા છે. આત્માને દેશ, કાલ, દ્રવ્યનું (વસ્તુનું / પદાર્થનું) બંધન નથી, એ ત્રણે આત્મામાં અધ્યસ્ત છે, આરોપિત છે, જે સત્-ચિદાનન્દ અદ્વય બ્રહ્મ છે તે આપણો આત્મા છે. આ જ સદ્-વિદ્યાનું રહસ્ય છે.

આ ક્રમબદ્ધ વિચાર-સાધના દર્શાવવામાં આવી છે તેનાથી શું થાય છે કે આપણો મર્યાદિત 'હું' મર્યાદિત દેહ દ્વારા વિષયનો આનન્દ લે છે તે, મર્યાદિત ચેતન ચેતન બનીને આપણું દેહમાં બેસી જવું તે, તથા આપણને પોતાને દેહરૂપ થઈ સત્ય માનવું એ સૌ કપાઈ જાય છે. એ સર્વેનો સંપૂર્ણ વિલય થઈ છે. ***

૪૦૧, ઉર્વશી, ૧૬, બેસન્ટ રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૫૪


## પ્રગટ થઈ ચૂક્યાં છે
## ડૉ. રમણલાલ ચી. શાહ
## સાહિત્ય સૌરભ ગ્રંથ ૧ થી ૭ તથા પ્રવચનોની સી. ડી.

| ગ્રંથ | શીર્ષક | કિંમત રૂા. |
|---|---|---|
| ગ્રંથ–૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦/- |
| ગ્રંથ–૨ | જૈન આચાર દર્શન | ૨૪૦/- |
| ગ્રંથ–૩ | ચરિત્ર દર્શન | ૨૨૦/- |
| ગ્રંથ–૪ | સાહિત્ય દર્શન | ૩૨૦/- |
| ગ્રંથ–૫ | પ્રવાસ દર્શન | ૨૬૦/- |
| ગ્રંથ–૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦/- |
| ગ્રંથ–૭ | શ્રુત ઉપાસક–ડૉ. રમણલાલ ચી. શાહ | ૩૨૦/- |
| | ૧ સેટ (૭ પુસ્તકો)ની કિંમત | ૧૮૫૦/- |

## ગ્રંથનું રાહત દરે વેચાણ

- ૧ પુસ્તક લેનારને ૨૦% ઓછા ભાવે મળશે.
- ૧ સેટ (૭ પુસ્તકો) લેનારને ૩૦% ઓછા ભાવે મળશે.
- ૧૦ સેટથી વધુ પુસ્તકો લેનારને ૪૦% ઓછા ભાવે મળશે.
- ૫૦ સેટથી વધુ પુસ્તકો લેનારને ૫૦% ઓછા ભાવે મળશે.

હવે માત્ર ૧૫૦ સેટ જ અમારી પાસે ઉપલબ્ધ છે. જિજ્ઞાસુઓને લાભ લેવા વિનંતી.

ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ દ્વારા નિર્મિત ડૉ. રમણલાલ ચી. શાહના ૨૮ પ્રવચનોની સી.ડી. રૂા. ૪૦૦ (શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુરમાં આપેલા પ્રવચનો સાથે.)

❑ મેનેજર

# અખિલાઈ

❑ ડૉ. વસન્ત પરીખ

*(આ લેખ મળ્યા પછી વસન્તભાઈએ આ જગતમાંથી વિદાય લીધી. 'પ્ર.જી.' પરિવારની એમના પ્રત્યે શ્રદ્ધાંજલિ....–ધ.) )*

નીરાંતની પળોમાં છું. મન ખોજમાં છે. અખિલાઈના વિષયમાં સરે છે. એક વિશેષ પ્રકારના 'ખીલે' જાતને બાંધવી. પછી જાતને ખીલવવી–એ અખિલાઈ. પ્રેમમાં જેમ અધીનતા જ એક પ્રકારની સ્વાધીનતા બક્ષે છે તેમ. સાવ વિસંગત લાગે. 'ખીલે' રહો–ખીલો. નદી બંધન સ્વીકારીને જ ઉપાદેયતા અર્પે છે ને! નેકી, પ્રામાણિકતા, અખંડતા, સમગ્રતા એ ખીલે બંધાઈ રહેવું એમાં પૂર્ણ બંધન છતાં સ્વાતંત્ર્ય. આત્મઘોષ છે. આ જ અખિલાઈ છે.

અખિલાઈ, જીવનમાં ખાનાં નથી ઇચ્છતી. વિચાર, વાણી, વર્તનમાં ઐક્ય ઝંખે છે. બુદ્ધિ, તર્ક, કૃતકતા જીવનને ખંડિત કરવા ચાહે તો એલાર્મનો અવાજ સહજ સંભળાય એવી ગોઠવણ કરે છે. જીવન અલગ અલગ લેબાશે, રૂપે નહિ, સરલ સજલ સબલ સ્વરૂપે રહેવા સાર્થકતા સમજે છે. સરલતામાં દંભ નહિ. પારદર્શિતા પૂરી. સચ્ચાઈ ભારોભાર. સ-જલતામાં કરુણા અપેક્ષિત છે. તાદાત્મ્ય, સમવેદના છે. અને સબલતામાં આવી પડતા આઘાતો સહેવાની ક્ષમતા છે અને અન્યાય સામે પૂરી શક્તિથી ઝઝૂમવાની ત્રેવડ છે. સંબંધો અનેક. આપણું ભીતર બાહ્ય તોય એક. મંદિરે અલગ. દુકાને, ઑફિસે, કારખાને અલગ એ અખિલાઈ નથી. હા, 'સમવર્તી' ન થવાય. 'સમદર્શી' રહેવું નિતાંત જરૂરી. 'દર્શી' દર્શનયુક્ત, તત્ત્વયુક્ત–અખંડતાના તત્ત્વયુક્ત સર્વત્ર રહેવું છે. જે છીએ તે જ દેખાવું છે. NOT TO IMPRESS - BUT TO EXPRESS. સંસ્કૃતમાં સુભાષિત છે ને!

मनस्येकम वचस्य एकम कार्यमेकम महात्मनाम।
मनस अन्यत वचस्य अन्यत कार्यमन्यत दुरात्मनाम।।

જીવનમાં સીડીના પગથિયાં અને લિફ્ટ વચ્ચેનો તાત્ત્વિક ફેર સમજવો જોઈએ. પોતાની જાત સાથે ઝઘડવાના અવસર પેદા કરવાનું જેટલું ઓછું થાય–એટલી અખિલાઈ. THE GUY AND THE MIRRORમાં કવિ એ મતલબનું કહે છે. દર્પણ સામે ઊભો રહે, અને તારી જાત તને સન્માને તો સાચું સન્માન છે.

અખિલાઈને પડકારતા અનેક અવસર ઊભા થાય છે. એક સત્ય ઘટના. નામ સુધીર મહેતા. પિતા બહોળો પરિવાર મૂકી, અનંતની યાત્રાએ. એ પ્રમાણે આર્થિક દેવું પણ ઠીક ઠીક દેવાનું મૂકી ગયા. સુધીરભાઈ ભણ્યા. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયા. પ્રેકટીસ શરૂ કરી. પ્રામાણિક અને મહેનતુ. બચત કરી. ભાઈઓને કેળવણી આપી. માને સાચવ્યાં. છ તો ભાષા જાણે. પછી પિતાના દેવાની યાદી હાથમાં લીધી. વરાફરતી ચૂકવ્યા. લેણદારો દંગ. ૧૫-૨૦ વર્ષ થયેલા, મુદત બહાર ગયેલું. આ યુવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ. કેમ ચૂકવે છે? કાનૂનનો લાભ મળે. ના. અખિલાઈ હતી. પ્રસિદ્ધિના શિખરે–સંપત્તિમાં આળોટી શક્યો હોત. પરંતુ અખિલાઈથી સુસજ્જ રહ્યા. તાજેતરમાં ગયા.

આ છોડવાની વાત હતી. 'ચાલે એ તો', 'હોય એમ જ હોય', 'દુનિયા આખી એમ જ કરે છે', 'ઓહો, એમાં શું થઈ ગયું'–પણ

## સાત્વિકતાની મૂર્તિ ડૉ. વસન્ત પરીખ

['મારી સમગ્ર શક્તિનું સમર્પણ છેવાડાના લોકોને પહોંચે એ રીતે કરીશ.'

યુવાન વયે આવો સંકલ્પ કરનાર જામનગરની મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરી યુનિવર્સિટી પરીક્ષામાં પ્રથમ આવનાર ડૉ. વસન્ત પરીખ નો જન્મ ગરીબ વૈષ્ણવ કુટુંબમાં ૧૯-૩-૧૯૨૯ના વસંત પંચમીના દિવસે થયો હતો. અવસાન તા. ૧૫-૪-૨૦૦૭.

જેમના વાણી, વિચાર અને વ્યવહારમાં સંવાદી એકવાક્યતા છે એવા મુઠ્ઠી ઊંચેરા તેઓ મહામાનવ હતા.

અઠ્યોતેર સાલની જિંદગીમાં તેમણે દોઢેક લાખ આંખના ઑપરેશન કરેલા અને એમના જીવનસંગિની રત્નપ્રભાબહેને પચીસ હજાર શીશુવિષ્ણુઓને આ જગતનું દર્શન કરાવેલું.

વસંતભાઈ સારા વિચારક, પ્રભાવશાળી વક્તા અને સર્વોદયવાદી વિચારસરણીને વરેલ. માનવતાવાદી લેખક હતા. અગરિયા, વનવાસી, દલિત, પતિત, શ્રમિક, સૌના એ સધ્ધર આધાર હતા. તેમણે બેતાળીસ પુસ્તકો લખ્યા છે અને ત્રણ લાખ પુસ્તકોનું વિનામૂલ્યે વિતરણ કર્યું છે.

ગુજરાતી ઉપરાંત અંગ્રેજી, હિંદી અને બંગાળી ભાષા ઉપરનું તેમનું પ્રભુત્વ અદ્‌ભુત હતું. કવિવર રવીન્દ્ર માટેનો તેમનો લગાવ અજોડ હતો. એમની 'રવિ લહર' એનું પ્રત્યક્ષ પ્રમાણ છે. મહાદેવી વર્માના એક મહાકાવ્યનો તેમણે ગુજરાતીમાં પ્રાસાદિક અનુવાદ કર્યો છે. ગાંધીજી માટે ભારે અહોભાવ પણ હૃદયની ભક્તિ સ્વામી વિવેકાનંદ અને વિનોબાજી માટે.

વસન્તભાઈ એટલે સાત્વિકતાની મૂર્તિ–કોઈ પવિત્ર મંદિરના ગર્ભાગારના જાણે ધૃતદિપ. વર્તમાન કાળની જીવંત ક્ષણોના એ કર્મયોગી હતા. માનવ સેવામાં જ પ્રભુસેવા ને મુક્તિ એ સત્યમાં એમને્ શ્રદ્ધા હતી.

એમનું લગ્નજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્ય નિર્ભર હતું. એ કવિ ન્હાનાલાલના 'જયા-જયંત'ના આત્મલગ્ન જેવું.

મારી એકાણુ વર્ષની જિંદગીમાં, આ કળયુગમાં આવી ઋષિતુલ્ય વ્યક્તિ મેં જોઈ નથી. ❑ ડૉ. રણજિત પટેલ (અનામી)]

અખિલાઈને આ માન્ય નથી.

અખિલાઈ, હિંમતનું ભાથું પણ અકબંધ રાખે છે. હા, નમ્રતા, વિનય કોરાણે નથી મૂકતી. બનેલી ઘટના.

એક નર્સબહેનને, સારી હૉસ્પિટલમાં નિમણૂક મળી. પહેલે જ દિવસે એમની અખિલાઈની કસોટી થઈ. સર્જન, આંતરડાના રોગના નિષ્ણાત. એક યુવાનનું ઑપરેશન. ઑપરેશનમાં નર્સબહેનની ફરજ સાધનો આપવાની ટ્રોલી પર. ૧૨ સ્વોબ (ગોઝમાં રૂ સીવી લીધું હોય એવા ટુકડા) જેનાથી સર્જન, લોહી કે પ્રવાહી લૂછી લે, શોષી લે અને પોતાનું ઑપરેશનનું ક્ષેત્ર ચોક્ખુંરાખે. ઑપરેશન પૂરું થવામાં. સર્જન કહે, 'સિસ્ટર, હવે હું ટાંકા લઉં છું.' (I AM CLOSING THE WOUND). નર્સે કહ્યું: 'સાહેબ, સ્વોબ ૧૧ જ છે. એક ખૂટે છે. કેવી રીતે ટાંકા લેવાય?' સર્જન જવાબ આપે છે,'ના ના બધું બરાબર છે.' નર્સે વિનયથી કહ્યું: 'SIR, PLEASE YOU SHOULD NOT, YOU CAN'T.' સર્જન કહે છે, 'મારી જવીબદારી પર હું ટાંકા લઉં છું.' નર્સે પૂછ્યું, 'દર્દીનું શું? એના જીવનનો વિચાર કર્યો?' ડૉક્ટરે ધીરેથી પગ ઊંચો કરી ૧૨મો સ્વોબ દેખાડ્યો. રાજી થયા. આ અખિલાઈ છે. ફરજ, ચોકસાઈ, કરુણા ત્રણેયનો સુમેળ–નર્સબહેનમાં રમતો હતો. પોતાની ખૂબીઓ, ત્રુટિઓ જાણવી, ખામીઓને–મર્યાદાઓને ખીંટીએ ટાંગવી. ખૂબીઓની ખૂશ્બુ વહેંચવી. બીજાની ખામી કોઈને નુકસાન ન કરતી પોતા સુધી જ સંબંધિત હોય તો ખામી ખાવી. ટીકા-ટીપ્પણીઓ, અભિપ્રાયોથી અંતર રાખવું. અભિપ્રાય આપવાની ક્ષણ આવે, પણ જો પૂરતી જાણકારી ન હોય તો, વિગતો અધૂરી છે અભિપ્રાય આપવા સમર્થ નથી. આવું કહી શકાય.

ભાવનગરના એક વિદ્વાન પ્રાચાર્ય છે. એક જાણીતા અધ્યાપકે, પોતાના મિત્રના સાહિત્ય વિશે વિવેચન કરવા કહ્યું. એક પુસ્તક મોકલ્યું. પ્રાચાર્યશ્રીએ વધારે જાણકારી અને બીજા પુસ્તકો પણ જોવા ઇચ્છ્યું. બધું મોકલાયું. તેઓ જોઈ ગયા. પછી 'શબ્દસર'માં લેખ લખ્યો. લેખકના જીવન વિશે નવલકથા લખાય તો કેવું–એ ભાવ દર્શાવ્યો. પુસ્તકની જોડણી મર્યાદાઓ, અનુસ્વાર સુદ્ધાંનો હળવેકથી ઉલ્લેખ કર્યો. આ પ્રાચાર્ય – તે શ્રી તખ્તસિંહજી પરમાર. 'શબ્દસર' માસિકે લેખ પ્રસિદ્ધ થયેલો.

અખિલાઈ બંધિયાર નથી. આપણને સાચા તારણો તરફ દોરે છે. અનુભૂતિઓના સંદર્ભમાં વર્તવાની, જીવવાની હિંમત આપે છે. એ ક્યારેય આપણને એ નથી શીખવતી કે તમારી શ્રેષ્ટતા સાબિત કરો. તમે ઊંચેરા આદમી છો એવો દેખાડો કરો. એ તો તમે છો, એનાથી જુદા ન દેખાઓ એમાં જ શ્રેષ્ઠત્વ છે એમ શીખવે છે. નથી એવી બળજબરી કરતી કે આપણી સજ્જનતા, ક્ષમતા ન હોય તોય પ્રસિદ્ધિ કે કંઈ પ્રાપ્તિ અર્થે કોઈ પણ કાર્યમાં જોતરાઈ જવું.

અંદરથી ઊગ્યું. થયું આમાં સચ્ચાઈ છે. આ ઉચિત છે–ન્યાયી છે. તો જોખમ વહોરીને પણ સ્વીકારવું. જાતને પરોવી, નીચોવી, કાર્ય કરવું.

આકરી કસોટી, અખિલાઈની ત્યારે આવે છે જ્યારે ખંડિત વ્યક્તિત્વ જોખમ ટાળે અને આ જીવ સટોસટની બાજી ખેલે. લગભગ ચારેક વર્ષ પૂર્વેની આ ઘટના. કોલકત્તા શહેર. બાપી સેન નામનો પોલીસ કર્મચારી. વય ૨૯ વર્ષ. ફરજ એમની રાત્રી ચોકીની હતી. સમી સાંજે કંઈ ખરીદી કરવા નીકળ્યા છે. રસ્તામાં થોડો સૂનકાર હતો. એમના કાને બચાવો–બચાવોની બૂમ સંભળાઈ. એ બાજુ દોડ્યા. જોયું તો ત્રણ-ચાર પોલીસો પેલી યુવાન સ્ત્રી પર બળાત્કાર કરવા માટે તલપાપડ હતા. બાપી સેને લલકાર્યા. પોલીસો ઓળખીતા હતા. બહેન તો બચી. પેલા પોલીસોને થયું કે બાપી સેન આપણને મુશ્કેલીમાં મૂકશે. એને મારી નાખ્યા. ફરજ પર ન હતાં. પરંતુ અંદરની અખિલાઈ ઉભરાઈ આવી. પ્રાણાર્પણે એને અકબંધ રાખી. પ્રજાએ 'સ્ટેટસમેન' વૃત્તપત્ર દ્વારા યોગ્ય-ભાવભર્યો પ્રતિસાદ પાડ્યો. એક માસમાં એ પરિવાર માટે ૧૭ લાખ એકત્રિત કર્યા. બાપી સેનના બે બાળકોના શિક્ષણ અને યોગક્ષેમ માટે જોગવાઈ કરી. આ પ્રજાની અખિલાઈ હતી. અખિલાઈ હિંમત આપે છે. સાહસ કરવા પ્રેરે છે. તકો ઝીલે છે. ઊભી પણ કરી શકે, સર્જી શકે. પડકારો ખડા થાય તો સામી છાતીએ ઝીલે છે. બિલ્લી પગે નાસે નહીં.

સલામતી માટે, સંપત્તિ માટે, મૂલ્યોને કોરાણે ન મૂકે. સમાધાન ન સ્વીકારે. એકેય પગથિયું નીચે ઉતરવાનું મુનાસિબ નહીં લેખે. પોતામાં પૂરતો, અતૂટ વિશ્વાસ જાળવી રાખે છે.

અખિલાઈ આઘાતોની શરણાગતિ નથી સ્વીકારતી–ન તો હેબતાઈ જાય છે–નથી બ્હાવરી બનતી. એ વિચાર પ્રેરે છે. મૂલ્યો પર ચકાસે છે. કેમકે એનો માવો સ્વસ્થતાથી નિર્માયો છે. કલેવર મૂલ્યો પ્રતિની આસ્થાથી ઘડાયું છે. પીંડ જ પરિપક્વતાનું. પછડાટો ખમે–પરાભવ નહીં. સંબંધોમાં મૈત્રી નોતરે છે. સૌનો વિશ્વાસ કમાય છે. અખિલાઈને ઘટના, પ્રસંગ, વ્યક્તિ, વિચાર નાનો મોટો એવા ભેદ નથી. સર્વત્ર, સર્વકાલીન એ પોતાની જાતને અખંડ રાખે છે. સગવડ, લાભ, અનુકૂળતા માટે, જૂઠ, અસત્ય, આચરી નાગરિકત્વ નકારતો નથી. ગપ્પાં, અફવા, ટીકા, નિંદા–કશાથી વિચલિત થતો નથી. ઑફિસના લૅટરપેડ, ટેલિફોન, પોતિકા કામ માટે નથી વાપરતો. કામચોરી નથી કરતો. સજાગ–સભાન રહી કામ કરે છે. આવી શિસ્ત, અનુશાસન, 'ટેવ' નાની નથી ગણાતો. પણ એ આરંભ આવા મૂળાક્ષરોથી કરે છે.

WE CAN NOT BE GREAT, BUT WE MUST DO SMALL THINGS WITH GREAT CARE. આ અખિલાઈની માંગ છે.

અખિલાઈને અવગણવી ન પાલવે. એ તો પ્રશંસા–પૈસા કે પદ પડાવવા–ગલત રસ્તે હડી કાઢી દોડતી નથી. બલ્કે અખિલાઈ સાચવવા બધું હોમી જાણે છે. આ ત્રણેય એને પલ્લે પડે કે ન પડે, પોતે 'પડતો' નથી 'નીચે' ઉતરતો નથી.

ગાંધીજીએ આ આખા ચિંતનને ખરો સુધારો કહી સંક્ષેપમાં હિંદ સ્વરાજમાં કહ્યું, 'સુધારો એ વર્તન છે કે જેથી માણસ પોતાની ફરજ બજાવે. ફરજ બજાવવી તે નીતિ પાળવી એ છે. નીતિ પાળવી એ આપણા મનને તથા આપણી ઇન્દ્રિયોને વશ રાખવી એ છે. એમ કરતાં આપણે આપણને ઓળખીએ છીએ. આ જ 'સુ' એટલે સારો ધારો છે.તેથી વિરૂદ્ધ તે કુધારો છે.' ✱✱✱

સાકેત સોસાયટી, વડનગર-૩૮૪ ૩૫૫.

# વધારીઆ

❑ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

અવારનવાર ફરવા માટે હું 'સરદારબાગ'માં જાઉં છું. ત્યાં મારા જેવા અનેક નિવૃત્ત સમવયસ્કોની મંડળી જામે છે. એમાંના એક મારા મિત્રે નિવૃત્ત વૃદ્ધોને માટે ઉપર્યુક્ત શબ્દપ્રયોગ કર્યો છે 'વધારીઆ.' વધારીઆ એટલે વધારાના...જેમનો ક્યાંય કશે સમાસ ન થઈ શકે તેવા! કશાય કામના નહીં એવા! જો કે આ શબ્દ જરા વધારે પડતો કઠોર છે પણ સમાજમાં અને કુટુંબમાં તેની સ્થિતિ જોતાં થોડોક વાસ્તવિક પણ છે.

અમારા વસંતભાઈની વાત સાંભળો. વર્ષો સુધી નૈરોબીની એક બેન્કમાં નોકરી કરી વસંતભાઈ વડોદરે સ્થિર થયા. એકંદરે સારું પેન્શન મળે છે. અલકાપુરી વિસ્તારની એક સોસાયટીમાં પોતાનું મકાન છે. યુવાન બે દીકરાઓ છે. દીકરાઓ એક જ મકાનમાં જુદા રહે છે. વસંતભાઈના શ્રીમતીજી ગુજરી ગયાં છે. બંનેમાંથી એકેય દીકરો વસંતભાઈને રાખવા તૈયાર નથી એટલે તેઓ એમના જ મકાનમાં એક ઓરડીમાં રહે છે ને બંનેય દીકરાઓએ એમને જમાડવાના વારા કાઢ્યા છે. બદલામાં વસંતભાઈ 'ટીફીન'ના મહિને દોઢ હજાર ચૂકવે છે! એમને દિવસમાં બેવાર ચા પીવાની ટેવ છે. એમની ચા એ પોતે બનાવી લે છે. 'ટીફીન' સિવાયનું બધું જ કામ એ પોતે કરી લે છે પણ પુત્રો-પુત્રવધૂઓ તરફથી જે સ્નેહ-સદ્ભાવ-સુખદ સહકાર કે સંજીવની સમી સન્નિધિ મળવી જોઈએ તે મળતી નથી એટલે પોતાની જાતને કુટુંબમાં 'વધારીઆ' સમજે છે. એનું એમને દુ:ખ છે પણ ચૂમાઈને સહન કરે છે. બીજો કોઈ વિકલ્પ જ નથી એટલે કઠોર-નઠોર વાસ્તવિકતાનો સ્વીકાર કરી લીધો છે. બીજું થાય પણ શું?

બીજા આ અમારા શાંતિભાઈ! વય હશે સિત્તેરની પણ પગની તકલીફને કારણે હલનચલનમાં ચપળતા નથી. એમને એક દીકરો છે. દીકરાને ત્રણેક સાલની દીકરી છે. દીકરો નોકરીએ જાય એટલે દીકરીને સાચવવાની જવાબદારી શાંતિ-દાદાની! પુત્રવધૂને ઘરકામ ને રસોઈ કરવાની હોય એટલે દાદા પૌત્રીને લઈને સરદારબાગમાં આવે. હવે આ પૌત્રી પતંગિયા જેવી એવી તો ચંચળ કે ઘડીકમાં અહીં, ઘડીકમાં ત્યહીં, ફરાફર-કૂદાકૂદ-દોડાદોડી કર્યા જ કરે...જંપીને નિરાંતે દાદાને બે મિનિટ માટે પણ બેસવા ન દે. બિચારા શાંતિદાદા માંડ એકાદ કલાકમાં તો થાકીને લોથ થઈ જાય. આ શાંતિભાઈના એક ખાસ મિત્રશ્રી ચંદુભાઈ પણ સરદારબાગમાં આવે. એકવાર બાંકડે મારી સાથે બેઠેલા. શાંતિદાદાની પગની તકલીફ અને પૌત્રીની યાયાવરવૃત્તિને લક્ષમાં રાખી મને કહે: 'બિચારા શાંતિભાઈ શું કરે? ઘરેથી પુત્રવધૂએ અલ્ટીમેટમ આપ્યું છે કે જો બેબીને લઈને અગિયાર પહેલાં આવ્યા છો તો ખાવનું નહીં મળે!' આમ બોલીને ચંદુભાઈ માંદલું હસે! શાંતિદાદા ઘરમાં વધારીઆ તો નહીં પણ 'કામ કરો ને ખાવ' એવા ઓશિયાળા તો ખરા જ! પગની તકલીફ કરતાં પણ વધુ દુ:ખ તો એમને પુત્રવધૂના શરતી અલ્ટીમેટમનું! શાંતિદાદાની પરિસ્થિતિમાં તમે હો તો શું કરો!

અને હવે અમારા 'મોતીદાદા'ની આપવીતી સાંભળો. સાત સંતાનોમાં પાંચ દીકરી ને બે દીકરા. પત્ની જીવતી હતી ત્યાં સુધીમાં બંનેય જણ આનંદ-સંતોષપૂર્વક જીવન વ્યતીત કરતાં હતાં, પણ મોતીભાઈને લગભગ સિત્તેર થયાં ત્યારે પત્નીનું અવસાન થયું. આજે એમને ૯૧મું ચાલે છે. સાતેય સંતાનો અમેરિકા, ઇંગ્લેન્ડ, નૈરોબી ને મુંબઈમાં છે. સર્વેની એવી પરિસ્થિતિ છે કે કોઈ પણ પિતાની સાથે રહી શકે તેમ નથી ને મોતીભાઈ વડોદરા છોડીને ક્યાંય પણ જવા તૈયાર નથી. લગભગ ૮૫ના થયા ત્યાં સુધી તો ગાડું ગબડચે ગયું. પણ છેલ્લા પાંચેક વર્ષથી તબિયત કહ્યું કરતી નથી. બાકી પહેલાં તો 'જાત મહેનત જિન્દાબાદ'માં માનનાર હતાં. પણ હવે? ત્રણ નોકરચાકર રાખ્યા છે. મહિનેમાસે ચાકરોને લગભગ દશ હજાર રૂપિયા આપે છે. આર્થિક સ્થિતિ સારી છે એટલે ખર્ચનો કોઈ પ્રશ્ન જ નથી, પણ અકળાવનારી એકલતા, અંતરને કોરી ખાનારી ખિન્નતા ને બિમારી વખતે અનિવાર્ય એવા આત્મીયજનોના અવલંબનની ઝંખનાનું શું? ૨૦૬૧ના નૂતન વર્ષે હું એમને મળ્યો ત્યારે પણ ઉપરથી તો પ્રસન્ન મુદ્રાવાળા લાગ્યા પણ એમની ઊંડી આંખોમાં એક પ્રકારનો વસમો વિષાદ વરતાતો હતો. અત્યારે તો એ એક પ્રકારના આંતરિક અધ્યાત્મ-અવલંબનથી ટકી રહ્યા છે પણ સાતેય સંતાનો હોવા છતાં પણ જાણે કે પોતે 'વધારીઆ' હોય એવી લાગણી અનુભવે છે.

સાડાછ દાયકા પૂર્વે કૉલેજમાં મારી સાથે ભણતા મારા એક પરમ મિત્રને સંતતિમાં ત્રણ દીકરા ને એક દીકરી. ત્રણેય દીકરાને ભણાવી ગણાવી પરણાવી અમેરિકા ભેગા કરી દીધાં. તે વખતે તો મારા મિત્રનો હરખ માતો નહતો પણ મેં કહ્યું કે બિરાદર! તમારા માટે આ હરખનો અવસર નથી. ત્રણેય દીકરાઓને અમેરિકા ભેગા કરી દઈ તમે તમારા દુ:ખનું બી વાવી રહ્યા છો. ત્યારે તો તેમને મારી વાત સમજાઈ નહીં પણ જ્યારે નિવૃત્ત થયા ને પત્નીનું અવસાન થયું એટલે સાવ એકલા-અટૂલા થઈ ગયા. અમેરિકા સ્થિત ત્રણેય દીકરાઓમાંથી એક પણ એમને રાખવા તૈયાર નહોતો. એક દીકરો રાખવા તૈયાર થયો ત્યારે પત્ની આડી ફાટી ને પરિણામે મારા એ મિત્ર વડોદરે આવીને વસ્યા. લગભગ પંચ્યાસી વર્ષની વયે કરે પણ શું? દિવસનો મોટોભાગ પડોશી કે ઓળખીતાને ઘરે ગાળે. એમની એકલતા ટાળવા પડોશી કે મિત્રો-ઓળખીતાઓને ત્યાં કલાકો સુધી બેસી રહે. બીજાઓને પણ કામ હોય. એમની સતત ઉપસ્થિતિથી મિત્રો ને પરિચિતો પણ કંટાળી ગયા. એમને ઘરે જવાનું કહે તો કહે: 'ઘરે જઈને હું શું કરું? કોની સાથે વાતો કરી સમય પસાર કરું? તમે તમારે તમારું કામ કરોને હું બેઠો છું.' આખરે આપણો સુવાનો સમય થાય ને ઘેર જવાનું કહીએ ત્યારે આપણા પર જાણે કે ઉપકાર કરતા હોય તેમ,'ઠીક ત્યારે તમે આરામ કરો, હું જાઉં છું,' બોલીને કમને જાય. એમને કશી 'હોબી' નથી. વાંચવા લખવામાં આ વયે કલાક-બેકલાક ગાળે પણ પછી શું કરવું? આરામ કરી કરીને કેટલો કરે? મારા એક બીજા મિત્ર દ્વારા,

આ વયે પણ જો કોઈ જીવનસંગિની પ્રાપ્ત થાય તો તેમ કરવાને તેઓ તૈયાર થઈ ગયેલા. એમને કેવળ કંપનીની જરૂર હતી. એમના કહેવા પ્રમાણે રાત એમને ભેંકાર જેવી લાગે છે. દિવસ તો જ્યાં ત્યાં ફરીને પણ પૂરો કરે પણ રાત્રે પૂરી ઊંઘ પણ ન આવે ને ભીતિ તથા એકલતા અકળાવે. નજીકના કે દૂરના સગાઓ-માંથી પણ સાથે રહેવા કોઈ તૈયાર નહીં અને જીવ ઠીકઠીક ઝીણો એટલે મિત્રો પાછળ બે પૈસા ખર્ચવાની પણ તૈયારી નહીં. મેં એમને એમની એકલતાની પીડ ટાળવા પાંચ સાત મિત્રોને ઘરે અવારનવાર આમંત્રી નાસ્તા-પાણી કરવાનું સૂચન કર્યું પણ એમણે જ અન્યને ત્યાં લેવાનું ચાલુ કર્યું.

મારા એક પ્રૉફેસર-મિત્રને સંતતિમાં ત્રણ દીકરી ને એક દીકરો. બે દીકરી ને એક દીકરો અમેરિકામાં. પત્ની ગુજરી જતાં એકલા પડ્યા. દીકરાએ પિતાને અમેરિકા બોલાવી લીધા. માંડ મહિનો થયો હશે ત્યાં તબિયત બગડી ને એક બે વાર સંડાશ પાટલુનમાં થઈ ગયું. 'આવી ગંદી ગોબરી ટેવ અહીં નહીં ચાલે' કહી પુત્રવધૂએ સસરાનું ભયંકર અપમાન કર્યું. ભર્ત્સના જ કહો ને. સસરાને હાડોહાડ વ્યાપી ગઈ ને વહેલામાં વહેલી તકે ભારત ભેગા થઈ ગયા. સસરાએ લઘુશંકા-દીર્ઘશંકા પરનો કંટ્રોલ ગુમાવી દીધો ને પુત્રવધૂએ મન પરનો કંટ્રોલ ગુમાવી દીધો. દીકરી અને નોકરડીની સહાયથી થોડું જીવી નાખ્યું પણ પુત્રવધૂએ કરેલા અપમાનની સાથે જ તેઓ મરી ગયેલા!

સાડા છ દાયકા પૂર્વે મારી સાથે કૉલેજમાં ભણતા ને આજે જીવનના નવમા દાયકામાં જીવી રહેલા (કે શ્વસી રહેલા?) મારા મિત્રને સંતતિમાં ત્રણ દીકરા ને એક દીકરી. એમના કુટુંબની કથા હું જાણું છું તે પ્રમાણે અતિશય કરુણ છે. એક દીકરો બે વાર પરણ્યો ને બે વાર છૂટાછેડા લીધા. દીકરી ય બે વાર પરણી ને છૂટાછેડા લઈ પિયરમાં રહે છે. એક દીકરો ધોળકીને પરણ્યો ને પરદેશમાં રહે છે. ત્રીજા પરણેલા દીકરાને સંયુક્ત કુટુંબમાં ગોઠતું નથી એટલે જુદો રહે છે. મિત્રની પત્ની ગુજરી ગયાં છે એટલે આજે તો એમની દશા વધારીઆથી ય બદતર છે. આમાં દોષ કોને દેવો ? કરમને કે સંચિત કર્મને ? કૌટુંબિક માહોલ આવો છે, એકદમ દુ:ખગ્રસ્ત, છતાં લખે છે : 'સુખદુ:ખ તો આવ્યા કરે...એનું નામ જ સંસાર. આપણે બને એટલા તટસ્થ અને મસ્ત રહેવાનું. દુ:ખોને હસી કાઢવાના–બની શકે તો! એમ થાય છે કે હવે નિરાંતે બેસીએ–એકાન્તે સુખમાસ્યતામ્. સંસારથી રંડાયા, છંડાયા તો સુખે ભજીએ શ્રીગોપાલ!' આ બધાં તો સમાધાન સાધવાનાં વલખાં છે. બાકી પ્રત્યેક પત્રમાં સંસારના ને દુ:ખના લ્હાળા ઠલવાય છે. પ્રતિકૂળ પરિસ્થિતિનો પ્રતિકાર કરવાની ને ગમે તેવા પડકારને ઝીલી લેવાની ઉર્જા ને યુયુત્સાહ હોય પણ અવસ્થા એનો ભા ઃ ભજવ્યા વિના રહેતી નથી. દરેક અવસ્થાને પોતાની વિશેષતાઓ ને મર્યાદાઓ હોય છે. વજ્રપાતને કાળમીંઢ પર્વત સહન કરી શકે, માટીનો ઢેફો નહીં. ગમે તેટલી ધૃતિ કે તિતિક્ષા જૈફ અવસ્થામાં ઝીંક ઝીલી શકતી નથી. વીતે તે જાણે.

આવા 'વધારીઆ'ના કિસ્સાઓમાં પુત્ર કે પુત્રવધૂ કરતાં દીકરીઓ મરૂભૂમિની વીરડી જેવી નિવડતી હોય છે પણ મારા કેટલાક વધારીઆ મિત્રોની દીકરીઓએ પણ એમની ઉપર ઓછી ગુજારી નથી! મારા આવા ત્રણેક મિત્રોની વાત કરું. ત્રણેય કિસ્સા પટેલોના છે. ત્રણેય સુખી કુટુંબની દીકરીઓ છે. એકને ધામધૂમથી પરણાવી, એક પુત્ર થયો, માંદગીમાં ગુજરી ગયો, સાસુ સાથે સંઘર્ષ થયો, સાસરીમાંથી કાઢી મૂકી, બે વર્ષ બાદ બીજી કોમમાં પરણી, ત્યાંથી પણ ઘરે આવી ને આજે વધારીઆ પિતાના પનારે પડી છે. પરિસ્થિતિ સાથે સમાધાન કરવાનું એની પ્રકૃતિમાં જ નથી એટલે પોતે તો દુ:ખી થાય છે જ પણ અન્યનેય દુ:ખી કરે છે. બીજી એક પરધર્મીને પરણી જે પરણેલો-પાંગરેલો હતો. શોક્ય સાથે અણબનાવ થતાં એક દીકરા સાથે પિયર આવી જે વધારીઆ તો નહીં પણ વૃદ્ધ પિતાને માટે ભારરૂપ બની રહી છે. ત્રીજી એક ત્યક્તા હરિજનને પરણી પણ એ સમાજમાં સમાસ પામી શકી નહીં એટલે એ પણ એક દીકરાને લઈને પિયર આવી છે. પટેલ સમાજમાં મુસ્લિમ ને હરિજનના દીકરાઓ સાથે રહેતી ત્યક્તા કે સ્વેચ્છાપૂર્વક શ્વસુરપક્ષ છોડી આવેલીઓની શી દશા થાય તે કલ્પનાનો વિષય છે. માતાપિતા માટે હૈયાસગડી સમજો. આવા કુટુંબોની કન્યા કોઈ લે પણ નહીં ને કન્યા આપે પણ નહીં. પ્રણાલિકાવાદ સમાજ એમને વર્ણસંકર ગણે ને નફરત કરે.

મારા એવા કેટલાક 'વધારીઆ મિત્રો' પણ છે જેની પાસે પોતાનો યોગક્ષેમ નિભાવવા માટે પર્યાપ્ત ધન હોય છે પણ સાંસારિક માયાની ઘેલછા કે અતિરેકમાં દુ:ખી થતા હોય છે. દાખલા તરીકે અમારા દીનુભાઈ. એમનો પોતાનો દશેક લાખનો ફ્લેટ ને સાતેક લાખની રોકડ છે પણ ચાલીસનો દીકરો કશું જ કરતો નથી ને મફતલાલની માફક માથે પડચો રહે છે. પુત્રવધૂ કર્કશા છે પણ એમને એક બારેક સાલનો પૌત્ર છે એટલે દીનુભાઈ પૌત્રનો વિચાર કરીને સાત લાખનું જે કંઈ વ્યાજ આવે છે તે માથે પડેલા કપૂતને આપે છે ને પોતે મહિને સાતસો રૂપિયા આપીને બીજા કો'ક શહેરના વૃદ્ધાશ્રમમાં વસે છે! આમ છતાં પુત્રને પિતાના કષ્ટ કે ત્યાગની કશી જ કિંમત નથી. કેવળ પૌત્રને મળવા દીનુભાઈ મહિનેમાસે આવી જતા હોય છે. દાદાની આવી અવદશા જોઈને પૌત્ર દુ:ખી થાય છે પણ આ ઉમરે એ પણ શું કરી શકે? પુત્રની અપેક્ષાઓમાં ઉપેક્ષાઓ છે જ્યારે પૌત્ર ને દાદાના સંબંધમાં કેવળ ઉભરાતું વાત્સલ્ય છે.

આ વધારીઆઓનો ખ્યાલ મને તો સિત્તેર વર્ષ પૂર્વે આવી ગયેલો. મારા એક પરિચિત વડીલને ત્યાં ત્યારે ત્રણ દીકરા હતા. એક ડૉક્ટર, બીજો વકીલ, ત્રીજો અમદાવાદ મ્યુનિસિ-પાલિટીમાં અધિકારી. ત્રણેય પરણેલા-પાંગરેલા ને સ્વતંત્ર જીવન જીવનારા. મારા એ વડીલનાં શ્રીમતીજીનું અવસાન થયું એટલે ડોસા એકલા પડ્યા. એકલતા ને રિક્તતાથી સોરાય પણ ત્રણમાંથી એક્કેય દીકરો એમને રાખવા તૈયાર નહીં. વડીલોપાર્જિત મિલ્કત લેવા સદાય તત્પર. આખરે ત્રણેય દીકરાઓએ ભેગા મળી તોડ કાઢ્યો. ડોસા ચચ્ચાર માસ દરેક દીકરાને ઘરે રહે પણ બારેમાસ રાખવા એક્કેય તૈયાર નહીં. તે વખતના નાટકોમાં ક્વચિત્ આ વિષય આવતો. આજથી સવા છ દાયકા પૂર્વેના ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ હીરાલાલ એલ. કાઝીએ એમના એક પુસ્તક 'જીવનના પલટાતા રંગ' (સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય)માં

આ સંબંધે કેટલાક ગીતો ઉધ્ધૃત કર્યાં છે.

કેવી ગંભીર કરુણાની વાત છે કે પુત્રનો જમાનો એના પિતાના નજીકના નજીક જમાનાને પણ ઓળખી શકતો નથી અને પછી ઘણીબધી બાબતોમાં સોરાબ-રૂસ્તમી ચાલ્યા કરે છે ને બંનેય પેઢીઓ દુઃખી થાય છે. આજે તો 'મર્સી કિલીંગ' જો કાયદેસર કરી શકાતું હોય તો તન-મન-ધનથી થાકેલાં ત્રસ્ત જૈફો, આના કરતાં અન્ય ગમે તેવા કાલ્પનિક નર્કમાં પણ જવા તૈયાર થાય. આમેય, અનેક કારણોસર, રાષ્ટ્રીય આયુષ્યનો આંક ઠીકઠીક વધ્યો છે એટલે વૃદ્ધત્વની એકલતાની ને રિક્તતાની તકલીફો ઉત્તરોત્તર વધવાની જ. આ પ્રશ્ન ભારત પૂરતો જ સીમિત નથી., વિશ્વના આગળ પડતા, પ્રગતિશીલ દેશોની પણ આવી જ બલ્કે આથીય ગંભીર સ્થિતિ છે; કેમ જે હજી ભલે છિન્નભિન્ન સ્થિતિમાં પણ ભારતમાં ક્યાંક ક્યાંક સંયુક્ત કુટુંબની સંસ્થા ડૂસકાં ખાતી પણ જીવે છે. સાચી વાત તો એ છે કે ગૃહ અને દ્રવ્યની છતસગવડવાળા વધારીઆઓએ જ્યાં લગી તેઓ આ દુનિયાને અલવિદા કહી સિધાવે નહીં ત્યાં સુધી પોતાની બચત ને સાધન-સગવડનો પોતાના સુખ-સ્વાસ્થ્ય માટે વિવેક પૂર્વક ઉપયોગ કરવો જોઈએ ને ખુમારીપૂર્વક જીવન જીવવું જોઈએ; એમના અવસાન બાદ જે થવાનું હોય તે થાય પણ જીવતેજીવત 'વધારીઆ'ના મહેણામાંથી બચે.

✱✱✱

૨૨/૨, અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૭.

# શ્રીમદ્‌ના મુમુક્ષુઓમાં (જૈનેતર દૃષ્ટિએ) આજે પણ 'સર્વસંગ પરિત્યાગી' છે જ!

❑ મલુકચંદ રતિલાલ શાહ

*(તા. ૧૬-૧૧-૨૦૦૬ના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં પ્રગટ થયેલ લેખ 'શ્રીમદ્‌ના મુમુક્ષુઓમાં આજસુધી કેમ કોઈ 'સર્વસંગ પરિત્યાગી' નહિ ?'ના અનુસંધાનમાં વિશેષ)*

તા. ૧૬-૧૧ના લેખમાં જે ચિંતન છે તે જૈન ધર્મસંપ્રદાયને લક્ષમાં રાખીને જ છે તેથી જૈન મુનિ-દીક્ષાના યથાર્થ આચાર વિના કોઈ 'સર્વસંગ પરિત્યાગી' બની શકે નહીં એમ વિધાન કરેલ છે.

પરંતુ શ્રીમદ્‌ના જૈન કે અજૈન મુમુક્ષુ જૈનેતર દૃષ્ટિના સર્વસંગ પરિત્યાગી બની જ શકે છે અને આજે પણ તેવા મુમુક્ષુઓ છે જ.

આ વિરોધને સમજવા આપણે જૈન ઉપાશ્રય અને આશ્રમસંસ્થા કે સંત આશ્રમ વિષે સમજવું જરૂરી બનશે.

આજના બદલાયેલા યુગમાં ધર્મારાધના માટેની બે મુખ્ય ધારાઓ જોવા મળે છે: (૧) ધર્મસંપ્રદાયના સ્થાનક-જેમ કે જૈન ઉપાશ્રય, હિન્દુ મંદિર વિગેરે (૨) સંપ્રદાયવાદથી રહિત ધાર્મિક આશ્રમસંસ્થા કે સંત આશ્રમ.

શ્રીમદ્‌જીના કેટલાક સમર્થ મુમુક્ષુઓ 'આશ્રમ'પ્રકારની સંસ્થાઓ નિર્માણ કરીને, મોક્ષના લક્ષે સ્વપર કલ્યાણની સાધના-પ્રવૃત્તિઓ કરતા હોય છે. આ માટે પોતે બ્રહ્મચર્ય-અપરિગ્રહ જેવા વ્રતોવાળા ત્યાગી જીવનને અંગીકાર કરેલ હોય છે તેથી તેમના ઉપદેશ અને આચાર-ચારિત્ર્યથી પ્રભાવિત થઈ, તેમના આશ્રમમાં અનેક મુમુક્ષુઓ સાધના માટે પ્રવેશ મેળવે છે. આશ્રમના સ્થાપક સંતની નિરંતર વધતી જતી ચારિત્ર્યપ્રતિભાથી પ્રભાવિત થઈને આશ્રમમાં સ્થિર રહેનાર સાધકોની સંખ્યા વધતી જ જાય છે. તેમાં સંતના પત્ની-પુત્ર, ભાઈ, બહેન વિગેરે કુટુંબીઓ પણ આશ્રમમાં નિવાસ મેળવે છે. પરંતુ આવા આશ્રમોમાં કોઈ સગપણ સંબંધ હોતા નથી; સંતો સાથે અને પરસ્પર સહુનો સહુ સાથે સાધર્મી ભાઈ-બહેનનો નિર્મળ સંબંધ હોય છે.

આવી સંસ્થા કે સંત આશ્રમનું ઉદાહરણ આપવું હોય તો અમદાવાદ નજીક કોબામાં આવેલ પૂ. આત્માનંદજીએ સ્થાપેલ 'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર'નો નિર્દેશ કરી શકાય. અથવા એમ કહીએ કે ઉપરનું વર્ણન કોબાના એ સાધના કેન્દ્રનું જ છે. ખૂદ શ્રીમદ્ રાજચંદ્રજી પણ બાહ્ય રીતે તો સર્વસંગ પરિત્યાગી નહોતા બની શક્યા તેમ છતાં 'મુમુક્ષુઓના નેત્ર મહાત્માને ઓળખી લે'-એવા શ્રીમદ્‌જીના સુભાષિત મુજબ, તેઓ જનતાના હૃદયમાં 'સર્વસંગ પરિત્યાગી' જેટલા જ પૂજ્ય-પ્રતિષ્ઠિત બન્યા હતા. તે જ રીતે શ્રી આત્માનંદજી પણ બાહ્ય રીતે સર્વસંગ પરિત્યાગી ન હોવા છતાં તેમના અંતરંગ ત્યાગની સંતપ્રતિભાથી સાથેના આશ્રમવાસીઓ તેમ જ દેશ-વિદેશમાં વસતા તેમના અનુરાગીઓ, શ્રી આત્માનંદજીને તેઓ સર્વસંગ પરિત્યાગી જ હોય એવી કક્ષાનો આદર કે પૂજ્યભાવ વ્યક્ત કરે છે. અને એ એટલા માટે ઉચિત છે કે સંત પોતે પણ આત્મકલ્યાણ ઉપરાંત લોકકલ્યાણની પ્રવૃત્તિઓમાં પણ રત રહેવા છતાં, તેમનું મુખ્ય લક્ષ તો અસંગ-સર્વસંગ પરિત્યાગી થવાનું જ છે.

-તો આ રીતે 'શ્રીમદ્‌ના મુમુક્ષુઓમાં આજે પણ 'સર્વસંગ પરિત્યાગી' છે જ'-એના ઉદાહરણ કે પૂરાવા રૂપે ઉપર મુજબ પૂ. શ્રી આત્માનંદજીનું નામ આપી શકાય.

આ ઉપરાંત ભારતમાં કે વિદેશોમાં આવા પ્રકારની કેટલીક સંસ્થાઓ કે સંત આશ્રમો અસ્તિત્વમાં છે જ પણ તેની વધુ વિગતો અત્રે અપ્રસ્તુત છે.

આવી સંસ્થા કે શ્રીમદ્ આશ્રમો સંપ્રદાયવાદથી મુક્ત કે દૂર રહેવા સ્થાપેલા હોય છે; છતાં તેનો પોતાનો સંપ્રદાય બની રહે છે-એવો જીવનો સ્વભાવ છે તેથી ખૂદ શ્રીમદ્‌ને કહેવું પડ્યું કે 'ભૂલશો નહિ; હું કોઈ ગચ્છમાં (સંપ્રદાયમાં) નથી પણ આત્મામાં છું!'

✱✱✱

૩/૮, વર્ધમાન કૃપા સોસાયટી, સોલા રોડ,
અમદાવાદ-૩૮૦૦૬૧.

# 'કાયા નગરીની કર્મ કહાની'

❑ ડૉ. કવિન શાહ

કવિઓ કાવ્ય સર્જન કરે છે. પણ સહૃદયી ભાવકો કાવ્યનો આસ્વાદ કરે છે. ગદ્ય કરતાં પદ્ય રચના આત્મસાત્ કરવી કઠિન છે. તેમાં પણ રૂપક કાવ્યનો અર્થ સમજવો અત્યંત કઠિન કાર્ય છે. કાવ્યમાં માત્ર શબ્દોની વ્યવસ્થા નથી પણ શબ્દમાં રહેલો વિશિષ્ટ અર્થ સમજાય ત્યારે ઉચ્ચ કોટિના કાવ્યાનંદની અનુભૂતિ થાય છે.

જૈન સાહિત્યમાં સલોકો સંજ્ઞાવાળી રચનાઓ તીર્થંકર મહાપુરુષો અને જૈન દર્શનના વિષયોની પ્રાપ્ત થાય છે. કવિ દેવચંદે વિવેક વિલાસના સલોકોની રૂપકાત્મક કાવ્ય શૈલીમાં રચના કરી જૈન દર્શનના તાત્ત્વિક વિચારોનો મિતાક્ષરી ઉલ્લેખ કર્યો છે.

કવિની કલ્પનાશક્તિની સાથે રૂપક યોજનાની શક્તિ કવિ પ્રતિભાનો લાક્ષણિક પરિચય કરાવે છે. ૮૪ લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરતો આત્મા મુક્તિના શાશ્વત સુખને મેળવવા માટે ક્યારે સમર્થ બને તે વિશેના જૈન દર્શનના વિચારો કાવ્યમાં કેન્દ્રસ્થાને છે. આ અંગેની રસપ્રદ માહિતી નીચે પ્રમાણે છે.

મધ્યકાલીન કાવ્ય પરંપરાનુસાર સરસ્વતી, ઇષ્ટદેવ અને ગુરુની સ્તુતીથી કાવ્યરંભ થાય છે.

*સરસતી માતા તુમ પાયે લાગી, દેવ, ગુરુ તણી આજ્ઞા માગી,*
*કાયાનગરીનો કહું સલોકો, એકચિત્તે સાંભળજો, લોકો ।।૧।।*

સલોકોનું શીર્ષક વિવેક વિલાસ છે પણ તેના અંત:સ્તલમાં કાયાનગરીના રૂપકાત્મક વિચારો નિહિત છે એટલે પ્રથમ કડીમાં વિષયનો ઉલ્લેખ કરી 'કાયાનગરી' પ્રત્યે વાચક વર્ગનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

રચના સમયનો, કવિ નામનો સાંકેતિક નિર્દેશની માહિતી આપતી પંક્તિઓ નીચે મુજબ છે :

*ઓગસેં ત્રણનો માગશર માસ, શુક્લ પક્ષનો દિવસ ખાસ,*
*તિથિ તેરસ મંગળવાર, કર્યો સલોકો બુદ્ધિ પ્રકાર. ।।૮૯।।*
*શહેર ગુજરાત રેવાશી જાણો, વીશા શ્રીરમાળી નાત પરિમાણો,*
*વાઘેશ્વરીની પોળમાં રહે છે, જેહવું છે તેવું સુરશશી કહે છે. ।।૯૦।।*

કાયાનગરીના રૂપકાત્મક વિચારો સલોકોને આધારે નીચે પ્રમાણે છે:

કાયાનગરીમાં ઘણા વેપારીઓ છે. તેમાં **દશ** દીવાન છે. પાન, અપાન, ઉદાન, સમાન, ધ્યાન, નાગ, ધનંજય, દેવદત્ત, કુરકમ, કુરલ.

પાંચ ઇન્દ્રિયો મન, વચન અને કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એમ **દશ** પ્રાણ છે.

કાયામાં પાંચ તત્ત્વ છે. જળ, પૃથ્વી, વાયુ, આકાશ અને તેજ. (પંચમહાભૂતનું શરીર) આ પાંચ પટોધર કાયાની શોભા સમાન છે. આ પાંચના પાંચ જમાદાર છે જે કંઈ ખાતા પીતા નથી છતાં કાયાનું રક્ષણ કરે છે.

**જળતત્ત્વ** : લોહી, પિત્ત, કફ, વિર્ય, પસીનો (પ્રસ્વેદ).
**પૃથ્વીતત્ત્વ** : ચામ, હાડકાં, માંસ, રૂંવાટાં, નસો.
**તેજતત્ત્વ** : ઊંઘ, આળસ, તૃષા, ભૂખ, કાંતિ.
**વાયુતત્ત્વ** : બળ, પ્રસન્ન, ધાયની, હીંચણી, સંકોચણ.
**આકાશતત્ત્વ** : સત્ય, જુઠ, લોભ, મોહ, અહંકાર.

કાયાનગરીમાં **મનરૂપી** રાજા પચરંગી બંગલામાં દશ દરવાજા છે ત્યાં અનેક આશાઓ રાખીને રાજ કરે છે. મનરાજા એવા તો બળવાન છે કે શક્તિશાળી ઇન્દ્ર પણ એની સામે પરાજય પામે છે. મોટા મૂછાળા મર્દનું પણ કંઈ ચાલી શકતું નથી એવો બળવાન મનરાજા છે. આ રાજાને પ્રવૃત્તિ અને નિવૃત્તિ નામની બે રાણી છે. પ્રવૃત્તિ માનીતી અને નિવૃત્તિ અણમાનીતી છે. રાજા પ્રવૃત્તિ રાણી સાથે રહે છે. નિવૃત્તિ રાણીને ત્યાં જતો નથી. કવિએ પ્રવૃત્તિ રાણીના પરિવાર વિષે કલ્પના કરતાં જણાવ્યું છે કે

*પ્રવૃત્તિ સાથે રાજા રમે છે; નિશ દિન રાણી મનમાં ગમે છે,*
*રાણીને ઝાઝી રાજાથી માયા, એમ કરતાં પાંચ દીકરા જાયા ।।૧૬ ।।*
*તે ઉપર એક બેટી ત્યાં જાણી, છ ફરજન જણ્યાં પ્રવૃત્તિ રાણી.*

રાજાએ પાંચ પુત્રોને મનગમતી રાણી પરણાવી અને એમને ત્યાં સંતાન થયાં. **પાંચ દીકરા** : મોહ, કામ, ક્રોધ, લોભ,માન, અને **આશા** નામની દીકરી છે. આ પાંચ ભાઈ અને બહેન એમ છનો પરિવાર થયો.

મોટો દીકરો **મોહ** છે તેને **કુમતિ** નારી છે. એમના પાંચ દીકરા અને એક દીકરી છે. અચેત, અજ્ઞાન, શોક, ધોખ, પરદ્રોહ, અને મિથ્યા કુંવરી.

**કામ** એ મોહનો નાનો ભાઈ છે તેણે 'રતિ' રાણી સાથે લગ્ન કર્યાં છે. તેના **પાંચ** દીકરા મદ, મત્સર, ઉન્માદ, અંધક, હિંસા અને વિષયા નામની 'બહેન' છે.

ત્રીજો **ક્રોધ** પુત્ર છે. તેની સ્ત્રી હિંસા છે. તેના પાંચ દીકરા કુવચન, અહંકાર, ઇર્ષ્યા, મમતા, રિસામણ, અને અધ્યા બહેન છે.

ચોથો પુત્ર **લોભ** છે. તેની સ્ત્રી તૃષ્ણા છે. તેના પાંચ દીકરા લાલચ, ચાહ, પ્રાહ, અચેત, સ્વાર્થ અને બહેન મમતા છે.

પાંચમો પુત્ર **માન** છે. તેના પાંચ દીકરા પાખંડ, પ્રપંચ, અશુદ્ધ, ધૂર્ત, કુબુદ્ધિ અને ભ્રમણા બહેન છે.

આ રીતે પ્રવૃત્તિ રાણીનો પરિવાર ૪૧ જણાનો છે. પ્રવૃત્તિ રાણી દીકરા-દીકરીના પરિવારને નિહાળે છે. કવિના શબ્દો છે.

*એકતાલી જણનું હેત જ એહવું, સરવે જગતને વખાણ્યું જેહવું,*
*રાણી પ્રવૃત્તિ સરવેને જોતી, કુંવરી આશા છે પિયર પનોતી ।।૨૯।।*

એક દિવસ રાજા નિવૃત્તિ રાણીને ત્યાં ગયો અને અહીં શાંતિ મળે

છે એમ વિચારવા લાગ્યો.

નિવૃત્તિ રાણીના પરિવારની માહિતી નીચે મુજબ છે.

**નિવૃત્તિના પાંચ** દીકરા દાન, પુણ્ય, વિવેક, શિયળ, વૈરાગ્ય, અને અણઆશા નામની દીકરી છે.

*'જે કોઈ અણઆશા કુંવરીને વરિયા, તે તો ભવસાગર ક્ષણમાં તરિયા.'*

અણઆશા કુંવરી પિયરમાં રહીને ભાઈઓની આબરૂ સાચવે છે. અને પતિવ્રતા ધર્મનું પાલન કરે છે.

અણઆશા કુંવરીના પરિવારની માહિતી જોઈએ તો–

**વિવેક** રાજા ને સુમતિ રાણી છે. તેને પાંચ દીકરા અને એક દીકરી; અનુક્રમે જ્ઞાન, સચિત્ત, ભાવ, પ્રકાશ, નીતિ અને શ્રદ્ધા દીકરી.

બીજો દીકરો **વિચાર** છે તેને સુબુદ્ધિ રાણી છે. તેના પાંચ દીકરા અકલ, અકામ, ઉદાસ, સંતોષ, શુચિ, સુકૃત. દીકરી મુક્તિલક્ષ્મી છે.

ત્રીજો દીકરો **શીલ** છે. તેની રાણી ક્ષમા છે. તેના પાંચ દીકરા વિનય, સહન, દયા, ગંભીર, મુનિ અને દીનતા દીકરી છે.

ચોથો દીકરો **સંતોષ** છે. તેને શાંતિ રાણી છે. તેના પાંચ દીકરા સત્ય, ધીરજ, વિશ્વાસ, નિ:સંદેહ અને કરુણાવંત. દીકરી **સુખી** નામની છે.

પાંચમો દીકરો **વૈરાગ્ય** છે. તેને **વિદ્યા** નામની રાણી છે. તેના પાંચ દીકરા શમ, દમ, સંયમ, ઉદાસ અને વિરક્ત. અને સરસ્વતી નામની દીકરી છે.

આ રીતે **નિવૃત્તિ** રાણીનો પરિવાર ૪૧નો છે.

કવિના શબ્દો છે :

*એ સહુ પરિવાર નિવૃત્તિ કેરો, સ્ત્રી પુરુષનો રંગ ભલેરો,*
*એહવું કુટુંબ કહાવે જેહને, પારંગત થાય વાર શી જેહને //૪૮//*

નિવૃત્તિ અને પ્રવૃત્તિનો પરિવાર ૪૧+૪૧ એટલે ૮૨નો થયો છે.

*બંને શોક્યો ને તીસરો રાજા, સુખ ભોગવે રહે નિત્ય તાજા,*
*પંચ્યાશી જન જગતમાં રહે છે, કાયાનગરીમાં એકઠા રહે છે //૫//*

સમય વીતી જતાં પ્રવૃત્તિ શોક્યએ નિવૃત્તિ સામે આક્રમણ કર્યું. લડાઈ શરૂ કરી.

પ્રવૃત્તિનો પરિવાર નિવૃત્તિના પરિવાર સામે લડવા માંડ્યો. **મનરૂપી** દાદા પ્રવૃત્તિ સાથે ગયા.કવિ કહે છે કે :

'સહુનો ઇસ્ટ છે આતમરામ, સાક્ષી રહીને જુએ છે ઠામ.'

આતમરામ કહે છે કે માનીતીને ઘેર જવું નથી. અને અણમાનીતીની સામે થવું યોગ્ય છે.

માનીતીનો પરિવાર અણમાનીતી ઉપર યુદ્ધ કરે છે તેનું વીર અને રૌદ્રરસમાં નિરૂપણ કરતાં કવિ જણાવે છે કે :

*રણસંગ્રામ રોપ્યો છે ભાઈ, કેવી થાય છે જુઓ લડાઈ,*
*માનીતી કેરી તરફ મન જ ચડીયા, તત્ક્ષણ આવી મોરચે અડીયા //૫૮//*
*વિવેક વિચાર ઊભા છે ભાઈ, આતમરામે કીધી ચડાઈ*
*ચડી મોરચા આગળ આવે, તોપો નાલો ને બંદુકો લાવે //૫૯//*
*મન મહા બળીયો જોવો કહેવાય, જેહનો તાપ તો નવિ સહેવાય,*
*મન રાજાએ તોપ હલાવી, આતમારામ ઉપર ચલાવી //૬૦//*
*છૂટે ગોળા ને ભડાકા થાય, કાયર કેરા તો ઠરે નહીં પાય,*
*ભાલા, બરછી ને કબાણતીર જાળવી લે છે આતમરામ વીર //૬૧//*
*ખાંડા ખંજરના ઘાવ કરે છે, આતમારામ પટે રમે છે,*
*ધોબ ખપુવા ને કટારા ઘાવ, આતમારામ જાળવે દાવ //૬૨//*
*પાછે રોજઇ આગેરો આવે, આતમા ઉપર ઘાવ ચલાવે,*
*ન વાગે તીર, ન વાગે ગોળી, ફરીથી આવ્યો, બરછી જ તોળી //૬૩//*

(વિવેક વિલાસ)

એક પછી એક જોરદાર હુમલો કરવામાં આવે છે છતાં આતમરામ તો ધીરજ રાખે છે. કવિએ આ યુદ્ધમાં નિવૃત્તિના પરિવારનો રૂપકાત્મક પરિચય આપીને નિવૃત્તિનો વિજય જય જયકાર દર્શાવ્યો છે. પ્રતિકાર કરવા માટે **જ્ઞાન** ગુપ્તી, **ક્ષમા** ખંજર, મન યોદ્ધાનું કશું ચાલતું નથી. યુદ્ધની ભયંકરતા દર્શાવતી કવિની પંક્તિઓ જોઈએ તો–

*ઘણું ઘમશાન ચાલી લડાઈ, સામાસામી ત્યાં આફલે ભાઈ,*
*સ્ત્રીએ સ્ત્રીને બેટીયે બેટી પહેરયાં બખતર જુલમ પેટી //૭૨//*
*સામાસામી તિહાં કડાકા થાય, જુદ્ધનો વરણવા કહ્યા નવ જાય,*
*અન્યોઅન્યથી બળીયા બહુશુર, જેવું સાયરનું ચડતું પુર//૭૩//*

(વિવેક વિલાસ)

અજ્ઞાન સામે કુજ્ઞાન, કુમતિ સામે સુમતિ આવી, અચેતનની સામે ચેતના, હિંસા સામે સંયમ, ક્ષમા નિર્દય સામે દયા, અહંકાર સામે માફી, પ્રપંચ સામે શમદમ, અણઆશા કુંવરી સામે આશા, લોભ સામે સંતોષ, દંભ સામે વૈરાગ્ય,પાખંડ સામે ન્યાય, અશુદ્ધ સામે શુદ્ધ–આ પ્રમાણે નિવૃત્તિના પરિવારે પ્રવૃત્તિના પરિવારનો સામનો કરીને સખત પરાજય આપ્યો. પ્રવૃત્તિ અને નિવૃત્તિની લડાઈમાં નિવૃત્તિનો ઝળહળતો વિજય થયો. કવિ કહે છે કે અણમાનીતીના પરિવારે (નિવૃત્તિ) માનીતીના પરિવારને દાવાનળમાં બાળીને ખાખ કરી નાખ્યો. દેવો મનુષ્ય જન્મ માંગે છે. મનુષ્ય જન્મ પ્રવૃત્તિ માટે નથી નિવૃત્તિ માટે છે; એટલે પ્રવૃત્તિ સામે લડવા નિવૃત્તિ પાસે જ રહેવાનો સંકલ્પ કરવો જોઈએ.

કવિના શબ્દો છે :

*આખર જીત તો નિવૃત્તિ કેરી, જેહની પ્રજા છે અતિ ભલેરી,*
*પ્રવૃત્તિ સુતને જેણે જે જીપ્યો, ભવસાગર માંહે કદી નહીં છીપ્યો//૮૪//*

કવિ સલોકને અંતે જણાવે છે કે :

શેષ સરસ્વતી પાર ન પામે, તો કવિની બુદ્ધિ કેમ કરી ગાવે,
પૂરો સલોકો કીધો આ ઠામ, હવે કહું છું કવિનું નામ ।। ૯૮।।

અભિવ્યક્તિથી સલોકો રચના કાવ્ય કૃતિની સાથે તત્ત્વદર્શનની માહિતી આપીને આત્મજાગૃતિ અને ઉદ્ધાર માટે માર્ગદર્શક જીવન પાથેય પૂરું પાડે છે. સલોકોના વિચારોનું ચિંતન કરવામાં આવે તો આત્માને જીવનના સન્માર્ગ પ્રતિ પુરુષાર્થ કરવા માટેનો પરોક્ષ રીતે બોધ મળે છે. જ્ઞાનમાર્ગની આ રચના અત્યંત નોંધપાત્ર છે.

✱✱✱

૧૦૩-સી બિલ્ડિંગ, જીવનજ્યોત એપાર્ટમેન્ટ,
વખારીયા બંદર રોડ, બીલીમોરા-૩૯૩ ૬૨૧

# દુર્જન-સજ્જનની મનોવૃત્તિને સચોટ સમજાવતી સોય

**❑ પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મ.**

સંસ્કૃત ભાષાના સુભાષિત-સર્જક ઋષિમુનિઓ પાસે માત્ર અનુભવોનો વિશાળ ભંડાર જ હતો એમ નથી. આ સિવાય એની રજૂઆત કરવાની કળા, રજૂઆતના સમર્થન માટેની ઉપમાઓ અને દૃષ્ટાંતોનો એમનો અખૂટ ખજાનો ભલભલાને ચક્તિ કરનારો હતો. જેની પ્રતીતિ આજે હજારો વર્ષો પછી પણ એ સુભાષિત કરાવી રહ્યા છે. એમાંનું જ એક સુભાષિત દુર્જન અને સજ્જનની મનોવૃત્તિ અને પ્રવૃત્તિ કેવી હોય છે, એની જે સચોટ સમજાવટ રજૂ કરે છે, એની જોડ જડવી મુશ્કેલ છે.

સુભાષિત કહે છે કે, દુર્જન અને સજ્જનની મનોવૃત્તિ સોયના બે છેડા જેવી હોય છે. સોયનો એક ગુણરહિત (દોરા વિનાનો) છેડો વસ્ત્રમાં કાણું પાડે છે, જ્યારે સોયનોગુણવાન (દોરાસહિત) છેડો એ છિદ્રને સાંધવાનું કામ કરતો હોય છે. કેવી અદ્‌ભુત છે આ ઉપમા ! થોડા જ શબ્દોમાં અર્થનો વિરાટ વિસ્તાર રજૂ કરવાની કેવી ભાષા-પ્રભુતા આમાં ઝળહળે છે ! સુભાષિતે 'ગુણવાન' શબ્દ ખૂબ અગત્યનો વાપર્યો છે. 'ગુણ'નો એક અર્થ દોરો થાય, એક અર્થ ગુણ એટલે સારું આચરણ થાય. એથી આ સુભાષિતનો ભાવાર્થ એવો નીકળે કે, સોયનો એક છેડો છિદ્ર પાડે છે, બીજો ગુણવાન દોરાવાળો છેડો એ છિદ્રને સાંધી દેવાનું કાર્ય કરે છે. આમ દુર્જન છિદ્ર પાડે છે, જ્યારે ગુણવાન સજ્જન એ છિદ્રને સાંધી દે છે.

સોયના જ બે છેડા છે : જેમાં એક ગુણ– દોરા રહિત છે, બીજો ગુણવાન–દોરાવાળો છે. ગુણરહિત છેડો છિદ્ર પાડવાનું કાર્ય કરે છે, જ્યારે ગુણસહિત છેડો એને સાંધવાનું કર્તવ્ય અદા કરે છે. સોયના જ અંશભૂત ગણાતા બે છેડા હોવા છતાં જે ગુણવાન નથી, એને છિદ્રોજ પાડવામાં જ મજા આવે છે ; જ્યારે જે ગુણવાન છે, એ છિદ્રો પૂરવાનું કર્તવ્ય અદા કરતાં થાકતો જ નથી. એ ગુણવાન છે એથી પોતે તો ટકી રહે છે. દોરા સાથે સંલગ્ન હોવાથી એ પોતે તો ખોવાઈ જતો નથી, પણ છિદ્ર પાડનાર છેડાનેય એ ખોવાઈ જવા દેતો નથી.

સોયથી સંલગ્ન આ બે છેડાની જેમ સંસારમાંય દુર્જન-સજ્જનનું અસ્તિત્વ અનાદિકાળથી એકધાર્યું ચાલતું જ આવ્યું છે. દુર્જન કાપવામાં મજા માને છે, સજ્જનને સાંધવામાં રસ છે. સજ્જન ગુણવાન છે, માટે પોતે તો ટકી જ રહે છે ; પણ દુર્જન ઉપર આવતા આક્રમણોને મારી હઠાવવાનું કર્તવ્ય એ અદા કરતો હોય છે. દોરાવાળી સોય જ સુરક્ષિત રહી શકે, એમ સજ્જન ગુણવાળો હોવાના કારણે જ સુરક્ષિત રહી શકે છે. દોરાવાળો છેડો છિદ્ર પાડનાર છેડાનેય સુરક્ષિત રાખે છે. એમ વખત આવે દુર્જનની રક્ષા કરવામાં સજ્જન પાછો પડતો નથી.

દરજીના મસ્તક પર સ્થાન મેળવવાનું સૌભાગ્ય દોરાવાળી ગુણવાન સોયનું જ હોય છે. આ રીતે સૌને માટે શિરોધાર્ય બનવા સજ્જનો જ સૌભાગ્યશાળી બનતા હોય છે. દોરાવાળી સોય જ સાંધવાનું કર્તવ્ય અદા કરી શકે. ગુણવાળા સજ્જનો જ આ રીતે સાંધવાનું કાર્ય કરી શકે. સોયનું મૂલ્ય દોરાને આભારી છે. દોરો ન હોય, તો સોય પોતાનું કર્તવ્ય ભાગ્યે જ અદા કરી શકે. માણસે કર્તવ્યનિષ્ઠ બનવું હોય, તો આ જ રીતે એણે ગુણવાન બનવું જ જોઈએ.

દુર્જન-સજ્જનની મનોવૃત્તિ આ રીતે વિપરીત દિશા ધરાવે છે. એને બરાબર સમજવી અઘરી છે. છતાં આ સુભાષિતે એક સોયના માધ્યમે બંનેની મનોવૃત્તિનું જે હૂબહૂ શબ્દચિત્ર આપણી આંખ આગળ ખડું કર્યું છે, એ જરૂર અંતરમાં વસી જાય એવું છે. દુર્જને સજ્જન બનવું હોય તો, ગુણવાન બની જવું જોઈએ. સોયના છેડાએ સાંધવાનું કર્તવ્ય અદા કરવું હોય તો, જેમ દોરાવાળા બની જવું જોઈએ, બરાબર આ જ રીતે માણસ ગુણવાન બની રહે તો સાંધવાનું કર્તવ્ય અદા કરી શકે.

સોય અને માણસ બંને ગુણવાન બને, તો જ સ્વના સંરક્ષક અને પરના ઉપકારક બની શકે. સોય દોરા દ્વારા ગુણવાન બની શકે, માનવી સારા સારા આચાર-વિચાર દ્વારા ગુણવાન બની શકે. સુભાષિતે પ્રયોજેલો 'ગુણ' શબ્દ આ રીતે ખૂબ જ સાર્થક અને ચમત્કારી અર્થનો સર્જક છે. ગુણ એટલે દોરો અને ગુણ એટલે સદાચાર! ભક્ષત તત્ત્વોથી ભરપૂર આ સંસારમાં માણસ જો સ્વનો સંરક્ષક બનવા ઇચ્છતો હોય, પરના ઉપકારક બનવાની પણ એની ભાવના હોય, તો સૌ પ્રથમ એણે ગુણવાન બની જવું જ રહ્યું. ગુણનો એક અર્થ દોરો થાય છે. દોરાનો પર્યાયવાચી એક શબ્દ 'સૂત્ર-સૂતર' પણ છે. આમાંથી એવો અર્થ ધ્વનિત થઈ શકે છે કે, સંસારમાં જેને સોયની જેમ રખડવું–ખોવાઈ જવું ન હોય, એણે સૂત્રસહિત બનવું જોઈએ. સૂત્રસહિત બનવું એટલે સૂત્રો–આગમોના ઉપદેશ સહિત બનવું.

કહ્યું છે કે, જહા સૂઈ સસૂત્તા પડિયા વિ ન વિણસ્સઈ. જેમ દોરાવાળી સોય પડી જાય, તો ય ખોવાઈ જતી નથી, પણ તરત જ પાછી જડી જાય છે. આમ સૂત્રને સાથે રાખનારો માનવ સંસારમાં રખડતો જ નથી, કદાચ એનું સંસારમાં પતન થઈ પણ જાય, તોય એને ઊંચે આવતાં વાર લાગતી નથી.

દુર્જન–સજ્જનની વૃત્તિ–પ્રવૃત્તિને સમજાવતી ઘણી ઘણી ઉપમાઓ આપણે સાંભળી, વાંચી, જાણી હશે. પણ આ સુભાષિતે સોયના માધ્યમે દુર્જન–સજ્જનની જે પ્રતિકૃતિ આપણા અંતર સમક્ષ છતી કરી છે, એ તો કદાચ સર્વશ્રેષ્ઠ કહી શકાય એવી હશે, એમ કહેવામાં જરાય અતિશયોક્તિ જણાતી નથી!

✱✱✱

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનુંનામ : **ચૌદ મહાસ્વપ્ન ચિત્રાવલિ**
લેખક-સંપાદક : **પૂ. મુનિશ્રી હિતવિજયજી**
પ્રકાશક : સંઘવી અંબાલાલ રતનચંદ
C/o. બી.એ. શાહ ઍન્ડ બ્રધર્સ,
૭૬, ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.
કિંમત રૂા. ૧૦૦, પૃષ્ટ : ૪૬, આવૃત્તિ : દ્વિતીય.

મુનિશ્રી હિતવિજયજીએ આ પુસ્તકમાં પરમતારક શ્રી તીર્થંકર પરમાત્માની માતાએ જોયેલ ચૌદ મહાસ્વપ્નોને શાસ્ત્રીય વર્ણન અનુસાર શબ્દચિત્ર અને રેખાચિત્રો દ્વારા દર્શાવ્યા છે. ભાવકને આ ચૌદ મહાસ્વપ્નોનો સાક્ષાત્કાર કરાવવામાં પૂજ્યશ્રીની કલમ સફળ રહી છે; અને કલાકારે ચિત્રોમાં રંગ પૂરી તાદશ્યતા ઊભી કરી છે. આ રીતે આ પુસ્તકના ચિત્રો સજીવ અને મનોકાર્ષક બન્યા છે. સ્વપ્નશાસ્ત્ર વિષયક માહિતી અત્યંત રસપ્રદ છે.

આ પુસ્તકનું એક ખાસ આકર્ષણ પૂ. મુનિશ્રીએ આપેલ **વિશેષ નોંધ** છે. સ્વપ્ન-વર્ણન તથા અન્ય બોધક માહિતી પુસ્તકનું જમા પાસું છે. વાચકોએ અવશ્ય વસાવવા લાયક આ પુસ્તક છે.

x x x

પુસ્તકનુંનામ : **સામાયિક સૂત્રો અને ઉચ્ચાર વિચાર**
લેખક : **પૂ. મુનિશ્રી હિતવિજયજી મહારાજ**
પ્રકાશક : સંઘવી અંબાલાલ રતનચંદ
C/o. બી.એ. શાહ ઍન્ડ બ્રધર્સ,
૭૬, ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.
મૂલ્ય: સદુપયોગ, પૃષ્ટ : ૫૦, આવૃત્તિ : દ્વિતીય.

વર્તમાનકાળમાં શાળાઓમાં અને પાઠ-શાળાઓમાં ઉચ્ચારશાસ્ત્ર શીખવવાની બાબતમાં અત્યંત બેદરકારી સેવાય છે. ત્યારે પૂ. મુનિશ્રી લિખિત આ પુસ્તક દરેક જૈન શ્રાવકોનાં ઘરમાં અતિ ઉપયોગી થશે. ઉચ્ચારની અશુદ્ધિ જ્ઞાનાવરણીય કર્મનો બંધ કરાવે છે. આ પુસ્તકના વાંચન, મનન અને આચરણ દ્વારા સામાયિક સૂત્રના ઉચ્ચારની અશુદ્ધિ દૂર થશે. તે ઉપરાંત અર્થ અને સૂત્રને સાચી રીતે સમજવાનો બોધ પણ મુનિશ્રી આપે છે.

પુસ્તકના વાંચતાં પૂજ્યશ્રીએ ઝીણી ઝીણી બાબતોનો ખ્યાલ રાખી, અથાક પરિશ્રમ કર્યો છે તેની પ્રતીતિ થાય છે. પૂ. મુનિશ્રીએ પાઠ-શાળામાં અભ્યાસ કરતા બાળકો શુદ્ધિપૂર્વક સૂત્રોનો ઉચ્ચાર કરે તે માટે કરેલો આ પ્રયાસ અનુમોદનીય અને આદરણીય છે.

XXX

પુસ્તકનુંનામ : **સમજીને સુધારી લઈએ**
લેખક : **પૂ. મુનિશ્રી હિતવિજયજી મહારાજ**
પ્રકાશક : સંઘવી અંબાલાલ રતનચંદ
C/o. બી.એ. શાહ ઍન્ડ બ્રધર્સ,
૭૬, ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.
મૂલ્ય: રૂા. ૭૫/-, પૃષ્ટ : ૧૭૨, આવૃત્તિ : દ્વિતીય

માણસ એ જ કહેવાય છે જે ભૂલ કરે અને સાથે સાથે માણસ પણ એને જ કહેવાય જે પોતે કરેલી ભૂલોને સુધારે. સુધારે એટલું જ નહિ પણ સમજીને સુધારે. ભૂલ સમજાય એટલે એને સુધારવાનું સહેલું બને છે. આજે જીવનના દરેક ક્ષેત્રે ભૂલોની ભરમાર ચાલી રહી છે ત્યારે ધાર્મિક અને ભૌતિક ક્ષેત્રમાં પણ કંઈક એવી જ સ્થિતિ જોવા મળે છે. ધાર્મિક ક્ષેત્રે ચાલતી પ્રવૃત્તિઓમાં પ્રવેશેલી ભૂલોની ભરમાર અને અજ્ઞાનતા ધર્મને સાચી રીતે પ્રકટ થવા દેતાં નથી.

પૂ. મુનિશ્રીએ ધાર્મિક ક્ષેત્રે તથા વ્યવહારિક ક્ષેત્રે અનેક પ્રકારની ભૂલભરેલી બાબતોને કેવી રીતે સુધારી શકાય તેનો પરિચય આ પુસ્તકના ચાર-પાંચ પાનાના એવા ચાળીસ લેખોમાં આપ્યો છે. સાદી અને સરળ ભાષામાં જન સામાન્યને સમજાય તથા હૃદયને સ્પર્શી જાય એવી રસપ્રદ શૈલીમાં પૂ. મુનિશ્રીએ આ લેખોનું આલેખન કર્યું છે, એ તેમની ખાસ વિશિષ્ટતા છે. એમાં ખાસ કરીને સાધર્મિક ભક્તિ, રથયાત્રા, વેશપરિધાન, શિક્ષણ સંસ્કાર વગેરેમાં થતી નાની મોટી ભૂલોને સુધારવા માટેનું માર્ગદર્શન મળી રહે છે. સમજપૂર્વક કરેલો સુધારો વિધિની અશતનામાંથી બચાવે છે. આ પુસ્તકના બધા લેખો માત્ર જૈન સમાજ પૂરતા જ મર્યાદિત નથી. આ બધા નિબંધો સમસ્ત હિંદુ સમાજના અન્ય સંપ્રદાયો માટે પણ માર્ગદર્શનરૂપ બની રહે તેવા છે.

આ પ્રકારના ગ્રંથોની રચના કરીને પૂ. મુનિશ્રીએ જૈન તથા જૈનેતર સમાજ પર અનંત ઉપકાર કર્યો છે. પઠનીય, આચરણીય અને અનુ-મોદનીય આ ગ્રંથ વસાવવા જેવો અવશ્ય છે.

X X X

પુસ્તકનુંનામ : **ખલેલ**
લેખકનું નામ : **શ્રી ધીરેન શાહ**
પ્રકાશક : યોગ સાધક સેન્ટર,
બી/૧, મહાવીર, દેરાસર લેન,
ઘાટકોપર (પૂર્વ) મુંબઈ-૪૦૦ ૦૭૭.
મૂલ્ય: રૂા. ૫/- (પોસ્ટેજ રૂા.૫+૧),પૃષ્ટ : ૩૮.

'ખલેલ' પુસ્તિકા દ્વારા લેખકે જન સામાન્યને માંસાહાર, શાકાહાર, અન્નાહારનો તફાવત સમજાવી તે વિશે સાચી સમજ આપવાનો પ્રયાસ કર્યો છે. આ પુસ્તિકાની ખાસ વિશેષતા એ છે કે તે માત્ર જૈનોને જ નહીં પણ દરેક ધર્મના લોકોને ઉપયોગી થાય એવી છે. રોજબરોજના વપરાશના ઘણાં પદાર્થોની બનાવટમાં હિંસક પદ્ધતિ વપરાય છે. તેને અટકાવવા માટે પ્રજાને જાગૃત કરવાનું કામ આ પુસ્તિકા દ્વારા કરવાનો લેખકનો ઉદ્દેશ છે. પદાર્થોની બનાવટમાં થતી હિંસાની તસવીરો વાચકના હૃદયમાં કમકમા ઉપજાવે છે. બીજું આ પુસ્તિકામાં અહિંસક રીતે બનાવવામાં આવતા પદાર્થોની યાદી પણ આપવામાં આવી છે. આ પુસ્તિકા જૈનો તથા જૈનેતરોએ વાંચવા, વસાવવા અને અહિંસક જીવનશૈલી આચરવા માટે યોગ્ય છે.

x x x

પુસ્તકનુંનામ : **જૈન સજ્ઝાય અને મર્મ**
લેખક : **પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ**
પ્રકાશક : ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧
મૂલ્ય રૂા. ૬૦/- , પૃષ્ટ ૧૮+૧૪૨. આવૃત્તિ પહેલી

જૈન કાવ્ય સાહિત્યમાં સાધુભગવંતોને હાથે વિપુલ પ્રમાણમાં સર્જન થયું છે જે વિવિધ સ્વરૂપો જેવાં કે રાસા, બારમાસી, ફાગુ, સ્તવન, સજ્ઝાયો વગેરેમાં રચાયું છે. આ સર્વમાં સજ્ઝાય જ્ઞાનમાર્ગી કવિતાનો પ્રકાર છે. સજ્ઝાય એટલે 'સ્વાધ્યાય'. જૈન સાહિત્યમાં (મધ્યકાલીન તથા અર્વાચીન) અસંખ્ય સજ્ઝાયોની રચના થઈ છે. મુનિ વાત્સલ્યદીપ જૈન સંઘમાં તેજસ્વી ચિંતક, પ્રભાવક વક્તા અને ઉત્તમ સાહિત્યકાર તરીકે જાણીતા છે. આ પુસ્તકમાં પૂ. મુનિશ્રીએ મધ્યકાલીન જૈન સાહિત્યમાંથી પસંદ કરેલી ૫૦ સજ્ઝાયો અને તેનું રસદર્શન ગુજરાતી મધ્યકાલીન જૈન સજ્ઝાય સાહિત્યની રૂપરેખાનો પરિચય કરાવે છે. તે ઉપરાંત આ પુસ્તક પૂ. મુનિશ્રીની દાર્શનિક અને તાત્ત્વિક ગહનતા તથા આત્મોન્નતિની પ્રતીતિ પણ કરાવે છે. સાહિત્ય-પ્રેમીઓ તથા મુમુક્ષુને મોક્ષમાર્ગી બનવાની પ્રેરણા આપતું આ પુસ્તક વસાવવા જેવું છે.

✱✱✱

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩

**પંથે પંથે પાથેય...**
(અનુસંધાન પૃષ્ટ છેલ્લાથી ચાલુ)

હતાં. એમ થાય છે કે કુદરતને સમજવી ખૂબ મુશ્કેલ છે. અને પાપ-પુણ્યની વ્યાખ્યાઓ પણ અલગ અલગ સ્થળે અલગ અલગ છે. છેલ્લે એટલું જ પ્રાર્થું કે હે પ્રભુ તું સૌને સદ્‌મતી આપજે અને સૌના જીવનમાં આનંદ પ્રગટાવજે. કોઈ દુ:ખી ભૂખ્યું સૂવે નહીં એટલું કમસે કમ કરજે.

(૩)

## પુરુષાર્થ અને પ્રભુ પ્રાર્થના...

એક દિવસ ગાંડપણ ઉપડ્યું કે ધંધામાં જો હું સફળ થતો હોઉં તો મારે વધુમાં વધુ ધંધા કેમ ન કરવા. ધંધા વધુ હોય તો એની પિંજણ પણ ઘણી હોય અને દેખરેખ રાખવામાં ખૂબ જ સમય અને શક્તિનો ભોગ આપવો પડે. ધંધા વધ્યા તેમ પિંજણ પણ વધતી ગઈ. સમય અને શક્તિ પણ ખૂબ આપવા પડે જેને કારણે રોજ રાત્રિના દોઢ બે વાગતા. સંભવિત છે કે એને કારણે મગજ પર કોઈ બહુ મોટી અસર થઈ હશે. ત્યારબાદ એક દિવસ દુકાનમાં હું ફોનમાં વાત કરતો હતો અને ઓચિંતા કોઈ પણ જાતના ખ્યાલ વગર મારી મુઠ્ઠી ખુલી ગઈ ને ટેલિફોન નીચે પડ્યો. ફરી બે ત્રણ વાર એવું જ બન્યું. આ શું થાય છે ને કેમ બને છે; કાંઈ સમજાયું નહીં. પછી કોઈ સંબંધી મળવા આવ્યા ને હું કાઉન્ટર પાસે એમને મળવા ગયો. વાત કરતાં કરતાં જાણે મને એમ થયું કે મને સામેથી કોઈએ ધક્કો માર્યો ને હું મારી બાજુએ ચત્તો પાટ પડ્યો. બેઠો થયો. ઊભો થયો છતાં કંઈ સમજાયું નહીં કે આમ કેમ બન્યું. આવું ફરી બે ત્રણ વાર બન્યું. અંતે હું ડૉ. ભાવસાર પાસે ગયો. એણે બરોબર તપાસ્યો ને પછી કહ્યું કે બધું જ નોર્મલ છે છતાં આમ કેમ બને છે એ સમજાતું નથી. એટલે પછી Nuro-Surgeonને બતાવ્યું. એમણે પણ એજ કહ્યું કે બધું જ નોર્મલ છે છતાં આમ કેમ બને છે એ સમજાતું નથી. છેવટે નક્કી કર્યું કે બ્રીચકેન્ડી હૉસ્પિટલમાં દાખલ કરવા. મોટા ડૉક્ટરોની કૉન્ફરન્સ રાખી જોઈન્ટ ટ્રીટમેન્ટ કરવી. ખૂબ જ આશ્ચર્યની વાત એ છે કે કોઈ પણ ડૉક્ટર કશું પારખી શક્યો નહીં. જુદી જુદી દવાના અખતરા થતા હતા છતાં કોઈ જ ફરક પડતો ન હતો. ડૉક્ટરે અંતે કહ્યું કે આ રોગ કોઈ જુદી જ જાતનો છે એની દવા અમારા મેડિકલ સાયન્સમાં બની જ નથી. એટલે ઘરે લઈ જાઓ અને જ્યાં સુધી એમનું જીવન હશે ત્યાં સુધી જીવશે. દવા તમારે જે કરવી હોય તે કરી શકો છો. કોઈ પણ જાતની, કોઈ પણ પ્રકારની. છેવટે મને ઘરે લાવવામાં આવ્યો. હું સૂતો હતો ત્યારે મારો સાળો મારી ખબર પૂછવા આવ્યો. મારા દીકરા મનુને પૂછ્યું કે શું લાગે છે ને શું કરવા માંગો છો. મનુએ કહ્યું કે દર્દ તો પરખાતું નથી તો દવા પણ શું કરવી. હું ત્યારે આંખો મીંચીને પડી રહ્યો હતો. મારો દીકરો અને મારો સાળો એમ ધારતા હતા કે હું ઊંઘી ગયો છું. એટલે મનુએ મારા સાળાને કહ્યું કે ડૉક્ટરે બધી જ આશા છોડી દીધી છે એટલે અમેરિકા લઈ જવા સિવાય કોઈ રસ્તો નથી. હું ત્યારે સાંભળતો હતો. મને થયું કે મૃત્યુની ઘંટડી વાગી ગઈ છે ને કોઈ પણ ક્ષણે મારે અહીંથી પ્રયાણ કરવાનું છે. ત્યારે મારી આંખમાં આંસુ હતા ને ભગવાનને પ્રાર્થના કરતો હતો કે જીંદગીભર મેં ખૂબ મહેનત કરી છે. કુટુંબકબીલા માટે, દોલત કમાવા માટે, ઇજ્જત-આબરુ મેળવવા માટે જીંદગીનો બધો સમય મેં વાપરી કાઢ્યો છે. અને એમાં પ્રભુની દયાથી સારી એવી સફળતા મળી છે. પણ જેની મારા પર આટલી મોટી કૃપા વરસી, જેણે મને જીવનમાં બધી જ જાતનું સુખ આપ્યું; લાયકાત હોવા કે ન હોવા છતાં પણ, અને એને જ યાદ કરવાનું હું ભૂલી ગયો. એને માટે ક્યારેય કોઈ સમય ફાળવ્યો નહીં. જીંદગીમાં જે ઉત્તમ વસ્તુ મેળવવાની હતી તે ચૂકી ગયો ને ધનદોલત, સુખ-સમૃદ્ધિ મેળવવા પાછળ ભાગતો રહ્યો. મનમાં ખૂબ દુ:ખ હતું, આંખમાં આંસુ હતાં અને હૃદયમાં ખરો પશ્ચાતાપ હતો. મેં ઇશ્વરને પ્રાર્થના કરી કે હે પ્રભુ મને મોતનો કોઈ ડર નથી કે કોઈ ગભરામણ નથી અને આ દેહ ખરી પડે એનું કોઈ દુ:ખ નથી. દુ:ખ છે તો ફક્ત એક જ વાતનું અને તે એ કે મનુષ્યનો ભવ મળવા છતાંયે મેં તને યાદ ન કર્યો. ક્યારેય તારી ભક્તિ ન કરી કે ન તો તારી સેવા-પૂજામાં થોડો સમય ફાળવ્યો. જીંદગીનું ખરું કર્તવ્ય ચૂકી ગયો ને ક્ષણભંગુર ચીજો પાછળ ભટકતો રહ્યો. આજ પ્રભુ તારી પાસે ખરા હૃદયથી એટલું માંગું છું કે મને બે વર્ષનું Extention આપી દે, જેથી જે મેં ગુમાવ્યું છે તે પાછું મેળવું. બે વર્ષમાં હું તારી ભક્તિ કરી જીવનને સફળ બનાવીશ. એમ થાય છે કે આ બે વર્ષમાં તારી ખૂબ ભક્તિ કરું ને જાણતા-અજાણતા જે અશુભ કર્મો થયા હોય એની નિર્જરા કરું. દિલમાં ખૂબ દર્દ હતું. ખરા હૃદયની ભાવના હશે એટલે પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી. બીજે જ દિવસે સવારે ડૉ. ભાવસાર એક મેડિકલ પુસ્તક લઈ મારા પલંગની બાજુમાં બેઠા હતા. આંખ ખોલી જોયું તો ડૉ. ભાવસાર. ડૉ. ભાવસાર સાંતાક્રુઝ રહે અને બાર વાગે દવાખાને આવે એને બદલે સવારના પહોરમાં મારા બીછાનાની બાજુમાં જોઈ મને ખૂબ આશ્ચર્ય થયું. મેં એમને પૂછ્યું કે આટલા બધા વહેલા અહીં ક્યાંથી? તેમણે કહ્યું તમારી માંદગીને કારણે મારી ઊંઘ ઊડી ગઈ છે. એવું તો કેવું દરદ હશે જેની કોઈ દવા ન હોય અને જે પરખાય નહીં. એટલે મેડિકલ બુક્સ વાંચતો જ રહ્યો. એમાં એક જગ્યાએ A.C.T.H. ના ઇંજેક્શન આવી જાતના દરદમાં જ્યાં દરદ ન પરખાય પણ લક્ષણ આવા હોય ત્યાં આ દવા કામ લાગે છે. અને ક્યારેક તો એના રિઝલ્ટ એવા સુંદર આવે છે જાણે કોઈ ચમત્કાર થયો હોય! એટલે મને થયું કે આ ઇંજેક્શન તમારા પર ટ્રાય કરી જોઉં. મેં કહ્યું કે મને કોઈ વાંધો નથી પરંતુ મોટા ડૉક્ટરની અનુમતી લઈ પછી શરૂ કરશું જેથી મારે વધુ રીબાવું ન પડે. સાંજના ડૉક્ટર પાછા આવ્યા ને જણાવ્યું કે મેં ફોન કરી એમની સંમતિ લીધી છે ને તેમણે કહ્યું કે આ પ્રયોગ કરવામાં કોઈ નુકસાન નથી. ૪૦ ઇંજેક્શનનો કોર્સ હતો ને એ આપવાની શરૂઆત થઈ. પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી હોય કે કેમ મારી તબિયત એકદમ સુધરી ગઈ. જૂના બધા લક્ષણ ક્યાં ગયા ને ક્યારે ગયા એની ખબર જ ના રહી. ખરૂં કહું તો પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી ને ડૉ. ભાવસારને દેવરૂપે મારે ત્યાં મોકલ્યા. હું બચી ગયો ને ડૉક્ટરનો આભાર માન્યો. પ્રભુને કહ્યું કે તેં મારી પ્રાર્થના સાંભળી તે બદલ હું તારો ખૂબ આભારી છું ને જીવનમાં તને ક્યારેય નહીં ભૂલું.

***

રૉયલ કેમિસ્ટ, ૮૯-A, ક્વીન્સ ચેમ્બર્સ,
મહર્ષિ કર્વે રોડ, મુંબઈ-૨૦.

# જૈન પારિભાષિક શબ્દકોશ

☐ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ગતાંકથી આગળ)

૩૬૬ હીયમાન (અવધિ) જે અવધિજ્ઞાન ઉત્પત્તિના સમયે અધિક વિષયવાળું હોવા છતાં પણ પરિણામ શુદ્ધિ ઓછી થતામ ક્રમશઃ અલ્પઅલ્પ વિષયવાળું થઈ જાય છે.

जो अवधिज्ञान उत्पत्ति के समय अधिक विषयवाला होने पर भी परिणाम शुद्धि का लोप होने पर क्रमश: अल्प अल्प विषयवाला होनेवाला अवधिज्ञान।

Which covers more objects at the time of its generation but gradually comes to cover less and less of them as there is dimination in the spiritual purification of being concerned hiyamana

૩૬૭ હિંસાનુબંધી (ધ્યાન) ક્રૂર કે કઠોર ચિત્તવાળા આત્માનું હિંસા કરવાની વૃત્તિમાંથી ઉદ્‌ભવેલી સતત ચિંતા તે હિંસાનુબંધી રૌદ્રધ્યાન છે

क्रूर या कठोर चित्तवाले आत्मा की हिंसा करने की वृत्ति से उत्पन्न सतत चिंतन को हिंसानुबंधी रौद्रध्यान कहते हैं।

Cruelty or hardness of heart takes its rise from a endency to commmit violence and the constant reflection that proceeds in connection with them is called raudra-dhayan promoting violence.

૩૬૮ હાસ્યમોહનીય હાસ્ય પ્રકટાવનાર પ્રકૃતિવાળું કર્મ તે હાસ્યમોહનીય

हास्य को प्रकट करनेवाला कर्म हास्यमोहनीय।

Whose nature it is to bring about the apprearance of laughteris hasyamohaniya.

૩૬૯ હરિ (ઇન્દ્ર) ઇન્દ્ર

इन्द्र

Lord of heaven.

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ. આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ `SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર. ☐ મેનેજર

૩૭૦ સ્વાધ્યાય

જ્ઞાન મેળવવા માટે વિવિધ પ્રકારનો અભ્યાસ કરવો તે.

ज्ञान प्राप्ति हेतु विविध प्रकार का अभ्यास करना।

Self-study, type of internal peance to undertake various practices with a view to acquiring knowledge.

૩૭૧ સ્વગુણાચ્છાદન

પોતાના છતા ગુણોને ઢાંકવા તે, ઉચ્ચ ગોત્રકર્મના આશ્રવનો એક પ્રકાર.

अपने प्रगट गुणों को गुप्त रखना-उसका अहंकार न करना, उच्च गोत्रकर्म के आश्रव का एक प्रकार।

To turn a blind eye towards one's own merits.

૩૭૨ સ્મૃત્યંતર્ધાન

છઠ્ઠા દિગ્વિરતિવ્રતનો એક અતિચાર, પ્રમાદ કે મોહને લીધે નિયમનું સ્વરૂપ કે તેની મર્યાદા ભૂલી જવી તે સ્મૃત્યંતર્ધાન.

प्रमाद या मोहवश लिए हुए व्रत या नियम के स्वरुप तथा उसकी मर्यादा भूल जाना – छठ्ठे दिग्विरतिव्रत का एक अतिचार।

Not to keep in memory a regulation that has been prescribed.

૩૭૩ સ્મૃત્યનુપસ્થાપન (અતિચાર)

એકાગ્રતાનો, અભાવ અર્થાત્ ચિતના અવ્યવસ્થિતપણાને લીધે સામાયિક વિશેની સ્મૃતિનો ભ્રંશ તે સ્મૃતિનું અનુપસ્થાપન, સામાયિક વ્રતનો એક અતિચાર.

एकाग्रता का अभाव अर्थात् चित्त के अव्यवस्थितता के कारण सामायिक की स्मृति का भ्रंश–स्मृति का अनुपस्थापन, सामायिक व्रत का एक अतिचार।

Lack of requisite memory.

૩૭૪ સ્પર્શન (ઇન્દ્રિય)

ત્વચા, ચામડી-સ્પર્શનો બોધ કરવનાર ઇન્દ્રિય.

त्वचा, चमडी-स्पर्श का बोध करने वाली इन्द्रिय।

Field of touch, tactile sense organ.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(ક્રમશઃ)

પ્રતિશ્રી, તા.......................

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં,

મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના '**પ્રબુદ્ધ જીવન**'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

'**પ્રબુદ્ધ જીવન નીધિ**' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. .................................... નંબર .................................................. તારીખ ..............................

બેંક ...........................................................શાખા ......................................ગામ ........................................નો સ્વીકારી નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ. ચેક/ડ્રાફ્ટ '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામનો જ મોકલીએ છીએ.

નામ અને સરનામું : ..........................................................................................

..........................................................................................

..........................................................................................

લિ....................................

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

**(આગળના અંકથી આગળ)**

(૨૫)

જે જિનદેહપ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ. ૨૫

संस्कृत जिनस्य ऋद्धिं देहादिमानं च जिनवर्णनम् ।
मनुते, स्वीयबुद्धिं यस्तत्रैवाऽभिनिवेशते।। २५ ।।

हिन्दी जो जिन देह-प्रमाण अरु, समोसरणादि सिद्धि ।
जिन स्वरुप माने यही, बहलावे निज बुद्धि ।। २५ ।।

अंग्रेजी Some confine their own talent,
In pompous godly congregation;
Jin's pictorial form and height,
Or superhuman revelaion. 25

(૨૬)

પ્રત્યક્ષ સદ્‌ગુરુઓમાં, વર્તે દૃષ્ટિ વિમુખ;
અસદ્‌ગુરુને દઢ કરે, નિજમાનાર્થે મુખ્ય. ૨૬

संस्कृत प्रत्यक्षसद्गुरोर्योगे कुर्याद् दृष्टिविमुखताम् ।
योऽसद्गुरूं द्रढीकुर्यान्निजमानाय मुख्यत: ।। २६।।

हिन्दी प्रत्यक्ष सद्‌गुरु योग में, वर्ते दृष्टि विरुद्ध ।
असद्‌गुरू को दृढ़ करे, निज मानार्थे मुग्ध ।। २६ ।।

अंग्रेजी Even in presence of true teachers,
The bigots take the perverse side;
Cofirms his former false preachers,
To mostly gratify his pride. 26

(૨૭)

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજ મત વેષનો, આગ્રહ મુક્તિ નિદાન. ૨૭

संस्कृत देवादिगतिभङ्गेषु जानीयात् श्रुतज्ञानताम् ।
मन्यते निजवेषं यो मुक्तिमार्गस्य कारणम् ।। २७ ।।

हिन्दी देवादिक गति भंग में, जो समझे श्रुतज्ञान ।
माने निजमत-भेष को, आग्रह मुक्ति निदान ।। २७ ।।

अंग्रेजी Celestial abodes, univesal lores,
He takes for inherent knowledge;
Secterian forms and creed adores,
Believing cause of final. 27

(૨૮)

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક જ્ઞાન . ૨૮

संस्कृत अप्राप्ते लक्षणे वृत्तेर्वृत्तिमत्त्वाभिमानिता ।
परमार्थं न विन्देद् यो लोकपूजार्थमात्मन: ।। २८ ।।

हिन्दी पायो स्वरूप न वृत्ति को, धायो व्रत-अभिमान ।
ग्रहे नहीं परमार्थ को, प्रलुब्ध लौकिक-मान ।। २८ ।।

अंग्रेजी Is proud of vows, ignorant all,
Of mental yearning for world-fame;
He does not heed to inner call,
Thus loses chance, remains the same. 28

(૨૯)

અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંહ્ય;
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય. ૨૯

संस्कृत य: शुष्क: शब्दमात्रेण मन्येत निश्चयं नयम् ।
सद्व्यवहारमालुम्पेद् गच्छेच्च हेतुहीनताम् ।। २९ ।।

हिन्दी अथवा निश्चय-नय ग्रहे, शब्द मात्र नहिं भाव ।
लोपे सद्‌व्यवहार को, तजि सत्साधन नाव ।। २९ ।।

अंग्रेजी Or talks of original state,
Of souls, refutes practical ways;
Lip-wisdom is not heaven's gate,
Without true means, he wastes his days. 29

(૩૦)

જ્ઞાનદશા પામે નહીં, સાધનદશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહી. ૩૦

संस्कृत ज्ञानावस्थां न य: प्राप्तस्तथा साधनसद्दशाम् ।
कुर्वाणस्तेन संगं ना ब्रुडेत् संसारसागरे ।। ३० ।।

हिन्दी ज्ञानदशा पायी नहीं, साधनदशा न अंक ।
पावे ताका संग जो, सो डूबत् भव-पंक ।। ३० ।।

अंग्रेजी He who follows one unduly,
Not expert in true soul-notion;
Neither practising it truly,
Is drown in his vast world-ocean. 30

(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી)

(વધુ આવતા અંકે)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2006-08



# પંથે પંથે પાથેય...

–મુકુન્દ પી. ગાંધી

(૧)

## ક્યારેય કોઈ મોડું પડતું નથી

કૉલેજ છોડ્યા બાદ અંડરગ્રાઉન્ડ વર્ક છોડ્યા બાદ મને મરડો થયેલો અને એ માટે એ જમાનામાં Emetineના ઈન્જેક્શન આપવામાં આવતા જે ખૂબ પેઈનફૂલ હતા, ને ક્યારેક શરીરમાં ગઠ્ઠારૂપે જામી જતા. ઈન્જેક્શન ગઠ્ઠાઈ ગયા, ને મારે ઑપરેશન કરાવવું પડે એવી સ્થિતિ પેદા થઈ. બાપુજી એની વિરુદ્ધમાં હતા અટલે જ્ઞાતિએ વોરા હોય એવા એક ડૉક્ટરની યુનાની ટ્રીટમેન્ટ શરૂ કરી ને ત્રણ મહીનાની અંદર ધીમે ધીમે ગઠ્ઠો ઓગળી ગયો. એની ખુશાલીમાં અમે એક રવિવારે સવારે વાલકેશ્વર ત્રણ બત્તી પાસે આવેલ ખૂબ પ્રખ્યાત જૈન દેરાસરમાં દર્શને ગયા જેમાં હું, મારી પત્ની ને મનુ ત્રણ હતા. દેરાસરમાં ચૈત્ય વંદન કરતા ભાવ આવવાથી ભગવાનની ભક્તિ માટે વધુ સ્તવનો ગાવાનું મેં મારી પત્નીને કહ્યું. એનો અવાજ બહુ મીઠો હતો ને દિલ્હીમાં એણે Radio Singer તરીકે કામ પણ કરેલું. સ્તવન ખૂબ જ સુંદર હતા, જેને કારણે અંતરનો ભાવ પ્રગટે ને વધુ ભક્તિ કરવાનું મન થાય. આ સ્તવનોમાં સારો એવો સમય પસાર થયો. પછી ઉઠીને બસ પકડવા માટે અમે પહોંચીએ તે પહેલાં જ અમારી નજર સામે બસ ઉપડી ગઈ ત્યારે મેં પત્નીને કહ્યું આપણે બે મિનિટ મોડા પડ્યા. તું નહોત તો મેં આ બસ ક્યારનીય પકડી હોત અને હવે બીજું આપણે અડધો કલાક ઉભું રહેવું પડશે. ત્યારે તેણે કહ્યું જેવી ઇશ્વરની મરજી. અડધો કલાક પછી અમને બીજી બસ મળી ને અમે એ બસમાં પ્રાર્થના સમાજ આવ્યા. એ બસમાં લોકોએ અમને નીચે ઉતારી મૂક્યા ને કહ્યું કે આગલી બસમાં ગયેલા બધાજ હિંદુઓના આગલા સ્ટૉપ એટલે ગોળદેવળ પાસે ખૂન કરી દેવામાં આવ્યા છે. કારણ કે હુલ્લડ ખૂબ જોરમાં શરૂ થઈ ગયું છે. ત્રણ બત્તી પાસે એક ગુજરાતી વૃદ્ધ ભાઈને ચડતા મેં જોયા. એ બધાય ભાઈ-બહેનોને ગોળદેવળ પાસે મારી નાખવામાં આવ્યા. બે મિનિટનો ફેર ન પડ્યો હોત તો અમે પણ આ જ બસમાં હોત ને અમારામાંથી પણ કોઈ ન બચ્યું હોત. Mrs એ ટકોર કરી કે ઇશ્વરને આપણને બચાવવા હશે માટે જ બે મિનિટનો વિલંબ થયો હશે. મેં મિસિસની પીઠ થાબડીને શાબાશી આપી. જીવનમાં સમજવાનું કે વહેલા ઉઠવામાં ફાયદો કે મોડા ઉઠવામાં ફાયદો એ ઉપરવાળો જ નક્કી કરે. તો ક્યારેય વહેલું-મોડું થાય તો એનો વસવસો કરવો નહીં. સદાય એમ જ માનવું કે ઉપરવાળો જે કાંઈ પણ કરે એ સારા માટે જ કરે છે એવું મારું જીવન દૃષ્ટાંત છે.

(૨)

## ઘસાયાને ઉજળા કરવાની યાત્રા કરીએ

રૉયલ કેમિસ્ટમાં જોઈન્ટ થયો ત્યારના શરૂઆતના દિવસોની આ વાત છે. કુટુંબ સાથે પાલીતાણાની જાત્રાએ ગયેલો. એ જમાનામાં જમવા માટે ત્યાં વિશીઓ ચાલતી જે મોટેભાગે વિધવા બહેનો ચલાવતી. ઉપર જાત્રા કરીને પછી નીચે આવ્યા અને એક ઘરડા માજીની વિશીમાં અમે જમવા ગયા. એમના ઘરની બહાર સાઈડમાં એક ઝાંપો હતો. જ્યાંથી દાખલ થવાતું ને બાજુમાં એક ખૂણો હતો જ્યાં અમે બૂટ-ચંપલ ઉતારતાં. જ્યારે ચંપલ ઉતારી રહ્યો હતો ત્યારે ત્યાં એક છોકરો ઊભો હતો. લગભગ બાર એક વર્ષની ઉંમરનો હતો. બુશશર્ટ સફેદ ને સાંધેલું, ખાખી અડધી ચડ્ડી ફાટેલી ને સાંધેલી તેણે પહેરેલી હતી. હું વિચારમાં પડી ગયો કે આ છોકરો અહીં કેમ ઊભો છે. મને એમ થયું કે અમે જમવા જઈએ ત્યારે આ છોકરો સારામાં સારી ચંપલ અહીંથી ઉપાડી જશે એટલે મેં એની ખમીસની બાંય પકડી પૂછ્યું કે આ ચંપલ ચોરી જવા ઊભો છે ? એ ખૂબ રડી પડ્યો ને કહ્યું કે ક્યારે પણ માજીને ત્યાં કોઈ જમવા આવે છે ત્યારે માજી અચૂક અમને યાદ કરીને બોલાવે છે. અને જે કાંઈ જમવાનું વધ્યું હોય તે અમને આપે છે. એના હાથમાં ડોલ હતી, એટલે મને થોડો વિશ્વાસ પડ્યો એટલે મેં એના ઘરમાંથી એક ભાઈને બહાર બોલાવી પૂછ્યું શી વાત છે ? એ ભાઈએ મને કહ્યું કે આ છોકરો જે ઘરમાંથી આવે છે એ એક જમાનામાં ખૂબ જ સમૃદ્ધ હતું. અકાળે ઘરના કમાતા પુરુષો પ્રભુને પ્યારા થતા ગયા ને કુટુંબ આર્થિક રીતે ખૂબ જ તકલીફમાં આવતું ગયું. આજે એમના ઘરમાં કમાનાર કોઈ નથી એટલે બે ટાઈમનું ભોજન પણ મેળવી શકતા નથી. બાજરીનો રોટલો ને છાસ અગર તો પાણી સાથે આ છોકરો અને એની મા જીવન નિભાવે છે. છોકરો ખૂબ રડતો હતો છતાં એના મોઢા પરના ભાવ પરથી સ્પષ્ટ દેખાતું હતું કે તે કોઈ ખાનદાન કુટુંબમાંથી આવે છે. અમે જમવાનું થોડું વધારે બનાવડાવ્યું ને એને આપ્યું. ઉપરાંત રૂા. ૧૧રોકડા આપ્યા કારણ કે અમારી સ્થતિ એટલી જ હતી. પણ ત્યારે હૃદયમાં એક પ્રશ્ન થયો કે અમે ઉપર ગઢ પર જઈએ જાત્રા કરવા ત્યાં ફૂલ ને આંગી માટે ઘણી સારી રકમ ખરચીએ, પ્રયોજન એટલું કે ઘણું મોટું પૂણ્ય કમાઈએ. અલબત્ત આ પણ પુણ્યનો એક પ્રકાર છે જેમાં શંકાને કોઈ સ્થાન નથી. પણ ત્યારે એમ થયું કે જીવનમાંથી જે ઘસાઈ ગયા છે, ફેંકાઈ ગયા છે, જેને કોઈ આસરો નથી, બે ટંકનું ભોજન મળતું નથી એવી વ્યક્તિઓ માટે આપણા જેવા યાત્રિકો જે પુણ્યનું ભાથું બાંધવા નીકળ્યા છે એમની આ વ્યક્તિઓ પ્રત્યે કોઈ ફરજ નહીં ? પ્રશ્ન તો ઘણો મોટો ને ગંભીર છે છતાં યાત્રાળુઓએ આ દિશામાં કંઈક વિચારવું જોઈએ. આજ પણ એ છોકરો મારી નજર સામે તરવરે છે. એની આંખમાં આંસુ હતાં ત્યારે મારી આંખમાં પણ આંસુ

(વધુ માટે જુઓ પાનું ૧૬)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/ A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

✱✱✱ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✱✱✱

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/- | તા. ૧૬જૂન, ૨૦૦૭ | વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

વિક્રમ સંવત : ૨૦૬૩ | વીર સંવત : ૨૫૩૩ | નિજ જેઠ સુદિ – તિથિ - ૨

## જિન–વચન

## લોભ સર્વ નાશ

कोहो पीइं पणासेइ माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ लोभो सव्वविणासणो ।।

–दसवैकालिक–८-३७

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે; માન વિનયનો નાશ કરે છે; માયા-કપટ મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વનો વિનાશ કરે છે.

क्रोध प्रीति का नाश करता है; मान विनय का नाश करता है; माया (कपट) मैत्री का नाश करती है और लोभ सर्व का नाश करता है ।

Anger destroys love; ego destroys modesty; deceit destroys friendship and greed destroys everthing.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन' માંથી).

## આચમન

### ગાંધીગંગા

**ગાંધીજી અને વાંચન**

ગાંધીજી જેલની સજા હંમેશાં વધાવી લેતા. જેલમાં વાંચન-અધ્યયનનો ભરચક કાર્યક્રમ ગોઠવીને ધર્મ, સાહિત્ય, સમાજ આદિ વિવિધ વિષયોમાં વિવિધ ભાષાઓમાં લકેલાં પુસ્તકો વાંચતા. એક વાર બે વર્ષમાં તેમણે દોઢસો જેટલાં પુસ્તકો વાંચેલાં. તેઓ ઊંચી સાહિત્યરુચિ ધરાવતા હતા. એક વાર પોતાના રાજકીય ગુરુ ગોખલેના નિબંધોના અનુવાદનું પુસ્તક એક પ્રતિષ્ઠિત વિદ્વાન પાસે તૈયાર કરાવેલું. તેની ભાષા કઠિન અને તરજુમિયો વાંચીને 'પ્રજાને માથે રેઢિયાળ સાહિત્ય ન મરાય' એમ કહીને છાપેલું પુસ્તક રદ કરાવેલું. તેમને અંગ્રેજી સાહિત્ય વાંચવાનો શોખ હતો. એક વાર કાકા કાલેલકરને ઉમર ખય્યામની રુબાઈયો વાંતતાં જોઈને કહેલું કે, 'મને પણ એવું સાહિત્ય વાંચવાનો શોખ હતો. પણ દેશના કામ માટે એનો ત્યાગ કર્યો. ખરો ત્યાગ તો એ જ છે.'

□ **મહેન્દ્ર મેઘાણી**

સંપાદિત 'ગાંધી ગંગા' માંથી.

*પ્રત્યેક ગુજરાતીના ઘરમાંઆ પુસ્તક અવશ્ય હોવું જોઈએ જ. ઉપયોગ થયા પછી પસ્તીમાં પધરાવાતી મોંઘી કંકોત્રી સાથે એકાદ પુસ્તિકા પણ ભેટ મોકલાય તો લગ્નપ્રસંગ શુભેચ્છકોના જીવનમાં હૃદયંગમ બની જાય.*

* * *

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | 'અનહદની બારી'નો પ્રકાશ : કચ્છના સંત મેકણદાદા | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | સદ્ભાગી | ડૉ. રણજિત એમ. પટેલ (અનામી) | ૮ |
| (૩) | 'વધારીઆ'ની વ્યથા અને અનુપ્રેક્ષાની ભાવનાઓ | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૧૦ |
| (૪) | અવિદ્યાવાન પુરુષોની સંગત કદી કરવી નહીં | શ્રી ગુણવંત બરવાળિયા | ૧૨ |
| (૫) | શ્રી દેવચંદ્રજી રચિત શ્રી વિશાલ જિન સ્તવન | શ્રી સુમનભાઈ એમ. શાહ | ૧૪ |
| (૬) | સ્મરણ માત્રથી મરણ અપાવતું વિષ | આચાર્ય વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મ. | ૧૬ |
| (૭) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૮ |
| (૧૦) | પંથે પંથે પાથેય | પ્રા. બકુલ રાવલ | ૨૦ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ** | **રૂા. ૧૨૫/-** | U.S. $ 9-00 |
| **૩ વર્ષનું લવાજમ** | **રૂા. ૩૫૦/-** | U.S. $ 26-00 |
| **૫ વર્ષનું લવાજમ** | **રૂા. ૫૫૦/-** | U.S. $ 40-00 |
| **આજીવન લવાજમ** | **રૂા. ૨૫૦૦/-** | U.S. $ 112-00 |
| **કન્યા કરિયાવર આજીવન લવાજમ** | **રૂા. ૨૦૦૦/-** | U.S. $ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના... ?

☛ ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો. કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

□ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૬ ● તા. ૧૬ જૂન, ૨૦૦૭ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## અનુભૂતિમાંથી પ્રગટેલું અધ્યાત્મ

## 'અનહદની બારી'નો પ્રકાશ : કચ્છના સંત મેકણદાદા

વર્ષો પહેલાંની સુગંધિત સ્મૃતિને જ્યારે વર્તમાનની તાજી હવા મળે ત્યારે મન કેવું મ્હેકી ઊઠે!

સોનગઢ આશ્રમમાં ઘેઘૂર લીમડાની છાયામાં સંધ્યાકાળે આરામ ખુરશીમાં પૂ. કલ્યાણચંદ્રજી બાપા બિરાજ્યા હોય, નીચે રેતીમાં અમે બધાં વિદ્યાર્થીઓ બેઠાં હોઈએ, અને બાપાના ચરણો પાસે કચ્છના મેઘાણી દુલેરાય કારાણી કચ્છના શૂર અને સંતોની વાતો કહેતા કહેતા સંત મેકણદાદાના જીવન પ્રસંગો, સંતના પ્રાણી સાથી લાલિયા અને મોતિયાની વાતો કરતા કરતા સંતની કચ્છી બોલીની સાખીઓ પોતાના બુલંદ અવાજે સંભળાવતા હોય અને એમાંની એકાદ પંક્તિ જીવનભર સ્મૃતિમાં કંડારાઈ ગઈ હોય અને એવી પંક્તિ વર્તમાનમાં કોઈ પુસ્તક ઉઘાડતા સામે જ આવી જાય ત્યારે મન કેવું બાગ બાગ થઈ જાય!

મેકણદાદાની કચ્છી સાખીઓના ગુજરાતીમાં ભાવાનુવાદનું સુરેશ ગાલા રચિત 'અનહદની બારી'નું પાનું ખોલતાં જ હૃદયમાં સ્થિર થયેલી આ પંક્તિઓના ધન્ય દર્શન થયાં

*કોરિયું કોરિયું કુરો કરેઓ! કોરિયેં મેં અય કૂડ;*
*મરી વેંધા માડુઆ, ચો મેં પોંધી ધૂડ!*

પૈસા પૈસા શું કરો છો? પૈસા મેળવવા શા માટે કૂડ કપટ કરો છો? અરે માણસો તમે મરણ પામવાના છો અને આખરે દેહ માટીમાં ભળી જવાનો છે માટે પૈસાનો મોહ ન રાખો.

પૈસા પૈસા શું કરો, પૈસા તો થાશે ધૂળ,
મરતાં પહેલાં કહે મેકણ શોધી લે તારું મૂળ.

'મૂળ' શબ્દ પ્રયોગ અહીં પ્રાસાનુપ્રાસ નથી. અનુવાદક અહીં તત્ત્વનાં મૂળમાં પ્રવેશી ગયા છે એની આ પ્રતીતિ છે.

આ પંક્તિઓમાં 'ક'ને કારાણી સાહેબ જે રીતે લાડ લડાવે, અને પછી પૈસાને મહત્ત્વ ન આપવાની અને જીવનની ક્ષણભંગુરતાની વાતો કહે ત્યારે એ સમયે ન સમજાય એવું એ તત્ત્વજ્ઞાન અંતરમાં એવી રીતે ગોઠવાઈ ગયું હોય કે જ્યારે જ્યારે પછી એ વાગોળીએ ત્યારે ત્યારે જીવનમાં એક ચોકીદારની જેમ આપણી સામે વારે વારે એ 'સત્ય' આવીને ઊભું રહે, અને એ પણ નવા નવા અર્થો સાથે.

આ સંત મેકણદાસ ઈ. સ. ૧૬૬૭માં અને ઇરાનનો ઉમર ખય્યામ ૧૦૪૮માં. છસોથી વધારે વરસોનું અંતર, એની એક રૂબાઈ જૂઓ:

*શું કુબેરો? શું સિકંદર? ગર્વ સૌનો તૂટશે,*
*હો ગમે તેવો ખજાનો, બેદિવસમાં ખૂટશે;*
*કાળની કરડી નજરથી કોઈ બચવાનું નથી,*
*આજ તો ફૂટી છે પ્યાલી, કાલ કૂંજો ફૂટશે!*

(અનુવાદ : શૂન્ય પાલનપુરી)

સંત મેકણદાદાએ તો કદાચ ખય્યામનું નામ પણ સાંભળ્યું નહિ હોય, પરંતુ સનાતન સત્ય તે સર્વત્ર સરખું જ છે.

મેકણદાદાનો જન્મ કચ્છના નાની ખોંભડીના પિતા હરધોરજી ભટ્ટીના ઘરે, માતા પબાબાની પવિત્ર કૂખે. આ ક્ષત્રિય રાજપૂતને સંસારની ક્ષણભંગુરતા નાની વયે જ સમજાઈ ગઈ અને ગાયો ચરાવતા ચરાવતા પ્રકૃતિ સાથે તાર બંધાઈ ગયો. સંસારી સૂતા હોય ત્યારે જોગી જાગતો હોય, એમ બાળવયે જ રાત્રે મેકણજીએ ઘર છોડ્યું, અને પહોંચ્યા માતાને મઢ. મઢના મહંત ગંગા રાજા કાપડી પાસે. બાર વર્ષની ઉંમરે દીક્ષા લીધી. મઢમાં રહ્યા, પણ જેની ખોજ છે તે હજુ નથી મળ્યું. પહોંચ્યા જોગીઓના જંગલ ગિરનારમાં અને ગુરુ દત્તાત્રેયની ઉપાસના કરી. પરમ શક્તિનો અનુભવ થયો. જન સેવા વગર રામ સેવા નકામી એવી પ્રતીતિ થઈ એટલે એ શક્તિ વહેંચવા ત્યાંથી નિકળી જૂનાગઢથી ત્રીસ કિલોમિટર દૂર બીલખા જન સમુદાય પાસે પહોંચ્યા. એ પંથકના જંગલના અજ્ઞાની અને અંધશ્રદ્ધાળુ જનોની સેવા કરી. વિશ્વાસ સંપાદન કરી, પવિત્ર શ્રદ્ધા જન્માવી સાચા જ્ઞાનની

વહેંચણી કરી. બાર વર્ષ બીલખામાં રહ્યા. બાર વર્ષથી વધુ એક સ્થાને ન રહેવું એવી પ્રતિજ્ઞા કરી. સાધુ તો ચલતા ભલા એ આદર્શ સ્વીકાર્યો અને ત્યાંથી પહોંચ્યા હિમાલય. આ હિમાલયમાં વીસ વરસ સુધી ઘૂમ્યા. કેટકેટલાં યોગી અને સિદ્ધ પુરુષોનો એઓને સંપર્ક થયો હશે? કેટલી અને કેવી 'તેજસ્વીતા' એઓ પામ્યા હશે? આ તો અનુભવે જ સમજાય.

હિમાલયથી સિંધના રસ્તે માતૃભૂમિ કચ્છ પહોંચ્યા ને કચ્છ-જંગીમાં આશ્રમ સ્થાપ્યો. અહીં પણ અજ્ઞાન અને અંધશ્રદ્ધા! સર્વત્ર પ્રેમ અને ભક્તિની વાવણી અને વહેંચણી કરી. પરિણામે અનેકોના જીવનમાં પરિવર્તન આવ્યું. કાવડ લઈ ઘેર ઘેર ભિક્ષા માગવા જઈ લોકસંપર્ક જીવંત રાખ્યો. જે લોકસેવક બને તે જ સાચો હરિસેવક બની શકે.

સાધના એવી કે ન રહ્યો લીંગ ભેદ કે ન રહ્યો જાતિ ભેદ કે ન રહ્યો ચેતન-અચેતન ભેદ. સર્વત્ર અને સર્વમાં હરિ જ હરિ, અને હરિ દર્શન!

લાલારામ ગધેડો અને મોતીરામ કૂતરો આ બે એમના પશુ મિત્રો. લાલારામની પીઠ ઉપર પાણી ભરેલા બે માટલા અને એક લોટો મૂકવામાં આવતો અને કચ્છના અફાટ સૂકા રણમાં ભૂલા પડેલા તરસ્યા મુસાફરોને આ પશુઓ પાણી પાતા. ફરતી પરબ જેવા આ પશુઓ ભૂલા પડેલાને માર્ગ બતાવે એવા કુશળ! આવી કુશળતા શિખવવા માટે દાદા પોતે રણમાં આ પશુઓ સાથે કેટલું ઘૂમ્યા હશે એની તો કલ્પના જ કરવી રહી. 'માનવ સભ્યતાના ઈતિહાસમાં આવી મોબાઈલ સર્વિસનો તો જોટો જડવો મુશ્કેલ છે.'

લોકભક્તિ અને હરિભક્તિ કરતાં કરતાં દિવાળીને આગલે દિવસે સાંઠ વર્ષની વયે ધ્રંગમાં જીવતા સમાધિ લીધી, સાથે બાર શિષ્ય-ભક્તોએ પણ સમાધિ લીધી. લાલારામ અને મોતીરામ પણ સાથે જ.

પ્રા. શ્રી લાભશંકર પુરોહિત કહે છે તેમ "મેકણ નોખી કિસમનો ઓલિયો પુરુષ છે. એ જેટલા ઇશ્વરનિષ્ઠ છે એટલા જ લોકનિષ્ઠ છે. એમની સાખી 'આંખોકી દેખી' એટલે સાક્ષીપણાની છે. આ 'સાક્ષી' પરથી 'સાખી' શબ્દ ઊતરી આવ્યો."

આ ઇસમને વધુ ઓળખવા માટે તો 'સંત કવિ મેકણદાદા' શીર્ષકથી ડૉ. વિઠ્ઠલભાઈ ઠુમરેના લખેલા શોધ પ્રબંધ ગ્રંથ પાસે જવું પડે.

એક વખત કચ્છી ભાષાના એક વિદ્વાન મિત્રને મેં વિનંતિ કરી હતી કે રંગમંચ ઉપર કબીર, તુલસી, વિવેકાનંદ ભજવાય તો કચ્છી બાનીમાં દાદામેકણ કેમ નહિ? તો એ દશ્યોકચ્છી સાખીનો ઉત્સવ બની જાય!

પરંતુ પોતાના કણ કણમાં મેકણની મ્હેકને અનુભવી સંત મેકણની ૧૨૧ કચ્છી બાનીની સાખીઓનું ગુજરાતીમાં ભાષાંતર કરી જે 'શ્રવણ'કાર્ય ભાઈ સુરેશ ગાલાએ કર્યું છે એનો સ્વાદ તો જરૂર મ્હાણીએ. કોઈ પણ ભાષાંતર મૂળ કૃતિના ભાવોને અંતરમાં ઓગાળાય તો જ એ ભાવયાત્રા આસ્વાદ્ય બને. સુરેશભાઈએ આવી ભાવયાત્રા કરી તો છે જ, પણ એથી વિશેષ કલમ હાથમાં લેતા પહેલાં મેકણ દાદાના સ્થાનકોએ જાય છે, પરિવારને મળે છે, એ સર્વના અનુસંધાનનું અંતરમાં અનુબંધન કરે છે, એ સંપ્રદાય અને સ્થળોના આંદોલનો અંતરમાં ભરે છે, જાણે મૂળ સર્જકની સાક્ષીએ ગુજરાતીમાં અવતરણ કર્યું હોય એવી અનુભૂતિ આપણને થયા વગર રહેતી નથી.

આ 'અનહદની બારી' આપણે ઉઘાડીએ અને મેકણદાદાની આ દિવ્ય અનુભૂતિની કેટલીક સાખી આસ્વાદીએ. એનો આસ્વાદ કરતાં આપણને જરૂર કબીર, અખો અને અવધૂત આનંદઘનજીની સ્મૃતિ થશે.

સર્વેને ઋતંભરા પ્રજ્ઞા પ્રાપ્ત થાઓ!

☐ **ધનવંત શાહ**

* * *

*'પીર' 'પીર' કુરો ક્યો, નાંય પીરેંજી ખાણ;*
*પંચ ઇંદ્રિયું વસ ક્યો (ત) પીર થિંદા પાણ.*

પીર પીર શું કરો છો? પીરોની કોઈ ખાણ હોતી નથી. જે પાંચ ઇન્દ્રિયોને વશ કરે તે જ પીર થઈ શકે.

*પીર પીર શું કરો, જગાડો તમારું હીર,*
*પાંચેય ઇન્દ્રિયો વશ કરો, તમે થઈ જાશો પીર.*
*પીર પીર શું કરો, પીરના ન હોય વિશિષ્ટ ચીર,*
*પાંચેય ઇન્દ્રિયો વશ કરો, તમે થઈ જાશો પીર.*

x x x

*ઊંચું-નીચું કો તો થિયેં? હથે ન કે હીં,*
*હથ-પગ ધુઈ હલી નિકરે, અલ્લા ન મિલધો ઈ.*

તું માત્ર પરંપરા પ્રમાણે નમાજ પઢે છે પણ હૃદયમાં ભાવ નથી. તું કાંઈ દાન કરતો નથી. માત્ર બાહ્ય ક્રિયાકાંડ દ્વારા તને અલ્લા મળશે નહીં.

*રોજા રાખે, નમાજ પઢે, પણ મન રાખે અભિમાન,*
*હજયાત્રા ભલે કરે, કહે મેકણ, રાજી ન થાય રહેમાન.*

x x x

*મેળાવો ઊજ માણી શકે મેકો વડાઈનું ભચે,*
*મોભો રખી મોભતેં, હેઠો ઊતરી અચે.*

દાદા મેકણ કહે છે કે જેમાં અહમ્ ન હોય, પ્રતિષ્ઠાથી પર હોય, નમ્ર હોય, એ જ પરમતત્ત્વ સાથેનું મિલન માણી શકે.

*દિવ્ય જ્યોત એ જ નિરખી શકે, જે હોય મોટાઈથી દૂર,*
*ઓગાળી નાખે હુંપદ તો જ, સંભળાય અલખના સૂર.*
*મેળાવો એ જ માણી શકે, જેમાં હુંપદ ન હોય લેશ,*
*મોભો રાખી મોભ પર, હેઠો બેસે હંમેશ.*

x x x

*મોતી મંગેઆ ન ડીજે, (ભલે) કારો થીયે કટ;*
*જ્યાં લગ માલમી ન મિલે, ત્યાં લગ તાળોધો હટ.*

જ્ઞાનરૂપી મોતી જેવા તેવા અપાત્ર માગે તો તેને આપવું નહિ. ભલે એ પડ્યું પડ્યું કટાઈ જાય. જ્યાં સુધી માલમી-ખરો જાણનાર-પિછાણનાર ન મળે ત્યાં સુધી હૈયારૂપી હાટ ઉઘાડવું નહિ.

*મોતી કોઈને ન બતાડીએ, રાખીએ તિજોરીમાં બંધ,*
*પારખુને ઉમળકાથી આપીએ, ન આવે-કોઈને ગંધ.*

x x x

*કેંકે કયા કંકે કરણજી આશ, કરોડો ભજનકીર્તન કિયા મુંજો નાથ,*
*મેકણ તયેં આંઉ સરસ્વતીજો દાસ.*

દાદા મેકણ કહે છે મેં અખંડ ભજનકીર્તન કર્યાં, સાધના કરી થતાં હું તો હરહંમેશ માતા સરસ્વતીનો દાસ છું. જ્યારે અહમ્‌નું પૂર્ણપણે વિલોપન થઈ ગયું હોય ત્યારે જ આવી પંક્તિઓ પ્રગટે છે.

*તપ કર્યાં, જપ કર્યાં, કર્યા મેકણ એકાતમાં વાસ,*
*અખંડ ભજનકીર્તન કર્યાં, તોય સરસ્વતીનો દાસ.*

x x x

*વાવરીયા વનણ ડે ઊંચો મ ચડ અભ,*
*જટલા જતિ જુગમેં, લખણા લજાઈને સભ.*

પવનને જવા દે. પવનના સહારે આભમાં ઊંચો ચડ નહીં. એટલે કે સદાચાર જીવનમાં લાવ્યા વિના સાધના માર્ગમાં પગલાં ન માંડ, નહિ તો જેટલા યોગી થયા છે એ બધાને તું લજવીશ. તારું પતન થશે એટલે લોકો યોગમાર્ગની નિંદા કરશે.

*યમનિયમ પાળ્યા વિના, યોગમાર્ગમાં પગલાં ન માંડ,*
*કહે મેકણ, લજવીશ યોગીઓની જમાતને, ચર્ચાશે તારા કાંડ.*

x x x

*મું ભાવો તડ હિકડો, પણ તડ લખ હજાર;*
*જકો જેઆં લગેંઓ, સે તરી થેઓ પાર.*

મેં ધાર્યું હતું કે તરીને પાર થવાનો માર્ગ એક છે પણ પછી ખબર પડી કે અનેક માર્ગ છે. જેને જે માર્ગ અનુકૂળ હોય એ માર્ગ દ્વારા એ તરીને પાર થાય છે એટલે કે સાધનાના રસ્તા અનેક છે. દરેક પોતપોતાની પ્રકૃતિને અનુકૂળ રસ્તા પસંદ કરે છે.

*થયું મને, તટ એક છે, પણ છે તટ હજાર,*
*જેને જે માફક પડે, એ થકી થાય તરીને પાર.*

x x x

*ખુશી એં જો ખૂરો કર, ધમણ ધોણ મ લાય,*
*કૂડ જી ગારે કઢરી, સચો સોન પાય.*

ખુશીઓની ભઠ્ઠી સળગાવી ધમણની ફૂંકને બંધ કરીશ નહીં, કૂડ-કપટની ઝીણી કાંકરી પણ ગાળી નાખજે અને સાચું સોનું પ્રાપ્ત કરજે. એટલે કે પ્રાણાયામની સાધના દ્વારા પ્રગટેલ યોગાગ્નિમાં ચિત્તમાં રહેલ બધાં જ કષાયોને અને કર્મોને બાળી નાખજે અને પછી પરમતત્ત્વ પ્રાપ્ત થશે.

*જાળવી યમનિયમ મેકણ, તાક પ્રાણશક્તિથી તું નેમ,*
*જાશે બળી બધો કચરો, ને પ્રગટશે શુદ્ધ હેમ.*

x x x

*મુંજે મનજ્યું ગાલિયું, જેડિયું સમંધર લહરીયું;*
*હિકડ્યું પોગ્યું તડ મથે, બઇયું ઊપડ્યું.*

મારા મનની ગૂઢ વાતો સમુદ્રની લહરો જેટલી અનંત છે. પહેલી લહરી કિનારે પહોંચે છે ત્યાં તો બીજી ઊપડી હોય છે.

*વાતડિયું ભીતર તણી, જેવી સમંદર લહેર,*
*એક પૂગે કાંઠડે, ત્યાં તો બીજી ઊપડે સેર.*

x x x

*રુખી સુખી ગાલરિયેં, સરા ન થીએ સેણ,*
*ગાલરિયું તાં સે કંજે મેકણ, મંજ વે કીંક ખેણ.*

માત્ર રુખી વાતોથી કાંઈ વળે નહીં.. વાતો એવી કરીએ કે જેમાંથી કાંઈક તત્ત્વ મળે.

*માત્ર શાસ્ત્રની વાતો મેકણ, ન આવે કામમાં,*
*અનુભૂતિનો માર્ગ જ પહોંચાડે પરમ ધામમાં.*

x x x

*ચોરી ચોથે લાગણે વર્ણે ત કજ,*
*પણ મુડગુરાઈ અને મારાપો, જીયેં ત શીં મ કજ.*

અસહ્ય સ્થિતિ હોય, ભૂખેથી પીડાતો હોય ત્યારે કદાચ તારે ચોરી કરવી પડે પણ જીવનમાં ક્યારેય દ્વેષ અને હિંસા લાવતો નહિ.

*અરે ઓ નિર્ધન, ભલે ચોર્યું અન્ન, જ્યારે લાગી હોય અસહ્ય ભૂખ,*
*કહે મેકણ, દ્વેષ અને હિંસાથી, જીવનભર ભરજે નહીં તારી કૂખ.*

x x x

*પોથી ને પુરાન કમ ન આયા કેંશકે,*
*ખેવી વ્યાં ખરસાણ મિટ્ટી મેકણ ચે.*

પોથીઓ ને પુરાણ કોઈને કામ નથી આવ્યાં. આત્મસાત્ નહીં કરેલું પોપટિયું જ્ઞાન શું કામનું ? દાદા મેકણ કહે છે કે પંડિતો અને સત્તાધારીઓ બધા જ સરખી રીતે માટીમાં મળી ગયા છે.

*પોથી ને પુરાણ, છે જેને મન ધરમ,*
*સમજી કેમ શકે મેકણ, એ જીવનનો મરમ.*
*પોથી ને પુરાણ વાંચી મેકણ, કદી ન મળે પરમ,*
*થયા સહુ માટી ભેગા, મૃત્યુને નથી કોઈની શરમ.*

x x x

*વિઠે જિની વટસે, સો ઘટે શરીર જો,*
*મોંઘા ડઈને મટ, પરિયન રખજેં પાસમેં.*

જેની પાસે બેસવાથી શરીરનું દુઃખ ઓછું થઈ જાય એવા પ્રિયજનને તો મોંઘા મૂલ દઈને પણ પડખામાં રાખવા જોઈએ.

*જેની પાસે બેસવાથી, મનમાં જો લાગે શાતા,*
*કહે મેકણ એમની સાથે, રાખવા સદા નાતા.*

x x x

*ખોજ કર્યાં ખંતસે, નાય કડાં પરો,*
*નકામી ધોડું કઢીયાં, આય તો મંજારો.*

જો તમે ખંતથી એ તત્ત્વને શોધવા પ્રયત્ન કરશો તો સમજાશે કે એ તત્ત્વ દૂર નથી. એને શોધવા નકામી દોડધામ ન કર. એ તો તમારી અંદર જ છે.

*કિનારે તો છીપલાં મળે, મોતી ન મળે કાંઈ,*
*મોતી પામવા ડૂબકી મારે મઝધારે, કહે મેકણ સાંઈ.*
*નકામી દોડાદોડ ના કર, છે ભીતર એનો વાસ,*
*એ નથી દૂર મેકણ, બંધ આંખે જ થશે એનો ભાસ.*

x x x

*પોય પાધયડો પોખજે, પેલી કજ્જે વાડ,*
*પાધેડો ભેલાણો સુણી, હથડા હિને નિલાડ.*

હે ખેડૂત! તું ખેતરમાં વાવેતર કર તે પહેલાં તું ખેતર ફરતી વાડ કરી લેજે. ભેલાણ માટે પશુઓને અંદર પ્રવેશવા દેતો નહિ; એટલે કે તારા મનમાં જ્ઞાન ભક્તિનું વાવેતર કર તે પહેલાં તું મનની ફરતે સંયમની વાડ કરી લેજે. ષડરિપુઓને ભેલાણ માટે અંદર પ્રવેશવા દેતો નહિ. મનને ફરતે સંયમની વાડ નહિ કરે તો અસદ્‌વૃત્તિનાં ઢોર બધું જ ખાઈ જશે ને તારે માથે હાથ દઈને બેસી રહેવું પડશે.

*સદાચારનું ભાથું બાંધી, પછી જ નીકળજે પ્રવાસમાં,*
*નહિ તો અટવાઈ જઈશ, મેકણ પહોંચી નહીં શકે ધામમાં.*
*પહેલાં વાડ બનાવજે, પછી મેકણ રોપજે છોડ,*
*નહીં તો ખવાઈ જશે બધું, પૂરા નહીં થાય તારા કોડ.*

x x x

*મન રાજા હૈ બાલા જોગી, તનજોગી ઘરબારી,*
*મેકો સેવે માત ભવાની, ઉન્મુખ આસનધારી.*

ઘણાખરા લોકો તનથી યોગ કરે છે. એટલે કે યમ, નિયમ ને આસનમાં જ અટકી જાય છે. ખરો યોગ મનથી થાય છે. દાદા મેકણ કહે છે કે ઉન્મુખ આસનધારી માતા ભવાનીના શરણમાં જાઓ એટલે કે શરીરમાં રહેલ પ્રાણશક્તિને જાગ્રત કરો તો જ ખરો યોગ સધાશે.

*તનથી યોગ સૌ કરે ,ખરો યોગ મનથી થાય,*
*જાગે જો પ્રાણભવાની, તો જ ભવરોગ કપાય.*

x x x

*તંબૂરે તે તંધ ચડાઈ, વડયું ડિયે તાં ધાંઉ,*
*રામ તડે રાજી થિયે, જડેં છડાજે આઉં.*

તંબૂરાના તારને તંગ કરીને ઘણી બૂમો મારે છે. પણ રામ તો જ્યારે અહમ્ છૂટે ત્યારે જ રાજી થાય છે.

*તંબૂરાના તાર ચડાવે, ને બરાડા પાડીને ગાય,*
*કહે મેકણ હુંપદ છૂટે, તો જ રામ રાજી થાય.*

x x x

*ઢકી ઢકી ઢંકજે, નિંભાડેજી ની,*
*બાફ નિકરધી બારા, તે ઠામ પચધોં કી?*

નીંભાડાની ગરમીથી વાસણ પાકે છે. માટે વાસણ પકાવવા નીંભાડાને ઢાંકી રાખવો પડે છે. જો નીંભાડાની ગરમી બહાર નીકળી જાય તો વાસણ ક્યાંથી પાકે? એજ રીતે અનુભૂતિની વાતો ગોપિત રાખવાની છે. કારણ કે હજુ લગી પરમને પૂર્ણપણે પામ્યા નથી. એટલે પતનની શક્યતા હજી પણ છે.

*અંતરમાં ગોપિત રાખ, અનુભૂતિની વાત,*
*પહોંચ્યો નથી હજી મેકણ, સંભાળ તારી જાત.*

x x x

*જબ લગ દીબી ઊફણે, તબ લગ સીઝી નાહિ;*
*સીઝી કો તબ જાનિયેં, જપ નાચત કૂદત નાહિ.*

જ્યાં સુધી આ જીવતર રૂપી હાંડલીમાં ઊભરો–ઉફાણો આવ્યા કરે છે ત્યાં સુધી સીઝેલી સમજવી નહીં! જ્યારે એનું નાચવા કૂદવાનું બંધ પડે ત્યારે જ સમજવું કે હવે સીઝી ગઈ. એટલે કે વાસનાઓ તો ઉછાળા મારતી જ રહે પણ જ્યારે વાસનાઓનો ક્ષય થાય ત્યારે જ સમજવું કે હવે પૂર્ણતાની પ્રાપ્તિ થઈ છે.

*જ્યાં લગણ ઉફાણો ચડે, ત્યાં લગ સીઝી નાંહી,*
*સીઝી તો તબ જાયે, જબ નાચત–કૂદત નાંહી.*
*ખીચડી લે ઉફાણા, ન હોય જો એ પૂરી ચડી,*
*થાય બંધ ઉધામા, જોડાય જ્યારે એની સાથે કડી.*

x x x

*મરણ ફોડાવો કંધો, હંસલો વેંધો વરી,*
*અચણ થિયે–ન થિયે, હિન સર મથે ફરી.*

જ્યારે મરણ થશે ત્યારે આત્મારૂપી હંસલો તો ઊડી જશે. પછી આત્મારૂપી હંસલો પાછો આ સરોવરમાં એટલે કે આ સંસારમાં આવે કે ન પણ આવે અને આવે તો જુદાં સ્વરૂપમાં આવે.

*સમય પાકશે ને મેકણ, જાશે હંસલો પરદેશ,*
*આ સંસારે જો આવે ફરી, તો ધરે જુદો વેશ.*
*આવશે મરણ ત્યારે મેકણ, જાશે હંસલો ઊડી,*
*ભલે સરોવર સાથે, કેટલીય યાદો હશે જૂડી.*

x x x

*મેકણ ચે જની જુવાનાઈ જીરવી, મારે રખ્ખા મન,*
*સરગાપરજી શેરીએમેં, ઈ નર કલોલું કરન.*

મેકણ કહે જુવાનીમાં જેણે સંયમ જાળવી સાધના કરી છે એ સ્વર્ગની ગલીમાં કલ્લોલ કરતા ફરે છે.

*જુવાનીમાં જેણે રાખી સંયમ, કર્યું હરિભજન,*
*કહે મેકણ, સવર્ગની શેરીઓમાં ફરે એ જન.*

x x x

*હેર મ કર ઇન્સાફ, હિકયાર ધિલકે સાફ કર!*
*ક્યો અસાફ ક્યો સાફ, પોય ધિલમેં ધર્યાફ્ત કર!*

દાદા મેકણ કહે છે તું જગતકાજી ન બન. શાસ્ત્રોના વાદમાં અટવા નહીં. તારા ચિત્તને શુદ્ધ કરી નાખ. ચિત્તશુદ્ધિ થયા પછી જ તને સમજાઈ જશે શું યોગ્ય છે.

*સાકાર કે નિરાકારના તંતમાં ન પડ, પહેલા કર દિલ સાફ,*
*કહે મેકણ સમજાઈ જશે તને આ ખેલ, કરી દઈશ બધાને માફ.*

x x x

*સાયર લહરું થોડિયું, ઘટમેં ઘણેરિયું;*
*હિકડેયું પૂગ્યું ન તડ મથે, ત બઈયું ઊપડ્યું.*

સાગરની લહરો તો અંતરની અપેક્ષાએ થોડી છે. મનમાં તો વિચારની એક લહેરી ઊપડી ન ઊપડી ત્યાં તો તરત જ બીજી ઊપડે છે. મનમાં તો વિચારોની લહરીઓ સતત ઊપડ્યા જ કરે છે.

*સાગરમાં તો તરંગો થોડા, પણ ઘટમાં તો છે અનંત,*
*થાય એક પૂરા, ત્યાં બીજા ઊપડે, ન આવે એનો અંત.*

x x x

*કિતે સેજ કિતે ભમરો, કિતે આંધી વિયા;*
*ફૂલ ફરોહી મધમધે, જીયણ વારી આં.*

જીવનમાં સંજોગો તો અનુકૂળ કે પ્રતિકૂળ આવતા જ રહેવાના છે. એ પ્રારબ્ધનો ખેલ છે. દાદા મેકણ કહે છે પ્રતિકૂળ સંજોગો વચ્ચે પણ ફૂલની જેમ ખીલી, સુવાસ પ્રસારવી એ જ જીવનની સાચી ચાવી છે.

*ક્યારેક તાપ, ક્યારેક વમળ, તો ક્યારેક આંધી વચ્ચે પણ ખીલે ફૂલ,*
*કહે મેકણ, ફેલાવવી સદા સુવાસ, એ જ જીવનનું ખરું મૂલ.*

x x x

*ભલે કે તાં જી જ, ને ભૂંછડેં કે પણ જી,*
*ભુજડા હવે ન ભવ મેં, ત ભલા ચોબાંજે કી?*

હું તો ભલા માણસોને નમન કરું છું *અને બૂરા માણસોને પણ નમું છું. જો બૂરા ન હોત તો ભલા, ભલા કેમ કહેવાત?*

*ભલાને હું કરું નમન, ને બૂરાને પણ મેકણ નમન,*
*હોય ન જો અંધકાર તો, તારાવિહીન લાગે ગગન.*

x x x

*મેકણ જનીંજે મનમેં, ઉનીકે સદાય સુગાળ,*
*દુઃખ દારિદર ઓડો ન થીએ, પાપ પુણ્ય લાગે ન લગાર.*

જેનું ચિત્ત સદાય મેકણ એટલે કે આત્મભાવમાં રહે છે. એને સદાય શાંતિ હોય છે. દુઃખ અને દરિદ્રતા એને સ્પર્શતાં નથી. એ પાપ પુણ્યથી પર થઈ જાય છે.

*હોય મેકણ જેના ચિત્તમાં, એનું સદાય લીલુંછમ રહે ઘર,*
*દુઃખ દારિદ્રય એને સ્પર્શે નહીં, ને પાપપુણ્યથી રહે પર.*

x x x

*મેકો જાણ સુજાણ, ગર્વ ઘણો ન કીજીએ,*
*હોઈએ હસ્તી સમાન, કીડી હોકર રહીએ.*

મેકણ કહે છે કે તમારામાં ગમે તેટલું જ્ઞાન હોય છતાં એનો ગર્વ કરતાં નહીં. તમે હાથી સમાન હો તો પણ *કીડીની માફક જ રહેજો.*

*ભલે હોય જ્ઞાન ઘણું, મેકણ ગર્વ ન કદી કરો,*
*હોઈએ ભલે હાથી સમ, પણ કીડી સમ રહો.*

x x x

*મરણા અંગે જે મોઓ, સે મરી વીંધા મ્હાતા,*
*હુંધા સે હયાત, મરણ જીનીજી મૂઠમેં.*

જે માણસ મરતા પહેલાં મરી જાય છે, તે મૃત્યુથી કદી માત થતો નથી. એ મૃત્યુને મુઠ્ઠીમાં રાખી અમર બની જાય છે. જેણે અહમ્‌ને *ઓગાળી નાખ્યો હોય, દેહની વાસનાઓનો નાશ કરી નાખ્યો હોય, તે મૃત્યુ પર વિજય મેળવે છે.*

*મરતા પહેલાં જે મર્યા, એનો દેહ છૂટે, એ ન મરે,*
*રહે એ સદા જીવંત મેકણ, મોત એને સલામ ભરે.*

x x x

*નક તૂટો, અખિયું બધિયું, ઘાણી જા ફેરા,*
*પેલો પણ ન પલેઓ, ન સમજ્યો સવેરા.*

ઘાણીના બળદની આંખો પર દાબડાં બાંધવામાં આવ્યા હોય, નાકને વીંધી એમાં રસ્સી ભરાવવામાં આવી હોય, અને એ ગોળ ગોળ ફરતો રહે અને હોય ત્યાંનો ત્યાંજ રહે. એમ માનવદેહ મળ્યો હોવા છતાં જેમણે આત્મતત્ત્વની પિછાણ કરી નથી અને સંસારની ઘટમાળમાં વ્યસ્ત રહ્યા છે, એઓનું જીવન ઘાણીના બળદ જેવું છે.

*બાંધી આંખે ડાબલા, ઘાણીના બળદ જેમ ફેરા ફરતો રહે.*
*સંસારીનું જીવન એવું મેકણ, જનમતો રહે, મરતો રહે.*

x x x

*દેહ ગોલો, દયા ગોફણ, ચેતન હણણહાર,*
*તિની સંધે ખેતર કે, કુરો કરીધોં કાળ?*

દેહરૂપી ગોળો હોય, દયારૂપી ગોફણ હોય અને ઘા કરનાર ચેતન હોય તે ખેતરને કાળ શું કરવાનો હતો? એ કાળને અતિક્રમી જાય છે.

*દેહ ગોળો, દયા ગોફણ, ચેતન ઘા કરનાર,*
*ત્રણેય મળ્યા જે ખેતરે, એને શું કરી શકે કાળ?*

x x x

*જોગી, જંગમ, સેવરા, સંન્યાસી, દરવેશ,*
*છઠા દર્શન બ્રહ્મકા, મેકણ ચે, અનમેં મીન ન કે મેખ.*

જંગમ એટલે શિવનિર્માલ્યના હકદાર શૈવ પરંપરાના સાધુ, સેવરા એટલે જૈન સાધુ. દાદા મેકણ કહે છે આ પાંચેય જોગી, જંગમ, સેવરા, સંન્યાસી અને દરવેશ (મુસ્લિમ પરંપરાના) એમનું ધ્યેય તો બ્રહ્મ (વિશ્વચૈતન્ય)ના સાક્ષાત્કારનું છે.

આ પાચેય જોગી, જંગમ, સેવરા, સંન્યાસી ને દરવેશ
*પામવા છઠા દર્શન બ્રહ્મના, પહેરે અલગ અલગ વેશ.*

x x x

*કરીયાં કરીયાં સૌ કો કરે, કરે ન સધેયું કોઈ,*
*મળે ગાલીયું મેકણ, ચે હર કરે સે હોઈ.*

અહીંયા દાદા મેકણ નિયતિના પ્રભાવની વાત કરે છે. શાસ્ત્રોની વાતો બધા બહુ કરે છતાં એ તત્ત્વને પામવાનો પુરુષાર્થ ભાગ્યેજ કોઈ કરે છે. કારણ કે નિયતિમાં હોય એટલાં જ કદમ માંડી શકાય છે.

*મોક્ષની વાતો બધા કરે, પણ પુરુષાર્થ કરે ન કોય,*
*કહે મેકણ, એટલાં જ કદમ માંડે, જેટલાં નિયતિમાં હોય.*

x x x

'અનહદની બારી' : ભાવાનુવાદ : સુરેશ ગાલા–૦૨૨–૨૫૧૨૪૭૧૯.

# સદ્ભાગી

☐ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

આજે ઉત્તર વયની શાન્ત ને શેષ પળોમાં મારા સદ્ભાગ્યનો વિચાર કરું છું તો મને પ્રથમ તો મનુષ્યજન્મની ગરિમા સમજાય છે ને એમાંય મોટું સદ્ભાગ્ય તો જે તે ક્ષેત્રના મહાન પુરુષોનું દર્શન, શ્રવણ, એમના સદ્ગ્રંથોનું વાચન મોક્ષથીય અધિક મહત્ત્વનાં લાગે છે. ચલચિત્રના પડદાની જેમ એક પછી એક દશ્યો મનફલક પર અંકિત થાય છે ને હું ભાવવિભોર બની આનંદમગ્ન થાઉં છું. સને ૧૯૨૯, તા. ૨૭ મી જુલાઈને દિવસે રાષ્ટ્રપિતા ગાંધીજીનું પાંચેક કલાક માટે, કડીની ગુજરાત ખ્યાત સંસ્થા–સર્વ વિદ્યાલયમાં પધારવું ને ત્રણ ત્રણ વ્યાખ્યાન આપવાં, જેમાંના બે મેં ધ્યાનપૂર્વક સાંભળેલાં તેનું પુણ્યસ્મરણ થાય છે. ત્રીજું વ્યાખ્યાન સંસ્થાની કારોબારીના સભ્યો માટે હતું. કેવળ તેર વર્ષની વયે રાષ્ટ્રપિતાનું દર્શન ને તેમની અમૃતવાણીનું શ્રવણ, મારા જીવનનું અ–મૃત પાથેય બની ગયું છે. એમની મેગ્નેટીક પર્સનાલિટીને પ્રતાપે સને ૧૯૩૨માં મેં અસહકારની ચળવળમાં ઝંપલાવ્યું ને જેલનિવાસ ભોગવ્યો એને મારા જીવનનું મોટામાં મોટું સદ્ભાગ્ય સમજું છું.

સને ૧૯૩૧–૩૨માં બીજી બે અગ્રગણ્ય વ્યક્તિઓના દર્શન–શ્રવણનો લાભ મળ્યો તે કવિ વિહારી અને શ્રી મોતીભાઈ અમીન સાહેબનો. અમારી રાષ્ટ્રીય શાળામાં ગોંડલના રાજા ભગવંતસિંહજી દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકો ચાલતાં હતાં જે રાષ્ટ્રભક્તિને ઉત્તેજન આપનારાં હતાં ને કવિ વિહારી એ રાજ્યના, વિદ્યાધિકારી હતા. ગુજરાતી ભાષાનો ભીમકાય 'શબ્દકોશ' એ પણ ગોંડલ રાજ્યનું પ્રકાશન છે જે ઐતિહાસિક ગણાવી શકાય તેવો છે. હું જ્યારે વડોદરાની મ.સ. યુનિ.માં ગુજરાતી ભાષા–સાહિત્યનો અધ્યાપક હતો ત્યારે કેવળ ત્રણ હજારમાં 'ગોંડલ કથાકોષ'ના પાંચ ગ્રંથો ખરીદેલા જે આજે પચીસ હજારમાં મળતા હશે ! શ્રી મોતીભાઈ અમીન એટલે પુસ્તકાલય પ્રવૃત્તિના પિતામહ. વડોદરા રાજ્યને ગામડે ગામડે સ્થાયી ને ફરતાં પુસ્તકાલયોના એ પ્રણેતા. એક જમાનામાં વડોદરા સમગ્ર ગુજરાતમાં ત્રણ સંસ્થાઓ માટે ગર્વ લેતું હતું. પ્રો.માણેકરાવનો અખાડો જે શરીર સૌષ્ઠવ, સંસ્કાર ને રાષ્ટ્રભક્તિના કેન્દ્રસમાન હતો, બીજી સેન્ટ્રલ લાઈબ્રેરી જેમાં લાખેક સદ્ગ્રંથો હતા અને ત્રીજી સંસ્થા નાટ્ય–સંગીતની જે હિંદભરમાં જાણીતી હતી. કવિ વિહારીએ રાષ્ટ્રભક્તિ ઉપર અને મોતીભાઈ સાહેબે સદ્ગ્રંથોના વાંચન–મનન ઉપર જે વ્યાખ્યાન આપેલાં તે હજીય સ્મૃતિમાં જીવંત છે.

સને ૧૯૩૨ના ફેબ્રુ.થી જૂન સુધી હું સાબરમતી સેન્ટ્રલ જેલના 'બડા સર્કલ' ની એક 'બેરેક'માં કેદી તરીકે હતો ત્યારે બે મહાનુભાવોનો સત્સંગ થયો. તેમાંના એક તે અંધ કવિ હંસરાજ, જેમનું 'ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં' ગીત ગુજરાતમાં ખૂબ ગવાતું ને બીજા મહાનુભાવ તે ડૉ. સુમન્ત મહેતા. લગભગ બે દાયકા સુધી તેઓ મહારાજા સયાજીરાવ ગાયકવાડ–પરિવારના ને રાજ્યના ચીફ મેડિકલ ઑફિસર હતા. વર્ષો સુધી સૂટેડ–બૂટેડ–અપટુડેટ રહ્યા પણ અંદરથી પૂરા દેશભક્ત...ને જતે દિવસે ગાંધી–સંસર્ગે તેઓને તેમનાં વિદૂષી સેવાભાવી પત્ની શ્રીમતી શારદાબહેન મહેતાએ રાષ્ટ્રભક્તિ કાજે જીવન સમર્પિત કર્યું. વિચારક તરીકે સ્વતંત્ર પ્રકૃતિના ને વ્યવહારમાં સો ટચનું સુવર્ણ. લગભગ દરરોજ તેઓ અમને કોઈ ને કોઈ રાષ્ટ્રીય પ્રશ્ન પર પ્રવચન આપતા ને આહાર તથા આરોગ્ય પરત્વે ખાસ ધ્યાન દોરતા. શારદાબહેનનું 'જીવન સંભારણું' ને ડૉક્ટર સાહેબની સને ૧૯૭૧માં પ્રગટ થયેલી 'આત્મકથા' જીવન-ઘડતર માટે ઉત્તમ ગ્રંથો ગણાય. ૮૯ વર્ષમાં હું કેવળ ત્રણ જ ગુજરાતીઓની પ્રભાવક દેહદષ્ટિથી મુગ્ધ થયો છું: એક શ્રી મહાદેવ દેસાઈ, બીજા ડૉક્ટર સુમન્ત મહેતા ને ત્રીજા શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક. બીજા પણ ઘણા હશે પણ જેમને મેં જોયા છે, સાંભળ્યા છે તેની જ વાત કરું છું.

પ્રિ. કાજી, પ્રો. કે. કા. શાસ્ત્રી, રસિકલાલ પરીખ, પંડિત લાલન, પ્રો. રા. વિ. પાઠક, કુંદનલાલ સેહગલ, નાનાભાઈ ભટ્ટ, પંડિત સુખલાલજી, પંડિત લાલજી, પંડિત બેચરદાસ દોશી, પ્રો. અનંતરાય રાવળ.

કૉલેજકાળ દરમિયાન (સને ૧૯૩૮ થી ૧૯૪૪) મને જેમનાં દર્શન–શ્રવણનો લાભ મળ્યો તેમાં સરદાર વલ્લભભાઈ પટેલ, શ્રીમતી સરોજિની નાયડુ, સુભાષચંદ્ર બોઝ, મહાદેવભાઈ દેસાઈ, કવિવર ન્હાનાલાલ, પ્રો. બ. ક. ઠાકોર, મેઘાણીભાઈ,

## અનોખું દાન

દાનવીર શ્રેષ્ઠિવર્ય શ્રી દીપચંદ ગાર્ડી તરફથી એઓશ્રીના ૯૩મા જન્મદિન નિમિત્તે શ્રી મુંબઈ જૈન યુવક સંઘને અનોખું અનુદાન પ્રાપ્ત થયું છે.

ભારતના ગુજરાતી ભાષી એકસો સાર્વજનિક પુસ્તકાલયો તેમજ જૈન સંસ્થાઓને આજીવન ગ્રાહક તરીકે 'પ્રબુદ્ધ જીવન' મોકલવા એઓશ્રીએ રૂપિયા ૧,૨૫,૦૦૦/-નું દાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘને 'પ્રબુદ્ધ જીવન' આજીવન સભ્યો માટે અર્પણ કર્યું છે.

આ અનુદાનથી શ્રી દીપચંદભાઈએ ગુજરાતી પત્રકારિત્વ અને ગુજરાતી ભાષાની અનન્ય સેવા કરી છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ શ્રેષ્ઠિ શ્રી દીપચંદભાઈનો હૃદયપૂર્વક આભાર માને છે.

અનેક ગુજરાતી ભાષી સામયિકો આજે આર્થિક સંકટમાં પણ પોતાનો સ્વતંત્ર વિચાર ધબકતો રાખે છે. એવા નિડર, સ્વચ્છ સામયિકોને પણ આવું ગ્રાહક અનુદાન આપવા સમાજના શ્રેષ્ઠિઓને અમારી નમ્ર વિનંતી છે.

☐ પ્રમુખ

રવિશંકર રાવળ, બચુભાઈ રાવત, 'ધૂમકેતુ', ગટુભાઈ ધ્રુવ, લેડી વિદ્યાગૌરી, આચાર્ય આનંદશંકર ધ્રુવ, ધર્માનંદ કોસંબી, ગણેશ માવલંકર દાદા, હિંદી કવિ સુમિત્રાનંદ પન્ત, પ્રથમ કક્ષાના નૃત્યકાર ઉદયશંકર, પ્રો. સ્વામીનારાયણ વગેરેનો ઉલ્લેખ કરી શકાય. આ સર્વનો લાભ ગુજરાત કૉલેજ, ગુજરાત વિદ્યાસભા, 'કુમાર કાર્યાલય', એલ.ડી.આર્ટ્સ કૉલેજ વા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા મળેલો. મને બરાબર યાદ છે કે શેઠ શ્રી મંગલદાસ ટાઉન હૉલમાં પ્રવચન આપતાં સુભાષચંદ્ર બોઝ મૂર્છા પામેલા.

સને ૧૯૪૫ થી સને ૧૯૫૦ સુધીમાં મને જે ગણનાપાત્ર વ્યક્તિઓનો લાભ મળ્યો તેમાં પ્રો. ડોલરરાય માંકડ ઉપરાંત પેટલાદના રાજરત્ન દાનવીર શેઠ શ્રી રમણભાઈ પરીખ અને સંસ્કૃત ભાષાસાહિત્યના પ્રકાંડ વિદ્વાન પંડિત વિષ્ણુદેવ સકલેશ્વરનો ઉલ્લેખ કરીશ. સને ૧૯૪૬માં જ્યારે ગુજરાત ખાતે માંડ સાત આઠ કૉલેજો હતી (સુરતની એમ.ટી.બી., વડોદરાની બરોડા કૉલેજ, અમદાવાદની ગુજરાત કૉલેજ, ભાવનગરની શામળદાસ કૉલેજ, રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કૉલેજ ને જૂનાગઢની બાઉદ્દીન કૉલેજ) ત્યારે રમણભાઈ શેઠે લાખોનું દાન આપી પેટલાદમાં બે કૉલેજ શરૂ કરી, એટલું જ નહીં પણ બબ્બેવાર સુવર્ણતુલા કરી બ્રાહ્મણોને દાન આપેલું. એમના જ દાનથી શરૂ થયેલી વિરલ કહી શકાય એવી સંસ્કૃત નારાયણ પાઠશાળામાં પંડિત વિષ્ણુદેવ આચાર્ય હતા જેમણે વેદના સાતેક ગ્રંથો પ્રગટ કર્યા છે. જ્યારે હું પેટલાદ કૉલેજમાં નોકરી કરતો હતો ત્યારે (સંભવ છે કે સને ૧૯૪૮માં) વલ્લભ વિદ્યાનગર ખાતે જવાહરલાલજી આવેલા...હું એમના ભાષણમાં ગયેલો. એ પછી તો વડોદરામાં જવાહર અને શ્રી રાધાકૃષ્ણન આવેલા ત્યારે પણ એમના દર્શન-શ્રવણનો લાભ મળેલો. રાધાકૃષ્ણનનો તો બબ્બેવાર. હું મહાત્મા ગાંધીજીનો અનુયાયી એટલે કોંગ્રેસ અધિવેશનોમાં પણ હાજરી આપતો જ્યાં જવાહર, કૃપલાની, ગોવિંદ વલ્લભ પંત વગેરેને જોવા-સાંભળવાનો લહાવો પ્રાપ્ત થયેલો. નડિયાદના આઠ વર્ષ (૧૯૫૦ થી ૧૯૫૮) દરમિયાન સને ૧૯૫૫માં, ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન (૧૯મું અધિવેશન) મળ્યું ને તે જ વર્ષે શ્રી ગોવર્ધન શતાબ્દી મહોત્સવ ઉજવાયો. જેમાં બંને સ્થળે હું મંત્રી હતો એટલે શતાબ્દીપ્રમુખ શ્રી કનૈયાલાલ મુનશી, મંગલ પ્રવચનકાર વયોવૃદ્ધ સાક્ષર શ્રી કૃષ્ણલાલ ઝવેરી, શતાબ્દીના સ્વાગતપ્રમુખ શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, સાહિત્ય પરિષદમાં મંગલ પ્રવચનકાર કરનાર રાજ્યપાલ શ્રી હરિકૃષ્ણ મહેતાબ, પરિષદના સ્વાગતપ્રમુખ પ્રો. કાન્તિલાલ છગનલાલ પંડ્યા, શ્રી મગનભાઈ પ્ર. દેસાઈ, ડૉ. લાલભાઈ દેસાઈ, શ્રી ડી. જી. વ્યાસ, શ્રી પ્રાણજીવન પાઠક, રસકવિ શ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટ જેવા અનેકનો પરિચય થયો. વળી એ સમય દરમિયાન શ્રી ગોવર્ધન સાહિત્ય સભાના ઉપક્રમે મેં અભેદમાર્ગ પ્રવાસી શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી ને મસ્ત કવિ બાલાશંકરની શતાબ્દી પણ ઉજવેલી જેમાં સર્વશ્રી ક. મા. મુનશી, શ્રી રમણલાલ દેસાઈ, શ્રી જ્યોતીન્દ્ર દવે, શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, પ્રો. વિજયરાય વૈદ્ય, પ્રો. યશવંત શુકલ, પ્રિ. એસ. આર. ભટ્ટ, પ્રો. મંજુલાલ મજમુદાર, ડૉ. ભોગીલાલ સાંડેસરા, સુંદરમ્, પ્રો. વિ. ર. ત્રિવેદી, શ્રી શાંતિલાલ ઠાકર, બેરિ. યશોધર મહેતા, ઉમાશંકર જોષી જેવા વિદ્વાન વક્તાઓને આમંત્રેલા. એ સર્વના નિકટમાં આવવાનું સદ્‌ભાગ્ય મને સાંપડેલું. એમાંના મોટા ભાગના તો મારા સ્નેહી મિત્રો જેવા હતા. સંતોમાં રંગ અવધૂતજી, સંતરામ મહારાજ, સંત મોટા, દાદા ભગવાન વગેરેના દર્શન-શ્રવણનો લાભ પણ મળેલો. સને ૧૯૫૮માં હું વડોદરા આવ્યો એ દરમિયાન કાકાસાહેબ કાલેલકર, વિનોબા ભાવે, હરીન્દ્ર ચટ્ટોપાધ્યાય, શ્રી ચંદ્રવદન મહેતા, શ્રીમતી હંસાબહેન મહેતા. શ્રી મનમોહનસિંઘ, પ્રણવ મુખરજી, શ્રીમતી કિરણ બેદી વગેરેને જોવા-સાંભળવાનો લાભ મળ્યો. પ્રિ. ગોકાક ટાગોર શતાબ્દી વખતે મારા મહેમાન હતા-સને ૧૯૬૧માં.

આજે ૮૯ મે વર્ષે મારી સ્મૃતિ થોડીક ક્ષીણ થતાં કેટલાંક નામ રહી પણ જતાં હશે પણ જીવનની શાંત ક્ષણોમાં જ્યારે હું મારા આવા સદ્‌ભાગ્યનો વિચાર કરું છું ત્યારે હું કેટકેટલાંનો ઋણી છું એનું પણ ભાન થાય છે. માણસ એટલે જ ઋણિયું પ્રાણી. ✱✱✱

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ભેટ

### • પ્રબુદ્ધ જીવન આજીવન સભ્ય

| | |
|---|---|
| ૩૯૫૦૦/- | તા. ૧૦-૪-૨૦૦૭ સુધીમાં આવેલ |
| ૧,૨૫,૦૦૦/- | શ્રી દીપચંદભાઈ ગાર્ડી |
| ૨,૫૦૦/- | શ્રી માણેકલાલ મોરારજી સંગોઈ-મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી ધર્મસિંહ મોરારજી પોપટ-મુંબઈ |
| **૧,૬૯,૫૦૦/-** | **કુલ રૂપિયા** |

### • પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ

| | |
|---|---|
| ૯,૬૪,૬૦૯/- | તા. ૧૦-૬-૨૦૦૭ સુધીમાં આવેલ |
| ૨,૫૦૦/- | શ્રી યશોમતીબેન શાહ-મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી દેવચંદ રાવજી ગાલા-મુંબઈ |
| ૫૦૦/- | ડૉ. રાજેન્દ્ર ટી વ્યાસ-મુંબઈ |
| ૭,૫૦૦/- | શ્રી માણેકલાલ મોરારજી સંગોઈ-મુંબઈ |
| ૧,૦૦૦/- | શ્રી નરેન્દ્ર લીલાધર ગડા-મુંબઈ |
| ૫૦૦/- | શ્રીમતી કોકીલાબેન-મુંબઈ |
| ૧,૦૦૦/- | શ્રી રત્નદીપ ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ |
| ૧,૦૦૧/- | શ્રીમતી સુશીલાબેન ચન્દ્રકાંત મહેતા-મુંબઈ |
| ૫,૦૦૧/- | શ્રીમતી ગજેન્દ્ર રમણીકલાલ કપાસી-મુંબઈ |
| ૨,૦૦૦/- | શ્રી દિનેશ વરજીવનદાસ શાહ-મુંબઈ |
| ૨,૫૦૦/- | શ્રી રમેશ પી. દફતરી ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ |
| **૯,૯૦,૬૧૧/-** | **કુલ રૂપિયા** |

# 'વધારીઆ'ની વ્યથા અને અનુપ્રેક્ષાની ભાવનાઓ

□ ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી

ડૉ. રણજિત એમ. પટેલ 'અનામી'નો હૃદયસ્પર્શી લેખ 'વધારીઆ' (પ્ર. જી. ૧૬-૫-૨૦૦૭) વૃદ્ધ મા-બાપની કરુણ સ્થિતિનો વાસ્તવિક ચિતાર-એમના હૃદયની વેદનાને વાચા આપે છે. લેખ વાંચીને ગંભીર ચિંતન કર્યું અને 'અનામી' જેવા પ્રકાંડ વિદ્વાનના લેખનો પ્રતિભાવ આપવાની ધૃષ્ટતા કરું છું.

જૈન ધર્મમાં મૂળ બાર અનુપ્રેક્ષાઓ અને એની પુષ્ટિમાં બીજી ચાર અનુપ્રેક્ષાઓનું વર્ણન આવે છે. આ બાર અનુપ્રેક્ષાઓ છે-અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, ધર્મ, લોકસ્વરૂપ અને બોધિદુર્લભ. બીજી ચાર અનુપ્રેક્ષાઓ છે-મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થ.

સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથા ભગવાન મહાવીરના ગણધર અને સૂત્રધાર સુધર્માસ્વામી અને એમના શિષ્ય જંબુસ્વામી વચ્ચેના પ્રશ્નોત્તરથી શરૂ થાય છે. સુધર્માસ્વામી કહે છે-'બુજ્ઝેજ્જ ! તિઉટ્ટેજ્જા, બંદણં પરિજાણિયા; કિમહ બંધણં વીરે ? કિંમ્ વા જાણં તિઉટ્ટઈ ?' પ્રથમ 'સંબોધિ' પામો અને પછી કર્મનાં બંધનને જાણી એને તોડો. ત્યારે જંબુસ્વામી પૂછે છે કે-ભગવાને કર્મબંધન કોને કહ્યું-એનું કારણ શું અને એને કેમ તોડાય ? આના ઉત્તરમાં સુધર્માસ્વામી ત્યાર પછીની ગાથાઓમાં કહે છે કે ભગવાને આરંભ અને પરિગ્રહ અથવા હિંસા અને મમત્વને બંધન કહ્યાં છે અને એને તોડવા માટે અશરણ, અનિત્ય આદિ ભાવનાઓ (અનુપ્રેક્ષાઓ) બતાવી છે. એ જ પ્રમાણે આચારાંગ, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક આદિ આગમોમાં પણ આ અનુપ્રેક્ષાઓ-ખાસ કરીને એકત્વ અને અન્યત્વ તથા મધ્યસ્થ ભાવનાઓની ચર્ચા કરવામાં આવી છે. અનુપ્રેક્ષાની ભાવનાઓ મનુષ્યના જીવનમાં વિવેક જગાડે છે, કષાયો-રાગ-દ્વેષને ઉપશાંત બનાવે છે. દુર્લભ મનુષ્ય ભવને સફળ બનાવવાની પ્રેરણા આપે છે.

'વધારીઆ'ના સંદર્ભમાં આપણે બે ચિત્રો જોઈએ. એક માણસ યુવાન છે, તંદુરસ્ત છે, ભણેલો છે. સારા પગારની નોકરી મળી છે, પ્રેમાળ પત્ની અને સમજુ બાળકો પણ છે. એ સવારે ઊઠે છે ત્યાં સુધી એની ઊંઘમાં ખલેલ ન પહોંચે તે માટે ઘરના બધાં સાવચેત રહે છે. ઉઠતાંની સાથે છાપું, બાથરૂમ આદિ પર એનો પહેલો હક હોય છે. એનો નાસ્તાનો, ચાનો, તૈયાર થવાનો-બધાંનો સમય સાચવી લેવામાં આવે છે. બધી બાબતમાં એને પ્રાથમિકતા મળે છે. ઑફિસે જવા નીકળે એટલે એના હાથમાં ઑફિસની બેગ, રૂમાલ, મોટરની ચાવી આદિ હાજર જ હોય છે. ઑફિસેથી પાછા આવે ત્યારે ચા-નાસ્તો તૈયાર હોય છે. ટીવી પર એની પસંદગીની ચેનલ શરૂ થાય છે. સમયસર 'ડીનર' તૈયાર થઈ જાય છે.આમ દરેક બાબતમાં ઘરના માલિકની દરેક જરૂરીયાતોનું ઘરના દરેક સભ્ય ચીવટાઈપૂર્વક ધ્યાન રાખે છે.

હવે બીજું ચિત્ર-વર્ષો વીતી જાય છે, એની યુવાની જતી રહે છે. નોકરીમાંથી પણ નિવૃત્ત થવું પડે છે. ઘેર બેસવાનો વારો આવે છે. હવે પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું છે, સમીકરણો બદલાઈ ગયા છે. પુત્રો કમાતા થઈ ગયા છે. પૌત્રો શાળાએ જતાં થઈ ગયા છે.રાત્રે ટીવીની છેલ્લી સીરીયલ જોઈ મોડેથી સૂઈ જનારી અને સવારના મોડેથી ઉઠનારી પુત્રવધૂઓ રઘવાઈ થઈ પતિ અને સંતાનોનો સમય સાચવવામાં પડી છે. વૃદ્ધ પત્ની બિમાર રહે છે. ત્યારે નિવૃત્ત થયેલા, એક વખતના કમાતા-ધમાતા ઘરના માલિકની શી દશા થાય છે ? સવારે ચા માગે તો પુત્રવધૂ કહેશે, 'અત્યારે તમારા માટે ચા બનાવવા માટેનો સમય ક્યાં છે ? તમારા પુત્રને ઑફિસે જવાનો અને છોકરાઓને શાળાએ જવાનો સમય અમારે સાચવવાનો છે; જ્યારે પરવારીશ ત્યારે ચા બનશે.' દાદાજી બાથરૂમમાં જવા જાય ત્યાં નાનો પૌત્ર એની પહેલાં બાથરૂમમાં ઘૂસી જઈ કહેશે કે, 'મને શાળાએ જવાનું મોડું થાય છે; તમારે ક્યાં કશે જવાનું છે ?' છાપું માગશે તો જવાબ મળશે કે એ તો તમારા પુત્ર વાંચે છે. તમે પછી વાંચજો. જે જે કામો માટે એને પ્રાથમિકતા મળતી એ બધામાં હવે એને કોઈ દાદ નથી આપતું, કોઈ


## પર્યુષણ વ્યાખ્યાનમાળા ૨૦૦૭

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શનિવાર તા. ૮-૯-૨૦૦૭થી રવિવાર તા. ૧૬-૯-૨૦૦૭ સુધી એમ નવ દિવસની વ્યાખ્યાનસભાઓ, પાટકર હૉલ, ન્યૂ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦ મધ્યે યોજવામાં આવી છે, એની નોંધ લેશો.

ગણકારતું નથી, અવગણના કરે છે. આખા દિવસમાં કોઈને એની પાસે બેસીને વાત કરવાની ફુરસદ નથી.

કંઈક આના જેવી જ લાચારીની, અપમાન અને અવગણનાની વાત ડૉ. 'અનામી'એ કરી છે. આવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે એ વૃદ્ધ પાસે બે વિકલ્પો હોય છે. પ્રથમ વિકલ્પ એવા માણસનું છે જેણે જીંદગીમાં ક્યારેય સત્સંગ નથી કર્યો, સદ્વાચન નથી કર્યું અને અનુપ્રેક્ષાની ભાવનાઓ સમજવાનો પ્રયત્ન નથી કર્યો. પરિસ્થિતિ સાથે બદલવાનું નથી શીખ્યો. એ વૃદ્ધ આવી અવગણના સહન નથી કરી શકતો, આખો દિવસ બળાપો કાઢ્યા કરે, 'અરે! આખી જીંદગી તમારા માટે વૈતરું કર્યું તેનો તમે આવો બદલો આપો છો?' કડવાં વેણ કહી સમસ્ત ઘરનું વાતાવરણ કડવું ઝેર જેવું કરી નાખે છે. સ્વયં આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં રહી પાપ કર્મ બાંધે છે. અશાંત વાતાવરણમાં દુ:ખી થઈ જાય છે, જેથી તનથી અને મનથી ભાંગી જાય છે. જીવનમાં ઘોર નિરાશા, હતાશા, માનસિક સંતાપ અને દુ:ખનો અનુભવ કરે છે.

આનાથી વિપરીત–એક માણસે જીવનમાં સત્સંગ, સદ્વાચન અને અનુપ્રેક્ષાની ભાવનાઓથી મનને ભાવિત કર્યું છે. ઉપર જણાવેલી પરિસ્થિતિમાં એના વિચાર, વાણી અને વર્તણૂક કેવા હશે? સવારે ઉઠતાવેંત ચા ન મળે તો એ વિચારે છે કે,'બરાબર છે. આખી જીંદગી તો નવકારશી વગેરે તપ નથી કર્યું. હવે અનાયાસે સમય અને તક મળ્યાં છે.' પુત્રવધૂને કહેશે–'કંઈ વાંધો નહીં બેટા! હવેથી હું નવકારશી કરીશ એટલે બધા કામોથી પરવાર્યા પછી જ મારા માટે ચા બનાવજો. એક લોટો પાણી પીવાથી પેટ સાફ આવશે.' બધાં વાંચી લે પછી છાપું હાથમાં આવે તો વિચારે કે, 'મારે શી ઉતાવળ છે? હું સવારે એક સામાયિક કરીશ. પછી આરામથી છાપું વાંચીશ. આવી નિરાંત તો જીવનમાં ક્યારેય માણી નથી.' પછી એક પછી એક અનુપ્રેક્ષાની ભાવનાઓ યાદ કરી આનંદમાં રહે છે. એ સમજે છે આ બધાં સંબંધો **અનિત્ય** છે. **સંસાર**નો આ નિયમ છે કે સ્વાર્થ વગર કોઈ કોઈનું થતું નથી. અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી પ્રરૂપિત ધર્મ સિવાય અન્ય કોઈ **શરણ** નથી. સૌથી વધુ તો **એકત્વ** ભાવનામાં આનંદોલ્લાસની લહેરમાં મસ્ત બની રહે છે. નાનપણમાં શાળામાં શીખેલા કે 'એકડે એક અને બગડે બેય. બે મળે ત્યાં વિવાદ–કંકાસ થવાનો જ. મને તો અનાયાસે એકત્વ ભાવના ભાવવાનો અમૂલ્ય અવસર મળ્યો છે.' એ જાણે છે કે એકલતા (Lonliness) એ ઠોકી બેસાડેલી દુ:ખદ પરિસ્થિતિ છે. પણ એકત્વ (Solitariness) તો જીવનનું અમૃત છે એટલે એને એકલતા સાલતી નથી, પણ એકત્વમાં આનંદે છે. (Lonliness is thrust upon you, while solitariness is what you seek). બધી ભૌતિક ચીજો અને દુન્યવી સંબંધોને એ પોતાનાથી ભિન્ન માનીને **અન્યત્વ** ભાવના રાખે છે. આ **અશુચિમય**–નાશવંત શરીર પણ મારું નથી, તો આ બધાં સંસારનાં સંબંધો મારા ક્યાંથી થશે? શરીરમાં રોગ પીડા ઉત્પન્ન થાય તે તો મારા પોતાના જ કરેલા અશાતાવેદનીય કર્મનો ઉદય છે, તો એ શાંત ભાવે સહન કરીશ. પછી આધ્યાત્મિકતાની ત્રણ ભાવનાઓ–**આશ્રવ, સંવર** અને **નિર્જરા**–ભાવતાં ભાવતાં એ સમતામય બની શાંતસુધારસમાં તરબોળ થઈ જાય છે. **ધર્મ**–ભાવના હૃદયમાં ઊતરી ગઈ હોવાથી સમયનો સદુપયોગ કરી ધાર્મિક કાર્યોમાં–ઉપાસના, સામાયિક પૂજા, સત્સંગ આદિમાં ચિત્ત પરોવે છે. **લોકસ્વરૂપ**નું ચિંતન કરે છે. મનુષ્યભવની તથા સંબોધિ–સમ્યકત્વની દુર્લભતા પર **બોધિદુર્લભભાવના** ભાવે છે. એ ચિંતન કરે છે કે 'આવો દુર્લભ માનવનો જન્મ મળ્યો છે અને આવો સુંદર નવરાશનો સમય મળ્યો છે એનો સર્વોત્તમ ઉપયોગ કરી મારા ભવોભવનાં કર્મ ખપાવી આત્માની શુદ્ધિ કરવાનો આ અણમોલ વખત છે.'

પોતાના ઘરનાજ નહીં, સંસારના બધાં પ્રાણીઓ સાથે **મૈત્રી**ભાવ રાખે છે. ગુણીજનોના ગુણને યાદ કરી પ્રમુદિત થાય છે. એ ઘરના પ્રત્યેક વ્યક્તિના ગુણને મેગ્નીફાઈ કરે છે. એમની સાથે મીઠાશથી વાત કરીને, ઘરના નાના મોટા કામોમાં યથાશક્ય મદદ કરી ઘરનું વાતાવરણ આનંદ-**પ્રમોદ**મય બનાવી દે છે. પોતે સુખથી રહે છે અને ઘરના બધા પણ ચેનથી રહે છે. દુ:ખી, દીન, અભાવગ્રસ્ત, રોગી, હતભાગી લોકો પ્રત્યે કરુણાથી એનું હૃદય આર્દ્ર બને છે. અંતમાં બધી જ પરિસ્થિતિમાં **મધ્યસ્થ**–તટસ્થ ભાવ રાખી, ધીમે ધીમે 'સંવૃણુ માયાજાલં'–દુનિયાની જંજાળની માયાજાળને સંકેલવા તરફ લક્ષ આપે છે.

આમ આ સોળ ભાવનાઓ જીવનને સમતામય, શાંતિમય અને આનંદમય બનાવે છે.

ડૉ. રાકેશભાઈ ઝવેરીએ મને સ્વહસ્તે લખી આપેલ ચાર રત્નોજેવા ચાર જ શબ્દોની માળા સાથે મારો અભિપ્રાય પૂરો કરું છું–

'શાંત સ્વીકારથી સાક્ષીભાવની સાધના.'

વૃદ્ધત્વની બાબતમાં સુરેશ ચૌધરી કૃત 'ઘડપણ પણ એટલું શાપિત નથી' લેખ (જ.પ્ર.૨૦-૦૫-૨૦૦૭) વાંચવા જેવો છે, જેમાં સ્વીટ્ઝરલૅન્ડની વૃદ્ધ મહિલા જિંદગીની ખુમારી દર્શાવતાં કહે છે:

*જિંદગી ન કેવલ જીને કા બહાના હૈ,*
*જિંદગી ન કેવલ સાંસોં કા ખજાના હૈ,*
*જિંદગી તો સિંદૂર હૈ પૂર્વ દિશા કા,*
*જિંદગી કા કામ હૈ નયા સૂરજ ઉગાના.*

✱✱✱

('વેલ્યુ–એડેડ મેડીટેશન થ્રી જૈન પરસ્પેક્ટીવ ઑફ અનુપ્રેક્ષા' ઉપર મહાનિબંધ લખી ડૉ. રશ્મિભાઈ ઝવેરીએ મુંબઈ યુનિવર્સિટીમાંથી હમણાં જ Ph. D.ની પદવિ પ્રાપ્ત કરી છે. અભિનંદન.)
અર્હમ્, પ્લોટ નં. ૨૬૬, સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨

# અવિદ્યાવાન પુરુષોની સંગત કદી કરવી નહીં

□ગુણવંત બરવાળિયા

સર્વજ્ઞ ભગવંતોએ જગતના જીવોનું અજ્ઞાન દૂર કરવા માટે દેશનારૂપી જ્ઞાન ગંગા વહાવી છે. ગણધર ભગવંતોએ આ પાવન-વાણીને સૂત્રનું રૂપ આપ્યું.

મહર્ષિ ગૌતમના પ્રત્યેક જીવનસૂત્રમાં અનુભૂતિ અભિપ્રેત હતી. 'ગૌતમકુલક' નામના ભિન્ન ભિન્ન જીવનસૂત્ર દ્વારા તેમણે માનવજીવનને ઊર્ધ્વગમન કરવાની પ્રેરણાનાં પીયૂષ પાયાં.

'ગૌતમકુલક' કે જે શ્રમણ સંસ્કૃતિની પાવનસંપદા છે. તેનું ૫૬મું જીવનસૂત્ર છેઃ

न सेवियव्वा पुरिसा अविज्जा

અવિદ્યાવાન પુરુષોની સંગત કદી કરવી નહિ.

છેલ્લા અઢી હજાર વર્ષથી શ્રમણ સંસ્કૃતિની જ્ઞાનધારાને ગતિશીલ રાખવા માટે પૂર્વાચાર્યોએ ગણધરોએ રચેલા સૂત્ર સિદ્ધાંતોને સમજાવવા માટે ટીકા, ભાષ્યો, ટબ્બા, વિવેચનો અને સમજૂતીના સર્જનની શૃંખલા રચી અને મુમુક્ષુઓ પર પરમ ઉપકાર કર્યો છે.

'અવિદ્યાવાન પુરુષોની સંગત કદી કરવી નહિ' આ જીવનસૂત્રનો અર્થ વિસ્તાર અને વિશ્લેષણ પૂર્વાચાર્ય આનંદઋષિએ ખૂબ જ ગહન ઊંડાણમાં જઈને કરેલ છે.

અવિદ્યાવાન પુરુષ કોને કહેવાય? તેનાં લક્ષણ ક્યાં? શા માટે તેનું સેવન સંગ ન કરવો? આવા પુરુષનો સંગ કરવાથી શું નુકસાન થાય?

કોઈના મુખારવિંદ પર વિદ્યાવાન કે અવિદ્યાવાનની છાપ મારેલી ન હોય પરંતુ વ્યક્તિની વાતચીત, હાલ-ચાલ અને વ્યવહાર પરથી તેના ગુણ–અવગુણ પ્રગટ થતા હોય છે. આમ તેના આચારવિચારથી વિદ્યાવાન પુરુષની પરખ થાય છે. પરંતુ આ પહેલાં આપણે વિદ્યાના સાચા સ્વરૂપને સમજી લેવું પડશે.

વિદ્યાનો સામાન્ય અર્થ જાણકારી થાય. પરંતુ શાસ્ત્રો અને અને ગ્રંથોના પરિશીલન દ્વારા વિદ્યાના અનેક અર્થ આપણને જાણવા મળે છે. વિશિષ્ટ મંત્રો અને સાધના દ્વારા જે શક્તિ કે સિદ્ધિઓ પ્રાપ્ત થાય તેને વિદ્યા કહે છે. વિદ્યાગુરુઓ દ્વારા વિદ્યાર્થીઓને જે જ્ઞાન આપવામાં આવે છે તેને પણ વિદ્યા કહે છે. પરંતુ જ્ઞાની પુરુષો તો તેને જ વિદ્યા કહે છે જે, 'સા વિદ્યા યા વિમુક્તયે'–બંધનમાંથી મુક્ત કરાવે તે જ સાચી વિદ્યા છે.

લૌકિકવિદ્યા, વ્યક્તિનો ભવ સુધારે છે. આ ભવમાં આજીવિકા, ભૌતિક સુખ, પ્રતિષ્ઠા અને ઊંચું જીવનધોરણ આપે છે. પરંતુ લોકોત્તર વિદ્યા માનવને માનસિક અને બૌદ્ધિક બંધનોમાંથી દૂર કરાવી અને આત્મિક સુખના રાજમાર્ગ પર લઈ જાય છે. જે ભવપરંપરામાંથી મુક્તિ અપાવનારી બને છે.

શંકરાચાર્યે વિદ્યાનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે,

વિદ્યાહિકા? બ્રહ્મગતિપ્રદા।

વિદ્યા બ્રહ્મગતિ પ્રદાન કરે છે.

ભગવદ્‌ગીતામાં, અધ્યાત્મવિદ્યાને સર્વશ્રેષ્ઠ વિદ્યા તરીકે બતાવી છે.

એક સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છેઃ

न राजहार्यं, न च चौरहार्यं, न भातृभाश्यं न च भारकारम्।

व्ययेकृते वर्धत एवं नित्यं, विद्याधनं सर्वधन प्रधानम्।।

જેને રાજા લઈ શકતો નથી, ચોર ચોરી શકતો નથી, ભાઈઓ ભાગ પડાવી શકતા નથી, જે વાપરવાથી વધે છે એવું વિદ્યાધન, સર્વધનોમાં શ્રેષ્ઠ છે.

સંત ભર્તૃહરિએ નીતિશતકમાં કહ્યું છે કે વિદ્યારહિત મનુષ્ય પશુ સમાન છે.

વિદ્યા વિનયથી શોભે, વળી વિદ્યાવાન વ્યક્તિના જીવનમાં વિનય-વિવેક અભિપ્રેત હોય.

અવિદ્યાના લક્ષણ બતાવતાં જ્ઞાનીજનો કહે છે કે તે વિદ્યાથી ઊલટી વિપરિત છે. અહંકાર કામ-ક્રોધ જેવા દુર્ગુણો ઉત્પન્ન કરનારી અવિદ્યા દુઃખ આપનારી છે. વેદાંતમાં માયાને અવિદ્યા કહે છે અને જૈન પરિભાષામાં અજ્ઞાનને અવિદ્યા કહેવામાં આવે છે.

વિદ્યાવાન પુરુષો કોઈપણ સ્થતિમાં વ્યાકૂળ થતા નથી કારણ કે વિપત્તિના સમયમાં તે આવેશમાં નિર્ણય નથી લેતા પરંતુ તેના વિનય સાથે જોડાયેલી વિવેકબુદ્ધિ તેને શ્રેયને માર્ગે લઈ જાય છે.

વિદ્યાવાન અને અવિદ્યાવાનની પરખ માત્ર એ કેટલું ભણેલ છે, તેણે કેવી ડીગ્રી પ્રાપ્ત કરી છે તે પરથી નથી કરી શકાતી.

જેની વ્યાવહારિક, સાત્ત્વિક અને ધર્મયુક્ત બુદ્ધિ, બૌદ્ધિક પ્રતિભા, સિદ્ધાંતનિષ્ઠા, તત્ત્વાર્થ શ્રદ્ધા, જેની વિવેકયુક્ત બુદ્ધિનું ઝરણું પ્રજ્ઞા તરફ પ્રવાહિત થતું હોય તે જ સાચો વિદ્યાવાન છે. આના સંદર્ભે ઉપનિષદમાં એક સુંદર દૃષ્ટાંત મળે છે.

આચાર્ય દ્રુમતકૌશલે પોતાની પત્નીને કહ્યું કે, ભદ્રે! મનુષ્યની સંપૂર્ણ સફળતાનો આધાર વિદ્યા છે. ભગવતી! જે સર્વ પ્રકારે આપણી કન્યા વિદ્યાવાન, ગૃહકાર્યમાં નિપૂણ, સુશીલ છે એવો જ વિદ્યાવાન પુરુષ તેને વર તરીકે મળે તો તેના જીવનમાં સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય!

આચાર્યપત્નીએ કહ્યુંઃ 'હે આર્યશ્રેષ્ઠ આવા આદર્શ યુવકની શોધ કરવી આપના માટે કઠીન નથી કારણ કે તમારા ગુરુકુળમાં માત્ર

સામાન્ય નાગરિકો જ નહીં પરંતુ કુરુ, કૌશલ, કાંચી, મગધ, અરૂ, અર્પમારણ્ય, કમ્બોજ, વારાણસી, અને અલકાદ્વીપના રાજકુટુંબોના અનેક શ્રેષ્ઠીપુત્રો વિદ્યાભ્યાસ માટે આવે છે તેમાંથી આપ એક પ્રતિભાવંત યુવાન શોધી કાઢો.'

વિદ્યાનો અર્થ માત્ર બૌદ્ધિક પ્રતિભા જ નહિ, નીતિપૂર્ણ વ્યવહારિક જીવન, સત્ત્વશીલ આચરણ જ વિદ્યાવાનનું લક્ષણ છે. હું છાત્રોની કઠોર પરીક્ષા કરીશ, કદાચ એમાંથી કોઈ વિદ્યાવાન મળી પણ જાય.

આચાર્યે ગુરુકુળના સમસ્ત સ્નાતક-છાત્રોને આમંત્રિત કરીને કહ્યું કે, તમે જાણો છો કે મારી કન્યા વિવાહને યોગ્ય ઉંમરે પહોંચી છે. મારી પાસે ધન નથી, તમે દરેક પોતપોતાના ઘરે જઈને મારી કન્યા માટે એક એક આભૂષણ લઈ આવો. જે સર્વશ્રેષ્ઠ ઘરેણું લાવશે તેની સાથે હું મારી કન્યાનો વિવાહ કરીશ. પરંતુ મારી એક શરત છે. આ આભૂષણ લાવવાની વાત ગુપ્ત રાખવી પડશે. માતા-પિતા તો શું ? અગર ડાબો હાથ આભૂષણ લાવે તો જમણા હાથને પણ ખબર ન પડવી જોઈએ.

દ્રુમત ઉપકૌશલાચાર્યની કન્યા અસાધારણ વિદુષી, સુશીલા અને ગુણવતી હતી. પ્રત્યેક યુવક તેને પામવા ઉત્સુક હતો. તેથી દરેક જણે પોતાના ઘરેથી ચોરીછૂપીથી આભૂષણ લાવવા માંડ્યાં, ઘરેણાંનો ઢગલો થયો, આચાર્યને જે ઘરેણાં ઝંખના હતી તે આભૂષણ કોઈ ન લાવ્યું.

બધાની પાછળ છેલ્લે વારાણસીનો રાજકુમાર બ્રહ્મદત્ત આવ્યો. નિરાશ... ખાલી હાથે. આચાર્યએ પૂછ્યું, વત્સ તું કાંઈ ન લાવ્યો ? તેણે વિનયપૂર્વક કહ્યું–'હા ગુરુદેવ ! આપે આભૂષણ લાવવા સાથે શરત પણ રાખી હતી, જમણો હાથ આભૂષણ લાવે તો ડાબાને ખબર ન પડે તેમ ગુપ્ત રીતે આ કાર્ય કરવાનું હતું. ખૂબ જ યુક્તિપ્રયુક્તિ કરી છતાં આવું એકાંત મને ન મળ્યું. મારા માટે આ શરત પૂર્ણ કરવી અસંભવ લાગી.'

આચાર્યએ કૃત્રિમ ક્રોધ સાથે વિસ્મયપૂર્વક પ્રશ્ન કર્યો, શું તારા માતા–પિતા કે અન્ય કુટુંબીજનો સૂતા નથી ? રાતના તો આભૂષણ લઈ શકાય. બધા જ છાત્રો લગભગ આ જ રીતે આભૂષણ લાવ્યા છે.

બ્રહ્મદત્તે વિનમ્રતાપૂર્વક જવાબ આપ્યો, ગુરુદેવ અન્ય મનુષ્યો વિનાનું એકાંત તો મળવું સુલભ હતું પરંતુ મારો આત્મા અનંતજ્ઞાની પરમાત્માની ઉપસ્થિતિની અનુભૂતિ મને સતત કરાવતો રહ્યો હતો. તેનાથી છુપાવીને ઘરેણાં–આભૂષણ લાવવાનું મારે માટે અસંભવ બન્યું આ કારણે હું આપની શરત પૂરી ન કરી શકું તેમ ન હતું.

આચાર્યની આંખો આનંદથી ચમકી ઊઠી. તેમણે બ્રહ્મદત્તને છાતી સરસો ચાંપી તમામ સ્નાતકોનાં આભૂષણો પરત કરી પોતાની દૈદીપ્યમાન કન્યાનો હાથ બ્રહ્મદત્તને સોંપ્યો.

આ છે વિદ્યાવાન અને અવિદ્યાવાનની કસોટીનો માપદંડ. વિદ્યાવાન વસ્તુની ભીતર સુધી, હાર્દ સુધી પહોંચે છે. એની સૂક્ષ્મદૃષ્ટિ, વિવેકબુદ્ધિ પરિસ્થિતનું મૂલ્યાંકન કરી લે છે.

વિદ્યાવાનનું સમકિત જ્ઞાન દુ:ખને પચાવવાની શક્તિ આપે છે.

શાસ્ત્રો પર ભાષણ કરવા કે સાંભળવાથી મુક્ત ન બનાય. એ તો માત્ર વાચા જ્ઞાન છે. તેને જીવનમાં ઊતારી વિવેકયુક્ત આચરણ જ માનવીને બંધનમુક્ત બનાવી શકે. આ સંબંધી વેદોમાં કહ્યું છે કે, क्रियावान एष ब्रह्मविंदा वरिष्ठ। આત્મવંતાઓમાં ક્રિયાવાન આત્મવંતા શ્રેષ્ઠ છે. વેદોએ આત્મવિદ્યાને ક્રિયાની કસોટી પર કસેલ છે.

મહાભારતના એક પ્રાચીન પ્રસંગમાં આ ઉક્તિનું સત્ય અભિપ્રેત છે. ગુરુ દ્રોણાચાર્ય કૌરવો અને પાંડવોને સરખી રીતે વિદ્યાઓ શીખવતા. એક દિવસ તમામ શિષ્યોની વચ્ચે બેસીને તેઓએ ઉપદેશ આપ્યો કે મનુષ્યોએ કદી ક્રોધ ન કરવો. ક્રોધ કરવાથી વિવેક નાશ પામે છે અને વિવેકશૂન્ય મનુષ્યો યથાર્થ નિર્ણય લઈ શકતા નથી.

શિષ્યોને તેમણે આ પાઠ, બીજે દિવસે યાદ કરીને લાવવા કહ્યું. નિયત સમયે બીજા દિવસે દ્રોણાચાર્યે નવો સ્વાધ્યાય શરૂ કરાવતા પહેલા બધાને સંબોધન કરીને કહ્યું કે કાલનો પાઠ તમે યાદ કરીને લાવ્યા. લગભગ બધા છાત્રોએ હા કહી પરંતુ યુધિષ્ઠિર ચૂપચૂપ નતમસ્તકે બેઠા હતા. આચાર્ય સમજી ગયા. તેમણે કહ્યું ઠીક છે. તું કાલે યાદ કરી લાવજે.

બીજે દિવસે ગુરુએ પૂછ્યું યુધિષ્ઠિર આજ તો તું પાઠ યાદ કરીને આવ્યો જ હોઈશ. પરંતુ યુધિષ્ઠિરનો પ્રત્યુત્તર આજ પણ નકારાત્મક હતો. ગુરુએ રોષપૂર્ણ અવાજે કહ્યું, મૂર્ખ ! ત્રણ દિવસમાં એક પંક્તિ યાદ ન કરી શક્યો, તને શરમ આવવી જોઈએ, આજે ક્ષમા કરું છું, કાલે અવશ્ય યાદ કરી આવજે.

ત્રીજે દિસે પણ યુધિષ્ઠિરે કહ્યું, 'ગુરુદેવ ! આ પાઠ મને સંતોષકારક રીતે હજુ યાદ નથી રહ્યો.'

ગુરુજીએ ગુસ્સામાં આવી યુધિષ્ઠિરને એક જોરદાર તમાચો માર્યો અને પછી કાન પકડીને કહ્યું કે, 'હવે તો બરાબર યાદ રહ્યોને ?'

પીડાને સહેતા સહેતા ધીમેથી યુધિષ્ઠિર બોલ્યો, 'હા ગુરુદેવ, હવે બરાબર યાદ આવી ગયો છે.'

ગુરુજી કહે, 'મને ખબર ન હતી કે તને મારવાથી જ પાઠ બરાબર યાદ રહે છે !'

હવે યુધિષ્ઠિરે શાંતિ અને ધીરજથી કહ્યું, 'ગુરુદેવ વાત એમ નથી, પરંતુ આપે કહેલું ને કે મનુષ્યે ક્યારેય ક્રોધ ન કરવો જોઈએ. પહેલે દિવસે મને શંકા હતી કે આપ મને ઊંચા અવાજે પૂછશો અને મને ક્રોધ આવી જશે, બીજે દિવસે પણ મને વિશ્વાસ ન હતો કે આપ મને ગુસ્સામાં અપશબ્દ કહોને હું ક્રોધ ન રોકી શકું અને ત્રીજે દિવસે આપ માર–પીટ કરોને કદાચ મને ક્રોધ પણ આવી જાય. પરંતુ આવા વિષમ સંજોગોમાં પણ મને ક્રોધ ન આવ્યો, હું સમતામાં રહી શક્યો. હવે હું ચોક્કસ રીતે કહી શકું કે મને પાઠ યાદ રહી ગયો છે.'

ગુરુ દ્રોણે યુધિષ્ઠિરને છાતી સરસો લગાવી લીધો અને કહ્યું કે,

વત્સ સાચા અર્થમાં તું વિદ્યાને પામ્યો છે. જ્ઞાનનું ફળ ક્રિયા છે. આચરણનો ધર્મ જ સાચો ધર્મ છે. જીવનમાં ક્રિયાન્વિત થાય તે જ સાચી વિદ્યા. શુદ્ધ વિદ્યા આત્માને નિર્મળ રાખે છે.

જે મંત્ર-તંત્ર-સાધના દ્વારા સાધેલી, બીજાને વશ કરવા, ભૌતિક સુખો મેળવવા બીજાને પીડા આપનારી વિદ્યા, પોતાનોસ્વાર્થ સાધવા અન્યનું અહિત કરનારી વિદ્યા અવિદ્યા છે.

વિદ્યાવાન પુરુષો, અન્યના પ્રાણ બચાવવા, ધર્મ અને શીલનું રક્ષણ કરવા, અને હિંસાનું નિવારણ કરવાના છેલ્લા ઉપાયરૂપે, લબ્ધિ કે વિદ્યાનો પ્રયોગ પરાર્થે જ કરે છે. વિદ્યા કે લબ્ધિનો પ્રયોગ લોકોને આંજી નાખવા માટે કરતા નથી.

સમયના સાંપ્રત પ્રવાહમાં વહેવારિક વિદ્યાથી મેળવેલું તંત્ર જ્ઞાન કે વૈજ્ઞાનિક શોધો ન્યૂક્લિયર શસ્ત્રો, જેવા હિંસક સાધનો બનાવવામાં ઉપયોગ કરવો તે અવિદ્યા છે.

ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાત તબીબીવિદ્યાનો વિપર્યાસ છે. જે વિદ્યાનો ઉપયોગ હિંસામાં પરિણમે તે અવિદ્યા છે. વિદ્યાની વિકૃતિ છે.

જે વિદ્યાનો ઉપયોગ સમષ્ટિના કલ્યાણાર્થે થાય તે જ સદ્‌વિદ્યા છે. વિદ્યાવાન પોતે તરે અને બીજાને તારે છે. કોમ્પ્યુટરના પ્રોગ્રામ, સીડી કે ફ્લોપીની ચોરી હેકર્સ (Heckers) બનીને, ઇન્ટરનેટની ચોરી કરવી તે બુદ્ધિની અવળચંડાઈ છે, અવિદ્યા છે. દેશના સંરક્ષણ રહસ્યોને વેચવા, કૉપીરાઈટ કે ટ્રેડમાર્કનો ભંગ કરવો, કુશાગ્ર બુદ્ધિ અને તર્કથી એવાં કાર્યો કરવાં તે જે ચોરી, જૂઠ, વ્યભિચાર અને હિંસામાં પરિણમે તે બુદ્ધિનો વ્યભિચાર, અવિદ્યા છે. આધુનિક વિજ્ઞાને, તબીબી વિજ્ઞાને, જિનેટિક સાયન્સ કે સ્પેસ ટેકનોલોજી અને ઇંફોટેકના-સમૂહ માધ્યમોના વિકાસને કારણે જ્ઞાનની ક્ષિતિજનો વિસ્તાર થયો છે. આ જ્ઞાનનો વિવેકબુદ્ધિ વિના ઉપયોગ કરે તો બુદ્ધિનો વ્યભિચાર વિનાશ સર્જી શકે. આ સંજોગોમાં સદ્‌વિદ્યા જ બુદ્ધિને શાલીનતા આપી શકે. માટે જ મહર્ષિ ગૌતમસ્વામીએ અમૂલ્ય નૈતિક પ્રેરણા આપી છે કે અવિદ્યાવાન પુરુષોનો કદી સંગ કરવો નહિ.

***

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ, ખોખાણી લેન,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

# શ્રી દેવચંદ્રજી રચિત શ્રી વિશાલ જિન સ્તવન

□ શ્રી સુમનભાઈ એમ. શાહ

અનાદિકાળથી ચાલી આવતી જન્મ-જરા-મરણની ઘટમાળ અને આધિ-વ્યાધિ-ઉપાધિમય સાંસારિક સંતોપથી છૂટવાની તીવ્ર જિજ્ઞાસા વર્તે તેને અમુક અપેક્ષો ભવ્ય જીવ કહી કાય. આવા ભવ્યીજવો માટે અરિહંત પરમાત્માની ઉપકારકતા અને ઉપયોગિતાના પ્રસ્તુત સ્વતનમાં પ્રકાશિત થયેલ છે. શ્રી દેવચંદ્રજીનું ભવ્યજીવોને આવાહન છે કે તેઓ પ્રભુને પ્રગટપણે વર્તતા ગુણો ગુરુગમે ઓળખે, પ્રભુને શરણે જઈ, તેઓનું ભક્તિભાવ સહિત ગુણગ્રામ કરે અને મુક્તિમાર્ગના અધિકારી નીવડે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ.

**દેવ વિશાલ જિણંદની, તમે દયાવો તત્ત્વસમાધિ રે;**
**ચિદાનંદ રસ અનુભવી, સહજ અકૃત નિરુપાધિ રે;**
**સહજ અકૃત નિરુપાધિ રે, અરિહંત પદ વંદિયે ગુણવંત રે;**
**ગુણવંત અનંત મહંત સ્તવો, ભવતારણો ભગવંત રે...૧**

જંબુદ્વીપ, ઘાતકીખંડ, અને અર્ધ-પુષ્કરાવર્ત મળીને અઢીદ્વીપ થાય છે, જેમાં પંદર ક્ષેત્રો કર્મભૂમિ કહેવાય છે જ્યાં મનુષ્યો અને તીર્થંકરો જન્મે છે. વર્તમાન-કાળમાં કુલ વીસ તીર્થંકરો સદેહે વિચરી રહ્યા છે જેને વિહરમાન જિન કહેવામાં આવે છે. ઘાતકીખંડમાં શ્રી વિશાલ જિન સદેહે વિહરમાન છે.

શ્રી વિશાલ જિનને સઘળા આત્મિક-ગુણો શુદ્ધ સ્વરૂપે પ્રગટપણે વર્તે છે. આવા ગુણોના પરિણમનમાં પ્રભુ અવ્યાબાધ-સુખ અને સહજ-આનંદ અનુભવે છે. પરંતુ તેને વચન-વ્યવહારમાં અનંત ચતુષ્ટય કહેવામાં આવે છે. એટલે અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ ગુણો ધરાવનાર ગુણવંત પ્રભુ. શુદ્ધ ગુણોના પરિણમનરૂપ આત્મિક-અનુભવને સ્તવનકારે તત્ત્વ-સમાધિ તરીકે સંબોધન કર્યું છે.

શ્રી વિશાલ જિન સર્વોત્તમ મહંત, તરણ-તારણ અને પતિત-પાવન છે. શ્રી અરિહંત પ્રભુના પુષ્ટ-અવલંબનથી ભવ્યજીવોને અનાદિકાળથી ચાલ્યું આવતું ભવભ્રમણનું છૂટવાપણું થાય છે. સાધક છેવટે પોતાનું સત્તાગત શુદ્ધ-આત્મસ્વરૂપ યથાર્થ પુરુષાર્થથી પ્રકાશિત કરી શકે છે. આ હેતુથી સ્તવનકારનું ભવ્યજનોને આવાહ્‌ન થે કે તેઓ પ્રભુનું ભક્તિભાવપૂર્વક ગુણકરણ, સ્તુતિ, ધ્યાનાદિ સત્‌-સાધનોથી ગુરુગમે આરાધે.

**ભવ-ઉપાધિ ગદ ટાળવા, પ્રભુજી છો વૈદ્ય અમોઘ રે;**
**રત્નત્રયી ઔષધ કરી, તમે તાર્યા ભવિજન ઓઘ રે.**
**તમે તાર્યા ભવિજન ઓઘ રે...૨**

સાંસારિક જીવોને અનાદિકાળથી જન્મ-જરા-મરણાદિ ભવરોગ વર્તે છે. આમાંથી છૂટવાની તીવ્ર ઝંખના જે ભવ્યજનોને વર્તે છે, તેઓ માટે શ્રી અરિહંત પ્રભુ સુજાણ વૈદ્યની ગરજ સારે છે. શ્રી તીર્થંકર પ્રભુ પોતાની સ્યાદ્‌વાદમયી ધર્મ-દેશનામાં જીવ-અજીવાદિ તત્ત્વોના ગુણધર્મો અને તેમાં રહેલી ભિન્નતા પ્રકાશિત કરે છે. આવા સુબોધનો શ્રદ્ધાથી જે સાધકોથી સ્વીકાર થાય છે તેઓમાં સમ્યક્‌જ્ઞાન, દર્શન, ચારિત્ર્યાદિ સત્‌-સાધનો રૂપ બીજ રોપાય છે. સ્તવનકાર આવા બીજને રત્નત્રયી ઔષધ તરીકે સંબોધે છે. આવા ઔષધના સદ્‌ઉપયોગથી ભવ્યજનોનું અજ્ઞાનરૂપ અંધારું દૂર થાય છે. અથવા ભવ્યજનોનો

ભવભ્રમણરૂપ રોગ કાયમ માટે મટે છે.

**ભવ સમુદ્ર જલ તારવા, નિર્યામક સમ જિનરાજ રે;**
**ચરણ જહાજે પામિયે, અક્ષય શિવનગરનું રાજ રે.**
**અક્ષય શિવનગરનું રાજ રે...૩**

સાધકને ભવ-સમુદ્ર પાર કરી આપી સામે કિરે શિવનગર (મુક્તિધામ) હેમખેમ પહોંચાડનાર શ્રી અરિહંત પરમાત્મા સર્વોત્તમ સુકાની છે. શ્રી તીર્થંકર પ્રભુ સાધકને સત્-ધર્મરૂપ જહાજમાં બેસાડી અનન્યાશ્રિતને સંસારરૂપ ભવ-સાગરને પાર કરાવી આપે છે. પરંતુ આ માટે ભક્તજનોએ પ્રભુનો સુબોધ ગ્રહણ કરી, એક નિષ્ઠાપૂર્વક આજ્ઞા-પાલનાદિ પુરુષાર્થ-ધર્મનું પાલન કરવું ઘટે છે. ટૂંકમાં જે ભવ્યીજવોનું અંતિમ-ધ્યેય કાયમ માટે મુક્તિધામ પહોંચવાનું છે, તેઓ સત્-ધર્મરૂપ નૌકામાં બેસી, શ્રી અરિહંત પ્રભુની આજ્ઞાઓનું પરિશિલન કરી ભવસમુદ્ર રૂપ સંસારમાંથી કાયમી મુક્તિ મેળવી શકે છે.

**ભવ અટવિ અતિ ગહનથી, પારગ પ્રભુજી સથ્થવાહ રે;**
**શુદ્ધ માર્ગ દર્શક પણે, યોગ ક્ષેમકર નાહ રે.**
**યોગ ક્ષેમકર નાહ રે...૪**

ઘનઘોર જંગલરૂપ સંસારમાં વિચરવું અતિ કઠીન છે અને તેમાં અટવાઈ જતાં આપમેળે માર્ગ શોધવો અતિ દુર્લભ છે. ભવ-અટવિમાં માર્ગ ભૂલેલા વટેમાર્ગુને શ્રી અરિહંત પ્રભુ ઉત્તમ સાર્થવાહ કે માર્ગદર્ક છે. જે સાધક પ્રભુને સ્વેચ્છાએ શરણે જઈ, સત્-ધર્મરૂપ માર્ગને અનુસરી, સદ્‌ગુરુની નિશ્રામાં આજ્ઞાધીનપણે વર્તે છે તેનો યોગ અને ક્ષેમ પ્રભુ નિર્વહે છે. બીજી રીતે જોઈએ તો સાધક ગુરુગમે તીર્થંકર પરમાત્માનું શુદ્ધ-સ્વરૂપ ઓળખે, પ્રભુની અંતર-પ્રતિષ્ઠા હૃદય મંદિરમાં કરે, સાધ્યદૃષ્ટિ નિરંતર ખ્યાલમાં રાખી, અંતર-આત્માની દોરવણી મુજબ આંતર-બાહ્ય વર્તના કરે. આવા મુમુક્ષુઓ માટે શ્રી તીર્થંકર પ્રભુથી આત્મિક-હિતનું જતન થતું હોવાથી તેઓ નાથ કે સ્વામી છે, કારણ કે તેઓ અનન્યાશ્રિત છે.

**રક્ષક જિન છકાયના, વળી મોહ નિવારક સ્વામી રે;**
**શ્રમણ સંઘ રક્ષક સદા, તેણે ગોપ ઈશ અભિરામ રે.**
**તેણે ગોપ ઈશ અભિરામ રે...૫**

શરીર અને ઈન્દ્રિયોની અપેક્ષાએ જીવરાશિના છ પ્રકારો (છકાય) મનાયા છે, જેમાં પૃથ્વી, જલ, વાયુ, અગ્નિ અને વનસ્પતિકાયના જીવો એકેન્દ્રિય છે અને બાકીના જીવો 'ત્રસ' તરીકે ઓળખાય છે. (બે થી પાંચ ઈન્દ્રિયો ધરાવનાર) શ્રી અરિહંત પ્રભુએ પોતાના પૂર્વભવોમાં ભાવનાઓ ભાવેલી કે તેઓની પ્રાપ્ત મન-વચન-કાયાથી કોઈપણ જીવને કિંચિત માત્ર પણ દુઃખ ન થાય અથવા હિંસા ન થાય. આવી ભાવનાના પરિણામે ચરમ-શરીરી અવસ્થામાં તેઓથી છ-કાય જીવોની હિંસા તો ન થાય પરંતુ રક્ષા થાય. આવો પ્રભુનો જીવન વ્યવહાર હોય છે.

સાંસારિક જીવોને અનંત પ્રકારના કર્મો વર્તે છે, જે આત્મિક-ગુણોને આવરણ કરે છે. કર્મોના આઠ મુખ્ય પ્રકારો ગણાયા છે, જેમાંથી ચાર પ્રકારો ઘનઘાતી કહેવાય છે, જે પ્રધાન ગુણોને ઢાંકી દે છે અથવા ગુણોનો અમુક અપેક્ષાએ ઘાત કરે છે. આવા ઘાતીયા કર્મોમાં પણ ભયંકર કર્મ મોહનીય છે, જે બીજાં બધાં જ કર્મોનું મૂળ છે. જો મોહનીય કર્મ ટળે તો બીજાં બધાં કર્મો આપોઆપ શિથિલ થાય છે. મોહનીય કર્મના બે વિભાગો છેઃ દર્શન-મોહનીય અને ચારિત્ર્ય-મોહનીય. દર્શન-મોહનીય એટલે મિથ્યા-માન્યતાઓ (હું અને મારાપણું) જે માત્ર શ્રુતજ્ઞાનના આશ્રયથી ટળે એવું નથી. પરંતુ તે માટે પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષનો સુબોધ અનિવાર્ય જણાય છે. સાધકથી સુબોધ શ્રદ્ધાથી સ્વીકૃત થાય તો મિથ્યાત્વ ટળી શકે તેમ છે. સાધકને આવા આપ્ત-પુરુષ પ્રત્યે અપૂર્વ પ્રેમભક્તિ જાગે છે. આ સંદર્ભમાં શ્રી તીર્થંકર પરમાત્માની ધર્મ-દેશનાથી સાધકની મિથ્યા-માન્યતાઓનો ધ્વંશ થાય છે અને તેનામાં સમક્તિનું બીજ રોપાય છે. સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર્યાદિ સત્-સાધનોનો ઉપયોગ, કષાય-રહિતપણે સંજોગોનો સમભાવે નિકાલ, જ્ઞાનીપુરુષોનું ગુણકરણ, દોષો નિષ્પક્ષપાતપણે ઓળખી તેનો હૃદયપૂર્વક પશ્ચાતાપ ઇત્યાદિ સત્-ધર્મની આરાધનાથી સાધક મુક્તિમાર્ગે પ્રયાણ કરે છે. શ્રી તીર્થંકર પ્રભુ આ હેતુએ સર્વોત્તમ નિમિત્ત-કારણ છે.

શ્રી તીર્થંકર પ્રભુની વિદ્યામાનતામાં ચતુર્વિધ સંઘની સ્થાપના થાય છે, જેમાં સાધુ-સાધ્વી શ્રાવક અને શ્રાવિકાનો સમાવેશ થાય છે. આ સંઘના સભ્યો તીર્થંકર પ્રભુના આજ્ઞાવર્તી હોવાથી તેઓના યોગ અને ક્ષેમનું રક્ષમ થાય છે, અથવા આત્મિક-હિતનું જતન થાય છે.

**ભાવ અહિંસક પૂર્ણતા, માહણતા ઉપદેશ રે;**
**ધર્મ અહિંસક નીપનો, માહણ જગદીશ વિશેષ રે.**
**માહણ જગદીશ વિશેષ રે...૬**

શ્રી તીર્થંકર પરમાત્માના સઘળા આત્મિક-ગુણો નિરાવરણ કાયમ માટે થયા હોવાથી તેઓના સર્વે ઘાતીકર્મોનો ધ્વંશ થયો છે. એટલે ગુણો ઉપર ઘાત થતો નથી અથવા ગુણોની હિંસા થતી નથી. આ ઉચ્ચ કોટિની અહિંસા છે. આમ તીર્થંકર પ્રભુ પોતે તો સંપૂર્ણ અહિંસક છે અને તેઓની ધર્મ-દેશનાથી શ્રોતાજનોના પણ આત્મિક-ગુણો ઉપરનો ઘાત અટકી જાય છે. શ્રોતાજનોના પણ દ્રવ્યકર્મો સંવરપૂર્વક નિર્જરે છે. બીજી રીતે જોઇએ તો પ્રભુની ધર્મ-દેશનામાં 'માહણતા' એટલે અહિંસા પરમોધર્મનો દરઅસલ મર્મ ખૂલ્લો થાય છે. એટલે શ્રોતાજનોના આત્મિક-ગુણો ઉપર ઘાત ન થવા દેવો તેઓનો પુરુષાર્થ એ ઉચ્ચ-કોટિની અહિંસા છે. આ અપેક્ષાએ શ્રી તીર્થંકર પ્રભુ અહિંસા પરમોધર્મના સર્વોત્તમ પ્રવર્તક છે. ભવ્યજનો પ્રભુના સદ્‌પદેશથી સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર્યરૂપ ત્રિરત્નોથી આરાધના કરતા હોવાથી તેઓના આત્મિક-ગુણો નિરાવરણ થયા કરે છે.

પુષ્ટ કારણ અરિહંતજી, તારક જ્ઞાયક મુનિચંદ રે;
મોચક સર્વ વિભાવથી, ઝીંપાવે મોહ અરિંદ રે.

ઝીંપાવે મોહ અરીંદ રે...૭

મનુષ્યગતિના ભવ્યજીવોમાં ઉપાદાન તો અંતર્ગત હોય છે, પરંતુ તેને કાર્યાન્વિત કરવા માટે નિમિત્ત-કારણની આવશ્યકતા છે. શ્રી અરિહંત પરમાત્મા ભવ્યજીવોનું ઉપાદાન જાગૃત કરનાર પુષ્ટ-નિમિત્ત છે. શ્રી અરિહંત પ્રભુએ પોતાના પૂર્વભવોમાં તીર્થંકર નામકર્મરૂપ પુણ્ય-પ્રકૃતિ ઉપાર્જન કરી હોવાથી તેઓ થકી અસંખ્ય ભવ્યજનોનું આત્મ-કલ્યાણ થાય છે. આ અપેક્ષાએ પ્રભુ તો ભવ-સમુદ્ર તરેલા છે અને અન્યને તારવાની ક્ષમતા ધરાવનાર હોવાથી તેઓ તરણ-તારણ છે. તેઓની સ્યાદ્‌વાદમયી ધર્મ-દેશનાથી ભવ્યજનોની અનાદિકાળથી ચાલી આવતી મિથ્યા-માન્યતાઓ કે વિભાવિક પ્રવૃત્તિ છૂટી જાય છે, અને સ્વ-સ્વભાવનું બીજોરાપણ થાય છે. બીજી રીતે જોઈએ તો પ્રભુના અનન્યાશ્રિતોનો દર્શન-મોહ અને ચારિત્ર્ય-મોહની કર્મ-પ્રકૃતિનો ક્ષય પુષ્ટ-અવલંબનથી થયા કરે છે.

કામકુંભ સુરમણિ પરે, સહેજે ઉપકારી થાય રે;
દેવચંદ્ર સુખર પ્રભુ, ગુણગેહ અમોહ અમાપ રે.
ગુણગેહ અમોહ અમાપ રે....૮

શ્રી અરિહંત પ્રભુને અનંતા જ્ઞાન-દર્શનાદિ આત્મિક-ગુણો પ્રગટપણે વર્તતા હોવાથી તેઓ મોહ અને માયાથી રહિત છે. આવા પ્રભુ મુમુક્ષુઓ માટે વાંછિત ફળ આપનાર ચિંતામણી રત્ન સમાન છે. પ્રભુને વર્તતી આત્મિક-સંપદાનું દાન ભવ્યજીવોને સહજપણે અને નિષ્કારણ કરુણાથી થયા કરે છે. આ અપેક્ષાએ તીર્થંકર પરમાત્માની ઉપકારકતા અને ઉપયોગિતા અજોડ અને અમાપ છે. જે ભવ્યજીવોને સદેહે વિહરમાન શ્રી વિશાલ જિનનું ભક્તિભાવપૂર્વક આરાધના કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, તેઓ કૃત-કૃત્યતા અનુભવે છે. અવસર આવ્યે આવા ભવ્યજીવોના આત્મિક-ગુણો ચંદ્રથી પણ અધિક ઉજ્વળ થઈ અવ્યાબાધ-સુખ અનુભવવાના અધિકારી નીવડે છે.

ઉપસંહાર :

ભરતક્ષેત્રમાં વર્તમાન-કાળે તીર્થંકર પ્રભુ સદેહે વિદ્યમાન નથી. પરંતુ અન્ય-ક્ષેત્રોમાં વીસ તીર્થંકરો હાલના સમયમાં વિદ્યમાન છે. આવા ભાવ-અરિહંતોની હૃદયપૂર્વક આરાધના કરવાથી ભરતક્ષેત્રના પણ ભવ્યજીવો મુક્તિમાર્ગ પામી શકે છે. આ હેતુથી જિજ્ઞાસુ સાધક પ્રભુનું શુદ્ધ-સ્વરૂપ ગુરુગમે ઓળખે, તેઓનું ગુણકરણ કરે અને પોતાના દોષો ઓળખી તેનું પ્રાયશ્ચિત કરે, તથા સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર્યાદિ સત્‌સાધનોથી આરાધના કરે. પોતાના આત્મિક-ગુણો ઉપર કર્મરૂપ આવરણ કે ઘાત ન થવા દેવો એવી જાગૃતિ-પૂર્વકની વર્તનાને 'અહિંસા પરમોધર્મ'નો યથાર્થ મર્મ અમુક અપેક્ષાએ કહી શકાય.

✳ ✳ ✳

૫૬૩, આનંદવન સોસાયટી,ન્યુ સામા રોડ,
વડોદરા-૩૯૦૦૦૮.ફોન : ૭૯૫૪૩૯

# સ્મરણ માત્રથી મરણ અપાવતું વિષ ક્યું ?

□ આચાર્ય વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજ મહારાજ

આ દુનિયામાં વિષ, ઝેરની અનેક જાતો પ્રસિદ્ધ છે. એ બધી જાતના ઝેરમાં એવી મારકશક્તિની તો કલ્પના ય ન આવી શકે કે, જેનું સ્મરણ થાય અને મરી જવાય ! અનેક જાતનાં ઝેર હોવા છતાં મરવા માટે એનું ભક્ષણ તો કરવું જ પડે; તો જ એની મારકશક્તિ અસર ઉપજાવી શકે. એવી અપેક્ષાએ એમ કહી શકાય કે, આ બધા ઝેર તો સામાન્ય ઝેર ગણાય, કારણ કે ભક્ષણ પછી એ મારવાનું કારણ બને છે. અસામાન્ય કોટિના ઝેર તરીકે એની જ ગણના થાય કે, જેનું સ્મરણ પણ મરણનું કારણ બનતું હોય ! શું આ વિશ્વમાં એવું કાતિલ ઝેર અસ્તિત્વ ધરાવતું હશે ખરું કે, જેનું સ્મરણ પણ મારક બને ?

આના જવાબમાં એક સુભાષિત કહે છે કે, વિષ કરતાં વિષયો ભયંકર છે. કેમકે વિષ તો ભક્ષણ કર્યા પછી મારક બને છે, જ્યારે વિષયો તો સ્મરણ કરતાંની સાથે જ મારક બની જતા હોય છે; માટે વિષોમાં ખરું વિષ જો કોઈ હોય, તો તે વિષય-વિષ જ છે !

જે વિષયોને વિષનાય વિષ તરીકે ઓળખાવવામાં આવ્યા છે, એ વિષયો એટલે શું ? અને એના દ્વારા થતું મરણ એટલે શું ? આ બે વાતને સમજીશું, તો જ વિષ કરતા વિષયની વધુ ભયાનકતા આપણા દિલ-દિમાગમાં બરાબર ઉતરી જશે.

ચામડી, જીભ, નાક, આંખ અને કાન-આ પાંચેય અંગો ઇન્દ્રિય તરીકે ઓળખાય છે. અને આ ઇન્દ્રિયોને મનગમતી સુખસામગ્રી 'વિષય' તરીકે સુપ્રસિદ્ધ છે. ઇન્દ્રિયોને વિષયોનો ભોગવટો બે રીતે કરાવી શકાય-ઇન્દ્રિયોને નોકર ગણીને એની પાસેથી ધાર્યું ધર્મકાર્ય કરાવવા ભોગવટાની સામગ્રી આપવી એ પહેલો પ્રકાર છે.

નોકરનું સ્થાન ધરાવતી ઇન્દ્રિયો આપણા માથે ચડી બેસે અને ધાર્યું ધર્મકાર્ય કરવાની સાફ ના સુણાવી દઈને મનગમતી સુંદર સામગ્રી હાજર કરવાના ઓર્ડર પર ઓર્ડર છોડે અને આપણે દાસાનુદાસ જેવી ભક્તિ દર્શાવીને એ ભોગસામગ્રી ઇન્દ્રિયોના ચરણે સમર્પિત કરવામાં ગૌરવ અનુભવીએ-આ ભોગવટાનો બીજો પ્રકાર છે.

આ બંને પ્રકારોમાં ભોગવટાની પ્રક્રિયા સમાન જેવી જણાતી હોવા છતાં પહેલો પ્રકાર આવકાર્ય છે; કેમકે વૈદ્યના હાથમાં ગયેલા ઝેરની જેમ આમાં વિષ જેવા વિષયો પણ મારક બની શકતા નથી. જ્યારે બીજો પ્રકાર જરા ય આવકાર્ય નથી; કેમ કે આમાં તો વિષને

વધારીને ખાવા જેવી મારકતાને પોષણ મળે છે.

વિષય-ભોગનું આટલું ટૂંક સ્વરૂપ સમજી લીધા પછી હવે જે અર્થમાં અહીં 'મૃત્યુ' શબ્દ પ્રયોજાયો છે; એ અર્થનું સ્વરૂપ સમજી લઈએ. દેહનું મૃત્યુ એ કાંઈ સાચું કે શોચનીય મૃત્યુ નથી, કેમ કે આ મૃત્યુને ખેંચી લાવનારૂં મૂળભૂત મૃત્યુ તો ભાવમૃત્યુ છે. આત્માનો પ્રાણ આત્મ-ગુણો ગણાય છે. ભાવપ્રાણ તરીકે પણ એને ઓળખી શકાય. આ ભાવપ્રાણના નાશથી જ દેહની મૃત્યુ પરંપરા ચાલુ રહે છે. એથી ખરી રીતે ટકાવી રાખવા જેવા તો ભાવપ્રાણ જ છે.

વિષ તરીકે ઓળખાતી ચીજ તો માત્ર દેહનું એક વાર મૃત્યુ નોતરે છે. અને એ પણ વિષનું ભક્ષણ કર્યા પછી જ. જ્યારે ભોગવટાની વાત તો દૂર રહી, પણ માત્ર સ્મરણના માધ્યમે જ ભાવપ્રાણની વારંવાર કતલ કરવાની ક્રૂરતા વિષયોનું વિષ ધરાવે છે. ભોગવટાની પૂર્વે આશા-તૃષ્ણાના નાચ નચાવીને, ભોગવટાની ક્ષણે આસક્તિના આસવ ઢીંચાવીને અને ભોગવટા બાદ સ્મરણના માધ્યમે પુનઃ પુનઃ એ ભોગની ભીખ માટે ચાપણિયું હાથમાં પકડાવીને, ઘર ઘર ને દર દર રખડાવીને, દાસાનુદાસ બનવા માટે ય નાલાયકી ધરાવતી ઇન્દ્રિયો આપણા માથાની માલિક બની જઈને આત્મગુણો, ભાવપ્રાણોની કેવી કતલ કરે છે, એ તો સૌના સ્વાનુભવની વાત છે. આટલા વિવેચન પછી તો વિષ કરતાં વિષયો વધુ ભયંકર ન લાગે, એ જ નવાઈ ન ગણાય શું?

***

---

## પંથે પંથે પાથેય...

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાથી ચાલુ)

એક્ઝામ ફી કે લિયે પૈસે ચાહિયે.'

હૃષ્ટપુષ્ટ ભૈયો મારી સામે જોઈ રહ્યો અને પછી પૂછ્યું, 'કલ સે આ સકેગા?' મેં હા કહી દીધી. ઘેર જઈ મારા બાને વાત કરી. બાએ એટલું જ કહ્યું, 'તને ઠીક લાગે તેમ કર, પણ તું ખૂબ ભણ અને નામ કાઢ.'

આ બાલુભાઈ તો બીજે દિવસે સવારે પહોંચી ગયા. મિત્ર સાથે હતો. ભૈયાએ અમને બંનેને ટ્રામનું ટિકિટ ભાડું આપ્યું ત્યારે મને તો જાણે કુબેર પ્રસન્ન થયા હોય એવું લાગ્યું!

આમ લાગલગાટ પંદર દિવસ સુધી રોજ સવારે હું ઑફિસોમાં અને આસપાસના ઘરોમાં છાપાનો ફેરિયો બનીને ન્યૂઝપેપર નાખી આવતો. એક દિવસ ભૈયાએ મને પૂછ્યું: 'એક્ઝામ ફી કે લિયે કિતને રૂપયે ચાહિયે? ફી કબ ભરની હૈ?'

મેં કહ્યું: 'પંદ્રહ રૂપયે. તીન દિન મેં ભરની પડેગી.'

'ઠીક હૈ કલ લે જાના. રોજ કા એક રૂપિયા મિલેગા.'

વાયદા પ્રમાણે બીજા દિવસે ભૈયાજીએ પંદર રૂપિયા આપ્યા પણ ખરા. હું તો સીધો શાળાએ પહોંચ્યો. ફી ભરી દીધી. પંદર દિવસ મેં છાપાની ફેરી કરી હતી.

અહીં ત્રણ ઘટનાની વાત મારે કરવી છે જે મારા જીવનની યાદગાર ઘટના છે.

માટુંગા સ્ટેશનની સામે માટુંગા પ્રીમિયર સ્કૂલ છે. તેમાં પણ છાપું નાખવા હું જતો હતો, ઈ. સ. ૧૯૪૯ની સાલમાં. આ જ શાળામાં ઈ. સ. ૧૯૫૩માં ગ્રેજ્યુએટ થયેલો આ બકુલ રાવલ શિક્ષક નિમાયો ત્યારે સ્કૂલના દાદર ચઢતા ચઢતા કુદરતના કરિશ્માને વિચારતો હતો કે જ્યાં એક છાપાના ફેરિયા તરીકે આવતો ત્યાં જ ચાર વર્ષ પછી શિક્ષક બની પગથિયાં ચડી રહ્યો છું. વાહ પ્રભુ! વાહ!

૧૯૫૩માં સેંટ ઝેવિયર્સ કૉલેજમાંથી હું ગ્રેજ્યુએટ થયો. પછી નોકરીઓ માટે અરજીઓ કરતો. ત્યાં જ ઘાટકોપરની ગુરુકુળ હાઈસ્કૂલમાંથી મને ઈન્ટરવ્યૂ માટે પત્ર આવ્યો. મનુભાઈ વૈદ્યે મારી અરજી વાંચી, સરનામુ જોઈ મને કહ્યું: 'તમે માટુંગા જઈ શકશો?'

'હાજી, મને ઘાટકોપર કરતાં માટુંગા નજીક પડશે, પણ કઈ સ્કૂલ છે?'

'માટુંગા પ્રીમિયર.'

શાળાનું નામ સાંભળી મારી નજર સમક્ષ છાપાના ફેરિયાનું દૃશ્ય તરવરી રહ્યું. છતાં મેં હા પાડી, હા પડાઈ ગઈ. આમ હું પ્રીમિયર સ્કૂલમાં જોડાયો. બે વર્ષ નોકરી કરી. પછી એમ.એ. કરવા માટે નોકરી છોડી. ગોરપદું અને ટ્યૂશન્સ ચાલુ હતા.

ઈ. સ. ૧૯૫૭ માં હું એમ. એ. થયો. જયહિંદ કૉલેજમાં ગુજરાતીનો અધ્યાપક થયો. માટુંગાની શાળાના પ્રિન્સિપાલ એન. વી. દેસાઈ ખુશ થયા અને તેમણે એક દિવસ નિમંત્રણ આપ્યું, 'અમારી શાળાના વાર્ષિકોત્સવમાં તમે અતિથિવિશેષ તરીકે આવો એવી અમારી ઇચ્છા છે.' મેં નિમંત્રણ સ્વીકાર્યું.

મારા જીવનની યાદગાર ઘટનામાં આ ત્રીજું સોપાન હતું.

જે શાળામાં છાપાના ફેરિયા તરીકે જતો હતો ત્યાં જ શિક્ષક અને ત્યાં જ અતિથિવિશેષ. ઇશ્વર પણ કેવા કેવા ખેલ કરે છે!

આજે હું ૭૮ ની વયે પહોંચ્યો છું. સંપૂર્ણ નિવૃત્તિ ભોગવું છું. આવા તો અનેક પ્રસંગો કોઈ ચલચિત્રની જેમ મારી આંખો સામે તરવરે છે પણ ઇશ્વર પરની મારી શ્રદ્ધા કદી ડગમગી નથી. સરસ્વતી સદા મારી સહાયે આવી છે; લક્ષ્મી ભલે દૂર રહી હોય (જોકે મારા બાનું નામ લક્ષ્મી હતું. એ તો સતત, આજે પણ, મારા ઉપર આશીર્વાદ વરસાવે છે; સ્વર્ગમાંથી) પણ સરસ્વતીપુત્ર બનવામાં હું આનંદ અને ગૌરવ અનુભવું છું.

મને અનાયાસે સહાય મળ્યા જ કરી છે, મારી સમસ્યાઓ દૂર થતી જ રહી છે. નરસિંહ અને સુદામાના વારસદાર એવા આ બ્રાહ્મણપુત્રને બીજું શું જોઈએ? ત્રણ સોપાનો મારે માટે વામનના સોપાનો બન્યા છે.

[લેખના પ્રારંભે મારી ત્રણ યાદગાર ઘટનાઓની વાત કરતા પૂર્વે એક ભૂમિકા બાંધવી જરૂરી હોઈ 'મારી વાત' લખી છે જેને કોઈ અન્ય અર્થ કે જીવનકથનીરૂપે ન લે તેવી વિનંતી.-લેખક.]

***

ઉમેદ વિલા, ૨જે માળે, બ્લોક નં. ૧૧, ઉપાશ્રય સ્ટ્રીટ, વિશ્વભારતી સોસાયટી, જૂહુ ગલી, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૮

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

**ગ્રંથનું નામ : ગુજરાત**
**પ્રકાશક : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**
**સરનામું :** રમેશ પાર્કની બાજુમાં, બંધુ સમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા,અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૨૭૫૫૧૭૦૩.
કિંમત : રૂા. ૪૦૦/- પૃષ્ટ સંખ્યા ૫૭૬ + ૪૮ = ૬૨૪. તૃતીય આવૃત્તિ.
મુખ્ય વિક્રેતા : ગુર્જર એજન્સી, રતનપોળ સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧૩. ફોન : ૨૨૧૪૪૬૬૩/૨૨૧૪૯૬૬૦.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત **'ગુજરાત'** એક અમૂલ્ય ગ્રંથ છે. જે અભ્યાસીઓને અનેક વિવિધ વિષયો પર પ્રમાણભૂત માહિતી પૂરી પાડે છે.

આ ગ્રંથમાં ગુજરાતભરના વિદ્વાન લેખકોએ કુલ પંદર જેટલા વિષયો પર અભ્યાસપૂર્ણ લેખો લખ્યાં છે. જેમાં ભારત દેશમાં ગુજરાતનું સ્થાન, ગુજરાતનાં સામાજિક તથા રાજકીય પ્રશ્નો, સ્વાતંત્ર્યોત્તર ગુજરાતનું રાજકારણ, ચૂંટણીઓ તથા શિક્ષણક્ષેત્રના વિવિધ પાસાઓનું મનનીય ચિત્ર રજૂ થયું છે. સાથે સાથે પ્રૌઢશિક્ષણ, બુનિયાદી શિક્ષણ, ટેક્નિકલ શિક્ષણ, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ અને ધંધાદારી શિક્ષણની વિસ્તૃત માહિતી પ્રાપ્ત થાય છે.

ગુજરાતમાં વૈજ્ઞાનિક ક્ષેત્રે થયેલ પ્રગતિનો ચિતાર **'વિજ્ઞાન અને ટેકનોલોજી'** એ લેખમાં પ્રાપ્ત થાય છે. આ લેખમાં રસાયણશાસ્ત્ર, ભૌતિક, ભૂસ્તર, ગણિત, જીવવિજ્ઞાન, આયુર્વેદ, કૃષિ, ટેક્નોલોજી તથા ઇજનેરી વગેરેની માહિતી મળે છે.

સાંસ્કૃતિક અને ધાર્મિક માહિતી જોઈતી હોય તો **'ધર્મ અને સંસ્કૃતિ'** લેખમાં મળે છે. ગુજરાતના ધાર્મિક સંપ્રદાયો, જૈન, સ્વામીનારાયણ, મુસ્લિમ તીર્થધામોની તથા પર્યટન સ્થળો, સંતો, લોકસેવકો વગેરેની વિસ્તૃત માહિતીની જાણકારી મળે છે.

તે ઉપરાંત ગુજરાતી ભાષા અને સાહિત્ય, લલિત કળાઓ, સમૂહ માધ્યમો, રમતગમત વગેરે વિષયના લેખોમાં લેખકોની અભ્યાસવૃત્તિ તથા સંશોધનવૃત્તિના દર્શન થાય છે.

ગુજરાતની કેટલીક સંસ્થાઓની તથા પ્રતિભાઓની યાદી વાંચકોને રસપ્રદ માહિતી પૂરી પાડે છે.

ગ્રંથનું મુખપૃષ્ઠ તથા અંદર આપેલ પરમ પૂજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની તસ્વીર મનમોહક તો છે જ પણ 'ગુજરાત' ગ્રંથને ગૌરવ પ્રદાન કરે છે. સંસારના વિવિધ ક્ષેત્રે ગુજરાતના તેજસ્વી સ્ત્રીપુરુષોએ દુનિયામાં ગૌરવ અપાવે તેવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેને લગતી નક્કર હકીકત આ ગ્રંથમાં તટસ્થ ભાવે મૂકવામાં આવી છે.

આ ગ્રંથનું સૌથી આકર્ષક પાસુ તેમાં કુલ ૨૫૦ રંગીન ચિત્રો મૂકેલાં છે, તે છે.

આ ગ્રંથ દુનિયાના અન્ય દેશોમાં વસતા તથા ભારતમાં વસતા ગુજરાતી અભ્યાસીઓને રસપ્રદ માહિતી પૂરી પાડતો દળદાર, ગૌરવવંતો ગ્રંથ છે.

X X X

**ગ્રંથનું નામ : અહિંસક સમાજે વિચારવા જેવું**
**લેખક : ડૉ. એમ. એમ. ભમગરા**
**સંપાદક : રીના એમ. ગાંધી**
**પ્રકાશક : હેલ્થ સાયન્સ ટ્રસ્ટ**
**સરનામું :** 'કોઝી કોના', ૧૯ રવિ સોસાયટી, રે વુડ, લોનાવલા-૪૧૦ ૪૦૧.
પાના : ૬૪. આવૃત્તિ : દ્વિતીય.

'Health is first wealth do not lose it. But if you do, regain it the natural way.'

'માનવીની સાચી સમૃદ્ધિ એનું આરોગ્ય છે માટે તેને હાનિ ન પહોંચવી જોઈએ. અને કદાચ એવું થાય તો તે કુદરતી અને આધ્યાત્મિક માર્ગે ફરીથી પ્રાપ્ત કરી શકાય છે.'

ઉપરનું કથન આ પુસ્તકના લેખકનું ધ્યેય છે. ડૉ. એમ. એમ. ભમગરા લિખિત પુસ્તક વર્તમાન યુગમાં અનેક પ્રકારના રોગોથી પીડાતા અને ડૉક્ટરોને પનારે અને એલોપથીની દવાઓના સહારે જીવન જીવતા માનવોને નવો દૃષ્ટિકોણ આપે છે.

એલોપથીની દવાઓ હિંસક છે. આ દવાઓ અને ઇંજેક્શનો દ્વારા માનવના શરીરને થતી હાનિઓ અને એની સામે ડૉ. ભમગરાએ પોતે પોતાના પચાસ વર્ષના સ્વાસ્થ્ય ક્ષેત્રના અનુભવની જાણકારી આપી છે. અને આરોગ્ય સંબંધી આવશ્યક નેચરોપથીની જાણકારી પણ આપી છે. લેખકનું ધ્યેય એ છે કે આહારશુદ્ધિ, ખાનપાનમાં નિયંત્રણ તથા દર્દીનો આત્મવિશ્વાસ દર્દીના રોગ દૂર કરવામાં મદદરૂપ થાય છે. લેખક કહે છે નેચરોપથીનો પાયો આધ્યાત્મિક છે. તથા પૈસાથી સ્વાસ્થ્ય ખરીદી શકાતું નથી, સ્વાસ્થયના નિયમો પાળીને જ રોગમુક્ત થઈ શકાય છે.

લેખકે આપેલ હૃદયરોગ વિશેના અનુભવો તથા તેને માટે કુદરતી ઉપચારો વિશે આપેલ માહિતી વર્તમાનમાં હૃદયરોગથી પીડાતા દર્દીઓને માટે અત્યંત ઉપયોગી છે.

આ પુસ્તકની વિશેષતા એ છે કે લેખકે સમજાવ્યું છે કે જૈન ધર્મના ચિંતન દ્વારા હૃદયરોગ અને કેન્સર જેવા રોગમાંથી મુક્તિ મળી શકે છે. હીલીંગની મહત્તા તથા શરીર માટે વ્યાયામની આવશ્યકતા પણ સમજાવી છે. અહિંસામાં માનનાર જૈન ધર્મીઓએ અહિંસાત્મક નેચરોપથીનો પ્રચાર કરવો જોઈએ.

ડૉ. ભમગરાએ આ પુસ્તકમાં પોતાના તથા પરદેશના ડૉક્ટરોના અનેક દર્દો તથા ઉપચારો વિશેના રજૂ કરેલા મંતવ્યો વાચકોને નેચરોપથી દ્વારા નિરોગી બનવા માટે પ્રેરક છે.

આ પુસ્તક વાંચીને સ્વયંને તંદુરસ્ત રાખવામાં ઉપયોગી થાય એવું છે.

✱✱✱

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

## (આગળના અંકથી આગળ)

(૩૧)

એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કાજ;
પામે નહિ પરમાર્થને, અન – અધિકારીમાં જ.. ૩૧

संस्कृत मतार्थी जीनएषोऽपि स्वीयमानादिहेतुना ।
प्राप्नुयान्न परं तत्त्वमनधिकारिकोटिगः ।। ३१ ।।

हिन्दी यह भी जीव मतार्थ में, निज मानादिक हेतु ।
पावे नहीं परमार्थ को, अन–अधिकारी केतु ।। ३१ ।।

अंग्रेजी For one's prestige and selfishness,
If one lets his ideals go;
Consider that too foolishness,
The bigot he unfit also. 31

(૩૨)

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ માતાર્થી દુર્ભાગ્ય. ૩૨

संस्कृत कषायोपशमो नैव नान्तर्विरक्तिनत् तथा ।
सरलत्वं न माध्यस्थ्यं तद् दौर्भाग्यं मतार्थिनः ।। ३२।।

हिन्दी नहिं कषाय उपशांतता, नहिं अंतर्वैराग्य ।
सरलता न मध्यस्थता, यह मतार्थी दुर्भाग्य ।। ३२ ।।

अंग्रेजी Controls no passions and the heart
Contains no unattachment true;
No frankness and no open heart,
Unfortunate that bigot too. 32

(૩૩)

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં, આત્મ–અર્થ સુખસાજ. ૩૩

संस्कृत मतार्थिलक्षणं प्रोक्तं मतार्थत्यागहेतवे ।
आत्मार्थिलक्षणं वक्ष्येऽधुनाऽऽत्मसुखहेतवे ।। ३३ ।।

हिन्दी लक्षण कहे मतार्थी के, मतार्थ निरसन हेतु ।
कहुं अब आत्मार्थी के, आत्म अर्थ सुख–सेतु ।। ३३ ।।

अंग्रेजी The bigot's badges thus described ,
To give up bigotry for good;
Soul-seeker's virtues now prescribed,
Are for attaining supreme good. 33

(૩૪)

આત્માર્થી લક્ષણ

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪

आत्मार्थी लक्षणम्:

संस्कृत आत्मज्ञानं भवेद् यत्र तत्रैव गुरूता ऋता।
कुलगुरो कल्पना ह्यन्या एवमात्मार्थिको मतः ।। ३४ ।।

आत्मार्थी लक्षण:

हिन्दी आत्मज्ञान सह साधुता वे गुरु संत ।
तजे अन्य गुरु-कल्पना, आत्मार्थी गुणवंत ।। ३४ ।।

Characteristics of a self-seeker :

अंग्रेजी Sainthood is there where's true self-knowlwdge,
Soul-seekers follow such true Teachers;
Not family priests or one who plays,
On worldly stage the part of preachers. 34

(૩૫)

પ્રત્યક્ષ સદ્‌ગુરુપ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫

संस्कृत प्रत्यक्षसद्गुरुप्राप्तेर्विन्देदुपकृतिं पराम् ।
योगत्रिकेन एकत्वाद् वर्तेताऽऽज्ञापरो गुरोः ।। ३५ ।।

हिन्दी प्रत्यक्ष सद्गुरु प्राप्ति को, गिनत परम उपकार ।
मन वच तन एकत्वसोड़, वर्ते आज्ञाधार ।। ३५ ।।

अंग्रेजी The company of the teacher true,
Directly does the greatest good;
Soul-seekers all accept this view,
Complete obedience understood. 35

(૩૬)

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

संस्कृत त्रिषु कालेषु एकः स्यात् परमार्थपथो ध्रुवम्।
प्ररयेत् परमार्थं तं ग्राह्यो व्यवहार आमतः ।। ३६ ।।

हिन्दी एकहि होय त्रिकाल में, परमारथ को पंथ ।
प्रेरक उस परमार्थ को, सो व्यवहार समंत ।। ३६ ।।

अंग्रेजी The path of perfection is the same,
In all time past, present, future;
Its path practical worth the name,
Acceptable if helps soul-nature . 36

(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી)

(વધુ આવતા અંકે)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2006-08



# પંથે પંથે પાથેય...

## મારી જીવનસિદ્ધિના ત્રણ યાદગાર સોપાન

□ પ્રા. બકુલ રાવલ

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં આવેલા ગામ બડોલી ખાતે ઈ. સ. ૧૯૩૦ની ૬ માર્ચે જન્મ લીધા પછી ચાર-પાંચ વર્ષની વયે ગામઠી નિશાળમાં મા-બાપે પ્રવેશ અપાવ્યો. ત્યારબાદ પિતાશ્રી (સદ્ગત શાસ્ત્રી જટાશંકર મોતીરામ રાવલ) અને માતુશ્રી (સદ્ગત લક્ષ્મીબા) સાથે મુંબઈ આવ્યો. પિતાશ્રી કર્મકાંડી બ્રાહ્મણ હતા અને ગોરપદું કરીને આજીવિકા ચલાવતા. બા સીધીસાદી ગૃહિણી હતી. દરમિયાન બાપુજીને તેમનું ભાગ્ય સતારા (મહારાષ્ટ્ર) લઈ ગયું અને ત્યાંની સંસ્કૃત પાઠશાળાના આચાર્યપદે વરણી થઈ. પિતાજી કાશીથી સંસ્કૃતના પંડિત બનીને આવ્યા હતા અને તેમનું ધ્યેય હતું સંસ્કૃતના પ્રચાર-પ્રસારનું. એટલે તેમણે તો હોંશભેર આ પદ સ્વીકારી લીધું.

સતારા ખાતેની શાળામાં આ લખનારે પ્રવેશ મેળવ્યો. મારું મૂળ નામ તો છે બાલકૃષ્ણ પણ લાડમાં બકુલ કહેતા. હવે તો બકુલ નામે જ ઓળખાઉં છું. સતારાની રામજી મંદિરની શાળામાં મરાઠી માધ્યમમાં બે વર્ષ ભણ્યા પછી બાપુજીને કોઈ સૈદ્ધાંતિક કારણોસર પાઠશાળા છોડવી પડી અને અમે બધા પાછા મુંબઈ આવ્યા. અહીં ઠાકુરદ્વાર સ્થિત મ્યુનિસિપલ શાળામાં ગુજરાતી માધ્યમમાં પ્રવેશ લીધો. બેવર્ષ બગાડ્યાં. તે સમયે મ્યુનિસિપલ શાળાઓમાં ચાર ધોરણ સુધીનું મફત શિક્ષણ અપાતું. શાસ્ત્રીનો પુત્ર હોઈ વિદ્યા તો મને વારસામાં મળી હતી. એટલે ચારે ધોરણમાં હું પહેલા-બીજા નંબરે પાસ થતો. ચોથામાં પણ બીજો નંબર આવ્યો હતો. હવે આગળ ભણવું ક્યાં અને કેવી રીતે તે પ્રશ્ન સામે આવ્યો.

અમે મુંબઈ ખાતે સી. પી. ટેંક પર આવેલ રાધાકૃષ્ણ મંદિરની ચાલીમાં રહેતા. પિતાશ્રી મંદિરમાં વ્યાસપદે હતા. હું તેમની પાસે ગીતા, રુદ્રી, ભાગવત, વગેરે ભણતો. મારી અને મારા બાની ઇચ્છા હતી કે મારે આગળ ભણવું પણ પિતાશ્રીએ અમને સ્પષ્ટ કહી દીધું, 'મારી પાસે બાલુને ભણાવવાના પૈસા નથી. જે શાળા મફત શિક્ષણ આપતી હોય ત્યાં ભલે દાખલ થાય.'

મેં તપાસ આરંભી. તે સમયે ત્રણ શાળાઓ જી.ટી., કબીબાઈ અને કબુબાઈ જાણીતી હતી. મારા ઘરથી કબુબાઈ (લીલાવતી) લાલજી દયાળ હાઈસ્કૂલ નજીક હોઈ ત્યાં તપાસ કરતા ખબર પડી કે જે વિદ્યાર્થી દસની અંદર પાસ થયો હોય તેને માફી મળે છે. હું તો રાજીનો રેડ થઈ ગયો. ઊપડ્યો શાળામાં. ફોર્મ ભર્યું. પ્રિન્સિપાલ હતા અડાલજા સાહેબ. (એમનો પુત્ર, હાલ દિવંગત મહેન્દ્ર અને હું સેંટ ઝેવિયર્સ કૉલેજમાં સહાધ્યાયી હતા. આજે જાણીતા નવલકથાકાર વર્ષા અડાલજાના તેઓ સસરા થાય.) મને પ્રવેશ મળ્યો. પણ પુસ્તકો અને નોટબુકની રકમ ક્યાંથી કાઢવી? પિતાશ્રીએ કહી દીધું, 'આ બધું છોડીને કર્મકાંડ શીખ. લોકો પગે લાગશે અને દક્ષિણા આપશે.' પણ મારે તો ખૂબ ભણવું હતું. વળી તપાસ આરંભી. ત્યારે ખબર પડી કે ધનજી મૂળજી નામના એક ભાટિયા ગૃહસ્થ તરફથી અભ્યાસ માટે પુસ્તકો બક્ષિસરૂપે અપાય છે. બંદા તો ઊપડ્યા હનુમાનગલીમાં અને આ રીતે પુસ્તકોની વ્યવસ્થા થઈ ગઈ. મહેન્દ્રએ મને નોટબુક અપાવી. એનો ઋણી છું.

હું ભણવા માંડ્યો. શાળાનો નિયમ હતો કે દસ નંબર પછી કોઈની રેન્ક આવે તો માફી બંધ અટલે ખૂબ ખૂબ મહેનત કરીને સતત દસની અંદર જ રેન્ક લાવતો. એમ કરતા કરતા હું ૧૯૪૯ની સાલમાં એસ.એસ.સી. સુધી પહોંચ્યો. દરમિયાન ૧૯૪૭ની ૮મી ઑગસ્ટે પિતાશ્રીનું અવસાન થયું. હું કર્મકાંડ ભણ્યો હોઈ પિતાશ્રીના યજમાનોને ત્યાં પાઠ-પૂજા કરાવવા જતો અને મારી વિધવા માતા સાથે ટ્યૂશન્સ-ગોરપદું કરીને જે આવક થતી, તેમાં આજીવિકા ચલાવતો.

એસ.એસ.સી.ની પરીક્ષા આવી. ફી તો માફ હતી પણ બૉર્ડની પરીક્ષા ફી ભરવા માટે રૂપિયા પંદરની જોગવાઈ (તે સમયે ઘણી મોટી રકમ) ક્યાંથી કરવી? મામા-કાકાને વાત કરી. કોઈએ દાદ ન આપી. પણ મેં જીવનમાં અનુભવ્યું છે કે ઇશ્વર સદા મારી સહાયે આવ્યો છે. મારી સાથે ભણતા (નામ યાદ નથી) મારા જેવા વિદ્યાર્થીને મેં વાત કરી. (નરસૈયો વાત કરે તો સુદામાને જ કરેને?) મારી વ્યથા સાંભળી તેણે મને લાગલું જ પૂછ્યું: 'તું છાપાની ફેરી કરી શકીશ? હું પણ કરું છું!'

મેં કહ્યું: 'મને એનો અનુભવ નથી.'

'એ બધું હું સમજાવીશ. તું ચાલ મારી સાથે માટુંગા સ્ટેશને.'

તે વખતે ટ્રામ હતી. એક આનામાં ગિરગામથી કિંગ્ઝસર્કલ જવાતું.

મેં કહ્યું, 'મારી પાસે પૈસા નથી.'

'તું ચિંતા ન કર. તારી ટિકિટ હું કઢાવીશ.'

અમે બંને કિંગ્ઝસર્કલ ઊતરી માટુંગા (આજના સેન્ટ્રલ રેલ્વે) સ્ટેશન પાસે ગયા. મારા મિત્રે સ્ટેશન પાસે બેઠલા ભૈયાને કહ્યું, 'યહ મેરા દોસ્ત હૈ. મેરે સાથ પઢતા હૈ. વહ ભી ન્યૂઝપેપર્સ ડાલને કો જાયેગા. ઉસકો

(વધુ માટે જુઓ પાનું ૧૭)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

∗∗∗ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ∗∗∗

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂ. ૧૦/- | તા. ૧૬ જુલાઈ, ૨૦૦૭ | વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-

વિક્રમ સંવત : ૨૦૬૩ | વીર સંવત : ૨૫૩૩ | અષાઢ સુદિ – તિથિ – ૨

## જિન-વચન

### પાપ વધારનારાં કષાય

कोहं माणं च मायं च लोभं च पाववड्ढणं ।
वमे चत्तारि दोसे उ इच्छंतो हियमप्पणो ।।

–दसवैकालिक–८-३६

ક્રોધ, માન, માયા અને લોભ એ પાપને વધારનારાં છે. પોતાના આત્માનું હિત ઇચ્છનારે આ ચાર દોષોને છોડી દેવા જોઈએ.

क्रोध, मान, माया और लोभ ये पाप को बढानेवाले हैं । अपनी आत्मा का हित चाहनेवाला इन चारों दोषों को छोड़ दे ।

Anger, ego, deceit and greed escalate sinful activities. Therefore those desirous of self-purification should avoid these four evils.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી).

# આચમન

## ગાંધીગંગા

### 'તેથી એકલો આવ્યો છું'

ચંપારણની વાત છે. ત્યાંના નીલવરોના અન્યાય ને અત્યાચારોની બાપુએ તપાસ શરૂ કરેલી અને પ્રજામાં કંઈક ચેતન આવ્યું હતું. બાપુએ ઠેકઠકાણે શાળાઓ ખોલેલી તેની પણ લોકો પર સારી અસર થવા માંડી હતી. ગોરા નીલવરો આથી ગભરાયા હતા.

કોઈએ બાપુને કહ્યું,

'અહીંનો અમુક નીલવર સૌથી દુષ્ટ છે. તે આપનું ખૂન કરાવવા માગે છે ને તેને માટે તેણે મારા રોક્યા છે.'

આ સાંભળીને બાપુ એક દિવસ રાત્રે એકલા પેલા ગોરાના બંગલે પહોંચ્યા અને કહેવા લાગ્યા: 'મેં સાંભળ્યું છે કે મને મારી નાખવા માટે તમે મારા રોક્યા છે, એટલે કોઈને કહ્યા વગર હું એકલો આવ્યો છું!'

પેલો બિચારો તો સ્તબ્ધ થઈ ગયો!

❑ મહેન્દ્ર મેઘાણી

સંપાદિત 'ગાંધી ગંગા' માંથી.

*પ્રત્યેક ગુજરાતીના ઘરમાંઆ પુસ્તક અવશ્ય હોવું જોઈએ જ. ઉપયોગ થયા પછી પસ્તીમાં પધરાવાતી મોંઘી કંકોત્રી સાથે એકાદ પુસ્તિકા પણ ભેટ મોકલાય તો લગ્નપ્રસંગ શુભેચ્છકોના જીવનમાં હૃદયંગમ બની જાય.*

***

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | એક દીવાલ પડે.....પછી? | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | સ્વપ્નની શોધમાં | ડૉ. એ. સી. શાહ | ૬ |
| (૩) | જૈન દર્શનમાં મોક્ષ એટલે શું? | પ્રવીણભાઈ સી. શાહ | ૧૧ |
| (૪) | મને કેમ વિસરે રે | રણજિત એમ. પટેલ (અનામી) | ૧૩ |
| (૫) | જીવનના સાધનો મેળવવા જતાં માનવી જીવવાનું ભૂલી જાય છે | શ્રી મલુકચંદ ર. શાહ | ૧૫ |
| (૬) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૬ |
| (૭) | જૈન પારિભાષિક શબ્દકોષ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| (૧૦) | પંથે પંથે પાથેય | શ્રી મનસુખલાલ ઉપાધ્યાય | ૨૦ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/- | U.S.$ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/- | U.S.$ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/- | U.S.$ 40-00 |
| આજીવન લવાજમ | રૂા. ૨૫૦૦/- | U.S.$ 112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/- | U.S.$ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

☛ ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

❑ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૭ ● તા. ૧૬ જુલાઈ, ૨૦૦૭ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## એક દીવાલ પડે......પછી ?

ઊગે ને આથમે વર્ષો ઓટ ને ભરતી ભર્યાં
સ્નેહથી સંચર્યાં સાથે દેવી! તે દમ્પતિ તર્યાં.
–કવિ ન્હાનાલાલ

'પ્રબુદ્ધ જીવન'ના મે-૨૦૦૭ ના અંકમાં વર્તમાન સમયમાં વૃદ્ધોની દયનિય પરિસ્થિતિ દર્શાવતો ડૉ. રણજિત પટેલ (અનામી)ના 'વધારીઆ' લેખના પ્રસંગો વાંચી પત્ર, લેખ અને ફોનથી ઘણાં પ્રતિભાવો મળ્યાં, એ સર્વેમાં સહાનુભૂતિ અને વેદનાનો સૂર હતો. ડૉ. રશ્મિભાઈ ઝવેરીનો 'વધારીઆ'ની વ્યથા અને અનુપ્રેક્ષાની ભાવનાઓ' શીર્ષકથી 'વધારીઆ' લેખના પ્રતિભાવ સ્વરૂપે લેખ મળ્યો, જે જૂન-૨૦૦૭ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કર્યો. ડૉ. રશ્મિભાઈ ઝવેરીએ બે પ્રસંગો દ્વારા આ સમસ્યાનો ઉકેલ સૂચવ્યો. આ લેખના પણ પ્રતિભાવો મળ્યા, અને ઘણાં સ્વજનોએ એવો ભાવ વ્યક્ત કર્યો કે ડૉ. રશ્મિભાઈ ઝવેરીનો વિચાર ઉત્તમ છે. વૃદ્ધો એ ધર્મ માર્ગે વળે તો સારું, પણ બધાંથી એ શક્ય નથી.

તો, પરિસ્થિતિનો ઉકેલ ?

ડૉ. અનામીએ વૃદ્ધ પુરુષોની જ વાત કરી છે, વૃદ્ધાની વાત નથી કરી. પરંતુ વિધવા વૃદ્ધાઓની પરિસ્થિતિ તો આનાથી ય વધુ કરુણાજનક છે. એમનાં આંસુ એમની આંખમાં જ 'થીજી' જાય છે, અને એમની 'આહ'ને વાચા મળતી નથી.

લગ્નની ગાંઠ બંધાય ત્યારે ક્યારેક તો એ તૂટવાની જ છે એવું તો એ મંગળ પ્રસંગે કોઈ વિચારતું જ નથી. પરંતુ 'કાળે' તો એ નક્કી કરી લીધું જ હોય છે કે એક સમયે એને તોડવાની જ છે. પતિ-પત્નીના દામ્પત્યની બે દીવાલો સાથે તો પડતી નથી જ. એક દીવાલ પડે ત્યારે બીજી દીવાલ પડેલી દીવાલના અવશેષો જોતાં જોતાં ધીમા કે હાંફતા શ્વાસે જીવે છે, જીવવું પડે છે. એક સમયે પરિવારના સભ્યો ઉપર હુકમ કરનારને આવે વખતે 'હા, હશે, બાપ' એવા ઉદ્ગાર કાઢવા પડે છે અને વ્યથા સાથે 'સમજણ' ઉગાડવી પડે છે. આવી 'સમજણ' ન ઉગે તો વૃદ્ધાશ્રમ સિવાય કોઈ બીજો વિકલ્પ નથી.

આ કઈ 'સમજણ' ? ગમ ખાવાની સમજણ ? પોતાના પરિવારની વર્તમાન પરિસ્થિતિની સમજણ આવવી એ અગ્રસ્થાને છે. કાળ ફરે છે, એક વખત પોતાનો પડ્યો બોલ ઝીલનારા આજે સાંભળ્યું ન સાંભળ્યું કરી નાખે છે, પરંતુ આવે સમયે પોતાના યુવાન પુત્રો-પુત્રીઓ-પુત્રવધૂઓ કે પૌત્રો કેવી પરિસ્થિતિમાં પોતાને ટકાવવાનો જીવન સંઘર્ષ કરી રહ્યાં છે એનો વિચાર આવા વૃદ્ધો કરે, એ પરિસ્થિતિને અનુકૂળ થવાનો પ્રયત્ન કરે તો આવા વૃદ્ધોને કુટુંબ તરફથી અવગણનાની સ્થિતિ ન પામવી પડે.

એક સમયે જે બાળકને ખોળામાં રમાડ્યો હોય, એના મળ-મૂત્રને આનંદથી ઝીલ્યાં હોય, ખોળામાં લાતો પણ ખાધી હોય, આંગળી પકડી ચાલતાં શિખવાડ્યો હોય, એની બધી જીદ્ને પોષી હોય, એવી જ પરિસ્થિતિ પોતાની વૃદ્ધાવસ્થામાં આવે ત્યારે વૃદ્ધો પોતાના સંતાનને ઉપરના ઉપકાર અને પ્રેમને મ્હેણાં–ટોણાંથી નવાજે, અને 'અહં' અને ફરજોના શબ્દોની વણઝાર ચલાવે ત્યારે શું પરિણામ આવે ? જેને સમજવું નથી, એ ક્યારેય સમજવાના નથી, બન્ને પક્ષે.

મારા એક ૮૯ વર્ષના પરિચિત પ્રાધ્યાપક વિધુર થયા. મોટો દીકરો એમને પોતાની પાસે લઈ ગયો. બધી સગવડ મળે છે. માન-સન્માન મળે છે. મેં એમને આ અનુકૂળ પરિસ્થિતિનું રહસ્ય પૂછ્યું. એઓ કહે કે, 'એક જ વાત, હું નિવૃત્ત જીવન જીવું છું, મારા જમાનાના મૂલ્યો અને આદર્શ જુદા હતા. પણ એ ભૂતકાળ હતો. હું ક્યારેય એ ભૂતકાળને મારા પરિવાર પાસે ખોલતો નથી, એમની કોઈ વાતમાં માથું મારતો નથી. મારો અભિપ્રાય પૂછે તો જ આપું, કારણ કે નવી પેઢીની પરિસ્થિતિ જુદી હોય, એમાં આપણે આપણી ફૂટપટ્ટી આગળ

ધરીએ તો એ અનુચિત છે. દરેક નિર્ણયને પૂર્વાપર સંબંધ હોય, જે આપણે જાણતા ન હોઈએ અને આપણા મંતવ્યો દર્શાવી એ બધાંને અવઢવની સ્થિતિમાં મૂકવા એ ડહાપણ નથી. હા, કાંઈક ભયંકર ભૂલ થતી દેખાતી હોય તો હળવેથી ઈશારો કરી દેવો, એટલું જ બસ છે.'

જીવનના પહેલા અંકનો 'હું' વારે વારે વાગોળશો કે એને વારે વારે પ્રદર્શિત કરશો તો પ્રગટ કે અપ્રગટ રીતે અવહેલના પામશો. દરેકને પોતાનું વ્યક્તિત્વ અને વિચાર હોય છે. આપણાથી એ નાના હોય–હંમેશાં નાના જ રહેવાના ઊંમરની દૃષ્ટિએ–પણ ષોડશે વરસે પૂત્ર મિત્ર ભવેત, એ સનાતન સત્યને સમજી એ સર્વેને મિત્ર દૃષ્ટિએ જોઈએ તો એ બધાં આપણને વધુ આદર આપવાના.

અમારા ચંદ્રકાંતભાઈ કહે છે તેમ કાના માત્ર વગરનો શબ્દ 'સમજણ' બન્ને પક્ષને તટસ્થ બનાવશે. વિદ્વાન મુરબ્બી મિત્ર ઉમેદભાઈ દોશીએ 'જન્મભૂમિ-પ્રવાસી' દ્વારા આ ઘડપણ, આ અનાદર, આ અશાંતિ અને વિભક્ત થતા જતાં સંયુક્ત કુટુંબની ચિંતા વ્યક્ત કરી, પરંતુ હવે આ સત્યને આપણે સ્વીકારી લેવું જ પડશે. જ્યારે અડધો પહાડ ઓગળી ગયો છે ત્યાં ફરી એ સંયુક્ત કુટુંબના વટવૃક્ષને ઉગાડવું શક્ય નહિ બને. આ નિરાશાવાદ નથી. આજના કપરા જીવનની આ વાસ્તવિકતા છે. એ દિશામાં પ્રયત્ન કરવા કરતાં હવે વૃદ્ધાશ્રમોના નિર્માણનો વ્યવસ્થિત વિચાર કરવો પડશે. એક વિચારકે લખ્યું હતું કે વધતા જતા વૃદ્ધાશ્રમોની સંખ્યા આપણી સંસ્કૃતિનું કલંક છે. આ વિચાર સાચો છે પણ હવે આ 'કલંક'ના કાજળને ભૂંસી શકાશે? એ કેટલું બધું ગાઢું અને ઘટ્ટ થઈ ગયું છે?

આર્થિક સંકડામણને કારણે સંતાનો માતા–પિતાને ફરજિયાત વનવાસ આપી દે છે. પરંતુ આર્થિક સમૃદ્ધિવાળા કુટુંબોના વડીલો તો વધુ મૂંઝાય છે. સંપત્તિ અને કહેવાતી આબરુને કારણે સંતાનોથી છૂટા થઈ શકતા નથી. અને સંતાનો પણ સંપત્તિની સત્તા અને આબરુને કારણે માતા– પિતાને વૃદ્ધાશ્રમમાં જવા દેતા નથી અને એ દંપતી કુટુંબના ક્લેશમય વાતવરણમાં સતત હિજરાતા રહે છે. આવા કુટુંબો માટે હવે ફાઈવ સ્ટાર વૃદ્ધાશ્રમોની પણ એટલી જ જરૂર છે, જ્યાં એઓ મહિના-બે મહિના પૂરતા પૈસા આપી આરામથી રહી શકે. દરેક મોટા શહેરથી ૫૦ કીલો મિટર દૂર લગભગ વીસ-પચીસ એકરમાં આવા વિશ્રામસ્થાનનું નિર્માણ થાય, રહેવા–ભોજન ઉપરાંત પ્રાર્થના ખંડ, પુસ્તકાલય, ડૉક્ટર વગેરેની સગવડતા હોય. કુટુંબ ક્લેશમાં અશાંતિ વચ્ચે રહેતા આવા દંપતીને એ શાતા અને આશ્વાસન રૂપ થશે.

પતિ-પત્નીમાંથી એકની વિદાય અન્ય માટે કારમી વેદના બની જાય છે. ત્યારે જો ૮૦ વર્ષ પછીની વય હોય તો સંસારની ક્ષણ ભંગુરતાનો અહેસાસ એમને થઈ ગયો હોય છે, એટલે વિરહ સહ્ય બની શકે. આવા એકલ લોકો માટે વૃદ્ધાશ્રમનો આસરો લેવો કોઈ નાનપ નથી, અને સાંઠ નીચેમાંથી કોઈ એકલું પડે ત્યારે પુનર્લગ્ન યોગ્ય ઉપાય છે. એક વ્યક્તિ જતાં, બીજી વ્યક્તિનું જીવનમાં પ્રવેશાવું એટલે જે વ્યક્તિ ગઈ છે એના પ્રત્યે પ્રેમ ઓછો છે એવું માનવાની કોઈ જરૂર નથી. સમય સમય અને સંજોગે સંજોગે સત્ય બદલાતું હોય છે. એ સમયનું સત્ય એ એ સમયનું સત્ય હતું અને છે. હવે નવી પરિસ્થતિમાં નવા સમયનું નવું સત્ય. હવે તો લગ્ન સંસ્થાના પાયા જ હચમચી ગયાં છે. ખરી જરૂર તો આ લગ્ન સંસ્થાને બચાવવાની છે. અહીં હજુ મોડું નથી થયું. લગ્ન સંસ્થા બચશે તો કુટુંબ સર્જાશે, કુટુંબ સર્જાશે તો ક્યારેક સંયુક્ત કુટુંબની ભાવનાનું કિરણ જન્મશે.

અમારા એક કરોડોપતિ ઉદ્યોગપતિ સિત્તેર વર્ષની વયે વિધુર થયા. પત્ની પર અઢળક પ્રેમ. પત્નીની માંદગીમાં બધાં આશ્ચર્ય પામે એવી સેવા કરી. પત્ની જતાં જીવન બે પુત્રો અને પુત્રવધૂઓ તેમજ ભર્યા ભર્યા ઘરમાં અટવાયું અને એમને અવહેલના થતી લાગી. બન્ને પુત્રો ધંધાના વિકાસ માટે પરદેશ દોડા દોડ કરે, ક્યારેક દિવસો સુધી ભેગા ન થાય. પુત્રવધૂઓ ક્લબ અને કહેવાતી સામાજિક સેવામા વ્યસ્ત. પૌત્ર-પૌત્રીઓ એમના અભ્યાસ અને મિત્રોમાં મગ્ન. એમના મોટા પુત્રીથી પિતાની આવી પરિસ્થિતિ સહ્ય ન બની. મોટી પુત્રી કહે, 'બાપા, લગ્ન કરી લો.' બાપ તો ડોળા ફાડી દીકરી સામે જોઈ રહ્યો. 'આ ઉંમરે? લોકો શું કહેશે?' દીકરી કહે, 'જેને જે કહેવું હોય તે કહે. અત્યારે તમને હાડની નહિ હૈયાની, અને હુંફની જરૂર છે.' આ વિચાર પિતાના મનમાં મૂકી દીધો. એક વર્ષ પછી એમને પાત્ર મળ્યું એટલે મક્કમ રહી કુટુંબના વિરોધ વચ્ચે કોર્ટમાં જઈ અને લગ્ન કરી લીધા. આજે તેઓ ધરમ પણ કરે છે અને વધુ તંદુરસ્ત લાગે છે. અલબત્ત, પુત્રો–પરિવારે સંપત્તિ માટે વિરોધ કર્યો, લોકલાજની અને પોતાની આબરૂનો વિચાર કરવા કહ્યું. તો પણ સંપત્તિનો એમણે ન્યાય પણ યથાર્થ રીતે કર્યો, જેથી કંકાસ–કોર્ટ ન થાય અને નવા પાત્રને પૂરી સલામતી પણ મળી રહે એવી યોજના પણ કરી.

એક દંપતી ૬૫ના થયા એટલે એકના એક પુત્રને ધંધાનો કારભાર સોંપી દીધો. પુત્ર પોતાની સ્વતંત્ર વિચારસરણીથી ધંધાને વિકસાવી શકે એવા વિચારથી કારભારમાં કોઈ દખલગીરી પણ ન કરી. સાસુએ પણ વહુને બધી ચાવીઓ સોંપી દીધી. ધરમધ્યાન અને સમાજસેવામાં દંપતી પરોવાઈ ગયું.

પુત્રે ધંધો વિકસાવ્યો. પણ પુત્ર અને પુત્રવધૂના મનમાં અભિમાન પ્રવેશ્યું. વરસો સુધી સખત મહેનત કરી જે પેઢીને ઊભી રાખી કુટુંબને સુખના ઓટલા પર મૂક્યું હતું એની પુત્ર-પુત્રવધૂને કદર ન થઈ. વારે વારે પુત્ર પાસે નાના મોટા ખર્ચા માટે હાથ લંબાવવા પડે, અને એક દિવસ પિતાનું માથું ફર્યું. સવારે અગિયાર વાગે પેઢી–કારખાને પહોંચી ગયા. બધાં સૂત્રો પોતાના હાથમાં લઈ લીધા. પુરુષાર્થ અને કરમ એ જ ધર્મ. આજે તેઓ સ્વમાનપૂર્વક જુદા રહે છે અને આનંદથી જીવે છે.

એક વૃદ્ધ દંપતી દીકરા સાથે ઘરમાં રહે, કહો કે દીકરો–વહુ

એમની સાથે રહે. એમને કાશ્મીર જવાનું મન થયું. દીકરા-વહુએ મશ્કરીનો સંવાદ સંભળાવી, પૈસાની ખેંચ છે કહી ઘર-મંદિરમાં પડી રહેવા કહ્યું. પોતે કમાયેલી કમાણીમાં પણ હક નહિ ? દીકરો-વહુ એક મહિના માટે વિદેશ પ્રવાસે ગયા ત્યારે એમને પૈસાની ખેંચ ન લાગી! ઉકળેલા વૃદ્ધ દંપતીનું મગજ ભમ્યું. પંદરસો સ્ક્વેર ફૂટનો ફ્લેટ વેચી નાખી, દેશમાં જંતા રહ્યા. દીકરા-વહુએ પરદેશથી આવીને ઘરની ઘંટડી વગાડી તો મા-બાપને બદલે નવા માલિકે બારણું ખોલ્યું!!

આવા તો અનેક સાચા દૃષ્ટાંતો જીવે છે, કેટલાંની વાત કરવી?

આ લેખ પૂરો કરતો હતો ત્યા 'પ્રબુદ્ધ જીવન'ના એક વાચક એલ. ડી. દેઢિયાએ એક સરસ કવિતા મોકલી એમાં ભાવ માતાપિતાને મ્હાણી લેવાનો છે. 'માતાપિતા હયાત હોય ત્યારે તમારા હોઠથી બે વ્હાલપના વેણ બોલજો, જ્યારે મા-બાપના હોઠ બીડાઈ જાય ત્યારે એમના હોઠ ઉપર ગંગાજળ મૂકશો તો શું અર્થ ? હયાત મા-બાપની છબીને પછી નમન કરવાનો શો અર્થ ? દીવાન ખંડમાં હારવાળી છબીનો શું અર્થ ? અડસઠ તીરથ જેના ચરણોમાં એ તીરથને વંદ્યા પછી બીજા તીરથે જવાનો કોઈ અર્થ નથી, માતૃ-પિતૃ દેવો ભવ એ સનાતન સત્ય છે, એ ભુલીને પછી 'રામ નામ સત્ય છે' એવા બરાડા પાડશો તો એનો પડઘોય નહિ સંભળાય, પ્રેમથી બેટા કહેનારને ગુમાવ્યા પછી બહારનો ઊછીનો પ્રેમ લેવા જશો તો શૂન્ય અને છેતરાણ હાથમાં આવશે.'

છેલ્લા બે દાયકામાં વૃદ્ધાશ્રમો વધ્યા છે. એ ઘટશે ? વાસ્તવિકતા તો ના પાડે છે. પણ અત્યારના ૩૦-૪૦ની વયના મા-બાપને વિનંતિ કે તમારે ઘડપણમાં આવી કરુણ સ્થિતિમાંથી પસાર ન થવું હોય તો, ક્ષણભર તમારા વૃદ્ધ મા-બાપને યાદ કરી તમે તમારા બાળકને જે હેત તમે પણ પામ્યા હતા, એ હેતને સમાતરે વિચારજો. અને બાળક કિશોર વયનું થાય ત્યાં સુધી તમારી સાથે જ સુવડાવજો.

આ 'ઘડપણ કોણે મોકલ્યું રે'એ ભક્ત કવિ નરસિંહે ગાયું ત્યારે એ તત્ત્વ-ચિંતક કવિના મનમાં કેટલા ઊભરા થયા હશે ?

❑ **ધનવંત શાહ**

## સંઘના પેટ્રન અને આજીવન સભ્યોને વિનંતિ

આપ-શ્રી મંબઈ જૈન યુવક સંઘના પેટ્રન /આજીવન સભ્ય છો એટલે વચન મુજબ આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળતું હશે અને મળતું રહેશે.

આપનો તેમ જ આપના પરિવારનો સહકાર સંઘને સર્વદા મળતો રહે છે; એ માટે સંઘ આપનો હૃદયપૂર્વક આભાર માને છે. આપના સલાહ-સૂચનો સદાય અમને આવકાર્ય રહેશે.

૧૯૪૧માં પેટ્રન માટે દાનની રકમ રૂા. ૩૦૦/-ની હતી. અને આજીવન સભ્યોની તો એથી પણ ઓછી હતી.

નવા પેટ્રન અને આજીવન સભ્ય બનનારને માટે દર બે-ત્રણ વર્ષે વધારો કરવામાં આવતો હતો. છેલ્લે ૨૦૦૩ની સાલની વાર્ષિક સામાન્ય સભાએ પેટ્રન માટે રૂા. ૨૫,૦૦૦/- અને આજીવન સભ્ય માટે રૂા. ૫૦૦૦/- ની દાનની રકમનો ઠરાવ પસાર કર્યો.

પરંતુ એ પહેલાં આ રકમ જ્યારે ઓછી હતી ત્યારે ત્યારના અને આજના સર્વે પેટ્રન આજીવન સભ્યોને વચન પ્રમાણે 'પ્રબુદ્ધ જીવન' તો સમર્પિત થતું રહ્યું જ છે.

છેલ્લા ઘણા સમયથી કાગળ, પ્રિન્ટિંગ, પોસ્ટેજ તેમજ વહીવટી ખર્ચમાં અસાધારણ વધારો અને વ્યાજના દરમાં ઘટાડો થવાથી તેમ જ જાxખ ન લેવાના સિદ્ધાંતનું પાલન કરવાની પ્રતિજ્ઞાને કારણે **'પ્રબુદ્ધ જીવન'ને આર્થિક નુકસાની સહન કરવી પડે છે.**

આ સમસ્યાને પહોંચી વળવા અમે **'પ્રબુદ્ધ જીવન નીધિ'**ની સ્થાપના કરી અને સમાજ તરફથી અમને ખૂબ જ સારો પ્રતિભાવ મળ્યો. તેમ જ આજીવન ગ્રાહક યોજના અને અન્ય ગ્રાહક યોજના પણ પ્રસ્તુત કરી જેની વિગતોઆ અંકમાં અન્યત્ર પ્રગટ કરેલ છે.

સંઘના પેટ્રન અને આજીવન સભ્યોએ સંઘના પાયાને મજબૂત કર્યો છે. એ સર્વે મહાનુભાવોને અમારી નમ્ર વિનંતિ છે કે આપ અથવા આપના વડીલ જ્યારે સભ્ય થયા હોય ત્યારે આપે એ સમયે આપેલી રકમ અને વર્તમાનમાં નક્કી થયેલી રકમ તરફ નજર કરી આપને યોગ્ય લાગે તેટલી સ્વૈચ્છિક રકમ આપ 'પ્રબુદ્ધ જીવન નીધિ'માં મોકલી આપનો સહયોગ આપશો તો 'પ્રબુદ્ધ જીવન' આપની પાસે નિયમિત આવવા વધુ સમર્થ બનશે.

આપ 'પ્રબુદ્ધ જીવન'ના આજીવન ગ્રાહક યોજના જેટલી પણ રકમ પૂરક દાન તરીકે મોકલશો તો આપનો એ સહકાર પણ અમૂલ્ય ગણાશે.

કૃપા કરી અમારી વિનંતિને અન્યથા ન લેશો. વચન પ્રમાણે 'પ્રબુદ્ધ જીવન' પ્રતિ માસે આપને આંગણે પહોંચશે જ.

'પ્રબુદ્ધ જીવન' એ એક જ્ઞાન યજ્ઞ છે, વિચાર યજ્ઞ છે. વિચારથી ધન પ્રાપ્ત થાય છે અને ધન એ વિચારોને પ્રસરાવે છે. ધનની આ જ સાર્થકતા છે. વિચારથી જીવનમાં સાચી 'સમજ' પ્રવેશે છે. આપણે 'વસ્તુ'ની કિંમત કરીએ છીએ, પણ અમૂલ્ય 'વિચારો'ના મૂલ્યને સમજીશું ત્યારે જીવન મૂલ્યવાન બની જશે.

અમારી આ વિનંતિ 'પ્રબુદ્ધ જીવન'ના સર્વ જ્ઞાન જિજ્ઞાસુ વાચક મિત્રોને છે.આપનો આર્થિક સમિધ આ જ્ઞાન યજ્ઞની જ્યોતને વધુ પ્રકાશમાન કરશે. આપની વાચન મુદ્રાને અમારા શત શત નમન.

❑ **પ્રમુખ**, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

# સ્વપ્નની શોધમાં

❑ ડૉ. એ. સી. શાહ; ભાવાનુવાદક: જિતેન્દ્ર એ. શાહ

*કલ્પનાનું સત્ય સત્ય હોતું નથી. એટલે જ એ માત્ર બુદ્ધિને સ્પર્શી મનોરંજનનું કાર્ય કરે છે, પણ હકીકતનું સત્ય એ સત્ય જ છે એટલે એ આપણા ચિત્તને સ્પર્શે છે. એટલે જ જગતમાં ક્યાંય પણ લખાયેલી આત્મકથા આપણને સ્પર્શી જાય છે. અને આપણા જીવનના દરેક વળાંકે એ આપણી રાહબર બની જાય છે.*

*ડૉ. એ. સી. શાહ સૌ પ્રથમ ભારતના વિખ્યાત અર્થશાસ્ત્રી પ્રો. સી. એન. વકીલ-પ્રો. દાંતવાલાના વિદ્યાર્થી. એઓશ્રીએ અર્થશાસ્ત્રમાં Ph.D.ની ડિગ્રી પ્રાપ્ત કરી અને બૅન્ક ઑફ બરોડામાં એક ઑફિસર તરીકે જોડાયા, તે ઠેઠ ચેરમેનના પદ સુધી પહોંચ્યા. શૅરબજારનું હર્ષદ મહેતા પ્રકરણ તો આપણે જાણીએ છીએ, ત્યારે ભલભલી બૅન્કો એ ચક્કરમાં ફસાઈ ગઈ હતી. બૅન્ક ઑફ બરોડા એ વમળમાં ન ફસાઈ. એ વખતે ડૉ. એ. સી. શાહ બૅન્ક ઑફ બરોડાના ચેરમેન હતા.*

*આવા ડૉ. એ. સી. શાહ ઘણાં કપરા સંજોગોમાંથી પસાર થતાં થતાં, પોતાના જીવનની એક એક ઈંટ ઉપર ઇંટ ગોઠવતા ગયા છે, પરિણામે સિદ્ધિ અને સફળતાનું એક જીવન મંદિર સર્જી શક્યા છે.*

*પરંતુ એક એવા દિવસનો એમણે સામનો કર્યો છે જ્યારે એક જ સમયે સિદ્ધિનું શિખર પ્રાપ્ત થાય અને એ જ પળે જીવનની અતિ ગાઢ કરુણતાનું નિર્માણ થાય, આવે સમયે મેં એક ઋષિને પણ પ્રાપ્ત ન થાય એવી સ્થિતપ્રજ્ઞતા એમનામાં જોઈ છે. અને ત્યારે કોઈનું પણ હૃદય એમને નમી પડે!*

*બૅન્કની સેવા દરમિયાન એઓશ્રીએ ગામડે ગામડે ફરી નાના ખેડૂત કે મજૂરની વેદના સાંભળી છે અને એ સર્વેને ઊભા કરી ચલાવ્યા પણ છે.*

*Brick by Brick એ એમની લગભગ બસો પાનામાં અંગ્રેજીમાં લખાયેલી આત્મકથા છે. ભાઈશ્રી જિતેન્દ્ર શાહે એનો સારાનુવાદ ગુજરાતીમાં કર્યો છે. અને અપવાદના હકનો ઉપયોગ કરી આ આત્મકથા 'પ્રબુદ્ધ જીવન'ના સુજ્ઞ વાચકોના કરકમળમાં મુકતાં આનંદ અનુભવું છું. આશા છે કે વાચકને આ સંઘર્ષકથા પ્રેરણાત્મક બનશે. અને પ્રેરણાત્મક વાચન આપવું એ જ તો 'પ્રબુદ્ધ જીવન'નો આદર્શ છે. -ધ.*

### ૧. મારું બચપણ

કલ્પના તો કરી જુઓ કે ગામડાગામનો એક છોકરો ઘરની પાછળના વાડામાં મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી જેવા મહાપુરુષોની કથાના ઐતિહાસિક પુસ્તકો એકચિત્તે વાંચી રહ્યો હોય! તે પુસ્તકોએ તથા તે સમયે ચાલી રહેલી પૂજ્ય બાપુના ચળવળે તેની ભીતરમાં રાષ્ટ્રભક્તિના તથા કંઈક કરી બતાવવાની ભાવનાના બીજ રોપી દીધાં. કુવામાંના દેડકા જેમ તે પોતાનું જીવન વ્યતિત કરે તેમ નહોતું લાગતું.

તે ગામડાગામનો છોકરો એટલે બીજું કોઈ નહીં-હું પોતે! નામ તો મારું અમૃત હતું પરંતુ ઘરના સહુ મને બાબુના નામે બોલાવતાં હતાં. મારા જીવનના પહેલાં ચૌદ વર્ષો તે ગામડામાં એટલે કે ખાનપુરમાં પસાર કર્યા.

ઑક્ટોબરની સોળમી તારીખે મારો જન્મ થયો. વર્ષ હતું ૧૯૩૨નું. પિતાનું નામ હતું ચુનીલાલ અને માનું નામ હતું સોમી. અમારા મા-બાપને અમે પાંચ સંતાનો હતાં-ત્રણ ભાઈઓ અને બે બહેનો. ધીરધારની ખૂબ સાંકડી આવક પર અમારી ગૃહસ્થી ચાલતી હતી. પરિવારના અન્ય સભ્યોની પણ ઓળખાણ કરાવું-તે હતાં ફોઈ ચંચળબેન અને મારા દાદીમા. મારા બાપુના કાકી જડાવબા પણ અમારી સાથે જ રહેતાં હતાં. દાદી અને જડાવબાનો તો હું ખૂબ જ લાડકો હતો.

મારો જન્મ થયો એ ગામડું ખાનપુર સાવ નાનું અને નિરસ હતું. તે ગામડું આવ્યું પછાત ગણાતા ગુજરાતના પંચમહાલ જિલ્લામાં. ભૂતપૂર્વ લુણાવાડા રાજ્ય સાથે અમારું ગામડું સંકળાયેલું હતું. ગામની નજીક થઈને ભાદર નદી વહેતી હતી. અમારા ગામ ખાનપુરમાં એક જ પ્રાથમિક ગુજરાતી શાળા હતી અને તેની હાલત પણ બીમાર જેવી જ હતી.

મારા પિતાને ધીરધારના ધંધામાં ખાસ સફળતા મળી ન હતી. પ્રારબ્ધે ભલે તેમને ધંધામાં સફળતા ન આપી પણ તેમની ભીતર રહેલા ડહાપણને કારણે ગામના સહુ તેમને માનની દૃષ્ટિએ નિહાળતા. દુશ્મન માટે પણ તેમના દિલમાં ક્ષમા સિવાય બીજો કોઈ ભાવ આવતો ન હતો.

માનો પરિચય જો એક જ શબ્દમાં આપવાનો હોય તો તે શબ્દ છે-ત્યાગમૂર્તિ. કરુણાભીનું તેમનું હૃદય હતું અને ઉદારતા તેમની પ્રકૃતિ બની ચૂકી હતી.

બાળપણની મીઠી-મધુરી સ્મૃતિઓને માણસ કઈ રીતે ભૂલી શકે અથવા અવગણી શકે?

નિશાળના નિયમિત વર્ગો શરૂ થાય તે પહેલાં પ્રાર્થના ગાવાનું કામ મારે ભાગે જ આવતું. તીવ્ર ગ્રહણશક્તિના કારણે શિક્ષકોનો હું પ્રિય વિદ્યાર્થી હતો. વર્ષોવર્ષ દરેક વર્ગમાં મારો નંબર પહેલો જ આવતો.

જીવનભર મને વાંચવાનો શોખ રહ્યો છે. વાંચનની આદતે મને વિચારવાની શક્તિ આપી અને મારા ચારિત્ર્યનું નિર્માણ કર્યું. આ જ

આદતને કારણે મારા ગામડાની બહાર પણ એક વિશ્વ વસી રહ્યું છે તેનો મને પહેલી જ વાર ખ્યાલ આવ્યો.

બચપણમાં ચોરીની લાલચથી મુક્ત ન રહી શક્યો તેવી એક ઘટનાની પણ વાત કરી લઉં.

મનની ભીતર સતત અભાવની લાગણી રહેતી હોવાના કારણે ઘરે પધારેલા મહેમાનના સોનાના બટન મેં ચોરી લીધા. ખૂબ માર પડ્યા પછી મેં ચોરીની કબૂલાત તો કરી લીધી અને એ વાતનો ત્યાં અંત પણ આવ્યો. હા, તે પછી બાલકૃષ્ણની જ્યાં પૂજા થતી હતી તે ખંડમાં મારી પાસે ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની ચોરી ન કરવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી. પાછળથી જીવનમાં અને અંતરમાં ખરા-ખોટાની સમજ ઊગતી ગઈ અને આજે સંપૂર્ણ સંતોષની લાગણી સાથે કહી શકું છું કે ચોરી તો બહુ દૂરની વાત રહી-અણહક્કનું લેવાની પણ ઇચ્છા ક્યારેય રહી ન હતી.

અભ્યાસના પ્રશ્ને મને વિચારતો કરી મૂક્યો. સાતમું ગુજરાતી ધોરણ પૂરું કર્યા પછી મારે કરવું શું ? ખાનપુરમાં રહીને આથી વધારે અભ્યાસ કરવો શક્ય જ નહોતો, વધારે અભ્યાસ માટે પાસેના શહેર લુણાવાડા પહોંચી જવું અનિવાર્ય હતું. ઉચ્ચાભ્યાસ માટેના ખર્ચાની પૂરી જોગવાઈ કર્યા સિવાય પિતાજી અથવા પરિવારના અન્ય સભ્યો સંમતિ આપે તે વાતમાં પણ ખાસ દમ ન હતો.

ગાંધીજીના સત્યાગ્રહ વિશે તો મારી પાસે વિશેષ માહિતી ન હતી પરંતુ લક્ષ્યપ્રાપ્તિ માટે તેમનું ઉપવાસનું શસ્ત્ર મને ઉપયોગી લાગ્યું. ઉપવાસના ભારેખમ શસ્ત્ર સામે પરિવારજનોએ શરણાગતિ સ્વીકારી લીધી અને અંતે ખાનપુરની સંકુચિત સૃષ્ટિને અલવિદા કરી લુણાવાડાની હાઈસ્કૂલના વિશાળ જગતમાં મેં પ્રવેશ મેળવ્યો.

જૂન '૪૬ના એક શુભ દિવસે મારા પિતાએ મને લુણાવાડાની હાઈસ્કૂલમાં પ્રવેશ અપાવ્યો.

હાઈસ્કૂલના પ્રારંભમાં જ શિક્ષણના માધ્યમનો પ્રશ્ન મને નડ્યો. ખાનપુરનું પ્રાથમિક શિક્ષણ મેં ગુજરાતી માધ્યમમાં લીધું હતું. હાઈસ્કૂલના આચાર્ય શ્રી મોદીના માર્ગદર્શન પ્રમાણે ત્રણ વર્ષનો ઇંગ્લિશનો અભ્યાસક્રમ મેં એક વર્ષમાં પૂરો કર્યો જેથી ઇંગ્લિશ માધ્યમવાળો મારો હાઈસ્કૂલનો અભ્યાસ સરળ બની ગયો. પ્રાથમિક અનેક અવરોધો પાર કર્યા પછી મેં મારું સંપૂર્ણ ધ્યાન અભ્યાસ પર જ આપ્યું. વર્ગમાં સામાન્ય રીતે મારો નંબર પહેલો જ રહેતો અને બીજા શિક્ષકો સાથે આચાર્ય મોદીસાહેબનો હું પ્રિય વિદ્યાર્થી બની રહ્યો.

લુણાવાડાની શાળામાં પ્રવેશ લીધા પછી થોડા જ દિવસમાં વક્તૃત્વ સભાનું આયોજન થયું. મેં લાગણીપૂર્વક આપેલ વક્તવ્ય ખૂબ જ સરસ રહ્યું અને આશરે પંદરેક વિદ્યાર્થીઓમાં હું પ્રથમ ઇનામને લાયક ગણાયો. જિલ્લા કક્ષાએ યોજાયેલ સ્પર્ધામાં પણ હું બે વાર પ્રથમ આવ્યો.જ્યારે પણ ઇંગ્લિશમાં વક્તવ્ય આપવાનું થતું ત્યારે મારો આદર્શ રહેતા એસ. રાધાકૃષ્ણનન્ અને કાર્ડિનલ ગ્રેશિયશ અને હિન્દીમાં આપવાનું થતું ત્યારે જયપ્રકાશ નારાયણ અને અશોક મહેતા મારા આદર્શ રહેતા.

રાષ્ટ્રીય નેતાઓમાં પણ જે ખરેખર મોટી હસ્તીઓ હતી જેવી કે ગાંધીજી, નહેરુ, સરદાર, જયપ્રકાશ વગેરે માટે મારા દિલમાં પ્રેમ જાગ્યો-માનની લાગણી થઈ. મોદીસાહેબ તે નેતાઓ વિશે અમને વિગતવાર વાતો કરતા અને તેમના પર લખાયેલ પુસ્તકો વાંચવાની આગ્રહભરી વિનંતી કરતા. ગાંધીજીની આત્મકથા તથા નહેરુએ લખેલ પુસ્તકો-Discovery of India તથા Glimpses of World History મારા પ્રિય પુસ્તકો હતા.

હાઈસ્કૂલના આખરી વર્ષમાં હું આવ્યો ત્યારે આચાર્ય મોદીસાહેબે પોતાની નોકરીનું એક વર્ષ ખાસ મારા માટે લંબાવ્યું-તેમણે નિવૃત્તિ ના સ્વીકારી. જીવનના ખાસ પ્રસંગોએ જ્યારે જ્યારે હું તેમનું સ્મરણ કરું છું ત્યારે મારું મસ્તક તેમના માટે આદર અને પ્રેમથી ઝૂકી જાય છે.

હાઈસ્કૂલના અભ્યાસ પછી અમદાવાદના બદલે મુંબઈની કૉલેજમાં પ્રવેશ લઈ લેવાનું મેં મનોમન નક્કી કર્યું. મારી પિત્રાઈ બહેનના વર અંબાલાલભાઈ જે મુંબઈમાં જ રહેતા હતાં તેમણે મને બધી જ રીતે સહાય આપવાની તૈયારી બતાવી.મુંબઈની પ્રતિષ્ઠિત સેન્ટ ઝેવિયર્સ કૉલેજના આર્ટ્સ વિભાગમાં પ્રવેશ લેવાની મારી તીવ્ર ઇચ્છા હતી. S.S.C.ની પરીક્ષા મેં ગોધરામાંથી આપી અને ૭૬.૪૦% માર્ક્સ સાથે હું તે પરીક્ષામાં ઉત્તીર્ણ થયો. પૂરા ગોધરા કેન્દ્રમાં મારો નંબર પહેલો હતો. મને ચાર વર્ષની Open Merit Scholarship સરકારી શિક્ષણ વિભાગ તરફથી મળી હતી.

લુણાવાડામાં વિતાવેલ વર્ષો યાદગાર બની રહ્યા.અંતરથી માનું છું કે જીવનને ઊંચાઈ પર લઈ જવું હોય તો ચાર આશીર્વાદો અનિવાર્ય ગણાય-સારા શિક્ષકો, સારું વાંચન, સારી આદતો અને સારા મિત્રો.મને ચારે આશીર્વાદોનો ભરપૂર લાભ મળ્યો.

**વિશાળ દુનિયાના ઉંબર પર**

પરિવારની આર્થિક સ્થિતિ કંઈ બહુ સધ્ધર તો નહોતી અને એટલે જ પિતાજી ઇચ્છતા હતા કે હું મારા ભાઈની સાથે અમદાવાદ રહી ત્યાં અભ્યાસ આગળ વધારું. પરંતુ અંબાલાલભાઈ પાસેથી સહાયની ખાત્રી મળતાં મેં મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રવેશ લઈ લીધો.

મુંબઈ જવા નીકળ્યો ત્યારે મારી પાસે એક ટ્રન્ક હતી, એક બેડિંગ હતું અને સો-સવાસો રૂપિયાની મૂડી હતી. આ મૂડી તો બહુ સામાન્ય હતી પરંતુ અસલી મૂડી હતી શિક્ષકોની શુભેચ્છા અને પરિવારજનોના આશીર્વાદ.

અભ્યાસ સિવાયની ઇતર પ્રવૃત્તિ માટે દા. ત. રમત-ગમત, સાહિત્ય-સંગીત વગેરે માટે પણ મારી કૉલેજ મશહૂર હતી. કૉલેજના પહેલા બે વર્ષમાં ફિલસૂફી, સાહિત્ય અને ઇતિહાસને લગતા ઘણા

બધા પુસ્તકો મારી આંખ તળેથી પસાર થયા. પુસ્તકોના વાંચનથી ઇંગ્લિશ ભાષા પરનો મારો કાબૂ વધ્યો, જ્ઞાનની ક્ષિતિજ વિસ્તરી, કંઈક કરી બતાવવાની તમન્નાને જાણે પાંખ ફૂટી.

અહીં સ્પેનવાસી સેન્ટ ઝેવિયર્સ કૉલેજના આચાર્ય ફાધર બાલાગેરને પણ યાદ કરી લઈએ. તેઓ સમયાંતરે મારી અભ્યાસની પ્રગતિ બાબત પૂછતાછ કરતા રહેતાં અને મને સહાય કરવા સદા તત્પર રહેતા. કૉલેજના પહેલા બે વર્ષ પછી એટલે કે ઈન્ટર આર્ટ્સ પછી ખાસ વિષય તરીકે ઇકોનોમિક્સ (અર્થશાસ્ત્ર) પર મેં મારી પસંદગી ઢોળી. મને તે વિષયમાં એટલો બધો રસ પડ્યો કે કૉલેજ અભ્યાસ માટે જરૂરી ન હોય તેવા તે વિષયના પુસ્તકો પણ હું ઉથલાવી ગયો. અહીં મારા બે ઇકોનોમિક્સના પ્રોફેસર્સનું સ્મરણ કરી લઈએ.

એક હતાં ડૉ. હાનન એઝિકેલ અને બીજા હતાં ડૉ. આર. કે. હઝારી જે પાછળથી રિઝર્વ બૅન્કના ડેપ્યુટી ગવર્નર થયા હતાં. બંને શિક્ષકોએ કૉલેજ યુનિવર્સિટીની કક્ષાએ મને ખૂબ સહાય કરી અને સુંદર માર્ગદર્શન પણ આપ્યું.

અમારા શિક્ષકગણે વિદ્યાર્થીઓમાં સાચા લોકશાહી મૂલ્યો સ્થાપવા સંસદની (Mock Parliament) રચના કરી. મારી વિરોધ પક્ષના નેતા તરીકે નિમણૂક થઈ હતી. અમારી 'સંસદ'માં પ્રસિદ્ધ વ્યક્તિઓને બોલાવવામાં આવતી હતી. તેઓ આધુનિક ભારતના ઘડતરમાં નવી પેઢી કઈ રીતે યોગદાન આપી શકે તે બાબત પોતાના પ્રવચનો દ્વારા યોગ્ય માર્ગદર્શન આપતી રહેતી. સેંટ ઝેવિયર્સ કૉલેજે મારા દિલમાં એક ખાસ જગ્યા ઊભી કરી હતી. તેણે મને પડકાર આપે તેવી વિશાળ દુનિયાના ઉંબર પર લાવી ખડો કરી દીધો.

એકાદ વર્ષ પછી યુથ કૉંગ્રેસમાં જોડાયો અને તેમાં પણ સક્રિય કાર્યકર થયો. તે અરસામાં જવાહરલાલ નહેરુ અમારા અત્યંત પ્રિય નેતા હતાં–માનો અમને તેમનું વળગણ જ થઈ ગયું હતું. ૧૯૬૩માં બૅન્ક ઑફ બરોડામાં જોડાઈ જતાં જ મારી રાજકીય પ્રવૃત્તિનો અંત આવી ગયો.

કૉલેજ કેળવણીના ખર્ચને પહોંચી વળવું વિશેષ કષ્ટદાયક નહોતું. મને સ્કૉલરશિપ તો મળી જ હતી અને તે ઉપરાંત બનેવી અંબાલાલ-ભાઈ અને ભાઈ નટવરલાલ પણ જરૂર પડે સહાય કરવા ઉત્સુક રહેતા. કૉલેજકાળમાં પણ સ્વેચ્છાએ જ મેં સીધી-સાદી જિંદગી જીવવાનું નક્કી કર્યું હતું. અન્ય વિદ્યાર્થીઓના દેખાડા અથવા ડોળ મને બહુ સ્પર્શી નહોતા શકતા.

કૉલેજના ચાર વર્ષ તો ઝપાટાબંધ પસાર થઈ ગયા. ઈકોનોમિક્સના વિષય સાથે ૫૭-૫૮% ટકા માર્કસથી (B.A.) બી. એ.ની પરીક્ષા મેં ઉત્તીર્ણ કરી. હું ફર્સ્ટ ક્લાસ ન લાવી શક્યો એનું મને દુ:ખ થયું.

સ્નાતક થયા પછીનો અભ્યાસ (Post Graduation) હું ઈકોનોમિક્સના વિષયમાં જ આગળ વધારવા ચાહતો હતો. તે માટે મારી પાસે બે વિકલ્પ હતાં–યા તો હું મુંબઈની સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ પસંદ કરું યા લંડનની સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ. આર્થિક કારણસર મારે મારી પસંદગી 'બૉમ્બે સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ' પર ઉતારવી પડી. બૉમ્બે યુનિવર્સિટીની હૉસ્ટેલમાં પ્રવેશ ન મળવાથી તળ મુંબઈથી દૂર રામકૃષ્ણ મિશનની ખાર હૉસ્ટેલમાં પ્રવેશ લીધો.

અભ્યાસનો સમય જરા પણ વેડફાઈ જાય નહીં તેની હું પૂરી કાળજી રાખતો હતો. આ કારણે જ સાત વર્ષના અભ્યાસની મેં નવી જ દિશા પકડી. બે વર્ષનો M.A.નો કૉર્સ તથા પાંચ વર્ષનો Ph.D.નો કોર્સ–બંનેમાં વિષય ઈકોનોમિક્સ જ રાખ્યો હતો. લૉ (Law) તથા આઈ.એ.એસ. (I.A.S.)નો કૉર્સ પણ પૂરો કરવાની પ્રબળ ઈચ્છા છતાં તે પૂરા ન કરી શક્યો.

તે સમયે 'બૉમ્બે સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ'ના આચાર્ય હતા શ્રી સી. એન. વકીલ. વિદ્વતાથી છલોછલ એવા તે મહાન શિક્ષક હતા. તેમની શિક્ષણ સંસ્થા દેશના આર્થિક વિકાસને એક યોગ્ય દિશા આપી શકે તેટલી સક્ષમ હતી. પ્રો. વકીલ ઉપરાંત અન્ય પ્રસિદ્ધ શિક્ષકોમાં હતા પ્રો. દાંતવાલા, પ્રો. લાકડવાલા અને પ્રો. બ્રહ્માનંદ.

M.A.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી પ્રો. દાંતવાલાના સહાયક સંશોધક (Research Assistant) તરીકે મને કામ મળી ગયું. મને ખેતી વિષયક અર્થશાસ્ત્રમાં (Agriculture Economics) ૯૦% જેટલા માર્કસ મળ્યા અને કુલ માર્કસની ટકાવારી હતી ૫૭%ની. M.A. થયા પછી Ph.D.ના અભ્યાસ દરમ્યાન યુનિવર્સિટી હૉસ્ટલમાં પ્રવેશ લીધો ત્યારે વોર્ડન તરીકે હતાં પ્રો. લાકડાવાલા. તેમની નજીક આવવાની મને એક વધારાની તક મળી. મારા ચારિત્ર અને મારી કારકીર્દિનું નિર્માણ કરનાર બધા જ શિક્ષકોનો હું ઋણી છું.

યુનિવર્સિટીના બીજા વર્ષમાં મેં અમારી જ્ઞાતિની હૉસ્ટેલ 'ખડાયતા છાત્રાલય'–વિલેપારલેમાં પ્રવેશ લીધો. હૉસ્ટેલવાસી બધા જ મૈત્રી પૂર્ણ સ્વભાવના હતા. અભ્યાસ પૂર્ણ કર્યા પછી નોકરી કરતાં મોટી ઉંમરના ભાઈઓ પણ તે હૉસ્ટલમાં રહેતા હતાં. તે પૈકીના બે સાથે જીવનભર મૈત્રી રહી અને સંબંધો પણ ઘણા જ ઉષ્માભર્યા રહ્યા. આવો, તેમનો થોડો પરિચય કરીએ.

અરૂણભાઈ મહેતા B.Com., LL.B. હતાં અને મુંબઈની B.E.S.T.માં કામ કરતા હતાં. તેઓ સાચા અર્થમાં મારા Friend, Philosopher and Guide હતાં. તેમના લગ્ન રાજપિપળામાં લેવાયા ત્યારે તે સમારંભમાં ભાગ લેવા તેમણે મને ઘણો આગ્રહ કર્યો અને તેમના પ્રેમભર્યા આગ્રહ પાસે ઝૂકી હું ત્યાં ગયો પણ ખરો.

ત્યાં પહેલી જ વાર તેમની નાની બહેન કોકિલા સાથે મુલાકાત થઈ. પહેલી જ નજરમાં હું કોકિલાથી પ્રભાવિત થયો. તે પ્રકૃતિએ મિલનસાર અને મેધાવી વ્યક્તિ હતી. અરુણભાઈએ આગળ પડતો ભાગ લઈ અમારા વિવાહ આણંદમાં કરાવ્યા.

બીજા મિત્ર હતા છબીલદાસ શાહ. તેઓ એક વર્ષ માટે હૉસ્ટેલમાં

આવ્યા હતા.તેઓ ખૂબ જ સુખી અને સમૃદ્ધ પરિવારમાંથી આવતા હતાં. એક વર્ષના હૉસ્ટેલવાસ પછી તેઓએ વાલકેશ્વરમાં એક ફ્લેટ લઈ લીધો અને ત્યાં રહેવા લાગ્યા. એક વટવૃક્ષની જેમ અમારા સંબંધ વિકસતા ગયા. મારા પુત્ર અપૂર્વના લગ્ન તેમની નાની દીકરી સાથે થયા. આજે બંને અમેરિકામાં તેના બે પુત્રો સાથે સુખી જીવન જીવી રહ્યા છે.

મારી માતાનો સ્વર્ગવાસ થયો ત્યારે હું ખડાયતા હૉસ્ટેલ–મુંબઈમાં હતો. મારા માટે તે સમાચાર અત્યંત દુ:ખદ અને આઘાતજનક હતાં. તેઓ પોતે ભણેલા ન હતાં પરંતુ સારા-ખરાબની, સાચા-ખોટાની જે પરખ તેમની પાસે હતી તે અદ્‌ભુત હતી.

જીવનમાં એક વસવસો, એક ઊંડો અફસોસ કાયમ રહી ગયો છે ; ન મારા માતા-પિતા મારી કારકીર્દિમાં થયેલી પ્રગતિ જોઈ શક્યા –ન તેમણે કરેલા બલિદાનના ફળ તેમને ચાખવા મળ્યા. માની વિદાયના અસહ્ય ગમને વિસરવા સ્વામી વિવેકાનંદના પુસ્તકોમાં મેં મન પરોવ્યું. મને ખૂબ જ ગમતું વિવેકાનંદજીનું પુસ્તક હતું 'કર્મયોગ'.

મહાનિબંધ (Thesis) માટે મેં ગ્રામ્ય ધીરાણ (Rural Credit) વિષય પસંદ કર્યો. તે વિષય પસંદ કરવા માટેના કેટલાક કારણોમાંનું એક કારણ હતું કે મોટા શરાફો અને જમીનદારો જે રીતે ધરતીપુત્ર ખેડૂતનું શોષણ કરતા હતાં તેનો મને જાતઅનુભવ હતો. આ સિવાય પણ મુનશી પ્રેમચંદની નવલકથાઓની મારા પર ગહેરી અસર હતી. તે કથાઓમાં ખેડૂતસમાજના થતા શોષણના હૃદયસ્પર્શી ચિત્રણ પણ કરવામાં આવ્યા છે. તે સમયના વાતાવરણમાં સમાજવાદની પણ બોલબાલા હતી. આ બધા કારણોસર મારા મહાનિબંધનો વિષય તથા શીર્ષક Integrated Scheme of Rural Credit મેં રાખ્યો હતાં.

અહીં એક હળવી રમૂજની વાત પણ કરી લઉં. હું પોતે યુનિવર્સિટીમાં ઓળખાતો હતો A. C. Shah (અમૃત સી. શાહ) તરીકે પણ મારા પ્રો. બ્રહ્માનંદ A. C. Shahનો અર્થ કરતાં Agriculture Credit Shah તરીકે!

પૂરી નિષ્ઠાથી મેં તે મહાનિબંધ તૈયાર કર્યો અને પૂરા પાંચ વર્ષોની આકરી મહેનત અથવા સાચું પૂછો તો આકરી તપશ્ચર્યા પછી મને Ph.D.ની પદવી મળી.

Ph.D.નો અભ્યાસ પૂરો કરવા માટે યુનિવર્સિટી તથા હૉસ્ટેલનું વાતાવરણ વિશેષ અનુકૂળ હોવાથી હું યુનિવર્સિટીની હૉસ્ટેલ મરીનડ્રાઈવ પર રહેવા આવી ગયો. રાજકારણમાં પ્રવેશ કરવાનું આકર્ષણ મનના એક ખૂણે સચવાયેલું હતું પરંતુ બૅન્ક ઑફ બરોડામાં કામે લાગી જતાં તે આકર્ષણનો પણ અકાળે અંત આવી ગયો.

ખરું પૂછો તો મારી કારકીર્દિના લક્ષ તરફ હું પૂરી રીતે સ્પષ્ટ ન હતો. અનેક વિકલ્પો મનની આંખ સામે આવ્યાજ કરતા હતા. આ બધા જ ગુંચવાડાની પેલે પાર દિલમાં એક શ્રદ્ધાદીપ સ્થિર જ્યોતે પ્રકાશી રહ્યો હતો અને મને કહેતો હતો કે Come what may–તારા જીવનમાં કે તારી કારકીર્દિમાં તું કોઈથી પાછળ નહીં હોય!

પ્રો. દાંતવાલાની પોતાના ક્ષેત્રની નિપુણતા કદાચ વિશ્વપ્રસિદ્ધ હતી. આપણું પ્લાનિંગ કમિશન તો તેમની સલાહ-સૂચના લેતું જ હતું. તે ઉપરાંત અનેક આંતરરાષ્ટ્રીય એજન્સીઓ પણ તેમનું માર્ગદર્શન લેવા આતુર રહેતી. તેમના સહાયક સંશોધક તરીકે મને મારા પગ પર ઊભા રહેવાની તક તો મળી જ, એટલું જ નહીં, અનેક અર્થશાસ્ત્રીય વિષયોનો તલસ્પર્શી અભ્યાસ કરવાનો મને લાભ મળ્યો હતો તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

તેમના હાથ નીચે કામ કરવાથી ગામડાઓની અર્થ-વ્યવસ્થાનો (Rural Economy) મને ગહેરો અનુભવ થયો જે મને મારા મહાનિબંધમાં ઘણો ઉપયોગી સાબિત થયો હતો. રાજકારણની દૃષ્ટિએ જોઈએ તો હું સમાજવાદ તરફ વધારે ને વધારે ઢળતો ગયો. નહેરુજી, જયપ્રકાશજી, અશોક મહેતા, કૃષ્ણ મેનન, લોહિયાજી તે સમયના મારા આદર્શ નેતાઓ હતા.

તે અરસામાં મારા સ્વજનો મારા માટે બે કારણોસર ચિંતિત હતાં. એક તો, વધારે ને વધારે વર્ષો અભ્યાસ પાછળ ખર્ચાઈ રહ્યાં હતાં. બીજું મારા જીવનના અઠ્ઠાવીસ વર્ષો પૂર્ણ કર્યા પછી પણ મેં પ્રભુતામાં પગલાં પાડ્યા ન હતાં. પ્રથમ સમસ્યાનો ઉકેલ એ હતો કે માત્ર એક વર્ષના વિશેષ અભ્યાસ પછી મને સારી નોકરી મળે તેમ હતી. બીજી સમસ્યા લગ્નની હતી અને એનો ઉપાય મારા મિત્ર અરુણભાઈ પાસે હતો. તેમણે સૂચન કર્યું કે મારે અને મારા પિતાએ આણંદ જઈને તેમની બહેન કોકિલાને જોઈ લેવી જોઈએ. આણંદની મુલાકાત ઘણી જ સફળ રહી અને ડિસેમ્બર '૬૦માં અમારા વિવાહ થયા.

દુર્ભાગ્યે આણંદથી અમારે ગામડે પહોંચતાં જ મારા પિતાનું નિધન થયું અને અમારા લગ્ન પાછા ઠેલાયાં. લગ્ન પાછા ઠેલાયાં એ કારણે મને મારો મહાનિબંધ પૂર્ણ કરવાનો સમય મળી ગયો. છઠ્ઠી મે ૧૯૬૨માં અમારા લગ્ન થયા તે પહેલાં જ મારો મહાનિબંધ મારા Ph.D.ના માર્ગદર્શકને (Guide) સોંપી દીધો.

પિતાનું નિધન મારા પરિવાર પર એક મોટો ફટકો હતો. અમારો પરિવાર ભલે આર્થિક રીતે સદ્ધર નહોતો પરંતુ ગામમાં મારા પિતાની ગણત્રી એક પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે જ થતી હતી. જ્ઞાતિ-કોમના કોઈ ભેદ વિના જ સહુ સંકટ સમયે તેમની સલાહ લેવા દોડી આવતા.

લગ્ન માટે અમદાવાદ જતાં પહેલાં જ મેં મલાડમાં એક રૂમ લીવ-લાઈસન્સ પર ભાડેથી નક્કી કરી લીધી હતી. અમદાવાદથી બોરીવલી -મુંબઈની મુસાફરી ત્રીજા વર્ગમાં કરી અમે મુંબઈ પહોંચ્યા. અમારા સરસામાનમાં બે લોખંડની ટ્રંક અને સાસરેથી આવેલ વાસણનો એક કોથળો હતો. નવજીવન તરફ લઈ જતી મુસાફરીમાં આથી વધારે સામાન અમારી પાસે બિલકુલ ન હતો!

કદાચ કોઈ અતિશયોક્તિ લાગે તો પણ હું અવશ્ય કહીશ કે કોકિલાના

રૂપમાં લક્ષ્મીજી પોતે જ અમારા ઘરે પધાર્યા હતાં. તેના આગમન પછી અમે જીવનમાં ક્યારેય અભાવનો અનુભવ નથી કર્યો. વર્ષોના વહેવા સાથે અમારું દામ્પત્યજીવન પ્રસન્નમધુર બનતું રહ્યું.

લગ્નજીવનના પ્રારંભમાં અમે બંને સાથે મળી પાંચસો-છસ્સો કમાઈ લેતા હતાં. અડધો પગાર ઘરખર્ચમાં જતો ને અડધો પગાર પિતાજીનું દેવું ચૂકવવામાં પૂરો થઈ જતો હતો.

અંતે સપ્ટેમ્બર-ઑક્ટોબર '૬૨માં મેં મારો મહાનિબંધ યુનિવર્સિટીને સોંપી દીધો. બહારના પરીક્ષક (external refree) તરીકે જાણીતા ગાંધીવાદી તથા સહકારી ચળવળના વિષયમાં મહારથી ગણાય તેવા શ્રી વી. એલ. મહેતાની નિમણૂક થઈ. આ રીતે અંતે મને Ph.D.ની ડિગ્રી તો મળી પરંતુ લાખ રૂપિયાનો પ્રશ્ન એ હતો કે ડિગ્રી તો મળી પણ પછી શું ?

આ અરસામાં ઈશ્વરી સંકેત જેવી એક ઘટના ઘટી.

એક અમેરિકન (Visiting) પ્રોફેસરના ત્રણ જાહેર પ્રવચનો મુંબઈમાં યોજાયા હતાં. આ પ્રવચનો દરમ્યાન એક માતબર વ્યક્તિત્વ-વાળા ભાઈ મારી પાસે આવ્યા અને પોતાનું વિઝિટીંગ કાર્ડ મારા હાથમાં આપી કહ્યું :

'હું ગોપાલરાવ છું અને બૅન્ક ઑફ બરોડામાંથી આવું છું. અમને એક અનુભવી અર્થશાસ્ત્રીની (Economist)ખાસ જરૂર છે. કાલે બપોરે ત્રણ વાગે તમે મારી ઑફિસમાં આવી શકો ?'

તે સમયે બીજી કોઈ પણ સારી તક મારી પાસે ન હોવાથી મેં તેમને બીજે દિવસે મુલાકાત માટે હા પાડી દીધી.

બીજો દિવસ ઊગ્યો. લગ્નપ્રસંગે ખરીદી કરેલ સૂટ-બૂટમાં સજ્જ થઈ હું બૅન્ક ઑફ બરોડાવાળા ગોપાલરાવની કેબીનમાં પહોંચ્યો. તેમના અનેક પ્રશ્નોના–જટીલ પ્રશ્નોના મેં આપેલ સંતોષપૂર્ણ જવાબો પછી તેમણે રૂા. ૭૦૦/- ના પગારે તથા વર્ષના ત્રણ માસના બોનસથી મને નોકરીની ઑફર કરી. તેમણે આપેલ અરજીપત્રક મેં ત્યાં જ ભરી દીધું. બીજે દિવસે મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. એમ. ચોકસીને મળી લેવા માટે મને ફરી બોલાવવામાં આવ્યો. કોકિલાને આ શુભ સમાચાર આપવા હું આતુર હતો પરંતુ શ્રી ચોકસી સાહેબ સાથેની મુલાકાત બાકી હતી તે પણ મારે યાદ રાખવાનું હતું.

**(વધુ હવે પછી)**

---

## પંથે પંથે પાથેય...

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાથી ચાલુ)

વેદનાઓને સમજનારી નાની યુવાન જનેતા છે.

મારે તો મળવું હતું મણિબેન પટેલને એટલે ફરતો ફરતો હું એમના ઓરડે પહોંચ્યો.

એમનો ઓરડો અલાયદો હતો. બધાય ઘરડાને મળેલી સગવડતા ત્યાં હતી. ક્યાંય ગરીબ–અમીરની ભેદરેખા નહોતી. બધાય વૃદ્ધો અનુબહેનના ગુણાનુરાગની હરખભેર વાત કરતા હતા.

હું મણિબેનના પલંગ પાસે પહોંચ્યો. એમને માથું નમાવી વંદન કરી લીધા. માજી બોલ્યા: 'આવ, બેટા આવ.' બાસઠ વરસના મારી જેવાને 'બેટા' કહેનાર માજીનો ઉમળકો હું સમજી ગયો. એમણે કહ્યું : 'બેસ બેટા, મારા પલંગ પર મારી નજીક બેસ.' માજીની ઉંમર આશરે એંશી વરસની લગોલગની હશે.

હું એમની સામે પલંગ પર જ બેઠો. એમનો ગોરો વાન, આછી કરચલીવાળો ચહેરો. હૈયે હરખ ખરો પણ એમની આંખોમાં દુ:ખોની આંટીઓનો મને ભાસ થયો. એમની બોલી મીઠી. જાણે આપણે પોતાની વ્હાલસોઈ માતાને મળતા હોઈએ એવો ભાસ જરૂર થાય!

'માજી, આપ અહીં કેટલા વર્ષથી છો ?'

'બેટા, હું તો અહીં પાંચેક વર્ષથી છું.'

'અહીં વૃદ્ધાશ્રમને આપનું નામ આપવામાં આવ્યું છે.'

'હા, એ વાત સાચી છે. મારા અમેરિકા વસતા પુત્રોએ મારું નામ વટાવી મને ઉપકારના બોજ તળે દબાવી દીધી છે.'

'કારણ ?'

'બેટા ઘડપણ મોટું કારણ. હું આમ સોજીત્રાની છું. મારા બંને દીકરાઓ અમેરિકા વસે છે. ત્યાં પુત્ર પરિવાર સાથે રહે છે અને અમનચમનની મોજ માણે છે. સાચું કહું બેટા, ધનમાં આળોટે છે; પણ જે ધનમાં માણસાઈનું મૂલ્ય ના હોય એને શું ધોઈ પીવું ?'

માજી વાત કરતાં કરતાં થોડા હાંફી ગયા.

'પણ માજી તમે અહીંયા કેવી રીતે આવ્યા ?'

'બેટા, મારા કરમની કઠણાઈ! એક દીકરાની વહુની સુવાવડ માટે હું ગઈ. છોકરાઓએ કહ્યું : બા, અહીં આવતા રહો. અને મેં ઘેલીએ સોજીત્રાની મારી મલિકીનું ઘર વેચી દીધું ને હું પહોંચી મારા દીકરાને ઘેર. વહુને સુવાવડ આવી. પુત્ર અવતર્યો. અને એની સરભરા કરતી ત્યાં રહી. મોટા દીકરા અને નાના દીકરાના વ્હાલમાં ઘડીભર હું મારું અસ્તિત્વ ભૂલી ગઈ. એમ કરતા પાંચ વર્ષ નીકળ્યા. એનો પુત્ર હવે તો પાંચેક વરસનો થઈ ગયો. 'ગરજ સરી એટલે વૈદ્ય વેરી'. અને હવે તો વહુઓને હું આકરી લાગવા લાગી. બસ, મને ખબર ન હતી તે રીતે તેમણે પૂજ્ય અનુબહેનને વૃદ્ધાશ્રમ માટે રકમ મારા નામે ઇંટોની આ ઇમારત માટે આપી. હું કુટુંબ કબીલાથી વિખૂટી પડી જીવું છું. હવે નથી રહ્યું વાત્સલ્ય મારા પરિવાર પ્રત્યે. કાળનું કે'ણ આવે એટલે જવા તૈયાર જ છું.'

અને મેં માજીને પ્રણામ કર્યા. 'આસૂરી સંપદા માનવ લાગણીને હણી નાખે છે,' બસ આ વિચારને વાગોળતો હું અમારા મંડળના સભ્યો સંગે ભળી ગયો.

* * *

૧૩-એ, આશીર્વાદ, સાઈબાબા લેન,
વલ્લભબાગ લેન (Extn), ઘાટકોપર (પૂર્વ),
મુંબઈ-૪૦૦ ૦૭૭

# જૈન દર્શનમાં મોક્ષ એટલે શું?

❑ પ્રવીણભાઈ સી. શાહ

જૈન દર્શનકારો પરિપૂર્ણ આત્મા માત્ર સિધ્ધના જીવોને માને છે જેમણે આઠે કર્મનો નાશ કરી નિર્વાણપદ મેળવ્યું છે. જૈન શાસનને પ્રરૂપનાર ખુદ તીર્થંકર ભગવંતો વીતરાગ – સર્વજ્ઞ હોવા છતાં ચાર અઘાતી કર્મથી ખરડાયેલા હોવાથી અપેક્ષાએ પરિપૂર્ણ સુખના સ્વામીના મનાતા નથી એટલે મોક્ષની ઇચ્છાવાળાએ પરિપૂર્ણ બનવાની મહત્વાકાંક્ષા રાખવી જરૂરી છે.

આ માટે શાશ્વત સુખની સમજ મેળવવી જરૂરી છે. દુનિયાના – સંસારના તમામ સુખો દુ:ખના નિવારણ રૂપે અલ્પ સમય માટે રાહત આપનારા હકીકતમાં છે. તેને સુખ સમજી શકનારો વર્ગ મોક્ષની માત્ર કલ્પના પણ કરી શકે નહિ.

ભૂખ લાગી તો ખાવાનું સુખ મળ્યું, તરસ લાગી તો પીવામાં સુખ મળ્યું, તડકામાં તપ્યા તો છાયામાં રાહત મેળવી, થાક્યા તો આરામ કરવામાં સુખ જોયું, શરીરમાં ગરબડ થઈ તો ઉપચારમાં આનંદ મેળવ્યો, આમ ભૌતિક-શારીરિક કે માનસિક સુખ-દુ:ખની ઘટમાળ અનાદિ ભવોથી ચાલી આવે છે. આ ભ્રામક સુખની માન્યતાના વિષચક્રમાંથી બહાર નીકળ્યા વિના મોક્ષસુખની ઝાંખી થવી દુર્લભ છે.

શાસ્ત્રકારો આ સંસાર સુખ અને શાશ્વત-આત્મિક સુખનું વર્ણન કરતાં ટૂંકમાં સમજાવે છે કે જે સુખ પહેલા દુ:ખની પીડા ભોગવવી પડે તે સંસારનું સુખ છે, ખરા અર્થમાં સુખાભાસ છે, જે સુખ ભોગવતાં ભોગવતાં થોડીવાર પછી કંટાળો ઉદ્વેગ થાય તે સુખાભાસ છે.

ગમે તેવા સુંદર ગીતો સાંભળો, મિષ્ટાન્ન આરોગો, ઠંડા પીણા પીવો, ચટપટા ફરસાણ ખાઓ, ખૂબ ચાલો કે ખૂબ ઉંઘો કે બેસી રહો – સૂઈ રહી આરામ કરો, ગમે તેવા પોષાકો પહેરો – દાગીના પહેરો, દરેક વસ્તુ એની એ જ રીતે વારંવાર ભોગવતા કંટાળો આવે છે અને ખાસ કરીને આજના નવી નવી ફેશનના જમાનામાં રોજે રોજ પરિવર્તન જોઈએ છે માટે આ બધાનો આનંદ ક્ષણિક છે.

હા, જે સુખ ક્ષણિક છે, નાશવંત છે, આવે ને જાય આવે ને જાય એવા સ્વભાવવાળું છે તે સંસારનું સુખ છે. જે સુખ મેળવવા અન્ય સાધનો – સંયોગોનો આધાર લેવો પડે છે. પરાધિન છે, તે સુખાભાસ છે.

બધી સુખની સામગ્રી હાજર હોય છતાં કર્મના ઉદયથી જે ભોગવી શકાય નહિ તે સુખ સામગ્રી સાચા અર્થમાં સુખ આપી શકે નહિ.

કર્મજન્ય સુખશાંતિ લાંબો સમય ટકી શકે નહિ. અશાતા વેદનીય, અંતરાય કર્મ, મોહનીય કર્મની જાળમાં ફસાયેલા જીવો – સામગ્રી મળવા છતાં દુ:ખી દુ:ખી થાય છે.

હા, જેમાં સુખનો સ્વાદ અલ્પ હોય, અલ્પ કાળ માટે હોય અને લાંબો સમય દુ:ખ, અજંપો, વેદના અને પીડા આગળ પાછળ ભોગવવાની હોય તે સુખાભાસ છે. કવિએ કહ્યું છે: 'છે જીવનની ઘટમાળ એવી, સુખ અલ્પ દુ:ખ બહુ થકી ભરેલી.'

આ વધી વાત જાણવા માણવા – અનુભવવા છતાં મોહઘેલા મિથ્યાજ્ઞાની કે અજ્ઞાની જીવો સંસાર સુખના રસિયા બને અને અદ્ભુત અવર્ણનીય શાશ્વત સુખ તરફથી પીછેહઠ કરી જીવન બરબાદ કરે તો જ્ઞાની ભગવંતો તેઓની દયા ચિંતવવાનું કહે છે.

એ યાદ રહે કે ઝાંઝવાના જળની જેમ સંસારના સુખો કદી તૃપ્તિ આપી શકતા નથી. અને થોડી ક્ષણો માટે જીવ જે આનંદ – રાહત અનુભવે છે તેની પાછળ તેનું અજ્ઞાન અને મોહદશા કારણરૂપ છે. જ્યાં સુધી મોક્ષ મેળવવાની તાલાવેલી ન જાગે, મોક્ષસુખની રૂચિ ન જાગે, સમજણ ન આવે, આકર્ષણ ન થાય ત્યાં સુધી મોક્ષ મેળવવાનો પુરુષાર્થ ક્યાંથી થાય?

મોક્ષની દિશા તરફ ધ્યાન ન હોય, મોક્ષ માર્ગ તરફ ચાર ડગલા આગળ વધવું ન હોય અને એનાથી વિપરિત દિશામાં સંસાર સુખ તરફ આંધળી દોટ કરતો હોય એ જીવ મોક્ષથી હજારો જોજન દૂર છે. પશ્ચિમમાં દોડનારો પૂર્વમાં કેવી રીતે પહોંચી શકે?

મારો મોક્ષ ક્યારે? એનો જવાબ મેળવનારે પહેલાં સંસાર સુખનું અને મોક્ષસુખનું સ્વરૂપ જાણવું પડશે. સંસાર સુખથી પીછેહઠ કરી, ઉદાસીનતા કેળવી, મોક્ષસુખની રૂચિ ઉભી કરવી પડશે. એ મોક્ષલક્ષી જીવનચર્યા તરફ દોટ મૂકવી પડશે.

પહેલી વાત જાત સાથે સ્પષ્ટ કરી લો કે મને ધંધો ગમે છે અને ધર્મ ગમે છે. મને ખાવું, પીવું, ભમવું ગમે છે. અને એ સાથે દાન, પુણ્ય, ધર્મક્રિયા જેવી કે સામાયિક-પ્રતિક્રમણ-પૂજા-દર્શન-જપ-તપ પણ ગમે છે. સંસારના સુખો ગમે છે સાથે સાથે ધર્મની વાતો ગમે છે. આવી મનોદશાવળા માટે મોક્ષ દૂર છે, તેનામાં મોક્ષરૂચિ જન્મી નથી એમ સ્પષ્ટ સમજવું. એવું કદી સાચા દિલથી શકય જ નથી કે મને ધર્મ ગમે છે અને કર્મ પણ ગમે છે.

એક મ્યાનમાં બે તલવાર ન હોય.

ઠંડું હોય ત્યાં ગરમ ન હોય.

અંધારૂં હોય ત્યાં પ્રકાશ ન હોય.

તેમ કર્મને ગમાડનારો સાચા અર્થમાં ધર્મને ગમાડી શકે નહિ.

આ ભવમાં મોક્ષસુખની પ્રાપ્તિ ભલે ન થાય પણ કષાયોની ઉપશાંતિમાં, સંતોષમાં, સદ્ગુણોમાં આજે પણ મોક્ષસુખની ઝાંખી કરી શકાય છે, સ્વાદ અનુભવાય છે તેથી જ્ઞાની ભગવંતો ધર્મની

સ્થાપના – મોક્ષમાર્ગની આરાધના જીવને સાચા સુખી બનાવવા માટે બતાવે છે, દુઃખી કરવા માટે નહિ.

આપણામાં આવી મોક્ષરૂચિ જન્મે એ માટે મોક્ષના સ્વરૂપનો બોધ થવો જોઈએ. તે માટે નીચેની વિચારણા ખૂબ ઉપયોગી નિવડશે.

(૧) મોક્ષમાં દુઃખનું નામોનિશાન નથી. જન્મ - જરા - મરણ - રોગ - શોક - આધિ - વ્યાધિ - ઉપાધિ - વેદના - ભય વગેરે કોઈપણ જાતનું દુઃખ જોવા ન મળે.

(૨) ઇન્દ્રિય - દેહ - મન - સંબંધથી ભૌતિક સુખની ખણજ ઉત્પન્ન થતી નથી કારણ કે તેનો સદંતર અભાવ હોય છે તો પછી ખણજ ખણવાનો આનંદ - સુખાભાસ - પૌદ્‌ગલિક સુખ મેળવવાની ઝંખના - ઇચ્છા રહેતી જ નથી. દુઃખના પ્રતિકાર રૂપ પૌદ્‌ગલિક સુખની જરૂર જ રહેતી નથી - લાલસા જ નથી.

(૩) હવે જો સંસારમાં સુખનો આભાસ એ આત્માનું સાચું સુખ નથી તો મોક્ષમાં આત્મસુખનો ભંડાર ભરેલો છે; કારણકે આત્માના અસલ ગુણોના ભોગવટામાં સાચા - શાશ્વત સુખનો અનુભવ રહેલો છે. આત્મા ઉપર લાગેલા આઠેય કર્મના દોષોનો જ્યાં સર્વથા નાશ છે ત્યાં આત્મામાં તેનાથી આઠેય ગુણોનો ઉદય થાય છે જેના અનુભવમાં - અનુભૂતિમાં આત્મા સદાય સાચા સુખનો આસ્વાદ માણે છે જે ચિરંજીવ છે.

બીજી રીતે સમજીએ તો આપણો અનુભવ છે કે સદ્‌ગુણો– આત્માના ગુણોમાં આપણને જે સુખ–શાંતિ–ચેન–રાહત–નિશ્ચિંતતા મળે છે તે દુર્ગુણો કે દોષોમાં જોવા નથી મળતા. જેમ કોઈની ઈર્ષા કરવાથી મનમાં અજંપો, ટેન્શન, સંતાપ થાય જ્યારે કોઈ સાથે મૈત્રી કરવાથી પ્રેમભાવ રાખવાથી દિલને આનંદ થાય. આ જ વાત જો લોભની જગ્યાએ સંતોષ રાખીએ, ક્રોધની જગ્યાએ ક્ષમાભાવ– સહનશીલતા રાખીએ તો આત્મગુણ જાળવી રાખવાથી આપણને આનંદ, હાશ અનુભવાય છે.

આ જ વાતને વિસ્તૃત રીતે વિચારતાં આત્મગુણના પૂર્ણ દર્શન પામેલા સિધ્ધના જીવોને મોક્ષનો કેવો અદ્‌ભુત આનંદ સદાકાળ રહેતો હશે તેની કલ્પના થઈ શકે એમ છે.

શાસ્ત્રકારો સિધ્ધના જે અનંત ગુણો કહે છે તે બધાનો સમાવેશ આત્માના, આઠ કર્મોના ક્ષયથી ઉત્પન્ન થયેલા નીચેના આઠ ગુણોમાં થયેલો છે.

[૧] અનંત જ્ઞાન શક્તિ [૨] અનંત દાન શક્તિ
[૩] અનંત દર્શન શક્તિ [૪] અનંત લાભ શક્તિ
[૫] અનંત ચારિત્ર શક્તિ [૬] અનંત ભોગ ઉપભોગ શક્તિ
[૭] અનંત વિવેક શક્તિ [૮] અને આ બધા માટે અનંત વીર્ય શક્તિ

આ તમામ આત્માના ગુણો છે જે કર્મોના વાદળો સંપૂર્ણપણે હઠી જવાથી પ્રગટ થાય છે. આ તમામ ગુણોની તાકાત કાલ્પનિક નથી, વિવેકી માણસને આગળ સમજાવ્યા પ્રમાણે આત્મગુણોના આનંદની ઝાંખી આજે પણ થઈ શકે છે. આ બધી ચર્ચા ઉપરથી એક વાત સિધ્ધ થાય છે કે ભૌતિક ભોગો ભોગવવામાં જેને આનંદ આવતો હોય અને આત્મિક ભોગોનો આનંદ જ્યાં સુધી નથી અનુભવ્યો ત્યાં સુધી જ તેને આત્મસુખની ઇચ્છા થતી નથી. એકવાર વિવેક બુદ્ધિથી મોક્ષસુખની ખાત્રી અહીં બેઠા બેઠા થઈ જાય તો જીવ કલ્યાણના માર્ગે સડસડાટ આગળ વધતો જાય.

ભૌતિક સુખના આનંદને માણવાનો જે પ્રોસેસ છે તે તર્કબુદ્ધિથી સમજીએ તો માલુમ પડશે કે દુઃખ ઊભું કરીને પછી પ્રતિકારાત્મક ઉપાયો દ્વારા દુઃખ નિવારણરૂપે સુખનો અનુભવ થાય છે. સુખની તલપ, સુખની તૃષ્ણા, ભોગવતી વખતની વેદના, ભોગવતાં ક્ષતિ દેખાય તો બળાપો, વિકારતા, અતૃપ્તિની આગ અને દુઃખમિશ્રિત સુખ ખરેખર સાચું સુખ નથી એનું ભાન થયા વિના રહે નહિ.

ટૂંકમાં પુદ્‌ગલના ભોગમાં એકાંતે દુઃખ છે જ્યારે આત્મસુખના ભોગમાં એકાંતે સુખ છે એવી તર્કબુદ્ધિ સમજી શકાય એમ છે.

સમક્તિ એટલે બીજું કાંઈ નહિ પણ સંસારસુખની રૂચિમાંથી મોક્ષસુખની રૂચિનો પલટો. નીચેની ત્રણ માન્યતાઓથી સંસારસુખની આપણી ભ્રમણાઓ બદલવાની છે.

(૧) પુદ્‌ગલમાં સુખ નથી – સુખની અનુભૂતિ છે.
(૨) પુદ્‌ગલમાં દુનિયા પારકી છે – સ્વની દુનિયા નથી.
(૩) પર પરિણિતિમાં પરસુખમાં રમવું એ આત્માનો સ્વભાવ નથી.

એકવાર માન્યતામાં તો ફેરફાર આવવો જોઈએ ભલે આચરણમાં ન આવે.

આવી દૃઢ માન્યતાવાળા જીવે સંયમમાં, તપ-જપમાં, વ્રત-નિયમમાં, જ્ઞાનયોગ-ભક્તિયોગમાં, દેશવિરતિમાં, સર્વવિરતિમાં વધારે ને વધારે સુખ દેખાય, આકર્ષણ થાય પણ – સંસારના સંપત્તિવાનના ઉંચામાં ઉંચા સુખનું તો આકર્ષણ થાય નહિ.

આપણી વાત ચાલે છે કે ખાવા–પીવાના, હરવા–ફરવાના, જોવા– સાંભળવાના, પાંચેય ઈન્દ્રિયોના વિષયોની મોજમઝા માણવામાં સંસારસુખની ક્ષણભંગુરતા કેવી રીતે નજર સમક્ષ રાખી, લાલસાઓ મોળી પાડવી, ભોગ-વિલાસનું જોર નબળું પાડવું.

સૌથી સરળ અને ઉત્તમ ઉપાય એ છે કે જે કાંઈ જાણ્યું–અનુભવ્યું– આનંદ કર્યો તે પછી કદાપિ યાદ ન કરો. તમારી મજાનું બીજાને સવિસ્તર વર્ણન કરવાનું બંધ કરો. મજા માણતા માણતા સાવ કૂદી કૂદીને ઉછળવાની જરૂર નથી.

લગ્નના સમારંભમાં ગયા, તમારો ઠાઠ લોકોએ વખાણ્યો.

ઉત્તમ ભોજન સમારંભની મઝા માણી.

હસી-ખુશીની વાતોથી આનંદ માણ્યો.

મનોરંજનની આઈટમો જોઈ.

આ બધું ત્રણ-ચાર કલાકમાં માણી લીધું–ભોગવી લીધું. હવે આનંદ માણતાં માણતાં ઉશ્કેરાઈ જવાની કે નાચી ઉઠવાની જરૂર

નથી. સ્વાભાવિક પણે અંદરથી આનંદની લાગણી અનુભવી લીધી, બહાર વ્યક્ત કરવાની જરૂર નથી. ત્યાંથી વિદાય થયા પછી સાવ ભૂલી જાઓ. કોઈને લખવાની સંભળાવવાની જરૂર નથી. **ભોગવટાની અનુમોદનાને લીધે કુસંસ્કારોની જડ આત્મામાં ખૂબ ઊંડી જાય છે જેને લીધે આજે સાચું સમજવા છતાં મન સ્વીકારવા તૈયાર નથી માટે કુસંસ્કારોને દઢ કરતાં અટકાવો.** આ ભવ પૂરતું આટલું કામ થઈ જાય તો પણ ઘણું છે. ભવાંતરમાં જરૂર સદ્‌બુદ્ધિ જાગશે.

મોક્ષ સ્વરૂપની આગળ બતાવ્યા પ્રમાણે રોજરોજ આત્માએ વિચારણા કરી કરીને સંસારસુખની લાલસા મોળી પાડવી પડશે અને તેમ કરવામાં અનંતગુણી કર્મની નિર્જરા થાય છે આવી વિચારણા પુણ્યાનુબંધી પુણ્ય બંધાવે છે.

મોક્ષસુખનો અનુભવ તો મોક્ષે ગયા પછી થાય પણ મોક્ષસુખનું દર્શન આજે પણ વિવેકી – સમક્તિ આત્માને થઈ શકે છે.

યાદ રહે કે મોક્ષમાં પહોંચેલા સિદ્ધ ભગવંતોએ–
મેળવવા લાયક બધું મેળવ્યું છે – છોડવા લાયક બધું છોડ્યું છે.
માણવા લાયક બધું માણી રહ્યા છે – કરવા લાયક બધુ કરી રહ્યા છે.

મનમાં આવી અનુભૂતિ થાય તો સિદ્ધપદનું આકર્ષણ ઉભું થાય.

અનાદિ જીવોએ ગ્રંથિ બાંધી છે કે સંસારના સુખો વગર ભોગવ્યે આનંદ ક્યાંથી આપે? ભૌતિક સાધનો વિના સુખ ક્યાંથી? આવી ગ્રંથિઓના કારણે જ સુખનાં લાલચુ બનેલાં છે અને આ ભ્રમણા તૂટે ત્યારે જ આવ્યાબાધ સુખને પ્રાપ્ત કરવાની રૂચિ થાય.

સમજી રાખો કે મોક્ષના દ્વાર ખોલવાની ચાવી મોક્ષની તાત્ત્વિક ઇચ્છા છે. તે વિના સંસાર પરિભ્રમણ કોઈ કાળે અટકવાનું નથી.

પ્રભુ સર્વને આવી તાત્ત્વિક મોક્ષરૂચિ જન્માવે એ જ અભ્યર્થના.

✱✱✱

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

# મને કેમ વિસરે રે

❑ ડૉ. રણજિત પટેલ 'અનામી'

'ભાવનામૂર્તિ' નામે સ્વામી આનંદનો લેખ વાંચતો હતો. એમાં ભાવનામૂર્તિનું આ શબ્દચિત્ર વાંચવા મળ્યું. '૩૦-૩૨ વરસની ઉમ્મર, ઠીંગણો મરેઠી બાંધો ને રોતલ દયામણા ચહેરા પર વૈષ્ણવ બૈરાંઓની વેવલી ઘેલછા. પણ આંખો તેજ તેજના અંબાર, વેધક બુદ્ધિમત્તા જાણે ડોળામાં સમાય નહિ. હું અવાક્ બની ગયો. આંખ–ચહેરા વચ્ચે આવડો ફેર! મનમાં થયું આ કઈ કોટિનું પ્રાણી હશે? પ્રાણીનું નામ હતું સાને ગુરુજી!' પ્રથમ વાર સાને ગુરુજીને સ્વામી આનંદે જેલમાં જોયા. જેલમાં અઠવાડિક ઈન્સ્પેક્શન વેળાએ રુમાલ કમ્મરે વીંટીને ઉભા રહેવાનું કોઈએ સૂચવેલું. તે મુજબ ઉભા રહેલા. જેલરે ધમકાવ્યા. જવાબમાં એમ કહવાની એમણે 'ધૃષ્ટતા' કરેલી કે 'નવો આવ્યો છું. અહીંના નિયમની ખબર નથી. એકવાર સમજાવશો પછી તે મુજબ વરતીશ. એમાં ફેર નહિ પડે.'

જેલર કહે, 'મુજોરી કરે છે. ઈસકો ખટલે પર લાઓ.' દરવાજે લઈ ગયા. સુપ્રિન્ટેન્ડન્ટે–

નિયાવ ન કીન્હ કિહિન ઠકુરાઈ,
બિન બૂઝે લિખ દીન્હ બુરાઈ.

અને અક્ષર બોલ્યા વગર સજા લખી દીધી. ડંડા બેડી ઠોકાઈ. સાને ગુરુજી, કોરી બેડીઓ હેઠળ છોલાતી પગની ઘૂંટીઓથી ડંડા બેડીને ઊંચી રાખવા બંને હાથે મથતા હતા. હળવે ડગલે મુશ્કેલીથી ચાલતા હતા. સ્વામી પાસે આવીને ગુરુજી પૂછે છે, 'એને કહ્યું એમાં કશો અવિનય, કશું ગેરશિસ્ત આચરણ કર્યું ગણાય?' બેડી ઘસાય નહીં એટલે ચીંથરાની માગણી કરી. ન મળ્યાં. જેલર કહે, 'ઝાડનું પાતરું બાંધો.' જેલર જાણતો હતો કે જે વોર્ડમાં સ્વામી આનંદ અને સાને ગુરુજીને રાખવામાં આવ્યા હતા ત્યાં એકેય ઝાડ નહોતું. ક્રૂરતા, નિર્દયતાની વાત આટલેથી જ અટકી નહીં. વળતે દિવસે બપોરે જેલર રોશે એમને દરવાજે બોલાવ્યા ને સાને ગુરુજી પાસે લખાવી લીધું, 'હું આદર્શ સત્યાગ્રહી કેદી નથી.' અને પછી એમને લઈ જેલર બરાકે બરાકે ફર્યા ને જાહેર કર્યું કે સાનેએ માફી માગી છે. આ કરુણ ઘટના નાશિક જેલમાં ઘટી. આ ઘટના પછી તો એ જેલર રોશે બારડોલીના એક જુવાન સત્યાગ્રહીને મરણતોલ ઢોરમાર માર્યો. કેસ ચાલ્યો ને જેલર જેલ ભેગો થઈ ગયો.

સાને ગુરુજીવાળી ઘટના સને ૧૯૩૨માં ઘટી, ત્યાં સુધી એમનું કોઈપણ પ્રકાશન થયું નહોતું. પણ એમનું પ્રથમ પુસ્તક 'શ્યામચી આઈ' પ્રગટ થયું એથી તેઓ સાહિત્યકાર તરીકે ખૂબ ખૂબ પ્રતિષ્ઠા પામ્યા. લેખક ઉપરાંત તેઓ કવિ, સંત ને સમાજસેવક પણ હતા. 'આંતરભારતી'ના તેઓ પ્રણેતા હતા. ગુરુજી માટે સ્વામી આનંદ લખે છે, 'સાને ગુરુજી એ જ સંતમાળાના મણિ હતા!'

જેલમાં અઠવાડિક ઈન્સ્પેક્શન વખતે કમ્મરે રુમાલ વીંટીને ઊભા રહેવાની સૂચના કોણે આપી હશે? શા આશયથી આપી હશે? ન–જાને...હું માનું છું કે કોઈએ ટીખળ કરવા આ કર્યું હશે! કેમ જે તે વખતે બીજા કેદીઓએ કમ્મરે રુમાલ વીંટાળ્યો નહીં હોય.

સાને ગુરુજીની જેમ હું પણ ૧૯૩૨ ફેબ્રુઆરીએ વિરમગામથી સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફાર ખાન નિમિત્તે ઉજવાયેલા 'રેડ–શર્ટ–ડે'ના કાર્યક્રમ નિમિત્તે પકડાયેલો. ૧૯ દિવસ વિરમગામની કાચી જેલમાં રહેલો. કેસ ચાલ્યા બાદ સાબરમતી સેન્ટ્રલ જેલમાં ગયેલો ને મારી બાબતમાં પણ ગુરુજી જેવી જ ઘટના ઘટેલી પણ એમાં તો મારોજ દોષ હતો.

થયું એવું કે અઠવાડિક ઈન્સ્પેક્શનમાં જ્યારે જેલર સાથે ડૉક્ટર

પણ આવે ત્યારે, ડાબે હાથે નીચલો હોઠ પકડી રાખવાનો ને જમણે હાથે 'સેલ્યૂટ' મારવાની! 'સેલ્યૂટ મારવાનો વિધિ' મને સ્વમાનભંગ જેવો લાગ્યો એટલે ડાબે હાથે નીચલો હોઠ જ પકડી રાખ્યો...સલામ ન કરી. જેલના કાયદા પ્રમાણે આ મોટો ગુનો ગણાય એટલે મને જેલના સુપ્રિન્ટેન્ડન્ટ અડવાણીની સમક્ષ ઉભો કર્યો. ને ત્રણ માસ સુધી જેલના છોટા સર્કલમાં આવેલી ફાંસીની ખોલીમાં 'Solitary Confinement'ની સજા કરી જ્યાં ડાકાયતી અને ખૂનના ક્રીમીનલ કેદીઓ હતા. વધારામાં કંતાનનાં કપડાં પહેરાવ્યાં ને દિવસમાં અમુકવાર પાટી વણાવી કે સૂતર ઠરડવાની શિક્ષા કરી. મારા અપરાધની શિક્ષા તો મેં સ્વીકારી પણ એ ફાંસી ખોલી ખૂબ ઊંચી, ખૂબ સાંકડી અને મચ્છર માંકડવાળી. રાત્રે સૂવા જતાં હું કંતાનનો અર્ધી બાંયનો ઝબ્બો ઉતારી દેતો. રાત્રે રોનમાં પોલીસ આવે એટલે લાઠીનો ગોદો મારીને ઉઠાડે ને ઝબ્બો ફરજિયાતપણે પહેરાવે. ચામડી આળી ને લાલચોળ બની જાય. પણ સ્વમાનની રક્ષા અર્થે સ્વેચ્છાપૂર્વક સ્વીકારેલી આ સજા હતી, એટલે સહ્યા વિના છૂટકો નહોતો. સજા ઉપરાંત દંડ ન ભરું તો એક માસ જેલ નિવાસ વધારાનો. દંડ ન ભર્યો. એક માસ જેલમાં વધુ રહ્યો. પૂ. બાપુની વિદ્યાપીઠના સ્નાતક ને મારા અધ્યાપક પણ મારી સાથે જેલમાં હતા. ત્રણ-ચાર માસમાં એમનું શરીર કંતાઈ ગયું ને દંડભરીને વહેલી જેલમુક્તિ મેળવી! હું તો જેલમાંથી છૂટ્યો ત્યારે મારું નવ શેર વજન વધેલું. શરૂમાં કામ કરવામાં દેહ તણાખા નાખે પણ પછી ટેવાઈ ગયા.

હમણાં પૂ. રવિશંકર મહારાજનો એક નાનકડો લેખ વાંચ્યો. 'અડધી સદીની વાચનયાત્રા'–ભાગ-૧, પૃષ્ઠ ૩૩૮ ઉપર લેખનું શીર્ષક છે : 'રાક્ષસની ચોટલી.' લખે છે : 'જેલમાં એકવાર મને દળવાનું કામ સોંપેલું. પહેલે દિવસે પચ્ચીશ શેર અનાજ આપ્યું. મારાથી પૂરું ન થઈ શક્યું તેથી હું શરમાયો. બીજે દિવસે ઘંટીનો ખીલડો પકડી પ્રભુને પ્રાર્થના કરી અને મનોમન સંકલ્પ કર્યો. ત્રણ કલાકમાં પચ્ચીશ શેર અનાજ દળી કાઢ્યું.' પછી આ ઘટના પર વિચાર કરતાં લખે છે : 'આજે હવે હું પોતે વિચાર કરું છું, તો મનેય આ બધું માન્યામાં નથી આવતું. પણ એ હકીકત છે. શરીર તો રાક્ષસ છે, રાક્ષસ. કહો તે કામ કરી આપે. પણ એની ચોટલી તમારા હાથમાં હોવી જોઈએ.'

માણસ મૂળે 'સામાજિક પ્રાણી છે' (સોશિયલ એનીમલ) એટલે ઈન્ડિયન પીનલ કોડમાં 'સોલિટરી કન્ફાઈનમેન્ટ' ભારે સજા ગણાય છે. એકાતવાસમાં મને જ્યાં રાખ્યો હતો ત્યાં બીજા ત્રણ કેદીઓ હતા–ક્રીમીનલ કેદીઓ. એક બંગાળી, બીજા શિખ અને ત્રીજા મુસલમાન. ખૂન, ધાડ ને એવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા. ત્રણેક માસ દરમિયાન હું વધુ સંસર્ગમાં તો આવ્યો બંગાળી કેદી મનનોહન ગુપ્તા સાથે. 'કાકોરી કેસ'માં સાત સાલની સજા થયેલી. એમના વડીલ બંધુ મન્મથનાથ ગુપ્તાને અગિયાર સાલની સજા થયેલી. બંને ભાઈઓ લેખકો હતા. મનનોહન ગુપ્તાને હું સંસ્કૃત શિખવતો. એ મને બંગાળી શિખવતા. 'ટ્વેન્ટીયેથ સેન્ચુરી' ગ્રંથ મેં તેમની પાસે જોયેલો. જેલમાંથી છૂટ્યા બાદ એમણે 'એક ક્રાન્તિકારી કી કહાની' નામે પુસ્તક પ્રગટ કરેલું. અલ્હાબાદની કોઈ પ્રકાશન સંસ્થાએ પ્રગટ કરેલું. સને ૧૯૬૦માં તેઓ મને મળવા વડોદરે આવેલા. એમના એ પુસ્તકમાં અમારા બંનેના જેલનિવાસનો ને સંબંધનો ઉલ્લેખ છે.

મને જેલમાં જે સજા થઈ તે પહેલાં હું 'બડા સર્કલ'ના એક વોર્ડમાં હતો જ્યાં ત્રણેક લેખકોના પરિચયમાં આવેલો હતા. એક હતા સુરત બાજુના પ્રિયવદન બક્ષી, બીજા હતા અંધકવિ હંસરાજ જેમનું 'ટોપીવાળાનાં ટોળાં ઊતર્યાં' કાવ્ય તે કાળે ગુજરાતખ્યાત હતું અને ત્રીજા હતા, વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડના ચીફ મેડીકલ ઑફિસર ડૉ. સુમન્ત મહેતા. ડૉ. મહેતા સાહેબ તો વોર્ડના બધા કેદીને આહાર અને આરોગ્ય વિષે વ્યાખ્યાનો આપતા હતા. જેલની ભાજીમાં ઝેરી જંતુ આવતાં એક પારસી યુવકનું અવસાન થયેલું ત્યારે મહેતા સાહેબે જેલર, સુપ્રિન્ટેન્ડન્ટ અને જેલ ડૉક્ટરને ઠીક ઠીક ઉધડા લીધેલા.

સને ૧૯૬૫ના ફેબ્રુઆરીના 'સ્વાધ્યાય'ના પુસ્તક ૨, અંક ૨ માં મેં ડૉ. સુમન્ત મહેતાના 'સમાજદર્પણ' નામના ગ્રંથનું 'અવલોકન' કરેલું. ડૉ. સુમન્ત મહેતાનાં શ્રીમતીનું નામ શારદાબહેન. શ્રી રમણભાઈ નીલકંઠનાં શ્રીમતીનું નામ વિદ્યાગૌરીબહેન. વિદ્યાબહેન અને શારદાબહેન બંનેય બહેનો...ગુજરાતની પ્રથમ ગ્રેજ્યુએટ બહેનો. આ બંનેય દંપતીયુગલો ગુજરાતના પ્રજાજીવનમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે–એમની સમાજ, સાહિત્ય ને સંસ્કાર સેવાને કારણે. પૂ. બાપુએ શ્રી રમણભાઈ નીલકંઠને ગુજરાતના 'સકલપુરુષ' કહેલા ને શારદાબહેન માટે શબ્દો ઉચ્ચારેલા કે 'શારદાબહેન તો પેટે જનમ લેવા જેવાં છે.'

સને ૧૯૩૨માં જ્યારે હું જેલમાં ગયો ત્યારે 'ભાવનામૂર્તિ' સાને ગુરુજી કરતાં મારી અરધી ઉંમર. પરંતુ સમગ્ર દેશમાં પૂજ્ય બાપુનો પ્રભાવ જ એવો કે કોઈ શાંત બેસી જ ન શકે. સાત્ત્વિક શક્તિનું એ 'પાવરહાઉસ' હતા. એમનું ગુરુત્વાકર્ષણ અજબગજબનું હતું. વળી મેં તો, કડી સર્વ વિદ્યાલયમાં ભણતો હતો ત્યારે ૨૭ જુલાઈ, ૧૯૨૯નાં દિને રાષ્ટ્રપિતાનાં દર્શન કરેલાં ને એમનાં ત્રણમાંથી બે વ્યાખ્યાનો પણ સાંભળેલાં. કોઈ પણ સંત કે લોકનેતાનાં ભાષણો કરતાં એમનું શુદ્ધ આચરણ વ્યષ્ટિ–સમષ્ટિના જીવનમાં કેવી ઉથલપાથલ મચાવે છે ને સમૂળી ક્રાન્તિ સર્જે છે તેનું જીવન્ત દૃષ્ટાંત પૂ. બાપુ છે. એ દિવસો યાદ કરતાં કવિ વર્ડ્ઝવર્થની પંક્તિઓ યાદ આવે છે :

'Bliss was it in that dawn to be alive  
But to be young was very heaven.'  
તે પરોઢે જીવતા હોવું, પરમ આનંદ એ;  
હોવું પરન્તુ જુવાન, તે તો સ્વર્ગસમ.

* * *

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭.

# જીવનના સાધનો મેળવવા જતાં માનવી જીવવાનું ભૂલી જાય છે

❑ મલૂકચંદ ર. શાહ

ઉપરના વિધાન સાથે આપણને ખૂબ નિસ્બત છે, કેમકે આપણે સહુ જીવન નિભાવવા, જીવનના સાધનો એટલે કે 'ધન' પ્રાપ્તિ માટે નિરંતર પ્રવૃત્તિરત રહીએ છીએ. ધનથી જીવનની આવશ્યક સુવિધાઓ મેળવી શકાય છે; તેથી સૌ અર્થોપાર્જન પ્રવૃત્તિમાં રત જોવા મળે છે.

અર્થોપાર્જન પ્રવૃત્તિમાં જીવન જીવવાનું ભૂલી જવાય છે એવા પ્રસંગો નોંધીએ તો...

લગ્ન કરીને યુવાન થોડો સમય લગ્નજીવનનાં સુખો માણે છે, તેના સુફળ રૂપે ત્રણેક વર્ષનું ઘરમાં કિલ્લોલ કરે છે. પરંતુ લગ્નના પાંચ જ વર્ષમાં આ ગૃહસ્થ આર્થિક વ્યવસાયમાં વધુ ને વધુ ધન કમાવા એટલો તો ઓતપ્રોત બની જાય છે કે તેનાથી કુટુંબજીવન જીવવાનું ભૂલાઈ જાય છે! પતિના પૂરતા સાંનિધ્ય વગર પત્ની લગ્ન કે કુટુંબજીવનમાં અસંતોષનું દુ:ખ અનુભવે છે; તો બાળકને પિતૃપ્રેમની અછત નડવાની સાથે તેના સુસંસ્કૃત વિકાસમાં ખામી રહી જાય છે. આ રીતે ગૃહસ્થ યુવાન વધુ ને વધુ ધન કમાઈ લેવાની ધૂનમાં, ચાલુ કુટુંબજીવનના સુખને ગુમાવે છે અને પરિણામે ભાવિમાં ઢળતી વયે પણ, આ કારણે પત્ની અને પુત્ર તરફના સુખમાં ખામી કે પ્રશ્ન રહે છે.

–તો વળી કેટલાક વધુ ધન કમાઈ લેવાની દોડમાં, પોતાના શરીરારોગ્યનો નોતરીને ડાયબિટીસ જેવા જાતજાતના રોગ લાગુ પડે તેવું ખૂબ અનિયમિત અને કાળજી વિનાનું જીવન જીવે છે. તેને પરિણામે ધન તો મળ્યું હોય પરંતુ મધ્યમવયમાં જ રોગી બનેલા એવા તે ગૃહસ્થ માટે, નિરોગી શરીરના યથેચ્છ ભોજનના કે ઈન્દ્રિય સુખોવાળું જીવન જીવવાનું તેના નસીબમાં જ નથી રહેતું.

–તો કેટલાક ગૃહસ્થોને સુખસગવડના સાધનો મેળવવાની મહેચ્છા ઘણી મોટી હોઈ; ઘણાં વર્ષો સુધીની અર્થસાધનાને પરિણામે તેઓ પોતાનાં જૂનાં ફ્રીજ, ટીવી, ભાડૂતી મકાન વિગેરેને સ્થાને નવો બંગલો, નવી ગાડી, નવું ફ્રીજ, નવું એલસીડી ટીવી વિગેરે બધું સુપર ક્વોલિટીનું મેળવી શક્યા હોય છે અને 'વાસ્તુ' જેવા પ્રસંગનું આયોજન કરી, મિત્રો-સંબંધીઓને નિમંત્રી આ બધું નવું મેળવ્યું તેનો આનંદ અને ગર્વ તેઓ વ્યક્ત કરતા હોય છે. પરંતુ એ પ્રસંગે કોઈ ગૃહસ્થનો અંતરાત્મા જાગૃત થઈ જાય તો ખ્યાલમાં આવે કે અતિરેકભર્યો શ્રમ અને ખોટી કરકસર કરીને, શાંત, સંતોષી જીવન જીવવાનું ભૂલીને, આ સુપર ક્વોલિટીનો વૈભવ–જીવવાના ઉત્તમ સાધનો મેળવવામાં જીવનનાં વર્ષો વેડફી નાખ્યા અને આજે એ બધું જે મેળવ્યું છે, એ બધું નવું બેસ્ટ ક્વોલિટીનું પ્રાપ્ત કર્યું છે ત્યારે મારું આ શરીર જ સેકન્ડ હેન્ડ–જૂનું ૫૦ની ઉપરનું અને વળી અનેક રોગવાળું બની ગયું છે; એ શરીર હવે જો સુપર ક્વોલિટીનું અને નિરોગી ન બની શકવાનું હોય તો હમણાં મળેલાં આ સુખનાં ઉત્તમ સાધનો મારા માટે વિશેષ અર્થ પણ શો?–આમ જીવવાનાં સાધનોની વધુ પડતી પળોજણમાં કે પ્રાપ્તિના અંધ અવિચારી પુરુષાર્થમાં, જીવન જીવવાનું જ ભૂલાઈ ગયું તેનો નિર્વેદ કે પસ્તાવો થાય છે.

–તો કેટલાક એવા કંજુસ કે લોભી હોય છે કે જીવવા માટે વિપુલ સાધન કે ધનસંપત્તિ મળેલ હોય છે પરંતુ તેમની કંજુસાઈ, તેમને કાંઈ પણ ખર્ચ કરી જીવન જીવવા–ભોગવવા દેતી નથી. આવા કંજુસનું કટાક્ષમાં વર્ણન કરતાં કવિ કહે છે–

कृपण समो दाता न भूतो न भविष्यति।
अस्पृशन्ते वित्तानि परेभ्य: प्रयच्छति।।

એટલે કે કંજુસ જેવો કોઈ (દાતા) થયો નથી; કારણ કે તે બધું ધન તેને હાથે પણ અડ્યા વિના મરણ પછી બીજાને આપી દે છે!

આવા કંજુસ ધનિકો લક્ષ્મીના માત્ર દાસ હોય છે; લક્ષ્મીના પતિ કે સ્વામી નહિ. તેઓ નથી તો જીવનના સાધનરૂપ લક્ષ્મીનો ઉપયોગ કરીને જીવનને માણી શકતા કે નથી તેનો દાનાદિમાં સદ્‌વ્યય કરી શકતા. જીવનના સાધન–ધન–ને સાચવવાની પળોજણમાં જ તેમની જિંદગી ખતમ થઈ જાય છે; સાચું સંતોષી જીવન જીવવાનું ભૂલી જવાય છે.

બાદશાહ સિકંદર અવિરત શ્રમ કરીને એક પછી એક દેશ જીતી રહ્યો હોય છે; ત્યારે સંત તેને પૂછે છે કે હવે તું શું કરીશ?

ત્યારે જવાબમાં તે જીતવાના બાકી એક દેશ अ ને જીતવાની વાત કરે છે. સંત કહે છે કે अ ને જીતી લીધા પછી તારો કાર્યક્રમ શું?

પછી ब દેશને જીતી લઈશ.

પછી સંતના પ્રશ્નની પરંપરામાં બાકીના બધા દેશના નામ ખૂટી પડતાં છેલ્લે સિકંદર કહે છે કે એ જીતનું કામ પૂરું થયા **પછી હું શાંતિથી જીવીશ!**

ત્યારે સંત કહે છે કે, ભલા માણસ, તો હમણાં જ શાંતિથી જીવવાનું શરૂ કરવામાં તને વાંધો શું છે? હમણાં જ શાંત, સંતોષી જીવન જીવવાનું કેમ ભૂલી જવાય છે?'

આપણે એ ન ભૂલીએ કે દરેક માનવીના હૃદયમાં એક સિકંદર રહ્યો છે; જે નિરર્થક ઉધામાવાળી જિંદગીમાં માનવને જોતરીને તેમાં જ રમમાણ રાખે છે. જીવવાના સાધનો મેળવવાની પળોજણમાંજ રોકી રાખે છે અને સુસંવાદીતાભરી સરળ, શાંત, સંતોષી જિંદગી જીવવાની વાતને આગળ પર ધકેલે છે. આમ જીવવા યોગ્ય જીવવાનું ભૂલાઈ જતું હોય છે–માટે સાવધાન! ✱✱✱

'નિર્વિચાર', B/૮, વર્ધમાનકૃપા સોસાયટી,
સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧.

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **પગમેં ભમરી**
લેખક : **લીલાધર માણેક ગડા**
પ્રકાશક : શ્રી. ક. વી. ઓ. સેવા સમાજ, નવી મહાજનવાડી, કેશવજી નાઇક રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૯. **મૂલ્ય** : રૂા. ૧૭૫/-, પાનાં : ૨૮૮, આવૃત્તિ : દ્વિતીય.

સત્તાવીસ વર્ષથી લેખક શ્રી લીલાધર ગડાએ 'પગદંડી' માસિકની કોલમ '**પગમેં ભમરી**' હેઠળ પ્રગટ કરેલા લેખોમાંથી ૬૧ લેખોનો સમાવેશ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, વ્યવસ્થાતંત્ર, ફિલસૂફી, કચ્છની ધરતી, કચ્છના માનવીઓને સાંકળી લેતો આ ગ્રંથ ગુજરાતી સાહિત્યનો નોંધપાત્ર ગ્રંથ છે.

લેખક પોતે 'મારી કલમ મારી સાહેદ'માં લખેલ 'હું લેખક નથી' એ વાક્યમાં એમની નિખાલસતા પ્રગટ થાય છે તે છતાં તેઓ સાચા અર્થમાં લેખક છે એની પ્રતીતિ આ પુસ્તકના વાંચન દરમ્યાન સતત થતી રહે છે.

લેખકનો આત્મા વાર્તાકાર અને કવિનો છે તેથી તેમના લેખોમાં રસવાહિતા અને સંવેદનશીલતાનો પરિચય થાય છે.

સાત વિભાગમાં લખાયેલ (સંપાદિત થયેલ) ૬૧ લેખોમાં ભાષાનું લાઘવ અને ગરિમા પ્રગટ થયા છે. પ્રથમ ખંડમાં કુદરતે વેરેલ વિનાશના ચિત્રો વાચકની આંખોને આંસુથી છલકાવી દે છે તેવા લેખકે આલેખ્યા છે. તેમાં માનવતાની મહેક પમરે છે. ખતાબાઈ, ડોસા મોતિયા, આઝમ, રમણીક દોશીકાકા, રાજશ્રી વગેરે લેખકની કલમે અમરત્વને પામ્યા છે.

સાહિત્ય સંસ્કૃતિ વિભાગમાં કવિ ઓસમાન, પ્રવાસી પ્રીતિ સેનગુપ્તા, સારસ્વત પુ. લ. દેશપાંડે વગેરેનાં વ્યક્તિ-ચિત્રોને ઉત્તમ રીતે તાદશ્ય કર્યાં છે ગુલાબ દેઢિયાના નિબંધોનો આસ્વાદ પણ સ-રસ રીતે કરાવ્યો છે.

કચ્છની ધરતીના અન્ય કેટલાંય પાત્રોમાં લેખકે માણસાઈની અમીરાત નિહાળી અને તેને ભાવપૂર્વક અહીં આલેખી છે. પ્રકીર્ણ લેખોમાં પોતાને થયેલ અન્ય અનુભવોને વિવિધ રંગે રંગ્યા છે.

'પગમેં ભમરી' પુસ્તકમાં લીલાધર-ભાઈની સામાજિક પ્રવૃત્તિઓનું આલેખન છે અને તેમની આ લીલા માણવા જેવી છે. કચ્છના ગ્રામ્ય જીવનનું વાસ્તવિક ચિત્ર આ પુસ્તકમાં જોવા મળે છે.

XXX

ગ્રંથનું નામ :
**સ્મૃતિયોં કે વાતાયન સે : ડૉ. શેખરચંદ્ર જૈન અભિનંદન ગ્રંથ (હિન્દી ભાષામાં)**
પ્રકાશક : ડૉ. શેખરચંદ્ર જૈન અભિનંદન સમિતિ, અમદાવાદ. **મૂલ્ય** : મનન ચિંતન. પાનાં : ૫૩૪.

ડૉ. શેખરચંદ્ર જૈન બહુમુખી પ્રતિભા ધરાવતા આંતરરાષ્ટ્રીય કક્ષાના વિદ્વાન છે. તેઓ એક પ્રભાવશાળી પ્રવચનકાર છે. જૈન અને જૈનેતર સમાજમાં તેઓશ્રીએ પોતાની આગવી પ્રતિભા દ્વારા વિશિષ્ઠ પ્રતિભા સ્થાપિત કરી છે.

'સ્મૃતિયોં કે વાતાયન સે' ગ્રંથમાં ડૉ. શેખરચંદ્ર જૈનની સાંસ્કૃતિક પ્રભાવના, લેખન-સંપાદન, સંસ્થા સંચાલન અને પ્રકાશક તરીકેની પ્રતિભા ઉપસે છે. તે ઉપરાંત તેમને અનેક પ્રસંગોમાં વિવિધ પુરસ્કારો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે તેની માહિતી પ્રાપ્ત થાય છે. આ ગ્રંથનો ઉદ્દેશ ડૉ. શેખરચંદ્ર જૈનના કર્મઠ વ્યક્તિત્વ, તેમના જીવન અને તેમની ઉપલબ્ધિઓથી ભાવિ પેઢી પરિચિત થાય તે છે.

આ ગ્રંથના ત્રણ ખંડ છે. (૧) આશીર્વચન અને શુભકામનાઓ (૨) તેમના જીવન અને સાહિત્યની સમીક્ષા અને (૩) મહત્ત્વપૂર્ણ વિષયો પર ચિંતકોના લેખો.

આ ગ્રન્થને પ. પૂ. આચાર્ય ભગવંતો, સાધુ-સંતો, આર્યિકાઓ, મનિષિઓ, કવિ-મિત્રો વગેરેએ લખેલા લેખો દ્વારા ડૉ. શેખરચંદ્ર જૈનના બહુમુખી વ્યક્તિત્વ હૃદય-સ્પર્શી પરિચય થાય છે.

ડૉ. શેખરચંદ્ર જૈન ગુજરાતી સમાજમાં પણ નામાંકિત વિદ્વાન તથા પ્રખર પ્રવક્તા તરીકે જાણીતા છે. તે આ ગ્રંથ વાંચે અને તેમની બહુમુખી પ્રતિભાથી પરિચિત થાય.

XXX

પુસ્તકનું નામ : **પતિત પાવન થાઈ**
મૂળ લેખક : **આનાતોલ ફ્રાંસ**
સારાનુવાદક : **માવજી કે. સાવલા**
પ્રકાશક : વિચારવલોણું પરિવાર, ૧૦૩, સુનિયોજન કૉમ્પ્લેક્સ, સ્વસ્તિક, ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન નં. ૦૭૯ ૨૬૫૬૧૫૦.
મૂળ અંગ્રેજી લઘુ નવલ-૧૫૫ પાનાં
સારાનુવાદ ૩૫ પાનાં.

'**પતિત પાવન થાઈ**' ૩૫ પાનાંની નાનકડી પુસ્તિકા છે જેના લેખક પ્રખ્યાત ફ્રેંચ ભાષાના મહાન સાહિત્યકાર **આનાતોલ ફ્રાંસ** છે. ઈ. સ. ૧૯૨૧ના વર્ષનો સાહિત્યકૃતિ માટેનો નોબેલ પુરસ્કાર તેમને મળ્યો હતો. વિશ્વવિખ્યાત લેખક આનાતોલ ફ્રાંસની **થાઈ** એક ખૂબ જાણીતી કૃતિ છે.

માવજી સાવલાએ આ વિશ્વવિખ્યાત કૃતિનો સારાનુવાદ કર્યો છે. પુસ્તિકાના પ્રારંભમાં મૂળ લેખકનો પરિચય ગુજરાતી વાચકોને લેખકની સાહિત્યકાર તરીકેની ઓળખ આપી જાય છે.

આ કથામાં લેખકે માનવમનની નબ-ળાઈને સરળ અને સુંદર રીતે રજૂ કરી છે. પૅફનુશિયશ જે પોતાને પવિત્ર માનતો હતો તે થાઈ નામની વેશ્યાનો ઉદ્ધાર કરે છે. પરંતુ તે પોતે માનસિક રીતે કેટલો વામણો હતો તેનું આલેખન લેખકે સરસ રીતે કર્યું છે અને તેના પાત્ર દ્વારા માનવસહજ નબળાઈઓનું નિરૂપણ કર્યું છે. માવજી સાવલાએ કરેલ સારાનુવાદ વાચકને મૂળ કૃતિ વાંચવા પ્રેરે તેવો છે. ✱✱✱

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩

## પર્યુષણ વ્યાખ્યાનમાળા ૨૦૦૭

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શનિવાર તા. ૮-૯-૨૦૦૭થી રવિવાર તા. ૧૬-૯-૨૦૦૭ સુધી એમ નવ દિવસની વ્યાખ્યાનસભાઓ, પાટકર હૉલ, ન્યૂ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦ મધ્યે યોજવામાં આવી છે, એની નોંધ લેશો.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(મે-૨૦૦૭ના અંકથી આગળ)

૩૭૫ સ્થિતિ
–વિસ્તૃત જ્ઞાન પ્રાપ્તિ માટે સમય મર્યાદાની વિચારણા,
–જીવોની ઉત્કૃષ્ટ અથવા જઘન્ય જીવિતકાળની સમય મર્યાદા, આયુષ્યની મર્યાદા,
–કર્મોનો બંધ થાય ત્યારે સ્વભાવ બાંધવા સાથે જ તે સ્વભાવની અમુક વખત સુધી ચ્યુત ન થવાની મર્યાદા કર્મ પુદ્‌ગલોમાં નિર્મિત થાય છે તે કાલમર્યાદાનું નિર્માણ તે સ્થિતિબંધ,
–પદાર્થનો ત્રણેય કાળમાં શાશ્વત રહેનાર અંશ (ધ્રૌવ્ય),
–નામકર્મનો એક પ્રકાર, જે કર્મના ઉદયથી સ્થિર અવયવો પ્રાપ્ત થાય તે દા. ત. દાંત, હાડકા વગેરે.
–विस्तृत ज्ञानप्राप्ति के लिए समय मर्यादा की विचारणा।
–जीवों की उत्कृष्ट अथवा जघन्य जीवीत काल की समय मर्यादा। आयुष्य की समय मर्यादा।
–कर्मों का बंध हुवे तब स्वभाव के निर्धारण के साथ ही अमुक काल तक च्युत न होने की समय मर्यादा पुद्‌गलों में निर्मित होती है। इस प्रकार के कालमर्यादा के निर्धारण को स्थितिबंध कहते हैं।
–पदार्थ का तीनों काल में शाश्वत रहेनेवाला अंश (ध्रौव्य)।
–नामकर्म का एक प्रकार, जिस नामकर्म के उदय से स्थिर अवयवों की प्राप्ति होती है यथा दांत, हड्डी आदि।
–Duration – in the case of samyakdarshana.
–Life – duration, its two types of Bhavasthiti and Kayasthiti.
–Stoppage of motion
–Permanence.

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ.

આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, <u>આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી</u> જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

❑ મેનેજર

૩૭૬ સ્થાવર
–ઉદ્દેશપૂર્વક એક સ્થાનથી બીજા સ્થાન ઉપર જવાની અથવા હાલવા-ચાલવાની શક્તિ ન હોવી તે સ્થાવર.
–उद्देशपूर्वक एक स्थान से दुसरे स्थान पर जाने की अथवा चलने-फिरने की शक्ति न होना स्थावर।
–The Static type of Civing beings.

૩૭૭ સ્થાવરદશક
–સ્થાવરનામ, સૂક્ષ્મનામ, અપર્યાપ્તનામ, સાધારણનામ, અસ્થિરનામ, અશુભનામ, દુઃસ્વરનામ, દુર્ગમનામ, અનાદેયનામ, અપયશકીર્તિનામ (આ દશ નામકર્મને સ્થાવર દશક કહેવાય છે.)
–स्थावरनाम, सूक्ष्मनाम, अपर्याप्तनाम, साधारणनाम, अस्थिरनाम, अशुभनाम, दुर्गमनाम, अनादेयनाम, अपयशकीर्तिनाम। (इन दस नामकर्म को स्थावर दशक कहा जाता है)
–Ten sub-type of namakarma – sthavar-nama, sukshma-nama, aparyapta-nama, sadharan-nama, asthira-nama, ashubha-nama, dushvar-nama, durbhaga-nama, anadeya-nama, apayashkirti-nama.

૩૭૮ સ્થાપના (નિક્ષેપ)
–જે વસ્તુ મૂળવસ્તુની પ્રતિકૃતિ, મૂર્તિ અથવા ચિત્ર હોય અથવા જેમાં મૂળ વસ્તુનો આરોપ કરાયો હોય તે સ્થાપના નિક્ષેપ.
–जो वस्तु मूल वस्तु की प्रतिकृति, मूर्ति, अथवा जिसमें मूल वस्तु का आरोपण किया गया हो उसे स्थापना निक्षेप कहते हैं।
–The thing which is a copy, statue or picture of real thing or which is conventionally made to stand for this real thing is what signifies meaning of type is called sthapna-nikshepa.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(ક્રમશઃ)

પ્રતિશ્રી, તા.......................

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી,
એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં,
મુંબઈ–૪૦૦૦૦૪. ફોન : ૦૨૨–૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના **'પ્રબુદ્ધ જીવન'**ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

**'પ્રબુદ્ધ જીવન નીધિ'** કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. .................................... નંબર .................................................. તારીખ ...........................

બેંક ........................................................ શાખા .......................................... ગામ ........................................ નો સ્વીકારી નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ. ચેક/ડ્રાફ્ટ **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામનો જ મોકલીએ છીએ.

નામ અને સરનામું : ..........................................................................................

..........................................................................................

..........................................................................................

લિ....................................

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

## (આગળના અંકથી આગળ)

(૩૭)

એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ. ૩૭

संस्कृत अन्तरेवं समालोच्य शोधयेत् सद्गुरोर्युजिम ।
कार्यमात्मार्थमेकं तद् नापरा मानसी रूजा ।। ३७।।

हिन्दी ऐसे दृढ़ श्रद्धानतें, शोधे सद्‌गुरु योग ।
काम एक आत्मार्थ को, अवर नहीं मन-रोग ।। ३७ ।।

अंग्रेजी Determines thus and tries to find,
The proximity of true Teachers;
No ideal else that eats the mind,
The soul alone for all soul-seekers. 37

(૩૮)

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

संस्कृत उपशान्तिः कषायाणां निर्वाणे केवलं गृधिः ।
भवे खेदो दया सत्त्वे तत्राऽऽत्मार्थत्वसंगतिः ।। ३८।।

हिन्दी कषाय की उपशांतता, मात्र मोक्ष-अभिलाष ।
भवे-खेद प्राणी-दया, तहँ आत्मार्थ निवास ।। ३८ ।।

अंग्रेजी See seekership in soul-compassion,
Supression of all passions four;
The hope of only liberation,
Dejection of such rebirth-tour. 38

(૩૯)

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯

संस्कृत एतादशीं दशां यावद् योग्यां जीवो लभेत न।
मुक्तिमार्गं न प्राप्नोति तावच्चाऽस्त्यान्तरी रूजा ।। ३९ ।।

हिन्दी ऐसी नहिं सत्पात्रता, तबलों जीव अयोग्य ।
मोक्षमार्ग पावे नहीं, मिटे न अंतर-रोग।। ३९ ।।

अंग्रेजी Unless one reaches such a state ,
No compny of teachers good;
No soul-suffering gets a gate,
Cannot attain the freedom-road. 39

(૪૦)

આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

संस्कृत स्यादीदृशी दशा यत्र सद्गुरूर्बोधपूर्विका।
सद्विचारः तयाऽऽविस्स्यात् सुखदोऽदुःखदो नृणाम् ।। ४० ।।

हिन्दी आवे जब सत्पात्रता, परिणमतहि सद्‌बोध ।
प्रगटे सुखदायक महा, सद्-विचारणा शोध ।। ४० ।।

अंग्रेजी While one comes, up to such a state,
The sermon of the saints awakes
The inner-thought, that is good fate,
Soul-seeker's sleep so deep it breakes. 40

(૪૧)

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧

संस्कृत सद् विचारो भवेद् यत्र तत्राऽऽत्मत्वप्रकाशनम्
तेन मोहं क्षयं नीत्वा प्राप्नुयान्निर्वृतिपदम्।। ४१ ।।

हिन्दी ज्यों प्रगटे सुविचारणा, त्यों प्रगटे निज-ज्ञान।
जिस ज्ञाने हो मोह-क्षय, पावे पद निर्वाण ।। ४१ ।।

अंग्रेजी With inner-thought, self-knowledge shines
That knowledge delusion roots out;
The topmost state the seeker climbs,
Thus gets the salvation, no doubt. 41

(૪૨)

ઊપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરુશિષ્ય સંવાદથી, ભાખું ષટ્‌પદ આહીં. ૪૨

संस्कृत संभवेत् सद्विचारो यैः सुज्ञानं मुक्तिवर्त्म च।
तानि वक्ष्ये पदानि षट् संवादे गुरू-शिष्ययोः।। ४२ ।।

हिन्दी उत्पादक सुविचारणा, मोक्ष मारग नियंत्र ।
गुरु-शिष्य-संवाद मिस, कहुं षट्‌पदी-तंत्र ।। ४२ ।।

अंग्रेजी The path of perfection is the same,
In all time past, present, future;
Its path practical worth the name,
Acceptable if helps soul-nature . 42

(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી)

(વધુ આવતા અંકે)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2006-08



# પંથે પંથે પાથેય...

## વંદન પાત્ર માતૃત્વ બે સત્ય ઘટનાઓ

□ મનસુખલાલ ઉપાધ્યાય

### ઘટના પહેલી

લખનૌની લોકઅદાલતનો એક કિસ્સો અત્યંત રોચક છે.

લખનૌના બેગમ હઝરત મહેલ પાર્ક વિસ્તારમાં ભીખ માગવાના ગુના માટે પોલીસે એક માજીને પકડ્યા. એમને પોલીસ થાણે લઈ ગયા. ઈન્સ્પેક્ટરને લાગ્યું કે આ મહિલા કોઈ સારા ઘરની લાગે છે. બહુ દુ:ખિયારી છે. વખતની મારી ભીખ માગી રહી હોય. એમણે સહાનુભૂતિપૂર્વક માજીને પૂછપરછ કરી, ત્યાં તો માજી ઢગલો થઈ ગયાં. ઈન્સ્પેક્ટર તો વિમાસણમાં પડી ગયો. ઘડીક એમ લાગ્યું કે માજીને ભૂતકાળ યાદ ન કરાવ્યો હોત તો સારું હતું.

માજીની વ્યથા સમજવા જેવી ઈન્સ્પેક્ટરને લાગી:

૧૯૬૫નું યુદ્ધ થયું ત્યારે માજીનો પતિ શહીદ થઈ ગયો હતો. તેમને ત્રણ નાનાં બાળકો હતાં. તેમનું બચપણ ન બગડે એવા માતૃભાવથી તેમણે પેનશનની ટાંચી કમાણીમાંથી અગાઉની જેમ જ લાડકોડમાં તેમને ઊછેર્યા, ભણાવ્યાં, ગણાવ્યાં. યુવાન થયાં એટલે તેમને સારાં સ્થાનો પર નોકરી પણ મળી. છોકરાઓને હોંશે હોંશે પરણાવ્યાં. વહુઓ આવી. એ અરસામાં માજીને ઘડપણ આવી ગયું. તે સાથે તેમની કઠણાઈ શરૂ થઈ. વહુઓ માજીને પરેશાન કરવા લાગી. કડવા વેણ, માના હૈયાને વીંધી નાખે તેવા, વહુઓ પાસેથી સાંભળવા પડતા. એક દિવસે તો વહુઓએ તેમના પર હાથ ઉગામી લીધો. લાડકોડથી ઉછરેલા દીકરાઓએ પત્નીનો પક્ષ લીધો. માજીને એવું ખોટું લાગ્યું કે જો જમીન માર્ગ આપે તો પોતે તેમાં ધરબાઈ જાય!

ઘરમાં રોજ રોજ અપમાનભરી હાલતમાં ઘડપણ કાઢવા કરતાં બહાર ભીખ માગીને પેટ ભરવામાં ઓછું અપમાન છે. અને એક દિવસ તે ઘર છોડી કોઈને કહ્યા વગર ચાલી નીકળ્યાં. ઈન્સ્પેક્ટરે માજીની વ્યથા સાંભળી તેણે તેમને કોઈ સેવાભાવી કેન્દ્રમાં મોકલી આપ્યાં. એ સેવાભાવી સંસ્થાના ઉપરી અને નિરીક્ષકે લોક અદાલતમાં ત્રણેય છોકરાઓ સામે દાદ માગી. દર ત્રણ મહિને ત્રણસો ત્રણસો રૂપિયા આપવાનું દીકરાઓએ કબૂલ્યું. માજીએ પોતાના પુત્રોના રૂપિયા લેવાની ઘસીને ના પાડી. આખરે એ એક માતા હતી. તેમણે કહ્યું: 'એ ત્રણસો ત્રણસો રૂપિયા મારા પૌત્રોના લાલનપાલન અને ઉછેરમાં વાપરજો. બચપણ કદીય પાછું આવતું નથી. ફરી ફરી આવતું નથી.'

પણ પુત્રો માતાની માતૃત્વની અમૂલ્ય ભાવનાને સમજે છે ખરાં, ઘડપણ ઘડીએ ઘડીએ નથી આવતું?

x x x

### ઘટના બીજી

પૂજ્ય રામચંદ્ર ડોંગરે મહારાજશ્રીના માલસર ગામની નજીક સ્વ. અનુબહેન ઠક્કરનો મૌની આશ્રમ વિશાળ જગામાં અને સુંદર રીતે વિકસાવેલો છે. આશ્રમમાં દાખલ થઈએ ત્યાં આપણું મન શાંત થઈ જાય, હૈયે હરખ ઊછળે અને તનનો થાક ઊતરી જાય.(પર્યુષણ દરમિયાન યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાના બધા દિવસે જૈન યુવક સંઘ જરૂરિયાતમંદ સંસ્થા માટે દાન પ્રાપ્ત કરે છે એને એ સંસ્થાને રકમ આપવા સંસ્થાના કાર્યકરો ત્યાં જાય છે. આ રીતે સ્વ. અનુબહેન ઠક્કરના મૌની આશ્રમ માટે ૧૯૮૯માં રૂા. ૫,૭૨,૫૧૩/- એકત્રિત કરી એ રકમ મૌની આશ્રમને આ સંસ્થાએ અર્પણ કરી હતી.)

અનુબહેને પ્રગતિ મંડળના આવેલા સર્વે સભ્યોનું સુંદર અને મનહર સ્વાગત કર્યું હતું. લીલી જાજમ બિછાવેલી હોય તેવી ઘાસની લોન, વૃક્ષો, વનરાજી અને સ્વચ્છતાના મંદિરસમ એ ભૂમિની ભવ્યતા પળે પળે સૌને હૈયે સુચિતા પ્રગટાવી રહી હતી.

ચા-નાસ્તો તથા અનુબહેનના સત્સંગ પછી અમે સૌએ આશ્રમના સ્થળે ફરવા લાગ્યા. આશ્રમના સ્થળની સામે રસ્તો ઓળંગી સામે રહેલા વૃદ્ધાશ્રમનું મકાન આંખે ઊડીને વળગે તેવું હતું. એટલે અમે સૌ એ તરફ ગયા. જોકે વૃદ્ધાશ્રમ જોવા જવું એટલે અંદર રહેતા વૃદ્ધોની જીવન-કથનીની કરુણતા જાણવા જેવું બને ખરું. પણ એ વૃદ્ધોના હૈયાની ખુશી કે વેદના આપણા સૌને હૈયે એક યા બીજી રીતે વસેલી જરૂર છે! ક્યારેક ઊંડી ધરબાયેલી હોય છે!

હું એ વૃદ્ધાશ્રમના મકાન પાસે પહોંચ્યો. એના મુખ્ય સ્થાન ઉપર અર્ધગોળાકાર પ્રવેશ-દ્વાર ઉપર શ્રીમતી મણિબેન પટેલનું નામ અંકિત હતું. દાતાનું જ નામ હતું. હું નામ વાંચતો હતો ત્યારે ત્યાંના એક પરિચારકે કહ્યું: 'તમે જે નામ વાંચો છો તે વૃદ્ધાબહેન અહીં રહે છે. મળવા જવું છે?'

હું સ્તબ્ધ થઈ ગયો. અંદરના ઓરડાઓમાં વસતા એ ઘરડાં નર-નારીને મળતો મળતો એક પછી એક ઓરડા વટાવતો ગયો. ત્યાં વસતા વૃદ્ધોના મુખ પર સ્મિત હતું. આંખોમાં વેદના આળોટતી હતી. અને તોય તેઓએ સૌની સંગે હોંશભરી વાતો કરી.

એ બધાનો સૂર એક જ હતો કે અમારે મન અનુબહેન ઠક્કર જે અમારી માવડી છે,

(વધુ માટે જુઓ પાનું ૧૦)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add.: 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/- તા. ૧૬ ઑગસ્ટ, ૨૦૦૭ વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

વિક્રમ સંવત : ૨૦૬૩ વીર સંવત : ૨૫૩૩ શ્રાવણ સુદિ – તિથિ – ૩

## જિન–વચન

### ક્રોધ, માન, કપટતા અને લોભ

उवसमेण हणे कोहं माणं मद्दवया जिणे ।
मायं च ऽ ज्जवभावेण लोभं संतोसओ जिणे ।।

–दसवैकालिक–८-३८

ઉપશમ દ્વારા ક્રોધને નષ્ટ કરો, મૃદુતા દ્વારા માનને જીતો, સરળતા દ્વારા કપટભાવને દૂર કરો અને સંતોષ વડે લોભ પર વિજય મેળવો.

उपशम से क्रोध को नष्ट करो, मृदुता से मान को जीतो, सरलता से माया (कपट) को दूर करो और संतोष से लोभ पर विजय प्राप्त करो ।

Destroy anger through calmness, overcome ego by modesty, discard deceit by straightforwardness and defeat greed by contentment.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી).

## આચમન

### સ્વતંત્ર = સંયમી = સ્વતંત્ર

સ્વતંત્રતાનો અર્થ એવો હોય છે કે જેને જેમ ફાવે તેમ તે કરે, તો બીજા બીજા કોઈ મુલકના કરતાં આપણા દેશમાં સ્વતંત્રતા કેટલીયે જોવા મળશે!

આપણી મરજી ફાવે ત્યાં ગંદકી કરીને આપણે જગ્યા બગાડી શકીએ છીએ. આપણાં બાળકોને અભણ રાખવાની સ્વતંત્રતા પણ આપણને ક્યાં નથી?

સાચું પૂછો તો, આત્મસંયમ વિના સાચી સ્વતંત્રતા મળતી જ નથી. સ્વતંત્રતા આત્મસંયમથી પોષાય છે ને વધે છે.

ગાંધીજી સૌથી વધારે સ્વતંત્ર અને સૌથી વધારે આત્મસંયમી પુરુષ છે. તેમણે આપણને અન્યાયની સામે બંડ કરતાં શીખવ્યું, અને આત્મસંયમ રાખવાનું પણ શીખવ્યું. પણ પહેલો પાઠ સહેલો હોવાથી તે આપણે ઝટ શીખી ગયા; બીજો પાઠ શીખવાની આપણે પરવા નથી રાખી.

☐ મહેન્દ્ર મેઘાણી

સંપાદિત 'ગાંધી ગંગા' માંથી.

*પ્રત્યેક ગુજરાતીના ઘરમાં આ પુસ્તક અવશ્ય હોવું જોઈએ જ. ઉપયોગ થયા પછી પસ્તીમાં પધરાવાતી મોંઘી કંકોત્રી સાથે એકાદ પુસ્તિકા પણ ભેટ મોકલાય તો લગ્નપ્રસંગ શુભેચ્છકોના જીવનમાં હૃદયંગમ બની જાય.*

✱✱✱

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | પર્યુષણ પર્વ અને કલ્પસૂત્ર | પંડિત સુખલાલજી | ૩ |
| (૨) | સ્વપ્નની શોધમાં | ડૉ. એ. સી. શાહ | ૯ |
| (૩) | જૈનાનું અધિવેશન : સંવાદ દ્વારા શાંતિ | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૧ ૨ |
| (૪) | 'વધારિઆ'નો વધારો | રણજિત એમ. પટેલ (અનામી) | ૧૪ |
| (૫) | જૈન પારિભાષિક શબ્દકોષ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| (૬) | પંથે પંથે પાથેય | ડૉ. ધનવંત શાહ | ૨૦ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ** | રૂા. ૧૨૫/- | U.S. $ 9-00 |
| **૩ વર્ષનું લવાજમ** | રૂા. ૩૫૦/- | U.S. $ 26-00 |
| **૫ વર્ષનું લવાજમ** | રૂા. ૫૫૦/- | U.S. $ 40-00 |
| **આજીવન લવાજમ** | રૂા. ૨૫૦૦/- | U.S. $ 112-00 |
| **કન્યા કરિયાવર આજીવન લવાજમ** | રૂા. ૨૦૦૦/- | U.S. $ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

☛ ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

☐ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૮ ● તા. ૧૬ ઑગસ્ટ, ૨૦૦૭ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## પર્યુષણ પર્વ અને કલ્પસૂત્ર

*[૧૯૩૦ અને ૧૯૩૬માં પ્રગટ થયેલા પ્રબુદ્ધ પ્રજ્ઞાવાન ચિંતક પંડિત સુખલાલના આ બે લેખો પર્યુષણ પર્વ નિમિત્તે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકના કરકમળમાં મૂકતા આનંદ થાય છે, કારણ કે આજે લગભગ ૬૫ વર્ષ પછી પણ આ ચિંતનની આપણને એટલી જ જરૂરત લાગે છે. સંતો આર્ષ દૃષ્ટા હોય છે એની આ પ્રતીતિ છે.*

*શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રતિ વર્ષે યોજાતી વ્યાખ્યાનમાળાના પૂ. પંડિતજી જનક હતા. આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન પંડિતજીએ ૩૦ વર્ષ સુધી શોભાવ્યું હતું.*

*આ વરસે પૂ. પંડિતજીના જન્મની સવા શતાબ્દી છે. એ નિમિત્તે એઓશ્રીના આ બન્ને લેખથી પૂ. પંડિતજીનું સ્મરણ કરીએ.૮ સપ્ટેમ્બર ૨૦૦૭માં આ વ્યાખ્યાનમાળા ૭૩મા વર્ષમાં પ્રવેશે છે...ધ.]*

### (૧) પર્યુષણ પર્વ અને તેનો ઉપયોગ

**પર્વની ઉત્પત્તિ**

તહેવારો અનેક કારણોથી ઊભા થાય છે. ઘણી વાર એવું પણ બને છે કે અમુક એક ખાસ કારણથી તહેવાર શરૂ થયેલો હોય છે અને પછી તેની પુષ્ટિ અને પ્રચાર વખતે બીજાં કારણો પણ તેની સાથે આવી મળે છે. જુદા જુદા તહેવારનાં જુદાં જુદાં કારણો ગમે તે હો, છતાં તે બધાંનાં સામાન્ય બે કારણો તો હોય જ છે : એક ભક્તિ અને બીજું આનંદ. કોઈ પણ તહેવારની પાછળ અથવા તેની સાથે અંધ અગર દેખતી ભક્તિ હોય જ છે; ભક્તિ વિના તહેવાર નભી શકતો જ નથી, કારણ કે તેના નભાવ અને પ્રચારનો આધાર જનસમુદાય હોય છે; ભક્તિ વિના તહેવાર નભી શકતો જ નથી, કારણ કે તેના નભાવ અને પ્રચારનો આધાર જનસમુદાય હોય છે; એટલે જ્યાં સુધી તે તહેવાર પરત્વે તેની ભક્તિ હોય ત્યાં સુધી જ તે ચાલે. આનંદ વિના તો લોકો કોઈ પણ તહેવારમાં રસ લઈ જ ન શકે. ખાવું-પીવું, હળવું-મળવું, ગાવું-બજાવવું, લેવું-દેવું, નાચવું-કૂદવું, પહેરવું-ઓઢવું, ઠાઠમાઠ અને ભપકા કરવા વગેરેની ઓછીવત્તી ગોઠવણ વિનાનો કોઈપણ સાત્ત્વિક કે તામસિક તહેવાર દુનિયાના પડ ઉપર નહિ જ મળે.

તહેવારોનાં સ્વરૂપ અને તેની પાછળની ભાવના જોતાં આપણે ઉત્પત્તિના કારણ પરત્વે તહેવારોને મુખ્યપણે બે ભાગમાં વહેંચી શકીએ છીએ : (૧) લૌકિક, (૨) લોકોત્તર; અથવા આસુરી અને દેવી. જે તહેવારો ભય, લાલચ અને વિસ્મય જેવા ક્ષુદ્ર ભાવોમાંથી જન્મેલા હોય છે તે સાધારણ ભૂમિકાના લોકોને લાયક હોવાથી લૌકિક અગર આસુરી કહી શકાય. તેમાં જીવનશુદ્ધિનો કે જીવનની મહત્તાનો ભાવ નથી હોતો, પણ પામર વૃત્તિઓ અને શૂદ્ર ભાવનાઓ તેની પાછળ હોય છે. જે તહેવારો જીવનશુદ્ધિની ભાવનામાંથી જન્મેલા હોય અને જીવનશુદ્ધિ માટે જ પ્રચારમાં આવ્યા હોય તે તહેવારો ઉચ્ચ ભૂમિકાના લોકોને લાયક હોવાથી લોકોત્તર અગર દેવી કહી શકાય.

પહાડો અને જંગલોમાં વસતી ભીલ, સંથાલ, કોળી જેવી જાતોમાં અગર તો શહેર અને ગામડામાં વસતી છારા, વાઘરી જેવી જાતોમાં અને ઘણી વાર તો ઉચ્ચ વર્ણની મનાતી બીજી બધી જ જાતોમાં આપણે જઈને તેમના તહેવાર જોઈએ તો તરત જ જણાશે કે એમના તહેવારો ભય, લાલચ અને અદ્‌ભુતતાની ભાવનામાંથી જન્મેલા છે. તે તહેવારો અર્થ અને કામ પુરુષાર્થની જ પુષ્ટિ માટે ચાલતા હોય છે. નાગપાંચમી, શીતળાસાતમ, ગણેશચતુર્થી, દુર્ગા અને કાળીપૂજા – એ મેલડી અને માતાની પૂજાની પેઠે ભયમુક્તિની ભાવનામાંથી જન્મેલ છે. મોળાકત, મંગલાગૌરી, જ્યેષ્ઠાગૌરી, લક્ષ્મીપૂજા વગેરે તહેવારો લાલચ અને કામની ભાવનામાંથી જન્મેલા છે અને એના ઉપર જ એ ચાલે છે. સૂર્યપૂજા, સમુદ્રપૂજા અને ચંદ્રપૂજા વગેરે સાથે સંબંધ ધરાવનારા તહેવારો વિસ્મયની ભાવનામાંથી જન્મેલા છે. સૂર્યનું અપાર ઝળહળતું

તેજ અને સમુદ્રનાં અપાર ઊછળતાં મોજાં જોઈ માણસ પહેલવહેલો તો આભો જ બની ગયો હશે અને એ વિસ્મયમાંથી એની પૂજાના ઉત્સવો શરૂ થયા હશે.

આવા અર્થ અને કામના પોષક તહેવારો સર્વત્ર પ્રચલિત હોવા છતાં વેધક દૃષ્ટિવાળા ગણ્યાંગાંઠ્યા થોડાંક માણસો દ્વારા બીજી જાતના પણ તહેવારો પ્રચલિત થયેલા આપણે જોઈ શકીએ છીએ. યહૂદી, ખ્રિસ્તી અને જરથોસ્તી ધર્મની અંદર જીવનશુદ્ધિની ભાવનામાંથી યોજાયેલા કેટલાક તહેવારો ચાલે છે. ઈસ્લામ ધર્મમાં ખાસ કરી રમઝાનનો મહિનો આખો જીવનશુદ્ધિની દૃષ્ટિએ જ તહેવારરૂપે ગોઠવાયેલો છે. એમાં મુસલમાનો માત્ર ઉપવાસ કરીને જ સંતોષ પકડે એટલું બસ નથી ગણાતું, પણ તે ઉપરાંત સંયમ કેળવવા માટે બીજાં ઘણાં પવિત્ર ફરમાનો કરવામાં આવ્યાં છે. બ્રહ્મચર્ય પાળવું, સાચું બોલવું, ઊંચનીચ કે નાનામોટાનો ભેદ છોડી દેવો, આવકના ૨ ટકા સેવા કરનાર નીચલા વર્ગના અને ૧૦ ટકા સંસ્થાઓ તેમ જ ફકીરોના નભાવમાં ખરચવા, વગેરે જે વિધાનો ઈસ્લામ ધર્મમાં છે તે રમઝાન મહિનાની પવિત્રતા સૂચવવા માટે બસ છે. બ્રાહ્મણ ધર્મના તહેવારો એમની વર્ણવ્યવસ્થા પ્રમાણે બહુવર્ણી છે. એટલે તેમાં બધી જ ભાવનાઓવાળા બધી જ જાતના તહેવારોનું લક્ષણ મિશ્રિત થયેલું નજરે પડે છે. બૌદ્ધ તહેવારો લોકકલ્યાણની અને ત્યાગની ભાવનામાંથી જન્મેલા છે ખરા, પણ જૈન તહેવારો સૌથી જુદા પડે છે અને તે જુદાઈ એ છે કે જૈનોનો એક પણ નાનો કે મોટો તહેવાર એવો નથી કે જે અર્થ અને કામની ભાવનામાંથી અથવા તો ભય, લાલચ અને વિસ્મયની ભાવનામાંથી ઉત્પન્ન થયો હોય. અગર તો તેમાં પાછળથી ભેળસેળ થયેલી એવી ભાવનાનું શાસ્ત્રથી સમર્થન કરવામાં આવતું હોય. નિમિત્ત તીર્થંકરોના કોઈપણ કલ્યાણનું હોય અગર બીજું કાંઈ હોય, પણ એ નિમિત્તે ચાલતા પર્વ કે તહેવારનો ઉદ્દેશ માત્ર જ્ઞાન અને ચારિત્રની શુદ્ધિ તેમજ પુષ્ટિ કરવાનો જ રાખવામાં આવેલો છે. એક દિવસના કે એકથી વધારે દિવસના લાંબા એ બન્ને તહેવારો પાછળ જૈન પરંપરામાં માત્ર એ એક જ ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.

લાંબા તહેવારોમાં ખાસ છ અઠ્ઠાઈઓ આવે છે. તેમાં પણ પર્યુષણની અઠ્ઠાઈ એ સૌથી શ્રેષ્ઠ ગણાય છે; તેનું મુખ્ય કારણ તેમાં સાંવત્સરિક પર્વ આવે છે એ છે. સાંવત્સરિક એ જૈનોનું વધારેમાં વધારે આદરણીય પર્વ છે. એનું કારણ એ છે કે જૈન ધર્મની મૂળ ભાવના જ એ પર્વમાં ઓતપ્રોત થયેલી છે. જૈન એટલે જીવનશુદ્ધિનો ઉમેદવાર. સાંવત્સરિક પર્વને દિવસે જીવનમાં એકત્ર થયેલ મેલ બહાર કાઢવાનો નિર્ધાર કરવામાં આવે છે. એ પર્વને દિવસે બધા નાનામોટા સાથે તાદાત્મ્ય સાધવાનું અને જેના જેનાથી અંતર વિખૂટું પડ્યું હોય તેની તેની સાથે અંતર સાંધવાનું અર્થાત્ દિલ ચોખ્ખું કરવાનું ફરમાન છે. જીવનમાંથી મેલ કાઢવાની ઘડી એ જ તેની સર્વોત્તમ ધન્ય ઘડી છે અને એવી ઘડી મેળવવા જે દિવસ યોજાયો હોય તે દિવસ સૌથી વધારે શ્રદ્ધેય લેખાય તેમાંય નવાઈ નથી. સાંવત્સરિક પર્વને કેંદ્રભૂત માની તેની સાથે બીજા સાત દિવસો ગોઠવવામાં આવ્યા છે, અને એ આઠે દિવસ આજે પજુસણ કહેવાય છે. શ્વેતાબંરના બંને ફિરકાઓમાં એ અઠવાડિયું એકસાથે જ શરૂ થાય છે અને પૂરું પણ થાય છે. પણ દિગંબર સંપ્રદાયમાં આઠને બદલે દશ દિવસો માનવામાં આવે છે અને પજુસણને બદલે એને દશલક્ષણી કહેવામાં આવે છે, તથા એનો સમય પણ શ્વેતાંબર પરંપરા કરતાં જુદો છે. શ્વેતાંબરોનાં પજુસણ પૂર્ણ થયાં કે બીજા દિવસથી જ દિગંબરોની દશલક્ષણી શરૂ થાય છે.

જૈન ધર્મના પાયામાં ત્યાગ અને તપની ભાવના મુખ્ય હોવાથી એમાં ત્યાગી સાધુઓનું પદ મુખ્ય છે, અને તેથી જ જૈન ધર્મનાં તમામ પર્વોમાં સાધુપદનો સંબંધ મુખ્ય ભાગ ભજવે છે. સાંવત્સરિક પર્વ એટલે ત્યાગી સાધુઓને વર્ષાવાસ નક્કી કરવાનો દિવસ, અને અંતર્મુખ થઈ જીવનમાં ડોકિયું કરી તેમાંથી મેલ ફેંકી દેવાનો અને તેની શુદ્ધિ સાચવવાના નિર્ધારનો દિવસ. આ દિવસનું મહત્ત્વ જોઈ ઋતુની અનુકૂળતા પ્રમાણે તેની સાથે ગોઠવાયેલા બીજા દિવસો પણ તેટલું જ મહત્ત્વ ભોગવે છે. આ આઠે દિવસ લોકો જેમ બને તેમ ધંધોધાપો ઓછો કરવાનો, ત્યાગ-તપ વધારવાનો, જ્ઞાન, ઉદારતા આદિ સદ્‌ગુણો પોષવાનો અને ઐહિક, પારલૌકિક કલ્યાણ થાય એવાં જ કામો કરવાનો પ્રયત્ન કરે છે. દરેક જૈનને વારસામાંથી જ પર્યુષણના એવા સંસ્કાર મળે છે કે તે દિવસોમાં પ્રપંચથી નિવૃત્તિ મેળવી બને તેટલું વધારે સારું કામ કરવું. આ સંસ્કારોના બળથી નાના કે મોટા, ભાઈ કે બહેન દરેક પજુસણ આવતાં જ પોતપોતાની ત્યાગ, તપ-આદિની શક્તિ અજમાવે છે અને ચોમેર જ્યાં દેખો ત્યાં જૈન પરંપરામાં એક ધાર્મિક વાતાવરણ, અષાડ મહિનાનાં વાદળોની પેઠે, ઘેરાઈ આવે છે. આવા વાતાવરણને લીધે અત્યારે પણ આ પર્વના દિવસોમાં નીચેની બાબતો સર્વત્ર નજરે પડે છે : (૧) ધમાલ ઓછી કરીને બને તેટલી નિવૃત્તિ અને ફુરસદ મેળવવાનો પ્રયત્ન. (૨) ખાનપાન અને બીજા કેટલાક ભોગો ઉપર ઓછોવત્તો અંકુશ. (૩) શાસ્ત્રશ્રવણ અને આત્મચિંતનનું વલણ. (૪) તપસ્વી અને ત્યાગીઓની તેમ જ સાધર્મિકોની. યોગ્ય પ્રતિપત્તિ-ભક્તિ. (૫) જીવોને અભયદાન આપવાનો પ્રયત્ન. (૬) વેર-ઝેર વિસારી સહુ સાથે સાચી મૈત્રી સાધવાની ભાવના.

એક બાજુ વારસામાં મળતા ઉપરની છ બાબતોના સંસ્કારો અને બીજી બાજુ દુન્વયી ખટપટની પડેલી કુટેવો એ બે વચ્ચે અથડામણ ઊભી થાય છે અને પરિણામે આપણે પજુસણના કલ્યાણસાધક

*જ્યારે સરોવરનું પાણી ડહોળાયેલું હોય છે, ત્યારે તમારા મુખનું પ્રતિબિંબ તેમાં પડતું દેખાતું નથી. તેમ તમારું હૃદય જ્યારે શાંત-સ્વસ્થ હોતું નથી, ત્યારે તમે જેવા છો તેવા તમને જોઈ શકતા નથી.*

દિવસોમાં પણ ઇચ્છીએ તેવો અને કરી શકીએ તેટલો ઉપરના સુસંસ્કારોનો ઉપયોગ કરી નથી શકતા; અને ધાર્મિક બાબતો સાથે આપણા હંમેશના સંકુચિત અને તકરારી કુસંસ્કારોને સેળભેળ કરી દઈ દરેક બાબતમાં ખટપટ, પક્ષાપક્ષી, તાણખેંચ, હુંસાતુંસી, અને વાંધાવચકાના પ્રસંગો ઊભા કરીએ છીએ અને એકંદરે પજુસણ પછી કાંઈક ઉન્નત જીવન બનાવવાને બદલે પાછા જ્યાં હતા ત્યાં જ આવીને ઊભા રહીએ છીએ; અને ઘણી વાર તો હતા તે સ્થિતિ કરતાં પણ નીચે પડી કે ઊતરી જઈએ છીએ. એટલે પજુસણ જેવા ધાર્મિક દિવસોનો ઉપયોગ આપણા આધ્યાત્મિક જીવનના વિકાસમાં તો થતો જ નથી, પણ સામાજિક અને રાષ્ટ્રીય જીવનમાં પણ આપણે તેનો કશો જ ઉપયોગ કરી શકતા નથી. આપણી સર્વસાધારણની ભૂમિકા વ્યાવહારિક છે. આપણે ગૃહસ્થ હોઈ બધું જ જીવન બહિર્મુખ ગાળીએ છીએ, એટલે આધ્યાત્મિક જીવનનો તો સ્પર્શ કરવા લગભગ અશક્ત નીવડીએ છીએ. પણ જે જાતના જીવનનો વિકાસ આપણે ઈચ્છીએ છીએ અને આપણાથી સાધવો શક્ય છે તે જાતના એટલે સામાજિક અને રાષ્ટ્રીય જીવનને આપણે તુચ્છ અને ઓછી કિંમતનું માની લીધું છે અને આપણે એમ લાયકાત વિના જ મોઢે કહ્યા કરીએ છીએ કે જીવન તો આધ્યાત્મિક જ ખરું છે. આવી લાયકાત વિનાની સમજથી આપણામાં નથી થતો આધ્યાત્મિક જીવનનો વિકાસ અને નથી સુધરતું સામાજિક કે રાષ્ટ્રીય જીવન. તેથી આપણે આપણા ધાર્મિક સુંદર વારસાનો ઉપયોગ એવી રીતે કરવો જોઈએ કે જેથી આપણું સામાજિક અને રાષ્ટ્રીય જીવન સુધરે અને, આંતરિક લાયકાત હોય તો, આધ્યાત્મિક જીવન ઉપર પણ તેની સારી અસર થાય. આ જાતનો પજુસણના દિવસોનો ઉપયોગ કરવા માટે બે વસ્તુની મુખ્ય જરૂર છે : (૧) એક તો એ કે જૈન ધર્મે પોતાના વિશિષ્ટ વારસા તરીકે ક્યાં ક્યાં તત્ત્વો આપણને આપ્યાં છે અને તેનો સામાજિક તેમ જ રાષ્ટ્રીય કલ્યાણની દૃષ્ટિએ ઉપયોગ કેવી રીતે કરી શકાય એ જ્ઞાન મેળવવું; અને (૨) બીજું એ કે આપણે પજુસણની નિવૃત્તિનો ઉપયોગ એવી દિશામાં કરવો કે જેથી આપણા ઉપરાંત આપણા પડોશી ભાઈઓને અને દેશવાસીઓને ફાયદો થાય અને આપણા સામાજિક જીવનની લોકોમાં તથા રાજ્યમાં પ્રતિષ્ઠા બંધાય; આપણે હસતે મોઢે સૌની મોખરે ઊભા રહી શકીએ અને આપણા ધર્મની સરસાઈ માટે અભિમાન લઈ શકીએ. આ કારણથી અમે પજુસણનો ઉપયોગ કરવાની રીત બદલી છે.

આપણામાં મુખ્ય બે વર્ગો છે : એક વર્ગ એવો છે કે તેને નવું શું, જૂનું શું, મૂળ તત્ત્વ શું વગેરેનો કશો જ વિચાર નથી. તેને જે ચીલો મળ્યો છે તે જ તેનું સર્વસ્વ છે. એ ચીલા બહાર નજર કરવા અને પોતાની રીત કરતાં બીજી રીત જોવામાં પણ તેને બહુ દુ:ખ થાય છે. જગત તરફ આંખ ઉઘાડવામાં પણ તેને ગુનો થતો હોય તેમ લાગે છે. તેને પોતાના સિવાયની બીજી કોઈ પણ ઢબ, બીજી કોઈ પણ ભાષા અને બીજો કોઈ પણ વિચાર અસહ્ય લાગે છે અને બીજો વર્ગ એવો છે કે તેને જે સામે આવે તે જ સારું લાગે છે. પોતાનું નવું સર્જન કાંઈ હોતું નથી, પોતાનો વિચાર હોતો નથી, તેને પોતાનાં સ્થિર ધ્યેયો પણ કાંઈ હોતાં નથી. માત્ર જે તરફ લોકો ઝૂકતા હોય તે તરફ તે વર્ગ ઝૂકે છે. પરિણામે સમાજના બંને વર્ગોથી આપણા ધર્મનાં વિશિષ્ટ તત્ત્વોનો વ્યાપક અને સારો ઉપયોગ થઈ શકતો જ નથી. તેથી જરૂરનું એ છે કે લોકોમાં જ્ઞાન અને ઉદારતા ઊતરે એવી કેળવણી આપવી. આ કારણથી પરંપરામાં ચાલ્યું આવતું કલ્પસૂત્રનું વાચન ન રાખતાં અમે કેટલાક ખાસ વિષયો ઉપર ચર્ચા કરવાનું યોગ્ય ધાર્યું છે. એ વિષયો એવા છે કે જે જૈનધર્મના હક્કો (કહો કે સર્વ ધર્મના) પ્રાણભૂત છે, અને એની ચર્ચા એવી દૃષ્ટિએ કરવા ધારી છે કે જેથી એ તત્ત્વોનો ઉપયોગ બધી દિશામાં બધા અધિકારીઓ કરી શકે; જેને જેમાં રસ હોય તે, તેમાંથી ફાયદો ઉઠાવી શકે; આધ્યાત્મિકપણું કાયમ રાખી સામાજિક અને રાષ્ટ્રીય કલ્યાણ સાધી શકાય.

નવી પરંપરાથી ડરવાને કશું જ કારણ નથી. અત્યારની ચાલુ પરંપરાઓ પણ કાંઈ શાશ્વત નથી. જે રીતે અને જે જાતનું કલ્પસૂત્ર અત્યારે વંચાય છે તે પણ અમુક વખતે અને અમુક સંયોગોમાં જ શરૂ થયેલું. લગભગ દોઢ હજાર વર્ષ પહેલાં તો આવી જાહેરસભામાં અને જાહેર રીતે કલ્પસૂત્ર વંચાતું જ ન હતું. એ ફક્ત સાધુસભામાં જ અને તે પણ ફક્ત અમુક કોટિના સાધુને મોઢેથી જ વંચાતું. પહેલાં તો તે રાતે જ વંચાતું અને દિવસે વંચાય ત્યારે અમુક સંયોગોમાં સાધુ-સાધ્વીઓ ભાગ લઈ શકતાં. વળી આનંદપુર નગરમાં ધ્રુવસેન રાજાના સમયમાં કલ્પસૂત્રને ચતુર્વિધ સંઘ સમક્ષ વાંચવાની તક ઊભી થઈ. એમ થવાનું પ્રાસંગિક કારણ એ રાજાના પુત્રશોકના નિવારણનું હતું, પણ ખરું કારણ તો એ હતું કે તે વખતે જ્યાં ત્યાં ચોમાસામાં બ્રાહ્મણ સંપ્રદાયમાં મહાભારત, રામાયણ અને ભાગવત જેવાં શાસ્ત્રો વાંચવાની ભારે પ્રથા હતી. લોકો એ તરફ ખૂબ ઝૂકતા. બૌદ્ધ સંપ્રદાયમાં પણ જિનચરિત અને વિનયના ગ્રંથો વંચાતા, જેમાં બુદ્ધ ભગવાનનું જીવન અને ભિખ્ખુઓનો આચાર આવતો. આ કારણથી લોકવર્ગમાં મહાન પુરુષોનાં જીવનચરિત્ર સાંભળવાની અને ત્યાગીઓના આચાર જાણવાની ઉત્કટ રુચિ જાગતી હતી. એ રુચિને તૃપ્ત કરવા ખાતર બુદ્ધિશાળી જૈન આચાર્યોએ ધ્રુવસેન જેવા રાજાની તક લઈ કલ્પસૂત્રને જાહેરવાચન તરીકે પસંદ કર્યું. એમાં જે પહેલું જીવનચરિત્ર ન હતું તે ઉમેર્યું અને માત્ર સામાચારીનો ભાગ, જે સાધુ સમક્ષ જ વંચાતો હતો તે, ભાગને ગૌણ કરી શરૂઆતમાં ભગવાન મહાવીરનું ચરિત દાખલ કર્યું, અને સર્વસાધારણને તે વખતની રુચિ પ્રમાણે પસંદ

*પરમાત્માની આગળ પ્રાર્થનામાં તે વસ્તુ મૂક્યા વિના અર્થાત્ ઈષ્ટનું સ્મરણ કર્યા વિના કદાપિ અગત્યનો નિર્ણય ન કરો.*
*(ઈષ્ટના સ્મરણથી બુદ્ધિ નિર્મળ થાય છે અને તેથી જે વખતે જેવો નિર્ણય જરૂરી હોય છે, તેવો જ નિર્ણય તે કરી શકે છે.)*

આવે એ ઢબે અને એવી ભાષામાં તે ગોઠવ્યું. વળી જ્યારે લોકોમાં વધારે વિસ્તારપૂર્વક સાંભળવાની રુચિ જન્મી, કલ્પસૂત્રની લોકોમાં ભારે પ્રતિષ્ઠા જામી, અને પજુસણમાં તેનું જાહેરવાચન નિયમિત થઈ ગયું ત્યારે, વખતના વહેણ સાથે, સંયોગ પ્રમાણે, આચાર્યોએ ટીકાઓ રચી. એ પ્રાકૃત અને સંસ્કૃત ટીકાઓ પણ વંચાવા લાગી. ૧૭મા સૈકા સુધીમાં રચાયેલી અને એ વખતના વિચારોનો પડઘો પાડતી ટીકાઓ પણ એક અતિ જૂના ગ્રંથ તરીકે વંચાવા અને સંભળાવા લાગી. છેવટે ગુજરાતી અને હિંદી ભાષામાં પણ એ બધું ઊતર્યું અને આજે જ્યાંત્યાં વંચાય છે. આ બધું જ સારું છે અને તે એટલા કારણસર કે તે લોકોની ભાવના પ્રમાણે બદલાતું રહ્યું છે. કલ્પસૂત્ર અક્ષરશઃ ભગવાન મહાવીરથી જ ચાલ્યું આવે છે અને એમના વખતની જ રીતે આજે પણ વંચાય છે, એમ માની લેવાની કોઈ ભૂલ ન કરે. લોકશ્રદ્ધા, લોકરુચિ અને ઉપયોગિતાની દૃષ્ટિએ જે ફેરફાર થાય છે તે જો બુદ્ધિપૂર્વક કરવામાં આવે તો લાભદાયક જ નીવડે છે.

કલ્પસૂત્ર અને તેના વાચનની જે રીત અત્યારે ચાલે છે તેમાં બધા જ લોકો રસ લઈ શકે તેમ નથી. તેનાં કારણો આ પ્રમાણે છે : (૧) વાચન અને શ્રવણમાં એટલો બધો વખત આપવો પડે છે કે માણસ કંટાળી જાય અને શ્રદ્ધાને લીધે બેસી રહે તોપણ વિચાર માટે તો લગભગ અશક્ત બની જાય. (૨) નક્કી થયેલ ઢબ પ્રમાણે શબ્દો અને અર્થો ઉચ્ચારાતા અને કરાતા હોવાથી, તેમજ ઠરાવેલ વખતમાં ઠરાવેલ ભાગ પૂરો કરવાનો હોવાથી બોલનાર કે સાંભળનાર માટે બીજી ચર્ચા અને બીજી દૃષ્ટિના અવકાશનો અભાવ. (૩) એ વાચન વખતે વર્તમાન સમાજની અને દેશની દશા તરફ ઉદાર દૃષ્ટિએ જોવાના વલણનો અભાવ અને તેથી સમાજ અને રાષ્ટ્રમાં ઉપયોગી થઈ શકે એવી કલ્પસૂત્રમાંથી હકીકત તારવી લેવાની ખોટ. (૪) શ્રદ્ધા, ભક્તિ અને ચાલુ રૂઢિ ઉપર એટલું બધું દબાણ થાય છે કે જેને લીધે બુદ્ધિ, તર્ક અને સ્વતંત્ર જિજ્ઞાસા તદ્દન બુઠ્ઠાં જ થઈ જાય. (૫) ચાલુ પરિસ્થિતિ વિશેનું છેક જ અજ્ઞાન અથવા તેની ગેરસમજ અગર તે તરફ આંખમીંચામણાં અને ભૂતકાળની એકમાત્ર મૃત હકીકતને સજીવન કરવાનો એકતરફી પ્રયત્ન.

આ અને આના જેવાં બીજાં કારણોને લીધે આપણું પજુસણનું કલ્પસૂત્રવાચન નીરસ જેવું થઈ ગયું છે; તેનો ઉદ્ધાર કરવાની જરૂર છે. તે બહુ સારી રીતે થઈ શકે એવાં તત્ત્વો આપણી પાસે છે, એ જ વસ્તુ ધ્યાનમાં રાખી આ વખતે અમે અમારી દૃષ્ટિ પ્રમાણે ફેરફાર જાહેર રીતે શરૂ કર્યા છે. xxx

## (૨) કલ્પસૂત્રનું વાચન અને શ્રવણ

**કલ્પસૂત્રમાં** અન્ય તીર્થંકરોની જીવનકથાના અંશ છે, તેમજ એમાં ભગવાન મહાવીરના સાધુસંઘમાંના પ્રમુખ સ્થવિરોની યાદી પણ છે, છતાં કલ્પસૂત્રની પ્રતિષ્ઠા અને એના વાચન અને શ્રવણનો મહિમા મુખ્યપણે એમાંના ભગવાન મહાવીરના જીવનભાગને લીધે છે. ભગવાન દિગંબર, સ્થાનકવાસી અને શ્વેતાંબર એ ત્રણે ફિરકાને એકસરખી રીતે પૂજ્ય અને શ્રદ્ધેય છે, તેમ છતાં જયારે પજુસણ કે દશલક્ષણીનો પ્રસંગ આવે છે ત્યારે કલ્પસૂત્રનું નામ શ્વેતાંબર પરંપરામાં જેવું ઘેર ઘેર અને આબાલવૃદ્ધ દરેકને મુખે સંભળાય છે તેવું સ્થાનકવાસી કે દિગંબર ફિરકામાં સંભળાતું નથી. કલ્પસૂત્રમાંની ઘણી હકીકતો અને સ્થવિરપરંપરાને દિગંબરો ન માને તેથી તેઓ કલ્પસૂત્રને ન વાંચે કે ન સાંભળે એ સમજી શકાય તેવી બાબત છે, પણ સ્થાનકવાસીઓ, જેમને કલ્પસૂત્રમાંની એક પણ બાબત અમાન્ય નથી કે તેની સાથે વિરોધ નથી, તેઓ સુદ્ધાં કલ્પસૂત્ર પ્રત્યે એટલો આદર નથી ધરાવતા જેટલો શ્વેતાંબરો. પજુસણના દિવસોમાં એ જ કારણથી શ્વેતાંબર પરંપરામાં કલ્પસૂત્રનું વાચન અને શ્રવણ અનિવાર્ય લેખાય છે અને તે ભારે આદર, આડંબર તેમજ નિયમપૂર્વક ચાલતું જોવાય છે, જ્યારે સ્થાનકવાસીઓમાં કલ્પસૂત્રનું વાચન-શ્રવણ પજુસણના દિવસોમાં પણ અનિવાર્ય નથી અને દેખાદેખીથી કોઈ ક્યારેક ક્યાંય વાંચે તો એની પાછળ એટલો દેખાવ, આડંબર કે ખર્ચ નથી થતો. આ રીતે આપણે જોવા જઈએ તો કલ્પસૂત્રનું વાચન અને શ્રવણ એ વિશે જે કાંઈ વિચારવું ઘટે છે તે સામાન્ય રીતે સકલ જૈન પરંપરાને ઉદ્દેશીને વિચારવાનું પ્રાપ્ત હોવા છતાં ખરી રીતે અથવા મુખ્ય રીતે શ્વેતાંબર પરંપરાને ઉદ્દેશીને જ વિચારવાનું અત્યારે પ્રાપ્ત થાય છે.

કલ્પસૂત્રના વાચન અને શ્રવણનો ઉદ્ભવ ક્યારે, ક્યા સ્થાનમાં, કેવા સંજોગોમાં અને કેવી રીતે થયો એ વિશે અહીં આજે કાંઈ ચર્ચવા ઈચ્છતો નથી. આજે તો એ વાચન-શ્રવણની ધારાગંગા ક્યા મૂળમાંથી શરૂ થઈ, કોને આધારે આજ સુધી ચાલી આવે છે તે વિશે જ સમીક્ષ દૃષ્ટિએ કાંઈક વિચારવા ધારું છું. કલ્પસૂત્રના વાચન-શ્રવણના પ્રવાહનું મૂળ આધ્યાત્મિક ભક્તિ છે. અધ્યાત્મિક ભક્તિ એટલે જેણે પોતાના જીવનમાં સદ્ગુણો વિકસાવી જીવન તન્મય કર્યું હોય એવા મહાપુરુષનો આદર્શ નજર સામે રાખી, તેવા ગુણો જીવનમાં પ્રગટાવવાની તાલાવેલી અથવા આડે રસ્તે દોરાઈ જવાય એવા પ્રસંગોથી ઓછામાં ઓછું તેવા ગુણો દ્વારા પ્રતિક્ષણ સચેત કે જાગૃત રહેવાની તમન્ના. કલ્પસૂત્રમાં મુખ્ય પાત્ર ભગવાન મહાવીર છે. તેમણે એ પ્રકારનું જીવન સાધ્યાની દરેક જૈનની શ્રદ્ધા છે. તેથી ભગવાનના જીવનનો આદર્શ સામે રાખી, તે દિશામાં આગળ ન વધાય તોય તેથી ઊલટી દિશામાં તણાઈ ન જવાની જૈન કહેવડાવનારની, ખાસ કરી ઉંમરે પહોંચેલ દરેક જૈનની, નેમ છે. આ નેમને કાયમ રાખવા તેમજ પોષવા માટે જ ભગવાનની જીવનગાથા

શું તમે એટલા બધા વ્યગ્ર છો કે તમે રોજ તમારી સાથે, તમારા વિચારો સાથે, તમારા આત્મા સાથે અને તમારા પરમાત્મા સાથે દસ મિનિટનો સમય કાઢીને એકાન્તમાં બેસીને પ્રાર્થના ન કરી શકો? રોજ પ્રાર્થનામાં શ્રદ્ધાપૂર્વક કાઢેલી દસ મિનિટ તમારા જીવનમાં મોટું રૂપાંતર કરશે.

પૂરી પાડનાર કલ્પસૂત્રનું વાચન અને શ્રવણ શરૂ થયું, બીજા કોઈ હેતુથી નહિ; તેથી આપણે હવે વિચારવાનું પ્રાપ્ત થાય છે કે એ વાચન અને શ્રવણ દ્વારા આપણી નેમ ક્યાં લગી સધાતી આવી છે અને અત્યારે કેટલી હદે સધાય છે? જો એ નેમ સધાતી ન હોય તો એનાં શાં કારણો છે અને તે દૂર કરવાં શક્ય છે કે નહિ? જો શક્ય હોય તો તે કઈ રીતે?

આટલું તો આપણે પરાપૂર્વથી જોતા જ આવ્યા છીએ કે ભગવાનના જીવનની પ્રતિષ્ઠાનું સ્થાન ધીરે ધીરે બીજી વસ્તુઓએ લીધું. જીવનની પૂજા જીવનવર્ણન કરનાર કલ્પસૂત્ર પુસ્તક તરફ વળી. કાગળ અને શાહી જ સોનારૂપાથી ન રંગાયાં પણ પૂઠાં, વેષ્ટનો અને દોરીઓ સુધ્ધાંએ કીમતી અલંકારો પહેર્યા, અને તે પણ કલાપૂર્વક, પુસ્તકની પૂજા, પુસ્તકના વાચનાર ગુરુવર્ગ તરફ પણ વળી. વાચનાર ગુરુ અનેક રીતે પૂજાવા લાગ્યા. અમુક જાતનો વેશ પહેર્યો એટલે ગુરુ અને જે ગુરુ તેને તો બીજી કોઈપણ કસોટી વિના વાંચવાનો અધિકાર. જે વાંચવાનો અધિકારી, તે પાટે બેસે અને પૂજાય. આ રીતે મૂળમાં આધ્યાત્મિક ભક્તિ પોષવા યોજાયેલ સાધનની પૂજા ને પ્રતિષ્ઠા ધીરે ધીરે એટલે સુધી વિસ્તરી અને તેની આજુબાજુ એટલાં બધાં સસ્તાં અને ખર્ચાળ સમારંભો તેમજ વિધિ-વિધાનો યોજાયાં છે કે તેને ભેદી, મૂળ નેમ તરફ જવાની વાત તો બાજુએ રહી પણ એનો વિચાર સુધ્ધાં કરવાનું કામ ભારે અઘરું થઈ પડ્યું છે અને અત્યારે તો કલ્પસૂત્રનું વાચન અને શ્રવણ એ વર્ષાકાળની પેઠે એક વાર્ષિક અનિવાર્ય નિયમ થઈ ગયો છે.

ભક્તિ એ જીવનના દરેક ક્ષેત્રને રસમય બનાવનાર તત્ત્વ છે, પણ જ્યાં લગી એ તત્ત્વ સજીવન અને શુદ્ધ હોય ત્યાં લગી જ કાર્યસાધક થાય છે અને સદ્‌ગુણ બને છે. ભક્તિનું જીવંતપણું વિચાર અને બુદ્ધિને લીધે છે. તેની શુદ્ધિ નિઃસ્વાર્થતાને લીધે હોય છે. જ્યારે બુદ્ધિનો પ્રદેશ ખેડાતો અટકે છે અને સ્વાર્થ તેમજ ભોગવૃત્તિનો કચરો આજુબાજુ એકઠો થાય છે ત્યારે ભક્તિ નિર્જીવ અને અશુદ્ધ બની જઈ સદ્‌ગુણરૂપ નથી રહેતી; તે ઊલટી દોષ બની જાય છે. ભક્તિ પોષનાર અને તે માર્ગે ચાલનાર આખા સમાજનું જીવન એ દોષને કારણે જડ, સંકુચિત અને ક્લેશપ્રધાન બની જાય છે.

સામાન્ય રીતે જૈન જનતાની કલ્પસૂત્ર પ્રત્યે ભક્તિ છે, પણ એમાં બુદ્ધિનું જીવન કે નિઃસ્વાર્થતાની શુદ્ધિ ભાગ્યે જ રહી છે. એનાં બીજાં અનેક કારણો હોય, પણ એનું પ્રધાન કારણ ગુરુમુખથી શાસ્ત્ર શ્રવણ કરવાની પોષાયેલી શ્રદ્ધા એ છે. ગુરુ વાસ્તવિક અર્થમાં ગુરુ સમજાયા હોત અને તેમનો અધિકાર યોગ્યતાને લીધે મનાતો આવ્યો હોત તો આવી સ્ખલના ન થાત. જે જૈનોએ માત્ર જન્મને કારણે બ્રાહ્મણત્વ અને તેના ગુરુપદ સામે લડત તલાવી તે જ જૈન ગુણની પ્રધાનતા ગાતાં ગાતાં છેવટે વેશમાત્રમાં ગુરુપદ માની સંતુષ્ટ થઈ ગયા! કલ્પસૂત્ર સાંભળવું છે, વાંચનાર જોઈએ અને તે કોઈ ગુરુ સાધુ જ હોવા જોઈએ. બીજી યોગ્યતા હોય કે નહિ પણ ભેખ હોય તોય બસ છે, એ વૃત્તિ શ્રોતાગણમાં પોષાઈ. પરિણામ અનેક રીતે અનિષ્ટ જ આવ્યાં. લાયકાતની કોઈપણ કસોટીની જરૂર ન જ રહી. વેશધારી એટલા ગુરુઓ અને ગુરુઓ એટલા વ્યાખ્યાતાઓ – છેવટે કલ્પસૂત્ર પૂરતા. માત્ર કલ્પનાસૂત્રના અક્ષરો વાંચી જાણે એટલે વડેરાઓનો આશ્રય છોડી સ્વતંત્ર વિચારવાનું સર્ટિફિકેટ મળી જાય! ભક્તો તો સૌને જોઈએ જ. તે હોય ગણ્યાગાંઠ્યા, એટલે તેમના ભાગલા નાના નાના પડે. જેના ભક્તો વધારે અગર ઓછા છતાં જેના ભક્તો પૈસાદાર તે ગુરુ મોટા. આ માન્યતામાંથી વાંચવાની દુકાનદારી હરીફાઈ ઉપાશ્રયે પોષાઈ. કલ્પસૂત્રના વાચનમાંથી ઊભાં થતાં નાણાં જ્ઞાનખાતાનાં એ ખરું, પણ તેના ઉપભોક્તા છેવટે કોણ? ગુરુ જ, એ ગુરુઓને કાંઈ ખર્ચ ઓછો નહિ. એટલે ખર્ચને પહોંચી વળવા ખાતર પણ સામાન્ય આવકનું કામ કલ્પસૂત્રના વાચને કરવા માંડ્યું. દેખીતી રીતે નિઃસ્વાર્થ જણાતા સાધુજીવનનાં પ્રમાદમય ઝીણા છિદ્રોમાં અનેક રીતે સ્વાર્થપરંપરાએ પ્રવેશ કર્યો. વાડા બંધાયા. પોતાના ઉપાશ્રયના શ્રાવકોએ હંમેશાં નહિ તો પજુસણના દિવસોમાં કલ્પસૂત્ર સાંભળવા પૂરતું ત્યાં જ આવવું શોભે એવી મક્કમ માન્યતા બંધાઈ. કોણ વાંચનાર યોગ્ય અને કોણ અયોગ્ય એ વિવેક જ વિસારે પડ્યો. કલ્પસૂત્ર તો વર્ષમાં એક વાર કાને પડવું જ જોઈએ અને તે ગુરુમુખથી. વળી તે પણ ચાલી આવતી પરંપરા પ્રમાણે અમુક ગુરુના જ મુખમાંથી. એ માન્યતામાં તણાતાં વિચાર અને બુદ્ધિનું ખૂન થયું, પક્ષાપક્ષી બંધાઈ અને તે એટલે સુધી કે કાશી, મથુરા કે ગયામાં શ્રાદ્ધ કે સ્નાન કરાવવા પંડ્યાઓ જેમ એક યાત્રી પાછળ પડે છે તેમ ઘણી વાર णमो लोए सव्वसाहूणं એ પદથી વંદાતા, સ્તવાતા જૈન ગુરુઓ શ્રોતાવર્ગ મેળવવાની ખેંચતાણમાં પડ્યા. મેં અનેક સ્થળે એ જોયું છે કે એક ઉપાશ્રયમાં ચોમાસું રહેલ અનેક સાધુઓ કલ્પસૂત્ર વાંચવાની તક જતી હોય તો તેને મેળવવા અકળ ખટપટો કરતા. આવી ખેંચતાણ નિઃસ્વાર્થભાવ હોય ત્યાં કદી ન જ સંભવે. પણ કલ્પસૂત્રના વાચનના અવિચારી અધિકાર ઉપર ઐકાન્તિક ભાર આપવાનું માત્ર આટલું જ પરિણામ નથી આવ્યું. એ અનિષ્ટ બહુ દૂર સુધી પ્રસર્યું છે. એક વાર શ્રાવકોએ માન્યું કે કલ્પસૂત્ર ન સાંભળીએ તો જીવન અલેખે જાય. જાતે તે ન વંચાય ત્યારે શોધો જતિને. જ્યાં સાધુઓ પહોંચે નહિ ત્યાં ગમે તેટલે દૂર જતિ પહોંચે. જતિઓને બીજી આવક કશી ન હોય તોય તેમને વાસ્તે કલ્પસૂત્ર એ કામધેનુ. સાધુ વિનાનાં સેંકડો ક્ષેત્ર ખાલી, ત્યાં જતિઓ પહોંચે. એમને પાકી આવક થાય. શ્રાવકોને ક્યાં જોવું છે કે આધ્યાત્મિક જીવન સંભળાવનાર આ છેલછબીલા

*જો નદી નીચાણમાં વહે છે, તો તે રસ્તામાં ઘણાં ઝરણાંઓના પાણીને પોતા તરફ આકર્ષે છે. તેમ જો મનુષ્ય નમ્ર હોય છે, તો તે ઘણા મનુષ્યોના હૃદયોને પોતા તરફ આકર્ષે છે.*

જતિ મહારાજ પૈસા ક્યાં વાપરે છે ? જીવન કેમ ગાળે છે ? એ તો માને છે કે કલ્પસૂત્ર સાંભળ્યું એટલે જન્મારો લેખે. પૈસા આપણે તો સદ્‌બુદ્ધિથી આપ્યા છે. લેનાર પોતાનું કરમ પોતે જાણે ! આ મરજાદી લોકોના જેવી ગાંડી શ્રાવકભક્તિ આજે અનેક કુપથગામી જતિ-વાડાઓને ગોસાંઈઓની પેઠે નભાવી રહી છે. આ તો નિઃસ્વાર્થતાની શુદ્ધ ભક્તિમાંથી ચાલી જવાનું પરિણામ થયું, જે આજે આપણી સામે એક મહાન અનિષ્ટ તરીકે ઊભું છે, પણ એથીયે વધારે ઘાતક પરિણામ તો ભક્તિમાંથી બુદ્ધિજીવીપણું જવાને લીધે આવ્યું છે.

ક્યાં ભગવાનના સર્વક્ષેત્રસ્પર્શી આધ્યાત્મિક જીવનની વિશાળતા અને ક્યાં તેને સ્પર્શી અનેક દૃષ્ટિબિંદુઓથી સમાજ સામે વિવિધ પ્રશ્નો છણી એ જીવનને સદાકાળ માટે આકર્ષક બનાવવાની કળાની ઊણપ ! આખો સમાજ કાંઈ આધ્યાત્મિક અધિકાર ધરાવી શકે જ નહિ. તેને તો પોતાના વ્યવહારક્ષેત્રમાં, સામાજિક જીવનમાં એ આદર્શ જીવનમાંથી સમુચિત પ્રેરણા મળવી જોઈએ. એક બાજુ સામાજિક જીવનમાં પ્રેરણા આપવાનું કામ વિચારની ખામીને લીધે બંધ પડ્યું અને બીજી બાજુ સ્વાભાવિક આધ્યાત્મિક જીવનનો અધિકાર ન હતો, એટલે સેંકડો ગુરુઓએ દર વર્ષે કલ્પસૂત્રનું શ્રવણ કરાવવા છતાં સમાજ તો સમસ્યાઓના અંધારામાં જ વધારે ને વધારે ગબડતો ગયો. જે ભગવાનના જીવનમાંથી માણસને અનેક દિશાઓમાં વિચાર કરતો બનાવી શકાય તે જ જીવનના યંત્રવત્ બનેલા વાચનના ચીલા ઉપર ચાલતાં ચાલતાં વાંચનાર પોતે અને શ્રોતાવર્ગ બંને એક એવા સંકુચિત દૃષ્ટિબિંદુના જાળામાં અને કાલ્પનિક તત્ત્વજ્ઞાનમાં સપડાઈ ગયા કે હવે એની ગાંઠમાંથી છૂટવાનું કામ તેમને માટે ભારે થઈ ગયું છે, અને વળી બુદ્ધિદ્રોહ એટલે સુધી વધ્યો છે કે જો કોઈ એ પકડમાંથી છૂટવા પ્રયત્ન કરે તો એને ધર્મભ્રંશ કે નાસ્તિક્તા કહેવામાં આવે છે !

કલ્પસૂત્રની ચોમેર માત્ર વાંચનારાઓના જ સ્વાર્થનું આવરણ નથી પથરાયું, પણ શ્રોતાઓએ સુદ્ધાં એની પાછળ લક્ષ્મી, સંતતિ, અધિકાર અને આરોગ્યના આશામોદકો સેવ્યા છે અને અત્યારે પણ એ મોદકો વાસ્તે હજારો રૂપિયા ખર્ચાય છે. આ રીતે ઉપરથી ઠેઠ નીચે સુધી, જ્યાં નજર નાખો ત્યાં કલ્પસૂત્રના વાચન-શ્રવણનો મૂળ આત્મા જ હણાયેલો છે. પ્રશ્ન થાય છે કે ત્યારે કાંઈ રસ્તો છે ? જવાબ સ્પષ્ટ છે. બુદ્ધિ અને હિંમત વાસ્તે રસ્તા અનેક છે. વળી તેમાંથી નવા રસ્તા પણ નીકળી શકે. હું અત્યારના વિચારક વર્ગ વાસ્તે જે માર્ગ જોઉં છું તે નમ્રપણે જણાવી દેવા પણ ઈચ્છું છું. એનાથી વધારે સારો માર્ગ શોધી તેને અનુસરવાની સૌને સ્વતંત્રતા છે જ.

(૧) સાધુ, જતિ કે પંડિત સામે વ્યક્તિશઃ દ્વેષ કે તિરસ્કાર જરા પણ સેવ્યા સિવાય, જ્યાં બુદ્ધિશૂન્ય અને શુદ્ધિવિહીન વાચન-શ્રવણની નિર્જીવ પ્રણાલી ચાલુ હોય ત્યાં નિર્ભય વિચારકોએ તેમાં જરાય ભાગ ન લેવો.

(૨) બુદ્ધિના વિવિધ પ્રદેશોને સ્પર્શ કરે અગર ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિએ જીવનકથા ચર્ચે અને તે પણ સીધી કે આડકતરી રીતે કોઈપણ જાતની દાન, દક્ષિણા કે ચડાવો સ્વીકારવાની વૃત્તિ વિના જ, તેવે સ્થળે પછી વાંચનાર સાધુ હોય, યતિ હોય કે ગૃહસ્થ હોય, આદરપૂર્વક ભાગ લેવો.

(૩) આધ્યાત્મિકતાની શુષ્ક ચર્ચામાં સામૂહિક દૃષ્ટિએ ન પડવું અને સામાન્ય રીતે જેવો સમાજનો અધિકાર દેખાય છે તે જ અધિકારને ધ્યાનમાં રાખી દંભ ન પોષાય એવી રીતે પ્રામાણિકપણે વૈયક્તિક, કૌટુંબિક, સામાજિક અને રાષ્ટ્રીય અગર વિશ્વીય પ્રશ્નો વિશે અભ્યાસ તેમજ તટસ્થતા ભરેલી ચર્ચાઓ વાસ્તે બધી શક્ય ગોઠવણ કરવી એ પજુસણના દિવસોનો ઉપયોગ એક જ્ઞાન અને શાંતિના સાપ્તાહિક સત્ર તરીકે કરવો.

(૪) જ્યાં યોગ્ય અને નિઃસ્વાર્થ વિચારકો મેળવવાની મુશ્કેલી હોય અને છતાંય બુદ્ધિની જાગૃતિ કરવી હોય ત્યાં એ દિવસોમાં અમુક જાતનાં પુસ્તકો મેળવી તેનું જાતે અગર સામૂહિક વાચન કરવું. એવાં પુસ્તકોમાં મુખ્યપણે ધાર્મિક પર્વને અનુરૂપ જીવનકથાઓનો સમાવેશ થાય. બુદ્ધ, રામ, કૃષ્ણ, ઈસુ અને તેમને પંથે ચાલેલા અનેક સંતોની સાચી જીવનકથાઓ વાંચવી. ભગવાન મહાવીરના વ્યાપક અને વિશુદ્ધ જીવનના ઉપાસકે જ્યાં જ્યાં વિશુદ્ધિ અને સદ્‌ગુણની વૃદ્ધિ દેખાય ત્યાંથી ગુણદૃષ્ટિએ તેનો અભ્યાસ કરી, ભગવાનના જીવનને અનેકાંતદૃષ્ટિએ જોવાની શક્તિ કેળવવી.

કોઈપણ વિચારકને કલ્પસૂત્ર કે તેના વાચન-શ્રવણ પ્રત્યે વિદ્વેષ કે અણગમો હોઈ જ ન શકે. નિર્જીવતા અને અનુપયોગિતા પ્રત્યેનો અણગમો ગમે તેટલો ખાળવા યત્ન કરીએ તોય તે પ્રગટ્યા વિના રહે જ નહિ. ખરું જીવન જૈનત્વમાં છે, તેથી જૈનત્વનો જીવન સાથે મેળ જ હોવો જોઈએ, વિરોધ નહિ. આ કારણથી ભગવાનની જીવનકથાનાં વાચન-શ્રવણ નિમિત્તે બુદ્ધિની બધી શાખાઓનો વિકાસ બનતે પ્રયત્ને કરવાનો યુવકોનો ધર્મ છે.

અરવિંદ કે ટાગોર, ગાંધીજી કે મશરૂવાળા જેવાના જીવનસ્પર્શી વિચારો વાંચનાર અને વિશાળ તેમજ ભવ્ય જીવંત આદર્શોમાં વિચારનાર યુવકને, એકડો ઘૂંટાવે તેવી ધૂળી નિશાળ જેવી પોષાળમાં ગોંધાઈ રહેવાનું કહેવું એ કેવળ જ્ઞાન અને અનેકાંતની ભક્તિનો પરિહાસ માત્ર છે. એક વાર વિચારકોએ નિર્ભયપણે પણ વિવેકથી પોતાનું કામ શરૂ કર્યું કે પછી એ જ પોષાળોમાં આપોઆપ વાતાવરણ બદલાવા લાગશે. કન્યા નાલાયકને વરવા ના પાડે તો શ્રીમંતના છોકરાઓને પણ લાયકાત કેળવવી જ પડે છે એ ન્યાયે. છોકરીઓને પણ સૌંદર્ય ઉપરાંત લાયકાત કેળવવી પડે છે. એટલે જે જુવાનો ચોમેર પ્રકાશ પ્રસારવા ઈચ્છતા હોય તેમણે આ કલ્પસૂત્ર પ્રત્યેની પરંપરાગત ભક્તિનો સુંદર ઉપયોગ કરી લેવો જોઈએ.

❑ પંડિત સુખલાલજી

# સ્વપ્નની શોધમાં

❑ ડૉ. એ. સી. શાહ; સંક્ષેપ ભાવાનુવાદક: જિતેન્દ્ર એ. શાહ

**(જુલાઈ '૦૭ના અંકથી આગળ)**

## મારી કર્મભૂમિ – બૅંક ઑફ બરોડા-૧

બીજે દિવસે બપોરે શ્રી ગોપાલરાવને મળવા તેમની ઑફિસે હું પહોંચી ગયો. તેમણે શ્રી ચોક્સીસાહેબ સાથે મારી મુલાકાત ગોઠવવા મને તેમની સાથે લીધો. સાહેબે એક નજર મારા પર ફેરવી અને મને બેસવા કહ્યું. તે દરમ્યાન ગોપાલરાવ પોતાના કામે બહાર જતાં રહ્યા.

મારી પગારની અપેક્ષા સાતસોની હતી તે જાણ્યા પછી તેમણે ઝડપી પ્રતિભાવ આપ્યો અને મસ્તક ધુણાવી કહ્યું, 'બિલકુલ નહીં.' હું ખરેખર ગભરાયો અને માની લીધું કે વધારે પગારની અપેક્ષાને કારણે નોકરી ગઈ હાથમાંથી. ચંદ ક્ષણો મૌન રહ્યા પછી તેઓ હળવેકથી બોલ્યા : 'ઇકોનોમિક્સમાં Ph.D.ની ડિગ્રી લેનારનો પગાર કદી પણ સાતસો ન હોઈ શકે. તમારો પગાર રહેશે સાડા આઠસો પૂરા.' તેઓ અચાનક તેમની ખુરસીમાંથી ઊભા થયા અને મારી સાથે હસ્તધૂનન કરી મને અભિનંદન આપ્યા. મેં તેમનો આભાર માન્યો પછી તેમણે બૅન્ક ઑફ બરોડાને ક્યારે પણ ન છોડવાનું અને સદા વફાદાર રહેવાનું વચન માંગી લીધું અને મેં પણ તેમને દિલથી આપ્યું.

મુલાકાત પૂરી થવામાં હતી અને ઑફિસ છોડવાની તૈયારીમાં હતો ત્યાં જ તેમના શબ્દો કાન પર અથડાયા. તે પોતે બેઠેલા તે ખુરસી તરફ આંગળી ચીંધી કહ્યું : 'આ ખુરસી પર તમારી નજર હંમેશા રાખજો.' સાવ સાચું કહું તો ત્યારે તો તેમના શબ્દો મને સમજાયા નહોતા, પરંતુ હવે સમજાય છે કે તે એક આર્ષદ્રષ્ટાના (Visionary) ભીતરમાંથી ઉગેલા શબ્દો હતા.

તા. ૨-૫-૧૯૬૩ના રોજ મેં બૅન્કમાં પ્રવેશ લીધો, તે શુભ ઘડીએ બૅન્ક ઑફ બરોડા સાથેનો મારા ત્રણ દાયકાના યાદગાર સંબંધનો પ્રારંભ થયો. આ સંબંધમાં મારા પક્ષે સમર્પણ અને સંપૂર્ણ સમર્પણ સિવાય બીજો કોઈ ભાવ હતો જ નહીં. ભીતરના કોઈ ખૂણે મેં મહેસૂસ કર્યું કે બૅન્ક ઑફ બરોડાના રૂપમાં મને કલ્પવૃક્ષની છાયા મળી હતી.

નોકરીના પ્રારંભમાં દર સોમવારે પ્રસિદ્ધ થતા Bank of Baroda Weekly Reviewનું સંપાદન કાર્ય મને સોંપાયું. પ્રત્યેક અંકમાં એક લેખ મારે લખવાનો રહેતો હતો. બે વર્ષની સેવા પછી મને આર્થિક સલાહકારનો (Economic advisor) હોદ્દો મળ્યો.

પાંચ-પાંચ દાયકાથી ગ્રામ્ય વિસ્તારોમાં સહકારી ચળવળ ચાલી રહી હતી. તે છતાં ગ્રામ્ય ધીરાણના (rural credit) ક્ષેત્રે તે ચળવળનું યોગદાન શૂન્યવત્ હતું. આ ગ્રામ્ય ધીરાણની સમસ્યા બાબત રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા તથા ઇન્ડિયન બેંક્સ એસોસિયેશનના ઉચ્ચ પદાધિકારીઓ તથા અન્ય મહારથીઓ સાથે પણ મારે સતત ચર્ચા-વિચારણા કરતા રહેવાની હતી. આવા એક અનન્ય મહારથીનું ક્યારે પણ વિસ્મરણ ન કરી શકું–તે હતા તાતા કંપનીના અર્થશાસ્ત્રી ડૉ. ફેડી મહેતા.

૧૯૬૪માં ઘટેલી એક ઘટનાને કારણે હું બિરલા પરિવારના સંપર્કમાં આવ્યો.

કોઈ કારણસર શ્રી તુલસીદાસ કિલાચંદે બૅન્ક ઑફ બરોડાના ચેરમેનપદેથી રાજીનામું આપી દીધું. ચીફ એક્ઝિક્યુટિવ ચોક્સીસાહેબે તેમના એક અત્યંત ખાનગી કામે મને દિલ્હી મોકલ્યો. હકીકતમાં સાહેબનો એક અંગત પત્ર મારે દિલ્હીમાં શ્રી આર. ડી. બિરલાને હાથોહાથ પહોંચાડવાનો હતો.

દિલ્હી પહોંચી મેં તે પત્ર શ્રી બિરલાને પહોંચાડ્યો. બીજે દિવસે તેમનો જવાબ મેળવવા મારે તેમને ફરી મળવાનું હતું. પહોંચ્યો તે દિવસે સાંજના બીજા એક બિરલા મહાશય જે. કે. બિરલા મને બિરલા મંદિર જોવા લઈ ગયા. મોડી સાંજે તેમણે મારી મુલાકાત મહાન અને પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી ઘનશ્યામદાસ બિરલા સાથે કરાવી. તેમના જેવા દાનવીર અને સાચા દેશસેવકને મળવાનું થયું તેને મારા જીવનનું એક પરમ સદ્‌ભાગ્ય ગણું છું.

દિલ્હી નિવાસના બીજે દિવસે સવારે બિરલા હાઉસમાં મારે શ્રી આર. ડી. બિરલાને ફરી મળવાનું હતું. તેમની સાથે વાતચીત થઈ તે પછી જ મેં જાણ્યું કે શ્રી ચોક્સીસાહેબે આપેલ અંગત પત્રમાં શ્રી બિરલાને બૅન્ક ઑફ બરોડાના ચેરમેનપદની દરખાસ્ત કરવામાં આવી હતી. તેમણે આપેલ મંજૂરીપત્ર લઈ હું મુંબઈ પહોંચી ગયો.

૧૯૬૭ના જુલાઈમાં ભારતીય ચલણનું અવમૂલ્યન થયું તેના સંદર્ભમાં પણ એક મજાની ઘટના ઘટી. અવમૂલ્યન થયું તેના થોડા દિવસ પહેલાં જ મારા અભ્યાસના આધારે Weeky Reviewમાં ૫૭% અવમૂલ્યનની મેં આગાહી કરેલી. શ્રી બિરલાજીના વાંચવામાં તે લેખ આવ્યો હશે. અવમૂલ્યન જાહેર થયું તે દિવસે તેમણે મને તેની ઑફિસમાં બોલાવ્યો. તેમણે મને સીધું જ પૂછ્યું: 'બેટા આ

*આવું કદી ન બોલો કે – 'મારો સ્વભાવ આવો છે, હું આવી રીતે ઉછર્યો છું, હું કોઈ ફેરફાર કરી શકું તેમ નથી.' ખડા થાઓ, જાગૃત થાઓ અને કમર કસો, એટલે તમારો સ્વભાવ જીતાશે અર્થાત્ કાબૂમાં આવશે.*

૫૭% અવમૂલ્યનની ખાનગી માહિતી તમે ક્યાંથી મેળવી?' મારો જવાબ સ્પષ્ટ હતો: 'મારા અભ્યાસના બળ પર જ મેં અવમૂલ્યનની આગાહી કરી હતી તે સિવાય ક્યાંયથી પણ માહિતી મેળવવી મારા માટે અશક્ય હતી.' મારા સાચા અને સ્પષ્ટ જવાબથી તેમને સંતોષ થયો અને તેમણે મને બિરલા ગ્રુપમાં જોડાવા આમંત્રણ આપ્યું. હું તો ચોક્સીસાહેબ સાથે વચનબદ્ધ થયો હતો તેથી તેમનું આમંત્રણ મેં સવિનય નકાર્યું.

લંડનથી પ્રસિદ્ધ થતાં બૅન્કિંગ ક્ષેત્રના બધા જ પુસ્તકો અમારા M.D.ને મળતાં અને તેમની મારફતે તે પુસ્તકો વાંચવાનો લાભ મને પણ મળતો. બે પુસ્તકોથી હું ભારે પ્રભાવિત થયો. પ્રથમ પુસ્તક છે Dr.Schact - A Financial Genius of Germany અને બીજું પુસ્તક છે Biogrophy of a Bank.

આ દરમ્યાન અમારા ચોક્સીસાહેબને કારણે બૅન્કિંગ ક્ષેત્રના અનેક મહારથીઓને મળવાનું મને સદ્ભાગ્ય મળ્યું. અત્યારે સ્મરણમાં થોડા નામો આવે છે–યુનિયન બૅન્કના શ્રી નરિમાનસાહેબ, બૅન્ક ઑફ ઇન્ડિયાના કંસારાસાહેબ, દેના બૅન્કના શ્રી પ્રવીણચંદ્ર ગાંધી, યુનાઇટેડ બૅન્કના શ્રી દત્તા તથા યુકો બૅન્કના શ્રી આર. બી. શાહ.

અહીં શ્રી ચોક્સીસાહેબને ફરી સ્મરી લઈએ. તેમણે જૂન '૬૯માં નિવૃત્ત થવાનું નક્કી કર્યું હતું. તે જ સાલના મધ્ય જૂનમાં ઇન્ડિયન બૅન્ક્સ એસોસિયેશનનો (I.B.A.) એક કાર્યક્રમ સ્ટેડિયમ હાઉસમાં યોજાયો હતો. સ્ટેડિયમ હાઉસની લિફ્ટમાં હું, ચોક્સીસાહેબ તથા અન્ય બૅન્કસના કેટલાક ઉચ્ચ પદાધિકારીઓ સાથે થઈ ગયા. લિફ્ટમાં જ કોઈકે બસ અમસ્તા જ તેમની નિવૃત્તિનો પ્રશ્ન છેડ્યો. તેમણે આપેલો ઉત્તર બહુ જ સૂચક હતો: 'મારી જ્યારે જરૂર નહીં હોય ત્યારે હું એક દિવસ પણ વધારે રોકાઈશ નહીં.' તે સમયે કોઈ સમજી ન શક્યું કે તેઓ વ્યવસાયિક નિવૃત્તિની વાત કરી રહ્યા હતાં કે જીવનનિવૃત્તિની. જૂન ૨૫ '૬૯માં તેમનો જીવનદીપ બુઝાયો.

તેઓ મારા માત્ર ગુરુ જ નહીં, પિતાતૂલ્ય અને પૂજ્ય હતાં. તેમની વિદાય પછીનો Weekly Reviewનો જે અંક પ્રસિદ્ધ થયો તેમાં મેં મારી શ્રદ્ધાંજલિ ખોબો ભરીને આપી.

### બેંક ઑફ બરોડા-૨

તે સમયના વડાપ્રધાન શ્રીમતી ગાંધીએ સાવ અચાનક જ ૧૯ જુલાઈ '૬૯ના રોજ બૅન્કસનું રાષ્ટ્રિયકરણ જાહેર કરી દીધું. પચાસ કરોડ અથવા તેથી વધારે ડિપોઝિટ ધરાવનાર ચૌદ બૅન્કસનું રાતોરાત રાષ્ટ્રિયકરણ થઈ ગયું. પ્રત્યેક રાષ્ટ્રિયકરણ થયેલ બૅન્કસના સર્વોચ્ચ અધિકારી કસ્ટોડિયન તરીકે જાહેર થયા.

૧૯૭૨ના આખરમાં એમ. જી. પરીખના સ્થાને વી. ડી. ઠક્કર બૅન્ક ઑફ બરોડાના ચેરમેનપદે આવ્યા. તેમની સાથે મેં બે વર્ષ કામ કર્યું.

કોઈપણ કારકિર્દી રાજમાર્ગ નથી હોતો. વ્યક્તિત્વના ઘડતરમાં સંઘર્ષો અનિવાર્ય હોય છે. મારા માટે સારો એવો સમય ભારે કપરો અને કષ્ટદાયક હતો. આવા સમયમાં પણ મને સાથ આપનાર મારા વરિષ્ઠ અધિકારીઓ દા.ત. શ્રી પી. વી. શાહ, શ્રી સી. જી. મોદી તથા શ્રી. એ. ડી. દીક્ષિત વગેરેને હું ક્યારે પણ ભૂલી નહીં શકું.

આ દરમ્યાન શ્રી ઠક્કરે રાજીનામું આપી દેતાં '૭૫ના અંતમાં શ્રી આર. સી. શાહ બૅન્ક ઑફ બરોડાના ચેરમેનપદે આવ્યા. આ જ અરસામાં અલ્હાબાદ હાઈકોર્ટનો ચૂકાદો આવી જતાં વડાપ્રધાન શ્રીમતી ગાંધીએ દેશમાં કટોકટી જાહેર કરી દીધી.

કારકિર્દીની દૃષ્ટિએ જોઈએ તો શ્રી આર. સી. શાહ ચેરમેનપદે હતાં તે દરમ્યાન મારી સારી પ્રગતિ થઈ. મારી Assistant General Managerના પદે બઢતી થઈ. એક વધારે તક '૭૯માં મને મળી અને તે મારા માટે સુખદ સાબિત થઈ.

તે દિવસે બૉર્ડ મિટિંગ હોવા છતાં માંદગીના કારણે હું ઑફિસે જઈ શક્યો ન હતો. મિટિંગ પૂરી થતાં જ શ્રી આર. સી. શાહનો ફૉનકૉલ ઘરે આવ્યો. તેમણે મને અભિનંદન આપ્યા અને કહ્યું કે મારી બઢતી હવે Deputy General Manager તરીકે થઈ હતી અને મારે આંતરરાષ્ટ્રીય વિભાગ (International Division) સંભાળવાનો હતો. ધીરાણ પછીનો તે સહુથી મહત્ત્વનો વિભાગ હતો.

બૅન્ક ઑફ બરોડાની પરદેશની શાખાઓની મુલાકાત લેવાની શરૂઆત મેં કેન્યા, યુગાંડા તથા ઝાંબીઆથી કરી. ત્યાર પછી ઓમાન, યુ.એ.ઇ. તથા બહારિન જેવા અખાતી દેશોમાં જઈ આવ્યો. ત્યાર બાદ હોંગકોંગ, સીડની (ઓસ્ટ્રેલિયા), ફિઝિ ટાપુ તથા લંડન-બ્રસેલ્સની પણ મુલાકાત લીધી.

દરરોજ ચારથી પાંચ કલાક હું અભ્યાસમાં વીતાવતો હતો. જેથી આંતરરાષ્ટ્રીય બૅન્કિંગ પ્રવાહોથી માહિતગાર રહી શકું. એક દૃઢનિશ્ચય મનોમન કર્યો હતો કે કોઈ પણ ફાઇલ મારા ટેબલ પર ચોવીસ કલાકથી વધારે રહેવી ન જોઈએ અને તે નિર્ણયનો નિષ્ઠાપૂર્વક અમલ પણ કરતો હતો.

૧૯૮૦માં એક ઘટના ઘટી જે યાદગાર બની રહી. ચેરમેને મને બૉર્ડની મિટિંગ પહેલાં જ ચાર જનરલ મેનેજર પૈકીના એક તરીકેની બઢતી આપવાનું વચન આપ્યું. કોઈ કારણસર તેઓ વચન પાળી

*ભૂતકાળમાંથી બોધપાઠ લો, ભવિષ્યકાળ માટે યોજના કરો, પરંતુ જીવો તો વર્તમાન ક્ષણમાં જ અર્થાત્ વર્તમાનમાં જે કાંઈ કરો તે એકાગ્રતાપૂર્વક કરો. તેમાં જ સમગ્ર સફળતા છૂપાયેલી છે.*

શક્યા નહીં અને મારી બદલી ન્યૂયોર્ક કરી મને વરિષ્ઠ (Senior) વાઇસ પ્રેસિડન્ટનો હોદ્દો આપવાની દરખાસ્ત કરી. માત્ર અને માત્ર ચોવીસ કલાકની અંદર મારે બદલી સ્વીકારવી કે નહીં તેનો જવાબ આપી દેવાનો હતો. પૂરા પરિવાર સાથે બેસી આ બદલી સ્વીકારી લેવાનો નિર્ણય કર્યો. અભ્યાસ ચાલુ હોવાને કારણે મારો પુત્ર સમીર અને પુત્રી સ્વાતિ અમારી સાથે આવી શકે તેમ ન હોવાથી મારા ભાભીને અમારે ઘરે બોલાવવાનું નક્કી કર્યું. સપ્ટેમ્બર '૮૦માં હું, કોકિલા અને અપૂર્વ અમેરિકા પહોંચી ગયા. ૧૯૮૨માં વડોદરાની બોર્ડ મિટિંગમાં મને ધીરાણ (Credit) વિભાગનો સંપૂર્ણ કાર્યભાર સોંપવામાં આવ્યો. ધીરાણનું કામ બૅન્કિંગના ક્ષેત્રમાં સહુથી વધારે જવાબદારીવાળું ગણાય છે. '૮૬ના પ્રારંભમાં ભારત સરકારે પાંચ વર્ષ માટે executive director તરીકે મારી નિમણૂક કરી. ચેરમેનપદ પછીનો આ સહુથી મહત્ત્વનો હોદ્દો હતો. હવે માત્ર એક જ પગથિયું ચઢવું બાકી હતું.

માર્ચ '૯૦માં બૅન્ક ઑફ બરોડાના ચેરમેનપદે મારી નિમણૂક થઈ. ૧૯૬૩માં ઉચ્ચારાયેલી શ્રી ચોક્સીસાહેબની આર્ષવાણી મને યાદ આવી : 'આ ખુરશી પર નજર રાખજો.' ત્યારે તો તે શબ્દોનો અર્થ બહુ સમજાયો નહોતો, પરંતુ હવે કંઈક સમજમાં આવ્યો.

મારા અધ્યક્ષપદ નીચેની પહેલી મિટિંગ એપ્રિલની બીજીએ દિલ્હીમાં નક્કી થઈ. એપ્રિલની પહેલી તારીખે કાળજું કંપી ઊઠે તેવા અશુભ સમાચાર મને મળ્યા.

મારા મોટા પુત્ર અને સાચા અર્થમાં તેજસ્વી કહી શકાય તેવા સમીરનું અમેરિકામાં કાર અકસ્માતને કારણે અકાળે મૃત્યુ થયું. પૂરા પરિવારથી દૂર હું દિલ્હીમાં એકલો હતો અને આ આઘાતજનક સમાચાર સાંભળી તદ્દન ભાંગી પડ્યો. કોકિલા અને સંતાનો સ્વાતિ-અપૂર્વ મુંબઈમાં હતાં. તેમની હાલતનો વિચાર કરતાં પણ થથરી જવાતું હતું. પરિવારે સાથે બેસી કેવા કેવા સ્વપ્નો જોયા હતાં અને ચક્ષુ ખુલતાં જ જોયું કે જે ભૂમિ પર અમે ઊભા હતા તે જ ભૂમિ અમારા પગ તળેથી સરકી રહી હતી.

મારા સાથી-મિત્રોએ મને મુંબઈના પ્લેનમાં બેસાડી દીધો. ઘરે પહોંચતા જ કોકિલા - સ્વાતિ - અપૂર્વ મને એકદમ વળગી પડ્યા. અમે સહુ ભાંગી પડ્યા હતા અને હૈયાફાટ આક્રંદ કરી રહ્યા હતાં. કોણ કોને આશ્વાસન આપે ?

તે જ રાતે મેં અને કોકિલાએ પરિવારના મિત્ર સમા વિક્રમ શાહ સાથે ન્યૂયોર્ક ઉપડી જવાનું નક્કી કર્યું, જ્યાં સમીરનો પાર્થિવદેહ હજી હયાત હતો. બે દિવસ ન્યૂયોર્ક રહી સમીરના અસ્થિ લઈ અમે મુંબઈ પાછા આવી ગયા.

અહીં સમીરના પત્ની અને અમારી પુત્રવધૂ સુમીને પણ ઘડીક યાદ કરી લઈએ. સમીરના અકાળ અવસાનને કારણે તેના સંપૂર્ણ અસ્તિત્વને જાણે લકવો મારી ગયો હતો. સમીરના દેહાંતના બે-ત્રણ વર્ષો પછી તેને અમે બીજા લગ્ન કરી લેવા આગ્રહ કર્યો પરંતુ તેના માટે સુમિ પોતે તૈયાર નહોતી. આજે પણ કન્નેકટીકટમાં તે એકલી રહે છે અને આજે પણ તેની ઓળખ સુમિ શાહની જ રહી છે !

શોકના તેર દિવસ પછી અમે બનારસના ત્રિવેણી-સંગમમાં જઈ અસ્થિ-વિસર્જન કરી આવ્યા. તે દિવસ પછી પ્રભાતની પૂજામાં સમીરને યાદ કરી મેં પ્રાર્થના ન કરી હોય તેવું ક્યારે પણ બન્યું નથી.

બનારસથી આવ્યા પછી બૅન્ક ઑફ બરોડાની કાર્યધૂરા મેં ભારે હૈયે સંભાળી લીધી. ચેરમેનપદ સિવાય પણ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં હું વ્યસ્ત રહેતો હતો. I.I.M. અમદાવાદ તથા N.I.B.M. પૂનામાં મુલાકાતી પ્રોફેસર તરીકે મારે સેવા આપવાની થતી. બૅન્ક ઑફ બરોડાની Apex Training College – અમદાવાદ સાથે પણ હું સંકળાયેલ હતો.

હવે દલાલ હર્ષદ મહેતાને કારણે ભારતીય બૅન્કિંગમાં સર્જાયેલ કટોકટીની (The Security Scam) વાત કરી લઈએ. અન્ય બૅન્કસ જ્યારે પોતાને હસ્તકની સિક્યોરિટીસ દલાલોને સોંપી તગડો નફો ઘરભેગો કરવાની વેતરણમાં પડી ગઈ ત્યારે અમે બૅન્ક ઑફ બરોડાવાળા આ તગડા નફાની લાલચથી દૂર રહ્યા અને અમારા વરિષ્ઠ સાથી શ્રી રામમૂર્તિની દૂરંદેશીના કારણે બૅન્કિંગ ઉદ્યોગમાં જાગેલા આ મહાતોફાનમાંથી બૅન્ક ઑફ બરોડા નિષ્કલંક બહાર આવી.

ફેબ્રુઆરી '૯૩માં હું બૅન્કમાંથી નિવૃત્ત થયો. આ પહેલાં બે વાર સરકારે મારી સર્વિસ વધારી આપી હતી, ૬૦ વર્ષ પૂરા થયા હોવા છતાં. નિવૃત્તિ પહેલાં ડિસેમ્બરમાં મારા પર 'હાર્ટ એટેક'નો એક ગંભીર હુમલો આવી ગયો.

ડૉ. આનંદ નથવાનીની સલાહથી જસલોક હોસ્પિટલના I.C. Unitમાં મને બોંતેર કલાક રાખવામાં આવ્યો. તે કટોકટીમાંથી બહાર આવ્યા પછી પણ લાંબો સમય સુધી ઘરમાં રહેવું પડ્યું. તે સમયગાળો મારા માટે અશાંતિનો હતો. પરિવારજનોની ચિંતા મને કોરી ખાતી હતી. નાનો પુત્ર અપૂર્વ હજી કૉલેજમાં હતો અને જાન્યુઆરી '૯૩માં પુત્રી સ્વાતિના લગ્ન લેવાના હતા. બે-ત્રણ લાખની રોકડ અને સ્થાવર મિલકતમાં અંધેરીના એક ફ્લેટ સિવાય અમારી પાસે હતું શું ?

તે સમયે ત્રણ સંતોના આશીર્વાદ મને સાવ અણચિંતવ્યા મળી આવ્યા. કાંચીના શંકરાચાર્ય, કોબા–ગાંધીનગરના શ્રી પદમસાગર

*તમારી જાત સાથે કડક બનો અને બીજા સાથે કોમળ–નમ્ર બનો. બધાને ક્ષમા આપો પણ તમારી જાતને ક્ષમા ન આપો. અર્થાત્ તમારી ભૂલોનો બચાવ ન શોધો પણ તેનો એકરાર કરતાં શીખો.*

મહારાજસાહેબ અને શ્રી પ્રમુખસ્વામી મહારાજના. તેમના આશીર્વાદ અને માર્ગદર્શનને કારણે મારા જીવનનો ઉબડખાબડ રસ્તો સાવ સરળ થઈ ગયો તેવું મેં મહેસૂસ કર્યું.

પરમાત્માની અસીમ કૃપા, સંતોના આશીર્વાદ તથા મિત્રોની પારાવાર મહેનત અને શુભેચ્છાથી ચિ. સ્વાતિનો લગ્નપ્રસંગ નિર્વિઘ્ને પાર પડી ગયો.

ત્રણ વર્ષ સુધી ચેરમેનપદે રહી મેં મેળવ્યું શું અથવા મેં આપ્યું શું તેના લેખા-જોખા કરવા જરૂરી ગણાય.

રાષ્ટ્રીયકરણ થયેલી બૅન્કસમાં બૅન્ક ઑફ બરોડાનું સ્થાન – સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા પછી – ફરી વાર પ્રથમ આવી ગયું. ડિપોઝિટસ જે રૂા. ૧૨,૦૦૦/- કરોડ હતી તે વધીને બમણી થઈ ગઈ. બૅન્કે જે નફો કર્યો તે તેના ઇતિહાસમાં અભૂતપૂર્વ હતો–૧૮ કરોડનો નફો વધીને ત્રણ આંકડામાં એટલે કે ૧૦૦ કરોડ સુધી પહોંચી ગયો.

આ રીતે સંપૂર્ણ સંતોષ સાથે મારી બૅન્ક ઑફ બરોડાની ઇનિંગ મેં પૂરી કરી! બૅન્કમાં સર્વોચ્ચ સ્થાન સુધી હું પહોંચીશ તેવી કલ્પના સુદ્ધાં મેં નહોતી કરી. કર્મચારીગણનો પ્રેમ તથા સાથીકાર્યકરોનો જે વિશ્વાસ મેં મેળવ્યો તે મને મળેલ શ્રેષ્ઠ પુરસ્કાર હતો. તે વિશે મનમાં કોઈ સંદેહ નથી. તમને કદાચ લાગશે કે હું લાગણીના પૂરમાં તણાઈ રહ્યો છું, ભાવુક થઈ ગયો છું પરંતુ સાચી હકીકત એ છે કે બૅન્ક ઑફ બરોડામાં જે ત્રીસ વર્ષો મેં ગાળ્યા તે મારા જીવનના શ્રેષ્ઠ વર્ષો હતાં. (વધુ આવતા અંકે આગળ)

(૧) સી-૧-૨, લૉયડ્સ ગાર્ડન, અપ્પા સાહેબ માર્ગ, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦ ૦૨૫.
(૨) જિતેન્દ્ર એ. શાહ, ૨૦૧, 'વસુંધરા', ૨૯/A, નૂતન ભારત સોસાયટી, અલકાપુરી, વડોદરા–૩૯૦૦૦૭.

---

# 'જૈના'નું અધિવેશન : સંવાદ દ્વારા શાંતિ

❑ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

ધર્મના મૂલ્યોની સમજ અને વ્યાપક દૃષ્ટિ પાંખો પ્રસારીને ગગનવિહાર કરે છે ત્યારે આપોઆપ અનેક નવી ક્ષિતિજો ખુલતી હોય છે.

ભાષા, વતન, જ્ઞાતિ, દેશ–પ્રદેશ અને સંપ્રદાયના ભેદ વગર એક લાખ જૈનોના સૌથી મોટા સંગઠન 'જૈના'એ અમેરિકાના ન્યૂજર્સી શહેરમાં ચૌદમા દ્વિવાર્ષિક અધિવેશનનું આયોજન કર્યું. કેનેડાના ટોરન્ટોથી માંડીને કેલિફોર્નિયા સુધીના સહુ જૈનોએ એની સફળતા માટે છેલ્લા અઢાર મહિનાથી અથાગ પ્રયત્ન કર્યો. આ અધિવેશનનના બોર્ડમાં યુવાનોનો સમાવેશ કરીને આ કાર્યક્રમોને યુવાનોની દૃષ્ટિએ એક જુદો અભિગમ મળે એવો પ્રયાસ કરવામાં આવ્યો.

ઉત્તર અમેરિકાના ૬૭ જૈન સેન્ટરોના આ ફેડરેશને એકતાનો મહાસંદેશ સહુને સંભળાવ્યો. આમાં દેશ અને વિદેશના પાંસઠ હજાર લોકો ડેલિગેટ તરીકે ઉપસ્થિત રહ્યા. પ્રતિદિન આઠ હજાર વ્યક્તિઓ મનમોહક ભોજન પામતી હતી. જુદાં જુદાં પાંચ સ્થળોએ એના કાર્યક્રમો યોજાયા. દિલીપ શાહ, નીતિન તલસાણિયા, કિરીટ દફતરી અને દિલીપ પુનાતર જેવા કાબેલ આયોજકોએ આ અધિવેશનની આબાદ વ્યવસ્થા કરી.

એની આંખે ઊડીને વળગે એવી વિશેષતા એ હતી કે અહીં જુદા જુદા વયજૂથોને અનુલક્ષીને એક સાથે ચાર પ્રકારના કાર્યક્રમો ચાલતા હતા. સામાન્ય રીતે અધિવેશનોમાં માત્ર મોટી વયના શ્રોતાઓને માટે કાર્યક્રમો યોજવામાં આવે છે. આને કારણે એમની સાથે આવનારાં બાળકો અકળાઈ ઊઠતા હોય છે. ક્યાં બહાર ફરતા હોય અથવા એમનું બેબી-સીટીંગ કરવામાં આવતું હોય. અહીં બાળકોના કાર્યક્રમોને આગવું મહત્ત્વ આપવામાં આવ્યું. પાંચ વર્ષથી બાર વર્ષના બાળકો માટે વિવિધ આયોજનો થયા. એમાં બાળકોને પ્રિય એવા કાર્યક્રમો રજૂ થયા. બાળકોએ પોતે કાર્યક્રમો રજૂ કર્યા અને આ અધિવેશન જેમ પ્રૌઢો માટે યાદગાર બની રહ્યું, તે જ રીતે બાળકો માટે માનીતું બની ગયું. એ પછી બીજું, વયજૂથ તે બાર વર્ષથી ઓગણીસ વર્ષના યુવાનો માટે. એ પછીનું વયજૂથ તે ૨૦ વર્ષથી મોટી વયના યુવાનો માટે હતું. જેમાં કારકિર્દીને અનુલક્ષીને અને લગ્નજીવનને અનુલક્ષીને જુદા જુદા કાર્યક્રમો રાખવામાં આવ્યા.

આની સાથોસાથ મુખ્ય સભાગૃહમાં મહત્ત્વના કાર્યક્રમોનું આયોજન થયું. માત્ર ચાર દિવસમાં અહીં એકસોથી વધુ સંતો, વિદ્વાનો અને વિચારકોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા અને બસ્સોથી વધુ કાર્યક્રમો યોજાયા.

જૈન ધર્મના સિદ્ધાંતોથી માંડીને વૈશ્વિક સ્તરે આ ધર્મના મૂલ્યો

*તમારી ચારેય બાજુ દૃષ્ટિ ફેંકો. તમે જે લોકોને, સગાવહાલાને, મિત્રોને, પાડોશીઓને અને શિક્ષકોને જાણતાં હો, તેઓ પ્રત્યે નજર કરો. તે દરેકમાં રહેલ જે કાંઈ ગુણ તમને ઘણો જ ગમતો હોય તે જુઓ અને પછી તમારી રીતે તે ગુણનું અનુકરણ કરવા પ્રયત્ન કરો. (આથી ગુણ સહેલાઈથી પ્રાપ્ત થાય, એટલું જ નહિ પણ દરેકની સાથે ગાઢ મૈત્રી–પ્રેમભાવ ટકી રહે.)*

કેટલા ઉપયોગી બની શકે અને તે માટે શું પ્રયત્ન થવા જોઈએ એની ચર્ચા થઈ. આમાં અમેરિકન યુનિવર્સિટીના અધ્યાપકોની સાથોસાથ શ્રી શ્રી રવિશંકર અને સ્વામી રામદેવના જૈન ધર્મ વિશેનાં વક્તવ્યો યોજવામાં આવ્યા. શ્રી શ્રી રવિશંકરે જૈન ધર્મની પ્રતિક્રમણની પ્રક્રિયા ઉપર વક્તવ્ય આપ્યું અને એના દ્વારા પ્રાપ્ત થતા આભ્યંતર આનંદની વાત કરી, તો સ્વામી રામદેવે યોગ સાથે જૈન જીવનશૈલીને જોડી આપી. દીપક જૈન જેવા કૅલોગ સ્કૂલ ઑફ મેનેજમેન્ટના ડીને ત્રણ હજારથી વધુ શ્રોતાઓ સમક્ષ મેનેજમેન્ટમાં ધર્મના મૂલ્યોની આવશ્યક્તા દર્શાવી, તો ડૉ. સુધીર શાહે જૈન ધર્મમાં રહેલા 'સુપર સાયન્સ'ને એક ડૉક્ટરની દૃષ્ટિએ પ્રસ્તુત કર્યું. બ્રિટન ખાતેના પૂર્વ ભારતીય હાઇકમિશ્નર ડૉ. એલ. એમ. સિંઘવીએ શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીના સંબંધો વિશે વિગતે છણાવટ કરી.

આ અધિવેશનની વિશેષતા એ હતી કે અહીં કોઈ સંપ્રદાયો, ફિરકાઓ કે મતાવલંબીઓનું વર્ચસ્વ નહોતું. દરેક વ્યક્તિ પોતાના સંપ્રદાયની વાત આગળ ધરવાને બદલે ધર્મનાં મૂલ્યોની અને ભાવિ પેઢીમાં ધર્મની જાળવણીની વાત કરતા હતા. જુદા જુદા ધર્મોના અગ્રણીઓએ પણ આમાં ભાગ લીધો અને એ જ રીતે ધર્મો-ધર્મો વચ્ચે આદાન-પ્રદાન અને આંતરસંવાદ થયો.

અહીં પ્રતિક્રમણ, યોગ અને ધ્યાનના વર્ગો રોજ નિયમિત રીતે ચાલતા હતા, તો બીજી બાજુ સમાજના પ્રશ્નો વિશે પણ ગંભીર બેઠકો થતી હતી. વ્યક્તિત્વ-વિકાસની કાર્યશિબિરોની સાથોસાથ યુવાનોના અને મહિલાઓના પ્રશ્નો વિશે ચર્ચાસભા થતી હતી. જૈન કલાનું એવું સુંદર પ્રદર્શન યોજાયું હતું કે જાણે રાણકપુર તીર્થની શિલ્પાકૃતિઓની વચ્ચે સભા ગોઠવાઈ હોય એવું વાતાવરણ ખડું થયું હતું.

અમેરિકામાં આવી સંસ્થાના પ્રારંભની પ્રેરણા ગુરુદેવ શ્રી ચિત્રભાનુએ આપી હતી અને આજે પંચ્યાસી વર્ષે પણ સહુને ભગવાન મહાવીરના સિદ્ધાંતો પર જીવન જીવીને એકતા માટે અથાગ પુરુષાર્થ કરતા હતા. બાળકોમાં પ્રાણીપ્રેમ જાગે તે માટે 'પિટા' સંસ્થાના કાર્યક્રમો ચાલતા હતા તો વીસ વર્ષની વયથી ઉપરના યુવાનો માટે જૈન નેટવર્કિંગ ફોરમ દ્વારા યુવા મેળો પણ યોજાયો હતો. અમેરિકામાં વસતા સિનિયર સીટીઝનોને માટે જુદી જુદી વ્યવસ્થાઓનો પણ વિચાર કરવામાં આવ્યો. અમેરિકાની સેનેટના કૉંગ્રેસમેન ફ્રેન્ક પલોને અમેરિકાના જનજીવનમાં જૈન સમાજે આપેલા ફાળાની પ્રસંશા કરી હતી, જ્યારે લૅન્ડમાર્ક એજ્યુકેશન ફોરમ દ્વારા કઈ પદ્ધતિએ વર્તમાન જીવનમાં પરિવર્તન લાવવું એ વિશે વિચાર-વિમર્શ થયો. રોજ સાંજે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં રાસ, ગરબા, નૃત્ય જેવા સુંદર આયોજનો થયા.

આ અધિવેશનનો મુખ્ય વિષય હતો 'સંવાદ દ્વારા શાંતિ' (પીસ થ્રૂ ડાયલોગ) અને એ વિષયને અનુલક્ષીને અનેક વિદ્વાનોએ પ્રવચનો આપ્યા.

આ અધિવેશનમાં 'સમોવસરણ'ના વિષયને વિશેષપણે દર્શાવવામાં આવ્યો. તીર્થંકર ભગવાન દેશના આપતા હોય ત્યારે પશુ-પક્ષી, માનવી અને દેવો સહુ કોઈ સમોવસરણમાં એકસાથે બેસીને એમનો ઉપદેશ સાંભળે છે. વિશ્વ સંવાદના પ્રતીકરૂપે અહીં સમોવસરણની ૧૬ X ૨૦ ફૂટની કેનિયાના કલાકારોએ તૈયાર કરેલી ભવ્ય રંગોળી કરવામાં આવી હતી. એ જ રીતે સમોવસરણની ભવ્ય પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી તથા ૧૩૦ બાળકોએ સમોવરસણની સંગીતમય રજૂઆત કરી. અષ્ટપદા તીર્થને અનુલક્ષીને તૈયાર કરાયેલી અતીત, વર્તમાન અને અનાગત ચોવીસીની રમણીય મૂર્તિઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. સૂર્યશક્તિ દ્વારા જીવનશક્તિ પામવાની હીરા રતન માણેકના પ્રયોગોનું પણ નિદર્શન થયું.

સંતોના આશીર્વાદ, દેવગુરુ, શાસ્ત્ર પૂજા અન્ય પૂજનોની સાથોસાથ ધર્મ શિક્ષણ પર વિશેષ ઝોક મૂકવામાં આવ્યો. આજે અમેરિકામાં અનેક સ્થળોએ પાઠશાળામાં શિક્ષણ આપવામાં આવે છે. બાળકોને આ શિક્ષણ આપવા માટે પ્રવીણ શાહ જેવા ભેખધારીઓએ એને માટે પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા છે. વળી શિક્ષકોનું સંમેલન યોજીને એમના પ્રશ્નો વિશે ગંભીર ચર્ચા-વિચારણા થાય છે. વળી, ઇ-બુકના પ્રોજેક્ટ દ્વારા પચીસ હજાર પૃષ્ઠનું જૈન સાહિત્ય ડીવીડીમાં આપવામાં આવ્યું, જેની ૧૫૦૦ કોપી સાહિત્યરસિકોએ ખરીદી.

આ રીતે આવતી પેઢીમાં આ ધર્મભાવનાઓ કેવી રીતે લઈ જવી તેનું સહચિંતન થયું તો એની સાથોસાથ આગામી પંદર વર્ષમાં 'ટુ લીવ એ જૈન વે ઑફ લાઇફ' માટેના ચોવીસ જેટલા આયોજનો નિર્ધારિત કરવામાં આવ્યા.

આવું વ્યાપક અધિવેશન હાજર રહેલા સહુ કોઈના ચિત્ત પર પ્રસન્નતાનો ભાવ અંકિત કરી ગયું. ✱✱✱

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

*મહાન મનુષ્યોના જીવન આપણને યાદ કરાવે છે કે–આપણે પણ આપણા જીવનને ભવ્ય બનાવી શકીએ છીએ અને મૃત્યુ પામ્યા પછી પણ સમયની રેતી પર આપણે આપણા પોતાના પગલાંની છાપ મૂકતા જઈએ છીએ. જે પગલાં જોઈને જીવનના ગંભીર ધ્યેય માટે મુસાફરી કરતો કોઈ નાસીપાસ થયેલ અને જેના જીવનની નાવ ભાંગી ગઈ છે, એવા એકલા અટૂલા બાંધવને હિંમત અને પ્રેરણા મળશે.*

# 'વધારીઆ'નો વધારો

❑ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૫-૫-૨૦૦૭ના અંકમાં પ્રગટ થયેલ મારા 'વધારીઆ' શીર્ષક-વાળા લેખને ધાર્યા કરતાં વધુ આવકાર મળ્યો છે. હાલ પાલીતાણામાં ચાતુર્માસ ગાળતા આચાર્ય કલાપ્રભાસાગરસૂરિજીએ એ લેખ વાંચી, મારું બીજું સાહિત્ય પણ વાંચવાની ઈચ્છા દર્શાવી છે. આને હું પ્રમાણપત્ર કરતાં પણ વિશેષ તો મારું સદભાગ્ય સમજું છું. 'પ્રબુદ્ધ જીવન'એ મને વર્ષોથી લખતો કર્યો છે, લખતો રાખ્યો છે એ બદલ એનો પણ આભાર માનું છું.

'વધારીઆ' લેખની નક્કર વાસ્તવિક્તા અનેક સહૃદય ભાવકોને સ્પર્શી ગઈ છે. આપણી કથા-વ્યથા કે વ્યથા-કથા કેવળ આપણી જ નથી પણ અનેકોની છે ને કાળક્રમે ઘટવાને બદલે એમાં ઉત્તરોત્તર નિરંતર વધારો થયા કરે છે, એ એની કરુણતા છે. આપણે ત્યાં ભલે કરોડપતિઓની સંખ્યા વધે પણ લોકસંગ્રહ ને લોકકલ્યાણની બાબતમાં શિક્ષિત પ્રજા કે સરકાર પ્રમાદી ને બેપરવા છે. કલ્પનાજન્ય સહૃદય સંહાનુભૂતિના અભાવે એમાં વેગ આપનાર નથી એ નક્કર વાસ્તવિક્તાનો સમજણપૂર્વક સ્વીકાર કર્યા વિના ચાલવાનું નથી. રાષ્ટ્રીય આયુષ્ય-આંકની વૃદ્ધિ સાથે વૃદ્ધોની સમસ્યાઓમાં પણ વૃદ્ધિ થનાર છે એ વરવી વાસ્તવિક્તાનો સ્વીકાર કરીને આપણે જીવવાનું છે—મરીએ ત્યાં સુધી જીવવાનું છે—તો શું કરવું?

પ્રથમ તો આપણે પુત્રની ગાંડી ઘેલછામાંથી મુક્તિ મેળવવાની છે. પુત્રેષણા, વિત્તેષણા, લોકેષણા અને રસેષણા—માનવપ્રકૃતિનાં કેટલાક વ્યાવર્તક લક્ષણોની પક્કડમાંથી મુક્તિ મેળવવાની છે. પુત્રેષણા જ શા માટે? વંશવૃદ્ધિ, કાયદાની દૃષ્ટિએ મિલકતનો વારસદાર, પિતાએ આદરેલાં પૂરાં કરનાર ને 'પુ' નામના કાલ્પનિક નરકમાંથી 'ત્ર' એટલે તારનાર—માટે પુત્રની 'એષણા' આ બધામાં તથ્ય કેટલું?

વર્ષો પૂર્વે પ્રો. રામનારાયણ પાઠકે(દ્વિરેફ) 'મુકુન્દરાય' નામે એક હૃદયસ્પર્શી વાત લખી છે. જેમાં એક ગરીબ વિપ્ર વિધુર પિતા ને વિધવા દીકરી, પેટે પાટા બાંધી એકના એક દીકરાને (વિધવા ગંગાના ભાઈ મુકુન્દને) કૉલેજ કરાવે છે. પોતાની આર્થિક સ્થિતિનો વિચાર કર્યા વિના મુકુન્દરાય મિત્રોમાં પ્રભાવ પાડવા બિનજરૂરી બેફામ ખર્ચા કરી ગરીબ પિતા ને વિધવા બહેનને તંગ કરે છે. પિતાની વાસ્તવિક સલાહ શાંતિપૂર્વક સાંભળવા, સમજવાને બદલે, મિત્રો સમક્ષ અપમાન થયું માની લઈ, ઉદ્દંડતાપૂર્વક ગૃહત્યાગ કરે છે, ત્યારે કકળતી આંતરડીએ વૃદ્ધ નિર્ધન પિતા દેવ સમક્ષ ત્રણ ત્રણ વાર 'નખોદ' માગે છે. મારા એક વિદ્વાન જ્યોતિષી-મિત્રનો રીડર- પુત્ર પિતાને તંગ કરતો હતો ત્યારે મેં એમને પૂછેલું—આ ક્યા પ્રકારનો પુત્ર? તો કહે, જ્યોતિષમાં એને પુત્રરિપુ કે રિપુ-પુત્ર કહે છે; પુત્રરૂપે દુશ્મન. આવા કપૂતોની વંશવૃદ્ધિ કરતાં નખોદ શું ખોટું? અને કપૂતના હાથમાં ગયેલી લક્ષ્મીની શી દશા થાય? અને સ્વર્ગ તથા નર્ક- એ તો કેવળ તરંગતુક્કા—નવલકથાની કલ્પના માત્ર છે. ચિત્તની પરમ શાંતિ એ સ્વર્ગ, અશાંતિ ક્ષોભ, કકળાટ એ નર્ક. સ્વર્ગ કે નર્ક ઊંચે આકાશમાં કે નીચે પાતાળમાં નથી—આપણા મનમાં, હૃદયમાં જ એનું અસ્તિત્વ છે. The mind is its own place and can make A Heaven or Hell, a Hell or Heaven. તારનાર કે મારનાર ખુદ આપણે જ છીએ. કંસ નામના કાલ્પનિક નરકમાંથી તારનાર પુત્ર નહીં પણ....

સમઝ સમઝ સાંઈ મેરા, તૂં હિ કીસ્તી તૂં હિ હલેસાં તેરાં.
આપ તરેગા આપ હિ ડૂબેગા, તારક કો ન ડુબાડનહારા તેરા...

જો આટલું સત્ય સમજાય જાય તો પુત્રેષણાની ઘેલછા નિર્મૂળ નહીં તો નિર્બળ થાય. ગીતા પણ ગાઈ વગાડીને કહે છે : 'આત્મા જ આત્માનો બંધુ, આત્મા જ આત્માનો રિપુ.'

આપણી ભારતીય સંસ્કૃતિમાં આદર્શોનાં ગૌરીશંકર ઝાઝાં છે, પણ એની ખીણોય અતાગ છે. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ, અતિથિદેવો ભવ.... અને 'અડસઠ તીરથ માતાપિતાના પગ નીચે છે', આવી સુક્તિઓ આજે તો પોથીમાંનાં રીંગણાં જેવી બની ગઈ છે. કાર્તિકેયે દુનિયાની દોડ લગાવી, ગણપતિએ માતાપિતાની પ્રદક્ષિણા કરીને કાર્તિકેય કરતાં અધિક પુણ્યપ્રાપ્તિ કરી એમાં તાત્ત્વિક સત્ય હોવા છતાં એનો સ્વીકાર કેટલા કરે છે? આજે તો 'અર્થ' કેન્દ્રમાં છે ને કામ, ધર્મ ને જો હોય તો મોક્ષ પણ પરિઘમાં છે! ભૌતિકવાદ-ભોગવવામાં સબસે બડા રૂપૈયા! શું મહાભારત કાળમાં કે શું આજે—બધે જ અર્થદાસોની બલિહારી છે. 'સર્વ અર્થદાસ, અર્થ કોઈનો દાસ નહીં.' ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય આજે પણ જીવંત છે, વૃદ્ધોએ અર્થ-મહિમા સમજી એનો રસાયણની જેમ ઉપયોગ કરવો જોઈએ.

પુત્રો પાસેથી કાયદાકીય રીતિએ આજીવિકા પ્રાપ્ત કરી શકાય એ વાતમાં ઝાઝો દમ નથી. કાયદાનો કડક અમલ ક્યારે થાય છે? દારૂબંધીનો કાયદો છે, દહેજનો કાયદો છે, બાલિકાભ્રૂણ હત્યાનો કાયદો—આ બધા કાયદા કેટલા કારગત નીવડ્યા છે? હાથે કંકણ ને અરીસામાં શું જોવું?

*'ફરમાન સે પેડોં પે કભી ફલ નહીં લગતે*
*તલવાર સે મૌસમ કોઇ બદલા નહીં જાતા.'*

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય- વડોદરાની પ્રખ્યાત સંસ્થા 'પ્રાચ્ય વિદ્યામંદિર' તરફથી 'ધર્મવર્ણન' નામે આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવનું એક પુસ્તક પ્રગટ થયું છે. તેની તૃતીય આવૃત્તિના દ્વિતીય પુન:મુદ્રણના પૃ. ૧૯૦ ઉપર, 'મોઝીઝ (મુસા)નો ધર્મોપદેશ' નામના પ્રકરણમાં એક વિચિત્ર વાત આવે છે. મોઝીઝ વિષે એવી દંતકથા છે કે પૂર્વે ઇજિપ્તમાં કેટલાક યહુદી લોકો જઈને વસ્યા હતા. તેઓમાં એક 'લેવિ' (ધર્મગુરુ)ના કુટુંબમાં મોઝીઝનો જન્મ થયો. વિચિત્ર વાત એ છે કે તે કાળે ઇજિપ્તના રાજાએ એવો ઢંઢેરો કાઢ્યો હતો કે છોકરી જન્મે તેટલીને જીવતી રાખવી અને છોકરા જન્મે તેટલાને નદીમાં નાખી દેવા. આ ઢંઢેરા પાછળનો આશય ગમે તે હોય પણ આજે પરિસ્થિતિ એથી વિપરીત જોવા મળે છે! કેટલાક વર્ષો પૂર્વે, જ્યાં દહેજનું દૂષણ પ્રબળ હતું તેવી જ્ઞાતિઓમાં, જન્મની સાથે જ

દીકરીને દૂધ પીતી કરી દેવામાં આવતી હતી... ખાસ કરીને રજપૂતો અને પાટીદારોમાં. આજે લગભગ બધી જ જ્ઞાતિઓમાં જન્મ પહેલાં એમનો નિકાલ કરી દેવામાં આવે છે!

કૉલેજકાળના મારા એક સમર્થ પ્રિન્સિપાલને એના ચાર દાયકા વટાવી ચૂકેલા પુત્રે એક 'નેસ્ટી' પત્ર લખ્યો. તે કાળે હું વાઇસ-પ્રિન્સિપાલ હતો. આચાર્યે મને એ કાગળ વંચાવ્યો અને કહે : 'હવે આ કાગળનું હું શું કરીશ તને ખબર છે?' મેં ના ભણી એટલે કહે : 'આ પત્ર હું પૂનામાં ભણતા મારા પૌત્રને બીડીશ ને અંદર ખાસ લખીશ : કે બેટા! તુંય મોટો થઈને તારા બાપને આવા જ પત્રો લખજે.' ધીરી બાપુડિયાં! મુજ વીતી, તુજ વીતશે. ઠારનારનું ઠરશે, બાળનારનું બળશે, કરશે તેવું ભરશે, વાવશે તેવું લણશે. 'ટીબાનો ઉપદેશ' (Sermons on the mount) માં સ્વામી આનંદ, ઇશુને આ રીતે ટાંકે છે : 'સંતો! થોરે કેળાં પાકે નઇ ને બોરડીની ડાળ્યે આંબા મોર આવે નઇ, ઇ તો આંબે કેરી ને કૌવચ્ચને કૌવચ, માટ્યે તમે ફળ દેખીને વેલો ઓળખજો.' વંશવેલાની કથા ને ફલશ્રુતિ આથી ભિન્ન નથી. અને અંતમાં આપણી સંતતિનો દોષ કાઢતા પહેલાં, અંતર્મુખ બનીને આપણાં માતાપિતા પ્રત્યેના આપણા વાણી-વર્તન-વ્યવહારનું પણ સરવૈયું કાઢીએ. ✱✱✱

૨૨/૨, અરુણોદય સોસાયટી,
અલકાપુરી, વડોદરા-૭.

## પંથે પંથે પાથેય...
(અનુસંધાન પૃષ્ટ૧૯થી ચાલુ)

વ. દેસાઈ અને વિ. સ. ખાંડેકરના પુસ્તકો આર. આર. શેઠના પ્રેસમાં જ છપાય. પુસ્તકોનું મુદ્રણ કાર્ય ચાલુ હોય ત્યારે ર. વ. દેસાઈ અને એમના સુપુત્રી વિદુષી સુધાબેન પણ સોનગઢ આવે અને ભૂરાભાઈ શેઠના મહેમાન બને. સુધાબેન ત્યારે 'ભવાઈ' ઉપર મહાનિબંધ લખતા હતા ત્યારે પોતાના સંશોધન કાર્યમાં તાદશ્યતા ઉતારવા સોનગઢ આવી આર. આર. શેઠના પ્રાંગણમાં સૌરાષ્ટ્રના ભવાઈ વેશ ભજવનારા લોક કલાકારોને બોલાવેલા. આખી રાત આ દશ્યો અમે સુધાબેન અને ગોપાળરાવજી સાથે બેસીને માણેલાં, ત્યારે ભવાઈ વિશે ગોપાળરાવજીએ નાનું પ્રવચન આપેલું, એ સાંભળી કોઈને પણ લાગે કે આ મહારાષ્ટ્રિયન મહાનુભાવ ગુજરાતની સંસ્કૃતિ અને સંસ્કારમાં કેટલાં બધાં એકભાવ થઈ ગયેલા છે!

એક વખત બપોરે કોઈ કામ માટે અમે અન્ના ગોપાળરાવજીને આર. આર. શેઠના પ્રેસમાં મળવા ગયા. ત્યારે અન્નાની સાથે સૂટમાં સજ્જ એક સાહેબ બેઠેલા. અમને એમ કે કોઈ સરકારી અમલદાર હશે, એટલે અમે પાછા જવા પગ ઉપાડ્યા, તો અન્નાએ અમને ઈશારાથી સામે બેસવા કહ્યું.

અન્ના સાથે બેઠેલા એ કોઈ મોટા અમલદાર નહિ–(જોકે એક વખત એ મોટા અમલદાર–કોઈ રાજ્યના સૂબા હતા) પણ મોટા સર્જક ર. વ. દેસાઈ હતા. પહેરવેશ એ જ રાખેલો, સર્જક દેખાવા માટે ઝભ્ભો–લેંઘો કે બગલ થેલામાં પહેરવેશનું પરિવર્તન કરેલું નહિ.

અન્ના ર. વ. દેસાઈને પ્રૂફમાંથી કોઈ પ્રસંગ સંભળાવી રહ્યા હતા. મુગ્ધ અને પ્રસન્નચિત્તે ર. વ. દેસાઈ એ સાંભળી રહ્યા હતા, એ બન્ને મહાનુભાવોના મુખ ઉપર બદલાતી રેખાઓ પણ અમે માણી રહ્યા હતા.

એ પ્રસંગ કદાચ ખાંડેકરની નવલકથા 'ઉલ્કા', 'શોભના', 'દોનધ્રુવ' કે 'ક્રૌંચવધ' માંથી હશે :

કથાનાયક આઝાદીની લડતમાં ઝંપલાવે છે અને પકડાઈ જતાં એને જેલવાસ થાય છે. એક વહેલી સવારે પ્રેયસી નાયિકાની અચાનક આંખ ઊઘડી જાય છે, સફાળી ઊઠી જાય છે અને ઉઠતાં જ પોતાના હાથની બંગડીનો મીઠો રણકાર સંભળાય છે, પણ એ રણકાર સાથે જ એ ઝબકી જાય છે અને વિચારે છે, અત્યારે જેલમાં એનો હૃદયસ્વામી હાથની બેડીઓનો ખખડાટ કઈ રીતે સહન કરી શકતો હશે? બારીમાંથી ઊગતા સૂર્ય ઉપર નજર ગઈ, આંખ એ તેજ ઝીલી ન શકી અને મોઢું બાજુમાં ફેરવ્યું, અરીસામાં જોવાઈ ગયું, કપાળમાં સૂર્ય જેવો ચાંદલો અકબદ્ધ હતો! બંગડી અને બેડી, રણકાર અને ખખડાટ, હૃદયમાં મુક્ત કેદી બનેલો પ્રિયતમ અને જેલમાં દેશની મુક્તિ માટે વિટંબણા સહન કરતો પ્રિયતમનો દેહ!

આ દશ્ય સાંભળનાર ગુજરાતના હૃદયમાં ઉચ્ચ આસને બિરાજેલા સર્જક ર. વ. દેસાઈ, એટલી જ ઊંચી કક્ષાના મરાઠી ભાષાના સર્જકની નવલનો એક ઊર્મિલ અને કલાત્મક પ્રસંગ અને સંભાળવનાર એટલી જ ઊંચી કક્ષાના અનુવાદક ગોપાળરાવ વિદ્વાંસ. આ ત્રિવેણી સંગમનું દશ્ય હું તો જીવનભર ન ભૂલી શકું. જીવનની કોઈ વિષાદની પળે સ્મૃતિપટ ઉપર આ દશ્ય ઊપસે છે ત્યારે વિષાદ કવિતા બની જાય છે.

અને એ પ્રસંગ પણ યાદ છે, જ્યારે ર. વ. દેસાઈએ દેહલીલા સંકોરી લીધી ત્યારે આ જ પ્રેસના આંગણામાં શોકસભા ભરાઈ. ત્યારે અશ્રુભીની આંખે, પણ સ્થિતપ્રજ્ઞ ભાવે ગોપાળરાવજીએ આ મહાન સર્જકને શ્રોતાઓનું હૃદય ભીનું થઈ જાય એવી વાણીમાં શ્રદ્ધાંજલિ અર્પી હતી.

સોનગઢ એવું કેળવણી અને સંતોનું ગામ, કે સૌરાષ્ટ્રમાંથી જે જે વિચારકો, સંતો, સર્જકો પસાર થાય એ સર્વે મહાનુભાવો પૂ. કલ્યાણચંદ્રજી બાપા પાસે અથવા ગુરુકુળ હાઈસ્કૂલમાં પ્રખર આર્યસમાજી અને વિદ્વાન કેળવણીકાર ચતુરકાકા તેમ જ આત્મતત્ત્વ ચિંતક સાધુ ભગવંત પૂ. કાનજી સ્વામીના આશ્રમમાં અચૂક આવે, પણ ગમે તેવા મહાનુભાવો હોય તોય હરખપદુડા થઈને ગોપાળરાવજી એમને મળવા દોડી જાય નહિ, એટલું જ નહિ આવી કોઈ ખબરમાં પણ સ્વેચ્છાએ રસ ન લે. બાકી નિરંતર પોતાના કાર્યમાં મગ્ન. પૂરા કાર્ય-કર્તવ્યનિષ્ઠ. સાહિત્યના કામને પૂરા સમર્પિત. પોતાના કાર્યભારની ફરજમાં પૂરા સભાન અને ન્યાયી.

એક વખત વેકેશનમાં બપોરની ગાડીમાં અમારે સાથે અમદાવાદ જવાનું થયું, એમના લઘુ બંધુ શિક્ષણશાસ્ત્રી ભાસ્કરરાવ વિદ્વાંસ અમદાવાદ રહે અને મારા કુટુંબીજનો પણ અમદાવાદમાં. હું, શિશિર અને એમના અન્ય કુટુંબીજનો ગાડીમાં ગોઠવાયા, છેલ્લી મિનિટે એમના ઘરના એક સભ્યે સાથે આવવાનું નક્કી કર્યું. ઉતાવળ ખૂબ, સ્ટેશને મોડા પહોંચ્યા, લગભગ ગાડી આવી ત્યારે, એટલે સ્વાભાવિક કે એ સભ્યની ટિકિટ લેવાનો સમય વધ્યો નહિ. અમે સૌ ગાડીમાં ગોઠવાયા, પણ અન્ના ચિંતિત, ભયથી નહિ પણ અપરાધભાવથી. એ વખતે ગાડીમાં કોઈ કડક ચેકીંગ નહિ, બધું ચાલે. પણ ગોપાળરાવજીને ચાલે? જેવું બીજું સ્ટેશન ધોળા આવ્યું, ત્યાં ગાડી વધુ સમય ઊભી ન રહે તો પણ અન્ના જલદી નીચે ઊતર્યા, આખી ગાડી ફરી વળ્યાં, ગાર્ડને છેલ્લા ડબામાં શોધી કાઢ્યો, ત્યારે ટી.સી.ની પ્રથા શરૂ નહિ થયેલી, કદાચ હશે તો બાપુની એ ગાડીઓમાં કોઈને પડી નહિ હોય. એ ગાર્ડ અન્નાને જાણે, કહે કે 'અંદર આવીને ટિકિટ આપું છું,' પણ અન્ના માને? વગર ટિકિટે થોડા અંતરની પણ મુસાફરી કેમ કરાય? ન કરાય. ગાર્ડને કહે કે 'હમણાં ટિકિટ ન આપો તો ભલે, આ પૈસા રાખો,' અંતે ગાર્ડ ડબ્બામાં આવ્યો. ટિકિટ બનાવી તો અન્ના કહે, 'દંડ'ની રકમ પણ લઈ લ્યો.' ગાર્ડ કહે : 'મેં તમને પકડ્યા નથી, ઉપરાંત બીજા જ સ્ટેશને તમે મને જાણ કરીને મને શોધી કાઢ્યો છે એટલે નિયમ પ્રમાણે પણ મારાથી દંડ ન લેવાય, વળી તમારો પુત્ર વિદ્યાર્થી છે, નાનો છે, છેલ્લી મિનિટે જીદ થઈ હશે, દંડ તો ન જ લઉં.' પણ અન્ના કોઈ વાતે માને નહિ. બન્નેની જોરદાર દલીલો, અંતે ગાર્ડ હાર્યા, પેલાએ દંડના પૈસા લીધા ત્યારે જ એનો છૂટકારો થયો. અન્નાના મુખ ઉપર દલીલજીતની નહિ પણ નૈતિક્તાની પ્રસન્નતા ખીલી ઊઠી.

બપોરનો સમય હતો. આઈએ અમારા બધાંનું જમવાનું કાઢી રાખ્યું હતું, પણ આ દંડપુરાણ પત્યા પછી જ અમને જમવાનું મળ્યું, ત્યાં સુધી અમારે તો ભૂખ્યા રહેવાનો વિના કારણે દંડ ભરવો પડ્યો.

પ્રવાસ દરમિયાન પોતાના સંતાનો સાથે એમણે મારી તો વિશેષ કાળજી રાખી. રાત્રે સૂવાના સમયે મને પાણી આપ્યું, મોટી ચાદર પાથરી આપી, શાલ ઓઢાડી અને કહે કે 'તું અને શિશિર વાતો કરતા સૂઈ જાવ. સવારે હું ઉઠાડીશ.'

ક્યા સંબંધે આટલો પ્રેમ એમણે મને કર્યો હશે? પ્રેમાળ અને ઋજુ એ પુણ્યાત્માને કેમ વિસરાય?

એસ.એસ.સી. પછી હું મુંબઈ અને શિશિર ડૉક્ટર બનવા કાકા ભાસ્કરરાવ વિદ્વાંસ પાસે અમદાવાદ. મારી સ્મૃતિ પ્રમાણે ભાસ્કરરાવ અપરિણિત હતા, અને કેળવણી ક્ષેત્રે અમદાવાદના સી. એન. વિદ્યાલયને સમર્પિત હતા. ગોપાળરાવજીના બધાં સંતાનોને ભાસ્કરરાવે પોતાના જ કર્યાં હતાં. બન્ને ભાઈઓ વચ્ચે અતૂટ પ્રેમ અને એકમેકને ખૂબ સન્માન આપે.

થોડા સમય પછી ડૉ. શિશિરને અલપ-ઝલપ મળવાનું થયું, ત્યારે અમે કદાચ કૉલેજના પહેલા કે બીજા વર્ષમાં હોઈશું. અન્ના તો કુટુંબ સાથે સોનગઢ જ હતા. શિશિરને મેં ઘરના બધાંના સમાચાર પૂછ્યા, એના ઉત્તરે મને વેદનામાં ડુબાવી દીધો.

શિશિરથી મોટાભાઈનું નામ આનંદ. ભણવામાં ખૂબ જ તેજસ્વી, મને એનો પણ પરિચય, આનંદ એટલો આનંદી કે એકવાર મળો એટલે આનંદના તરંગો તમારામાં ગોઠવી દે. એની સાથેની બધી મુલાકાતો ચિરસ્મરણીય બની રહે. આનંદ સિવિલ એન્જિનિયર થયા ઉત્તમ કક્ષાથી. નોકરી માટે ન તો ગોપાળરાવજી ભલામણ કરે કે ન ચિઠ્ઠી લખી આપે ભાસ્કરરાવજી. સૌરાષ્ટ્ર અને મુંબઈ રાજ્યની સરકારમાં એમને બધાં સન્માને અને એમની વાત માને તો પણ, આ બન્ને મહાનુભાવો પોતાના નામનોય ઉલ્લેખ ન કરવા દે. પણ આનંદ તો એમનાથીય આગળ, લાગવગનો ઉપયોગ કરવાનો વિચાર પણ નહિ, પોતે જ એવો તેજસ્વી કે લાગવગની જરૂર ન પડે. પોતાની ઉજ્જવળ કારકીર્દિને બળે એને ઉત્તમ નોકરી મળી. બધું સરસ. પણ એક અકસ્માતમાં આનંદે જીવન ગુમાવ્યું.

શિશિરે જ્યારે મને આ સમાચાર આપ્યા ત્યારે મારા પગ નીચેથી ધરતી સરકી પડી. આનંદ, અન્ના અને આઈનો વિચાર આવતા હું દિગ્મૂઢ થઈ ગયો. મેં તરત જ અન્ના અને આઈ વિશે પૂછ્યું. 'કેમ છે?'

શિશિરે કહ્યું, 'ખૂબજ સ્વસ્થ છે, પોતાના કાર્યમાં પૂરા મગ્ન છે. ધનવંત તને યાદ છે. આપણે કાકા સાહેબ કાલેલકરનો એક ગદ્યખંડ ભણતા, આક્કા એવું પાઠનું નામ હતું, એમાં આક્કા એટલે કાકા સાહેબના બહેન. એ યુવાન વયે મૃત્યુ પામે છે ત્યારે કાકા સાહેબ એક મરાઠી કહેવત ટાંકે છે, શહાણુ માણસ લાભત નાહિ, એવું કાંઈક, અન્ના બોલેલા.'

એ પુણ્યાત્મા અન્ના ત્યારે મારા હૃદયમાં મહાત્મા બનીને બિરાજી ગયા.

ગુજરાતી વાચક તો ગોપાળરાવજી વિદ્વાંસને માત્ર એક અનુવાદક તરીકે ઓળખે છે, પણ એમણે તો કાવડિયાનું કામ કર્યું છે. મરાઠી ભાષામાંથી સાહિત્યનું ગંગાજળ લઈ, કર્તવ્યનિષ્ઠ પરિશ્રમ કરી, ગુજરાતી ભાષાના મીઠા સરોવરમાં એ જળને એક એક કૃતિની કાવડથી ઉમેર્યું છે, અને એ પણ દૂધમાં સાકર ભળે એ રીતે. વિ.સ. ખાંડેકર આપણા ગુજરાતી સર્જક લાગે એ રીતે.

આ અન્ના–ગોપાળરાવજી મારે મન તો એક સાધુચરિત સંસારી ઋષિ! મારા મુરબ્બી મિત્ર સાહિત્યકાર શ્રી ચંદુલાલ સેલારકાએ એમના સંપાદિત પુસ્તક 'વી.સ.ખાંડેકર સર્જક અને સર્જન' માટે આ લેખ લખવાની એઓશ્રીએ મને પ્રેરણા આપી એ માટે હું એમનો ઋણી છું.–ધ. ✱✱✱

એફ-૭૬, વિનસ એપાર્ટમેન્ટ, વરલી સી ફેઇસ, સાઉથ, મુંબઈ-૪૦૦ ૦૧૮.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

**(જુલાઈ-૨૦૦૭ના અંકથી આગળ)**

૩૭૯ વિસંવાદ

–અન્યથા પ્રવૃત્તિ કરાવવી અથવા બે સ્નેહીઓ વચ્ચે ભેદ પડાવવો, આ અશુભ નામકર્મનો આશ્રવ-બંધહેતુ છે.

–अन्यथा प्रवृत्ति करवाना अथवा दो स्नेहीओं के बीच मतभेद करवाना, यह अशुभ नाम कर्म–का आश्रव-बंधहेतु है।

–Casting false behaviour means making someone act in a frudulent manner, on altrenative interpretation, creating dissension means causing misunderstanding between two friends, this is cause of bondage for ashubha naamakarma.

૩૮૦ વિષય-સંરક્ષણાનુબંધી 'ધ્યાન'

–પ્રાપ્ત થયેલા વિષયોને સાચવી રાખવાની વૃત્તિમાંથી ક્રૂરતા કે કઠોરતા આવે અને આ કારણે મનમાં સતત ચિંતા થયા કરે તેને વિષય-સંરક્ષણાનુબંધી-ધ્યાન કહેવામાં આવે છે. આ રૌદ્રધ્યાનનો એક પ્રકાર છે. પ્રથમ પાંચ ગુણસ્થાનવાળડ જીવોમાં આ ધ્યાન સંભવે છે.

–प्राप्त विषयों को सुरक्षित रखने की वृत्ति से क्रूरता या कठोरता का उद्‌भव होता है एवं उसके कारण मन में सतत चिंता बनी रहती है उसे विषय संरक्षणानुबंधी–ध्यान कहते हैं। यह रौद्रध्यान का एक प्रकार है। यह प्रथम पांच गुणस्थानवर्ती जीवों में संबंधीत है।

–Promoting the protection of an acquisition, cruelty or hardness of heart takes its rise from a tendency to commit violence, to speak the untruth, to commit theft and to seek security for things acquired and the constant reflection that proceeds in connection with them is respectively called rudradhyana, that promoting the protecion of an acquisition, the persons occupying the first five gunasthanakas such as are susceptible to this dhyan.

૩૮૧ વિશ્વાવસુ

–ગાંધર્વ નામના વ્યંતરદેવોનો એક પ્રકાર

–गांधर्व नामक व्यंतर देवों का एक प्रकार।

–One kind of gandharva Vyantar god.

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ.

આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ `SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

❑ મેનેજર

૩૮૨ વિવેક –હેય–ઉપાદેયનો ભેદ, ખાનપાન આદિ વસ્તુ જો અકલ્પનીય આવી જાય અને પછી માલુમ પડે તો તેનો ત્યાગ કરવો તે વિવેક નામનું પ્રાયશ્ચિત.

–हेय–उपादेय का भेद, खान-पान आदि वस्तु यदि अकल्पनीय आ जाय और बाद में मालुम पडे तब उसका त्याग करना विवेक नामक प्रायश्चित।

–When prohibited food or drink happen to have been received and the fact come to light on, then discard these food and drink that is called Viveka.

૩૮૩ વિવિક્તશય્યાસન –બાધા વિનાનાં એકાંત સ્થાનમાં રહેવું. છ પ્રકારના બાહ્યતપમાંનું એક તપ.

–बाधारहित एकान्त स्थान में रहना, छह प्रकार के बाह्य तप में से एक प्रकार का तप।

–Lonely residence. To reside in lonely place free from all disturbances.

૩૮૪ વિરૂદ્ધરાજ્યાતિક્રમ –જુદાં જુદાં રાજ્યો તથા દેશ માલની આયાત-નિકાસ ઉપર જે અંકુશ મૂકે છે યા તે માલ પર દાણ–જકાત–કર વગેરેની વ્યવસ્થા બાંધે છે તેનું ઉલ્લંઘન કરવું તે વિરૂદ્ધરાજ્યાતિક્રમ.

–अलग अलग राज्यों एवं देश मालों की आयात–निकास के उपर अंकुश लगाते हैं या माल के उपर चूंगी–कर आदि की व्यवस्था करते हैं उसका उल्लंघन करना विरुद्ध राज्यातिक्रम है।

–The different kingdoms impose restrictions on the export and import of commodities of they levy some tax on them, now to violate regulations connected with all this, that is violating taxation regulations of the opposite kingdom.

૩૮૫ વિરત –સર્વવિરતિ, સંયમ, પ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમથી સર્વાંશ વિરતિ પ્રગટ થાય તે.

–सर्वविरति, संयम, प्रत्याख्यानावरण कषाय के क्षयोपशम से सर्वांश विरति प्रगट होती है उसे विरति कहते हैं।

–The state in which on account of Ksayopashama of Pratyakhyanavarana. Kasaaya Virti makes its appearance in full measure that is Virata.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. (ક્રમશ:)

પ્રતિશ્રી, તા.......................

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી,

એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં,

મુંબઈ–૪૦૦૦૦૪. ફોન : ૦૨૨–૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના '**પ્રબુદ્ધ જીવન**'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

'**પ્રબુદ્ધ જીવન નીધિ**' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. ........................................ નંબર ........................................ તારીખ ........................................

બેંક ........................................ શાખા ........................................ ગામ ........................................ નો સ્વીકારી નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ. ચેક/ડ્રાફ્ટ '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામનો જ મોકલીએ છીએ.

નામ અને સરનામું : ........................................................................................

........................................................................................

........................................................................................

લિ....................................

# પંથે પંથે પાથેય...

## સાધુ ચરિત શ્રી ગોપાળરાવ વિદ્વાંસ

□ ડૉ. ધનવંત શાહ

ગુજરાતી સાહિત્યમાં નવલકથાનો એક યુગ હતો. આપણા ગુજરાતી રમણલાલ દેસાઈના પાત્રો ત્યારના યુવાનોમાટે આદર્શ હતા. એ જ રીતે બંગાળના શરતચંદ્ર ચટ્ટોપાધ્યાયના સ્ત્રી પાત્રોની સંવેદના ત્યારની દરેક યુવતીએ અનુભવી હતી. એ જ રીતે મરાઠીના વિ. સ. ખાંડેકરની નવલકથાઓને ગુજરાતી દેહ આપનાર ગોપાળરાવ વિદ્વાંસે એવો જાદુ કર્યો કે ઘણાં તો વિ. સ. ખાંડેકરને ગુજરાતી જ સમજતા. ગુજરાતી વાચકને ભાષા કે પ્રદેશના સીમાડા નડ્યા નથી એની આ પ્રતીતિ છે.

એ ગોપાળરાવ વિદ્વાંસના પુત્ર ડૉ. શિશિર (અત્યારે એ અમેરિકામાં છે) અને હું અમે શાળા જીવનના સહાધ્યાયી; એટલે ગોપાળરાવજી અને એ કુટુંબ સાથે પણ મારો ગાઢ સંબંધ. એ સંબંધની સુગંધમાંથી જીવનભર યાદ રહે તેવો મને અનુભવ થયો એ આપના કરકમળમાં મુકું છું.

ત્યારે પૂ. કલ્યાણચંદ્ર બાપા અને કવિવર્ય શ્રી દુલેરાય કારાણીના સાંનિધ્યમાં સોનગઢ (સૌરાષ્ટ્ર) જૈન આશ્રમમાં મારે રહેવાનું, અને ભણવા અમે જઈએ આર્યસમાજ સંચાલિત ગુરુકુળ હાઈસ્કૂલમાં.

ગોપાળરાવ વિદ્વાંસના પુત્ર શિશિર અને હું એક જ ક્લાસમાં સહાધ્યાયી. ભણવામાં અમે બન્ને પહેલાં અને બીજા નંબર માટે પાંચ વર્ષ સુધી ઝઘડ્યા અને સતત પાંચ વર્ષ સુધી ગોપાળરાવજીનો પ્રેમ સંપાદન કરવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું.

અમારા આશ્રમને અડીને જ આર. આર. શેઠનું પ્રેસ. એથી થોડા આગળ ચાલીએ એટલે આ પ્રેસના માલિક ભૂરાભાઈ શેઠનું વાડીવાળું ઘર, થોડા આગળ જઈએ તો આવે ગામનો ચોરો અને વળાંકથી થોડા વધુ આગળ વધીએ તો પૂ. કાનજી સ્વામીના વિદ્યાર્થીગૃહની સામે શ્રી ગોપાળરાવજીનું ઘર. ભાડાના એ ઘરમાં બે ત્રણ નાના સાદા ઓરડા, એક નાના લાંબા ઓરડામાં પુસ્તકો-પુસ્તકો, ત્યાં ગોપાળરાવજી રાત્રે લખે અને બપોરે વામકુક્ષી પણ ત્યાં જ. પરિવારમાં-ગોપાળરાવજી, ખૂબ જ ગોરા એમના ધર્મપત્ની, જેમને અમે આઈ કહીએ, એઓ પહેરવેશમાં પૂરી રીતે મહારાષ્ટ્રિયન ઢબની કછોટાવાળી સાડી પહેરે, ઉપરાંત રૂપાળા અને તેજસ્વી ચાર પુત્રો અને એક પુત્રી, બધાંની વય ૭ થી ૨૦ હશે, અભ્યાસમાં પણ બધાં ઉજ્જવળ.

અમે આશ્રમમાંથી સવારે દશની આસપાસ ગામને છેવાડે આવેલી ગુરુકુળ હાઈસ્કૂલમાં જવા નીકળીએ ત્યારે ગોપાળરાવજી આર. આર. શેઠમાં આવતા અમને મળે, અમે બધાં 'નમસ્તે' કહીએ, ઉત્તરમાં હાથ ઊંચો કરી સ્મિતથી આશીર્વાદ વરસાવે. સાંજે અમે સ્કૂલમાંથી પાછા ફરીએ ત્યારે ગોપાળરાવજી ન મળે, પ્રેસમાં કામમાં મશગૂલ જ હોય. શનિવારે સવારની સ્કૂલ હોય ત્યારે બપોરે અમે એમના ઘરે જઈએ ત્યારે જમીને આરામ કરીને ઊઠ્યા હોય, એ વખતે અમારા ઝઘડા સાંભળે, સમજ અને પ્રેમ વરસાવે, અને આઈના હાથનો દૂધનો ઉકાળો અથવા કૉફી તો મળે જ મળે.

સૌરાષ્ટ્રમાં ત્યારે ઢેબરભાઈ મુખ્ય પ્રધાન. ઢેબરભાઈ સોનગઢ આવેલા ત્યારે અમે એમને જોયેલા, સાંભળેલા. દરેક જિલ્લાના પ્રવાસે તેઓ શનિ-રવિ નીકળે, ગામે ગામ જાય, સાથે એમનો વહીવટી સ્ટાફ, સાથે ટાઇપ મશીન પણ, ગામના માણસો સાથે પ્રશ્નોની ચર્ચા કરે અને ત્યાં જ નિર્ણય કરી અમલ કરવાનો પત્ર ટાઇપ કરાવી લે.

આ ઢેબરભાઈને જોઈએ અને અમે એમની સરખામણી ગોપાળરાવજી સાથે કરીએ. બન્ને મહાનુભાવો દેખાવ અને સ્મિતમાં સરખા. ખાદીના કપડાં અને ઋજુ ભાષા.

ગોપાળરાવજી વસ્ત્રો અને વર્તનમાં પૂરા ગાંધીવાદી. જીવન પૂર્ણતઃ સાધુચરિત.

અમે ક્યારેક આર. આર. શેઠના પ્રેસમાં જઈએ ત્યારે ગોપાળરાવજી પ્રૂફ તપાસવામાં તલ્લીન હોય, અથવા લખવામાં, પણ મને લાગે છે કે અનુવાદ કરવાનું કામ લગભગ ઘરે જ કરતા હશે. રાત્રે અથવા રવિવારે. પ્રેસનો બધો કાર્યભાર સંભાળે. ભૂરાભાઈ શેઠ એમને પૂરતો આદર આપે. ભૂરાભાઈના સુપુત્ર ભગતભાઈ તો ત્યારે ખૂબ નાના, શરીર તો ત્યારે પણ એવું જ સમૃદ્ધ, અત્યારે છે એવું. ત્યારે ભગતભાઈને ભૂરાભાઈ શેઠે સાયકલ અપાવેલી, અને ઘરેથી એક જ ખેતર છેટે ભગતભાઈ સાયકલ ઉપર આવે, પણ અત્યારે એમણે આર. આર. શેઠની પેઢીનું જે કુશળતાથી વહીવટી બેલેન્સ અને બેલેન્સશીટ જાળવ્યાં છે, એવું શરીર બેલેન્સ સાયકલ ઉપર જાળવી ન શકે એટલે પડે, આખરે અને સાયકલ વગરના અમે એમને ખૂબ ચીડવીએ ત્યારે ય ગોપાળરાવજી મને અને શિશિરને મીઠો ઠપકો આપે.

પણ આ ગોપાળરાવજી આટલા મોટા ગજાના માણસ હશે એનો તો અમને ક્યારેય અહેસાસ થયો ન હતો. એ પરિવાર મહારાષ્ટ્રિયન છે એવો પણ અમને ખ્યાલ નહિ. ઘરમાં આઈ મહારાષ્ટ્રિયન પહેરવેશ પહેરે અને અમે એમને અન્ના કહીએ તો પણ.

એ યુગ ત્યારે ર. વ. દેસાઈ, વિ. સ. ખાંડેકર અને શરદબાબુથી છવાયેલો. આ સાહિત્ય-સ્વામીઓનાં નાયક-નાયિકા ત્યારના યુવાનોના આદર્શ બની ગયેલા. એક ગુજરાતી, બીજા બે અન્ય ભાષી, એમાંના એકના અનુવાદક ગોપાળરાવજી મહારાષ્ટ્રિયન અને બીજાના બંગાળીના જાણકાર ગુજરાતી રમણલાલ સોની. આ બે વિદ્વાન મહાનુભાવોએ અનુવાદનું એવું ભગીરથ અને એકરસ કામ કર્યું કે ગુજરાતી વાચકોને ખાંડેકર કે શરદબાબુ ગુજરાતી જ લાગ્યા.

આ ત્રણ મહાસર્જકોમાંથી બે સર્જકો, ર.

**(વધુ માટે જુઓ પાનું ૧૫)**

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2006-08



# પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૦૭

## આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી વ્યાખ્યાનમાળા ૭૩મા વર્ષમાં પ્રવેશે છે. આ વર્ષે શનિવાર, ૮-૯-૨૦૦૭ થી રવિવાર તા. ૧૬-૯-૨૦૦૭ સુધી એમ નવ દિવસની વ્યાખ્યાનસભાઓ, પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦ મધ્યે યોજવામાં આવી છે. આ નવ દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. ધનવંત શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૧૫ અને ૯-૩૦ થી ૧૦-૧૫ એમ રોજ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| દિવસ | તારીખ | વ્યાખ્યાતાનું નામ | વિષય |
|---|---|---|---|
| શનિવાર | ૮-૯-૨૦૦૭ | શ્રી મનુભાઈ દોશી | ભક્તામરનું મહાત્મ્ય |
| | | ડૉ. નિરંજન રાજ્યગુરુ | આધ્યાત્મિક યોગીરાજ શ્રી ચિદાનંદજીની વાણી |
| રવિવાર | ૯-૯-૨૦૦૭ | ડૉ. મહેબૂબ દેસાઈ | ઈસ્લામ અને અહિંસા |
| | | ડૉ. ગુણવંત શાહ | હળવું હળવું અધ્યાત્મ... |
| સોમવાર | ૧૦-૯-૨૦૦૭ | શ્રી રસિકલાલ શાહ | જૈન દર્શનના-સંદર્ભે-પશ્ચિમનું સર્જન-ચિંતન |
| | | ડૉ. પ્રવીણ દરજી | જૈન ધર્મની વિશેષતા |
| મંગળવાર | ૧૧-૯-૨૦૦૭ | પ્રા. ધીરેન્દ્ર રેલિયા | મહાવીર અને ગાંધી અને આજના આંધી |
| | | મુનિશ્રી ૧૦૮ વિશુદ્ધ સાગરજી | पर्युषण में धर्म |
| બુધવાર | ૧૨-૯-૨૦૦૭ | ડૉ. ધનવંત શાહ | ૧૪ મંગલ સ્વપ્નો |
| | | શ્રી હરિભાઈ કોઠારી | મહાવીર અને માધવ |
| ગુરુવાર | ૧૩-૯-૨૦૦૭ | શ્રી છાયા શાહ | સમ્યક્ત્વ એટલે સાચા સુખની પ્રતીતિ |
| | | ડૉ. બળવંત જાની | વસ્તુપાળ તેજપાળ |
| શુક્રવાર | ૧૪-૯-૨૦૦૭ | શ્રી સુરેશ ગાલા | જૈન ધર્મ અને તપ |
| | | પ્રા. તારાબેન ર. શાહ | અરિહંત |
| શનિવાર | ૧૫-૯-૨૦૦૭ | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | અપ્પાણં શરણમ્ ગચ્છામિ |
| | | ડૉ. નરેશ વેદ | ક્ષમા મહાવીર અને ઇશુની |
| રવિવાર | ૧૬-૯-૨૦૦૭ | ડૉ. એમ. એમ. ભમગરા | ઉણોદર વ્રત |
| | | શ્રી ભાગ્યેશ જહાઁ | અંતર મમ વિકસિત કરો... |

વ્યાખ્યાનની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૨૫ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે (૧) કુમારી ગાયત્રી કામત, (૨) ડૉ. નિરંજન રાજ્યગુરુ, (૩) શ્રીમતી અલકા શાહ (૪) શ્રીમતી બીના કડકીયા (૫) શ્રીમતી ચંદ્રા કોઠારી, (૬) શ્રી લલિતભાઈ દમણિયાં, (૭) શ્રીમતી રેશમા જૈન, (૮) શ્રી ગૌતમ કામત અને (૯) શ્રીમતી અવનિ પરીખ

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| | | | | |
|---|---|---|---|---|
| **રસિકલાલ લહેરચંદ શાહ** | **ચંદ્રકાન્ત દીપચંદ શાહ** | **નિરુબેન એસ. શાહ** | **ભૂપેન્દ્ર ડી. જવેરી** | **વર્ષાબહેન રજ્જુભાઈ શાહ** |
| પ્રમુખ | ઉપપ્રમુખ | **ધનવંત ટી. શાહ** | કોષાધ્યક્ષ | સહમંત્રી |
| | | મંત્રીઓ | | |

- પર્યુષણ પર્વ દરમ્યાન દર વર્ષે સંઘની કાર્યવાહક સમિતિએ નક્કી કરેલી સંસ્થા માટે અનુદાન કરવાની વિનંતિ કરવામાં આવે છે.
- આ વર્ષે સંઘે **શ્રી ભગિની મિત્ર મંડળ પાલિતાણા**ને આર્થિક સહાય કરવી એમ ઠરાવ્યું છે તેના માટે ટહેલ નાખવામાં આવે છે.
- સંઘ તરફથી ૧૯૮૫ થી આ પ્રથા શરૂ કરી, ૨૨ સંસ્થાઓએ આજ સુધી આશરે ત્રણ કરોડ જેવી માતબર રકમ સહાય તરીકે મેળવી છે.
- સંઘ તરફથી જે અનુદાન-આર્થિક સહાય થાય છે તે કોઈપણ જાતની પૂર્વશરત વગર આપવામાં આવે છે.

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

✶✶✶ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✶✶✶

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/- તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૦૭ વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

વિક્રમ સંવત : ૨૦૬૩ વીર સંવત : ૨૫૩૩ ભાદરવો સુદિ – તિથિ – ૫

## જિન-વચન

### વાણી સંયમ

अपुच्छिओ न भासेज्जा भासमाणस्स अंतरा ।
पिट्ठिमंसं न खाएज्जा मायामोसं विवज्जए ।।

–दसवैकालिक–८-४७

સાધકે વગર પૂછ્યે બોલવું નહિ, ગુરુજનો વાતચીત કરતા હોય તો વચ્ચે બોલવું નહિ, પીઠ પાછળ કોઈની નિંદા કરવી નહિ અને કપટયુક્ત અસત્ય વાણીનો ત્યાગ કરવો.

साधक बिना पूछे न बोले, गुरुजन बोलते हों तब बीच में न बोले, चुगली न खाएं और कपटयुक्त असत्य बचन का त्याग करे।

A wise man should not speak without being asked; he should not interrupt while his seniors are talking; he should not indulge in back-biting others and he should never tell a lie or hide something.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી).

## આચમન

### વાત્સલ્યની કસોટી

બાને સહજ રીતે પોતાના પુત્રો, પૌત્રો અને સગાંવહાલાં માટે લાગણી હોય જ. પણ બાએ તો સમગ્ર જીવન આશ્રમને સમર્પી દીધું હતું. આશ્રમ એ જ બાનું ઘર હતું. આશ્રમ તો સાર્વજનિક ખર્ચથી ચાલતો હતો. તો પછી બાને મળવા પુત્રો, પૌત્રો, વગેરે આવેઅને થોડા દિવસ રહે તો એનું ખર્ચ કોણ ભરે, એ સવાલ આવીને ઊભો રહ્યો.

પરંતુ બાપુ તો નિયમની બાબતમાં બહુ સજાગ હતા. એટલે એમણે તોડ કાઢતાં જણાવ્યું કે, છોકરાંઓ આવે, રહે અને આશ્રમમાંથી કોઈની સેવા લે એનું ખર્ચ તેઓ આશ્રમને આપી દે.

બાને આ વાત કેટલી દુ:ખભરી લાગી હશે એ તો માનું હૃદય જ જાણે. પણ આ કઠોર નિયમ પણ બાએ અપનાવી લીધો.

ત્યાર પછી છોકરાં આશ્રમમાં આવે અને થોડા દિવસ પછી જવાનાં થાય ત્યારે બા ધીમે પગલે આશ્રમના વ્યવસ્થાપક પાસે જઈને કહેતાં : 'જુઓ, હવે આ લોકો જવાનાં છે. એમનું જે કંઈ ખરચ થયું હોય એનું બીલ એમને આપી દેજો.'

❑ **મહેન્દ્ર મેઘાણી**

સંપાદિત 'ગાંધી ગંગા' માંથી.

*પ્રત્યેક ગુજરાતીના ઘરમાંઆ પુસ્તક અવશ્ય હોવું જોઈએ જ. ઉપયોગ થયા પછી પસ્તીમાં પધરાવાતી મોંઘી કંકોત્રી સાથે એકાદ પુસ્તિકા પણ ભેટ મોકલાય તો લગ્નપ્રસંગ શુભેચ્છકોના જીવનમાં હૃદયંગમ બની જાય.* ✱ ✱ ✱

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | ૧૪ મહાસ્વપ્નો | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | સ્વપ્નની શોધમાં | ડૉ. એ. સી. શાહ | ૯ |
| (૩) | આતમરામે રે મુનિ રમે | રણજિત એમ. પટેલ (અનામી) | ૧૧ |
| (૪) | આશીર્વચનની એક અનન્ય પ્રથા | મનોજ્ઞા દેસાઈ | ૧૩ |
| (૫) | જૈન પારિભાષિક શબ્દકોષ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| (૬) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૮ |
| (૭) | એક ડૉક્ટરની ગુરુદક્ષિણા | બકુલ રાવલ | ૨૦ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ** | રૂા. ૧૨૫/- | U.S.$ 9-00 |
| **૩ વર્ષનું લવાજમ** | રૂા. ૩૫૦/- | U.S.$ 26-00 |
| **૫ વર્ષનું લવાજમ** | રૂા. ૫૫૦/- | U.S.$ 40-00 |
| **આજીવન લવાજમ** | રૂા. ૨૫૦૦/- | U.S.$ 112-00 |
| **કન્યા કરિયાવર આજીવન લવાજમ** | રૂા. ૨૦૦૦/- | U.S.$ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

☛ ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૯ ● તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૦૭ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## ૧૪ મહાસ્વપ્નો

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઈઠ્ઠો;
ત્રીજે કેસરી સિંહ, ચોથે લક્ષ્મી અબીહ. ૧
પાંચમે ફૂલની માળા, છઠ્ઠે ચંદ્ર વિશાળા;
રવિ રાતો ધ્વજ મ્હોટો, પૂરણ કળશ નહિ છોટો. ૨
દશમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર;
ભુવન વિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જી. ૩
સ્વપ્ન લહી જઈ રાયને ભાસે, રાજા અર્થ પ્રકાશે;
પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે.

'ગુજરાતી વિશ્વકોશ'ના લોકાર્પણ પ્રસંગે જાન્યુઆરીમાં કોલકતા જવાનું થયું ત્યારે પાછા ફરતી વખતે, અમારા યજમાન અને જૈન અકાદમી કલકત્તાના પ્રમુખ મિત્ર હર્ષદ દોશીએ હાથમાં ત્રણ પુસ્તકોનો સંગ આપ્યો, 'કહો કેવા હતા પ્રભુ મહાવીર?', '૧૪ મંગલ સ્વપ્નો–મહિમા અને રહસ્ય' તેમજ 'સાધુતાનું શિખર અને માનવતાની મ્હેંક પરમ દાર્શનિક પૂ. શ્રી જયંતમુનિની પાવન જીવન કથા.' પ્રથમ બે પુસ્તકના પ્રવચનકાર પૂ. શ્રી જયંત મુનિજી અને સંપાદક શ્રી હર્ષદ દોશી અને ત્રીજા પુસ્તકના કર્તા પણ એઓશ્રી જ. તીર્થંકરોની પવિત્ર ભૂમિ પૂર્વ ભારતના ગામે ગામ ફરી પૂજ્યશ્રીએ જ્ઞાન અને સેવાનો અદ્‌ભુત યજ્ઞ પ્રગટાવ્યો છે. એ જીવન કથા વિશે–તેમ જ 'કહો મહાવીર' પુસ્તક વિશે ક્યારેક આપણે વાત કરીશું.

પણ અઢી કલાકની હવાઈ મુસાફરી દરમિયાન મુરબ્બી શેઠશ્રી સી. કે. મહેતા અને એઓશ્રીના પુત્રવધૂ સાથે જ્ઞાનગોષ્ઠી કરતા કરતા '૧૪ સ્વપ્નાનું રહસ્ય અને મહિમા'એ તો મારું હૃદય પકડી લીધું! એ ભાવ તેમ જ મારી યથામતિથી જે જે વિચાર્યું છે તે પૂજ્યશ્રીનો ઋણ સ્વીકાર અને મિત્ર હર્ષદ દોશીનો આભાર માની આપની પાસે વિનમ્ર ભાવે પ્રસ્તુત કરું છું.

માનવ પાસે ભાષા કે બોલી ન હતી ત્યારે સર્વ પ્રથમ એણે પોતાના શરીરની ચેષ્ટા અને સંકેતોથી કામ ચલાવ્યું, પછી એની પાસે રેખા આવી. આ રેખાથી રેખાચિત્રો આવ્યા, પણ આ રેખાઓથી સ્થૂળનું જ નિર્દેશન થતું. જેમકે હાથી, ઘોડો, ચંદ્ર, સૂરજ વગેરે. પછી જ્યારે બુદ્ધિનો વિકાસ થયો અને બોલી તેમજ ભાષા જન્મી ત્યારે એ રેખામાં ભાવ દર્શાવવા, એણે રંગીન ચિત્રોનું સર્જન કર્યું. ભાષા જ્યારે પ્રદેશે પ્રદેશે પોતાના અલગ વ્યક્તિત્વ સાથે જન્મી ત્યારે પોતાના વિચારો અન્ય ભાષામાં પહોંચાડવા આ ચિત્રોની મદદ લીધી. દા.ત. તામિલ ભાષાના ચિત્રકારે કોઈ પ્રસંગ દોર્યા હોય તો, એ પ્રસંગ કોઈ પણ ભાષાની વ્યક્તિ તામિલ ન જાણતો હોય તો પણ એ ચિત્રના કથા ભાવને સમજી શકે.

પરંતુ આ ચિત્રોના ભાવ સમજવા માટે માત્ર ચર્મચક્ષુ જ નહિ, આંતરચક્ષુ અને પ્રજ્ઞાચક્ષુની જરૂર પડે. ચર્મચક્ષુ પ્રવેશાવે, આંતરચક્ષુ મનન કરાવે, ચિંતન કરાવે અને પ્રજ્ઞાચક્ષુ ચિત્રમાં રહેલાં ગોપનીય ભાવ અને ચિંતનથી એક અદૃશ્ય દૃશ્યનું દર્શન કરાવે. આવું દર્શન અનુભવે તેને આપણે દૃષ્ટા કહીશું.

આ સ્વપ્નો પણ ચિત્રો જ છે, પણ બધાંને એક સરખા સ્વપ્ના નથી આવતા. તો એ ક્યું રહસ્ય છે? પશ્ચિમના વિચારપ્રદેશમાં વર્તમાનમાં ફ્રોઈડે આવા સ્વપ્નો ઉપર ઘણું સંશોધન કર્યું, પણ એનું સંશોધનમાં સ્થૂળ દૃષ્ટિ જ હતી, જ્યારે ભારતીય પુરાણો અને શાસ્ત્રોએ આ સ્વપ્ન સૃષ્ટિના ઊંડાણમાં ઊતરીને માનવનાં જાગૃત, અર્ધજાગૃત, વગેરે મન અને શરીરની અનેક ભૂમિકાને સ્પર્શીને એના સ્થૂળ અને સૂક્ષ્મ રહસ્યો આપણી સમક્ષ મૂક્યા છે. આપણે ત્યાં સ્વપ્નશાસ્ત્રના જાણકાર વિદ્વાન તજજ્ઞો હતા. જે 'નૈમિત્તિક' કહેવાયા.

સ્વપ્ન ઉપરથી માનવીની પ્રકૃતિ અને સ્વભાવનો અંદાજ આવે છે,

સ્વપ્નો દ્વારા માણસના મનોવ્યાપારનો સૂક્ષ્મતાથી અભ્યાસ કરી શકાય છે અને માનવીના આંતરમનનો આપણને પરિચય પણ થાય છે.

જૈન ધર્મમાં પ્રતીકોનું ઘણું મહત્ત્વ છે. તીર્થંકર ભગવાનની મૂર્તિને આપણે એના પ્રતીક, એટલે લાંછનથી ઓળખીએ છીએ. સ્વપ્નો પણ પ્રતીકો જ છે. એ પ્રતીકોમાં ઊંડા ઉતરી મનન કરી એમાં રહેલા ધ્વન્યાર્થને આપણે શોધવાનો છે. આપણાં 'અષ્ટમંગલ'માં પણ ઊંડું ચિંતન અને ભાવ સમાયેલા છે.

ભગવતી સૂત્ર પ્રમાણે ગૌતમે ભગવાનને પૂછ્યું: સ્વપ્ન ક્યારે આવે ? નિંદ્રિત, જાગૃત કે અર્ધજાગૃત અવસ્થામાં ? ભગવાને કહ્યું: ઇન્દ્રિયો જ્યારે સુષુપ્ત અવસ્થામાં હોય અને મન જાગૃત અવસ્થામાં હોય ત્યારે સ્વપ્નો આવે. શરીરના **સપ્તધાતુ** સમતોલ હોય ત્યારે શુભ સ્વપ્નો આવે અને એ અસમતોલ હોય ત્યારે અશુભ સ્વપ્નો આવે.

શાસ્ત્રમાં ૭૨ પ્રકારના સ્વપ્નો ગણાવ્યા છે, એમાંથી ૪૨ અશુભ અને ૩૦ શુભ સ્વપ્નો, એમાંય આ ૩૦માંથી ૧૪ મહાસ્વપ્નો છે.

તીર્થંકર અને ચક્રવર્તીની માતાને ૧૪ સ્વપ્નો આવે છે. તીર્થંકરની માતાને ૧૪ સ્પષ્ટ સ્વપ્નો આવે છે અને ચક્રવર્તીની માતાને ઝાંખા સ્વપ્નો આવે છે. દિગંબર પરંપરામાં ચક્રવર્તીની માતાને ૧૬ સ્વપ્નો આવે છે, મત્સ્યયુગ્મ અને સિંહાસન આ બે વધારાના. ૧૬મા, ૧૭મા અને ૧૮મા તીર્થંકરો ચક્રવર્તી પણ હતા, એટલે તેમની માતાએ બે વખત ૧૪ સ્વપ્નો જોયેલા, અસ્પષ્ટ અને સ્પષ્ટ. આ ચક્રવર્તીઓ નવનિધિ અને અષ્ટસિદ્ધિના ધારક હોય છે, છતાં એ ચક્રવર્તીઓને આટલી બધી સિદ્ધિ છોડવાનું કેમ મન થયું ? કારણ કે જીવનમાં કોઈ સમૃદ્ધિ શાશ્વત નથી એનું સાચા અર્થમાં એમને જ્ઞાન થયું હતું.

ચક્રવર્તી રાજાને બાહ્ય શત્રુઓને જિતવાના હોય છે, અને એ પણ હિંસા કરીને. જ્યારે મહાન ધર્મ પ્રવર્તકે આંતરિક શત્રુને જિતવાના હોય છે. આ જિતમાં હિંસા નથી હોતી. અહીં મારીને જિતવાની વાત નથી પણ અહીં આંતરિક શત્રુઓને ઓગાળવાની વાત છે.

આ ઉપરાંત મહાન સાધુની માતાને પણ એક મહાસ્વપ્ન આવે છે. હેમચંદ્રાચાર્યની માતા પાહિણીદેવીને ચિંતામણિ રત્નનું સ્વપ્ન આવ્યું હતું.

ભગવાન મહાવીરને બે માતા હતી, સૌ પ્રથમ બ્રાહ્મણ ઋષભ દત્તની પત્ની દેવાનંદાને આ ગર્ભ રહ્યો, ત્યારે એમને પણ ૧૪ સ્પષ્ટ સ્વપ્નો આવ્યાં હતાં, પરંતુ કર્મ દશા પ્રમાણે ૮૨ દિવસ જ દેવાનંદાના ઉદરમાં આ ગર્ભ રહ્યો અને ઇન્દ્રની આજ્ઞાથી હરિણૈગમેષીએ એ ગર્ભને ત્રિશલા માતાની કૂખમાં બિરાજાવ્યો, અને ત્રિશલા માતાના પુત્રી ગર્ભનું આરોપણ દેવાનંદાની કૂખમાં કર્યું.

ત્રિશલા માતાને જે સ્વપ્નો આવ્યા એમાં પ્રથમ સિંહ, બીજો હસ્તી, અને ત્રીજો વૃષભ છે. પ્રત્યેક માતાના તીર્થંકરને ઉપર પ્રારંભમાં જણાવ્યું એ ક્રમે સ્વપ્ન આવે છે. માત્ર ત્રિશલા માતાના સ્વપ્નમાં આ પહેલાં ત્રણનો જુદો ક્રમ છે.

ભગવાન મહાવીરે સાડાબાર વર્ષની તપશ્ચર્યા કરી, પછી છેલ્લા પ્રહરે ઊંઘ આવી ગઈ ત્યારે એમને દશ સ્વપ્નો આવેલા, ત્યાર પછી ભગવાનને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

હવે આ ચૌદ સ્વપ્નોના રહસ્ય તરફ આપણે જઈએ.

આ ચૌદ સ્વપ્નમાં આંતરિક શત્રુ પર વિજય મેળવવા માટે જે પ્રચંડ પુરુષાર્થ કરવો પડે એનું રહસ્ય છૂપાયેલું છે.

સ્વપ્ન આવે છે વર્તમાનમાં પણ એનું ફળ પ્રાપ્ત થાય છે ભવિષ્યમાં એટલે વર્તમાનથી ભવિષ્યની સફર કરતાં ક્યાં ક્યાંથી પસાર થઈ અંતે કઈ કક્ષા પ્રાપ્ત થશે એનું સ્પષ્ટ સૂચન છે. જૈન ધર્મ યથાર્થવાદી છે અને પુરુષાર્થ એટલે કર્મ અને કર્મફળ ઉપર પુરતો વિશ્વાસ રાખે છે. આ સ્વપ્નો દ્વારા આત્મ વિકાસની પ્રત્યેક અવસ્થાનું સૂચન છે. આત્મા મોક્ષ પાસે પહોંચવા માટે ૧૪ ચરણોમાંથી પસાર થાય છે. આ ૧૪ ચરણો, આ ૧૪ સ્વપ્નો એટલે આત્મવિકાસના ૧૪ ગુણસ્થાનકો.

ગુણસ્થાનક એટલે 'જીવ'ની ભૂમિકા, આત્માના વિકાસના માર્ગો ઉપર તેની અવસ્થા. આત્મા અનાદિકાળથી પ્રગાઢ મિથ્યાત્વના અંધકારથી ઘેરાયેલો હોય છે. આ તેની પ્રાથમિક અવસ્થા. અહીંથી તેને ઊભા થવાનું છે. પછી ઉત્ક્રાંતિ કરતા કરતા પ્રત્યેક કર્મોથી સંપૂર્ણ મૂક્ત થઈ, અંતે અક્ષય, અખંડ, અને શાશ્વત કેવળજ્ઞાનના અને કેવળદર્શનના શિખરે એને બિરાજવાનું છે. આત્માનું 'લક્ષ્ય' આ છે, નિર્ધૂમ અગ્નિ જેવું. સર્વગ્રંથી ઉકેલી છોડી નિર્ગ્રંથ અને અયોગી અવસ્થા પ્રાપ્ત કરવાની છે.

મિથ્યાત્વ અને અંતિમ શિખરની વચ્ચે અનેક પડાવો આવે છે.આ પડાવ એ જ ગુણસ્થાનક. આત્મા જેમ જેમ મોહનીય કર્મની પ્રકૃતિનો ક્ષય કરે છે અથવા એને શાંત કરે છે તેમ તેમ તેની ગતિ થાય છે. પણ આ પ્રવાસ સાપ-સીડીની રમત જેવો છે. જો ક્યાંક ભૂલ થઈ તો છેલ્લે નીચે અને ફરી સફરનો પ્રારંભ કરવાનો.

આઠ પ્રકારના કર્મોમાં મોહનીય રાજા છે. મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ છે. જેમ જેમ આ પ્રકૃતિનો નાશ થાય તેમ તેમ આત્મા ઉપરના ગુણસ્થાનથી આગળ વધે છે, અને ૧૨મા ગુણસ્થાને તો સર્વ પ્રકૃતિનો ક્ષય થઈ જાય છે.

આ ૧૪ ગુણસ્થાનનો ક્રમ આ પ્રમાણે છે.

**(૧) મિથ્યાત્વ** – જીવની આ નીચામાં નીચી ભૂમિકા છે. આ ગુણસ્થાનને વર્તતા જીવને આત્મા, ધર્મ કે પ્રભુની વાણીમાં રસ, રુચિ કે શ્રદ્ધા હોતાં નથી. જે જીવોના મિથ્યાત્વને આદિ કે અંત નથી અને જે જીવો ક્યારેક મોક્ષ પામવાના નથી તે જીવો 'અભવ્ય'

તરીકે ઓળખાય છે. જે જીવો મિથ્યાત્વનો ત્યાગ કરી મોક્ષ પામવાના છે તે જીવો 'ભવ્ય' તરીકે ઓળખાય છે.

**(૨) સાસ્વાદન** – સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી ગુણશ્રેણીએ ઉપર ચડેલો જીવ ક્રોધાદિ તીવ્ર કષાયોનો ઉદય થતાં પાછો પહેલે ગુણસ્થાનકે આવી પડે છે ત્યારે આ બીજા ગુણસ્થાનકે ક્ષણવાર અટકે છે. તત્ત્વરુચિના કંઈક આસ્વાદવાળી આ ભૂમિકા છે. એટલા માટે એને સાસ્વાદન ગુણસ્થાન કહેવામાં આવે છે. આ ગુણસ્થાન ક્ષણમાત્રનું છે. સમ્યકૃત્વથી પડનાર જીવ માટે આ ગુણસ્થાન છે. ચડતી વખતે જીવ પહેલા ગુણસ્થાનથી સીધો ત્રીજા ગુણસ્થાને ચડે છે.

**(૩) મિશ્ર** – મિથ્યાત્વમાંથી નીકળી ઊંચે ચડતો જીવ સમ્યગ્દર્શન પામતાં પહેલાં મનોમંથનવાળી, મિથ્યાત્વ અને સમ્યગ્દર્શનના મિશ્રરૂપ ભૂમિકા પામે છે તે આ ગુણસ્થાન.

**(૪) અવિરતિસમ્યગ્દષ્ટિ** – સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં આત્મા આ ગુણસ્થાન પામે છે. આ ગુણસ્થાનથી જ આત્મવિકાસની મુખ્ય ભૂમિકા શરૂ થાય છે. અહીં વર્તતો જીવ સાચી આધ્યાત્મિક શાંતિ અનુભવે છે અને આત્મકલ્યાણ માટે યથાશક્તિ પ્રવૃત્ત થાય છે. અલબત્ત, વિરતિ એટલે ત્યાગ–વૈરાગ્ય શું છે તે જાણતો હોવા છતાં પૂર્વના પ્રબળ સંસ્કારો અને કર્મના ઉદયને કારણે પૂર્ણપણે તે આચરણમાં મૂકી શકાતો નથી માટે તે અવિરતિસમ્યગ્દષ્ટિ કહેવાય છે.

**(૫) દેશવિરતિસમ્યગ્દષ્ટિ** – આ ગુણસ્થાને રહેલો જીવ સમ્યગ્દષ્ટિપૂર્વક વ્રત વગેરે નિયમોનું અંશતઃ પાલન કરી શકે છે. માટે તે દેશવિરતિ-સમ્યગ્દષ્ટિ કહેવાય છે.

**(૬) પ્રમત્તસંયત** – ત્યાગવૈરાગ્યમાં દઢ બનેલો સમ્યગ્દષ્ટિ જીવ મહાવ્રતોરૂપી સર્વવિરતિ ધારણ કરે છે, પરંતુ ક્યારેક કર્તવ્યમાં તેનાથી પ્રમાદ થઈ જાય છે માટે એને પ્રમત્તસંયત કહેવામાં આવે છે.

**(૭) અપ્રમત્તસંયત** – પ્રમાદમુક્ત સમ્યગ્દષ્ટિ જીવનું આ ગુણસ્થાન છે. પરંતુ પ્રમાદમુક્ત અવસ્થામાં સતત સ્થિર રહેવું અત્યંત કઠિન હોવાથી ઘણા જીવો પ્રમત્ત અને અપ્રમત્ત અવસ્થા વચ્ચે–છઠ્ઠા અને સાતમા ગુણસ્થાન વચ્ચે–ઝોલા ખાતા રહે છે.

**(૮) અપૂર્વકરણ** – એટલે ક્રિયા અથવા અધ્યવસાય. આ ગુણસ્થાનમાં ચારિત્રમોહનીય કર્મનો ઉપશમ અથવા ક્ષય કરવાનો અપૂર્વ અધ્યવસાય પ્રાપ્ત થાય છે. 'ઉપશમ' અને 'ક્ષય' પારિભાષિક શબ્દો છે. ઉપર રાખ ઢાંકવાથી અગ્નિ શાંત થઈ જાય છે, પરંતુ હોલવાતો નથી. તેવી ક્રિયા તે ઉપશમ. અગ્નિ ઉપર પાણી નાખવાથી તે સદંતર હોલવાઈ જાય છે. તેવી ક્રિયા તે ક્ષય. આ ગુણસ્થાને ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી એમ બે શ્રેણી પડે છે. ઉપશમશ્રેણી માંડતો જીવ ક્રમે ક્રમે અગિયારમા ગુણસ્થાન સુધી પહોંચે છે. ક્ષપકશ્રેણી માંડતો જીવ નવમા અને દસમા ગુણસ્થાને થઈ સીધો બારમા ગુણસ્થાને પહોંચે છે. અગિયારમા ગુણસ્થાનને તે સ્પર્શતો નથી.

**(૯) અનિવૃત્તિબાદર** (અનિવૃત્તિકરણ) – મોહનીય કર્મના બાકી રહેલા અંશોનો પણ અહીં ઉપશમ કે ક્ષય થાય છે અને આત્મા વધારે વિશુદ્ધ બને છે.

**(૧૦) સૂક્ષ્મસંપરાય** – સંપરાય એટલે કષાય. મોહનીય કર્મ ઉપશાંત અથવા ક્ષીણ થવા જાય ત્યારે રાગનો–લોભકષાયનો સૂક્ષ્મ અંશ બાકી રહી જાય છે. તેવી સ્થિતિ આ ગુણસ્થાનમાં હોય છે.

**(૧૧) ઉપશાંતમોહ** – મોહનીય કર્મની બાકી રહેલી પ્રકૃતિઓ અહીં શાંત થાય છે. જેમણે ઉપશમશ્રેણી માંડી છે એવા આત્માઓ માટે જ આ ગુણસ્થાન છે.

**(૧૨) ક્ષીણમોહ** – આ ગુણસ્થાને વર્તતો જીવ મોહનીય કર્મની બધી જ પ્રકૃતિઓનો ક્ષય કરે છે. અહીંથી જ જીવ અંતમુહૂર્ત જેટલા સમયમાં કેવળજ્ઞાન પ્રગટાવે છે.

**(૧૩) સયોગી કેવળી** – આ ગુણસ્થાનકે વર્તતો જીવ ચારે ઘનઘાતી કર્મો (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય)નો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે, પરંતુ આ સ્થાનમાં હજુ જીવને ચાર અઘાતી કર્મો ભોગવવાના બાકી હોય છે. એટલે કે એને હજુ મન, વચન અને કાયાના યોગ બાકી હોય છે. એથી તે સયોગી કેવળી કહેવાય છે.

**(૧૪) અયોગી કેવળી** – આ ગુણસ્થાને જીવ ચાર અઘાતી કર્મોનો પણ ક્ષય કરી મુક્તિ અથવા મોક્ષપદને પામે છે. અહીં જીવ યોગ રહિત થાય છે અને કેવળજ્ઞાન સહિત હોય છે એટલે એ અયોગી કેવળી કહેવાય છે.

આમ પ્રથમ ગુણસ્થાન અવિકાસ કાળ છે, બીજા અને ત્રીજા ગુણસ્થાનમાં વિકાસનું સહજ સ્ફૂરણ છે. ચોથાથી ક્રમશઃ આગળ વધતા ચૌદમા ગુણસ્થાને આત્મા પૂર્ણ કલાએ પહોંચે છે અને ત્યાર બાદ મોક્ષ પ્રાપ્ત થાય છે. આમ સમ્યક્જ્ઞાનનું પ્રાગટ્ય થાય છે.

આત્મા પોતાના કર્મના બંધનને લીધે જ જગતમાં રખડે છે. આ કર્મોની અસર કોઈ વખત જાડી હોય છે તો કોઈ વાર પાતળી હોય છે. જ્યારે કર્મની અસર ઘેરી હોય છે ત્યારે આત્મા ખોટા રસ્તે દોરવાઇ જાય છે, વિષયગામી બને છે. અને જ્યારે અસર ઓછી હોય છે ત્યારે એ સન્માર્ગે વળે છે.

દા.ત. એક મુસાફર નિશ્ચિત સ્થાને જવા નીકળ્યો છે. મુખ્ય માર્ગ જંગલમાંથી પસાર થાય છે. એ કોઈ વખત મુખ્ય માર્ગથી આડે માર્ગે ફંટાઈ જાય છે, કોઈ વાર મુખ્ય માર્ગની નજીકથી ચાલે છે; પરંતુ ખબર નથી કે તે મુખ્ય માર્ગની કેટલીક નજીક છે! મુખ્ય માર્ગ જૂવે

અને એ દિશામાં જ ચાલે ત્યારે તે માટે તે મુખ્ય માર્ગની નજીકમાં રહે તે જરૂરી છે, પરંતુ ઘણી વાર ગુંચવણમાં એ મુખ્ય માર્ગની નજીકમાં હોવા છતાં પાછો પણ ફરી જાય છે અને લક્ષ્ય સ્થાને પહોંચી શકતો નથી. કર્મ બંધન પૂરા ન છોડનાર સાધક આ રીતે સમ્યગ્ માર્ગ પકડી શકતો નથી, એટલે મોક્ષના લક્ષ્ય સ્થાને પહોંચી શકતો નથી.

હવે આપણે ૧૪ સ્વપ્નો સાથે ગુણસ્થાનકના સંબંધનો વિચાર કરીએ.

**(૧) હસ્તિ :** મિથ્યાત્વ એ મહાહસ્તિ જેવું છે. પ્રથમ સ્વપ્ન મિથ્યાત્વને જીતવા માટેનું છે તેથી તે પ્રથમ ગુણસ્થાનકનું સૂચક છે. સાધારણ હાથી ગાઢ વનમાં રહેતો હોય છે, તેનો વર્ણ શ્યામ હોય છે, બે દંતૂશળ ધરાવતો એ મદમસ્ત અને નિરંકુશ બનીને વનમાં ઘૂમતો હોય છે. આપણે જાણીએ છીએ કે જીવ અનાદિ કાળથી સંસારમાં ભ્રમણ કરી રહ્યો છે. સંસારને અટવિની ઉપમા આપવામાં આવી છે. અટવિ એટલે વન, જંગલ. કોઈ જ્ઞાની પુરુષના ઉપદેશથી પ્રેરાઈને જીવ ઉદ્યમવંતો થાય છે અને અનાદિ મિથ્યાત્વદશામાંથી ઉત્ક્રાંતિ કરે છે.

સ્વપ્નમાં જે હાથી દેખાય છે તે સફેદ વર્ણનો છે એટલે કે હવે મિથ્યાત્વનો ઘોર અંધકાર ઓછો થઈ રહ્યો છે અને સમકિતરૂપી પ્રકાશનો ઉદય થશે. હાથીના ગંડસ્થળમાંથી મદ ઝરતો હતો. તેની ઉપર ભમરાનાં ટોળાં જામ્યાં હતાં. એ મહામોહનીય કર્મના પ્રભાવ નીચે મદમસ્તપણું અને નિરંકુશ સ્વછંદતા બતાવે છે. હાથી વનમાં રહે છે અને તેને તીક્ષ્ણ દંતૂશળ છે, છતાં પણ તે વિકરાળ પ્રાણી નથી. આમ ચાર દંતૂશળવાળો હાથી સૂચન આપે છે કે તે ચાર કષાયોને મંદ કરશે. તે ઇન્દ્રના હાથી ઐરાવત જેવો સુંદર હતો અને તેની ગર્જનામાં ગાઢ વાદળાં જેવી ગંભીરતા હતી. એ બતાવે છે કે જીવ અનાદિ કાળથી ભવ–અટવિમાં ખોવાયેલો હતો તેમાંથી બહાર નીકળી ઊર્ધ્વગતિ કરશે.

**(૨) વૃષભ :** સ્વપ્નમાં જે બળદ દેખાય છે તેને મોટાં, ભરાવદાર, વાંકડિયાં અને અણીદાર શિંગડાં છે.

બીજું ગુણસ્થાનક સાસ્વાદન છે. અહીં મિથ્યાત્વની ૨૮માંથી બધી જ પ્રકૃતિ ઉદયમાં છે, છતાં જીવ પહેલા ગુણસ્થાનકના મિથ્યાત્વી કરતાં સારો છે. તે સમકિતના સ્વાદનો હજી પણ અનુભવ કરી રહ્યો છે.

વૃષભ એટલે બળદ. એ મદમસ્ત અને તોફાની હોઈ શકે છે, પણ તે હાથી જેટલો ઉન્મત્ત નથી હોતો. હાથી વનમાં રહેતું પ્રાણી છે. બળદ પણ પ્રાણી છે, પણ પાળેલું પ્રાણી છે. મદમસ્ત હાથી અને આખલામાં જે તફાવત છે એ તફાવત પહેલા અને બીજા ગુણસ્થાનકમાં છે.

વૃષભ તીક્ષ્ણ શિંગડાંવાળો છે. એ દેખાવે સુંદર છે, પણ વૃક્ષ સાથે પોતાનું જ માથું અને શિંગડાં ભરાવીને લડતો હોવાથી પોતાને જ નુકસાન કરે છે અથવા માટીમાં શિંગડાં ભરાવી ધૂળવાળો, મેલો કરી દે છે. બીજું ગુણસ્થાનક પણ સમકિતનું હોવાથી જોવામાં સુંદર છે, પણ નિશ્ચિતરૂપથી પતનનું કારણ છે, અર્થાત્ આત્માને મેલો કરી મૂકે છે. વૃષભની આ ક્રિયાથી સાવધાન રહેવાનું સૂચન છે, સાસ્વાદન સમકિત ન આવે તેનો ખ્યાલ રાખવાનો છે.

**(૨) સિંહ :** ત્રીજા ગુણસ્થાનકમાં સમકિત અને મિથ્યાત્વના મિશ્રભાવ છે. મિથ્યાત્વી માટે ભવરૂપી વનમાં ફરવાનું છે. સમકિત આ વનમાંથી બહાર નીકળવાનો માર્ગ છે.

સિંહ પણ મિશ્ર ભાવ ધરાવે છે. સિંહ વનનું પ્રાણી હોવા છતાં ઉમદા ગુણો પણ ધરાવે છે.

ત્રીજા ગુણસ્થાનકમાં જીવને સદ્ગુરુ અને શાસ્ત્ર પર એકાંત શ્રદ્ધારૂપ પ્રેમ નથી હોતો તેમ જ ધર્મ ખોટો છે એમ માની ધર્મ પ્રત્યે દ્વેષ પણ નથી હોતો. સિંહને ભૂખ લાગી હોય તો જ શિકાર કરે, નહીં તો સાવ નિર્બળ પ્રાણી પણ તેની પાસેથી પસાર થઈ જાય તો એની સામે નજર પણ માંડતો નથી. આ એક પ્રકારનો ઉપેક્ષાભાવ હોય છે.

સિંહ છલાંગ મારે છે. સિંહની છલાંગ બંને દિશાનું સૂચન કરે છે. ઉપર છલંગ મારે તો ઊંચો ઊઠે અને નીચે છલાંગ મારે તો ખાડામાં પડી જાય. ત્રીજું ગુણસ્થાનક સંશયરૂપી સિંહ જેવું છે. ત્રીજા ગુણસ્થાનકથી ઉપર પણ જવાય અને પતન પણ થાય. આ સ્વપ્નમાં ઉપર છલાંગ મારવાનું સૂચન હોવાથી તે ઊર્ધ્વ ગતિ દર્શાવે છે.

પહેલા ત્રણ સ્વપ્નમાં પ્રાણી દેખાય છે. આ પ્રાણીઓ વનમાં વસતાં હોય છે. વન એ સંસાર-પરિભ્રમણનું પ્રતીક છે. આ ત્રણે સ્વપ્ન હાથી, વૃષભ અને સિંહ તેમના ઉત્કૃષ્ટ સ્વરૂપ અને ભાવમાં દેખાય છે. આમ ત્રણ સ્વપ્ન દ્વારા ભવભ્રમણ કરાવતા મિથ્યાત્વના ઘોર જંગલમાંથી બહાર નીકળવાનું સૂચન છે.

**(૪) લક્ષ્મી :** મિથ્યાત્વનું છૂટવું અને સમ્યક્દર્શન પ્રાપ્ત કરવું એ સૌથી મોટી લક્ષ્મી અથવા અપાર સંપત્તિ છે. જેમ લક્ષ્મી પ્રાપ્ત થયા પછી મનુષ્ય શક્તિશાળી બને છે, તેમ સમ્યક્દર્શનરૂપી લક્ષ્મી પ્રાપ્ત થયા પછી આત્મા અત્યંત શક્તિમાન બને છે.

ચોથા ગુણસ્થાને જીવને સમકિતની પ્રાપ્તિ છે, પરંતુ હજુ અપ્રત્યાખાની કષાયનો ઉદય છે એટલે કોઈ વ્રત-પચ્ચખ્ખાણ કરી શકતો નથી. અહીં પુરૂષાર્થનો અભાવ કે એની મંદતા હોય છે. લક્ષ્મી જેમ ચંચળ છે તેમ આ ગુણસ્થાનકમાં પણ અસ્થિરતા છે. એટલે જીવ ચોથા ગુણસ્થાનેથી ઘણી વાર નીચે પડે છે અને પાછો આવે છે. કોઈ દુર્લભ યોગની પ્રાપ્તિથી જીવ પુરુષાર્થ આદરે છે અને

વ્રત-પચ્ચખ્ખાણમાં પ્રવૃત્ત થાય છે અને આગળ વધે છે.

ચોથું સ્વપ્ન આત્માને સમ્યક્દૃષ્ટિ કરવાનું સૂચન છે.

**(૫) પંચવર્ણી ફૂલની માળા :** પાંચમા ગુણસ્થાનમાં અપ્રત્યાખાની કષાય મંદ થતાં જીવ હવે વ્રત-પચ્ચખ્ખાણ આદરે છે. આ સ્વપ્નમાં પાંચ રંગના ફૂલની માળા પાંચ અણુવ્રતનું સૂચન કરે છે. જો આ માળાના પાંચેય રંગ ખીલી ઊઠે તો માળા શોભાયમાન થાય છે. પણ માળાનાં ફૂલ કરમાઈ ગયાં હોય તો રંગ ઝાંખો પડે છે. પાંચમે ગુણસ્થાને અણુવ્રતરૂપી પંચવર્ણી માળાને જીવ ધારણ કરે છે. અણુવ્રતનું પાલન સારી રીતે કરે તો જીવની શોભા વધી જાય છે. ફૂલ કરમાઈ ગયેલાં હોય તો સમજવું કે પ્રમાદને વશ થવાથી વ્રતના પાલનમાં શિથિલતા આવશે.

**(૬) ચંદ્ર :** આ સ્વપ્ન પ્રમત્ત દશાની સૂચના આપે છે. જો પ્રમત્ત દશા ઓછી થાય તો આત્મા પૂનમના ચંદ્ર જેવો બની આગળ વધી શકે છે.

છઠ્ઠું ગુણસ્થાનક સર્વવિરતિનું છે. પ્રત્યાખાની કષાય મંદ થતાં અણુવ્રતમાંથી આગળ વધી મહાવ્રતનું પાલન કરે છે. એ શ્રાવકમાંથી સાધુ થાય છે. ભોગ-ઉપભોગ પ્રત્યે અરુચિ થતા આત્મા ચંદ્રની જેમ શીતળતા અનુભવે છે. ચંદ્ર રાત્રીનો અંધકાર દૂર કરે છે, અને તેની વધતી-ઘટતી કળા પ્રમાણે એનો પ્રકાશ પણ ઓછો-વત્તો થાય છે. એ જ પ્રમાણે સર્વવિરતિ હોવા છતાં ભાવ અને પરિણામમાં ચડ-ઊતર થયા કરે છે. સમુદ્રની ભરતી ચંદ્ર ઉપર આધાર રાખે છે. પૂનમની રાતે સમુદ્રમાં ભરતી આવતાં તોફાન જાગે છે, તેમ હજી પ્રમાદનું જોર વર્તે છે. ચંદ્ર સ્વયં પ્રમત્તદશાનો પ્રતિનિધિ છે.

**(૭) સૂર્ય :** સાતમે ગુણસ્થાને અપ્રમત્ત દશારૂપી આ તપ તપી ઊઠે છે. અહીં જીવ તમામ પ્રમાદ છોડે છે. ચંદ્રના ઝાંખા પ્રકાશને બદલે સૂર્યનો તેજસ્વી પ્રકાશ પથરાઈ જાય છે અને અંધકારનો સંપૂર્ણ નાશ કરે છે. પ્રમત્ત દશારૂપી કોમળતાને તપાવીને સૂકવી નાખે છે. આત્માને સંતપ્ત કરી અપ્રમત્ત દશામાં સ્થિર કરે છે. સૂર્યના અનેક તેજસ્વી ગુણની જેમ આત્મા પણ ઉજ્જવલ અને તેજસ્વી થઈ જાય છે.

**(૮) ધ્વજા :** આઠમું ગુણસ્થાન જીવની વિજયયાત્રાનું સૂચક છે. અપૂર્વકરણ દ્વારા અપૂર્વ રસ, સ્થિતિ-પ્રદેશાઘાત કરી જીવ વિજયશાળી બને છે અને આધ્યાત્મિક યુદ્ધના મેદાનમાં કર્મરૂપી શત્રુને પરાસ્ત કરી વિજયની ધ્વજા ફરકાવે છે. ધ્વજા એ વિજયનું સૂચક છે.

જે કોઈ સમ્રાટ દિગ્વિજય કરવા નીકળે તેણે દુશ્મન દેશનો છેલ્લામાં છેલ્લો કિલ્લો પણ જીતવો પડે છે. સમગ્ર વિશ્વ જીતી લીધું હોય પણ એક કિલ્લો બાકી રહી ગયો હોય, અને તેને જીતવા જતાં જો સમ્રાટ પરાજય પામે તો એને પીછેહઠ કરવી પડે છે. એવાં અનેક ઉદાહરણ છે કે માત્ર એક જ હાર અને તેને પરિણામે થયેલી પીછેહઠ પછી એવી પરિસ્થિતિ સર્જાય છે કે એક પછી એક કિલ્લો હારતો જાય છે અને વિજયથી મેળવેલું તમામ રાજ્ય ખોઈ બેસે છે.

આઠમા ગુણસ્થાનથી જીવ ઉપશમ શ્રેણી કરે તો છેલ્લા ગઢથી પાછો ફરે અને બધું જ ગુમાવીને પહેલા ગુણસ્થાને પાછો ફરે છે. વળી જીવ ક્ષપક શ્રેણી કરે તો વિશ્વવિજયીની જેમ તમામ કર્મશત્રુનો ધ્વંસ કરે છે.

ધ્વજાની ચંચળતા વિશે આપણે જોઈ ગયા. આમ, ચોથા ગુણ-સ્થાનકેથી જીવ આગળ વધી શકે છે અને પાછળ પણ પડી શકે છે. ઊર્ધ્વગમન અને અધોગમન બંનેની શક્યતા હોય છે. એ પ્રકારના ભાવ લક્ષ્મીની ચંચળતામાં જોવા મળે છે. એ જ પ્રમાણે ધ્વજાની ચંચળતા જણાવે છે કે જીવ ક્ષપક શ્રેણી કરી લક્ષ્ય સાધી શકે છે અને ઉપશમ શ્રેણી કરી પાછો પણ ફરી શકે છે.

આ રીતે આઠમું ગુણસ્થાનક ઘણું જ મહત્ત્વનું છે.

**(૯) કળશ :** નવમું સ્વપ્ન કળશનું છે. નવમું સ્વપ્ન અને ગુણસ્થાનક, બંને ઘણાં મહત્ત્વનાં છે અને ગહન ભાવ દર્શાવે છે. મોહનીય કર્મની ૨૮માંથી ૨૭ પ્રકૃતિનો ક્ષય કે ઉપશમ થયો છે. જીવ અત્યંત ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થાએ પહોંચ્યો હોય છે.

કળશ એટલે ઘડો – ઘટ. ઘટ સમગ્ર બ્રહ્માંડનું તેમ જ માનવદેહનું પ્રતીક છે. ઘટ દર્શાવે છે કે આત્મા અને શરીર જુદાં છે, તેનો પૂરો સાક્ષાત્કાર અને અનુભવ થઈ ચૂક્યો છે. ઘણાં ચિત્રમાં ઘડાની ઉપરની બાજુ બે આંખ ચિત્રિત હોય છે. એ દર્શાવે છે કે જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં છે અને ભેદ વિજ્ઞાનથી આત્મા અને શરીરની ભિન્નતા જોઈ શકે છે.

સ્વપ્નમાં કળશ કમળના પુષ્પ પર રાખેલો છે. એ જણાવે છે કે હવે જીવ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી નિર્વિકાર, નિર્લેપ અને અનાસક્તભાવને વરેલો છે.

આ ગુણસ્થાનકમાં નોકષાયની બધી જ પ્રકૃતિનો ક્ષય કે ઉપશમ થઈ ગયો છે. નોકષાય શરીરની પ્રવૃત્તિ સાથે સંબંધિત છે. તેમાં પણ ત્રણે વેદપ્રકૃતિનો ક્ષય કે ઉપશમ નવમા ગુણસ્થાનકે થાય છે. હવે દેહાધ્યાસ પૂરેપૂરો છૂટી ગયો છે. બાહ્ય અને આભ્યંતર પરિણામમાં અધ્યવસાય સ્થિર થઈ ગયા છે એટલે અહીં નવમા ગુણસ્થાનકના ભાવનો બરાબર સુમેળ થયો છે.

દેહરૂપી કળશ આત્મારૂપી જળથી ભરેલો છે. વેદ મોહનીયનો ક્ષય કે ઉપશમ થવાથી આત્માનું જળ સર્વથા નિર્મળ થઈ ગયું છે અને પરમ શાંતિની પ્રાપ્તિ કરાવે છે. આપણે કહી શકીએ કે અત્યાર સુધી ઘડો જીવથી ભરાયેલો હતો, હવે નવમા ગુણસ્થાનકે જતાં જીવનો ઘડો ભરાયો છે.

**(૧૦) પદ્મ સરોવર :** મોહનીય કર્મની ૨૮માંથી ૨૭ પ્રકૃતિનો

ક્ષય કે ઉપશમ નવમા ગુણસ્થાનકે જ થઈ ગયો. સંજ્વલનના લોભની પ્રકૃતિ બાકી હતી, તે પણ અત્યંત પાતળી અને સૂક્ષ્મ થઈ ગઈ છે.

નવમા ગુણસ્થાનમાં શરીરરૂપી ઘટ કમળ પર હતો. હવે શરીરનો સંગ પણ ભાવથી છૂટી ગયો છે. આત્માનું નિર્મળ જળ સરોવર જેટલું વિશાળ થઈ ગયું છે અને તેમાં નિર્લિપ્ત ભાવોનાં કમળો ખીલ્યાં છે. સરોવરની વિશાળતામાં સૂક્ષ્મ કષાયનું ગલન કરવા આત્મા ઉદ્યમવંત થયો છે. પદ્મ સરોવર દસમા ગુણસ્થાનની સૂચના આપે છે.

**(૧૧) ક્ષીરસમુદ્ર** : અત્યાર સુધી ઉપશમ શ્રેણીથી અને ક્ષપક શ્રેણીથી આગળ વધી રહેલી જીવની અવસ્થા અને ઉન્નતિ એકસરખી જણાતી હતી. હવે એ સૂક્ષ્મ ભેદ મોટું સ્વરૂપ પકડે છે. ઉપશમ શ્રેણીનો જીવ અહીંથી આગળ નથી વધી શકતો અને પડે છે. ક્ષપક શ્રેણીનો જીવ આગળ વધે છે.

દસમા ગુણસ્થાન પછી બે પરિસ્થિતિ દૃષ્ટિગોચર થાય છે :

(૧) પાર ન પામી શકાય તેવી સ્થિતિ, (૨) ઊર્ધ્વગતિ કરી અનંત આકાશને પાર પામી જવાની સ્થિતિ.

અહીં દસમા ગુણસ્થાન પછી બે સ્વપ્ન ક્રમવાર આવે છે અને તે છે ક્ષીરસમુદ્ર અને દેવવિમાન. જીવ ક્ષીરસમુદ્રમાં જાય છે તો જીવ અગિયારમા ગુણસ્થાનકના યથાખ્યાત ચરિત્રરૂપી શાંતિનો મધુર સ્વાદ લે છે, પરંતુ સમુદ્રને પાર ન પામી શકે તો જીવની નાવ ડૂબે છે. આમ ક્ષીરસમુદ્ર એ અગિયારમા ગુણસ્થાનનું સૂચક છે. ક્ષીરનો મીઠો સ્વાદ મળે, પરંતુ તરવાનું અશક્ય બને છે.

સમુદ્ર એ ભવસાગર છે. ભવસાગરનું પાણી ખારું છે, મીઠું નથી. જીવ અગિયારમા ગુણસ્થાનકની ઊંચાઈએ પહોંચે છે ત્યારે આત્મબળના પરિણામે ખારાશને મીઠાશમાં ફેરવી નાખે છે. આ મીઠાશને પણ હવે છોડવાની છે. આ મીઠાશને જે જીવ નથી છોડી શકતો તેના સંજ્વલનનો જે સૂક્ષ્મ લોભ રહી ગયો છે તે, જેમ કાંટામાં માછલીનું ગળું ફસાય છે તેમ, જીવને ફસાવે છે. હવે અત્યાર સુધી શાંતભાવે રાહ જોઈને બેઠા હતા તે ઉપશાંત થયેલા કષાય એક પછી એક ઉદયમાન થાય છે અને જીવને ભવસાગરને તળીયે ખેંચી જાય છે.

**(૧૨) દેવવિમાન** : અગિયારમા સ્વપ્ન પછી આત્મા માટે બારમા સ્વપ્નનાં દર્શન મહત્ત્વનાં છે.

કેટકેટલા અવિરત પુરુષાર્થ પછી ક્ષીરસમુદ્રની મીઠાશ પ્રાપ્ત થઈ છે! પણ આ મીઠાશનો મોહ અને લોભ જતો કરી, સમુદ્ર તરવાનો પુરુષાર્થ ચાલુ રાખે, તો એ જીવની મદદે દેવવિમાન આવે છે. જો આત્મા દેવવિમાનમાં આરૂઢ થાય તો વિમાન ભવસાગરને પેલે પાર લઈ જાય છે. આ વિમાન એટલે આત્માની પ્રચંડ પુરુષાર્થથી એક વિરાટ છલાંગ! આ છલાંગરૂપી દેવવિમાનમાં જીવ ભવસાગર પાર કરી, બધા ઘાતી કર્મોનો ક્ષય કરીને સ્વયં શુદ્ધસ્વરૂપ બનીને અનંત આકાશને પાર કરી જાય છે અને સદ્‌ની સ્થિતિ થાય તેવા કેન્દ્રમાં જઈ પહોંચે છે.

ક્ષીરસમુદ્રની મીઠાશ છોડતાં જ મોહનીય કર્મની બધી જ પ્રકૃતિનો ક્ષય થઈ જાય છે અને આત્મા વીતરાગ થાય છે.

**(૧૩) રત્નરાશિ** : કર્મના રાજા મોહનીયનો પરાજય થતાં જ બાકીનાં ત્રણ ઘનઘાતી કર્મ – જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય – રણમેદાન છોડીને ભાગી જાય છે. આત્માને કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ, વીર્યરૂપી રત્નનો રાશિ પ્રાપ્ત થાય છે. આ રત્નરાશિ તેરમા ગુણસ્થાનકનું સૂચન કરે છે.

**(૧૩) નિર્ધૂમ અગ્નિ** : આટલો બધો રત્નરાશિ પ્રાપ્ત થયા છતાં હજુ તેજસ–કર્મણનાં શરીરો, આયુષ્ય કર્મનાં બંધનો, શાતા વેદનીયના પ્રભાવ અને ગોત્રના ઉચ્ચ કોટિના પરમાણુ આ જીવ સાથે જોડાયેલાં છે. આયુષ્ય કર્મનો ક્ષય થતાં જ આત્મા પોતાના યોગશક્તિરૂપી ધુમાડારહિત અગ્નિમાં આ સર્વ પરમાણુનું દહન કરી, આત્મા સ્વચ્છ નિર્મળ, નિરંજન, નિરાકાર, શુદ્ધ, મુક્તસ્વરૂપે શાશ્વત અને અનંત શક્તિને પ્રાપ્ત કરે છે.

૧૪મું ગુણસ્થાનક અયોગી અવસ્થા છે. મન, વચન, કાયાના યોગરૂપી ધુમાડો ઊડી જતાં અયોગી બની મહાન આત્મા ધુમાડારહિત અગ્નિને સદાને માટે અજર, અમર અને અજન્મા બને છે.

આ રીતે ૧૪ મહાસ્વપ્ન જીવનની અનાદિ કાળથી ચાલી આવતી મિથ્યાત્વ અવસ્થાથી શરૂ કરીને અંતિમ અવસ્થા સુધીની યાત્રાનું ભાવવાહી અને પ્રેરક ચિત્ર આપે છે. આ મહામંગલમય યાત્રામાં ક્યાં પડાવ આવે છે, ક્યાં વિઘ્ન આવે છે, કેવી રીતે વિશેષ સહાય મળે છે અને ક્યાં સાવધાન રહેવાનું છે તેનું પૂરું માર્ગદર્શન મળે છે. આ ૧૪ સ્વપ્નના અભ્યાસમાં એક અર્થમાં સમગ્ર જૈનદર્શન સમાયેલું છે. તેનું જ્ઞાન અને ધ્યાનપૂર્વક આચરણ કરવાથી ભવ્ય જીવો શીઘ્ર ક્ષીરસમુદ્ર પાર કરી, દેવવિમાનમાં આરૂઢ થઈ, નિર્ધૂમ અગ્નિરૂપ થઈ પરમ મુક્તિપદ પામશે.

'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત.'

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાયેલ ૭૩મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૧૨-૯-૨૦૦૭ નારોજ આપેલું વક્તવ્ય.

**ધનવંત શાહ**

*તમે જો ધન ગુમાવો તો કાંઈ ગુમાવ્યું નથી, જો શરીરનું સ્વાસ્થ્ય બગડે તો કાંઈક ગુમાવ્યું છે, પણ જો ચારિત્ર ગુમાવો તો બધું ગુમાવી બેઠા છો.*

# સ્વપ્નની શોધમાં

❑ ડૉ. એ. સી. શાહ; સંક્ષેપ ભાવાનુવાદક: જિતેન્દ્ર એ. શાહ

(ઑગસ્ટ '૦૭ના અંકથી આગળ)

## નિવૃત્તિ પછીનો સમય

તબિયતમાં ધીમો પણ ચોક્કસ સુધારો આવી રહ્યો હતો. બૅન્કમાંથી નિવૃત્તિ લઈ લીધા પછી પણ – માત્ર આજીવિકા અર્થે જ નહીં – સમયના સદુપયોગ અર્થે પણ યોગ્ય કામકાજ ખોળી કાઢવા અનિવાર્ય હતા.

નિવૃત્તિ પછી ભારતીય સરકારના નિયમ મુજબ મારા માટે બે વર્ષનો ગાળો પ્રતિબંધિત સમયનો (cooling time) હતો. તે દરમ્યાન મારાથી કોઈ પણ નવું કામ (Job) સ્વીકારી શકાય તેમ ન હતું. રિલાયન્સવાળા શ્રી ધીરુભાઈ અંબાણીએ પોતે મને તેમના ગ્રુપમાં જોડાવા આમંત્રણ આપ્યું. પરંતુ ઉપર દર્શાવેલ કારણસર તેમને ના પાડવી પડી.

મનુષ્ય ચાહે છે કંઈક અને થાય છે કંઈ જુદું જ! એપ્રિલ '૯૩ના મધ્યમાં મને U.T.I. – Unit Trust of Indiaના ચેરમેન ડો. સુરેન્દ્ર દવેનો ફોન આવ્યો. U.T.I.ના બૉર્ડ સભ્યોએ એક સંપૂર્ણ વ્યવસાયિક બૅન્ક ખોલવાનો નિર્ણય લઈ લીધો હતો. તે બૅન્કની સ્થાપના અર્થે તે લોકોએ મને એક ખાસ સલાહકાર તરીકે જોડાવા આમંત્રણ આપ્યું. U.T.I. એક જાહેર ક્ષેત્રની (Public Sector) કંપની હોવાથી ભારતીય સરકાર મારો બે વર્ષનો પ્રતિબંધિત સમય પણ ભૂલી જવા તૈયાર હતી! એક સંપૂર્ણ સમયનો સલાહકાર હોવાથી તે લોકોએ મને જુલાઈ '૯૩થી 'જલ-કિરણ'માં (કફ પરેડ) રહેવા માટે ફ્લેટ આપ્યો તથા મારા માટે કાર-ડ્રાઇવરની પણ વ્યવસ્થા કરવામાં આવી.

U.T.I. બૅન્કની યોજનાના પ્રારંભથી માંડી અમદાવાદમાં બૅન્કની ઉદ્ઘાટન વિધિ (એપ્રિલ '૯૪) થઈ ત્યાં સુધી અમે સહુએ સખ્ત મહેનત કરી અને બરાબર એક વર્ષની અંદર અમારું કાર્ય પૂર્ણ કરી બતાવ્યું. તે બૅન્કના પ્રારંભે મને એક સંતોષ જરૂર આપ્યો – નિવૃત્તિ લઈ લીધા પછી પણ મારા હાથે મહત્ત્વના અને સમાજોપયોગી કાર્યો થઈ શકતા હતા. તબિયતમાં પણ સુધારો થતો આવતો હતો એટલે કોઈ પણ નવા પડકારને ઝીલી લેવા હું આતુર હતો.

યોગાનુયોગ તો જુઓ! આવો જ એક પડકાર મારા ખોળામાં આવીને પડ્યો!

મિત્ર અને શુભેચ્છક એવા શ્રી. જી. વી. કાપડિયાએ (ચેરમેન – ન્યુ ઇન્ડિયા એસ્યોરન્સ) મને મફતલાલ હાઉસમાં શ્રી અરવિંદ મફતલાલ સાથે બપોરનું ભોજન લેવા નિમંત્રણ આપ્યું. જમણ પહેલાંની સામાન્ય વાતચીતમાં શ્રી અરવિંદભાઈએ મને મફતલાલ ગ્રુપમાં જોડાવા આગ્રહ કર્યો અને તે પણ માત્ર સલાહકારના રૂપમાં. નોકરી કરતી વ્યક્તિના રૂપમાં નહીં. તેમણે મને ભાર દઈને કહ્યું : 'તમારા માત્ર અનુભવ અને સલાહની મને આવશ્યક્તા છે – વિશેષ કશું જ નહીં.' તેમના મુખેથી આવા શબ્દો સાંભળવા તે મારા માટે એક લ્હાવો હતો. મેં તેમની સાથેના કામકાજનો પૂરી નિષ્ઠાપૂર્વક આરંભ કર્યો.

મિત્ર કાપડિયાએ જ મને જાણીતા નાનજી કાલીદાસ ગ્રુપના શ્રી મહેન્દ્ર મહેતા સાથે મારો પરિચય કરાવ્યો. પૂરા પૂર્વ આફ્રિકામાં અને ખાસ કરીને યુગાન્ડામાં આ ગ્રુપ ખૂબ જ પ્રસિદ્ધ છે.

આ ગ્રુપ પણ એક સંપૂર્ણ વ્યવસાયિક બૅન્કનો યુગાન્ડામાં પ્રારંભ કરવા ઇચ્છતું હતું અને તે માટે મારી સેવા લેવા આતુર હતું. વિદેશની ધરતી પર બૅન્કની શરૂઆત કરવી તે એક મોટો પડકાર હતો. મેં મેળવેલો U.T.I. બૅન્કનો અનુભવ મને ખરેખર કામ લાગ્યો. ધીરે ધીરે તે કાર્યમાં પ્રગતિ થતી ગઈ અને Trans Africa Bankની શરૂઆત થઈ. બૅન્કમાં પ્રારંભ પછી પણ તે લોકોએ એક ડિરેક્ટરના રૂપમાં મને તે બૅન્ક સાથે જોડાયેલો રાખ્યો. બૅન્કના શુભારંભ પ્રસંગે તેઓએ મને અને કોકિલાને કંપાલા બોલાવ્યા હતા.

આ ગાળામાં અનેક નાણાંકીય કંપનીઓના બૉર્ડ સભ્ય થવાનું મારા ભાગે આવ્યું. કંપની ભલે ગમે તે હોય, પરંતુ તે કંપનીના અગત્યના દસ્તાવેજોનો હું બારીકીથી અભ્યાસ કરતો અને પછી જ મારા સૂચનો–સૂઝાવ તેમને આપતો. એક સમય તો એવો આવ્યો કે વીસ-વીસ કંપનીઓના બૉર્ડ સભ્ય તરીકે મારે સેવા આપવાની થતી. તેમાંની કેટલીક જાણીતી કંપનીઓ હતી – નોસિલ, ઝંડુ ફાર્મા, બિરલા ગ્લોબલ, રિલાયન્સ કેપિટલ, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ વગેરે.

આ રીતે '૯૩ના અંત પહેલાં હું બધી જ રીતે સ્થિર થઈ ગયો હતો. જુલાઈ '૯૩થી અમે 'સુવાસ' (નેપિયન્સી રોડ) છોડી 'જલ-કિરણ' (કફ પરેડ) રહેવા આવી ગયા હતા.

એક વાતની અહીં કબૂલાત કરી લઉં. યુવાનીના અને કારકિર્દીના ઉંબર પર ચરણ મૂક્યા ત્યારે નયનોમાં સપનાઓ અનેક ચળવળતા હતા, પરંતુ જીવનસંધ્યાએ જ્યારે ભૂતકાળ તરફ એક નજર ફેરવું છું ત્યારે લાગે છે મારી પ્રાપ્તિ અમર્યાદિત નહોતી. મર્યાદિત હતી, ઘણી મર્યાદિત હતી.

બૅન્ક ઑફ બરોડામાં અને ત્યાર બાદ નિવૃત્તિ પછી મને આવી મળેલા કાર્યોમાં મને જો થોડે-ઘણે અંશે પણ સફળતાનો અનુભવ થયો હોય તો તે માત્ર મારા પરિશ્રમનું ફળ ન હતું. કોઈક અદૃશ્ય હસ્તીની બે હસ્તોથી અપાયેલી આશિષ વિના આ બધું શક્ય ન જ હતું.

૧૯૯૩થી ૨૦૦૩ સુધીનો ગાળો ભલે નિવૃત્તિ પછીની બહુવિધ પ્રવૃત્તિઓનો હોય, પરંતુ તે અનેકવિધ આપત્તિઓથી પણ વીંટળાયેલ સમયખંડ હતો. એક રીતે નિવૃત્તિ પછીનો સમય મારા માટે ઇંગ્લિશમાં કહે છે તેમ Leep in the Dark એટલે કે અંધારામાં ભુસ્કો મારવાના પ્રયત્ન સમો હતો.

બૅન્ક ઑફ બરોડામાં સતત ત્રીસ વર્ષો સુધી મારી સેવા આપી અર્થાત્ ઇંટ પર ઇંટ મૂકી જે ઈમારતનું મેં ચણતર કર્યું તે – નિવૃત્તિના આરંભે – જાણે મારી સમક્ષ તૂટી રહી હતી. હૃદયરોગના ભારે હુમલા પછી કોઈ જ નવીન કાર્ય હાથ પર લઈ શકું તેવું ત્યારે તો જરા પણ લાગતું ન હતું.

મારા બચતખાતામાં કોઈ મોટી રકમ બચી ન હતી. પ્રોવિડન્ટ ફંડમાં જમા થયેલા અંદાજે રૂા. ત્રણ લાખ જલ્દીથી હાથ પર આવી શકે તેમ ન હતા. એક મિત્રએ જબરદસ્તીથી રૂા. દસ હજાર આપ્યા જે મારે પ્રોવિડન્ટ ફંડની રકમ છૂટી થતાં પાછાં આપવાના હતાં. આટલું જ નહીં મારે મારો ફ્લેટ તથા કાર પણ માત્ર ૬૦ દિવસની અંદર પાછા સોંપવાના હતાં. અંધેરીનો ફ્લેટ અમારા માથા પરની એક માત્ર છત હતી.

મારી એન્જીયોપ્લાસ્ટી પછી પુત્રી સ્વાતિ અને પુત્ર અપૂર્વ અમેરિકા જવા ઉપડી ગયા. મારું ભવિષ્ય મને તદ્દન ધૂંધળું લાગતું હતું. જીવનયાત્રા તો વણથંભી ચાલી જ રહી હતી, પરંતુ તેને યોગ્ય દિશા કઈ રીતે આપવી તે મારી સમજમાં આવતું નહોતું. આવા કપરા સમયમાં કોકિલાનો સાથ-સહકાર ખૂબ ઉપયોગી થઈ પડયો.

અહીં શ્રી અરવિંદ મફતલાલે આપેલ પ્રેમભરી સહાયનું પણ સ્મરણ કરી લઈએ. 'જલ-કિરણ'નો ફ્લેટ ખાલી કરી દઈ અમે પ્રભાદેવી રહેવા આવી જઈએ તે દરમ્યાનના ગાળામાં તેઓએ પ્રભાદેવી પર જ ના 'અંતરિક્ષ'માં પોતાનો ફ્લેટ અમને રહેવા માટે આપ્યો. આ ઉપરાંત અમારા નવા ફ્લેટના આખરી પેમેંટ માટે રૂા. સાત લાખની વ્યવસ્થા કરી આપી. આ સહાય માટે આજે પણ તેમના ઋણી છીએ. અમારો અંધેરીનો ફ્લેટ વેચાઈ જતાં જ અમે તેમની પૂરેપૂરી રકમ ચૂકવી દીધી.

માંદગી વણનોતર્યા મહેમાન જેવી છે. જુલાઈ ૨૦૦૦માં આવેલા હૃદયરોગના હુમલાની વાત હું પહેલાં જ કરી ચૂક્યો છું. ઓક્ટોબર '૯૫માં મને મેલેરિયા થયો. બરાબર બે મહિના સુધી તે કારણે હું પરેશાન થયો. '૯૬ના પ્રારંભમાં કોકિલાને ફ્રેક્ચર થયું અને ત્રણ મહિના સુધી તે પથારીવશ રહી. વણનોતર્યા મહેમાનની શક્તિને ઓછી આંકવા જેવી નથી હોતી. અમને જૂન '૯૬માં જણાવવામાં આવ્યું કે તેને ગર્ભાશયનું કેન્સર હતું અને તે પણ ત્રીજા 'સ્ટેજમાં'. અમારા માટે આ આઘાત જીરવવો અસહ્ય હતો. પ્રભુકૃપાથી ડૉ. કામથે જસલોક હોસ્પિટલમાં શસ્ત્રક્રિયા કરી અને તે અસહ્ય વ્યાધિમાંથી બહાર આવી ગઈ. કેન્સર જેવી વ્યાધિ અને કેમોથેરપી જેવા આકરા ઉપચારક્રમમાંથી બહાર આવવામાં જે દૃઢ મનોબળ જોઈએ તેની કોકિલામાં કોઈ કમી ન હતી એ વાત નિ:સંદેહ છે.

હૃદયાઘાત પછીનો સમય આંતરખોજનો હતો. હવે જે વર્ષો રહ્યા તેનો કઈ રીતે સદુપયોગ કરવો તેની ખોજ મેં મનોમન ચાલુ કરી. સમાજ પાસેથી મેં તો મબલખ મેળવ્યું હતું – હવે સમાજને યથાશક્તિ મારે આપવું હતું.

નિવૃત્તિ કાળમાં મને ગમતાં ત્રણ કાર્યો હતા–ધંધાકીય સંબંધો જાળવવા, કલમ દ્વારા મારા અનુભવોને કાગળ પર આલેખવા અને સમાજની બનતી સેવા કરવી. બૅન્કમાંથી નિવૃત્તિ લીધા પછી પણ આઠ કંપનીઓનો બૉર્ડ સભ્ય છું એટલે તે સંબંધો સ્હેજે જળવાઈ રહે છે.

બૅન્કમાં હતો ત્યારે ધીરાણના (Credit) જે કંઈ અનુભવો થયા તેનું એક પુસ્તક Human Face of Indian Banking મેં તૈયાર કર્યું. ઈચ્છા તો એવી પણ છે કે ભવિષ્યમાં અન્ય મિત્રોની સહાય સાથે ગ્રામ ધીરાણના તથા ભારતીય બૅન્કિંગના ક્ષેત્રની વિશદ છણાવટ કરતાં બે પુસ્તકો તૈયાર કરવા છે. મારા આત્મકથનાત્મક પુસ્તક Bricks By Bricksનો અનુવાદ આપ વાંચી જ રહ્યા છો!

સમાજસેવાના એક ભાગરૂપે હું ભારતીય વિદ્યા ભવન સાથે સંકળાયેલો રહ્યો છું. જ્યાં સમીર-સ્વાતિ ભણતાં હતાં તે ભા.વિ. ભવન સંચાલિત શાળા નાણાંના અભાવે બંધ થવાની તૈયારીમાં હતી. ખૂબ ખૂબ જહેમતના અંતે અમે રૂા. વીસ લાખનું ભંડોળ એકઠું કર્યું અને શાળાને બંધ થવાની નોબત જ ન આવી. આજની તારીખમાં પણ લગભગ પંદરસો વિદ્યાર્થીઓ તે શાળાનો લાભ લઈ રહ્યા છે. ભા. વિ. ભવનની કારોબારી સમિતિનો સભ્ય છું, પરંતુ તબિયતના કારણે પહેલાં જેવો સક્રિય સભ્ય નથી.

જે રીતે ભા.વિ. ભવન સાથે સંકળાયેલો હતો તે જ રીતે ગાંધી-સ્મૃતિ અર્થે સ્થાપેલ સંસ્થા મણિભવન (ગામદેવી-મુંબઈ) સાથે પણ હું જોડાયેલ હતો. સંસ્થાનું સંચાલન ડો. ઉષાબહેન મહેતા કરતાં હતાં. ગ્રામજીવનના વિકાસ માટે તેઓ અનુસ્નાતક (Post graduation) કક્ષાએ વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે વર્ગો ચલાવવા ચાહતા હતાં. આ વર્ગોના પ્રારંભ અર્થે બૅન્ક ઑફ બરોડાએ રૂા. પાંચ લાખનું અનુદાન કર્યું હતું.

આ જ રીતે વી. એલ. મહેતા ટ્રસ્ટ સાથે પણ લાંબા સમયથી સંકળાયેલ હતો. અલબત્ત, હાલમાં ટ્રસ્ટ પોતે પહેલાં જેવું અસરકારક નથી રહ્યું. વડોદરામાં શ્રી આઇ. જી. પટેલની સ્મૃતિમાં એક 'કેમ્પસ'નો પ્રારંભ કરવાની પણ વિચારણા ચાલી રહી છે. પુના સ્થિત Centre for Applied System & Developmentમાં સક્રિય ન કહી શકાય તેવો ચેરમેન છું અને ખ્યાતનામ લીલાવતી હોસ્પિટલ-મુંબઈમાં ટ્રસ્ટી પણ છું.

મારા ગામ ખાનપુરમાં શિક્ષણના વિકાસ માટે એક માધ્યમિક શાળાનો પ્રારંભ કરવા અમે યથાશક્તિ ફાળો આપ્યો. ત્યાં જ 'સમીર સ્મૃતિ હૉલ' પણ બાંધ્યો છે. સ્થાનિક પ્રજાના કલ્યાણ અર્થે બાંધ્યો હોવા છતાં તે હૉલનો જેવો અને જેટલો ઉપયોગ થવો જોઈએ એટલો થતો નથી તેનો પણ મનમાં રંજ રહ્યા કરે છે. બારમું ધોરણ પસાર કરી જનાર વિદ્યાર્થીઓના લાભાર્થે – પાંચ લાખના ભંડોળથી – 'સમીર સ્કોલપશિપ' યોજનાની પણ શરૂઆત કરી.

સમાજસેવાના આ અનેકવિધ પવિત્ર કાર્યોમાં કોકિલાનો સહયોગ ન હોત તો આ કાર્યોનો વિકાસ કદાચ સાવ થંભી જાત. કોકિલા માત્ર જીવનસાથી નથી – સહી અર્થમાં મારા અંતરાત્માની રખેવાળ પણ છે.

**(વધુ હવે પછી)**

(૧) સી-૧-૨, લૉયડ્સ ગાર્ડન, અપ્પા સાહેબ માર્ગ,
પ્રભાદેવી, મુંબઈ-૪૦૦ ૦૨૫.
(૨) જિતેન્દ્ર એ. શાહ, ૨૦૧, 'વસુંધરા', ૨૯/A, નૂતન ભારત સોસાયટી,
અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭.

# આતમરામે રે મુનિ રમે

❑ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

પ. પૂ. મુનિશ્રી પ્રેમસાગરજી મ. 'મુનિ વાત્સલ્યદીપ', 'તેજસ્વી ચિંતક, પ્રભાવક વક્તા' અને અનેક કૃતિઓના સાહિત્યકાર તરીકે, જૈન-જૈનેતર સમાજમાં સુપેરે જાણીતા છે. તાજેતરમાં (પ્રથમ આવૃત્તિ-૨૦૦૬) તેમનું પુસ્તક 'જૈન સજ્ઝાય અને મર્મ' ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલયે પ્રગટ કર્યું છે. જૈન સાહિત્યમાં 'સજ્ઝાય'નો કાવ્ય-પ્રકાર વિશિષ્ટ ને વિરલ છે. 'શ્રી જૈન સજ્ઝાયમાળા' ઉપલબ્ધ છે. પણ લગભગ પાંત્રીસ કવિઓના પચાસ સજ્ઝાયના મર્મને નિરૂપતું આ પ્રથમ પ્રકાશન છે. ચયનમાં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીની દશ અને શ્રી ભાવસાગરજીની ચાર સજ્ઝાયનો સમાવેશ થાય છે.

'સાર્થ ગુજરાતી જોડણી કોશ'માં, સજ્ઝાયનો અર્થ સ્વાધ્યાય શાસ્ત્રનો પાઠ (જૈન) એવો આપ્યો છે. 'સ્વાધ્યાય' શબ્દનો એક અર્થ 'વેદ' છે. કારણ કે 'વેદ એ સ્વાધ્યાયનું મૂર્ત સ્વરૂપ છે.' કાળક્રમે શબ્દોની અર્થછાયા બદલાય છે એટલે સ્વાધ્યાય એટલે વેદોનું અધ્યયન, પછી કોઈ ધર્મગ્રંથનું અધ્યયન અને એમ કરતાં કરતાં કોઈપણ ગ્રંથનું કે 'વિષયનું વાચન અથવા આવર્તન.' જૈન શાસ્ત્રોમાં સજ્ઝાય એટલે ઉત્તમ અને શુભ અધ્યયન શાસ્ત્રનું પઠન અને આવર્તન.' જૈન પરંપરામાં પદ, ભજન, સ્તુતિ, સ્તોત્ર, જ્ઞાન વિષયક અને ઉપદેશાત્મક નીતિ વિષયક કવિતા અને છેવટે અધાર્મિક નહિ એવી કોઈ પણ પદ્ય રચના-એવો પણ સજ્ઝાયનો અર્થ થાય છે.' (યજ્ઞ શેષ: પૃ. ૯) આમ સ્વાધ્યાય-'સજ્ઝાય'નો ગમે તેવો અર્થ-વિસ્તાર થતો હોય પણ એના ઉચ્ચાર સાથે,,જૈન-સાહિત્યના એક વિશિષ્ટ ને વિરલ પ્રકારનો ખ્યાલ આવે છે.

આ સંગ્રહના વિષયો ઉપર ઉડતી નજર નાખીએ છીએ તો મુખ્યત્વે ક્રોધ, માન, માયા, લોભ, ઘડપણ, આત્મા, અર્થ, કર્મ, ધર્મ, કાયા, વૈરગ્ય સજ્ઝાયના મુખ્ય વિષયો છે. એ પછી વિભૂતિઓમાં શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિ, શ્રી પ્રાર્શ્વનાથ પ્રભુ, શ્રી રુક્મણિ, શ્રી બાહુબલિ, શ્રી સ્થૂલિભદ્રજી, શ્રી નંદિષેણ, શ્રી મરૂદેવા માતા, શ્રી હીરસૂરિજી, શ્રી મેતારજ મુનિ, શ્રી જંબુસ્વામી, સીતાજી, શ્રી નેમ-રાજુ, શ્રી ગૌતમસ્વામી, શ્રી શ્રીપાળ-મયણાની સજ્ઝાય છે ને બાકીની એકાદશી, આઠ પદ, છઠ્ઠા આરા, અષ્ટમી, વૈરાગી, પ્રીત, હમારા દેશ, અલખ દેશ, આયંબીલ તપ, શિયળ વ્રત, પર્યુષમ પર્વ, આપ સ્વભાવ જેવા વિષયોની સજ્ઝાય છે. શ્રી સમય સુંદરજીની ધોબીડાની સજ્ઝાય (પૃ. ૫૨) સંગ્રહમાં ખાસ ધ્યાન ખેંચે તેવી છે. એનું સાદ્યન્ત રૂપક ઔચિત્યપૂર્ણ અને વિચારોત્તેજક છે. પ્રતીકાત્મક સજ્ઝાયનો એ સુંદર નમૂનો છે. મર્મ નિરૂપણ પણ સાદ્યન્ત સુંદર છે.

આમ તો અહિંસા, તપ અને વૈરાગ્ય...એમાંય અહિંસા-વિશેષ રૂપે જૈન ધર્મના સાર રૂપે છે પણ આ નાનકડી જ્ઞાતિ, જૈન સમાજ વેપાર ઉદ્યોગમાં ખૂબ જ સાહસિક ને આગળ પડતો છે. એ દ્રવ્યોપાર્જન કરી શકે છે ને લોકસંગ્રહનાં કાર્યો માટે માતબર દાન પણ કરી શકે છે. જગડુશા ને ભામાશા દાનવીરો તરીકે ઇતિહાસ પ્રસિદ્ધ છે. દ્રવ્યલાભની સાથે દ્રવ્ય-લોભ પણ સંકળાયેલો છે. કવચિત્ લાભ-લોભની ભેરુબંધી થઈ જતી હોય છે...એટલે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી પૈસાના મહિમાની સજ્ઝાય પણ લખે છે. મહાભારતમાં પણ સમર્થ આચાર્યો ય અર્થ-દાસ જોવા મળે છે. વ્યાસજી કહે છે' બધા જ અર્થદાસ અર્થ કોઈનો ય દાસ નહીં. બુદ્ધિસાગરસૂરિજી ગાય છે :-

પૈસા પૈસા પૈસા ત્હારી, વાત લાગે પ્યારી રે.
રાત-દિવસ પૈસાને માટે, ભટકે નર ને નારી રે.
પૈસાથી પરમેશ્વર નાનો પૈસો દેવ વેચાવે રે,
પૈસાની પૂજારી દુનિયા, પૈસો નાચ નચાવે રે.

આજના સંદર્ભમાં આ વાત કેટલી બધી સાચી છે! અને એના સંદર્ભમાં શ્રી ભાવસાગરજીની લોભની સજ્ઝાય કેટલી બધી વાસ્તવિક છે! ને વધુ વાસ્તવિક તો મર્મજ્ઞ મુનિશ્રી વાત્સલ્યદીપ આ વિવરણમાં દેખાય છે :- 'લોભને કારણે જ છેતરપિંડી થાય, લોભમાંથી જાત જાતના પ્રપંચ ઉભા થાય. દયા જેનો ધર્મ છે તેનો ડૉક્ટર સેમ્પલની દવા, વેચીને દર્દીને લૂંટતો જોવા મળે. મજબૂત કન્સ્ટ્રકશન કરવું જેની ફરજ છે તેવો બિલ્ડર હલકો માલ વાપરે. ગરીબ વ્યક્તિ સસ્તું અનાજ આપવું જેનું કાર્ય છે તેવો વેપારી બ્લેક માર્કેટમાં રેશનીંગનો માલ વેચી નાખે, સ્કૂલમાં જ સરસ શિક્ષણઆપવું જેનું કર્તવ્ય છે, તેવો શિક્ષક ટયૂશનના ક્લાસમાં જ ભણાવે-આ બધું શું છે? દૂધમાં પાણી ભેળવવું, પેટ્રોલમાં સોલવન્ટની ભેળસેળ કરવી, માલ ઓછો ભરીને વધુ પૈસા પડાવવા, અસલી અને નકલી ચોપડા રાખવ-આ બધું શું છે? ધંધાના નામે પૈસા પડાવવા, ટ્રસ્ટી બનીને પૈસાની ગોલમાલ કરવી, ઘાસચારાના પૈસા જ હજમ કરી જવા-આ બધું શું છે ? ધર્માદાનો વહીવટ ઘર ચલાવવાનું સાધન બનાવવું, દેરાસર કે મંદિરના મારબલમાંથી ઘરનું ફ્લોરીંગ તૈયાર કરાવી લેવું, બેન્કની ફિકસ્ડ ડિપોઝિટમાંથી ઓવર ડ્રાફ્ટ કરાવીને પૈસા વ્યાજે ફેરવવા-આ બધું શું છે? લોભનું લિસ્ટ ધારીએ તેટલું લાંબુ કરી શકાય તેમ છે. લોભની વાતનો કોઈ અંત નથી. લોભને થોભ નથી. લોભને અટકાવે માત્ર એક જ ચીજ : સંતોષ. સંતોષ અમૂલ્ય છે. જીવનને દુ:ખમાંથી

ઉગારતી એ સંજીવની છે. ક્રોધ, માન, માયા કે લોભ નહિ પણ દાન, શિયળ, તપ અને ભાવના માર્ગે જવું જોઇએ.

શ્રી મહાવીરે ભાખિયા
ધર્મના ચાર પ્રકાર:
દાન, શિયળ, તપ, ભાવના,
પંચમી ગતિ દાતાર !

'આત્મશિક્ષાની સજ્ઝાયમાં મણિચંદ્રજી મહારાજ, 'ધર્મ વિના અન્ય કોઈ આધાર નથી' તેની, સંસારનાં ખોટાં સગપણની સજ્ઝાયમાં કવિશ્રી ઋષભદાસ 'અંતિમ યાત્રામાં' ન કોઈ સંગાથ છે, આ તો એકલયાત્રા છે તે સનાતન સત્યની અને એકાદશીની સ્ઝાયમાં શ્રી ઉદય રત્નવાચક સાંસારિક સંબંધો ધૂમાડાનું પોટલું બાંધવા જેવા છે. 'પરભવ જાતાં પાલવ ઝાલે એવા કોઈ નથી, તેની આત્મપ્રતીતિપૂર્વક વાત કરે છે. કર્મ ઉપરની સજ્ઝાયમાં શ્રી દાનમુનિ, 'કર્મ કોઈનેય છોડતું નથી, પરમાત્માને પણ નહીં તો આઠ પદની સજ્ઝાયમાં શ્રી માનવિજયજી 'ગરવ કિયો સોઈ નર હાર્યો' એ મહાસત્યની સોદાહરણ વાત કરે છે. ક્રોધની સજ્ઝાયમાં ઉદય-રત્નવાચક ક્રોધને તિલાંજલિ આપી ઉપશય-સમતાના સરોવરમાં સ્નાન કરી કાયાને નિર્મળ બનાવવાનો બોધ આપે છે તો 'માનની સજ્ઝાય'માં એ જ કવિ ચાર પ્રકારના કષાયોમાંના એક એવા અભિમાનવે ત્યાજવાની વાત કરે છે. ગર્વના વૃક્ષ પર ચઢે તે પટકાય. ગર્વને કારણે આત્માનુંઉત્થાન અટકે. વિનય અને વિવેક એ બે આત્માના ઉર્ધ્વારોહણની બે પાંખો છે. સૂત્રાત્મક રીતે એ પ્રબોધે છે :-

'જ્યાં અભિમાન, ત્યાં પતન,
જ્યાં નમ્રતા, ત્યાં ઉત્થાન.

'માયાની સજ્ઝાયમાં, દેહમાં જેટલું શ્વાસનું મૂલ્ય છે, એટલું જ જીવનમાં વિશ્વાસનું મૂલ્ય છે; તો 'લોભની સજ્ઝાય'માં એજ કવિ, લોભથી તો સુભૂય ચક્રવર્તી સૈન્ય સહિત સમુદ્રમાં ડૂબી ગયો. કહી, ક્રોધ, માન, માયા ને લોભ એ ચાર પ્રકારના કષાયને ત્યજવાની વાત કરે છે. જે આત્માર્થી સાધક આ ચાર કષાયો ત્યજે છે તે મુક્તિનું પરમ સુખ પામે છે.

આ સંચયમાં, કેટલીક એવી ઐતિહાસિક, ધાર્મિક વિભૂતિઓની સજ્ઝાયો છે જેમને માટે દીર્ઘ રાસા કે ફાગુકાવ્યો લખાયાં છે. દા. ત. બાહુબલીની સજ્ઝાય, શ્રી સ્થૂલિભદ્રજીની સજ્ઝાય, શ્રી હીરસૂરિજી સજ્ઝાય. સમગ્ર ભારતમાં ને ખાસ કરીને ગુજરાતમાં જો અહિંસા ને જીવદયાની વૃત્તિ પ્રબળ હોય તો તે શ્રી હીરસૂરિજી મહારાજને પ્રતાપે. મોગલાઈ શાસનકાળમાં તેમણે જૈન શાસનની પ્રભાવના ને જીવદયાની પ્રસ્થાપના કરવામાં સિંહ હિસ્સો આપેલો.

આ પચાસેક સજ્ઝાયોમાં એવી કેટલીક ચોટડૂક સૂક્તિઓ આવતી હય છે કે જે હૃદયસ્પર્શી અને આત્મજાગ્રતિ કરનારી છે. દા. ત. બિલાડીની ડોકે ચડેલો ઉંદર ક્યાં બચવાનો હતો?' બની ઠનીને શું ફૂલી ફરે છે?' જે આપ તરે, પરકું તારે', 'કર્મને પડકાર માત્ર ક્ષમા ને સમતાથી જ આપી શકાય. 'નશીબના ભારામાં એકાદ પુણ્યનું લાકડું પડ્યું હશે.' 'પ્રતિજ્ઞા એટલે જીવનની વાડ', 'વાડની વચમાં રહીને વિકાસની શ્રેષ્ઠતા સિદ્ધ કરે તે ધર્મ.' તપ એક અગ્નિ છે. એ અગ્નિમાં અનેક ભવનાં પાપ નાશ પામે છે.' 'સુખ તારા પ્રાંગણમાં ઝાલર વગાડશે.' આંખનું વીરા મારા, (ગજ છકી ઉતરો, ગજ અડ્યે કેવળ ન હોય રે', મૌન Sight-Restraun સમતા કલ્યાણની ફુલમાળા છે.' સપનાની સુખલડી ભૂખ ભાંગે નહિ રે જો.'

સજ્ઝાયનો મર્મ સમજાવતાં મુનિશ્રી વાત્સલ્યદીપનું ગદ્ય નિર્મળ ઝરણાની જેમ કલ કલનાદે વહે છે. એની પ્રવાહિતા ને પ્રાસાદિકતા માણવા જેવી છે. કોઈ પણ સજ્ઝાયમાંથી એના નમૂના મળી શકે. એક બે નમૂના રૂપે:- 'અધ્યાત્મના આંગણામાં જવા જેવું છે. એ મોહ, માયા અને મમતા છોડવાં પડે. વેર અને વામનસ્ય છોડવાં પડે. ક્રોધ અને કકળાટ છોડવાં પડે. આળસ અને ઉધામા છોડવાં પડે. પરમાત્માનું ધ્યાન અને પરમાત્માના જાપ આદરીએ. મંગલમય તપ સાધનાનો પ્રારંભ કરીએ. સદ્ગુરુનાં ચરણકમળ સેવીએ. એમાંથી જ સંપ્રાપ્ત થશે તે કાયમી હશે, શાશ્વત હશે. જે કોઈને ક્યારેય છોડીને નહીં જાય' (પૃ. ૮૪) આ ઉપદેશ નથી. આકરું સત્ય છે આ સત્યની અનુભૂતિ થતી નથી ત્યાં સુધી શરીરનો મોહ છે. પૈસાની લાલસા છે. પરિવારની પ્રીતિ છે ને પ્રતિષ્ઠાની ઝંખના છે, પણ નશ્વરતાનો સાક્ષાત્કાર થશે. તે જ પળે આ બધું આપોઆપ ખરી જશે. (પૃ. ૧૪૨)

'ઘડપણની સજ્ઝાય'ની આ પંક્તિ દીકરી ન આવે ઢૂંકડી રે' (પૃ. ૫૫) એ, આજની દીકરીઓએ અંશતઃ ખોટી પાડી છે. આજે તો વહુઓ નહીં પણ દીકરીઓ વૃદ્ધમાતા પિતાની મન મૂકીને સેવા કરે છે.

અંતમાં મર્મજ્ઞ મુનિના શબ્દોથી આ અવલોકન સમાપ્ત કરીએ. સજ્ઝાયનું મૂળભૂત માળખું ગુણોપદેશ અને ગુણ કીર્તનનું હોય છે. એથી સ્વાધ્યાયના તપનું પુણ્ય પ્રાપ્ત થાય છે. પ્રભુના સ્મરણ જેવો સ્વાધ્યાય બીજો કયો હોઈ શકે? ✱✱✱

૨૨/૨, અરુણોદય સોસાયટી,
અલકાપુરી, વડોદરા-૭.

*ગુરુ એ મહાબુદ્ધિશાળી શિલ્પી છે. તે શિષ્યના વેરવિખેર થઈ ગયેલા મનના વિભાગોને વ્યવસ્થિત પણે કાર્ય કરી શકે તેવી સ્થિતિમાં મૂકે છે અનેતે શિષ્ય પોતાની જાતે જ સ્વતંત્રપણે એક સ્વાધીન વ્યક્તિ તરીકે કાર્ય કરી શકે તે માટે પ્રેરણા આપે છે.*

# આશીર્વચનની એક અનન્ય પ્રથા

**❑ મનોજ્ઞા દેસાઈ**

સાવ નાનપણથી લગ્નમાં 'મંગલાષ્ટક'ની પ્રથાથી હું પરિચિત. મારાં માને, ફોઈને, દાદીબાને લગ્ન હોય એ કુટુંબમાંથી લગ્નના થોડા દિવસ અગાઉ જ કહેણ આવી જાય કે 'મંગલાષ્ટક લખવાનું છે હોં!' ને ફાજલ સમયમાં કે ખાસ થોડો સમય કાઢીને મંગલાષ્ટક લખવાનું કામ શરૂ થાય. થોડી મોટી થઈ ને ફાવટ આવવા માંડી એટલે મેં પણ બધાંની સાથે એક-બે કડી જોડવાનું શરૂ કર્યું.

મંગલાષ્ટકના અમુક વણલખ્યા નિયમો જેવું ખરું. હંમેશાં શાર્દૂલવિક્રીડિત છંદમાં ('યા કુન્દેન્દુતુષારહાર ધવલા'ના છંદમાં) જ રચાય. કોઈક વાર 'વસંતતિલકા'માં મંગલાષ્ટક જોયાનું યાદ છે, પરંતુ પ્રણાલી પ્રમાણે તો શાર્દૂલ જ હોય. મંગલ-અષ્ટક એટલે એમાં ચાર-ચાર લીટીની આઠ કડી હોય. પહેલી કડી સામાન્ય રીતે ઈશ્વરસ્તુતિની હોય. જે કુટુંબમાં લગ્ન હોય એ કુટુંબની જે ઈશ્વરમાં શ્રદ્ધા હોય તેની સ્તુતિ લખાય. નાગરોમાં હાટકેશ્વર કે શિવ હોય, વૈષ્ણવોમાં કૃષ્ણ-શ્રીનાથજી, જૈનોમાં મહાવીર સ્વામી. કેટલીક વાર એમાં સમન્વય પણ જોવા મળે. જેમ કે મારાં દાદીબા (સ્વ. રમણભાઈ નીલકંઠના ભત્રીજી)એ પહેલી કડીમાં લખેલું કે,

*'જેને શૈવ જનો પૂજે શિવ કહી વેદાંતમાં બ્રહ્મ જે*
*બૌદ્ધો બુદ્ધ કહી પૂજે જિનજનો અર્હંત જેને કહે...'*

તો ક્યાંક ગાંધીયુગીન ધર્મનિરપેક્ષતા પણ દેખાય,

*'જે અવ્યક્ત અનંત ને અકળ છે સૃષ્ટિ વિશે વ્યાપ્ત જે*
*જેને માનવ રામ, કૃષ્ણ, ઇશુ કે અલ્લા કહીને ભજે...'*

ક્યાંક ઉપનિષદની વાતો વણી લેવાય (કદાચ ન્હાનાલાલની અસર હોય)

*'વ્યાપે વિશ્વ વિશે વિરાટ વિભૂ જે વ્યાપે અણુ માંહી યે*
*ને જે દૂર રહે, છતાંય સહુની અંતર્ગુહામાં વસે.'*

ક્યાંક ટાગોર આવીને પ્રથમ પંક્તિ લખાવી જાય-

*'વીણા ગૂઢ અરૂપ એક બજતી ઓથે છુપી રૂપની.'*

પહેલી કડીમાં કોઈવાર

*'મા અંબા તુજ ભાલ-કંકુ ખરતાં ઊગ્યો રવિ આભમાં.'*

જેવી પંક્તિઓમાં 'માડી તારું કંકુ ખર્યું' જેવું ગીત દેખાતું હોય, ક્યાંક માત્ર પ્રકૃતિસ્થિત ઈશ્વરની સ્તુતિ હોય. ટૂંકમાં જે તે ઈશ્વર આ યુગલનું 'કુર્યાત્ સદા મંગલમ્' એ પ્રાર્થના સ્તુતિને અંતે હોય. આ પ્રથમ કડી.

પછીની કડીઓમાં જીવન જીવવા વિશેની વાતો હોય, સમાજમાં કઈ રીતે રહેવું એની શીખ હોય, પ્રણય-પ્રેમનો મહિમા હોય, બીજાં સગાંસ્નેહીઓની અને સૌના સંબંધોની વાતો હોય ને વધૂ-વર અને એમનાં ખૂબ નજીકનાં સગાંનાં નામો પણ એમાં આવતાં હોય. કોઈવાર એમનાં વ્યવસાયને અનુલક્ષીને પણ વાત કરી હોય.

શ્રી સરલાદેવી(મારાં ફોઇ)એ રચેલી એક કડીમાં ગૃહસ્થની સમાજ પ્રત્યેની ફરજ સુંદર રીતે રજૂ થઈ છે. પૈસો ને લક્ષ્મીમાં ફેર છે. લક્ષ્મી સત્કર્મીને ત્યાં જાય છે. તો તમારે ત્યાં સદાય લક્ષ્મીનાં ઝાંઝર ગુંજે–એમ કહીને સત્કર્મી જ થજો એમ જણાવે છે. ને પછી કહે છે કે આપણને જે ધન મળે છે એ તો સમાજનું ઋણ છે–એટલે સદાય એનો યોગ્ય વિનિયોગ થાય એવું કરજો એમ વર-વધૂને કહે છે.

*'ગુંજે નૂપુર લક્ષ્મીનાં મધુરવા સત્કર્મીના વાસમાં*
*થાઓ ગુંજન એ સદા તમ ગૃહે માંગલ્ય વર્ષાવતું.*
*જે પામો ધન તે સમાજઋણ છે એ લક્ષમાં રાખીને*
*'ઇશાવાસ્યા' સુમંત્ર ધારી ઉરમાં લક્ષ્મી કરો સાર્થક.'*

દીકરીનાં લગ્ન હોય ત્યારે સ્વાભાવિકપણે કન્યાવિદાયના ભાવની પંક્તિઓ લખાય–ત્યાં અમારા કુટુંબી હેમંતકુમાર નીલકંઠને શાકુંતલ સાંભરે તો કિમ આશ્ચર્યમ્–

*'પંથે છાંય શીળી શીળા અનિલ હો ને ઉગ્ર ના ભાનુ હો,*
*મીઠું શીતલ વારિ ને કમળ જ્યાં એવાં ભર્યાં હો સરો.'*

કે એ જ શાકુંતલના સંદર્ભે આમ પણ લખાય

*'કન્યાને કરતાં વિદાય ઋષિઓ કેરાં યે હૈયાં દ્રવે*
*તો શાને નવ માતા-તાત નયનો આંસુથી ભીનાં બને?'*

એક સ્થાને મારાં મા કુરંગીબેન–ન. ભો. દિવેટિયાની દોહિત્રીએ એમ વાંચેલું કે દીકરી ઘરમાંથી જતા ઘર અંધારું બની જાય છે. એ વિચાર જરા નકારાત્મક લાગતાં એણે ઘણી જગ્યાએ 'કન્યા તો ઉંબર પરનો દીપ, દેહલી દીપિકા છે' એવો વિચાર પણ મૂકેલો.

*'માતા-તાત તણા ગૃહે ઝગી રહે જ્યોતિ સમી દીકરી*
*થૈને દેહલી-દીપિકા ઉભયને એ નિત્ય ઉજાળશે.'*

પતિપત્ની વચ્ચે અદ્વૈતની ભાવના કેળવાય અને બન્ને વચ્ચે મૈત્રીભાવ સર્જાય અને જળવાય એવી ભાવના પણ મંગળાષ્ટકોમાં વ્યક્ત થતી દેખાય છે.

*'આજે જીવનપંથમાં વરવધૂ! સાથી સ્વીકારી તમે*
*મૈત્રીભાવ હજો પરસ્પર સદા, દાંપત્યનું હાર્દ એ.'*

તો અદ્વૈત માટે પંક્તિ છે–

'એકાત્મા બનીને ઉમા-શિવ થયાં જો અર્ધનારીશ્વર' આમ બંને વચ્ચે મૈત્રીભાવ એ પણ ઘણા દાયકાઓથી મંગલાષ્ટકોમાં દેખાતો વિચાર છે.

ગીતાનો બીજો અધ્યાય–સુખદુ:ખમાં સમતા રાખવાની વાત પણ ઘણી જગ્યાએ આવે છે,

*'છે આ જીવનના ગુલાબ સમ કે ના માત્ર કાંટા સમું*
*તો એ કંટકપુષ્પ બેઉ સમતા ધારી સહી લો તમે.'*

કેટલીક પંક્તિમાં બહુ ગહન વાત પણ કહેવાયલી જણાય છે–

*'રાખીને સ્થિર ભોગ-ત્યાગની તુલા' કે*
*'નીરક્ષીરવિવેક સાધી જીવને'... 'માંગલ્યને પામજો.'*

સંસારમાં 'તેન ત્યક્તેન ભુંજીથા:' દ્વારા ત્યાગની શીખ મળે છે ને અમુક પ્રકારના ભોગો ભોગવવા મળે એ શુભેચ્છા પણ વ્યક્ત થાય છે. ત્યારે આ 'ભોગત્યાગ'ની તુલા સ્થિર રહે, ભોગ-ત્યાગ વચ્ચે યોગ્ય સમતોલન જળવાય, સારાનરસાના વિવેક જળવાય તો જ માંગલ્યને પામી શકાય એ વાત નવદંપતી આગળ સ્પષ્ટ કરાય છે.

આ બધા સાથે હૃદયોર્મિઓની અભિવ્યક્તિને પણ મંગલાષ્ટકમાં સ્થાન મળે છે.

દીકરીને માટેની પંક્તિઓ છે,

*'જેવી લાડકી તું રહી પિતૃગૃહે માતા અને તાતની*
*તેવી લાડકડી બનો તું નવલાં આ માત ને તાતની...'*

આવી આવી અનેક લાગણીઓ શબ્દોમાં અંકાતી નજરે ચડે છે. હજી કાલે તો આવડી હતી કે આવડો હતો ને એટલામાં લગ્ન કરે એટલી મોટી કે મોટો થઈ જાય તે દર્શાવતી પંક્તિઓ...

'કંઠે નાનકડા કરો વીંટી દઈ કૈં કૈં કર્યાં લાડ તેં...' કે પછી હજી તો ચાંદીની કડલી હાથમાં પહેરાવી ત્યાં મીંઢળ બાંધવાનો વખત આવી ગયો! જેવી ભાવનાઓ પણ ક્યાંક જોવા મળે છે.

લગ્ન એ સહુ કુટુંબીજનોના સ્મરણનો સમય છે. જે માંડવે આવ્યાં છે તેમનું તો સ્વાગત છે જ પણ જે પરદેશ કે સ્વર્ગસ્થ છે તે પણ યાદ આવ્યા વિના રહેતાં નથી.

*'આ ટાણે સ્મૃતિ સ્નેહી સદ્‌ગતતાની જાગી રહે ઉરમાં*
*એ સર્વ પણ દિવ્ય ભોમ મહીંથી આશિષ વર્ષાવતાં.'*

આ સાથે જીવન સરળ બનાવવા ક્યા ગુણો કેળવવા, પ્રેમ-પ્રીતિથી સંસાર કેમ દીપાવવો, ક્યા મૂલ્યોનાં જીવ જેમ જતન કરવાં જેવા અનેક વિચારોને પણ આ આઠ કડીઓમાં સમાવી લેવાય છે.

આમ કેટલીક પંક્તિઓ 'રીપીટ' થાય એ બાદ કરતાં દરેક મંગળાષ્ટક 'કસ્ટમમેઇડ' કે 'ડિઝાઇનર મંગળાષ્ટક' હોય છે, એ રીતે એ લખાય છે.

આ ડિઝાઇનર મંગલાષ્ટકનું એક ઉદાહરણ–વર પ્રોફેશનલ ક્રિકેટર હતો. આ માટે લખાયેલી પંક્તિઓ– (વિશ્વ કપનાં સંદર્ભ સાથે)

*કૃષ્ણે ગેદીદડો રમી રમતમાં કાલીયને નાથિયો,*
*આજે ગેડી-દડો નવાં રૂપ ધરી નાથી રહ્યાં સર્વને*
*જે રીતે રમતે કદી વિજય ને કો'દિ વળી હાર છે*
*બંનેમાં સમતા ધરી રહી સદા–સ્વીકારવું સાર છે.*

એની ૫૦-૧૦૦ કે વધુ નકલો છપાય છે, તે માંડવામાં બધાંને ગાવા અપાય છે. વળી વરપક્ષનું ને કન્યાપક્ષનું મંગળાષ્ટક જુદું હોય છે. તેથી કોઈ કોઈવાર એક મીઠું 'કોમ્પિટિશન' પણ જોવા મળે છે. પણ મંગળાષ્ટકમાં ક્યાંય ફટાણાં જેવી એક-બીજાને ઉતારી પાડવાની (મજાકમાં પણ) વૃત્તિ હોતી નથી. માત્ર લગ્નમાં જ નહીં, જનોઈમાં પણ મંગળાષ્ટકો લખાય ને બધાં સાથે ગાય. આ પ્રથા સાવ નાનપણથી નાગરોમાં જોઈ છે અને થોડાં વર્ષોથી નાગર સિવાયની જ્ઞાતિઓએ પણ આ પ્રથા અપનાવી છે. લગ્નની હોંશ એવી હોય છે કે લોકો પોતે ગાતાં શીખવા પણ તૈયાર હોય છે.

કોઈપણ વરવધૂ કે બટુક કેટલે અંશે આ મંગલાષ્ટક સમજતાં હશે, કેટલે અંશે એનો અમલ કરતાં હશે એ તો ઈશ્વર જાણે. પણ આવું સુંદર ગાવાથી, સમૂહમાં ગાવાથી એક સુંદર માહોલ સર્જાય છે એ નિશ્ચિત છે.

આ યુગલની પ્રેમ તરફની ગતિ તો અનિવાર્ય છે જ પણ એ સાથે ઔદાર્ય, તુલા જેવા ગુણો પણ કેળવી શકાય તો સમાજ વધુ સ્વસ્થ બને.

મંગલાષ્ટક એક હોંશભર્યા આશીર્વચનનું કાવ્ય છે. એ દ્વારા આપણા મનની અનેક વાતોને વાચા આપી શકાય છે. શ્રી ર. વ. દેસાઈના પુત્ર ડો. અક્ષયકુમાર દેસાઈ એમની સુયોગ્ય નારી સંવેદનાથી પ્રેરાઈને 'કન્યાદાન' હોય એવાં લગ્નમાં (ને તેથી મોટીભાગનાં) હાજરી આપતા નહીં. મારે હમણાં મંગળાષ્ટક રચવાનું આવ્યું ત્યારે આ સંદર્ભે બે પંક્તિઓ રચાઈ.

*'કન્યા એ કંઈ ચીજવસ્તુ નથી કે એનું કરે દાન કો*
*એ તો છે અણમોલ રત્ન અદકું જેનાં ઘણાં માન હો.'*

આમ પણ મંગળાષ્ટક ગાવાનું પૂરું થાય કે ઘણાં આવીને–કોઈ સાચું, કોઈ વિવેકનું–કહી જાય કે 'બહુ સરસ હતું...' વગેરે. ઉપરની પંક્તિવાળું મંગળાષ્ટક ગવાયા પછી ત્રણચાર મોટી ઉંમરના (ફિફ્ટી પ્લસ) આવીને કહી ગયાં કે, 'મંગળાષ્ટક તો સરસ હતું જ, પણ આ પંક્તિઓ (ઉપરની) તો ખૂબ જ ગમી.'

મંગળાષ્ટક ગાતી વખતે તૂટે નહીં એ મહત્ત્વનું છે. શાર્દૂલમાં રચતી વખતે છંદોભંગ ન થાય, કાનને ખૂંચે એવા હ્રસ્વ-દીર્ઘની ભૂલ ન થાય એ ધ્યાન રાખવું પડે. નજીકના કુટુંબમાં પાંચેક જણને સહજતાથી મંગળાષ્ટક રચતા જોયા છે. છતાં આ કલાનો ઉપયોગ ઘટતો જાય છે.

પ્રસન્નતા અને માંગલ્ય વર્ષાવતાં ને શીખ તથા આશીર્વાદ આપતાં આ મંગલાષ્ટક રચાય અને બધાં લગ્નોમાં ગવાય એવી એક ઈચ્છા સાથે... વિરમું છું. ✱✱✱

૪૦૧, ચોથે માળે, રામભવન, ગુરુ ગંગેશ્વર માર્ગ,
છઠ્ઠો રસ્તો, ખાર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૫૨.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ભેટ

## ● પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ

૫,૦૦,૦૦૦/- એક સુશ્રાવક તરફથી
૧,૦૦,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ એ. શાહ-મુંબઈ
૧,૦૦,૦૦૦/- શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન-મુંબઈ
૫૧,૦૦૦/- શ્રી કાકુલાલ છગનલાલ મહેતા-મુંબઈ
૫૦,૦૦૦/- શ્રી મનસુખલાલ એલ. વાસા
૨૫,૦૦૦/- શ્રીમતી ચંચળબેન આણંદલાલ ત્રીભોવન સંઘવી-મુંબઈ
૧૧,૦૦૦/- શ્રી એસ. એલ. ભેદા-મુંબઈ
૧૧,૦૦૦/- શ્રી જે.. એસ. શાહ-મુંબઈ
૧૦,૦૦૦/- શ્રીમતી કલાવતી હસમુખલાલ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦,૦૦૦/- સ્વ. એરવડ હોરમસજી પેસ્તનજી આંટીયા અને મિસીસ દીનામાઈ હોરમસજી આંટીયા ટ્રસ્ટ હસ્તે શ્રી બી. એચ. આંટીયા
૧૦,૦૦૦/- શ્રી લીના વીરેન્દ્ર શાહ-મુંબઈ
૫,૦૦૧/- શ્રી પ્રસનભાઈ એન. ટોલીયા-મુંબઈ
૫,૦૦૧/- શ્રી ભૂપેન્દ્ર હિંમતલાલ શાહ-મુંબઈ
૫,૦૦૧/- શ્રી જ્યોતિ ટ્રસ્ટ-મુંબઈ
૫,૦૦૦/- શ્રી વીસનજી ન. વોરા-મુંબઈ
૫,૦૦૦/- શ્રી સુરેન્દ્રકુમાર ચીમનલાલ શાહ-મુંબઈ
૫,૦૦૦/- શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ
૫,૦૦૦/- શ્રી રસિકલાલ ગોપાલજી શાહ-મુંબઈ
૫,૦૦૦/- શ્રી બાબુભાઈ સી. તોલાટ-મુંબઈ
૫,૦૦૦/- શ્રી રસિકલાલ ટી. મહેતા-મુંબઈ
૫,૦૦૦/- શ્રી રસિકલાલ એન. દોશી-મુંબઈ
૩,૦૦૦/- શ્રી વર્ષાબહેન કે. દેસાઈ (શાહ)-મુંબઈ
૨,૫૦૦/- શ્રી રમેશ પી. દફતરી ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ
૨,૫૦૦/- શ્રી જયાબેન ઈન્દુભાઈ વોરા-મુંબઈ
૨,૫૦૦/- શ્રી રસિકલાલ ચીમનલાલ ચૌધરી-મુંબઈ
૨,૫૦૦/- શ્રી વલ્લભભાઈ ભણશાલી-મુંબઈ
૨,૫૦૦/- શ્રી ડી. વી. એસ. સી. ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ
૨,૫૦૦/- શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ-મુંબઈ
૨,૦૦૦/- શ્રી કે. સી. શાહ-મુંબઈ
૨,૦૦૦/- શ્રી એમ. બી. વોરા-મુંબઈ
૨,૦૦૦/- શ્રી દામાણી દલીચંદ ભગવાનજી-મુંબઈ
૧,૮૦૦/- શ્રી પ્રબોધભાઈ એસ. શાહ-મુંબઈ
૧,૧૦૧/- શ્રી શશિકાત મણિલાલ મહેતા-મુંબઈ
૧,૧૦૦/- શ્રી જશવંત છોટાલાલ શાહ-મુંબઈ
૧,૧૦૦/- શ્રી વનલીલા નટવરલાલ મહેતા-મુંબઈ
૧,૦૦૧/- શ્રી ગણપતી સી. મહેતા-મુંબઈ
૧,૦૦૦/- શ્રી નેણશી રવજી વીરા-મુંબઈ
૧,૦૦૦/- શ્રી ઈલાબેન ચંપકલાલ મોદી-મુંબઈ
૧,૦૦૦/- શ્રી લાલજી દેવરાજ દેપાર ગોસરાણી ચેરિટેબલ ટ્રસ્ટ-જામનગર
૧,૦૦૦/- શ્રીમતી વીણાબહેન જવાહરભાઈ કોરડિયા
૧,૦૦૦/- શ્રી પ્રકાશ એસ. દોશી-મુંબઈ
૫૦૧/- શ્રી આર. જે. કાપડિયા-મુંબઈ
૫૦૧/- શ્રી એક સદ્‌ગૃહસ્થ
૫૦૦/- શ્રી શીવજી મુળજી શાહ-મુંબઈ
૫૦૦/- શ્રી એસ. કે. દેઢિયા-કલકત્તા
૫૦૦/- શ્રીમતી મીતા પી. ગાંધી-મુંબઈ
૫૦૦/- શ્રીમતી પ્રવીણા સી. ઘડિયાળી-મુંબઈ
૫૦૦/- શ્રી શાંતિલાલ સંઘવી, અમદાવાદ
૨૫૧/- શ્રી હરિસિંહ સી. કાપડિયા
૨૫૧/- શ્રી રસિકલાલ ધીરજલાલ તુરખીયા-મુંબઈ
૨,૫૦૦/- શ્રી યશોમતીબેન શાહ-મુંબઈ
૨,૫૦૦/- શ્રી દેવચંદ રાવજી ગાલા-મુંબઈ
૫૦૦/- ડૉ. રાજેન્દ્ર ટી વ્યાસ-મુંબઈ
૭,૫૦૦/- શ્રી માણેકલાલ મોરારજી સંગોઈ-મુંબઈ
૧,૦૦૦/- શ્રી નરેન્દ્ર લીલાધર ગડા-મુંબઈ
૫૦૦/- શ્રીમતી કોકીલાબેન-મુંબઈ
૧,૦૦૦/- શ્રી રત્નદીપ ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ
૧,૦૦૧/- શ્રીમતી સુશીલાબેન ચન્દ્રકાંત મહેતા-મુંબઈ
૫,૦૦૧/- શ્રીમતી ગજેન્દ્ર રમણીકલાલ કપાસી-મુંબઈ
૨,૦૦૦/- શ્રી દિનેશ વરજીવનદાસ શાહ-મુંબઈ
૨,૫૦૦/- શ્રી રમેશ પી. દફતરી ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ
૧,૦૦૧/- શ્રી કેસરબેન ખીમજી દેઢિયા-મુંબઈ
૨,૦૦૦/- સ્વ. અરવિંદભાઈ કેશવલાલ દોશીના સ્મરણાર્થે હસ્તે મૃદુલાબેન-મુંબઈ
૧,૦૦૦/- શ્રીમતી નલીનીબેન શાહ-મુંબઈ
૫,૦૦૦/- શ્રી જયવંત એન. પારેખ ચેરિચેબલ ટ્રસ્ટ-મુંબઈ
૫,૦૦૦/- સ્વ. અ. સૌ. જયમતી રતનચંદ પારેખ (મુંબઈ)ના સ્મરણાર્થે હસ્તે રતનચંદ ભોગીલાલ પારેખ
૧,૦૦૧/- શ્રી જિતેન્દ્ર એ. શાહ-વડોદરા
૨,૫૦૦/- શ્રીમતી એચ. પી. કેનિયા-યુ.એસ.એ.
૫,૦૦૦/- શ્રી જિતેન્દ્ર ડી. મહેતા-મુંબઈ
૨,૫૦૦/- શ્રી મહેન્દ્ર એ. સંઘવી-મુંબઈ

૧૦,૧૫,૬૧૩/-

## ● પ્રબુદ્ધ જીવન આજીવન સભ્ય

૨,૫૦૦/- શ્રી હિમાંસુ જે. સંઘવી-મુંબઈ
૨,૫૦૦/- શ્રી વિપુલ કલ્યાણજી દેઢિયા-મુંબઈ
૨,૫૦૦/- શ્રી અમિત જે. મહેતા-મુંબઈ
૨,૫૦૦/- શ્રી પ્રકાશભાઈ જે. ઝવેરી-મુંબઈ
૨,૫૦૦/- શ્રી હર્ષા હેમેન્દ્ર શાહ-અમરાવતી-મહારાષ્ટ્ર
૨,૫૦૦/- શ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ-મુંબઈ
૨,૫૦૦/- શ્રી કે. આર. મોદી-મુંબઈ
૨,૫૦૦/- શ્રી જયંતીલાલ એફ. શાહ-મુંબઈ
૨,૫૦૦/- શ્રીમતી સોનલ નગરશેઠ-મુંબઈ

૨,૫૦૦/- પ્રો. જશવંત શેખડીવાલા-શેખડી
૨,૫૦૦/- શ્રી મુલચંદ લાલજી શાહ-મુંબઈ
૨,૫૦૦/- શ્રી અરુણ પી. શેઠ-મુંબઈ
૨,૫૦૦/- શ્રીમતી પ્રીતિ એન. શાહ-અમદાવાદ
૨,૫૦૦/- શ્રીમતી કલ્પના મનોજભાઈ શાહ-અમદાવાદ
૨,૫૦૦/- શ્રીમતી તારાબેન મણિલાલ ગાલા-મુંબઈ
૨,૦૦૦/- શ્રી બાબુભાઈ કે. શાહ-વલસાડ
(શ્રીમતી સંગીતા કે. શાહ-પુત્રી માટે)
૧,૨૫,૦૦૦/- શ્રી દીપચંદભાઈ ગાર્ડી
૨,૫૦૦/- શ્રી માણેકલાલ મોરારજી સંગોઈ-મુંબઈ
૨,૫૦૦/- શ્રી ધર્મસિંહ મોરારજી પોપટ-મુંબઈ
૨,૫૦૦/- શ્રી જયેન્દ્ર વી. ગાંધી-મુંબઈ (શ્રીમતી ઈન્દુબેન ખેતાણી)

**● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આજીવન સભ્ય**

૫,૦૦૦/- શ્રી જયદીપ વી. મહેતા-મુંબઈ
૫,૦૦૦/- શ્રી નિખિલ વી. મહેતા-મુંબઈ

આજીવન ગ્રાહક લવાજમ ભરનારને તેમજ અન્ય દાતાઓને આવકવેરાની 80-G કલમ અન્વયે કરમુક્ત છે તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે. મહાનુભાવ દાતાઓને અમારા અંતરના અભિનંદન અને ધન્યવાદ. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વ સભ્યો આ દાતાશ્રીઓના આભારી છે.

'**પ્રબુદ્ધ જીવન**' માટે કાયમી ફંડ માટેની સંઘે 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના નામે સ્થાપના કરી છે. રૂા. ૨૫ લાખ એકત્રિત કરવાનો નિર્ધાર છે. આ જ્ઞાન યજ્ઞમાં આપ સૌ ગુણીજનોને સહભાગી થવા વિનંતિ.

આપનો એક એક રૂપિયો ઉત્તમ વિચારયાત્રાને આગળ વધારશે અને કોઈના ચિત્તમાં એ સત્ત્વશીલ વિચારોનું આરોપણ કરશે.

**પ્રમુખ તેમ જ સંઘની કાર્યવાહક સમિતિના સર્વ સભ્યો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

**છેલ્લા ૨૨ વર્ષથી પ્રતિવર્ષ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘ તરફથી આર્થિક સહયોગ માટે પસંદ થયેલ સંસ્થાઓની યાદી**

| | | |
|---|---|---|
| ૧૯૮૫ | ધરમપુર આદિવાસી વિસ્તાર કેન્દ્ર - ધરમપુર | ૨,૮૦,૦૦૦ |
| ૧૯૮૬ | ઋતંભરા વિદ્યાપીઠ - સાપુતારા | ૧,૫૧,૦૦૦ |
| ૧૯૮૭ | નેશનલ એસોશિએશન ફોર ધ બ્લાઈન્ડ | ૫,૧૧,૦૦૦ |
| ૧૯૮૮ | શ્રમ મંદિર, સિંધરોટ, જિલ્લો : વડોદરા | ૫,૬૧,૦૦૦ |
| ૧૯૮૯ | મુનિ સેવા આશ્રમ, ગોરજ; જિલ્લો : વડોદરા | ૫,૭૨,૫૧૩ |
| ૧૯૯૦ | સર્વોદય પરિવાર ટ્રસ્ટ-પિંપવળ; જિલ્લો : વલસાડ | ૩,૫૭,૧૨૫ |
| ૧૯૯૧ | સહયોગ કુષ્ટયજ્ઞ ટ્રસ્ટ - રાજેન્દ્રનગર | ૧૦,૦૦,૦૦૦ |
| ૧૯૯૨ | રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ - શિખોદરા - જિલ્લો : આણંદ | ૧૦,૦૦,૦૦૦ |
| ૧૯૯૩ | શિવાનંદ મિશન હોસ્પિટલ - વીરનગર | ૧૦,૫૫,૮૪૫ |
| ૧૯૯૪ | આર્ચ માંગરોલ - જિલ્લો : ભરૂચ | ૭,૩૪,૧૦૦ |
| ૧૯૯૫ | શ્રી દરબાર ગોપાલદાસ ટી.બી. હોસ્પિટલ-આણંદ | ૧૧,૭૩,૫૬૧ |
| ૧૯૯૬ | શ્રી કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ-ગાંધીનગર | ૧૧,૦૦,૦૦૦ |
| ૧૯૯૭ | શ્રી આત્મવલ્લભ હોસ્પિટલ - ઈડર | ૧૫,૦૦,૦૦૦ |
| ૧૯૯૮ | લોક સ્વાસ્થ્ય મંડળ-શિવરાજપુર જિલ્લો : વડોદરા | ૧૦,૭૫,૦૦૦ |
| ૧૯૯૯ | કે.જે.મહેતા હોસ્પિટલ-જીંથરી જિલ્લો : ભાવનગર | ૨૧,૦૦,૦૦૦ |
| ૨૦૦૦ | શ્રીમતી પી. એન. આર. સોસાયટી - ભાવનગર | ૨૨,૦૦,૦૦૦ |
| ૨૦૦૧ | મંથન અપંગ કન્યા સેવા સંકુલ-હાજીપુર; તા. કલોલ | ૨૨,૦૮,૪૦૪ |
| ૨૦૦૨ | શ્રી સેવા મંડળ મેઘરજ, કસાણા; જિ. સાબરકાંઠા | ૧૬,૦૦,૦૦૦ |
| ૨૦૦૩ | શ્રી મંગલ ભારતી ગ્રામ સેવા નિધી ટ્રસ્ટ - ગોલાગામડી; જિ. વડોદરા | ૧૫,૩૯,૫૩૪ |
| ૨૦૦૪ | શ્રી શારદા સંકુલ - કપડવંજ | ૧૫,૦૧,૪૨૬ |
| ૨૦૦૫ | શ્રી ડાંગ સ્વરાજ આશ્રમ - આહ્વા | ૧૬,૯૦,૯૬૧ |
| ૨૦૦૬ | શ્રી ગ્રામ સ્વરાજ સંઘ-નીલપર-રતનપર-કચ્છ | ૨૦,૧૫,૪૨૧ |
| | **કુલ રૂા.** | **૨,૫૯,૨૬,૮૯૦** |

## વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૨૯-૯-૨૦૦૭ના રોજ સાંજના ૫-૩૦ કલાકે **મારવાડી વિદ્યાલય** હાઈસ્કૂલ, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ ખાતે મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.
(૨) ગત વર્ષ ૨૦૦૬-૦૭ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના વૃત્તાંત તથા ઑડિટેડ થયેલા હિસાબો મંજૂર કરવા.
(૩) સને ૨૦૦૭-૦૮ ની સાલ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પદાધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.
(૪) સને ૨૦૦૭-૦૮ ની સાલ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના અંદાજી બજેટને મંજૂરી આપવી.
(૫) સને ૨૦૦૭-૦૮ ની સાલ માટે સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટર્સની નિમણૂક કરવી.
(૬) પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૨૪-૯-૨૦૦૭ થી તા. ૨૭-૯-૨૦૦૭ સુધીના દિવસોમાં બપોરના ૩ થી ૬ સુધીમાં સંઘના નવા કાર્યાલયમાં કોઈપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન પૂછવાની ઈચ્છા હોય તો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લેખિત મોકલવા તેઓને વિનંતી.

જે સભ્યોને ઑડિટ કરેલા હિસાબોની નકલ જોઇએ તો તેમની લેખિત અરજી મતાં નકલ મોકલવામાં આવશે. વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યાલયનું નવું સરનામું :**
૩૩, મહંમદી મીનાર, ભોંયતળિયે,
૧૪મી ખેતવાડી, A.B.C.ટ્રાન્સપોર્ટની
બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪.

**નિરુબહેન એસ. શાહ**
**ડૉ. ધનવંત ટી. શાહ**
**મંત્રીઓ**

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ઑગસ્ટ–૨૦૦૭ના અંકથી આગળ)

૩૮૬ વિભંગજ્ઞાન –મિથ્યાદષ્ટિના અવધિજ્ઞાનને વિભંગજ્ઞાન કહેવામાં આવે છે. ત્રણ અજ્ઞાનમાંનું એક અજ્ઞાન.

–मिथ्यादृष्टि के अवधिज्ञान को विभंगज्ञान कहा जाता है। तीन प्रकार के अज्ञान में से एक अज्ञान।

–Avdhi as belonging to a Mithyadrasti person is Vibhanga-jnana.

૩૮૭ વિપુલમતિ –માનસિક આકૃતિઓને (વિષયોને) વિશેષ રૂપે જાણે તે વિપુલમતિ મન:પર્યાપ્ત જ્ઞાન.

–मानसिक आकृति यों को (विषयों को) विशेष रुप से जानने वाला ज्ञान विपुलमति मन: पर्याय ज्ञान।

–At the time of thinking the Mind is engaged in thinking process assummes different shapes corresponding to the different objects that are thought of. It is these shapes that are the paryayas or modes of mind and the cognition which directly apprehendsits particular features is Vipulmati Manahparyaya-jnana.

૩૮૮ વિપાક –વિવિધ પ્રકારનાં ફળ આપવાની શક્તિ, અનુભાવ.

–विविध प्रकार के फल देने की शक्ति, अनुभाव।

–The capacity to yield fruits of different types, Anubhava.

૩૮૯ વિપાકવિચય –અનુભવમાં આવતા વિપાકોમાંથી ક્યો ક્યો વિપાક ક્યા ક્યા કર્મને આભારી છે તેનો તથા અમુક અમુક કર્મનો અમુક અમુક વિપાક સંભવે તેનો વિચાર કરવા મનોયોગ આપવો તે વિપાક ધ્યાન. ધર્મધ્યાનના ચાર પ્રકારમાંનું એક ધર્મધ્યાન.

–अनुभव में आनेवाले विपाकों में से कौन सा विपाक किस कर्म को आभारी है उनका एवं अमुक कर्म का अमुक विपाक संभवित है ऐसा विचार करने हेतु मनोयोग का उपयोग विपाक–विचय–ध्यान। यह धर्मध्यान के चार प्रकारों में से एक प्रकार का धर्मध्यान।

–To apply one's mind to a consideration of the question as to what consequences that are being experienced are due to what Karmas and of the questionas to what Karmas that are being accumulated are to yield what consequences that is called dharma-dhyana devoted to a cosideration of Vipaka or the consequence of a Karma

૩૯૦ વિનય (તપ) –જ્ઞાન આદિ સદ્ગુણો વિશે બહુમાન રાખવું તે. છ પ્રકારના આભ્યાંતર તપમાંનું એક.

–ज्ञानादि सद्‌गुणों के प्रति सन्मान रखना, छह प्रकार के आभ्यंतर तप का एक प्रकार।

–To hold in great regard the virtuous qualifications like knowledge etc. tht is called Vinaya or Veneraion. One kind of internal penance.

૩૯૧ વિધાન –પ્રકાર, તત્ત્વોના વિસ્તૃત જ્ઞાન માટે કેટલીક વિચારણાઓમાંની એક વિચારણા, જેમકે –સમ્યક્ત્વ ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક એવા ત્રણ પ્રકાર છે.

–प्रकार, तत्त्वों के विस्तृत ज्ञान-हेतु कुछ विचारणीय बिन्दुओ में से एक, यथा–सम्यक्त्व के औपशमिक, क्षायोपशमिक, क्षायिक ऐसे तीन भेद होते हैं।

–Classification, one of the gateways to consideration conductive to a detailed knowledge of the fundamental verities, Samyaktva - or Samyakdarshan is of three types of Aupashamika, Kshayapashmika, Kshayika.

૩૯૨ વિદારણ ક્રિયા –બીજાએ જે પાપ કર્યું હોય તેને પ્રકાશિત કરવું તે વિદારણ ક્રિયા, કર્માશ્રવ અંતર્ગત ક્રિયાના પચ્ચીસ ભેદોમાંનો એક પ્રકાર.

–अन्य द्वारा किए गए पाप को प्रकाशित करने की क्रिया, कर्माश्रव अन्तर्गत पच्चीस क्रियाओं में से एक क्रिया।

–To make public an evil act performed by someone else.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(ક્રમશ:)

ગ્રંથનું નામ : **આવશ્યક ક્રિયા સાધના**
સંપાદક : આચાર્ય શ્રી વિજય રામચંદ્રસુરીશ્વરજીના શિષ્યરત્ન મુનિ રમ્યદર્શન વિજય
સંકલન સંયોજન : શ્રી પરેશકુમાર જશવંતલાલ શાહ.
પ્રકાશક : મોક્ષ પ્રકાશન, ૩૧૭, નાલંદા એન્કલેવ, સુદામા રિસોર્ટ સામે, પ્રીતમ નગરના પહેલા ઢાળે, એલિસ બ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન નં. : ૩૦૯૨૨૧૩૬.
મૂલ્ય રૂા. ૧૭૫/-, પાના ૨૪૨, આવૃત્તિ પહેલી.

આત્માના સ્વરૂપને પામવા માટે જૈન શાસનમાં લોકોત્તર સાધનાનું આલંબન લેવા જણાવેલું છે.તેમાં બાલ્યવયથી માંડીને વયોવૃદ્ધ સાધકો આરાધના કરતા હોય છે. પરંતુ કેટલીક અજ્ઞાનતા અને દેખાદેખીના કારણે સાધનામાં તરતમતા જોવા મળે છે. તે સિવાય સાધના કરનારને સાધનાના રહસ્યો અને ગૂઢાર્થોનું જ્ઞાન ન હોવાના કારણે જોઈએ તેવો ઉલ્લાસ દેખાતો નથી.

આ ગ્રંથમાં જૈન શાસનમાં રહેલી સમસ્ત લોકોત્તર ક્રિયા સાધનાનો અતિસૂક્ષ્મ દૃષ્ટિકોણથી સુવિશુદ્ધ ક્રિયામાર્ગને સમજાવવામાં આવ્યો છે.

તે ઉપરાંત આ ગ્રંથમાં સુવિશુદ્ધ સૂત્રનું આલેખન કરવાની સાથે તે શુદ્ધ ઉચ્ચારણમાં સહાયક છૂટક શબ્દોનો ક્યાં વિરામ, અલ્પ-વિરામ, પૂર્ણવિરામ કરવો તે સ્પષ્ટપણે બતાવ-વામાં આવેલ છે. દરેક સૂત્રોના પ્રાચીન-અર્વાચીન-પ્રચલિત નામો આપવા સાથે ક્યા છંદમાં ગૂંથિત કરેલા છે તે પણ બતાવવામાં આવ્યું છે. અને સૂત્રોના શબ્દોનો અનુક્રમે વિશેષ અર્થ આપવામાં આવ્યો છે.

આ ગ્રંથની એક અજોડ વિશેષતા એ છે કે દરેક સૂત્રોનું આલેખન કરવાની સાથે તેને સૂત્રોની સામે જ તે કઈ મુદ્રામાં, કઈ અવસ્થામાં, કેવા હાવભાવમાં, ક્યા અંગોના જોડાણ વગેરે સઘળું રંગીન ચિત્રોમાં બતાવવામાં આવ્યું છે.

આ ગ્રંથ પ્રકાશનનું મુખ્ય ધ્યેય એ છે કે નિષ્પ્રાણ બનેલી સાધનામાં ભાવ–પ્રાણ લાવવા સાથે મોક્ષપ્રાપ્તિમાં સહાયક બનવું. વિવિધ ક્ષેત્રોમાં ચાતુર્માસ કરતી વેળાએ શ્રી પર્યુષણ પર્વ પૂર્વે અને પર્યુષણ પર્વ દરમ્યાન સકલ શ્રી સંઘને લોકોત્તર જૈન શાસનની અજોડ સાધના સ્વરૂપ વિશુદ્ધ ક્રિયામાર્ગ અંગે ભાવિકોના અંતરમાં શ્રદ્ધા પ્રસ્થાપિત કરવી.

# સર્જન સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

આ ગ્રંથમાં આવશ્યક ક્રિયાના સૂત્રો, પદ, સંપદા અને મૂળ છંદના રાગપૂર્વક બોલાવવા જોઈએ તે અંગે પ્રયાસ કરવામાં આવ્યો છે. દરેક સૂત્રો બોલતાં ક્યાં ક્યાં વિરામ લેવો તે માટે પદ-સંપદા કલરના માધ્યમે બતાવવામાં આવ્યા છે. તેમ જ દરેક સૂત્રોમાં છંદોના નામો, તે બોલવાનો પ્રચલિત રાગ અને છંદોનું વિવરણ અલગ કરવામાં આવ્યું છે.

આ રીતે આ ગ્રંથમાં સૂત્ર, અર્થ, વિવેચન અને વિધિનું લોકભોગ્ય શૈલીમાં સંકલન કરવામાં આવ્યું છે.

આ ગ્રંથના ચિત્રો તૈયાર કરવામાં, પુસ્તકનું આલેખન અને સંકલન કરવામાં સંપાદકશ્રીનું તથા સંયોજકશ્રીનું યોગદાન અતિસ્તુત્ય છે.

આ ગ્રંથ જૈન શાસનના ઇતિહાસનો એક અણમોલ ગ્રંથ બની રહેશે એ નિશ્ચિત છે.

xxx

ગ્રંથનું નામ : **શ્રમણ શ્રેષ્ઠ**
લેખક : ડૉ. રમણલાલ સી. શહ
સંપાદક : શ્રી કિરીટ સા. શાહ. પ્રકાશક : શ્રી જૈન યુવા સંઘ, ૮મી ખેતવાડી, આર. કે. બિલ્ડિંગ નં. ૩, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન નં. : ૨૩૮૭૭૪૭૯, ૨૩૮૨૦૦૫૦. મૂલ્ય રૂા. ૫૦/-, પાના ૮૬, આવૃત્તિ દ્વિતીય.

ચારિત્ર ચક્રવર્તી સમાધિ સમ્રાટ પરમ પૂજ્ય ૧૦૮ આચાર્ય **શ્રી શાંતિસાગરજી મહારાજ** ગત શતકના જૈન સંપ્રદાયમાં થઈ ગયેલા **શ્રમણ શ્રેષ્ઠ દિગંબરાચાર્ય છે.**

પરમ પૂજ્ય આચાર્યશ્રીના જીવન પર આધારિત આ ગ્રંથમાં તેમના વ્યક્તિત્વના અનેક ગુણો જેવા કે વિશાળ સમતાભાવ, સહિષ્ણુતા, નિર્ભિકતા તથા આત્મલીનતા પ્રગટ થાય છે.

આચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજનું જીવન અનેક ઘટનાઓથી સભર અને પ્રેરક છે તેની પ્રતીતિ અહીં થાય છે.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી શ્રી ભદ્રબાહુ સ્વામીના કાળથી દક્ષિણ ભારતમાં જૈન ધર્મનો ખૂબ પ્રચાર થયો. સૈકાઓ સુધી જૈન ધર્મનો પ્રભાવ વિસ્તરતો રહ્યો. કર્ણાટક, આંધ્ર પ્રદેશ અને તામિલનાડુમાં જૈન ધર્મના અવશેષો આજે પણ જોવા મળે છે. દક્ષિણમાં આ સમય દરમ્યાન આચાર્ય કુંદકુંદાચાર્ય, સમન્તભદ્ર, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદ સ્વામી, વીરસેનાચાર્ય, અકલંક ભટ્ટારક વગેરે મહાન આચાર્યોએ શાસ્ત્ર ગ્રંથોની રચના કરીને જૈન ધર્મની પરંપરાને અવિચ્છિન રાખી.

સમગ્ર ભારતના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં દિગંબર મુનિઓ અને ભટ્ટારકોની પરંપરા સૌથી વધુ સબળ દક્ષિણ ભારતમાં આજે પણ જોવા મળે છે. બેએક સૈકા પહેલાં એ પરંપરાને વધુ શુદ્ધ, સબળ અને ચેતનવંતી બનાવવાનું ભગીરથ કાર્ય આચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજે કર્યું છે.

લેખકની સરળ અને ભાવવાહી, અર્થ અને માહિતીસભર શૈલીને કારણ પુસ્તક સુંદર અને વાચનગમ્ય બન્યું છે.

xxx

**પુસ્તકનું નામ :** શ્રી નિસર્ગદત્ત મહારાજ પ્રણિત **આત્મબોધ પ્રવેશિકા.**
સંકલન : **માવજી કે. સાવલા**
પ્રકાશક : માનવવિકાસ કેન્દ્ર વતી સુરેશ પરીખ, સરદારશ્રીની પ્રતિમા પાસે, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦. ફોન : ૯૮૨૫૮૫૨૭૦૨.
ઘર : ૦૨૬૯૨ – ૬૫૦૧૩૪. પાનાં : ૪૮, કિંમત : રૂા. ૨૫/-. પ્રથમ આવત્તિ.

શ્રી નિસર્ગદત્ત મહાજના આત્માનુભવોનો શ્રી મોરિસ ફ્રાઈડમેને (પૉલેન્ડના એક ઈજનેર અને પ્રજ્ઞાવંત ગૃહસ્થ) મરાઠી વાર્તાલાપો અંગ્રેજી અનુવાદ કર્યો અને 'સુખસંવાદ' શીર્ષક તરીકે આ વાર્તાલાપોના ચાર ભાગ મરાઠીમાં પ્રગટ કર્યા. જેનું નામ છે `I am that'.

આ `I am that' ગ્રંથનો વિશ્વની અનેક ભાષાઓમાં અનુવાદ થયો છે.

આત્મબોધના આ ચારેય ભાગના ૮૧૨ પાનામાંથી સારરૂપ એવા મહારાજશ્રીના ઉત્તરોનું સંકલન–સંપાદન શ્રી માવજી સાવલાએ કર્યું છે.

જિજ્ઞાસુ વાચકો માટે આ પુસ્તિકા પ્રવેશિકા તરીકે પુરવાર થાય તેમ છે. ✱✱✱

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

## (જુલાઈ '૦૭ અંકથી આગળ)

(૪૩)

**ષટ્પદનામકથન :**
'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ';
'છે ભોક્તા', વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ' ૪૩

षट्पदनामकथन :
संस्कृत जीवोऽस्ति स च नित्योऽस्ति कर्ताऽस्ति निजकर्मण:
भोक्तास्ति च पुनर्मुक्तिर्मुक्त्युपाय: सुदर्शनम्।।४३।।

षट्पदनामकथन : ग्रन्थ विषय
हिन्दी 'आत्मा है', 'सो नित्य है', 'है कर्त्ता निजकर्म'।
'है भोक्ता' अरु 'मोक्ष है' 'मोक्षोपाय' सुधर्म।।४३।।

Six tenets :
अंग्रेजी The Soul exists, see it eternal,
Accepts bondage, receives the fruits;
It can be free, take means devotional,
Ignorance is the bondage-root. 43

(૪૪)

ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;
સમજવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪

संस्कृत षट्स्थानीयं समासेन दर्शनानि षडुच्यते। (षड्दर्शन्यपि उच्यते)
प्रोक्ता सा ज्ञानिभिर्ज्ञातुं परं तत्त्वं धरास्पृशाम्।।४४।।

हिन्दी षट् स्थानक संक्षेप में, षट् दर्शन भी येहि।
समझ हेतु परमार्थ को, कहे जिनराज विदेहि।।४४।।

अंग्रेजी Six subjects or six schools of thought,
Are here described as seers great;
In abstract scriptures stictly taught,
For understanding soul cocrete. 44

(૪૫)

(૧) શંકા-શિષ્ય ઉવાચ :
નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. ૪૫

शंका-शिष्य उवाच :
संस्कृत अदृश्यत्वादरूपित्वाज्जीवो नास्त्येव भेदभाक्।
अनुभुतेरगम्यत्वान्नृशङ्कत्येव केवलम् (नृशङ्कत्येव भोगुरो!)।।४५।।

शंका-शिष्य उवाच :
हिन्दी दृष्टिसों दिखता नहीं, ज्ञात ना होवे रुप।
स्पर्शादिक अनुभव नहीं, तातें न आत्म-स्वरुप।।४५।।

Doubts of disciple :
अंग्रेजी The pupil doubts the soul's existence,
Is out of sight, its from unknown;
In any way no experience,
No-where is soul, cannot be shown. 45

**(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી)** (વધુ આવતા અંકે)

## પંથે પંથે પાથેય...

(અનુસંધાન પૃષ્ઠ છેલ્લાથી ચાલુ)

ઝાલાવાડ મહિલા મંડળના અધ્યક્ષા છે. ડૉ. શેઠ એક સારા વક્તા પણ છે અને વિવિધ સંસ્થાઓમાં પ્રવચનો પણ આપે છે.તેમની વક્તૃત્વ કળાનો આ લખનારને લાભ મળ્યો છે, જે શ્રોતાઓને જકડી રાખે છે.

પોતાના વ્યવસાયમાંથી જે ઉપાર્જન થાય છે તેમાંથી તેમણે કોઈ પણ ઢોલનગારાં વગાડ્યા વગર દાનની ગંગા વહેવડાવી છે. જેનો લાભ વિવિધ જૈન સંસ્થાઓને મળ્યો છે.

અંધેરી (પશ્ચિમ)ની જૂહુ ગલી અને જૂહુ ચર્ચ ખાતે તેમનાં બે ક્લિનિક છે જ્યાં તેઓ જરૂરતમંદોને રાહતના દરે અને વરિષ્ઠ નાગરિકોને નિ:શૂલ્ક તબીબી સારવાર આપીને પ્રાપ્ત લક્ષ્મીને મહાલક્ષ્મીમાં રૂપાંતરિત કરે છે.

મારી સાથે સામાજિક અને સાહિત્યિક વાતો પણ કરે છે. તેમનું ક્લિનિક મારા માટે તો એક વિસામો છે. મારી તમામ સમસ્યાઓ હું તેમની સામે રજૂ કરું છું અને તેમની સલાહ લઉં છું.

એમની સાથેની પ્રથમ મુલાકાત (મારી ત્રણ વર્ષની પુત્રીને લઈને ગયો હતો તે) અને તે સમયે તેમણે કહેલું વાક્ય અને પછી રાહતના દરે અપાતી મારી દવા-સારવારને હું એક ડૉક્ટરની ગુરદક્ષિણા નહીં તો બીજું શું કહું?

મને ઠેર ઠેર, અહીં અને વિદેશ ગયો હતો ત્યારે પણ મારા વિદ્યાર્થીઓની ચાહના અને સહાય સતત મળતી રહી છે. મને લાગે છે કે જૈન સમાજ સાથે મારે પૂર્વજન્મનું કંઈ લહેણું છે. તેથી જ જૈનો મને સહાયક નીવડ્યા છે. શ્રી સી. એન. સંઘવીએ તો મને 'જૈન બ્રાહ્મણ' નો ખિતાબ આપ્યો છે તો પર્યુષણ પ્રસંગે (પાર્લા ખાતે આશાદીપ ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત) વ્યાખ્યાનમાળામાં મને છેલ્લા ૧૦ વર્ષથી પ્રમુખપદનું માન મળ્યું છે. આ બધાની પાછળ પૂર્વજન્મનું ઋણાનુંબંધ નહીં તો બીજું શું? એક યા બીજી રીતે આ શિક્ષકને ગુરુદક્ષિણા મળતી જ રહી છે.

એથી જ તો હું ઘણી વખત ગમ્મતમાં કહું છું કે ભગવાન મહાવીરના જે બ્રાહ્મણ ગણધરો હતા તેમાંનો એક હું હોઈશ. મારી પૂજામાં એટલે જ હું ગાયત્રી મંત્રની સાથે સાથે નવકારમંત્રનું પણ રટણ કરું છું. મને બંને મંત્રો પ્રસન્નતા આપે છે.

***

ઉમેદ વીલા, બ્લોક નં. ૧૧,
વિશ્વભારતી સોસાયટી, જૂહુલેન,
અંધેરી (ઈસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૫૮

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2006-08



# પંથે પંથે પાથેય...

## એક ડૉક્ટરની ગુરુદક્ષિણા

☐ બકુલ રાવલ

ઈ.સ. ૧૯૬૮ની સાલમાં અમે બે (પતિ-પત્ની) અને અમારાં બે સંતાનો (પુત્ર-પુત્રી) સહિત, મુંબઈ સ્થિત સી. પી. ટેંક પર આવેલ રાધા-કૃષ્ણ મંદિરની ચાલીની ઓરડી ખાલી કરીને, અંધેરી (પશ્ચિમ) પર આવેલ જૂહુ ગલીમાં વિશ્વભારતી સોસાયટીના ઉમેદવીલા નામક મકાનમાં ભાડાના બ્લોકમાં રહેવા આવ્યા. પ્રારંભમાં તો અમને ચાલીની યાદ સતત આવતી રહી. ત્યાંના પાડોશીઓ સુખ-દુ:ખમાં સાથે રહેતા પણ અનિવાર્ય સંજોગોએ તે જગા છોડવી પડી.

આ નવી જગા પેલી ચાલીની ઓરડીના પ્રમાણમાં તો અમને ઘમી મોટી લાગી હતી પણ ધીમે ધીમે બધું ગોઠવાઈ ગયું હતું.

અહીં એક એવી ઘટના બની જેણે મારા હૃદય પર અમીટ છાપ પાડી છે. રહેવા આવ્યા પછી ત્રણેક દિવસ બાદ, તે સમયે ત્રણેક વર્ષની, મારી પુત્રી ચિ. તૃપ્તિને તાવ આવ્યો. અમે તો નવા હતા તેથી તેને ક્યા ડૉક્ટર પાસે લઈ જવી તેની મૂંઝવણ હતી. અમારા પડોશીને પૂછ્યું. તેમણે જવાબ આપ્યો, 'આપણા બિલ્ડિંગની પાછળની ગલીમાં જૈન ઉપાશ્રયની સામે 'અજન્તા' નામના બિલ્ડિંગના ગેરેજમાં હમણાં જ એક વિનોદ શેઠ નામના ડૉક્ટરે દવાખાનું ચાલુ કર્યું છે. અમે તો તેમની દવા લઈએ છીએ.'

હું તો દીકરીને લઈને ડૉક્ટર પાસે ગયો. તેમણે તપાસીને દવા-ઈન્જેક્શન આપ્યા પછી કહ્યું, 'ચિંતા કરવા જેવું નથી. બે દિવસની દવા આપું છું. સારું થઈ જશે.'

મેં ખિસ્સામાંથી પાકિટ કાઢ્યું અને પૂછ્યું, 'મારે કેટલી ફી આપવાની?'

'ફીની કયાં ઉતાવળ છે, પછી આપજો.'

મને થોડીક, મારી પ્રકૃતિ પ્રમાણે, ગમ્મત કરવામું મન થયું. એટલે હું બોલ્યો, 'ડૉક્ટર આ વિસ્તારમાં હું ત્રણ દિવસ પહેલાં જ રહેવા આવ્યો છું. જો બેબીને સારું થઈ જશે તો હું નહીં આવું. પછી તમે મને ક્યાં શોધશો?'

મારું આ વિધાન સાંભળી ડૉક્ટરે સસ્મિત વદને કહ્યું, 'જીવનમાં કોઈ વખત એવું પણ બને કે ભગવાન પરથી ભરોસો ઊઠી જાય પણ ગુરુ પરથી ક્યારેય ભરોસો ન ઊઠે. Sir, I was your student in Jai Hind College.' —

ડૉ. વિનોદ શેઠનું આ વાક્ય (ગુરુ પરથી ક્યારેય ભરોસો ન ઊઠે) મારા હૃદયના અતલ ઊંડાણમાં ઊતરી ગયું જેને આજ સુધી હું ભૂલ્યો નથી. આ વાક્ય સાંભળ્યા પછી હું પ્રસન્ન થયો અને ગદ્ગદિત પણ. ગુરુ પ્રત્યેનો આવો અહોભાવ મારા વિદ્યાર્થીઓ રાખે છે એને જ હું મારી મૂડી ગણું છું. તે દિવસથી લઈને આજ સુધી ડૉ. વિનોદ શેઠ અમારા ડૉ. વિનોદ શેઠ 'ફેમિલી ડૉક્ટર' જ નહીં પણ 'ફેમિલી મેમ્બર' થઈ ગયા છે.

એમનો પુત્ર જયેશ શેઠ અને તેની પત્ની કેતકી શેઠ પણ 'ગાયનેકોલોજિસ્ટ' છે. જોગેશ્વરી પશ્ચિમમાં 'મધર કેર' નામે હોસ્પિટલ છે. મારી પુત્રીના બંને પુત્રોની અને પુત્રવધૂ સૌ. તેજલના પુત્રની સુવાવડ પણ ત્યાં જ થઈ હતી. જયેશ પણ, હું ટ્યુશન ક્લાસમાં ભણાવવા જતો ત્યારે, મારો વિદ્યાર્થી હતો. આજે પણ તે મને અત્યંત આદર આપે છે. આ ડૉક્ટર દંપતીનો એક સિદ્ધાંત છે કે અનિવાર્ય સંજોગો આવે તો જ 'સિઝેરિયન' કરવું પણ શક્ય હોય ત્યાં સુધી 'નોર્મલ ડિલીવરી' જ કરાવવી. આજે ડૉક્ટરો જ્યારે 'સિઝેરિયન' કરીને અઢળક કમાણી કરે છે ત્યારે આ જૈન પરિવારના પિતા-પુત્ર આવા આર્થિક પ્રલોભનથી દૂર રહીને જૈન ધર્મનું પાલન કરે છે.

ડૉ. વિનોદ શેઠે તો મારી પાસે વર્ષો સુધી મારા એક વર્ષની દવા-સારવાર પેટે જે ખર્ચ આવે તેની અરધી રકમ જ લીધી છે. જો કે હવે તો તેમણે તમામ વરિષ્ઠ નાગરિકોની નિ:શૂલ્ક દવા-સારવાર કરવાનો સંકલ્પ કરીને તેનો અમલ પણ કર્યો છે. આવું બધું મારે માટે તો એક ડૉક્ટરની ગુરુદક્ષિણા છે.

ડૉ. વિનોદ શેઠ પાસે તો હવે કેટલાય સમયથી મારી આર્થિક-કૌટુંબિક મુશ્કેલીઓ રજૂ કરું છું અને તેમનું માર્ગદર્શન મેળવું છું. આવું કરે છે ત્યારે તેમના મનમાં મારા ઉપર ઉપકાર કર્યો છે તેવું લેશ માત્ર પણ માનતા નથી.

વાચકને હું ડૉ. વિનોદ શેઠની સામાજિક અને તબીબી સેવાઓ વિશે પણ વાત કરવાની લાલચ રોકી શકતો નથી. નિષ્ણાત અને સેવાભાવી ડૉક્ટર વિનોદ શેઠ એક પ્રસિદ્ધ સામાજિક કાર્યકર પણ છે. જૂહુની ફાઈવ સ્ટાર હોટલોમાં મેડિકલ ઑફિસર છે. તેમને 'બેસ્ટ ક્લિનિક ટ્રોફી' એનાયત કરાઈ છે તો મેડિકલ કૉન્ફરન્સમાં પેપર રજૂ કરવામાં પણ ત્રણ વખત ઈનામ અને ટ્રોફી પણ મળ્યા છે.

તેઓ જૈન સંઘ અંધેરીના પ્રમુખપદે છે તો જૈન સોશ્યલ ગ્રુપ અંધેરીના તથા અંધેરી મેડિકલ એસોશિએશનના પૂર્વપ્રમુખ છે. તેઓ મુંબઈ યુનિવર્સિટીના જૈનોલોજીના ડિપ્લોમા હોલ્ડર, યુનિવર્સિટીના જૈન અકેડેમીના ટ્રસ્ટી અને ઝાલાવાડ સભાના પૂર્વ સ્થાપક પ્રમુખ છે. તેમના પત્ની કોકિલાબેન શેઠ પણ અંધેરી સંઘ મહિલા મંડળ અને

(વધુ માટે જુઓ પાનું ૧૯)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

✳✳✳ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✳✳✳

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/- તા. ૧૬ ઓક્ટોબર, ૨૦૦૭ વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

વિક્રમ સંવત : ૨૦૬૩ વીર સંવત : ૨૫૩૩ આસો સુદિ – તિથિ – ૫

## જિન-વચન

## ધર્માચરણ

जरा जाव न पीलेई वाही जाव न वड्ढई ।
जाविंदिया न हायंति ताव धम्मं समायरे ।।

–दसवैकालिक–८-३५

જ્યાં સુધી ઘડપણ સતાવતું નથી, જ્યાં સુધી વ્યાધિઓ વધતી નથી અને જ્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ નથી થઈ ત્યાં સુધી સારી રીતે ધર્માચરણ કરી લેવું.

जब तक बुढ़ापा नहीं सताता, जब तक रोग नहीं बढ़ता, और जब तक इन्द्रियाँ क्षीण नहीं होतीं तब तक धर्म का अच्छी तरह से आचरण कर लेना चाहिए ।

A person should properly practise religion before old age afflicts, before diseases become chronic and before the senses become powerless.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી).

## આચમન

### 'એવો પતિ કોઈને નહીં હોય !'

બાપુજી બહુ ભણેલા, દેશના મોટા નેતા; જ્યારે બા હતાં અભણ ! વળી બાપુજી પોતાના જીવનમાં ઉત્તરોત્તર ભારે પરિવર્તનો કરતા જતા હતા અને પોતાના વિચારોના પાલનનો ખૂબ આગ્રહ રાખતા.

એટલે કેટલાંક લોકો એમ જ માનતાં કે બિચારાં બાને તેનું ખૂબ દુઃખ રહ્યા કરતું હશે. એક બહેને તો બા પ્રત્યેની સહાનુભૂતિ વ્યક્ત કરતો એક પત્ર જ બાને લખી મોકલ્યો.

બાએ એ પત્રના જવાબમાં લખ્યું હતું: 'તમારો પત્ર મને બહુ ખૂંચ્યા કરે છે. તમારે ને મારે તો કોઈ દિવસ વાતચીત કરવાનો બહુ વખત નથી આવ્યો. તો તમે કેમ જાણ્યું કે, મને ગાંધીજી બહુ દુઃખ આપે છે ? મારો ચહેરો ઊતર્યો હોય છે, મને ખાવા વિશે પણ દુઃખ આપે છે, તે તમે જોવા આવ્યાં હતાં ? મારા જેવો પતિ તો કોઈને દુનિયામાં પણ નહીં હોય. સત્યથી આખા જગતમાં પૂજાય છે. હજારો તેની સલાહ લેવા આવે છે. અને કોઈ દિવસ મારી ભૂલ વગર મારો વાંક નથી કાઢ્યો. મારામાં લાંબા વિચાર ન આવે, ટૂંકી દૃષ્ટિ હોય તો કહે. તે તો આખા જગતમાં ચાલતું આવ્યું છે. ગાંધીજી છાપે ચડાવે; બીજા ઘરમાં કંકાસ કરે. મારા પતિને લીધે તો હું આખા જગતમાં પૂજાઉં છું. મારાં સગાંવહાલાંમાં ખૂબ પ્રેમ છે. મિત્રોમાં મારું ઘણું માન છે.'

❑ **મહેન્દ્ર મેઘાણી**

સંપાદિત 'ગાંધી ગંગા' માંથી.

*પ્રત્યેક ગુજરાતીના ઘરમાંઆ પુસ્તક અવશ્ય હોવું જોઈએ જ. ઉપયોગ થયા પછી પસ્તીમાં પધરાવાતી મોંઘી કંકોત્રી સાથે એકાદ પુસ્તિકા પણ ભેટ મોકલાય તો લગ્નપ્રસંગ શુભેચ્છકોના જીવનમાં હૃદયંગમ બની જાય.* ✱✱✱

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | ઉત્તમ શ્રાવક અને પરંપરાના પદયાત્રી | મુનિશ્રી વાત્સલ્યદીપ | ૩ |
| (૨) | સ્વપ્નની શોધમાં | ડૉ. એ. સી. શાહ | ૫ |
| (૩) | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પર્યુષણ વ્યાખ્યામાળા | કેતન જાની | ૭ |
| (૪) | મણનો બદલો માનવ કણથીય વાળે છે ખરો ? | પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મ. સા. | ૧૩ |
| (૫) | શ્રી શત્રુંજય તીર્થ અને રખોપા કરાર | ડૉ. જવાહર પી. શાહ | ૧૪ |
| (૬) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| (૭) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૮ |
| (૮) | ભગિની મિત્ર મંડળ,પાલિતાણાને આર્થિક સહાય | — | ૧૯ |
| (૯) | સંઘને મળેલ આર્થિક સહાયની યાદી | — | ૨૧ |
| (૧૦) | પ્રબુદ્ધ જીવન નીધિ અને પ્રકીર્ણ ફંડોની યાદી | — | ૨૨ |
| (૧૧) | પંથે પંથે પાથેય | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૪ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/- | U.S. $ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/- | U.S. $ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/- | U.S. $ 40-00 |
| આજીવન લવાજમ | રૂા. ૨૫૦૦/- | U.S. $112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/- | U.S. $100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

☛ ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૧૦ ● તા. ૧૬ ઓક્ટોબર, ૨૦૦૭ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## ઉત્તમ શ્રાવક અને પરંપરાના પદયાત્રી

*( કાળને વહી જતાં ક્યાં વાર લાગે છે? આ ઑક્ટોબરની ૨૪ તારીખે પૂ. રમણભાઈને અરિહંતશરણ થયાને બે વર્ષ પૂરા થશે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રત્યેક પ્રવૃત્તિની પળમાં પૂ. સાહેબ યાદ આવ્યા છે. એમની ખોટ તો નહિ પુરાય જ. આ પ્રત્યેક પળોમાં એઓશ્રીના અદૃશ્ય આશીર્વાદ અને પ્રેરણા અમને પ્રાપ્ત થતાં રહ્યાં છે એવી અનુભૂતિ અમને સર્વને થઈ છે.*

*પૂ. સાહેબને યાદ કરી એમના વિશે લખવા બેઠો, અને ફાઇલો તેમ જ પુસ્તકો ઉથલાવતો હતો ત્યાં પૂ. વાત્સલ્યદીપનો લેખ શીર્ષ ઊંચું કરીને મારી સમક્ષ આવ્યો.*

*લગભગ એક વર્ષ પહેલાં મુનિશ્રીએ આ લેખ મોકલ્યો હતો. મુનિશ્રી તરફથી ફોન ઉપર સંદેશ આવ્યો કે લેખ મળ્યો? મેં—અમે એ લેખ શોધવા મથામણ કરી. ક્યાંય ન મળ્યો, એઓશ્રી પાસે ઝેરોક્સ નકલ પણ ન હતી. 'જેવી કાળની ઇચ્છા', એવું સમજી અમે સર્વએ મનમાં સમાધાન કરી લીધું.*

*પણ સત્ય અને કાળ એના સમયે જ પ્રગટે છે. ત્યારે લેખ ન શોધાયો અને આજે અચાનક જ એ પ્રગટ્યો. આ ઘટનાને જોગાનુજોગ ન કહેવાય. 'સત્ય અને કાળની ભાષા જાણો' એવું સનાતન સત્ય એમાં છે. ન મળે ત્યારે ઉદ્વેગ ન કરવો, અને સમય પાકશે ત્યારે એ પ્રગટ થશે જ, એવી સમજ કેળવીએ તો પ્રથમ કેટલી બધી શાતા પ્રાપ્ત થાય! અને પછી કેટલો બધો ચમત્કારિક આનંદ?*

*આપણી વંદનીય વિભૂતિનો આત્મા આપણી સાથે જ છે એની આ ભવ્ય અનુભૂતિ. –ધ.)*

ધર્મપ્રિય ડૉ. ધનવંતભાઈ, સર્વે-

ધર્મલાભ. કુશળ હશો. અહીં શાતા છે.

ડૉ. રમણલાલ ચી. શાહના ૭ પુસ્તકો ગઇકાલે પ્રાપ્ત થયા છે. શ્રી દીપચંદભાઈ ગાર્ડીએ આ પુસ્તકો વિદ્યાપ્રેમીઓને મોકલવાનો લાભ લઇને શ્રુતભક્તિનું સ્તુત્ય કાર્ય કર્યું છે. તમે આ ગ્રંથો મોકલ્યાં તેથી ડૉ. રમણભાઇ શાહની સવિશેષ સ્મૃતિ ચિત્તમાં તાદૃશ્ય થઈ.

વિદ્વદ્જન અને સુશ્રાવક ડૉ. રમણભાઈ શાહનો સૌપ્રથમ પરિચય, પ. પૂ. મારા ગુરુદેવ આ. શ્રી દુર્લભસાગર સૂરિશ્વરજી મ. અને અમને સૌને વંદનાર્થે અમદાવાદના આમલીપોળ જૈન ઉપાશ્રયે આવ્યા ત્યારે થયેલો અને પછી તે સંપર્ક અમે મુંબઈ વિહાર કરતાં પહોંચ્યા ત્યારે વધ્યો અને દૃઢ પણ થતો ગયો. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સં. ૧૯૮૧ થી કેટલાંક વર્ષો પર્યંત નિયમિત પ્રવચન કરવા મને લઈ જતા. મારા પ્રવચનોનું શીર્ષક હું સીધું ધર્મસંધાન સિદ્ધ કરે તેવું કરતો અને પ્રવચનમાં મૂળ વિષય સાથે માનવીય દૃષ્ટિકોણ જોડતો તેથી તેઓ અધિક પ્રસન્ન થતા હતા. એકવાર શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ચૈ. સુ. ૧૩ના શ્રી મહાવીર જયંતી નિમિત્તે તેમણે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજ્યું ત્યારે પણ મને પ્રવચન કરવા આગ્રહપૂર્વક લઈ ગયેલા. પ્રેમપુરી આશ્રમમાં 'જૈન ધર્મ અને ગીતાધર્મ' વિશે પ્રવચન કરવા માટે તેઓ શ્રી હરિભાઈ ડ્રેસવાલાને લઇને આવેલા, અને એમની જ સૂચનાથી પછી મારું એ પ્રવચન તે સંસ્થા દ્વારા પુસ્તકસ્થ પણ થયું.

મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના થઈ હશે તે સમયમાં દેશનું, સમાજનું અને ધર્મનું એક અલાયદું વાતાવરણ હતું. ક્રાન્તિ અને પરિવર્તનની વાતો વ્યાપ્ત હતી. રૂઢિચુસ્તતા, ક્રિયાકાંડના માળખામાં આમૂલ પરિવર્તન કરવું જોઇએ તેવી સર્વત્ર ચર્ચા હતી અને તેના પડઘારૂપે સંસ્થાઓ અને ઘટનાઓનું નિર્માણ થયું. શ્રી પરમાનંદ

કુંવરજી કાપડિયા તથા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના સમય સુધી મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન'નું કાર્યક્ષેત્ર પણ તેવું જ રહ્યું હતું. શ્રી રમણભાઈ શાહ એ સંપૂર્ણ દિશા બદલીને જૈન ધર્મ અને સાહિત્ય અને પરંપરા સુધી મુંબઈ જૈન યુવક સંઘ અને પ્રબુદ્ધ જીવનને દોરી લાવ્યા. ક્રાન્તિની વાતો જે તે સમયમાં યોગ્ય હશે પણ ધર્મના તર્કની દૃઢતા પણ એટલી જ ઊંડી અને મજબૂત હતી એ તર્કને સમગ્ર દૃષ્ટિકોણથી પ્રાપ્ત કરવો જોઇએ. સ્વાર્થનું ક્ષણિક આવરણ તત્ત્વના મૂળ સૌંદર્યને ઝાંખું પાડી ન શકે તેમ તેને હટાવવાથી જ જો ધર્મનું સત્ય પ્રાપ્ત થતું હોય તો તે પણ એક ક્રાન્તિ જ છે. આવી દૃષ્ટિ સુધી ડૉ. રમણભાઈ શાહ આજના યુવક સંઘને દોરી લાવ્યા તેવું મને લાગે છે. મુંબઈ યુવક સંઘની સ્થાપનાના સમયે બાળદીક્ષાનો પ્રખર વિરોધ થતો હતો. મેં એકવાર તે સમયે પ્રવચનમાં કહેલું: 'યુવક સંઘની સ્થાપના બાળદીક્ષાના વિરોધમાં થયેલી અને તમે મને, એક બાળદીક્ષિત સાધુને પ્રવચન કરવા લઈ આવ્યા છો!' શ્રી રમણભાઈ માર્મિક હસ્યા હતા. અલબત્ત, આ પણ એક ક્રાન્તિ જ નથી?

સં. ૧૯૮૧માં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહને તેમના નિવાસસ્થાને, 'રેખા' બિલ્ડિંગમાં, મળવાનું થયેલું. ધાર્મિક પરિવર્તનના તેઓ સંપૂર્ણ આગ્રહી હતા છતાં, પૂરા વિનય સાથે મને મળ્યા હતા. 'પ્રબુદ્ધ જીવન'માં તેમના તંત્રીલેખોની ખળખળતી શૈલીએ મને હંમેશાં આકર્ષ્યો હતો.

ડૉ. રમણભાઈની સ્મૃતિ મનમાં સદૈવ રહી છે. શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળના તેઓ છેવટ સુધી પ્રમુખ રહ્યા. એ સંસ્થા, મહુડી જૈન તીર્થને સોંપતા પહેલા મને મળ્યા હતા કે તમે આ બધું તમારા હાથ નીચે રાખો. અનેક કારણથી એ સંભવ નહોતું પણ તેમની ઇચ્છા એ જ રહી. થોડાંક સમય પૂર્વે મેં પૂર્વધરો વિશે લખેલા લેખો તેમને 'પ્રબુદ્ધ જીવન' માટે મોકલ્યાં તો ઉમંગભેર પત્ર લખ્યો કે સરસ લેખો છે, 'પ્રબુદ્ધ જીવન'માં છાપીશું. સંબંધને સાર્થક રાખવામાં તેઓ હંમેશાં સફળ રહ્યાં છે.

ડૉ. રમણભાઇના પુસ્તકો અત્યારે મારી સન્મુખ છે. વિવિધ વિષયોને આવરીને તમે સરસ ગ્રંથમાળા બનાવી છે. ડૉ. રમણભાઇના લેખનને હું વર્ષોથી જાણું છું. કોઇપણ વાતને, મૂળ અને તેની આસપાસના સમગ્ર કેન્દ્રને પરિઘમાં રાખીને વિસ્તારપૂર્વક છણાવટ કરવામાં તેઓ માને છે. ધર્મતત્ત્વના સંદર્ભમાં લખેલા લેખો તેનું ઉજ્જવળ દૃષ્ટાંત છે. ડૉ. રમણભાઈનું આંતરિક બંધારણ જ એક શ્રદ્ધાળુ શ્રાવકનું છે. એમની શ્રદ્ધા એમને, તત્ત્વને તેના જ સ્વરૂપમાં પામવાની, સમજવાની, નિરખવાની દૃષ્ટિ આપે છે. અને તે માટે તેઓ તત્ત્વને તેના તમામ પુરાવાઓ સુધી તપાસે છે, તેનો મર્મ પારખે છે, અને ત્યાર પછી જ તેઓ લખે છે. એ લેખનમાં ક્યાંય પોતાનું વિચારબિંદુ તેઓ ઉમેરતા નથી પણ પૂર્વસૂરિઓ અને ધર્મશાસ્ત્ર આમ કહે છે તે ધ્વનિ જ દૃઢ કરે છે. જૈન સાહિત્યની આ મૂળ પરંપરા છે. પૂર્વસૂરિઓ પણ ધર્મના મૂળ તત્ત્વને તેના સ્વરૂપમાં વિસ્તારીને પોતાની ભાષામાં મૂકીને અટકી જાય છે. એ જ પરંપરા ડૉ. રમણભાઈ અક્ષુણ્ણ જાળવે છે. તત્ત્વને તર્કથી તોડફોડ કરવાથી કશું મળતું નથી પણ તત્ત્વને સમગ્ર શ્રદ્ધાથી પણ કેમ વિચારી ન શકાય એ ભાવના આ પરંપરાના મૂળમાંછે. સૈંકડો વર્ષોમાં, પૂર્વસૂરિઓએ જે સર્જ્યું છે તેને, જેમનું તેમ હાથમાં રાખીને સ્વાધ્યાય કરીએ છીએ ત્યારે આજે પણ અંતર પુલકિત નથી થતું? 'રત્નાકર પચ્ચીશી' આજે પણ વાંચીએ ત્યારે અંતરમાં કોઇક પશ્ચાતાપનો સૂર રણઝણતો નથી? 'જ્ઞાનસાર' કે 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું ગાન કરીએ ત્યારે અલૌકિક અનુભવ નથી થતો? જો હા, તો એ મૂળ સૌંદર્યને આપણા વિચારનું આવરણ ચઢાવીને ઝાંખું શા માટે કરવું તેવી દૃષ્ટિ ધર્મના પરંપરાગત સાહિત્યની રહી છે. ડૉ. રમણલાલ શાહ એ દૃષ્ટિને સંપૂર્ણ અનુસરે છે અને તેમની શૈલીની વિશદતાને પોતાની આગવી રસાળ લેખિનીમાં ઝબોળીને ઉત્તમ સર્જન સૌને આપે છે. આ સર્જનમાં તેમનો ઉંડો અભ્યાસ, સતત વાંચન અને વ્રતધારી શ્રાવકજીવનની સજ્જનતા તેમની સહાયક રહી છે.

ડૉ. રમણભાઈ પ્રખર વિદ્વાન, ઉત્તમ લેખક, સજ્જન શ્રાવક અને ધર્મના રાગી હતા. મેં ઉપર કહ્યું તેમ, તેમનું આંતરિક બંધારણ જ શ્રદ્ધાળુ શ્રાવકનું છે. શ્રીમતી તારાબહેન તથા બહેન શૈલજાબેનને પણ મેં એવા જ સંસ્કારી જોયાં છે. તેમના પુત્ર અમિતાભભાઇનો મને પરિચય નથી. પણ સંસ્કારનાં પગલાં તો સર્વત્ર પડેલા હોય જ.

મુંબઇના અમારા વિહાર દરમિયાન, મેં શ્રી રમણભાઇને જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ ઇત્યાદિ કરતા જોયા છે. આ સર્વે તેમના ઉત્તમ ગુણો હતા અને આ ગુણોનું સ્મરણ તેમના પરિચયમાં આવનારને હંમેશાં રહેશે.

શ્રી રમણભાઈ વિશે ક્યારેક લખવું તેવું મનમાં હતું જ, તમે મોકલેલાં પુસ્તકોએ તે નિમિત્ત પૂરું પાડ્યું. આજે એ સુવાસનું સંસ્મરણ કરવા મળ્યું. આ સુવાસને 'પ્રબુદ્ધ જીવન' દ્વારા સૌ સુધી પહોંચાડશો. શ્રી સંઘમાં રહેલા સદ્‌ગુણીની ગુણકીર્તના ન કરીએ તો અમને પણ અતિચાર લાગે: અમારા પાક્ષિક અતિચારમાં કહ્યું છે, 'સંઘમાંહિ ગુણવંત તણી અનુપબૃંહણા કીધી.'

ડૉ.રમણભાઈ શાહ, તમે તો અહીંથી વિદાય થયા પણ તમારી જીવનસૌરભ અહીં અમારી પાસે જ છે, અને અમારી પાસે જ રહેશે.

**મુનિશ્રી વાત્સલ્યદીપ**

જૈન ઉપાશ્રય, ૭, રૂપમ ધુરી સોસાયટી, સંઘવીના રેલવે ક્રોસિંગ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

# સ્વપ્નની શોધમાં

❑ ડૉ. એ. સી. શાહ; સંક્ષેપ ભાવાનુવાદક: જિતેન્દ્ર એ. શાહ

(સપ્ટેમ્બર '૦૭ના અંકથી આગળ)

## જીવનમાં ધર્મ અને ધર્મમય જીવન

ચુસ્ત વૈષ્ણવ પરિવારમાં મારો જન્મ થયો તે સાવ સાચી વાત, પરંતુ ઘરનું વાતાવરણ બંધિયાર નહોતું. તેમાં ઘણી મોકળાશ હતી. પિતાના કાકી જાદવબા જે રીતે પોતાના સંતાનની જેમ જ બાલકૃષ્ણની – લાલાની સેવા કરતાં હતાં તેની મારા જીવન પર ગહેરી અસર પડી હતી.

સાવ કિશોરાવસ્થામાં બે ધર્મોએ મારા પર ઊંડી અસર કરી અને તે હતાં ઈસ્લામ અને જૈન ધર્મ.

મારા પિતાના એક ખાસ મિત્ર મૌલવી હતાં. પિતાજીએ તેમના મદ્રેસામાં કુરાન શીખવા મોકલ્યો હતો. કુરાનના અભ્યાસ પછી એક વસ્તુ સ્પષ્ટ થઈ કે અન્ય ધર્મોની જેમ જ ઈસ્લામ પણ માનવતાપૂર્ણ ધર્મ છે. જેના પાયામાં સચ્ચાઈ, પ્રમાણિકતા તથા ત્યાગ રહેલા છે.

લુણાવાડાની શાળાના એક મિત્રને કારણે હું જૈન ધર્મના પરિચયમાં આવ્યો. હૃદય પર એક છાપ પડી કે તે ધર્મમાં એક તર્કબદ્ધ વિચારસરણી છે જે હૃદય અને બુદ્ધિ બન્નેને સ્પર્શે છે. પાછલા વર્ષોમાં કોબાના પૂ. શ્રી પદમસાગરજી મહારાજસાહેબ તથા શ્રી બાબુભાઈ શ્રોફના કારણે પૂ. શ્રી રામચંદ્રસૂરિજી મહારાજસાહેબની નજદિક આવવાનું મળ્યું તેને હું મારું પરમ સૌભાગ્ય સમજું છું.

આ સિવાય રામકૃષ્ણ મિશનની ખાર હોસ્ટેલમાં પ્રવેશ લીધો હતો તે કારણે રામકૃષ્ણ પરમહંસ તથા વિવેકાનંદજી તથા મિશનની પ્રવૃત્તિઓ વિશે ખૂબ વાંચ્યું. મધ્યસ્થ માર્ગના આગ્રહી એવા ભગવાન બુદ્ધના ઉપદેશમાં પણ મને ખૂબ રસ પડ્યો હતો.

અન્ય ધર્મોની મારા પર શું અસર પડી તેની આપણે વાતો કરી. જન્મે વૈષ્ણવ હોવાને કારણે સાડાપાંચચો વર્ષ પહેલાં થઈ ગયેલા શ્રી વલ્લભાચાર્યનો ઉપદેશ મારી રગરગમાં સમાઈ ગયો હતો. બાલકૃષ્ણ અથવા લાલા અમારા વૈષ્ણવોના આરાધ્ય દેવતા છે અને શ્રીમદ્ ભાગવત્ અમારો મુખ્ય ધર્મગ્રંથ છે. હિન્દુ ધર્મના જ એક ફાંટા જેવા સ્વામીનારાયણ સંપ્રદાયનું પણ અમને ઘણું જ આકર્ષણ હતું. આ સંપ્રદાયના હાલના વડા પૂ. શ્રી પ્રમુખસ્વામી મહારાજ છે. તેમને કોઈ હિચકટાહટ વિના 'દૈવી આત્મા' કહી શકાય તેવા તે સંત છે.

ધર્મમાં પૂર્ણ આસ્થા રાખનારના જીવનમાં ચમત્કાર ન બને તો તે જ એક ચમત્કાર કહેવાય! ઇ.સ. ૨૦૦૦ના ઓગસ્ટ મહિનાની એકવીસ તારીખની આ વાત છે.

હૃદયની ઘણી ગંભીર તકલીફના કારણે મને જસલોક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. ડોક્ટર્સના અભિપ્રાય પ્રમાણે હું માત્ર થોડા કલાકોનો મહેમાન હતો. બહારથી તો નહીં પરંતુ ભીતરથી હું પૂરો ભાનમાં હતો. મેં મનની આંખોથી મારા દેહ આસપાસ બે યમદૂતોને જોયા. મેં વિચાર્યું કે જો દેહ-આત્મા અલગ થવાના જ હોય તો શા માટે તે પહેલાં ગૃહમંદિર અને નાથદ્વારા મંદિરના મનભરીને દર્શન ન કરી લઉં? મંદિરના દર્શન કરતાં જ હું ભક્તિમાં લીન થઈ ગયો અને જ્યાં ચર્મચક્ષુ ખુલ્યાં ત્યાં તો યમદૂતો ગાયબ! ચમત્કારની વાત અહીં પૂરી થતી નથી. કોકિલાએ જાણ્યું કે મારી આયુમર્યાદા પૂરી થવામાં હતી ત્યારે તેણે અત્યંત ભક્તિભાવપૂર્વક પૂ. પ્રમુખસ્વામી મહારાજ અને કોબાવાળા પૂ. પદમસાગરજીને યાદ કર્યા. આ પછી તેણે પ્રકાશનો એક ઝબકારો જોયો! તેને અનુભૂતિ થઈ કે પ્રકાશના સ્વરૂપમાં પરમ કૃપાનું જ અવતરણ થયું હતું. કેટલાક આ બન્ને અનુભવોને મનની ભ્રમણા સમજે તેવું અવશ્ય બને, પરંતુ અમારે મન તે પરમ સચ્ચાઈની એક અનુભૂતિ જ છે.

## સફરના અંતે

હૃદયરોગના હુમલા પછી એક વાતની પ્રતીતિ અવશ્ય થઈ કે જગન્નનિયંતાએ જો શેષ જિંદગી બક્ષી છે તો તેની પાછળ કોઈ હેતુ છે, કોઈ યોજના છે.

મેં મનોમન ત્રણ નિર્ણય લીધા. પ્રથમ, તંદુરસ્તીની જાળવણી, બીજું, આર્થિક સમૃદ્ધિમાં વૃદ્ધિ અને છેલ્લે યથાશક્તિ આધ્યાત્મિક પ્રગતિ. તંદુરસ્તીની જાળવણી માટે સૌથી પ્રથમ ધાંધલ – ધમાલભર્યા જીવનને ભૂતકાળ ગણી શાંત-સ્વસ્થભાવે વર્તમાન જીવનને જીવી જવાનો ફેંસલો કર્યો. હળવી કસરતો, યોગ-પ્રાણાયમ તથા પથ્ય ખોરાકનું નિયમિત સેવન કરવાનું નક્કી કર્યું.

આર્થિક સમૃદ્ધિ બાબત એટલું જ કહી શકું કે આજની તારીખમાં પણ મારા પર કોઈ આર્થિક બોજ કે જવાબદારી નથી. અપૂર્વ તથા સ્વાતિ – બન્ને સંતાનો – અમેરિકામાં છે અને પોતાના પગ પર ઊભા રહી સ્વમાનપૂર્વક જીવે છે. વ્યાજની આવક આવ્યા કરે છે અને શેરસ્-સિક્યોરિટીસમાં પણ યોગ્ય રોકાણ થયેલું છે. પેન્શનની આવક ઉપરાંત અનેક કંપનીના બૉર્ડ સભ્ય હોવાથી એક સ્થિર આવકનો પ્રવાહ વહ્યા કરે છે.

આધ્યાત્મિક પ્રગતિમાં મારી ગતિ તેજ નથી, કદાચ અતિ મંદ છે. પ્રભાતે તથા રાતે પ્રભુ સ્મરણ અવશ્ય કરું છું, પરંતુ તે કંઈ પર્યાપ્ત

નથી તે પણ બરાબર સમજું છું.

મારી જાતને એક પ્રશ્ન સતત પૂછતો રહું છું : 'દિન-બ-દિન મારા સેવાકાર્યોમાં વધારો થાય છે અથવા હું એક સારો મનુષ્ય બની રહ્યો છું કે નહીં!' એક અભીપ્સા મનમાં સતત રહ્યા કરે છે અને તે છે સમાજને વધારે અને વધારે ઉપયોગી થતા રહેવાની.

બે કાંઠે વહેતી સરિતા જે રીતે પોતાના કિનારા ઉપર રહેલ નગરોને સુજલામ્ – સુફલામ – મલયજશીતલામ (તૃષા છીપાવે - મબલખ પાક લઈ આપે - શીતળ વાયુનું દાન કરે) કરે છે. બરાબર તે જ રીતે મારી જીવનસરિતા પણ વહેતી રહે છે કે કેમ તેનું અવિરત નીરિક્ષણ કરતો રહું છું.

જીવનકથાના અંત પહેલા જાવેદ અખ્તરના એક હિન્દી ફિલ્મ ગીતને યાદ કરવું ગમશે કારણ તે એક મધુરો સંદેશ લઈને આપણી પાસે આવે છે,

*'હર ઘડી બદલ રહી હૈ રૂપ જિંદગી*
*છાંવ હૈ કભી, કભી હૈ ધૂપ જિંદગી,*
*હર પલ યહાં, જી ભર જિયો,*
*જો હૈ શમા, કલ હો ન હો.'* (સંપૂર્ણ)

(૧) સી-૧-૨, લૉયડ્સ ગાર્ડન, અપ્પા સાહેબ માર્ગ, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦ ૦૨૫.

(૨) જિતેન્દ્ર એ. શાહ, ૨૦૧, 'વસુંધરા', ૨૯/A, નૂતન ભારત સોસાયટી, અલકાપુરી, વડોદરા–૩૯૦૦૦૭.

# 'સ્વપ્નની શોધમાં' અંગે પ્રતિભાવ

(૧)

'સ્વપ્નની શોધમાં'–ડૉ. એ. સી. શાહ લિખિત લખેલા લેખો વાંચ્યા.

ડૉ. એ. સી. શાહ સાથે મારે કોઈ પરિચય ન હતો. ફક્ત 'જન્મભૂમિ'–સૌરાષ્ટ્ર ટ્રસ્ટ જેવી માતબર સંસ્થાના આસી. જનરલ મેનેજરની રૂએ બે પ્રસંગોએ શ્રી શાહસાહેબને મળવાનું થયું હતું.

સૌરાષ્ટ્ર ટ્રસ્ટના તત્કાલીન ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ ઓઝા (માજી મુખ્યમંત્રી–ગુજરાત રાજ્ય)ના એક સંબંધી જેઓ અપંગ હતા અને બૅંક ઓફ બરોડા અમદાવાદ શાખામાં કામ કરતા હતા. તેમની બદલી તેમના ઘરથી દૂર થઈ હતી અને રોજ બસમાં પ્રવાસ કરવામાં અગવડતા થતી હતી. મુ. શ્રી ઘનશ્યામભાઇએ આ ભાઈની બદલી તેમના ઘરની નજીકની બૅંક ઓફ બરોડાની શાખામાં થાય તો સારું અને કામ મને સોંપ્યું. હું બેલાર્ડ એસ્ટેટ સ્થિત શ્રી શાહસાહેબની ઑફિસે પહોંચ્યો. તેમના સેક્રેટરીએ ફક્ત પાંચ મિનિટમાં શ્રી શાહસાહેબને મળવા જવા દીધો. શ્રી સાહસાહેબને મુ. શ્રી ઘનશ્યામભાઈ ઓઝાનો સંદેશો આપ્યો. શ્રી શાહસાહેબે તુરત જ અમદાવાદ ફોન કરીને તે ભાઇના ઘરની નજીકની બ્રાંચમાં બદલી કરાવી આપી, અને કહ્યું કે આવતી કાલે અમદાવાદ જવાનો છું અને તપાસી જોઇશ કે ભાઇની બદલી થઈ કે નહીં. બીજે દિવસે મુ. શ્રી ઘનશ્યામભાઇનો ફોન આવ્યો કે ભાઈ બૅંકમાં પહોંચે તે પહેલા તેમની બદલી તેમના ઘર પાસે થઈ ગઈ. આ પ્રસંગમાં શ્રી શાહ સાહેબની માનવતાવાદી તરીકેની છાપ ઊપસી.

સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રવિણચંદ્ર વી. ગાંધી સાથે સૌ. ટ્ર.ના બૅંકના કામ માટે દેના બૅંકના ચેરમેને મળવા જવાનું થયું. શ્રી પ્રવીણચંદ્ર ગાંધી દેના બૅંકના ભૂતપૂર્વ ચેરમેન અને દેના બૅંકના સ્થાપક પરિવારના સભ્ય. દેના બૅંકનાં તે વખતના ચેરમેનની છાપ આખાબોલા તરીકેની બૅંકમાં હતી. વાતચીતના દોર દરમ્યાન ચેરમેનશ્રી 'જન્મભૂમિ' વિષે ઘસાતું બોલ્યા. અમે સૌ સમસમી ઉઠ્યા. પ્રવીણભાઈ હંમેશા વિવેકી અને વિનમ્ર રહ્યા છે. તેઓ એક શબ્દ ન બોલ્યા. દસ મિનિટમાં મિટિંગ પૂરી થઈ. લિફ્ટમાં ઉતરતા હતા ત્યારે મને કહ્યું, 'કિરણ, કોઈ સારી બૅંક શોધી કાઢ.' મેં તુરત જ બૅંક ઓફ બરોડાનું સૂચન કર્યું. મને કહે અહીંથી સીધો ડૉ. શાહને મળવા જા અને સૌ. ટ્ર.ના ખાતાઓ બૅંક ઓફ બરોડા લઈ લે તેવી વિનંતી કર. શ્રી શાહસાહેબને મળી બધી વાતોથી વાકેફ કર્યા અને ખાતાઓ લઈ લેવા વિનંતી કરી. બેલાર્ડ એસ્ટેટથી જન્મભૂમિભવન પહોંચ્યું ત્યાં તો બૅંકના એક પારસી ઓફિસરનો ફોન આવ્યો કે તમારા ખાતાઓ દેના બૅંકમાંથી બૅંક ઓફ બરોડામાં લેવાના છે અને તે અંગેની કાર્યવાહી કરવાની છે. આ વાતની જાણ તે વખતના બૅંક બરોડાના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર શ્રી પ્રતાપભાઈ મર્ચન્ટને થઈ. તેઓ રૂબરૂ દેના બૅંકના ચેરમેનને મળ્યા અને જણાવ્યું કે સૌ. ટ્ર. જેવી માતબર સંસ્થા દેના બેંક સાથે પહેલા દિવસથી જોડાયેલી છે. તેમને જવા ન દો. દેના બેંકના ચેરમેનને તેમની ભૂલની સમજ થઈ હશે અને શ્રી પ્રવીણભાઇને આકરા પગલા નહીં લેવા તે માટે દેના બૅંકના બે જનરલ મેનેજરોને મોકલાવ્યા. શ્રી પ્રવીણભાઇએ ચેરમેનની ભૂલને ભૂલી જઈ સૌ. ટ્ર. ના ખાતાઓ દેના બૅંકમાં ચાલુ રાખ્યા. શ્રી શાહસાહેબની વહીવટી કુશળતા, ત્વરિત નિર્ણય લેવાની શક્તિ આ પ્રસંગમાં દર્શાવ્યા છે. શ્રી શાહ સાહેબે સૌ. ટ્ર. ના સંચાલકો ઉપરનો દૃઢ વિશ્વાસ રાખી તુરત જ નિર્ણય લેવા બદલ મેં તેમનો હૃદયપૂર્વક આભાર માન્યો.

–કિરણ રતિલાલ શેઠ
તા. ૨૧-૮-૨૦૦૭

૫૫૬- એ, એડનવાલા રોડ, માટુંગા.

(૨)

આદરણીય મુ. શ્રી ડૉ. એ. સી. શાહસાહેબ,

સાદર પ્રણામ,

'પ્રબુદ્ધ જીવન'માં 'સ્વપ્નની શોધ'માં એ શીર્ષક હેઠળની લેખમાળા હું વાંચું છું. આપનું જીવન અનેકને પ્રેરણારૂપ અને આદર્શરૂપ બને છે. તે માટે આપને અમારાં હૃદયપૂર્વકના અભિનંદન તથા સૌ વાચકો વતી આભારની લાગણી પ્રદર્શિત કરું છું....

આપની આત્મકથા `BRICK BY BRICK' વાંચવાનું મન છે. તે જો પ્રિન્સેસ સ્ટ્રીટના બુક સેલર્સને ત્યાંથી મળે તેમ હશે તો મગાવી લઇશ. અન્ય ક્યાંથી મળી શકે તે જણાવશો તો આભારી થઈશ.

આપની વિશિષ્ટ બુદ્ધિશક્તિ, અદ્ભુત કાર્યશક્તિ (વીસ–વીસ કંપનીઓના સલાહકાર) વિશે વાંચી અત્યંત પ્રભાવિત થયો છું. આપના જેવા થોડા ગુજરાતી મહાનુભાવોથી ગુજરાતી પ્રજા ગૌરવ અનુભવે છે અને 'મહાજાતિ ગુજરાતી' શબ્દને સાર્થક કરે છે.

ઇશ્વર આપને ઘણું દીર્ઘ આયુષ્ય આપે તથા રાષ્ટ્રની વિવિધ રૂપે સેવા કરવા શક્તિમાન રાખે તેવી પ્રાર્થના અને શુભેચ્છા સાથે.

–આપનો ગુણાનુરાગી, ચંદુલાલ સેલારકા
તા. ૧૯-૯-૨૦૦૭

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પર્યુષણ વ્યાખ્યાનમાળા

❑ કેતન જાની

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ૭૩ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી જૈન ધર્મના અભ્યાસી ડૉ. ધનવંત શાહની અધ્યક્ષતા હેઠળ નવ દિવસ સુધી ન્યૂ મરિનલાઇન્સ સ્થિત પાટકર હૉલમાં યોજાઈ હતી. ૮મીથી ૧૬મી સપ્ટેમ્બર સુધી યોજાયેલી વ્યાખ્યાનમાળા શ્રાવકો માટે જ્ઞાન અને ભક્તિરસની પરબ બની હતી. પર્યુષણ દરમિયાન તિર્થંકરોની આરાધનાની સાથે જરૂરતમંદ સંસ્થાઓને ઉપયોગી થવાનો અનોખો પ્રકલ્પ સંઘે ૧૯૮૫ થી શરૂ કર્યો છે. તેના ભાગરૂપે ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં કાર્યરત સંસ્થાઓ માટે પ્રતિવર્ષ નાણાં એકઠા કરી આપવામાં આવે છે. તે અનુસાર ચાલુ વર્ષે પાલિતાણામાં મહિલા માટે કાર્યરત સંસ્થા શ્રી ભગિની મિત્ર મંડળને ઉપયોગી થવાની ટહેલ નાખવામાં આવી હતી અને તેને માટે લગભગ ૨૫ લાખ રૂપિયા કરતાં વધુ રકમ પ્રાપ્ત થઈ હતી. કપડવંજ સ્થિત મંદબુદ્ધિના બાળકોની શાળા માટે રમકડાં આપવાની ટહેલને પણ શ્રાવકોએ સારો પ્રતિસાદ આપ્યો હતો.

'સંઘ'ના પ્રમુખ રસિકભાઈ શાહે તથા ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંત ડી. શાહે પાલિતાણા સ્થિત ભગિની મિત્ર મંડળ સંસ્થાને આર્થિક મદદ આપવાનો અનુરોધ કર્યો હતો તેને શ્રાવકોએ સારો પ્રતિસાદ આપ્યો હતો. ખજાનચી ભૂપેન્દ્ર ઝવેરી અને સહમંત્રી વર્ષાબેન શાહે દાતાઓના નામની વિગતો જાહેર કરી હતી. આભારવિધિ મંત્રી નીરુબહેન શાહે કરી હતી.

### ભક્તામરનું માહાત્મ્ય વિશે

**મનુભાઈ દોશી**

ભક્તામર સ્તોત્ર અનુભૂતિ સંપન્ન અને વિરલ સ્તોત્ર છે. તેના શ્લોકો વડે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મળી શકે છે. ભક્તામર સ્તોત્રના ૮, ૯, ૧૨, ૨૧, ૨૨, ૨૩ અને ૩૬માં ગાથા ધર્મ પ્રભાવના સંબંધી છે. તેના વડે વિગ્રહોનું હરણ થાય છે અને ભૂતપ્રેતનો પણ નાશ થાય છે. ૩, ૧૯ અને ૨૬મી ગાથા વડે વૈભવ અને ધનસંપત્તિ મળે છે. ૧, ૨, ૪, ૩૫, ૩૮ અને ૩૯ ગાથા વડે મોક્ષપ્રાપ્તિ થાય છે. ભક્તિમાર્ગની ધારામાં ૬ઠ્ઠી અને ૭મી સદીમાં આ સ્તોત્રની રચના થઈ હતી. ભક્તિ એવો પદાર્થ છે કે જે પળવારમાં મોક્ષ આપી શકે છે. ભક્તિમાં અહંકાર શૂન્યતાનું અદકેરું મહત્ત્વ છે. કોઇપણ પ્રકારની માગણી કે ઇચ્છા ભક્તિનો નાશ કરે છે. ખેતરમાં જુવારની સાથે આપોઆપ ઘાસ ઊગે છે એ રીતે આત્મજ્ઞાનની સાધનામાં સમર્પણ સાથે કવિત્વ અને આત્મતત્ત્વ બંને પ્રાપ્ત થાય છે અને વિવિધ બંધનોરૂપી બેડીઓ તૂટે છે. ભક્તિની ધારા અહંકારરૂપી પહાડ પર પડે તો નીચે વહી જશે પણ હૃદયતળાવમાં તે પડે તો સચવાઈ રહેશે. ભક્તામર સ્તોત્રની નવમી ગાથા કહે છે કે પ્રભુ સ્તવન તો ખરા જ પણ માત્ર નામસ્મરણથી જ પ્રાણીમાત્રના સર્વ પાપો નાશ પામે છે. મન, વચન, કાયા અને ભાવ થકી જે સર્વથા અપ્રમાદી છે તે મુનિ છે.

### આધ્યાત્મિક યોગીરાજ શ્રી ચિદાનંદજીની વાણી વિશે

**ડૉ. નિરંજન રાજ્યગુરુ**

આનંદઘન અને ચિદાનંદજી બંને અવધૂત પરંપરા સાથે સંકળાયેલા હતા. જે બધા આચારવિચારથી મુક્ત હોય, બધા બંધનથી મુક્ત હોય, સ્વૈરવિહારી આત્મા હોય, સમાજને સહજ રીતે પ્રાપ્ત હોય પણ મનુષ્યની મર્યાદાથી પર હોય અને મનુષ્ય સાથે સંબંધ હોય પરંતુ સાથોસાથ અંતર્મુખ હોય તે અવધૂત છે. ટીલા, ટપકાં, કંઠી અને માળા તે આત્માની સાચી ઓળખ નથી. આત્માને ઓળખે તે જ સાચો જોગી છે. મનથી દીક્ષા લેવાની બાબત અગત્યની છે. ભાવનગરમાં ઇ. સ. ૧૮૫૦ના અરસામાં ચિદાનંદજીએ સર્જનકાર્ય કર્યું હતું. તેમનું સાચું નામ કર્પૂરવિજયજી મહારાજ હતું અને ચિદાનંદજી એ તેમનું તખલ્લુસ હતું. સંતો અચરજરૂપ તમાશા, કીડી કે પગકુંજર બાંધ્યો, જળ મેં મગર પ્યાસો એમ ચિદાનંદજીએ ગાયું હતું. આપણો આત્મા હાથી જેવો શક્તિશાળી છે. તેની પાસે અનંત શક્તિ છે પણ કીડી જેવી પામર વાસનાઓના પગમાં તેને બાંધી દેવામાં આવે તો તેની શક્તિ રહેતી નથી. વિષય વાસનાનું ઝેર હળાહળ હોય છે. આપ કો આપ કરે ઉપદેશ, આપ કો આપ સમાધિમાં તાણે, આપ કો ભેદ આપ હી જાણે, અર્થાત વ્યક્તિએ પોતાના આત્માને એટલે કે 'સ્વ'ના રૂપને ઓળખવું જોઇએ. પર્યુષણનો અવસર મનુષ્ય માટે જાગૃત થવાનો છે.

*વસ્તુને યાદ રાખવાની એક કળા છે અને તેને ભૂલવાની પણ એક કળા છે. બીજામાં જે સારૂં જોયું હોય તે તથા તેમણે જે તમારૂં ભલું કર્યું હોય તે યાદ રાખો. બીજાઓમાં જે બુરૂં જોયું હોય તે તથા તેમણે તમારૂં બગાડ્યું હોય તે ભૂલી જાઓ. આવી યાદગીરી રાખવાની કળા એ આશીર્વાદ રૂપ છે.*

### ઈસ્લામ અને અહિંસા વિશે
**ડૉ. મહેબૂબ દેસાઈ**

ઈસ્લામમાં જેહાદ નથી પણ સમર્પણ અને ત્યાગ છે. ખુદાને નામે જિંદગી બક્ષી દેવાનું નામ ઈસ્લામ છે. ઉમૂલ નામે ઓળખાતી કુરાનની પ્રથમ આયાતમાં જણાવાયું છે કે અલ્લાહ કે ખુદા દયાસાગર છે. તે અતિકૃપાળુ છે. અમે તારી બંદગી કરીએ એવી શક્તિ આપ. જ્યાં તારા કૃપાપાત્ર જાય છે ત્યાં અમને લઈ જા. જે માર્ગે જવાથી તું નારાજ થાય તે માર્ગે અમને ન લઈ જા. ઇસ્લામને મૌલવીઓ કરતાં સૂફી સંતોએ વધુ સારી રીતે રજૂ કર્યો છે. અલ્લાહ એક જ છે અને મહંમદ તેનો પયગમ્બર છે. ઇતિહાસકારોએ ઇસ્લામ અંગે ઘણી ગેરસમજ ઊભી કરી છે. આ ધર્મ તલવારના જોરે ફેલાયો છે એવું કહી ન શકાય. કોઇપણ ધર્મને વર્ષો સુધી ટકવા તેમાં સત્વ જોઇએ. ઇસ્લામમાં ભૂખ્યાને ભોજન આપવું, અજાણ્યાનું ભલું ઇચ્છવું અને બીમાર માણસની ખબર કાઢવા જેવી બાબતો પણ પુણ્ય ગણાય છે. એટલું જ નહીં પરંતુ સદ્‌કર્મ કરવાનો વિચાર કરવો એ પણ પુણ્ય છે. હજની યાત્રાએ જતાં પૂર્વે જે સગાંવહાલાના દિલ દુભવ્યા હોય તેઓની માફી માગવી પડે છે. ધર્મપ્રચાર કરતાં મહંમદ પયગમ્બર પર લોકોએ તે સમયે મરેલા પશુના આંતરડાં–મળ નાંખ્યા હતા અને પથ્થર માર્યા હતા. આમ છતાં તેમણે મધુર શબ્દો બોલવાનો ઉપદેશ આપ્યો હતો. 'રોઝા' દરમિયાન કોઇને દુઃખ લાગે એવું બોલવાથી તેની સારી અસર ઘટે છે.

### હળવું હળવું અધ્યાત્મ વિશે
**ડૉ. ગુણવંત શાહ**

ધર્મ અને અધ્યાત્મમાં પ્રસન્નતા અને ગંભીરતાનો સમન્વય થવો જોઇએ. ધર્મ અને અધ્યાત્મ ગંભીર અથવા બોજ જેવો ન હોવો જોઇએ. ગંભીરતા વિના ધર્મ–અધ્યાત્મ હોઈ ન શકે એવી માન્યતા છે. પરંતુ વાસ્તવમાં તેમાં ગંભીરતાની સાથે પ્રસન્નતા પણ હોવી જોઇએ. નદીના પ્રવાહનો ઉપરનો હિસ્સો વધુ તરલ હોય છે. જ્યારે નીચેના ભાગમાં તરલતા ઓછી હોય છે. માત્ર તરલતા વિચારશૂન્યતા સર્જે છે. તેથી ગંભીરતાની સાથે પ્રસન્નતા તેમ જ તરલતા સાથે શિથિલતાનો સમન્વય થવો ઘટે. યુવા પેઢીને ધાર્મિકતા બહુ પસંદ નથી. મંદિર કે દેરાસરોમાં માત્ર વૃદ્ધો જાય છે. સૂફી સંતના ઝૂંપડા પાસે પાટિયું લગાડવામાં આવ્યું હતું કે અહીંના પથ્થર કોઇએ ખાવા નહીં. તેનાથી કોઇને ખરાબ લાગ્યું નહીં પણ અચરજ થયું. અભ્યારણ્યમાં પશુપંખીનો શિકાર ન કરવો કે દહેજ લેવો નહીં એવું પાટિયું વાંચીને આપણને ખરાબ લાગતું નથી. પરંતુ આપણે મહેમાન થઈ ગયા હોઇએ તે યજમાન તમે ખિસ્સામાં પેન લઈ જતાં નથી એ બદલ આભાર એવું કહે તો આપણને ચોક્કસ ખરાબ લાગે. આ પ્રકારનો આભાર માનવો પડે તો સમજવું કે આપણી સભ્યતા કાચી છે. ગીતાના ૧૮મા અધ્યાયમાં પ્રભુ શ્રીકૃષ્ણે 'સહજ' શબ્દનો પ્રયોગ કર્યો છે. શ્રીકૃષ્ણ કહે છે કે અધ્યાત્મ ગંભીર નથી પણ સહજ છે. પ્રભુ મહાવીરે મંદુકુમારને ઉપદેશ આપતી વેળાએ 'સહજ આનંદ સ્ફૂરણા' શબ્દ કહ્યો છે. મનમંદિરમાં જે આનંદ ઉછળે છે, તે ધની સ્મિત હોય છે. કપટથી સ્મિતની સુંદરતા નષ્ટ થાય છે. વિનોબા ભાવે કહે છે કે વૈરાગ્ય લાલિત્યપૂર્ણ હોવો જોઇએ.

### જૈન દર્શનના સંદર્ભે પશ્ચિમનું સર્જન–ચિંતન વિશે
**રસિકભાઈ શાહ**

ષટદર્શનમાંના ચાર દર્શન આત્માનું અસ્તિત્વ, કર્મની અસર, પુનર્જન્મ અને મોક્ષ એ બાબતો અંગે સમાનતા ધરાવે છે. જર્મન ફિલસૂફ ભારતના દાર્શનિક વિચારોથી પ્રભાવિત થયા હતા અને પોતાના અનુભવોને વણી લઇને 'સિદ્ધાર્થ' નવલકથા લખી હતી. ૮૫ વર્ષ પછી પણ તે પાશ્ચાત્ય દેશોમાં નોંધપાત્ર પ્રમાણમાં વંચાય છે. જૈન દર્શનના સિદ્ધાંતોનું છૂટુંછવાયું આલેખન ઘણાં દર્શનમાં જોવા મળે છે પણ તે સુગ્રથીત સ્વરૂપે તે માત્ર જૈન દર્શનમાં જ છે. શિકાગોના મ્યુઝિયમમાં રંગબેરંગી કાચના ૧૦૦ ટુકડા વચ્ચે કાચનો ગોળો ઢાંકીને મૂકેલો છે. તેના પરનું કપડું હટાવતા ગોળામાં સુંદર માનવ આકૃતિ દેખાય છે. જૈનસિદ્ધાંતો પણ દર્શનમાં તે પ્રકારે ઉત્તમ રીતે રજૂ થયા છે. અમેરિકન ફિલસૂફ સ્ટેનીસલાવ ગ્રોસે મનોવિજ્ઞાનના આધારે ચેતનાના ઉત્કૃષ્ટ સ્વરૂપ સુધી પહોંચવા પદ્ધતિ રજૂ કરી છે અને કાર્યશાળાઓ દ્વારા તે પદ્ધતિ લોકોને સમજાવી છે. એલ.એસ.ડી. ઔષધોનું અમુક માત્રાનું સેવન કરાવીને પણ તેમણે ઉત્કૃષ્ટ ચેતના માણવાના પ્રયોગ કર્યા છે. જૈન અને બૌદ્ધ ધર્મો સમકાલીન હોવા છતાં બંને વચ્ચે સમાનતા અને વિરોધાભાસ છે. જૈન ધર્મ કર્મમાં વિશ્વાસ રાખે છે. જ્યારે પ્રભુ બુદ્ધ કહેતા મને 'હું કોણ છું' તે શોધવામાં નહીં પણ દુઃખોના નિવારણમાં રસ છે. વિશ્વમાં ઇશ્વર અલગ વ્યક્તિ નથી. તે જગત પર રાજ કરતો નથી પણ પ્રત્યેક પ્રાણીમાત્રમાં વસે

*વૃદ્ધ પુરુષો પોતાના ભૂતકાળમાં જીવે છે અર્થાત્ ભૂતકાળને યાદ કર્યા કરે છે. યુવાન પુરુષો પોતાના ભવિષ્યકાળમાં જીવે છે અર્થાત્ ભવિષ્યના સ્વપ્ના સેવ્યા કરે છે. વર્તમાનકાળમાં જ જે પૂર્ણપણે જીવે છે, તેવા સતપુરુષો કેટલા ઓછા હોય છે ? અર્થાત્ ખરેખર તેવા આત્માઓ વિરલ જ હોય છે.*

છે. જ્યારે ખ્રિસ્તી ધર્મ માને છે કે આખા જગતનો કર્તા પ્રભુ લોકોના દુઃખ દૂર કરવા અવતરશે. આપણને નાનપણથી પુણ્ય, દયા, નીતિ અને અતિથિસત્કાર જેવાં સત્કર્મો કરવાનું શીખવવામાં આવે છે. તેના માટે ઈશ્વરની જરૂર નથી.

**જૈન ધર્મની વિશેષતા વિશે**

**ડૉ. પ્રવીણ દરજી**

અહિંસા અને અનેકાંતવાદ એ જૈન ધર્મએ જગતને આપેલી શ્રેષ્ઠ ભેટ છે. આ બે સિદ્ધાંતો સમજવાથી જૈન ધર્મ સમજાઈ જાય. ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પૂર્વે તે સમયની વૈદિક પરંપરાનો વિરોધ કર્યા વિના પોતાની વાત મૂકી હતી. તેમણે સિદ્ધાંતો પુસ્તકરૂપે (ટેક્સ્ટ) નહીં પણ આત્માના પ્રયોગો (ટેસ્ટ) વડે આપ્યા હતા. અંગત રીતે જે અનુભવ્યું અને પ્રમાણિત કર્યું તે આપ્યું હતું. જૈન થવા માટે બ્રાહ્મણ થવું પડે અને બ્રાહ્મણ થવા માટે પહેલા જૈન થવું પડે. અહીં જૈનનો અર્થ અંતકરણ જીતનાર અને બ્રાહ્મણનો અર્થ વિશાળ થાય છે. ૨૫૦૦ વર્ષ પહેલાં મહાવીરે ગાંધીકૃત્ય અને ૨૫૦૦ પછી ગાંધીજીએ મહાવીરકૃત્ય કર્યું હતું. મહાવીરે ૨૯ વર્ષની સાધના પછી ઇશ્વરનો વિરોધ ન કર્યો પણ પ્રત્યેક વ્યક્તિમાં વસતા હૃદયની વાત કરી ઇશ્વરનો અનાદર કર્યા વિના ઇશ્વરત્વનો આદર કર્યો. યજ્ઞમાં પશુઓના બલિદાન સામે મહાવીરે કહ્યું કે જગતમાં સૂક્ષ્મ અને સ્થૂળ બધા જીવોને જીવવું ગમે છે. તેથી બધાને જીવવા દો. એટલું જ નહીં તેમના દિલ પણ દુભવવા ન જોઇએ. મહાવીરના અનેકાંતવાદથી જગતમાં વકરેલી આતંકવાદ અને વિતંડાવાદની સમસ્યા ઉકેલી શકાય. આપણે ધર્મના રૂપ નહીં પણ ધર્મના ગુણ પર ધ્યાન આપવું જોઇએ. સોનાના પારણામાં રેશમની દોરી વડે મહાવીરને ઝુલાવતા હોઇએ ત્યારે આપણી દૃષ્ટી મહાવીરની આંખોમાં જોઇએ. સોનાના પારણાને ગૌણ ગણવું જોઇએ.

**મહાવીર અને ગાંધી અને આજની આંધી વિશે**

**પ્રા. ધીરેન્દ્ર રેલિયા**

આખા વિશ્વનો સો વખત નાશ કરી શકે એટલા શસ્ત્રો કે બૉમ્બનું ઉત્પાદન થઈ ચૂક્યું છે. માણસજાતિના અસ્તિત્વ પર આ શસ્ત્રો–બૉમ્બરૂપી જોખમ ઝળુંબે છે. આપણે જાણે સુષુપ્ત જ્વાળામુખીની ટોચ ઉપર બેઠા છીએ. હવે જો વિશ્વયુદ્ધ થાય તો તેમાં કોઈ નહીં જીતે પણ બધાંનો પરાભવ થશે. છેલ્લા ૨૦૦૦ વર્ષોમાં ૫૦૦૦ યુદ્ધો થયા છે. આજે તો વાણીમાં સુદ્ધાં હિંસા છે. જેહાદમાં શહીદ થનારને સ્વર્ગમાં મહંમદ પયગમ્બરની બાજુમાં સ્થાન મળશે એવું ઓસામા બિન લાદેન કહે ત્યારે તેની વાણીમાં પણ હિંસા છે. જિંદગી આપણી સાથે હસ્તધૂનન કરવા આવે ત્યારે આપણે તેની સામે પંજો ભીડાવીએ છીએ. આ વિકટ પરિસ્થિતિને શાંત પાડવાની શક્તિ અને ક્ષમતા પ્રભુ મહાવીર અને મહાત્મા ગાંધીના ઉપદેશ અને વિચારસરણીમાં છે. મહાવીરના અનેકાંતવાદના સિદ્ધાંતથી બીજાની પરિસ્થિતિને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. કોઇક વસ્તુ કે પરિસ્થિતિને બંને કે બધી બાજુથી જોઇએ ત્યારે આપણને તેનું પૂર્ણ દર્શન થાય છે. આપણે સાધર્મિકને એટલો પ્રેમ કરવો જોઇએ કે અન્યોને ધિક્કારવામાં સમય જ ન મળે. સ્વધર્મને પ્રેમ, પરધર્મ સમ્માન અને અધર્મની ઉપેક્ષા એ જ સાચો ધર્મ છે.

**'પર્યુષણામે ધર્મ' વિશે**

**મુનિશ્રી ૧૦૮ વિશુદ્ધસાગરજી**

જે વ્યક્ત કરી શકાય નહીં પણ આચરણમાં મૂકી શકાય એ ધર્મ છે. જગતમાં જે વ્યક્તિ ધર્મરહિત છે તે મૃત સમાન છે. અઢી અક્ષરનો શબ્દ–ધર્મ બધાં જ ધારણ કરી શકે છે. ધર્મ ગહન નથી તે માનવીને ઉચ્ચપદે લઈ જાય છે. ધર્મને સમજાવવો મુશ્કેલ છે પણ તેને અનુભવી શકાય છે. દાન, પૂજા અને ગરીબોને સુખ આપવું એ ધર્મ છે. કોઇકે કહ્યું છે કે જગતમાં શ્રેષ્ઠ પુષ્પ કપાસનું છે. તેનું કારણ તે આપણા તન ઢાંકે છે અને તેનું રક્ષણ કરે છે. જે ઉપરથી લદાય તે ક્રિયા છે પણ તે ક્રિયા વડે શાંતિ મળે તો તે ધર્મ છે. ધર્મ સૂક્ષ્મ છે અને વિશાળ પણ છે. તેથી તેની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. ધર્મ લાડુ જેવો છે. લાડુને ગમે તે બાજુથી ખાવાથી મીઠો લાગે છે. એ રીતે ધર્મનું ગમે તે પ્રકારે અનુસરણ કરવાથી લાભ જ થાય છે. ધર્મ જલેબી જેવો છે. તે જલેબી ખાવાથી તેની મીઠાશ ખબર પડે એ રીતે ધર્મનું આચરણ કે અનુભવ કરવાથી તે સમજાય. પર્યુષણ આત્માને શાંત કરવાનો ઉત્સવ છે. પર્યુષણ આપણામાં નવી ચેતનાને જાગૃત કરે છે. જગતમાં લેવા જેવી વસ્તુ આશીર્વાદ છે, પહેરવા જેવી વસ્તુ ઇમાનદારી છે, છોડવા જેવી વસ્તુ પાપ છે, તોલવા જેવી વસ્તુ વાણી છે અને જીવવા જેવી વસ્તુ ધર્મ છે.

**૧૪ મંગળ સ્વપ્નો વિશે**

**ડૉ. ધનવંત શાહ**

જૈન ધર્મના તીર્થંકરો અને ચક્રવર્તીઓની માતાઓને ૧૪ સ્વપ્નો આવતા હતા. જૈન ધર્મના વિદ્વાનો પ્રજ્ઞાવાન હતા કે તેઓ સ્વપ્નનું

*જ્યારે તમોને કોઈ પણ રહસ્યભૂત વાતો ગુપ્ત રાખવી જોઇએ એવું લાગે, ત્યારે તે કેમ ગુપ્ત રાખવી તે ધ્યાન રાખો. તમે જે કાંઈ સાંભળો, તે વસ્તુનો ચારેય બાજુ પ્રચાર ન કરો. તમે જે કાંઈ જાણો, તેનો ફેલાવો ન કરો. લોકને ખાત્રી થવા દો કે–તમે જે કાંઈ કહો છો તેના કરતાં વધુ જાણો છો.*

અર્થઘટન કરી શકતા હતા. તેનું અર્થઘટન કરનારા 'નૈમિતક' કહેવાતા. જેઓ બહારના શત્રુઓનો નાશ કરે તે ચક્રવર્તીઓની માતા ઝાંખા અને જેઓ અંદરની વિકૃતિઓને જીતે કે ક્ષય કરે તે તીર્થંકરોની માતાઓને સ્પષ્ટ સપના આવતા હતા. જૈન શાસ્ત્રોમાં ૭૨ પ્રકારના સ્વપ્નોની વિગતો છે. તેમાંથી ૪૨ સ્વપ્ન અશુભ અને ૩૦ સ્વપ્ન શુભ છે. તીર્થંકરો અને ચક્રવર્તીની માતાઓને આવતા સ્વપ્નનો આંક ૧૪ હતો. તેનું કારણ ૧૪ સ્વપ્ન એ પુરુષસ્થાનકનો ભાવ છે અને તે ગુણસ્થાનક છે. આંતરિક શત્રુ પર વિજય હાંસલ કરવા ૧૪ પગલાં પ્રચંડ પુરુષાર્થ કરવાનો હોય છે. મિથ્યાત્વથી મોક્ષ સુધીની સફર કર્મક્ષય કરતાં પાર કરવાની હોય છે. મિથ્યાત્વ અને શિખર વચ્ચે આત્માના અનેક પડાવ પાર કરવાના હોય છે. દરેક ગુણસ્થાન વચ્ચે પડાવ આવે ત્યાં અટકવું જોઇએ અને સભાન થવું પડે. તેમાં છેલ્લે નિર્ધુન અગ્નિ આવે. એક-એક સ્વપ્ન વડે આપણા અંતરમાંથી કષાય દૂર કરવાના છે. પ્રભુ શ્રીરામે વનવાસમાં ૧૪ વર્ષ ગાળ્યા હતા. ભગવાન શંકરના ડમરુમાંથી સાત સ્વરનો જન્મ થયો છે. તેને બે વડે ગુણતા ૧૪ થાય છે. તીર્થંકરો કોઇને હરાવીને જીતતા નથી. ભારત દેશ સ્વતંત્ર થયો પછી 'સત્યમેવ જયતી' એ સૂત્ર સ્વીકારવાની વિચારણા ચાલતી હતી પણ ગાંધીજીએ 'સત્યમેવ જયતે' સૂત્ર પસંદ કર્યું. અર્થાત્ સત્યનો જય જયકાર થાઓ. તે સૂત્ર મહાવીરના ઉપદેશ સાથે બંધબેસતું છે.

**મહાવીર અને માધવ વિશે**

**હરિભાઈ કોઠારી**

મહાવીર અને માધવ બંનેમાં ઘણી સમાનતા છે. બંનેનું જીવન સંગીત હતું. બંનેને બે માતાઓ હતી. બંનેએ આસક્તિ રાખી નહોતી. પ્રભુ મહાવીર પાસે રાજપાટ હતા તે છોડીને તેઓ અરણ્યમાં તપશ્ચર્યા કરવા ગયા હતા. શ્રીકૃષ્ણને ગોકુળ પ્રિય હતું પણ તેમણે તેમાં આસક્તિ રાખી નહોતી અને તે છોડ્યું હતું. જીવનમાં આસક્તિ નહીં પ્રેમ જ મુક્તિ આપી છે. પ્રેમ સાચો છે. પર્યુષણ એ તીર્થંકરોની સમીપ જવાના, સત્કર્મો કરવાના અને સદાચરણ કરવાના પ્રયત્નો કરવાના દિવસોનું પર્વ છે. કાળ અસત્યને ટકવા દેતો નથી અને સત્યને મટવા દેતો નથી. મહાવીર સાચા હતા અને તેમની નગ્નતામાં પાવિત્ર્ય હતું. તેથી ૨૫૦૦ વર્ષ પછી પણ તેમનું માન સમ્માન યથાવત છે. કેટલાંક અવતારી પુરુષ તરીકે જન્મે છે. જ્યારે કેટલાંક માનવ તરીકે દેવત્વ પ્રાપ્ત કરવા ભણી આગળ વધે છે. માણસે એટલા ઉંચા ન થવું જોઇએ કે કોઇને કામ ન આવો, એટલા નીચા ન થવું જોઇએ કે કોઈ કામના ન રહો. મોટા માણસોના સંપર્કમાં રહેવું જોઇએ પણ નાના માણસ સાથેનો સંપર્ક તોડી ન પાડવો જોઇએ. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને કહ્યું હતું કે અનેકાંતવાદી આવે તો દુનિયામાં યુદ્ધ જ ન થાય. હું કહું છું તે જ સત્ય છે એવું કહેનાર માણસ જ ખોટો છે. એકમેકને સમજવાની તૈયારીથી સંવાદ સર્જાઈ શકે.

**સમ્યક્ત્વ એટલે સાચા સુખની પ્રતીતિ વિશે**

**શ્રીમતી છાયા શાહ**

સમ્યક્ત્વ કે સમ્યક દૃષ્ટી એટલે કે સત્યની પ્રતીતિ જીવનમાં સત્ય શું છે અને કર્તવ્ય કે સાચી દૃષ્ટિનું ભાન થાય તેને સમ્યક દૃષ્ટી પ્રાપ્ત થઈ એમ કહેવાય. જીવનમાં ઉદ્યોગ-વ્યાપાર, કલા કે ભૌતિક સુખ મેળવવામાં સફળ થયેલા વ્યક્તિઓ સુખી હોય છે એવું આપણે માનીએ છીએ. પરંતુ વાસ્તવમાં સફળતા કે સુખની લાલસા અમર્યાદિત થાય છે. જેમ સુખ મળે તેમ તેની તૃષ્ણા વધે છે. ભૌતિક સુખ કાયમી નથી અને સંજોગો મુજબ તેની વ્યાખ્યા બદલાય છે. સિદ્ધાર્થ રાજાના પુત્ર વર્ધમાન પાસે બધું જ સુખ હતું પણ તેનો ત્યાગ કરીને તપ કરવા વનમાં ગયા હતા. પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયોમાં સુખ દેખાય છે, પણ તે સુખ નથી એ તેમને સમજાયું હતું. ભોગદૃષ્ટી છોડીને યોગદૃષ્ટી આવે તેને ઓઘદૃષ્ટી કહેવાય છે. જે વિષયવાસના અન્ય પરવશતા તજે છે તેને ત્યાગનું સુખ હાંસલ થાય છે. ભૌતિક સુખો ભોગવવા છતાં આસક્તિ ન કેળવાય તે અગત્યનું છે. સમ્યક્ત્વનું સુખ થાય પછી પાંચ તબક્કા છે. પહેલું જીવ પ્રસમન એટલે કે શાંત થાય છે. બીજું, શાંત રહીને મોક્ષ માટેની ઇચ્છા રાખવી. ત્રીજો તબક્કો સંસાર પ્રત્યે ઉદાસીનતાનો છે. સમ્યક્ત્વ વ્યક્તિ કઠોર હોતી નથી. ચોથા તબક્કામાં સમ્યક જીવને દુઃખીઓ પ્રત્યે મમતાપૂર્વકની અનુકંપા જાગે છે. હૃદય નિર્મળ બને છે. કસાયો કે પરવશતા રહેતી નથી. પાંચમા તબક્કામાં જીવને તત્ત્વને યથાર્થ સ્વરૂપમાં સમજવાની દૃષ્ટી મળે છે. તે રાગદ્વેષ રહિત બને છે. ધીમે ધીમે તેના વિસ્તરણથી પરાકાષ્ઠા બાદ સિદ્ધાવસ્થા આવે. સમ્યકત્વ દૃષ્ટી શાસ્ત્રોના વાંચન અને ગુરુ પાસેથી જ્ઞાન દ્વારા મેળવી શકાય.

**વસ્તુપાળ તેજપાળ વિશે**

**ડૉ. બળવંત જાની**

મહાઅમાત્ય વસ્તુપાળ સદાચાર અને સત્કાર્યો વડે શત્રુઓને જીત્યા

*ધન, હોદ્દો અગર સત્તાથી કદી સંતોષ ઉત્પન્ન થવાનો નથી, પરંતુ જે વસ્તુ મળી રહે, તેમાં જ સ્વાભાવિક રીતે ખુશ રહેનારા, સાદા મન દ્વારા, તેમજ અલ્પ વૈભવોમાં જ આનંદ માનનારા અને પોતાની પાસે જે કાંઈ છે, તેને સર્વોત્તમ સમજનારા હૃદય દ્વારા સંતોષ પેદા થઈ શકે છે.*

હતા. કુટિલનીતિ અને માનવહિંસા વિના ચાર યુદ્ધો તેમણે લડીને પોતાના રાજા વીર ધવલનું સામ્રાજ્ય અઢી હજાર ગણું વિસ્તાર્યું હતું. તેમણે સૈનિકોને વાકૂયુદ્ધ અને ત્રાટકાવિદ્યા શીખવી હતી.હરીફ સૈનિકો એકમેક સાથે નજર મેળવે, ત્રાટક કરે-જે સૈનિકની નજર પહેલાં ઝૂકી જાય તે હાર્યો. તેણે સૈનિકોને યોગ અને કસરતનું પ્રશિક્ષણ આપ્યું હતું. તેની સમૃદ્ધિ જોઇને દિલ્હીના રાજા મોજીદ્દીન આક્રમણ કરવા નીકળ્યો હતો. તે સમયે ગુપ્તચર મારફતે માહિતી મળી હતી કે મક્કા જવાની નીકળેલી તેની માતાને ખંભાત પાસે લૂંટી લેવાઈ છે. તેથી તેણે મોજીદ્દીનની માતાને હજ માટે જવા નાણાં અને અંગરક્ષકો આપ્યા હતા. તેથી ખુશ થયેલી માતાએ મોજીદ્દીનને આક્રમણ નહીં કરવાનો સંદેશો મોકલ્યો હતો. મોજીદ્દીન વસ્તુપાળના રાજ્યને લૂંટવાને બદલે ધનસંપત્તિ આપીને દિલ્હી પાછો ફર્યો હતો. વસ્તુપાળે તીર્થયાત્રા માટે અનેક સંઘ કાઢ્યા હતા અને તેમાં જોડાતા શ્રાવકો માટે બધાં જ પ્રકારની ઉત્તમ સગવડોની વ્યવસ્થા કરી હતી. તેમની માતા વિધવા હતી અને હરિભદ્રસૂરિશ્વરજી મહારાજની આગાહી સાચી પાડવા તેણે આશરાજ સાથે લગ્ન કર્યા હતા. સમાજના નિયમ વિરૂદ્ધના લગ્નસંબંધમાંથી જન્મ્યા હોવા છતાં વસ્તુપાળે સત્કાર્યો, સદાચાર, બૌદ્ધિક શક્તિ અને વીરતા જેવાં ગુણો વડે મહાઅમાત્ય તરીકે લોકપ્રિયતા અને કીર્તિ મેળવી હતી. ફિલસૂફ મેકસમૂલરે લખ્યું છે કે વસ્તુપાળની જીવનકથા દંતકથા સમાન જણાતી હોવા છતાં તે સાચું પાત્ર હતો.

**જૈન ધર્મ અને તપ વિશે**

**શ્રી સુરેશ ગાલા**

પાંચેય ઇન્દ્રિયો પર કાબૂ મેળવે છે તે તપ છે અને જીવનનો મર્મ શીખવે છે તે ધર્મ છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે જે તપાવે છે તે તપ છે. સોનાને અને પાણીને તપાવવાથી તે શુદ્ધ થાય છે. પાણીને તપાવવા અગ્નિ અને તેની વચ્ચે પાત્રની જરૂર પડે છે તે ગુરુ છે. માનવી પણ તપથી શુદ્ધ થાય છે. મન ઉપર કાબૂ મેળવવો મુશ્કેલ છે. આપણી બુદ્ધિ ચિત્તના સંસ્કારથી દોરવાય છે. યશોવિજયજી મહારાજના કહેવા મુજબ કર્મ અને જ્ઞાનને તપાવનાર આંતરિક તપ જ ઇસ્ટ છે. કષાયોનો નાશ થાય તેનો જ ઉપવાસ જ અર્થપૂર્ણ કહેવાય. બાકીના લાંઘણ જ બની રહે. આપણા કર્મની નિર્ઝરા થાય તો કરુણા, દયા અને પ્રેમ પ્રગટે છે. મનમાં વાસનાનો ગાંસડો પડ્યો હોય ત્યાં સુધી તપ સફળ કે અર્થપૂર્ણ થતું નથી. જ્યાં સુધી મન સાફ ન હોય ત્યાં સુધી તપ, જપ અને તીર્થયાત્રા અર્થપૂર્ણ ન કહેવાય. જૈન ધર્મમાં અનશન, ઉણોદરી, દ્રવ્ય સંક્ષેપ, એકાસન, કાયાકલેશ અને સલ્લીનતા (સારા કાર્યમાં મન પરોવવું) જેવાં વ્રત છે. આંતરિક તપમાં વૈયાવચ્ચ, વિનય, ધ્યાન, સ્વાધ્યાય અને કાયોત્સર્ગ જેવાં આંતરિક વ્રતો છે. સંક્ષિપ્તમાં માત્ર આહાર ત્યાગ એટલે તપ એ તો સહુથી મોટું ગપ. જે પરમ સાથે છે તેનો છે ખપ, બસ એનું નામ છે તપ.

**અરિહંત વિશે**

**પ્રા. તારાબહેન ર. શાહ**

અરિહંતના ગુણો આકાશ જેટલા વિશાળ છે. તેમની ભક્તિની પ્રથમ શરત એ છે કે ભગવાનના ગુણોને ઓળખો. રાગદ્વેષનું હનન કરે તે અરિહંત છે. અરિહંતને શરીર છે. શરીરધારી હોવાથી ભક્તોને તેના શરણમાં જવાનું અનુકૂળ છે. પ્રભુની સાધનામાંથી સમકિત પ્રગટે છે. તેના પાંચ લક્ષણો-સમતા, સંવેગ, નિર્વેક (સંસાર પ્રત્યે ઉદાસીનતા), કરુણા અને શ્રદ્ધા છે. શરીરમાં એકવાર સમકિતનો દીવો પ્રગટે પછી તે ઓલવાતો નથી, પણ તે ઝાંખો થઈ શકે. તે દીવામાં પ્રયત્ન કે પુરુષાર્થરૂપી તેલ રેડવું પડે છે. જે સાધક હોય તેને સાધુ બનવું પડે છે. ગૌતમે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીરે જણાવ્યું હતું કે મારા દર્શન માટે પછી આવે તો ચાલશે પણ માંદાની સેવા પહેલા કરવી જોઇએ. તેના પછી અભિનવ જ્ઞાનપથ એટલે કે ધર્મ અંગે રોજ નવું નવું શીખવું. સાધનાકાળમાં આહારની અને ઊંઘની લાલચ છોડવી જોઇએ. સાધકે ઊંઘમાં સપના ન જોવા જોઇએ. પણ મોક્ષની ઇચ્છામાં ઊંઘે નહીં એ બાબત સાધક માટે અગત્યની છે. તપ, જ્ઞાન અને ધ્યાનની સાધનાની સાથે મન, વાચા અને કાયાનો સંયમ પણ હોવો જોઇએ. જે ધ્યાન ધરે તેને પ્રસન્નતા રહે છે.

**અપ્પાણં શરણમ્ ગચ્છામિ વિશે**

**ડૉ. રશ્મિભાઈ ઝવેરી**

સાધકનું પરમાત્મામાં જવું તે અપ્પાણં શરણં ગચ્છામિ છે. શારીરિક, માનસિક, ભાવાત્મક અથવા અન્ય પ્રકારની તકલીફમાં આપણે અંતરમાં બીરાજતા મહાવીરના શરણે જવાનું છે. સંસારરૂપી સાગરમાં અરિહંત ભગવાન ટાપુ સમાન છે. તેમનામાં તલ્લીન થઈને અથવા તેમનું સ્મરણ કરીને તેમના ગુણોને આપણામાં સંક્રમિત કરવાના છે. તેના માટે આપણા હૃદયમાં વેરભાવ કે પ્રત્યાઘાતી વૃત્તિ હશે તો ભગવાનને હૃદયમાં રહેવાની જગ્યા ક્યાંથી મળશે ? ભગવાન ભણી જવામાં સમકિતનું મહત્ત્વ છે. તેના માટે સૂક્ષ્મ હિંસાનો સુદ્ધાં ત્યાગ કરવો જોઇએ અને બંધન તોડવા જોઇએ. બંધનને

*તમે પરમાત્માની પ્રશંસા કરો છો, આજ્ઞા માનો છો અને પ્રાર્થના કરો છો, પરંતુ તમે તેને ખરા દિલથી ચાહો છો ? પિતા પુત્ર પાસેથી આજ્ઞાંકિતપણું અને બહુમાન ઇચ્છે છે, પરંતુ તેનાથી વધુ તો તે પોતા ઉપરનો પ્રેમ ઈચ્છે છે.*

સમજીએ કે સ્વીકારીએ નહીં ત્યાં સુધી તેને તોડવા મુશ્કેલ છે. સમ્યક્‌દ્દષ્ટી કેળવી તેને તોડવા જોઇએ. બીજું, પ્રભુ શરણે જવા અનિત્ય ભાવ કેળવવો જોઇએ. આપણી તકલીફોમાં ભાગ કોઈ પડાવવાનું નથી. આ કારણસર વાલ્યો લૂંટારો, વાલ્મીકિ બન્યો હતો. ત્રીજી મહત્ત્વની બાબત પ્રતિક્રિયાત્મ હિંસા છોડવાની છે. વૈભવી લગ્નોમાં એક હજાર માણસો, બે હજાર લોકો જમે એટલું છાંડે છે. વૈભવી લગ્નોથી અનેકની ભાવનાને ઠેસ પહોંચે છે. તે પરોક્ષ હિંસા છે. ઉપભોગની વસ્તુઓ મર્યાદિત રાખવી જોઇએ.

**'ઓમ' વિશે**

**અંજનાબહેન શાહ**

ઓમકાર મહામંત્ર છે. તેના વડે ભૌતિક સુખો, ભક્તિ અને મોક્ષ મળી શકે છે. 'ઓમ'નું ઉચ્ચારણ માત્ર હિન્દુઓ માટે જ નહીં પણ જૈનો માટે પણ મહત્ત્વનું છે. જૈન દર્શનમાં નમસ્કાર મહામંત્ર જેટલું મહત્ત્વ 'ઓમ'નું છે. ઓમમાં અ+અ+આ+ઉ+મ એમ પાંચ અક્ષર આવે છે. પ્રથમ 'અ'નો અર્થ અરિહંત થાય છે જે રાગદ્વેષનો નાશ કરે છે. બીજો 'અ' સિદ્ધ પુરુષોનો છે. ત્રીજો અક્ષર 'આ' આચાર્ય ભગવંતોનો છે. ચોથો અક્ષર 'આ' ઉપાધ્યાયોનો છે. અને પાંચમો અક્ષર 'મ' મુનિઓનો છે. ઇસ્લામ ધર્મમાં 'આમી' બોલવામાં આવે છે તે પણ 'ઓમ'નું અપભ્રંશ થયેલું રૂપ છે. જૈનોના નવકાર મંત્રમાં પણ 'ઓમકાર' છે. મંત્રજાપનું મહત્ત્વ દરેક ધર્મ અને સંપ્રદાયમાં છે. તે મન અને ધન બંનેનું રક્ષણ કરે છે. મન ચંચળ છે. તેને સમય અને સ્થળનું બંધન નડતું નથી. મંત્રજાપ વેળાએ મન કે ધ્યાન અન્યત્ર જાય એ શક્ય છે. મંત્ર જાપ ધ્યાનપૂર્વક અને લય પૂર્વક કરવાથી આધ્યાત્મિક અને ભૌતિક લાભ મળે છે. પવિત્ર વાતાવરણમાં અને સ્વતંત્ર આસન ઉપર પૂર્વ દિશા તરફ બેસીને સવારના સમયે જાપ કરવાથી અપેક્ષિત ફળ મળે છે.

**ઉણોદર વ્રત વિશે**

**ડૉ. એમ. એમ. ભમગરા**

મિતાહારી થવું એટલે કે રોજ ઓછું ખાવું એ ઉણોદર વ્રત છે. આ વ્રત વિશે માંડ ૩૦ ટકા જૈનો જ જાણે છે કે પાલન કરે છે. જે પ્રકારે રક્તપાત અને મનદુ:ખથી હિંસા થાય છે તે પ્રકારે વધુ પડતો ખોરાક લેવાથી કે અકરાંતીયાપણાથી પણ જઠર ઉપર અત્યાચાર થાય છે. આધુનિકતા અને આધુનિક જીવનશૈલીને કારણે હૃદયરોગ, કોલાઇટીસ અને પર્કીસન્સ જેવા રોગોનો ઉપદ્રવ વધ્યો છે. આપણે શાકાહારીઓએ વાસ્તવમાં શાકભાજી વધારે ખાવા જોઇએ. મારા મંતવ્ય મુજબ તબિયત જાળવવા ફળો વધારે ખાવા જોઇએ પણ લોકોને તેની આદતો કે ટેવ પડતી નથી. ખાણીપીણીની અને રહેણીકરણીની અયોગ્ય ટેવોને લીધે બાળકોમાં પણ ડાયાબિટીસ, સ્થૂળતા, ચશ્મા અને હાઇબ્લડપ્રેશર જેવી તકલીફો વધી છે. બાળકોને માતાપિતા નાનપણથી જ આગ્રહ અને દબાણ કરીને ખવડાવે છે. ત્યાંથી જ અકરાંતીપણાના સંસ્કાર પડે છે અને મોટા થયા પછી પણ તે ટેવ ચાલુ રહે છે. ખાઉધરાપણાના શબ્દ અંગે વિચારતા મને લાગે છે કે જે આખી ધરાને ખાઈ જાય તે ખાઉધરો. મહાત્મા ગાંધીજીએ પણ કહ્યું છે કે ઓછું ખવાય તો કંઈ વાંધો નહીં., પણ વધુ આહારથી શરીરને નુકશાન થઈ શકે છે.

**'અંતર મમ વિકસિત કરો' વિશે**

**ભાગ્યેશ જહા**

આપણા અંતરને વિકસિત કરવા ઊંઘમાંથી ઊઠવું એ પૂરતું નથી પણ સ્વામી વિવેકાનંદે કહ્યું છે એ રીતે જાગૃત થવાનું છે. તેના માટે લાગણીશીલ થવું અને તેનો ઉપયોગ સમ્યક તરીકે કરવો પણ લાગણીવેડા કરવા નહીં. કવિવર્ય રવીન્દ્રનાથ ટાગોરના તે કાવ્યનો અનુવાદ કવિ ઉમાશંકર જોશીએ કર્યો છે. તેમાં પ્રભુને અંતરને જાગૃત, નિર્મળ, નિર્ભય, નિસંશય અને ઉધ્યત કરવાની પ્રાર્થના પ્રભુને કરવામાં આવી છે. સંદેશવ્યવહારના સાધનો વધ્યા છે પણ કમ્યુનિકેશન ગેપ વધ્યો છે. જૂની અને નવી પેઢી વચ્ચેનું અંતર વધ્યું છે. મોલ ભરાય ત્યારે હોલ ખાલી થતો જોવા મળે છે. સાંસ્કૃતિક કાર્યક્રમોથી યુવાનોના વધતા અંતર વિશે વિચારવાની જરૂર છે. હું વડોદરાનો કલેક્ટર હતો ત્યારે વિદ્યાર્થીઓને દરરોજ માતાપિતાના ચરણસ્પર્શ કરવાનો અને મંદિરમાં દર્શન માટે નિયમ બનાવવામાં આવ્યો હતો અને તે પ્રયોગના સારા પરિણામ મળ્યા હતા. વડીલોના ચરણસ્પર્શ કરવા નીચા નમવાથી માથામાં લોહીનો પુરવઠો વધે છે અને વિદ્યાર્થી અભ્યાસમાં સતેજ બને છે. મંદિરમાં પ્રભુની મૂર્તિના દર્શન કરીને આંખ બંધ કરવાથી મૂર્તિની તસવીર દેખાય છે. તેથી યાદશક્તિ વધે છે. જેની પાસે કોઈ અપેક્ષા નથી તેની સેવા કરવાનો આનંદ અનેરો હોય છે. કર્મ અને જ્ઞાન ભક્તિ વિના ધાર્યું પરિણામ આપી શકતા નથી.

ઉપરોક્ત સર્વ વક્તવ્યોની સી. ડી. ત્રિશલા ઇલેકટ્રોનિક્સ તરફથી તૈયાર કરવામાં આવી છે. જિજ્ઞાસુ સાધક–શ્રોતા આ સી. ડી. ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ ફોન નં. ૨૨૪૦૮૨૫૧, ૨૨૪૧૩૫૭૨ દ્વારા મેળવી શકશે.

✱✱✱

*આપણું આખું જીવન મુસાફરી છે. માર્ગમાં આવતાં દરેક સ્ટેશનના કે સુંદર દેખાવના કે તે વાહન માત્રના રાગમાં ફસાશો નહિ. આ પૃથ્વીમાં આપણે બધા મુસાફર છીએ. હજી તો આપણે આપણા વાસ્તવિક ઘરના માર્ગમાં છીએ, પણ ઈષ્ટ સ્થાને પહોંચ્યા નથી. ઇષ્ટ સ્થાન તો હજી હવે પ્રાપ્ત થવાનું છે, માટે વચ્ચે ક્યાંય અટકી ન જાઓ.*

# મણનો બદલો માનવ કણથીય વાળે છે ખરો?

❑ પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મ.

આ વિશ્વને એક વિચારકની દૃષ્ટિથી નિહાળીશું તો એમ જ જણાઈ આવશે કે કુદરતની અજોડ કરામત સમી આ આખી વિશ્વવ્યવસ્થા જ ઉપકાર-પ્રત્યુપકારની ઘટમાળ ઉપર સુવ્યવસ્થિત રીતે ચાલી રહી છે. એક માનવ-સૃષ્ટિને બાદ કરીએ, તો બીજી ઘણીખરી સૃષ્ટિઓ ઉપકારની સામે પ્રત્યુપકારનો સનાતન ધર્મ અદા કરવામાં જ ગૌરવ અનુભવતી જણાઈ આવશે. આ સનાતન ધર્મ અદા કરવામાં માનવ જેટલે અંશે ચ્યુત બન્યો છે, એટલા અંશમાં જ માનવસૃષ્ટિમાં વધુ અંધાધૂંધી ફેલાયેલી જોવા મળે છે.

ઉપકારની સામે પ્રત્યુપકાર! આ સનાતન સત્ય વિશ્વ પર કઈ રીતે વ્યાપ્ત છે, એ જોઈશું, તો છક્ક થઈ જવાશે. સંસ્કૃતભાષામાં એક એવું સુભાષિત પ્રચલિત છે કે, નદીઓ પરોપકારાર્થે વહે છે. વૃક્ષો પરને ફળ-ફળાદિનું પ્રદાન કરવા જ ઉગે છે. ગાયો પરોપકાર માટે જ દૂધનું દાન કરે છે. સજ્જન પુરુષો વિભૂતિના રૂપમાં પરોપકારને માટે જ જન્મ ધરે છે.

પરોપકારના નિયમ ઉપર તો વિશ્વવ્યવસ્થાનો આધાર છે. ધરતીને ધાન મળે છે, તો એ લઈને બેસી જતી નથી, પણ દાનરૂપે મળેલા કણનું એ મણરૂપે પ્રતિદાન કરે છે. મેઘ પાસેથી મળેલા જળદાનનો બદલો સાગર એ રીતે વાળે છે કે, એ પ્રતિદાન આખી પૃથ્વીને પ્રભાવિત બનાવી જાય છે. સાગર પોતાના અગાધ જળને વરાળની વાટે પુનઃ આકાશને સમર્પિત કરીને 'ઉપકારની સામે પ્રત્યુપકાર'નો સનાતન ધર્મ જ અમલી બનાવે છે. આમ, લગભગ દુન્યવી તમામ તત્ત્વો ઉપકારને ગ્રહણ કરીને બેસી જ ન રહેતા, પ્રત્યુપકાર માટે પુરુષાર્થશીલ જ રહે, તો વિશ્વવ્યવસ્થા ક્યાંય સ્ખલિત થતી નથી. જ્યાં ક્યાંય પણ થોડીઘણી સ્ખલન દૃષ્ટિગોચર થાય છે, એ માનવના પાપે!

ઉપકારની સામે પ્રત્યુપકાર! આ સનાતન ધર્મને બીજી બધી સૃષ્ટિઓની જેમ માનવસૃષ્ટિ પણ જો બરાબર આચરતી હોત, તો આજના સંસારની સિક્કલ જ કોઈ જુદી હોત! તો આજની દુનિયામાં ભૂખમરો ને ગરીબી જોવા ન મળત. તો નિરક્ષરતાનું પ્રમાણ પણ ઘણું ઓછું હોત, તો નિરોગીતાનું સામ્રાજ્ય પણ ઘણું જ વિશાળ હોત.

બીજી બીજી સૃષ્ટિઓની વાતો જવા દો, પણ માનવ તો ઘણા ઘણાના ઉપકાર તળે આવે, પછી જ જીવી શકે છે. પરોપકારને ગ્રહણ કરવાનું માનવ માંડી વાળે, તો પળવાર પણ એ જીવી ન શકે, કેમ કે એને શ્વાસ લેવા માટે પ્રતિપળે પવન જોઈએ, એક પગલું પણ મૂકવા આકાશ ને પૃથ્વીનો સહારો લીધા વિના એને ચાલે નહિ, પીવા માટે પાણી ને ખાવા માટે અન્ન વિના એને ચાલે નહિ. ગર્ભમાં પ્રવેશવાથી માંડીને આ દુનિયામાંથી વિદાય થવા સુધીના સુદીર્ઘ કાળ પર્યન્ત એક પણ એવી ક્ષણ મળવી મુશ્કેલ ગણાય કે જ્યારે માનવને અન્ય કોઈની સહાય અપેક્ષિત જ ન હોય. અરે! મૃત્યુ બાદ પણ માનવના ખોળિયાને અગ્નિસંસ્કાર પામવા કેટલા બધાની મદદ અપેક્ષિત હોય છે. આમ, માનવ લગભગ 'લે લે' જ કરતો રહીને જીવે છે. આ આદાનની સામે એનું પ્રદાન નહિવત પણ ગણી શકાય કે કેમ? એ એક અણિયાળો પ્રશ્ન છે. ઉપકારના બદલારૂપે પ્રત્યુપકાર કરવો, એ સાચો ઉપકાર ગણાય કે નહિ, એ પછી વિચારીશું, પણ ઉપકારનો બદલો વાળવા પણ માનવ પ્રતિપળ જાગૃત રહીને પ્રત્યુપકારની ફરજ બજાવતો રહે, તોય આ દુનિયાનું વાતાવરણ નંદનવન જેવું બની જાય.

માનવ ગ્રહણ કરે છે, મણ જેટલું! અને પ્રતિદાન તો એ કણ જેટલુંય કરતો નથી. એ મણનો બદલો કણથી ય વાળે, તો ય ઠેરઠેર સુવ્યવસ્થા સર્જાય જાય અને સંસારની સિક્કલ સુધરવા માંડે.

સાચા ઉપકારનું તો સ્વરૂપ જ અદ્ભુત છે. ઉપકારનો બદલો વાળવા પ્રત્યુપકાર કરવો, એ તો સારું ગણાય. આ તો સ્વાર્થપ્રેરિત અદલાબદલી જ ન ગણાય શું? ઉપકાર થવાની જ્યાંથી શક્યતા હોય કે આશા હોય, એ વ્યક્તિ પર થતો ઉપકાર પણ કંઈ સાચો ઉપકાર ન ગણાય. આમાં ઉપકાર કરવાની ભાવના તો સાવ ગૌણ છે. આમાં તો ઉપકાર પામવાની લોભના ઘરની વાસનાની જ પ્રમુખતા છે. સાચો ઉપકાર તો એ છે કે, જે અપકાર કરનાર ઉપર થતો હોય! અપકારી ઉપર પણ ઉપકારની વર્ષા થવા માંડે, તો આ સંસારમાંથી છેક સ્વર્ગમાં જવાની જરૂર ઊભી ન રહે, તો તો આ સંસારમાં જ સ્વર્ગ ઉતરી આવે.

અપકારીની ઉપર પણ ઉપકાર! આ તો પરોપકારની પરાકાષ્ટા ગણાય. આપણે સૌ કદાચ આટલી પરાકાષ્ટાનો પ્રવાસ કદાચ ન પણ ખેડી શકીએ. આનાથી નીચે ઉતરીને જેનાથી ઉપકાર થવાની સંભાવના હોય, એની પર પણ ઉપકાર કરવાની ઉદારતા આપણે કદાચ ન કેળવી શકીએ, પરંતુ ઉપકારની સામે પ્રત્યુપકાર તો આપણે જરૂર જરૂર કરી શકીએ. જો આટલી કક્ષા પણ આપણે પામી જઈએ, તો ય ઘણો બધો જંગ જીતાઇ જાય.

આજે આપણે ઉપકારીની સામે ઉપકાર તો નહિ, પણ અપકાર કરવાની હદ સુધી નીચે ઉતરી ગયા છીએ. આપણી સ્વાર્થ સંકુચિતતા એટલી હદ સુધી વિસ્તરી છે કે, સ્વાર્થના એ સીમાડામાંથી આપણે ઉપકારીની પણ બાદબાકી કરવા તૈયાર નથી અને સ્વાર્થ સિદ્ધ થતો હોય, તો ઉપકારી પર પણ અપકાર કરતા આપણે ખચકાટ અનુભવીએ એમ નથી. આપણી આવી પ્રવૃત્તિ તો પાતાળમાં પટકતી લપસણી ખીણ જેવી છે. આનાથી તો આપણે હવે ઉપર આવી જ જવું જોઈએ અને ઉપકારની સામે પ્રત્યુપકારના પગથિયા પર તો સ્થિર થઈ જ જવું જોઈએ. આ સ્થિરતા સુદૃઢ બનતા જ પછી તો આપણે 'અપકારી ઉપર પણ ઉપકાર'નું ગુરુશિખર સિદ્ધ કરવામાં જરૂર સફળતા હાંસલ કરી શકીશું.

***

# શ્રી શત્રુંજય તીર્થ અને રખોપાકરાર

❑ ડૉ. જવાહર પી. શાહ

જૈનોના સાંસ્કૃતિક વારસારૂપે તીર્થંકરદેવોની કલ્યાણકભૂમિઓ તીર્થસ્થળો અને દેવાલયોમાં સૌથી મહત્ત્વનું સ્થાન શ્રી શત્રુંજય ગિરિરાજનું છે. માનવ સંસ્કૃતિના આદિ પ્રણેતા શ્રી ઋષભદેવ પ્રભુ સાથે સંકળાયેલ આ તીર્થનું મહાત્મ્ય આબાલવૃદ્ધ જૈનોમાં જાણીતું છે. તેના પ્રાગ-ઐતિહાસિક કાળમાં બાર ઉદ્ધારો થયા હતા તેવી શાસ્ત્રીયગ્રંથોમાં પ્રરૂપણા છે. ઇતિહાસ યુગમાં આ તીર્થનો તેરમો ઉદ્ધાર મહુવાના શ્રેષ્ઠી જાવડશાહે ઇ.સ. ૫૧-૫૨માં આચાર્ય વજ્રસ્વામીની નિશ્રામાં કર્યો. જાવડશાહની બાદ લગભગ એક હજાર વર્ષ બાદ આ તીર્થનો ઉદ્ધાર સોલંકીયુગમાં મંત્રીશ્વર ઉદયનના પુત્ર બાહડે (વાગ્ભટ) કર્યો. તે સમયે જીર્ણ અને કાષ્ટ ચૈત્યને સ્થાને, પિતાની અંતિમ ઈચ્છાનુસાર આરસ/પત્થરનું ચૈત્ય બન્યું. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યની નિશ્રામાં આ કાર્ય ઇ.સ. ૧૧૫૭માં સંપન્ન થયું. એ સમયે તીર્થનો વહીવટ પાટણસંઘના હાથમાં હતો.

ગુજરાતના અંતિમ હિંદુ રાજવી કરણ વાઘેલાના સમયમાં દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખિલજીના સૈન્યે પાટણની પ્રભુતાનો અંત આણ્યો અને શત્રુંજયતીર્થના મંદિર અને પ્રતિમાનો ભંગ કર્યો. ઇ.સ. ૧૩૧૦માં આ કાર્યવાહીથી સમસ્ત સંઘમાં હાહાકાર ફેલાઈ ગયો. પાટણના જૈનશ્રેષ્ઠી સમરસિંહ/સમરાશાની વગ ઘણી હતી અને તેથી દિલ્હીના સુલતાન પાસેથી ફરમાન મેળવી બે વર્ષમાં જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરી આદિનાથ પ્રભુની પ્રતિષ્ઠા ઉપકેશગચ્છના શ્રી સિદ્ધસૂરિની નિશ્રામાં કરી. આમ ઇ.સ. ૧૩૧૩માં પંદરમો ઉદ્ધાર થયો. તે સમયે તીર્થની વ્યવસ્થા પાટણસંઘ હસ્તક હતી તે ચાલુ રહી.

સુલ્તનત યુગમાં સુલતાન અહમદશાહે અમદાવાદ વસાવી રાજધાની પાટણથી ફેરવી. પરંતુ તીર્થનો વહીવટ પાટણ, ખંભાત અને રાધનપુરના સંઘના અગ્રણીઓની સમિતિ કરતી રહી. સમરાશા પછીના સમયમાં ફરી કોઈ સુલતાને તીર્થમાં ભાંગફોડ કરી. સમસ્ત દેશમાં અરાજકતા ફેલાઈ હોવાથી તાત્કાલિક ઉદ્ધાર કે પ્રતિષ્ઠા થઈ શકે તેમ ન હતું. આમ લગભગ બસો વર્ષનો ગાળો વીતી ગયો.

અમદાવાદ રાજધાની થવાથી જૈન સંઘનું સ્થાન શાસનમાં પ્રભાવક સંઘ તરીકે આગળ આવતું જતું હતું અને તેના પ્રભાવે તે જૈનપુરી કે રાજનગર તરીકે ઓળખાતું હતું. પાટણની પડતીનો પ્રારંભ થયો હતો.

એ સમયે ચિત્તોડના શ્રેષ્ઠી કર્માશાનું ધ્યાન તીર્થની આવી શોચનીય પરિસ્થિતિ પર ગયું. તેમણે ગુજરાતમાં સુલતાન બહાદુરશાહ સાથે ચિવટપૂર્વક સંબંધ વિકસાવ્યો. તેની પરવાનગી લઈ તેમણે ખૂબ ઝડપથી ઇ.સ. ૧૫૩૧માં સોળમો ઉદ્ધાર શ્રી વિદ્યામંડનસૂરિની નિશ્રામાં સંપન્ન કર્યો.

મોગલે આઝમ અકબરના ઉદય પછી દેશમાં અરાજકતા ઓછી થઈ. ઇ.સ. ૧૫૭૩માં ગુજરાત મોગલ હકુમત તળે આવ્યું. ચંપાશ્રાવિકાની ઉગ્ર તપશ્ચર્યાથી પ્રભાવિત બાદશાહે તેના ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજીને આગ્રા પધારવા નિમંત્રણ આપ્યું. ઇ.સ. ૧૫૮૩માં શ્રી હીરવિજયસૂરિ શિષ્ય પરિવારસહ આગ્રા પધાર્યા અને અકબરની મુલાકાત લીધી. તેમના ચાર ચાતુર્માસ તે પ્રદેશમાં જુદી જુદી જગ્યાએ થયા. અકબરે તેમનો ઉપદેશ ગ્રહણ કરી વિવિધ ફરમાનો બહાર પાડ્યાં. અમારિઘોષણા પ્રવર્તાવી. શ્રી હીરવિજયસૂરિને જગદ્‌ગુરુનું બિરૂદ આપ્યું. શ્રી શત્રુંજય, ગિરનારજી, તારંગા, આબુ, કેસરિયાજી તથા સમેતશિખર સાથે રાજગૃહીના પાંચ પહાડોના માલિકી હક્કો સુપરત કર્યા. આ ફરમાનોની સાચવણી અને તેના અમલની દેખભાળ કરતા રહેવાની જવાબદારી અમદાવાદના શ્રી સંઘ તથા મુખ્યત્ત્વે શાંતિદાસ ઝવેરીએ સંભાળી.

અકબર, જહાંગીર અને શાહજહાંની હકુમતનો સમય ઇતિહાસમાં સુવર્ણયુગ તરીકે ઓળખાવાય છે. એ સમયમાં અમદાવાદના શાંતિદાસશેઠને મોગલોએ નગરશેઠનો ખિતાબ આપ્યો. પોતાના વ્યાપારી સંબંધો અને વિશાળ સંપત્તિને કારણે જહાંગીરથી ઔરંગઝેબના સમય દરમ્યાન તેઓ પોતાનો પ્રભાવ પાડી શક્યા હતા. તેમણે પણ દરેક બાદશાહ પાસેથી શત્રુંજયના ફરમાનો મેળવ્યા. શત્રુંજયની મોટી ટૂંકમાં મંદિરો રચાયા અને નવટૂંકમાં પણ મંદિર નિર્માણ શરૂ થયા.

આલમગીર ઔરંગઝેબ ધર્માંધ હતો. તેના ખોંફનો અનુભવ તેની ગુજરાતની સુબાગીરીના સમયમાં શાંતિદાસ ઝવેરીને થઈ ચૂક્યો હતો. ઔરંગઝેબે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર ખંડિત કરી મસ્જિદમાં ફેરવી નાખેલું. શાંતિદાસ શેઠે તેની સામે શાહજહાંને ફરિયાદ કરી ત્યારે બાદશાહે ઔરંગઝેબની ગુજરાતમાંથી બદલી કરી રાજ્યના ખર્ચે તે મંદિરનું સમારકામ કરી આપવાનો હુકમ પણ કરેલો. પરંતુ તે જગ્યાએ અશુભ હિંસક કૃત્યો થયા હોવાથી એ જગ્યામાં દેરાસર કરવાનું માંડી વાળેલું. આવા ઔરંગઝેબ પાસેથી ફરમાનો મેળવવા તે શેઠ શાંતિદાસની કુનેહ સૂચવે છે.

ભવિષ્યમાં પડતો કાળ આવી રહ્યો છે તે વાત તેઓ સમજતા હતા એટલે પાણી પહેલાં પાળ બાંધવા રૂપે શત્રુંજય તીર્થની રક્ષા માટે તેમણે કદમ ઉઠાવ્યા. તે સમયમાં ગારિયાધાર–પાલીતાણા પંથકમાં ગોહિલ રાજપૂતોનું જોર વધતું જતું હતું. ગારિયાધાર તેમની રાજધાની હતી. કઢાવેલા ફરમાનો ભવિષ્યની અરાજક પરિસ્થિતિમાં ભાગ્યે જ ઉપયોગી થવાના એમ સમજી શાંતિદાસ ઝવેરીએ ગોહિલવંશી કાંધાજી સાથે તીર્થના રખોપા વિષે પહેલો કરાર ઇ.સ. ૧૬૫૦માં કર્યો. આ

કરારમાં કોઈ રકમ નક્કી થઈ ન હતી, પરંતુ જુદા જુદા પ્રસંગોએ સુખડી, કપડાં તથા રોકડ નાણું આપવાનું નક્કી થયું અને તીર્થમાં આવતા યાત્રાળુઓના જાનમાલની રક્ષણની જવાબદારી કાંધાજી ગોહિલ અને તેના વંશવારસોએ સંભાળી.

ઇતિહાસમાં એવા દાખલાઓ છે કે ગિરિરાજની યાત્રા અને દર્શનપૂજન માટે યાત્રાળુઓ પાસેથી મુસલમાન હકુમતોના સમયમાં કે કોઈ કેન્દ્રવર્તી સત્તાના અભાવમાં રૂપાનાણું તો ઠીક પણ સોનામહોરના ટેક્ષ સુદ્ધાં લેવાતા હતા. જાનમાલની અસલામતીના યુગમાં પણ જૈનોએ પરમાસ્થાના પ્રતીકરૂપ આ તીર્થની યાત્રા કરવાનું છોડ્યું ન હતું.

આ તીર્થનો વહીવટ જ્યારે અમદાવાદ સંઘના અગ્રણી શેઠ શાંતિદાસ પાસે આવ્યો ત્યારે તેમણે કરેલા રખોપાકરારનો દસ્તાવેજ આજે પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં સચવાઈ રહ્યો છે. પાલીતાણા પરગણું ગોહિલવંશી રાજા પાસે હતું અને શત્રુંજયનો વહીવટ અમદાવાદના સંઘના અગ્રણીઓ કરતા હતા. લગભગ સવાસો વર્ષ સુધી આ કારોબાર દેશની અંધાધૂંધીમાં પણ શાંતિથી ચાલતો રહ્યો.

સને ૧૮૧૮માં પરિસ્થિતિ પલટાઈ. અંગ્રેજોએ પ્રભાવક સત્તા તરીકે ગુજરાત સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો. કર્નલ વોકરના સેટલમેન્ટથી બ્રિટિશ રેસિડેન્સી દેશીરાજ્યોની નિગરાની માટે સ્થાપવામાં આવી. ઠાકોર પૃથ્વીસિંહ ગોહિલના સમયમાં રાજધાની ગારિયાધારથી પાલીતાણા ફેરવવામાં આવી. આ અરસામાં તીર્થનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીના નામથી ચાલવા લાગ્યો હતો.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની પ્રતિનિધિ સંસ્થા છે. એનું નામ કોઈ વ્યક્તિવિશેષના નામ પરથી પડ્યું નથી, પણ શ્રી સંઘનું નામ અને કામ સદા આનંદકારી અને કલ્યાણકારી જ હોય એવી ભાવના ધ્યાનમાં લઈ 'આનંદ' અને 'કલ્યાણ' એ બે ભાવવાહી શબ્દોના જોડાણથી યોજવામાં આવ્યું. આ નામ લગભગ ત્રણસો વર્ષ જેટલું પ્રાચીન છે. ઇ.સ. ૧૭૩૦ની સાલના રોજમેળમાં તેનો પ્રયોગ શેઠ અણદ કલણ રૂપે કરવામાં આવ્યો.

રખોપાના પહેલા કરાર પછીના બીજા ચાર કરારો પેઢી અને પાલીતાણા દરબાર વચ્ચે અંગ્રેજોની દમ્યાનગીરીથી થતા રહ્યા.

બીજો કરાર ગોહિલ કાંધાજી (બીજા) અને કુંવર નોંઘણજી તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટની હાજરીમાં તા. ૯-૧૨-૧૮૨૧ના રોજ થયો. તેમાં વાર્ષિક રૂા. ૪૫૦૦/- દસ વર્ષ માટે આપવાનું ઠરાવવામાં આવ્યું હતું. પરસ્પર સમજૂતીથી આ કરાર બીજા દસ વર્ષ માટે અમલમાં રહ્યો.

રખોપાનો ત્રીજો કરાર કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટના પ્રયત્નથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને પાલીતાણાના ઠાકોર વચ્ચે તા. ૫-૧૨-૧૮૬૩ના રોજ કરવામાં આવ્યો. તેમાં રખોપાની રકમ વધારીને વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/- કરવામાં આવી. તે કરાર વીસ વર્ષ સુધી અમલમાં રહ્યો.

નવા રખોપાનો ઠરાવ તથા કરાર થાય એ પહેલા પાલીતાણાના ઠાકોર માનસિંહજીએ મૂંડકાવેરો ઉઘરાવવા તંત્ર ઊભું કર્યું. આ તંત્ર મારફત ઠાકોર બહારના યાત્રીઓ પાસેથી રૂપિયા બે અને પાલીતાણાના વતની પાસેથી વાર્ષિક રૂા. ૫/- અંકે રૂપિયા પાંચ ઉઘરાવવાનું ચાલુ કર્યું. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ તેનો સખત વિરોધ કર્યો. પેઢીએ આ વાત સામે કાઠિયાવાડ રેસિડેન્સીમાં ફરિયાદ કરી, અંગ્રેજોની દરમ્યાનગીરીની માગણી કરી. પેઢીની દરખાસ્ત એવી હતી કે રખોપા માટે ઉચ્ચક બાંધેલી રકમ ઠાકોરશ્રીને મળતી રહે, પરંતુ મૂંડકાવેરો કોઈ સંજોગોમાં લેવાવો જોઈએ નહિ. પેઢીએ દરખાસ્તોના અમલ માટે અને મૂંડકાવેરાનો અંત આવે તે માટે મુંબઈ અને દિલ્હીના હાકેમો સુધી ફરિયાદો પહોંચાડી. અંતે રખોપાનો ચોથો કરાર તા. ૧-૪-૧૮૮૬ના રોજ કરવામાં આવ્યો. જેમાં મૂંડકાવેરો ન લેવાની વાત સ્વીકારી, ઠાકોરશ્રીને રખોપાની રકમ વધારી ઉચ્ચક રૂપિયા પંદર હજાર કરવામાં આવી. આમ ચાર વર્ષના સંઘર્ષ બાદ, પોલિટિકલ એજન્ટ જોન વોટસનની મધ્યસ્થી કામયાબ નીવડી. કરારની મુદત ચાલીસ વર્ષની ગણવામાં આવી. શ્રાવક અગ્રણીઓમાં શેઠ શ્રી પ્રેમાભાઈ હેમાભાઈ, જેશિંગભાઈ હઠીસીંગ, ઉમાભાઈ હઠીસીંગ, રાય બદ્રિદાસજી વગેરેએ આ સુલેહમાં ભાગ લીધો હતો. આ કરારનો અમલ ચાલીસ વર્ષ સુધી ખાસ મુશ્કેલી વગર ચાલુ રહ્યો. સને ૧૯૦૫માં ઠાકોર માનસિંહનું અવસાન થતાં અને પાટવીકુંવર બહાદુરસિંહજી સગીર હોવાથી સને ૧૯૨૦ સુધી અંગ્રેજ એડમિનિસ્ટ્રેટર હસ્તક પાલીતાણા રાજ્યનો વહીવટ રહ્યો.

રખોપાનો આ કરાર તા. ૧-૪-૧૯૨૬ના રોજ પૂરો થતો હતો. પછી આ કરાર અન્વયે વાર્ષિક રકમમાં ફેરફાર કરાવવાની બન્ને પક્ષો પૈકી કોઈને પણ છૂટ હતી અને તે ફેરફાર મંજૂર કરવો કે નહિ તે સત્તા અંગ્રેજો હસ્તક હતી. પાલીતાણા દરબાર બહાદુરસિંહજી એમ વિચારતા હતા કે યાત્રીઓ પર મૂંડકાવેરો નાખવો. એ માટે તેમણે રાજરમત રમી. તેમણે મુદત પૂરી થાય એ પહેલાં છ માસ અગાઉ પોતાની આ દરખાસ્ત અંગ્રેજો સમક્ષ રજૂ કરી દીધી હતી અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને આ મૂંડકાવેરાની દરખાસ્તથી અંધારામાં રાખી હતી. વળી સને ૧૯૨૦માં ગાદીએ આવ્યા બાદ દરબાર અને જૈનો વચ્ચેના સંબંધો વણસવા લાગ્યા હતા. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. સી. સી. વોટસનનું વલણ દરબાર તરફી હતું. પેઢીને છેક છેલ્લી ઘડીએ આ દરખાસ્તની જાણ કરવામાં આવી. તેનો જવાબ આપવા પેઢીએ મુદત માંગી. પેઢીએ

*જેવી રીતે પત્થર પણ શિલ્પીથી ઘડાય તો તે પરમાત્માની પ્રતિમા રૂપ બને છે, તેવી રીતે ગુરુ પણ પોતાના પાષાણતુલ્ય શિષ્યને બ્રહ્મ-પરમાત્માની હાલતી-ચાલતી પ્રતિમા જેવો બનાવે છે.*

પોતાના તરફથી સર ચીમનલાલ સેતલવાડને રજૂઆત કરવા રાખ્યા હતા. નવયુવાન શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈની પેઢીના વહીવટદાર તરીકે સને ૧૯૨૫માં વરણી કરવામાં આવી હતી.

અંગ્રેજો તરફથી આપવામાં આવેલ મુદત દરમ્યાન પેઢી તરફથી શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈ તથા શેઠશ્રી સારાભાઈ ડાહ્યાભાઈ વગેરે અગ્રણીઓની સહીથી સર ચીમનલાલ સેતલવાડે ઘડેલો જવાબ આપવામાં આવ્યો. બન્ને પક્ષોની રજૂઆત પછી મિ. વોટસને પોતાનો ચુકાદો આપ્યો કે (૧) જૈનસંઘે દરબારને તા. ૧-૪-૧૯૨૭થી વાર્ષિક રૂા. એક લાખ રખોપાની ઉચ્ચક રકમ તરીકે આપવા. (૨) આ ગોઠવણ દસ વર્ષ સુધી અમલમાં રાખવી. (૩) મુદત પૂરી થયા બાદ દરબારશ્રી મૂંડકાવેરો ઉઘરાવી શકશે.

મિ. વોટસનનો આ ચુકાદો એક તરફી હતો. જૈન સંઘને તે માન્ય રહે તેમ ન હતો. રખોપામાં સાત ગણો વધારો અને દસ વર્ષ બાદ મૂંડકાવેરો લેવાની દરબારને છૂટ–આ વસ્તુઓ અગાઉના કરાર સાથે કોઈ રીતે સુસંગત ન હતા. જૈનોમાં આ કારણે તીવ્ર રોષ અને દુ:ખની લાગણી પ્રસરી.

સમગ્ર દેશમાં ગાંધીજીના નેતૃત્વમાં અસહકારની લડત ૧૯૨૦-૨૨ના ગાળામાં ચાલી હતી અને નવી જ હવા પ્રસરી હતી. તેમાંથી પ્રેરણા મેળવી પેઢીના સંચાલકોએ લોકલાગણીની તીવ્રતાને શાંત છતાં અસરકારક વળાંક આપવાનું નક્કી કર્યું. શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરિજીના માર્ગદર્શન હેઠળ જરૂરી પગલાં ભરવાં જૈન અગ્રણીઓની એક સભા અમદાવાદમાં બોલાવવામાં આવી. તેમાં એવો સર્વાનુમત્તે નિર્ણય લેવામાં આવ્યો કે રખોપાના આ પ્રકરણનો સંતોષકારક ઉકેલ ન આવે ત્યાં સુધી પાલીતાણા રાજ્ય સામે અસહકારની લડતરૂપે કોઈપણ જૈને શત્રુંજય તીર્થની યાત્રાએ તા. ૧-૪-૧૯૨૬થી જવું નહિ. આ રીતે એક અહિંસક છતાં શાંત લડતના મંડાણ થયા.

યાત્રાના બહિષ્કારથી ભારતભરના બધા જૈન સંઘોમાં અસાધારણ જાગૃતિ આવી. અસહકારના આ નવીન પ્રકરણે દેશની સામાન્ય જનતામાં પણ કુતૂહલ અને જિજ્ઞાસા જન્માવ્યા હતા. તેના પડઘા મિડિયામાં પણ પડ્યા. યાત્રા બહિષ્કારની આ લડતમાં ગેરસમજ, અફવાઓ કે ખોટા પ્રચારને કારણે લેશમાત્ર શિથિલતા ન આવે તે માટે શ્રી સંઘને સતત જાગ્રત અને માહિતગાર રાખવાની જરૂર હતી. પાયા વગરની જાહેરાતો–જેવી કે યાત્રા છૂટી થાય છે, રખોપાકરાર થઈ ગયા છે વગેરે સામે પેઢીએ ઘણી સર્તકતા દાખવી હતી. પેઢીએ આ ઉપરાંત દિલ્હીમાં સર્વોચ્ચ કક્ષાએ પણ આ પ્રશ્નના ઉકેલ માટે પ્રયત્ન ચાલુ રાખ્યા હતા.

મુંબઈ સમાચાર, ટાઇમ્સ ઓફ ઇન્ડિયા, બોમ્બે ક્રોનિકલ (મુંબઇ), ઇંગ્લિશમેન (કલકત્તા), પાયોનિયર (અલાહાબાદ), ધી ટાઇમ્સ (લંડન) વગેરે સમાચારપત્રોમાં આ લડત સંબંધી મોટા મથાળાઓ સાથે સમાચારો અને લેખો પ્રસિદ્ધ થતા હતા. લડત દરમ્યાન પાલીતાણાની જનતાને ઘણું આર્થિક નુકસાન વેઠવું પડ્યું.

આ લડતની પ્રસિદ્ધિથી હિંદ સરકાર સફાળી જાગી. નામદાર વાઇસરોય ઇરવિને પેઢીને આ બહિષ્કારનો અંત લાવવા અપીલ કરી. તા. ૨૨-૫-૧૯૨૮ના રોજ સીમલા મુકામે પેઢીના વહીવટદારો પોતાનો પક્ષ તેમની સામે રજૂ કરવા ગયા, જેમાં શ્રી કસ્તુરભાઈ મણિભાઈ, કીકાભાઈ પ્રેમચંદ, માણેકલાલ મનસુખભાઈ, સારાભાઈ ડાહ્યાભાઈ તથા પ્રતાપસિંહ મોહોલાલનો સમાવેશ થતો હતો. શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ ત્યારે પરદેશમાં હતા. આ પ્રતિનિધિઓ સાથે સર ચીમનલાલ સેતલવાડ તથા ભૂલાભાઈ દેસાઈ પણ સીમલા ગયા હતા. પાલીતાણાના દરબાર પણ આવ્યા. ચાર દિવસની વાટાઘાટોને અંતે જૈનો અને બહાદુરસિંહજી વચ્ચે ૨૦ કલમો જેટલું કરારનામું કરવામાં આવ્યું. બન્ને પક્ષોની મંજૂરી પછી વાઇસરોયે પણ તેમાં સહી કરી.

આ કરાર અન્વયે પાંત્રીસ વર્ષના સમયગાળા માટે રૂા. ૬૦,૦૦૦ની વાર્ષિક રકમ રખોપા પેટે નક્કી કરવામાં આવી અને તા. ૧-૬-૧૯૨૮થી તેનો અમલ કરવાનું નક્કી થયું. પાંત્રીસ વર્ષ બાદ આ રકમમાં ફેરફાર થઈ શકશે. આ ફેરફાર નિશ્ચિત રકમનો જ હશે જેથી ભવિષ્યમાં મૂંડકવેરો ઉઘરાવવાની પ્રથા ચાલુ થાય નહિ.

આ કરારને પરિણામે જૈન સંઘમાં હર્ષોલ્લાસ વ્યાપી ગયો. સહુએ તેને ઉત્સાહભેર આવકાર આપ્યો. ગામેગામ સંઘોમાં સ્વામીવાત્સલ્યો સાકરની લ્હાણી, પૂજા-પૂજનના આયોજન, ગરીબોને મીઠાઈ વિતરણ વગેરે દ્વારા આ આનંદની ઉજવણી કરવામાં આવી. આ સોનેરી અવસરને એક ઐતિહાસિક ઘટના લેખવામાં આવી.

આ રખોપા પ્રકરણનો સુખદ અંત આણવા માટે યાત્રાબહિષ્કારની લડત બે વર્ષ અને બે માસ સુધી ચાલી. ૧-૪-૧૯૨૬થી ૩૧-૫-૧૯૨૮ સુધીના સમયગાળાની આવક પાલીતાણા દરબારે ગુમાવી. સામે પક્ષે જૈનોએ તેમના વહાલા તીર્થાધિરાજ અને દાદાની યાત્રાનો ભારે હૈયે વિરહ વેઠ્યો!

દરબારશ્રીને ચૂકવી શકાય તેટલી રકમનું ફંડ તાત્કાલિક મુંબઈ, અમદાવાદ અને અન્ય સ્થળોએ એકઠું કરવામાં આવ્યું જેના વ્યાજમાંથી રૂા. ૬૦,૦૦૦ની રકમ નિયમિતપણે દર વર્ષે રખોપારૂપે મળી શકે.

સને ૧૯૪૮માં દેશી રાજ્યો ભારતમાં વિલીન થયાં એ જ અરસામાં સૌરાષ્ટ્ર રાજ્યની રચના થઈ. તેથી રખોપાની રકમ લેવાનું સરકારે બંધ કર્યું અને આ મહાતીર્થની યાત્રા સર્વથા કરમુક્ત બની.

✱ ✱ ✱

૬૫, શિવાલિક બંગલોઝ, આનંદનગર ચાર રસ્તા,
સેટેલાઇટ, અમદાવાદ-૧૫

*જેમ ડૉક્ટર દર્દીના ભલા માટે જ તેના પર શસ્ત્રક્રિયા કરે છે, તેમ ગુરુ શિષ્યના હિત માટે જ તેના દોષ કરવાપૂર્વક તેને જ્ઞાનાદિ આપીને જન્મ અને મરણના ફેરામાંથી બચાવે છે.*

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

**(સપ્ટેમ્બર-૨૦૦૭ના અંકથી આગળ)**

૩૯૩ વિતત શબ્દ
–તારવાળા, વીણા, સારંગી આદિ વાદ્યોનો શબ્દ.
–तार वाले वीणा, सारंगी आदि वाद्यो का शब्द।
–Sound produced by Stringed intruments like lute, Sarangi etc.

૩૯૪ વિતર્ક
–શ્રુતજ્ઞાનનું અવલંબન હોવા છતાં એકત્વ અર્થાત્ અભેદ પ્રધાનપણે ચિંતવાય તે શુક્લધ્યાનનો એક પ્રકાર.
–श्रुतज्ञान का अवलंबन होने पर भी एकत्व अर्थात् अभेद प्रधान रुपेण चिंतनीय बने वह वितर्क शुक्लध्यान।
–Scriptural text, One kind of Shukla-dhyana

૩૯૫ ઉપાધ્યાય
–મુખ્યપણે જેમનું કાર્ય શ્રુતાભ્યાસ કરાવવાનું હોય તે.
–मुख्य रुप से जिसका कार्य श्रुताभ्यास करवाना हो ।
–He whose chief task is to teach the scriptural text.

૩૯૬ તપસ્વી
–મોટાં અને ઉગ્ર તપ કરનાર.
–बडे बडे एवं उग्र तप करनावाले ।
–He who performs a great and sever penance.

૩૯૭ શૈક્ષ
–જે નવદીક્ષિત હોઈ શિક્ષણ મેળવવાને ઉમેદવાર હોય.
–जो नवदीक्षित शिक्षा प्राप्त करने योग्य हो ।
–He who being a new entrant to the monastic order is a candidate for receiving instruction.

૩૯૮ ગ્લાન
–રોગ આદિથી ક્ષીણ થઈ ગયા હોય તે.
–रोगादि से शारीरिक क्षीणता को प्राप्त ।
–He who has grown weak owing to a disease.

૩૯૯ ગણ
–જુદા જુદા આચાર્યોના શિષ્ય રૂપ સાધુઓ જે પરસ્પર સહાધ્યાયી હોવાથી સમાન વાચનાવાળા હોય તેમનો સમુદાય તે.
–अलग अलग आचार्यों के शिष्य रुप साधुओं, जो परस्पर सहाध्यायी होने के कारण समान वाचनावाले हो उनका समुदाय ।
–A group of such monks who though disciples of various acharyas study together and so are shares in a common reading of the scriptural texts.

૪૦૦ કુલ
–એક જ દીક્ષાચાર્યનો શિષ્ય પરિવાર.
–एक ही दीक्षाचार्य का शिष्य परिवार ।
–The group of disciples who have received intiation into the monastic order at the hands of a common acharya.

૪૦૧ વાચના
–શબ્દકે અર્થનો પ્રથમ પાઠ લેવો તે.
–शब्द या अर्थ का प्रथम पाठ लेना ।
–To take first lessons in the wording or the meaning of a text.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(ક્રમશઃ)

# સર્જન સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

**પુસ્તકનું નામ :**
(૧) પ્રેરણા પુષ્પો (૨) અવતરણનાં અજવાળાં
લેખક-સંકલન : **કીર્તિલાલ કે. દોશી**
પ્રકાશક : શ્રેણુજ ઍન્ડ કંપની લિમિટેડ.
કોર્પોરેટ ઑફિસ/હીરા વિભાગ, ૪૦૫-સી, ધરમ પેલેસ, ૧૦૦-૧૦૩, એન.એસ. પાટકર માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭. ભારત.
ફોન : +૯૧૨૨૬૬૩૭૩૫૦૦.
ફૅક્સ : +૯૧૨૨૨૩૬૩૨૯૮૨.

**(૧) પ્રેરણા પુષ્પો**

સામાન્ય રીતે હીરાના વેપારી પાસેથી હીરા કે રત્નોના ખજાનાની આશા રાખી શકાય પરંતુ સંકલનકાર મુરબ્બી પૂ. કીર્તિલાલ કે. દોશી એવા હીરાના વેપારી છે કે એમની પાસેથી ગુજરાતી ભાષામાં ચિરંજીવ સ્થાન પામી શકે તેવા અમૂલ્ય અવતરણોરૂપી શાશ્વત હીરાનો ખજાનો પ્રાપ્ત થયો છે. જેનું નામ છે **'પ્રેરણા પુષ્પો'**.

વાંચનનો શોખ માનવીને ક્યારેય વૃદ્ધ થવા દેતો નથી કે એકલો પડવા દેતો નથી. વાંચન એક મિત્ર બનીને આજીવન માનવીની સાથે રહે છે. આ વાતની પ્રતીતિ 'પ્રેરણા પુષ્પો' પુસ્તક દ્વારા થાય છે. મુરબ્બી કીર્તિભાઈને કૉલેજકાળથી જ વાંચનનો શોખ હતો. તે શોખ માત્ર શોખ ન રહેતાં 'આદત' બની ગયો. પોતે જે કાંઈ વાંચ્યું એમાંથી મનગમતા વાક્યો ટપકાવતાં ગયાં. તેના નિચોડરૂપે આપણને પ્રાપ્ત થાય છે 'પ્રેરણા પુષ્પો'નો અવતરણ સંગ્રહ.

શ્રેણુજ ઍન્ડ કંપનીના અધ્યક્ષ કીર્તિલાલ કે. દોશી ઍલ્ફિન્સ્ટન કૉલેજના સ્નાતક, હીરારત્નોના પારખુ, ભારત સરકાર નિયુક્ત સમિતિના સભ્ય, 'જેમ ઍન્ડ જ્વેલરી ઍક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ'ના સ્થાપક અને અધ્યક્ષ, હીરા ઉદ્યોગના વરિષ્ઠ આગેવાન અને હીરા ઉદ્યોગને લગતી અનેક સંસ્થાઓના સ્થાપક અને માર્ગદર્શક, જૈન સમાજના ઉદાર સખાવતી, યુવાનો માટે પ્રેરણાદાયી-આવા બહુમુખી પ્રતિભા ધરાવનાર સાહિત્યપ્રેમી સંકલનકાર મુરબ્બી કીર્તિભાઈ દોશીના 'પ્રેરણા પુષ્પો'ને આવકાર આપતાં આનંદ સાથે ગૌરવનો અનુભવ થાય છે.

આ સંગ્રહ વિશે વાત કરીએ તો કહી શકીએ કે 'પ્રેરણા પુષ્પો' લોકપ્રિય અવતરણોનો એક ઉત્કટ સંગ્રહ છે. લખાયેલાં અને બોલાયેલાં શ્રેષ્ઠ અવતરણોનો ચુનંદો ખજાનો છે. વિશ્વના સર્વ ભાગોમાંથી વિવિધ અવતરણોની સુવ્યવસ્થિત ગોઠવણી અહીં કરેલી જોવા મળે છે.

આ 'પ્રેરણા પુષ્પો' વાંચતાં આપણને પ્રતીતિ થાય છે કે લેખક વ્યવસાયિક નથી પરંતુ શાશ્વત મૂલ્યો ધરાવનાર પ્રેરણાદાતા છે.

'પ્રેરણા પુષ્પો'ના અવતરણોના વિભાગો, વિષયો, લેખકો વિગેરેને ઉડતી નજરે જોઈએ.

કહેવતો : ચીની, યહુદી, જર્મન, જાપાની, હિન્દી, હીબ્રુ, સ્પેનીશ, ઈટલી, અરબી, સંસ્કૃત વગેરે.

લેખકો : રવીન્દ્રનાથ ટાગોર, સ્વામી વિવેકાનંદ, ખલિલ જિબ્રાન, મહાત્મા ગાંધીજી, અબ્રાહમ લિંકન, રોબર્ટ ફ્રોસ્ટ, સમરસેટ મોમ, જી. કે. ચેસ્ટરસન, માર્ક્સ એન્ડર સન, બૅન્જામિન ફ્રેન્કલિન, શેક્સપિયર, બર્નાર્ડ શૉ, હેન્રી ફોર્ડ, જ્યાર્જ ઍલિયટ, નિત્શે, માર્ટિન લ્યૂથર કિંગ તથા એલિઝાબેથ બ્રાઉનિંગ વગેરે.

વિષયો : આત્મવિશ્વાસથી શરૂ કરીને સૌન્દર્ય સુધીના ત્રેસઠ વિષયોના ચુનંદા અવતરણો આ પુસ્તકમાં છે.

બીજી રીતે કહીએ તો મુ. કીર્તિભાઈએ આ પુસ્તક દ્વારા 'ગમતાંનો કરીએ ગુલાલ' અને 'માણ્યું તેનું સ્મરણ કરવું તે ય છે એક લહાણું.' એ પ્રમાણે વાચકને આનંદના અને સ્મરણોના ગુલાલમાં સ્નાન કરાવી ન્યાલ કરી દે છે. વાચન યોગ્ય સુંદર સંદર્ભ સ્ત્રોત, ચિંતન અને મનન કરવા પ્રેરે તેવો પ્રેરણા સ્ત્રોત આ પુસ્તકમાં છે.

**(૧) અવતરણનાં અજવાળાં**

પ્રેરણાના પીયૂષ પાયા પછી લેખક અંતરનાં દ્વાર ઉઘાડે છે અને આપણને પ્રાપ્ત થાય છે 'અવતરણનાં અજવાળાં'નો સંગ્રહ.

આ પુસ્તકમાં સંકલનકાર મુ. કીર્તિભાઈએ ૩૩૭ વિષયો વિશે ચિંતનાત્મક વિચારો સંકલિત કર્યા છે. અહીં વિષયના વૈવિધ્ય સાથે તેમની આધ્યાત્મિક, દાર્શનિક અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ તથા જિજ્ઞાસાનો ઊંડો પરિચય થાય છે.

અહીં પ્લેટો, ટૉલ્સટોય, સોક્રેટિસ, મહર્ષિ અરવિંદ, જે. કૃષ્ણમૂર્તિ, નેલ્સન મંડેલા, કુરાન, બુદ્ધ, કૌટિલ્ય, ટાગોર, વિવેકાનંદ, આચાર્ય હેમચંદ્રના અવતરણો છે તો સાથે સાથે જવાહરલાલ નહેરૂ, જનરલ કરિઅપ્પા, આલ્બર્ટ આઇન્સ્ટાઈન, ચાર્લ્સ દ'ગોલ, વિક્ટર હ્યુગો, હેલન કેલર, માદામ ક્યૂરી, રોમાં રોલા, દોસ્નોયેવસ્કી વગેરેના અવતરણો પણ જોવા મળે છે.

મુ. કીર્તિભાઈ માતૃભાષાના લેખકો- કવિઓને પણ ભૂલ્યા નથી. જેમાં દલપતરામ, ન્હાનાલાલ, શામળ, ધૂમકેતુ, જયંત પાઠક, ઉમાશંકર જોશી, મકરન્દ દવે, સૈફ પાલનપુરી, બોટાદકર, હરીન્દ્ર દવે, ભૂપત વડોદરિયા, તિરુવલ્લુર, (દક્ષિણના) વગેરેના વિચાર ચિંતનો પણ જોવા મળે છે.

આમ 'અવતરણનાં અજવાળાં' એ માત્ર ભૌતિક જ નહિ પણ આધ્યાત્મિક મૂડીના સંવર્ધનનો પ્રેરણા સ્ત્રોત છે.

આ બંને પુસ્તકો દ્વારા સંકલનકર્તાના વિશાળ વાંચન અને મનનાત્મક દૃષ્ટિની પ્રતીતિ થાય છે.

X X X

**પુસ્તકનું નામ :** મઝાનો ખજાનો યાને જૈન પારિભાષિકનો પરિચય. સંપાદિકા નૂતન ચંપક શિશુ ઉત્સાહી શ્રી અરુણાબાઈ મ. સ. (બોટાદ સંપ્રદાય.) પ્રકાશક : અરુણશ્રુત ભક્તિમંડળ, મુંબઈ. વિજયભાઈ દોશી, સિદ્ધાર્થ, બ્લોક નં. ૩, પારેખ ગલી, એસ.વી. રોડ, કાંદિવલી, મુંબઈ૦૪૦૦ ૦૬૭. પાનાં : ૧૬૦, કિંમત : રૂા. ૧૨/-. પ્રથમ આવૃત્તિ.

બોટાદ સંપ્રદાયના પ. પૂ. શ્રી અરુણાબાઈ મ. સ. સંપાદિત 'મઝાનો ખજાનો' યાને 'જૈન પારિભાષિકનો પરિચય' પુસ્તક એટલે જૈન દર્શનનું તત્ત્વજ્ઞાન સમજવાની ચાવી. પરમાત્માના પ્રવેશદ્વારસમા શ્રુતજ્ઞાનને સમજવા માટે આ પારિભાષિક શબ્દકોશ જિજ્ઞાસુઓને માટે માર્ગદર્શક બની રહેશે. વર્તમાનમાં પરદેશમાં તથા મોટા શહેરોમાં જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યના અભ્યાસની રૂચિ વધી રહી છે ત્યારે આ પારિભાષિક શબ્દકોશનું મહત્ત્વ ઘણું વધી જાય છે.

આ શબ્દકોશનો શબ્દેશબ્દ શબ્દાતીતમાં જવા માટે સબલ સંબલ બની રહે તેમ છે.

'ગાગરમાં સાગર'સમો આ પારિભાષિક શબ્દકોશ જૈન તથા જૈનેતરોને સમજવા માટે સહાયરૂપ થાય છે માટે જિજ્ઞાસુઓએ વસાવવા વિનંતિ.

X X X

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩

# શ્રી ભગિની મિત્ર મંડળ, પાલીતાણા

## (આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા–૨૦૦૭ દરમિયાન શ્રી ભગિની મિત્ર મંડળ, પાલીતાણાને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં આનંદ થાય છે કે આશરે રૂપિયા તેવીસ લાખ પંચોતેર હજાર જેવી માતબર રકમ નોંધાઈ છે. એ માટે દાતાઓના અમે ઋણી છીએ. યાદી નીચે મુજબ છે.

૨,૫૧,૦૦૦ શ્રી બિપીનચંદ્ર કાંતિલાલ જૈન
૧,૨૭,૮૦૦ શ્રી પ્રમોદરાય સોમચંદ શાહ પરિવાર
૧,૨૫,૦૦૦ શ્રી પિયુષભાઈ શાંતિલાલ કોઠારી અને શ્રીમતી ચંદ્રાબેન કોઠારી
૧,૧૧,૧૧૧ સ્વ. ભાનુના સ્મરણાર્થે હસ્તે શ્રી પ્રવીણભાઈ શાહ
૧,૦૦,૦૦૦ શ્રી કાકુલાલ છગનલાલ મહેતા
૭૫,૦૦૦ શ્રી હરેશ શાંતિલાલ મહેતા (ઓનવર્ડ ફાઉન્ડેશન)
૭૫,૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૫૯,૦૦૦ શ્રી નિતીન કાંતિલાલ સોનાવાલા પરિવાર
૫૧,૦૦૦ શ્રી માતુશ્રી રતનબાઈ ચેરિટી ટ્રસ્ટ હસ્તે શ્રી મુલચંદ લખમશી સાવલા
૫૧,૦૦૦ શ્રી કાંતિલાલ પરીખ એચ.યુ.એફ.
૫૧,૦૦૦ શ્રી પ્રવીણભાઈ શાંતિલાલ કોઠારી
૫૧,૦૦૦ શ્રી કોન્વેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, હસ્તે વિનુભાઈ
૩૧,૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ
૨૫,૦૦૦ વકિલ ઉમેદચંદ્ર બેચરદાસ ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫,૦૦૦ શ્રી વિક્ટર ફર્નાન્ડીશ
૨૫,૦૦૦ શ્રી ગીતાબેન એસ. દોશી
૨૧,૦૦૦ શ્રીમતી કાશીબેન સંઘરાજકા તથા શ્રીમતી દયાબેન મોદી ફાઉન્ડેશન
૨૧,૦૦૦ માતુશ્રી રતનબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૫,૦૦૦ શ્રી બહેન તરફથી
૧૨,૦૦૦ શ્રી રમાબેન વિનોદભાઈ મહેતા
૧૨,૦૦૦ શ્રી ડોલરબેન એમ. શેઠ
૧૨,૦૦૦ માતુશ્રી કેશરબેન હીરજી રામજી શાહ
૧૧,૧૧૧ સ્વ. રાકેશ ખુશાલચંદ ગડાંના સ્મરણાર્થે હસ્તે ખુશાલચંદ સોજપાર ગડા
૧૧,૦૦૦ શ્રી શર્મીબેન પ્રવિણભાઈ ભણશાલી
૧૧,૦૦૦ શ્રી અમરસન્સ ફાઉન્ડેશન હસ્તે શ્રી શામજીભાઈ ટી. વોરા
૧૧,૦૦૦ મે. પ્રિન્સ પાઇપ્સ એન્ડ ફિટીંગ્સ પ્રા. લી.
૧૧,૦૦૦ મે. કાંતિ કરમશી એન્ડ કંપની વેલ્યુઅર્સ પ્રા. લિમીટેડ
૧૧,૦૦૦ માતુશ્રી જયાબેન જીવનલાલ મહેતા ફાઉન્ડેશન
૧૧,૦૦૦ શ્રી ઇન્દુબેન ઉમેદભાઈ દોશી જ્યોતિ ટ્રસ્ટ
૧૦,૦૦૦ શ્રી રતનચંદ ભોગીલાલ પારેખ સ્વ. અ. સૌ. શ્રીમતી જયમતિ રતનચંદ પારેખના સ્મરણાર્થે
૧૦,૦૦૦ શ્રી પુષ્પાબેન કે ભણશાલી
૧૦,૦૦૦ શ્રી પ્રવિણા એ. મહેતા
૧૦,૦૦૦ શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ
૧૦,૦૦૦ શ્રી નિલય જગદીશ પરીખ
૧૦,૦૦૦ શ્રી લહેરચંદ ઉત્તમચંદ ટ્રસ્ટ ફંડ હસ્તે પ્રતાપભાઈ ભોગીલાલ
૯,૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૯,૦૦૦ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
૯,૦૦૦ ડૉ. ધનવંતરાય તિલકરાય શાહ
૯,૦૦૦ શ્રી નીરુબહેન સુબોધભાઈ શાહ
૯,૦૦૦ સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે હસ્તે શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી
૯,૦૦૦ પ્રો. તારાબેન રમણલાલ શાહ
૯,૦૦૦ શ્રી ચંદ્રકાંત ધુડાભાઈ ગાંધી
૯,૦૦૦ શ્રી યશોમતીબહેન શાહ
૯,૦૦૦ શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
૯,૦૦૦ શ્રી રમાબેન જયસુખલાલ વોરા
૯,૦૦૦ શ્રી દિલીપ મહેન્દ્રભાઈ શાહ
૯,૦૦૦ શ્રી રમણિકલાલ ભોગીલાલ શાહ
૯,૦૦૦ શ્રી દિલીપ વિરેન્દ્ર કાકાબળિયા પરિવાર
૯,૦૦૦ મે. ઈન્ડીયા પ્રોજેક્ટ સર્વિસીઝ હસ્તે શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ
૯,૦૦૦ શ્રી દિપાલી એસ. મહેતા
૯,૦૦૦ એક ભાઈ તરફથી
૯,૦૦૦ એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૯,૦૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન
૯,૦૦૦ શ્રી શાંતિલાલ ઉજમશીભાઈ એન્ડ સન્સ ચેરિટેબલ ટ્રસ્ટ
૯,૦૦૦ શ્રી અપુર્વ એલ. સંઘવી
૯,૦૦૦ શ્રી નર્મદાબેન એમ. શેઠ
૯,૦૦૦ શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
૯,૦૦૦ શ્રી પ્રકાશ ડી. શાહ
૭,૫૦૦ શ્રી ઝવેરબેન માણેકલાલ સંઘોઈ
૭,૦૦૦ શ્રી દિનાબેન જીતેન્દ્ર વોરા
૭,૦૦૦ શ્રી હર્ષરંજન ચેરિટેબલ ટ્રસ્ટ
૬,૦૦૦ શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ
૬,૦૦૦ સ્વ. મણીબાઈ દેવશી સાવલાના સ્મરણાર્થે હસ્તે શાંતિલાલ સોજપાર ગડા
૬,૦૦૦ શ્રી અરુણા અજિત ચોકસી
૬,૦૦૦ શ્રી હર્ષાબેન વિક્રમ શાહ
૬,૦૦૦ શ્રી વિક્રમભાઈ આર. શાહ
૬,૦૦૦ શ્રી નલિનીબેન મહેતા
૬,૦૦૦ સ્વ. ભાનુબહેન હસમુખલાલ શાહના સ્મરણાર્થે હસ્તે શ્રી હસમુખભાઈ જી. શાહ
૬,૦૦૦ શ્રી રજનીકાંત સી. ભણશાલી
૬,૦૦૦ મે. છેડા જવેલર્સ હસ્તે પન્નાલાલ છેડા
૬,૦૦૦ શ્રી આર્યન આઈ ડાંગરવાલા
૬,૦૦૦ શ્રી સવિતા હિરાચંદ શાહ
૬,૦૦૦ શ્રીમતિ સાકરબેન પ્રેમજી ચેરિટેબલ ટ્રસ્ટ
૬,૦૦૦ માતુશ્રી પોચીબાઈ ખીમજી પાસુ
૬,૦૦૦ શ્રી મિનાક્ષીબેન વિજય મહેતા
૬,૦૦૦ શ્રી રતિલાલ ઓધવજી ગોહિલ ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦ શ્રી સરયુબેન રજનીભાઈ મહેતા તથા સ્વજનો
૫,૦૦૦ શ્રી બાબુભાઈ ચંપકલાલ તોલાટ
૫,૦૦૦ શ્રી નિર્મળાબેન બાબુભાઈ તોલાટ
૫,૦૦૦ ડૉ. ધીરૂભાઈ વી. શાહ
૫,૦૦૦ શ્રી એ. આર. ચોકસી
૫,૦૦૦ શ્રી પ્રેરણા ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે સુશિલા શેઠ અને સરોજ ઘાટલિયા
૫,૦૦૦ શ્રી જેઠાલાલ દોશી
૫,૦૦૦ શ્રી મિનાક્ષી વસંતલાલ સંઘવી

૫,૦૦૦ શ્રી વસંતલાલ એન. સંઘવી
૫,૦૦૦ શ્રી અંજની વી. સંઘવી
૫,૦૦૦ શ્રી અનિલકુમાર ન્યાલચંદ મહેતા
૫,૦૦૦ મે. શેઠ સિન્ડીકેટ
૫,૦૦૦ શ્રી સોનલબેન પી. ગુલરાજાની
૫,૦૦૦ એક ભાઈ તરફથી
૫,૦૦૦ એક ભાઈ તરફથી
૫,૦૦૦ શ્રી રોહન-ચંદુ(નિર્મલ) હસ્તે તૃપ્તિ નિર્મલ
૫,૦૦૦ સ્વ. ડૉ. જયંત એસ. શાહ હસ્તે ડૉ. જ્યોતિ શાહ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦ શ્રી અલ્કા પંકજ ખારા
૫,૦૦૦ સ્વ. ડૉ. જશવંતરાય આર. શાહના સ્મરણાર્થે હસ્તે રંજનબેન
૩,૫૦૦ મે. ટેકનો શેરર્સ એન્ડ સ્ટોક લી.
૩,૫૦૦ શ્રી ભાઈચંદ એમ. મેહતા ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી જશવંત બી. મહેતા
૩,૫૦૦ શ્રી શિલ્પા જે. ફાઉન્ડેશન
૩,૫૦૦ સંવત્સરી / પ્રતિક્રમણ નિમિત્તે (સાહિલ બિલ્ડીંગ)
૩,૦૦૧ શ્રી વીણાબેન જવાહર કોરડીયા
૩,૩૩૩ શ્રી ચંદુલાલ ગાંગજી ફેમવાલા
૩,૦૦૧ શ્રી જ્યોતિ મોહનલાલ પારેખ
૩,૦૦૧ શ્રી શારદાબેન બાબુલાલ શાહ
૩,૦૦૧ શ્રી ભારતીબેન બી. શાહ
૩,૦૦૧ શ્રી વસુબેન સુર્યકાંત શાહ
૩,૦૦૧ શ્રી સરોજબેન બી. ઘાટલિયા
૩,૦૦૦ શ્રી તારાબેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, હસ્તે શ્રી પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ
૩,૦૦૦ શ્રી વસુબેન ચંદુલાલ ભણશાલી
૩,૦૦૦ મે. ત્રિશલા ઇલેકટ્રોનિક્સ
૩,૦૦૦ મે. ફ્રેન્ડલી પ્રિન્ટર્સ હસ્તે ભરતભાઈ મામડીયા
૩,૦૦૦ શ્રી ઉષાબેન શાહ
૩,૦૦૦ શ્રી કલાવતી શાંતિલાલ મહેતા
૩,૦૦૦ શ્રી અનીશ શૈલેશ કોઠારી
૩,૦૦૦ શ્રી લીના વી. શાહ
૩,૦૦૦ બેરીસ્ટર વિપિન શાહ
૩,૦૦૦ શ્રી તરુણા વિપિન શાહ
૩,૦૦૦ શ્રી અજીત આર. ચોકસી
૩,૦૦૦ શ્રી ભગવતી પી. સોનાવાલા
૩,૦૦૦ શ્રી વિજપાર સામત નિસર

૩,૦૦૦ શ્રી કાંતિલાલ કલ્યાણજી સાવલા
૩,૦૦૦ શ્રી સરલાબેન કાંતિલાલ સાવલા
૩,૦૦૦ શ્રી સુહાસીનીબેન રમેશભાઈ કોઠારી અને રમેશભાઈ ડી. કોઠારી
૩,૦૦૦ શ્રી ચંદ્રકાંત ખંડેરિયા
૩,૦૦૦ શ્રી કુમુદબેન પટવા
૩,૦૦૦ શ્રી મીના કિરણ ગાંધી
૩,૦૦૦ શ્રી કેતન જયંતિલાલ
૩,૦૦૦ શ્રી રમાબેન જયંતિલાલ
૩,૦૦૦ મે. જે. કે. ફાઉન્ડેશન
૩,૦૦૦ શ્રી નર્મદાબેન મગનલાલ શેઠ
૩,૦૦૦ ડૉ. સ્નેહલ સંઘવી
૩,૦૦૦ શ્રી સ્મિતા સ્નેહલ સંઘવી
૩,૦૦૦ શ્રી શશીકાંત મહેતા
૩,૦૦૦ શ્રી અનિલા શશીકાંત મહેતા
૩,૦૦૦ શ્રી જયંતિલાલ ચુનીલાલ શાહ
૩,૦૦૦ શ્રી ચંપાબેન જયંતિલાલ શાહ
૩,૦૦૦ શ્રી જયવંતીબેન જોરમલ મહેતા
૩,૦૦૦ શ્રી મનિષા ધીરેન ભણસાલી
૩,૦૦૦ શ્રી નિરંજન હરગોવિંદદાસ ભણસાલી
૩,૦૦૦ શ્રી સંજય સુરેશ મહેતા
૩,૦૦૦ મે. આકાર આર્ટસ
૩,૦૦૦ શ્રી રમણિકભાઈ ગોસલીયા
૩,૦૦૦ શ્રી સવિતાબેન કોઠારી
૩,૦૦૦ ડૉ. બીના ચોકસી
૩,૦૦૦ શ્રી કિરણભાઈ શાહ
૩,૦૦૦ શ્રી અનિષ શાહ
૩,૦૦૦ શ્રી ઉષાબેન દિલીપ શાહ
૩,૦૦૦ શ્રી દર્શિની અને મિનલ શાહ
૩,૦૦૦ શ્રી દીપા શાહ
૩,૦૦૦ શ્રી ધીરજલાલ લક્ષ્મીચંદ અજમેરા
૩,૦૦૦ શ્રી રૂપાબેન મહેતા
૩,૦૦૦ શ્રી સરોજરાની શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી મુક્તાબેન લાભુભાઈ સંઘવી
૩,૦૦૦ શ્રી મહેન્દ્રકુમાર અમૃતલાલ શાહ
૩,૦૦૧ સ્વ. જશુમતીબેન હસમુખલાલ કુવાડિયાના સ્મરણાર્થે હસ્તે ડૉ. હેમંત એચ. કુવાડિયા
૩,૦૦૦ ડૉ. હેમંત એચ. કુવાડિયા
૩,૦૦૦ શ્રી રક્ષાબેન એચ. કુવાડિયા
૩,૦૦૦ શ્રી હસમુખલાલ ચીમનલાલ કુવાડિયા
૩,૦૦૦ શ્રી નિર્મલાબેન આઈ. શેઠ
૩,૦૦૦ શ્રી હર્ષદરાય કે. દોશી
૩,૦૦૦ શ્રી પ્રવિણભાઈ જમનાદાસ શાહ

૩,૦૦૦ શ્રી દિપીકાબેન પંકજભાઈ દોશી
૩,૦૦૦ શ્રી શાંતિલાલ કા. દોશીના સ્મરણાર્થે હસ્તે પ્રકાશ શાંતિલાલ દોશી
૩,૦૦૦ શ્રી સરલાબેન શાંતિલાલ દોશીના સ્મરણાર્થે હસ્તે પ્રકાશ શાંતિલાલ દોશી
૩,૦૦૦ શ્રી કે. સી. છેડા
૩,૦૦૦ શ્રી રસિલા જે. પારેખ
૩,૦૦૦ શ્રી નિરંજન આર. ઢીલા
૩,૦૦૦ શ્રી સુવર્ણાબેન દલાલ
૩,૦૦૦ શ્રી ગજેન્દ્ર આર. કપાસી એચ.યુ.એફ.
૩,૦૦૦ મે. એચ. ડી. ઇન્ડસ્ટ્રી
૩,૦૦૦ શ્રી હસમુખભાઈ પરીખ
૩,૦૦૦ શ્રી સુર્યકાંતભાઈ શાહ
૩,૦૦૦ મે. ગુલાબદાસ એન્ડ કંપની
૩,૦૦૦ સ્વ. રસિકલાલ છોટાલાલ શાહના સ્મરણાર્થે હસ્તે શરદ શાહ
૩,૦૦૦ સ્વ. સરસ્વતીબેન રસિકલાલ શાહના સ્મરણાર્થે. હસ્તે શ્રી શરદ શાહ
૩,૦૦૦ સ્વ. બાબુભાઈ છોટાલાલ શાહના સ્મરણાર્થે હસ્તે હંસાબેન શાહ
૩,૦૦૦ સ્વ. ભોગીલાલ સુખલાલ શાહના સ્મરણાર્થે હસ્તે લતા શાહ
૩,૦૦૦ શ્રી સ્મિતા શિરીષ ગાંધી
૩,૦૦૦ સી. એન. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી જીતેન્દ્ર ર. હંસોદી
૩,૦૦૦ શ્રી ઉષાબેન પરીખ
૩,૦૦૦ શ્રી અપૂર્વ રવિન્દ્ર મહેતા
૩,૦૦૦ મે. પ્રોટોન એન્ટરપ્રાઇઝ
૩,૦૦૦ શ્રી પંકજ એસ. ગોસર
૩,૦૦૦ સ્વ. ઉપેન્દ્રભાઈ જયંતિલાલ સંઘવી (વેન્ગાર્ડ સ્ટુડિયો)
૩,૦૦૦ મે. બોનાન્સા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પ્રા. લી. હસ્તે હેમંતભાઈ ડી. શાહ
૩,૦૦૦ શ્રી દેવકાબાઈ જેસંગ રાંભિયા
૩,૦૦૦ એક ભાઈ તરફથી
૩,૦૦૦ શ્રી વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી સુધાબેન જગદીશ દોશી
૩,૦૦૦ શ્રી જવલબેન રામચંદ્ર શાહ
૩,૦૦૦ શ્રી પુષ્પાબેન ભણસાલી
૩,૦૦૦ મે. જતિન એન્ટરપ્રાઇઝ
૩,૦૦૦ શ્રી નિહાલચંદ મણીલાલ ગોપાણી ફાઉન્ડેશન

૩,૦૦૦ શ્રી અંબાલાલ એચ. જૈન
૩,૦૦૦ શ્રી જયેશ ડી. ગાંધી
૩,૦૦૦ મે. હેમંત ટુલ્સ પ્રા. લિમીટેડ
૩,૦૦૦ શ્રી ચંદ્રકાંત શાહ
૩,૦૦૦ શ્રી પ્રતિમાબેન ચક્રવર્તી
૩,૦૦૦ શ્રી રમેશચંદ્ર જે. શાહ
૩,૦૦૦ શ્રી સુર્યાબેન અશ્વિન પ્રતાપ
૩,૦૦૦ મે. પોલીથીન પ્રિન્ટીંગ એન્ડ સીલીંગ
૩,૦૦૦ શ્રી હંસાબેન ભરત શાહ
૩,૦૦૦ શ્રી ભરતભાઈ મનુભાઈ શાહ
૩,૦૦૦ શ્રી મણીલાલ કાનજી પોલડીયા
૩,૦૦૦ શ્રી કુસુમબેન મણીલાલ પોલડીયા
૩,૦૦૦ શ્રી રિતેશ મણીલાલ પોલડીયા
૩,૦૦૦ શ્રી હરિશ્રી અને શર્મિલી
૩,૦૦૦ શ્રી મીનાબેન એમ. શાહ
૩,૦૦૦ શ્રી કુસુમબેન પરીખ
૩,૦૦૦ સ્વ. ઉષાબેન નાથાલાલ પરીખ હસ્તે ડૉ. ગીતા શાહ
૩,૦૦૦ શ્રી ફાલ્ગુની તુષાર રાઠોડ
૩,૦૦૦ શ્રી કુનાલ મહેન્દ્ર સંઘોઈ
૩,૦૦૦ શ્રી ઇન્દુબેન એન્ડ હરકિશન ઉદાણી ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી સુચિત અશ્વિન દોશી
૩,૦૦૦ શ્રી જયંતિલાલ જીવણલાલ શેઠ HUF
૩,૦૦૦ શ્રી ભુપતલાલ જીવણલાલ શેઠ HUF
૩,૦૦૦ શ્રી સંતોકબા જેઠાલાલ દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી રમાબેન કનુભાઈ શાહ
૩,૦૦૦ ડૉ. પુષ્પા એચ. કુંડલીયા
૩,૦૦૦ મે. નન્દુ ડ્રેપર્સ હસ્તે થાવરભાઈ
૩,૦૦૦ સ્વ. શેઠ તારાચંદ ટોકરશી તથા સ્વ. ચંચલબેન તારાચંદના સ્મરણાર્થે હસ્તે ભાઇલાલભાઈ શેઠ
૩,૦૦૦ શ્રી હિરાબેન ચંપકલાલ મોદી
૩,૦૦૦ શ્રી મુકેશ દલાલ HUF
૩,૦૦૦ શ્રી નંદલાલ તારાચંદ વોરા ફેમિલી ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી કાંતાબેન નંદલાલ ફેમિલી ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી હંસાબેન વોરા
૩,૦૦૦ શ્રી ગીતાબેન રોહિતભાઈ વોરા
૩,૦૦૦ શ્રી મલય વિનોદચંદ્ર મહેતા
૩,૦૦૦ સ્વ. સુમનબેન બાબુલાલ ચૌધરી હસ્તે પરેશ ચૌધરી
૩,૦૦૦ ડૉ. કૌશલ સુરેશ શાહ
૩,૦૦૦ શ્રી પ્રેમકુમારી દેવચંદ ગલ્લા
૩,૦૦૦ શ્રી નિર્મલાબેન મધુસુદન પરીખ
૩,૦૦૦ શ્રી વિરેન્દ્ર કે. નાણાવટી
૩,૦૦૦ ડૉ. અમુલ એમ. શાહ
૩,૦૦૦ શ્રી ભાનુબેન રમેશભાઈ મહેતા (ઉદવાડા)
૩,૦૦૦ શ્રી દેવીબેન પ્રકાશભાઈ મહેતા (ન્યુયોર્ક)
૩,૦૦૦ શ્રી હીરાબેન નવીનચંદ્ર મહેતા
૩,૦૦૦ શ્રી નેણસીભાઈ આર. વીરા
૩,૦૦૦ શ્રી વીરલ અરવિંદ ધરમશી લુખી
૩,૦૦૦ શ્રી ઓજસ અરવિંદ ધરમશી લુખી
૨,૫૦૦ શ્રી ઝવેરબેન માણેકલાલ સંઘોઈ
૨,૫૦૦ શ્રી મનસુખલાલ એમ. દેસાઈ
૨,૫૦૦ શ્રી વનલીલા મુકુંદભાઈ વોરા
૨,૦૦૦ શ્રી ભારતીબેન શાહ
૨,૦૦૦ શ્રી જયશ્રીબેન દેલ્હીવાલા
૨,૦૦૦ એક બહેન તરફથી
૨,૦૦૦ શ્રી ગૌરવ દોશી
૧,૫૦૦ શ્રી વિજય કે. શાહ
૧,૫૦૦ શ્રી બી. એમ. મહેતા
૧,૫૦૦ શ્રી નલિનીબેન શાહ
૧,૧૦૦ શ્રી સુજીતભાઈ પ્રદીપ પરિખ
૧,૦૦૧ શ્રી દેવેન્દ્રભાઈ ટોલીયા પરિવાર
૧,૦૦૧ એક બહેન તરફથી
૧,૦૦૦ શ્રી સંયુક્તાબેન પ્રવિણ કે. મહેતા
૧,૦૦૦ શ્રી ચંદ્રકાંતભાઈ શાહ
૧,૦૦૦ શ્રી દેવચંદ ઘેલાભાઈ શાહ
૧,૦૦૦ શ્રી સ્મિતાબેન શાહ
૧,૦૦૦ શ્રી અરુણાબેન કોઠારી
૧,૦૦૦ શ્રી નલિનીબેન મહેન્દ્ર શેઠ
૧,૦૦૦ એક ભાઈ તરફથી
૪,૩૫૩ એક હજારથી નીચેની રકમનો સરવાળો

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે નોંધાયેલી રકમની યાદી

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘ માટે દાતાઓને અપીલ કરવામાં આવી. તેનો સારો પ્રતિસાદ મળ્યો છે. એ માટે સર્વે દાતાઓના અમે ઋણી છીએ. સંઘને વિવિધ ખાતાઓમાં ભેટ મળી તેની યાદી નીચે મુજબ છે.

**જનરલ ફંડ કોર્પસ**

૧૧,૧૧૧ શ્રી અપૂર્વ એલ. સંઘવી

**જનરલ ફંડ**

૨૫,૦૦૦ શ્રી હરેશ શાંતિલાલ મહેતા ઓનવર્ડ ફાઉન્ડેશન
૧૫,૦૦૦ શ્રીમતી ચંદ્રાબેન પીયૂષભાઈ કોઠારી
૧૧,૦૦૦ શ્રી ઈન્દુબેન ઉમેદભાઈ દોશી (જ્યોતિ ટ્રસ્ટ)
૧૦,૦૦૦ એક બહેન તરફથી
૯,૦૦૦ શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ શાહ પરિવાર
૬,૦૦૦ સ્વ. ભાનુબેન હસમુખભાઈ શાહના સ્મરણાર્થે હસ્તે હસમુખભાઈ ગુલાબચંદ શાહ
૫,૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૫,૦૦૦ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
૫,૦૦૦ શ્રી નીરૂબહેન સુબોધભાઈ શાહ
૫,૦૦૦ ડૉ. ધનવંતરાય તિલકરાય શાહ
૫,૦૦૦ સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે હસ્તે શ્રી ભૂપેન્દ્રભાઈ ડાહ્યાભાઈ જવેરી
૫,૦૦૦ પ્રો. તારાબેન રમણલાલ શાહ
૫,૦૦૦ શ્રી ચંદ્રકાંત ધુડાભાઈ ગાંધી
૫,૦૦૦ શ્રી કુસુમબેન નરેન્દ્રભાઈ ભાઉ
૫,૦૦૦ શ્રી યશોમતીબહેન શાહ
૫,૦૦૦ શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઢિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦ શ્રી રમાબહેન જયસુખભાઈ વોરા
૫,૦૦૦ શ્રી ઉષાબેન પ્રવિણભાઈ શાહ
૫,૦૦૦ શ્રી દિલીપ વિરેન્દ્ર કાકાબલિયા
૫,૦૦૦ શ્રી દિલીપ મહેન્દ્રભાઈ શાહ
૫,૦૦૦ શ્રી રમણીકભાઈ ભોગીલાલ શાહ
૫,૦૦૦ શ્રી નિતીન કાંતિલાલ સોનાવાલા
૫,૦૦૦ શ્રી શાંતીલાલ મંગળજી મહેતા
૫,૦૦૦ સ્વ. વિજયાબેન સ્વ. દુર્લભજીભાઇના સ્મરણાર્થે હસ્તે રમેશભાઇ પરીખ
૫,૦૦૦ શ્રી સરયુબેન રજની મહેતા તથા સ્વજનો
૫,૦૦૦ શ્રી અરુણાબેન અજીતભાઈ ચોકસી
૫,૦૦૦ શ્રી ઉષાબેન દિલીપભાઈ શાહ
૫,૦૦૦ શ્રી અનિલકુમાર ન્યાલચંદ મહેતા
૫,૦૦૦ શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ
૫,૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ
૫,૦૦૦ શ્રી કુંદનબેન વસંતલાલ શેઠ
૪,૦૦૦ શ્રી અજીત રમણલાલ ચોકસી
૪,૦૦૦ શ્રી પ્રકાશભાઈ ડી. શાહ
૩,૦૦૦ મે. શાહ વિદ્યુત એન્ટરપ્રાઈઝ હસ્તે શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ
૩,૦૦૦ શ્રી અલકાબેન કિરણભાઈ શાહ
૩,૦૦૦ ડૉ. હેમંત એચ. કુવાડિયા
૩,૦૦૦ શ્રી શાંતિલાલ ઉજમશીભાઈ એન્ડ

સન્સ ચેરિટી ટ્રસ્ટ
૨,૦૦૦ શ્રી વસુબેન ચંદુલાલ ભણસાલી
૨,૦૦૦ શ્રી તારાબેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ
૨,૦૦૦ શ્રી રમાબેન વિનોદભાઈ મહેતા
૨,૦૦૦ શ્રી કલાવતી શાંતિલાલ મહેતા
૨,૦૦૦ શ્રી ફ્રેન્ડલી ટાઈપસેટર્સ હસ્તે ભરતભાઈ મામડીઆ
૨,૦૦૦ શ્રી મીના કિરણ ગાંધી
૨,૦૦૦ શ્રી શર્મીબેન પ્રવિણભાઈ ભણશાલી
૨,૦૦૦ શ્રી જે. કે. ફાઉન્ડેશન
૨,૦૦૦ શ્રી ધીરજલાલ લક્ષ્મીચંદ અજમેરા
૨,૦૦૦ શ્રી ગજેન્દ્ર આર. કપાસી HUF
૨,૦૦૦ શ્રી જવલબેન રામચંદ શાહ
૨,૦૦૦ શ્રી ન્યાલચંદ મણીલાલ ગોપાણી ફાઉન્ડેશન
૨,૦૦૦ શ્રી વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૦૦૦ એ.પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૦૦૦ સ્વ. ઉષાબેન નાથાલાલ પરીખ હસ્તે ડૉ. ગીતા શાહ
૧,૧૦૦ મે. કાંતિ કરમશી એન્ડ કંપની વેલ્યુઅર્સ પ્રા. લિ.
૧,૦૦૦ મે. ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ
૧,૦૦૦ શ્રી રમાબેન જયંતિલાલ
૧,૦૦૦ શ્રી શારદાબેન બાબુલાલ શાહ
૧,૦૦૦ શ્રી પુષ્પાબેન ભણસાલી
૧,૦૦૦ શ્રી સુરેખાબેન શાહ
૧,૦૦૦ મે. હેમંત ટુલ્સ પ્રા. લી.
૧,૦૦૦ શ્રી પ્રતિમા ચક્રવર્તી
૧,૦૦૦ શ્રી જીતેન્દ્ર રમણીકલાલ વોરા
૧,૦૦૦ શ્રી સુચિત અશ્વિન દોશી
૧,૦૦૦ શ્રી ચંદ્રકાંત વસંતલાલ નરસિંહપુરા
૪૦૦૧ એક હજારથી નીચેની રકમનો સરવાળો

## પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ

૯,૯૦,૬૧૧ તા. ૧૦-૬-૨૦૦૭ સુધીનો સરવાળો
૧૫,૦૦૦ શ્રી ચંદ્રાબેન પિયૂષભાઈ કોઠારી
૬,૦૦૦ શ્રી કુમુદબેન એચ. શેઠ
૫,૦૦૦ શ્રી જયંત એન. પારેખ ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦ શ્રી નિતીન કાંતિલાલ સોનાવાલા
૫,૦૦૦ શ્રી જીતેન્દ્ર ટી. મહેતા
૫,૦૦૦ શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી
૫,૦૦૦ શ્રી સુહાસિનીબેન રમેશભાઈ કોઠારી
૫,૦૦૦ શ્રી રમેશભાઈ પી. મહેતા
૫,૦૦૦ સ્વ. અ. સૌ. જયમતી રતનચંદ પારેખ હસ્તેઃ રતનચંદ ભોગીલાલ પારેખ
૩,૦૦૦ શ્રી વર્ષાબેન રજુભાઈ શાહ
૨,૫૦૦ શ્રીમતી એચ. પી. કેનિયા
૨,૫૦૦ શ્રી મહેન્દ્ર એ. સંઘવી
૨,૫૦૦ શ્રી કે. સી. શાહ
૨,૫૦૦ શ્રી મંજુલાબેન શાહ
૨,૦૦૦ સ્વ. અરવિંદભાઈ કેશવલાલ દોશીના સ્મરણાર્થે હસ્તેઃ મૃદુલાબેન
૨,૦૦૦ મે. હેમંત ટુલ્સ પ્રા. લી.
૧,૫૦૦ શ્રી ચંદ્રકાંત શાહ
૧,૦૦૧ શ્રી કેશરબેન ખીમજી દેઢિયા
૧,૦૦૧ શ્રી જીતેન્દ્ર એ. શાહ
૧,૦૦૦ શ્રી નલિનીબેન શાહ
૧,૦૦૦ શ્રી રવિશંકર મહારાજ હૉસ્પિટલ ચીખોદરા હસ્તેઃ ડૉ. દોશી કાકા
૧,૦૦૦ શ્રી સી. એચ. શાહ
૧,૦૦૦ એક ભાઈ તરફથી
૧,૦૦૦ શ્રી જયંતિલાલ શાહ
૫૦૦ શ્રી કલાવતીબેન શાંતિલાલ મહેતા
૫૦૦ સ્વ. લાભુભાઈ સંઘવીના સ્મરણાર્થે હસ્તે : મુક્તાબેન
૨૫૧ શ્રી ચંપકલાલ એમ. અજમેરા
૧૦,૭૩,૩૬૪ તા. ૧૦-૧૦-૨૦૦૭ સુધીનો સરવાળો

## સંઘના આજીવન સભ્ય

૫,૦૦૦ શ્રી જયદીપ વી. મહેતા મુંબઈ
૫,૦૦૦ શ્રી નિખીલ વી. મહેતા-મુંબઈ
૫,૦૦૦ શ્રી મનીષ મહેતા
૫,૦૦૦ શ્રી બિપીન નેમચંદ શાહ
૫,૦૦૦ શ્રી દીના એસ. શાહ
૫,૦૦૦ શ્રી નવીનચંદ્ર રતિલાલ શાહ
૫,૦૦૦ શ્રી મહેશ કાંતિલાલ શાહ
૩૫,૦૦૦

## પ્રબુદ્ધ જીવન આજીવન સભ્ય

૨,૦૦૦ શ્રી જયેન્દ્ર વી. ગાંધી-મુંબઈ (શ્રીમતી ઇન્દુબેન ખેતાની)
૨,૫૦૦ શ્રી શામજી વેરશી નીસર
૨,૦૦૦ શ્રી શામજી વેરશી નીસર (મિતલ મયુર કુરિયા)
૨,૫૦૦ શ્રી ભવાની નરેન્દ્રકુમાર મહેતા
૨,૫૦૦ શ્રી પ્રવિણા અશ્વિન મહેતા
૨,૫૦૦ શ્રી જયંત એન. શાહ
૨,૫૦૦ શ્રી કુમારી રેશ્મા બિપીનચંદ્ર જૈન (આચાર્ય શ્રી લધાભાઈ ગણપત હાઇસ્કૂલ)
૨,૫૦૦ શ્રી પૃથ્વીરાજ સી. શાહ (ધારીણી સચિન જવેરી)
૨,૦૦૦ શ્રી ખીમજી ડી. વીરા (મનોજ્ઞા વિનોદ કેનિયા)
૨,૫૦૦ શ્રી જાદવજીભાઈ એલ. શાહ
૨,૫૦૦ શ્રી લખમશી રતનશી કારિયા
૨,૫૦૦ શ્રી રમણીક રતનશી કારિયા
૨,૫૦૦ શ્રી જીનેશ લખમશી કારિયા
૨,૫૦૦ શ્રી મણીલાલ રતનશી કારિયા
૨,૦૦૦ શ્રી લખમશી રતનશી કારિયા (રીન્કી જીજ્ઞેશ દેઢિયા)
૨,૦૦૦ શ્રી લખમશી રતનશી કારિયા (યશોમતી મધુકાંત છેડા)
૨,૦૦૦ શ્રી લખમશી રતનશી કારિયા (દિવાળી લખમશી ગાલા)
૨,૫૦૦ શ્રી વિરજી રતનશી કારિયા
૪૨,૦૦૦

## પ્રેમળ જ્યોતિ કાયમી ફંડ

૨૧,૦૦૦ શ્રી ચંદ્રાબેન પિયૂષભાઈ કોઠારી
૨,૫૦૦ શ્રી લીના વી. શાહ
૧,૦૦૦ શ્રી રસિકલાલ એન. વોરા
૨૪,૫૦૦

નોંધ : ભગિની મિત્ર મંડળ તેમજ સંઘના સર્વ ખાતાઓ માટે દાનનો પ્રવાહ વહી રહ્યો છે. અમને જેમ જેમ રકમ મળતી રહેશે એમ પ્ર.જી.ના પ્રત્યેક અંકમાં એ યાદી અમે પ્રગટ કરતા રહીશું.-મેનેજર

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

**(સપ્ટેમ્બર '૦૭ અંકથી આગળ)**

(૪૬)

અથવા દેહ જ આતમા, અથવા ઈન્દ્રિય, પ્રાણ;
મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ. ૪૬

संस्कृत देह एव वा जीवोऽस्ति प्राणरूपोऽथवा स च ।
इन्द्रियात्मा तथा मन्यो नैवं भिन्नो ह्यलक्षण: ।।४६।।

हिन्दी अथवा देह हि आतमा, किंवा इन्द्रिय प्राण ।
मिथ्या है भिन्न मान्यता, मिलत न भिन्न निशान ।। ४६ ।।

अंग्रेजी The body senses or the breath,
Can be the soul, all else is false;
How one can know the soul ere death?
No clear signs I see as walls. 46

(૪૭)

વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ. ૪૭

संस्कृत यदि स्याद् भेदवान् जीवोऽनुभूयेत कथं न हि ?
यदस्ति सकलं तत् तु ज्ञायते कच-काचवत् ।।४७।।

हिन्दी अरु होवे यदि आतमा, काहे न प्रगट लखात ?
लखाय जो होवे यथा, घट पटादि विख्यात ।।४७।।

अंग्रेजी If there's the soul, why it's not known?
As pots and clothes, it should be seen;
If there is soul's existence own,
Arguments mine are true, I mean. 47

(૪૮)

માટે છે નહિ આત્મા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય. ૪૮

संस्कृत अरेऽतो नैव आत्माऽस्ति ततो मुक्तिप्रथा वृथा ।
एनामाभ्यन्तरीं रेकामुत्कीलय प्रभो ! प्रभो ! ।। ४८ ।।

हिन्दी तातें नहिं है आतमा, मिथ्या मोक्ष–उपाय ।
यह अंतर–शंका हरो, तरनतारन गुरुराय ।। ४८ ।।

अंग्रेजी Thus there is no soul, futile all means-
For freedom of the soul-of saints;
Destroy my doubts by any means,
To make my heart free from all taints. 48

(૪૯)

(૨) સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ :
ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બંને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯

संस्कृत समाधान-सद्गुरु उवाच:
अध्यासाद् भासिता देह-देहिनो: समता न सा ।
तयोर्द्वयो: सुभिन्नत्वाल्लक्षणै: प्रकटैरहो ! ।।४९।।

हिन्दी समाधान-सद्गुरु उवाच:
भासत देहाध्याससों, आत्मा देह समान ।
किन्तु दोनों भिन्न है, लक्षण भिन्न प्रमाण ।।४९।।

Solution :

अंग्रेजी The Teacher true does so explain,
The body and the soul seen one;
Distinct are both, the signs are plain,
Remove body - infatutation. 49

(૫૦)

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બંને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦

संस्कृत अध्यासाद् भासिता देह-देहिनो: समता न सा ।
तयोर्द्वयो: सुभिन्नत्वादसिकोशायते ध्रुवम् ।। ५० ।।

हिन्दी भासत देहाध्याससों, आत्मा देह समान ।
किन्तु दोनों भिन्न है, ज्यों खड्ग अरु म्यान ।।५०।।

अंग्रेजा The body and the soul seen one;
Distinct are both, but this deceives;
Alone the body-infatuation,
Distinct are both as swords and sheaths. 50

(૫૧)

જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧

संस्कृत दृष्टेर्द्रष्टाऽस्ति यो वेत्ति, रूपं सर्वप्रकारगम् ।
भात्यबाध्याऽनुभूतिर्या साऽस्ति जीवस्वरूपिका ।।५१।।

हिन्दी जो दृष्टा है दृष्टि को, जो जानत है रुप ।
अबाध्य अनुभव जो रहत, सो है आत्म-स्वरुप ।।५१।।

अंग्रेजी Ah ! one that sees the right and knows,
Experiences one unconcealed;
Indisputable sign that shows,
The soul itself to all revealed. 51

(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી)

(વધુ આવતા અંકે)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2006-08



# પંથે પંથે પાથેય...

## 'ઇઝી એન્ડ હાર્ડ'

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

એકવાર 'ઇન્ડિયન ઓઇલ'ના ચીફ પ્રોડક્શન મેનેજર શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, ત્રણેક સાલ બાદ અમેરિકાથી વડોદરે આવીને મને મળવા આવ્યા. દશેક મિનિટ સુધી અમારા પુરાણા મઝિયારા મિત્રોની વાતો નીકળી એ દરમિયાન એક કરોડપતિ મિત્ર 'રોડપતિ' બની ગયા એમ જ્યારે મેં કહ્યું ત્યારે તેઓ બોલ્યા: 'જુઓ અનામીભાઈ! મેં તો જીવનમાં ચાર સૂત્રો બનાવ્યાં છે. એ સારાં હોય કે ખરાબ, સાચાં હોય કે ખોટાં એની મને પરવા નથી પણ મને તો એ ફળ્યાં છે. મેં પેલા કરોડપતિ મિત્ર રોડપતિ બની ગયા એના સંદર્ભમાં એમણે પ્રથમ સૂત્ર સંભળાવ્યું:– જે સંપત્તિની બાબતમાં હતું: `Easy Come, Easy go.' મતલબ કે સંપત્તિ જેવી રીતે આવી હોય તેવી જ રીતે જતી હોય છે. સાચા પરસેવાની સંપત્તિ, ભલે લક્ષ્મી ચંચળ ગણાતી હોય, છતાંયે એકદમ ચાલી જતી નથી. શૅરસટ્ટા, રેસ, જુગાર, અનીતિ દ્વારા મેળવેલી સંપત્તિ ઝાઝી ટકતી નથી. પણ લોહી–પરસેવાની સંપત્તિ ચંચળ બનતી નથી. `Easy Come, Easy go.' આવી સંપત્તિ વાયુવેગે આવે ને વીજળી વેગે વહી જાય. ગીતા અને બાઇબલે–બ્રેડ લેબર–પસીનો પાડીને રોટલો રળવાની વાત કરી છે તે કેટલી બધી યથાર્થ છે. લક્ષ્મી તો વિષ્ણુ–પત્ની છે, લફંગાઓની નહીં. લફંગી લક્ષ્મીથી વૈભવનાં વરવાં પ્રદર્શનો કરનારની 'ગોળા સાથે ગોફણ પણ જતી રહેતી હોય છે.'

શાસ્ત્રવિદ્યાપ્રાપ્તિ કાજે દાનેશ્વરી કર્ણ ગુરુ પરશુરામ પાસે ગયો. તત્વતઃ ક્ષત્રિય, કર્મે સૂતપુત્ર હોવા છતાં વિપ્ર હોવાનો દંભ કર્યો. દંભ ખુલ્લો પડી ગયો અંતે શાપ પામ્યો. ધર્મરાજ યુધિષ્ઠિર સત્યવાદી પણ કુરુક્ષેત્રના રણમેદાનમાં સેનાપતિ ગુરુ દ્રોણનો રોષ ને તાપ ન જીરવાતાં, વિજયની લાલસાથી 'અશ્વત્થામા' હસ્તિ હરણ્યે બોલ્યા પણ જે સત્યને પ્રતાપે એમનો રથ પૃથ્વીથી ચાર ઇંચ અદ્ધર ચાલતો હતો તે પૃથ્વી પર પડી રજોટળ્યો. આ તો કેવળ પ્રતીક છે...પણ એના સંદર્ભમાં શ્રી વિઠ્ઠલભાઇએ બીજું સૂત્ર સંભળાવ્યું:- `Hard Come, Easy go.' મતલબ કે સાચી-સ્થાયી કીર્તિ રળવી એ `Hard' છે... ઇંટ પર ઇંટ મૂકીને–સત્કર્મોનું સદન બંધાય છે-Hard Come પણ લોભ–લાલચ– પ્રમાદ કે ગફલતથી એ `Easy go' બની જાય છે. કીર્તિનાં કોટડાં બાંધવાં Hard છે, દુષ્કર છે પણ એને ટકાવવાં એથીય વિશેષ દુષ્કર છે.

માણસ એટલે ગુણદોષનું પૂતળું. ષડ્‌રિપુઓને જીતવા, અતિક્રમવા અવિરત પુરુષાર્થ કરવો પડે છે. મહાભારતની ઐતિહાસિકતાને શંકી કેટલાક એને રૂપકનો રંગ આપે છે ને કહે છે: 'પ્રત્યેક માનવીનું હૃદય જ કુરુક્ષેત્ર છે જ્યાં સદ્‌વૃત્તિરૂપી પાંડવો ને દુષવૃત્તિ રૂપ કૌરવોનું ૧૮ દિવસ જ નહીં પણ સનાતન યુદ્ધ નિરંતર ચાલ્યા કરે છે...જેમાં અંતે સદ્‌વૃત્તિરૂપી પાંડવોનો વિજય થાય છે. સદ્‌ગુણો મેળવવા–કેળવવા ને સ્થાયી બનાવા અતંદ્ર જાગ્રતિ દાખવવી પડે છે જ્યારે દુર્ગુણો તો રાજા નળનો અંગૂઠો સહેજ મેલો હતો ત્યાંથી કળિયુગ પેસી ગયો. તેમ જીવનમાં સહજ રીતે પેસી જાય છે. એટલે દુર્ગુણો (Vices) માટે કહેવાયું:-`Easy Come, Hard go'...આવે છે ચોર પગલે..વિના પ્રયત્ને પણ વજ્રલેપ જેવા દુર્ગુણોને કાઢવા ભગીરથ પ્રયાસ કરવો પડે છે.

મારા એક વિદ્વાન વિવેચક પ્રોફેસર મિત્ર છે. ખૂબ વાંચે છે, વિચારે છે, ચર્ચા કરે છે પણ જ્યારે હું તેમને લખવાનું કહું છું ત્યારે કહે છે: 'જ્યાં સુધી 'કન્વીક્શન' અને 'પરફેક્શન' ન આવે ત્યાં સુધી હાથમાં કલમ પકડવી નહીં' વર્ષોનો એમનો આ નિયમ છે. સોમાંથી પચાસને કશું જ નવું કહેવાનું હોતું નથી છતાંયે લખ્યા વિના, કહ્યા વિના રહી શકતા નથી ને બાકીના પચાસને કૈંક નવું કહેવાનું છે પણ લખતા નથી, કહેતા નથી.' વિશ્વમાં આવો વિસંવાદ જોવા મળે છે. 'પરફેક્શન'–પૂર્ણતાનો તો આદર્શ છે. મહાકવિ હોમર જેવાને માટે કહેવાય છે: `Even Homer nods'...કવચિત એવી અદ્વિતીય પ્રતિભાને પણ ઝોકું આવી જાય છે.' પણ 'કન્વીક્શન'ની બાબતમાં અભ્યાસ, ઉત્સાહ, શ્રદ્ધા ને અવલંબનની આવશ્યકતા હોય છે. ઘણાં પ્રયત્નો અને અવિરત પુરુષાર્થથી એનો ઉદય થાય છે એટલે પ્રતીતિની બાબતમાં કહેવાય છે:-

`Hard Come, Easy go.' શિવલિંગ ઉપરથી દોડતા મૂષકોને દેખી દયાનંદ સરસ્વતીની શ્રદ્ધા ડગી ગઈ ! કેટલાક આસ્તિકોને અજ્ઞેયવાદીઓની યાદી આપી શકાય.

શ્રી વિઠ્ઠલભાઈ પટેલનાં આ ચાર જીવનસૂત્રો મને તો ગમી ગયાં..તમને શું લાગે છે? 'ઇઝી હાર્ડ, હાર્ડ–ઇઝી'નું દ્વંદ્વ તો જીવનમાં રહેવાનું જ. પ્રશ્ન કેવળ વિધેયાત્મક અભિગમનો છે. ***

૨૨/૨, અરુણોદય સોસાયટી,
અલકાપુરી, વડોદરા–૭.

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. - 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/-    તા. ૧૬ નવેમ્બર, ૨૦૦૭    વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

વિક્રમ સંવત : ૨૦૬૪    વીર સંવત : ૨૫૩૪    કારતક સુદિ - તિથિ - ૬

## જિન-વચન

### ઘાતક ભાષા

तहेव सावज्जणुमोयणी गिरा
ओहारिणी जा य परोवघायणी ।
से कोह लोह भयसा व माणवो
न हासमाणो वि गिरं वएज्जा ।।

–दसवैकालिक–७-५४.

ક્રોધ, લોભ, ભય, માન કે મજાક-મશ્કરીમાં એવી ભાષા ન બોલવી જોઈએ કે જે પાપને વખાણનારી હોય, બીજાનો પરાભવ કરવાવાળી હોય કે બીજાનો ઘાત કરનારી હોય.

क्रोध, लोभ, भय, मान या मजाक में भी साधक सावद्य का अनुमोदन करनेवाली, अन्य का पराभव करनेवाली और अन्य का उपघात करनेवाली भाषा न बोले ।

One should not speak, out of anger, greed, fear, ego or for the sake of humour, such words as may encourage sin, or derogate others or may be instrumental in killing others.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી).

## આચમન

### એ જ તમે કે બીજા?

સાબરમતી આશ્રમમાં એવો નિયમ હતો કે, આશ્રમમાં થતાં શાકભાજીનો જ જેમ બને તેમ ઉપયોગ કરવો, બહારથી મંગાવવાં નહીં.

તે વખતે આશ્રમના ખેતરમાં કોળાં બહુ થતાં; એટલે સંયુક્ત રસોડે રોજ કોળાનું શાક થાય. કોળાનું શાક એટલે પાણીમાં કોળાના મોટા મોટા કટકા બાફેલા! અંદર મીઠું પણ નહીં નાખવાનું. જેને જોઈએ તે ઉપરથી મીઠું લે.

કેટલીય બહેનોને કોળાનું શાક એક યા બીજી રીતે માફક આવતું નહોતું. પણ કાંઈક સંકોચને કારણે બહેનો આ વાત બાપુને કરે નહીં અને છાનાંમાનાં બધું ચલાવી લે!

એકવાર બા બહેનોનું ઉપરાણું લઇને બાપુ પાસે પહોંચ્યાં અને કહે: 'કોળાનું શાક તે બાફેલું થતું હશે? એમાં તો મેથીનો વઘાર થાય, ગરમ મસાલો ને બધું નાખ્યું હોય તો જ નડે નહીં. નહીં તો કોળું તે નડ્યા વિના રહે?'

બીજે દિવસે પ્રાર્થના પછી બાપુ હસતાં હસતાં કહે: 'ચાલો, તમારી ફરિયાદ મંજૂર છે. જેમને વઘારીને અને મસાલો નાખીને શાક ખાવું હોય તે પોતાનાં નામ મને લખાવે.'

પરંતુ ત્યાં તો બા બોલી ઊઠ્યાં: 'એમ તમને નામ આપવાનાં નથી. અમે બહેનો અમારી મેળે મળીને નક્કી કરીશું.'

પછી બધી બહેનોએ મળીને પોતાનાં નામ નોંધાવ્યાં અને મસાલો ખાવાની છૂટ મેળવી.

પણ બાપુજી કોઈને સુખે મસાલો ખાવા દે એવા ઓછા હતા? બહેનોની પંગત બાપુની સામે જ બેસતી. એટલે બાપુ જમતાં જમતાં વિનોદમાં ટકોર કરતા જાય: 'કેમ વઘાર કેવો થયો છે? શાક બરાબર મસાલેદાર છે ને?'

બા પણ બાપુથી ઊતરે એવાં નહોતાં. કહે: 'હવે રહેવા દો! તમે પણ ઓછા હતા? પહેલાં દર રવિવારે મારી પાસે વેઢમી અને ભજિયાં અથવા પાતરાં કરાવીને બરાબર ઝાપટતા હતા એ જ તમે કે બીજા?'

❑ મહેન્દ્ર મેઘાણી

સંપાદિત 'ગાંધી ગંગા' માંથી.

*પ્રત્યેક ગુજરાતીના ઘરમાં આ પુસ્તક અવશ્ય હોવું જોઈએ જ. ઉપયોગ થયા પછી પસ્તીમાં પધરાવાતી મોંઘી કંકોત્રી સાથે એકાદ પુસ્તિકા પણ ભેટ મોકલાય તો લગ્નપ્રસંગ શુભેચ્છકોના જીવનમાં હૃદયંગમ બની જાય.*

***

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | પધારો... | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | ઇસ્લામ અને અહિંસા | ડૉ. મહેબૂબ દેસાઈ | ૫ |
| (૩) | ભગવાન મહાવીરની પાંચ પ્રવચન કથાઓ | પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ | ૯ |
| (૪) | ગુણજ્ઞ આચાર્ય | ડૉ. રણજિત એમ. પટેલ (અનામી) | ૧૧ |
| (૫) | ડૉ. આંબેડકર વિષે કંઈક અવનવું | શ્રી મનસુખલાલ ઉપાધ્યાય | ૧૨ |
| (૬) | ઘોર હિંસાથી બનતી હોમિયોપેથી દવાઓ અહિંસાના પૂજારીઓથી વપરાય | અતુલકુમાર દલપતરાય શાહ | ૧૩ |
| (૭) | અધ્યાત્મરસનું પાન કરવાનો અવસર : જૈન સાહિત્ય જ્ઞાનસત્ર | શ્રી ગુણવંત બરવાળિયા | ૧૫ |
| (૭) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૮ |
| (૮) | આત્મસિદ્ધિશાસ્ત્ર | શ્રી પ્રતાપકુમાર ટોલિયા | ૧૯ |
| (૧૧) | પંથે પંથે પાથેય | — | ૨૦ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/- | U.S. $ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/- | U.S. $ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/- | U.S. $ 40-00 |
| આજીવન લવાજમ | રૂા. ૨૫૦૦/- | U.S. $112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/- | U.S. $100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

☛ ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો. કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે

❑ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૭ ● ● અંક : ૧૧ ● ● તા. ૧૬નવેમ્બર, ૨૦૦૭ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## પધારો...

પધારો વિક્રમ સંવત ૨૦૬૪,
માંગલ્ય આપો વીર સંવત–૨૫૩૪.
નૂતન વર્ષાભિનંદન !

'પ્રબુદ્ધ જીવન'ના સર્વે જિજ્ઞાસુ ભાવકોને અમારા-અભિનંદન! નવું વર્ષ આપને મનની અખૂટ સમૃદ્ધિ આપે, સર્વે જીવોના કલ્યાણની અખંડધૂન આપના હૃદયમાં ગુંજતી રહો!

'હું' ને ઓળખી અને પછી સતત 'હું'નું વિગલન થતું રહે, તપ, જ્ઞાન અને ભક્તિનો સાચો રાહ પ્રાપ્ત થાય, 'પુદ્ગલ'ની નહિ પણ 'પરમ'ની આરાધના થતી રહે, અપરિગ્રહ અને અહિંસાના નવાં નવાં રંગો અને સુગંધો આપના જીવનની ક્ષણે ક્ષણમાં ઉમેરાતા જાય, હરપળે જીવન દૃષ્ટિ જાગૃત થતી રહે, વિશ્વમાં વિહરતા પ્રત્યેક આત્મામાં 'સ્વઆત્મા'નું દર્શન થતું રહે, જીવનમાં સદાય આનંદ મંગલની આરતિ ગૂંજતી રહે અને હરપળે પરમ શાંતિની ઝંખના ધબકતી રહે એવી 'પરમ તત્ત્વ'ને અમારી પ્રાર્થના!

ભારત આજે આર્થિક સમૃદ્ધિ તરફ ઝડપથી નવા નવા શિખરો સર કરતું રહે છે, નવી શોધો અને નવા ઉપાદાનો દ્વારા વાસ્તવિક જીવનને અનુકૂળ થાય એવા કહેવાતા 'સુખ' પ્રાપ્ત થયા છે. સાચા 'સુખ'નો વિસ્તાર આજે મોટો થયો નથી. શ્રીમંત વધુ શ્રીમંત બન્યો છે. ગરીબ હજી ત્યાં ને ત્યાં જ ઊભો છે અને રોજ નવા નવા 'સ્વપ્નો' પીવે છે, 'પીવડાવાય' છે. સમાચારપત્રો અને સરકાર પણ આવા સ્વપ્નો ગરીબને વહેંચે છે. ભૌતિક સમૃદ્ધિનો સેનસેક્સ રોજ વધતો જાય છે. જગતના શ્રીમંતોની યાદીમાં ભારતના શ્રીમંતોનું નામ ચમકે છે અને આપણે ફરજિયાત પોરસાવું પડે છે! છેલ્લા દશ વર્ષમાં અબજોપતિની સંખ્યા ૪૦૦ થઈ છે. 'ગરીબી'નો સેનસેક્સ કેટલો ઘટ્યો, મોંઘવારી કેટલી ઘટી, એ તરફ જોવાની કોને ફૂરસદ છે? 'ભારતમાં આજે ૮૦ કરોડ માણસો ગરીબ છે, એટલે કુલ વસ્તીના ૭૭ ટકા! આ બધાને રૂા. ૨૦ ની રોજી મળે છે. લાખો માણસો ભૂખ્યા સૂએ છે!' ખેડૂતોના આપઘાતો વધ્યા છે. બળાત્કારો અને ખૂનો તેમ જ લૂંટના સમાચાર રોજ વાંચવા પડે છે! ગરીબ અને મધ્યમ વર્ગને પોતાના 'સંસ્કાર' વેચીને રોજીંદુ જીવન જીવવું પડે એવો કપરો સમય આવ્યો છે. આઝાદીના સાંઠ વર્ષ પછી આ પરિસ્થિતિ?

રાજકારણીઓ અને ઈમાનદાર વહિવટકારો મળ્યા હોત, તો આજે આવું અરણ્યરૂદન કરવાનો વખત ન આવત. અંગ્રેજોએ આપેલા એ જ વહિવટી શિક્ષણને પાયામાંથી બદલવાની જરૂર છે. નીચેથી ઉપર ભ્રષ્ટાચારીઓની સાંકળથી બંધાયેલો ભારતવાસી આજે ત્રસ્ત છે! આ જંજીરમાંથી એ ક્યારે છૂટશે? કોણ છોડાવશે? સાધન શુદ્ધિનો છેદ ઉડાડી દીધો છે અને નીતિને દેશવટો આપી દીધો છે!

ગાંધી માત્ર સ્વરાજ જ ઇચ્છતા ન હતા, સ્વરાજ સાથે સર્વની સર્વરીતે સુખાકારી ઇચ્છતા હતા. ગાંધીજીના વિચારમાં પ્રવેશીએ:

**'સાચું અર્થશાસ્ત્ર સામાજિક ન્યાયને માટે ખડું છે.**

મારે કબૂલ કરવું જોઇએ કે અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર વચ્ચે હું ભેદ પાડતો નથી. જે અર્થશાસ્ત્ર વ્યક્તિ અથવા પ્રજાના હિતને ઈજા કરે તે નીતિની વિરુદ્ધ હોઈ પાપ છે. તેથી એક દેશને હાથે બીજા દેશને કચડવાને સારું અર્થશાસ્ત્રનો પ્રયોગ થાય તેને હું અનીતિ ગણું છું. મજૂરોનું લોહી ચૂસીને બનેલી વસ્તુઓ લેવી કે વાપરવી એ પાપ છે.

આ દેશની અને આખા જગતની આર્થિક રચના એવી હોવી જોઈએ કે જેથી એક પણ પ્રાણી અન્ન–વસ્ત્રના અભાવથી પીડાય નહીં, એટલે કે બધાને પોતાના નિભાવ પૂરતો ઉદ્યમ મળી રહે, અને જો આવી સ્થિતિ આખા જગતને વિષે આપણે ઇચ્છતા હોઈએ તો અન્ન–વસ્ત્રાદિ પેદા કરવાનાં સાધનો દરેક મનુષ્યની પોતાની પાસે રહેવા જોઈએ. તેમાંથી એકને ભોગે બીજાએ ધનસંપત્તિનો લોભ મુદ્દલ રાખવો જ ન જોઈએ. જેમ હવા અને પાણી ઉપર

સૌને સરખો હક છે, અથવા હોવો જોઈએ તેમ જ અન્નવસ્ત્રનું હોવું જોઈએ. તેનો ઇજારો કોઈ એક દેશ, પ્રજા અથવા પેઢીની પાસે હોય એ ન્યાય નહીં પણ અન્યાય છે. આ મહાન સિદ્ધાંતનો અમલમાં અને ઘણી વેળા વિચારમાંયે સ્વીકાર નથી થતો તેથી જ આ દેશમાં અને જગતમાંના બીજા ભાગમાં પણ ભૂખનું દુઃખ વર્ત્યા કરે છે.

જેમ બધું સાચું નીતિશાસ્ત્ર, તેના નામ પ્રમાણે, સારું અર્થશાસ્ત્ર પણ હોવું જોઈએ તેમ સાચું અર્થશાસ્ત્ર ઊંચામાં ઊંચા નૈતિક ધોરણને વિરોધી ન હોય. જે અર્થશાસ્ત્ર ધનપૂજાનો ઉપદેશ કર્યા કરે છે અને નબળાઓને ભોગે જબરાઓને ધનસંચય કરવા દે છે તે ખોટું શાસ્ત્ર છે. એ ઘાતક છે. બીજી બાજુ સાચું અર્થશાસ્ત્ર સામાજિક ન્યાયને માટે ખડું છે, તે નબળામાં નબળા સહિત સૌનું ભલું કરવાનો પ્રયત્ન કરે છે તેમ જ સભ્યજીવન માટે અનિવાર્ય છે.

મારે તો સૌનો દરજ્જો સમાન બનાવવો છે. આટલાં સૈકાં થયાં શ્રમજીવી વર્ગોને અળગા રાખવામાં આવ્યા છે ને હલકા માનવામાં આવ્યા છે. એમને શૂદ્ર ગણેલા છે, ને એ શબ્દને હલકા દરજ્જાનો સૂચક ગણેલો છે. મારે વણકર, ખેડૂત અને શિક્ષકનો છોકરાની વચ્ચે ઊંચાનીચાનો ભેદ મનાવા નથી દેવો.

–ગાંધીજી'

આપણે ઇચ્છીએ કે ગાંધીજીની આ ભાવના વાસ્તવમાં જલદી જીવંત થાય.

*સાંઈ ઈતના દીજીએ જામે કુટુંબ સમાય,*
*મૈં ભી ભૂખા ના રહું, સાધુ ના ભૂખા જાય...*

–કબીર

શ્રીમંતોની શ્રીમંતાઈનું ભૌતિક પ્રદર્શન, આ રીબાતો વર્ગ ક્યાં સુધી જોઈ શકશે? 'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે ત્યારે ખંડેરની ભસ્મકણી પણ નહિ લાધશે'–મળશે.

તો પણ આ વર્ગ ખેલદિલ બની દીપાવલીના દિવડા પ્રગટાવે છે. દુઃખોને પચાવીને આનંદ ઉત્સાહનું મ્હોરું પહેરી લે છે. હજી એ ગણેશોત્સવ, નવરાત્રી અને બધાં જ તહેવારો ઘેલા બનીને ઉજવે છે. એટલું સારું છે કે ઝળહળતી નાતાલ પાર્ટીઓના રવાડે પોતાના ભારતીય ઉત્સવોને ભોગે એ હજી ચડ્યો નથી, પણ દેખાદેખીનો ચેપ ક્યારે લાગશે એ ભય તો ખરો જ. કેટલાંકને પૂછો તો ખરા, આ કઈ વિક્રમ સંવત અને વીર સંવતમાં આપણે પ્રવેશ્યા? ઉત્તર બહુ ઓછાં પાસેથી મળશે. અને સન પૂછો તો? બધાં જ કહેશે ૨૦૦૭. અને હવે પછી ૨૦૦૮. આપણે ન ભૂલવા જેવું ભૂલી રહ્યા છીએ અને ભૂલવા જેવી હકીકતોને પાણી પાઈ રહ્યા છીએ.

ઊંચા વ્યાજ કમાવવાના ધ્યેય સાથે યુવકોને ક્રેડિટ કાર્ડ અને 'દેવા'ના વમળમાં ફસાવાય છે. પહેલા દેવું કરો અને પછી 'એ ભરવા દોડો', જીવનની શાંતિ અને નીતિને ભોગે દોડો જ દોડો..

આ બધાંથી યુવાનો નવા વરસે બચી જાય એવી શુભ કામના.

સંપ્રદાય વડાઓ 'ધર્મ' અને 'સંસ્કાર'ને નામે યુવા વર્ગને વાસ્તવિકતા અને પુરુષાર્થથી દૂર કરી જન્મ, પુનઃ પૂર્વજન્મના કર્મોની દવા પીવડાવી રહ્યાં છે. ભક્તિની ધૂન ક્યારે 'વ્યસન' બની ગયું એની ખબર પણ પડતી નથી!

વર્તમાનપત્રોમાં મર્સીડીઝ કે ખૂબ જ મોંઘા ઉપકરણોની જાહેરાત ભલે થાય પણ જે દિવસે મારા પ્રત્યેક ભારતવાસી પાસે એક એક સાયકલ હશે, એક સિવણ યંત્ર હશે, પ્રત્યેકને પોતાનું નાનું ઘર હશે, શિક્ષણ અને હૉસ્પિટલની સુવિધા વિના મૂલ્યે પ્રાપ્ત થશે. તો શિક્ષણ ઉદ્યોગ નહિ બને અને ડૉક્ટરો પોતાની કેળવણીનો બિભત્સ ઉપયોગ નહિ કરે. દરેકને સ્વમાન પૂર્વકની રોજગારી મળશે ત્યારે જ 'મારું ભારત મહાન' જણાશે, અત્યારની સમૃદ્ધિ વ્યક્તિનિષ્ઠ ન બનતા, સૂર્યના કિરણોની જેમ સર્વે ઉપર વરસે તો આ સ્વપ્નું અશક્ય નથી.

ના, ના, કોઈ નાગરિક 'આળસુ' નહિ બની જાય એ ચિંતા ના કરશો.

સંકલ્પ નક્કી કર્યા બાદ તે સિદ્ધ કરવા, સમજપૂર્વકની સખત મહેનત કરવી પડશે, નહેરુજી જે અંગ્રેજ કવિ રોબર્ટ ફ્રોસ્ટની પંક્તિઓ પોતાના શયનખંડમાં સતત નજર સમક્ષ રાખતા તે યાદ રાખવા જેવી છે.

*Woods are lovely dark and deep,*
*but I have a promises to keep;*
*and miles to go before I sleep,*
*and miles to go before I sleep.*

'જંગલો કેટલા સુંદર છે. પ્રગાઢ અને રળિયામણા છે. આ જંગલોમાં ફરવાનું તો ખૂબ જ ગમે છે પણ મારે મારા જીવનના વચનો પાળવાના છે. હું જંપી જાઉં તે પહેલા મારે માઈલોના માઈલોની મુસાફરી કરવાની છે.'

નૂતન વર્ષ આવા વર્ગને આવી રીતે ક્યારેક ફળશે એવી શુભેચ્છા અને શ્રદ્ધા સાથે, નમન, નમન.

❑ **ધનવંત શાહ**

## આજીવન લવાજમ યોજના

ભવિષ્યની મોંઘવારીને ધ્યાનમાં રાખીને 'પ્રબુદ્ધ જીવન'ની આજીવન લવાજમ યોજના જાન્યુઆરી ૨૦૦૮ થી અમે પાછી ખેંચીએ છીએ.

એટલે જાન્યુઆરી ૨૦૦૮ થી નવા આજીવન ગ્રાહકોને નોંધવાનું શક્ય નહિ બને, એ માટે અમને ક્ષમા કરશો.

અલબત્ત, તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધી આજીવન ગ્રાહક તરીકે નોંધાયેલા સર્વે જિજ્ઞાસુ વાચકોને 'પ્રબુદ્ધ જીવન' આજીવન નિયમિત મળતું રહેશે જ.

તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધી આજીવન ગ્રાહક યોજનાનો સર્વે જિજ્ઞાસુઓને લાભ લેવા વિનંતિ.

–મેનેજર

# ઇસ્લામ અને અહિંસા

❑ ડૉ. મહેબૂબ દેસાઇ

### ૧. ભૂમિકા

ઇસ્લામ અને અહિંસાને કોઇ જ સંબંધ નથી, એમ માનનારની ભલે બહુમતી હોય. પણ ઇસ્લામના મૂળભૂત સિદ્ધાંતોમાં અહિંસા પાયામાં છે. આ વિધાન નવાઈ પમાડે તેવું જરૂર લાગશે. પણ ઇસ્લામને સાચા અર્થમાં જાણનાર, સમજનાર કે તેના તત્ત્વજ્ઞાનને પામનાર દરેક માનવી આ બાબતનો ઇન્કાર કરી શકે તેમ નથી.

કુરાને શરીફનો આરંભ જે સૂરા (શ્લોક)થી થયો છે, તેને અલ ફાતેહા કહે છે. અલ ફાતેહા એટલે શરૂ કરવું, આરંભ કરવો. આ પ્રથમ સૂરાને મહંમદ સાહેબ (સ.અ.વ.)એ 'ઉમ્મુલ કુરાન' અર્થાત્ કુરાનની મા કહેલ છે. આ સૂરા દયા, કૃપા, સ્તુતિ, પ્રાર્થના, સન્માર્ગ જેવા શબ્દોથી શણગારેલ છે. આ સૂરામાં કહ્યું છે.

'શરૂ કરું છું અલ્લાહના નામથી જે દયા સાગર છે. અત્યંત કૃપાળુ છે. અલ્લાહ, અમે તારીજ બંદગી કરીએ છીએ. તું જ સર્વનો પાલનહાર છે. તું દયાવંત અને કૃપાળુ છે. તું તે દિવસનો માલિક છે, જ્યારે સૌને પોતાના કર્મના ફળો ભોગવવા પડશે. હે અલ્લાહ, અમે તારી જ પ્રાર્થના કરીએ છીએ. અને તારું જ શરણ શોધીએ છીએ. તું અમને સન્માર્ગે લઈ જા. તું અમને એવા માર્ગે લઇ જા, જે રસ્તે તારા કૃપાપાત્રો ચાલ્યા છે. એવા રસ્તે અમને ક્યારેય ન દોરીશ, જે માર્ગે ચાલતા તું નારાજ થા અને અમે ગુમરાહ થઈ જઇએ.'

કુરાને શરીફની આ પ્રથમ સૂરા 'અલ ફાતેહા' પરમ કૃપાળુ અલ્લાહને સમર્પિત છે, સદ્કાર્યોને પામવાની પ્રાર્થના છે. તેમાં ક્યાંય હિંસાને સ્થાન નથી. પ્રત્યક્ષ કે પરોક્ષ હિંસાનો નિર્દેશ સુદ્ધાં નથી.

કુરાને શરીફમાં એક પ્રસંગ છે. જેમાં આદમના પુત્રને મારી નાંખવાની ધમકી આપવામાં આવે છે. ત્યારે ધમકી આપનારને આદમનો પુત્ર કહે છે,

'તું તારો હાથ મારવા ઉગામીશ તો ય હું મારો હાથ તારી સામે ઊંચો નહિં કરું, કેમ કે હું દુનિયાના સર્જક ખુદાથી ડરું છું.' (ઇન્ની અમાફુલ્લાહ રબ્બિલ આલમિન).

અને એ શહિદ થઈ ગયો.(૨)

કુરાને શરીફની અહિંસાની વિભાવનાને વ્યક્ત કરતા ગાંધીજીએ કહ્યું છે,

'હું એવા અભિપ્રાય ઉપર આવ્યો છું કે-કુરાને શરીફનો ઉપદેશ મૂળમાં તો અહિંસાની તરફદારી કરનારો છે. એમાં કહ્યું છે કે અહિંસા એ હિંસા કરતા બહેતર છે. અહિંસાનું આચરણ ફરજ સમજીને કરવાનો એમાં આદેશ છે. હિંસાની તો માત્ર જરૂર તરીકે છુટ મુકી છે એટલું જ.' (૩)

હિંસા શબ્દનો ભૌતિક અર્થ આપણી મનોદશામાં એવો બંધાઈ ગયો છે કે ઇસ્લામની ત્રણ બાબતો કુરબાની, જેહાદ અને પરમાટી સેવનને આપણે ઇસ્લામની હિંસા તરીકે ઓળખવા લાગ્યા છીએ. પણ એ ત્રણે બાબતોની મર્યાદિત સમજમાંથી બહાર નીકળી, તેના સાચા આધ્યાત્મિક સ્વરૂપને સમજીશું તો કદાચ આપણે ઇસ્લામની અહિંસાને પામી શકીશું. પણ એ માટે સૌ પ્રથમ જૈનધર્મ અને ગાંધીજીની અહિંસાને સમજવાની જરૂર છે.

અહિંસા જૈનધર્મનો પાયાનો સિદ્ધાંત છે. ગાંધીજીએ દરેક ધર્મના શ્રેષ્ઠ તત્ત્વોને પોતાના જીવનમાં ઉતારી, આશ્રમવાસીઓ પાસે મૂક્યા હતા. ગાંધીજીએ જૈન ધર્મમાંથી અહિંસાના સિદ્ધાંતને સ્વીકાર્યો હતો. સમૂહ પ્રાર્થના અને ધાર્મિક સમાનતા ઇસ્લામમાંથી લીધા હતા. જોકે જૈનધર્મના સ્થાપક ભગવાન મહાવીર સ્વામીની અહિંસા અને ગાંધીજીની અહિંસામાં ભેદ છે. ભગવાન મહાવીર સ્વામીની અહિંસા અત્યંત સૂક્ષ્મ છે. જ્યારે ગાંધીજીની અહિંસા માનવીય છે. અને આ બંનેની તુલનામાં ઇસ્લામની અહિંસા વાસ્તવદર્શી છે.

જૈન ધર્મના સિદ્ધાંત મુજબ જગત અને જીવ સાચા બ્રહ્મ નથી, મોક્ષ માટે અઢાર દોષોમાંથી મુક્તિ જરૂરી છે. એ અઢાર દોષો એટલે પ્રાણાતિપાત (નાનામાં નાની જીવહિંસા), મૃષાવાદ (જુઠું બોલવું), અદત્તાદાન (ચોરી), મૈથુન (વિષયસેવન), પરિગ્રહ (ધન-ધાન્ય સંચય), ક્રોધ, અહંકાર, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન (કોઇના માથે આળ ચઢાવવું), પૈશુન (ચાડી-ચુગલી), રતિ (સુખ-દુઃખ), પરપરિવાદ (પારકી નિંદા), માયા-મૃષાવાદ (કપટ સાથે જુઠું બોલવું) અને મિથ્યાત્વ અર્થાત્ અંધશ્રદ્ધા. આ અઢારે દોષોમાંથી મુક્ત થવા જૈનધર્મે ત્રણ ઉપાયો (રત્નો) આપ્યા છે. સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્વાલી અને સમ્યગ્ચરિત્ર. જૈનધર્મના આ સિદ્ધાંતો દર્શાવે છે કે હિંસા કરવી, કરાવવી કે અનુમોદન ત્રણે સમાન પાપ છે. કીડીમાત્રની હત્યાનો વિચાર પાપ છે. એમ જ કીડીની હત્યા સમયે આનંદ કે ઉપેક્ષા બંને પાપ છે. એ સમયે કરુણા એ જ ધર્મ છે. આટલી સૂક્ષ્મ અહિંસા પાછળનો જૈનધર્મનો ઉદ્દેશ સમાજને મૂલ્યનિષ્ઠ અને ચારિત્ર્યશીલ બનાવવાનો છે.

ગાંધીજીએ સત્ય અને અહિંસાને સત્યાગ્રહના શસ્ત્રો બનાવ્યા હતા. સત્યના પ્રયોગો એ તેમનો જીવનમંત્ર હતો. અહિંસાની તેમની વિભાવના અત્યંત માનવીય હતી. યુદ્ધમાં કામ કરવાથી માંડીને, આશ્રમના રિબાતા વાછરડાને ઝેરનું ઇન્જેક્શન આપી મુક્તિ આપવાની ચેષ્ટા કરનાર ગાંધીજીએ અહિંસાને કાયરતાનું સ્વરૂપ નથી આપ્યું. તેમણે અહિંસાના પોતાના માનવીય વિચારો વ્યક્ત કરતા કહ્યું છે,

'અહિંસા વ્યાપક વસ્તુ છે. હિંસાની હોળીની વચ્ચે સપડાયેલા આપણે પામર પ્રાણી છીએ. 'જીવ જીવની ઉપર જીવે છે.' એ ખોટું વાક્ય નથી. મનુષ્ય એક ક્ષણ પણ બાહ્ય હિંસા વિના નથી જીવી શકતો. ખાતા પીતા, બેસતા ઉઠતા, બધી ક્રિયાઓમાં ઇચ્છા અનિચ્છાએ કંઈક હિંસા તે કર્યા જ કરે છે. તે હિંસામાંથી નીકળવાનો તેનો મહાપ્રયાસ હોય, તેની ભાવના કેવળ અનુકંપા હોય, તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુનો પણ નાશ ન ઇચ્છે અને યથાશક્તિ તેને બચાવવાનો પ્રયાસ કરે, તો તે અહિંસાનો પૂજારી છે. તેની પ્રવૃત્તિમાં નિરંતર સંયમની વૃદ્ધિ હશે. તેનામાં નિરંતર કરુણા વધતી હશે. પણ કોઈ દેહધારી બાહ્ય હિંસાથી મુક્ત નહિં થઈ શકે. (૪)

ગાંધીજીની આવી માનવીય અભિગમને સાકાર કરતી અહિંસા ભગવાન મહાવીર સ્વામીની સૂક્ષ્મ અહિંસા કરતા આપણને વધુ સરળ લાગશે. પણ તેની સરળતાનો આભાસ તેના અમલીકરણ સમયે અત્યંત કઠીન બની જાય છે.

### ૨. ઇસ્લામના સિદ્ધાંતો અને અહિંસા

ગાંધીજીએ ઇસ્લામનો અર્થ સ્પષ્ટ કરતા કહ્યું છે,

'ઇસ્લામનો અર્થ શાંતિ છે. એ શાંતિ મુસલમાનોની જ નથી, પણ સૌ કોમ અને વિશ્વશાંતિની છે.' (૫)

ઇસ્લામની આવી વિશ્વવ્યાપી શાંતિની સ્થાપના માટે જરૂરી છે અહિંસા. અહિંસાના આચરણ માટે ઇસ્લામના પાયાના સિદ્ધાંતોને સમજવા પડે, પામવા પડે. ઇસ્લામના પાયાના પાંચે સિદ્ધાંતોની વિશિષ્ટતા એ છે કે તેમાં ક્યાંય હિંસાનો ઉલ્લેખ સુદ્ધાં નથી. પણ મન, વચન અને કર્મની અહિંસાને પામવા આ પાંચે સિદ્ધાંતો અનિવાર્ય છે.

ઇસ્લામના પાંચ સિદ્ધાંતોમાં ઇમાન, નમાઝ, રોઝા, જકાત અને હજ્જનો સમાવેશ થાય છે. ઇમાન એટલે શ્રદ્ધા, વિશ્વાસ. ઇસ્લામનો મૂળભૂત સિદ્ધાંત 'તૌહિદ' અર્થાત્ એકેશ્વરવાદ ઇમાનના મૂળમાં છે. 'ખુદા એક છે, તેનો કોઇ જ ભાગીદાર નથી. અને મહંમદ ખુદાના પયગમ્બર છે.'

'લાઇલાહા ઇલ્લિલ્લાહ, મુહમદુરરસુલ્લિલાહ'

ખુદામાં દઢ વિશ્વાસ રાખવાનો આદેશ આ વિધાનમાં સ્પષ્ટ થાય છે. નમાઝ એટલે પ્રાર્થના. કુરાને શરીફમાં પાંચ વક્તની નમાઝ ફરજિયાત પઢવાનો આદેશ છે. મુસ્લિમ બાળક સમજણું થાય ત્યારથી તેના માથે પાંચ વક્તની નમાઝ ફરજિયાત છે. જો કે નમાઝની ક્રિયા હજરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)ની દેન છે. રોઝા એટલે ઉપવાસ.

દરેક ધર્મમાં સોમ, ઉપવાસ કે રોઝાને સ્વીકારવામાં આવેલ છે. શરીર અને મનની શુદ્ધિ માટે રોઝા અનિવાર્ય છે. માત્ર ભૂખ્યા-તરસ્યા રહેવાને ઇસ્લામે રોઝાનો દરજ્જો નથી આપ્યો. ઉપવાસ દરમ્યાન બૂરા મત દેખો, બૂરા મત સૂનો, બૂરા મત કહો અને બૂરા મત સોચોનો સંયમ અત્યંત જરૂરી છે. અન્યથા ભૂખ્યા તરસ્યા રહેવા છતાં રોઝાનું પુણ્ય પ્રાપ્ત થતું નથી. જૈન ધર્મમાં સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચરિત્રનો જે સિદ્ધાંત છે તે જ રોઝાની ફળશ્રુતિ માટે અનિવાર્ય છે. રોઝા દરમ્યાન મન, શરીર કે વિચાર સુદ્ધાંની હિંસા કે નિંદાને સ્થાન નથી.

ઇસ્લામનો ચોથો સિદ્ધાંત છે જકાત. જકાત એટલે ફરજિયાત દાન. સમાજમાં રહેલ સામાજિક-આર્થિક અસમાનતાને દૂર કરવાનો સ્પષ્ટ ઉદ્દેશ તેમાં સમાયેલો છે. સૌ માટે રોટી, કપડા અને મકાનની પ્રાથમિક જરૂરીયાત પૂર્ણ કરવાનો માર્ગ એટલે જકાત. જે મુસ્લિમ પાસે પોતાની જરૂરીયાત કરતા વધારે સ્થાવર કે જંગમ મિલ્કત હોય તો તેણે પોતાની વાર્ષિક આવકમાંથી અઢી ટકા ગરીબ જરૂરતમંદો માટે ફરજિયાત દાનમાં આપવાનો આદેશ એટલે જકાત. સમાજને સમાન, તંદુરસ્ત અને દોષરહિત કરવાનો ઉદ્દેશ જકાતના મૂળમાં છે. માનવીની પ્રાથમિક જરૂરીયાતો પૂર્ણ ન થાય ત્યારે જ તે ગુનાહ અને અને હિંસા તરફ વળે છે. એ અપકૃત્યોથી સમાજને મુક્ત કરવા જકાત આપવી ફરજિયાત છે. અહિંસાની આવી વ્યવહારૂ વ્યવસ્થા અન્ય કોઈ ધર્મે ફરજિયાત પણે સ્વીકારી હોય તેમ ભાસતું નથી.

ઇસ્લામનો અંતિમ સિદ્ધાંત હજ્જ છે. હજ્જ એટલે મક્કા-મદિનાની ધાર્મિક યાત્રા. હજ ઇસ્લામમાં ફરજિયાત છે. જેની પાસે હજયાત્રાએ જવાની પૂરતી નાણાકિય સગવડ હોય, જેણે પોતાની વર્તમાન અને ભવિષ્યની કૌટુંબિક, સામાજિક જવાબદારીઓ માટે નાણાકીય આયોજન કરી રાખ્યું હોય, જે પોતાના નાના મોટા તમામ કરજમાંથી મુક્ત થઈ ગયો હોય, તેવા કોઇપણ મુસ્લિમ માટે હજયાત્રા ફરજિયાત છે. હજયાત્રાએ જતા સમયે દરેક મુસ્લિમ 'અહેરામ' ધારણ કરે છે. 'અહેરામ' એટલે સિવ્યા વગરનું સફેદ કપડું. જેનો ઉપયોગ હજયાત્રા દરમ્યાન શરીર ઢાંકવા માટે થાય છે. અહેરામ ધારણ કરેલ હજયાત્રીઓ જૈન સાધુઓ જેવા ભાસે

છે. અહેરામ ત્યાગનું પ્રતીક છે. દુનિયાના મોહ, માયા અને બંધનોમાંથી મુક્તિ એટલે અહેરામ.

ઇસ્લામના આ પાંચે સિદ્ધાંતો મૂલ્યનિષ્ઠ, ચારિત્ર્યશીલ અને અહિંસક સમાજરચના માટે પ્રેરક છે. આ સિદ્ધાંતોમાં ક્યાંય હિંસાનો નામ માત્રનો ઉલ્લેખ જોવા મળતો નથી.

**૩. ઈસ્લામનો પ્રચાર અને અહિંસા**

ઈસ્લામના પ્રચારમાં હિંસાનો ઉપયોગ થયાનો વિચાર ખાસ્સો પ્રચલિત અને દૃઢ છે. પણ એ ઐતિહાસિક કે આધ્યાત્મિક સત્ય નથી. એ માટેના સંશોધનો કે અભ્યાસને પૂરતો અવકાશ છે. કોઈ ધર્મ કે તેના વિચારો, બળ કે હિંસા દ્વારા ક્યારેય લોકમાન્ય બની શકે નહિં. અલબત્ત તેના ધર્મગ્રંથનો પ્રભાવ અને તેના સંતોના મૂલ્યનિષ્ઠ, સેવા પરાયણ, સાદગીસભર જીવનની ધારી અસર સમાજ પર થાય છે. અંગ્રેજ લેખક મેજર આર્થક ગ્લીન લીઓનાર્ડ લખે છે,

'જો કોઈ પણ પુસ્તકનું મૂલ્ય તેના એકંદર પરિણામોથી તથા મનુષ્ય જીવન પર તેનો શો પ્રભાવ પડ્યો તેનાથી આંકવું હોય તો દુનિયાના મહાન ગ્રંથોમાં કુરાનનું સ્થાન છે.' (૬)

ઈસ્લામ વિશ્વમાં ખાસ્સો પ્રસિદ્ધ અને પ્રચલિત મઝહબ છે. તેના પ્રચાર-પ્રસારનો આરંભ કરનાર હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)નું જીવન સાદગી, નમ્રતા અને ઇબાદતનું ઉત્તમ દૃષ્ટાંત છે. પોતાના સમગ્ર જીવન દરમ્યાન તેમણે ક્યારેય ઈસ્લામના પ્રચાર માટે બળનો ઉપયોગ કર્યો નથી. કુરાને શરીફમાં આ અંગે સ્પષ્ટ આદેશ છે કે,

'લા ઈકરા ફિદ્દિન'

અર્થાત્ ધર્મની બાબતમાં ક્યારેય બળજબરી ન કરીશ.

મહંમદ સાહેબ (સ.અ.વ.) એ આ આદેશનું ચુસ્તપણે પાલન કર્યું છે. કુરાને શરીફમાં ધર્મના પ્રચાર માટેના અનેક આદેશો જોવા મળે છે. જેમ કે,

'તું લોકોને તેના રબ (ખુદા)ની રાહ પર આવવા કહે ત્યારે તેમને હોંશિયારીથી અને સરસ શબ્દોમાં સમજાવ, તેમની સાથે ચર્ચા કરે ત્યારે ઉત્તમ અને મધુર શબ્દોનો પ્રયોગ કરજે. અને તેઓ જે દલીલ કરે તે ધીરજથી સાંભળ અને સહન કર. અને જ્યારે તેમનાથી જુદો પડે ત્યારે પ્રેમ અને ભલાઇથી જુદો પડ.'

'તમારા અલ્લાહની ઇચ્છા હોત તો સમસ્ત માનવ સમુદાય તમારી જ વાત માની લેત. તો શું તમે લોકો ઉપર બળજબરી કરશો કે તેઓ તમારું માની જાય.'

'હે મહંમદ, અલ્લાહે તમને જે જ્ઞાન આપ્યું છે, તેનું જ અનુસરણ કરો. એટલે કે એક જ ખુદા સિવાય અન્ય ખુદા નથી. અને જેઓ અન્ય દેવતાઓને પૂજે છે તેને છોડી દો.'

'જો ખુદાની ઈચ્છા હોત તો તેઓ પણ એક જ ઈશ્વર સિવાય બીજાને ન પૂજત. ખુદાએ તમને તેના ચોકીદાર બનાવીને નથી મોકલ્યા.' (૭)

કુરાને શરીફના આવા આદેશોનું મહંમદસાહેબ (સ.અ.વ.)એ અક્ષરસહ પાલન કરીને ઈસ્લામનો પ્રચાર કર્યો હતો.

એ સમયે અરબસ્તાનની અભણ અને અસંસ્કારી પ્રજા જુગાર, દારૂ અને દીકરીઓને જીવતી દાટી દેવા જેવા અધમ દૂષણોથી ઘેરાએલી હતી. એવા સમયે ઈસ્લામના મૂલ્યનિષ્ઠ સિદ્ધાંતોની વાત કરવાનું કાર્ય અત્યંત કપરું હતું. અરબસ્તાનની અભણ અને અસંસ્કારી પ્રજાના અપમાનો, કષ્ટો અને બહિષ્કારનો મહંમદ સાહેબ (સ.અ.વ.)એ અત્યંત ધીરજ (સબ્ર) થી સામનો કર્યો હતો. આ અંગે પંડિત સુંદરલાલ લખે છે,

'મહંમદ સાહેબ જ્યાં જ્યાં જતા ત્યાં તેમની મજાક ઉડાડવામાં આવતી, કટાક્ષભરી ટીકાઓ કરવામાં આવતી. તેઓ ઉપદેશ કરવા ઉઠતા ત્યારે તેમના પર મળ અને મરેલા જાનવરના આંતરડા ફેંકવામાં આવતા. લોકોને કહેવામાં આવતું કે 'અબ્દુલ્લાનો પુત્ર પાગલ થઈ ગયો છે, તેને સાંભળશો નહિં.' વળી શોર મચાવીને તેમની વાત કોઈ સાંભળી ન શકે તેવો પ્રયત્ન કરવામાં આવતો. કેટલીકવાર તો તેમને પથ્થર મારી મારીને લોહીલુહાણ કરી નાંખવામાં આવતા.' (૮)

આવી યાતનાઓ સાથે મહંમદસાહેબ (સ.અ.વ.)એ ત્રણ વર્ષ પસાર કર્યા છતાં ત્રણ વર્ષમાં માત્ર ચાલીસ માણસોએ ઈસ્લામનો અંગીકાર કર્યો. તેમાં સૌ પ્રથમ ઈસ્લામનો અંગીકાર કરનાર મહંમદસાહેબ (સ.અ.વ.)ની પત્ની હઝરત ખદીજા (રદિ.), અબુતાલિબનો દસ વર્ષનો પુત્ર અલી, ઝેદ, અબુબક્ર અને ઉસ્માન હતા. બાકીનામાં ગરીબ અને નાના માણસો હતા. ઘણાં તો ગુલામો હતા. જેમને એ સમયે જાનવરની જેમ વેચવામાં આવતા હતા.

માનસિક અને શારીરિક અનેક યાતનાઓ છતાં મહંમદસાહેબ (સ.અ.વ.) ક્યારેય નારાજ કે ગુસ્સે થયા ન હતા. અત્યંત સબ્ર, સહનશીલતા સાથે તેઓ લોકોને ખુદાનો સંદેશ સમજાવતા. તેમની એ ધીરજ ધીમે ધીમે અજ્ઞાન-અસંસ્કારી પ્રજાને સ્પર્શી ગઈ.

ભારત કે વિશ્વના અન્ય દેશોમાં ઈસ્લામનો ફેલાવો થયાના મૂળભૂત કારણોમાં ધર્મોપદેશકોનો ફાળો, સામાજિક અસમાનતા, શાસકોનો પ્રભાવ કારગત નિવડ્યા હતા. મહંમદસાહેબ પછીના ચારે ખલીફાઓ, સૂફીસંતો અને ધર્મપ્રચારકોએ ઇસ્લામના પ્રચારમાં નોંધપાત્ર પ્રદાન આપ્યું છે. અલબત્ત ક્યાંક ધર્મના

પ્રચારમાં બળજબરી કે હિંસા થઈ હશે. ઔરંગઝેબ તેના માટે ખાસ્સો બદનામ છે. પણ તેવી ઘટનાઓમાં ઇસ્લામનો દોષ નથી. બળજબરી કે હિંસા આચરનારની ઈસ્લામ અંગેની સાચી સમજનો તેમાં અભાવ છે. વળી, બળજબરીથી પ્રસરેલ ધર્મ ક્ષણજીવી બની રહે છે, તે સત્ય સ્વીકારવું જ રહ્યું. એટલે એ વાત સંપૂર્ણ સત્ય નથી કે ઈસ્લામનો પ્રચાર માત્ર તલવારના જોરે જ થયો છે.

કુરાને શરીફનું આ અવતરણ ઉપરોક્ત વિચાર માટે આધાર સ્તંભ સમું છે.

'અને ઈશ્વર, ખુદા સિવાયના અન્ય દેવ-દેવતાઓની જેઓ પૂજા કરે છે, તેમની નિંદા ન કરશો. તેમના પર ક્રોધ ન કરશો. ખુદાએ એવી હદો બાંધી દીધી છે કે સૌને પોતપોતાના કામો સારા લાગે છે. આખરે સૌ પોતાના ખુદા-ઈશ્વર પાસે જ જવાના છે. ત્યારે ઈશ્વર-ખુદા તેમના કર્મો વિશે અવશ્ય પૂછશે.'

**૪. કુરાને શરીફમાં અહિંસા**

ઈસ્લામનો ધર્મગ્રંથ કુરાને શરીફ હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) પર 'વહી' દ્વારા ઉતરેલ ખુદાના સંદેશાઓનો સંગ્રહ છે. આ સંગ્રહમાં માત્ર ધાર્મિક બાબતો નથી. પણ તે જીવન જીવવાની કળા શીખવતો ગ્રંથ છે. પ્રેમ, દયા, કરુણા, અહિંસા, નિતિમત્તા, સત્ય, સમભાવ, ભાઇચારો, પાડોશીધર્મ અને સર્વધર્મ સમભાવ જેવા અનેક વિષયો અને કથાઓ આ ગ્રંથમાં છે. ઈસ્લામ જેના માટે વિશેષ ચર્ચામાં રહ્યો છે, તે જિહાદ અને કુરબાની જેવા વિષયો અંગે પણ સ્પષ્ટ આદેશો તેમાં આપવામાં આવ્યા છે.

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) પર રમઝાન માસમાં ઉતરેલ પ્રથમ 'વહી' શિક્ષણ અને જ્ઞાનના મહત્ત્વને વ્યક્ત કરે છે. તેમાં ક્યાંય હિંસાનો ઇશારો સુદ્ધાં નથી. એ પ્રથમ વહીમાં ખુદાએ મહંમદ સાહેબ (સ.અ.વ.)ને કહ્યું હતું.

'પઢો-વાંચો પોતાના ખુદાના નામે જેમણે આખા વિશ્વનું સર્જન કર્યું છે. જેણે લોહીના એક બુંદમાંથી ઇન્સાનનું સર્જન કર્યું છે. એ જ તારો પાલનહાર ખુદા છે. જેણે ઇન્સાનને કલમ દ્વારા જ્ઞાન આપ્યું અને ઈન્સાન જે નહોતો જાણતો, જેનાથી તે અજ્ઞાન હતો, તે બધું તેને શીખવ્યું છે.'

કુરાને શરીફનો આરંભ 'બિસ્મીલ્લાહ અરરહેમાન નિરરહિમ' થી થાય છે. જેનો અર્થ થાય છે,

'શરૂ કરું છું અલ્લાહના નામે જે બેહદ મહેરબાન અને દયાળુ છે.'

કુરાને શરીફમાં પ્રેમ, કરુણા, અહિંસાને લગતી આયાતો ઠેર ઠેર જોવા મળે છે. જેમ કે,

'ખુદા ક્ષમાશીલ અને પ્રેમાળ છે.'

'એવું એક પણ પ્રાણી આ પૃથ્વી પર નથી કે જેની આજીવિકાનો ભાર ખુદા પર ન હોય, તે પ્રાણીમાત્રના નિવાસ અને અંતિમ વિશ્રામધામને જાણે છે.'

'અને ખુદા તમારા ઉપર કૃપાદૃષ્ટિ રાખવા ઇચ્છે છે, પણ ક્ષુદ્ર વાસનાઓની પાછળ ભટકનાર લોકો તમે આડે માર્ગે જઈને ખુદાથી દૂર ચાલ્યા જાવ છો.'

'ધરતીમાં ફસાદ ઉત્પન્ન ન કરો. અલ્લાહને પુકારતા રહો. નિશ્ચીત અલ્લાહની કૃપા સારા ચારિત્ર્યવાળા લોકોની સમીપ છે.'

'જે કોઈ રજમાત્ર પણ નેકી (સદ્કાર્ય) કરશે અને જે રજમાત્ર પણ બુરાઈ કરશે, તેને સૌને ખુદા જોઈ રહ્યો છે.'

'તારો રબ (ખુદા) એવો નથી કે તે વિના કારણ વસ્તીઓને નષ્ટ કરે.'

'અલ્લાહને શું પડી છે કે તે તમને અકારણ યાતનાઓ આપે? જો તમે કૃતજ્ઞતા દેખાડતા રહો અને શ્રદ્ધાથી નીતિના માર્ગે ચાલતા રહો.'

'અને જો તમે લોકોથી બદલો લો તો બસ એટલો જ લો જેટલી તમારી ઉપર બળજબરી કરવામાં આવી હોય, પરંતુ જો તમે સબ્ર રાખો તો તે ખુદાને વધારે પસંદ છે.'

'તેઓ જે સદ્કાર્યો કરે છે તેની કદર કરવામાં આવશે. અલ્લાહ સંયમી લોકોને સારી રીતે ઓળખે છે.'

'જ્યારે તમને કોઈ સલામ કરે તો તમે પણ તેને અત્યંત સારા શબ્દોમાં જવાબ વાળો. અથવા જેવા શબ્દો તેણે કહ્યા છે તેવા જ શબ્દોમાં જવાબ વાળો. અલ્લાહ દરેક બાબતોનો નિગેહબાન છે.'

શૈતાન માત્ર એટલું જ ઇચ્છે છે કે દારૂ અને જુગાર દ્વારા તમારી વચ્ચે દુશ્મનાવટ અને વેરભાવના ઉત્પન્ન કરે. તમને અલ્લાહની યાદ અને નમાઝથી અટકાવે. શું તમે અટકી જશો?'

આવી પ્રેમ, સદ્ભાવ, કરુણા અને અહિંસાની શીખ આપતી આયાતોથી ભરપુર કુરાને શરીફ અંગે ગાંધીજીએ કહ્યું છે,

'મહંમદ પણ ભારે કળાકાર કહેવાય, તેમનું કુરાન અરબી સાહિત્યમાં સુંદરમાં સુંદર છે. પંડિતો પણ તેને એવું જ વર્ણવે છે. એનું કારણ શું?

કારણ એ જ કે તેણે સત્ય જોયું અને સત્ય પ્રગટ કર્યું.' (૯)

**(ક્રમશઃ)**

'સુકુન', ૪૦૫, પ્રભુદાસ તળાવ સર્કલ,
ભાવનગર-૩૬૪૦૦૧

*મોટા માણસોએ જે મોટાઈ પ્રાપ્ત કરી હોય છે અને સાચવી રાખી હોય છે, તે અકસ્માત મેળવેલી વસ્તુ નથી હોતી, પણ જ્યારે રાત્રિના વખતે તેમના સોબતીઓ ઊંઘતા હતા, ત્યારે તેઓ સખત પરિશ્રમ કરતા હતા.*

# ભગવાન મહાવીરની પાંચ પ્રવચન કથાઓ

❑ પૂજ્ય મુનિશ્રી વાત્સલ્યદીપ

એક

દેવસર્જિત સમવસરણમાં ભગવાન મહાવીર દેશના આપતા હતા. દેશનાના પ્રવાહમાં જ્ઞાની ગૌતમે કહ્યું,

'ભગવાન, આજે અમને કોઈક રૂપકકથા કહો.'

ભગવાને મધુરું સ્મિત કર્યું. એમણે કહ્યું,

'કોઈ એક નગરમાં એક શેઠ વસતા હતા. તેમને ત્રણ પુત્રો હતા.

'શેઠને એકદા વિચાર આવ્યો કે આ ત્રણ પુત્રોમાં શ્રેષ્ઠ પુત્ર કયો? એમણે ત્રણેયને સરખું ધન આપીને વિદેશ મોકલી આપ્યા અને કહ્યું કે તમને જે ગમે તે ધંધો કરજો અને પાછા આવીને શું કમાઈ લાવ્યા તે મને કહેજો.'

'પુત્રોએ હા ભણી. તેઓ વિદેશયાત્રાએ નીકળી પડ્યા.

'કેટલાંક વર્ષો પછી સૌથી નાનો પુત્ર પાછો આવ્યો. તેણે પોતાના પિતાને કહ્યું કે "હું જેટલી સંપત્તિ લઇને ગયેલો તેનાથી અનેકગણી સંપત્તિ વધુ કમાઈને આવ્યો છું."

'થોડાક સમય પછી બીજો પુત્ર પાછો આવ્યો. એ માત્ર મૂળ મૂડી કમાઈને પાછો આવ્યો હતો. એ નવું નહોતો કમાઈ શક્યો.નહોતી તેણે મૂળ મૂડી ગુમાવી.

'છેલ્લે આવ્યો સૌથી મોટો પુત્ર. એ તમામ સંપત્તિ ગુમાવીને ખાલી હાથે પાછો આવ્યો હતો!

'શેઠે જોયું કે સંપત્તિને, અનેકગણી વધારીને આવનાર પુત્ર જ શ્રેષ્ઠ છે, તેમણે તેને વારસદાર બનાવ્યો.'

આટલી ટૂંકી રૂપકકથા કહીને ભગવાન મહાવીરે તેનો ઉપસંહાર આમ કર્યો:

'માનવ માત્ર પુણ્યની મૂડી લઈને આવે છે, પણ જે શીલથી, સદાચારથી, સંસ્કારસંપત્તિ સંવર્ધે છે તે જ માનવી સૌને પ્રિય થાય છે, ઇહલોક-પરલોકમાં સુખી થાય છે!'

બે

એકદા રાજા શ્રેણિકે શ્રી મહાવીર પ્રભુને પૂછ્યું:

'ભગવંત, લોભી જીવો કેવા હોય છે?'

પ્રભુએ કહ્યું:

'ભંતે! થોડાં માટે અધિક ગુમાવવાની વાતો જાણીએ ત્યારે એ મનુષ્ય લોભી હોવો જોઈએ, તેમ માનવું રહ્યું. લોભથી સર્વનાશ થાય.'

શ્રેણિકે કહ્યું:

'ભગવંત કોઈ દૃષ્ટાંત કહેશો ?'

પ્રભુએ કહ્યું:

'એક નગરમાં એક ગૃહસ્થ વસે. સામાન્ય માનવી. કર્મનો બળિયો, જ્યાં કામ કરે ત્યાં ઊંધું થાય. સુખ હંમેશાં તેનાથી બે ડગલાં આગળ ચાલે.

એમાં, એને કોઈએ સલાહ આપી: ભાઈ, વિદેશ જા, એકાદ હજાર દ્રમ્મ કમાઈ લે એટલે ભયો ભયો! થોડી બરાબર મહેનત કરજે, પ્રામાણિકતા છોડીશ નહિ.

આ દુ:ખી માનવીને તે સલાહ ગમી. પત્નીને સમજાવીને તે બહારગામ ઊપડ્યો. કાળી મજૂરી કરી, રાત-દિવસ ન જોયા ને ખરેખર એક હજાર દ્રમ્મ કમાયો. એ પાછો વળી ગયો. એક હજાર દ્રમ્મ કમાઈ લીધા પછી હવે વિદેશ રહેવું ઠીક ન લાગ્યું. એણે ૯૯૯ દ્રમ એક મજબૂત વાંસળીમાં ગોઠવીને કમરે બાંધી એક દ્રમના ૧૦૦ કોડી ખીસામાં રાખી. માર્ગમાં ભૂખ લાગે તો કામ આવે!

એ ઝડપથી ચાલતો રહ્યો ઘરભણી. માર્ગમાં ક્યાંય ક્ષુધા સંતોષી પણ ખરી. એમાં ચાલુ પ્રવાસમાં એણે પેલી ૧૦૦ કોડી ગણ્યા તો ૯૮ નીકળી. એને થયું, મેં તો માર્ગમાં એક જ કોડી ખર્ચી છે! તો ૯૮ કેમ? નહિ, આ પસીનાથી મેળવેલી કમાઈ છે, એ ગુમાવે કેમ પરવડે?

એણે કમરે બાંધેલી વાંસળી એક વૃક્ષની નિશાની રાખીને જમીનમાં દાટી. પેલી કોડી બરાબર ગણી. એમાં ૯૮ જ હતી! એ જે માર્ગે આવ્યો હતો ત્યાં પાછો વળ્યો. એક કોડીને શોધવા! પણ રે! એ કોડી ક્યાંય ન મળી!

નિરાશ થઇને એ પાછો આવ્યો. જ્યાં વૃક્ષનું નિશાન યાદ રાખેલું ત્યાં જમીનમાં ખોદ્યું તો એ વાંસળી કોઈ ઉપાડી ગયેલું! એ માનવીએ દુર્ભાગ્યને રડતાં માથું કૂટ્યું!

'લોભી માનવી આવા હોય છે : એક કોડીને ખાતર નવસો નવ્વાણું દ્રમ્મ ખૂવે છે!'

ત્રણ

કરુણાના અવતાર શ્રી મહાવીર સ્વામીએ દેશના આપતા એક દૃષ્ટાંત કહ્યું,

'એક જણાએ ઘરમાં ઘેટો પાળ્યો હતો. એને બધા ખૂબ લાડ લડાવતા, ગળામાં ટોકરી બાંધી નચાવતા, ચોખા, જવ ને મીઠો મીઠો ચારો ખવરાવતા. ઘેટો ખાઈ-પીને રુષ્ટપુષ્ટ થઇને મોજ અનુભવતો. બહાર બાંધેલા અર્ધભૂખ્યા, દૂબળા ઘોડાની મશ્કરી કરતો અને કહેતો કે જીવનની મોજ ભૂખડીબારશો તમે શું સમજો! ઘોડો પણ ઘેટાનું સુખ જોઈ અડધો અડધો થઈ જતો! ત્યાં એક દિવસ ઘરમાં અતિથિ આવ્યા. ઘરધણીએ ઘેટાને પકડ્યો, કાપ્યો ને તેનું માંસ રાંધી મહેમાનોને તુષ્ટ કર્યા!

ઘોડો આ જોઇને કંપી ઉઠ્યો: એને થયું કે ખૂબ મોજનું કેવું પરિણામ !

જે જીવ મનુષ્ય દેહમાં આવ્યા પછી ખાવામાં, પીવામાં, મોજમાં ગાફેલ બનીને પડ્યો રહે છે, તે આખરે ઘેટાના મોતની જેમ, મૃત્યુને સામે આવેલ જોઇને રડવા લાગે છે. માટે જીવન માણવા માટે છે એમ માનીને એક ઘડી પણ ગાફેલ રહેવું જોઇએ નહીં. પરંતુ આત્માને ઓળખીને, મોહ-માયાની જંજીરોમાંથી મુક્ત થઈને, મોક્ષ પામવા પુરુષાર્થ કરવો જોઇએ.'

સંસારની અસારતા સમજાવતી, પ્રમાદ છોડવાનું અને મોહમુક્ત થવાનું કહેતી આવી છે શ્રી પ્રભુ મહાવીરની દિવ્ય વાણી!

**ચાર**

શ્રી મહાવીર સ્વામીએ દેશનામાં સુંદર દૃષ્ટાંત કહ્યું:

એક કઠિયારો હતો. લાકડાં કાપે અને જીવનનિર્વાહ કરે. જંગલમાં જાય. પત્ની સાથે જાય. લાકડાં કાપે એમાંથી જે મળે તેમાં રોળવે. જે મળે તેમાં આનંદ. ન મળે તેની ખેવના નહિ. ખોટી હાયવોય નહીં, કોઈ લાલચ નહીં.'

એક દિવસ તે જંગલમાં ગયો. લાકડાં કાપ્યાં, પત્નીને માથે ભારો ચઢાવ્યો અને પોતેય ભારો ઊંચક્યો ને ઝડપથી જંગલનો રસ્તો કાપવા લાગ્યો.

અર્ધે રસ્તે પહોંચ્યો હશે ત્યાં રાહમાં સોનાનો હાર પડેલો તેણે જોયો. એક પળ તેને એ લઈ લેવાનો વિચાર આવ્યો ને બીજી પળે તેને તેવા વિચાર માટે અપાર પસ્તાવો થયો: 'અહો! એવું મારાથી કેમ વિચારાય? અણહક્કનું કેમ લેવાય?

એક ક્ષણ તે હાર પાસે થોભ્યો હતો. વળી તેને થયું, પાછળ પત્ની આવે છે તેનેય કદાચ લેવાનો વિચાર આવશે તો?

સોનાના હાર પર તેણે ધૂળ વાળી ને આગળ ચાલ્યો.

પાછળ આવતી પત્નીએ તે દૃશ્ય જોયું ને અચરજ થયું. એ પણ ઝડપથી ચાલી, પતિને પૂછ્યું:

'તમે હમણાં શું કરતા હતા?'

'સાચું કહું?'

'હા.'

'રસ્તામાં એક હાર પડ્યો હતો. સોનાનો હતો. પહેલાં મારું મન બગડ્યું ને પછી પસ્તાયો. વળી વિચાર આવ્યો કે તને ય એવું કંઈ સૂઝશે તો? એટલે તેના પર ધૂળ વાળી!'

'અરેરે! તમેય મને ન ઓળખી?' પત્નીને વિષાદ થયો: સોનું એટલે ધૂળ. એમ કહોને કે તમે ધૂળ પર ધૂળ નાખી!'

શ્રમણ ભગવાન મહાવીરે પર્ષદાની સન્મુખ સમગ્ર જીવનસારને સમજાવતાં આમ કહ્યું:

'ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે. માનથી વિનયનો નાશ થાય છે. માયાથી મૈત્રીનો નાશ થાય છે. લોભથી સર્વનાશ થાય છે.'

**પાંચ**

ભગવાન મહાવીર રાજગૃહીમાં ચોમાસુ બિરાજતા હતા.

અશોક વૃક્ષ છે. રૂડી એની છાયા છે. દેવ પુષ્પોનો ચારે તરફ પમરાટ છે.

હવામાં દિવ્યધ્વનિ ગૂંજે છે.

કરુણાવંત પ્રભુ મહાવીર દેશના આપી રહ્યા છે.

ભગવાનનું મૌન પણ વાણીનું કામ કરે છે, અને જ્યારે વાણી ખુદ પ્રકટે છે ત્યારે તો અંધારિયા દિલોમાં પણ પ્રકાશવંત દીવા ઝળહળે છે.

પ્રભુની દેશનાના સૂરમાં દેવો મલ્હાર રાગ પૂરાવી રહ્યા હતા. ગણધર ભગવંત ગૌતમસ્વામી, વિદુષી સાધ્વી શ્રી ચંદના, મહારાજા શ્રેણિક, શ્રેઠી મેતારજ, દેવી ચિલ્લણા, હજારો માનવીઓ અને પશુ-પંખીઓ આનંદથી પ્રભુની દેશના શ્રવણ કરી રહ્યા હતા.

પ્રભુની વાણી શ્રવીને આજે સહુ અનેરા ભાવ અનુભવે છે: એક એક શબ્દ હૃદયને ખળભળાવી રહ્યો છે. પ્રભુનો આત્મિક વૈભવ સૌ આશ્ચર્યમુગ્ધ થઇને જોઈ રહ્યાં છે.

પ્રભુ બોલ્યા-જાણે મીઠા મીઠા મેઘ ગર્જ્યા. એમણે કહ્યું,

'ભવ્યો, રત્નો બે પ્રકારના હોય છે. એક દ્રવ્ય રત્ન, બીજું ભાવરત્ન. આમાં દ્રવ્ય રત્ન અનેક પ્રકારના હોય છે. એ કિંમતી હોય છે, ચળકાટવાળા હોય છે, લોભામણાં હોય છે, છતાં ટકાઉ હોતાં નથી. ચોરનો, રાજાનો, પડોશીનો એને ડર હોય છે. બહુ બહુ તો આ જીવનમાં કંઈક લાભ કરનાર હોય છે. પણ સર્વથી શ્રેષ્ઠ રત્ન તો ભાવરત્ન લેખાય.

'એ રત્નો ત્રણ પ્રકારનાં હોય છે: એક દર્શન રત્ન, બીજું જ્ઞાનરત્ન, ત્રીજું ચારિત્ર્ય રત્ન.

'આ રત્નો જેની પાસે હોય એને કોઈ વાતનું દુ:ખ રહેતું નથી. એ પરમ સુખી થાય છે. દુનિયાના રાજા એના ચરણ ચૂમે છે. એના બન્ને ભવ-આ ભવ અને પરભવ-સુખી થાય છે. ચોર એ રત્નોને ચોરી શકતો નથી, રાજા એને લઈ શકતો નથી.'

ભગવાનની દેશના સાંભળીને રાજગૃહના સ્વામી શ્રેણિક બિંબિસારના અનેક પુત્રોએ અને અનેક રાણીઓએ દીક્ષા સ્વીકારી.

રાજા શ્રેણિક બિંબિસારે ઘોષણા કરી:

'જે કોઈ ભગવાન પાસે દીક્ષા લેવા માગે તે લઈ શકે છે. પાછળની જવાબદારીઓ રાજ્ય પૂરી કરશે.'

ત્યાગના દીપકમાં વિશેષ તેલ પૂરાયું. ધર્મનો માર્ગ મુક્તિનો માર્ગ બની ગયો. ✱✱✱

જૈન ઉપાશ્રય, ૭, રૂપમ ધુરી સોસાયટી, સંઘવીના રેલવે ક્રોસિંગ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

**જૈન પારિભાષિક શબ્દકોશ અંગે**

'જૈન પારિભાષિક શબ્દકોશ'ના લેખક ડૉ. જિતેન્દ્ર બી. શાહ પરદેશના પ્રવાસે હોવાથી તેમનો લેખાંક આ અંકમાં પ્રગટ કરી શક્યા નથી તે બદલ ક્ષમા કરશો.

# ગુણજ્ઞ આચાર્ય

❑ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

સને ૧૯૨૯માં હું જ્યારે ઉત્તર ગુજરાતની પ્રખ્યાત રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા, 'સર્વ વિદ્યાલય-કડી'માં ભણતો હતો ત્યારે આજથી લગભગ આઠેક દાયકા પૂર્વે અંગ્રેજી-સંસ્કૃત વિષયો સાથે, મુંબઈ યુનિવર્સિટીના ઓનર્સ ગ્રેજ્યુએટ, પાટણના શ્રી બાબુભાઈ વી. ગામી અમારા આચાર્ય હતા. જેમનાં આચાર-આચરણ આદર્શ હતાં એવા જ્ઞાની ને શીલવંત આચાર્ય સહકાર્યકરો, વિદ્યાર્થીગણ, કારોબારીના સભ્યો ને વિદ્યાર્થીઓના વાલીઓ આચાર્યશ્રી ગામી પર પ્રસન્ન હતા. પૂ. ગાંધીજીની વિદ્યાપીઠના બે સ્નાતકો-શ્રી પોપટભાઈ ગુલાબદાસ પટેલ ને શ્રી છગનભાઈ કાલિદાસ પટેલ, શ્રી બાપુભાઈ ગામીના ડાબા જમણા હસ્ત જેવા હતા. કવિવર રવિન્દ્રનાથ ટાગોરની વિશ્વ ભારતીના શ્રી ઉમેદભાઈ ર. પટેલ 'યાત્રિક', 'પરિમલ', (તખલ્લુસવાળા) પણ સર્વ વિદ્યાલયના ભૂષણરૂપ હતા.

હવે બન્યું એવું કે સને ૧૯૩૨માં એક નવા અધ્યાપક શ્રી ડાહ્યાભાઈ હ. જાનીનો સ્ટાફમાં ઉમેરો થયો. આમ તો તેઓ બી.એજી. હતા પણ ભાવનગરની ગુજરાત-ખ્યાત સંસ્થા 'દક્ષિણામૂર્તિભવન' વઢવાણની રાષ્ટ્રીય શાળા અને અમદાવાદની પ્રસિદ્ધ કેળવણી સંસ્થા 'શારદા મંદિર'માં શિક્ષક તરીકે તેમણે યશસ્વી કામગીરી બજાવેલી અને બી.એજી. હોવા છતાં પણ શિક્ષણશાસ્ત્ર વિષયક કેટલીક પરીક્ષાઓ (દક્ષિણામૂર્તિ સંચાલિત) પસાર કરેલી. એમને સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, ગુજરાતી, ઇતિહાસ, ગણિત અને વિજ્ઞાનની અનેક શાખાઓમાં જીવંત રસ હતો. ખેતી વિજ્ઞાનના એ ગ્રેજ્યુએટ હતા પણ અનેક ભાષાઓમાં એ અસરકારક ભાષણો આપી શકતા-અને આકર્ષક રંગદર્શી શૈલીમાં લેખો લખી શકતા. અંગ્રેજીમાં 'Romance of the Cow' એમનો ગૌરવપ્રદ દળદાર ગ્રંથ છે. 'દાયકે દશ વર્ષ', 'વાસીદામાં સાંબેલું', 'ઋણમુક્તિ' વગેરે એમનાં લોકોપયોગી પ્રકાશનો છે.

શ્રી સર્વ વિદ્યાલયમાં એ રહ્યા એ સમય દરમિયાન એમણે સંસ્થામાં નવચેતન રેડ્યું. તેઓ જાતે જ એક સંસ્થા સમાન હતા. જીવંત વાતાવરણ સર્જવામાં શ્રી જાની અજોડ હતા. એમનામાં એક પ્રકારની મૌલિકતા હતી. વિચારોની તાજગી હતી. ક્ષણેક્ષણે નવા નવા ઉન્મેષો દર્શાવતી બુદ્ધિને કારણે સર્વત્ર નવીનતા ને રમણીયતા અનુભવવા મળતાં. એમના વિદ્યાવ્યાસંગી જીવનમાંથી અનેક છાત્રો અને શિક્ષકોને પ્રેરણા મળતી.

અમારા આત્માર્થી આચાર્ય શ્રીગામી સાહેબ શ્રી જાની સાહેબ પર મુગ્ધ હતા. તા. ૨૩-૩-૧૯૩૩ના શ્રી જાની પરના પત્રમાં શ્રી ગામી સાહેબ લખે છે: 'તમારી વાણી ને વિચાર સાંભળવા હું હંમેશાં એક બાળકની જેમ આતુર રહું છું. તમો માનશો? તમો હંમેશાં કહ્યા કરો ને હું સાંભળ્યા જ કરું એમ થઈ જાય છે. તમારા વિચાર ને વાણી ઉપર હું એટલો બધો મુગ્ધ બની ગયો છું...તમારા શબ્દોએ ખરેખર મારા પૂર્વજન્મના પડળો ખોલ્યાં છે. મારા-તમારા સંબંધમાં ખરેખર કંઈ ઐશ્વરી હાથ છે...હું દરેક કામ તમારી ગણતરીથી જ કરું છું. મારી જાતમાં તમારો સમાસ કરી જ દઉં છું...જ્યાં આત્મા-આત્માનું મિલન હોય ત્યાં શબ્દોના જાળાં ન આડાં આવવા દેવાં એ ઠીક નથી...તમારાં ખારાં વચનો મારી જીવન-મીઠાશને ખારી નહીં બનાવે પણ મીઠાની માફક તેને મીઠાશ આપશે.' શ્રી ગામી સાહેબ શ્રી જાની સાહેબ પર એટલા બધા મુગ્ધ હતા કે એમણે કારોબારીને કાગળ લખ્યો જેમાં શ્રી જાનીને આચાર્યપદ આપવા ભારપૂર્વક ભલામણ કરી ને એમના વડપણ નીચે કામ કરવાની તૈયારી દર્શાવી. કારોબારીના સભ્યોએ શ્રી ગામીની ભલામણનો અસ્વીકાર કર્યો પણ શ્રી જાની સાહેબને ઉપાચાર્ય તરીકે નીમ્યા. જ્યારે જ્યારે હું અમારા ગુણજ્ઞ આચાર્યશ્રી ગામી સાહેબની આ વિવેકદૃષ્ટિ ને દિલાવરીનો વિચાર કરું છું તયારે ત્યારે હૃદય ભાવવિભોર બની જાય છે.

મારા જીવન-ઘડતરમાં મારા આ બે ગુરુજનોનો જેટલો હિસ્સો છે તેટલો કોઈનો પણ નથી. ✱✱✱

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકા પુરી, વડોદરા-૭.

## પ્રાચીન હસ્તપ્રત લિપિ શિખવા માટેની શિબિર

એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગ અને મુંબઈ જૈન યુવક સંઘનાં સંયુક્ત ઉપક્રમે 'પ્રાચીન લિપિ અને હસ્તપ્રત વિદ્યા' વિષય ઉપર પાંચ દિવસની (તા. ૭-૧-૦૮ થી તા. ૧૧-૧-૦૮) શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. **નિ:શુલ્ક પ્રવેશ.**

સ્થળ : એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી, ચર્ચગેટ- મુંબઈ.

**વિષયો** : પ્રાચીન લિપિ ઓળખની આવશ્યકતા, લેખન કલાનો વિનિયોગ, દેવનાગરી લિપિ, હસ્તપ્રત વિદ્યા, પાઠ સંપાદન, હસ્તપ્રતોનો ઇતિહાસ, હસ્તપ્રતના પ્રકારો, ઉપરાંત પ્રાચીન લિપિના વર્ગોનું આયોજન.

**વક્તા** : પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ, ડૉ. જીતેન્દ્રભાઈ શાહ, પ્રો. ડૉ. બળવંતભાઈ જાની, ડૉ. પ્રીતિબહેન પંચોળી.

શિબિરમાં ભાગ લેવા ઇચ્છનારે નીચે આપેલ સંપર્ક પર પોતાના નામ નોંધાવી લેવા વિનંતિ.

(૧) ડૉ. નૂતન જાની-9869763770

(૨) ડૉ. દર્શના ઓઝા-9867579393

# ડૉ. આંબેડકર વિષે કંઈક અવનવું

**મનસુખલાલ ઉપાધ્યાય**

ભારતના ગણતંત્રના બંધારણના શિલ્પકારની હમણાં જ જન્મ જયંતિ ઉજવાણી. સારાય ભારતમાં એમની મહત્તાના ગુણગાન ગવાયા. એમણે પોતાના જીવન દરમિયાન-નોકરી દરમિયાન ઉચ્ચવર્ણ તરફથી મળેલી યાતનાઓને હરખભેર જીરવી હતી. પોતાના કર્મમાં એમણે પળેપળ ખરચી હતી. એ સમયમાં ભારતમાં રાજકીય ઊથલપાથલમાં પણ એમણે પોતાનો સહયોગ આપ્યો હતો. એક ભારતીયજન તરીકે એમણે રાષ્ટ્ર ભાવનાને સંકોરી હતી.

એમનું મૂળ નામ હતું ડૉ. ભીમરાવ રામજી આંબેડકર. એમને અભ્યાસ માટે વડોદરાના મહારાજા સયાજીરાવે તન-મનથી અણમોલ સહકાર આપ્યો. પરદેશ ભણવા માટે પણ સુંદર સહયોગ આપ્યો હતો. એમણે મહાત્મા ગાંધીજીની મુલાકાતો લીધી હતી. બૌદ્ધ ધર્મ તરફ તે વળ્યા અને એ માટે એમણે મહાત્માજી સાથે હૈયું ખોલીને વાત કરી હતી. વિચારભેદ દરેક જગ્યાએ હોય જ પણ મનભેદ ન હોય તે મહત્ત્વનું છે. અને ભારત ૧૯૪૭-૧૫ ઑગષ્ટે સ્વતંત્ર બન્યું પછી ૧૯૪૯માં ૨૬ મી જાન્યુઆરીએ ભારતનું નવું બંધારણ રચવામાં આવ્યું. એમાં ડૉ. બાબાસાહેબને એ કાર્ય બીજાના સહકાર સાથે સોંપવામાં આવ્યું અને ડૉ. આંબેડકરે એને સારી રીતે પરિપૂર્ણ કર્યું.

આમ ભારતીય બંધારણના ઘડવૈયા તરીકે આંબેડકરે અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. આપણા બંધારણમાં ભારતીય જીવન તત્ત્વને ધ્યાનમાં રાખવામાં આવ્યું હતું. આમ વિશ્વની સૌથી મોટી લોકશાહીને એક અણમોલ ભારતીય ભાવનાથી રંગાયેલ બંધારણ મળી ગયું.

ડૉ. ભીમરાવ આંબેડકર દ્રષ્ટા હતા, વિચારશીલ હતા, કર્મશીલ હતા. સંપૂર્ણ રીતે ભારતીય સંસ્કૃતિના ચાહક હતા. એમણે બંધારણમાં એવો પણ ઉલ્લેખ કર્યો છે કે દલિતો, હરિજનો, વાલ્મિક અને અન્ય અનુસૂચિત જાતિના લોકોને આઝાદી પછી એમને દસ વરસ સુધી સમગ્રતયા ઊંચા લાવવા રાષ્ટ્રે પ્રયત્ન કરવો જરૂરી છે. છૂત અછૂતની ભાવનાને તિલાંજલિ આપી એ દલિત પ્રજામાં સ્વમાનભેર સ્વાવલંબનરૂપ ભાવનાને જગાડી એમને પોતાના પગ પર ઊભા રહે એવી રીતે સગવડતા પૂરી પાડી પછી એમને એમની જીવન દૃષ્ટિ આપમેળે કેળવવાની શક્તિ આપવી. ત્યાર પછી અનામતની ભાવનાને દૂર કરવી. પરંતુ કોંગ્રેસ સરકારે ૫૭ વરસમાં ઝાઝો સમય ભારત ઉપર લોકશાહીમાં સત્તા ભોગવી અનામતની ભાવના દ્વારા ભારતીય પ્રજામાં ભેદભાવનાના ભૂતને અડીંગો જમાવી દેવાની પૂરતી સગવડતા પૂરી પાડી છે. તથા મત ભૂખ્યા જીવોએ એમને દલિત રાખવામાં જ મઝા માણી છે!

આજે ૨૧મી સદીમાં પણ હજી કેટલાક આદમખોર, કિન્નાખોર અને પદભૂખ્યા રાજકારણીઓ અનામતને ચગાવી રહ્યા છે અને સુપ્રિમ કોર્ટના ચૂકાદાને ઐસી કી તૈસી કરવામાં આદુ ખાઈને પડ્યા છે.

આજે ડૉ. આંબેડકરનો આત્મા આ સરકારના અનામતને અંગે પોતે રચેલા બંધારણના નિયમને અવગણવા બદલ ખૂબ જ વલોવાતો હશે!

ગુનેગારો, ખૂની માનસવાળા, વિકૃતિ ભરેલા રાજકારણીઓ અનામત દ્વારા સારા હોદ્દા ઉપર બેઠેલાનાં ટાંટિયા ખેંચી વડાપ્રધાન પદ માટે કે બીજાને નીચા દેખાડવાના કાવાદાવામાં કાબેલિયત દેખાડી રહ્યા છે અને અનામત દ્વારા સારા માનવીઓની મતિ ભ્રષ્ટ કરી રહ્યા છે.

ગમે તેમ તોય ડૉ. બાબાસાહેબ આંબેડકરે ભારતીય જીવનને અનુરૂપ બંધારણના નિયમોને વાચા આપી છે.

આવો ડૉ. ભીમરાવ આંબેડકરના વિષે કંઈક નવી વિગતો 'વિશ્વ સંવાદ કેન્દ્ર'ના સૌજન્યથી જાણી લઇએ.

ડૉ. આંબેડકરનું જાતિનામ 'આંબેડકર' ખરેખર તો મહારાષ્ટ્રની એક બ્રાહ્મણ જ્ઞાતિનું નામ છે. અને ભીમરાવે આ નામ હાઈસ્કૂલના પોતાના આદરણીય બ્રાહ્મણ શિક્ષક પાસેથી લીધું હતું. ભીમરાવને પોતાના એ શિક્ષક પ્રત્યે ખૂબ આદર હતો.

ડૉ. આંબેડકરે પોતાનું કાયમી રહેઠાણનું મકાન રાજગૃહ મુંબઈમાં એક બ્રાહ્મણની વસ્તીવાળા વિસ્તારમાં બનાવ્યું હતું.

૧૯૩૭ની ચૂંટણી વખતે ડૉ. આંબેડકરે ભોપતકર અને કેલકર જેવા ચિત્તપાવન બ્રાહ્મણો સાથે ગઠબંધન કર્યું હતું.

ડૉ. આંબેડકર માનતા કે 'આર્ય' શબ્દ કોઈ વંશનો સૂચક નથી. અને આર્યો ભારતીય જ હતા.

ડૉ. આંબેડકરે એક પુસ્તકમાં સિદ્ધ કર્યું છે કે શૂદ્રો મૂળ ક્ષત્રિય હતા અને અસ્પૃશ્ય લોકો પણ આ ભારતીય સમાજના અંગ હતા. આર્યો બહારથી આવ્યા અને ભારત ઉપર આક્રમણ કરીને ભારતીયોને અછૂત બનાવ્યા એ બધી વાતો ખોટી છે.

ડૉ. આંબેડકરને મન 'ઇસ્લામ' અને 'ઈસાઈયન' પરદેશી ધર્મો હતા. તે માનતા કે વિદેશી ધર્મનો અંગીકાર એટલે માત્ર ધર્મ પરિવર્તન નહિ, પણ વ્યક્તિની રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠામાં પણ પરિવર્તન આવે છે.

બૌદ્ધ ધર્મ ભારતીય ધર્મ હોવાથી જ ડૉ. આંબેડકરે તેનો સ્વીકાર

કર્યો હતો.

આર્ય સમાજ પ્રત્યે ડૉ. આંબેડકરને ખૂબ સન્માન હતું. સ્વામી શ્રદ્ધાનંદ તેમના આદરપાત્ર હતા. તેમણે તેમનું ઉદ્બોધન 'સ્વામીજી' શબ્દથી જ તેમના પુસ્તકોમાં કર્યું હતું.

ડૉ. આંબેડકર મુસ્લિમ લીગને જ નહિ પણ કોંગ્રેસના નેતાઓને કોમવાદી માનતા હતા. એમણે લખ્યું છે કે, મૌલાના આઝાદ, ડૉ. અન્સારી અને બીજા મુસ્લિમ કોંગ્રેસીઓ રાજનીતિમાં મુસ્લિમ લીગના જ અનુયાયી હતા.

ડૉ. આંબેડકરે શરૂઆતથી જ જાણી લીધું હતું કે પાકિસ્તાનમાં હરિજનો ઉપર મુસલમાનો અત્યાચાર કરશે જ. એમણે ૧૯૪૨માં લખ્યું હતું કે, 'પાકિસ્તાનમાં ગેરમુસ્લિમોની હાલત જર્મનીમાં હિટલરની હકુમત વખતે યહૂદીની થઈ તેવી જ થશે.'

ડૉ. આંબેડકરે ૧૯૪૮માં એક જાહેર પ્રવચનમાં પાકિસ્તાનમાં વસતા હરિજનોને જણાવેલ કે તમે ધર્મ બદલ્યા વિના ભારત આવી જાવ અને જે હરિજનોને જબરદસ્તીથી મુસ્લિમ બનાવાયા છે તે પોતાના ધર્મમાં પાછા ફરી જાય છે.'

ડૉ. બાબાસાહેબ જેવી મહાવિભૂતિએ પોતાના સ્વમાનને ભોગે કોઈથી ડર્યા વગર નવી કેડી કંડારી છે. બંધારણ દ્વારા એમણે ભારતીય જીવનના ધબકારને જીવંત રાખ્યા છે. આવી વિભૂતિને શત શત વંદન પણ ઓછા પડે! ✱✱✱

૧૩-એ, આશીર્વાદ પ્લોટ નં. ૩૫૩, બી-૨૪, વલ્લભબાગ રોડ સામેની, સાઇબાબા મંદિર ગલ્લી, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૭૭.

# ઘોર હિંસાથી બનતી હોમિયોપથીની દવાઓ અહિંસાના પૂજારીઓથી વપરાય?

❑ અતુલકુમાર દલપતરાય શાહ

આધુનિક યુગની એક મોટી તકલીફ એ છે કે દિ' ઊગ્યે સારી-નરસી અનેક પ્રકારની વસ્તુઓ એવી સિફતથી પ્રચારમાં મૂકવામાં આવે છે કે જેણે ઊંડાણથી અભ્યાસ ન કર્યો હોય તેવો સામાન્ય માણસ તો આ પ્રચારની ભ્રમજાળમાં સપડાયા વગર રહે જ નહિ. કૂતરાને બકરું અને બકરાને કૂતરું બનાવવાની કળામાં પારંગત આ જમાનામાં સૌથી પહેલાં તો એલોપથીનાં ગુણગાન ઢોલ વગાડીને ગાવામાં આવતા હતા અને એવો દાવો કરવામાં આવતો હતો કે માનવજાત દુનિયાના તમામ રોગો સામે ચપટી વગાડતામાં વિજય મેળવી લેશે, પરંતુ થોડાક જ દાયકાઓમાં આ કહેવાતી ક્રાંતિકારી દવાઓએ પોતાનું પોત પ્રકાશ્યું અને જૂના રોગો ઘટ્યા તો તેનું સાટું વાળવા હૃદયરોગ અને કેન્સરથી લઇને એઈડ્સ સુધીના અનેક રોગોએ જગતને ભરડામાં લીધું. એલોપથીની આડઅસરોથી ત્રાસેલા લોકોએ સદીઓ જૂની-સોના જેવી આયુર્વેદની ઔષધીનું શરણું સ્વીકાર્યું. પરંતુ, 'અલટરનેટિવ મેડિસિન'ના પ્રચારમાં ભોળવાઈ કેટલાક 'હોમિયોપથી'ને પણ આયુર્વેદ જેવી જ અહિંસક-નિર્દોષ ચિકિત્સા પદ્ધતિ સમજી તેને અપનાવી બેઠા. તેમને એ ખ્યાલ ન રહ્યો કે 'હોમિયોપથી'ની સંખ્યાબંધ દવાઓ (પછી તે અલગ અલગ 'પોટન્સી'ની 'પિલ્સ' હોય કે 'મધર ટીંક્ચર' હોય) અત્યંત ક્રૂરતાપૂર્વક મેળવાયેલ પ્રાણીજ પદાર્થોમાંથી બનેલ હોય છે.

એ તો સર્વવિદિત છે કે આલ્કોહોલનો સમાવેશ મદ્યપાન-મદિરામાં કરવામાં આવતો હોવાથી ચાર મહાવિગઈમાં તેની સરખામણી માંસાહાર સાથે કરવામાં આવી છે, એટલું જ નહિ સાત મહાવ્યસનોમાં પણ તેની ગણના કરી તેને અત્યંત હેય માનવામાં આવેલ છે. હોમિયોપથીની પ્રત્યેક દવામાં 'પ્રિઝર્વેટીવ' તરીકે આલ્કોહોલ વપરાય છે તેથી મદિરા-દારૂ-આલ્કોહોલના ત્યાગવાળા માટે હોમિયોપથીની બધી જ દવાઓ અભક્ષ્ય બની જાય છે. વાત માત્ર આટલેથી અટકતી નથી. મોટા ભાગના લોકો એવા ભ્રમમાં હોય છે કે હોમિયોપથીની દવાઓમાં (એલોપથીની દવાઓમાં વપરાય છે તે રીતે) કોઈ જ પ્રકારના પ્રાણીજ પદાર્થો વપરાતા નથી. પરંતુ હકીકત કાંઈક જુદી જ છે.

એલોપથીની જેમ જ હોમિયોપથીની કેટલીક દવાઓમાં જે જુગુપ્સાજનક રીતે જીવતંજંતુઓનો ઉપયોગ કરવામાં આવે છે તે જાણ્યા પછી જૈન જ નહિ, અહિંસામાં માનનાર કોઈ પણ વ્યક્તિ હોમિયોપથીની દવાઓનો સ્પર્શ સુદ્ધાં નહિ કરે. થોડાક ઉદાહરણો આપું તો 'વા' (આર્થરાઈટ્સ)ના દર્દો માટે ચગદાઈ ગયેલી જીવતી કીડીનો તથા દમ (અસ્થમા) માટે વાંદાનો ઉપયોગ કરવામાં આવે છે. આંખ નીચે ભરાયેલી કોથળીઓ દૂર કરી હલનચલનમાં સ્થિરતા ન હોય તો સ્થિરતા લાવવા કચડાઈ ગયેલી મધમાખીનો ઉપયોગ કરાય છે.

હોમિયોપથિક મટિરિયા મેડિકામાં જણાવ્યા અનુસાર માથાના જોરદાર દુ:ખાવા માટે અકસીર ગણાતી 'સાઈમેક્સ' નામની હોમિયોપથિક દવા માંકડમાંથી બનાવાય છે. તો ઉપર જેનો ઉલ્લેખ કર્યો છે તે જીવતી કીડીઓને છૂંદીને બનાવાતી ફોરમાઇકા-રૂફા આર્થરાઈટિસ, ગાઉટ, આર્ટિક્યુલર રૂમેટિઝમ તથા વરટિગો માટે વપરાય છે. ભારતીય વાંદામાંથી બનતી બ્લાપ્ટા ઓરિએન્ટોલિસ દમ (અસ્થમા) માટે અને અમેરિકી વાંદામાંથી બનતી બ્લાપ્ટા અમેરિકાના જલોદર અને કમળામાં વપરાય છે. માસિકની

અનિયમિતતા તથા માસિક પૂર્વે પેઢુમાં થતા જોરદાર દુઃખાવા માટે વપરાતી 'સેપિયા' નામની-ઘેરા બદામી રંગની-દવા માછલીમાંથી બનાવાય છે. જ્યારે ચહેરા પરની કરચલીથી લઇને ઘામાં પરુ, ઝેરી કે સાદાં ગુમડાં જેવી તકલીફોમાં માખીમાંથી બનતી પુલેક્સ ઇરટિન્ટ્સ સૂચવાય છે. તદ્દન સાદા ઘરગથ્થુ-દેશી આયુર્વેદિક ઉપાયોથી મટી જાય તેવી તલકીફોમાં, આવી હિંસક દવાઓને નિર્દોષ ગણીને ખચકાટ વિના વાપરાનારાઓનું અજ્ઞાન તેમને જ મુબારક !

સાઈકબાઈટીસ, સ્ટ્રીક્ટાઈન, કોનોરોઈઓ, પ્રોસ્ટીટીસ, રેનલ કોલીક અને બીજા ઘણા રોગો તથા ખાસ કરીને મૂત્રમાર્ગની બળતરા સહિતની પેશાબ સંબંધી તકલીફો દૂર કરવા વપરાતી 'કેન્થારિસ' સ્પેનિસ માખીમાંથી બને છે.

સાપના તો કલ્પી ન શકાય તેટલા ઉપયોગ હોમિયોપથીમાં કરવામાં આવે છે. હેમરેજની ટેન્ડન્સીને અંકુશમાં રાખી વિખૂટા પડેલા ઘટકો પાછા એક થવાની તાકાત ખોઈ બેસે તેવા લોહીના કિસ્સામાં ઝડપથી ખસતા અને બિહામણા સાપ-નાગમાંથી બનતી 'ક્રોટેલસ હોરિડ્સ'ની અને ઘેરા રક્તસ્ત્રાવ-ખાસ કરીને ગર્ભાશયના કેન્સરમાં બ્રાઝિલના પરવાળાના પ્રદેશના સાપની ભલામણ થાય છે. દક્ષિણ અમેરિકાના સુરુકુકુ સાપમાંથી બનતી 'લેચેસીસ' દવા માથાના જાતજાતના દુઃખાવા, ડિપ્થેરિયા, લેરિન્જાઈટીસ અને પેરીટોનીસીસ જેવા રોગો તથા હૃદયના વિકારોમાં ગુણકારી ગણાય છે. તો ભારતના નાગમાંથી બનેલી દવાઓ પણ હાઈપરટ્રોફિસ અને હૃદયના વાલ્વના રોગો, રૂમેટિક કાર્ડિટિસ એસોફેજાઇટિસ જેવા રોગોમાં લેવાય છે.

કોઈ દિવસ કલ્પના પણ ન કરી હોય તેવી જુગુપ્સાજનક હકીકતો વાંચી તેની વિશ્વસનીયતા વિશે શંકા કરવાની કોઈ જરૂર નથી. આ બધી હકીકતો હોમિયપથીના જ એક જાણીતા તબીબ કુસુમ અગ્રવાલે ૨૮-૧-૯૦ના 'જન્મભૂમિ-પ્રવાસી'માં ટાંકી છે. મોટા ભાગનાને માટે તો આટલી હકીકતો જ સૂગ-ચીતરી ઉબકામાં પરિણમશે. પરંતુ, હજી આગળ વાંચવાની-જાણવાની ધીરજ ટકી હોય તો જાણી લો કે હિસ્ટિરિયા, કોરીઆ અને પક્ષાઘાત માટે કરોળિયામાંથી બનતા 'તારેન્ટીટા' તથા વર્ટિગો અને અવાજ પ્રત્યે વધુ સંવેદનશીલતા જેવી જ્ઞાનતંતુ સંબંધી ફરિયાદો દૂર કરવા વેસ્ટ ઇન્ડિયાના કરોળિયાની ભલામણ થાય છે. હતાશા તથા માસિક પૂર્વે કબજિયાત જેવી ફરિયાદોને દૂર કરવા ડંખ મારતી ભમરીમાંથી બનતી 'થેરેન્ડીઓન' વપરાય છે.

પરમાત્મા ઋષભદેવે સર્વસંગ ત્યાગ પૂર્વેની ગૃહસ્થાવસ્થામાં મનો-શ્રુત અને અવધિજ્ઞાનના નિર્મળ ઉજાસમાં અલ્પતમ દોષ વડે સાજા થવાનું શાસ્ત્ર આયુર્વેદના રૂપમાં બતાવી આરોગ્યરક્ષાના વિષયમાં આપણને સર્વથા ચિંતામુક્ત કરેલ હોવા છતાં-જ્ઞાનના અગાધ મહાસાગરના કિનારે છબછબિયાં માત્ર કરતા-જર્મન ડૉક્ટરોએ કેટલાક સૈકા પહેલાં શોધેલી હોમિયોપથી ચિકિત્સા દ્વારા આરોગ્યપ્રાપ્તિના હવાતિયાં મારવામાં કયું ડહાપણ છે તે વિચારવા જેવું છે. આયુર્વેદ એ માત્ર રોગની દવા કરનારી ચિકિત્સાપદ્ધતિ જ નથી, પરંતુ આહાર-વિહાર અને મનોવ્યાપારના ક્ષેત્રમાં તદ્-તદ્ કક્ષાનુરૂપ મોક્ષમાર્ગને સાનુકૂળ જીવનપદ્ધતિની દિશામાં આંગળી ચીંધણું કરતો આર્યાવર્તનો એક અજોડ વારસો છે. હિંસા અને અલ્પજ્ઞાનના પાયા પર ઊભી થયેલી એલોપથી કે હોમિયોપથી જેવી ચિકિત્સાપદ્ધતિઓના ખતરાભર્યા અખતરા કરવાને બદલે આયુર્વેદે ઉપદેશેલ સંયમી જીવન જીવવા દ્વારા શક્ય હોય ત્યાં સુધી વ્યાધિ આવે જ નહિ તેવો અને આવે તો પણ સુયોગ્ય પથ્યપાલન અને અલ્પતમ દોષયુક્ત આયુર્વેદિક ઔષધોથી જ દૂર કરવાનો આગ્રહ રાખીએ તો કેમ? હિંસાથી જેનું ચિત્ત થોડું પણ દૂભાતું હોય તેણે એલોપથીની ગંજાવર હૉસ્પિટલો કે હોમિયોપથીના ધર્માદા દવાખાનામાં દાનની રાતી પાઈ પણ ન આપતાં દાનનો તે પ્રવાહ આયુર્વેદની અલ્પદોષવાળી ચિકિત્સા પદ્ધતિના પ્રોત્સાહન માટે વાળવો જોઈએ.

હોમિયોપથીની દવાઓની આવી ઘોર હિંસામયતા અંગે જેની સાથે વાત કરવાનું થાય છે તેમાંના મોટા ભાગનાને તે બાબત ખબર જ ન હોવાનો એક સરખો ઉત્તર હોય છે. જાણકારીના અભાવે અત્યાર સુધી આવી હિંસક દવાઓ લીધી હોવાનો અને જાણ્યા પછી આવી દવાઓનો જીવનમાં સ્પર્શ પણ ન કરવાનો સંકલ્પ કરનાર લોકોની વાત સાંભળ્યા પછી એક પાયાનો પ્રશ્ન ખડો કરવાનું મન થાય છે. આધુનિક જમાનામાં તો રોજબરોજ આવા કાંઈક ને કાંઈક નવાં ગતકડાં ઊભાં કરાતાં હોય છે. તે દરેક બાબતોના ઊંડાણમાં ઉતરવાનું દરેકને માટે શક્ય હોતું નથી. ઊંડાણમાં ઉતર્યા સિવાય આવી નવી નવી વસ્તુઓને અપનાવી લેવાથી તેના અનર્થોનાં ફળ તો ભોગવવા જ પડે છે અને જ્યારે કોઇકના દ્વારા તે તે આધુનિક વસ્તુના અનિષ્ટોની જાણકારી મળે છે ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે. વીસમી સદીની આધુનિક શોધો કરનાર વૈજ્ઞાનિકોના જ્ઞાનની સરખામણીમાં વિરાટ એવા ત્રણ નિર્મળ જ્ઞાનના અધિષ્ઠાતા રાજા ઋષભે પોતાના જ્ઞાનના અજવાળાંને આધારે પ્રજા ઓછામાં ઓછી હિંસાથી જીવી શકે તેવી કલ્યાણમયી ભાવનાથી બતાવેલ પુરુષોની ૭૨ અને સ્ત્રીઓની ૬૪ કળા તથા ૧૦૦ શિલ્પોને આધારે જ દુન્યવી જીવન જીવાય અને તેનાથી જુદી પડતી આધુનિક જીવનશૈલીનો શક્યાંશે ત્યાગ કરાય તો તે ડહાપણભર્યું નહિ ગણાય? આપણી સામે બે જ પસંદગી છે, ઉજ્જવળ અવધિજ્ઞાનના સ્વામી રાજા ઋષભ જેવા લોકોત્તર પુરુષોએ બતાવેલ માર્ગના આધારે જીવવું કે જેમની આજની શોધો આવતી કાલે હાનિકારક સાબિત થાય છે તેવા વીસમી સદીના કહેવાતા વૈજ્ઞાનિકોની શોધોના આધારે!

✻✻✻

# અધ્યાત્મરસનું પાન કરવાનો અવસર: જૈન સાહિત્ય જ્ઞાનસત્ર

□ ગુણવંત બરવાળિયા

સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.ની શ્રુત પ્રભાવના વિશિષ્ટ હતી. શાસ્ત્રગ્રંથોનું પરિશિલન તાડપત્રીય ગ્રંથોનો સંગ્રહ અને જાળવણી તેમજ શાસ્ત્રભંડારો અને પાઠશાળાની સ્થાપનામાં એમનું અનેરું યોગદાન હતું.

આ સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં અધ્યાત્મયોગિની પૂ. લલિતાબાઈ મ.સ. અને પૂ. શ્રી ડૉ. તરુલતાજીની પ્રેરણાથી પૂ. પ્રાણગુરુ જન્મશતાબ્દી પ્રસંગે પૂ. ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા 'સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેંટર'ની સ્થાપના થઈ. સેંટરના ઉદ્દેશ આ પ્રમાણે છે.

જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું સંશોધન સંપાદન-પ્રકાશન, પ્રાચીન ગ્રંથોની સી.ડી., Ph.D. ની થીસીસનું પ્રકાશન વગેરે કાર્યો કરવા.

૧૯૯૯માં સેન્ટર દ્વારા અમદાવાદમાં જૈન વિદ્વાનોનું સંમેલન, મધ્યકાલીન જૈન ગુર્જર સાહિત્યના ભિષ્મપિતામહ ગણાતા સ્વ. જયંતીભાઈ કોઠારીના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું જેમાં ૨૮ જેટલા વિદ્વાનોએ ભાગ લીધેલ.

એલ.ડી. ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડોલોજીના સહયોગથી સેંટરે ૧૦૦ જેટલા ગ્રંથોની સી.ડી.નું કાર્ય કર્યું.

જેના કન્વેન્શન અમેરિકામાં જૈન ધર્મના વિવિધ ગ્રંથો મોકલવાનું કાર્ય સેંટર દ્વારા થયું છે.

ઉવસગ્ગહરં શ્રુત એવોર્ડ અંતર્ગત ઉવસગ્ગહરં સ્તોત્ર પર વિદ્વાનો અને સાધુસંતોના ૬૭ નિબંધો આવેલા જેમાંથી પ્રથમ ત્રણને એવોર્ડ અર્પણ કરવામાં આવેલ.

સેંટર દ્વારા સંશોધિત અને પ્રકાશિત ઉપદેશમાલા બાલાવબોધ (સંપાદક કાંતિભાઈ બી. શાહ) સાલ ૨૦૦૧નું ગુજરાત સાહિત્ય અકાદમીનું સંશોધન વિભાગનું દ્વિતીય પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

સેંટર દ્વારા પ્રથમ જ્ઞાનસત્ર શાસન અરૂણોદય પૂ. શ્રી નમ્રમુનિજી, પૂ. બાપજી, પૂ. ડૉ. તરુલતાની આદિ સતીઓની નિશ્રામાં કલ્પતરુ અધ્યાત્મ કેન્દ્ર મીયાગામ કરજણ મુકામે જાન્યુઆરી ૨૦૦૪ના યોજાયું હતું. જેમાં ૪૫ વિદ્વાનોએ ભાગ લીધો હતો

દ્વિતીય જ્ઞાનસત્ર શાસન અરૂણોદય પૂ. શ્રી નમ્રમુનિજી આદિ સંત-સતીઓની નિશ્રામાં જાન્યુઆરી ૨૦૦૫ના રાજકોટ મુકામે યોજાયેલ જેમાં ૫૫ વિદ્વાનોએ ભાગ લીધો હતો.

તૃતીય જ્ઞાનસત્ર ડિસેમ્બર ૨૦૦૫ના ઘાટકોપર મુકામે શાસન અરૂણોદય પૂ. શ્રી નમ્રમુનિજી આદિ સંતોની નિશ્રામાં યોજાયેલ તેમાં ૫૬ વિદ્વાનોએ ભાગ લીધો હતો.

પૂ. શ્રી પ્રાણગુરુ જૈન સેન્ટર દ્વારા આયોજિત અને ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ, મુંબઇના સહયોગથી ઘાટકોપર (પૂર્વ)ના પવિત્ર પારસધામના પ્રાંગણે પૂ. શ્રી મુનિ સંતબાલજી પ્રેરિત વિશ્વવાત્સલ્ય, પ્રાયોગિક સંઘના સુવર્ણ જયંતી પ્રસંગે જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૪ સંપન્ન થયો.

શાસન અરૂણોદય પૂ. નમ્રમુનિજી તથા પૂ. બાપજી તથા તેમના શિષ્યા પૂ. ડૉ. તરુલતાજીની પાવન નિશ્રામાં અને પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો.

શનિવાર, તા. ૬ઠ્ઠી ઓક્ટોબરના રોજ જ્ઞાનસત્રનો મંગલ પ્રારંભ શાસન અરુણોદય પૂ. નમ્રમુનિ મહારાજશ્રીના મંગલાચરણથી થયો હતો. સંત-સતીઓની પાવન નિશ્રામાં શ્રુત જ્ઞાનનું, અધ્યાત્મ રસનું પાન કરવાના શુભ અવસરે પધારેલા ૫૩ જેટલા વિદ્વાનો અને વિશાળ શ્રોતાગણનું સ્વાગત, માનદ્ સંયોજક શ્રી ગુણવંત બરવાળિયાએ કર્યું હતું. તેઓએ બધાનું ભાવભીનું સ્વાગત કરતાં આ જ્ઞાનસત્રના પ્રમુખ શ્રી કુમારપાળ દેસાઇનો પરિચય આપતાં કહ્યું હતું કે, પદ્મશ્રી કુમારપાળની સાહિત્ય સેવા-જૈન સાહિત્યની અનેકવિધ પ્રવૃત્તિઓથી બધા સુપરિચિત છે તેથી એ વિશેની વિગત નહીં પમ ઉપસ્થિત વિશાલ શ્રોતાવર્ગને મારે એ કહેવાનું કે ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૦૨ વર્ષના ઇતિહાસમાં શ્રી કુમારપાળ સૌથી પહેલા જૈન પ્રમુખ છે. તેઓની આ પદ પરની વરણી સમસ્ત વિશ્વના જૈન સમાજ મટે આનંદ અને ગૌરવની ઘટના છે.

આ પ્રથમ બેઠકમા, શ્રી ગુણવંત બરવાળિયા સંપાદિત જ્ઞાનધારા-૩નું વિમોચન પદ્મશ્રી ડૉ. કુમારપાલ દેસાઈ તથા વિદ્વાન સાક્ષર શ્રી ચંદુલા સેલારકાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

પૂ. ગુરુદેવના આશીર્વચનો તથા પૂ. ડૉ. તરુલતાજીના આશીર્વચનો ખૂબ પ્રેરણાદાયક બની રહ્યા. ડૉ. તરુલતાજીએ કહ્યું કે શ્રુત આરાધનાના સહભાગી થવાનો અને આ ધન્ય પ્રસંગે ઉપસ્થિત રહેવાનો જેમને યોગ મળ્યો છે એ બધા સારસ્વતોને

*જો તમે પરમાત્મા સાથે શાન્તિ-સમતા ઇચ્છતા હો, તો તમારે સહવર્તી સાથે – દરેક માનવ-પ્રાણી સાથે શાન્તિ રાખવી જોઇએ, કારણ કે-જેનું હૃદય તિરસ્કારથી ભરેલું છે, તે હૃદયમાં પરમાત્મા રહેતા નથી.*

શ્રુતજ્ઞાનની ગંગાના વાહક બની, ઉત્તરોત્તર આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવાનો લાભ લેવાનો કહ્યું હતું.

પ્રારંભની આ બેઠકમાં ડૉ. કુમારપાળ દેસાઇએ આ જ્ઞાનસત્રમાં બધાને મળવાનો અને જ્ઞાનની આપ-લે કરવાનો ધન્ય પ્રસંગ પ્રાપ્ત થવા બદલ આનંદ વ્યક્ત કરી જૈન ધર્મની વિશ્વસ્તરે વર્તમાન કાળે કેવી શુભ અસર થઈ રહી છે તેની સમીક્ષા કરી. વર્તમાન જાગતિક પરિસ્થિતિમાં જૈનધર્મનો અને ભગવાન મહાવીરનો સંદેશ અનિવાર્ય રીતે સ્વીકારવો પડશે. યુનોએ આ દિશામાં આરંભ કર્યો છે અને બીજી ઓક્ટોબરને વિશ્વ અહિંસા દિન તરીકે સ્વીકારીને ઉત્તમ પ્રારંભ કર્યો છે. વિશ્વશાંતિ માટેનું મંગલ સોપાન, જગતની સમગ્ર જીવસૃષ્ટિ માટે મહાન ઉપકારક બની રહેશે. આપણે સહુએ પણ અહિંસાના પાલનમાં વધુ જાગૃત રહેવાનું છે અને અહિંસા અપરિગ્રહ અને અનેકાન્તનો સમ્યક્ પુરુષાર્થ કરવાનો છે.

આ જ્ઞાનસત્રમાં વિદ્વાનોને અભ્યાસ નિબંધ તૈયાર કરી રજૂ કરવા માટે કુલ પાંચ વિષયો આપવામાં આવ્યા હતા. તેમાંથી પોતાની પસંદગીના એક વિષય પ્રસ્તુત કરવા નિમંત્રણ મોકલ્યું હતું. પ્રત્યેકની વિગત આ મુજબ છે–

**(૧) અધ્યાત્મ જગતમાં જૈન કવિની, મારી પ્રિય તત્ત્વસભર રચના.**

આ વિષયની બે દૃષ્ટિએ સમીક્ષા વિદ્વાનોએ રજૂ કરી હતી. (૧) કાવ્ય રચના (૨) સમગ્ર કાવ્યગ્રંથ.

ડૉ. નિલેશ દલાલે શ્રીમદ્ રાજચંદ્રજીના 'અપૂર્વ અવસર' કાવ્યની મૌલિક ચર્ચા કરી હતી. કૃપાળુ ગુરુદેવનું ચિંતન કેવું અપૂર્વ છે તેની રચનામાંથી પંક્તિઓ રજૂ કરી, અનેરો આનંદ આપ્યો હતો. ડૉ. ગુલાબ દેઢિયાએ પૂ. ઉપાધ્યાય ઉદયરત્નજીની રચના 'શ્રી ભીડભંજન' પાર્શ્વનાથ જિન સ્તવન'નું રસદર્શન રજૂ કર્યું હતું. કેવી સરળ પંક્તિમાં, કેવો ગહન વિચાર વ્યક્ત થયો છે, 'જાય છે જાય છે, જાય છે રે, જિનરાજ જોવાની તક જાય છે.' ડૉ. અભય દોશીએ પૂ. જ્ઞાનવિમલની સજ્જાયની સમીક્ષા કથી હતી. શ્રી પ્રીતિબેન શાહ (અમદાવાદ), પૂ. બુદ્ધિસાગરજીની 'નેમિજિન સ્તવન' અને ડૉ. રેણુકાબેન, પોરવાલે યોગનિષ્ઠ પૂ. બુદ્ધિસાગરજીની 'અલખ દેશમાં હંસને પ્રેરણા' રજૂ કરી શ્રી જિતેન્દ્ર કામદારે 'બંધુત્રિપુટી'ના શ્રી મુનિચંદ્ર વિજયની જાણીતી રચના–'વર્ષા ખોવાય એનું કાંઈ નહીં'નું મૂલ્યાંકન દર્શાવ્યું હતું.

(૨) ડૉ. વર્ષાબેન શાહે, દક્ષિણ ભારતના સંતકવિ, તિરુવલ્લુવરની નીતિશાસ્ત્ર પર આધારિત રચનાની, ડૉ. ઉત્પલાબેન મોદીએ આચાર્ય હેમચંદ્રાચાર્યના 'વીતરાગ સ્તોત્ર' પર ડૉ. નલિનીબેન શાહે, કવિ ચિદાનંદજીની રચનાઓ, શ્રી જયશ્રીબેન દોશીએ 'શાંત સુધારસ' પર વિચારો વ્યક્ત કર્યા હતા. ડૉ. વર્ષાબેન દોશી પૂ.આનંદઘનજીની રચનાની વિગતો દર્શાવી હતી. તેમજ ડૉ. કોકિલાબેન શાહે શ્રીમદ્ રાજચંદ્રની 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' પર મનનીય વક્તવ્ય રજૂ કર્યું હતું.

**(૨) વિષય : જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર :-**

ડૉ. રશ્મિભાઈ ઝવેરીના અધ્યક્ષ પદે આ જ્ઞાનસત્ર માટે કલકત્તાથી ખાસ પધારેલા શ્રી હર્ષદભાઈ દોશી, બિલીમોરાથી ડૉ. કવિન શાહ, કચ્છથી શ્રી કાનજીભાઈ મહેશ્વરી, ડૉ. રમણીકભાઈ પારેખ (અમદાવાદ), તથા ડૉ. જિજ્ઞા વોરા અને ભરતભાઈ ગાંધીએ શ્રાવકાચાર પર જુદા જુદા આગમગ્રંથોમાં નિરૂપાયેલ શ્રાવકધર્મના સિદ્ધાંતોની સરળ શૈલીમાં રજૂઆત કરી હતી. પરમાત્મા મહાવીર સ્વામીએ શ્રાવકધર્મ એ સાધુધર્મનું પ્રથમ સોપાન છે. અને દેશ વિરતી ધર્મ સ્વીકારીને સર્વ વિરતીધર થવાની વિકાસ ભૂમિકા કેટલી સંપૂર્ણ અને યથાર્થ છે. માનવજીવનની સાર્થકતા આ પ્રકારના આધ્યાત્મિક વિકાસ માટે અનિવાર્ય છે. ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ આનંદ શ્રાવક સ્વમુખે વ્રત લેવરાવ્યા હતા અને આત્મ કલ્યાણની ઉત્તમ સાધના દર્શાવી હતી.

**(૩) વિષય : જૈન સંસ્કૃતિના વિકાસમાં નારીનું યોગદાન :-**

આ વિષયના અધ્યક્ષપદે જાણીતા વિદ્વાન શ્રી ડૉ. ધનવંત શાહ હતા. આ વિભાગના નિબંધો રજૂ કરનારા ડૉ. કલાબેન શાહ, ડૉ. પ્રીતિબેન શાહ (અમદાવાદ), ડૉ. ધવંતીબેન મોદી, શ્રીમતી ધનલક્ષ્મીબેન બદાણી (નાગપુર), શ્રીમતી પરૂલબેન ગાંધી (રાજકોટ) હતા. આ વિભાગના નિબંધોનું વાચન ખૂબ રસપ્રદ બની ગયું. વિદ્વાનોએ સૃષ્ટિના સર્જનથી આરંભીને સંસ્કૃતિના વિકાસમાં નારીના યોગદાનની ચર્ચા કરી હતી અને જૈન આગમમાંથી ઉદાહરણો દર્શાવીને નારીએ જૈન ધર્મની ઉન્નતિમા આપેલા પ્રદાનની વિગતે ચર્ચા કરી હતી.

અધ્યક્ષ સ્થાનેથી ડૉ. ધનવંત શાહે શ્રમણ સંસ્કૃતિના વિકાસના નારીના યોગદાનની ચર્ચા કરી હતી.

**(૪) વિષય : 'વિશ્વ વાત્સલ્યના આરાધક કાંતદૃષ્ટા પૂ. મુનિશ્રી સંતબાલજી'** આ વિષયના અધ્યક્ષપદે ડૉ. રસિક મહેતા હતા. નિબંધ રજૂ કરનાર વિદ્વાનો ડૉ. કાંતિભાઈ શાહ (અમદાવાદ), પ્રો. એન. એમ. કુબડિયા, ડૉ. ગીતાબેન મહેતા, શ્રી હર્ષદ મહેતદા, શ્રી હરજીવન મહેતા અને શ્રી સમીર શાહ હતા. વિદ્વાનોએ સદૃષ્ટાંત પૂ. સંતબાલજીના વિશ્વ વાત્સલ્યના અનેકાંતદૃષ્ટા સંત તરીકેના વ્યક્તિત્વને દર્શાવેલ હતું. પૂ. સંતબાલજી પૂરેપૂરા જૈનત્વના સંસ્કારો ધરાવનાર, યશસ્વી લોકસંત હતા. તેઓ ફક્ત જૈન સંત નહીં, જગતસંત હતા એ હકીકત દર્શાવતા અભ્યાસીઓએ ઉપસ્થિત વિદ્વતવૃંદનું પૂ. સંતબાલજીના જીવન અને કાર્યોનો

*નમ્રતા–નમ્ર ભાવ એ ત્રાજવા સમાન છે. ત્રાજવાની જેમ મનુષ્ય પોતાને એક બાજુ વધુ ને વધુ નમાવે છે, તેમ બીજી બાજુ તે વધુ ને વધુ ઉચ્ચ–મહાન બને છે.*

તલસ્પર્શી અભ્યાસ કરવાની અને એમના પત્રસાહિત્ય તથા સર્જનની તટસ્થ સમીક્ષા કરવાની વિનંતી કરી વિષયને ન્યાય આપ્યો હતો.

**(૫) વિષય : ધ્યાન, જપ અને જૈનવિધિ અનુષ્ઠાનની વૈજ્ઞાનિકતા** :- આ વિષયના અધ્યક્ષપદે શ્રી સુરેશભાઈ ગાલાએ સંભાળ્યું હતું. તેઓએ આ વિષય પર કેટલાક સરસ સૂચનો રજૂ કર્યા હતા. વિદ્વાન વક્તા શ્રી બીનાબેન ગાંધી, શ્રી ગોવિંદભાઈ લોડાયા તથા ડૉ. દેવેન્દ્ર વોરાએ જૈન ધર્મની વૈજ્ઞાનિકતા સદૃષ્ટાંત રજૂ કરી હતી અને એ અનુસાર જો જીવનક્રમ ગોઠવાય તો જીવનમાં રોગને કે તાણને સ્થાન ન મળે એ હકીકત તરત ખાસ લક્ષ આપવા વિનંતી કરી હતી. રિદ્ધિ ભોગીલાલ વોરા દ્વારા વિદ્વાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

અધ્યક્ષ શ્રી ઉપરાંત માનદ્ સંયોજક શ્રી ગુણવંત બરવાળિયાએ વિદ્વાનોનો સંક્ષેપમાં પરિચય આપી, સફળ સંચાલન કર્યું હતું અને શ્રી પ્રવીણભાઈ પારેખ, શ્રી યોગેશભાઈ બાવીશી, પ્રકાશભાઈ મહેતા, ભુપેન્દ્ર દોશીએ પણ સંચાલન-સંકલન તથા આયોજનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

તા. ૭/૧૦ની સમાપન બેઠકમાં જાણીતા આંતરરાષ્ટ્રીય વિદ્વાન ડૉ. જે. જે. રાવલે, વર્તમાન જાગતિક પર્યાવરણની સમસ્યા અને ખગોળ તથા જૈનધર્મનાં રહસ્યોની સંગીન ચર્ચા કરી હતી. દીપ મહેતાએ જૈન દર્શનની વિશિષ્ટતાની વાતો કરી હતી.

ડૉ. બિપીન દોશીએ પોવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા રાજવ્યવસ્થામાં જૈનધર્મની મહત્ત્વની વિશેષતાઓને રજૂ કરી અનોખી અસરકારકતા દર્શાવી હતી. તેઓની રજૂઆત સહુને ખૂબ ગમી હતી.

જ્ઞાનસત્રના સમાપનમાં પૂ. નમ્રમુનિજીએ સાધનામાં મૌનનું મહત્ત્વ દર્શાવી, જ્ઞાનસત્રમાં ઉપસ્થિત રહી, જ્ઞાનસાધનામાં વિશેષ પ્રગતિ માટેના આ શુભ કાર્યમાં ભાગ લેવા બદલ વિદ્વાનોને અભિનંદન આપ્યા હતા. સમાપન પ્રવચનમાં ડૉ. તરુલતાબાઈ મહાસતીજીએ વિદ્વાનોને નિયમિત સ્વાધ્યાય દ્વારા કોઈ પણ વિષયના તલસ્પર્શી અભ્યાસ કરવાની અને વીરવાણીના રહસ્યો માત્ર જાણવાની નહીં પણ આચરવાની અપીલ કરી હતી.

***

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

### સુધારો

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૧૦-૨૦૦૭ના અંકમાં પાના નં. ૧૯ ઉપર રૂા. ૨,૫૧,૦૦૦/- શ્રી બિપીનચંદ્ર કાંતિલાલ જૈનનું નામ ભૂલથી છપાયું છે તેને સુધારીને **બી. કે. આર. જે. ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી બિપીનચંદ્ર કાનજીભાઈ જૈન** (નાની ખાખર-કચ્છ) એમ વાંચવું.

### શ્રી ભગિની મિત્ર મંડળ, પાલીતાણાની અગાઉ નોંધાયેલી રકમની યાદીના અનુસંધાનમાં

| | |
|---|---|
| ૧૪,૦૦૦/- | શ્રીમતી વર્ષાબેન રજ્જુભાઈ શાહ પરિવાર |
| ૫,૦૦૦/- | શ્રી મંજુલા વીનુભાઈ હિંમતલાલ શાહ ટ્રસ્ટ |
| ૩,૦૦૦/- | શ્રી પ્રવીણભાઈ એમ. શાહ |
| ૩,૦૦૦/- | શ્રીમતી ધૈર્યકાન્તા પી. શાહ |
| ૩,૦૦૦/- | શ્રીમતી પ્રભાવતી જાદવજી મહેતા |
| ૩,૦૦૦/- | શ્રી જાદવજી સોમચંદ મહેતા |
| ૧,૦૦૦/- | શ્રી ગીતાબેન જૈન |

### પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ

| | |
|---|---|
| ૧૦,૭૩,૩૬૪/- | તા. ૧૦-૧૦-૨૦૦૭ સુધીનો સરવાળો |
| ૨,૫૦૦/- | શ્રી હર્ષરંજન ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧,૦૦૧/- | શ્રી કાંતિલાલ હીરાલાલ જરીવાલા |
| ૧,૦૦૧/- | શ્રી કીર્તિકુમાર નટવરલાલ સંઘવી |
| ૨,૫૦૦/- | શ્રી જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦,૮૦,૩૬૬/- | કુલ |

### ૧૯ મા જૈન સાહિત્ય સમારોહનું આયોજન

સહર્ષ જણાવવાનું કે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે ૧૯ મા જૈન સાહિત્ય સમારોહનું આયોજન જાન્યુ.-૨૦૦૮ માં કરવાનું નક્કી કરવામાં આવેલ છે. ડૉ. ધનવંતભાઈ ટી. શાહના સંયોજકપદે આ ૧૯ મો જૈન સાહિત્ય સમારોહ યોજવામાં આવશે.

આ સમારોહમાં ખાસ કરીને માત્ર બે વિષયો: **'જૈન કથા સાહિત્ય'** તથા **'સંલેખના / સંથારો'** વિષય પર અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરવા માટે અમો લેખકો, વિદ્વાનો, અધ્યાપકો અને સાહિત્યરસિકોને સહર્ષ હાર્દિક નિમંત્રણ આપીએ છીએ. આપનો નિબંધ (ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં) વિદ્યાલયને તા. ૧૫/૧૨/૨૦૦૭ સુધીમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈના મુખ્ય કાર્યાલયમાં અચૂક મળી જાય તે રીતે મોકલી આપવા ખાસ વિનંતી છે.

સ્થળ તેમજ અન્ય વિગતો હવે પછી પ્રગટ કરીશું.

નિબંધ પ્રસ્તુત ન કરનાર અન્ય જિજ્ઞાસુઓને પણ આ સમારોહમાં પધારવાનું શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી હૃદયપૂર્વકનું આમંત્રણ છે.

ભોજન તથા ઉતારાની વ્યવસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી કરવામાં આવશે. સ્વીકૃત નિબંધકારને પોતાનો નિબંધ સમારોહમાં વાંચવા માટે મર્યાદિત સમય આપવામાં આવશે તેમ જ આવવા જવાનો પ્રવાસ ખર્ચ અને યોગ્ય પુરસ્કાર પણ આપવામાં આવશે.

# સર્જન સ્વાગત

**ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ :
પાટલિપુત્રની ઐતિહાસિક પ્રદક્ષિણા
લેખક : પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજયપૂર્ણ ચન્દ્રસૂરીશ્વરજી મહારાજા
પ્રકાશન : શ્રી રાજસ્થાન જૈન સંઘ
શ્રી વર્ષીતપ આરાધના સમિતી–કલ્યાણ
પ્રાપ્તિસ્થાન (૧) રમેશભાઈ આર. સંઘવી, ૩૦૧, સ્વયંસિદ્ધિ એપાર્ટમેન્ટ, દેવદીપ સોસાયટી, ચાઇનાગેટ સામે, પાર્લે પોઈન્ટ, સુરત–૩૯૫૦૦૭. મો. : ૦૯૩૭૬૭૭૦૭૭૭.
(૨) ચંપાલાલજી છોગમલજી જૈન, જિતેન્દ્ર જ્વેલર્સ, ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવળ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન (ઑ) : ૦૨૨- ૨૩૮૬૧૮૪૩.
મૂલ્ય : રૂા. ૫૦. પૃષ્ઠ : ૧૧+૨૦૫
આવૃત્તિ–પ્રથમ

ભગવાન મહાવીર સ્વામીના પરમ ભક્ત રાજા શ્રેણિકના પુત્ર અને પાટવીકુંવર ઉદાયી રાજાની પાટનગરીના સુવર્ણ ઇતિહાસનું આલેખન એકસો સત્યાશી કથા વાર્તાના રચયિતા અને શબ્દશિલ્પી પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાસાહેબની સિદ્ધહસ્ત કલમ દ્વારા 'પાટલિપુત્રની ઐતિહાસિક પ્રદક્ષિણા'માં કરવામાં આવ્યું છે.

વર્તમાન સમયની ગ્લોબલ વૉર્મિંગ સંસ્કૃતિમાં મેટ્રોપોલિટન શહેરો મુંબઈ, કલકત્તા, મદ્રાસ, બેંગલોર કે અમદાવાદના નામો આજના માનવીના સ્મરણ ટપ પર તરત ઉપસી આવે એ સ્વાભાવિક છે. પરંતુ આજે જેને આપણે બિહાર રાજ્યનું પટના-પટણા તરીકે ઓળખીએ છીએ તે પૂર્વકાળમાં એક મહાન નગરોમાંના નગર તરીકે પ્રખ્યાત હતું.

બસો પાનાના અઢાર પ્રકરણોમાં આચાર્ય દેવે પાટલિપુત્રમાંથી પટનાનું નવનિર્માણ કેવી રીતે થયું તેનાં કારણો અને ત્યાં બનેલી ઘટનાંઓને આ ઐતિહાસિક કથામાં ઢાળી છે. જે જિજ્ઞાસુ વાચકની રસવૃત્તિને પોષે છે.

આ ઐતિહાસિક કથા માત્ર શુષ્ક ઇતિહાસ બની રહેતી નથી. પરંતુ પૂ. આચાર્ય દેવની રસાળ કલમ દ્વારા અન્નિકાપુત્ર, ઉદાયીની હત્યાથી સર્જાનારી ધર્મનિંદા ટાળવા ધર્મરત્ન નામના આચાર્ય દેવે કરેલું આત્મવિલોપન, નંદવંશના કેટલાંક રાજવીઓ મહામંત્રીશ્વર કલ્પક તથા શકટાલની રોમાંચક ઘટનાઓ હૃદયસ્પર્શી બની રહી છે. તે ઉપરાંત કોશા વેશ્યાના ભોગી ત્યાગી જીવનની ઝાંખી લેખકે અલપઝલપ રીતે કરાવી છે. તો સાથે સાથે આગમવાચનાની રોમહર્ષક વિગતોમાં પાટલિપુત્રના પુણ્યદર્શનનો પરિચય થાય છે.

વર્તમાન પટના અને અતીતનું (પાટલીપુત્ર) કેવું હતું કે ત્યાં શું હતું તેનો હૃદયંગમ ચિતાર લેખકે તાદૃશ્ય કર્યો છે. જેનો આસ્વાદ લેવાની તક દરેક જૈન જૈનેત્તર વાચકે અવશ્ય લેવી જોઇએ અને જૈન શાસનની સાંસ્કૃતિક સમૃદ્ધિના ઇતિહાસને જાણવો અને માણવો જોઇએ.

x x x

પુસ્તકનું નામ : ચિત્રમય વિજયનેમિ સૂરિ
લેખક : મુનિ રત્નકીર્તિવિજય
પ્રકાશક : શ્રી મહુવા તપગચ્છ જૈન સંઘ, મહુવા.
પ્રાપ્તિ સ્થાન (૧) શ્રી મહુવા તપ ગચ્છ જૈન સંઘ, જૈન દેરાસરની પેઢી, કેબિન ચોક, મહુવા (સૌરાષ્ટ્ર)–૩૬૪૨૯૦. (૨) સરસ્વતી પુસ્તક ભંડાર, ૧૧૨, હાથીખાના, રતનપોળ, અમદાવાદ–૩૮૦ ૦૦૧. મૂલ્ય : રૂ. ૨૦૦/-

પ. પૂ. સાહિત્યવિદ્ શ્રી વિજય શીલચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી શાસનસમ્રાટ આચાર્ય શ્રી નેમિસૂરીજીનું ચિત્રમય જીવન–કવન જૈન સાહિત્યના ઇતિહાસના એક સુવર્ણપૃષ્ટનું સ્મરણ કરાવી જાય છે.

આર્ટ પેજના બોંતેર પાના પર શ્રી નૈનેશ સરૈયાએ કરેલ ચિત્રાંકન અને મુનિ રત્નકીર્તિવિજયશ્રીએ કરેલ શબ્દાંકન અનુપમ છે. આચાર્ય વિજય નેમિસૂરિશ્વરજી સાહેબની સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી વર્ષની ભવ્ય ઉજવણી પ્રસંગે પ્રકટ કરવામાં આવેલ આ ગ્રંથ સુરિસમ્રાટની જીવંત દંતકથા છે, યુગકથા છે જેમાં ઐતિહાસિક તથ્યો છલકાય છે.

સૂરિસમ્રાટની જન્મભૂમિ મહુવાબંદરનું ચિત્રાંકન, જન્મથી પ્રારંભ કરીને ભણતર, તરુણાવસ્થા, દીક્ષા, જ્ઞાન સાધના, વિવિધ ચાતુર્માસો, જીર્ણોદ્ધારના કાર્યો, ગણિપદ–પન્યાસપદ, શાસનસમ્રાટની પદવી, પરંપરાના પ્રવર્તક, કદંબગિરિનો પુનરુદ્ધાર, ઐતિહાસિક મુનિ સમ્મેલન વગેરેના ચિત્રાંકનો વાચકના હૃદયને રસ–તરબોળ કરી દે તેવા આલેખાયા છે.

પૂ. આ. દેવ એક આદર્શ અનુશાસક હતા, ચારિત્ર પાલનના ચુસ્ત આગ્રહી અને જ્ઞાની હતા. જંગમ યુગ પ્રધાન એવા આચાર્ય દેવનું આ ચિત્રમય જીવન–કવન અદ્વિતીય અને આસ્વાદ કારક છે.

x x x

પુસ્તકનું નામ : હું અને...
લેખક : પ્રફુલ્લ રાવલ; પ્રકાશન : દક્ષા રાવલ.
સરનામું : બી–૧૨, માધવ એપાર્ટમેન્ટ, વાસણા–અમદાવાદ–૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૧૪૯૭૧. કિંમત : રૂા. ૬૫/-
પાના–૧૦૦. આવૃત્તિ : પ્રથમ

ગુજરાતી સાહિત્યમાં નવલિકા, લઘુનવલ, વિવચેન, લઘુકથા, ચરિત્ર નિબંધ તથા લલિત નિબંધો દ્વારા વિશિષ્ઠ સ્થાન ધરાવનાર લેખક પ્રફુલ્લ રાવલના 'હું અને' પુસ્તકના નિબંધો અગાઉ 'કુમાર' અખંડ આનંદ વગેરે સામાયિકોમાં પ્રગટ થઈ ચૂક્યા છે.

સો પાનામાં સત્યાવીશ નિબંધો પ્રકાશિત કર્યા છે. લેખકે પોતે જ આ નિબંધોને 'અંગત' નિબંધો કહ્યા છે. આ નિબંધોના કેન્દ્રમાં 'હું' છે પણ 'હું પદ' નથી. નિબંધમાં નિજી સંવેદનાઓને સ્વચ્છ અને હૃદયસ્પર્શી બાનીમાં આ નિબંધોમાં સાકાર કરી છે.

આ નિબંધોમાં 'સખી'ના પાત્ર દ્વારા બાળપણના નિર્દોષ અને નિર્મળ સંબંધોની પ્રતીતિ કરાવે છે તો સાથે સાથે અન્ય નિબંધોમાં સંસ્કૃતિ અને પ્રકૃતિ પ્રેમ પણ પ્રકટ થયો છે. આ નિબંધોમાં લેખકની ભાવુકતા ઉડીને આંખે વળગે છે.

આ નિબંધો ટૂંકા છે પણ નિબંધકારની આંતર છબિને રજૂ કરે છે તેમાં એક સંવેદનશીલ અને સત્યશોધકની અંગતતાનો આનંદ વાચકને પ્રાપ્ત થાય છે.

પુસ્તકનું આકર્ષક મુખપૃષ્ટ નિબંધોના વિષયની ઝાંખી કરાવે છે.

* * *

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

## (ઑક્ટોબર '૦૭ અંકથી આગળ)

(૫૨)

છે ઇન્દ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇન્દ્રિયના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨

संस्कृत स्वस्वविषये संज्ञानं प्रतीन्द्रियं विभाति भोः !
परं तु तेषां सर्वेषां जागर्ति मानमात्मनि ।।५२।।

हिन्दी हे इन्द्रिय प्रत्येक को, स्व स्व विषय का ज्ञान।
किन्तु पाँचों विषय का, ज्ञाता आत्मा जान ।।५२।।

अंग्रेजी Each sense has its-own subject-knowledge,
The knowledge of all sense-subjects;
The soul peossesses, 'tis not strange
The ear hears, the soul rejects. 52

(૫૩)

દેહ ન જાણે તેહને, જાણે ન ઇન્દ્રિ, પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્ત જાણ. ૫૩.

संस्कृत न तद् जानाति देहोऽयं नैव प्राणो न चेन्द्रियम् ।
सत्तया देहिनो देहे तत्प्रवृत्तिं निबोध रे ! ।।५३।।

हिन्दी देह न जानत विषय को, जाने न इन्द्रिय प्राण ।
आत्मा की सत्ता लिए, होत विषय पहिचान ।।५३।।

अंग्रेजी The body cannot know the soul,
Nor senses, neither knows the breath;
All do their deeds, if there's the soul.
If it goes off, it is called death. 53

(૫૪)

સર્વ અવસ્થાને વિશે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪

संस्कृत योऽवस्थासु समस्तासु ज्ञायते भेदभाक् सदा ।
चेतनतामयः स्पष्टः स ह्यात्मा नान्यलक्षणः।।५४।।

हिन्दी जाग्रत स्वप्न सुषुप्ति का, ज्ञाता भिन्न लखात ।
प्रगटःरूप चैतन्यमय, सदा चिन्ह विख्यात ।।५४।।

अंग्रेजी In all the states the soul separate,
Is sen always as consciousness;
Distinctive mark is accurate,
To ascertain the soul presence. 54

(૫૫)

ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન ? ૫૫

संस्कृत घटादिसर्व जानासि अतस्तन्मन्यसे शिशो ! ।
तं न जानासि ज्ञातारं तद् ज्ञानं ब्रूहि कीदृशम् ।।५५।।

हिन्दी जानत घट पट आदि तूं, तातें ताको मान ।
ज्ञाता को मानत नहीं, यह कैसो तुझ ज्ञान? ।।५५।।

अंग्रेजी You know the pots and clothes and all,
Thus them believe but not the knower;
If pots and clothes exist big, small,
Why not the soul with knowledge-power. 55

(૫૬)

પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આત્મા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬

संस्कृत कृश देहे घना बुद्धिरघना स्थूलविग्रहे ।
स्याद् देहो यदि आत्मैव नैवं तु घटना।।५६।।

हिन्दी परमबुद्धि कृश-देह में, स्थूल देह मति अल्प ।
देह होय जो आतमा, घटे विरोध न स्वल्प ।।५६।।

अंग्रेजी Supreme in thought, though bodies thin,
In fat, strong bodies no cleverness;
This proves that the body is the inn,
And not the soul, there no oneness. 56

(૫૭)

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહિ, ત્રણે કાળ દ્વયભાવ. ૫૭

संस्कृत केवलं भिन्न एवाऽस्ति स्वभावो जड–जीवयोः ।
कदापि न तयोरैक्यं द्वैतं कालत्रिके तयोः ।।५७।।

हिन्दी जाड–जडता चित्–चेतना, प्रगट भिन्न स्वस्वभाव।
कभी न पावें एकता, दोय स्वतंत्र प्रभाव ।।५७।।

अंग्रेजी The nature of the soul and matter,
Is clearly quite different;
Can never be of one character,
See ages all, past, future, present. 57

(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત 'સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી) (વધુ આવતા અંકે)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/MR/SOUTH-146/2006-08



# પંથે પંથે પાથેય...

## 'મહાન બનાતું નથી... મહાન તો બની જવાય છે'

સવારે ૭-૪૫ નો સમય છે. નજીકના દેરાસરજીમાં દર્શન કરી પ્રફુલ્લિત ચિત્તે ઉપાશ્રય પાછો આવી રહ્યો હતો. ત્યાં જ ઉપાશ્રયના દરવાજામાં જાણીતા વયોવૃદ્ધ વડીલ મળી ગયા અને આદર અને અનુમોદનાથી મન તરબતર થઈ ગયું. મનોમન નક્કી કર્યું....શુભસ્ય શીઘ્રમ્....

અને મેં તેમને પ્રશ્ન કર્યો 'આપ કી ઉમર કીતની હુઈ હોગી?' તેમણે કહ્યું, 'હોગી સાબ (૭૮-૮૦) અઠ્ઠત્તર-અસ્સી સાલકી.' મેં બીજો પ્રશ્ન પુછ્યો. 'આપ ઇસ આરાધના ભવન મેં અધ્યક્ષ કીતને સાલ રહે?' તેમણે કહ્યું, 'છે સાલ.'

વાત જાણે એમ હતી કે આ વડીલ મુરબ્બીને રોજ જોયા કરું. ત્રણ ટાઇમ ઉપાશ્રય આવે, વંદન કરે, સુખશાતા પૂછે, કામકાજ પૂછે. રાત્રે પ્રતિક્રમણ બાદ ત્રિકાલ વંદના કરી ઘેર જાય...સવારે પાછા હાજર. આજે સવારે પણ આવ્યા. ગુરુ મહારાજને વંદન આદિ કરી સીધી સાવરણી હાથમાં લીધી. આખો ઉપાશ્રય ખૂણે ખાંચરેથી વાળીને સાફસુફ કર્યો. ઉપર આયંબીલ ખાતાની ચાવી લીધી અને ઉકાળેલા પાણીની વ્યવસ્થા કરવા ગયા. ત્યાં તો આયંબીલની રસોઈ કરવાવાળા બહેન આવી ગયા અને તેમણે બધું સંભાળી લીધું. સવારે હું પ્રતિક્રમણ કરતાં કરતાં બધું જોયા કરું અને મનમાં તેમની અનુમોદના કર્યા કરું.

હવે બન્યું એવું હતું કે ઉપાશ્રયનો એક માણસ અઠવાડીયાથી કોઈ કારણ સર આવતો ન હતો. બે માણસના કામનો ભાર ૭૦ વર્ષની ઉંમરના ચંપાલાલજી નામના માણસ સંભાળી રહ્યા હતા. તેને પણ કાર્યબોજ, ઉંમર, થાક, માંદગીના કારણે ગઇકાલે હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. હવે શું થશે? એમ વિચારી વ્યવસ્થાપકોએ કોઈ એક નવા માણસ માટે તાબડતોબ વ્યવસ્થા પણ કરેલી પરંતુ તે પણ સવારે ન આવ્યો. આવા સંજોગોમાં ઉપર જણાવી ગયો તે સંઘના ભૂતપૂર્વ અધ્યક્ષ અને હાલના ટ્રસ્ટીએ સ્વાભાવિક પણે જ બધું કામ સંભાળી લીધું. આટલું જોઇને હું દેરાસર ગયેલો પાછો ફરું ત્યાં તો રોજીંદા ક્રમ મુજબની વ્યાખ્યાનની તૈયારી રૂપે ઉપાશ્રયના હૉલમાં મોટી મોટી પાંચ જાજમો પણ બીછાવાઈ ગઈ હતી. મેં તેમને પ્રશ્ન કર્યો કે આ જાજમો કોણે બીછાવી? જવાબ 'સાબ મૈંને બીછાઈ.'

મેં કહ્યું, આ બધી વાતો મારા-૩ દીકરી મહારાજ અને તેમના મમ્મી મહારાજને મારે લખવી છે. ચારેય સાધ્વીજી મહારાજ આ વાંચીને અનુમોદના કરશે અને તેમને જીવનમાં પાથેય મળશે. મુંબઇના એક માસિક ને પણ લખી મોકલવું છે જેથી હજ્જારો જૈન, જૈનેતરો વાંચીને તેમના પોતાના જીવનમાં શું કરવું જોઇએ તેની પ્રેરણા મેળવશે. તો મને કહે, 'સાબ ઇસમેં ક્યા હૈ; યે તો અપના કામ હૈ; આપ કીસી કો કુછ લીખના મત, યે સબ પ્રસિદ્ધી કે લીયે નહીં કરના હૈ હમારે ગુરુ મહારાજ આચાર્ય ભગવંત રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાબ તો કહતે થે કી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા કે લીયે તો સબ કુછ કર છૂટો, ઇનકે લીયે તો મર-મીટો ઔર ઉપાશ્રય મેં તો ચાર બાર ભી કામ લો તો ઉસમેં બડી કર્મ નિર્જરા હૈ.' આવી તેમની સરળતા ભરેલી વાતોથી મારું મન પ્રમોદિત થઈ ઉઠ્યું અને ૮૦ વર્ષના આ યુવાન શ્રી કાલુરામજી પારખ મોટા ભાગના સર્વ પરિચિતો જેમને મામાજી (મામાજી) ના હુલામણા નામથી જ બોલાવે છે તેમની આદર્શરૂપ વાત લખવા બેસી ગયો.

(લેખ પૂર્ણ કર્યાનો સમય અંદાજે ૯)

જૈન આરાધના ભવન, રતલામ (મ. પ્ર.)

[આ લેખ જે મહાશયે અમને મોકલ્યો છે તેઓશ્રીએ પોતાનું નામ જણાવ્યું નથી. પ્રસિદ્ધિથી દૂર રહી, સર્વ પ્રથમ તેઓશ્રીએ જ પોતાના કર્મની નિર્જરા કરી! ધન્યવાદ!]

* * *

### આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળે છે ?

પ્રત્યેક માસની ૧૬મી તારીખે 'પ્રબુદ્ધ જીવન' નિયમિત અમારે ત્યાંથી પોસ્ટ થાય છે, છતાં 'પ્રબુદ્ધ જીવન' નિયમિત ન મળવાની ફરિયાદો અમને મળે છે.

આપને વિનંતિ કે જ્યારે પણ તા. ૨૫મી સુધી આપને 'પ્રબુદ્ધ જીવન' ન મળે તો આપ અમને અવશ્ય સૂચના લખશો, જેથી તરત જ આપને અમે એ મહિનાનું 'પ્રબુદ્ધ જીવન' મોકલી આપીશું.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઘણાં આજીવન સભ્યો અને પેટ્રનો લગભગ પચાસ વરસ પહેલાનાં છે. ઘણાંને બે 'પ્રબુદ્ધ જીવન' પણ મળે છે. શક્ય છે કે નવા સરનામાની વિગત અમારી પાસે ન હોય.

તો 'પ્રબુદ્ધ જીવન'ના સર્વે જિજ્ઞાસુ વાચકોને વિનંતિ કે એક પોસ્ટકાર્ડ દ્વારા અમને નીચેની વિગતો જણાવે.

૧. આપ મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્ય છો? પેટ્રન છો? 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહક છો?
૨. આપનું નામ. ૩. વિગતે સરનામું, પીન કોડ સાથે.
૪. ટેલીફોન નંબર. ૫. રેપર ઉપરનો નંબર અને કલર. ૬. અન્ય નોંધ.

ઉપરની વિગતો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નીચેના સરનામે જલદી મોકલવા વિનંતિ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩, મહંમદી મિનાર, ખેતવાડી ૧૪ મી ગલ્લી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪.

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant C. Shah.

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

છૂટક નકલ રૂા. ૧૦/- તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૦૭ વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

વિક્રમ સંવત : ૨૦૬૪ વીર સંવત : ૨૫૩૪ માગશર સુદિ - તિથિ - ૭

## જિન-વચન

### પાપ કર્મ

जयं चरे जयं चिट्ठे जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो पावं कम्मं न बंधई ।।

—दसवैकालिक—४-३१.

જયણા (યતના) પૂર્વક ચાલવું, જયણાપૂર્વક ઊભા રહેવું, જયણાપૂર્વક બેસવું, જયણાપૂર્વક સૂઈ જવું, જયણાપૂર્વક ખાવું અને જયણાપૂર્વક બોલવું – એમ કરનાર પાપકર્મ બાંધતો નથી.

यतना (जागरूकता) पूर्वक चलनेवाला, यतनापूर्वक खड़ा होनेवाला, यतनापूर्वक बैठनेवाला, यतनापूर्वक सोनेवाला, यतनापूर्वक भोजन करनेवाला और यतनापूर्वक बोलनेवाला पाप-कर्म का बंधन नहीं करता ।

Walk carefully, stand carefully, sit carefully, sleep carefully, eat carefully, and speak carefully so that no sinful act is committed.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત **'जिन-वचन'**માંથી).

## આચમન

### 'તમે ? અને મારાથી બીઓ છો !'

સાબરમતી આશ્રમના રસોડાની જવાબદારી બાના હાથમાં હતી. બાપુજીને મળવા કેટલાય મહેમાનોની રોજ અવરજવર થતી હોય. પણ બા બધું ઉત્સાહથી કરતાં.

એમના હાથ નીચે ત્રાવણકોરથી આવેલો એક છોકરો હતો. એક વાર બપોરનું બધું પરવારીને બા રસોડું બંધ કરીને થોડો આરામ લેવા ગયાં.

બાપુજી ક્યારના એની જ રાહ જોઈ રહ્યા હતા. બા જેવાં આરામ કરવા પોતાની ઓરડીમાં ગયાં કે તરત જ બાપુજીએ પેલા છોકરાને ઇશારો કરીને પોતાની પાસે બોલાવીને ધીમેથી કહ્યું: 'જો, સાંભળ, હમણાં કેટલાક મહેમાનો આવવાના છે. એ સૌને સારુ રસોઈ કરવાની છે. બા સવારથી કામ કરીને થાકી ગઈ છે. માટે એને થોડો આરામ કરવા દે. બાને હમણાં જગાડતો નહીં. કુસુમને રસોઈમાં મદદ કરવા બોલાવી લઈ આવ. તું અને કુસુમ મળીને બધું કરો. ચૂલો સળગાવી, કણક બાંધીને બધું તૈયાર રાખો. પછી જરૂર પડે તો જ બાને જગાડજો, નહીં તો તમે બધું પતાવી દેજો, બા ગુસ્સે થાય એવું કરશો નહીં. કશો બગાડ કરતાં નહીં અને જે ચીજ જ્યાંથી લો ત્યાં પાછી બરોબર ગોઠવી દેજો. બા મારા પર ગુસ્સે નહીં થાય તો હું તમને શાબાશી આપીશ.'

પછી પેલા ભાઈએ કુસુમબહેનને બોલાવીને ચુપકીદીથી રસોઈની તૈયારી કરવા માંડી. બા જાગી ન જાય એની તેઓ ખૂબ જ કાળજી રાખતાં હતાં. શાક સમારી નાખ્યું. ચૂલો સળગાવ્યો, કણક પણ બાંધી દીધી. પરંતુ એવામાં એક થાળી હાથમાંથી અચાનક નીચે પડી ગઈ!

થાળીના પડવાનો અવાજ થતાં બા જાગી ગયાં. રસોડામાં બિલાડી તો નથી ઘૂસી ગઈ ને! એમ માનીને બા રસોડા ભણી ગયાં, તો ત્યાં રસોઈની ધમાલ થઈ રહી હતી! બાએ ઊંચે સાદે કહ્યું: 'આ બધી શી ધમાલ ચાલી રહી છે ?'

એટલે બંનેએ બાને બધી વાત કહી દીધી. બા કહે: 'પણ તમે લોકોએ મને કેમ નહીં બોલાવી ? શું મારાથી આટલું ન થાત ?' એટલું કહીને બા રસોઈ કરવા મંડી પડ્યાં.

સાંજે બધા મહેમાન ચાલ્યા ગયા પછી બા બાપુજી પાસે જઈને કમર પર હાથ મૂકીને એમનો ઊધડો લેતાં બોલ્યાં: 'મને ન જણાવતાં તમે છોકરાંઓને રસોઈનું કામ કેમ સોંપ્યું ? હું આળસુની પીર જેવી છું એમ તમને લાગ્યું કે શું ?'

બાપુજી તરત જ પામી ગયા કે બાના રોષમાંથી એમ ને એમ છટકવું ભારે છે. એટલે તેઓ હસતાં હસતાં કહે: 'આવી વેળાએ મને તારી બીક લાગે છે. એ તું શું નથી જાણતી ?'

એ સાંભળીને બા ખડખડ હસી પડ્યાં. જાણે કહેતાં હોય: 'તમે ? અને મારાથી બીઓ છો ?'

❑ મહેન્દ્ર મેઘાણી

સંપાદિત 'ગાંધી ગંગા' માંથી.

*પ્રત્યેક ગુજરાતીના ઘરમાંઆ પુસ્તક અવશ્ય હોવું જોઈએ જ. ઉપયોગ થયા પછી પસ્તીમાં પધરાવાતી મોંઘી કંકોત્રી સાથે એકાદ પુસ્તિકા પણ ભેટ મોકલાય તો લગ્નપ્રસંગ શુભેચ્છકોના જીવનમાં હૃદયંગમ બની જાય.*

* * *

## સર્જન-સૂચિ


| ક્રમ કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| (૧) શબ્દ અને શણગાર | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) ઇસ્લામ અને અહિંસા | ડૉ. મહેબૂબ દેસાઈ | ૬ |
| (૩) હિંસા | ડૉ. રણજિત એમ. પટેલ (અનામી) | ૮ |
| (૪) અહિંસક આરોગ્ય | કિશોર સી. પારેખ | ૧૦ |
| (૫) 'પરમ પ્રેમ' | ડૉ. વસંત પરીખ | ૧૨ |
| (૬) પ્રચીન લિપિ, લેખનકળા અને હસ્તપ્રત વિદ્યા | ડૉ. નૂતન જાની | ૧૪ |
| (૭) જૈન પારિભાષિક શબ્દ કોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| (૮) આત્મસિદ્ધિશાસ્ત્ર | શ્રી પ્રતાપકુમાર ટોલિયા | ૧૮ |
| (૭) સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૯ |
| (૧૧) પંથે પંથે પાથેય : શું ભૂલી ગયા ? | શ્રી મુકુંદભાઈ સી. ગાંધી | ૨૦ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/- | U.S. $ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/- | U.S. $ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/- | U.S. $ 40-00 |
| આજીવન લવાજમ | રૂા. ૨૫૦૦/- | U.S. $112-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/- | U.S. $100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના... ?

☛ ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૭ ● ● અંક : ૧૧ ● ● તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૦૭ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## શબ્દ અને શણગાર

❑ ધનવંત શાહ

*લગ્ન પ્રાણ વિકાસનું વ્રત છે.*
*સ્વર્ગ પંથનું પગથિયું છે.*
*માનવ બાલનો ધર્મ્ય માર્ગ છે.*
*પરણવું એટલે*
*પ્રભુતામાં પગલાં માંડવા.*
*ધ્રાંગ ધ્રાંગ રસરાજના અનહદ વૃદંગ વાય*
*પર બ્રહ્મના ચોકમાં રસના રાસ રચાય,*
*ઊછળે રસના વિલાસ, ઉછળે આનન્દ હાસ.*
*પ્રભુતા ગાજે હો સન્ત ! પ્રભુતા ગાજે, પ્રભુતા ગાજે.*
*હો ! આત્મન આત્મનમાં ઢોળાય,*
*હૃદયના અમર ઉત્સવો ગાય,*
*રસને આરે પ્રેમ પંખીના જીવન સંગમ થાય.*

–કવિ ન્હાનાલાલ

હમણાં લગ્નની ઋતુ મ્હોરી છે એટલે શબ્દો સાથે વિવિધ રીતે શણગારાયેલ કંકોત્રીઓનો લગભગ સૌના ઘરે ગૃહપ્રવેશ થતો હશે જ.

આ કંકોત્રીઓનો પણ ઇતિહાસ લખાઈ શકે. પહેલી કંકોત્રી ક્યારે લખાઈ, કેવું એનું મુખદર્શન હતું. ભીતર શબ્દો અને ભાવ કેવાં હતાં વગેરે વગેરે. નક્કી આ સંશોધનનો વિષય બની શકે. એમાંથી સામાજિક, આર્થિક અને ભાષા વિકાસના ઇતિહાસનું દર્શન પણ મળી શકે.

ભારતના લગભગ દરેક સમાજમાં લગ્ન એ અંગત કરતા સામાજિક અને કૌટુંબિક પ્રસંગ બની રહે છે. લગ્નમાં પધારનાર મહેમાનો લગ્ન મ્હાણે, બે કુટુંબો એક થાય અને સાથોસાથ લગ્ન-ખર્ચમાં ઉપયોગી થવાય એ માટે યથાશક્તિ અથવા યથારીતિ હોંસભેર નગદ પૈસાના સ્વરૂપે ચાંદલો લખાવતા. પછી સંસારમાં ઉપયોગી થાય એવી ભેટ આપવાની પ્રથા શરૂ થઈ અને હવે તો આ 'ચાંદલો' અને 'ભેટ' આપવાની હોંશ ઉપર ચોકડી લાગી ગઈ, અને કંકોત્રીના આમંત્રણની નીચે 'ચાંદલો લેવાનો નથી, ચાંદલો ન સ્વીકારવા માટે ક્ષમા, માત્ર આપના આશીર્વાદની અપેક્ષા' વગેરે વાક્યો લખાવવા માંડ્યા. મહેમાનો માટે આ અપમાનજનક તો નહિ, મૂંઝવણ જેવી પરિસ્થિતિ તો ખરી જ. આપવાના આનંદને છીનવી લેવાનો નિમંત્રકને હક ખરો? મહેમાનનો સંકોચ અને મુંઝવણ દૂર થાય એવો કોઈ વિકલ્પ નથી? મારા એક રાજકીય મિત્રના પુત્રના લગ્ન હતા. આવી વ્યક્તિનો મિત્ર વર્ગ બહોળો હોય જ. કંકોત્રીમાં ચાંદલો નથી સ્વીકારવાનો એવું લખ્યું ન હતું. મને આનંદ થયો, કુટુંબ સાથે જવાની હોંસ થઈ. અમે ગયાં, મંડપમાં ભપકો તો ખરો પણ ધન પ્રદર્શન ન હતું. નવદંપતીને આશીર્વાદ આપવાની મોટી લાઇન, પણ એમાં ગતિ હતી. પ્રત્યેક મહેમાન સાથે ફોટો લેવાનો આગ્રહ નહિ, આ ક્ષણોને ચિરંજીવ કરવા વિડિયોગ્રાફર પોતાની ફરજ બજાવતો રહે જ. અમે સ્ટેજ ઉપર પહોંચ્યા. મહેમાનો આશીર્વાદ આપે અને કવર પણ આપે, એ કવર પાસે જ રાખેલ પેટીમાં પધરાવાતા જાય. મને થયું કે લગ્નનો ચોથા ભાગનો ખર્ચ તો આ રીતે નીકળી જશે, પરંતુ આશ્ચર્ય વચ્ચે જાણવા મળ્યું કે પછી એ રકમ એક બ્લડ બેંકને એમણે પહોંચાડી. બ્લડ બેંકનો પ્રતિનિધિ ત્યાં પેટી પાસે જ ઊભો હતો. આશીર્વાદ પણ મળ્યા, મહેમાનોને આપવાનો આનંદ પણ મળ્યો અને મહેમાન-યજમાનને દાનનું પૂણ્ય પણ મળ્યું!

વિદેશથી ભણીને એક અબજોપતિનો પુત્ર ભારતમાં આવ્યો.

પિતાએ ભવ્ય લગ્ન પ્રસંગ યોજવાની યોજના ઘડી કાઢી. પુત્રે પિતાને કહ્યું, 'લગ્નમાં જેટલો ખર્ચ કરવાનો હોય એમાંથી ત્રણ ભાગની રકમ મને આપો, અને એક ભાગની રકમમાંથી મહેમાનોને ભારતીય પદ્ધતિથી આવકાર અને આગ્રહ સાથે ભોજન કરાવો.' કન્યા પક્ષવાળા પણ સંમત થયા, અને બેઉ પક્ષની ત્રણ ભાગની માતબર રકમ એ આદર્શ પુત્ર-પુત્રીએ અનાથ કન્યા છાત્રાલયને દાનમાં આપી દીધી અને છાત્રાલયને સૂચના આપી કે આ રકમના વ્યાજમાંથી પ્રત્યેક વર્ષે કન્યાને પરણાવજો અને કરિયાવર આપજો. આજે દર વર્ષે દશેક કન્યાના લગ્ન આ વ્યાજની રકમમાંથી થાય છે, થતા રહેશે, કેવું ભવ્ય અને અદ્‌ભૂત કન્યાદાન!

એક સાધારણ યુવક-યુવતીનો લગ્ન પ્રસંગ આવ્યો. કોઈ પણ ખર્ચ કરવા એ સમર્થ ન હતા. મિત્રોએ કહ્યું કે, 'સમૂહલગ્ન'માં નામ નોંધાવી દે, પણ એ દંપતીએ એવું ન કરતા મેરેજ કોર્ટમાં જઈ સિવિલ મેરેજ કરી લીધાં. મેં આ દંપતીને 'સમૂહલગ્ન'માં ન જોડાવાનું કારણ પૂછ્યું, કહે કે 'લગ્ન ખર્ચ માટે જ્યારે આવો વિકલ્પ હોય ત્યારે દાનની રકમમાંથી લગ્ન કરવા એ સામાજિક ગુનો છે.' આ વાક્યે મને હચમચાવી દીધો? સમાજ સેવાને નામે આપણે ઘણી વખત કેવી પ્રવૃત્તિને ઉત્તેજન આપીએ છીએ! લાચાર ભાવ અને દાનના 'અહં' ભાવને કેટલું બધું પોષણ આપીએ છીએ!!

મૂળ વાત તો આપણે કંકોત્રીના શબ્દ-શણગારની કરતા હતા, હમણાં એક અબજોપતિના ઘરેથી મને સુંદર અને ભવ્ય કંકોત્રી મળી, સાથે લગ્ન પ્રસંગની ખુશાલીની 'ભેટ' પણ ખરી. મેં મારા એક પ્રેસ મિત્રને આ ભવ્ય કંકોત્રીની કિંમત પૂછી, કહે કે 'ઓછામાં ઓછા રૂા. ૫૦૦/- એક કંકોત્રીના થાય.' આટલા બધા રૂપિયા? આ રકમમાંથી સામાન્ય માણસનો ત્રણ દિવસોનો ભોજન ખર્ચ નીકળી જાય! છેલ્લા પાંચ વર્ષથી રૂા. ૫૦/- કે રૂા. ૧૦૦/- ની કંકોત્રીના દર્શન તો થતા રહ્યાં છે. એક જ વર્ગની વધતી જતી સમૃદ્ધિનો 'આખલો' છલાંગ મારતો અને 'તેજ' દેખાઈ આવે છે. હમણાં જ આપણાં એક માનનીય પ્રધાનશ્રીના સુપુત્રના ભવ્ય અતિ ભપકાદાર લગ્ન વાંચ્યા, જેમ 'નદીનું મૂળ અને ઋષિનું કૂળ ન જોવાય' એ કહેવતમાં હવે 'ધનનું મૂળ ન જોવાય' એ વાક્યો ઉમેરવા પડશે! જો ખંડણી માગનારના લગ્નમાં ગામ જમે, અને વ્યક્તિગત પ્રચારનો આવા લગ્નનો સાધન તરીકે ઉપયોગ થાય તો પછી પુરુષાર્થ અને ભાગ્યબળે શ્રીમંત થયેલ વેપારી ભવ્ય-ભપકો કેમ ન કરે?

આવી ભવ્ય, શાનદાર કંકોત્રી ભલે એક દિવસ જોઈને બીજા દિવસે કામ વગરની થઈ જતી હોય, પરંતુ એ ખોટું પણ નથી. આવી ભવ્ય કંકોત્રીના સર્જન પાછળ કલાકાર, પ્રિન્ટર વગેરે ઘણામાં ધનનું વિકેન્દ્રીકરણ થાય છે. એક વ્યક્તિની હોંશ પૂરી થાય છે. ખરેખર આવી ભવ્ય કંકોત્રીનો વિરોધ ન જ કરાય, કારણ કે એ વ્યક્તિગત કમાણીનું ધન છે, આપણને ઉપદેશ આપવાનો કોઈ હક નથી. હા, આવી મૂલ્યવાન કંકોત્રી સાચવી રાખવાની ભલામણ તો થાય જ. પરંતુ આવી અણમોલ કંકોત્રી સાથે એક 'વિચાર વૈભવ'વાળી પુસ્તિકા હોય તો પેટ અને મન બન્ને ભરાઈ જાય! ડૉ. ગુણવંત શાહ કહેતા કે 'જે ઘરમાં પુસ્તક ન હોય એ ઘરે કન્યા ન દેવી!'

'સમવૃદ્ધિ'થી નહિ 'સમજ'થી જીવન સફળ બને છે.

પરંતુ સમાજના પૈસાનો વ્યય થાય છે ત્યારે દુઃખ થાય છે.

હમણાં એક ધર્મ સમારંભનું નિમંત્રણ મળ્યું. લગભગ એક ફૂટના ભવ્ય આર્ટ પેપર ઉપર ઘણા બધાં રંગોમાં છપાયેલું આ નિમંત્રણ પત્ર! શબ્દો સાથે ભવ્ય ભવ્ય શણગાર. આ શણગાર તો ઊડીને આંખે વળગે એવો, પણ વાક્ય રચનામાં સરળતા જ નહિ. 'કાદંબરી' જેવી એક પેરેગ્રાફ જેવી મોટી વાક્ય રચના! કેટલાં બધાં નામો? એક વખત ચંદ્રકાંત બક્ષીએ આવી એક નિમંત્રણ પત્રિકાનું આવું દીર્ઘ વાક્ય પોતાના લેખમાં પ્રગટ કરી સવાલ પૂછ્યો હતો કે 'પ્રિય વાચક, આ વાક્યમાં આપણે કોના કયા પ્રસંગે જઈએ છીએ એ ખબર પડે છે?'

સર્વપ્રથમ તો ધર્મ પ્રસંગ માટે આવી અતિ ખર્ચાળ નિમંત્રણ પત્રિકા છાપવી યોગ્ય છે? સાદા કાગળમાં, સાદી સરળ ભાષામાં એ લખી ન શકાય? આવા આર્ટ પેપરનો આવો ઉપયોગ હિંસક ન ગણાય? કાગળની બનાવટમાં વનસ્પતિનો ઉપયોગ છે. કેટલી બધી હિંસા? ઉપરાંત એ વાક્ય રચના સમજવામાં કેટલી બધી મથામણ? અહીં પણ નિર્દોષ વાચકની બુદ્ધિ, સમય અને ઉર્જાની હિંસા??

દીપવાલી અને નૂતન વર્ષ આવે ત્યારે વિવિધ રંગ અને 'સાઇઝ'ના કાર્ડોનો ઢગલો આપણા ટેબલ ઉપર થઈ જાય. આવા ભાવને આપણે જરૂર આવકારીએ. સંબંધના સ્મરણની સુગંધ માણવાનો આનંદ કોઈ અનેરો છે! પણ પછી આવા ભાવભર્યા કલાત્મક કાર્ડનું આપણે શું કરીએ છીએ? મારા એક ઉદ્યોગપતિ આવા કાર્ડની અંદરના લખાણો કાઢી નાખી, એની જગ્યાએ પોતાનું નવું લખાણ એમાં લખી બીજે વર્ષે એનો ઉપયોગ કરે છે! સંબંધી શુભેચ્છકોને પ્રતિ વર્ષ નવા નવા કાર્ડ મળે અને આર્થિક બચત થાય એ છોગામાં! શબ્દ અને શણગારનો કેવો અહિંસક શુભ ઉપયોગ!

શબ્દ અને શણગાર માત્ર ઉપર જણાવેલ હકીકતમાં જ નથી. એથી એ વિશેષ તો ધાર્મિક પુસ્તકો અને સામયિકોની બાબતમાં છે. અનુયાયીઓ પોતાના ધર્મના પૂજ્યશ્રીઓના કહેવાથી પુસ્તક કે સામયિક પ્રકાશન માટે આર્થિક અનુદાન કરે, એ શ્રીમાનોના

ફોટા એ પ્રકાશનમાં 'ઉપસે' અને પરિણામે આર્ટ પેપર ઉપર, દરેક પૃષ્ટ ઉપર નવા નવા શણગાર કરી એ 'મૂલ્યવાન' પુસ્તકનું પ્રકાશન કરે, કરાવે. પણ જ્યારે એવા પુસ્તકના શબ્દોમાં ઉતરીએ ત્યારે એમાં પ્રસ્તુત થયેલા વિચારો પાણીદાર ન લાગે. સત્ત્વ-તત્ત્વની ઉણપ હોય, અન્ય પુસ્તકોમાંથી લીધેલા દૃષ્ટાંતોના ઢગલાં હોય. ક્યારેક તો એ દૃષ્ટાંતો અપ્રસ્તુત પણ હોય! આવા પુસ્તકો માટે એને 'ભવ્ય' બનાવવાની લાલચ શા માટે? જો કે દરેક લેખકને પોતાનું લખાણ ઉત્તમ જ લાગે. ભલે એમ હોય. પણ એજ 'વસ્તુ' ઓછા ખર્ચે છાપી ન શકાય? સાદા કાગળમાં શું એ વિચારો ઉપસવાના નથી? ફોટા કરતાં ફ્રેમ મોંઘી અને સુંદર!!

આવા મૂલ્યવાન કાગળો કેટલી હિંસાથી બને છે એ તો સર્વવિદિત છે. ઉપરાંત સત્ત્વહીન સાહિત્ય પ્રગટ કરીને વાચકનો મૂલ્યવાન સમય બગાડવાનો લેખકને હક નથી જ.

જો સર્જનમાં સત્ત્વ હશે તો એ ગમે તેવા સાદા કાગળમાં પ્રગટ થયું હશે તો એ ચિરંજીવ રહેવાનું જ. 'કાળ' એની ચિરંજીવતાને નક્કી કરશે જ.

ગાંધીજીની આત્મકથા કે ગુણવત્તાભર્યું અન્ય સાહિત્ય સાદા કાગળમાં હશે તોય વંચાશે અને ચિરંજીવ રહેશે, ઘરના કબાટમાં કાયમી સ્થાન પામશે. 'સસ્તું સાહિત્ય' વગેરે આવા અનેક પ્રકાશન તરફ નજર કરો! સાદાઈ, સ્વચ્છતા અને વિચારતત્ત્વ આંખ અને હૃદયમાં સ્થાન પામી જાય! પરંતુ ઓછી ગુણવત્તાવાળું પુસ્તક ગમે તેટલું ભભકાદાર હશે તો વાચક માત્ર ચાર પાંચ પાના ફેરવી અન્યને એ પુસ્તક આપી દેશે, અથવા બાજુ ઉપર ધકેલી દેશે. ચોખા ચડ્યા છે કે નહિ એ જાણવા આખી તપેલીના બધાં ચોખા ચાખવાની જરૂર નથી, ઉપરના બે ત્રણ દાણા ચોખા માત્ર આંગળી ઉપર લેવાથી જ ખબર પડી જશે કે અંદરનું અન્ન પકવ છે કે નહિ.

શબ્દની માતા મા સરસ્વતી છે અને સમૃદ્ધિની માતા મા લક્ષ્મી છે. શબ્દને વૈભવી શણગારથી પ્રદર્શિત કરી લક્ષ્મીને દાસી ન બનાવીએ એવી સદ્‌બુદ્ધિ સૌને પ્રાપ્ત થાઓ!

❑ધનવંત શાહ

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : કાર્યવાહક સમિતિ ૨૦૦૭-૨૦૦૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૨૯-૯-૨૦૦૭ના રોજ તથા કાર્યવાહક સમિતિની સભા બુધવાર તા.૧૭-૧૦-૨૦૦૭ના મારવાડી વિદ્યાલય, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ મધ્યે મળી હતી. જેમાં સને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષ માટે હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો, કોપ્ટ તથા નિમંત્રિત સભ્યોની વરણી સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવી હતી.

### હોદ્દેદારો

**પ્રમુખ:**
શ્રી રસિકલાલ લહેરચંદ શાહ

**ઉપપ્રમુખ:**
શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ

**મંત્રીઓ:**
શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ

**સહમંત્રી :**
શ્રીમતી વર્ષાબહેન રજ્જુભાઈ શાહ

**કોષાધ્યક્ષ :**
શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી

### સમિતી સભ્યો

પ્રો. શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ
શ્રી ચંદ્રકાંતભાઈ ધુડાભાઈ ગાંધી
શ્રી લલિતભાઈ પોપટલાલ શાહ
શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી
શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
કુ. વસુબહેન ભણશાલી
કુ. મીનાબહેન શાહ
શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ
શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા
શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
શ્રી કિરણભાઈ હીરાલાલ શાહ
કુ. રેશમા બિપીનચંદ્ર જૈન

### કો-ઓપ્ટ સભ્યો

શ્રી પીયૂષભાઈ કોઠારી
શ્રી શૈલેષભાઈ હિંમતલાલ કોઠારી
શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
શ્રી નીતિનભાઈ કાંતિલાલ સોનાવાલા
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ

### નિમંત્રિત સભ્યો

શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા
શ્રી ભવરભાઈ વાલચંદ મહેતા
શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ
શ્રી રશ્મિભાઈ ભગવાનદાસ શાહ
કુ. યશોમતીબહેન શાહ
શ્રીમતી સુશીલાબહેન રમણીકલાલ શાહ
શ્રી ચંદ્રકાંત કેશવલાલ પરીખ
શ્રીમતી કલાવતી શાંતિલાલ મહેતા
શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ
શ્રીમતી ચંદ્રાબહેન પીયૂષભાઈ કોઠારી
શ્રી નીતિનભાઈ ચીમનલાલ શાહ
શ્રીમતી અલકાબહેન કિરણભાઈ શાહ
શ્રી મહેન્દ્રભાઈ શામજીભાઈ ગોસર
શ્રી શાન્તિભાઈ કરમશીભાઈ ગોસર
શ્રી ભરતભાઈ મેઘજીભાઈ મામણિયા
શ્રી ઉમેશભાઈ ગાલા
શ્રીમતી નીનાબહેન ગાલા
શ્રીમતી રેણુકા જિનેન્દ્ર પોરવાલ

# ઇસ્લામ અને અહિંસા

❑ ડૉ. મહેબૂબ દેસાઇ

(નવેમ્બર '૦૭ અંકથી આગળ)

**૫. હઝરત મહંમદ પયગમ્બર અને અહિંસા**

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)નું સમગ્ર જીવન શાંતિ અને અહિંસાના પાયા પર રચાયેલું હતું. ઇસ્લામના પ્રચાર-પ્રસારમાં પણ અનેક યાતનાઓ, કષ્ટો, અપમાનો સહેવા છતાં મહંમદ સાહેબે ક્યારેય સબ્ર, સંયમ અને ઈબાદતને ત્યાગ્યા ન હતા. કુરાને શરીફના 'લા ઇકરા ફિદ્દિન' અર્થાત્ ધર્મની બાબતમાં બળજબરી ન કરીશ, 'લા તુ ફસીદ્' અર્થાત્ 'ઝગડો ફસાદ ન કરીશ' જેવા અનેક આદેશોને સમગ્ર જીવનમાં સાદગી, સંયમ અને ઇબાદત દ્વારા સાકાર કર્યા હતા. હઝરત મહંમદ સાહેબ (સ.અ.વ.)ની તલવારની મુઠ પર કોતરેલા શબ્દો તેની સાક્ષી પૂરે છે,

'જે તને અન્યાય કરે, તેને તું ક્ષમા આપ. જે તને પોતાનાથી વિખુટો કરે, તેની સાથે મેળ કર. જે તારા પ્રત્યે બૂરાઈ કરે, તેના પ્રત્યે તું ભલાઈ કર, અને હંમેશા સત્ય બોલ, પછી ભલે તે તારી વિરૂદ્ધ જતું હોય.' (૧૦)

એક સહાબી (અનુયાયી)એ મહંમદ સાહેબને પૂછ્યું,

'ઇસ્લામની સૌથી મોટી ઓળખ કઈ?'

મહંમદ સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'ભૂખ્યાને ભોજન આપવું અને જાણીતા કે અજાણ્યા સૌનું ભલું ઇચ્છવું.'

પાડોશી ધર્મની સમજ આપતા એકવાર મહંમદ સાહેબ (સ.અ.વ.)એ પોતાના અનુયાયીઓને ફરમાવ્યું હતું,

'પોતાનો પાડોશી પાસે જ ભૂખ્યો પડ્યો હોય, ત્યારે પણ જે માણસ પોતે પેટ ભરીને જમે તે મુસલમાન નથી.'

કોઇકે મહંમદ સાહેબ (સ.અ.વ.)ને પૂછ્યું,

'મુસ્લિમની ઓળખ શી?'

મહંમદ સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'સાચો મુસલમાન તે છે જેના હાથમાં જાન-માલ સોંપી સૌ નિશ્ચિંત થઈ જાય.'

એકવાર એક વ્યક્તિ મહંમદ સાહેબ (સ.અ.વ.) પાસે આવ્યો. તેના હાથમાં એક પક્ષી અને તેના બે-ત્રણ બચ્ચાઓ હતા. મહંમદ સાહેબ (સ.અ.વ.) સામે તે ધરતાં બોલ્યો,

'જંગલમાંથી આવતો હતો ત્યારે મેં આ બચ્ચાઓને માળામાં ચીંચી કરતા સાંભળ્યા. એટલે ઝાડ પર ચડી તેને પકડી લીધા. ત્યાંજ તેની મા આવી, તેને પણ મેં પકડી લીધી. આપને માટે તે લાવ્યો છું.'

મહંમદ સાહેબ (સ.અ.વ.) ભયભીત બચ્ચાંઓ અને તેની માને જોઈ દુઃખી થયા, અને જરા કડક સ્વરમાં ફરમાવ્યું,

હમણાં ને હમણાં જઈને બચ્ચાં અને તેની માને તેના માળામાં પાછા મૂકી આવ.'

એકવાર એક વ્યક્તિ આવી જ રીતે પંખીના માળામાંથી ઈંડા લઇને આવ્યો, અને મહંમદ સાહેબને ભેટ આપ્યા. ત્યારે પણ મહંમદ સાહેબ (સ.અ.વ.) ફરમાવ્યું હતું.

'ઈંડા તૂરત માળામાં પાછા મૂકી આવ.'

મહંમદ સાહેબ (સ.અ.વ.)ને ડુંગળી અને લસણ પ્રત્યે પણ અણગમો હતો. ડુંગળી લસણ નાંખેલો ખોરાક તેઓ આરોગતા નહિ. તેમની આજ્ઞા હતી કે મસ્જિદમાં ખુદાની ઇબાદત માટે ડુંગળી લસણ ખાઈને કોઇએ આવવું નહિ.

હઝરત અબૂ ઐયુબ (રદિ.) જણાવે છે,

'એક દિવસ અમે ડુંગળી અને લસણ નાંખીને ભોજન બનાવ્યું અને મહંમદ સાહેબની સેવામાં મોકલ્યું. ભોજન આપે આરોગ્યા વિના પરત કર્યું. હું ગભરાઈ ગયો. તૂરત મહંમદ સાહેબની સેવામાં પહોંચી ગયો અને પૂછ્યું,

'યા રસુલિલ્લાહ, આપે ભોજન લીધા વગર કેમ પરત કર્યું?'

મહંમદ સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'ભોજનમાં ડુંગળી અને લસણની વાસ આવતી હતી. અલ્લાહના ફરિશ્તા રાત-દિવસ મારી પાસે આવતા રહે છે. હું તેઓની સાથે વાતો કરું છું. ફરિશ્તાઓને ડુંગળી અને લસણની વાસ પસંદ નથી. જેથી મેં ભોજન પરત મોકલી દીધું. પણ તમે ખુશીથી તે ખાઈ શકો છો.'

સાદગી, સમર્પણ અને બંદગીના પુરસ્કર્તા પયગમ્બર સાહેબ (સ.અ.વ.)એ પોતાનાં સમગ્ર જીવનકાળ દરમ્યાન ક્યારેય રેશમી વસ્ત્રો પહેર્યા નથી. ભવ્ય ભોજન લીધું નથી. સામાન્ય રીતે એક સફેદ ચાદર શરીર ઉપર લપેટી રાખતા. મહંમદ સાહેબ (સ.અ.વ.) સૌ સાથે સમાન વ્યવહાર રાખતા. પ્રેમ અને કરૂણા તેમના રોમેરોમમાં પ્રસરેલા હતા. એક નાનકડા કબીલામાંથી ઇસ્લામી સામ્રાજ્યના બાદશાહ બનવા છતાં મહંમદ સાહેબ (સ.અ.વ.) ક્યારેય મહેલોમાં રહ્યા નથી કે ક્યારેય સિંહાસન પર બેઠા નથી. નારીયેળના પાંદડાની બનેલી છત અને માટીથી ઉભી કરેલી દિવાલોવાળી ઝુંપડીમાં જ તેઓ જીવનભર રહ્યા હતા. આમ લોકોની મહેફીલ એ જ તેમનો દરબાર હતો. બાળકો પર તેમને વિશેષ પ્રીતિ હતી. રસ્તે ચાલતા ચાલતા ઉભા રહીને ગલીમાં બાળકો સાથે રમવા માંડવું, એ એમને માટે રોજની વાત હતી. માંદાને જોવા જવું, મુસલમાન કે બિનમુસલમાન કોઇનો પણ જનાજો જતો હોય તો ઊઠીને થોડે સુધી તેની સાથે ચાલવું. અને

કોઈ નાનામાં નાનો માણસ કે ગુલામ નિમંત્રણ આપે તો તે ખુશીથી સ્વીકારવું–આ તેમના સ્વભાવની ખાસીયત હતી.

સર ડબલ્યુ. મ્યુર તેમના પુસ્તક 'લાઇફ ઓફ મોહંમદ'માં લખે છે,

'નાનામાં નાના માણસ સાથે બહુ પ્રેમ અને આદરપૂર્વક વર્તવું, નમીને ચાલવું, સૌ પર દયા કરવી, કોઈ કાંઈ બોલ્યું ચાલ્યું હોય તો તેનો ખાર (રોષ) ન રાખવો. પોતાની જાત પર કાબુ રાખવો અને દિલ મોટું અને દાનપૂણ્ય માટે હાથ છુટો રાખવો–આ મહંમદ સાહેબના સ્વભાવની એવી બાબતો હતી જે વખતો વખત ઝળકી ઉઠતી. અને જેમને લીધે આસપાસના લોકો તેમને ચાહવા લાગતા.'

**૬. ઇસ્લામ : યુદ્ધો અને અહિંસા**

ઇસ્લામના પ્રચારના આરંભ પછી મહંમદ સાહેબ (સ.અ.વ.) તેર વર્ષો મક્કામાં આફતો–કષ્ટો વચ્ચે રહ્યા. મક્કાવાસીઓએ તેમને તથા તેમના સાથીઓને ભારે રંજાડ્યા. આ તેર વર્ષો દરમ્યાન કુરાને શરીફની જે આયાતો પ્રાપ્ત થાય છે તેમાં બૂરાઇનો બદલો ભલાઇથી આપવાનો તથા ધૈર્ય અને સચ્ચાઇથી જુલ્મોને સહેવાનો આદેશ આપવામાં આવ્યો છે.

આ પછી મહંમદ સાહેબ (સ.અ.વ.) પોતાના અંગત સાથીઓ સાથે મક્કાથી મદિના હિજરત કરીને ગયા, પણ મક્કાના તેના વિરોધીઓએ તેમનો કેડો ન મૂક્યો. તેમણે મદિના પર ચડાઈ કરવા માંડી. આને કારણે જ કુરાને શરીફમાં પહેલીવાર સ્વરક્ષણ કાજે આક્રમણખોરો સામે લડી લેવાની પરવાનગી આપતી આયાતો ઉતરી. એ સૌ પ્રથમ આયાતમાં કહ્યું હતું,

'જેના ઉપર લડાઈ ખાતર ચડાઈ કરવામાં આવે છે, તેમને પોતાના સ્વબચાવ માટે લડી લેવાની છુટ આપવામાં આવે છે. કારણ કે તેમના ઉપર જુલ્મ થઈ રહ્યો છે. એમાં શક નથી, કે ખુદા (ઇશ્વર) તેમની પૂરેપૂરી સહાયતા કરશે.'

સ્વરક્ષણ કાજે આપવામાં આવેલ યુદ્ધની પરવાનગીમાં વધુ સ્પષ્ટતા કરતા અન્ય એક આયાતમાં કહ્યું છે,

'આ પરવાનગી તેમને માટે છે, જેમને નાહક અન્યાયથી, તેમના ઘરોથી કાઢી મૂકવામાં આવ્યા છે.'

'આ પરવાનગી તેને માટે છે જેમને ખુદા પૃથ્વી પર વસાવી દે છે તો તેઓ ખુદાની આશિષ માંગતા રહેશે, ગરીબોને દાન દેશે. લોકોને ભલા કામ કરવાની અને ખરાબ કામોથી બચાવવાની સલાહ આપતા રહેશે. સૌ કામોનું પરિણામ તો છેવટે અલ્લાહના હાથમાં છે.'

જ્યારે યુદ્ધનો હેતુ અસહાયોની સહાય છે. નિર્બળોની મદદ છે. ત્યારે ખુદાએ રક્ષણાત્મક યુદ્ધને સ્વીકારેલ છે. આ અંગે પણ ખાસ આયાત ઉતારવામાં આવી હતી, જેમાં કહ્યું હતું,

'અને એ તે શી વાત છે કે તમે ધર્મયુદ્ધમાં નિર્બળ સ્ત્રી તથા બાળકોના રક્ષણ કાજે લડવા નથી માંગતા? એ અસહાયો પોકારે છે 'હે ખુદા, આ મક્કા શહેરના માનવીઓ અમારા ઉપર જુલ્મ કરે છે. તેમાંથી અમને ઉગાર અને અમારું રક્ષણ કરનાર કોઈ મોકલ.'

કુરાને શરીફના આવા આદેશો પછી મહંમદ સાહેબ (સ.અ.વ.)એ પોતાના જીવનકાળ દરમ્યાન કુલ ૨૪ યુદ્ધોમાં ભાગ લેવો પડ્યો હતો. આ તમામ યુદ્ધો સત્તા કે વિસ્તારની અભિલાષા માટે નહોતા લડ્યા, પરંતુ પ્રજાના રક્ષણ માટે જ મહંમદ સાહેબ (સ.અ.વ.) તેમાં લશ્કરને દોર્યું હતું. મહંમદ સાહેબ (સ.અ.વ.)એ લડવા પડેલા ૨૪ યુદ્ધો સંપૂર્ણપણે આક્રમક નહિ, પણ રક્ષણાત્મક હતા. તે તેમાં થયેલ સંહારના આંકડાઓ પરથી જાણી શકાય છે. ૨૪ યુદ્ધોમાં મહંમદ સાહેબ (સ.અ.વ.)ના લશ્કરના માત્ર ૧૨૫ સૈનિકો શહિદ થયા હતા. જ્યારે સામાપક્ષે ૯૨૩ સૈનિકો જ મરાયા હતા. (૧૧) જો કે મૃતકોની આ સંખ્યામાં યુદ્ધના મેદાનમાં મરાએલ સૈનિકો તો જૂજ જ હતા, પણ કુદરતી આફતો અને રોગચાળામાં મરાયાની સંખ્યા વિશેષ હતી.

કુરાને શરીફના આદેશ મુજબ આ તમામ યુદ્ધોનો આશ્રય મઝલૂમોના રક્ષણનો હતો. તેમાં સત્તા, લાલસા કે રાજ્ય વિસ્તારનો કોઈ જ ઉદ્દેશ ન હતો. અને એટલે જ મહંમદ સાહેબ યુદ્ધના આરંભ પૂર્વે જ સૈનિકોને કડક સૂચના આપતા,

'યુદ્ધ હથિયારનો ઉપયોગ હિંસા માટે ક્યારેય ન કરશો. હથિયાર સ્વરક્ષણ માટે હોય છે. હિંસા માટે નહિ.'

સન ૨, હિજરીના રમઝાનની ૧૭મી તારીખે બદ્રના મેદાનમાં કુફ્ર અને ઇસ્લામની પ્રથમ ટક્કર થવાની હતી. સત્ય અને અસત્યની આ લડાઇમાં, પરોઢનું અજવાળું રેલાતા મહંમદ સાહેબ (સ.અ.વ.)એ નમાઝ માટે એલાન કર્યું. સૈનિકો સાથે મહંમદ સાહેબે નમાઝ પઢી. પછી સૈનિકોને સંબોધન કરતા મહંમદ સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'યાદ રાખો, જીત કે ફત્તહનો આધાર સંખ્યાબળ પર નથી. શાનો શૌકત કે જાહોજલાલી પર નથી. વિપુલ હથિયાર કે અખૂટ સાધન સામગ્રી પર નથી. જીત-ફત્તહ માટે જે વસ્તુ સૌથી વધુ અગત્યની છે તે સબ્ર, દઢતા અને અલ્લાહ પર ભરોસો છે.' (૧૨)

આમ મહંમદ સાહેબ (સ.અ.વ.)નું આધ્યાત્મિક અને શાસકીય જીવન એક જ હતા. ખુદાના પયગમ્બર તરીકે તેમણે જે મૂલ્યો પ્રજા સમક્ષ મૂક્યા હતા, તે જ મૂલ્યોને અમલમાં મૂકી તેમણે ઈસ્લામી સામ્રાજ્યનું સંચાલન કર્યું હતું. ઇસ્લામ એટલે હિંસા નહિ, પણ શાંતિ, સમર્પણ, ત્યાગ, બલિદાનની વિભાવના તેમણે સત્ય પૂરવાર કરી બતાવી હતી. **(ક્રમશઃ)**

'સુકુન', ૪૦૫, પ્રભુદાસ તળાવ સર્કલ, ભાવનગર-૩૬૪૦૦૧

# હિંસા

□ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

પલંગ પરની મચ્છરદાની પાડી હું એના છેડા ગોદડા નીચે ગોઠવતો હતો ત્યાં મારો ત્રણ સાલનો પ્રપૌત્ર વેદાન્ત દોડતોકને આવીને પલંગમાં મારી પાસે બેસી ગયો. પાડેલી મચ્છરદાની એને 'ઘો ઘો' રમવાની વસ્તુ છે. મચ્છરદાનીમાં કોઈ મચ્છર તો રહી ગયો નથી ને? એ હું જોતો હતો ત્યાં ખૂણામાં એક મચ્છર જોતાં હું મારવા જતો હતો ત્યાં મારો પ્રપૌત્ર બોલી ઉઠ્યો: 'દાદાજી! મચ્છર મારીએ તો પાપ લાગે.' મેં પૂછ્યું: 'એવું તને કોણે કહ્યું?' તો કહે: 'મમ્મીએ.' મેં એને પૂછ્યું: 'તને મચ્છર કરડે છે?' 'હા' કહી એણે એનો જમણો હાથ બતાવ્યો જ્યાં મચ્છર કરડ્યાનું નિશાન હતું. એની મમ્મીનું શિક્ષણ. મેં કહ્યું: 'કરડતા મચ્છરને મારવા જોઈએ, નહીંતર મેલેરિયા થાય.' ફરી એની મમ્મીનું શિક્ષણ: 'મચ્છર મારીએ તો પાપ લાગે.' સૂક્ષ્મ દૃષ્ટિએ એની વાત સાચી છે, તો શું મચ્છરને કરડવા દેવા? કૈંક ઉપાય તો કરવો જોઈએ. શ્રેષ્ઠ ઉપાય તો એ છે કે મચ્છરને ઉત્પન્ન જ થવા ન દેવા... એવી ચોકસાઈ ને ચોખ્ખાઈ રાખવી. પણ આ વસ્તુ સર્વથા આપણા હાથની નથી. પ્રજાકીય આરોગ્ય અને સામૂહિક સ્વચ્છતાનો આ પ્રશ્ન છે. વ્યક્તિ જાળવી જાળવીને કેટલું જાળવે?

અમેરિકાથી મારો મોટો પૌત્ર થોડાક દિવસો માટે આવ્યો છે. હીંચકે પડ્યો પડ્યો હું વાંચતો હતો ત્યાં મારા પૌત્ર મલયે મારું ધ્યાન ખેંચતાં કહ્યું: 'દાદા ! ઉધઈ એટલે શું એ તમને ખબર છે?' મેં કહ્યું કે આપણાં બગીચાનાં બધાં ગુલાબ ઉધઇએ બેકાર કરી દીધાં છે. એ કહે: 'પણ આપણા આ મુખ્ય પ્રવેશદ્વારના બારણાની પટ્ટીમાં મને એ 'વ્હાઈટ એન્ટ' હોય એવું દેખાય છે.' એમ કહી એ તુરત જ છરી હથોડી લઈ ખોતરવા-તોડવા લાગ્યો. બારણાની બન્ને બાજુની અને ઉપરની પટ્ટી તોડી નાખી એણે ઠીક ઠીક ઉધઈ કાઢી. મને કહે: 'જો કાળજી નહીં રાખો તો આ આખું બારણું બેકાર થઈ જશે ને નવું કરાવ્યાના પાંચેક હજાર થશે.' ફોન કરીને એણે ઉધઈનું નિકંદન કાઢનાર ને ભવિષ્યમાં એનો ઉપદ્રવ ન થાય એવા નિષ્ણાતોને બોલાવ્યા. આખા બંગલાનું બાંધકામનું ક્ષેત્રફળ નક્કી કરી એણે ઉધઈ નિષ્ણાતો સાથે ચર્ચા કરી જે તે નક્કી કર્યું પણ પટ્ટીઓમાંથી નીકળેલી ઉધઇને નીચે પડ્યે માંડ પંદરેક મિનિટ થઈ હશે, ત્યાં તો કેટલીક કર્મઠ કીડીઓએ ઉધઈની ઠાઠડી ખેંચવાની શરૂ કરી દીધી. હવે આ ઉધઈનો કોઈ પ્રકારે નિકાલ ન કરીએ તો આખા મકાનને ભરડો લે ને લાકડું, ચોપડીઓ, વસ્ત્રોને સ્વાહા કરી જાય. દવાથી, કે બીજી રીતે એનો નિકાલ કરીએ તો એ પણ હિંસા કહેવાય. તો શું નુકશાન થવા દેવું? નિશાળમાં ભણતો હતો ત્યારે 'ઊધઈનું જીવન' પુસ્તક વાંચ્યાનો ખ્યાલ છે પણ એ ચક્ર ભમતું ભમતું મારે શિરે આવશે એની તો તે કાળે કલ્પના પણ નહીં. મારી દાદી, મારા દાદાને 'ઊધઈ જેવા છે'...એમ કહેતી હતી...જ્યાં પડ્યા ત્યાં પડ્યા...પથારી ઉપાડવાની વાત જ નહીં. ઇસ્ટ ઇન્ડિયા કંપનીનાં ઘણાં બધાં 'રેકોર્ડસ' ઉધઈએ ખલાસ કરી દીધેલાં...અને આમેય અંગ્રેજોએ ભારતમાં ઉધઇની જ કામગીરી બજાવેલીને! ખોતરી ખોતરીને ખાઈને બધું ખોખરું કરી દીધેલું. મોટાભાગના આપણા રાજકારણીઓએ અંગ્રેજોનો એ વારસો સાચવ્યો છે.

સ્નાનગૃહમાં હું સ્નાન કરી રહ્યો હતો ત્યાં 'વેન્ટીલેટર' પાછળ છૂપાયેલી એક ગરોળીએ (ગૃહગોધિકા)-સાર્થ ગુજરાતી જોડણીકોશ પ્રમાણે 'એક ઝેરી જનાવર'-ત્વરાથી બહાર નીકળી એક જંતુને ઉદરસ્થ કરી દીધું. વાસણો રાખવાના ઘોડા પાછળ, ટી.વી. કે ભીંત-ઘડિયાળની પાછળ આવી કેટલીક 'ગૃહગોધિકાઓ' વગર ભાડે ધામા નાખીને ગૃહસફાઇનું વિના વેતને કામ બજાવે છે! 'જીવો જીવસ્ય જીવનમ્' એ વાસ્તવિકતામાં હિંસાનું તત્ત્વ રહ્યું છે કે કેમ? ન-જાને! જીવ જીવને આશરે કે આશ્રયે બધો વ્યવહાર નભે છે. મોટો જીવ ન્હાનાને ભક્ષ્ય બનાવે ને નભે, ટકે એ જીવશાસ્ત્ર તેમજ જીવનવ્યવહારનાં અનેક ક્ષેત્રોમાં જોવા મળે છે. સમગ્ર સમાજનો પીરામિડ આ રીતે ટકેલો જોવા મળે છે.

ચોમાસાની ઋતુ ઉલવા તરફ હતી. સાયંકાળે, નિયમ પ્રમાણે હું મારા બગીચામાં ફરતો હતો. ત્યાં ગુલાબ અને સીતાફળી વચ્ચે રચેલી કરોળિયાની જાળમાં મારા માથાના વાળ અટવાયા! જોયું તો એ જાળમાં ત્રણેક જંતુઓ ફસાયાં હતાં. મારા પિતાજી કહેતા હતા કે ચોમાસુ અલવિદા કરવાનું હોય ત્યારે કરોળિયા આવાં જાળાં બનાવે ને એમના ભક્ષ્યના શિકારની ચોકસાઈ કરે. કરોળિયાની લાળમાં જ જાળાંના તંતુ રહેલા છે. સૃષ્ટિ રચનાનું રહસ્ય સમજાવતાં કરોળિયાની જાળનું દૃષ્ટાંત આપવામાં આવે છે. એની લાળમાં જ હિંસા અને એનું અસ્તિત્વ રહેલું છે.

અમારી સામેની દીવાલ પાસે કેટલાંક ઝાડ વાવ્યાં છે. એક ગુંડોલિયામાં એક છોડ ઉછરે છે. વસંત ઋતુમાં એનાં પાન ખીલ્યાં છે. છોડ ઘટાદાર છે. એનાં લીલાં પર્ણમાં એક શૂડાનું બચ્ચું ખેલી રહ્યું છે. અહીંના રહેવાસીઓ 'શૂડા'ને પોપટ સમજે છે! અમારા લોખંડના મોટા ઝાંપામાં બિલાડીનું એક બચ્ચું એનું મસ્તક ઝાંપાના ખુલ્લા ભાગમાં થોડુંક અંદર અને બાકીનો શરીરનો ભાગ બહાર રાખીને પેલા શૂડાના બચ્ચા પર તરાપ મારવા ટાંપી રહ્યું છે. ઝાંપાથી દશેક ફુટ દૂર આવેલા મારા હીંચકા પરથી હું આ દૃશ્ય જોઈ રહ્યો છું ને હાક મારીને જેવું બિલાડીના બચ્ચાંને ભગાડવા જાઉં છું ત્યાં તો વીજળી વેગે ધસીને બિલાડીનું બચ્ચું પેલા શૂડાના બચ્ચાંને દાંત વચ્ચે પકડીને નાસવા જાય છે. હું પાછળ પડું છું એટલે બિલાડીનું બચ્ચું અધમૂઆ શૂડાના બચ્ચાને છોડીને દૂર ભાગી જાય છે. હું શૂડાના બચ્ચાને પાણી છાંટું છું પણ માંડ

બે–ત્રણ મિનિટમાં એના રામ રમી જાય છે! મોટી બિલાડીને ખિસકોલી, કબૂતર–હોલાનો શિકાર કરતાં મેં અનેકવાર જોઈ છે પણ બિલાડીનું એક બચ્ચું, શૂડાના એક બચ્ચાને શિકાર બનાવે છે ત્યારે તો ગલાગલમત્સ્યન્યાયે હિંસાનું તર્કશાસ્ત્ર (લૉજિક) સમજાઈ જાય છે. અમારી જમીન પર આવા પ્રસંગો અનેકવાર બનતા. એકવાર અમારા કૂતરાએ એક મોરનો પીછો પકડ્યો. મોર કૂવામાં પડ્યો. પિતાજીએ કૂવામાંથી કાઢી અમારા વિશાળ આંબાની ગુફામાં મૂક્યો. રાત્રે વાઘર બિલાડો આવ્યો ને મોરને હતો ન હતો કરી દીધો. પિતાજી કહે: 'જીવ જીવને આશરે, જીવે ને કરે લીલા લ્હેર!' આ હિંસાને શી રીતે નિવારવાના? જન્મજાત વૈર અને ભક્ષ્ય–બ્રહ્મ–બલિહારીની લીલા!

અમારી અગાસીના પાણીના નિકાલ માટે એક મોટી પાઈપ છે. વર્ષાકાળે એક સાંજે એ પાઈપમાંથી સેંકડો નહીં પણ હજારેક મોટા મંકોડા અમારી ઓસરીમાં ઉભરાયા! મને, મારી દીકરીને, મારી પૌત્ર–વધૂને કરડ્યા. સાચવીને ચાલીએ તો ય ચીટકીને ચટકે. ઓસરીમાંથી ઓરડીમાં કૂચ. કંઈ સૂઝે નહીં. ચંપલ–સ્લીપરથી રક્ષણ મળે નહીં. મેં તો પગે મોજા ચઢાવી દીધાં. લગભગ પાંચસો ગ્રામ મીઠું ભભરાવ્યું પણ એ સેનાએ પીછેહઠ કરી નહીં. કેરોસીન રેડ્યું પણ વ્યર્થ. મૂષક ત્રાસની ખબર છે પણ મંકોડા–પ્રીતિની જાણ નહીં! ત્રાસીને હું પથારી ભેગો થઈ ગયો પણ બેત્રણ આતંકવાદીઓ શર્ટ–લૂંગીમાં છૂપાઈ ગયેલા તે રાત્રે મારી ઊંઘ હરામ કરી. મનમાં થયું: 'આમને મારવા કે નહીં?' મારીએ તો એ હિંસા ગણાય? હિંસા તો ખરી જ...તો પછી એમનાથી બચવું શી રીતે? પાંચ–છ ડોલો પાણી રેડીને એમને સરહદ બહાર કરી દીધા!

અમારી સીતાફળી ઉપર મોટો મધપૂડો છે. સતાફળી દીવાલને અડીને છે એટલે રસ્તે જનાર આવનાર એ જુએ. બે દિવસ સુધી કેટલાક છોકરા આવીને મને કહે: 'સાહેબ! તમારા ઝાડ પર મધ બેઠું છે. અમે લઇએ? અર્ધું તમારું, અર્ધું અમારું!' મેં એમને ના પાડી એમ કહીને કે મધપુડો એ હજ્જારો માખીઓનું ઘર છે. તમારું ઘર કોઈ તોડે તો કેવું લાગે?' સમજીને એ લોકો તો ગયા. પણ સફાઈ કરનાર પડોશના નોકરો કચરો બાળવા અગ્નિ પેટાવે છે. એના ધૂમાડાથી અકળાઈ કેટલીક માખો ઉડે છે ને અજાણતાં ડંખ પણ દે છે. તો હવે કરવું શું? ઉનાળાના સખત તાપમાં કેટલીક મખમાખો ઊડે પણ છે. વાવાઝોડું આવે ત્યારે પણ કેટલીક માખીઓ યાયાવર બની જાય છે ને ડંખે છે. હવે એમને ઘરભંગ કરવાં કે કેમ? મારાં દાદી કહેતાં'તાં. જ્યાં મધપૂડો બેસે ત્યાં સંપત્તિમાં વૃદ્ધિ થાય. જીવદયાથી પ્રેરાઈને સૂઝેલો આ ટુક્કા લાગે છે! આ જ અરસામાં, મધમાખીઓના ડંખથી થયેલાં બે બાળાઓનાં મોતના સમાચારે હું ચિંતિત થાઉં છું. મારો પૌત્ર મધપુડાને ઉરાડી મૂકવા તૈયાર થઈ ગયો. મેં એને ટોક્યો ને રોક્યો. સંપત્તિમાં વૃદ્ધિ તો નથી થઈ પણ ત્યાંથી પસાર થવા વખતે તકેદારી રાખવી પડે છે. વસંતઋતુ કાળે એમનાથી ચેતીને ચાલવું પડે છે. એ મધપુડાથી બે ફુટને અંતરે એક પક્ષીએ માળો બાંધીને માંહ્ય ઈંડાં મૂક્યાં છે. માદાની અવરજવરથી જો મધપુડાની માખીઓ ઊડે તો? સંસર્ગ, સહકાર ને અહિંસા કેટલી ટકે? છતાંયે મધપુડો, માળો, મંકોડા ને અમો સહકારપૂર્વક અહિંસક જીવન જીવી રહ્યા છીએ. અવારનવાર આવતાં વાનર, મધપુડાને ને માળાને અડપલાં ન કરે ત્યાં સુધી સલામત છીએ.

આ બિલાડીઓ! કશા જ કામની નથી. ત્રણ ચાર વાર મારું દૂધ પી ગઈ છે. હવે તો 'ફ્રીઝ' ખોલતી થઈ ગઈ છે! ઘરમાં મૂષકરાજ હોય તો એમની આરતી ઉતારાય! અને પાછી માંસાહારી. મને દીઠેય ગમતી નથી પણ ત્રણ ત્રણ પેઢીથી 'અનામી નિવાસ' ને 'મેટરનીટી હાઉસ' બનાવી દીધું છે. તમો નહીં માનો પણ મેં ગયા ચોમાસામાં બિલાડીને ઘાસ ખાતી જોયેલી. કદાચ શાકાહારી હશે! પહેલાં તો કૂતરાંથી ડરતી હતી પણ હવેનાં કૂતરાં બિલાડીઓથી ડરે છે.

અને આ વાનર! તોબા! તોબા! આંબાની એક પણ કેરી અખોવન રાખતાં નથી. ચીકુ, પપૈયાં, જામફળ, ગુલાબ-કળીઓ સ્વાહા કરી જાય છે ને જે દિવસે રાજાપુરી આંબા ઉપર રાતવાસો કરે છે ત્યારે લઘુશંકા–દીર્ઘશંકાથી જે ગંદવાડ કરે છે તેટલો ગંદવાડ તો ગંદકીનો ઇજારો લીધેલ કબૂતરાં પણ નથી કરતાં. હા, સેંકડો કબૂતરોએ નવા જ રંગાવેલા મારા ઘરને એમની ચરકથી રંગી નાખ્યું છે એ વાત જૂદી આવું. બધું જોઉં છું ત્યારે મારા ચિત્તમાં ક્રોધ ને હિંસાની વૃત્તિ પ્રબળ બની જાય છે! બિલાડી–વાંદરાને કાંકરીચાળો કરું છું જે પ્રમાણમાં અહિંસક હોય છે.

પણ મને વધુમાં વધુ ક્રોધ તો મચ્છરોની આખી જમાત પ્રત્યે આવે છે. મચ્છરદાની એકદમ 'પરફેક્ટ' હોય પણ જો બે મિનિટ માટે બાથરૂમમાં ગયા તો 'મચ્છરફુલ' થઇ જાય છે! પણ એમના નિર્વાસનમાં ઠીક ઠીક કાલક્ષય થાય છે છતાંયે એકાદ આતંકવાદી ગુફામાં ક્યાંક ને ક્યાંક સંતાયો હોય છે. ગઈ કાલે એવું જ બન્યું! બાથરૂમમાં જઈ આવી સૂવાનો પ્રયત્ન કરું છું ત્યાં તો મારા કર્ણપુરમાં પ્રવેશી રાગ મંદાક્રાન્તા ગાવાનો શરૂ કરી દે છે. ક્રોધમાં ને નફરતમાં હું જોરથી કર્ણપુર પર જમણા હાથનો ડંડો ફટકારું છું. એ તો રાગ મલ્હાર ગાતો છૂમંતર થઈ જાય છે પણ ફરી પાછો આવે છે ને અસલી જગ્યાએ રાગ સ્રગ્ધરા શરૂ કરે છે પણ મને કશું જ સંભળાતું નથી! ક્રોધ ને સ્વલ્પ હિંસા કરવા જતાં હું રણજિતમાંથી બહેરામખાન બની જાઉં છું! હવે કર્ણપુરમાં રાતવાસો કરે તો પણ શું? આટલું જગાવાનું બાકી રહ્યું:

'વિશાળે જગ વિસ્તારે, નથી એક જ માનવી,
મચ્છરો, વાનરો, કીટ માંજારો છે કબૂતરો.
આવડે તો જીવો સાથે, બાકી કમોત ના મરો
મરો ભલે, પરંતુ ના હિંસા સ્વપ્નેય આચરો. ***

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૭.

# અહિંસક આરોગ્ય

## (બધી જ હોમિયોપેથિક દવા હિંસામાંથી બનતી નથી)

❑ કિશોર સી. પારેખ

ઇશ્વરની સૃષ્ટિમાં જે અદ્ભૂત વસ્તુઓ ભરી છે તેમાં પ્રાણીમાત્રની રચના તો દાદ માંગી લે તેવી છે. વિજ્ઞાની ડાર્વિન ભલે તેમાં ઉત્ક્રાંતિના નિયમો લાગુ પાડે અને 'સર્વાવલ ઓફ ધ ફિટેસ્ટ'નો નિયમ આપી યોગ્ય ક્ષમંતાવાળા જીવોનું અસ્તિત્વ અને જે વાતાવરણને અનુકૂળ ન થઈ શકે તેવા જીવોનો નાશ નોંધે પણ મૂળમાં આ દરેક પ્રાણીને જરૂર પ્રમાણેની ઇન્દ્રિયોનું વરદાન આપી તેમના અસ્તિત્વનું રક્ષણ કર્યું જ છે. ફક્ત બદલાયેલા વાતાવરણને પ્રતિકુળ એવી પ્રાણી સૃષ્ટિ નાશ પામી છે. મહાકાય રાક્ષસી પ્રાગઐતિહાસિક પ્રાણી સૃષ્ટિ જેને આપણે ડાયનોસોરને નામે ઓળખીએ છીએ તેમનું નિકંદન પણ આવા જ કોઈ કારણને આભારી છે.

બાકી પ્રભુએ દરેક જીવને વાતાવરણને અનુકૂળ થઈ જીવી શકે તેવી શક્તિ આપી છે. આ માનવદેહના યંત્રનો જ દાખલો લ્યો તો તે હીમ પ્રદેશથી શરૂ કરી ઉષ્ણકટિબંધના પ્રદેશમાં વસી શકે છે અને બધી જ ઋતુઓને અનુકૂળ થઈ તે પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યો છે. આ માટેની શક્તિ તેની પોતાની નહિ પણ ઇશ્વરદત્ત છે. માનવદેહ એવું યંત્ર છે જેમાં નાના મોટા ફેરફારો આપમેળે સુધરી જાય છે. આ વાત પ્રાણીમાત્રને લાગુ પડે છે. ફરક એટલો છે કે માણસ પોતાની બુદ્ધિ વાપરી કુદરતી રચનામાં ડખલ કરે છે તેથી જ તે બીમાર પડે છે.

માનવીની બુદ્ધિને કોઈ સીમા નથી. તેણે પોતે જ જન્મ આપેલા રોગોના પ્રકાર પાડી તેનું નિદાન કરી તેનો ઉપચાર કરવાનું શાસ્ત્ર વિકસાવ્યું છે જેને આપણે આરોગ્ય શાસ્ત્રનું નામ આપીએ છીએ. તેમાં આ પંચમહાભૂતના બનેલા દેહમાં જયારે ખામી પેદા થાય ત્યારે આ પંચમહાભૂત, પાણી, વાયુ, જમીન, આકાશ અને અગ્નિનો ઉપયોગ કરી નિરોગી થવાનું શાસ્ત્ર તે પ્રાકૃતિક ચિકિત્સા અથવા કુદરતી ઉપચાર. આ ઉપચાર પદ્ધતિ કુદરતની સૌથી નજીક હોવાથી તેમાં નુકશાન નહિવત્ છે. પછી માનવીએ રોજીંદા ખોરાકમાંથી ઔષધોના ગુણ શોધી તેમજ વનસ્પતિ ઈત્યાદિમાંથી જે દવા બનાવી તે બાકીની પદ્ધતિઓ આયુર્વેદ, યુનાની અને એલોપથી છે.

માનવીની આ વિકાસ યાત્રામાં હવે બહારનું તત્ત્વ ઉમેરાયું. તેથી આ બહારના તત્ત્વની પ્રાપ્તિ માટે જે ઉપાયો થવા લાગ્યા તેને વિષે વિચાર કરવાની આવશ્યકતા ઉભી થઈ. ખાસ કરીને તીર્થંકર મહાવીરની અહિંસાની વિચારધારાથી પ્રેરાઇને તે વિચાર અત્યંત આવશ્યક બન્યો. મહાવીરની પહેલા અનાજ, ફળફળાદિ તથા વૃક્ષના વિવિધ ભાગો, પર્ણ, છાલ, મૂળ ઇત્યાદિનો ઉપયોગ થતો તેમજ પ્રાણીઓમાંથી બનતા ઔષધોનો પણ ઉપયોગ સહજ હતો. માંસાહારી માનવી હજુ પ્રાણી અવસ્થામાંથી સંસ્કૃત બની રહ્યો હતો. તેણે દરેક જીવમાં રહેલા આત્માને ઓળખવાની શરૂઆત કરી હતી. તેથી અહિંસાના ઉદ્ગાતા મહાવીરે હિંસાનો નિષેધ કર્યો. આમ ખોરાક, ઔષધોમાં તેમજ અન્ય સાધનોમાં તેમણે અહિંસાનો વિચાર આપ્યો. આ માનવીની વિકાસયાત્રાનો પ્રારંભ હતો. જ્યારે વનસ્પતિ જ ઔષધો વપરાતી ત્યારે મૂળીયા સિવાય બીજે ક્યાંય હિંસાનો સંભવ નહોતો. તેવી જ રીતે વિવિધ ખનીજોનો ઉપયોગ પણ થવા લાગ્યો હતો. પણ ત્રીજા પ્રકારના ઔષધો જે પ્રાણીજ હતા તેનો નિષેધ હતો.

આયુર્વેદમાં આ વનસ્પતિજન્ય, ખનિજ તથા પ્રાણીજ ઔષધો છે જ. પણ વનસ્પતિનો વિશાળ ભંડાર હોય ત્યારે હિંસા કરવી આવશ્યક નહોતી. એટલે ખનીજ અને પ્રાણીજ ઔષધોનું બાહુલ્ય નથી. હા, પ્રાણીમાંથી હિંસા વગર મળતા કેશ, છાણ કે મૂત્ર જેવા પદાર્થોમાં આ વિચાર નહોતો. ફક્ત ઔષધો બનાવવામાં પણ કેટલીક બાબતોનું ધ્યાન રખાતું. આયુર્વેદના યુગમાં વનસ્પતિમાંથી પર્ણ કે છાલ લેતા પહેલાં તેની અનુમતિ લેવાતી. તેના થડ કે ફળ લેતા પણ એ જ વિચાર થતો.

છેલ્લી સદીમાં થયેલા વિકાસમાં ફરી એક વખત તે જરૂરત વગરની હિંસા કરતો થયો છે. નવી નવી દવાઓ શોધવા માટે ઉંદર, ગુઇના પીગ, વાંદરા ઇત્યાદિ ઉપર પ્રયોગ થતા રહ્યા છે. કોઈ એક રસાયણ (ઔષધ) માનવીને નુકશાન કરશે કે નહિ તે તપાસવા આ અબોલ જીવો ઉપર તે વાપરી પરિણામો નોંધાતા. આમ દવા બનાવવામાં ભારોભાર હિંસા હતી જ. તે ઉપરાંત આ ઔષધો જ્યારે દર્દીને અપાય છે તેમાં પણ તેના શરીર ઉપર હિંસક અસર કરે જ છે જેને દવાની આડઅસર તરીકે ઓળખાવવામાં આવે છે. તે રીતે ક્યારેક તો બીનજરૂરી વાઢકાપ અને ઇન્જેક્શનથી ઝડપી પરિણામો લાવવા શરીર ઉપર અત્યાચાર જ થાય છે.

આ બધાનો અભ્યાસ અને અનુભવ કરી જર્મનીના ડૉ. હનીમેને સહજ પ્રાપ્ત દવાઓ બનાવી તથા સમગ્ર માનવીના તન અને મન અને તે રીતે આધ્યાત્મનો વિચાર કરી જે શાસ્ત્ર વિકસાવ્યું તે હોમિયોપેથી. આયુર્વેદ, યુનાની અને એલોપેથીમાં ઔષધિનો વધુ માત્રામાં–પ્રમાણમાં પ્રયોગ થાય છે તેને સ્થાને તેમણે દવાનું સૂક્ષ્મીકરણ કરી તે આપવા માંડ્યું. તેમના પછી હોમિયોપેથીમાં આજે ત્રણ હજારથી વધુ દવાઓ છે. હા, તેમાં પણ પ્રાણી જ

ઔષધો છે. પણ તે હિંસા વગર પ્રાપ્ત જ છે એટલે કે પ્રાણીના દેહમાંથી ઝરતા રસો કે મારી નાખ્યા વગર પ્રાપ્ત અંગોનો ઉપયોગ થાય છે. હોમિયોપથીમાંથી ત્રણ જ દવા એવી છે જે જીવડાંને મારીને બને છે. લાલ કીડીમાંથી બનતી **ફર્નીકા રૂફા** જે સંધીવામાં ઉપયોગ લેવાય છે. તેમજ **ટોલેક્ષ મટકા** જે માંકડમાંથી બને છે તે માથાના તીવ્ર દુઃખાવામાં તથા વાંદામાંથી બનતી **બ્લાટા ઓરિયેન્ટા** જે દમમાં ઉપયોગી છે તે સિવાયની દવા ઉપર કહ્યું તેમ જીવતા સાપમાંથી કાઢી લીધેલા વિષમાંથી તથા પ્રાણીના દેહમાંથી નીકળતા રસોમાંથી બને છે. હવે અહિંસાનો વિચાર કરીએ તો ઉપરોક્ત ત્રણે દવા વર્જ્ય ગણાય પણ તે ત્રણે રોગ ઉપર અન્ય દવાઓ ઉપલબ્ધ છે જ. તમે જ્યારે ડૉક્ટર પાસે જાવ છો ત્યારે તમને જે દવાની એલર્જી હોય તે જણાવો જ છો તેમજ ઉપરોક્ત ત્રણે દવા માટે પણ તમારો વિરોધ કરી શકો છો.

અહિંસાનો વિચાર કરતી વખત તીર્થંકરોએ પ્રબોધેલ લઘુતમ હિંસાની વાત પણ યાદ રાખવી જોઇએ એટલે ઓછામાં ઓછી અને અનિવાર્ય હોય ત્યારે જ હિંસા કરવી. એમ તો શ્વાસોશ્વાસમાં પણ હિંસા ક્યાં નથી? ઔષધોપચારનો વિચાર કરતી વખતે શ્રેષ્ઠ ઉપાય છે માંદા ન પડવું તે. જો દરેક માનવી સારી રીતે ધર્મોપદેશ પ્રમાણે જીવે તો તે માંદો જ ન પડે. હા, બાહ્ય પરિસ્થિતિ પ્રદુષણોને કારણે રોગના લક્ષણ આવે ત્યારે તેણે પંચમહાભૂત આધારીત કુદરતી ઉપચાર કરવા જોઈએ. અને ન છૂટકે જ દવા લેવી જોઈએ. જેમાં હોમિયોપથી અને આયુર્વેદના વનસ્પતિજ ઔષધો શ્રેષ્ઠ છે. શસ્ત્રક્રિયા જેવા આત્યંતિક ઉપચાર ન છૂટકે જ કરવા હિતાવહ છે. હોમિયોપથીની દવા લગભગ બધા જ આધુનિક આધ્યાત્મિકો, ચિંતકો વાપરે છે.

આપણી મલ્ટીનેશનલ કંપનીઓ જેને ઔષધ વેપારમાં લખલૂંટ નફો છે તેઓ વ્યવસ્થિત પ્રચાર કરી વૈકલ્પિક દવાઓનો વિરોધ કરે છે. તેઓ જે વિરોધ કરે છે તેમાંનો દરેક આરોપ તેમને જ લાગુ પડતો હોય છે. હોમિયોપથીમાં આલ્કોહોલ વપરાય છે જે દવાના સૂક્ષ્મીકરણ અને જાળવણી માટે આવશ્યક છે. આ સત્ય છે પણ આ આલ્કોહોલનું પ્રમાણ કેટલું? સ્યુગર ઓફ મિલ્કમાં દવાનું એક ટીપું-જે દવામાં ભળીને ઉડી જાય છે તેટલું જ હોય છે. આયુર્વેદ અને એલોપથીની દવાઓમાં કાઢા, આસવ અને કફ સીરપોમાં તેનું પ્રમાણ અધિક હોય છે. તે રીતે જ હોમિયોપથી લાઇફ સેવીંગ દવા સ્ટીરોઇડ વાપરે છે તે બીજો આક્ષેપ છે. જે જરૂર પડ્યે દરેક એલોપથી ડૉક્ટર વાપરે જ છે વાત માત્રાની છે. કેટલાક લેભાગુ વૈદ્યો વનસ્પતિજ ઔષધોમાં સ્ટીરોઇડ ઉમેરે છે. જેમાં માત્રાનું પ્રમાણ ન રહેતું હોવાથી નુકશાનનો ભય રહે છે.

આગળ કહેવાઈ ગયું છે તેમ ઉપચારમાં દવા ન જ વાપરવી પડે તેવી સ્થિતિ એટલે કે નિરોગ જીવન શૈલી અપનાવવામાં જ સાચો ધર્મ છે જેના માટેની રૂપરેખા આદેશોમાં જ છે. ✱ ✱ ✱

૪૧૮/૮, કેશવ કૉટેજ, ભાઉ દાજી ક્રોસ રોડ, માર્ગ નં.૧૦, માટુંગા, કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

### શ્રી ભગિની મિત્ર મંડળ, પાલીતાણાનો કાર્યક્રમ

સંઘ તરફથી ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન પાલીતાણાની સંસ્થા શ્રી ભગિની મિત્ર મંડળ માટે એકત્ર થયેલ નીધિ તે સંસ્થાને અર્પણ કરવાનો કાર્યક્રમ શનિવાર તા. ૧૨ મી જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ પાલીતાણા મુકામે યોજવામાં આવ્યો છે.

સર્વ દાતાઓને આ સમારંભમાં પધારવા આમંત્રણ છે, જે દાતાઓને પધારવાની ઇચ્છા હોય તેઓશ્રીને ભગિની મિત્ર મંડળ પાલીતાણાને અગાઉથી જણાવવા વિનંતિ.

□ મેનેજર

### ૧૯ મા જૈન સાહિત્ય સમારોહનું આયોજન
### તા. ૧૪-૨-૨૦૦૮ થી તા. ૧૬-૨-૨૦૦૮

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે ૧૯ મા જૈન સાહિત્ય સમારોહનું આયોજન તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૦૮ થી તા. ૧૬ ફેબ્રુઆરી,૨૦૦૮ દરમ્યાન પૂના મુકામે શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન, જાંભૂલવાડી, કાત્રજ તીર્થની બાજુમાં પ. પૂ. પન્યાસ ડૉ. શ્રી અરુણવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં યોજવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ સમારોહમાં ખાસ કરીને માત્ર બે વિષયો: **'જૈન કથા સાહિત્ય'** તથા **'સંલેખના / સંથારો'** વિષય પર અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરવા માટે અમો લેખકો, વિદ્વાનો, અધ્યાપકો અને સાહિત્યરસિકોને સહર્ષ હાર્દિક નિમંત્રણ આપીએ છીએ. આપનો નિબંધ (ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં) વિદ્યાલયને તા. ૩૦-૧-૨૦૦૮ સુધીમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈના મુખ્ય કાર્યાલયમાં અચૂક મળી જાય તે રીતે મોકલી આપવા ખાસ વિનંતી છે.

નિબંધ પ્રસ્તુત ન કરનાર અન્ય જિજ્ઞાસુઓને પણ આ સમારોહમાં પધારવાનું શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી હૃદયપૂર્વકનું આમંત્રણ છે.

સર્વે માટે ભોજન તથા ઉતારાની વ્યવસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી કરવામાં આવશે. સ્વીકૃત નિબંધકારને પોતાનો નિબંધ સમારોહમાં વાંચવા માટે મર્યાદિત સમય આપવામાં આવશે તેમ જ આવવા જવાનો પ્રવાસ ખર્ચ અને યોગ્ય પુરસ્કાર પણ આપવામાં આવશે.

**ડૉ. ધનવંત શાહ**
સંયોજક

# 'પરમ પ્રેમ'

❑ ડૉ. વસંત પરીખ

*(આ લેખ સાર્થ જોડણી કોશ પ્રમાણે નથી, પણ 'ઊંઝા જોડણી' પ્રમાણે છે જેમાં 'હ્રસ્વ'ને પૂરો જાકારો અપાયો છે. એટલે વાચકને ઘણાં શબ્દોની જોડણી વિચિત્ર લાગે તો તેને મુદ્રણ દોષ ન સમજવા વિનંતી.)*

તમારી વેદનાને તોળવા માટે બાટ–ત્રાજવાં સમ-વેદના જોઈશે. વેદના અશબ્દે પણ તોળાય. સાવ મૌનથી મપાય. નજરથી નથાય. માત્ર આશ્લેષથી અશેષ એ ક્ષણે થાય. વેદનાનો નાદ મધુર નથી–પણ સ્પર્શે છે. હલબલાવે છે. વેદના સ્વયં ભીતરને ઝકઝોરે છે. ખુણે ખુણેથી એક એક કોષમાંથી સ્મરણ પ્રસવે છે. આ સ્મરણોની એક લાંબી કતાર–વણઝાર ચાલી આવે છે. વેદનાથી પીડાતાને આ ક્યારેક પારાવાર પીડે છે–તો ક્યારેક સંબંધોની મધુર ક્ષણોની લહેરખીનો સ્પર્શ કરાવે છે.

વેદનાનું મુળ? વીયોગ!!! ચૈતન્યનો હોય છે ત્યારે આ જગતને અનીત્ય ઠેરવે છે. પોતીકા અસ્તીત્વને ઉવેખે છે. બધા કર્મો, કૃતીઓને નિરર્થક માને છે. વેદના–અળગા એકલા–અટુલા રહેવાની ટેવ કેળવવા જાય છે. સંબંધોથી દુર, સમુહથી આઘે, આનંદના પડછાયાથી પણ ભાગે છે. મીત્રો, ભાવકોને–આ જોઈ જાણી ચિંતીત કરે છે. ક્યારેક વીવશ થઈ–નીજી નાતે મળવા જાય તો–'ઉપેક્ષા' જેવું પણ અનુભુત કરી આવે છે.

ક્યાંક વાંચેલી વાત–વેદનામાં ગળાડુબ રહેતા એક મીત્ર પાસે–અનન્ય મીત્ર જાય છે. શિયાળાની રાત છે. સગડી–ચુલાના પ્રકારની–બળે છે. પાંચ છ લાકડાં–લાલઘુમ દેવતા રુપે છે. આગંતુક મીત્ર–ઘરમાંથી ચિપીયો લાવે છે. વેદના સભર મીત્રને વિનવે છે કે કાલે મારે ત્યાં જમવા આવ. મૌન–સાવ ચુપ–પેલો બેઠો છે. મીત્ર ચિપીયાથી સળગતું લાકડું ઉઠાવી–એક કોર બહાર–દેવતાથી અલગ મુકે છે.

એ ધખધખતું–સળગતું લાકડું–થોડી મિનીટોમાં ઠરી જાય છે. કાળું ધબ્બ–લગભગ કોલસાની જાતમાં ફેરવાય છે. વેદનાગ્રસ્ત–આ જુએ છે. એ સંકેત ઝીલે છે. જીવંત–ચૈતન્યમય સમાજથી સાવ અલગ થઈ જવાથી–જીવન!!! એ આમંત્રણ સ્વીકારે છે. અને આ જ – આવો જ આરંભ હોય છે–વેદનાનો પીગળવાનો. હા–એ બરફની જેમ જલદી નહીં પીગળે. સ્વીકાર છતાં કરવો રહ્યો કે–પાણીમાંથી થયેલા બરફને–પાછું પાણીમાં પરિવર્તીત થવું એ જ એની નીયતી છે. જે વિયોગથી વેદના જન્મી. એ વિયોગમાં–વેદનાને ઝબોળી–ઝબોળી યાદોના વાઘા પહેરાવી–સહેજ સહેજ રુપાળી–સહનીય–મધુર કરવી પડે છે. સંયોગ હતો ત્યારે જે આનંદ–સંતોષ–પ્રસન્નતા હતાં–તેવી જ રીતે વિયોગને–સંયોગમાં–માનસીક રીતે ફેરવી–મનોપ્રદેશમાં ફેરવવી પડે છે. વિયોગના બરફને–સ્મરણ–ગુણ–વિશેષતા–એ દ્વારા સંયોગસમ જલમાં ફેરવવો પડે છે એમ કહેવા કરતાં એ ફેરવાતો જાય છે. આ જ એની નીયતી છે. આપણે નિમિત્ત 'સમય'ને ભલે આપીએ. પરંતુ એ સળંગ–અટુટ–સાતત્યથી ચાલતી પ્રક્રિયા છે. ભલે નામશેષ તો ન જ થાય–વેદના–તોય વેદના જેટલી ખાલી પડે છે. એટલું બીજું 'કશાક'થી ભરાય છે. આ કશુંક શું શું હોઈ શકે!!!

જીવન વેદનાનો 'બોજ' 'ભાર' ઉંચકી શકે છે–ના નહીં. જીવન–વિયોગ–વેદના–પરીતાપ–એકલતા–અસ્તીત્વની નિરર્થકતા જીવનના અંત સુધીના વિચારની યાત્રા કરાવે છે. સચ્ચાઈ શું છે–એ તારવવું મુશ્કેલ છે. વ્યવહારની ભૂમીકાએ સંપત્તીમાં અશ્રુ–વહે–બેચેની રહે, એકલતાનું ભુત સતાવે–એ સમજાય એવું છે. તાત્વીક રીતે–જોતાં જીવનના વીવીધ સ્વરૂપો–વીવીધ ક્ષણોમાં વીધવીધ રીતે આપણને પ્રેરણા આપે છે. માનસીકતા ખડકાળ બને ત્યારે આ અનેક સ્વરુપોમાંથી નીતરતા રસ–આપણામાં નિષ્પ્રાણ ન યે થાય–જેમકે જીવન–ભલે સવીયોગવાળું આવીને કહે–કે આ જીવન એક અણજાણ–અકળ–અનીશ્ચીત્ સમયનો પરવાનો છે એ વખતે કેમ ન વિચાર્યું. આ સ્નેહ–આ વ્યક્તીગત પ્રેમ–બધું થોડા સમય માટેની બક્ષીસ છે એ જાગરણ સંયોગમાં કેમ વીસરાઈ જાય છે! આપણને એનો વીચાર કેમ નથી આવતો કે આપણે કદરદાની મેળવવાની જગ્યાએ–આપવાનું સતત કેમ ન વીચાર્યું! એવી અપેક્ષા કેમ વાવે ગયા કે મારી કૃતી–વાણી–ઇચ્છા–સીદ્ધી–સંઘર્ષને 'બીરદાવલીઓ' જં મળે! એ ભુલવાની જરૂર ન હતી કે આપણને સુખી કરવાની અપેક્ષા બીજા પાસે ન રખાય. અને સ્મરણે મઢવું જોઇતું હતું કે કોઈ ક્યારેય આપણને ઉવેખશે નહીં, એવી અપેક્ષા ન રખાય.

એકાએક ચૈતન્યનો વીયોગ–એક વીશેષ ચેતના તો રહી જ જાય છે. એને વય સાથે–ઉપયાગીતા સાથે કે સ્નેહ–પ્રેમ–વાત્સલ્યના પ્રમાણ કે સ્તર સાથે બહુ ગાઢો 'સંબંધ' નાતો નથી હોતો. ઉભયની જોડી તુટતાં–વીહવળતા ઝરપતી જ રહે છે. 'કશુંક' એ સ્થાન લઈ શકે વિકલ્પે 'કંઈ' મળી આવે એવું જવલ્લે જ બને. હા, 'ઉપયોગીતા' અર્થે એ એવી બીજી પસંદગી શોધી–વ્યવહારવાદી બની–કાળક્ષય કરી શકે છે. ચૈતન્યની વીદાય-એક અવર્ણનીય ખાલીપો ભરતી જાય છે. અખુટ ખાલીપો. ગોદામમાં જેમ ભાતભાતની વસ્તુઓ ભરીએ, સ્ટોરરુમમાં અનેક વસ્તુઓ સંગ્રહીએ તેમ ચૈતન્યની અવેજીમાં જીવનમાં ઘણુંયે ભરીએ–એ શાતા નથી બક્ષતી. મસ્તી નથી લહેરાવતી બલ્કે ક્યારેક મુંઝવણ, અને સંગ્રહનો ભાર સર્જે છે. વેદના સ્વયં એક ચાલના છે. સર્જનનો

અજસ સ્રોત બન્યો છે–બને છે–બનતો રહેશે. ચાહે વાલ્મીકી રામાયણ–ચાહે કલાપીનો કેકારવ. વેદના નીષ્ક્રીય જ હોય એ ભ્રમ છે. હા, વેદના એવા ગાળા જરૂર ઊભા કરી શકે છે–જ્યારે દેખીતી રીતે અકર્મણ્યતા ભાસે. વેદના ક્યારેક સાચા 'અકર્મી'ની જેમ ભૂમિકા ભજવે છે. જેને વેદના છે–એની સાથે જેને સમ–વેદના છે–એ ય કંઇક સર્જે છે.

'વેદનાથી દુર રહેવાની, 'વેદના' છોડો. આમ વેદનામાં ક્યાં સુધી આત્મપીડન કરશો' એવા ભલમનસાઈ ભર્યા–ભાવો જુદા જુદા શબ્દોમાં–પહોંચે છે. એ સાવ શક્તીહીન, સુકા, કોરા–ઉપદેશાત્મક અને ખીન્નતાના જનક છે. જેને ઉંડાણ નથી. એ આવી રીતે આવા પ્રયોગો કરે છે. 'વેદના તો કેવળ તમારી–મારી હુંફથી ઓગળતી રહે છે. તમે અહેસાસ કરો, સાથે શ્વસો, સાવ એકાત્મભાવે એનો વિચાર કરો–અને આત્મીયતા–વેદનાને થોડી ક્ષણો માટે પણ–મા જેમ બાળકને થપેડી સુવાડે છે એમ જંપાડે છે. વેદના વાણીની ભુખી નથી. વેદના તત્વાકાંક્ષી નથી, વેદના ઉદાહરણો ઝેલતી નથી, નથી વેદના તુલનાઓથી ઓલવાતી.

વેદનાનો પોતાનો એક 'મુડ' હોય છે–'મીજાજ' હોય છે. સ્તર હોય છે. એ સઘળું આરપાર–અખીલાઇથી સમજવું જરૂરી છે. વ્યક્તિનું અખીલાઇપણું–આપણે જાણતા હોઇએ–તો વેદનાનું–સમગ્રતયા આકલન કરાય. વેદનાના વિજ્ઞાનની વિશેષતાઓ પારખવી અઘરી નથી. અતૃપ્ત–ન મળેલી, મેળવવાની બાકી એવી...ઝંખેલી–કલ્પેલી આકાંક્ષા, વેરાઈ–ઢોળાઈ જાય ત્યારે વેદનાનો પ્રકાર અલગ હોય છે. 'પુરુષાર્થ ઓછો કર્યો', 'ક્ષણ ના પારખી', 'સહાય ના મળી' એવા ભાવોનો ઉછાળ આવતો રહે છે. 'જો' અને 'તો'નું ચીંતન સતત પ્રગટતું રહે છે. પૃથક્કરણની–તર્કની એક લાંબી ચીંતન યાત્રા ચાલે છે. 'સ્થુળ', 'દુન્યવી' વસ્તુ ન મળી તેની વેદના સંભવ છે–બે ય છેડે અડી શકે છે. એક સાવ નીષ્ક્રીય બનાવીને વ્યક્તિને ઘોર નિરાશામાં ધકેલે છે. તો બીજી કોર, સમગ્ર ઇચ્છાશક્તી પુનઃ જાગૃત કરી, સાવધ થઈ, સતત પ્રયત્નવાદી બનાવે છે. એમાં 'આશા' છે. એક વખતે મેળવ્યું તે ગયું–તો પુનઃ પામી શકાય છે. એ વાત ભુમીકાની છે કે–'હતી' 'માણી' હવે નથી તો શું કામ ઝંખવી–ફરીથી ક્યાં એ જંજાળ વહોરવી. એકમાં–મેળવવાની પાકી ધુનમાં સંકલ્પ (ભલે સદ ન પણ લાગે) છે તો હવે એ દીશામાં નથી જવું એમાં વિતરાગ પણ છે. એકમાં સ્ફુર્તીની સંભાવના છે તો બીજામાં સમજણનો ઉદય છે. પોતાની પ્રકૃતી પ્રમાણે–'વેદના'માંથી એ બહાર આવી શકે છે.

પરંતુ સંબંધના ક્ષેત્રમાં–તીરાડ–વીચ્છેદ–અપેક્ષાનો પુર્ણ ક્ષય થાય છે ત્યારે અનેકવીધ ઝંઝાવાતો સર્જાય છે. આ ક્ષેત્ર–મનનું છે. વીશાળ–વીરાટ અને વીચીત્ર પણ ખરું. સમ્યક પ્રકારનો બંધ બંધાતા 'કાળ' ઘણી કળા કરાવે છે. એ જ સંબંધ થાય છે. એ વીસરી જવાય છે કે–આ છે તો 'બંધ'–'બંધન' 'ગઠન' 'જોડાણ' જેવો ધર્મ છે–'છુટી જવું' 'અલગ થવું' ગાંઠ છુટવાની વેળ થવાની જ, જોડાણ–ભંગાણને વરવાનું જ. સંબંધને સહજ–મધુર–સ્થીર રાખવા કંઈ ઓછા વાના નથી કરવા પડતાં. લગ્ન સંબંધ જ જુઓને–જ્યાં ઘણું કરીને કંઈ ગોપાવવાનું નથી–આરપાર લાગે છે–સ્પષ્ટતા છે ખુલ્લાપણું છે. 'સ્નેહ' 'કામ' 'ભાવ' 'આવશ્યકતા' 'આધાર' ઘણા બળો–સાથે રહેવા માટે બળ પુરે છે. ત્યાં પણ સતત ત્યાગ, સમજણ, ક્ષમા આપવી અને માંગવી, વીશેષતાઓને સહજ જ બીરદાવવી એ બધું ઉણું પડે તો નંદવાય છે સમ્યક બંધન.

આ વેદના એટલી ઘનીભુત રહે છે કે બળતરા અંદરની, બહારની છટપટાહટ જીવન દોહ્યલું બનાવી મુકે છે. અસહ્ય એ ત્યારે જણાય ત્યારે આ સંબંધ તોડવામાં અનેક લોકો આપણા પર દોષારોપણ કરે. આમ બાહ્ય જગતમાં, સંબંધની મુડી ખોવાની અને ટીકા ટીપ્પણીનો ટોપલો ઉઠાવવાનો. વેદનાની આ ભુમિકા ઓછેવત્તે અંશે અનુભુતિનો વીષય છે.

દેહની મસ્તી હોય છે ત્યારે–કે શરીર 'સ્વસ્થ' હોય ત્યારે કદાચ–આ વેદનામાંથી પસાર થવાનું બળ મળે છે. સ્વયં શરીર પોતે વેદનાને આશ્રય આપે છે ત્યારે! બ્રેઇન ટ્યુમર, કીડની ટ્યુમર, બ્રેસ્ટ કેન્સર, ફેફસાનું કેન્સર, એમાંનું એક આવી વસે છે ત્યારે–વેદના અને વિષાદ બેઉ ઘેરે છે. મરણનો સંકેત અગાઉથી સમયસર મળ્યાનો સંતોષ લેવાય એવી આ વેદના નથી હોતી. જીવવું કેમ એવો ઉચાટ–આપણી સેવા–સરભરા કરનારનો વિચાર, અને આછી પાતળી આર્થીક સ્થીતીની વાસ્તવીકતા–જીવન કડવું ઝેર કરી નાંખે છે. આપણા અસ્તિત્વની બાદબાકી થયેલી જણાય ત્યારે–એક નુતન–નવી દુનિયા–જીરવાય નહીં, ખમાય નહીં એવી રચાતી જાય છે. મૃત્યુ તરફ જવાની આ પ્રક્રિયા–ભારે કપરી કસોટી કરે છે. તત્વજ્ઞાન, અધ્યાત્મ કે આશ્વાસન પોતાની બધી મર્યાદા સ્વીકારે છે.

આમ–વિયોગની વેદનાથી પીડાતો, કે વસ્તુ–પદ–ધનના વિયોગની વેદનાથી તડપતો કે સંબંધોના સરોવરના સુકાતા કમળોથી–મર્માત વેદના સહતો, કે આ શરીરની પીડા–જેમાં ભાગીદારી કોઇની નહીં એ વેદનાનો બોજ ઉઠાવવો–બધું જ જીવનની મજા ઝુંટવનારી–આનંદને ચુરચુર કરનારી, જીવન દુઃખમય છે એ સીદ્ધ કરનારી ઘટનાઓ છે.

એક વેદના–શબ્દથી સમજવા, કાલ્પનિક કહી શકાય. જનેતા એની 'આકાંક્ષા' 'ઇચ્છા' 'વાસના' 'આશા' છે. એને માનસીક રોગોના પ્રકરણે જમા કરાય છે. ઉપરના ચારેમાંથી કે એવી બીજી ભાવનાઓમાંથી–ભગ્ન હૃદય થાય. એ પ્રાપ્ય ન બને ત્યારે એક વીશેષ વેદનાનો ઉદય થાય છે. આ ઉદીત વેદના, જેને થાય તે કેટલો દાઝે છે એ દ્રશ્ય પણ હોય છે અને અદ્રશ્ય પણ. સુનમુન

બેસી રહેવું. શરીરના સાધારણ ધર્મો પ્રત્યે દુર્લક્ષ. તો બીજી બાજુ ઇન્દ્રીયોની અતી ચંચલતા. ચાલુ વાકપ્રવાહ અંગોથી હલન ચલન, ભાંગતોડ; અસંગત વાણી, અશુદ્ધ શબ્દો અને પ્રીય જનોનો પણ તિરસ્કાર-એવી ભાતીગળ-જાતજાતની વેદનાની ભુતાવળ ખડી થાય છે. ક્યારેક સ્વેચ્છાએ-અવશપણે અભાનપણે શરીરના અંત સુધી પણ દોરે છે. એ સ્વીકારાય કે આને-આ સ્થીતીને સુધારવા-વિજ્ઞાન સહાય કરે છે. પ્રેમ-પણ ક્યાંક રામબાણ નીવડે છે.

વેદનાનો આ પ્રકાર-જોનારને, સમીપના સ્નેહીને પારાવાર પીડે છે. જીવનની જાગૃત અવસ્થા-'ત્રસ્ત' 'ત્રસ્ત' સ્વરૂપે વીતાવવી પડે છે. આમ 'વેદના'નો સ્વ પરીવાર નાનોસુનો નથી. વ્યાપ કંઈ એકદેશીય નથી. વ્યાપ્તી ભૌગાલીક સીમા, જાતી, ધર્મ, પંથમાં સીમીત નથી. વેદનાનું સામ્રાજ્ય ચોતરફ ફેલાયેલું છે. એમ જાણીતા શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે વેદનાના સામ્રાજ્યમાં સુર્ય આથમતો નથી. પરંતુ આ 'સુર્ય' પ્રકાશને બદલે 'અંધકાર' ઉષ્માને સ્થાને હતાશા અને ચેતનાના સ્થાને મુર્ચ્છા પ્રદાન કરે છે.

વેદનાની સમજણ, કારણ, સ્રોત, સ્નેહથી સંશોધી શકાય છે. નીર્વ્યાજ સ્નેહથી હળવી કરી શકાય છે. સમજણથી એનો ભાર ઝીલી શકાય છે. પરંતુ અમોઘ શસ્ત્ર અને શાસ્ત્ર તો પરમ પ્રેમ જ છે. ✱✱✱

સાકેત સોસાયટી, વડનગર-૩૮૪૩૫૫

# પ્રાચીનલિપિ, લેખનકળા અને હસ્તપ્રતવિદ્યા

❑ ડૉ. નૂતન જાની

માનવ સભ્યતા અને સંસ્કૃતિનો ઈતિહાસ અનેક ક્રાન્તિકારી પરિવર્તનોથી નોંધાયેલો છે. માનવ સભ્યતાના વિકાસના અનેક સોપાનોમાં ભાષાનું સોપાન પાયાનું અને મહત્ત્વનું સ્થાન ધરાવે છે. માનવીઓમાં અન્ય જીવો કરતાં શ્રેષ્ઠસૂચક માનવીય ગુણ તે ભાવ અને વિચારને ભાષાના માધ્યમ દ્વારા વ્યક્ત કરવાનું કૌશલ્ય છે. ભાષાને કારણે જ જ્ઞાનનું સર્જન, સંવર્ધન, સંરક્ષણ અને સાતત્ય જળવાય છે.ભાષા દ્વારા જ અમૂર્ત ચિત્તવિશ્વ, સંકુલ ભાવવિશ્વ મૂર્તરૂપે પ્રત્યક્ષિત થાય છે. ભાષાનું પ્રથમ સ્વરૂપ શ્રાવ્ય, અન્ય રૂપ ઉચ્ચારણમૂલક અને ત્રીજું તે લેખન. આ લેખનમાં લિપિ અને તેની સાથે અનુબંધિત લેખનકળા તથા લિપિની પરિચાયક હસ્તપ્રતવિદ્યા અંગે ટૂંકો પરિચય રજૂ કરવા ધાર્યો છે.

**● લિપિ : પરિચય અને ઈતિહાસ**

માનવ સભ્યતાના ઈતિહાસમાં ભાષા અને લેખનકળાનો મહિમા અપાર છે. લખાતી ભાષાને આપણે 'લિપિ' કહીએ છીએ. લિપિ એટલે ભાષાના નિર્ધારિત ઓળખરૂપ ચિહ્નો દ્વારા વિચારોર્મિની અભિવ્યક્તિ. સંસ્કૃત 'લિપ્' ધાતુનો અર્થ છે લેખન કરવું, લખવું. એના પરથી 'લિપિ' સંજ્ઞા મળી છે. લિપિ એટલે લેપન, લેખન, અક્ષર, ચિત્ર (સંકેત), મૂળાક્ષર, વર્ણ આદિ. ભારતીય સભ્યતા અતિ પ્રાચીન છે તેથી એની લિપિ પણ અત્યંત પ્રાચીન મનાય છે. લિપિના તમામ તબક્કા જો ક્યાંક અધિકૃત રીતે જળવાયા હોય તો તે છે જૈન સાહિત્યની પ્રાચીન હસ્તપ્રતો.

માનવના આરંભકાલીન વિકાસના પ્રથમ તબક્કામાં અભિવ્યક્તિનું સાધન મોઢાના-હાથના અવાજ, ચાળા-સંકેતો, હાસ્ય, રુદન, સ્પર્શ, અનુભાવો હશે. ત્યારબાદ શરીરના ક્રમિક વિકાસની સાથે સાથે શરીરમાંનું સ્વરયંત્ર યોગ્ય સ્થળે, વ્યવસ્થિત રૂપે નિશ્ચિત થયું હશે. માનવ મસ્તિષ્કના વિકાસની સમાંતરે સ્વરયંત્રની કામગીરી નિશ્ચિત રૂપ પામી હોવાના તારણો ન્યૂરો લિંગ્વીસ્ટીક્સ સંદર્ભે થયેલા અભ્યાસોમાં દર્શાવાયા છે. સહુ પ્રથમ ચિત્રલિપિ (Embryo Writing, Pictographic script) ઉદ્‌ભવી હશે. ચિત્રલિપિ વાસ્તવમાં લિપિ હોતી નથી. એ કેટલીક રેખાઓ, ચિત્રો હતાં; જેના દ્વારા એ દોરનાર કોઈ નિશ્ચિત દર્શાવતો હશે. આ ચિત્રો, રેખાઓ પથ્થરો પર, શિલાઓ પર, વૃક્ષોનાં પર્ણ, ઝાડની છાલ પર (થડ પર), હાથીદાંત પર ંકિત થયેલાં મળી આવ્યાં છે. આરંભે આ ચિત્રો તત્કાલીન જીવનમાં ઉપયોગી વસ્તુઓના હતા. ચિત્રલિપિ વિચારવ્યંજક અને વસ્તુવ્યંજક- એમ બે પ્રકારની હતી. માત્ર વસ્તુ દર્શાવનાર ચિત્રો દા. ત. સૂર્યનું ચિત્ર માત્ર સૂર્ય દર્શાવે છે તે. વસ્તુ સાથે ક્રમશઃ વિચારની વિચારયાત્રા થતાં વસ્તુ પરત્વેના વિચારો પણ ચિત્રો દ્વારા દર્શાવા લાગેલાં. દા. ત. સૂર્યનું ચિત્ર એટલે માત્ર સૂર્ય નહીં, પરંતુ ગરમી, પ્રકાશ આપનાર વસ્તુ એવું પણ એમાં કિરણોની રેખા દોરી દર્શાવાતું. આજે આ પ્રકારની લિપિ પ્રતીક તરીકે માર્ગચાલક વાહન માટે, હૉસ્પિટલમાં, નકશાઓ પૂરતી પ્રચલિત છે. આફ્રિકા, દક્ષિણ અમેરિકા, ચીનમાં મોટા-લાંબા દોરડામાં ગાંઠો પાડીને સંદેશાઓ મોકલવાની પ્રથા હતી. એને સૂત્રાત્મક લિપિ કહે છે. આજે સ્કાઉટિંગ, હાઈકિંગ વગેરેમાં આ લિપિ પ્રચલિત રહી છે. મનુષ્ય જેમ જેમ પ્રગતિ કરતો ગયો તેમ તેમ વસ્તુના ચિત્ર દ્વારા વસ્તુ ઉપરાંત એની ગુણ-મર્યાદા, ઉપયોગિતા દર્શાવતા પણ શીખ્યો. ચિત્રલિપિના આ સ્થિત્યંતરને ભાવાત્મક કે સંકેતાત્મક લિપિ (Indeographic Script) કહે છે. જીવનના વિકાસની સાથે સાથે મનુષ્યની અભિવ્યક્તિની આવશ્કતાઓ પણ વધતી ગઈ. ઉત્પાદન વધ્યું, સાધનો વધ્યાં, જીવન ઉપયોગી વસ્તુઓ વધી, પ્રવાસ વધ્યો; આ કારણે ચિત્રલિપિ મર્યાદિત બનતી ગઈ અને ધ્વન્યાત્મક લિપિ

(Phonetic or Phonographic Script) અસ્તિત્વમાં આવી. ધ્વન્યાત્મક લિપિ ક્યા સમયથી, ક્યા પ્રદેશથી અસ્તિત્વમાં આવી હશે તે વિશે કોઈ એક મત હજુ સુધી મળી શક્યો નથી.

જૈન મુનિશ્રી પુણ્યવિજયજીના મત મુજબ ઈ. સ. પૂર્વે પાંચ સૈકા પહેલાં ભારતીય લિપિ પૂર્ણ રૂપમાં સ્થાયી થઈ ચૂકી હતી. તેઓ કહે છે : 'ભારતીય સમગ્ર સાહિત્યના સંગ્રહની દૃષ્ટિએ તેમજ લેખનકળાના વિધાનની દૃષ્ટિએ જૈનોના જ્ઞાનભંડારોમાં જે ને જેટલી વિવિધતા તેમ જ સંપૂર્ણતા પરાપૂર્વથી ચાલી આવી છે એની જોડ આજના પાશ્ચાત્ય પ્રજાના પુસ્તક સંગ્રહાલયોને બાદ કરી લઈએ તો બીજે ક્યાંય નથી અને પ્રાચીન કાળમાં ક્યાંયે ન હતી. એનો ખ્યાલ આજે પણ જૈન પ્રજા પાસે પુસ્તક-લેખનકળા, પુસ્તક સંશોધનકળા તથા પુસ્તકો-જ્ઞાનભંડારોના સંરક્ષણની કળાનો અને એ દરેકને લગતા વિવિધ પ્રકારનાં ઉપકરણો તેમજ સાધનોનો જે પ્રાચીન મહત્ત્વનો વારસો છે, એના પરથી એનો વિસ્તૃત પરિચય મળે છે.'

**● લિપિ : વિવિધ પ્રકારો**

પ્રાચીન ભારતમાં બ્રાહ્મી અને ખરોષ્ઠી બે લિપિઓ પ્રચલિત હતી. બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ વિશેની જૈન માન્યતા મુજબ ભગવાન ઋષભદેવે પોતાની પુત્રી બ્રાહ્મીને સૌ પહેલાં લિપિ લખવાનું જ્ઞાન આપ્યું હતું ત્યારથી એ લિપિ 'બ્રાહ્મી' નામે જાણીતી થઈ. મહારાજા અશોક પહેલાના જૈન ગ્રંથ 'समवायांगसूत्र' અને ત્યાર પછી રચાયેલ બૌદ્ધગ્રંથ 'ललितविस्तार'માં પણ બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિઓના નામ મળે છે. ખરોષ્ઠ નામના આચાર્યએ રચી હોવાથી 'સેમેટીક' વગરની ખરોષ્ઠી લિપિને 'ખરોષ્ઠી' નામ મળ્યું હોવાનું મનાય છે. અરબી, ફિનિશિયન, હિબ્રુ વગેરે પશ્ચિમી એશિયા અને આફ્રિકા ખંડની લિપિઓ તે 'સેમેટીક' અથવા તો બાઈબલ નિર્દેશિત નૂહના પુત્ર શેમનાં સંતાનોના લિપિ નામે ઓળખાવાય છે. અર્વાચીન ગુજરાતી ભાષા જે આપણે જાણીએ છીએ તે ઘણી પ્રાચીન છે. લેખનકળાનો ઈતિહાસ પણ એટલો જ પ્રાચીન છે. ભારતમાં પ્રાચીન સમયથી બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિ હતી. ઈરાનવાસીઓના ઉદ્યોગ ધંધાર્થે ભારતીયો સાથેના સંપર્કમાંથી ખરોષ્ઠી લિપિ ઉદ્‌ભવ થઈ હોવાનું જાણવા મળે છે. લિપિ ઉત્પત્તિ અંગે આવી અનેક વાતો નોંધાયેલી મળે છે. બ્રાહ્મી લિપિ ડાબેથી જમણે લખાતી જ્યારે ખરોષ્ઠી જમણેથી ડાબે લખાતી.ઈ. સ.ની ત્રીજી સદી સુધી પંજાબ પર્યંત ખરોષ્ઠી પ્રચલિત હતી. ત્યાર બદ એ વિલીન થઈ હોવાના નિર્દેશો મળ્યા છે.

ઈ. સ. પૂર્વે ૫૦૦ થી લઈ ઈ. સ. ૩૫૦ સુધીની ભારતીય લિપિઓ 'બ્રાહ્મી' નામે ઓળખાવાય છે. લેખનપ્રણાલી અનુસાર તેને 'ઉત્તરી બ્રાહ્મી' અને 'દક્ષિણી બ્રાહ્મી'માં વર્ગીકૃત કરાઈ છે. ઉત્તરી શૈલીની બ્રાહ્મી લિપિનો વિકાસવિસ્તાર ગુપ્તલિપિ, કુટિલલિપિ, નાગરી-દેવનાગરી, શારદા, બંગાળી આદિમાં જોવા મળે છે. દક્ષિણી શૈલીની બ્રાહ્મી લિપિનો વિકાસવિસ્તાર તેલુગુ, કાનડી, ગ્રંથ લિપિ, કલિંગ લિપિ, તામીલ આદિમાં જોવા મળે છે.

નાગરી-દેવનાગરી, શારદા (કાશ્મીરી), ગુરુમુખી (પંજાબી), બંગલા, ઉડિયા, તેલુગુ, કાનડી, ગ્રંથ, તામિલ આદિ દરેક લિપિનું મૂળ બ્રાહ્મી છે. બ્રાહ્મી મૂળે ભારતની સ્વતંત્ર લિપિ છે. જેમાં જૈન અને બૌદ્ધ ધર્મનાં અનેક ગ્રંથો લખાયાં છે. આ હસ્તલિખિત ગ્રંથો 'હસ્તપ્રત' સંજ્ઞાથી ઓળખાવાય છે. હાથ વડે લખાયેલ ગ્રંથ, પ્રત એટલે 'હસ્તપ્રત'.

**● લેખનકળા અને હસ્તપ્રત વિદ્યા : પરિચય અને ઈતિહાસ**

'લેખનકળા પદ્ધતિ' અને 'હસ્તપ્રતવિજ્ઞાન'નો સંબંધ પરસ્પર પૂરક છે. આ બંને વણખેડાયેલા અભ્યાસક્ષેત્રો છે. એમાં લેખનકળા, પ્રાચીનલિપિની જાણકારી – એને ઉકેલવાના પ્રયત્નો, પ્રત લખવાના સાધનો, રચયિતા-પ્રતના કર્તા સર્જક, પ્રતના લખનારા લહિયાઓ, પ્રતના વિભિન્ન આકાર-પ્રકાર, એમાં આવતાં સુશોભનો, પ્રત જાળવણીના સાધનો, પ્રત જાળવણીની પ્રક્રિયા, હસ્તપ્રતોના સંગ્રહસ્થાનો-જેવી અનેક બાબતો આવરી લેવાય છે. પ્રાચીન હસ્તપ્રતો જે લિપિમાં લખાઈ છે તે ઉકેલવા માટે જે-તે લિપિની જાણકારી અને તત્કાલીન લિપિના મરોડ સમજવા-શીખવા જરૂરી છે.

જૈન શ્રમણ સંસ્કૃતિમાં લેખનકળાનો મહિમા અતિપ્રાચીન છે. આરંભે તો જૈન સાહિત્ય પણ મૌખિક પરંપરાને આધીન હતું. કુદરતની આફત જેવી કે ચાર બારવર્ષી દુકાળને કારણે અનેક વિકટ પરિસ્થિતિઓને પહોંચી વળવાની સાથે જૈન મૌખિક પરંપરા સહુ પ્રથમ લેખનકળાનો મહિમા સ્વીકારે છે. જૈન આચાર્યો પોતાના શિષ્યોને સૂત્ર ભણાવતા, જે 'વાચના' તરીકે ઓળખાવાય છે. આ 'વાચના'ઓ લેખન દ્વારા જળવાઈ છે. આચાર્ય શ્રી હેમચંદ્રજી 'जिनवचनं च दुष्माकालवशाहुच्छिन्नप्राचमिति भत्वा भगवदिगर्नामार्जुन – स्कनिवलाचार्यप्रभृतिभिः पुस्तकेषु न्यस्तम्' એટલે કે દુકાળને કારણે જિન વચનોનો નાશ થતો જોઈ ભગવાન નાગાર્જુન, સ્કંદિલાચાર્યે પુસ્તકોમાં લખવાનો પ્રારંભ કર્યો.

ભાષાને આધીન લિપિને કારણે લેખનકળાનો ઉદ્‌ભવ થયો. લેખનકળાને પ્રતાપે અનેક અમૂલ્ય, દુર્લભ વાતો હસ્તપ્રતોમાં ઊતરી અને જળવાઈ. હસ્તપ્રતોની આ લિપિઓ પણ પરિવર્તિત રૂપે મળે છે. બ્રાહ્મીમાંથી પરિવર્તિત લિપિઓ વિશેની વિગતો પણ અભ્યાસીએ જાણવા જેવી છે. ગુપ્ત વંશના રાજાઓના શાસન દરમ્યાન બ્રાહ્મી 'ગુપ્તલિપિ' તરીકે પ્રચલિત થઈ. પરિવર્તનની નિયતિને લીધે એમાંથી 'કુટિલ' લિપિનો વિકાસ થયો. નવમી સદીના અંત દરમ્યાન 'કુટિલ' લિપિમાંથી નાગરી-દેવનાગરી

લિપિનો ફાંટો પડ્યો. ઉત્તર ભારતમાં આ લિપિ 'નાગરી'–'દેવનાગરી' તરીકે જાણીતી હતી તો દક્ષિણ ભારતમાં 'નન્દીનાગરી' તરીકે. બ્રાહ્મી પછીની અત્યંત પ્રચલિત ભારતીય લિપિ તે આ દેવનાગરી લિપિ. તેલુગુ, ગ્રંથ, તમિળ, શારદા અને દેવનાગરી–આ પાંચ પ્રાચીન લિપિઓ ઉકેલતાં આવડે તો ભારત રાષ્ટ્રનો અમૂલો વારસો ઉપલબ્ધ થઈ શકે તેમ છે.

દેવનાગરી લિપિ આદર્શ લિપિ છે, વૈજ્ઞાનિક લિપિ છે. સમયાંતરે આ દેવનાગરી લિપિમાં અક્ષર-વર્ણ સાથેની શિરોરેખાને આધારે પરિવર્તન થતું ગયું હોવાથી દેવનાગરી લિપિના વિવિધ લિપ્યંતરણો ઉકેલતાં આવડે તે પણ જરૂરી છે. લહિયાઓની સમજ, પ્રકૃતિ, લેખન, આવડત, મિજાજને આધારે લિપિમાં જોવા મળતાં પરિવર્તનો, સુશોભનો, હસ્તપ્રતનો સમય નિશ્ચિત કરવા માટે નિર્દેશક બને છે. 'નાગરી' લિપિને રાષ્ટ્રીય લિપિની મહોર પણ મળી છે.

આરંભે ગુજરાતી ભાષા પણ શિરોરેખા સહિત લખાતી. ગુજરાતી ભાષા દેવનાગરી લિપિનું જ વિકસિત રૂપ છે. અર્વાચીન ગુજરાતી ભાષામાં નાગરીના સ્વર-વ્યંજનો રહ્યા અને શિરોરેખા વિલિન થઈ. આરંભે આ લિપિ 'ગુર્જર લિપિ', 'વાણિયા-શાઈ લિપિ' (વેપારીઓની લિપિ) તરીકે ઓળખાતી. ૧૨મી થી ૧૮મી સદી સુધી દેવનાગરીમાં થયેલ ફેરફારો સાથે ઉપલબ્ધ સાહિત્ય પ્રાચીન છે તેટલું જ મહત્ત્વનું પણ છે.

જૈન ધર્મપરંપરામાં પ્રથમથી જ જ્ઞાનની આરાધના-ઉપાસના સંદર્ભે પ્રાચીન હસ્તપ્રતોની જાળવણી અને સાચવણીની સભાનતા રહી છે. જૈન દેરાસરો, ગચ્છોમાં લહિયાઓને લખવાની કેળવણી અપાતી. ધર્મગ્રંથો, ઉપદેશવચનો લખી લેવામાં આવતા. એની વૈજ્ઞાનિક ઢબે જાળવણી પણ થતી. આવી અનેક હસ્તપ્રતો એકઠી કરીને મુનિશ્રી પુણ્યવિજયજીએ અમદાવાદમાં 'લા. દ. પ્રાચ્ય વિદ્યામંદિર'માં સંગ્રહી છે. એ ઉપરાંત પાટણમાં 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર'માં પણ અનેક હસ્તપ્રતો જળવાઈ છે. પાલનપુર, ધોળકા, ધંધુકા, ખંભાત, વડોદરા, રાજકોટ, સુરત અને મુંબઈમાં પણ જૈન મુનિઓ રચિત સાહિત્ય હસ્તપ્રતભંડારોમાં જળવાયેલું છે.

આ પ્રાચીન હસ્તપ્રતો આપણા ભવ્ય ભૂતકાળની સાખ પૂરે છે. પ્રારંભકાલીન આ હસ્તપ્રતો શિલાલેખો, તાડપત્ર, ભોજપત્ર, કાપડ, કાગળ આદિમાં જળવાયેલી છે. આ હસ્તપ્રતોની જાળવણી કરવી એટલુંજ પૂરતું નથી; એને ઉકેલવી, અર્વાચીન ભાષામાં મૂકવી પણ અનિવાર્ય છે. હસ્તપ્રતોમાં ભંડારાયેલ સાહિત્યમાં ઐતિહાસિક, સાંસ્કૃતિક, રાજકીય, સામાજિક, ધાર્મિક બાબતો છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજીની આ ૨૧ સદીમાં સાહિત્ય અને કળા ક્ષેત્રે ખાસ કામ કરવાનો અવકાશ નથી એવી ભ્રામક માન્યતા પ્રવર્તે છે. ઈતિહાસને એના સઘળા સંદર્ભો સાથે સુલભ કરી આપવાની સામગ્રી આપણી પાસે છે પણ એ તરફ દિશાનિર્દેશ કરનારી સમજણનો સ્પષ્ટ ઉઘાડ અને પ્રચાર-પ્રસાર થયો નથી. બ્રિટિશરો ભારતમાં આવેલા ત્યારે ખૂબ જ સસ્તી કિંમતે આપણા આ હસ્તલિખિત વારસાનો કેટલોક અંશ અહીંથી ઉપાડી ગયા છે. બ્રિટિશ કાઉન્સિલ લાઈબ્રેરી (લંડન)માં એ અમૂલ્ય વારસા પર મહત્ત્વપૂર્ણ કામ પણ થઈ રહ્યું છે. હજુ ઘણીબધી હસ્તપ્રતો આપણી પાસે છે. આપણી એ અસ્મિતા અને વિરાસત આપણા રાષ્ટ્રના અને રાજ્યના આપણી ભાષાના અભ્યાસીઓની પ્રતીક્ષા કરતી ઊભી છે. એ ભંડાકિયામાં કેદ સંસ્કૃતિની જાળવણી કરવી, વર્તમાન ભાષામાં ઉપલબ્ધ કરાવવી, એ પરંપરા પરત્વેના ઋણભાવમાંથી મુક્ત થવાની આપણી નૈતિક ફરજ છે. જૈન ધર્મમાં લેખનપરંપરા, એનાં સાધનો, એની જાળવણી વગેરેને ધર્મકાર્યની કક્ષાનો દરજ્જો અપાયો છે. આ જ્ઞાન આરાધનાના કાર્યમાં જોડાવાની ઇચ્છા ધરાવનારે નીચે નોંધેલ વ્યક્તિનો તરત જ સંપર્ક કરવો. ડૉ. નૂતન જાની – 09869763770.

## પ્રાચીન હસ્તપ્રત લિપિ શિખવા માટેની શિબિર

એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગ અને મુંબઈ જૈન યુવક સંઘનાં સંયુક્ત ઉપક્રમે 'પ્રાચીન લિપિ અને હસ્તપ્રત વિદ્યા' વિષય ઉપર પાંચ દિવસની (તા. ૭-૧-૦૮ થી તા. ૧૧-૧-૦૮) શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. **નિઃશુલ્ક પ્રવેશ.**

સ્થળ : એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી, ચર્ચગેટ– મુંબઈ.

**વિષયો :** પ્રાચીન લિપિ ઓળખની આવશ્યકતા, લેખન કલાનો વિનિયોગ, દેવનાગરી લિપિ, હસ્તપ્રત વિદ્યા, પાઠ સંપાદન, હસ્તપ્રતોનો ઇતિહાસ, હસ્તપ્રતના પ્રકારો, ઉપરાંત પ્રાચીન લિપિના વર્ગોનું આયોજન.

**વિષયો–વક્તા :**

(૧) હસ્તપ્રતોનો ઇતિહાસ (૨) હસ્તપ્રતના પ્રકારો
વક્તા : ડૉ. જીતેન્દ્રભાઈ શાહ

(૩) લેખનકળા અને હસ્તપ્રત વિદ્યા

(૪) હસ્તપ્રત વિદ્યા : જાળવણી, સંરક્ષણ અને પુનઃ ઉદ્ધાર
વક્તા : ડૉ. બળવંત જાની

(૫) હસ્તપ્રતના ઇતિહાસની મહત્તા
વક્તા : પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ

પ્રમુખ : નવનીતલાલ આર. શાહ–આશાપુરા ગ્રુપ

શિબિરમાં ભાગ લેવા ઇચ્છનારે નીચે આપેલ સંપર્ક પર પોતાના નામ નોંધાવી લેવા વિનંતિ.

(૧) ડૉ. નૂતન જાની–9869763770
(૨) ડૉ. દર્શના ઓઝા–9867579393

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ઑક્ટોબર-૨૦૦૭ના અંકથી આગળ)

૪૦૨ પ્રચ્છના –શંકા દૂર કરવા કે વિશેષ ખાતરી કરવા પૃચ્છા કરવી તે.
–शंका दूर करने के लिए या विशेष निर्णय करने हेतु पूछना-प्रश्न आदि करना ।
–To make enquiries with a view to removing doubt or with a view to being particularly certain.

૪૦૩ અનુપ્રેક્ષા –શબ્દપાઠ કે તેના અર્થનું મનથી ચિંતન કરવું.
–शब्दपाठ या उसके अर्थ का मन से चिंतन करना ।
–To mentally ponder over the wording or the meaning of a text

૪૦૪ આમ્નાય –શીખેલ વસ્તુના ઉચ્ચારનું શુદ્ધિપૂર્વક પુનરાવર્તન કરવું.
–पढ़ी हुई वस्तुओं के उच्चारों का शुद्धिपूर्वक पुनरावर्तन करना ।
–To correctly repeat the wording of a text that has been learnt.

૪૦૫ ધર્મોપદેશ –જાણેલ વસ્તુનું રહસ્ય સમજાવવું, ધર્મનું કથન કરવું.
–जानी हुई वस्तुओं का रहस्य समजाना, धर्म का कथन करना ।
–To grasp the secret of a text that has been learnt, to preach things religious.

૪૦૬ આચાર્ય –મુખ્યપણે જેમનું કાર્ય વ્રત અને આચાર ગ્રહણ કરાવવાનું હોય તે.
–मुख्य रुप से जीसका कार्य व्रत एवं आचार ग्रहण करवाना हो उसे आचार्य कहते हैं।
–He whose chief task is to preside over acceptance of a some other rule of conduct.

૪૦૭ સંઘ –ધર્મના અનુયાયીઓ, તેના ચાર ભેદ છે - સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા.
–धर्म के अनुयायी - उनके चार भेद साधु–साध्वी-श्रावक-श्राविका हैं ।
–The followers of a religion constitute.

૪૦૮ સાધુ –પ્રવ્રજ્યાવાન, દીક્ષાવાળા હોય તે.
–प्रव्रज्यावाले अर्थात् दीक्षायुक्त हो उसे ।
–He who has been intiated into monastic order.

(ક્રમશઃ)

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ. આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, <u>આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી</u> જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

❑ મેનેજર

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

**(ઑક્ટોબર '૦૭ અંકથી આગળ)**

(૫૮)

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર, તે, અચરજ એહ અમાપ. ૫૮

संस्कृत आत्मानं शंकते आत्मा स्वयमज्ञानतो ध्रुवम् !
य: शंकते स वै आत्मा स्वेनाऽहो ! स्वीयशंकनम् ।।५८।।

हिन्दी शंका निज अस्तित्व की, करे आप नहिं देह ।
शंकाकार हि आतमा, अररर ! दिग्-भ्रम एह ।।५८।।

अंग्रेजी O ! one that doubts the soul's existence,
He himself the soul must be;
Without the doubter's obvious presence,
Can there be doubt ? surprises me. 58

(૫૯)

આત્માના અસ્તિત્વના, આપે કહ્યાં પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯

संस्कृत शंका २-शिष्य उवाच :
शिष्ये भगवता प्रोक्ता आत्माऽस्तित्वस्य युक्तय: ।
तत: संभवनं तस्य ज्ञायतेऽन्तर्विचारणात् ।।५९।।

हिन्दी शंका-शिष्य उवाच :
आत्मा के आस्तित्व के, जो जो कहे प्रमाण ।
विचार-दृग् हिय-ज्योतसों, भयीप्रतीति प्रधान ।।५९।।

अंग्रेजी Doubt of disciple-2 :
By thinking deep upon your points,
Of soul's existence, I allege;
That there must be the soul who joints,
The conversation of this knowledge. 59

(૬૦)

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહિ અવિનાશ;
દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ. ૬૦

संस्कृत तथाऽपि तत्र शंकाऽऽत्मा नश्वर:, नाऽविनश्वर: ।
देहसंयोगजन्माऽस्ति देहनाशात्तु नाशभाक् ।।६०।।

हिन्दी परन्तु शंका दूसरी, आत्मा नहिं अविनाश ।
देह-योगसों बनत है, देह संगहिं विनाश ।।६०।।

अंग्रेजी The second doubt now I put forth,
The soul cannot be eternal;
The contact of the body's birth,
Destruction of union visual. 60

(૬૧)

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧

संस्कृत अथवा क्षणिकं वस्तु परिणामि प्रतिक्षणम् ।
तदनुभवगम्यत्वान्नाऽऽत्मा नित्योऽनुभूयते ।।६१।।

हिन्दी अथवा वस्तु क्षणिक है, क्षण क्षण में पलटात ।
इस अनुभवसों भी नहीं, आत्मा नित्य लखात ।।६१।।

अंग्रेजी Or things are transient, constant change,
Is seen in every living being;
And substances without knowledge,
I see, thus there's no eternal thing. 61

(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત 'સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી) (વધુ આવતા અંકે)

પ્રતિશ્રી, તા.....................
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં,
મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.
આપનો વિનંતિ પત્ર મળ્યો.
અમોને આપના 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/આજીવન ગ્રાહક/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.
'પ્રબુદ્ધ જીવન નીધિ' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.
આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂ. ........................ નંબર ........................ તારીખ ........................
બેંક ........................ શાખા ........................ ગામ ........................ નો સ્વીકારી નીચેના સરનામે રસીદ
મોકલવા વિનંતિ. ધન્યવાદ. ચેક/ડ્રાફ્ટ 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ના નામનો જ મોકલીએ છીએ.
નામ અને સરનામું : ........................
લિ........................

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ: ધરમ બધા આપણા
લેખક: વિનોબા
પ્રકાશક : જગદીશ શાહ
સરનામું: યજ્ઞ પ્રકાશન સમિતી, હુજરાત પાગા, વડોદરા, ૩૯૦ ૦૦૧.
કિંમત: રૂા. ૧૦/-; પાના ૪૦
આવૃત્તિ-પ્રથમ

પૂ. વિનોબાજીએ અનેક વાર કહ્યું છે, 'મારી જિંદગીનાં બધાં કામ દિલોને જોડવાના એક માત્ર ઉદ્દેશથી પ્રેરિત છે.'

ગાંધી વિનોબાની સભાઓમાં વર્ષો સુધી સર્વધર્મ પ્રાર્થના થતી રહી છે. આપણાં દેશમાં અને દુનિયામાં જુદા જુદા ધર્મોના અનેક ધર્મસ્થાનકો છે. આ બધાં ધર્મસ્થાનકો સર્વધર્મની ઉપાસનાના કેન્દ્ર બની શકે, તે ઉપરાંત અઠવાડિયામાં એક વાર માનવધર્મની સ્થાપનાના કેન્દ્રમાં સર્વધર્મની સ્થાપના થાય, સર્વધર્મના પ્રતીક રૂપે જે તે ધર્મસ્થાનનું ચિત્ર હોય, સર્વધર્મના ગ્રંથોનું પુસ્તકાલય હોય, ધાર્મિક તહેવારોની ઉજવણી થાય, સ્નેહમિલન યોજાય, સર્વધર્મ સમભાવની દૃષ્ટિએ વ્યાખ્યાનો યોજાય, દરેક ધર્મના પુસ્તકોનું વેચાણ કેન્દ્ર ત્યાં થાય, સર્વધર્મ સમભાવ યાત્રાનું આયોજન થાય. આ રીતે વૈશ્વ ઐક્યનું સર્વધર્મ ઉપાસનાનું આવું મહત્ત્વપૂર્ણ કાર્ય કરવાની પ્રેરણા આ નાનકડા પુસ્તક દ્વારા પ્રાપ્ત થાય છે.

ચાલીસ પાનામાં લખાયેલ ચાર નિબંધો અને અંતમાં પાંચમાં પ્રકરણમાં સર્વધર્મની ભાવનાને વ્યક્ત કરતી પ્રાર્થનાઓ આ પુસ્તકનું ખાસ આકર્ષણ છે. પૂ. વિનોબાજીની છબિ પુસ્તકને અનોખું સૌંદર્ય અર્પે છે.

x x x

ગ્રંથનું નામ : પથદર્શક પ્રતિભાઓ
ગ્રંથ પ્રકાશન : શ્રી અરિહંત પ્રકાશન
પ્રાપ્તિ સ્થાન : પદ્માલય, ૨૨૩૭/બી/૧, હિલ ડ્રાઈવ, પોર્ટ કોલોની પાછળ, વાઘાવાડી રોડ, સર્કિટ હાઉસ પાસે, ભાવનગર-૩૬૪૦૦૨.
ફોન : ૨૫૬૨૬૯૪. મૂલ્ય : રૂા. ૩૫૦ પાના ૮૧૨. આવૃત્તિ-૧

સિદ્ધહસ્ત સંપાદક શ્રી નંદલાલ દેવલુકે આ ગ્રંથમાં વિવિધ ક્ષેત્રની વિશિષ્ટ પ્રતિભાઓનો પરિચય સુંદર રીતે કરાવ્યો છે. જેમાં તેમની સંપાદકીય શક્તિઓનું વિશેષ કૌવત ઊડીને આંખે વળગે તેવું છે. કુલ ૮૧૨ પાનાના દીર્ઘ અને બૃહદ્ ગ્રંથને સંપાદકશ્રીએ કુલ છ વિભાગમાં વિભાજિત કર્યો છે.

વિભાગ-૧ 'તિમિરમાંથી જ્યોતિ પ્રકાશ', આ વિભાગમાં કુલ આઠ લેખો છે જેમાં ગુજરાતના સાહિત્યસર્જકો, કવિઓ, દાર્શનિકો, વિવેચકો મળીને ૧૧૮ સાહિત્ય પ્રતિભાઓનો પરિચય કરાવ્યો છે.

વિભાગ-૨ 'અધ્યાત્મના યાત્રીઓ' માં નવ લેખોમાં ચાર લેખો જૈન સંપ્રદાયના અનોખા જ્યોર્તિધરોના છે.

વિભાગ-૩ 'બહુવિધ ક્ષેત્રે સમર્પિત જીવનદર્શન' આ વિભાગના ૧૧ લેખોમાં જુદા જુદા મહાનુભવોના મહત્ત્વના યોગદાનની અને પ્રભાવશાળી વ્યક્તિત્વની ઝાંખી સંક્ષિપ્તમાં છતાં વિગતવાર કરાવી છે.

વિભાગ-૪ વિદ્યાદાની પ્રતિભાઓ : શિક્ષણ, વિજ્ઞાન, સમાજ તથા જ્યોતિષ વગેરે ક્ષેત્રે વિવિધ સર્જકોએ નિષ્ઠાપૂર્વક કરેલા કાર્યનો તથા લેખકોના વ્યક્તિત્વનો પરિચય કરાવવામાં આવ્યો છે.

વિભાગ-૫ : 'ધર્મ-અર્થની સંગતિ' આ વિભાગના ચાર લેખોમાં દેશ-વિદેશમાં નામના પ્રાપ્ત કરનાર ગુજરાતના કર્મનિષ્ઠ અને વ્યવહારદક્ષ મહાનુભવોનો પરિચય કરાવવામાં આવ્યો છે, જેમાં વ્યક્તિના કાર્યની સિદ્ધિને તેના ઉચ્ચ આદર્શને કેન્દ્રમાં રાખવામાં આવ્યું છે.

વિભાગ-૬ : 'ગ્રંથ પ્રકાશન સંસ્થાઓના પ્રણેતાઓ'

આ વિભાગમાં ત્રણ લેખો છે. જેમાં ૪૫ પત્રકારો, સંપાદકો અને કોલમ લેખકોનો સંક્ષેપમાં છતાં યથાર્થલક્ષી પરિચય આપ્યો છે.

આ બૃહદ્ ગ્રંથમાં બહુવિધ ક્ષેત્રની વ્યક્તિઓના જીવન કાર્યનો સંક્ષેપમાં પરિચય મળે છે. અહીં સંપૂર્ણ ચરિત્ર આપવાનો ઉપક્રમ નથી, પરંતુ વિશિષ્ટ કાર્ય કરી જનારા મહાનુભવોના વ્યક્તિત્વના પ્રભાવક અંશો આલેખવાની દૃષ્ટિ રહી છે.

આ ગ્રંથનું સૌથી આકર્ષક પાસું એ છે કે ગ્રંથના વિષય વસ્તુને સુંદર રીતે આવરણ પર રજૂ કરીને વાચકના મનને જીતી લીધું છે. ગ્રંથના બંને આવરણ ચિત્રો પ્રતીકાત્મક છે. કોઈ પાત્ર વિશેષ કે પ્રસંગ વિશેષના બદલે ઇતિહાસ, કલા, સંસ્કૃતિ, સાહિત્ય, વિજ્ઞાન વગેરે વિવિધ વિષયોના ક્ષેત્રે સંલગ્ન પ્રતિભાવાન વ્યક્તિઓના જીવન-કવનને ધ્યાનમાં રાખીને દરેક વિભાગના ચિત્રો તૈયાર કરવામાં આવ્યા છે. ગુજરાતી ભાષાનો આ અણમોલ ગ્રંથ ગુજરાતની પ્રજાના ગૌરવ સમો છે. જિજ્ઞાસુ વાચકોએ વાંચવા અને વસાવવા યોગ્ય ગ્રંથ છે. ✱✱✱

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૩

## સુધારો

'પ્રબુદ્ધ જીવન'ના ઑક્ટોબર, ૨૦૦૭ના અંકમાં પાના નંબર ૧૦ પર શ્રીમતી છાયાબહેનના વક્તવ્યમાં 'ભોગદૃષ્ટિ છોડી યોગદૃષ્ટિ આવે તે ઓઘદૃષ્ટિ કહેવાય' એ વાક્ય વિપરીત રીતે છપાયું છે. જે આ પ્રમાણે હોવું જોઈએ : 'ભોગદૃષ્ટિને ઓઘદૃષ્ટિ કહેવાય છે. જીવ ઓઘદૃષ્ટિ છોડી યોગદૃષ્ટિમાં પ્રવેશ કરે છે.' ભૂલ માટે ક્ષમાયાચના. -તંત્રી

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/200
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/ MR/SOUTH-146 / 2006



## પંથે પંથે પાથેય...

# શું ભૂલી ગયા ?

❑ મુકુંદભાઈ ગાંધી

શરૂઆતના દિવસોમાં હું રોજ પૂજા-પાઠ ભક્તિ વગેરે કરતો પરંતુ ધંધાની ને કમાણીની વૃદ્ધિ સાથે ભગવાનને યાદ કરવાનું ધીમે ધીમે ઓછું થતું ગયું ને પછી તો લગભગ ભૂલી ગયો એમ કહું તો પણ ચાલે. પ્રવૃત્તિને કામકાજમાં દિવસ-રાત ક્યાં પસાર થવા માંડ્યા એ ખબર જ ના પડી. બધી રીતે સમૃદ્ધ થતો ગયો. પરંતુ આઠ-નવ વર્ષ પછી વહેલી સવારે સ્વપ્નમાં મારી સાથે કોઈ વાત કરતું હતું એમ લાગ્યું એણે મને પૂછ્યું. હવે શો વિચાર છે?

મેં કહ્યું, શેનો?

આટલું જલ્દી ભૂલી ગયા?

કઈ બાબતમાં?

તમે ભગવાન પાસે કંઈ માંગેલું?

એ તો હું રોજ માગું છું.

શું માગો છો?

જીવનમાં સદાય નીતિ-નિયમ ને સદમાર્ગે ચાલતો રહું ને દીન-દુઃખીની સેવા કરું ને પ્રભુની એકસરખી ભક્તિ કરું.

આ માંગો છો એમાંથી શું પાળો છો?

મેં કહ્યું બધું જ.

ખોટી વાત. પ્રભુની ભક્તિ ક્યારે કરો છો?

હું અટકી ગયો. સમય મળે ત્યારે.

સમય મળે છે ખરો?

સમય નથી મળતો.

તમે આ સિવાય બીજું કઈ માંગેલું?

મને નથી યાદ આવતું. તમે કોણ છો અને શાને માટે આટલું બધું પૂછો છો?

આની સામે તમારે કોઈ નિસ્બત નથી. થોડા વર્ષો પહેલાં તમે પ્રભુ પાસે કંઈ માંગેલું?

ખાસ કંઈ યાદ નથી આવતું. રોજ માંગુ છું એ જ માંગતો હોઈશ.

તમારી જાત માટે કંઈ માંગેલું?

તમે કોણ છો અને શેને માટે આ બધું પૂછપૂછ કરો છો? શું પ્રયોજન છે?

તમે બિમાર પડ્યા ને બચવાની કોઈ આશા ન હતી ત્યારે પ્રભુને તમે કોઈ વિનંતી કરેલી.

ત્યારે મને બ્રીજકેન્ડી હોસ્પિટલ, માંદગી, જગતમાંથી મારા વિદાય થવાના દિવસો, મારી પ્રાર્થના, બે વર્ષના extention માટેની યાચના મને યાદ આવ્યા. મેં કહ્યું બરાબર સાચી વાત છે.

તમે શું માંગેલું ને શું મળ્યું? તમે શું વચન આપેલું ને કેટલું પાળો છો?

હું સ્તબ્ધ થઈ ગયો. મારી પાસે કોઈ ઉત્તર ન હતો. મેં પ્રાર્થના કરેલી એ પ્રમાણે મને બધું જ મળી ગયેલું છતાં મેં મારું વચન નહોતું પાળ્યું. હું પ્રભુનો ગુનેગાર છું. તેમને જે શિક્ષા કરવી હોય તે મને માન્ય છે.

હવે જીવવું છે કે જવું છે?

નેવું વર્ષની ડોશી હોય જીવન માટે તરફડીયા મારતી હોય. ઉપાધીનો કોઈ પાર ન હોય છતાંયે જગતમાંથી જવા માટે ક્યારેય હા નહીં પાડે. તો એના પ્રમાણમાં હજી હું જુવાન છું. એટલે સ્વાભાવિક છે કે જીવવાનું મન હોય. છતાંયે ગુનેગારને ખોટી ભીખ માંગવાનો કોઈ હક નથી.

માનો કે તમને હજુ વધું જીવન આપવામાં આવે તો તમારું વચન પાળશો?

હવે ન પાળું તો મારા જેવો કોઈ મૂર્ખ નહીં. મને સખ્તમાં સખ્ત શિક્ષા કરજો વચન ન પાળું તો. જેથી મને મારા વ[illegible] યાદ રહે.

જોઈએ હવે તમે શું કરો છો વચન આપ્યા પછી?

એ વાતચીત પૂરી થઈને મારી આંખ ખૂલી ગઈ. આ આખાયે વાર્તાલાપ દરમ્યાન મેં એનું મુખ જોયું જ નહોતું કહું કે બતાવ્યું જ નહોતું. વાત બહુ સરસ રીતે ચાલી એનો મને આનંદ છે. કારણ કે આઠ-નવ વર્ષ પહેલા બનેલ આ પ્રસંગની વાત મેં કોઈને કહેલ નહીં. પત્નીને પણ નહીં. વિચાર એમ થાય કે આ વ્યક્તિ કોણ હશે જેને રજેરજ વાતની વિગતની જાણ હશે. અને કયા કારણસર એ મને યાદ કરવા માંગતો હશે. આઠ-નવ વર્ષ પછી મનની ભ્રમણા ને જે રીતે વાર્તાલાપ થયો એ ઉપરથી ઉગી નીકળ્યું હોય એવું ન જ બને જેનો વિચાર સુદ્ધાંએ ન આવ્યો હોય એ વિગત એક પછી એક વારાફરતી. આને આશ્ચર્ય ગણું કે ચમત્કાર! એમ થાય કે એ વ્યક્તિ કોણ હશે! મારા પૂ. બાપૂજી, સાત્વિક વ્યક્તિ કે કોઈ આરાધ્ય દેવ, શાસન દેવ, કોઈ દેવી-દેવતા જેની હું રોજ પૂજા કરતો હોઉં. એ વ્યક્તિ માણીભદ્રવીર તો નહીં હોય! જેના ઉપર અમો સૌને અપાર શ્રદ્ધા છે. જે કોઈ હોય તે પણ. આ સ્વપ્ન થકી ઈશ્વર પરની શ્રદ્ધા મારી ખૂબ વધી છે અને ભવોભવ એની ખૂબ ભક્તિ કરું એટલુ સમજાઈ ગયું છે. આચરણમાં સદાયે એ મૂકું એવી પ્રાર્થના હરહંમેશ ચોવીસેકલાક મારા હૃદયમાં રહે એ જ અંતરની અભ્યર્થના. ✱✱✱

૮૯-એ, ક્વીન્સ ચેમ્બર્સ, એમ. કર્વે રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/ Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai 400004. Temparary Add.: 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant C. Shah.